Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
Websiet : www.kobatirth.org
Email : Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સામવેદનાં ઉપનિષદોનું સર્વાંગીણ અધ્યયન"

સંસ્કૃત વિષયમાં ગુજરાત યુનિ.ની પીએચ. ડી. પદવી માટે રજૂ થનાર

**મહાનિબંધ**


* રજૂ કરનાર *

ત્રિવેદી કશ્યપ મનસુખલાલ

એમ. એ. બી. એડ. (સંસ્કૃત)

વ્યાખ્યાતા, સંસ્કૃત-વિભાગ

શ્રી. આર. આર. લાલન કૉલેજ,



* માર્ગદર્શક *

ડૉ. આર. પી. મહેતા

નિયામક,

મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી

અમદાવાદ-૩૮૦૦૧૫


ઈ. સ. ૨૦૦૩ વિ. સં. ૨૦૫૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સામવેદનાં ઉપનિષદોનું સર્વાંગીણ અધ્યયન"

સંસ્કૃત વિષયમાં ગુજરાત યુનિ.ની પીએચ. ડી. પદવી માટે રજૂ થનાર

## મહાનિબંધ


* રજૂ કરનાર *

**ત્રિવેદી કશ્યપ મનસુખલાલ**

એમ. એ. બી. એડ. (સંસ્કૃત)

વ્યાખ્યાતા, સંસ્કૃત–વિભાગ

શ્રી. આર. આર. લાલન કૉલેજ,



* માર્ગદર્શક *

ડૉ. આર. પી. મહેતા

નિયામક,

મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી

અમદાવાદ–૩૮૦૦૧૫


ઈ. સ. ૨૦૦૩ વિ. સં. ૨૦૫૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રખ્યાપન(Declaration)

આથી હું સ્વીકૃત અને પ્રમાણિત કરું છું કે પ્રસ્તુત મહાનિબંધ "સામવેદના ઉપનિષદોનું સર્વાંગીણ અધ્યયન"માં રજૂ થનારું સંશોધનકાર્ય મેં આપેલ સંદર્ભ સૂચિના આધારે તૈયાર કર્યું છે. તેમાં આવતાં નિરૂપણ અને નિષ્કર્ષ મૌલિક છે. આ શોધકાર્ય મેં ડૉ. આર. પી. મહેતાના માર્ગદર્શન નીચે કરેલ છે. જેમાં વિગતો માટેની જવાબદારી મારી પોતાની જ છે.

સ્થળ : અમદાવાદ

તારીખ ૧-૯-'૦૩

– (કશ્યપ એમ. ત્રિવેદી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે કશ્યપ એમ. ત્રિવેદીએ "સામવેદનાં ઉપનિષદોનું સર્વાંગીણ અધ્યયન" મહાનિબંધ મારા માર્ગદર્શન નીચે તૈયાર કર્યો છે. તે માટે તેમણે જરૂરી સહાયક સામગ્રીનો યથોચિત વિન્યાસ ઋણ સ્વીકાર સાથે કરેલો છે અને ઉપલબ્ધ સહાયક ગ્રંથોના સંદર્ભો જાતે જોઈ તપાસી ઉપયોગમાં લીધા છે.

**સ્થળ :** અમદાવાદ

**તારીખ** ૧-૯-'૦૩

**માર્ગદર્શકશ્રીની સહી :**

(ડૉ. આર. પી. મહેતા)
નિયામક,
મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી,
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

श्री सद्‌गुरु परमात्मने नमः ।

# પ્રસ્તાવના

ઉપનિષદો એ ભારતીય સંસ્કૃતિના જ નહિ, પરંતુ સંપૂર્ણ વિશ્વની સંસ્કૃતિના પ્રાણ છે. તેથી જ સ્વામી વિવેકાનંદે ઉપનિષદ્‌ના ધર્મને જ આધુનિક યુગનો ધર્મ ગણાવેલ છે. આ ઉપનિષદો વિશે અનેકવિધ સંશોધનો અને અધ્યયનો થયા છે. તે સંશોધનો વિશે વિચારતા, મેં સામવેદ સાથે જોડાયેલા ઉપનિષદોનું અધ્યયન કરવાનું વિચાર્યું. કારણ કે આ સંશોધનમાં આ રીતના અધ્યયનોની રજૂઆત ન હતી અને અમારી વંશ પરંપરાનો વેદ સામવેદ છે. તેથી સામવેદ સાથે સંકળાયેલી બાબતોનો અભ્યાસ કરવાની ઈચ્છા હતી. તેમજ ગીતામાં પણ वेदानां सामवेदोऽस्मि......। એમ ભગવાન દરેક વેદોમાં સામવેદ જ શ્રેષ્ઠ છે, તેમ જણાવી પોતાની વિભૂતિ ગણાવે છે. તેથી સામવેદ સાથે સંકળાયેલા ઉપનિષદોનો અભ્યાસ કરવાનો વિચાર સ્ફૂર્યો અને તેથી શોધ--પ્રબંધ માટે આ વિષય લેવામાં આવ્યો. એટલું જ નહિ ગીતાના માહાત્મ્યને વ્યક્ત કરતો શ્લોક........

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।

वत्सोऽर्जुनः सुधीर्भोक्ता दुग्धं गीतामृतंमहत् ॥

આમ ગીતા પણ સર્વે ઉપનિષદોનો સાર છે. તેથી ગીતાના મૂળરૂપ ઉપનિષદોનો અભ્યાસ કરવાનો વિચાર કરી તે ઉપનિષદોમાંથી અમારા ગોત્ર સાથે સંકળાયેલ હોવાથી સામવેદના ઉપનિષદોને વિષયરૂપે પસંદ કર્યા.

ઉપનિષદોના માધ્યમ દ્વારા જ ભારત ભવિષ્યમાં વિશ્વગુરુનું સ્થાન શોભાવી શકશે; એમ દૃઢપણે સ્વામી વિવેકાનંદજીનું માનવું છે. પાશ્ચાત્ય વિચારક શોપેનહર પણ આ જ બાબતને પરોક્ષ રીતે જણાવતાં કહે છે કે; "ઉપનિષદો આ જીવનનું તેમજ મૃત્યુ પછી પરલોકનું ભાથું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તેથી ઉપનિષદોનો અભ્યાસ અત્યંત મહત્ત્વનો છે. આ ઉપનિષદ્ ગૂઢ વિદ્યા છે, ગુપ્ત રાખવાની છે. તેથી ગુરુ જ પોતાના મોટા પુત્રને અથવા સુશિષ્યને કહે તેવી રજૂઆત ઉપનિષદોમાં છે. આ રહસ્યને સમજી શકાય તે માટે ઉપનિષદોનાં ઘણાં અધ્યયનો થયા છે. તેમાં મુખ્ય દશ ઉપનિષદો; સંન્યાસ વિષયક ઉપનિષદો; યોગ વિષયક ઉપનિષદો વગેરે છે; પરંતુ વેદને કેન્દ્રમાં રાખી; તે વેદ સાથે સંકળાયેલા ઉપનિષદોનો અભ્યાસ થયેલ ન હતો, તેથી તે પ્રમાણેનાં સંશોધનની આવશ્યકતા હતી; કે જેમાં એક જ વેદની સાથે જોડાયેલા – તે વેદ પરંપરામાં રહેલાં ઉપનિષદોનો અભ્યાસ હોય જે બાબતનો પ્રયાસ આ શોધ–પ્રબંધમાં કરવામાં આવ્યો છે. જે સામવેદનાં ઉપનિષદોનો છે. તેના અભ્યાસની અત્યંત આવશ્યકતા હતી; કારણ કે આ પ્રમાણેનો પ્રયાસ આ પહેલાં થયેલો નથી. આ પ્રમાણેના પ્રયાસથી નવી દિશા ખૂલે તે અત્યંત જરૂરી હતું.

ઉપનિષદોની મહત્તાને કારણે તેના અનેકવિધ પ્રકાશનો થયેલા છે. પરંતુ અહીં વંદનીય પં. શ્રી રામશર્મા આચાર્ય દ્વારા પ્રકાશિત ૧૦૮ ઉપનિષદો, જ્ઞાનખંડ, સાધનાખંડ, બ્રહ્મવિદ્યાખંડ છે. તેમાંથી સામવેદના ૧૬ ઉપનિષદો આધારરૂપે લીધેલા છે. આ માટે હું પૂ. પ્રાતઃસ્મરણીય પં. વર્યશ્રી રામશર્મા આચાર્યનો અત્યંત ઋણી છું, અને તેમને કોટિ કોટિ વંદન કરી આભાર વ્યક્ત કરું છું. તેઓનું હિન્દી ભાષાંતર પણ અત્યંત સરળ અને મનનીય છે. આ ઉપરાંત તેઓશ્રીનાં પ્રકાશનમાં "વાસુદેવ ઉપનિષદ્" અને "અવ્યક્તોપનિષદ્" સામવેદના ન હતાં, તે માટે "ઉપનિષત્સંગ્રહ" સંપાદક, પંડિત જગદીશ શાસ્ત્રીનાં ઉપર્યુક્ત સંગ્રહનો આધાર લીધેલ છે. તેઓનું પણ હું ઋણ સ્વીકાર કરું છું.

આ મહાનિબંધને અગિયાર પ્રકરણોમાં વિભાજિત કરેલ છે. પ્રથમ પ્રકરણમાં ઉપનિષદોનો ઉદ્ભવ, વિકાસ, પ્રસાર અને ઉપનિષદ્ શબ્દનાં અર્થની રજૂઆત કરેલ છે. બીજા પ્રકરણમાં ઉપનિષદ્નાં શાંતિમંત્રની સમજૂતી અને ત્રીજા પ્રકરણમાં ૧૬–ઉપનિષદોનાં સારાંશ રજૂ કરેલ છે.

For Private And Personal Use Only

ચતુર્થ પ્રકરણને ઉપનિષદોના વિવિધ વિષયોને સમાવી લેવા માટે અનેક પેટા પ્રકરણમાં વિભાજિત કરેલ છે. સાંખ્ય(૪.૧), યોગ(૪.૨), સંન્યાસ(૪.૩), વેદાન્ત(૪.૪), બ્રહ્મ(૪.૪.૧), જીવ(૪.૪.૨), આત્મા(૪.૪.૩) બ્રહ્મજીવાત્મા ઐક્ય(૪.૪.૪), જગત્(૪.૪.૫), પુનર્જન્મ(૪.૪.૬), મોક્ષ(૪.૪.૭), માયા–અવિદ્યા(૪.૪.૮), મન(૪.૪.૯), કર્મ–મીમાંસા.(૪.૪.૧૦)

પ્રકરણ પાંચમાં તજ્જલાન્, ગાયત્રી, તત્ત્વમસિ, ઉદ્‌ગીથ વગેરે ઉપાસના વિશે રજૂઆત કરેલ છે. પ્રકરણ છમાં રુદ્રાક્ષ જાબાલ ઉપનિષદ્‌માં દર્શાવેલ રુદ્રાક્ષ–મીમાંસા, રુદ્રાક્ષની ઉત્પત્તિ, પ્રકારો, ધારણ કરવાની વિધિ વગેરે. પ્રકરણ સાતમાં સામગાન–સામગાન સંબંધિત ચર્ચામાં સામનો અર્થ, સામનાં નામો, સામની ભક્તિઓ, સામવિકાર, સામગાનના નિયમ તેમજ છા. ઉપ.માં ઉલ્લિખિત સામગાનોની રજૂઆત છે.

પ્રકરણ આઠમાં સમાજદર્શન છે. જેમાં વર્ણાશ્રમ વ્યવસ્થા, ધાર્મિકજીવન, શિક્ષણ વગેરે મુદ્દાઓની રજૂઆત છે. જ્યારે પ્રકરણ નવમાં ઉપનિષદોની શૈલી અને દસમાં પ્રકરણમાં ઉપ-નિષદોમાં ઉલ્લિખિત ઋષિઓનો સંક્ષિપ્ત પરિચય આપેલ છે. અગિયારમાં પ્રકરણમાં ઉપસંહાર છે. તેમજ યોગ, ઉપાસના, ઋષિઓ તેમજ ઉપનિષદોનાં વિવિધ વાક્યોના પરિશિષ્ટ આપેલ છે. આ ઉપરાંત પૂ. ગુરુદેવ શ્રીમન્ નથુરામ શર્મા, પૂ. રામશર્મા આચાર્ય તેમજ બિદડા(કચ્છ) તા. માંડવી સાધનાશ્રમનાં પૂ. વેલજીભાઈનો પરિચય આપેલ છે.

સંદર્ભ પુસ્તકોનાં પ્રકાશન વર્ષ, પ્રકાશક અને આવૃત્તિ બાબતની નોંધ અંત્યનોંધમાં આપવાની જગ્યાએ; સંદર્ભ ગ્રંથ સૂચી આપી છે, તેમાં જ આપવાનું રાખેલ છે. જેથી પ્રકાશક વગેરેની માહિતીનું પુનરાવર્તન દૂર કરી શકાય.

આ મારા મહાનિબંધમાં આદિથી અંત સુધી સતત માર્ગદર્શન આપનારા, નિરાશાના સમયે પ્રેરણા અને હૂંફ આપનારા. તેમજ કાર્ય પૂર્ણ થઈ જશે તેમ પુત્રવત્ સ્નેહ આપીને આ કાર્યને

પૂર્ણતા સુધી પહોંચાડવામાં સતત માર્ગદર્શકરૂપે રહેલા મારા માર્ગદર્શક પ્રા. ડૉ. આર. પી. મહેતા. (નિયામક, મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ)નો હું હૃદયપૂર્વક આભાર માની વંદન કરું છું તેમજ જીવનભર હું તેમનો ઋણી છું.

એ ઉપરાંત મહર્ષિ અકાદમીમાં જ વ્યાખ્યાતા તરીકે રહેલાં ડૉ. પ્રજ્ઞાબેન જોષીનો પણ હું હાર્દિક આભાર વ્યક્ત કરું છું. તેઓનું પાદટીપ, પ્રકરણની નોંધ કેવી રીતે તૈયાર કરવી વગેરે બાબતે માર્ગદર્શન તેમજ ગ્રંથાલયમાંથી વિષયને અનુરૂપ પુસ્તકો શોધી આપવા બાબતે તેઓનો સહકાર પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત અન્ય જે કોઈ વિદ્વાનોનો પરોક્ષ અને પ્રત્યક્ષ સહકાર પ્રાપ્ત થયો છે, તેમનાં તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

શ્રી લાલન કૉલેજ ભુજ, ગ્રંથાલય; આદિપુર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ગ્રંથાલય; ગુ. યુનિ. ગ્રંથાલય, આનંદાશ્રમ બિલખા ગ્રંથાલય, અમરેલી પ્રતાપરાય આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ગ્રંથાલય, બિદડા(કચ્છ) સાધનાશ્રમ, ગ્રંથાલય, એ દરેક ગ્રંથાલયોમાં ગ્રંથપાલ અને અન્ય વ્યવસ્થાપકોનો પ્રેમપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો છે, તે દરેક તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

જેમની હૂંફ અને આશિર્વાદથી મને ઉત્તરોત્તર પ્રગતિ કરવાની પ્રેરણા મળતી રહી તેવા મારા પૂ. પિતાજી મનસુખલાલ તેમજ માતુશ્રી રમાબેન તેમજ અન્ય સર્વે વડિલોને હું વંદન કરું છું. તેઓશ્રીના આશિર્વાદથી જ આ કાર્ય પૂર્ણ થયેલ છે. તેમજ એમના પરત્વેની ભાવનાને હું વાચા આપી શકું તેમ નથી.

આત્મીય વ્યક્તિ તરફ આભાર વ્યક્ત કરવો તે અવિવેક જેવું છે તેમ છતાં મારા ધર્મપત્ની સૌ. મમતાનો હું અત્યંત ઋણી છું. તેઓના સહકારથી જ આ કાર્ય સિદ્ધ થયું છે. ઘર સંબંધી વ્યવહાર, અન્ય સર્વ કાર્યોમાંથી મુક્તિ, નિરાશાના સમયે પ્રોત્સાહન, લખાણનું વાંચન કરી યોગ્ય સુધારાવધારા, સૂચનો તેમજ પ્રૂફ રીડિંગ વગેરે જગ્યાએ અમૂલ્ય સહકાર પ્રાપ્ત થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમવસર તેમજ ચોકસાઈ પૂર્ણ કાર્ય કરી આપનાર સિદ્ધાર્થ ગ્રાફિક્સ અને પ્રિન્ટર્સ રાજકોટના માલિક શ્રી નેહલ મહેતા – તેમજ ગ્રાફિક્સ પરિવારના અન્ય મિત્રોનો આભાર માનું છું.

આ શોધ–પ્રબંધ ક્ષતિ રહિત બને તે માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે. છતાં ગ્રંથનો વિષય ગહન અને વ્યાપક હોવાથી ક્ષતિઓ રહી જાય તે સ્વાભાવિક છે. તેથી હું ક્ષમા ચાહું છું.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।

हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः ॥

શ્રી પરમ કૃપાળુ પરમાત્માની અને પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નાથપ્રભુની કૃપાથી આ શોધ–પ્રબંધ નિર્વિઘ્ને પરિપૂર્ણ થયેલ છે. આ શોધ પ્રબંધમાં જે કોઈ નાવિન્ય છે, એ ગુરુકૃપાનું ફળ છે.

गुरुकृपा हि केवलम् ।

સ્થળ : ભૂજ

તારીખ ૨૦–૮–'૦૩ જન્માષ્ટમી

– કશ્યપ એમ. ત્રિવેદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રકરણ-૧ : | ઉપનિષદોનો ઉદ્ભવ અને વિકાસ | | ૧ |
| | A) | ઉપનિષદોનો રચનાકાળ અને રચનાક્રમ : | ૩ |
| | B) | ઉપનિષદોની સંખ્યા અને વર્ગીકરણ : | ૧૧ |
| | C) | ઉપનિષદ્ શબ્દનો અર્થ : | ૧૬ |
| | | પાદટીપ : | ૨૨ |
| પ્રકરણ-૨ : | ઉપનિષદોના શાન્તિમંત્રો | | ૩૧ |
| | | પાદટીપ : | ૩૩ |
| પ્રકરણ-૩ : | સામવેદનાં ઉપનિષદોનો સારાંશ | | ૩૪ |
| | (૧) | કેનોપનિષદ્ | ૩૪ |
| | (૨) | છાંદોગ્ય | ૩૫ |
| | (૩) | આરુણિક | ૪૧ |
| | (૪) | મૈત્રાયણી | ૪૨ |
| | (૫) | મૈત્રેયી | ૪૫ |
| | (૬) | વજ્રાસૂચિકા | ૪૬ |
| | (૭) | યોગચૂડામણિ | ૪૬ |
| | (૮) | વાસુદેવ | ૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


(૯) મહો/મહત્ ૫૪

(૧૦) સંન્યાસ ૫૫

(૧૧) અવ્યક્ત ૫૮

(૧૨) કુંડિકા ૫૮

(૧૩) સાવિત્રી ૫૯

(૧૪) રુદ્રાક્ષજાબાલ ૫૯

(૧૫) શ્રી જાબાલદર્શન ૬૦

(૧૬) જાબાલી ૬૨

**પાદટીપ :** ૬૩

**પ્રકરણ–૪ : સામવેદીય ઉપનિષદોમાં પ્રતિપાદિત તત્ત્વજ્ઞાન** ૬૬

સાંખ્ય – ૪.૧ : ૬૬

**પાદટીપ :** ૭૬

યોગ – ૪.૨ : ૮૧

(૧) યમ : ૮૪

(૨) નિયમ : ૮૮

(૩) આસન : ૯૨

(૪) પ્રાણાયામ : ૯૬

(૫) પ્રત્યાહાર : ૯૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


(૬) ધારણા : ૧૦૧

(૭) ધ્યાન : ૧૦૨

(૮) સમાધિ : ૧૦૪

❑ **ચક્ર, નાડી, મુદ્રા, મલનાશ :** **૧૦૭**

**પાદટીપ :** **૧૧૭**

સંન્યાસયોગ – ૪.૩ : ૧૪૦

**પાદટીપ :** **૧૫૩**

વેદાન્ત – ૪.૪ : ૧૬૨

બ્રહ્મ – ૪.૪.૧ : ૧૬૨

**પાદટીપ :** **૧૮૨**

આત્મા – ૪.૪.૨ : ૧૯૩

**પાદટીપ :** **૨૦૦**

જીવ – ૪.૪.૩ : ૨૦૬

**પાદટીપ :** **૨૧૩**

બ્રહ્મજીવાત્મૈક્ય – ૪.૪.૪ : ૨૧૬

**પાદટીપ :** **૨૧૯**

જગત/સૃષ્ટિવિદ્યા – ૪.૪.૫ : ૨૨૧

**પાદટીપ :** ૨૩૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | |
|---|---|
| પુનર્જન્મ – ૪.૪.૬ : | ૨૪૨ |
| **પાદટીપ :** | **૨૪૬** |
| મોક્ષ – ૪.૪.૭ : | ૨૪૯ |
| **પાદટીપ :** | **૨૫૯** |
| માયા–અવિદ્યા – ૪.૪.૮ : | ૨૬૫ |
| **પાદટીપ :** | **૨૭૧** |
| મન – ૪.૪.૯ : | ૨૭૪ |
| **પાદટીપ :** | ૨૭૯ |
| નિત્ય કર્મોનું અનુષ્ઠાન : | ૨૮૨ |
| કર્મ મીમાંસા – ૪.૪.૧૦ : | ૨૮૨ |
| **પાદટીપ :** | **૨૯૦** |
| **પ્રકરણ–૫ : સામવેદનાં ઉપનિષદોમાં ઉપાસના** | **૨૯૫** |
| ઉપાસનામાં ફળ પ્રાપ્તિ કરવાના સિદ્ધાંતો : | ૨૯૭ |
| **પાદટીપ :** | ૩૩૫ |
| **પ્રકરણ–૬ : સામવેદનાં ઉપનિષદોમાં રુદ્રાક્ષ–મીમાંસા** | ૩૫૧ |
| **પાદટીપ :** | ૩૭૦ |
| **પ્રકરણ–૭ : સામવેદીય ઉપનિષદોમાં સંગીત** | **૩૮૫** |
| સામગાન : | ૩૮૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| સામના નામકરણ માટેનાં સિદ્ધાંતો : | ૩૮૬ |
| સામગાનનાં વિષયો : ઋક્, દેવતા, છન્દ, સ્તોમ : | ૩૮૮ |
| સામ ભક્તિ : | ૩૯૨ |
| સામ ભક્તિઓ : | ૩૯૪ |
| સામ વિકાર : | ૩૯૫ |
| સામ—ગાનના સાત સ્વર : | ૩૯૯ |
| ગાયત્ર સામ : | ૪૦૦ |
| રથન્તર સામ : | ૪૦૧ |
| વામદેવ સામ : | ૪૦૧ |
| આદિત્ય બૃહત્ સામ : | ૪૦૧ |
| વૈરુપ સામ : | ૪૦૨ |
| વૈરાજ સામ : | ૪૦૨ |
| શક્વરી સામ/શાક્વર સામ : | ૪૦૩ |
| રૈવત સામ/રેવતી સામ : | ૪૦૩ |
| યજ્ઞાયજ્ઞીય સામ : | ૪૦૩ |
| રાજન સામ : | ૪૦૪ |
| સર્વ વસ્તુમાં સામ/સર્વવિષયક સામ : | ૪૦૪ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


છાલિક્ય ગાન : ૪૦૪

વિનર્દિગાન : ૪૦૫

પાદટીપ : ૪૦૬

પ્રકરણ-૮ : સામવેદીય ઉપનિષદોમાં સમાજ દર્શન ૪૧૪

(૧) વર્ણાશ્રમ વ્યવસ્થા : ૪૧૪

(૨) નારીની સ્થિતિ : ૪૧૭

(૩) ધાર્મિક જીવન, યજ્ઞ : ૪૧૮

(૪) વ્યવસાય–વાહન વ્યવહાર : ૪૨૩

(૫) આહાર : ૪૨૩

(૬) ગૃહ–નિર્માણ : ૪૨૬

(૭) રાજ્ય વ્યવસ્થા–શાસન પદ્ધતિ, દંડનીતિ : ૪૨૭

(૮) શિક્ષણ : ૪૨૭

(૯) અર્થ : ૪૩૩

(૧૦) સોળ સંસ્કાર : ૪૩૩

(૧૧) આચાર મીમાંસા : ૪૩૪

પાદટીપ : ૪૩૮

પ્રકરણ-૯ : સામવેદનાં ઉપનિષદોનું સાહિત્યિક અધ્યયન ૪૪૯

(૧) શૈલી : ૪૪૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


(૨) નિર્વચન–વ્યુત્પત્તિ : ૪૫૬

પાદટીપ : ૪૬૧

**પ્રકરણ–૧૦ : સામવેદીય ઉપનિષદોના ઋષિઓનો પરિચય** ૪૬૭

ઋષિ : ૪૬૭

દેવતાઓનું ઋષિત્વ : ૪૬૮

પાદટીપ : ૫૦૪

**પ્રકરણ–૧૧ : ઉપસંહાર** ૫૨૨

પાદટીપ : ૫૩૨

પરિશિષ્ટ–૧ : ૫૩૫ પરિશિષ્ટ–૨ : ૫૩૯

પરિશિષ્ટ ૩ : ૫૪૨ પરિશિષ્ટ–૪ : ૫૪૬

મુલાકાતો : ૫૫૦ સંદર્ભ ગ્રંથોની સૂચિ : ૫૬૬

સંસ્કૃત ગ્રંથો ૫૬૬

હિન્દી ગ્રંથો ૫૭૧

ગુજરાતી ગ્રંથો ૫૭૫

અંગ્રેજી ગ્રંથો ૫૮૨

કોશ ૫૮૩

સામયિકો ૫૮૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંક્ષેપ સૂચિ

| | | |
|---|---|---|
| અવ્યક્તો. | = | અવ્યક્તોપનિષદ્ |
| ઉપનિષદ્ | = | ઉપ. |
| કેનોપનિષદ્ | = | કેન. |
| કઠોપનિષદ | = | કઠો. |
| છાન્દોગ્ય | = | છા. |
| મત્સ્યપુરાણ | = | મ. પુ. |
| મહાભારત | - | મહા. |
| મુક્તિકોપનિષદ્ | = | મુક્તિકો. |
| મુંડકોપનિષદ્ | = | મુંડકો. |
| મહોપનિષદ્ | = | મહો. |
| મૈત્રાયણિ | = | મૈત્રા. |
| શ્રી મદ્ ભાગવત્ | = | ભાગ. |
| તૈત્તિરીય ઉપનિષદ્ | = | તૈત્તિ. |
| જાબાલ દર્શન ઉપનિષદ્ | = | જા. દ. ઉપ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| રુદ્રાક્ષ જાબાલ ઉપનિષદ્ | = | રુ. જા. ઉપ. |
| યોગચૂડામણિ ઉપનિષદ્ | = | યોગચૂડા. |
| વજ્રાસૂચિકોપનિષદ | = | વજ્રા. |
| બૃહદારણ્યક ઉપનિષદ્ | = | બૃહ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧

## ઉપનિષદોનો ઉદ્‌ભવ અને વિકાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧
# ઉપનિષદોનો ઉદ્ભવ અને વિકાસ

ભારતીય પરંપરા પ્રમાણે વેદ, ઉપનિષદ્ એ આર્ષ સાહિત્યનો ઉદ્ભવ થયેલ નથી. પરંતુ પરમતત્ત્વએ જ તે દ્રષ્ટા ઋષિઓને પ્રદાન કરેલ છે, શ્વેતાશ્વેતર ઉપનિષદ્માં કહ્યું છે કે; પરમપુરુષ દ્વારા જેણે પ્રથમ બ્રહ્મને અને ત્યારબાદ બ્રહ્માને પ્રેરણા આપીને સૃષ્ટિની રચના કરાવેલ છે, તેણે બ્રહ્માને વેદ આપ્યા, વેદનો અંતિમ ભાગ ઉપનિષદ્ છે; એટલું જ નહીં યજુર્વેદનો ૪૦ મો અધ્યાય ઈશાવાસ્ય ઉપનિષદ્ તરીકે સુપ્રસિદ્ધ છે. આમ વેદ-ઉપનિષદ્ ઉત્પન્ન થયેલ નથી, પરંતુ પરમતત્ત્વ દ્વારા અર્પિત થયેલા છે.[૧]

ઉપનિષદ્ તત્ત્વોનો સર્વપ્રથમ ભારતભૂમિમાં ક્યારે ઉદ્ભવ થયો તે કોઈ જાણતું નથી. તેનો નિર્ણય અનુમાનને આધારે કરી શકાય નહીં. ખાસ કરીને પશ્ચિમના વિવેચકો જે અનુમાન કરે છે તે એકબીજાનું પરસ્પર વિરોધી છે. તેને આધારે ઉપનિષદ્નાં ઉદ્ભવનો સમય નિશ્ચિત ન કરી શકાય. અમે હિન્દુઓ આધ્યાત્મિક દૃષ્ટિથી તેની ઉત્પત્તિનો સ્વીકાર કરતાં નથી.[૨] સ્વામીશ્રી વિદ્યાનંદ સરસ્વતીજી[૩] ઉપનિષદ્ને મનુષ્યકૃત અને વેદને ઈશ્વર પ્રદત્ત માને છે. તેથી તેઓશ્રી ઉપનિષદોનો વેદમાં અંતર્ભાવ થતો નથી તેમ જણાવે છે. ઋગ્વેદ વગેરે ચાર મન્ત્રસંહિતાઓનો જ વેદમાં સમાવેશ થાય છે, અન્ય કોઈપણ ગ્રંથનો નહીં; નાટ્યવેદ, મહાભારત વગેરે વેદોની મહત્તાને કારણે પોતાને વેદ ગણાવે છે. પરંતુ તે મનુષ્યકૃત હોય વેદ ગણાય નહીં. ઉપનિષદો પણ મન્ત્રસંહિતાઓ જ વેદ છે એમ ઘોષણા કરે છે.[૪] તેથી જ વેદનો અધ્યેતા ઋગ્વેદાદિનું અધ્યયન કરું છું, તેમ જણાવે છે, જ્યારે બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદોનું અધ્યયન કરનાર છે; ઐતરેય બ્રાહ્મણ એમ નામ-નિર્દેશપૂર્વક કહે છે.

વિશ્વ સાહિત્યમાં ઋગ્વેદ પ્રાચીનતમ ગ્રંથ છે. તેમાં પુરુષ સૂક્ત,[૫] વાગામ્ભણીયં સૂક્ત વગેરેમાં તત્ત્વજ્ઞાનના બીજ છે. સમય જતાં કર્મકાંડ જ મહત્ત્વનું રહે છે. વિવિધ પ્રકારનાં યજ્ઞો આવે છે અને તે યજ્ઞોની બાહ્ય કર્મકાંડ વિધિ જ પૂર્ણ કરવી એ ધ્યેય રહે છે. તેની અંદરનું જે વિજ્ઞાન છે, ગૂઢાર્થ છે એ ગૌણ સ્થાન પામે છે. એ આપણે બ્રાહ્મણયુગમાં જોઈ શકીએ છીએ. પરંતુ આ કર્મકાંડની નિરર્થકતા સમજાય છે અને આપણને આરણ્યક સાહિત્ય પ્રાપ્ત થાય છે. જેમાં યજ્ઞોનાં રહસ્યનું અને સાથોસાથ બ્રહ્મ, આત્મા વગેરે ઔપનિષદ-દર્શન/તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે અને અંતે આપણને ઉપનિષદ્ સાહિત્ય પ્રાપ્ત થાય છે જેમાં યજ્ઞ માત્ર પરમતત્ત્વને પામવાનું સાધન છે; એટલું જ નહીં આ બાહ્ય યજ્ઞ વિના પણ



For Private And Personal Use Only

માનસિક યજ્ઞથી તે પરમતત્ત્વને ઓળખી શકાય છે, એટલું જ નહિ આત્મા, બ્રહ્મ, જીવાત્મા, જગત્, ઈશ્વર વગેરેની તાત્ત્વિક ચર્ચા રહેલી છે. આમ ઉપનિષદ્‌નાં ઉદ્‌ભવ માટે બાહ્ય યજ્ઞીય કર્મકાંડ કારણભૂત બને છે.

અન્ય વિદ્યાઓની જેમ બ્રહ્મવિદ્યાનું મૂળ પણ ઈશ્વરોક્ત વેદ છે તે વાક્‌સૂક્ત વગેરેમાં આપણે જોયું. મનુભગવાન[૭] પણ વેદ સર્વજ્ઞાનમય અને વેદથી જ બધું પ્રસિદ્ધ છે તેમ કહે છે. છા. ઉપનિષદ્‌માં પણ નારદજી પોતાને મન્ત્રવિત્ જણાવે છે આત્મવિત્ નહીં.

પરા વિદ્યા જે ઉપનિષદોમાં છે, પરંતુ તેનું અત્યંત સ્પષ્ટ પ્રતિપાદન સર્વપ્રથમ ઋગ્વેદમાં જ થયેલ છે.[૮] ઋગ્વેદ જ સ્પષ્ટપણે ઘોષણા કરે છે કે "ઋચાઓ તે પરમ વ્યાપક, અવિનાશી પરમેશ્વરનું જ્ઞાન કરાવે છે જેમાં સંપૂર્ણ ચલ-અચલ જગત્ સમાવિષ્ટ છે. જે એ ન જાણે તો તેને વેદ જાણવાથી શો લાભ ?" આ બાબત એ સ્પષ્ટપણે જણાવે છે કે માત્ર શબ્દજ્ઞાન પર્યાપ્ત નથી, લક્ષ્ય પ્રાપ્તિ, આત્મવિત્ થવું તે અત્યંત જરૂરી છે. આ માટે ઓંકાર વિશે કહેવું જોઈએ તેમ કઠો. જણાવે છે. છા. ઉપનિષદ્ પણ તેની જ વ્યાખ્યા કરે છે. માણ્ડૂક્યો.માં તો તેનું જ પ્રતિપાદન છે.

ઉપનિષદો બ્રહ્મવિદ્યાની પ્રતિષ્ઠા વેદમાં જ કહે છે. તેટલું જ નહીં તેના મંત્રો તેમાંથી જ લે છે. અવ્યક્તોમાં[૯] વાક્‌સૂક્તની વાત, "પ્રથમ આકાશ ન હતું ? પ્રથમ વાયુ હતો ? પ્રથમ તેજ હતું ?" વગેરે બાબતે પ્રશ્નો ઉભા કરી અવ્યક્તો. આગળ વધે છે.

ઉપનિષદ્‌નાં તત્ત્વજ્ઞાનનું બીજ વેદમાં જ પથરાયેલું છે, પરંતુ તે પ્રાથમિક સ્વરૂપે અને છૂટુંછવાયું રહેલું છે, જેને વ્યવસ્થિત તર્કબદ્ધ કરવા માટે ઋષિઓ સતત પ્રયત્નશીલ છે અને તેથી જ આ પ્રકારની અવઢવમાં તે કયારેક આત્મા અને બ્રહ્મને અલગ નિરૂપે છે, કયારેક એક નિરુપે છે, કયારેક બ્રહ્મને નિર્ગુણ અને કયારેક સગુણ, આમ ઉપનિષદ્‌નાં મૂળ વેદમાં રહેલાં છે.

ઉપનિષદ્‌ને વેદ સાહિત્યમાંથી અલગ તારવી સ્વતંત્ર સંગ્રહરૂપે ગોઠવવાનો પ્રયત્ન શ્રી રામાનુજાચાર્યના જીવન પર્યંત(૧૦૧૭-૧૧૩૭) થયો હતો. પરંતુ તે બાબતનો ઐતિહાસિક પુરાવો હજુ સુધી મળેલ નથી. પરંતુ વિજયનગર રાજ્યના સમયે તેરમાં-ચૌદમા સૈકામાં સાયણ-માધવનો વેદમાર્ગના પુનરુદ્ધારના બળવાન પ્રયત્નને કારણે મુખ્ય ઉપનિષદ્‌ની વિદ્યાનું સરલ વિવરણ સંગ્રહરૂપે થયું. વિદ્યારણ્ય સ્વામી(૧૩૫૦)નો 'અનુભૂતિ પ્રકાશ' નામનો ગ્રંથ છે, જેમાં ૨૦ અધ્યાય છે. જેમાં ઉપનિષદોનો સંગ્રહ વિવરણરૂપે છે. જે વેદશાખાને અનુસરતી રચના છે.[૧૦]

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## A) ઉપનિષદોનો રચનાકાળ અને રચનાક્રમ :

ઉપનિષદ્ ક્યાં સમયે રચાયા હશે તે વિશે પાશ્ચાત્ય વિદ્વાનો ખૂબ જ ચર્ચા કરે છે. ભારતીય પરંપરામાં વેદ ઉપનિષદ્ વગેરે આર્ષ સાહિત્ય ઈશ્વર પ્રદત્ત માનવામાં આવે છે, તેથી તે કયારે રચાયા હશે તે અનુમાનનો પ્રશ્ન જ નથી, કારણ કે પરમતત્ત્વએ સૃષ્ટિ રચીને તે પ્રદાન કર્યા છે, તેથી જે સમય ગણવો હોય તે સૃષ્ટિના આરંભનો સમય ગણી શકાય.

લુડ્વિગ સાહેબના મતાનુસાર ઉપનિષદ્ ગ્રંથનો સમય આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વનો છે અને સંસારના ક્ષેત્રમાં અદ્વૈતની સંપૂર્ણ નવીન ભાવનાની પ્રતિષ્ઠા ઉપનિષદ્ જ્ઞાનમાંથી જ ઉધાર લીધેલી છે.[૧૧]

મા. લોકમાન્ય તિલક પશ્ચિમી વિદ્વાનો દ્વારા વૈ.સા.ના સમય વિશે જે અનુમાનો પ્રગટ કરવામાં આવ્યાં છે તે ભ્રમમૂલક છે તેમ જણાવી કહે છે કે; વૈ. કાલના ગ્રંથોની સમય મર્યાદા ઈ. સ. પૂર્વે ૪૫૦૦ થી ઓછી ન આંકી શકાય. પોતાના આ મંતવ્યને તેમણે 'ઓરાયન' સંસ્થાના ગ્રંથોમાં ઉદ્ગયન સ્થિતિને દર્શાવતા વેદનાં વાક્યો દ્વારા સિદ્ધ કરેલ છે અને મોટાભાગના પશ્ચિમી વિદ્વાનો તે સ્વીકારે છે.[૧૨]

આચાર્ય બાલકૃષ્ણ દીક્ષિતજીએ બ્રાહ્મણ વગેરે ગ્રંથોમાંથી કૃતિકા વગેરે મુખ્ય નક્ષત્રોની ગણતરીના આધારે તેઓનો સમય ઈ. સ. પૂર્વે ૨૫૦૦ પહેલાનો નિશ્ચિત કરેલ છે. પરંતુ વાચસ્પતિ ગૈરોલાનાં મતે ઉપનિષદ્નો સમય નક્કી કરવામાં ઉદ્ગયન–સ્થિતિને આધારભૂત બનાવવામાં આવી હોય, "રામ તાપની" વગેરે ભક્તિ પ્રધાન અને "યોગતત્ત્વ" વગેરે યોગ પ્રધાન ઉપનિષદ્ની ભાષા અને રચના પ્રાચીન દેખાતી નથી. ફક્ત આ જ આધાર ઉપર અમુક વિદ્વાનો ઉપનિષદ્ની રચનાને ભગવાન બુદ્ધના સમય કરતાં ચારસો–પાંચસો વર્ષથી વધારે પૂર્વ માનતા નથી. પરંતુ કાલ નિર્ણયની ઉપર્યુક્ત (ઉદ્ગયન–સ્થિતિ)થી જોઈએ તો આ બાબત ભ્રમમૂલક છે. જો કે એ બાબત પણ સત્ય છે કે, જ્યોતિષની પદ્ધતિથી બધાં ઉપનિષદ્નો સમય નક્કી ન કરી શકાય, પરંતુ મુખ્ય–મુખ્ય ઉપનિષદ્નો સમય નક્કી કરવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય.[૧૩]

ઉપનિષદ્ના સમય નિર્ણય માટે જર્મન વિદ્વાન ડૉયસન ઉપનિષદ્ને ચાર વિભાગમાં વિભક્ત કરે છે.

(अ) પ્રાચીન ગદ્ય ઉપનિષદ્ = (૧) બૃહ., (૨) છાં., (૩) તૈત્તિરીય, (૪) ઐતરેય, (૫) કૌષીતકિ અને (૬) કેન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ब) પ્રાચીન પદ્ય ઉપનિષદ્ = જેઓનું પદ્ય સરલ, વૈદિક પદ્યોની સમાન છે— (૭) કઠ, (૮) ઈશ, (૯) શ્વેતાશ્વેતર, (૧૦) મહાનારાયણ.

(क) પાછળના ગદ્ય ઉપનિષદ = (૧૧) પ્રશ્ન, (૧૨) મૈત્રી અથવા મૈત્રાયણીય (૧૩) માંડૂક્ય.

(ड) આથર્વણ ઉપનિષદ = જેમાં તાંત્રિક ઉપાસના વિશેષરૂપે રહેલી છે— (૧) સામાન્ય ઉપનિષદ, (૨) યોગ ઉપનિષદ (૩) સાંખ્ય–વેદાન્ત ઉપનિષદ (૪) શૈવ ઉપનિષદ (૫) વૈષ્ણવ ઉપનિષદ (૬) શાક્ત ઉપનિષદ.[14]

ડૉ. રાનડે તથા બેલવેલકર ડૉયસનનાં ક્રમમાં અનેક ત્રુટિઓને દર્શાવી પોતાની નવીન પદ્ધતિ આપે છે. એ પ્રમાણે પ્રાચીન ઉપનિષદમાં મુખ્ય છાં., બૃહ., કઠ, ઈશ, ઐતરેય, તૈત્તિરીય, મુંડક, કૌષીતકિ, કેન તથા પ્રશ્ન છે. શ્વેતાશ્વેતર, માંડૂક્ય અને મૈત્રાયણીય બીજી શ્રેણીમાં અને તૃતીય શ્રેણીમાં વાષ્કલ, છાગલેય, આર્ષેય, શૌનક ઉપનિષદ છે. તેઓ આ યોજનાને સિદ્ધ કરવા માટે જે તર્ક પ્રણાલી રજૂ કરે છે. તે વિશ્વાસ ઉત્પન્ન કરે તેવી નથી. ઉપનિષદનાં અલગ–અલગ સમય–કાલ સ્તરની કલ્પના મનમાની તેમજ પ્રમાણ રહિત છે, તેથી વિશ્વાસ ઉત્પન્ન થતો નથી. ઈશાવાસ્યને બીજા સ્તરમાં માનવું જરાપણ યોગ્ય નથી. તે સંહિતા સાથે જોડયેલું છે, તેમજ તેમાં બ્રાહ્મણકાલીન સમાન જ યજ્ઞની મહત્તા છે. બૃહ.માં રહેલી કર્મસંન્યાસની ભાવનાની ઘોષણા નથી. એટલું જ નહીં તેને મુખ્ય ઉપનિષદની પરંપરામાં મુક્તિકો. પ્રથમ સ્થાન આપે છે. તેથી તે પ્રથમ શ્રેણીમાં અને પ્રાચીનતર હોવામાં કોઈ શંકા નથી.[15]

શ્રી ચિન્તામણિ વિનાયક વૈદ્ય પોતાના ગ્રંથમાં ઉપનિષદની પ્રાચીનતા તથા અર્વાચીનતા સંદર્ભમાં બે બાબત રજૂ કરે છે— (૧) વિષ્ણુ તથા પર દેવતાનાં રૂપમાં વર્ણન, (૨) પ્રકૃતિ–પુરુષ તથા સત્વ–રજ–તમ ત્રિવિધ ગુણોનાં સાંખ્ય સિદ્ધાંતોનું પ્રતિપાદન. એ બાબત નિર્વિવાદ છે કે પ્રાચીનતર ઉપનિષદોએ વૈદિક સંહિતાનાં દેવતાઓથી વિશેષ ઉપર ઊઠીને એક જ અનામી દેવતા(બ્રહ્મ) (પરમતત્ત્વ)ને વિશ્વનું સર્જન કરનાર, પાલન કરનાર, નિયંત્રણ કરનાર દર્શાવેલ છે. જ્યારે પાછળના ઉપનિષદોએ સર્વપ્રથમ વિષ્ણુ અને ત્યારબાદ શિવને આ પદ ઉપર સ્થાપિત કર્યા છે. આ દષ્ટિએ સર્વપ્રથમ અનામી/બ્રહ્મરૂપનાં પ્રતિપાદનમાં છાં., બૃહ., ઈશ., તૈત્તિરીય, ઐતરેય, પ્રશ્ન, મુંડક ત્યારબાદ કઠ સર્વ પ્રથમ વિષ્ણુને પરમપદમાં પ્રતિષ્ઠિત કરે છે. જ્યારે કૃષ્ણ યજુર્વેદીય ઉપનિષદોમાં આ મહત્ત્વપૂર્ણ સ્થાન ઉપર મહાદેવ પ્રતિષ્ઠા પામ્યા છે. તે જ પ્રમાણે શિવની મહત્તા માટે શ્વેતાશ્વતર, કઠથી અર્વાચીન તેમજ બ્રહ્મા–વિષ્ણુ–મહેશ દેવત્રયીની ગૌરવ ગાથા પ્રસ્તુત કરતું મૈત્રાયણીય ઉપનિષદ શ્વેતાશ્વતરથી પાછળનું માનવામાં આવે છે. તેમજ સાંખ્ય તત્ત્વોનાં પ્રતિપાદનને પરિણામે આપણે આ જ બાબત ઉપર આવી શકીએ.



For Private And Personal Use Only

કારણ કે છાં. ઉપનિષદમાં સાંખ્ય સિદ્ધાંતનો આછેરો નિર્દેશ છે. કઠો.માં સાંખ્યનાં અનેક સિદ્ધાંતો જોઈ શકાય છે.[15] શ્વેતાશ્વેતરમાં સાંખ્ય સિદ્ધાંત[16] તેમજ તેનાં પ્રણેતા કપિલમુનિનો નિર્દેશ છે.[17] તેમજ પ્રધાન, જ્ઞેય તથા સાંખ્ય સિદ્ધાંતોનાં પર્યાપ્ત પરિચયનાં દ્યોતક છે. તેથી કઠથી તેની અર્વાચીનતા માની શકાય. મૈત્રાયણી ઉપનિષદમાં પ્રકૃતિ તથા ગુણત્રયનો સાંખ્ય સિદ્ધાંત ખૂબ જ વિસ્તારથી આપવામાં આવ્યો છે.[18] તેથી તેમને આ શ્રેણીમાં પાછળની રચના માની શકાય.[19]

આમ સામાન્ય રીતે ઉપનિષદોને આપણે ત્રણ વિભાગમાં વિભક્ત કરી શકીએ. પ્રથમ વિભાગમાં છાં., બૃહ., ઈશ, તૈ., ઐત., પ્રશ્ન, મુંડક અને માણ્ડૂક્ય આ ઉપનિષદ જે તે વેદ, આરણ્યક કે બ્રાહ્મણોનાં અંશ હોવાથી ચોક્કસપણે પ્રાચીન છે. શ્વેતાશ્વેતર, કૌષિતકિ, મૈત્રાયણી તથા મહાનારાયણ તૃતીય શ્રેણીમાં અને તેમની વચ્ચમાં કઠ અને કેન ઉપનિષદને રાખી શકીએ. ઉપનિષદનો ભૌગોલિક વિસ્તાર મધ્યપ્રદેશનાં કુરુપાંચાલથી વિદેહ સુધી ફેલાયેલો છે. આ સમયે આર્યોના નિવાસથી ગાંધાર ખૂબ જ દૂર થઈ ગયું હતું, કારણ કે છાં. અનુસાર કોઈ જાણકાર પુરુષ દ્વારા જ મનુષ્ય ગાંધાર પહોંચી શકે.[20] લોકમાન્ય તિલક મૈત્રાયણી ઉપનિષદમાં નિર્દિષ્ટ ઉદ્ગયન–સ્થિતિની જ્યોતિષ અનુસાર ગણતરી કરીને જણાવે છે કે, વેદાંગ જ્યોતિષ કરતાં મૈત્રા. ઉપનિષદની આ સ્થિતિ અલગ છે અને પહેલાની છે. વેદાંગ જ્યોતિષી સમયનું ઉદ્ગયન "મૈત્રા. ઉપનિષદનું ઉદ્ગયન કરતાં અડધું નક્ષત્ર પાછળ થઈ ગયું છે અને અડધું નક્ષત્ર પાછળ થવામાં લગભગ ૪૮૦ વર્ષનો સમય લાગે છે. આ ગણત્રીનાં આધારે મૈત્રા. ઉપનિષદનો સમય ઈ. સ. પૂર્વે ૧૮૮૦–૧૬૮૦ ની વચ્ચે આવે છે. પરંતુ વૈદિક મતને અનુસરનારા સૃષ્ટિનો આરંભ વિક્રમસંવત પૂર્વ ૧૯૫, ૫૮, ૮૫૦ ૪૯ માને છે, તેથી આ સમય ઉપનિષદોનો રચના સમય નહી પરંતુ આવિર્ભાવકાલ છે. ઉપનિષદમાં ઘનિષ્ઠાથી ઉત્તરાયણ અંત કે આરંભમાં માનવા માટે કોઈ પ્રમાણ નથી. તેથી પ્રાચીન મત જ યોગ્ય છે. વેદ ભાષ્યકાર વેદને નિત્ય, બ્રહ્મા દ્વારા અભિવ્યક્ત માને છે. સ્વામી દયાનંદ સરસ્વતી પણ વેદને નિત્ય માને છે. તેથી સૃષ્ટિનાં યુગોની કાલ ગણનાને આધારે જ વેદનો કાલ નિર્ણય કહી શકાય; એમ ડૉ. વાસુદેવ ચતુર્વેદી માને છે અને ઉપનિષદોનો સમય સૃષ્ટિનાં આરંભનો સમય ગણાવે છે.[22]

લોકમાન્ય તિલકનાં મતાનુસાર "મૈત્રા. ઉપનિષદની રચના વેદાંગ જ્યોતિષ પહેલાની છે અને જે ઉપનિષદ વાક્યો અથવા શ્લોકોની ચર્ચા ઉદાહરણરૂપે આ ઉપનિષદમાં છે, તે ચોક્કસ પણ તેનાથી પ્રાચીન છે. તેથી ઈ. સ. પૂર્વે ૪૫૦૦માં ઋગ્વેદ, ઈ. સ. પૂર્વે ૨૫૦૦માં બ્રાહ્મણગ્રંથો અને ઈ. સ. પૂર્વે ૧૬૦૦માં ઉપનિષદ ગ્રંથોનો સમય આવે છે."[23]

પ્રા. મૅકડોનલ જણાવે છે કે, ઉપનિષદોમાંથી સૌથી વધારે પ્રાચીન ઉપનિષદ ઈ. સ. પૂર્વે ૬૦૦ કરતાં વધારે મોડું રચાયેલું ભાગ્યે જ ગણી શકાશે. તેઓ એ બાબતમાં નોંધે છે કે, અમુક મહત્ત્વનાં સિદ્ધાંતો બૌદ્ધ ધર્મની પહેલાં જાણીતા હોવાં જ જોઈએ, તે બાબત બૌદ્ધ ધર્મનાં ઈતિહાસ ઉપરથી સ્પષ્ટ થાય છે. મૅકડોનલ આંતર પ્રમાણોને આધારે ઉપનિષદનાં ચાર વિભાગ પાડે છે. પ્રાચીન ઉપનિષદ, બૃહ., છાં., તે., ઐત. અને કૌષીતકિ. જે ગદ્યમાં રચાયેલાં છે અને શૈલી પણ પ્રાચીન છે. કેન વચ્ચેના ભાગમાં આવે છે. ત્યારબાદ કઠ, ઈશ, શ્વેતાશ્વર, મુણ્ડક અને મહાનારાયણ ઉપનિષદ આવે છે. ત્રીજા વર્ગમાં પ્રશ્ન, મૈત્રા. અને માણ્ડૂક્ય આવે છે. જ્યારે ચોથાવર્ગમાં અથર્વવેદનાં ઉપનિષદ આવે છે.[૨૪]

ઉપનિષદના અભ્યાસી મગનભાઈ દેસાઈ ગ્રંથોમાં ઉલ્લેખાયેલી વંશાવલીને આધારે ઉપનિષદનો સમય નક્કી કરવાનો પ્રયત્ન કરે છે અને એ આધારે મહાભારતના યુદ્ધની પહેલાં બે–ચાર પેઢી, મહાભારત કાળ અને મહાભારતના યુદ્ધ પછીનો કાળ એમ ત્રણ તબક્કા આપે છે.[૨૫]

વિદ્વાન લુડ્વિગે ઉપનિષદની રચના ઈ. સ. પૂ. ૩૦૦૦ વર્ષની માની છે. જ્યારે ડૉ. ગોલ્ડસ્કર ઉપનિષદોને આરણ્યકકાલ, સંહિતાકાલ અને સ્વતંત્ર ઉપનિષદ કાલ એમ ગણાવે છે. તેમાં આરણ્યક ઉપનિષદો બૃહદારણ્યક, છા., ઐતરેય, કૌષીતકિ અને કેન અત્યંત પ્રાચીન છે. જ્યારે સંહિતાકાળમાં કઠ, શ્વેતાશ્વેતર, ઈશ, મૈત્રાયણી ઉપનિષદો આવે છે અને સ્વતંત્ર ઉપનિષદો ઈ. સ. પૂર્વે ૧૬૦૦ થી ૨૫૦૦માં આવે છે જેમાં મુણ્ડક, પ્રશ્ન, માણ્ડૂક્ય છે. બૃહદારણ્યક, છાન્દોગ્ય વગેરે ઉપનિષદોમાં બ્રહ્મની ચર્ચા હોવાથી તેને બ્રાહ્મણકાળનાં માનવામાં આવે છે, બ્રાહ્મણકાળનો સમય ઈ. સ. પૂ. ૨૫૦૦ માનવામાં આવે છે.[૨૭]

પં. શ્રી અનન્ત શર્મા[૨૮] ઉપનિષદનો સમય નિશ્ચિત કરવા માટે સ્તુત્ય પ્રયત્ન કરે છે. તેઓ બ્રહ્મ સંપ્રદાય અને આદિત્ય સંપ્રદાય એ વેદાન્તની બે પરંપરામાં સાહિત્ય સંપ્રદાયમાં મહર્ષિ યાજ્ઞવલ્કયની પરંપરાનું મૂળ બ્રહ્મા સુધી માને છે. તેઓ બૃહ. ઉપનિષદમાં[૨૮] મહર્ષિ પૌતિમાષ્યથી વિપરીત ક્રમથી શરૂ કરીને સ્વયંભુ બ્રહ્મા સુધી પહોંચે છે. છા. ઉપનિષદમાં[૨૯] પણ આ પરંપરા આપેલી છે. આ પરંપરાને આધારે ઉપનિષદ પ્રાચીન સમયથી મહાભારતકાલ સુધીનો સમય દર્શાવે છે.

યાજ્ઞવલ્કય–જનકનો સંબંધ અત્યંત પ્રચલિત છે. શતપથ બ્રાહ્મણમાં આ બન્ને નામોમાં કોઈ વિશેષણ નથી, પરંતુ મહાભારતના સમય સુધી અનેક જનકો થઈ ગયા. પ્રાતિસ્વિક જનકનો ઉલ્લેખ મહાભારતના શાંતિ પર્વમાં છે.[૩૦] આ જ પરંપરામાં દૈવરાતિ જનકના પિતા દેવરાત નિમિથી સાતમી પેઢી અને સીરધ્વજ જનક ૧૬મી પેઢી પહેલાં છે. તેવો ઉલ્લેખ રામાયણ બાલકાંડમાં[૩૧] છે. આ જ ક્રમ

વાયુપુરાણમાં પણ છે. આ ચર્ચામાં તેઓ જણાવે છે કે; ૧૦૦ વર્ષમાં ત્રણ પેઢી લઈએ તો યાજ્ઞવલ્કયનો સમય ૫૦૦ પૂર્વ માની શકાય.

મહાભારતના યુદ્ધમાં અભિમન્યુથી મૃત્યુ પામેલા રઘુવંશીય બૃહદ્બાલ શ્રીરામથી ૩૧ પેઢી પછી થયેલા છે. મહાભારતના યુદ્ધથી ૧૦૩૩ વર્ષ પહેલાં શ્રીરામનો સમય અને તેનાંથી ૫૦૦ વર્ષ પહેલાં દેવરાત જનકનો સમય આવે છે. તેથી આજે ૧૫૩૩ + ૫૧૦૦ = ૬૬૩૩ વર્ષ પહેલાનો સમય યાજ્ઞવલ્કયના શતપથ પ્રવચનનો સમય આવે. શ્રી શ્રીધર શાસ્ત્રી યાજ્ઞવલ્કયનો સમય ૬૦૦૦ વર્ષ પહેલાંનો માને છે. આ જ સંદર્ભમાં તેઓશ્રી ઉદ્દાલક–આરુણી, અષ્ટાવક્ર ઋષિ, સત્યકામ જાબાલ વગેરેને આધારે ૬૬૦૦ વર્ષ પૂર્વનો સમય યાજ્ઞવલ્કયનો ગણે છે. જ્યારે પં. ભગવદત્તજી આ દેવરાત જનકને સીરધ્વજ જનકથી અનેક પેઢી પૂર્વે ન માનતા મહાભારતની નજીકનો જ સમય ગણે છે અને દેવરાત જનકને અન્ય કોઈ જનક માને છે, જેનો સમય મહાભારતથી પૂર્વ ૧૫૦ વર્ષની આસપાસનો છે. પોતાના આધાર માટે તેઓશ્રી યુધિષ્ઠિર–ભીષ્મ વચ્ચેનાં સંવાદમાં ભીષ્મ "આ જ્ઞાન મેં જનક પાસેથી, જનકે યાજ્ઞવલ્કય પાસેથી જાણ્યું. "સાથો સાથ તેઓશ્રી શતપથ બ્રાહ્મણમાં રહેલાં વૈશમ્પાયન શિષ્ય ચરકોનો પણ ઉલ્લેખ આપે છે. ત્યારબાદ યુધિષ્ઠિરનાં અશ્વમેધ યજ્ઞ, પછી અમુક વિદ્વાનો શુનઃશેપ ઉપાખ્યાનમાં વિશ્વામિત્ર શુનઃશેપને બલિ થવાથી બચાવીને પોતાના કૃતક પુત્ર તરીકે રાખે છે અને તેને દેવરાત નામ આપે છે. તે દેવરાતનો પુત્ર તે યાજ્ઞવલ્કય. કોઈપણ કથા લઈ તેમાં યાજ્ઞવલ્કયનો વિશ્વામિત્રથી સંબંધ તેઓને દાશરથિ રામની પહેલાં સિદ્ધ કરે છે. આપણે જાણીએ છીએ કે હનુમાનજી, સહદેવ વગેરે રામાયણના પાત્રોનાં ઉલ્લેખો મહાભારતમાં છે. આમ પરસ્પર વિરોધી અનેક પ્રમાણોને આધારે તેઓ યાજ્ઞવલ્કયને મહાભારતના સમયમાં લાવીને સમાધાન સાધવાનો પ્રયત્ન કરે છે.

કૃષ્ણ દ્વૈપાયનના શાખા વિસ્તારને માન્ય કરીને તેનાથી આગળ ઉપનિષદ કાળ નથી તેમ માનવું તર્કસંગત નથી. કારણ કે શ્રીપાદ દામોદર સાતવળેકરજી વગેરે વેદ સંહિતા વગેરે સંપાદિત કરી અલગ નામથી પ્રસિદ્ધ કરે તો તેથી તેના પૂર્વનો સમય ન હોય તે માનવું યોગ્ય નથી. તેમ વ્યાસજીએ કરેલા શાખા વિસ્તાર પહેલાં ઉપનિષદનો સમય ન મૂકવા માટે કોઈ આધારભૂત પ્રમાણ નથી તેમ જણાવી તેઓશ્રી ઉપનિષદો મહાભારત કાળથી પ્રાચીન અને મહાભારતના સમયમાં પણ મૂકે છે.

છા. ઉપનિષદમાં[૪૪] દેવકીપુત્ર કૃષ્ણનો ઉલ્લેખ છે. દેવકીપુત્ર કૃષ્ણ મહાભારતના સમયમાં થઈ ગયા. તેથી તેમણે આપેલા વ્યાખ્યાનનો સમય મહાભારતનો છે. પરંતુ છન્દોગોની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. આગળ જે ઉદ્દાલક આરુણિ કઠો.ના છે તેનો પુત્ર નચિકેતા છે. પરંતુ છા., બૃહ.,

મહાભારતમાં સર્વત્ર આરુણિ ઉદ્દાલક એક જ છે, તેનો પુત્ર શ્વેતકેતુ છે. આ આરુણિ ઉદ્દાલક કૈકય અશ્વપતિની પાસે વૈશ્વાનર વિદ્યા પ્રાપ્તિ માટે જાય છે. પોતાના પુત્રને પ્રવચન દ્વારા "તું તે જ છો." નું જ્ઞાન આપે છે.

આ પ્રમાણે યાજ્ઞવલ્કય, નચિકેતા, આરુણિ, શૌનક વગેરે પરંપરાને આધારે ૨૬૦૦૦ વર્ષ પહેલાંનો સમય માને છે. મુંડક–કઠ વગેરેનો ૧૪૦૦૦–૧૫૦૦૦ વર્ષ પહેલાંનો સમય ગણે છે.

ઉપનિષદને રચનાક્રમ–કાલક્રમ પ્રમાણે ગોઠવવા માટે વિદ્વાનો અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.[૩૩] તેમાં પહેલી કસોટી, ભાષા શૈલી, શબ્દો અને વ્યાકરણને લગતાં રૂપો વગેરેની ખાસિયતોની છે. પરંતુ આને અંતિમ કસોટી ન ગણી શકાય. કારણ કે જુના ઉપનિષદ પદ્યની પ્રવાહી શૈલીમાં રચવામાં આવ્યાં હોય અને પછીનાં ઉપનિષદ જૂની બ્રાહ્મણગ્રંથોની શૈલીમાં રચવામાં આવ્યાં હોય તેમ બની શકે; અને એ પ્રમાણે બનેલું છે, જે ઉપનિષદના અધ્યયનથી જોઈ શકાય છે.

બીજી કસોટી છે, કે કોઈ એક જ વિગત કે વિષયનું જુદાં જુદાં ઉપનિષદમાં આવતું વિવરણ. જેમ કે "ઇન્દ્રિયોમાં તકરાર" એ વાર્તા છા., બૃહ., ઐતરેય, કૌષીતકિ અને પ્રશ્ન ઉપનિષદમાં આવે છે. એ વાર્તાની વિગતોના વિસ્તાર ઉપરથી એ ઉપનિષદને પહેલાંનું, પછીનું એવા ક્રમમાં જરૂર ગોઠવી શકાય. પરંતુ આ કસોટીને પણ અંતિમ ન કહી શકાય.

ત્રીજી પરંતુ સહેજ મુશ્કેલ કસોટી એ છે કે, કોઈ એક વિચારનો થતો જતો વિકાસ, જેમ કે, બે આત્માઓ અર્થાત્ જીવાત્મા અને પરમાત્મા વચ્ચેના સંબંધ વિષેનો મુદ્દો કઠ, શ્વેતાશ્વેતર અને મુંડક એ ત્રણમાં આવે છે. મુંડકમાં એકને કર્મફળ ભોગવતો અને બીજાને માત્ર દ્રષ્ટા, જ્યારે શ્વેતાશ્વતરમાં લાલ, સફેદ, અને કાળી એવા ત્રણ રંગોવાળી અજન્મા પ્રકૃત્તિનો ઉમેરો કરી, જીવાત્માને એકલાને તેનું સેવન કરતો વર્ણવ્યો છે અને બીજાને તેનો ત્યાગ કરતો વર્ણવ્યો છે. આમ એક જ વિચારની બાબતમાં જે વિશેષ તથા પછીના સમયમાં પ્રાધાન્ય પામેલી વિગતોની દષ્ટિએ વિકાસ થયેલો માલૂમ પડે, તે ઉપરથી તે ઉપનિષદનો ક્રમ ગોઠવી શકાય. પરંતુ આ બાબતમાં મૂળભૂત વિચાર કયો ગણવો, એ નક્કી કરવામાં વાસ્તવિક તથ્ય કરતાં વૈયક્તિક વલણ વધુ કામ કરે છે.

ચોથી પરંતુ વધુ વિશ્વાસપાત્ર કસોટી એ છે કે પોતાના સિદ્ધાંત માટે અન્ય ઉપનિષદનાં અવતરણો તેને આધારે આગળ–પાછળનો ક્રમ નિશ્ચિત કરી શકાય.

પાંચમી પદ્ધતિ છે. ઉપમાઓ, દષ્ટાંતો વિવરણો વગેરે ઉપરથી કયું ઉપનિષદ પ્રાચીન છે અને કયું પછી છે તે નક્કી કરી શકાય. જેમ કે જૂના ઉપનિષદમાં બ્રાહ્મણ ગ્રંથોમાં પ્રચલિત વિચિત્ર ઉપમાઓ

અને નિરુક્ત પદ્ધતિનાં વિવરણો હોય છે. અન્ય પદ્ધતિ એ પણ છે કે ગ્રંથો,સિદ્ધાંતો દેશો, નદીઓ, પર્વતો, લોકો, નગરો, સામાજિક રીત રિવાજો વગેરેનાં ઉલ્લેખ ઉપરથી પણ કેટલાંક ઉપનિષદને જૂના કે નવા કહી શકાય.

મુખ્ય તેર ઉપનિષદને ઉપરોક્ત કસોટી પ્રમાણે કાલક્રમમાં ગોઠવીએ તો નીચે પ્રમાણે પાંચવિભાગ પાડી શકાય.

(૧) બૃહ. અને છાં.

(૨) ઈશ અને કઠ

(૩) ઐતરેય, તૈત્તિરીય, કૌષીતકિ

(૪) કઠ, મુંડક, શ્વેતાશ્વેતર

(૫) પ્રશ્ન, મૈત્રી, માંડૂક્ય.

જે તે વિભાગમાં નામો પણ ક્રમ પ્રમાણે છે.

## ઉપનિષદ્‌ના ભાષ્યકારો :

પૂજ્ય આદ્ય શંકરાચાર્યની પહેલાં ઉપનિષદ પરનાં ભાષ્યો જેમાંથી હાલ ઘણાં ઉપલબ્ધ નથી. દા.ત. ભર્તૃ પ્રપંચ, બ્રહ્મનન્દી, દ્રવિડાચાર્ય વગેરેનાં ભાષ્યો. આ ભાષ્યો સાંખ્યવાદી, ભેદાભેદવાદી તથા અભેદવાદી હતા એમ મનાય છે.[૩૮]

ઉપનિષદનાં ભાષ્યકારોમાં સર્વશ્રેષ્ઠ ભાષ્યકાર આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય છે. તૈત્તિ. ઉપનિષદનું તેમનું ભાષ્ય સર્વોત્તમ છે. તે શાં. ભાષ્યના ટીકાકારો, આનંદતીર્થ અને રંગ રામાનુજ છે. તૈત્ત. ઉપર સાયણાચાર્ય અને આનંદતીર્થનું પણ ભાષ્ય છે. આ આનંદ–ભાષ્યનાં ટીકાકારો અપ્પણાચાર્ય, જ્ઞાનામૃત, વ્યાસતીર્થ અને શ્રીનિવાસાચાર્ય વગેરે મુખ્ય છે. તૈત્ત. ઉપનિષદનાં વૃત્તિકારોમાં કૃષ્ણાનંદ, ગોવિંદરાજ, દામોદરાચાર્ય, નારાયણ, બાલકૃષ્ણ, ભાસ્કર ભટ્ટ, રાઘવેન્દ્ર યતિ, વિજ્ઞાનભિક્ષુ અને શંકરાનંદના નામ ઉલ્લેખનીય છે. તૈ. આરણ્યકનો દસમો પ્રપાઠક 'યાજ્ઞિકી' અથવા નારાયણોપનિષદ્‌ના નામથી પ્રસિદ્ધ છે. આ ઉપનિષદ દ્વારા પૂ. પાંડુરંગદાદાએ વૃક્ષોને પાણી સિંચનની પ્રેરણા આપેલ છે. તૈ. ઉપનિષદ ઉપર શંકરાનંદ અને સાયણાચાર્યે ભાષ્ય લખેલ છે અને તેના ઉપર વિજ્ઞાનાત્માએ "વેદ– શિરોભૂષણ" નામની સ્વતંત્ર વ્યાખ્યા અને એક વૃત્તિ લખી છે.

યજુર્વેદનાં ઉપનિષદમાં શ્વેતાશ્વતર અને મૈત્રા.નું નામ મુખ્ય છે. આ બન્ને ઉપર પૂજ્ય આચાર્ય

શંકરનાં ભાષ્ય તેમજ વિજ્ઞાનભિક્ષુની 'ઉપનિષદાલોક' નામની બૃહદ્ ટીકા છે. નારાયણ, પ્રકાશાત્મા, રામતીર્થ એ પણ પ્રામાણિક ગ્રંથો રચેલા છે. એ ઉપરાંત આ ઉપનિષદ ઉપર સાયણાચાર્ય, રામાનુજાચાર્ય અને વરદરાજાચાર્યએ પણ ભાષ્ય રચેલ છે. શ્રીનૃસિંહાચાર્ય, બાલકૃષ્ણદાસ અને રંગરામાનુજ શાંકરભાષ્યનાં પ્રસિદ્ધ ટીકાકારો છે.

સામવેદનાં ઉપનિષદમાં છાં. અને કેન. મુખ્ય છે. કેનો.ને ડૉ. વારનેલે તંજોરમાંથી શોધી, સંપાદિત કરી પ્રસિદ્ધ કર્યું છે. આ બન્ને ઉપર શ્રીમદ્ શંકરાચાર્યનું ભાષ્ય અને આનંદતીર્થ, જ્ઞાનાનંદ, નિત્યાનંદાશ્રમ, બાલકૃષ્ણાનંદ, ભગવદ્ભાવક, શંકરાનંદ, સાયણાચાર્ય, સુદર્શનાચાર્ય, હરિભાનુ શુકલ, વેદેશ, વ્યાસતીર્થ, દામોદરાચાર્ય, ભૂસુરાનંદ, મુકુંદ તથા નારાયણ વગેરે વિદ્વાનોની ટીકાઓ તથા વૃત્તિઓ છે.[૧૫]

દારા–શિકોહે મોગલ રાજ્યનાં સમયમાં ઈ. સ. ૧૬૩૭માં ઉપનિષદોનો "સિરે–એ–અકબર" નામે અનુવાદ કરાવ્યો. આ અનુવાદની પ્રતિ શુજાઉદ્દોલાના દરબારમાં નિયુક્ત ફ્રેંચ રાજદૂત એમ. જેન્ટિલે જિન્દાવસ્થાની શોધ કરનાર ફ્રેંચ વિદ્વાન એક્વિટિલ ડ્યૂ પેરોની પાસે મોકલી; તેને એક અન્ય પ્રતિ પણ પ્રાપ્ત થઈ. આ બન્ને હસ્તપ્રતોને આધારે ઈ. સ. ૧૮૦૧માં તેમણે લેટિન અને ફ્રેંચમાં અનુવાદ કર્યો. તેમાંથી લેટિન અનુવાદ ૧૮૦૧–૨માં પ્રકાશિત થયો. તે અત્યંત દૂરુહ હતો; પરંતુ જર્મન દાર્શનિક શોપન હારે તેને સરળ બનાવ્યો.

ત્યારબાદ ઈ. સ. ૧૮૭૪માં શ્રીમાન રોઅરે, ઈ. સ. ૧૮૭૯–૮૪માં મૈક્સમૂલરે અંગ્રેજીમાં અનુવાદ પ્રકટ કર્યા. જર્મન ભાષામાં ૧૮૮૨માં એફ. મિશલે, ૧૮૮૬માં ઓ. બોહટલિંકે અનુવાદ પ્રકટ કર્યો.

આધુનિક યુગમાં ભારતીય ભાષ્યકારોમાં પૂજ્ય રામશર્મા આચાર્ય, પૂ. પાંડુરંગદાદ, પૂ. આચાર્યશ્રી નથુરામ શર્મા વગેરે છે.

પૉલ ડૉયસને ઉપનિષદ પર લખેલ વ્યાખ્યા તથા ડૉ. બેલવેલકર તેમજ ડૉ. રાનડે રચિત બ્રાહ્મણો, આરણ્યકો તેમજ ઉપનિષદની વ્યાખ્યાઓ ઐતિહાસિક દૃષ્ટિકોણથી લખાયેલી છે. ગફ નામના વિદ્વાને "ઉપનિષદ્‌ના દર્શન" પર લખ્યું છે જેમાં શંકરાચાર્યની અદ્વૈત દષ્ટિ અપનાવેલ છે. ડૉ. રાધાકૃષ્ણન તથા ડૉ. રાનડે દ્વારા રચાયેલ ઉપનિષદ્ દર્શન પરના ગ્રંથોમાં તુલનાત્મક દષ્ટિકોણ અપનાવાયેલો છે; તેમનો હેતુ એમ બતાવવાનો રહ્યો છે કે, ઔપનિષદ્ દર્શન એ સમકાલીન દર્શનની તુલનાએ શાશ્વત દર્શન છે.

ખ્રિસ્તી વિદ્વાનોએ ઉપનિષદનો ઊંડો અભ્યાસ કર્યો અને ધાર્મિક દષ્ટિકોણથી તેમણે એમ બતાવવા પ્રયત્ન કર્યો કે ઉપનિષદનો ધર્મ આધુનિક યુગ માટે અપર્યાપ્ત છે. તેમણે ઉપનિષદમાં વ્યક્ત થતું તત્ત્વજ્ઞાન

નીતિશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર લોકો સમક્ષ મૂકી તેની જન-જીવન પર વ્યાપક અસર દર્શાવી. આ સામે ભારતીય વિદ્વાનોએ ઉપનિષદને માનવધર્મના શાશ્વત ગ્રંથ તરીકે બિરદાવ્યા. આ સંદર્ભમાં રાજા રામ મોહનરાય, રવીન્દ્રનાથ ટાગોર તથા રામકૃષ્ણ મિશનના વિદ્વાન સાધુઓનું કાર્ય પ્રશંસનીય છે.[36]

## B) ઉપનિષદોની સંખ્યા અને વર્ગીકરણ :

ઉપનિષદની સંખ્યા બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે. તેમ છતાં સામાન્ય રીતે ૧૦૮ ઉપનિષદો અને મુખ્ય ૧૩ ઉપનિષદ એ રીતે માનવામાં આવે છે. તેમાં ૧૩ મુખ્ય ઉપનિષદ પ્રાચીન છે અને બીજા ઉપનિષદ તેના પ્રમાણમાં અર્વાચીન છે. મુક્તિકોપનિષદ્‌માં શ્રીરામચંદ્રજી હનુમાનને તેના પ્રશ્નના જવાબમાં, વેદો પરમાત્મામાં સ્થિત છે અને વેદોમાં ઉપનિષદ રહેલી છે; તેમ જણાવી ૧૦૮ ઉપનિષદ ગણાવે છે.

શ્રીરામચંદ્ર પ્રભુ ઋગ્વેદની એકવીસ, યજુર્વેદની એકસો નવ, સામવેદની હજાર અને અથર્વવેદની પચાસ શાખાઓ છે તેમ જણાવીને તે દરેક શાખાને એક-એક ઉપનિષદ પણ છે, તેમ કહે છે. તે પ્રમાણે ગણતાં એક હજાર એકસોને એંસી(૧,૧૮૦) ઉપનિષદો થાય. પરંતુ મુક્તિકોપનિષદ્ તે બધામાં સારરૂપ ૧૦૮ ઉપનિષદો છે.[37] તેમ જણાવી તેમાં સર્વપ્રથમ માણ્ડૂક્ય અને ત્યારબાદ ઈશ. વગેરે દસ ઉપનિષદની વાત કરે છે.[38] આ ઉપરાંત (૧૧) કૌષિતકિ, (૧૨) શ્વેતાશ્વેતર અને (૧૩) મૈત્રાયણીને પણ પ્રાચીન માનવામાં આવે છે.

પ્રાચીનતાની દષ્ટિએ બૃહદારણ્યક અને છા. વિશેષ મહત્ત્વનાં છે. શ્રીમદ્ આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર ઉપરના ભાષ્યમાં તેમાંથી અવતરણો લીધેલાં છે.[39] તેમજ ઈશા. વગેરે દસ ઉપર શ્રીમદ્ શંકરાચાર્યે તેમજ અન્ય આચાર્યોએ ભાષ્ય રચેલાં છે. આ ૧૩ ઉપનિષદો વેદાન્ત તત્ત્વોનું પ્રતિપાદન કરનારાં હોઈ વિશેષ શ્રદ્ધાવાન માનવામાં આવે છે. જ્યારે અન્ય ઉપનિષદો દેવતા વિષયક છે તેથી તેને તાન્ત્રિક માનવામાં આવે છે. તંત્રોને વેદથી વિરુદ્ધ કે અર્વાચીન માનવાં એ તદ્દન ભ્રાન્તિમૂલક સિદ્ધાંત છે.[40] આ ઉપનિષદોમાં વૈષ્ણવ, શાક્ત, શૈવ તેમજ યોગ વિષયક ઉપનિષદો મુખ્ય છે. વેદાન્ત સૂત્રોમાં(બ્રહ્મસૂત્રોમાં) ઉપનિષદનાં વાક્યોની ચર્ચા છે. તેમાં આઠ ઉપનિષદનાં વાક્યો છે. જેમાં સામાન્ય રીતે બધા ભાષ્યકારો સંમત છે.[41]

આધુનિક સંશોધનનાં પરિણામે ઉપનિષદની સંખ્યા ૨૫૦ સુધી પહોંચી છે. ૨૦૦ ઉપરાંત ઉપનિષદો પ્રકાશિત થયેલાં છે. હજુ પણ કેટલાંક અપ્રકાશિત છે. અમુક કાળની ગર્તામાં અપ્રાપ્ય છે. કલ્યાણના ઉપનિષદ્[42] અંકમાં ૨૨૦ પ્રકાશિત ઉપનિષદોની યાદી આપેલ છે. તેમાં કેટલાંક સાંપ્રદાયિક

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. તેમાં જે તે સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન આપવામાં આવેલું છે. જેની અંદર સંકુચિત દષ્ટિ છે. તેથી આ સંકુચિત દષ્ટિથી લખાયેલા ઉપનિષદને ઉપનિષદ એવું નામ આપવું કે નહીં તે પણ એક વિચારણીય પ્રશ્ન છે.

આડિયાર ગ્રંથાલય મદ્રાસમાંથી અનેક ભાગોમાં ૧૭૯ ઉપનિષદ પ્રકાશિત થયા છે. આર્ષ ગ્રંથાવલી લાહોરથી ૧૧ ઉપનિષદ પ્રકાશિત થયા છે. ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈથી પ્રકાશિત "ઉપનિષત્ વાક્ય મહાકોશ"માં ૨૨૩ ઉપનિષદનાં વાક્યો આપેલ છે. એટલું જ નહિં "उपनिषत्स्तुति" અને દૈવ્યુપનિષદ'ને છોડીને બાકીના ૨૨૧ ગ્રંથોના વાક્યાંશો પણ આપવામાં આવેલ છે. આનંદાશ્રમ બિલખાથી "શ્રીઉપનિષદો" એ નામ નીચે ૧૧૮ ઉપનિષદ્ પ્રકાશિત થયેલાં છે. જેમાં મુખ્ય ૧૨ ઉપનિષદ મૂળ સહિત ભાષાંતર અને ટીકાસ્વરૂપે તેમજ અન્ય ઉપનિષદ સારરૂપે આપવામાં આવેલ છે.

ડૉ. બેલવેલકરે પૂનાથી વાષ્કલ્ય, છાગલ્ય, આર્ષેય અને શૌનક ઉપનિષદો અનુવાદ સાથે પ્રકાશિત કર્યા છે. જર્મન વિદ્વાન ડોયસને ૬૦ ઉપનિષદો પ્રકાશિત કર્યા છે. શ્રી નારાયણ સ્વામી અને ડયુમને અંગ્રેજી અનુવાદો સાથે ૩૦, ૩૦ ઉપનિષદોનું પ્રકાશન કર્યું છે. શ્રી રામશર્મા આચાર્યે જ્ઞાનખંડ, સાધનાખંડ અને બ્રહ્મવિદ્યાખંડ એમ ત્રણ વિભાગમાં ૧૦૮ ઉપનિષદો હિન્દી અનુવાદ સાથે પ્રકાશિત કર્યા છે.

મૂળ ઉપનિષદ કેટલાં છે તે બાબતે યોગ્ય માહિતી પ્રાપ્ત થતી નથી. પરંતુ વેદાંતનાં મુખ્ય ભાષ્યકારોમાં શંકરાચાર્ય, વાચસ્પતિમિશ્ર(આઠમી, નવમી શતાબ્દી) રામાનુજાચાર્ય(૧૨ મી શતાબ્દી) સુધી ઉપનિષદની સંખ્યા લગભગ-૩૦ હતી, જે વેદશાખાઓનાં નામથી પ્રસિદ્ધ હતી. પ્રસિદ્ધ ટીકાકાર શંકરાનંદ અને નારાયણનાં સમયમાં (૧૨-૧૪ મી શતાબ્દી) સુધી આ સંખ્યા લગભગ બે ગણી થઈ ગઈ.[૬૩] શ્રી શંકરાનંદે 'આત્મપુરાણ' ગ્રંથ લખતી વખતે ૨૪ મુખ્ય ઉપનિષદમાંથી ઉતારા આપ્યા છે. ત્રણ વેદનાં ઉપનિષદ્ સિવાય અથર્વવેદનાં બાવન ઉપનિષદ્ પણ સંકલિત થયા. આ ધાર્મિક પ્રતિસ્પર્ધા અથવા સૈદ્ધાંતિક પ્રતિષ્ઠાનો સંઘર્ષમય સમય હતો અને તેથી શાક્ત-શિવ-વૈષ્ણવ વગેરે મુખ્ય સંપ્રદાયો છે. તેઓએ તેમનાં સંપ્રદાયોના વિચારોને અનુરૂપ ઉપનિષદની સંખ્યામાં કલ્પનાતીત વધારો કર્યો. પરંતુ ઉપનિષદની સંખ્યામાં જેમ જેમ વધારો થતો ગયો તેમ તેમ ગંભીરતા અને ગૂઢતા જતી રહી.[૬૪]

મુક્તિકો. ઋગ્વેદનાં દશ, શુકલ યજુર્વેદના ૧૯, કૃષ્ણ યજુર્વેદના ૩૨, સામવેદના ૧૬ તેમજ અથર્વવેદના ૩૧ ઉપનિષદ ગણાવે છે.[૬૫] ઋગ્વેદના (૧) ઐતરેય, (૨) કૌષીતકિ બ્રાહ્મણ (૩) નાદબિન્દુ, (૪)આત્મ પ્રબોધ, (૫) નિર્વાણ, (૬) મુદ્ગલ, (૭) અક્ષમાલિકા, (૮) ત્રિપુરા, (૯) સૌભાગ્ય લક્ષ્મી, (૧૦) બહવૃચ. આ દશ ઉપનિષદ ઋગ્વેદના છે. જ્યારે શુકલયજુર્વેદનાં ૧૯ ઉપનિષદમાં (૧) ઈશાવાસ્ય,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) બૃહદારણ્યક, (૩) જાબાલ, (૪) હંસ, (૫) પરમહંસ (૬) સુબાલ (૭) મંત્રિકા (૮) નિરાલંબ (૯) ત્રિશિખી બ્રાહ્મણ (૧૦) મંડલ બ્રાહ્મણ (૧૧) અદ્વય તારક (૧૨) પૈંગલ (૧૩) ભિક્ષુક (૧૪) તુરીયાતીત (૧૫) અધ્યાત્મ (૧૬) તારસાર (૧૭) યાજ્ઞવલ્ક્ય (૧૮) શાટ્યાયની અને (૧૯) મુક્તિકો.[૬૬]

કૃષ્ણ યજુર્વેદનાં (૧) કઠવલ્લી (૨) તૈત્તિરીય (૩) બ્રહ્મ (૪) કૈવલ્ય (૫) શ્વેતાશ્વતર (૬) ગર્ભ (૭) નારાયણ (૮) અમૃતબિન્દુ (૯) અમૃતનાદ (૧૦) કાલાગ્નિરુદ્ર (૧૧) ક્ષુરિકા (૧૨) સર્વસાર (૧૩) શુક રહસ્ય (૧૪) તેજો બિન્દુ (૧૫) ધ્યાન બિન્દુ (૧૬) બ્રહ્મવિદ્યા (૧૭) યોગતત્ત્વ (૧૮) દક્ષિણામૂર્તિ (૧૯) સ્કંદ (૨૦) શારીરક (૨૧) યોગશિખા (૨૨) એકાક્ષર (૨૩) અક્ષિ (૨૪) અવધૂત (૨૫) કઠ (૨૬) રુદ્ર હૃદય (૨૭) યોગકુંડલી (૨૮) પંચબ્રહ્મ (૨૯) પ્રાણાગ્નિહોત્ર (૩૦) વરાહ (૩૧) કલિ સંતરણ (૩૨) સરસ્વતી રહસ્ય. એમ બત્રીસ ઉપનિષદ ગણાવે છે.[૬૭] જ્યારે સામવેદના ૧૬ ઉપનિષદ ગણાવતા જણાવે છે કે (૧) કેન (૨) છાન્દોગ્ય (૩) આરુણિ (૪) મૈત્રાયણી (૫) મૈત્રેયી (૬) વજ્રસૂચિકા (૭) યોગ ચૂડામણિ (૮) વાસુદેવ (૯) મહત્ (૧૦) સંન્યાસ (૧૧) અવ્યક્ત (૧૨) કુંડિકા (૧૩) સાવિત્રી (૧૪) રુદ્રાક્ષ (૧૫) જાબાલ દર્શન અને (૧૬) જાબાલિ.[૬૮]

(૧) પ્રશ્ન (૨) મુંડક (૩) માંડૂક્ય (૪) અથર્વશિરસ (૫) અથર્વશિખા (૬) બૃહત્‌જાબાલ (૭) નૃસિંહ તાપનીય (૮) નારદ પરિવ્રાજક (૯) સીતા (૧૦) શરભ (૧૧) ત્રિપાદ્ વિભૂતિ મહાનારાયણ (૧૨) રામરહસ્ય (૧૩) રામ તાપનીય (૧૪) શાંડિલ્ય (૧૫) પરમહંસ પરિવ્રાજક (૧૬) અન્નપૂર્ણા (૧૭) સૂર્ય (૧૮) આત્મા (૧૯) પાશુપત (૨૦) પરબ્રહ્મ (૨૧) ત્રિપુરા તાપનીય (૨૨) દેવી (૨૩) ભાવના (૨૪) ભસ્મજાબાલ (૨૫) ગણપતિ (૨૬) મહાવાક્ય (૨૭) ગોપાલ તાપનીય (૨૮) કૃષ્ણ (૨૯) હયગ્રીવ (૩૦) દત્તાત્રેય અને (૩૧) ગરુડ આ ૩૧–ઉપનિષદ અથર્વવેદનાં છે.[૬૯]

શ્રી ન. દ. મહેતા રચના ક્રમને આધારે ઉપનિષદોને નીચે પ્રમાણે ગોઠવે છે.[૭૦]

| अ | ब | क |
|---|---|---|
| પ્રાચીન ગદ્ય ઉપનિષદ્ | વચ્ચેના સમયના પદ્યાત્મક ઉપનિષદ | શ્રૌતકાલના અંતભાગના ગદ્યાત્મક ઉપનિષદ |
| (૧) બૃહદારણ્યક | (૭) કઠ | (૧૨) પ્રશ્ન |
| (૨) તૈત્તિરીય | (૮) ઈશ. | (૧૩) મૈત્રાયણી |
| (૩) ઐતરેય | (૯) શ્વેતાશ્વતર | (૧૪) માંડૂક્ય |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) કૌષીતકિ (૧૦) મુંડક

(૫) કેન (૧૧) મહાનારાયણ.

(૬) છાંદોગ્ય.

એટલું જ નહીં મુક્તિકો. પ્રમાણે વેદશાખામાં ઉપર્યુક્ત ઉપનિષદોને વર્ગીકૃત કરે છે. અથર્વવેદના નારાયણની દીપિકાવાળા ૩૮ ઉપનિષદનું પણ તેઓ વિષયવાર વર્ગીકરણ આપે છે—[૫૧]

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| **તત્ત્વપ્રધાન** | **યોગ પ્રધાન** | **સંન્યાસ પ્રધાન** | **દેવતા પ્રધાન** |
| | | | (અ) શિવ માર્ગના |
| (૧) મુંડક | (૧૦) યોગ તત્ત્વ | (૨૧) સંન્યાસ | (૨૮) અથર્વ શિરસ્ |
| (૨) પ્રશ્ન | (૧૧) બ્રહ્મવિદ્યા | (૨૨) આરુણય | (૨૯) અર્થ શિખા |
| (૩) માંડૂક્ય | (૧૨) ક્ષુરિકા | (૨૩) કથાશ્રુતિ | (૩૦) નીલરુદ્ર |
| (૪) ગર્ભ | (૧૩) ચૂલિકા | (૨૪) પરમહંસ | (૩૧) કાલાગ્નિરુદ્ર |
| (૫) પ્રાણાગ્નિહોત્ર | (૧૪) નાદ બિંદુ | (૨૫) જાબાલ | (૩૨) કૈવલ્ય |
| (૬) પિંડ | (૧૫) બ્રહ્મબિંદુ | (૨૬) આશ્રમ | (બ) વિષ્ણુ માર્ગના |
| (૭) આત્મા | (૧૬) અમૃત બિંદુ | (૨૭) બ્રહ્મ | (૩૩) મહાનારાયણ |
| (૮) સર્વોપનિષત્સાર | (૧૭) ધ્યાન બિંદુ | | (૩૪) આત્મબોધ |
| (૯) ગારુડ | (૧૮) તેજો બિંદુ | | (૩૫) નૃસિંહપૂર્વ તાપનીય |
| | (૧૯) યોગ શિખા | | (૩૬) નૃસિંહોત્તર તાપનીય |
| | (૨૦) હંસ | | (૩૭) રામપૂર્વ તાપનીય |
| | | | (૩૮) રામોત્તર તાપનીય |

**તાંત્રિક ઉપનિષદ્ :**[૫૨]

શ્રોતકાળના ઉપનિષદ પછીનાં ઉપનિષદને તેઓ વેદમાન્ય ગણતા નથી. એટલું જ નહીં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અલ્લોપનિષદ્ સ્પષ્ટપણે ૧૬ મી સદીની રચના છે અને ભારતવર્ષમાં મુસલમાનનાં રાજ્ય સમયની રચના છે. જ્યારે વજ્રસૂચિ ઉપનિષદમાં બૌદ્ધધર્મની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે. શાક્ત આગમનાં ત્રિપુરા, કાલી, અન્નપૂર્ણા, ભાવના, દેવી વગેરે ઘણા ઉપનિષદ ઉપનિષદમાં પ્રવેશ પામ્યા છે. આ બધાનું કોઈપણ વેદશાખાની સંહિતા કે બ્રાહ્મણ ગ્રંથમાં સ્થાન દર્શાવી આપે તેવાં ગ્રંથો સપ્રમાણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને શ્રૌતગ્રંથો ન ગણવા જોઈએ.

અમુક વિદ્વાનો અથર્વવેદનો સૌભાગ્ય કાંડ હતો અને તેમાં ઘણાં શાક્ત ઉપનિષદ હતાં તેમ જણાવે છે. પરંતુ ન.દે. મહેતા સ્પષ્ટપણે કહે છે કે જ્યાં સુધી તે પ્રસિદ્ધ ન થાય, તેની પ્રતોની સમીક્ષા ન થાય ત્યાં સુધી આ ઉપનિષદને વેદમાર્ગના નહીં તંત્ર માર્ગના જ ગણવા ઘટે.[૫૩]

થિયોસોફીકલ સોસાયટીના ઉપનિષદોના સંપાદક તરફથી વિષયોને આધારે ઉપનિષદનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.[૫૪]

| | | |
|---|---|---|
| ૧. | સંન્યાસ ઉપનિષદો | ૨૦ |
| ૨. | યોગ ઉપનિષદો | ૨૦ |
| ૩. | સામાન્ય વેદાન્ત ઉપનિષદો | ૨૪ |
| ૪. | શૈવ ઉપનિષદો | ૧૫ |
| ૫. | વૈષ્ણવ ઉપનિષદો | ૧૪ |
| ૬. | શાક્ત | ૯ |
| | | ૧૦૨ |
| ૭. | પ્રસિદ્ધ ઈશાદિ | ૧૦ |
| | | ૧૧૨ |

આ સર્વે ઉપનિષદો ઉપર થિયોસોફિકલ સોસાયટીના પ્રસિદ્ધ આચાર્ય શ્રી બ્રહ્મયોગીની ટીકા છે.

સર્વાનુમતે ૧૩ ઉપનિષદ ખરેખર પ્રાચીન છે, તેમજ તેને વૈદિક પરંપરા સાથે સંબંધ છે. જે પ્રા.સી.વી. રાવળ નીચે પ્રમાણે કોઠામાં દર્શાવે છે.[૫૫]



For Private And Personal Use Only

| સંહિતા | બ્રાહ્મણ | આરણ્યક | ઉપનિષદ્ |
|---|---|---|---|
| ઋગ્વેદ | (૧) ઐત્તરેય | (૧) ઐત્તરેય | (૧) ઐત્તરેય |
| | (૨) કૌષીતકિ | (૨) કૌષીતકિ | (૨) કૌષીતકિ |
| સામવેદ | (૧) પંચવિંશ | (૧) આરણ્યક સંહિતા | (૧) છાંદોગ્ય. |
| | (૨) ષડ્ વિંશ | (૨) આરણ્યક ગાન | (૨) કેન. |
| | (૩) જૈમિનીય | (૩) જૈમિનીય ઉપ. બ્રાહ્મણ. | |
| શુક્લ યજુર્વેદ | (૧) શતપથ | (૧) શતપથ | (૧) બૃહદરાણ્યક |
| | | | (૨) ઈશ |
| કૃષ્ણ યજુર્વેદ | (૧) કઠ | (૧) કઠ | (૧) કઠ |
| | (૨) તૈત્તિરીય | (૨) તૈત્તિરીય | (૨) તૈત્તિરીય |
| | | | (૩) મૈત્રી |
| | | | (૪) શ્વેતાશ્વતર |
| અથર્વવેદ | (૧) ગોપથ | | (૧) મુંડક |
| | | | (૨) માંડૂક્ય |
| | | | (૩) પ્રશ્ન |

પ્રા. સી. વી. રાવળ, ડૉ. રાધાકૃષ્ણન વગેરે મૂર્ધન્ય વિદ્વાનો મોટેભાગે મુક્તિકો.ને કેન્દ્રમાં રાખીને જ વર્ગીકરણ આપે છે, મુક્તિકો. વેદવાર વર્ગીકરણ આપે છે. પરંતુ અન્ય વિદ્વાનો ઉપનિષદમાં રહેલાં વિષયોને આધારે વર્ગીકરણ આપે છે. જેમ જેમ સંપ્રદાયો વધતા ગયા તેમ તેમ ઉપનિષદ્ પણ વધતા ગયા છે. તેથી મુક્તિકો. પ્રમાણેના વર્ગીકરણને અને તેને અનુસરતા વર્ગીકરણને વિશેષ માન્ય ગણી શકાય. અહીં આ શોધ પ્રબંધમાં મુક્તિકો. ઉપનિષદે સામવેદના જે ૧૬ ઉપનિષદો ગણાવેલાં છે, તેનાં વિવિધ વિષયોનું અધ્યયન કરવાનો ઉપક્રમ રાખેલ છે.

## C) उपनिषद् શબ્દનો અર્થ :

**વાચ્યાર્થ :**

उपनिषद् શબ્દ उप + नि (ઉપસર્ગ) અને √सद् થી ઉત્પન્ન થાય છે. सद् નો અર્થ છે– નાશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામવું. अवसादन = શિથિલ થવું.[૫૬] उपनिषद्ના અધ્યયનથી સંસારના બીજ સ્વરૂપ અવિદ્યાનો નાશ થાય છે. (विशरण) તેમજ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. (गति) ગૌણ અર્થમાં તે બ્રહ્મવિદ્યાનાં ગ્રંથ-વિશેષનો પણ પ્રતિપાદક બને છે.[૫૭]

उपनिषद् શબ્દની વ્યુત્પત્તિ उप + नि ઉપસર્ગોની સાથે सद् (બેસવું) એ રીતે સિદ્ધ કરવામાં આવે છે. જેનો અર્થ છે, ગુરુની પાસે નમ્રતાપૂર્વક બેસીને જ્ઞાન પ્રાપ્ત કરવું. અર્થાત્ સમિત્પાણિ થઈને ગુરુ પાસે જવું અને તેમની પાસે વિનમ્રતાપૂર્વક બેસી રહસ્યમય જ્ઞાનને પ્રાપ્ત કરવું. શ્રીમદ્ ભગવત્ ગીતામાં પણ અર્જુન જ્યારે શ્રી કૃષ્ણને શરણે જાય છે, ત્યારે જ તેને ઉપદેશ આપવામાં આવે છે.[૫૮] તેટલું જ નહીં છતાં. ઉપનિષદમાં સત્યકામ-જાબાલ, શ્વેતકેતુ પોતાના પિતા તેમજ નારદમુનિ સનત્કુમાર, ઇન્દ્ર- વિરોચન બ્રહ્મા પાસે પોતાને પરમતત્ત્વને જાણવાની જિજ્ઞાસા થયાં બાદ સમિત્પાણિ થઈને જ જાય છે, ત્યારે જ તેમને ઉપદેશ કરવામાં આવે છે.[૫૯]

√सद्નાં "બેસવું", "નાશ કરવો," "જવું" એવા જુદાં જુદાં અર્થ થાય છે. પાશ્ચાત્ય વિદ્વાનો એક મતે કહે છે કે, √सद् એટલે બેસવું. તે ઉપરથી उपनिषद् શબ્દ થયો છે.[૬૦] પરંતુ શ્રીમદ્ શંકરાચાર્ય 'सद्' એટલે 'નાશ થવું', "જવું" એ ઉપરથી વ્યુત્પન્ન થયેલો માને છે. યથાર્થ જ્ઞાન વડે કરીને અવિદ્યાનો નાશ કરે છે, તે उपनिषद्.[૬૧] બ્રહ્મવિષયક જ્ઞાન વડે આપણી સમીપ આવે છે અથવા જેના વડે આપણે બ્રહ્મની સમીપ જઈ શકીએ છીએ તે उपनिषद्. તૈત્તિરીય ઉપનિષદ્માં શ્રીમદ્ શંકરાચાર્યે ઊંચામાં ઊંચુ શ્રેય જેમાં સમાયેલું હોય તે ઉપનિષદ્ એમ કહે છે.[૬૨]

उप (વ્યવધાન રહિત) नि (સંપૂર્ણ) सद् (જ્ઞાન) તે उपनिषद्. અર્થાત્ કોઈપણ જાતના આવરણ વિનાનું એટલે કે સંપૂર્ણ શુદ્ધ અને નિર્મળ તેમજ પરા કોટિનું જ્ઞાન-પરમજ્ઞાન તે ઉપનિષદ્, અશુદ્ધિઓથી વ્યાપ્ત અને સદાય અપૂર્ણ એવા ભૌતિક જ્ઞાનથી આ સર્વથા નિરાળું છે.

उपनिषद् શબ્દને उपनिषद्यते प्राप्यते ब्रह्मविद्या अनया इति उपनिषद् । અથવા उपनिषादयति ब्रह्म गमयति इति उपनिषद् । અથવા उपनिषादयति ब्रह्म गमयति इति उपनिषद् । જેના વડે બ્રહ્મ વિદ્યાની પ્રાપ્તિ થાય તે ઉપનિષદ્ અથવા પરમ તત્ત્વની પાસે (उप) પહોંચાડીને જે બેસી જાય છે, એટલે કે વિરમી જાય છે તે उपनिषद्. એ રીતે પણ દર્શાવવામાં આવે છે.

પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમન્નથુરામ શર્મા ઉપનિષદ્નાં અર્થ વિશે જણાવતા કહે છે કે, "અધિકારી મનુષ્યની ચિત્તવૃત્તિને પરમતત્ત્વની સમીપ લઈ જઈ- પરમતત્ત્વની સાથે અભેદભાવે સ્થાપના કરી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવિદ્યા અને તેનાં કાર્ય શોક–મોહાદિની ઐકાંતિક ને આત્યંતિક નિવૃત્તિ કરનાર બ્રહ્મવિદ્યા ઉપનિષદ્ કહેવાય છે. એ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ કરાવનાર વેદના જ્ઞાનોપદેશ કરનાર ભાગો પણ ઉપનિષદ્માં(બ્રહ્મ વિદ્યામાં) હેતુભૂત હોવાથી ઉપનિષદ્ કહેવાય છે.[૨૩]

ઓલ્ડનબર્ગ ઉપનિષદ્નો અર્થ પૂજાની એક પદ્ધતિ કહે છે. ડ્યુસન આ કથનનું ખંડન કરી જણાવે છે કે, ઉપનિષદ્ શબ્દ વારંવાર "રહસ્ય"ના પર્યાયરૂપે જ આવે છે, ઉપાસનાના અર્થમાં નહીં. સેનાર્ટ પણ આ જ મતનું સમર્થન કરે છે. તે જણાવે છે કે उप + आस् નો અર્થ ગંભીર જ્ઞાન પ્રાપ્ત કરવું તે છે, પૂજા કરવી નહીં, જે. ડબ્લૂનાં મતાનુસાર ઉપનિષદ્ શબ્દનો અર્થ તપ અને ધ્યાન દ્વારા પ્રાપ્ત કરેલું રહસ્યમય જ્ઞાન છે.[૨૪] આમ ઉપનિષદ્ શબ્દનો મુખ્ય અર્થ રહસ્ય છે અને આ રહસ્યમય જ્ઞાન સામાન્ય લોકો માટે નહીં પરંતુ અમુક વિશિષ્ટ વ્યક્તિઓને જ આપવામાં આવે છે. છા. ઉપનિષદ્ જણાવે છે કે; "આ રહસ્ય જ્ઞાન (બ્રહ્મવિદ્યા)નો ઉપદેશ પોતાનાં મોટાપુત્ર અથવા અત્યંત વિશ્વાસપાત્ર શિષ્યને જ આપવો. અન્ય કોઈને નહીં, પછી ભલે તે ધનથી ભરેલી સંપૂર્ણ પૃથ્વી આપી દે."[૨૫] એટલું જ નહીં ઉપનિષદ્માં અનેક જગ્યાઓ ઉપર કહેલું છે કે શિષ્યની વારંવારની પ્રાર્થના બાદ; તેની કઠોર પરીક્ષા કરી લીધા બાદ જ ગુહ્ય જ્ઞાનનો ઉપદેશ આપવો.

उपनिषद्માં પણ उपनिषद् શબ્દ "સૂત્રાત્મક વાક્ય", "ગૂઢ શબ્દ" કે "ગૂઢ રહસ્ય" અર્થમાં વપરાયો છે. 'तज्जलान्' જેવા ગૂઢ મંત્રને અથવા न याचेत्[૨૬] જેવા ગૂઢ વ્રતને ઋષિ ઉપનિષદ્ તરીકે ઓળખાવે છે. પાછળના સાહિત્યમાં પણ ઉપનિષદ્ શબ્દ રહસ્યાત્મક વિદ્યા માટે વપરાયો છે. આ રહસ્યાત્મક વિદ્યાની ગંભીરતા દર્શાવવા માટે જ શ્વેતાશ્વેતર ઉપનિષદ્ વેદાંતમાં પરમ/શ્રેષ્ઠ/ગુહ્ય/ગુપ્ત જ્ઞાન રહેલું છે તેમ જણાવે છે.[૨૭] અમરકોષ પણ ઉપનિષદ્ શબ્દનો અર્થ "ગૂઢ ધર્મ અને રહસ્ય" એવો કરે છે.[૨૮] કૌષીતકિ–બ્રાહ્મણ ઉપનિષદ્માં ઉપનિષદ્નો અર્થ રહસ્યવ્રત–ગુપ્તવ્રત એવો દર્શાવેલ છે.[૨૯] મહર્ષિ પાણિનિ પણ પરોક્ષ અથવા રહસ્ય અર્થ કરે છે.[૩૦]

છા. ઉપનિષદ્માં જણાવેલ છે કે માણસ બળવાન થાય છે, ત્યારે ઊઠીને ઊભો થાય છે અને ઊઠીને ઊભો થાય એટલે ગુરુની સેવા કરે છે. પછી તે ગુરુની પાસે જઈને બેસે છે, ગુરુનો જીવન વ્યવહાર નીરખે છે, તેનું વ્યાખ્યાન સાંભળે છે, મનન કરે છે, સમજે છે, પછી તે મુજબ વર્તે છે, તેમાંથી છેવટે તેને વિજ્ઞાન એટલે અપરોક્ષ અનુભૂતિ પ્રાપ્ત થાય છે. તે જ ઉપનિષદ્ છે.[૩૧] પ્રા. સી.વી. રાવળ જણાવે છે કે; ઉપર્યુક્ત વ્યાખ્યામાં नि અર્થાત્ नितराम्– નિષ્ઠાથી એ ઉપસર્ગ રહી ગયા જેવો લાગે છે. પરંતુ સેવામાં નિષ્ઠા આવી જાય છે.[૩૨] છા. ઉપનિષદ્માં જ કહ્યું છે કે બ્રહ્મચર્યપૂર્વક ગુરુ પાસે રહી, ગુરુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવામાં પોતાની જાતને અત્યંત એટલે નિઃશેષ ઘસી નાખનારો, જે રહસ્યભૂત વિદ્યા મેળવે છે તે ઉપનિષદ્.[૩૩]

બૃહ. ઉપનિષદ્ ઉપનિષદ્ શબ્દનો અર્થ "સત્ય" કરે છે.[૩૪]

ઉપનિષદ્નું બીજું નામ 'वेदान्त' છે. ઘણાં વિદ્વાનો ઉપનિષદ્ને વેદનો અંત કરનાર અર્થાત્ વેદનાં કર્મકાંડનો અંત કરનાર ઉપનિષદો છે એમ રજૂઆત કરીને वेदांत, 'वेदस्य अन्तः अस्य सः वेदान्त' એમ વ્યુત્પત્તિ આપીને સમજાવે છે. પરંતુ વેદમાં જે જ્ઞાન છે તેની અંતિમ પરાકાષ્ઠા ઉપનિષદ્માં જ આવે છે; તેથી વેદાંત સંજ્ઞા સાર્થક છે. એ બાબત મહાનારાયણ ઉપનિષદ્ પણ નોંધે છે.[૩૫] વેદાંત શબ્દમાંનાં अन्त શબ્દનો અર્થ આચાર્ય સાયણે અક્ષ સૂક્ત ઉપરનાં ભાષ્યમાં "નજીક" એવો કરેલ છે.[૩૬] अन्तेवासिन् એ શબ્દમાં પણ अन्त એટલે "પાસે" એમ અર્થ કરે છે. આ રીતે વેદ–જ્ઞાનરૂપ બ્રહ્મની પાસે જ ઉપનિષદ્ રહેલાં છે. વેદના ધ્યેયરૂપ પરબ્રહ્મની પણ તે ખૂબ જ નજીક છે, એટલે જ વેદાન્ત એટલે ઉપનિષદ્. એ ભાવ સ્પષ્ટ જ છે. મુંડક ઉપનિષદ્,[૩૭] શ્વેતાશ્વતર ઉપનિષદ્[૩૮] અને મહાનારાયણ ઉપનિષદ્[૩૯] વેદાન્ત શબ્દનો પ્રયોગ ઉપનિષદ્નાં અર્થમાં જ કરે છે.

ઉપનિષદ્નું જ્ઞાન આપવા માટે આચાર્ય સાધકની/શિષ્યની પરિપક્વતાને પણ ધ્યાનમાં રાખે છે. તેથી જ વેદ તેમજ અન્ય શાસ્ત્રના અભ્યાસ બાદ જ ઉપનિષદ્નું જ્ઞાન આપવામાં આવે છે. તેથી તેનું બીજું નામ વેદાંત સાર્થક છે. આ બાબતને મુંડક ઉપનિષદ્ પણ અનુમોદન આપે છે.[૪૦] એટલું જ નહીં સાધકને પરિપક્વ થયાં બાદ જ આ જ્ઞાન અપાય એમ સ્પષ્ટ કહે છે. આમ વૈદિક જીવનયાપનમાં એકસૂત્રતા છે અને ઉપનિષદ્ વિદ્યામાં તેની ચરિતાર્થતા કે પરિસમાપ્તિ(અંત) છે. સદાનંદ યોગીન્દ્ર "વેદાન્તસાર"માં જણાવે છે કે વેદાન્ત ઉપનિષદ્નું બીજું નામ છે.[૪૧] વેદના અંતિમ જ્ઞાનને, જ્ઞાનની પરાકાષ્ઠાને કે સારભૂત સિદ્ધાંતને રજૂ કરતાં હોઈ વેદાન્ત એવી સંજ્ઞા પ્રાપ્ત થઈ છે.[૪૨]

ઉપનિષદ્ શબ્દનો પ્રયોગ વેદોની વચ્ચે વિખરાયેલા દાર્શનિક પ્રકરણોને માટે થાય છે. આ દાર્શનિક પ્રકરણોનાં સંકલનને વેદાન્ત કહેવામાં આવે છે.[૪૩]

પ્રો. હિરિયણ્ણા જણાવે છે કે વેદને છેડે આવેલાં હોવાથી ઉપનિષદ્ વેદાન્ત કહેવાય છે. "વેદાન્ત" શબ્દ સર્વપ્રથમ તો ઉપનિષદ્નું સ્થાન જ સૂચવતો હતો, પરંતુ આગળ જતાં તેનો અર્થ વેદના શિક્ષણનું ધ્યેય, તેનો સાર કે તેની પરાકાષ્ઠા એવો થવા લાગ્યો. જેમ અંગ્રેજીમાં END શબ્દનો અર્થ "છેડો અને ધ્યેય" એ બન્ને થાય છે તેમ સંસ્કૃતમાં "અંત" શબ્દ પણ એવા જ બે અર્થોમાં વાપરી શકાય.[૪૪]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રા. પાટીદાર "અંત" એટલે સાર, નિચોડ, અંતિમ લક્ષ્ય એવો અર્થ લઈને ઉપનિષદ્‌માં વૈદિક સાહિત્યનો નિચોડ, સાર અર્થાત્ એનો સારભૂત અર્ક રહેલો છે. તેમ જણાવે છે.[૮૫] શ્રીમદ્ ભાગવત ઉપનિષદ્‌નો અર્થ "સાર" કરે છે.[૮૬]

છા. ઉપનિષદ,[૮૭] જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણમાં ગૂઢજ્ઞાન કે પરમજ્ઞાન એ અર્થમાં ઉપનિષદ્ શબ્દનો પ્રયોગ કરે છે. ત્યાં વેદ, સામ, ઉદ્‌ગીથ અને ઉપનિષદ્ સમાન અર્થમાં પ્રયોજાયેલાં છે. એટલું જ નહીં બ્રહ્મપ્રાપ્તિનો ઉપાય દર્શાવનાર વેદ, સામ, ઉપનિષદ્‌ને તે બ્રહ્મરૂપ જ જણાવે છે.

ડૉ. રાધાકૃષ્ણનનાં મતે ઉપનિષદ્ એટલે એવું જ્ઞાન કે જે ભ્રમનો નાશ કરી આપણને સત્યપ્રતિ દોરી જાય છે.[૮૮] જે વિદ્યાનાં અધ્યયન દ્વારા મુમુક્ષુજનોની વિષયોની વિતૃષ્ણા જે સંસારનાં બીજભૂત અવિદ્યાનો નાશ કરે છે અને જે વિદ્યા બ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે, તેમજ તેનાં પરિશિલનથી ગર્ભવાસ વગેરે દુઃખોનો સંપૂર્ણ નાશ થઈ જાય છે, તે જ અધ્યાત્મ વિદ્યા ઉપનિષદ્ છે.[૮૯] શ્રીમદ્ શંકરાચાર્ય ઉપનિષદ્ એટલે એવી વિદ્યા જે સંસારનો સમૂળ નાશ કરી શકે, તે વિદ્યાને –બ્રહ્મવિદ્યાને ઉપનિષદ્ કહી શકાય.[૯૦] શ્રીરામ શર્મા[૯૧] આચાર્ય પણ આ જ અર્થ ઉપનિષદ્ શબ્દનો કરે છે. આચાર્યશ્રી શંકર બ્રહ્મવિદ્યાનું જે ગ્રંથમાં નિરુપણ થયું હોય તે ગ્રંથવિશેષને પણ ઉપનિષદ્ કહીને જણાવે છે કે; અવિદ્યાનો નાશ થતાં બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે.[૯૨]

કવિશ્રી નાનાલાલ ઉપનિષદ્ શબ્દને આવી રીતે સમજાવે છે, ઉપ એટલે કેટલાંક પાસેનાઓની સભા, જેમ પરિષદ એટલે ટોળે મળેલા સાર્વત્રિક સમુદાયની સભા. પ્રાંતનો કે દેશનો મહાસમુદય મળે અને સમગ્ર ચિન્તવન કરે તે પરિષદ. થોડાક ગુરુ, શિષ્યો કે સમાનવતી બ્રહ્મનિષ્ઠો મળે અને એકાંતિક ચિંતવન કરે તે ઉપનિષદ્; એટલે કે મહાસમુદાયનું સભા ચિન્તવન તે પરિષદ અને (ઉપ) અલ્પ સમુદાયનું મંત્ર ચિન્તવન તે ઉપનિષદ્.[૯૩] આ ઉપનિષદ્ માત્ર ગુરુ–શિષ્યનાં જ નહીં સમાન કક્ષાના બ્રહ્મનિષ્ઠોનાં પણ છે. પ્રશ્નો. પણ ઉપનિષદ્‌નો અર્થ બ્રહ્મવિદ્યા સંબંધી ઉહાપોહ કરનારાઓની પરિષદ તેવો આપે છે. આ જ બાબતને મુંડકો. પણ સમર્થન આપે છે.

અભ્યાસ પૂર્ણ થયા બાદ શાખાનાં કર્મ અનુસાર શિષ્યનાં મસ્તક ઉપર આચાર્ય સંસ્કાર અરપતા, જે દ્વારા શિષ્ય ભવિષ્યમાં વેદને માત્ર શબ્દ રૂપે નહીં, પરંતુ અર્થરૂપે વિકસાવી શકે એવી ભાવના તે કર્મવડે થતી હતી. આ ઉપનિષદ્ શબ્દનો મૂળ યૌગિક અર્થ જ્યારે પ્રકટરૂપે વેદની ચર્ચા જે મંડળીમાં યજ્ઞનાં સમયે થતી તે મંડળીને "પરિષદ્" સંજ્ઞા મળી હતી. ત્યારે ગુરુ–શિષ્યની જે નાની મંડળીઓમાં અધ્યયન–અધ્યાપન શુદ્ધ ભાવના પૂર્વક થતું તે મંડળીને "ઉપનિષદ્" સંજ્ઞા મળી હતી.[૯૪]



For Private And Personal Use Only

યોગચૂડામણિ ઉપનિષદ્ અભ્યાસપૂર્ણ થયા બાદ આચાર્ય દ્વારા શિષ્યને જે અંતિમ ઉપદેશ-વચનો કહેવામાં આવે તે ઉપનિષદ્.[૯૫]

ઉપનિષદ્ એટલે બ્રહ્મવિષયક વાક્યો એવો પણ અર્થ કરવામાં આવેલ છે. તેમજ ઉપનિષદ્ એટલે બ્રહ્મ એમ પણ વજ્રસૂચિકો.માં જણાવેલ છે.[૯૬]

[૯૭]મહાભારતની દૃષ્ટિએ ઉપનિષદ્ એટલે ગૃહસ્થ બ્રહ્મચારી વગેરેના ધર્મો દર્શાવતા વાક્યો.

સુરેશ્વરાચાર્યે તેમની કૃતિ બૃહદારણ્યક ભાષ્યવાર્તિકમ્‌માં ઉપનિષદ્‌નો અર્થ સ્પષ્ટ કરતાં જણાવેલ છે કે, બ્રહ્મવિદ્યા, સદ્‌ભાવ, 'उप' ઉપસર્ગથી નજીક રહી જ્ઞાનને પૂર્ણ કરવું, નિશબ્દના વિશેષણથી ત્રણ સદ્‌અર્થ(ત્રિવિધ દુઃખને દૂર કરવા); પોતાના આત્માને બ્રહ્મ પાસે લઈ જાય છે, ઉપનિષદ્ અવિદ્યાને હણે છે, અનર્થ અને મલને હરે છે, પરમતત્ત્વ પાસે લઈ જાય છે, તે ઉપનિષદ્ પ્રવૃત્તિનો મૂલોચ્છેદ કરી મુક્તિ તરફ લઈ જાય છે, તે વિદ્યા એટલે ઉપનિષદ્.[૯૮]

ઉપનિષદ્ શબ્દ સિદ્ધાંતના અર્થમાં છે. છા. ઉપનિષદ્‌નાં આઠમાં અધ્યાયમાં અસુરોનાં સિદ્ધાંતો માટે "અસરોનું ઉપનિષદ્" એમ શબ્દ પ્રયોગ છે. જેમાં અસુરોનાં સિદ્ધાંતો, "દાન ન કરવું, યજ્ઞ ન કરવા"[૯૯] વગેરે. અહીં ઉપનિષદ્ શબ્દ સિદ્ધાંતોના અર્થમાં દર્શાવ્યા છે. આ સંદર્ભમાં શ્રી વિનોબા ભાવે જણાવે છે કે "નિષ્કામ વ્યભિચાર,નિર્વૈરખૂન, નિર્લોભ દરોડા" એ મિલ્ટનના શેતાનનાં સૂત્રો છે, દેવદૂતનાં દર્શન નથી.[૧૦૦]

સામાન્ય રીતે વેદ-બ્રાહ્મણ-આરણ્યકમાંનાં બ્રહ્મજ્ઞાનનું પ્રતિપાદન કરતાં વેદનાં જ અંગભૂત ભાગને ઉપનિષદ્ કહેવામાં આવે છે. ઈશોપનિષદ્ યજુર્વેદ સંહિતાનો ૪૦મો અધ્યાય છે. છાં. ઉપનિષદ્ પણ છાંદોગ્ય બ્રાહ્મણનો જ એક ભાગ છે.

વેદાંત, ઉત્તરમીમાંસા, બ્રહ્મવિદ્યા, પરાવિદ્યા, અધ્યાત્મ વિદ્યા, શાંતિવિદ્યા, આત્મવિદ્યા, મોક્ષવિદ્યા, પરમવિદ્યા, શ્રેષ્ઠ વિદ્યા રહસ્ય, તત્ત્વવિદ્યા વગેરે ઉપનિષદ્‌ના પર્યાયવાચી નામો ગણવામાં આવે છે અને મોટાભાગના આચાર્યો અને અવતરણો "ઉપનિષદ્" એટલે ગુરુ પાસે સમિત્પાણિ થઈ જવું અને બ્રહ્મચર્યપૂર્વક તેની પાસે રહીને રહસ્ય વિદ્યાનું જ્ઞાન મેળવવું તે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧
# ઉપનિષદોનો ઉદ્ભવ અને વિકાસ

**અંત્યનોંધ :**

(૧) यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥

— श्वेता. ६.१८

(૨) स्वामी विवेकानंद, वेदान्त पृ. १३

(૩) वेदवाणी-उपनिषद् - विशेषाङ्क -१, पृ. ४

(૪) एवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरसः ।

— बृह. ३.४.१०

ऋग्वेदं............चतुर्थम् ॥

— छा. ७.१.२

(૫) तस्माद्विराळजायत विराजो अधि पूरुषः ।
स जातो अत्यरिच्यत पश्चाद् भूमिमथो पुरः ॥

— ऋग्वेद १०.१०.५ पुरुष सूक्त

(૬) वागाम्भृणीय सूक्त

— ऋग्वेद-१०

(૭) सर्वज्ञानमयो हि सः ।

— मनुस्मृति १.२३

सर्वं वेदात् प्रसिध्यति......।

— मनु स्मृति

(૮) ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधिविश्वे निषेदुः ।
यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥

— ऋग्वेद १.१६४.३९

(૯) पुरा किलेदं......न किंचनासीन्न द्यौर्नान्तरिक्षं न पृथिवी केवलं ज्योतीरूपमनाद्यन्तमनण्वस्थूलरूपमरूपं रूपवदविज्ञेयं ज्ञानरूपमानन्दमयमासीत् ॥

— अव्यक्तो. पृ. ४८८, उपनिषत्संग्रह



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१०) न. द. महेता, ઉપનિષદ્ વિચારણા, પૃ. ૨૪

(११) वाचस्पति गैरोला, सं. सा. का संक्षिप्त इतिहास पृ. १७

(१२) वही पृ. १७

(१३) वही पृ. २०

(१४) डॉ. उपाध्याय बलदेव, वै. सा. और संस्कृति पृ. २४२

(१५) वही २४२-२४४

(१६) महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः ।

पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः ॥

— कठो. १.३.११

(१७) तत् कारणं सांख्ययोगाधिगम्यं ।

ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥

— श्वेताश्वेतर उप. ६.१३

(१८) ऋषिं प्रसूतं कपिलं, यस्तमग्रे ।

ज्ञानैर्बिभर्ति जायमानं च पश्येत् ॥

— श्वेताश्वेतर ५.२

(१९) प्रेक्षकवदवस्थितः स्वस्थ चरितभुग्गुणमयेन ।

पटेनात्मानमन्तर्धायावस्थित इत्यवस्थित इति ॥

— मैत्रायणी २.११

(२०) डॉ. उपाध्याय बलदेव, वै. सा. और संस्कृति पृ. २४३

(२१) तस्य यथाभिनहनं प्रमुच्य प्रब्रूयादेतां दिशं गन्धारा एतां दिशं व्रजेति स ग्रामाद्ग्रामं पृच्छन्पण्डितो मेधावी गन्धारानेवोपसम्पद्येतैवमेवेहाचार्यवान्पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ सम्पत्स्य इति ॥

— छा. उप. ६.१४.२

(२२) डॉ. चतुर्वेदी, ब्रह्मसूत्र, उपनिषद एवं श्रीमद् भागवत् पृ. ७१

(२३) वाचस्पति गैरोला, सं.सा. का संक्षिप्त इति. पृ. १८



For Private And Personal Use Only

(૨૪) મેક્ડોનલ, સં.સા. નો ઈતિહાસ, ગુજરાતી ભાષાંતર, પૃ. ૨૮૭

— ભાષાંતર કર્તા — મોહનલાલ દવે.

(૨૫) દેસાઈ મગનભાઈ, મુંડકો. પૃ. ૧૮—૨૭.

(૨૬) डॉ. चतुर्वेदी, ब्रह्मसूत्र, उपनिषद् एवं श्रीमद् भागवत् - पृ. ७४ ७५

(૨૭) पं. श्री अनन्त शर्मा, वेदवाणी विशेषाङ्क- २ - पृ. ११-१४

(૨૮) सनातनः सनगात् सनगः परमेष्ठिनः, परमेष्ठी ब्रह्मणः, ब्रह्म स्वयम्भुब्रह्मणे नमः ।

— बृह. उप. ४.६.३

(૨૯) (क) तद्देतद् ब्रह्मा.....प्रोवाच ॥

(ख) तद्धैतद्..... न च पुनरावर्तते ॥

— छा. उप. ३.११.१४; ८.१५.१

(૩૦) याज्ञवल्क्यमृषिश्रेष्ठं दैवरातिर्महायशाः ।

पप्रच्छ जनको राजा प्रश्नं प्रश्नविदांवरम् ।

— महाभारत - ३१०.४

(૩૧) बालकाण्ड सर्ग - ७१

बालप्काड सर्ग - ६६

देवरात इति ख्यातो निमेः षष्ठो महीपतिः ॥८॥

(૩૨) तद् ह एतद्.......ब्रह्म प्रोवाच ॥

— छा. ३.१०.६

(૩૩) મગનભાઈ દેસાઈ, મુંડકો — પૃ. ૧૪—૧૬

(૩૪) પ્રા. સવળ સી. વી. "પ્રસ્થાનત્રયી" પૃ. ૫૯

(૩૫) श्री विद्यानंद सरस्वती वेदवाणी - उप. विशेषाङ्क-१ पृ. १०-११

(૩૬) પ્રા. સવળ સી. વી. "પ્રસ્થાનત્રયી" પૃ. ૫૯—૬૦

(૩૭) सर्वोपनिषदां मध्ये सारमष्टोत्तरं शतम् ।"

— मुक्तिको. ४४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૮) ईश केन कठ प्रश्न मुण्ड माण्डूक्य तित्तिरिः ।

ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश ॥

– मुक्तिको. १.३०

(૩૯) डॉ. उपाध्याय बलदेव, वै. सा. और सं. पृ. २५४-२५५

(૪૦) वही पृ. २५५

(૪૧) દેસાઈ મગનભાઈ મુંડકો. ઉપોદ્ઘાત પૃ. ૧૩

(૪૨) कल्याण-उप. विशेषाङ्क - वर्ष-२३, संख्या-१

(૪૩) દેસાઈ મગનભાઈ, મુંડકોનો ઉપોદ્ઘાત, પૃ. ૧૩

(૪૪) वाचस्पति गैरोला, सं. सा. का बृह. इति. पृ. ९४-९५

(૪૫) ऐतरेय......"वाङ्मे मनसि" इति शान्तिः ॥

– मुक्तिको. गद्यविभाग १.१

(૪૬) ईशावास्य....."पूर्णमदः" इति शान्तिः ॥

– मुक्तिको. १.२

(૪૭) कठवल्ली......."सह नाववतु" इति शान्तिः ॥

– मुक्तिको. १.३ गद्यविभाग

(૪૮) केन......."आप्यायन्तु" इति शान्तिः ॥

– मुक्तिको. १.४

(૪૯) प्रश्नमुण्डक......."भद्रं कर्णेभिः" इति शान्तिः ॥

– मुक्तिको. १.५

(૫૦) મહેતા ન. દે., હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ, પૃ. ૧૪

(૫૧) એજન પૃ. ૧૪

(૫૨) એજન પૃ. ૧૪

(૫૩) એજન પૃ. ૧૫

(૫૪) એજન પૃ. ૨૧

(૫૫) પ્રા.સી.વી. રાવળ પ્રસ્થાનત્રયી પૃ. ૫૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५६) सद्लृ विशरण-गत्यवसादनेषु ।

(५७) (अ) तस्माद् विद्यायां मुख्यया वृत्या उपनिषच्छब्दो वर्तते, ग्रन्थे तु भक्त्या ।

— कठोपनिषद् (शां. भा.) पृ. २५

(ब) "उपनिषादति सर्वानर्थकरं संसारं विनाशयति, संसार कारण- भूतामविद्यां च शिथिलयति, ब्रह्म च गमयति इति उपनिषद् ।"

— ईशावास्योपनिषद् · शांकरभाष्य · भूमिका

(५८) कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।

यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥

— गीता. २.७

(५९) कामानितीन्द्रो हैव देवानामभिप्रवव्राज विरोचनोऽसुराणां तौ हासंविदानमेव समित्पाणी प्रजापतिसकाशमाजग्मतुः ॥

छा. उप. ८.७.२

(૬૦) પ્રા. મૅક્ડોનલ સં. સા.નો ઇતિ.

— ભાષાંતર કર્તા, મોહનલાલ પી. દવે, તેમની ટીપ્પણી પૃ. ૨૬૦.

(૬૧) "उपनिषादति सर्वानर्थकरं संसार विनाशयति, संसारं कारणभूतामविद्यां च शिथिलयति, ब्रह्म च गमयति इति उपनिषद् ।"

— (ईशावास्योपनिषद्‌ની ભૂમિકા-૧)

- य इमां ब्रह्मविद्यामुपयन्त्यात्मभावेन श्रद्धाभक्तिपुरः सरः सन्तस्तेषां गर्भ जन्म, जरारोगाद्यनर्थं विनाशयति परं वा ब्रह्म गमयति, अविद्यासंसारकारणं चात्यन्तमवसादयति विनाशयति, उपनिपूर्वस्य सदेरेवमर्थस्मरणात् ।"

— (मुण्डो.ની ભૂમિકા)-- શાંકરભાષ્ય

(૬૨) उपनिषदिति विद्योच्यते; तच्छीलिनां गर्भजन्मजरादिनिशातनात्तदवसादनाद्वा ब्रह्मणो वोपनिगमयितृत्वादुपनिषण्णं वास्यां परं श्रेय इति । तदर्थत्वाद्ग्रन्थोऽप्युपनिषत् ।

— तैत्ति. उप. शां. भा. पृ. २९

(૬૩) શ્રી ઉપનિષદો

— પૂ. ગુરુદેવશ્રી શ્રીમન્ નથુરામ શર્મા,

પ્રથમ આવૃત્તિનો ઉપોદ્‌ઘાત,

પ્રકાશક : આનંદાશ્રમ, બિલખા.



For Private And Personal Use Only

(६४) डॉ. द्विवेदी पारसनाथ, वै. सा. का इति. पृ. १४७

(६५) इदं वाव तज्ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रब्रूयात् प्रणाय्याय वान्तेवासिने ॥

नान्यस्मै कस्मैचन यद्यप्यस्मा इमामद्भिः परिगृहीतां धनस्य पूर्णां दद्यादेतदेव ततो भूय इत्येतदेव ततो भूय इति ॥

— छा. उप. ३.११.५-६

(६६) २.१.२० - छा. उप

(६७) वेदान्ते परमं गुह्यम् ।

— श्वेताश्वतर उप. ६. २२

(६८) धर्मे रहसि उपनिषद् स्यात् ।

— अमर कोष ३.३.९३ पृ. ४१३

(६९) तस्मै वा एतस्मै प्राणाय ब्रह्मण एताः सर्वा देवता अयाचमानाय बलिं हरन्ति तथो हास्मै सर्वाणि भूतान्ययाचमानायैव बलिं हरन्ति य एवं वेद तस्योपनिषत् ।

— कौषीतकि ब्रा. उप. २.१

(७०) जीविकोपनिषदावौपम्ये ।

— अष्टाध्यायी १.४.७९

(७१) बलं वाव विज्ञानाद्भूयोऽपि ह शतं विज्ञानवतामेको बलवानाकम्पयते । स यदा बली भवत्यथोत्थाता भवत्युत्तिष्ठन् परिचरिता भवति परिचरन्नुपसत्ता भवत्युपसीदन् द्रष्टा भवति श्रोता भवति मन्ता भवति बोद्धा भवति कर्ता भवति विज्ञाता भवति........।

— छा. उप. ७.८.१

(७२) प्रा. रावळ, "प्रस्थानत्रयी" पृ. ४८

(७३) त्रयो धर्मस्कन्धा यज्ञोऽध्ययनं दानमिति प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तमात्मानमाचार्यकुलेऽवसादयन्सर्व एते पुण्यलोका भवन्ति ब्रह्मसंस्थोऽमृतत्वमेति ॥

— छा. उप. २.२३.१

(७४) तस्योपनिषत्सत्यस्य सत्यमिति प्राणा वै सत्यं तेषामेष सत्यम् ॥

— बृह. उप. २.१.२०

(७५) यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः ।

— श्री महानारायणो. १०८

(७६) सः कितवः रात्रौ अग्नेः..........अन्ते समीपे पपाद...... ।

— ऋग्वेद १०.३४.११, सा. भा.

(७७) वेदान्तविज्ञानसुनिश्चितार्थाः ।

— मुण्डको. ३.२.६

(७८) वेदान्ते परमं गुह्यं पुराकल्पे प्रचोदितम् ।

नाप्रशान्ताय दातव्यं नापुत्रायाशिष्याय वा पुनः ॥

— श्वेताश्वतरो. ६.२२

(७९) यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः ।

— महानरायणो. १०.८

(८०) क्रियावन्तः श्रोत्रिया ब्रह्मनिष्ठाः

स्वयं जुह्वत एकर्षि श्रद्धयन्तः ।

तेषामेवैतां ब्रह्मविद्यां वदेत

शिरोव्रतं विधिवद् यैस्तु चीर्णम् ॥

— मुण्डको. ३.२.१०

(८१) वेदान्तो नाम उपनिषद् - प्रमाणम्'

— वेदान्तसार - श्री सदानंद

(८२) वेदानां ज्ञानगर्भाणां सारं सारं सुचिन्तितम् ।

तत्त्वरूपेण ह्यत्रैव वेदान्तेषु निरूप्यते ॥

— मुक्तिको. ९

(८२) (अ) तिलेषु तैलवद् वेदे वेदान्ताः सुप्रतिष्ठिताः ।

— मुक्तिको. ९

(८३) पू. स्वामी विवेकानंद "वेदान्त" - पृ. १

(८४) ડૉ. મહેતા આર. પી., ઉપ. વિમર્શ, – પૃ. ૨

(८५) પ્રા. નાથાભાઈ પાટીદાર

– "ઉપનિષદો" પૃ. ૫

(८६) "मन्त्रोपनिषदं व्याहरन्तम्"

– श्रीमद् भागवत् ८-१-१७

(८७) गुह्या आदेशाः ।

– छा. उप. ३.५.२

(૮૮) डॉ. राधाकृष्णन्

— "भारतीय दर्शन" पृ. १११

(૮૯) નોંધ ૬૨ પ્રમાણે

(૯૦) નોંધ ૬૨ પ્રમાણે

(૯૧) પૂ. રામશર્મા આચાર્ય

— १०८ उप. ज्ञानखण्ड पृ. ५

(૯૨) નોંધ ૬૨ પ્રમાણે

(૯૩) પ્રા. નાથાભાઈ પાટીદાર

— ઉપનિષદો પૃ. ૩૪

(૯૪) ડૉ. ન. દ. મહેતા

— "ઉપ. વિચારણા" પૃ. ૫

(૯૫) योगचूडामणि उप. १२१

(૯૬) वज्रसूचिको. ९

.........सच्चिदानन्दमात्मानमद्वितीयं ब्रह्म भावयेदात्मानं सच्चिदानन्दं ब्रह्म भावयेदित्युपनिषत् ॥

(૯૭) धर्मागतं प्राप्य धनं यजेत

दद्यात्सदैवातिथीन्भोजयेच्च ।

अन्नाददानश्च परैरदत्तं

सैषा गृहस्थोपनिषत्पुराणी ॥

— महा. आ. अ. ८६ ३

(૯૮) अत्र चोपनिषच्छब्दो ब्रह्मविद्यैकगोचरः ।

तत्रैव चास्य सद्भावादभिधार्थस्य तत् कृतः ॥३॥

उपोपसर्गः सामीप्ये तत् प्रतीचि समाप्यते ।

त्रिविधस्य सदर्थस्य 'नि' शब्दोऽपि विशेषणम् ॥४॥

उपनीयेममात्मानं ब्रह्मापास्तद्वयं यतः ।

निहन्त्यविद्यां तज्जञ्च तस्मादुपनिषद् भवेत् ॥५॥



For Private And Personal Use Only

निहत्यानर्थमूलं स्वाविद्यां प्रत्यक्तया परम् ।

गमयत्यस्तसंभेदम् अतो वोपनिषद् भवेत् ॥६॥

प्रवृत्तिहेतून् निःशेषांस्तन्मूलोच्छेदकत्वतः ।

यतोऽवसादयेद् विद्या, तस्मादुपनिषन्मता ॥७॥

— (सम्बन्ध वार्तिक)

डॉ. झा बृह. उप. भूमिका - पृ. ५७

(९९) तस्मादप्यद्येहाददानमश्रद्दधानमयजमानमाहुरासुरो बतेत्यसुराणां ह्येषोपनिषत्प्रेतस्य शरीरं भिक्षया ।

— छा. उप. ८.८.५

(१००) શ્રી વિનોબા ભાવે, ઉપ.નો અભ્યાસ, પૃ. ૬૦

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૨

## ઉપનિષદોનાં શાન્તિમંત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૨
# ઉપનિષદોના શાન્તિમંત્રો

ભારતીય પરંપરા પ્રમાણે કોઈપણ કાર્યની શરૂઆતમાં અને અંતમાં ઈષ્ટદેવની પ્રાર્થના કરવામાં આવે છે. એ જ પ્રમાણે ઉપનિષદ્‌માં આરંભે અને અંતે શાંતિપાઠ કરવાની પરંપરા છે. તે પ્રમાણે સામવેદના ઉપનિષદ્‌માં પ્રારંભે અને અંતે ॐ आप्यायन्तु...... ॥ એ શાંતિપાઠ છે. આ ઉપરાંત કેનો. માં ॐ सहनाववतु...... ॥ એ મંત્ર પણ શાંતિપાઠમાં છે.

આ મંત્રનો ભાવાર્થ છે, મારાં અંગો તૃપ્ત થાઓ, વાણી, ચક્ષુ, શ્રોત્ર અને બલ(અંતઃકરણ) તથા સર્વે ઈન્દ્રિયો(તૃપ્ત થાઓ). હું સર્વ વેદ અને ઉપનિષદ્ દ્વારા ગમ્ય બ્રહ્મનો ત્યાગ ન કરું અને બ્રહ્મ મારો ત્યાગ ન કરે, અનિરાકરણ હો, મારું અનિરાકરણ હો, ને આત્મામાં પ્રીતિવાળા મારામાં ઉપનિષદ્‌માં ધર્મો કહ્યાં છે તે મારામાં હોય/આવે. ॐ શાંતિ પ્રાપ્ત થાઓ, શાંતિ પ્રાપ્ત થાઓ, શાંતિ પ્રાપ્ત થાઓ.

પ્રસ્તુત શાંતિપાઠમાં પરબ્રહ્મની પ્રાર્થના કરવામાં આવી છે. તેમાં ઈન્દ્રિયો વિષયાનુરાગરહિત થાય તથા વેદના રહસ્યરૂપ, શિરોભાગરૂપ ઉપનિષદ્‌નો અને ઉપનિષદ્‌થી ગમ્ય નિરતિશય વ્યાપક ચૈતન્ય બ્રહ્મનો પોતે ત્યાગ ન કરે; અર્થાત્ તેમાં પોતાને અગાધ શ્રદ્ધા રહે એવી પ્રાર્થના કરવામાં આવી છે. બ્રહ્મ પ્રાર્થના કરનાર સાધકનાં આત્મારૂપે જ રહે છે. બન્ને કલ્પિત ભેદ મટી વાસ્તવિક અભેદ રહે છે, નિરતિશય વ્યાપક આત્મામાં પ્રીતિવાળા મારામાં ઉપનિષદ્‌માં કહેલાં શમ, દમાદિ ધર્મો રહે. આદર અર્થે બે વાર કથન કરવામાં આવ્યું છે. "ॐ" એ બ્રહ્મનું બીજું નામ હોઈ 'શાંતિ થાઓ' એમ ત્રણવાર કહેતાં પહેલાં ॐ મૂકવામાં આવેલ છે. ત્રિવિધ(આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક) તાપની નિવૃત્તિ માટે ॐ શાંતિ ત્રણ વાર કહેલ છે.[1]

(૧) 'વ્યક્તિમાં શાંતિ' ધારણ કરવી; (૨) "જનતામાં શાંતિ" સ્થાપન કરવી અને (૩) સંપૂર્ણ 'જગતમાં શાંતિ'ની વૃદ્ધિ કરવી, મનુષ્યમાત્રનું તથા વૈદિક જ્ઞાનનું અભિપ્રેત છે.[2]

પ્રથમ પોતાનાં હૃદયમાં શાંતિ હોય તો જ સમાજ અને વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય છે, તેથી જ શાંતિપાઠમાં પ્રથમ વ્યક્તિમાં શાંતિની વાત કરવામાં આવી છે. ત્યારબાદ ક્રમશઃ સમાજ અને વિશ્વમાં શાંતિની વાત રજૂ કરી છે.[3]

– ઉનિષદોના શાંતિપાઠમાં માનવ–કલ્યાણની ભાવના જોઈ શકાય છે. UNOના ઘોષણાપત્રના



For Private And Personal Use Only

પ્રારંભમાં જ લખેલ છે કે "યુદ્ધ મનુષ્યના હૃદયમાં શરૂ થાય છે, તેથી તેનો અંત પણ હૃદયને પ્રશિક્ષિત અને પ્રશાંત કરીને જ લાવી શકાય."[૪]

શારીરિક, માનસિક અને આત્મિક શાંતિની પ્રાપ્તિ માટે ત્રણવાર શાંતિઃ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.[૫]

કેનો.માં બે શાંતિમંત્ર છે. (૧) ॐ सह नाववतु । .....॥ અને (૨) ॐ आप्यायन्तु ममाङ्गानि.......॥

પ્રથમ મંત્રના ભાવાર્થને સમજાવતા પં. શ્રી પાદ દામોદર સાતવળેકરજી[૬] જણાવે છે કે અધ્યયન એવા પ્રકારનું હોવું જોઈએ, જેનાંથી આત્મ સંરક્ષણની શક્તિ પ્રાપ્ત થાય, આજીવિકાની પ્રાપ્તિ થાય, પરાક્રમ કરવાનો ઉત્સાહ વધે, તેજસ્વિતા વધે અને અરસ-પરસ પ્રેમ વધવો જોઈએ.

આમ આ મંત્રમાં ઉચ્ચ શિક્ષણ પ્રણાલીનો નિર્દેશ છે.

બીજા મંત્રમાં શરીરનું બળ, ઈન્દ્રિયોની શક્તિ અને મનનું સામર્થ્ય વધારવાનો ઉપદેશ છે. ઉત્તમ જ્ઞાનનો આદર અને અજ્ઞાનનું નિરાકરણ કરવાની સૂચના છે. મનુષ્યમાં સ્થૂલ અને સૂક્ષ્મરૂપે રહેલી શક્તિઓનો વિકાસ કરી, વ્યક્તિગત વિકાસનું ધ્યેય રજૂ કરવામાં આવ્યું છે.[૭]

શરીર બળ અને મનનું સામર્થ્ય હોય તો જ સાધના શકય બને છે. શરીરની શક્તિ વગર સાધના થઈ શકતી નથી તેથી જ કવિ કાલિદાસ શરીરને ધર્મસાધના માટે પ્રથમ સાધન ગણાવે છે.[૮]

[૯]જીવનને મધુમય, શાંત અને રસમય બનાવવા માટે બધાં જ સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. શ્રેષ્ઠ જીવન માટે ભૌતિક વિકાસ પણ જરૂરી છે. આપણાં મંદિરોમાં કલા, નૃત્ય ને સુંદરતાનાં કલાત્મક ચિત્રો આ જ બાબત દર્શાવે છે. જીવનમાં કલા, નૃત્ય, સંગીત, જાતીયતા, રાજકારણ, સમાજશાસ્ત્ર એ સર્વેની જરૂર છે. આત્મિક ઉન્નતિ માટે તેને છોડવાની નહીં, પરંતુ વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરવાની જરૂર છે.[૧૦]



For Private And Personal Use Only

# પ્રકરણ-૨

# ઉપનિષદોના શાન્તિમંત્રો

**અંત્યનોંધ :**

(૧) ડૉ. આર. પી. મહેતા

– ઉપ. વિમર્શ પૃ. ૨૫

(૨) श्रीपाद दामोदर सातवलेकरजी, केनोपनिषद् पृ. २१, २२

(૩) वही पृ. २२

(૪) प्रा. रावल, वेदवाणी– उप. विशेषाङ्क पृ. ३३

(૫) શ્રી યોગેશ્વર, ઉપ.નું અમૃત. પૃ. ૨૩

(૬) શ્રી પાદ દામોદર, અનુ......શ્રી જનાર્દન, કેન ઉપ. પૃ. ૧૯–૨૦

(૭) એજન પૃ. ૨૧

(૮) शरीरमाद्य खलु धर्मसाधनम् – कुमारसंभवम् – सर्ग–५

(૯) શ્રી યોગેશ્વર, ઉપનિષદનું અમૃત પૃ. ૩૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૩

## સામવેદનાં ઉપનિષદોનો સારાંશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૩

# સામવેદનાં ઉપનિષદોનો સારાંશ

## (૧) કેનોપનિષદ્

આ ઉપનિષદ્ સામવેદના "તલવકાર બ્રાહ્મણ"ની અંદર આવે છે. તેને જૈમિનીય ઉપનિષદ્ પણ કહેવામાં આવે છે. ડૉ. વર્નેલને તેની પ્રાચીન હસ્તપ્રત હાથ લાગતા તે બ્રાહ્મણ વિશેનો સંદેહ દૂર થયો. આ ઉપનિષદ્માં પ્રથમ કેન શબ્દ હોવાથી કેનો. કહે છે. તેને 'તલવકાર ઉપનિષદ્' અને 'બ્રાહ્મણોપનિષદ્' પણ કહે છે.

શ્રીપાદ દામોદર સાતવળેકરજીના મતે "પ્રેરિતોમાં કાર્ય જોઈને પ્રેરકની શક્તિ જાણવી" એ આ ઉપનિષદ્નો મુખ્ય વિષય છે.

કેનો.ની શરૂઆત પ્રશ્નોત્તરથી થાય છે. આ મન, વાણી, પ્રાણ, નેત્રો વગેરે કોનાથી પ્રેરાઈને કાર્ય કરે છે ? જેને જાણવાથી પુરુષ જીવન્મુક્ત અને અમર બની જાય છે. તે તત્ત્વ કયું છે ? ઋષિ જણાવે છે કે; તે વાણીથી પર છે. અવર્ણનીય છે, તેને તું બ્રહ્મ જાણ કે જેની શક્તિથી નેત્ર જોઈ શકે છે. શ્રવણેન્દ્રિયોને શ્રવણ શક્તિ પ્રાપ્ત થાય છે, તેમજ જેનાંથી પ્રાણ પ્રેરણા પામે છે તે બ્રહ્મ છે. પરંતુ પ્રાણશક્તિવાળા તત્ત્વોની ઉપાસના—બ્રહ્મની ઉપાસના નથી.

દ્વિતીય ખંડમાં તે બ્રહ્મતત્વને જે જાણે છે તે ભ્રમમાં છે અને જે નથી જાણતા તે વાસ્તવમાં જાણે છે, પરંતુ મૂળભૂત રીતે બન્ને પ્રકારનું જ્ઞાન મિથ્યા છે. કારણ કે આત્માથી જ પરમાત્માને જાણવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે અને જ્ઞાન દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. જ્ઞાનવાન દરેક પ્રાણીમાં બ્રહ્મને વિદ્યમાન માનીને આ લોકથી જઈને અમર બની જાય છે.

તૃતીય ખંડમાં વિજયથી અભિમાની દેવતાઓનું ગર્વખંડન કરવા બ્રહ્મ યક્ષનું સ્વરૂપ લઈને આવે છે. દેવતાઓ આશ્ચર્યચકિત બનીને અગ્નિ અને વાયુને તે તત્ત્વ કોણ છે તે જાણવાનું કહે છે. પરંતુ તે નિષ્ફળ જાય છે. અંતમાં ઈન્દ્ર જાય છે ત્યારે યક્ષરૂપે રહેલ બ્રહ્મ અંતર્ધાન થઈ જાય છે. ત્યારબાદ ચતુર્થ ખંડમાં ઈન્દ્ર હિમાચલ કુમારી ઉમા પાસે જઈને યક્ષ વિષે પ્રશ્ન કરે છે. તે ઉમા હૈમવતી "તે પરબ્રહ્મ છે, તમો તેમનાં વિજયને પોતાનો વિજય માની અહંકારી બન્યા હતા તેથી પ્રગટ થયા હતા." તેમ જણાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગ્નિ, ઇન્દ્ર અને વાયુ એ ત્રણ દેવતાઓએ સર્વપ્રથમ પરબ્રહ્મને જાણ્યું તેથી તે ત્રણને શ્રેષ્ઠ માનવામાં આવ્યા. તેમાં ઇન્દ્રએ બ્રહ્મનો સ્પર્શ કરેલ હોવાથી તે સર્વશ્રેષ્ઠ કહેવાયા.

આ કથાનો સાર એ છે કે, તે બ્રહ્મનો આદેશ વિજળીની જેમ ચમકવા લાગે છે; તેને આધિદૈવિક સંકેત સમજવો જોઈએ. આધ્યાત્મિક ભાવથી અમારું મન તેની–બ્રહ્મની નજીક જતું અનુભવાય છે. આ મનથી જ બ્રહ્મ પ્રાપ્તિની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

તે બ્રહ્મ तद्वन નામવાળું અને બધાને અભિષ્ટ છે એવા ભાવથી તેની ઉપાસના કરવી જોઈએ. આ બ્રહ્મને પ્રાપ્ત કરવાના ત્રણ આધાર છે. તપ, ઇન્દ્રિયોનું દમન અને યજ્ઞાદિ કર્મોની ઉપાસના.

## (૨) છાંદોગ્ય

માધ્યંદિન સામવેદના છાંદોગ્ય/તાંડ્ય મહાબ્રાહ્મણના અંતમાં આરણ્યક આવે છે. તેનાં આઠ ખંડમાંથી છઠ્ઠાખંડમાં છાંદોગ્ય ઉપનિષદ્ આવે છે, સાતમાં ખંડમાં તે વેદનું સંહિતોપનિષદ્ છે.

'છાંદોગ્ય' શબ્દમાં મૂળ શબ્દ 'છંદ' છે. છંદનો અર્થ સામવેદ છે. તેનું જે ગાન કરે તે 'છાંદોગ' કહેવાય અને સામગાન કરનારાઓનો ધર્મ અથવા આમ્નાય 'છાંદોગ્ય' છે. તે અંગેનું ઉપનિષદ્ એટલે 'છાંદોગ્ય ઉપનિષદ્' કહેવાય.[1]

**અધ્યાય–૧ :**

સર્વપ્રથમ ૐની વ્યાખ્યા આપી તે પરમાત્માનું પ્રતીક હોવાથી ઉપાસના કરવા યોગ્ય છે; તેમ કહી તેનો ભાવાર્થ સમજી, નિયમપૂર્વક શ્રદ્ધાથી ઉપાસના કરનારને ઈચ્છિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[2]

દેવ–અસુરની આખ્યાયિકા દ્વારા પ્રાણરૂપ "ૐ"ની ઉપાસના જ શ્રેષ્ઠ છે તેમ જણાવે છે. આ પ્રાણરૂપ ૐની બૃહસ્પતિ, આયાસ્ય અને આંગિરસે ઉપાસના કરી હોવાથી તે તે નામે પણ તેને ઓળખવામાં છે.[3] બક ઋષિએ ૐની ઉપાસના દ્વારા ઋષિઓની ઈચ્છાપૂર્તિ માટે ઉદ્ગીથ ગાન કર્યું હતું. કારણ કે ઉદ્ગીથનાં મહત્ત્વને સમજીને ઉપાસના કરનાર ઈચ્છાઓની પૂર્તિ કરાવી શકે તેવો શક્તિમાન બની જાય છે. સૂર્ય પણ ઉદ્ગીથની ઉપાસના દ્વારા પ્રજાઓનું પોષણ કરે છે.[4]

શ્વાસ–પ્રશ્વાસની વચ્ચે વ્યાન નામનો વાયુ રહે છે, તે વાણીરૂપ છે, તે જ સમયે વાણીનું ઉચ્ચારણ શક્ય બને છે, વાણી જ ઋચા છે, ઋચા જ સામ છે, સામ જ ઉદ્ગીથ છે, આ ઉદ્ગીથની ધ્યાનપૂર્વક ઉપાસના કરવી જોઈએ; કારણ કે કોઈપણ શક્તિના ઉપયોગવાળા કાર્યો ધ્યાન દ્વારા જ શક્ય બને છે.[5]

उत्, गी, थ વગેરે શબ્દોથી તેનાં રહસ્યને જાણી ઉપાસના કરવામાં આવે તો તે ભોગ ભોગવવાની



For Private And Personal Use Only

શક્તિવાળો બની જાય છે. આ ઉદ્‌ગીથનાં રહસ્યને જાણી, દેવોએ વૈદિક કર્મકાંડનો ત્યાગ કરીને ૐમાં પ્રવેશી ગયાં; અર્થાત્ પરબ્રહ્મની ઉપાસના કરવા લાગ્યા.[૬]

કૌષીતકિ ઋષિ ૐ અને પ્રણવ વચ્ચે અભેદ દર્શાવી અધિદૈવત અને અધ્યાત્મ ઉપાસનાનું વર્ણન કરે છે.[૭]

દાલ્ભ્યઋષિ અને પ્રવાહણ ઋષિ વચ્ચેનાં સંવાદમાં પરમાત્મા જ શ્રેષ્ઠ ઉદ્‌ગીથ છે તેની ઉપાસના કરનાર સતત પ્રગતિ કરતો રહે છે. અન્ન પ્રાપ્તિ માટે ઉદ્‌ગીથની ઉપાસના જણાવી; ઉપસ્તિ ઋષિ જણાવે છે કે; આપત્તિનાસમયે ઉચ્છિષ્ટ અન્ન ખાવાથી દોષ લાગતો નથી.[૮]

તેરમાં ખંડમાં સામ ગાન દ્વારા ઉદ્‌ગીથની ઉપાસના કરનારને ખૂબ જ અન્ન અને પ્રદિપ્ત જઠરાગ્નિ પ્રાપ્ત થાય છે; તેમ જણાવ્યું છે.[૯]

**અધ્યાય—૨ :**

બુદ્ધિમાન પુરુષો સામની ઉપાસના શ્રેષ્ઠ છે તેમ જણાવી તેનાં દ્વારા જ શ્રેષ્ઠ ધર્મની ઝડપથી પ્રાપ્તિ થાય છે તેમ કહે છે. ત્યારબાદ "પૃથ્વી હિંકાર" વગેરે રૂપ 'સામ' તેમજ વર્ષામાં પણ પાંચ પ્રકારે સામ ઉપાસના જણાવે છે.[૧૦]

જળમાં પાંચ પ્રકારની સામ ઉપાસના કરનાર જળમાં મૃત્યુ પામતો નથી તેમ જણાવી, વસંત વગેરે ઋતુમાં, પશુમાં, પંચ પ્રાણમાં પાંચ પ્રકારની અને વાણીમાં સાત પ્રકારની ઉપાસના વર્ણવે છે.[૧૧]

આદિત્યમાં હિંકારયુક્ત, પ્રસ્તાવરૂપ વગેરે, પરમાત્મામાં અતિમૃત્યુ રૂપ વગેરે સાત પ્રકારની ઉપાસના વર્ણવીને શ્રેષ્ઠ ફળ આપનાર ગાયત્ર સામ ઉપાસના વર્ણવે છે.[૧૧અ]

રથન્તર સામ, વામદેવ્ય સામ અને બૃહત્ સામની ઉપાસના દર્શાવી, ઉપાસના કરનારે ઉપાસ્યની નિંદા ન કરવારૂપ વ્રત પાળવાનું જણાવે છે.[૧૨]

પર્જન્યમાં વૈરૂપ સામ, ઋતુઓમાં વૈરાજ સામ, પૃથ્વીથી સંબંધિત શક્વરી સામ, પશુઓની દૃષ્ટિથી રૈવતી સામ, યજ્ઞાયજ્ઞીય સામની ઉપાસના કરનાર યશસ્વી બને છે. તેણે માંસ-મચ્છી ન ખાવાનું વ્રત પાળવું પડે છે.[૧૩]

દેવતાઓની દૃષ્ટિથી રાજન સામની ઉપાસના વર્ણવી, વેદ વિદ્યાની દૃષ્ટિથી સામ ઉપાસના વર્ણવે છે. આ રીતે ઉપાસના કરનાર ઈશ્વર જ બની જાય છે.[૧૪]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અધ્યાય—૩ :**

પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં સૂર્યના કિરણોમાં ઋગ્વેદ વગેરે વેદનું ક્રમશઃ આલોચન કરવાથી/આદિત્યરૂપે ઉપાસના કરવાથી અન્ન વગેરેની પ્રાપ્તિ થાય છે.[૧૫]

સૂર્યના ઉપરના કિરણો તે જ તેની મધુનાડીઓ છે, વગેરે જણાવી ગૃહ્ય આદેશોએ પ્રણવરૂપ ૐનું આલોચન કર્યું. તેનાથી કીર્તિ વગેરે અને ભક્ષણ કરવા યોગ્ય અન્ન ઉત્પન્ન થયું. અંતમાં વેદ જ અમૃત છે તેમ જણાવે છે.[૧૬]

રોહિત વર્ણનાં અમૃતથી વસુગણ અગ્નિ દ્વારા જીવન ધારણ કરે છે, દેવગણો ભક્ષણ કરતાં નથી પરંતુ અનુભવથી જ તૃપ્ત થાય છે. માધ્યન્દિન સવનનાં અમૃતથી રુદ્ર દેવગણ ઇન્દ્ર દ્વારા જીવન ધારણ કરે છે. ત્રીજા કિરણરૂપી અમૃતથી આદિત્ય ગણ વરુણ દ્વારા ઉપજીવન ધારણ કરે છે. ચતુર્થ અમૃતરૂપી કિરણથી મરુતગણ સોમની પ્રધાનતાથી ઉપજીવન ધારણ કરે છે.[૧૭] પાંચમા કિરણરૂપી અમૃતથી સાધ્યગણ બ્રહ્મા દ્વારા જીવન ધારણ કરે છે.[૧૮] આ મધુવિદ્યા છે, તે મુક્તિરૂપ ફળ આપે છે.[૧૯] તે મધુવિદ્યાની પરંપરા દર્શાવતાં હિરણ્યગર્ભએ વિરાટ્‌ને, વિરાટે મનુને, મનુએ પ્રજાઓને અને ફરીથી મહર્ષિ આરુણિએ પોતાનાં પુત્ર ઉદ્દાલકને કહી. આ વિદ્યા મોટાપુત્રને, યોગ્ય શિષ્યને આપવી પરંતુ સુવર્ણથી ભરેલ સંપૂર્ણ પૃથ્વી આપે તો પણ અયોગ્યને આ વિદ્યા ન આપવી.[૨૦]

સ્થાવર–જંગમ બધું જ ગાયત્રીરૂપ છે; એમ ગાયત્રીરૂપ બ્રહ્મનું નિરૂપણ કરી તેનાં ચાર પાદનું વર્ણન કરી, બ્રહ્મની પંચ પ્રાણો દ્વારા ઉપાસના કરવાનું વિધાન દર્શાવે છે.[૨૧]

ઉત્તમ લોકમાં જે જ્યોતિ પ્રકાશિત થાય છે તેને બન્ને કાનોમાં આંગળી બંધ કરી દેતા રથનો અવાજ, બળદનો અવાજ, અગ્નિ પ્રગટ થવાનો અવાજ સાંભળી શકાય છે. તે જ્યોતિની ઉપાસના કરનાર દર્શનીય અને યશસ્વી બને છે.[૨૨]

જ્યોતિ રૂપ પ્રતીક બ્રહ્મની ઉપાસના બાદ મનોમય, ચૈતન્ય સ્વરૂપ પ્રકાશરૂપવાળા, સત્ય સંકલ્પરૂપ સગુણ બ્રહ્મની ઉપાસનાનું વર્ણન કરે છે.[૨૩]

પુત્રના રક્ષણ માટે વત્સરૂપ વાયુની[૨૪] અને પોતાનાં દીર્ઘ જીવન માટે[૨૫] પુરુષની ઉપાસના, જે યજ્ઞ જ છે. આ જ આત્મયજ્ઞના વિષયમાં કહ્યું છે કે;[૨૬] જે જ્ઞાન ઘોર આંગિરસ ઋષિએ દેવકી પુત્ર કૃષ્ણને આપ્યું અને કહ્યું કે મરણ સમયે (૧) તું ક્ષત રહિત છે. (૨) નાશ રહિત છો અને (૩) સૂક્ષ્મ પ્રાણ છો એમ જપ કરવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતઃકરણ પરમાત્મા છે એ આધ્યાત્મિક ઉપાસના છે, અને આકાશ પરમાત્મા છે એ અધિદૈવત ઉપાસના છે.[૧૭]

ત્રીજા અ.ના ૧૯માં ખંડમાં આદિત્યરૂપ બ્રહ્મની ઉપાસના વર્ણવે છે.[૧૮]

**અધ્યાય–૪ :**

પ્રસિદ્ધ જનશ્રુતિ રાજાના પૌત્ર અને રૈક્વ મુનિની આખ્યાયિકામાં અંતે, રૈક્વમુનિ દ્વારા સંવર્ગ વિદ્યા જેમાં વાયુ દેવતાઓમાં અને પ્રાણ ઇન્દ્રિયોમાં સંવર્ગ છે, અર્થાત્ મુખ્ય છે તેમ જણાવે છે.[૧૯] "સંવર્ગ"નો અર્થ પોતાનાં કારણમાં "લય" એવો થાય છે.

કપિગોત્રજ શૌનક અને અભિપ્રતારીની પાસે ભિક્ષા માટે આવેલ બ્રહ્મચારીનાં વાર્તાલાપમાં વિરાટ જ અન્નનું ભક્ષણ કરે છે, તેના જ્ઞાનથી બધાનું જ્ઞાન થઈ જાય છે.[૨૦]

સત્યકામ જાબાલ અને મહર્ષિ ગૌતમ વચ્ચેના સંવાદમાં જાણી શકાય છે કે, જે સત્ય બોલે તે જ બ્રાહ્મણ છે. બ્રહ્મજ્ઞાન માટે આવેલા સત્યકામને ગાયો ચરાવવા માટે મોકલે છે, ત્યાંથી પાછા ફરતાં સાંઢ, અગ્નિ, હંસ અને મદ્‌ગુપક્ષીએ સત્યકામને બ્રહ્મનો ઉપદેશ આપ્યો.[૨૧]

મહર્ષિ ઉપકોસલને અગ્નિ 'પ્રાણ જ બ્રહ્મ છે' વગેરે, ગાર્હપત્ય અગ્નિએ પૃથ્વી વગેરે બ્રહ્મ છે, દક્ષિણાગ્નિએ જળ વગેરે બ્રહ્મ છે, આહ્વનીય અગ્નિએ પ્રાણ વગેરે બ્રહ્મ છે. આ વિદ્યા અગ્નિએ આપી હોવાથી "અગ્નિવિદ્યા" તરીકે અને આત્મજ્ઞાનની વિદ્યા હોવાથી "આત્મ વિદ્યા" તરીકે પ્રસિદ્ધ છે. આ વિદ્યાના ફળને આચાર્યશ્રી કહેશે તેમ અગ્નિઓ જણાવે છે. આચાર્યશ્રી સત્યકામ જાબાલ ચક્ષુમાં જે પુરુષરૂપ દેખાય છે, તે જ અવિનાશી અને અભય બ્રહ્મ છે તેમ જણાવે છે.[૨૨]

નિત્ય કર્મોનાં અનુષ્ઠાનમાં એક કાર્ય પૂર્ણ થયા વિના બીજા કર્મોનો વચ્ચે આરંભ ન કરવો જોઈએ. જો કરવામાં આવે તો કર્મ, યજમાન બન્નેનો નાશ થાય છે.[૨૩]

પ્રજાપતિ લોકનાં ઉદ્દેશ્યથી તપ કરવા લાગ્યા, તેમણે પૃથ્વી વગેરેમાંથી રસને ગ્રહણ કર્યા. ત્યારબાદ યજ્ઞમાં રહેલ દોષને દૂર કરવા માટે "ભૂઃ" વગેરે આહુતિથી બ્રહ્મા દોષને દૂર કરે છે તેમ જણાવે છે.

**અધ્યાય–૫ :**

"પ્રાણ જ શ્રેષ્ઠ" તે બાબતમાં મન, ચક્ષુ વગેરે એક એક વર્ષ શરીરમાંથી બહાર ચાલ્યા ગયા, તે



For Private And Personal Use Only

આખ્યાયિકા દ્વારા સમજાવેલ છે. આ પ્રાણની ઉપાસના દ્વારા નિર્જીવ પણ ચેતન બની જાય છે તેમ જણાવી; ઉપાસનામાં શયન સમયે સ્વપ્નમાં સ્ત્રી દેખાય તો કર્મ સફળ થાય છે, તેમ કહ્યું છે.[૩૫]

મહર્ષિ ગૌતમને રાજા દાન આપવા ઈચ્છે છે, પરંતુ મારે ભોગ–ઉપભોગની જરૂર નથી બ્રહ્મજ્ઞાન આપો, તેથી રાજા અગ્નિવિદ્યા આપે છે, જે પંચાગ્નિ વિદ્યા તરીકે પ્રસિદ્ધ છે.[૩૬]

પુનર્જન્મને સમજાવવા માટે અર્ચિ અને ધૂમમાર્ગને સમજાવી, જે આ માર્ગે ગતિ કરતાં નથી, તે મચ્છર વગેરે વારંવાર જન્મ ધારણ કરનાર તુચ્છ જંતુઓ થાય છે.[૩૭]

કેકય પુત્ર રાજા અશ્વપતિ અને ઉપમન્યુ વગેરે મહર્ષિઓ વચ્ચેનાં સંવાદમાં સ્વર્ગરૂપ વૈશ્વાનર આત્મા વગેરેની સમજૂતી આપી તે "હું જ છું" એમ જણાવી તેની સર્વાત્મભાવે ઉપાસના કરનાર, બધા આત્માઓમાં અન્ન ભક્ષણ કરે છે. આ આત્માને પ્રાણાય, અપાનાય, વ્યાનાય, સમાનાય, ઉદાનાય, સ્વાહા દ્વારા તૃપ્ત કરવાની રીત જણાવે છે. તે વૈશ્વાનરની ઉપાસના કરનારના બધાં પાપ નાશ પામે છે. તે ઉચ્છિષ્ટ અન્ન ચાંડાલ વગેરેને આપે તો પણ તેને દોષ લાગતો નથી અને તે વૈશ્વાનરરૂપ આત્મામાં હોમ સમાન ગણાય છે.[૩૮]

અધ્યાય–૬ :

પુત્ર શ્વેતકેતુને પિતા ઉદ્દાલક આરુણિ સર્વ પ્રથમ કશું જ ન હતું, માત્ર એક સત્ હતું, તેણે ઘણાં થવાનો સંકલ્પ કરતાં, તે પ્રથમ જલ, તેમાંથી અન્ન અને એ રીતે ત્રિવૃત્ત કરણનાં સિદ્ધાંત દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવે છે. તેમાં અગ્નિ, જળ વગેરેમાં તેજ રૂપ જે તત્ત્વ છે તે સત્ જ છે, તેમ જણાવી ભક્ષણ કરવામાં આવતું અન્ન વિષ્ઠા, માંસ અને મન બની જાય છે. એ જ પ્રમાણે જળ મૂત્ર, રક્ત અને પ્રાણ બની જાય છે, એ જ પ્રમાણે ઘી વગેરે બાબતે પણ સમજાવે છે.[૩૯]

અન્નનો સૂક્ષ્મભાગ મન, જળનો સૂક્ષ્મ ભાગ પ્રાણ, ઘી વગેરેનો સૂક્ષ્મભાગ વાણી બને છે. અન્નથી મન બને છે તેથી જો આહાર કરવામાં ન આવે તો સ્મૃતિ શક્તિ ક્ષીણ બની જાય છે, તે ઉદાહરણ દ્વારા સમજાવે છે.[૪૦]

સ્વપ્નાન્તનો મર્મ સમજાવતાં જણાવે છે કે, પુરુષ શયન કરી જાય છે ત્યારે જીવભાવનો ત્યાગ કરી બ્રહ્મભાવને પામી જાય છે, તે સત્ સ્વરૂપનો આશ્રય લે છે, કારણ કે મન દરેક દિશાનો અનુભવ કરીને વિશ્રામ સ્થળ પ્રાપ્ત ન થતાં તે પ્રાણનો આશ્રય લે છે. તે માટે બંધાયેલા શકુનિ પક્ષીનું ઉદાહરણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપે છે. વિશેષમાં શરીર જળથી જ ઉત્પન્ન થાય છે તેમ જણાવે છે; એ રીતે ક્રમશઃ મૂળ જણાવતાં અણુરૂપ બ્રહ્મ જ આત્મા છે. હે; શ્વેતકેતુ તે તું જ છે.[૯૧]

અણુરૂપ આત્મા જ સત્ય છે, ગાય, ભેંસ વગેરે રૂપ જગત્ અસત્ય છે તેમ જણાવે છે. નદીઓનું ઉદાહરણ આપી બધી જ પ્રજાઓ સત્‌માંથી ઉત્પન્ન થયેલ છે, પરંતુ તે તે બાબત જાણતા હોતા નથી. હે શ્વેતકેતુ અણુરૂપ આત્માવાળું જગત્ અને તું તે જ(આત્મા) છે.[૯૨]

વૃક્ષ અને વૃક્ષની શાખા દ્વારા સૂક્ષ્મ જીવ મરતો નથી પરંતુ ફક્ત શરીર જ નાશ પામે છે તેમ જણાવે છે.[૯૩]

બ્રહ્મ જે સૂક્ષ્મ સ્વરૂપે છે, તે અનુભવી શકાય પરંતુ જોઈ ન શકાય તે વટવૃક્ષનું બીજ, નિમક, ગાંધારદેશના આંખે પાટા બાંધેલા પુરુષદ્વારા, મરણાસન્ન વ્યક્તિના ઉદાહરણ દ્વારા સમજાવે છે. આ સત્ તત્ત્વને પ્રાપ્ત કરનારનો પુનર્જન્મ થતો નથી, તે માટે ચોરની પરીક્ષાનું ઉદાહરણ આપે છે.[૯૪]

**અધ્યાય—૭ :**

મહર્ષિ નારદ અને સનત્કુમારનાં સંવાદમાં શરૂઆતમાં નામરૂપ બ્રહ્મની ઉપાસના કરવા સનત્કુમાર જણાવે છે, પરંતુ ફરી ફરી પૂછતાં વાણી, મન, સંકલ્પ, ચિત્ત, ધ્યાન, વિજ્ઞાન, બલ, અન્ન, જલ, તેજ, આકાશ, સ્મરણ, આશા, પ્રાણ એમ ક્રમશઃ ઉપાસના કરવાનું જણાવી. "પ્રાણ જ શ્રેષ્ઠ છે અને સંપૂર્ણ જગત્ તેમાં જ સ્થિત રહેલ છે" તેમ જણાવે છે. મનુષ્યને જો તેમાં પ્રાણ હોય તો ભાઈ, પિતા માતાનો હત્યારો ગણવામાં આવે છે, પરંતુ પ્રાણ ચાલ્યા ગયા બાદ તેને સ્મશાનમાં બાળી નાખે ત્યારે તેને કોઈ હત્યારો ગણતા નથી. આમ પ્રાણ જ પિતા વગેરે છે. આ રીતે ચિંતન કરનાર અતિવાદી ગણાય છે.[૯૫]

સત્યને જે વિશેષ રૂપથી જાણે છે, તે સત્ય કથન કરી શકે છે, તે વિજ્ઞાનને જાણી શકે છે, જે મનન કરે છે તે વિશેષ જાણી શકે છે, તેથી મનન જ જાણવા યોગ્ય છે, પરંતુ શ્રદ્ધાથી મનન થઈ શકે છે તેથી શ્રદ્ધાને વિશેષરૂપથી જાણવી જોઈએ, આ શ્રદ્ધા નિષ્ઠા હોય ત્યારે જ શક્ય બને છે. કૃતિથી શ્રદ્ધા થાય છે, સુખ પ્રાપ્ત થાય ત્યારે કૃતિ થાય છે તેથી સુખ શ્રેષ્ઠ છે. જે 'ભૂમા'(નિરતિશય) જાણવા યોગ્ય છે. જ્યાં કોઈ કોઈને જોતું નથી. સાંભળતા નથી, જાણતા નથી તે "ભૂમા" છે જે અવિનાશી છે.[૯૬]

નારદજીનાં પૂછવાથી "ભૂમા" પોતાની મહિમામાં સ્થિત છે તેમ જણાવી; આશ્રય રહિત જણાવી ગાય, ઘોડા વગેરે વિભૂતિ કહેવાય છે તેમ જણાવે છે.[૯૭]

આ 'ભૂમા' જ સર્વત્ર છે પરંતુ મનુષ્ય અહંકારને વશ થઈ "હું છું" એવું કથન કરે છે. ત્યારબાદ



For Private And Personal Use Only

ભૂમા જ આત્મા છે એમ મનન કરનારને "આત્મરમણ" વગેરે નામોથી ઓળખવામાં આવે છે. તેની સર્વત્ર ગતિ થાય છે તેમ જણાવે છે.[૪૮]

અંતિમ ખંડમાં આત્માની અમરતા દર્શાવતા જ્ઞાની મૃત્યુ કે રોગને જોતો નથી તેમ જણાવી; શુદ્ધ આહારથી અંતઃકરણની શુદ્ધિ થાય છે તેમ જણાવે છે. અંતઃકરણની શુદ્ધિથી નિશ્ચિલ સ્મૃતિની પ્રાપ્તિ થાય છે, સ્મૃતિથી અવિદ્યા નાશ પામે છે. અવિદ્યાનો નાશ થતાં આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.[૪૯]

**અધ્યાય–૮ :**

સગુણ બ્રહ્મનાં વર્ણન દ્વારા તે હૃદયરૂપ અંતરાકાશમાં રહે છે, તે બ્રહ્મ જીર્ણ થતું નથી. શરીર જ જીર્ણ થાય છે અને નાશ પામે છે. પુણ્યથી પ્રાપ્ત કરેલ લોક પુણ્ય ક્ષીણ થતાં નાશ પામે છે જ્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને જે મૃત્યુ પામે છે તેને ભોગો ભોગવવાની સ્વતંત્રતા રહે છે.[૫૦]

આત્મા સત્ય સંકલ્પવાળો છે. તે જેવો સંકલ્પ કરે છે તેવો બને છે. આ અવિનાશી આત્માને જે જાણે છે તે હૃદયમાં રહેલાં બ્રહ્મને પ્રાપ્ત કરે છે. તેને જે પ્રાપ્ત કરે છે તેને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી અને ઈચ્છાનુસાર ગતિ પ્રાપ્ત થાય છે.[૫૧]

પિંગલ વગેરે નાડીઓ વિશે જણાવી; સુષુમ્ણા નાડીમાંથી પસાર થઈને મસ્તક દ્વારા જીવ શરીર છોડે ત્યારે તેને અમૃતત્ત્વની પ્રાપ્તિ થાય છે, ઉર્ધ્વગતિની પ્રાપ્તિ થાય છે.[૫૨]

આત્મ તત્ત્વને જાણવા માટે દેવરાજ ઈન્દ્ર અને અસુરરાજ વિરોચન પ્રજાપતિ પાસે જાય છે અને તપશ્ચર્યાપૂર્વક રહે છે તે આખ્યાયિકા ઋષિ કહે છે.[૫૩]

તેમાં સર્વપ્રથમ શરીર જ બ્રહ્મ છે તેમ જણાવે છે. જે બન્ને સત્ય માની લે છે, પરંતુ શંકા જતાં ઈન્દ્ર પરત આવે છે અને ક્રમશઃ સ્વપ્નમાં વિચરણ કરે છે તે બ્રહ્મ છે, શયન કરેલ, બધી બાજુથી શાંત સ્વપ્ન રહિત આત્મા છે તેમ જણાવે છે, ફરીથી આ શરીરમાં અવિનાશી અને અશરીરી આત્મા નિવાસ કરે છે તે બ્રહ્મ છે, જે હૃદયાકાશમાં રહે છે, તેને જે જાણે છે તેનો પુનર્જન્મ થતો નથી; તેમ જણાવી આ વિદ્યા બ્રહ્માએ પ્રજાપતિને અને એ પ્રમાણે ક્રમશઃ મનુએ પ્રજાઓને આપી.

આ વિદ્યા જાણનાર ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં–કરતાં વિદ્યાદાન દ્વારા, પ્રાણીઓને પીડા ન આપનાર દેહાન્ત બાદ બ્રહ્મલોકમાં જાય છે.

### (૩) આરુણિક

એક સમયે પ્રજાપતિની ઉપાસના કરનાર અરુણના પુત્ર આરુણિએ ભગવાન્ બ્રહ્માજીને પૂછ્યું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે, બધાં પ્રકારનાં કર્મોનો હું કેવી રીતે ત્યાગ કરી શકું, તેનો ઉપદેશ મને કરો. તેનાં જવાબમાં પુત્ર વગેરેનો ક્રમશઃ ત્યાગ કરતાં—કરતાં અંતે યજ્ઞોપવીતનો પણ ત્યાગ, તેમજ લૌકિક અગ્નિનો જઠરાગ્નિમાં લય અને વાણીરૂપ અગ્નિમાં ગાયત્રીને સમાવિષ્ટ કરવી. ત્યારબાદ ઝૂપડીમાં નિવાસ કરી—ઔષધિ સમાન ભોજન ગ્રહણ કરી ત્રણેય સંધ્યા સમયે સ્નાન કરી સમાધિસ્થ થવું, તેમજ વેદ—ઉપ. વગેરેનો સ્વાધ્યાય કરવો.

'अभयं सर्वभूतेः' એ મંત્રથી અભિમંત્રિત વાંસનો દંડ તેમજ કૌપીન ધારણ કરવું; તેમજ પ્રયત્નપૂર્વક બ્રહ્મચર્ય, અહિંસા, અપરિગ્રહ અને સત્યનું પાલન કરવું અને પ્રયત્નપૂર્વક તેની રક્ષા કરવી, કામ, ક્રોધ વગેરેનો પૂર્ણ ત્યાગ કરવો. તેમજ વર્ષાઋતુમાં એક સ્થાન ઉપર જ નિવાસ કરવો અને બાકીના સમયમાં ભ્રમણ કરવું. હાથને જ પાત્ર બનાવી "ॐ हिं" એ મંત્રનું ત્રણવાર ઉચ્ચારણ કરી ભિક્ષાવૃત્તિ કરવી.

આ ઉપ.નું જેને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે ભગવાન વિષ્ણુના પરમધામનું જ્ઞાની ઉપાસક હંમેશાં દર્શન કરે છે, વિષ્ણુભગવાનનું તે પરમ ધામ કામના શૂન્ય ઉપાસકોને જ હંમેશા પ્રાપ્ત થાય છે.

## (૪) મૈત્રાયણી

ઈક્ષ્વાકુ વંશી બૃહદ્રથ રાજાને શરીરની અનિત્યતાનું જ્ઞાન થતાં તે પોતાનાં પુત્રને રાજગાદી સોંપી વનમાં જઈ તપ શરૂ કરે છે. તપ વધતા આત્મવેત્તા મહામુનિ શાકાયન્ત તેની પાસે આવે છે. જે વરદાન માંગવાનું કહે છે ત્યારે તે અન્ય કોઈ વસ્તુ ન માગતા આત્મજ્ઞાન માગે છે. જેની ના પાડતા રાજા બૃહદ્રથ ચરણ સ્પર્શ કરી હાડકા વગેરેથી બનેલા મલરૂપ અને નાશવંત શરીરથી વિષયભોગ ભોગવવાથી શો લાભ ? કારણ કે તેથી જન્મ—મરણનાં ચક્કરમાં ફસાઈ જવાય છે, તેથી તમો મારો ઉદ્ધાર કરો, હું તમારા શરણમાં છું.

મહર્ષિ કહે છે કે, બાહ્ય ઈન્દ્રિયોનાં નિરોધથી આ પ્રાણરૂપ આત્મા યોગ દ્વારા ઉપર જાય છે, તે આત્મા દુઃખવાળો દેખાય છે, તેમ છતાં દુઃખ રહિત છે. તે શરીરમાંથી નીકળી અભયરૂપ, આત્મરૂપ, બ્રહ્મરૂપ એવાં પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે. બ્રહ્મજ્ઞાનનું આગળ વર્ણન કરતાં બ્રહ્મચારી વાલખિલ્ય અને બ્રહ્માજી વચ્ચેનાં સંવાદને રજૂ કરે છે. બ્રહ્મચારી વાલખિલ્ય બ્રહ્માજીને પૂછે છે કે, "આ ગાડારૂપી નિર્જીવ શરીરને ચેતન બનાવનાર અતિન્દ્રીય પદાર્થ કેનાં જેવો છે ? ઈચ્છા રહિત છતાં આત્માને પ્રેરનાર કોણ છે ?" તે પ્રશ્નોનાં જવાબમાં બ્રહ્માજી જણાવે છે કે, તે વાણીથી પર છે, અનંત, અવિનાશી છે, તેનાથી શરીરને ચેતનતા પ્રાપ્ત થાય છે. આ જ આત્મા સૂક્ષ્મ છે, તે અંશથી શરીરમાં બુદ્ધિ પૂર્વક ક્રિયા કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનો જ અંશ બધાં જ પ્રાણીઓમાં જીવાત્મારૂપે રહેલો છે. તે જ આત્માએ પ્રજાને સર્જી—અચેતન પ્રજા સારી ન લાગતા, તેને ચેતન કરવા તેની અંદર પ્રવેશ કર્યો, તેથી જ પ્રાણ, અપાન વગેરે પાંચ ભેદ થઈ ગયા, તે પાંચ પ્રાણોની ગતિ દર્શાવી જણાવે છે કે; જ્યારે પ્રાણ શરીરની બહાર નીકળવાના થાય ત્યારે કાન ઉપર હાથ મૂકવાથી અવાજ સંભળાતો નથી. ત્યારબાદ શરીરને રથનું રૂપક આપી આત્મા જ તેનો પ્રેરક છે તેમ જણાવે છે. આ આત્મા સ્વતંત્ર છે, પરંતુ શરીરના શુભ—અશુભ કર્મનાં બંધનમાં પડી તે અલગ—અલગ શરીરમાં સંચાર કરે છે. આત્મા વાસ્તવમાં શુદ્ધ છે, પરંતુ ત્રિગુણાત્મક વસ્ત્રથી તેણે પોતાના સ્વરૂપને ઢાંકી રાખેલ છે.

બ્રહ્મચારી વાલખિલ્યનાં "આત્મા શુદ્ધ અને પ્રેરક છે, તો તે શુભ—અશુભ કર્મની નીચે કેમ દબાઈ જાય છે ?" તેનો જવાબ આપતાં બ્રહ્માજી જણાવે છે કે, તે ભૂતાત્મા છે, તે ઊંચી—નીચી યોનિઓને પ્રાપ્ત કરે છે. પંચતન્માત્રા અને પંચ મહાભૂતોના બનેલા શરીરમાં હોવાથી તે ભૂતાત્મા કહેવાય છે. તે આ શરીરમાં હોવાથી ભૂતાત્મા કહેવાય છે. તે આ શરીરમાં રહીને અહંકારયુક્ત બની જાય છે અને જન્મ— મરણનાં ચક્રમાં ફસાઈ જાય છે. કર્તાપણું આ ભૂતાત્માનું જ છે, પરંતુ અંદર રહેલી શુદ્ધ આત્મા તેને પ્રેરે છે. ઇન્દ્રિયો દ્વારા તે કાર્ય કરે છે અને ગુણોના સંસર્ગથી તે અનેક પ્રકારનો બની જાય છે. ઉદાહરણથી સમજાવતા કહે છે કે, લોખંડના ગોળાને પીટવાથી તેમાં રહેલાં અગ્નિને પીટી શકાતો નથી, તેમ શુદ્ધ આત્મામાં વિકાર થતો નથી, પરંતુ ભૂતાત્માના સંસર્ગથી તેને દોષ લાગે છે.

આ શરીર સ્ત્રી—પુરુષનાં સંયોગથી ઉત્પન્ન થાય છે અને તે મલ—મૂત્ર ખરાબીનો જ ખજાનો હોય તેવું લાગે છે. એટલું જ નહીં આ ભૂતાત્મામાં કામ—ક્રોધ વગેરે રજોગુણનાં વિકારો પણ ઘણી માત્રામાં પ્રાપ્ત થાય છે.

બ્રહ્મચારી વાલખિલ્ય ફરીથી પૂછે છે કે, આ ભૂતાત્માને આ બધુ છોડીને આત્માનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે ? તેનો પ્રત્યુત્તર આપતાં બ્રહ્માજી જણાવે છે કે, તેને શુભ—અશુભ કર્મનું ફળ ભોગવવું જ પડે છે. તેને કર્મફળ ભોગવવાના ચક્કરમાં પોતાનું મૂળ સ્વરૂપ યાદ રહેતું નથી. તેની મુક્તિનાં ઉપાય, જ્ઞાન પ્રાપ્તિ થઈ શકે તેવું ધર્માચરણ છે. ભૂતાત્મા સ્વધર્મનાં આચરણ દ્વારા જ ઉન્નતિ પ્રાપ્ત કરી શકે છે. તપથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાનથી મન વશમાં આવે છે, મન વશમાં આવવાથી આત્માની પ્રાપ્તિ થાય છે અને સંસાર ચક્રમાંથી છૂટકારો પ્રાપ્ત થાય છે.

લાકડી પૂર્ણ થતાં અગ્નિ શાંત થાય છે તેમ વૃત્તિઓ શાંત થતાં ક્રમશઃ ચિત્ત શાંત થાય છે. જેવું ચિત્ત હોય તેવી જ ગતિ પ્રાપ્ત થાય છે. ચિત્ત શાંત થતાં શુભ—અશુભ કર્મ નાશ પામે છે અને મનુષ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મામાં લીન બને છે ત્યારે તેને અવિનાશી આનંદ પ્રાપ્ત થાય છે અને બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

કામના રહિત મન શુદ્ધ અને કામના વગરનું મન અશુદ્ધ છે. મનનો નાશ ન થાય ત્યાં સુધી જ તેને હૃદયમાં રોકવાનું છે. આ જ જ્ઞાન અને મોક્ષનો સાર છે. સમાધિ દ્વારા જેનો મલ નાશ પામી ગયો છે, આત્મામાં સંયુક્ત/જોડાઈ ગયો છે તે જ ચિત્ત દ્વારા આનંદ પ્રાપ્ત કરી શકે છે. વાસ્તવમાં મનુષ્યોનાં બંધન અને મોક્ષનું કારણ મન છે.

મહર્ષિ કૌત્સાયન પરબ્રહ્મની સ્તુતિ કરતાં જણાવે છે કે, બ્રહ્મા, વિષ્ણુ વગેરે તમે જ છો. આદિ-અંત રહિત એવા તમને નમસ્કાર. આપ જ સૃષ્ટિના પ્રથમ અંધકારરૂપ છો. તમે જ પરમાત્માથી પ્રેરણા પ્રાપ્ત કરીને ઇન્દ્રિયોના વિષયનાં રૂપમાં બનો છો, આપ જ બહાર અને અંદર છો.

આ જ પરમાત્મા બે પ્રકારનાં છે, આ સૂર્ય બહારનો આત્મા અને પ્રાણ અંતરાત્મા છે. વેદ જણાવે છે કે, આ આત્મા ગતિરૂપ છે. જેનાં જ્ઞાનરૂપી ચક્ષુ ખુલી જાય છે તે અંતરાત્મામાં ગતિ કરે છે. તે ગતિ દ્વારા બહાર પણ ચાલ્યો જાય છે. આ આત્માની ગતિનું અનુમાન કરી શકાય છે. આ સૂર્યની અંદર જે સુવર્ણમય પુરુષ દેખાય છે, જે એમને હિરણ્ય(પ્રકાશ) જેવો દેખાય છે, તે જ હૃદયકમલમાં રહેલ છે અને તે જ અન્ન ખાય છે. જે અન્ન ખાય છે તે જ આકાશમાં સૂર્યની અગ્નિરૂપે રહે છે. તે જ "કાલ" નામ વાળો છે અને અદૃશ્ય રહીને બધાં જ ભૂતરૂપી અન્નનું ભક્ષણ કરે છે. આકાશ જ કમળ છે તે જ ચાર દિશાઓ અને ઉપદિશાઓમાં રહે છે. તે સર્વથી પર છે. આ પ્રાણ અને આદિત્યની ઉપાસના "ૐ" અક્ષર, વ્યાહૃતિઓ અને ગાયત્રી મંત્ર દ્વારા કરવી જોઈએ.

મૂર્ત અને અમૂર્ત એમ બ્રહ્મનાં બે સ્વરૂપ છે. મૂર્ત સ્વરૂપ અસત્ય અને અમૂર્ત સ્વરૂપ સત્ય છે. તે જ બ્રહ્મ છે, જ્યોતિ છે, આદિત્ય છે, ૐ છે, આત્મા છે, તેણે પોતાના સ્વરૂપને ત્રણ પ્રકારનાં બનાવ્યાં છે. ૐ ત્રણ માત્રાઓના રૂપમાં છે. તેનું ધ્યાન કરતાં-કરતાં પુરુષે આત્માનું તેની સાથે સંગઠન કરવું જોઈએ. સામવેદનાં એક ભાગમાં ઉદ્ગીથ કહેલ છે, તે જ પ્રણવ છે તે જ બધાને ઉત્પન્ન કરે છે પરંતુ તે નિદ્રા રહિત, મૃત્યુ રહિત છે, તેને પાંચ પ્રકારનો માનવામાં આવે છે, તે હૃદયરૂપી ગુફામાં રહે છે, તેમ જણાવી સંસારરૂપી વૃક્ષનું વર્ણન કરે છે. તેથી ૐ અક્ષરથી જ તેની ઉપાસના કરવી જોઈએ. તેમ જણાવી પર અને અપર બ્રહ્મનું વર્ણન કરે છે. ૐ તે જ છે.

પ્રજાપતિએ તપ દ્વારા તેને ભૂ:, भुवः અને स्वः કહેલ છે. આ પ્રજાપતિનું શરીર સ્થૂળ લોકો દ્વારા બનેલ છે તેમ જણાવી જુદાં-જુદાં અવ્યયોનું વર્ણન કરે છે. આ શરીરમાં રહેલ નેત્રમાં તે તેજ રૂપે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેલ છે. આ સૂર્યનું તેજ શ્રેષ્ઠ છે. તે જ "ભર્ગ" છે. તેનું અમે ધ્યાન કરીએ છીએ. જે અમારી બુદ્ધિને સન્માર્ગ ઉપર પ્રેરે છે, તેનું જ અમે ધ્યાન કરીએ છીએ. "ભર્ગ" તે છે તે સૂર્યમાં સ્થાપિત છે. આંખની કીકીમાં પણ તે જ "ભર્ગ" નામથી રહે છે. તેનાં તેજથી જ મનુષ્ય ગતિ કરી શકે છે તે જ આદિત્ય છે, તે જ સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત છે. તે આત્મા અવર્ણનીય ઉપમા રહિત છે. તેનાં વિષયમાં શું કહેવું ? તે આત્મા જ બધાનો નિયન્તા, પ્રજાપતિ, વિશ્વસૃષ્ટા, તેમ સેંકડો પ્રકારે વર્તમાન અને પ્રજાઓના પ્રાણરૂપ થઈને ઉદય પામે છે.

## (૫) મૈત્રેયી

**અધ્યાય–૧ :**

બૃહદ્રથ રાજા વૈરાગ્ય થતાં પુત્રને રાજ્ય સોંપી તપ કરવા જાય છે. કઠોર તપશ્ચર્યાને અંતે આત્મવેત્તા શાકાયન્ન મુનિ આવીને વરદાન માગવા કહે છે. રાજા બૃહદ્રથ તત્ત્વ ઉપદેશ આપવાનું જણાવે છે, પરંતુ મહર્ષિ શાકાયન્ન તે કઠિન વિષય છે તેવું જણાવી અન્ય વરદાન માગવા કહે છે, ત્યારે સંસારની નિસ્સારતા વિષે જણાવી તેમનાં ચરણ સ્પર્શ કરી તત્ત્વોપદેશ આપવા જણાવે છે.

શાકાયન્ન મુનિ જણાવે છે કે "મરુત" નામથી પ્રસિદ્ધ છે, તે જ તારો આત્મા છે." ત્યારબાદ આત્માનું સ્વરૂપ સ્પષ્ટ કરી ચિત્ત શાંત થતાં શુભ–અશુભ કર્મ નાશ પામે છે, તેમ જણાવી ચિત્ત બ્રહ્મમાં આસક્ત બની જાય તો મુક્તિ સહજ છે. હૃદય કમળમાં રહેલાં બુદ્ધિનાં બધાં કર્મોનાં સાક્ષીરૂપ પરમેશ્વરનું ધ્યાન કરવું જોઈએ, આ પરમાત્મા મન અને વાણીથી પર છે તેમજ આદિ–અંત રહિત છે અને આ જ પરમાત્મા "હું જ છું" એમાં કોઈ શંકા ન રાખવી જોઈએ.

વર્ણ અને આશ્રમ ધર્મમાં રહેવા વાળા મૂઢ લોકો પોતાનાં કર્મોનું ફળ ભોગવે છે; જ્યારે બધાં ધર્મોને છોડીને આત્મામાં જ સ્થિર રહેનાર આંતરિક આનંદથી સંતુષ્ટ રહે છે.

**અધ્યાય–૨ :**

મહાદેવ ભગવાન મૈત્રેયને જણાવે છે કે આ શરીર જ દેવાલય છે અને તેમાં જીવ જ પરમાત્મા છે. તેથી અજ્ઞાનરૂપ નિર્માલ્યને છોડીને "હું જ પરમાત્મા છું" એમ સમજી તેની પૂજા કરવી. જીવ અને પરમાત્મા વચ્ચે ભેદ ન જોવો, મનનાં મેલનો ત્યાગ કરી ઇન્દ્રિયોને વશમાં રાખી, બ્રહ્મરૂપી અમૃતનું પાન કરતાં–કરતાં એકલાં જ વનમાં રહેવું.

માતા–પિતાના મળથી બનેલ આ શરીર, અપવિત્ર, નાશવાન, રોગવાન, વૃદ્ધાવસ્થા વગેરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાળુ છે. તેથી તેનો સ્પર્શ કરીને સ્નાન કરવું, જો કે તે ફક્ત બાહ્ય પવિત્રતા છે, પરંતુ વાસ્તવિક પવિત્રતા તો "હું અને મારા"નો ત્યાગ કરવાથી થાય છે. પવિત્રતા ચિત્ત શુદ્ધ બનાવે છે, ચિત્ત શુદ્ધિથી વાસનાનો નાશ થાય છે. જ્ઞાન રુપ માટી અને વૈરાગ્યરૂપ જળથી ધોવાથી ચિત્ત પવિત્ર થાય છે. અદ્વૈતની ભાવના રાખી ગુરુના અને શાસ્ત્રના આદેશ અનુસાર ભિક્ષાવૃત્તિ કરવી જોઈએ અને પોતાના પ્રદેશથી દૂર જઈ રહેવું જોઈએ. એટલું જ નહીં, અહંકારરૂપ પુત્ર વગેરેને છોડી દેવા જોઈએ.

ગુરુના ઉપદેશ દ્વારા નિશ્ચિય થાય તે ભાવના જ એકાંત સ્વરૂપ છે, મઠ અથવા વનના મધ્યભાગમાં એકાંત નથી. જે સંશય રહિત છે તે જ મુક્ત છે, જે સંશયવાળો છે તે અનેક જન્મોમાં પણ મુક્ત થતો નથી. કર્મોને છોડવા એ સંન્યાસ નથી પરંતુ સમાધિમાં જીવ અને પરમાત્માની એકતાનું જ્ઞાન થવું એ જ સંન્યાસ કહેવાય છે. બધી જ ઈચ્છાઓ અને દેહની મમતાને છોડી દે છે, તેને જ સંન્યાસનો અધિકાર છે, જો ઈચ્છા ન હોય અને સંન્યાસ ગ્રહણ કરે તો ચોક્કસપણે પતન થાય છે.

તત્ત્વ વિચાર ઉત્તમ છે, શાસ્ત્ર વિચાર મધ્યમ, મંત્રોની સાધના અધમ અને તીર્થાટન અધમથી પણ અધમ છે. વાસ્તવિક અનુભવ વગર મૂર્ખ વ્યક્તિ બ્રહ્માનંદ પામવાની વ્યર્થ કલ્પના કરે છે. વિદ્યા વગેરેમાં મોટા હોવા છતાં જો તે માયાના પ્રભાવને કારણે "હું" રૂપ આત્માને જાણતો નથી, તો તે કાગડાની સમાન પેટ ભરવા માટે જ અહીંયાં–ત્યાં ભટકતો રહે છે.

પથ્થર વગેરેની મૂર્તિની પૂજાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી, પરંતુ હૃદયમાં આત્માની પૂજાથી મોક્ષ થાય છે; તેથી બધાં સંકલ્પો શાંત થઈ ગયા હોય અને જાગૃતિ તેમજ નિદ્રા પણ દૂર થઈ ગઈ હોય. તેવી પથ્થર સમાન અવસ્થા જ ચરમ સ્વરૂપાવસ્થા છે.

## (૬) વજ્રસૂચિકા

ચિત્ સદાનંદરૂપ અને બુદ્ધિના સાક્ષી રુપ બ્રહ્મને નમસ્કાર કરીને આ વજ્રસૂચિકો.નું પ્રવચન કરું છું, તેમ ઋષિ જણાવે છે. આ પ્રવચન અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાનને પ્રાપ્ત કરાવનારું છે. વેદમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણ કહેવામાં આવેલ છે અને સ્મૃતિ પણ તેને સમર્થન આપે છે. અહીં પ્રશ્ન એ છે કે આ બ્રાહ્મણ કોણ છે ? તે જીવ છે ? દેહ છે ? અથવા જાતિ છે ? જ્ઞાન છે ? કર્મ છે ? કે ધાર્મિકતા છે ? પરંતુ તે સર્વ નથી તેમ ઋષિ જણાવીને દ્વૈતભાવથી રહિત, જાતિ, ગુણ અને ક્રિયાથી રહિત, છ ભાવ, શમ–દમ વગેરે દોષ રહિત તેમજ સત્ય, જ્ઞાન અને આનંદસ્વરૂપ જે છે તે બ્રાહ્મણ તે બ્રહ્મ.

## (૭) યોગચૂડામણિ

યોગના આસન વગેરે છ અંગ, આધાર(મૂલાધાર) ચક્ર, મણિપુર ચક્ર વગેરેને જે જાણે છે તે



For Private And Personal Use Only

યોગી છે, તેને સુવર્ણ સમાન પ્રકાશિત, ત્રણ ખૂણાથી યુક્ત વહ્નિ/અગ્નિનું સ્થાન મેઢની નીચે સ્થિત છે. ત્યાં વિશ્વતોમુખ અનંત પરમજ્યોતિ દેખાઈ છે. યોગાભ્યાસ દ્વારા તેને જોવાથી આવાગમનમાંથી મુક્તિ થાય છે.

સુષુમ્ણા વગેરે નાડી, નાભિચક્ર વગેરેનું વર્ણન કરી પ્રાણ, અપાન વગેરે દસ વાયુઓનું સ્થાન અને તેનાં કાર્યો વિશે જણાવે છે. પ્રાણવાયુનું મહત્ત્વ સમજાવી "અજપા ગાયત્રી" દ્વારા યોગીઓને મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ કહી, કુંડલિનીમાં ઉત્પન્ન થયેલી ગાયત્રી પ્રાણધારિણી પ્રાણવિદ્યા અને મહાવિદ્યા છે, જે એને જાણે છે તે વેદજ્ઞ છે.

કુંડલિની શક્તિદ્વારા મોક્ષ દ્વારનું ભેદન, મિતાહારનું મહત્ત્વ, મિતાહારી જ યોગના અભ્યાસ દ્વારા કુંડલિની શક્તિને જાગૃત કરી શકે છે, મિતાહારીને માટે જ મહામુદ્રા વગેરે મુક્તિનાં સાધનરૂપ હોય છે.

મહામુદ્રા, જાલંધર બંધ વગેરેનું વર્ણન, બિન્દુ(વીર્ય)નું મહત્ત્વ, તેનાં સફેદ(શુક્લ) અને લાલ (મહારજ) એમ બે પ્રકાર છે.

મહામુદ્રા કરવાની પદ્ધતિ, તેનું મહત્ત્વ, તે પરમસિદ્ધિ આપનારી છે, તેથી તેને ગુપ્ત રાખવા જણાવી, "ૐ"નો જપ કરવા કહે છે. ૐનું સ્વરૂપ જણાવી સૃષ્ટિ ઉત્પત્તિ વર્ણવે છે. ત્યારબાદ જાગ્રત વગેરે ચાર અવસ્થાનું વર્ણન કરી તેનાં અધિપતિ વિશે જણાવે છે.

ૐનાં "અ" કાર, "ઉ" કાર અને "મ" કાર એ ત્રણ વર્ણો વગેરે પ્રણવ દ્વારા જ પ્રકાશિત થાય છે, ત્રણેય વર્ણનાં શરીરમાં રહેલાં સ્થાન, તેમાંથી બ્રહ્માદિ સૃષ્ટિની ઉત્પત્તિ વર્ણવી છે. સૃષ્ટિનો લય થતાં અંતમાં પ્રણવ જ સ્થિર રહે છે. પ્રણવને જાણનાર જ વેદવિત્ કહેવાય છે. પ્રણવ જ અનાહત ધ્વનિ અને ઘંટાની દીર્ઘ નિનાદ સમાન છે, તેનો આગળનો ભાગ જ બ્રહ્મ કહેવાય છે. અગ્રભાગ જ્યોતિર્મય બ્રહ્મનું વર્ણન કરી ભૂલોક, ભુવઃ લોક અને સ્વર્લોક તેમજ સૂર્ય, ચંદ્ર અને અગ્નિ દેવતા પરમ જ્યોતિ સ્વરૂપ ૐની માત્રામાં જ સ્થિત છે તેમ જણાવી; ક્રિયા, ઇચ્છા અને જ્ઞાન શક્તિઓ, બ્રાહ્મી, રૌદ્રી અને વૈષ્ણવી એ ત્રણ માત્રાઓ પરમ જ્યોતિ સ્વરૂપ ૐમાં જ સ્થિત છે. તેનો વાણી, જપ વગેરે કરવા કહી, વાયુ અને વાયુનાં નિરોધનું મહત્ત્વ જણાવે છે.

પ્રાણાયામનું મહત્ત્વ, પ્રાણાયામની રીત દર્શાવી, રેચક, પૂરક, કુંભક એ પ્રણવનું સ્વરૂપ જ છે તેમ જણાવે છે.

ॐ સ્વરૂપ પ્રાણાયામનું વર્ણન કરી; ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રાણાયામ, આ પ્રાણાયમનો અભ્યાસ શિવ–સ્વરૂપ ગુરુને નમસ્કાર કરી નાસાગ્ર દષ્ટિ રાખીને કરવો જોઈએ. ત્યારબાદ પ્રત્યાહાર અને સમાધિ તેમજ નાદ સિદ્ધિ પ્રાપ્ત કરવાની પદ્ધતિ દર્શાવે છે. પ્રાણાયામ દ્વારા ધીરે ધીરે વાયુને વશમાં કરી શકાય છે તેમ જણાવી, ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને પોત–પોતાનાં વિષયમાં જતી રોકવી એ જ પ્રત્યાહાર છે તેમ કહે છે. મનનાં વિકારોનું શમન કરવું એ જ ઉપનિષદ્ છે તેમ જણાવે છે.

## (૮) વાસુદેવ

સામવેદનું વૈષ્ણવ ઉપનિષદ્ છે, તેમાં ગોપીચંદનનું મહત્ત્વ અને તેને ધારણ કરવાની વિધિ દર્શાવી છે.

દેવર્ષિ નારદના પ્રશ્નનાં જવાબમાં ભગવાન વાસુદેવ વિષ્ણુધામમાં ઉત્પન્ન થયેલ વિષ્ણુચંદન, જેને ભગવાને દ્વારકામાં પ્રતિષ્ઠિત કરેલ છે, તેનું ગોપીઓએ ભગવાનનાં અંગોમાં લેપન કર્યું હોવાથી ગોપીચંદન કહેવાય છે. ભગવાનનાં આ અંગનું ચંદન ગોમતીતીર્થમાં, ચક્રતીર્થમાં સ્થિત છે, તેમાં જે ગોમતીચક્ર–ગોમતી–ચક્રશીલાનું પીળું ચંદન જ ચંદન છે, અન્ય શિલાથી લાગેલું પીળું ન હોય તે ગોપી ચંદન નથી.

ગોપીચંદનને પ્રથમ નમસ્કાર કરી હાથમાં ગ્રહણ કરવું, "इमं मे.....॥" એ મંત્ર બોલી જળ પધરાવવું, "विष्णोर्नु कम......॥" એ મંત્રથી મસળવું, ત્યારબાદ ઋગ્વેદનાં 'अतो देव अवन्तु.....॥" અને વિષ્ણુગાયત્રીથી ત્રણવાર અભિમંત્રિત કરવું, ત્યારબાદ દ્વારકા સ્થિત ગોવિન્દનું સ્મરણ કરતાં–કરતાં ધારણ કરવું. ગૃહસ્થ, વાનપ્રસ્થ અને બ્રહ્મચારીએ અનામિકાથી અને સંન્યાસીએ તર્જની આંગળીથી ચંદન ધારણ કરવું.

ગોપીચંદનનાં ત્રિપુંડનાં જુદાં–જુદાં દેવતા વિશે જણાવી, તેની ત્રણ રેખા, अ, उ, म (ॐ) સ્વરૂપ છે. સંન્યાસી ઊર્ધ્વપુણ્ડ્ર ધારણ કરે. તે ઊર્ધ્વપુણ્ડ્રની વચ્ચમાં અથવા હૃદયકમળમાં મારું "હું બ્રહ્મ જ છું." એવી ભાવના કરતાં કરતાં ધ્યાન કરે. આ રીતે પરબ્રહ્મનું ધ્યાન કરનાર મુક્ત બને છે અને સ્વયંપ્રકાશ રૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ જાણે છે, કારણ કે હું વિષ્ણુ જ અનેક સ્વરૂપો ધારણ કરીને જુદાં–જુદાં જંગમોમાં અને ભૂતોમાં રહું છું. લાકડામાં અગ્નિ, દૂધમાં ઘી અને પ્રાણીઓમાં આત્મરૂપથી રહેલો હું અદ્વૈત પરમ બ્રહ્મરૂપે છે.

બન્ને ભ્રમરની મધ્યમાં તેમજ હૃદયમાં શ્રીહરિનું ચિંતન કરવું. એ રીતે ધ્યાન કરનાર સાધક નિશ્ચિતપણે પરમતત્ત્વને પામે છે. આ પ્રમાણે નિત્ય ધ્યાન કરનાર અને ગોપીચંદન ધારણ કરનાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુક્તિ પામે છે. ગોપીચંદનનાં અભાવમાં તુલસીક્યારાની માટીનું તિલક કરવું, દિવસે ગોપીચંદન અને રાત્રિએ અગ્નિહોત્રમાંથી "अग्नेर्भस्मासि.....॥" એ મંત્રથી ભસ્મ લઈને "इदं विष्णु...॥" એ મંત્રથી મસળવી તેમજ "त्रीणि पदा....॥" વગેરે મંત્રોથી તથા વિષ્ણુ ગાયત્રી અને જો સાધુ હોય તો પ્રણવથી સંપૂર્ણ શરીરમાં લગાડવી.

આ રીતે ગોપીચંદન અને ભસ્મ ધારણ કરનાર અંતકાળે ભગવાન વિષ્ણુનું સાયુજ્ય પ્રાપ્ત કરે છે (મોક્ષ પામે છે) અને ફરીથી જન્મ ધારણ કરતો નથી. વિષ્ણુનાં આ પરમપદનું હૃદયાકાશમાં ધ્યાન કરનાર વિપ્રગણ તેને ધ્યાનમાં પ્રકાશિત કરે છે.

## (૯) મહો/મહત્

**અધ્યાય–૧ :**

મહો.ની શરૂઆતમાં નારાયણ એકલાં હતાં તેમને ઈચ્છા થતાં ધ્યાન ધરી, સાંખ્યશાસ્ત્ર પ્રમાણે તત્ત્વોની ઉત્પત્તિ કરી. તેનાં યોગથી પુરુષનું સર્જન કર્યું અને તેમાં તે વિરાટ્ પુરુષે પ્રવેશ કર્યો. જ્યારે કાલરૂપ સંવત્સરમાંથી સંવત્સરની ઉત્પત્તિ થઈ. નારાયણે ફરીથી ધ્યાન કરતાં ત્રણ નેત્રવાળા, ચાર વેદ વગેરેથી યુક્ત ઈશાન(મહાદેવ)ની ઉત્પત્તિ થઈ. નારાયણે ફરીથી ધ્યાન કરતાં લલાટનો પરસેવો/સ્વેદ જલમાં પડયું. તેમાંથી હિરણ્યમય તેજ અને તેમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. બ્રહ્માજીએ ચારેય દિશામાં ચારવેદ વગેરેનું ધ્યાન ધરી, હજારો મસ્તક–નેત્ર વાળા નારાયણનું ધ્યાન કર્યું. ક્ષીરસાગરમાં શયન કરતાં તે જગદીશ્વરનું દર્શન કર્યું અને સંપૂર્ણ વિશ્વનાં જીવનરૂપ છે તે પરમાત્મા હૃદયરૂપી ગુફામાં રહેલ છે, તે અવિનાશી છે તેમજ બ્રહ્મા વગેરે પણ તે જ છે.

**અધ્યાય–૨ :**

મુનીશ્વર શુકદેવજીને જન્મથી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. તેઓએ અત્યંત વિચારીને અનિર્વચનીય આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, જે અણુસ્વરૂપ છે, પ્રકાશાત્મક ચેતન સ્વરૂપ છે તેમ જાણી પોતે સત્–ચિત્–પરમાનન્દ સ્વરૂપ બ્રહ્મથી ભિન્ન નથી; તેમ જાણી કૈવલ્ય અવસ્થાને પ્રાપ્ત કરી. ત્યારબાદ પ્રપંચરૂપ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે જાણવા માટે પોતાના પિતા શ્રી કૃષ્ણ દ્વૈપાયન પાસે ગયા. તેઓએ તેમને મિથિલા નરેશ રાજા જનક પાસે મોકલ્યા. મિથિલા નરેશે તેઓની પરીક્ષા કરી, તેમાં ઉત્તીર્ણ થતાં તેઓને સૃષ્ટિ ઉત્પત્તિનું રહસ્ય જણાવ્યું.

મહારાજ જનક જણાવે છે કે, માનસિક સંકલ્પથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે અને વિકલ્પથી નાશ



For Private And Personal Use Only

થાય છે. તે શુકદેવજી જાણતાં જ હતાં તેથી તે જ્ઞાન શ્રી શુકદેવજીની વિનંતીથી વિસ્તારથી કહેવાની શરૂઆત કરે છે.

આ દૃશ્યમાન જગત્ ભ્રમ છે એમ જ્ઞાન પ્રાપ્ત થતાં મનની શુદ્ધિ થઈ જાય છે અને નિર્વાણમયી શાંતિ પ્રાપ્ત થાય છે. વાસનાઓની પૂર્ણ સમાપ્તિ થઈ ગઈ હોય તે ત્યાગ જ શ્રેષ્ઠ છે અને તે જ મોક્ષ છે. આ જ્ઞાનમય અવસ્થા જ જીવન્મુક્ત અવસ્થા છે. કામ–ક્રોધ વગેરેથી રહિત વ્યક્તિ જીવન્મુક્ત છે. જીવન્મુક્તનાં વર્ણન બાદ વિદેહ મુક્તિ વિશે જણાવે છે. વિદેહ મુક્તની અવસ્થા સત્–અસત્થી પર હોય છે, તે શિવસ્વરૂપ, જરા રહિત બની જાય છે, તેને દૃષ્ટા, દૃશ્ય અને દર્શનમાંથી ફક્ત દર્શનરૂપ જ કહેલ છે. આમ જણાવી જનકરાજા કહે છે કે મનનાં સંકલ્પથી જ જીવ બંધનમાં પડે છે અને ત્યાગથી મોક્ષ પામે છે. તમે તો મુક્ત છો, સ્વયં પરમતત્ત્વમાં સ્થિત છો, માટે ભ્રમનો ત્યાગ કરો, શ્રી શુકદેવજી શોકાદિ ભય રહિત થઈ પરતત્ત્વમાં સ્થિત થઈ મેરુ પર્વત ઉપર ચાલ્યા ગયા. ત્યાં હજારો વર્ષ રહીને નિર્વિકલ્પ સમાધિ દ્વારા પરમ શાંતિ પ્રાપ્ત કરી.

**અધ્યાય–૩ :**

તપની ઈચ્છાવાળા નિદાઘ ઋષિ સાડા ત્રણ કરોડ તીર્થોની યાત્રાબાદ પોતાના પિતાને જણાવે છે કે, તીર્થ સ્નાનનાં પુણ્યના ફલ સ્વરૂપ મારા મનમાં આ વિચાર ઉત્પન્ન થાય છે કે, આ જગત્/વિશ્વ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ઉત્પન્ન થવા માટે જ નાશ પામે છે, જીવન ક્ષણભંગુર છે, સ્ત્રી–પુત્ર વગેરે વિશે જણાવી; જેને આત્મ વિવેક પ્રાપ્ત નથી થયો તેનું જીવન કષ્ટમય છે/કષ્ટનું કારણ છે.

આકાશના ટુકડા–ટુકડા કરવા વગેરે કાર્યો શક્ય છે, પરંતુ જીવનમાં આસ્થા રાખવી મારે માટે શક્ય નથી તેમ જણાવી જીવનની નિરર્થકતાને વર્ણવે છે. એ જ જીવન શ્રેષ્ઠ છે, જેને લીધે પુનર્જન્મ પ્રાપ્ત ન થાય, અન્યથા તો વૃદ્ધાવસ્થાયુક્ત જીવન ગદર્ભની જેમ ભાર વહન કરવા બરાબર છે. જ્ઞાન બોજારૂપ છે. અશાંત મન બોજારૂપ છે વગેરે જણાવી, મન વ્યગ્રતાને પકડી આમ–તેમ ભમે છે, તેથી ચિત્તવૃત્તિનો નિગ્રહ કરવો જોઈએ, જે અત્યંત કઠિન છે; પરંતુ તેનાં નિગ્રહનો જ પ્રયત્ન વારંવાર કરવો જોઈએ.

ઉંદરડી વીણા તારને કાપી નાંખે છે તેમ તૃષ્ણા શ્રેષ્ઠ ગુણોને દૂર કરી દે છે. તેમ જણાવી મનુષ્ય જીવનને દુ:ખમય બનાવનાર તૃષ્ણા જ છે. જે તૃષ્ણાનો ત્યાગ કરે છે તેને અત્યંત સુખ પ્રાપ્ત થાય છે.

આ દેહ અત્યંત તુચ્છ છે. ગુણ રહિત અને શોક કરવા યોગ્ય છે, તેમાં અહંકારરૂપી પુરુષ રહે છે.

આ દેહ રકત–મજ્જા વગેરેથી યુકત છે, તેમાં સુંદરતા કયાંથી આવી ? આ દેહની ત્રણેય અવસ્થા ભય આપનારી છે, મનુષ્ય જે સુખની કામના કરે છે તે સુખ છે કયાં ? કાલ બધાને ગળી જાય છે.

નારી દેહ સુંદર દેખાય છે પરંતુ તેમાં રકત, માંસ, અશ્રુ વગેરે જ રહેલાં છે. આવી નારી સુંદર અને પ્રિય દેખાય છે, પરંતુ વાસ્તવમાં પુરુષને ફસાવવા માટે કામરૂપ શિકારીએ તેની રચના કરી છે. જે નારીને ત્યાગી શકે છે તેણે સંસારનો ત્યાગ કરી દીધો અને સંસારને ત્યાગે છે તે સુખી બને છે, તેમ જણાવી પોતાને તત્ત્વજ્ઞાનાત્મક બોધ પ્રદાન કરવા જણાવે છે.

**અધ્યાય–૪ :**

પુત્ર નિદાઘના અનુરોધથી પિતા ઋભુ ઋષિ જણાવે છે કે, સંસારમાંથી મુકત થવામાટેના શમ, વિચાર, સંતોષ અને સત્સંગ એ ચાર દ્વાર છે. એટલું જ નહીં જગતના પાશમાંથી મુકત થવાની ઈચ્છા–વાળાએ તપ, દમ, અધ્યયન વગેરે દ્વારા પ્રજ્ઞાની વૃદ્ધિ કરવી જોઈએ અને આત્મચિંતનમાં નિરંતર પ્રવૃત્ત રહેવું જોઈએ. કારણ કે ચિત્ત જ સર્વસ્વ છે અને તેથી સાંસારિક કાર્યો કરતાં–કરતાં નિત્ય પ્રબુદ્ધ ચિત્ત દ્વારા આત્માના એકીભાવને જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરનાર સંસાર સાગરમાંથી મુકત બને છે.

આત્મજ્ઞાન વાસનારૂપ પતંગિયાને સળગાવનાર અગ્નિ સમાન છે. વિશ્વમાં એકમાત્ર સત્તા પરતત્ત્વની છે જેની તરફ સંપૂર્ણ વિશ્વ આકર્ષિત થાય છે. આત્મામાં કર્તા અને અકર્તા બન્ને તત્ત્વો રહેલાં છે. કામના રહિત રહેવાથી આત્મા અકર્તા છે અને સન્નિધિ માત્રથી આત્મા કર્તા છે, એ જ પ્રમાણે બ્રહ્મમાં પણ કર્તૃત્વ અને અકર્તૃત્વ બન્નેની ઉપલબ્ધિ છે, જેમાં આવું આશ્ચર્ય દેખાય તેમનો આશ્રય ગ્રહણ કરીને હું હંમેશાં અકર્તા છું એવી ભાવના કરનાર પરમ અમૃતરૂપ રહેલી સમતાને પ્રાપ્ત કરે છે.

જે સહજ પ્રાપ્ત થતી વસ્તુથી ચલાવે છે અને ન પ્રાપ્ત થતી વસ્તુની ઈચ્છા રાખતો નથી, તેનામાં મિત્રતા, કરુણા વગેરે ગુણો સહજ રીતે વિભૂષિત થઈ જાય છે. તેણે ગુરુ અને શાસ્ત્રના વચન અનુસાર તેમજ પોતાના અનુભવને આધારે "હું બ્રહ્મ છું" એવું જાણી લઈને શોક વગેરેને ત્યાગી દેવા જોઈએ. કારણ કે ફકત તીર્થસ્થાન વગેરેમાં નિવાસ કરવા માત્રથી મનુષ્યને લાભ થતો નથી, પરંતુ તે ચિન્માત્રમાં લય પામીને જ પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

શાંત મનવાળા પુરુષને તૃષ્ણા, સુખ–દુઃખ વગેરે સૂર્યથી જેમ અંધકાર નાશ પામે તેમ નાશ પામી જાય છે, શાંત મનવાળો પુરુષ જ વિદ્વાનો અને રાજાઓની વચ્ચે બહુમાન પામે છે. એટલું જ નહીં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવા પુરુષને શ્રુતિ–સ્મૃતિ વગેરેની જાળમાં પડવાની જરૂર રહેતી નથી. તે આત્મસ્થિત રહીને જ બધુ પ્રાપ્ત કરી લે છે.

પારકાને પોતાના જેવા વાળી સાર્વાત્મમય વેદનાનો જ્યારે આવિર્ભાવ થાય છે ત્યારે વિશ્વ ચિદ્રૂપાત્મક લાગે છે, આત્મા પોતાનામાં સ્થિર થાય છે. જ્ઞાનીજન આત્માને જ પરબ્રહ્મ બતાવે છે. કારણ કે આ સૃષ્ટિ તો "તારા–મારા" રૂપ ભાવ વાળી છે, વાસ્તવિક નથી અને તે પ્રપંચ(મારા–તારા સ્વરૂપ) શાંત થઈ જવો તે જ મોક્ષ છે.

ચિત્તાકાશ વગેરે ત્રણ પ્રકારના આકાશની ચર્ચા કરીને જણાવે છે કે; સર્વાનન્દમયી સ્થિતિને સમાધિ કહે છે. રાગ–દ્વેષાદિ દોષો નષ્ટ થતાં સમાધિ પ્રાપ્ત થાય છે. સતત અભ્યાસના પરિણામ સ્વરૂપે આત્મામાં રમણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે અને તે જ મોક્ષ છે; અન્ય બધુ મિથ્યા પ્રપંચ છે. વાસ્તવમાં રાગ–દ્વેષ રૂપી મન જ કલ્પને ક્ષણ અને ક્ષણને કલ્પ બનાવી દે છે. વાસ્તવમાં કશું જ હોતું નથી, મારા વિચારથી (ઋભુ ઋષિ) આ વિશ્વ મનની કલ્પના માત્ર છે.

અશાંત મનવાળાને આત્મબોધ પ્રાપ્ત થતો નથી, જ્યારે સત્યસ્વરૂપ, આનંદમય બ્રહ્મને પોતાનું જ રૂપ માનનાર પુરુષ ભયભીત થતો નથી. "હું જ તે બ્રહ્મ છું." તેવી ભાવના જ મોક્ષ પ્રાપ્તિનું શ્રેષ્ઠ કારણ છે તેમ જણાવી, ચાર્વાક, સાંખ્ય વગેરે મતોની ચર્ચા કરી, મરણધર્મા મનુષ્ય આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને જ અમરત્વને પ્રાપ્ત કરે છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં કર્મક્ષય થઈ જાય છે અને હૃદય–ગ્રન્થિઓ સ્વયં ખુલી જાય છે.

ઋભુઋષિ પુત્રને નિર્વિકાર ભાવથી આત્મ–ચૈતન્યમાં રમતા રહેવાનું જણાવી મનમાં ઉત્પન્ન થતાં વિકારોને શાંત કરવાના ઉપાયો જણાવે છે.

**અધ્યાય–૫ :**

જ્ઞાન અને અજ્ઞાનની સાત–સાત ભૂમિકાઓ, તેની વચ્ચમાં રહેલી અનેક ભૂમિકાઓ વિશે કહે છે; મનનાં સંકલ્પો શાંત થતાં તેનાથી પર પરા સ્થિતિનું સ્વરૂપ કહે છે. આ ભૂમિકાઓનાં વર્ણનનો ઉદ્દેશ અનિર્વચનીય, આલમ્બન શૂન્ય બ્રહ્મની પ્રાપ્તિ છે. સર્વ પ્રથમ ચેતન શૂન્ય સ્થિતિ છે. પરમાત્મા તત્ત્વમાંથી સર્વ પ્રથમ મનનો જ આવિર્ભાવ થયો છે, તેમનાં સંકલ્પથી સંસારની ઉત્પત્તિ થઈ છે, પરંતુ વાસ્તવમાં આ જગત્ માયા સ્વરૂપ છે, તેમ જાણી વિરક્ત થઈ, સંશય રહિત બની ફક્ત ચિન્માત્રનું દર્શન કરવું/કરો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેણે સંકલ્પ–જાળને વ્યર્થ કરી દીધી છે તે બ્રહ્મને પ્રાપ્ત કરે છે અને તેનું જ ચિત્ત પૂર્ણિમાના ચંદ્રમાની સમાન શોભાને પ્રાપ્ત કરે છે.

"હું બ્રહ્મ છું" તેમ જોનાર જ સત્ય જૂએ છે, એટલું જ નહીં જ્ઞાનીજન રાગ/મોહ વગર કર્તવ્ય–કર્મ કરતા રહે છે. જ્ઞાનીજન ભોગાત્મક ઐશ્વર્યને આશ્ચર્યથી જૂએ છે, તે દુઃખદાયક ઐશ્વર્યથી છૂટવા માટે તેનો સમજદારીપૂર્વક ઉપભોગ કરતાં–કરતાં મનને પોતાના વશમાં કરી લે છે, જેથી તે અનુકૂળ મન પરમ સિદ્ધને આપનાર બની જાય છે. આ માટે બુદ્ધિને પણ સત્યનો સાક્ષાત્કાર કરવામાં લગાવો, આશાને છોડો, કારણ કે સંસારમાં આશા જ અનન્ત દુઃખોને ઉત્પન્ન કરનારી છે. આશા વિશે રજૂઆત કર્યા બાદ અહંકાર જે બંધન કરનાર છે, તેનો ત્યાગ કરવાની જરૂરિયાત જણાવી નિરહંકાર વૃત્તિ ધારણ કરવા જણાવે છે, જે મુક્તિ આપનારી છે.

ભોગેચ્છા બંધનરૂપ છે, ભોગેચ્છાનો ત્યાગ જ મુક્તિ છે. મનનો નાશ જ મનની ઉન્નતિના કારણરૂપ છે. અજ્ઞાનીજન તેનાં બંધનમાં પડ્યા રહે છે. જ્યારે જ્ઞાનીજન તેનાં બંધનમાં પડતા નથી. તેથી જ ગુરુએ શમ–દમ વગેરે ગુણોથી શિષ્યનાં મનને શુદ્ધ કર્યા બાદ જ બ્રહ્મજ્ઞાન આપવું, તે પહેલાં આપવામાં આવે તો તે તેને માટે નરક સમાન બની જાય છે. ભોગેચ્છા નષ્ટ થતાં બુદ્ધિ જાગ્રત થાય છે, સંસાર જે વાસ્તવમાં આભાસ છે, તેનું જ્ઞાન થાય છે.

વિશેષ જણાવતાં કહે છે કે જ્યારે તમારી દષ્ટિ આવરણ રહિત થઈ જશે, ત્યારે મારા ઉપદેશની સાર–અસારતાનું યોગ્ય રીતે જ્ઞાન થઈ શકશે.

શસ્ત્રથી જ શસ્ત્ર છેદી શકાય છે. તેમ અવિદ્યાથી જ અવિદ્યાનો નાશ કરી શકાય છે. તેથી આ બધુ જે દેખાય છે તેને માયા ન માનતા બ્રહ્મ જ માનવું તે જ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. વાસ્તવમાં ભેદ દેખાવો તે જ અવિદ્યા છે માટે ભેદ દષ્ટિનો ત્યાગ કરવો એ જ શ્રેયસ્કાર છે.

આગળ વધતા જણાવે છે કે જે પ્રાપ્ત નથી થતું તે અક્ષયપદ છે. તેથી માયાની ઉત્પત્તિ કેના દ્વારા થઈ તેનો વિચાર કરવાનો નથી, પરંતુ તે નાશ કેમ પામે તે જ વિચારવાનું છે. આત્માની સ્ફૂરણા એક ક્ષણ માટે જ થાય છે. જે આત્મ શક્તિને ચલિત કરવામાં દેશ–કાલ અને ક્રિયા શક્તિ અસમર્થ રહે છે, તે આત્મ–શક્તિ જ ઉચ્ચ અનંત પદમાં રહેલી છે. આ આત્મશક્તિ/ચિત્ત શક્તિ જ પરિમિત થઈને રૂપભાવનાવાળી થાય છે, તેની સાથે અસંખ્ય–નામ–રૂપવાળી સૃષ્ટિ થાય છે. તેને જે ધારણ કરે છે તે ક્ષેત્રજ્ઞ છે.આ ક્ષેત્રજ્ઞ જ વાસનાઓની કલ્પનાથી અહંકારને ધારણ કરે છે; ક્ષેત્ર/દેહની રચના કરે છે અને સ્વયં રચેલ જાળમાં ફસાઈ જાય છે. હે બ્રહ્મન્; કીચડમાં ફસાયેલ હાથીની જેમ મન ચિંતારૂપી અગ્નિમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફસાયેલ છે. તેથી વાસ્તવમાં સર્વપ્રથમ મનનો જ ઉદ્ધાર કરો, કારણ કે તે પોતાના પિતામહ આત્માને પણ ભૂલી ગયેલ છે, માટે સર્વપ્રથમ તેનો ઉદ્ધાર કરો, જીવને આશ્રિત અનેક ભાવો બ્રહ્મ દ્વારા કલ્પિત થઈને ઉત્પન્ન થાય છે. આ ઉત્પત્તિનું વર્ણન સામાન્ય તફાવત સાથે સાંખ્ય—શાસ્ત્રને મળતું આવે છે.

આ જીવ જ સર્વલોકનાં પિતામહ બ્રહ્મા બની જાય છે. આ પ્રકટ થયેલ બ્રહ્મા ભૂત—ભવિષ્ય અને વર્તમાનને પ્રત્યક્ષ જોનારા છે, તેમણે પોતાના સંકલ્પો દ્વારા અનેક પ્રકારનાં રૂપરંગ ધરાવનાર સૃષ્ટિની રચના કરી એટલું જ નહીં સ્વર્ગ—નરક વગેરેની રચના કરી, હે પુત્ર, બ્રહ્માના જીવનની સાથે જ તેનું જીવન જોડાયેલ છે. બ્રહ્માનું જીવન પૂર્ણ થતાં તેનું જીવન પણ પૂર્ણ થાય છે, પરંતુ વાસ્તવમાં કોઈ જન્મતું નથી અને કોઈ મરતું નથી, કારણ કે આ બધુ જે દેખાય છે તે મિથ્યા છે. તેથી આ સંસારનો ત્યાગ કરવો એ જ શ્રેયસ્કર છે, તેથી અવિદ્યાના અંશરૂપ પુત્ર, પત્ની વગેરેની મોહ—માયાનો ત્યાગ કરવો અને તેથી અપ્રાપ્ત ભોગની ઈચ્છા ન કરવી અને પ્રાપ્ત ભોગનો સમજદારીપૂર્વક ઉપભોગ કરવો એ જ વિદ્વતા છે. વાસ્તવમાં એ જ કર્મ છે જે નિષ્કામભાવે કરવામાં આવે, નિષ્કામભાવે કર્મ કરનારને જ ઉચ્ચ પદની પ્રાપ્તિ થાય છે.

આ સંસાર સાગર વાસનારૂપી જળથી પરિપૂર્ણ છે. તેને પ્રજ્ઞારૂપી નાવ/હોડીની ઉપર ચઢીને જ પસાર કરી શકાય છે. જે પુરુષ આ સાંસારિક પ્રપંચને જાણે છે, તે સાંસારિક વ્યવહારોની ઈચ્છા કરતો નથી, તેનો ત્યાગ કરતો નથી, અનાસક્ત રહે છે. સંકલ્પ ઉત્પન્ન થાય તેને જ આત્મ તત્ત્વરૂપ ચેતનનું વિષય તરફ જવું માનવામાં આવે છે, માટે હે પુત્ર, સંકલ્પ રહિત બનવાનો પ્રયત્ન કરવો. તેથી શસ્ત્રને શસ્ત્રથી જ છેદી શકાય છે, તેમ સંકલ્પથી સંકલ્પને છેદી નાખવો જોઈએ. વાસ્તવમાં મનુષ્યનો મલદોષ ક્રિયા દ્વારા જ નષ્ટ થઈ જાય છે.

અધ્યાય—૬ :

હે પુત્ર, અંતરની આસ્થા અને ભાવરૂપી સંપત્તિને દૂર કરી પોતાના યથાર્થ સ્વરૂપમાં વિચરણ કરો અને પોતાને અકર્તા માનો તો અમૃતારૂપ સમતા જ અવશિષ્ટ રહે છે.

ચેતન જ પ્રકાશરૂપ છે પરંતુ તે અંધકાર બની જાય છે અને માનસિક સંકલ્પનું રૂપ ધારણ કરી લે છે; તેમ વાસનાના કારણોનો મૂળ સહિત નાશ કરીને આકાશ સમાન સ્વચ્છ અને શાંત મનવાળા થાઓ. કારણ કે પ્રયત્નપૂર્વક સદાચારમાં રત રહેનાર જ્ઞાની પુરુષ આ સંસાર—સાગરને સહજમાં તરી શકાય તેવો બનાવી લે છે.



For Private And Personal Use Only

મારા–તારાની ભ્રાન્તિ ત્યજી દેવા યોગ્ય જ છે. કારણ કે આત્મ તત્ત્વમાં છે એ જ બધામાં છે. તેથી કોઈપણ વસ્તુની ઈચ્છા ન કરવી પરંતુ સહજ રીતે પ્રાપ્ત થાય તેને નિર્લેપ ભાવે ભોગવતાં રહેવું. કારણ કે હે પુત્ર, જેનો આગલો જન્મ થવાનો હોતો નથી, તેનામાં જ સ્વચ્છ વિદ્યા પ્રવેશે છે. જેના ચિત્તમાં વૈરાગ્યનો સમાવેશ છે, તેમના અનુભવ દ્વારા આ મત વ્યક્ત કરવામાં આવ્યો છે. કારણ કે તેઓ સ્પષ્ટ જણાવે છે કે આત્મા જ પ્રકાશરૂપ છે, તે અમારા હૃદયમાં મહેશ્વરરૂપમાં સ્થિત છે. વ્યક્તિ શાશ્વત આત્માને છોડીને અન્ય વસ્તુ મેળવવામાં પ્રયત્નશીલ છે. પરંતુ વાસ્તવમાં આ ઈન્દ્રિયોરૂપી શત્રુ સબળ હોય કે નિર્બલ તેને વિવેકરૂપી દંડથી વારંવાર મારવા એ જ યોગ્ય છે.

આ સંસાર દુઃખરૂપ જ છે, પુત્ર, પત્ની વગેરે રૂપી બંધનમાં રહેનાર દેહ સુખને કેવી રીતે માણી શકે, તેથી આત્માને દૂષિત કરનાર મનને જીતવું અને તે માટે ઉંચ–નીચની ભેદ દષ્ટિનો સર્વપ્રથમ ત્યાગ કરીને શેષમાં જ અવસ્થિત રહેવું. જ્ઞાની પુરુષમાં સમતા, નિષ્ક્રિયતા, મમતા વગેરે ગુણો વિદ્યમાન રહે છે. તૃષ્ણારૂપી ઝાળામાં તમે ફસાઈ ગયા છો, માટે જ્ઞાનરૂપી તીક્ષ્ણ શસ્ત્રથી માયાને કાપવાનો પ્રયત્ન કરો. શસ્ત્રથી શસ્ત્રને કાપી શકાય છે તેવી રજૂઆત કરી છે કે; તે જ પ્રમાણે કરી કહેતા જણાવે છે કે; કુહાડીમાં લાગેલ વૃક્ષ જ વૃક્ષને કાપે છે તેમ મન જ મનને કાપીને પવિત્ર પદમાં અવસ્થિત કરી શકે છે. તેથી ચિત્ત– શૂન્યતાને પ્રાપ્ત કરો. કારણ કે તે જ મોક્ષનો અધિકારી છે. કારણ કે શાંત મન દ્વારા વિચાર કરતાં–કરતાં વાસનાને ત્યાગવી જોઈએ. તમે પણ "આ પદાર્થ મારા નથી અને હું તે પદાર્થોનો કાંઈ નથી." કારણ કે આ પ્રકારની ભાવનાથી જ નિરાલમ્બ અવસ્થામાં સ્થિત થઈ જાઓ, એ જ જીવન્મુક્ત છે; કે જે અહંકારરૂપ વાસનાનો ત્યાગ કરવામાં સમર્થ છે, મનુષ્ય ચાર પ્રકારના નિશ્ચયવાળા છે, આ નિશ્ચયોમાંથી પવિત્ર નિશ્ચયોમાં રહેનાર અને આત્મતત્ત્વમાં રત રહેનાર જીવન્મુક્ત છે.

આત્માના નામથી જે ઓળખાય છે તે શૂન્ય જ પ્રકૃતિ, માયા, શિવ, પુરુષ, ઈશાન, નિત્ય અને બ્રહ્મજ્ઞાન છે. માટે હે પુત્ર, અહંકારનો ત્યાગ કરી નિર્મલ મન દ્વારા સ્વચ્છન્દ વિચરણ કરો, કારણ કે રાગ–રહિત અવસ્થા જ બ્રાહ્મી સ્થિતિ કહેવાય છે.

ચિત્ત અને વિષયનો યોગ જ બંધન છે. તેમાંથી છુટકારો પ્રાપ્ત કરવો તે જ મુક્તિ કહેવાય છે.

અંતમાં મહોપનિષદ્‌નાં અધ્યયનનું મહત્ત્વ દર્શાવે છે.

## (૧૦) સંન્યાસ

**અધ્યાય–૧ :**

ક્રમશઃ ત્યાગ કરનાર સંન્યાસી કહેવાય છે. માતા–પિતા વગેરે બધાનો ક્રમપૂર્વક ત્યાગકરી સંન્યાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રહણ કરવો, અંતે યજ્ઞોપવીત, અગ્નિ સહિત સર્વનો ત્યાગ કરી દેવો, કારણ કે આત્મધ્યાન યજ્ઞોપવીત છે. વિદ્યા જ શિખા છે, ઉદર જ પાત્ર છે અને જલાશયનો કિનારો નિવાસ—સ્થાન છે. તે રાત—દિવસ આત્માનુસંધાનમાં રત રહે છે.

**અધ્યાય—૨ :**

ચાલીસ પ્રકારનાં સંસ્કરોથી યુક્ત, ઈર્ષ્યા, આશાથી રહિત અને સાધન ચતુષ્ટયથી સંપન્ન જ સંન્યાસી હોય છે. સંન્યાસી પતિત થાય તો કૃચ્છ—ચાન્દ્રાયણ વ્રત વગેરે બાદ પુનઃ સંન્યાસ ધારણ કરી શકાય છે. નપુંસક, પતિત વગેરે સંન્યાસને યોગ્ય નથી, તેમજ જણાવી યજ્ઞ, તપ વગેરેથી રહિત, શોકમગ્ન વગેરે ક્રમ સંન્યાસ નહીં પરંતુ આતુર સંન્યાસ ગ્રહણ કરી શકે. સંન્યાસી એ "ॐ भूः स्वाहा" કહી શિખાનો ત્યાગ કરે પરંતુ યજ્ઞોપવીત રહેવા દે, "યજ્ઞ, જ્ઞાન, વૈરાગ્ય મેધાને આપ્યા." એમ કહી યજ્ઞોપવીત પણ દૂર કરી દે. "ॐ भूः स्वाहा" કહીને વસ્ત્ર અને કટિસૂત્રોનો પણ જળમાં ત્યાગ કરીને જ્ઞાની સંન્યાસી "संन्यस्तं मया" એમ ઉચ્ચારણ કરતાં જ આગળ અને પાછળની સાઠ—સાઠ પેઢીને તારે છે. ત્યારબાદ સંન્યાસીએ કેવો દંડ ધારણ કરવો તે ધારણ કરવાની વિધિ સાથે જણાવે છે.

દંડ વગર સંન્યાસીએ ત્રણ વાર બાણ ફેંકાય તેટલી દૂરથી આગળ ન જવું. "જગત જીવનની આધાર, હે માતા, મારાં જીવનનું રક્ષણ કર." એમ કમંડલુંને પોતાના જીવનની રક્ષાની પ્રાર્થના કરતાં—કરતાં સુખપૂર્વક વિચરણ કરવું. ધર્મ—અધર્મ, સત્ય—અસત્યનો ત્યાગ કરવાનું જણાવી, (૧) વૈરાગ્ય—સંન્યાસી, (૨) જ્ઞાની સંન્યાસી, (૩) જ્ઞાન—વૈરાગ્ય—સંન્યાસી અને (૪) કર્મ—સંન્યાસી એમ ચાર પ્રકારનાં સંન્યાસીની સમજૂતી આપે છે. ત્યાર પછી કુટીચક, બહૂદક, હંસ, પરમહંસ, તુરીયાતીત અને અવધૂત એમ અન્ય છ પ્રકાર સંન્યાસીનાં આપે છે.

"અન્ય કશું જ નથી, પરંતુ હું માત્ર શુદ્ધ ચૈતન્ય જ છું." તેમ સંન્યાસીએ ભાવના કરતાં—કરતાં અંદર અને બહાર વ્યાપ્ત રહેનાર, નિષ્કલ, નિરંજન, નિર્વિકલ્પ અને સર્વવ્યાપી આત્મા હું જ છું, તેમ માની દરેક આત્માને નમસ્કાર કરવા. વાસ્તવમાં ચિત્ત—શક્તિ અત્યંત શક્તિશાળી છે, પરંતુ ઈચ્છા અને દ્વેષથી ઉત્પન્ન દ્વન્દ ભાવને કારણે પ્રાણી મોહવશ પૃથ્વીરૂપ ખાડામાં પડેલ કીટ—પતંગનો સમાન છે.

પોતાના આત્માને જ અવિચ્છિન્ન શિવરૂપ માનીને નમસ્કાર કરી, નિષ્કામ કર્મ યોગ, સ્થિતપ્રજ્ઞતાની ભાવના રજૂ કરી, સર્વભૂતો તરફ જે સમાન ભાવે જૂએ છે તેનું જીવન પ્રશંસનીય છે, જગતને સાક્ષીભાવથી જૂએ છે, સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થયું છે, સારું—નરસું છોડી દીધું છે, તેનું જીવન ધન્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. ગ્રાહ્ય—ગ્રાહક સંબંધ નષ્ટ થતાં પ્રાપ્ત થતી શાંતિ જ મોક્ષ છે. તે જ પવિત્ર, પરમ ઉદાર, શુદ્ધ, સત્વવાન્, આત્મ—ધ્યાનયુક્ત અને નિત્યરૂપમાં સ્થિત રહે છે.

ચેતન ચિત્ત રહિત થઈ જાય છે ત્યારે તે આત્મારૂપ ચેતન કહેવાય છે, તેમ જણાવી સંવેદ્યરૂપી મલને દૂર કરી મનને નિર્મૂલ(ઈચ્છા રહિત) કરી આશારૂપી પાસને કાપવા જણાવે છે. દરેક પ્રકારનાં દ્વન્દ્વ ભાવનો ત્યાગ કરી એવી ભાવના કરવી કે "ક્યારે સમાધિયુક્ત અવસ્થામાં કોયલ મારાં—મસ્તક ઉપર માળો બાંધશે ?" આમ નિર્વાણ, આનંદ, સત્ય, અદ્વૈત વગેરેની ભાવના કરતાં—કરતાં સંન્યાસીએ પોતાનાં સ્વરૂપમાં સ્થિત રહેવું જોઈએ.

આતુર સંન્યાસીએ ક્રમ—સંન્યાસ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. શૂદ્ર, સ્ત્રી, રજસ્વલાની સાથે વાત ન કરવી. ત્યારબાદ જુદાં—જુદાં સંન્યાસીના લોક વિષે જણાવે છે.

તુરીયાતીત અને અવધૂત શ્રેણીના સંન્યાસીએ ભ્રમર—કીટ ન્યાય અનુસાર અનુસંધાન કરતાં—કરતાં કૈવલ્યમાં સ્થિત રહેવું. કારણ કે સંન્યાસી માટે અન્ય શાસ્ત્રો ઊંટ ઉપર કેશરનાં ભાર સમાન નિરર્થક છે, ફક્ત સ્વરૂપાનુસંધાન જ શ્રેષ્ઠ છે.

સંન્યાસીએ મધુકરી વૃત્તિથી જીવન નિર્વાહ કરવો જોઈએ તેમજ સતત એક ઘરેથી જ ભિક્ષા ગ્રહણ ન કરવી પરંતુ શાંત ભાવથી જે તેમની રાહ જોતું હોય ત્યાં જવું, એટલું જ નહીં, શુદ્ધ આચરણ—વાળા પાંચ— સાત ઘરે ભિક્ષા માગવી. શ્રદ્ધાવાન્ વ્યક્તિ વ્રાત્ય હોય તો પણ ભિક્ષા લેવી પરંતુ વેદજ્ઞ અશ્રદ્ધાવાન્ હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી, તેમ જણાવી ભિક્ષાના જુદાં—જુદાં પ્રકાર વર્ણવે છે.

જરૂરત જણાય તો મલેચ્છને ત્યાં પણ ભિક્ષા માંગવી. આપત્તિકાલમાં નિન્દનીય, પતિત અને પાખંડીને છોડીને સર્વ વર્ણોને ત્યાં ભિક્ષા માંગી શકાય.

સંન્યાસીએ ઘી, સાકર વગેરે ત્યજી દેવું કારણ કે તે આપત્તિજનક છે. તેણે હાથને પાત્ર બનાવી તેમાં એકવાર ગાયની જેમ ભોજન કરવું.

આસન, સ્ત્રી સાથે વાર્તાલાપ વગેરે છ બાબતો સંન્યાસીને માટે બંધનકારક છે. માટે ત્યજવી. પરિગ્રહ, સંચય વગેરે ન કરવો, દિવસે શયન ન કરવું. વાસ્તવમાં વિદ્યાભ્યાસમાં પ્રમાદ એ જ દિવસનું શયન છે. માટે સતત વિદ્યાભ્યાસ રત રહેવું. અભિમાન, નિંદા, મૈથુન વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરવો.

આપત્તિકાળ સિવાય સંન્યાસીએ કોઈપણ વસ્તુ પાસે રાખવી ન જોઈએ. એટલું જ નહીં કોઈપણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારની લાલચ તેનું પતન નોતરે છે. તેણે તો અદ્વૈતરૂપી નૌકામાં બેસી જીવન્મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરવી જોઈએ.

મૌન વાણીનો દંડ છે, ઉપવાસ શરીરનો દંડ છે અને પ્રાણાયામ મનનો દંડ છે. પ્રાણી કર્મોથી બંધનમાં પડે છે અને જ્ઞાન/વિદ્યાથી બંધન મુક્ત થાય છે. ત્યારબાદ માર્જારી (બિલાડી) અને વાનરી એમ બે પ્રવૃત્તિની સમજૂતી આપી, પ્રાયશ્ચિત વિધિ જણાવે છે. તેમજ જે દરરોજ બાર હજાર પ્રણવ મંત્રનો જપ કરે છે તે બાર મહિનામાં પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.

## (૧૧) અવ્યક્ત

અવ્યક્ત ઉપનિષદ્ એ સામવેદનું વૈષ્ણવ ઉપનિષદ્ છે. તેનાં સાત ખંડ છે. તેમાં અવ્યક્ત પુરુષને વ્યક્તરૂપની પ્રાપ્તિ. "આનુષ્ટુભીવિદ્યા"નું સ્વરૂપ, તેનું ફળ વગેરેનો નિર્ણય છે. તેનાં આધારે પરમેષ્ઠી સ્વરૂપ નૃસિંહનું દર્શન અને તે જગત્‌ની સૃષ્ટિમાં સમર્થ અને સફળ છે.

શરૂઆતમાં વાક્‌સૂક્તમાં છે તેમ પ્રશ્નો કરેલાં છે. આ જગત હતું, જગત્‌નો સર્જનહાર હતો, પ્રથમ જળ હતું કે અગ્નિ ? એ રીતે પ્રશ્નો કરી, આ જગત્‌નું સર્જન પરમેશ્વરની પ્રેરણાથી અવ્યક્ત પ્રકૃત્તિએ કર્યું છે. તેમ જણાવ્યું છે. આ અવ્યક્ત પ્રકૃતિમાંથી વ્યક્ત પ્રકૃતિ(મહત્)નું સર્જન થયું. એ પ્રમાણે સાંખ્ય સિદ્ધાંત પ્રમાણે સૃષ્ટિ સર્જન, સત્ત્વ, રજ, તમ ગુણો વગેરેનું વર્ણન છે.

## (૧૨) કુંડિકા

વેદોનાં અધ્યયનબાદ ગુરુ આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કરવો. ગૃહસ્થાશ્રમને અંતે પુત્ર વગેરેને જવાબદારી સોંપી વાનપ્રસ્થાશ્રમ અને અંતે સંન્યાસ આશ્રમ સ્વીકારવો. સંન્યાસ આશ્રમ સમયે સમે તેનું કષ્ટ થાય, પૃથ્વી ઉપર અશ્રુ ન પાડવા, કન્દમૂલ, ફળ વગેરેનો આહાર કરવો એ સંન્યાસીના સામાન્ય બાહ્ય–ધર્મો છે, વાસ્તવમાં ફળની ઈચ્છાનો ત્યાગ કરવો એ જ સંન્યાસ છે.

પરમપદની ઈચ્છા કરતાં–કરતાં મૃત્યુંજય પરબ્રહ્મનું ધ્યાન કરવું, કાષાય વસ્ત્રો ધારણ કરવા, ભિક્ષા ઉપર જીવન–નિર્વાહ કરવો, નદી કિનારે શયન કરવું કે દેવાલયની બહાર, પરંતુ કારણ વગર શરીરને કષ્ટ ન આપવું, સંપૂર્ણ વિશ્વના હિતની ભાવના કરતાં–કરતાં અજર, અમર, અક્ષર અને અવ્યયને હું પ્રાપ્ત થયો છું એવી ભાવના કરવી, ત્યારબાદ પ્રાણ–અપાનની બાબત જણાવે છે.

બ્રહ્મને પૂર્વ જન્મનાં અભ્યાસ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે તેમ જણાવે છે.



For Private And Personal Use Only

વાયુનો નાદ ઉત્પન્ન થાય તે હૃદયનું તપ છે, તે ઉપર તરફ ગતિ કરી મસ્તકને પ્રાપ્ત કરે છે, તે જ પરમગતિ છે. તેને પ્રાપ્ત કરનાર બ્રહ્મજ્ઞાની આવાગમનમાંથી છૂટે છે.

આત્મરૂપી મુનિએ ક્રિયારહિત, અવિકારી, આકૃતિ રહિત, સ્વયં જ્ઞાનરૂપ થઈ ઈચ્છા પ્રમાણે નિવાસ કરવો.

## (૧૩) સાવિત્રી

સવિતા અને સાવિત્રી કોણ છે ? તે પ્રશ્ન વારંવાર ઉપસ્થિત કરી પછી અગ્નિ સવિતા અને પૃથ્વી સાવિત્રી તે બન્ને સંસારના જન્મદાતા છે તેમ જણાવે છે. વરુણ, વાદળ વગેરે સવિતા અને સાવિત્રી છે તેમ જણાવે છે.

સાવિત્રીનાં ત્રણ પાદ ક્રમશઃ (૧) भूः तत्स....। (૨) भुवः भर्गो......। (૩) स्वः धियो.....। એ પાદને સ્ત્રી–પુરુષ ગૃહસ્થધર્મનું પાલન કરતાં–કરતાં જાણે છે તે પુનઃર્જન્મને પામતો નથી.

બલિ અને અતિબલિ વિદ્યા વિશે જણાવી, ન્યાસ, ધ્યાન વગેરે દર્શાવે છે.

આ બન્ને વિદ્યાને જાણનાર ધન્ય છે, તે સાવિત્રી લોકમાં પહોંચે છે.

## (૧૪) રુદ્રાક્ષજાબાલ

રુદ્રાક્ષ જાબાલ ઉપનિષદ્‌માં કાલાગ્નિ રુદ્ર ભુશુંડીને રુદ્રાક્ષની ઉત્પત્તિ વિશે જણાવે છે. ત્રિપુર નામના રાક્ષસને મારવા માટે, મેં આંખો બંધ કરી ત્યારે એ બંધ આંખોમાંથી જે જલબિંદુઓ પડ્યા તેમાંથી રુદ્રાક્ષ ઉત્પન્ન થયા. આ રુદ્રાક્ષના દર્શન માત્રથી દસ ગાયોના દાન જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ રુદ્રાક્ષ ધારણ કરવાથી દિવસ તેમજ રાતમાં કરેલાં પાપોને હરી લે છે. જપ વિશેષ ફલદાયક બને છે. રુદ્રાક્ષ આંબળા જેવડો હોય તો શ્રેષ્ઠ, બોર સમાન મધ્યમ અને ચણા જેવડો રુદ્રાક્ષ કનિષ્ઠ/અધમ છે. સફેદ રુદ્રાક્ષ બ્રાહ્મણ વર્ણ માટે, લાલ ક્ષત્રિય માટે, પીળો વૈશ્ય વર્ણ અને કાળો શૂદ્ર વર્ણને ધારણ કરવા માટે યોગ્ય છે. કાંટા વગરનાં, છિદ્ર પાડેલો, કીડા વગેરેએ ખાધેલો એમ છ પ્રકારનાં રુદ્રાક્ષ ધારણ ન કરવા. જ્યારે સ્વયં છિદ્રવાળો, ચીકણો, મોટા–મોટા રુદ્રાક્ષને રેશમી ધાગામાં ધારણ કરવા શ્રેષ્ઠ છે પરંતુ આ રુદ્રાક્ષ ધારણ કરવામાં એ બાબત ધ્યાનમાં રાખવી કે તે સર્વે એક સરખા અને સૌમ્ય હોવા જોઈએ.

શિખા, ગ્રીવા વગેરે જગ્યાએ કેટલાં–કેટલાં રુદ્રાક્ષ ધારણ કરવા અને તે ધારણ કરવા સમયે બોલવાનાં મંત્રો જણાવી પંચાક્ષરી મંત્રથી અભિમંત્રિત કરી, અક્ષમાલોપનિષદ્‌માં દર્શાવેલ પદ્ધતિ અનુસાર પ્રાણ–પ્રતિષ્ઠા વગેરે કરી ધારણ કરવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભુશુંડીના પ્રશ્નના જવાબમાં ફરી એક મુખથી શરૂ કરીને જુદાં–જુદાં મુખવાળા રુદ્રાક્ષ ધારણ કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે તે જણાવી, ચૌદ મુખવાળો રુદ્રાક્ષ ભગવાન રુદ્રની આંખોમાંથી ઉત્પન્ન થયેલ છે, તે પરમ આરોગ્ય દાયક છે, તેને ધારણ કરનારે શરાબ, લસણ, પ્યાજ વગેરે ભક્ષણ ન કરવું જોઈએ. આ રુદ્રાક્ષને ગ્રહણના સમયે, તુલા તથા મેષ રાશિનાં સંક્રાન્તિ સમયે, અયન પરિવર્તન સમયે, પૂર્ણિમાં, અમાવાસ્યાનાં સમયે ધારણ કરવામાં આવે તો ઝડપથી પાપમુક્ત થવાય છે.

રુદ્રાક્ષના મૂળ ભાગને બ્રહ્મા, નાલ(છેદ) ભાગને વિષ્ણુ તેમજ મુખનાં ભાગને રુદ્ર અને તેનાં બિંદુઓ બધા દેવતા કહેવાય છે.

અંતમાં ફરી રુદ્રક્ષ ધારણ કરવાની વિધિ વિશે સનત્કુમાર કાલાગ્નિ રુદ્રને પૂછે છે, તે જ સમયે નિદાઘ, જડ ભરત, દત્તાત્રેય, કાત્યાયન, ભારદ્વાજ, કપિલ, વશિષ્ટ, પિપ્લાદ વગેરે કાલાગ્નિ રુદ્રની ચારે તરફ બેસી ગયા. તે સમયે રુદ્રાક્ષની ઉત્પત્તિ વિશે ફરીથી જણાવતા કહે છે કે રુદ્રનાં નેત્રમાંથી ઉત્પન્ન થયા હોવાથી રુદ્રાક્ષ કહેવાય છે. પ્રલય સમયે સદા શિવ નેત્ર મુકુલિત કરી લે છે, ત્યારે તેમાંથી તે ઉત્પન્ન થાય છે, તે જ રુદ્રાક્ષનું પોતાનું સ્વત્વ છે, તેમ જણાવી રુદ્રાક્ષ એમ માત્ર ઉચ્ચારણથી દસ ગાયના દાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે તેમ કહી રુદ્રાક્ષને ધારણ કરવાનું ફળ જણાવે છે.

## (૧૫) શ્રી જાબાલદર્શન

અષ્ટાંગયોગી અવતારી દત્તાત્રેયજીને તેમનાં શિષ્ય મુનિ સાંકૃતિએ એકાંતમાં એ પ્રમાણે નિવેદન કર્યું કે "મને અષ્ટાંગ યોગ વિશે સવિસ્તર જણાવો જેથી હું તે જાણી જીવન્મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરું." તેનાં નિવેદનનાં પ્રતિભાવમાં યોગનાં આઠ અંગ યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિનું વર્ણન મહાયોગી દત્તાત્રેયજી કરે છે.

**પ્રથમ** ખંડમાં યમનાં દસ પ્રકાર સત્ય, અહિંસા, અસ્તેય, દયા, આર્જવ, બ્રહ્મચર્ય, ક્ષમા, ધૃતિ/ધીરજ, પરિમિત આહાર, બાહ્ય–આંતરિક પવિત્રતાનું વર્ણન કરે છે. **દ્વિતીય** ખંડમાં તપ, સંતોષ, દાન, આસ્તિકતા, લજ્જા, મતિ, જપ, વ્રત, ઈશ્વરપૂજા અને સિદ્ધાંતોને સાંભળવા એ વર્ણન કરે છે, એટલું જ નહીં કયાં આસનથી કેવા પ્રકારનાં આરોગ્ય વિષયક અને બ્રહ્મજ્ઞાન વિષયક લાભ પ્રાપ્ત થાય છે, તે જણાવે છે.

**ચતુર્થ** ખંડમાં મનુષ્ય શરીરનું વર્ણન કરે છે. કન્દસ્થાનના મધ્યભાગને નાભિ કહે છે, તેનાં મધ્યભાગમાં સુષુમ્ણા નાડી રહેલી છે. તેની આજુબાજુ બોંતેર હજાર નાડીઓ છે, તેમાં પણ સુષુમ્ણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગેરે ચૌદ નાડીઓ પ્રમુખ માનવામાં આવે છે, તેમાં સુષુમ્ણા, પિંગલા અને ઈડા એ શ્રેષ્ઠ છે તેમાં સુષુમ્ણા સર્વશ્રેષ્ઠ છે. આ સુષુમ્ણા નાડી કરોડરજ્જુમાં થઈ મસ્તક સુધી પહોંચે છે.

નાભિકંદથી નીચે બે આંગળી કુંડલિની છે જે આઠ પ્રકૃતિથી યુક્ત છે. તે બ્રહ્મરન્ધ્રના મુખને પોતાના મુખથી ઢાંકેલું રાખે છે. ત્યારબાદ જુદી-જુદી નાડીઓનાં સ્થાન વર્ણવે છે. આ નાડીઓમાં પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય એ દસ વાયુ, એ પ્રાણવાયુના શરીરમાં જુદાં-જુદાં સ્થાન અને કાર્યોનું વર્ણન કરે છે. ત્યારબાદ દરેક નાડીના દેવતા બતાવવામાં આવ્યા છે. તે પછી જુદી-જુદી સંક્રાન્તિ અને શરીરનાં જુદાં-જુદાં ભાગમાં રહેલાં તીર્થોનો નિર્દેશ કરે છે. તેમાં અંતે જ્ઞાનયોગમાં તત્પર યોગીઓનું ચરણ-જળ શ્રેષ્ઠ તીર્થરૂપ છે, તેમ જણાવી પરમેશ્વર આ જ દેહમાં બિરાજમાન છે તેને બહાર શોધે છે તે મૂર્ખ છે તેમ જણાવી બ્રહ્મનાં આનંદમય સ્વરૂપનો નિર્દેશ કરીને આત્મા અને બ્રહ્મ એક જ છે તેમ જણાવે છે.

નાડી શુદ્ધિની પદ્ધતિ, તે શુદ્ધ થતાં પુરુષ પરમ શુદ્ધ બને છે, તે પંચમ ખંડમાં જણાવી છઠ્ઠા ખંડમાં પ્રાણાયામનાં ક્રમનું વર્ણન કરતાં-કરતાં પૂરક, કુંભક અને રેચક ક્રિયાઓ દ્વારા પ્રાણને સંયમિત કરી શકાય છે તેમ જણાવે છે. પ્રાણાયામનાં અભ્યાસ દ્વારા પ્રાણને સંયમિત કરવામાં આવે તો પુરુષને એક વર્ષમાં બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, તેમ જણાવી પૂરક, કુંભક અને રેચકનું વિસ્તૃત વર્ણન કરે છે. ત્યારબાદ પ્રાણાયમના વિનિયોગ વિષે કહે છે. પ્રાણાયમ કરવાથી વાતપિત્તથી થતાં રોગ તેમજ નેત્રરોગ વગેરે દૂર થાય છે. અંતમાં પ્રાણાયમમાં કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ અવસ્થાને દર્શાવે છે. પ્રાણાયમ કરતી વખતે સ્વેદ ઉત્પન્ન થાય તે કનિષ્ઠ, શરીરમાં કંપન થાય તે મધ્યમ અને શરીર હલકું થઈ ઉપર ઊઠતું લાગે તે ઉત્તમ અવસ્થા છે.

સાતમાં ખંડમાં પ્રત્યાહારની વિવિધ વ્યાખ્યાઓ, તેનાં અભ્યાસથી પાપ અને જન્મ-મરણરૂપ વ્યાધિઓ નષ્ટ થઈ જાય છે, તેમ જણાવી આઠમાં ખંડમાં પંચ ધારણાઓ વિષે વાત કરે છે. આ ધારણાઓ સમયે हं, यं, रं, वं, लं એ બીજ મંત્રનો ક્રમશઃ ઉચ્ચાર કરવો જોઈએ. નવમાં ખંડમાં સત્યસ્વરૂપ પરબ્રહ્મનું આત્મરૂપથી શ્રદ્ધા સહિત ધ્યાન કરવું અને એવી ભાવના કરવી કે 'હું જ પરમેશ્વર છું.' ધ્યાનનાં બીજા પ્રકારમાં આનંદસ્વરૂપ પરબ્રહ્મનું ચિંતન કરવું અને બુદ્ધિ દ્વારા એવી ભાવના કરવી કે "પરબ્રહ્મ પરમેશ્વર હું જ છું."

દશમ ખંડમાં જગતનાં બંધનને દૂર કરનારી સમાધિનું વર્ણન કરે છે. આ સંપૂર્ણ જગતનું અસ્તિત્વ નથી તેમજ દેહ વગેરેને નહીં માનતા સાક્ષી સ્વરૂપમાં સ્થિત એક માત્ર શિવરૂપ પરમાત્મા જ માને છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની નિશ્ચયાત્મક બુદ્ધિને જ સમાધિ કહે છે. આ રીતે સમાધિ વિશે વિવિધ રજૂઆત કર્યા બાદ માયાવાદનો નિર્દેશ કરતાં હોય તેમ જણાવે છે કે આ સંપૂર્ણ વિશ્વને માયાનો ખેલ માત્ર માને છે, ત્યારે તેને પરમાનંદ પ્રાપ્ત થાય છે.

આ ઉપદેશ પછી દત્તાત્રેયજી મૌન થઈ ગયા તેમજ ઉપદેશને હૃદયમાં ધારણ કરી. મુનિ સાંકૃતિ જીવન્મુક્તની સ્થિતિને પ્રાપ્ત કરી આનંદમાં નિમગ્ન થઈ ગયા.

## (૧૬) જાબાલી

ભગવાન જાબાલિને મહર્ષિ પૈપ્પલાદ વગેરેએ પરમતત્ત્વનાં રહસ્યને સ્પષ્ટ કરવાં કહ્યું, જીવ શું છે? પશુ શું છે ? ઈશ કોણ છે ? મોક્ષનો ઉપાય શો છે ? ત્યારે જાબાલિ જણાવે છે કે; હું જે જાણું છું તે કહું, તેમ કહીં સર્વપ્રથમ જ્ઞાનની પરંપરા જણાવતા કહે છે કે; આ જ્ઞાન પોતાને ષડાનન પાસેથી, ષડાનને ઈશાન પાસેથી, ઈશાને ઉપાસનાથી પ્રાપ્ત કર્યું.

જાબાલિ જણાવે છે કે અહંકારથી યુક્ત પશુપતિ જ સંસારી જીવ છે. પંચકૃત્યોથી યુક્ત, સંપન્ન, સર્વજ્ઞ, સર્વેશ્વર ઈશ જ પશુપતિ છે. જીવને જ પશુ કહેવામાં આવે છે, જીવ જ વિવેકહીન બની જતાં પશુ કહેવાય છે, પરંતુ જીવ સ્વામીના વશમાં રહે છે. તેથી જીવોનાં સ્વામી સર્વજ્ઞ ઈશ કહેવાય છે. તેનું જ્ઞાન વિભૂતિ ધારણ કરવાથી થાય છે, તેમ જણાવી વિભૂતિ ધારણ કરવાની વિધિ દર્શાવે છે. ત્યારબાદ ત્રિપુંડની ત્રણેય રેખા વિશે વાત કરે છે. આ ભસ્મ ધારણ કરવાથી મહાપાતક અને ઉપપાતકો નાશ પામે છે. બધાં જ તીર્થોમાં સ્નાન કરવા સમાન છે. જે ભસ્મ ધારણ કરે છે અને રુદ્ર મન્ત્રોનો જપ કરે છે તે પુનર્જન્મ પામતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૩

## સામવેદનાં ઉપનિષદોનો સારાંશ

**અંત્યનોંધ :**

(૧) ડૉ. જે. કે. ભટ્ટ – ઉપનિષદ્ વિમર્શ

– પૃ. ૭૫

(૨) छा. उप. अ. १.१

(૩) छा. उप. अ. १.२

(૪) छा. उप. अ. १.३

(૫) छा. उप. अ. १.३.३-७

(૬) छा. उप. अ. १.४

(૭) छा. उप. अ. १.५.६-७

(૮) छा. उप. अ. १.८-१२

(૯) छा. उप. अ. १.१३

(૧૦) छा. उप. अ. २.१.२ ३

(૧૧) छा. उप. अ. २.४-८

(૧૧) (અ) छा. उप. अ. २.९.१०-११

(૧૨) छा. उप. अ. २.१२-१४

(૧૩) छा. उप. अ. २.१५-१९

(૧૪) छा. उप. अ. २.२०-२१

(૧૫) छा. उप. अ. ३.१-४

(૧૬) छा. उप. अ. ३.५

(૧૭) छा. उप. अ. ३.६-९

(૧૮) छा. उप. अ. ३.१०



For Private And Personal Use Only

(१९) छा. उप. अ. ३.१०

(२०) छा. उप. अ. ३.११

(२१) छा. उप. अ. ३.१२-१३

(२२) छा. उप. अ. ३.१४

(२३) छा. उप. अ. ३.१४

(२४) छा. उप. अ. ३.१५

(२५) छा. उप. अ. ३.१६

(२६) छा. उप. अ. ३.१७

(२७) छा. उप. अ. ३.१८

(२८) छा. उप. अ. ३.१९

(२९) छा. उप. अ. ४.१-३

(३०) छा. उप. अ. ४.३.५-८

(३१) छा. उप. अ. ४.४.९

(३२) छा. उप. अ. ४.१०-१५

(३३) छा. उप. अ. ४.१६

(३४) छा. उप. अ. ४.१७

(३५) छा. उप. अ. ५.१-२

(३६) छा. उप. अ. ५.३-९

(३७) छा. उप. अ. ५.१०

(३८) छा. उप. अ. ५.११-२४

(३९) छा. उप. अ. ६.१-५

(४०) छा. उप. अ. ६.७

(४१) छा. उप. अ. ६.८

(४२) छा. उप. अ. ६.९-१०



For Private And Personal Use Only

(४३) छा. उप. अ. ६.११

(४४) छा. उप. अ. ६.१२ १६

(४५) छा. उप. अ. ७.१-१५

(४६) छा. उप. अ. ७.१६-२३

(४७) छा. उप. अ. ७.२४

(४८) छा. उप. अ. ७.२५

(४९) छा. उप. अ. ७.२६

(५०) छा. उप. अ. ८.१

(५१) छा. उप. अ. ८.२-५

(५२) छा. उप. अ. ८.६

(५३) छा. उप. अ. ८.७-१५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૪

## સામવેદીય ઉપનિષદોમાં પ્રતિપાદિત તત્ત્વજ્ઞાન

For Private And Personal Use Only

# પ્રકરણ-૪
# સામવેદીય ઉપનિષદોમાં પ્રતિપાદિત તત્ત્વજ્ઞાન

## સાંખ્ય - ૪.૧

સાંખ્યનાં બીજ ઉપ.માં છે. શ્રી કપિલમુનિ અને તેને અનુસરીને ઈશ્વરકૃષ્ણએ સાંખ્યના સિદ્ધાંતોનું નિરૂપણ કરેલ છે. ઈશ્વરકૃષ્ણ પોતાની "સાંખ્યકારિકા"માં ખંડન, મંડન, આખ્યાયિકા વગર માત્ર સિદ્ધાંતોનું જ નિરૂપણ કરે છે. આ સિદ્ધાંતો ઉપ.માં પણ દષ્ટિગોચર થાય છે. તેનો દિશાનિર્દેશ કરવાનો જ હેતુ રાખેલ છે, વિશેષ ચર્ચાનો નહીં.

શ્રીમદ્ ભગવદ્ગીતા[1]માં પણ ભગવાને સાંખ્ય અને યોગને અલગ માનનારાઓને અજ્ઞાની કહ્યાં છે. તત્ત્વોની સંખ્યાનાં નિરૂપણ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ(સમ્યક્ ખ્યાતિ)ની વાત હોય તેથી સાંખ્ય કહેવાય છે. જ્યારે યોગ આ સિદ્ધાંતનો પુરૂષાર્થરૂપી સિદ્ધિમાં કેવી રીતે ઉપયોગ કરવો તે વર્ણવે છે. આમ બન્ને એકબીજાના પૂરક છે. સાંખ્ય સૈદ્ધાન્તિક શાસ્ત્ર છે જ્યારે યોગ પ્રાયોગિક. તેથી બે આંખથી જેમ એક જ વસ્તુનો અનુભવ થાય છે તેમ સાંખ્ય-યોગથી એક જ દુઃખાન્તરૂપ પુરૂષાર્થની સિદ્ધિ થાય છે.[2]

આ સાંખ્યનું મૂળ ઋગ્વેદના નાસદીય સૂક્તમાં[3] છે. ત્યાં "અંધારાથી ઢંકાયેલું તમસ હતું, જેમાં અવ્યક્ત પ્રકૃતિ જગતનું મૂળ કારણ છે, જે આગળ જતાં પ્રવાહાત્મક જલ જેવું થયું" વગેરે. આમ વેદ સંહિતાઓમાં "વ્યક્ત" અને "અવ્યક્ત" એવા નામો છે. તો સાંખ્યના ચેતન 'પુરુષ'નું નામ આપણને પુરુષસૂક્તમાં જોવા મળે છે. ત્યાં આ સૃષ્ટિમાં રહેલાં ચેતન તત્ત્વને પુરુષ કહેલ છે.

સાંખ્યનો સત્કાર્યવાદનો સિદ્ધાન્ત પ્રસિદ્ધ છે. તેનાં મૂળ તાંડય અને વાજસનેયી શાખાના બ્રાહ્મણોમાં જોઈ શકાય છે. ત્યાં "અસત્ શબ્દ દ્વારા અવ્યક્ત દશાવાળા કારણ દ્રવ્ય અથવા સાંખ્યની મૂળ પ્રકૃતિનો બોધ થાય છે અને સત્ વડે વ્યક્ત દશાવાળાં અહંકાર અથવા અભિમાન તત્ત્વનો બોધ થાય છે; જો કે શ્રૌતભાષામાં આ શબ્દો ફક્ત અચેતન કારણના વાચક નથી પરંતુ અંતર્ગત ચેતનથી સંપદ પામતા કારણના વાચક છે."[4]

સાંખ્ય અને યોગ બન્નેના સંબંધમાં મૈત્રાયણી ઉપ. પરસ્પર સંબંધિત ગણાવી એક-બીજાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂરક ગણાવે છે. પ્રેમાં શાકાયન્ન મુનિ જણાવે છે કે– "પ્રકૃતિની વિભિન્નતાને કારણે ગુણ, ઇચ્છાના બંધનમાં બંધાઈ જાય છે. તેની મુક્તિ ત્યારે જ થાય છે, જ્યારે ઇચ્છાઓનાં દોષ દૂર થાય અને તે બુદ્ધિથી જોવા લાગે. જેને આપણે અભિલાષા, કલ્પના, સંશય, વિશ્વાસ, અવિશ્વાસ વગેરે કહીએ છીએ તે માત્ર બુદ્ધિ જ છે. પોતાની કલ્પનામાં જ અંધકારથી આક્રાન્ત થઈને ગુણોમાં વહીને વિચલિત થઈને, અનિશ્ચિત, દિક્મૂઢ, અપંગ, ઇચ્છાઓથી આક્રાન્ત, કર્તવ્યમૂઢ એવી ધારણા–ઓથી બંધાઈ જાય છે. "આ હું છું, તે મારું છે" અને એ પ્રમાણે પોતાની આત્માને પોતે જ બાંધી લે છે; જેવી રીતે પક્ષી પોતે પોતાને માળામાં બાંધી લે છે. તેથી તે મનુષ્ય જે ઇચ્છા, કલ્પના અને ધારણાને વશીભૂત હોય છે, તે ગુલામ હોય છે અને જે તેનાં વશમાં ન હોય તે સ્વતંત્ર હોય છે. તેથી મનુષ્યએ પોતાની ઇચ્છા, કલ્પના અને ધારણાથી મુક્ત રહેવું જોઈએ તે જ સ્વાતંત્ર્યનું લક્ષણ છે, બ્રહ્મ પ્રાપ્તિનો માર્ગ છે."[૫]

દાસગુપ્તે વાત્સ્યનમુનિના ભાષ્યમાંથી ઉદાહરણ આપી સાંખ્ય અને યોગ વચ્ચેનો ભેદ દર્શાવતા જણાવે છે કે– "સાંખ્યની દૃષ્ટિએ કોઈ વસ્તુ ઉત્પન્ન કે નાશ પામતી નથી; શુદ્ધ ચેતનામાં કોઈ પરિવર્તન આવતું નથી. બધું જ પરિવર્તન શરીર, ઇન્દ્રિયો, મન તથા બાહ્ય પદાર્થોમાં થાય છે. યોગનો મત છે કે સંપૂર્ણ સૃષ્ટિ પુરુષના કર્મ ઉપર આધારિત છે. બધા જ દોષ અને પ્રવૃત્તિ કર્મને કારણે જ શક્ય બને છે. ચેતના સગુણ હોય છે. જે અસત્ હોય તે સત્તામાં આવી શકે છે અને જે ઉત્પન્ન છે તે વિનષ્ટ થાય છે. આ મત વ્યાસભાષ્યથી ભિન્ન છે, તેમજ ન્યાય દર્શનની નજીક છે. જો વાત્સ્યાયનનાં કથનને સત્ય માનીએ તો એ પ્રતીત થાય છે કે સૃષ્ટિની રચના પાછળ કોઈક ઉદ્દેશ્ય રહેલો છે, આ ધારણા સાંખ્યે યોગ પાસેથી લીધી છે.[૬]

**સાંખ્યના પચ્ચીસ તત્ત્વોનાં ચાર વર્ગો નીચે પ્રમાણે છે :[૭]**

(૧) પ્રકૃતિ, (૨) પ્રકૃતિ–વિકૃતિ, (૩) વિકૃતિ, (૪) અનુભવરૂપ તેમાં પ્રથમ તત્વ તે પ્રકૃતિ/પ્રધાન. એ આત્મસર્જક શક્તિ, જે ક્યારેય ઉત્પન્ન થઈ નથી; પરંતુ સર્વેને સર્જે છે. ત્યાર પછીના સાત તત્ત્વો– (૧) મહત્/બુદ્ધિ, (૨) અહંકાર, (૩) પંચ તન્માત્રાઓ, જે પ્રકૃતિ–વિકૃતિ બન્ને છે. કારણ કે તેઓ ઉત્પન્ન થાય છે માટે વિકૃતિ છે, પોતાનામાંથી ઉત્પન્ન કરે છે માટે પ્રકૃતિ છે. જ્યારે દશ ઇન્દ્રિયો, મન અને પંચ મહાભૂતો માત્ર વિકૃતિ/સૃષ્ટિ છે. કારણ કે તેઓ ઉત્પન્ન થાય છે, પરંતુ પોતાનામાંથી કોઈને ઉત્પન્ન કરતાં નથી. આ ઉપરાંત ૨૫મું તત્ત્વ તે "પુરુષ" અર્થાત્ આત્મા જે નિર્ગુણ, નિરાકાર, દૃષ્ટા છે. આ પચીસ તત્ત્વોને નીચે પ્રમાણે કોઠામાં ગોઠવી શકાય–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) મૂળપ્રકૃતિ

↓

(૨) મહત્ (બુદ્ધિ)

↓

(૩) અહંકાર (સાત્ત્વિક, રાજસ્, તામસ્)

↓

| જ્ઞાનેન્દ્રિયો | કર્મેન્દ્રિયો | (૧૪) મન | તન્માત્રાઓ |
|---|---|---|---|
| (૪) શ્રોત્ર | (૯) વાક્ | | (૧૫) શબ્દ |
| (૫) ત્વક્ | (૧૦) પાણિ | | (૧૬) સ્પર્શ |
| (૬) ચક્ષુ | (૧૧) પાદ | | (૧૭) રૂપ |
| (૭) જિહ્વા | (૧૨) પાયુ | | (૧૮) રસ |
| (૮) નાસિકા | (૧૩) ઉપસ્થ | | (૧૯) ગંધ |

↓

પંચ મહાભૂતો

↓

(૨૦) આકાશ (૨૧) વાયુ (૨૨) તેજસ્ (૨૩) જલ (૨૪) પૃથ્વી

– (૨૫) (દ્રષ્ટા) પુરૂષ.

આ સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા કપિલમુનિ[૮] માનવામાં આવ્યાં છે. ઈશ્વરકૃષ્ણ પણ સાંખ્યકારિકા[૯]માં કપિલમુનિને આદ્ય આચાર્ય તરીકે ઓળખાવે છે.

મહો ઉપ.[૧૦] સૃષ્ટિ ઉત્પત્તિના સંદર્ભમાં પચીસ તત્ત્વોની ગણતરી આપે છે. તેમાં અને સાંખ્યમાં એ તફાવત છે કે; સાંખ્યમાં અવ્યક્ત પ્રકૃતિમાંથી વ્યક્ત પ્રકૃતિ એ ક્રમે સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે.[૧૧] જ્યારે મહો.માં સર્વપ્રથમ માત્ર નારાયણ હતાં; ચંદ્રમા, બ્રહ્મા વગેરે કશું જ ન હતું. આ નારાયણને એકલા રહેવાની ઈચ્છા ન થતાં અંતઃસ્થ સંકલ્પ કર્યો; તે ધ્યાનરૂપ સંકલ્પ યજ્ઞસ્તોમ કહેવાયો. તેમાંથી ચૌદ પુરુષ અને એક કન્યાની ઉત્પત્તિ થઈ. તેમાં દસ ઈન્દ્રિયો(વાક્ વગેરે) મન, અહંકાર, પ્રાણ અને આત્મા. બુદ્ધિરૂપ કન્યા, તે કન્યામાંથી પંચ તન્માત્રાઓ અને તે તન્માત્રાઓમાંથી પંચ મહાભૂત ઉત્પન્ન થયાં. આ પચીસ તત્ત્વોનાં સંયોગથી એક પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષમાં વિરાટ્ પુરુષ પ્રવિષ્ટ થયો. જ્યારે સાંખ્યમાં પુરુષનાં સાંનિધ્યની વાત છે, પ્રવેશની નહીં.[૧૨]



For Private And Personal Use Only

**સાંખ્યમત :**

સાંખ્યશાસ્ત્રમાં પ્રકૃતિમાંથી બુદ્ધિ, પંચતન્માત્રા, પંચમહાભૂત વગેરેની ઉત્પત્તિની વાત કરવામાં આવી છે. એ જ પ્રમાણે યોગચૂડામણી ઉપ.માં પણ સૃષ્ટિ નિર્માણની રજૂઆત છે. તફાવત એ છે કે સાંખ્ય પુરુષને દૃષ્ટા અને ચેતન માને છે અને અવ્યક્ત એવી જડ પ્રકૃતિમાંથી સૃષ્ટિ સર્જન થાય છે, જ્યારે અહીં ૐ સ્વરૂપ જે નિત્ય, શુદ્ધ બુદ્ધ સ્વરૂપ; નિરંજન, નિર્વિકલ્પ, નામ રહિત, જે પરબ્રહ્મ છે, તેણે સ્વયં જ્યોતિરૂપ પરાશક્તિને ઉત્પન્ન કરી. આ પરાશક્તિ/આત્મામાંથી આકાશની ઉત્પત્તિ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જલ, જલમાંથી પૃથ્વિની ઉત્પત્તિ થઈ. છા.ઉપ.નાં આકાશમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ અથવા ત્રિવૃત્કરણનાં સિદ્ધાંતમાં આ બાબત દૃષ્ટિગોચર થાય છે. સાંખ્યમાં અવ્યક્ત પ્રકૃતિમાં સામ્યાવસ્થામાં રહેલાં ત્રિગુણમાં ક્ષોભ ઉત્પન્ન થતાં પુરુષના ભોગ–મોક્ષ માટે સૃષ્ટિ સર્જન થાય છે. જ્યારે અહીં સ્વયં પરમાત્મા જ્યોતિરુપ પરાશક્તિને ઉત્પન્ન કરે છે અને તેનો વિસ્તાર કરે છે. સાંખ્યમાં પંચમહાભૂતોના સ્વામીની વાત નથી; જ્યારે અહીં પંચમહાભૂતોનાં અધિપતિઓમાં સદાશિવ, ઈશ્વર, રુદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા છે. તેમાં બ્રહ્મા ઉત્પત્તિ, વિષ્ણુ, પાલન અને રુદ્ર સંહાર કરતાં છે, જે આ ઉપ. પુરાણ સમયનું છે તેમ દર્શાવે છે અથવા આ વિચાર પૌરાણિક સમયમાં વિશેષ પ્રચલિત બન્યો છે.

બ્રહ્મા–વિષ્ણુ અને રુદ્ર એ અનુક્રમે રજો–સત્વ અને તમોગુણનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં સર્વ પ્રથમ બ્રહ્મા ઉત્પન્ન થયાં તેમાં રજોગુણનું પ્રાધાન્ય છે, જે કાર્ય કરવાનો ગુણ ધરાવે છે, તેથી તે સૃષ્ટિની રચના કરે છે. જ્યારે વિષ્ણુ પાલન અને રુદ્ર સંહાર કરે છે.

બ્રહ્મા સૃષ્ટિની રચના કરે છે ત્યારે ભૂઃ ભુવઃ સ્વઃ મહઃ જનઃ તપઃ સત્યં એ સાત લોક અને અતલ–વિતલ–સુતલ–તલાતલ–રસાતલ–પાતાલ અને પૃથ્વી એ સાત લોકની સૃષ્ટિ રચે છે. આ સૃષ્ટિમાં દેવસૃષ્ટિ, પક્ષી સૃષ્ટિ, નરસૃષ્ટિ અને સ્થાવર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. સાંખ્યમાં પણ આ જ પ્રમાણે સૃષ્ટિ વિભાજન છે. તેમાં જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, જ્ઞાન, વિષય, પ્રાણ વગેરે પંચવાયુ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ સ્થૂળરૂપે કલ્પવામાં આવ્યાં છે. તે સ્થૂળરૂપે પ્રકૃતિ છે, તેમાં પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, જ્ઞાન, વિષય, પંચવાયુ, મન, બુદ્ધિ એ ૧૯ તત્ત્વો સૂક્ષ્મરૂપ 'લિંગ' શરીર કહેવાય છે. સાંખ્યમાં પંચજ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, પંચતન્માત્રા, મન, બુદ્ધિ, અહંકાર એમ અઢાર તત્ત્વોનું સૂક્ષ્મ શરીર માને છે, જ્યારે વેદાન્તસાર અહંકારને બુદ્ધિમાં સંલગ્ન ગણીને ૧૭ તત્ત્વોનું સૂક્ષ્મ શરીર માને છે. મનુષ્યનાં પુનર્જન્મ માટે આ સૂક્ષ્મ શરીર જ કારણભૂત છે, કારણ કે પંચમહાભૂતનાં બનેલા દેહનો નાશ થતાં કર્મને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આધીન અને ભાવમાં રહેલું આ સૂક્ષ્મ શરીર તૃણજાલની જેમ ભાવને આધારે અન્ય શરીરમાંથી ગતિ કરે છે અને પુનર્જન્મને પામે છે. આ જગત્ ભાવમય છે. તેથી જ ગીતા[૫૯] પણ કહે છે કે– જેવા ભાવ સાથે દેહ છોડે તેવા પુનર્જન્મને પામે છે.

## (૧) કારણ–કાર્યવાદ/સત્કાર્યવાદ :

છા. ઉપ.માં સાંખ્યના સત્કાર્યવાદના બીજ છે. તેમાં ઉદ્દાલક આરુણિ પોતાના પુત્રને સમજાવતાં જણાવે છે કે– હે સૌમ્ય, "પહેલાં સત્ જ હતું." આ બાબતને સમજાવવા માટે તે વડનું દૃષ્ટાન્ત આપે છે, વડનાં બીજને લઈ આવવાનું કહે છે, તેને તોડવાનું કહે છે, તેમાંથી નાના બીજ નીકળે છે, તેને તોડવાનું કહે છે, તે તોડતા અત્યંત સૂક્ષ્મ બીજ જે ન જોઈ શકાય તેવા છે, તેથી "કશું જ દેખાતું નથી." એમ શ્વેતકેતુ કહે છે. આ દેખાતું નથી તેમાંથી જ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે, તેમ ઉદ્દાલક જણાવે છે. જે સત્ તત્ત્વ છે, તે જ સાંખ્યની અવ્યક્ત સૂક્ષ્મ પ્રકૃતિ છે, જે અનુભવથી જ સમજી શકાય છે.[૬૦]

ઈશ્વર કૃષ્ણ આ સત્કાર્યવાદને સમજાવતા જણાવે છે કે– "અસત્‌માંથી કંઈ ઉત્પન્ન થતું નથી, કાર્યથી તે તે ઉપાદાનને ગ્રહણ કરે છે, બધાં કાર્યો બધે સંભવતા નથી; શક્તમાંથી જ શક્ય ઉત્પન્ન થાય છે અને કારણના ભાવ(તાદાત્મ્ય)થી કાર્ય સત્ છે."[૬૧]

સાંખ્યની આ મૂળ પ્રકૃતિ ત્રણ ગુણથી વિંટળાયેલી છે. મૈત્રાયણી[૬૨] ઉપ. "જગત્ કારણ તમસ્ જે અવ્યક્ત હતું, પરંતુ અંતઃ પ્રેરણાથી વિષમતાને પામ્યું અને રજસ્ થયું અને તે રજસ્‌નો ક્ષોભ ચાલુ રહેવાથી સત્ત્વ થયું અને તે સત્ત્વના ચેતનમય અંશથી સંકલ્પ, નિશ્ચય અને અભિમાનવાળા ત્રણરૂપો (મન, બુદ્ધિ, અહંકાર) જાગ્યા."

છા. ઉપ.[૬૩] પણ "આ સર્વનાં મૂળમાં સત્ હતું" તેમ જણાવે છે.

ન. દ. મહેતા[૬૪]ના મતે ઈશો.માં "સંભૂતિ" અને "અસંભૂતિ" શબ્દોમાં "વિકૃતિ" અને પ્રકૃતિ" શબ્દો જૂએ છે. તેમ જ શ્વેતાશ્વતરો.નાં "બ્રહ્મચક્ર"નાં વર્ણનમાં સાંખ્ય–દર્શનનાં તત્ત્વો તે ચક્રનાં ત્રણ વૃત્તમાં, સોળ છેડામાં પચાસ આરામાં અને વીસ અવાન્તર આરામાં ગૂંથ્યા જણાય છે."

આમ સાંખ્ય–દર્શનના બીજ વેદ–ઉપનિષદ્‌માં રહેલાં છે. આ દર્શન સંખ્યાની ગણતરીનાં કારણે "સાંખ્ય" તરીકે ઓળખાય છે. મહાભારતમાં સંખ્યાની ગણતરીનાં અર્થમાં "સાંખ્ય" શબ્દ પ્રયોજાયો છે.[૬૫] सम् + ख्याम् – ઉપરથી "સાંખ્ય" શબ્દ બન્યો છે. તેનો અર્થ પુરુષ–પ્રકૃતિ વિવેક અથવા "વિવેક જ્ઞાન" પણ થાય છે. જ્યારે શ્રીમદ્ શંકરાચાર્ય "શુદ્ધ આત્મતત્ત્વનાં વિજ્ઞાન"ને સાંખ્ય કહે છે. તેમજ ડૉ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાધાકૃષ્ણન્ દાર્શનિક વિચારના અર્થમાં જ પ્રાચીન ગ્રંથોમાં સાંખ્ય શબ્દ પ્રયોજાતો હતો, સંખ્યાની ગણતરીમાં નહીં. આમ ડૉ. રાધાકૃષ્ણન્‌નો મત વધુ યોગ્ય છે.[૨૮]

**(૨) અવ્યક્ત પ્રકૃતિ, વ્યક્ત પ્રકૃતિ, પુરુષ, પુરુષ બહુત્વ :**

સાંખ્યમાં અવ્યક્ત પ્રકૃતિ જે પ્રધાન, કારણ રહિત, અવિનાશી, વ્યાપક અને ક્રિયાહીન છે જ્યારે વ્યક્ત પ્રકૃતિ અનિત્ય, અવ્યાપી, સક્રિય, અનેકાશ્રિત, લયયુક્ત, સાવયવ અને પરતંત્ર છે. તેમજ બન્નેમાં ત્રિગુણ, અવિવેકી; વિષય, સામાન્ય, અચેતન અને પ્રસવધર્મ એ સમાન છે. જ્યારે પુરુષ આ બન્નેથી વિપરીત છે. જે દષ્ટા પુરુષ છે. જે "બદ્ધ પુરુષ" તે પ્રત્યેક શરીરે ભિન્ન–ભિન્ન છે, તેથી "પુરુષ બહુત્વ"નો સિદ્ધાંત પ્રસિદ્ધ છે.

**પ્રકૃતિ અવ્યક્ત :**

અવ્યક્ત ઉપ. જણાવે છે તેમ અવ્યક્ત એ મૂળ પ્રકૃતિ છે. તેમાંથી વ્યક્ત પ્રકૃતિ ઉત્પન્ન થાય છે.[૨૯]

**વ્યક્ત પ્રકૃતિ(બુદ્ધિ)[૩૦] :**

વાક્ પ્રજાપતિરૂપ વ્યક્ત પ્રકૃતિને(બુદ્ધિને) જણાવે છે કે– તમે અવ્યક્તમાંથી ઉત્પન્ન થયેલ વ્યક્ત છો. વ્યક્ત વાક્‌ને પૂછે છે કે– "હું અવ્યક્તમાંથી કેવી રીતે ઉત્પન્ન થયો ? અને મારું કર્તવ્ય શું છે ? મને આજ્ઞા શું છે ?" તેના જવાબમાં વાક્ જણાવે છે કે– "અવ્યક્ત અવિશેષ છે" અર્થાત્ સૂક્ષ્મ છે. તેને તપ દ્વારા જ જાણી શકાય. તેથી વ્યક્ત પ્રકૃતિરૂપ પ્રજાપતિ હજાર વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક તપ કરે છે. આ વર્ણન વિષ્ણુના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલ બ્રહ્મા એક હજાર વર્ષ સુધી તપ કરે છે. તે વર્ણનની સાથે મળતું આવે છે.

તપને અંતે તેને "આનુષ્ટુભી" વિદ્યાની પ્રાપ્તિ થાય છે.

**પુરુષ–બહુત્વ :**

"જીવ અને પ્રકૃતિ દ્રવ્યની આધારભૂત શક્તિ છે. જીવો અનેક છે. જૈનોની જેમ જ પરંતુ તે ગુણ રહિત અને અંશ રહિત છે. નાના અથવા મોટા શરીરને ધારણ કરવાથી તે વિસ્તૃત અથવા સંકુચિત થતો નથી પરંતુ હંમેશાં સર્વવ્યાપી છે. તે એ શરીર પૂરતો જ સીમિત રહેતો નથી, તે જે શરીરમાં હોય; પરંતુ શરીર અથવા શરીરમાં રહેલાં મન તથા જીવ અથવા આત્માનો સંબંધ એવા પ્રકારનો છે કે માનસિક વિશ્વમાં જે કાંઈપણ ઘટના ઘટિત થાય છે, તેને આત્માનો જ અનુભવ માનવામાં આવે છે. આત્માઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક છે, જો તેમ ન હોય તો એક આત્માના જન્મથી સર્વ આત્માનો જન્મ અને એકના મૃત્યુથી સર્વ આત્માનું મૃત્યુ થઈ જાય."[૨૯]

સાંખ્ય જીવને શુદ્ધ ચિત્ત અને બધાં જ લક્ષણોથી રહિત માને છે. જ્યારે વેદાન્ત[૩૦] બધાં જ જીવોને એક જ આત્માના અથવા શુદ્ધચિત્ત અથવા બ્રહ્મનું જ સ્વરૂપ માને છે, પરંતુ સાંખ્ય અનુસાર તે વાસ્તવિક અને અનેક છે.[૩૧] સાંખ્યસૂત્રો[૩૨] પણ છે.

મૈત્રાયણી ઉપ.[૩૩] જણાવે છે કે કર્તાપણુ ભૂતાત્માનું જ હોય છે, અંદર રહેલી આત્મા તો શુદ્ધ અને પ્રેરક છે. તે ઇન્દ્રિયો દ્વારા કાર્ય કરે છે. તે ભૂતાત્મા જ ત્રણ ગુણોથી સંયુક્ત થઈને અનેક પ્રકારનો થઈ જાય છે અને ત્રણ ગુણોથી યુકત થઈ ચોરાસી લાખ યોનિમાં ભ્રમતો રહે છે. પરંતુ ત્રણ ગુણોથી યુક્ત ભૂતાત્મા કરતાં તેને પ્રેરણા આપનાર ત્રણ ગુણોથી રહિત પુરુષ(આત્મા) ભિન્ન છે. જેવી રીતે ચક્ર થી ચક્ર ચલાવનાર કુંભાર ભિન્ન છે.

(૩) ગુણ :

સાંખ્યદર્શનમાં ગુણોનું અલગ અસ્તિત્વ નથી. તે ગુણ સત્ત્વ રજ–તમ એ ત્રણ છે. આ ત્રણ ગુણ દરેક તત્ત્વની અંદર સમાહિત હોય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા પ્રણ જણાવે છે. તેમ આ પૃથ્વી ઉપર, આકાશમાં કે દેવલોકમાં પણ એવું કોઈ સત્ત્વ નથી કે જે પ્રકૃતિના આ ત્રણ ગુણોથી મુક્ત હોય.[૩૪]

યોગચૂડામણિ ઉપ.[૩૫] સત્ત્વ, રજ, તમો ગુણને આધારે જ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એમ ત્રણ દેવોનું વિભાજન કરે છે. તેમાં અ બ્રહ્મા, રાજસ, રક્તવર્ણ જે પ્રવૃત્તિનો સૂચક છે, તેથી તે સૃષ્ટિના રચયિતા છે. "ઉ" કાર સાત્ત્વિક, શુક્લવર્ણ અને વિષ્ણુ કહેવાય છે. સત્ત્વગુણ હંમેશાં બીજાને મદદરૂપ થવાની ભાવના ધરાવે છે. તેથી જ વિષ્ણુ પાલન કર્તા છે. "મ" કાર તમોગુણ કૃષ્ણવર્ણ અને રુદ્ર નામથી ઓળખાય છે. રુદ્ર સૃષ્ટિનો સંહાર કરનાર દેવતા છે. સાંખ્યમાં ત્રણેય ગુણો સાથે મળીને કાર્ય કરે છે. એજ રીતે અહીં પણ સત્ત્વ–રજ–તમને સાથે મળીને કાર્ય કરતાં જોઈ શકાય છે. જેમાં સત્ત્વ પાલન કરતાં વિષ્ણુ, રજો સૃષ્ટિ કરતાં બ્રહ્મા અને તમો સૃષ્ટિ સંહાર કરતાં રુદ્ર. તે દરેક તત્ત્વની પાછળ અત્યંત સૂક્ષ્મરૂપે રહેલાં જ હોય છે. આ ગુણની બાબત બાહ્ય પદાર્થોને જ નહીં આંતરિક બૌદ્ધિક ગુણોને પણ લાગુ પડે છે. તેને ધર્મ પણ કહેવામાં આવે છે. કારણ કે તેની અભિવ્યક્તિ ધર્મનાં રૂપમાં થાય છે.

સૂક્ષ્મ દ્રવ્યોનાં રૂપમાં સ્વયં–પ્રકાશ અને ઉર્ધ્વગામી, પરિવર્તનશીલ ગુણ સત્ત્વ કહેવાય છે. ગતિ અને ઊર્જાના તત્ત્વોવાળો વિભાગ રજોગુણ કહેવાય છે. પ્રતિરોધ કરનાર, દ્રવ્યાત્મક, સ્થૂળ, ભૌતિક



For Private And Personal Use Only

વિભાગો તમોગુણ કહેવાય છે. આ ગુણો જુદી-જુદી માત્રાઓમાં મિશ્રિત થાય છે અને પરિણામે જુદી-જુદી વસ્તુઓ ઉત્પન્ન થાય છે.

ઈશ્વરકૃષ્ણ[૬૬] સત્ત્વગુણને પ્રકાશમય, પ્રીતિદાયક અને સુખમય છે, રજોગુણ એટલે કે દુઃખ સ્વરૂપ છે અને તમોગુણ વિષાદ એટલે કે મોહસ્વરૂપ છે તેમ જણાવે છે. આ બાબતને સમજાવતાં ડૉ. વસંત પરીખ જણાવે છે કે– "સત્ત્વ એ પ્રકાશ માટે છે. અર્થાત્ વસ્તુમાત્રમાં રહેલા સત્‌ને-મૂળ તત્ત્વને તે પ્રકાશિત કરે છે. એ રીતે તેને બુદ્ધિ સાથે સીધો સંબંધ છે. સત્ત્વગુણ લઘુ છે, પ્રકાશની જેમ જ હળવો છે. તેની વૃત્તિ ઊંચી જવાની એટલે કે સર્જન વ્યાપાર કરવાની છે. રજોગુણ તેને ગતિ અર્પે છે. કારણ કે રજોગુણનું ધ્યેય જ પ્રવૃત્તિ છે."

પરંતુ આ ગતિને અવરોધનાર, તેનું નિયમન કરનાર અને એ અર્થમાં નીચે લઈ જવાની વૃત્તિ-વાળું બળ તે તમોગુણ છે. સત્ત્વની તદ્દન સામી દિશામા તમોગુણ પડેલો છે. જો તે આડો ન આવે તો જ રજોગુણ સત્ત્ગુણને સર્ગક્રિયામાં પ્રયોજી શકે.[૬૭]

ઈશ્વરકૃષ્ણ ગુણોનો પરસ્પર વ્યવહાર કેવો હોય છે તે દર્શાવે છે– (૧) અન્યોન્યનો અભિભવ, (૨) અન્યોન્યાશ્રયવૃત્તયઃ, (૩) અન્યોન્યજનનવૃત્તયઃ, (૪) અન્યોન્યમિથુનવૃત્તયઃ એમ ચાર પ્રકારે ગુણો વર્તે છે.

આ ત્રણેય ગુણોના જોડાણને સમજાવવા માટે દીપકનું ઉદા. આપે છે. દીપકમાં જેમ વાટ, તેલ અને જ્યોત પરસ્પરથી ભિન્ન છે, વિરોધી છે, તેમ છતાં પ્રકાશની ક્રિયામાં તેઓ એક સાથે જોડાઈને કાર્ય કરે છે. તેમ અહીં ગુણો પરસ્પર વિરોધી સ્વરૂપ ધરાવતા હોવા છતાં પરસ્પર સંકલિત થઈને કાર્ય કરે છે.

### (૪) મુક્તિ :

સાંખ્યશાસ્ત્ર જ્ઞાન પ્રાપ્ત થતાં મુક્તિ થાય છે તેમ જણાવે છે. આ મુક્તિ જીવન્મુક્તિ અને વિદેહ મુક્તિ છે.

### જીવન્મુક્તિ :

જ્ઞાન પ્રાપ્ત થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રારબ્ધકર્મ ભોગવાઈ જાય ત્યાં સુધી આ શરીર રહે છે. જેમ કુંભારનો ચાક અંત સુધી ફરતો રહે છે. આ અવસ્થા નિષ્કામ અવસ્થા હોય છે. જેને ગીતા સ્થિતપ્રજ્ઞ સ્થિતિ કહે છે.



For Private And Personal Use Only

**વિદેહમુક્તિ :**

પ્રારબ્ધકર્મ ભોગવાઈ જતાં શરીર છૂટી જાય છે અને પુનરાવૃત્તિ થતી નથી. તે વિદેહ મુક્તિ છે. ("મોક્ષ"માં ચર્ચા છે, તેથી પુનરાવર્તન કરેલ નથી.)

**(૫) ઈશ્વર :**

શરૂઆતમાં સાંખ્ય નિરીશ્વરવાદી હતું. પરંતુ પાછળથી તેમાં ઈશ્વરની સંકલ્પના કરવામાં આવી છે અને તેનાં સ્વરૂપની સ્પષ્ટતા કરેલી છે.

સાંખ્યમત ઈશ્વરને જગતના ઉપાદાન કારણ તરીકે સ્વીકારતો નથી, પરંતુ તેને સૃષ્ટિ રચનાના નિમિત્ત કારણ તરીકે સ્વીકારે છે. તેથી જ સાંખ્યસૂત્રમાં કહ્યું છે કે– "પરિણામ ન હોવા છતાં પરવશ હોવાને કારણે તેનો જગત સાથે સંબંધ છે."[૫]

યોગચૂડા. ઉપ.માં ઈશ્વર, ૐ સ્વરૂપ પરબ્રહ્મ જ્યોતિરૂપ પરાશક્તિને ઉત્પન્ન કરી અને તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. જે ઈશ્વરવાદનો નિર્દેશ કરે છે.

**(૬) જ્ઞાન મીમાંસા :**

"સાંખ્યના મતે આપણુ જ્ઞાન ફક્ત વસ્તુઓનું વૈચારિક ચિત્ર અથવા પ્રત્યયાત્મક બિમ્બ સ્વરૂપ છે. બાહ્ય વસ્તુઓ વાસ્તવિક છે, પરંતુ ઐન્દ્રિય જ્ઞેય વિષય અને માનસિક બિમ્બ, જેનાં આવર્તન–પ્રત્યાવર્તનને જ જ્ઞાન કહે છે, તે પણ વાસ્તવિક અને દ્રવ્યાત્મક છે. કારણ કે તે પણ બાહ્ય વસ્તુઓની સમાન સ્વરુપતઃ સીમિત છે. ઐન્દ્રિયજ્ઞાનની જેમ બિમ્બ આવે છે અને જાય છે. તે બાહ્ય વસ્તુઓનું પ્રતિરૂપ અથવા ચિત્ર હોય છે...... ...આ માનસિક બિમ્બ ચૈતન્યના સ્વરૂપમાં ભાસિત થતું નથી, ચૈતન્યનાં વિભિન્ન સિદ્ધાન્ત હોતા નથી, પરંતુ સંપૂર્ણ ચૈતન્યક્ષેત્ર એક જ વ્યક્તિની અનુમતિના રૂપમાં પરિભાષિત કરવામાં આવે છે."[૩૯]

**(૭) ભાવના :**

"ભાવનાનું સ્વરૂપ મહત્ત્વપૂર્ણ છે. આપણા વિચારો જ આપણી ભાવનાને વ્યક્ત કરે છે. કોઈપણ કાર્યનો ઉદ્ભવ પ્રથમક્ષણે અવિકસિત સંવેદનોના રૂપમાં નિર્મિત થાય છે, તે આપણને એક બિમ્બના રૂપમાં નહીં પરંતુ એક ઝટકાના રૂપમાં પ્રતીત થાય છે. આપણને એવો અનુભવ થાય છે કે આ એક ભાવનાત્મક પિણ્ડ નહીં, પરંતુ એક બિમ્બ છે. આપણા દૈનિક જીવનમાં પણ જ્ઞાનાત્મક વ્યાપારનું જન્મદાતા પૂર્વવર્તી તત્ત્વ ફક્ત ભાવાત્મક જ હોય છે."[૪૦]



For Private And Personal Use Only

ઈશ્વરકૃષ્ણ[૬૧] તેથી જ "ભાવસર્ગ"ની રજૂઆત કરે છે અને આ ભાવ દ્વારા જ બદ્ધ પુરુષ એક દેહમાંથી બીજા દેહમાં ગતિ કરે છે.(પુનર્જન્મમાં વિશેષ ચર્ચા છે.) મૈત્રા.[૬૨] પણ મનુષ્યનાં બંધન અને મોક્ષને માટે 'મન'ને કારણ માને છે. અર્થાત્ મનનાં જેવા ભાવ તેવી ગતિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૪

# સામવેદીય ઉપનિષદોમાં પ્રતિપાદિત તત્ત્વજ્ઞાન

## સાંખ્ય - ૪.૧

**અંત્યનોંધ :**

(૧) साङ्ख्ययोगौ पृथग्बालाः, प्रवदन्ति न पण्डिताः ।

एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥

— गीता ५.४

(૨) મહેતા ન. દ., હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિ પૃ. ૩૭-૩૮

(૩) ઋગ્વેદ, નાસદીય સૂક્ત

(૪) મહેતા ન. દ., હિ. ત. ઇતિ. પૃ. ૩૮

(૫) अस्ति खल्वन्यपरो भूतात्माऽऽख्यो कृतस्याकृतफलैरभिभूयमानः परिभ्रमतीति ॥

— मैत्रायणी उप. ३.२

(૬) डॉ. दासगुप्ता, भा. द. का इति. पृ. २१७

(૭) मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त ।

षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः ॥

— साङ्ख्यकारिका "३"

(૮) साङ्ख्यं प्रसूतं कापिलं......।

— मैत्रेयी उप. २.४

(૯) पुरुषार्थज्ञानमिदं गुह्यं परमर्षिणा समाख्यातम् ।

— साङ्ख्यकारिका "६९"

(૧૦) तस्मिन् पुरुषाश्चतुर्दश जायन्ते....संवत्सरादधिजायन्ते ॥

— महो. १.१-६

(૧૧) सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः, प्रकृतेर्महान्महतोऽहंकारोऽहंकारात्पञ्चतन्मात्राण्युभयमिन्द्रियं, तन्मात्रेभ्यः स्थूलभूतानि, पुरुष इति पञ्चविंशतिर्गणः ॥

— साङ्ख्यसूत्र १.६१ ॥



For Private And Personal Use Only

(१२) तस्माच्च विपर्यासात्सिद्धं साक्षित्वमस्य पुरुषस्य ।

कैवल्यं माध्यस्थं द्रष्टृत्वमकर्तृभावश्च ॥

— सांख्यकारिका १९

निर्गुणादिश्रुतिविरोधश्चेति ॥

— सांख्यसूत्र - १.५४

(१३) ॐ नित्यं शुद्धं बुद्धं निर्विकल्पं......पुरुषा विश्वतैजसप्राज्ञात्मानश्चेति ॥

विश्वो हि.....सर्वसाक्षीत्यत: पर: ॥

— योगचूडामणि उप. ७२

(१४) ....तच्च कार्यं प्रकृतिविरूपं प्रकृतेरसदृशम् ॥

— सांख्यकारिका ८

(१५) श्रीमद् भागवत्-एकादश स्कंध.....

(१६) अष्टविकल्पो दैवस्तैर्यग्योनश्च पञ्चधा भवति ।

मानुषश्चैकविध: समासतो भौतिक सर्ग: ॥

— सांख्यकारिका ५३

दैवादिप्रभेदा ।

— सांख्यसूत्र ३.४६

(१७) पूर्वोत्पन्नमसक्तं नियतं महदादिसूक्ष्मपर्यन्तम् ।

संसरति निरुपभोगं भावैरधिवासितं लिङ्गम् ॥

— सांख्यकारिका ४०

पूर्वोत्पत्तेस्तत्कार्यत्वं भोगादेकस्य नेतरस्य ॥

सप्तदशैकं लिङ्गम् ॥

व्यक्तिभेद: कर्मविशेषात् ॥

— सांख्यसूत्र-८, ९, १०

(१८) सूक्ष्मशरीराणि सप्तदशावयवानि लिङ्गशरीराणि ।

अवयवास्तु ज्ञानेन्द्रियपञ्चकं बुद्धिमनसी कर्मेन्द्रियपञ्चकं वायुपञ्चकं चेति ।...॥

— श्री सदानंद वेदान्तसार - १७, पृ. ४२

संपादक : प्रि. डॉ. सी. एल. शास्त्री आदि



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१९) यं यं वाऽपि स्मरन्भावं, त्यजत्यन्ते कलेवरम् ।

तं तमेवैति कौन्तेय, सदा तद्भावभावितः ॥

— गीता अ. ८.६

(२०) सौक्ष्म्यात्तदनुपलब्धिर्नाऽभावात् कार्यतस्तदुपलब्धेः ।

महदादि तच्च कार्यं प्रकृतिसरूपं विरूपं च ॥

— सांख्यकारिका ८

(२१) असदकरणादुपादानग्रहणात् सर्वसम्भवाभावात् ।

शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत्कार्यम् ॥

— सांख्यकारिका ९

(२२) तमो वा इदमेकमास तत् पश्चात्....सर्वभूतानामधिपतिर्बभूवेत्यसावात्मान्तर्बहिश्चान्तर्बहिश्च ।

— मैत्रायणी उप. ४.६

(२३) ....सन्मूलाः सौम्य इमाः सर्वाः प्रजाः । सदायतनाः सत्प्रतिष्ठाः ॥

— छां. उप. ६.८.४

(२४) મહેતા ન. દ., હિ. ત. ઈતિ. પૃ. ४१

(२५) दोषाणां च गुणानां च प्रमाणं प्रविभागतः ।

कंचिदर्थमभिप्रेत्य सा संख्येत्युपधार्यताम् ॥

— महाभारत

(२६) प्रोफेसर राममूर्ति शर्मा - अद्वैत वेदान्त इति. तथा सिद्धान्त पृ. १४

(२७) तं ह वागदृश्यमानाऽभ्युवाच- भो भो प्रजापते त्वमव्यक्तादुत्पन्नोऽसि व्यक्तं, ते कृत्यमिति । किमव्यक्तं यस्मादहमासिषम् । किं तद्व्यक्तं यन्मे कृत्यमिति । साऽब्रवीदविज्ञेयं हि तत्सौम्य तेजः । यदविज्ञेयं तदव्यक्तम् ॥

— अव्यक्तो. पृ. ४८८-४८९

(२८) अथापश्यदृचमानुष्टुभीं.....नमोनम इति ॥

— अव्यक्तो. पृ. ४८९

(२९) जननमरणकरणानां प्रतिनियमादयुगपत्प्रवृत्तेश्च ।

पुरुषबहुत्वं सिद्धं त्रैगुण्यविपर्ययाच्चैव ॥

— सांख्यकारिका (१८)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२९) (अ) डॉ. दासगुप्ता, भा. द. का इति पृ. २२५

(३०) ....एवम् विष्णु स वा एष एक त्रिधाभूतेऽष्टधैकादशधा द्वादशधाऽपरिमितधा चोद्भूत उद्भूतत्वाद्भूतेषु चरति प्रतिष्ठा सर्वभूतानामधिपतिर्बभूवेत्यसावात्मान्तर्बहिश्चान्तर्बहिश्च ॥

— मैत्रा. उप. ॥४.६॥

(३१) डॉ. दासगुप्ता. भा. द. का इति पृ. २२६

(३२) जन्मादिव्यवस्थातः पुरुषबहुत्वम् ॥

उपाधिभेदेऽप्येकस्य नानायोग आकाशस्येव घटादिभिः ।

उपाधिर्भिद्यते न तु तद्वान् ॥

— सांख्यसूत्र १.४९, ५०, ५१

(३३) अथान्यत्राप्युक्तः यः कर्ता सोऽयं......भूतात्मोपसंश्लिष्टत्वात् ॥

— मैत्रा. उप. ३.३

(३४) न तदस्ति पृथिव्यां वा, दिवि देवेषु वा पुनः ।

सत्त्वं प्रकृतिजैर्मुक्तं, यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था, मध्ये तिष्ठन्ति राजसाः ।

जघन्यगुणवृत्तिस्था, अधो गच्छन्ति तामसाः ॥

— गीता १८.४०; १४.१८

ऊर्ध्वं सत्त्वविशाला ॥

तमोविशाला मूलतः ॥

मध्ये रजोविशाला ॥

— सांख्यसूत्र - ३.४८–५०

(३५) अकारो राजसो रक्तो ब्रह्मा चेतन उच्यते ।

उकारः सात्त्विकः शुक्लो विष्णुरित्यभिधीयते ॥

मकारस्तामसः कृष्णो रुद्रश्चेति तथोच्यते ।

प्रणवात्प्रभवो ब्रह्मा प्रणवात्प्रभवो हरिः ॥

— योगचूडा. उप. ७५-७६

(३६) सत्त्वं लघु प्रकाशकमिष्टमुपष्टम्भकं चलं च रजः ।

गुरुवरणकमेव तमः प्रदीपवच्चार्थतो वृत्तिः ॥

— सांख्यकारिका १३



For Private And Personal Use Only

(૩૭) ડૉ. વસંત પરીખ, સાંખ્યકારિકા પૃ. ૧૦૮–૧૦૯

(૩૮) પ્રા. જિતેન્દ્ર દેસાઈ, સાંખ્યકારિકા પૃ. ૪૦

(૩૯) डॉ. दासगुप्ता - भा. द. का इति. पृ. २२६

(૪૦) डॉ. दासगुप्ता - भा. द. का इति. पृ. २२१

(૪૧) पूर्वोत्पन्नमसक्तं नियतं महदादिसूक्ष्मपर्यन्तम् ।
संसरति निरुपभोगं भावैरधिवासितं लिङ्गम् ॥

— सांख्यकारिका ४०

(૪૨) मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥

— महो. ४.११

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગ - ૪.૨

વ્યાકરણ શાસ્ત્રમાં युज् समाधौ व युजिर् योगे એ બે ધાતુઓ યોગનાં અર્થમાં પ્રાપ્ત થાય છે. 'युजिर् योगे' ધાતુ મિલન, સંયોગ, જોડવું એ અર્થમાં તથા 'युज् समाधौ' એ ધાતુ સમાધિના અર્થમાં લેવામાં આવે છે. યોગના સંદર્ભમાં "युज् समाधौ" ધાતુ ખરેખર સાર્થક અને યોગ્ય પ્રતીત થાય છે. કારણ કે યોગ અધ્યાત્મ શાસ્ત્ર છે. તેનું મુખ્ય ધ્યેય સમાધિ જ છે. તત્ત્વવૈશારદીકાર યોગ શબ્દની વ્યુત્પત્તિ આ ધાતુથી ઉત્પન્ન થયેલી માને છે.[૧] ભાષ્યકાર વ્યાસ પણ "योग-स्समाधि" કહીને આ ધાતુથી જ યોગ શબ્દની વ્યુત્પત્તિ માને છે. સમાધિ શબ્દ જ સ્વરૂપાવસ્થાનનો દ્યોતક છે.[૨]

'युजिर् योगे' ધાતુનો અર્થ જીવાત્મા–પરમાત્મ. બન્નેની અપ્રત્યક્ષાનુભૂતિ જ મિલન અથવા ઐકય છે. તે જ યોગ્ય છે. અદ્વૈતવાદીઓના મતાનુસાર જીવ પરમાત્મામાં લીન થઈ જાય છે, તે આ બાબતનું તાત્પર્ય નથી.[૩]

ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહે છે.[૪] "योगश्चित्तवृत्ति निरोधः" વ્યાખ્યાને વિસ્તૃત રીતે સમજાવી; શ્રી ભાણદેવ યોગ એટલે "ચિત્તની વૃત્તિઓનું શાંત થઈ જવું – રોકાઈ જવું." એમ સાધ્યલક્ષી–સાધનલક્ષી બન્ને આ વ્યાખ્યામાં આવી જાય છે. તેમ જણાવી; "યોગ એટલે ચિત્તની વૃત્તિમુક્ત અવસ્થા." આ યોગની સાધ્યલક્ષી વ્યાખ્યા છે; અને "યોગ એટલે ચિત્તની વૃત્તિમુક્ત અવસ્થા સુધી પહોંચાડનાર સાધન માર્ગની આ સાધનલક્ષી વ્યાખ્યા છે.[૫]

યોગ એટલે પોતાની પૂર્ણતા મેળવવા માટે વ્યવસ્થિત પ્રયત્ન કરવો તે. એ પ્રયત્ન કરવાની શક્યતા જીવનમાં પોતાનામાં રહેલી જ છે તેને બહાર લાવવાથી તે સફળ થાય છે. એ પ્રમાણે મનુષ્યના વ્યક્તિત્વને વિરાટ, વિશ્વ અને પરાત્પર સચ્ચિદાનંદ જોડે એક કરવું એને જ યોગ કહેવામાં આવે છે. "દરેક મનુષ્યમાં પ્રકૃતિગત રીતે તે બાબત હોય જ છે, તેને બહાર લાવવાનો પ્રયત્ન કરવાની જરૂર છે અને તે પ્રયત્ન એટલે જ યોગ." તેથી જ શ્રી સ્વામી વિવેકાનંદ કહે છે કે; "યોગ એટલે પોતાના આત્માનો વિકાસ એક જીંદગીમાં અથવા થોડા વર્ષોમાં કરી લેવો તે."[૬]

મૈત્રા. ઉપ.માં પ્રાણ, મન અને ઇન્દ્રિયોનું એક થઈ જવું, એકાગ્રાવસ્થા પ્રાપ્ત થવી, બાહ્ય વિષયોમાંથી વિમુખ થઈને ઇન્દ્રિયોનું મનમાં અને મનનું આત્મામાં જોડાઈ જવું, પ્રાણનું નિશ્ચલ થવું તે



For Private And Personal Use Only

યોગ છે.[૭] યોગ એટલે જોડાવું તે, મનુષ્યનું પ્રભુ સાથે જોડાવું તેનું નામ યોગ. શરીર, પ્રાણ, મન, હૃદય, જ્ઞાન શક્તિ વગેરે કોઈપણ કરણ દ્વારા એ યોગ થઈ શકે.[૮]

'યોગ' શબ્દનો અર્થ તૈયારી, ઉપાય, ધ્યાન, સંગતિ અને યુક્તિના અર્થમાં થાય છે.[૯] શ્રી ભાણદેવ અમરકોશની આ વ્યાખ્યાની સ્પષ્ટતા કરતાં જણાવે છે કે– "તૈયારી(અધ્યાત્મની તૈયારી); આધ્યાત્મિક વિકાસનો ઉપાય, ધ્યાન, સંગતિ(સંવાદિતા) અને આધ્યાત્મિક વિકાસની યુક્તિ, આમ આ વ્યાખ્યા પ્રમાણે શરીર, પ્રાણ, મન અને બુદ્ધિથી આધ્યાત્મિક વિકાસ માટે જે કંઈ કરવામાં આવે તેને યોગ કહે છે."[૧૦] તેથી યોગની વ્યાપક વ્યાખ્યા કરતાં શ્રી ભાણદેવ લખે છે કે– "યોગ એટલે પરમ સત્યની પ્રાપ્તિ માટેની સાધન પદ્ધતિ." અથવા "આત્મ દર્શન, વિજ્ઞાન અને કળા."[૧૧]

ગીતામાં કર્મોની કુશળતાને યોગ કહેલ છે.[૧૨] કર્મ બંધન ન લાગે તે રીતે કર્મ કરવાં તે કર્મમાં કુશળતા કહેવાય છે. નિષ્કામભાવે કરેલ કર્મથી બંધન લાગતું નથી; પરિણામ સ્વરૂપે તે કર્મ પુનર્જન્મનું કારણ બનતું નથી. કર્મોમાં કુશળતાનો અર્થ વશીકરણ, જાદુ, ઇન્દ્રજાલ, મારણ, ઉચ્ચાટન વગેરે વિદ્યા નથી.[૧૩]

"યોગ એટલે ભગવાન સાથે મિલન – ભગવાન સાથે એકતા. એ એકતા વિશ્વથી પર પરાત્પરમાં, વિરાટ્માં કે વ્યક્તિમાં પોતાનામાં થાય, યા તો આપણા યોગની જેમ એકી સાથે ત્રણે પ્રકારની એકતા પણ હોય. બીજી રીતે કહીએ તો યોગ એટલે એવી ચેતનાની પ્રાપ્તિ કે જેથી માનવ પોતાની ક્ષુદ્ર અહંતા, વૈયક્તિક મન, અંગત પ્રાણ તથા શરીર વગેરેથી મર્યાદિત થયા વિના, પરમ પુરુષોત્તમ જોડે, યા તો વિરાટ્ ચેતના જોડે કે પછી, પોતાની અંદર રહેલી કોઈ ગહન આંતરચેતના પ્રત્યે એકતા અનુભવી શકે, તેથી તે પરમ સત્યરૂપને ઓળખતો થાય છે."[૧૪]

## યોગનું મહત્ત્વ :

યોગ અદ્ભુત અને ચમત્કારિક નથી. જેવી રીતે યંત્રમાં વીજળી અથવા વરાળ શક્તિ એકઠી કરીને કાર્ય કરે છે; તેમ શરીરમાં રહેલી પ્રાકૃતિક શક્તિને કેન્દ્રિત કરી નિશ્ચિત દિશા તરફ વાળી ઇચ્છિત કાર્યસિદ્ધિ માટે પ્રેરિત કરવી તે યોગ છે. આ યોગ વાસ્તવિક છે અને અનુભવી શકાય છે, જોઈ શકાય છે. આ યોગમાં જીવન કૃત્રિમ ન બની જાય તેનું ધ્યાન રાખવાનું છે. યોગ માટે સંસાર છોડવાની જરૂર નથી; પરંતુ જનક વગેરેની જેમ મોહ છોડીએ– આસક્તિઓ ત્યજીએ તો જંગલમાં કે એકાંતમાં જવાની જરૂર નથી. જીવનમાં ક્યારેક ત્યાગની જરૂર પડે, એકાંતની જરૂર પડે તો થોડા સમય માટે યોગ્ય છે; પરંતુ હંમેશને માટે સંસાર ત્યાગની નહીં. કારણ કે મનુષ્ય પોતાના આંતર જીવન પ્રત્યે દૃષ્ટિ કરી 'પૂર્ણ જીવન

યોગ' જ છે તેમ સમજી શકે છે. તેથી જ મહર્ષિ અરવિંદ યોગના હેતુ વિષે જણાવતાં કહે છે કે– "યોગના અનુભવો અત્યંત આકર્ષક હોય છે. શરીર, પ્રાણ, મન વિગેરેનો ત્યાગ કર્યા વિના વિશ્વમાં પ્રભુનો સાક્ષાત્કાર થાય અને વિજ્ઞાન પ્રાપ્ત કરી જીવનમાં તેનો આવિર્ભાવ થાય એ યોગનો હેતુ છે."[૧૫]

[૧૬]યોગ સિદ્ધ કરવા માટે જ્ઞાન અને પ્રેમ બન્ને જરૂરી છે. એકલો પ્રેમ આપત્તિજનક બની શકે છે, જ્ઞાન વગરનો પ્રેમ મહાશક્તિ છે પરંતુ સાથે–સાથે ઠોકર પણ ખવડાવે છે. જ્ઞાનના વિકાસને અને ઘણીવાર આત્મસાક્ષાત્કારને રોકે છે. પરંતુ જે પ્રેમ જ્ઞાનમય હોય તે આપણને દોરી જાય છે, તે અનંત તથા નિરપેક્ષ યોગનો સાક્ષાત્કાર કરાવે છે. આવો જ્ઞાનમય દિવ્યપ્રેમ કર્મોમાં વિસંવાદી બનતો નથી; પરંતુ આનંદસભર પોતાની જાતનો કર્મમાં આવિર્ભાવ કરે છે. તેથી જ ગીતામાં[૧૭] કહ્યું છે કે– "મારા ચૈતન્યના સમગ્ર વિસ્તાર તથા મહિમાનું, મારા સ્વરૂપનાં મૌલિક તત્ત્વોનું જ્ઞાન ભક્તિ વડે માનવ મેળવી શકે છે અને જ્યારે તે તત્ત્વતઃ મને જાણે છે ત્યારે તે મારામાં પ્રવેશ કરે છે."

## યોગની પદ્ધતિઓ :

ધ્યાનયોગ, રાજયોગ, અષ્ટાંગયોગ, કર્મયોગ, સાંખ્યયોગ, પ્રણવયોગ, હઠયોગ, વગેરે અનેક યોગ પદ્ધતિઓ છે. પરંતુ દરેક પદ્ધતિઓ એકબીજાની સહાયક છે, અલગ–અલગ નહીં. બધી પદ્ધતિઓનો એક જ ઉદ્દેશ છે– "પરમતત્ત્વની પ્રાપ્તિ."[૧૮]

સામવેદના જાબાલ દર્શન અને યોગચૂડા. ઉપ. એકબીજાના પૂરક છે. બન્નેમાં યોગ વિષયક બાબતો છે; પરંતુ જા. દ. ઉપ.માં યમ–નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સમાધિ એ આઠ અંગોની રજૂઆત છે; જ્યારે આ આઠ અંગોની સિદ્ધિ બાદ નાડીશોધન, મુદ્રાચાલન. કુંડલિની જાગરણાદિ બાબત યોગચૂડામણિ ઉપ.માં છે.

મહાયોગી દત્તાત્રેય સાંકૃતિને અષ્ટાંગ યોગના આઠ અંગ જણાવતાં કહે છે કે– (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધ્યાન, (૭) ધારણા, (૮) સમાધિ.[૧૯] જ્યારે યોગચૂડા.[૨૦] ઉપ.માં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ છ અંગ દર્શાવેલ છે. મૈત્રા.[૨૧] ઉપ. યોગચૂડા. કરતા તર્ક એ અંગ ગણાવે છે, આસનનો ઉલ્લેખ નથી.

આસનથી રોગ નાશ, પ્રાણાયામથી પાપોનો ક્ષય, મનનાં વિકાર પ્રત્યાહારથી દૂર થાય છે, ધારણાથી મનમાં ધૈર્ય આવે છે, સમાધિથી અદ્ભુત ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે યોગના વિવિધ અંગોથી શુભ–અશુભ કર્મોનો નાશ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૨૨]



For Private And Personal Use Only

## (૧) યમ :[૬૩]

– હિંસા વગેરે નિષિદ્ધ કર્મોથી સાધકને રોકે છે માટે અહિંસા વગેરે યમ કહેવાય છે.[૬૪]

(૧) સત્ય, (૨) અહિંસા, (૩) અસ્તેય, (૪) દયા, (૫) આર્જવ(ઋજુતા) (૬) બ્રહ્મચર્ય, (૭) ક્ષમા (૮) ધૃતિ(ધીરજ), (૯) પરિમિત આહાર, (૧૦) બાહ્ય–આંતરિક પવિત્રતા એ યમના દસ પ્રકાર છે. યોગ સૂત્રકાર[૬૫] અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એમ પાંચ યમ દર્શાવે છે. જા. દ. ઉપ. "અપરિગ્રહ"ને નિયમમાં સમાવે છે અને "સંતોષ" એમ નામ આપે છે. સમયથી અબાધિત એવા આ સાર્વભૌમ મહાવ્રતો છે." તેમ જણાવી તેનું પાલન સાધક માટે અત્યંત આવશ્યક છે તેમ જણાવે છે.[૬૬]

## (૧) સત્ય :

નેત્ર વગેરે દ્વારા જોયેલ, સાંભળેલ, સૂંઘેલ અથવા અનુભવ દ્વારા જાણેલ વિષયને વાણી દ્વારા વ્યક્ત કરવો તે સત્ય છે. વાસ્તવમાં તો પરમાત્મા સત્યસ્વરૂપ છે, તેનાથી ભિન્ન અન્ય કોઈ સત્ય નથી.[૬૭]

છલ, ભ્રાન્તિ, પ્રતિપત્તિબન્ધત્વથી રહિત વાણી તેમજ કોઈપણ પ્રાણીને માટે ઘાતક ન બનનારી વાણી જ સત્ય છે.

શ્રીભાણદેવ[૬૮] સત્ય બાબતે જણાવે છે કે– "સત્યનો અર્થ માત્ર સ્થૂળ ભાષણ જ નથી પણ એનો બહુ ઊંડો અર્થ છે. વિચારણા, આચરણ, ભાષણ અને હેતુમાં સત્યનું સંનિષ્ઠાથી પાલન આવશ્યક છે. અતિશયોક્તિ, દંભ, ચાલાકી, વિકૃત રજૂઆત આ બધું જ અસત્યાચરણ છે. વાણી, વિચાર અને વર્તનમાં એકતા પણ સત્યાચરણનું અનિવાર્ય અંગ છે. સત્યને માત્ર એના બાહ્યરૂપથી જ ન જોતાં એની પાછળની ભાવના પણ લક્ષ્યમાં લેવી જોઈએ."

સત્યથી જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. સત્યકામ જાબાલ સત્ય બોલે છે પરિણામ સ્વરૂપે ગુરુ–શિષ્ય સ્વરૂપે સ્વીકારે છે અને તેને બ્રહ્મ પ્રાપ્તિ થાય છે.

સત્યનું યથાર્થ પાલન કરવાથી વાણી અમોઘભાવને પામે છે. એટલે કે તે પુરુષ વચનસિદ્ધિને પામે છે, ને ચિત્તની શુદ્ધિ થવાથી યોગાભ્યાસમાં તે સાધકનો અધિકાર વૃદ્ધિ પામે છે.[૬૯]

મુંડકો. પણ સત્યનો જ વિજય થાય છે તેમ જણાવી, તે દ્વારા જ આત્માની પ્રાપ્તિ થાય છે તેમ જણાવે છે.[૭૦]

## (૨) અહિંસા :

શ્રી જા. દ. ઉપ.માં વેદોક્ત વિધિ સિવાય મન, વાણી અને શરીર દ્વારા કોઈને હેરાન કરવા કે તેનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાણને દેહમાંથી અલગ કરવા તે હિંસા છે, તેનાથી ભિન્ન કોઈ હિંસા નથી. સાથો સાથ એવો ભાવ રાખવો કે આત્મા સર્વત્ર વ્યાપ્ત છે અને શસ્ત્ર વગેરે દ્વારા છેદી શકાય તેમ નથી તે પણ અહિંસા કહેવાય છે.[૩૧]

કૃતા(પોતે કરેલી) કારિત(કરો એમ કહી બીજાની પાસે કરાવેલી) અને અનુમોદિતા(સારું કર્યું એમ કહી અનુમોદન કરેલી) એમ ત્રણ પ્રકારની હિંસા જણાવી; તેનાં અનંત ભેદો પૂ. ગુરુદેવ જણાવે છે.[૩૨]

અહિંસા સિદ્ધ થતાં હૃદયમાં રહેલ વૈરબુદ્ધિ નાશ પામી જાય છે, તેની નજીકમાં રહેનારાં પરસ્પર વૈરવાળા પ્રાણીઓ પણ પોતાના વૈરનું વિસ્મરણ કરે છે, ને સાધકનો ચિત્તની નિર્મલતાવડે યોગમાં અધિકાર ઉત્પન્ન થાય છે.[૩૩]

અહીં યજ્ઞ માટે કરવામાં આવતી હિંસા માન્ય છે તેમ જણાવેલ છે, પરંતુ યોગશાસ્ત્રમાં પતંજલિએ[૩૪] કૃત–કારિત અને અનુમોદિત હિંસા યોગાભ્યાસી મનુષ્યએ ન કરવી જોઈએ તેમ જણાવેલ છે. મનુસ્મૃતિ[૩૫] પણ આ જ બાબત કહે છે. તેમાં યજ્ઞીય હિંસાનો પણ નિષેધ છે. તેથી જા. દ. ઉપ.નું ઉપરનું વાક્ય "યજ્ઞીય હિંસા સિવાય" એ આ ઉપ. યજ્ઞમાં હિંસા વિશેષ પ્રચલિત હશે તે સમયે આ ઉપ.ની રચના થઈ હશે તેવું દર્શાવે છે; કે જે સમયે વેદવાક્યોનું અર્થઘટન યજ્ઞમાં હિંસાને અનુમોદન આપતું હતું, પરંતુ આધુનિક સમયે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદો ઉપર ભાષ્ય રચી યજ્ઞમાં હિંસા વર્જ્ય છે એમ ખૂબ સ્પષ્ટ રીતે સિદ્ધ કરેલ છે.[૩૬]

**(૩) અસ્તેય(અપરિગ્રહ) :**

બીજાનાં ધન, ઐશ્વર્ય, મણિ, મુક્તા, રત્ન, સુવર્ણ વગેરે કોઈપણ નાની–મોટી વસ્તુ ઉપર મન લલચાવવું નહીં તે 'અસ્તેય' છે. સંસારના બધાં જ વ્યવહારોમાં અનાત્મ–બુદ્ધિ રાખીને આત્માથી ભિન્ન માનવું તેને પણ જ્ઞાની પુરુષોએ અસ્તેય કહેલ છે.[૩૭]

અસ્તેય માટેનો બીજો શબ્દ 'અપરિગ્રહ' છે, જેનો અર્થ છે; ચારે બાજુએથી ભોગ–ઉપભોગનાં સાધનો ગ્રહણ ન કરવા. એટલું જ નહીં, બીજાનાં સાધનો ન લેવા કે ઈચ્છા પણ ન કરવી; તેમજ પોતાની શક્તિથી કે તપથી પ્રાપ્ત થતાં હોય તો તેને પણ ગ્રહણ ન કરવા તે અપરિગ્રહ છે. તેથી જ નચિકેતા યમને જણાવે છે કે– "આ સર્વ બંધનકારક અને નાશવંત છે તેથી મારે જોતાં નથી.[૩૮]

શ્રી ભાણદેવને મતે માત્ર ધન જ નહીં અધિકાર, વિચારો, યશ, માન વગેરેને પણ અસ્તેય લાગુ પડે છે.[૩૯]

અસ્તેયવ્રત પાલનનું ફળ જણાવતાં પતંજલિ કહે છે– "અસ્તેયમાં પ્રતિષ્ઠિત થવાથી સર્વ રત્નો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપલબ્ધ થાય છે." અહીં રત્નો એટલે સામન્ય રત્નો નહીં પરંતુ પોતાની અંદર રહેલા સાચા ખજાનાની જાણ થાય છે.[૬૦]

**(૪) દયા :**

બધાં જ જીવોને પોતાના સમાન માનવા અને મન, વાણી અને દેહ દ્વારા તેના તરફ આત્મીય ભાવ રાખવો તે દયા છે.[૬૧]

**(૫) આર્જવ(ઋજુતા) :**

શત્રુ, મિત્ર, પુત્ર, સ્ત્રી તથા પોતાના આત્મામાં પણ સમાન ભાવ રાખવો તે આર્જવ માનવામાં આવે છે.[૬૨]

અહંપણાનો ત્યાગ કરી સર્વ ભૂતોપ્રતિ મન, વાણી અને શરીરે કરીને નમ્રતા તથા સરળતા રાખવી એ આર્જવ છે.[૬૩]

સર્વ પ્રાણીઓ પર અનુકંપા રાખવી એ સર્વ માણસોનો સામાન્ય ધર્મ છે, માટે મોક્ષસાધકે પોતાના સાધનને બાધ ન આવે એવી સામાન્ય દયા રાખવી. અત્યંત દયા કરવારૂપ આ સાધનનું અનુષ્ઠાન કરવાથી મુખ્ય સાધનની નિવૃત્તિરૂપ બંધન થાય છે. જેમ ભરત રાજાને મૃગનું બચ્ચું પાળવાથી તે બંધનરૂપ થયું હતું. અત્યંત દયાળુપણાનો તથા અત્યંત ઉપેક્ષાનો ત્યાગ કરી સર્વત્ર સમાન રીતે વર્તવાનો શ્રી આચાર્ય ભગવાને પણ બોધ આપેલ છે.[૬૪]

**(૬) બ્રહ્મચર્ય :**

આત્મદર્શન માટે બ્રહ્મચર્ય આવશ્યક છે. મહર્ષિ વ્યાસ ગુપ્તેન્દ્રિયના સંયમને જ બ્રહ્મચર્ય કહે છે, જ્યારે શ્રી જા. દ. ઉપ. જણાવે છે કે– મન, વાણી અને દેહ દ્વારા નારી–સંગનો પરિત્યાગ અથવા ઋતુકાળમાં ધર્મબુદ્ધિથી પત્નીનો સંગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય છે. કામ–ક્રોધ વગેરેને દબાવીને પરબ્રહ્મ પરમેશ્વરના ધ્યાનમાં મનને લગાવી રાખવું તે પણ બ્રહ્મચર્ય છે.[૬૫]

બ્રહ્મચર્ય દ્વારા જ બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે.[૬૬]

શ્રીમદ્ ભગવદ્ગીતા પણ મોક્ષ સાધના માટે બ્રહ્મચર્યને આવશ્યક ગણાવે છે.[૬૭]

**(૭) ક્ષમા :**

શત્રુઓ દ્વારા મન, વાણી અને દેહ દ્વારા પીડા આપવામાં આવે તેમ છતાં ચિત્ત, બુદ્ધિમાં જરાપણ ક્ષોભ ઉત્પન્ન ન થવા દેવો તે ક્ષમા છે.[૬૮]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપકાર કરનાર પર વેર વાળવાની વૃત્તિ ન ઉપજવા દેવી તે ક્ષમા કહેવાય છે.[૪૯] તેથી જ નીતિશતકમાં[૫૦] ભર્તૃહરિએ ક્ષમાને વીરનું આભૂષણ કહ્યું છે.

## (૮) ધૃતિ(ધીરજ) :

વેદની અનુકૂળતાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. તેવા દૃઢ નિશ્ચયને જ જ્ઞાનીઓએ ધૃતિ કહેલ છે. "હું આત્મા છું, આત્માથી અન્ય બીજું કશું નથી." આવી અવિચળ વૃત્તિને, વિશ્વાસને સર્વશ્રેષ્ઠ ધૃતિ કહેવામાં આવેલ છે.[૫૧]

અનેક પ્રકારના વિઘ્નો પ્રાપ્ત થવા છતાં પણ પોતાના પરમાર્થનાં સાધનોના અભ્યાસનો પરિત્યાગ ન કરવો તે ધૃતિ કહેવાય છે.[૫૨] નીતિશતક[૫૩]માં ભર્તૃહરિ જણાવે છે કે "વિઘ્નનાં ભયને કારણે સામાન્ય પુરુષો કાર્યનો આરંભ કરતાં નથી; મધ્યમકક્ષાનાં મનુષ્યો વિઘ્ન આવતા વચ્ચે જ કાર્ય છોડી દે છે. જ્યારે ધીરપુરુષો વારંવાર વિઘ્ન આવવા છતાં દૃઢ નિશ્ચયી બની, ધીરજવાન બનીને કાર્યને ત્યજતા નથી."

## (૯) પરિમિત આહાર :

થોડા પ્રમાણમાં સાત્ત્વિક આહાર લેવો; તેમાં ઉદરના અર્ધ ભાગને આહારથી, ચોથા ભાગને પાણીથી અને ચોથા ભાગને હવા માટે ખાલી રાખવો તે પરિમિત આહાર કહેવાય છે.[૫૪]

ભોજનમાં કડવા, ખારા, ખાટા પદાર્થોનો ત્યાગકરવો, દૂધનો આહાર વિશેષરાખવો, મિતાહારી રહેવું, તે બ્રહ્મચારી એક વર્ષમાં સિદ્ધિ પામે છે. વિશેષમાં તેણે સ્નિગ્ધ અને મધુર આહાર કરવો. તેમજ ૧/૪ ભાગ ખાલી રાખવો તે મિતાહાર કહેવાય છે.[૫૫]

દેહરક્ષા અર્થે અન્નનો ઔષધની જેમ પ્રસન્ન મનથી જોઈતો આહાર કરવો એ મિતાહાર છે.[૫૬]

ઠંડા બળી ગયેલા તેમજ તમોગુણી પદાર્થોનો યોગીએ ત્યાગ કરવો જોઈએ. ગીતાના સત્તરમાં અધ્યાયમાં સાત્ત્વિક આહારનું મહત્ત્વ દર્શાવેલ છે.[૫૭] એટલે જ યોગીએ અતિશય જમવું ન જોઈએ; તેમજ અતિ ઉપવાસ પણ ન કરવા જોઈએ. તેમ કરનારને યોગ સિદ્ધ થતો નથી.[૫૮]

## (૧૦) બાહ્ય–આંતરિક પવિત્રતા :

માટી અને જળ દ્વારા શરીરને પવિત્ર કરવું તે બાહ્ય શૌચ છે, પરંતુ "હું વિશુદ્ધ આત્મા છું" એ ભાવ રાખવો તેને જ્ઞાનીઓએ સર્વશ્રેષ્ઠ શૌચ કહેલ છે. આત્મા અત્યંત પવિત્ર છે. દેહ અંદર–બહાર સંપૂર્ણ અપવિત્ર છે. તેનાં અંતરનું જ્ઞાન થઈ જાય પછી કોને પવિત્ર કરવાનું રહે ? બાહ્ય પવિત્રતા કરતાં આંતરિક પવિત્રતા અત્યંત શ્રેષ્ઠ છે.[૫૯]



For Private And Personal Use Only

શૌચ અર્થાત્ પવિત્રતા; યોગમાં આંતરિક અને બાહ્ય બન્ને પવિત્રતા અત્યંત જરૂરી છે.

સુખી પ્રાણીમાં મૈત્રીની, દુઃખી પ્રાણીમાં કરુણાની, ને પુણ્યવાનમાં મુદિતાની ભાવના કરી તથા પાપીની ઉપેક્ષા કરી, અથવા મનમાંનો રાગદ્વેષ દૂર કરી કિંવા પ્રાણાયામ કરી, હૃદયને પવિત્ર રાખવું, અથવા નેતિ, ધૌતિને શંખપ્રક્ષાલનાદિ ક્રિયાથી શરીરની અંદરના મેલને દૂર કરવા એ આભ્યંતર શૌચ કહેવાય છે.[60]

શ્રી ભાણદેવ[61] ચિત્ત વિષયક અને શરીર વિષયક એમ શૌચના બે વિભાગ કરે છે. ચિત્ત વિષયકમાં વિચારો, લાગણીઓ, આવેગો અને વૃત્તિઓના શુદ્ધીકરણનો સમાવેશ થાય છે. શરીર સંબંધી શૌચમાં– બાહ્ય શૌચમાં સ્નાન વગેરે જ્યારે નેતિ, ધૌતિ, બસ્તિ વગેરે દ્વારા શરીરનાં અંદરના અવયવોનું શુદ્ધિકરણ જેને આંતશૌચ કહે છે.

મહર્ષિ પતંજલિ[62] શૌચ બાબતે જણાવે છે કે– શરીર અપવિત્ર છે તેથી તેનાં તરફ જુગુપ્સા ઉપજાવી, પોતાના શરીરનો મોહ તેમજ અન્યનાં શરીરને સ્પર્શવાની ઈચ્છા થતી નથી અને યોગમાર્ગે આગળ વધી શકાય છે.

દરેક વસ્તુને બ્રહ્મથી અભિન્ન જોવી તે જ્ઞાન છે, મનને નિર્વિષય કરવું તે જ પરમાત્માનું ધ્યાન છે. મનોમલના નાશને જ ધ્યાન કહે છે અને ઈન્દ્રિયનિગ્રહ એ જ શૌચ છે.[63]

**(૨) નિયમ :**[64]

જન્મના હેતુભૂત કામ્યધર્મથી નિવૃત કરીને મોક્ષના હેતુભૂત નિષ્કામધર્મમાં પ્રેરણા કરનાર તપ વગેરેને નિયમ કહે છે.[65]

(૧) તપ, (૨) સંતોષ, (૩) દાન, (૪) આસ્તિક્તા, (૫) લજ્જા, (૬) મતિ, (૭) જપ, (૮) વ્રત, (૯) ઈશ્વર પૂજા અને (૧૦) સિદ્ધાંત શ્રવણ કરવું એ દસ નિયમો છે. યોગ સૂત્રકાર[66] શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન એ પાંચને નિયમ ગણાવે છે. જ્યારે જા. દ. ઉપ.માં શૌચને યમમાં ગણાવેલ છે.

**(૧) તપ :**

વેદમાં વર્ણિત કૃચ્છ્ર અને ચાન્દ્રાયણ વગેરે વ્રતો દ્વારા દેહને ક્ષીણ કરવો તે તપ છે. મોક્ષનું સ્વરૂપ અને આત્માને પ્રાપ્ત સંસાર–બંધનના વિચારને જ જ્ઞાનીજનો તપ કહે છે.[67]

કૃચ્છ્ર ચાન્દ્રાયણ વગેરે તપની બાબતમાં ડૉ. વેદાલંકાર[68] જણાવે છે કે– "વેદમાં કોઈ જગ્યાએ

આ પ્રકારના તપની વાત કરવામાં આવી નથી. તેમ યોગસૂત્રમાં પણ નથી. પરંતુ મનુસ્મૃતિમાં તેનો ઉલ્લેખ છે."

તપનો અર્થ વ્યાસજીએ[૯] દ્વન્દ્વોને સહન કરવા એમ દર્શાવેલ છે. તેઓએ ભૂખ, તરસ વગેરે તપ શરીર તથા મનને અતિ કષ્ટ પ્રાપ્ત ન થાય એટલી માત્રામાં જ કરવા જોઈએ તેમ ક્રિયાયોગની સ્પષ્ટતા કરતાં જણાવેલ છે. કવિ કુલગુરુ કાલિદાસ[૭૦] પણ શરીરને જ ધર્મનું સાધન ગણી શરીરને અતિ કષ્ટ ન થાય તેવી રીતે બ્રહ્મચારીરૂપે રહેલાં શીવજી દ્વારા પાર્વતીને કહે છે– "સંયમી જીવનના ભાગરૂપે અને વિશેષ સંજોગોમાં આવી પડે તે કષ્ટો સ્વસ્થતાથી સહન કરવાં તે તપ છે અને સ્વીકાર્ય છે. પણ પોતાના શરીર–મનને અકારણ અને વિવેક વિના કષ્ટો આપવાં તે તપનું સાત્ત્વિક સ્વરૂપ નથી અને તેથી ત્યાજ્ય છે." એમ શ્રી ભાણદેવ[૭૧] જણાવે છે.

[૭૨]માનસિક, વાણી અને શારીરિક એમ ત્રણ પ્રકારના તપ શ્રી ગુરુદેવ જણાવે છે. ચિત્તની સ્વસ્થતા, નિષ્કપટતા વગેરે માનસિક તપ છે, સાંભળનારને ભય ન થાય તેવું સત્ય, પ્રિય, મંત્રજપ, વેદાભ્યાસનું વ્યસન વગેરે વાણીનું તપ છે, જ્યારે દેવ, ગુરુ,(બ્રહ્મવિદ્યાનો બોધ કરનાર) બ્રાહ્મણને તત્ત્વવેત્તાનું પૂજન, બાહ્યાભ્યંતરની પવિત્રતા, સરળતા અને અહિંસા એ શારીરિક તપ છે.

નિષ્કામભાવે આ તપ કરવામાં આવે તો તે સાત્ત્વિક કહેવાય છે. આ જ બાબત શ્રીમદ્ ભગવદ્–ગીતા[૭૩] પણ કહે છે.

યોગસૂત્રમાં[૭૪] પણ તપ આચરણથી અશુદ્ધિનો ક્ષય થાય છે તેમ જણાવ્યું છે. તેથી શરીર અને ઇન્દ્રિયોની દૃઢતા થાય છે અને યોગાભ્યાસમાં આગળ વધી શકાય છે. મૈત્રાયણી[૭૫] ઉપ. તપ અને બ્રહ્મચર્યને ખૂબ જ ઉત્તમ ગુણવાન ગણાવે છે, તેમજ શ્રેષ્ઠ શક્તિના સ્તોત્ર માને છે. મુણ્ડકો.[૭૬] પણ સત્ય આચરણ અને તપ દ્વારા જ સમ્યક્ જ્ઞાન મેળવી શકાય છે તેમ કહે છે. ઇન્દ્ર–વિરોચન, સત્યકામ, ઉપકોસલ વગેરે તપ દ્વારા જ વિદ્યા પ્રાપ્ત કરે છે.

કેનો.[૭૭] પણ તપ, દમ અને કર્મમાં જ વેદોની પ્રતિષ્ઠા છે તેમ જણાવી; તપ વગેરે આ બ્રાહ્મી વિદ્યાના આધાર છે, તથા સત્ય તેનું આચરણ છે. અર્થાત્ તપ અને સત્ય આચરણ દ્વારા જ આ બ્રાહ્મી વિદ્યાને પ્રાપ્ત કરી શકાય છે.

## (૨) સંતોષ :[૭૮]

ઈશ્વર ઈચ્છાથી જે કોઈ પ્રાપ્ત થાય તેમાં જ સંતોષ અને પ્રસન્નતા રહે તેને જ્ઞાનીજનો સંતોષ કહે



For Private And Personal Use Only

છે. એટલું જ નહીં સર્વત્ર અનાસક્ત રહીને બ્રહ્માદિ દેવલોક સુધીના સુખોમાં વિરક્તિ થઈ જાય ત્યારે પણ મન પ્રસન્ન રહે તે શ્રેષ્ઠ સંતોષ છે. આ સંતોષથી જ ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાય છે.[७९]

(૩) દાન :[८०]

ધન વગેરે આવશ્યક વસ્તુઓ મુશ્કેલીમાં આવેલ તેદજ્ઞ પુરુષોને અથવા શ્રેષ્ઠ આચરણવાળાને આપવામાં આવે તે દાન છે. શ્રીમદ્ ભગવદ્ગીતા[८१] પણ તામસિક, રાજસિક અને સાત્ત્વિક દાન વિશે જણાવી; સાત્ત્વિક દાન શ્રેષ્ઠ છે તેમ કહે છે.

"द" દ્વારા પ્રજાપતિએ મનુષ્યોને દાન કરવાનો જ ઉપદેશ કરેલ છે.

ન્યાયપૂર્વક એકત્ર કરેલા ધનમાંથી પોતાની શક્તિ પ્રમાણે ધનને વિધિપૂર્વક શ્રદ્ધાવડે સત્પાત્રને આપવું એ દાન કહેવાય છે.[८२]

અન્નદાન, ધનદાન, ગૌદાન, વસ્ત્રદાન, સુવર્ણ વગેરે દાન વિશે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. તેમાં અન્નદાન સર્વશ્રેષ્ઠ છે.

(૪) આસ્તિકતા :[८३]

વેદ અને સ્મૃતિઓમાં કહેલ ધર્મમાં દઢ વિશ્વાસ હોવો તે આસ્તિકતા કહેવાય છે.

શાસ્ત્રોક્ત ધર્માધર્મવિષે, તેના ફલવિષે તથા પરમેશ્વરના અસ્તિત્વ વિષે જે દઢ વિશ્વાસ તે આસ્તિક્ય છે.[८४]

(૫) લજ્જા :[८५]

વૈદિક અને લૌકિક માર્ગોમાં માનવામાં આવેલાં કુત્સિત કર્મોને કરવામાં જે સ્વભાવગત સંકોચ થાય છે તે જ લજ્જા છે.

(૬) મતિ :[८६]

ગુરુજનો દ્વારા અનુમતિ આપવા છતાં વેદ—વિરુદ્ધ માર્ગનો આધાર ન લેવો અને વેદોક્ત ઉપદેશમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી તે જ મતિ છે.

શ્રદ્ધા અત્યંત મહત્ત્વની છે. અશ્રદ્ધા વડે કરવામાં આવેલા હોમ, દાન વગેરે કર્મો આ લોક તથા પરલોકમાં ફળ આપનારાં બનતાં નથી.[८७]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક પ્રકારનાં સાંસારિક સુખમય પદાર્થોમાં તથા સ્વર્ગાદિકના દૈવી વૈભવોમાં જે બુદ્ધિ ન લોભાય તે પણ મતિ કહેવાય છે.[૮૮]

(૭) જપ :

વેદોક્ત પ્રકારથી મંત્રોનું વારંવાર ઉચ્ચારણ કરવું/જાપ કરવો તેને જપ કહેવામાં આવે છે. વેદોની સમાન જ ધર્મશાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ અને કલ્પ-સૂત્રાદિમાં મન સતત લાગેલું રહેવું તેને પણ જપ કહેવામાં આવે છે. જપના વાચિક અને માનસિક એવા બે ભેદ છે. વાચિક જપના પણ "ઉચ્ચૈઃ" અને "ઉપાંશુ" એમ બે ઉપ-ભેદ છે, તેજ રીતે માનસિક જપના પણ 'મનન' અને 'ધ્યાન' એમ બે ઉપભેદ છે.

ઉચ્ચ સ્વરથી કરવામાં આવેલ જપ કરતાં ઉપાંશુ જપ હજાર ગણો શ્રેષ્ઠ કહેવામાં આવેલ છે. ઉપાંશુ જપ કરતાં માનસિક જપ હજાર ગણો શ્રેષ્ઠ માનવમાં આવેલ છે. મંત્રને ચાંડાલ વગેરે નીચ વ્યક્તિઓ દ્વારા સાંભળી લેવામાં આવે તો મંત્ર ફલહીન બની જાય છે.[૮૯]

પોતાના સદ્ગુરુએ ઉપદેશ કરેલ મંત્રનું સ્મરણ કરવું તે જપ કહેવાય છે.[૯૦]

વેદોક્ત મંત્રના ઋષિ, છંદ અને દેવતા સ્મરણમાં રાખવા, મંત્રનો અર્થ જાણ્યા વગર કરેલા જપની સિદ્ધિ જોઈએ તેવી થતી નથી; અર્થ અને ભાવ જાણેલો મંત્ર જ ઇચ્છિત સિદ્ધિ આપે છે.[૯૧]

દરેક યજ્ઞ કરતાં જપયજ્ઞ વિશેષ શ્રેષ્ઠ છે; તેથી જ પોતાની વિભૂતિમાં ભગવાન યજ્ઞોમાં જપયજ્ઞ હું છું તેમ જણાવે છે.[૯૨]

(૮) વ્રત :

કૃચ્છ્રચાન્દ્રાયણાદિ વ્રત. વ્રત પરોક્ષ રીતે તપ જ છે. જેમાં તપને કૃશ કરી, દૃઢ બનાવી યોગને અનુકૂળ બનાવવામાં આવે છે.

(૯) ઈશ્વર પૂજા :[૯૩]

અસત્ય ભાષણ વગેરે દોષોથી દૂર રહેવું, રાગ વગેરે વિકારોથી મુક્ત રહેતુ હૃદય તથા હિંસા વગેરે ક્રૂરતાથી રહિત કર્મ જ ઈશ્વર પૂજન રુપ છે.

બાહ્યોપચાર વડે અથવા માનસિક ઉપચાર દ્વારા જે પૂજન કરવામાં આવે તેમાં યોગ સાધકે પ્રેમભક્તિ દ્વારા ગદ્ગદકંઠવાળા તથા રોમાંચિત થઈ જવું જોઈએ. ને એમ થાય ત્યારે જ તેણે વાસ્તવિક



For Private And Personal Use Only

પૂજન કર્યું ગણાય. ભાવ વગર ઘણા ઉપચારોથી પરમાત્માનું પૂજન કરવામાં આવે તેનાં કરતા ભાવ દ્વારા મનરૂપી કમળ જ પરમાત્માને અર્પણ કરવામાં આવે તે શ્રેષ્ઠ છે. ગીતા[૯૫]માં પણ ભગવાને પૂજનમાં ભાવને મહત્ત્વ આપેલ છે.

**(૧૦) સિદ્ધાન્ત શ્રવણ :**[૯૬]

આ આત્મા સત્ય, જ્ઞાનરૂપ, સર્વોત્કૃષ્ટ, નિત્ય, અનન્ત અને અંતર્યામી છે. આ સિદ્ધાંતનું વારંવાર શ્રવણ કરી તેને અનુકૂળ વિશ્વાસ કરવો તે સિદ્ધાંત શ્રવણ છે.

સિદ્ધાંત શ્રવણ એટલે સ્વાધ્યાય, વ્યાસભાષ્યમાં તેનો અર્થ મોક્ષ વિષયક શાસ્ત્રોનું અધ્યયન અને જપ દર્શાવેલ છે.[૯૭]

પોતાનાં આંતરિક અધ્યયનને પણ સ્વાધ્યાય(સ્વ-અધ્યયન) કહે છે. અંતર્મુખ થઈને પોતાનાં ચિત્તમાં તથા તેમાં રહેલાં વિચારોનાં અધ્યયનને પણ સ્વાધ્યાય કહેવાય છે.[૯૮]

**(૩) આસન :**

શરીરની જે સ્થિતિથી શરીર સ્થિર રહે અને મનને સુખ પ્રાપ્ત થાય તે સ્થિતિ આસન કહેવાય છે. યોગકલામાં નિપુણ એવા શ્રી આદિનાથે (મહેશ્વરે) ચોરાશી લાખ જાતનાં આસનો કહ્યાં છે, એમ યોગીઓ કહે છે.[૯૯] શ્રી જા. દ. ઉપ.[૧૦૦] નવ આસનો દર્શાવે છે.[૧૦૦] ધ્યાન બિંદૂપનિષદ્‌માં[૧૦૧] જેટલી જીવ જાતિઓ છે તેટલાં આસનો હોય છે, તેમ કહ્યું છે.

યોગદર્શનમાં સુખ અને સ્થિરતાપૂર્વક બેસવાને આસન કહેવામાં આવે છે. આ આસન પ્રયત્નની શિથિલતા તથા આકાશ વગેરેની અનન્તતામાં ચિત્ત લગાવવાથી સિદ્ધ થાય છે.[૧૦૨]

યોગસૂત્રની આ વ્યાખ્યાને સમજાવતાં શ્રી ભાણદેવ[૧૦૩] લખે છે કે; આસનના સમ્યક્ અભ્યાસ દ્વારા સાધક એ અવસ્થાએ પહોંચે છે જ્યાં લાંબા સમય સુધી કષ્ટ કે શ્રમ વિના બેસી શકે છે. આ સિદ્ધિ સુધી પહોંચવાના બે ઉપાય ઉપરોક્ત સૂત્રમાં આપ્યાં છે. (૧) વગર પ્રયત્ને(પ્રયત્ન શૈથિલ્ય) આસનમાં બેસવાનો અભ્યાસ (૨) અનંત સમાપત્તિ એટલે કે ચિત્તને શરીર પરથી હટાવીને આકાશ જેવી અનંત વસ્તુ પર લગાવવું.

[૧૦૪]આસનના અભ્યાસથી શરીરમાં જે ચંચળતા અને અસ્થિરતા હોય છે તે દૂર થઈ જાય છે. શરીરમાં જે અસ્થિરતા અને ચંચળતા થાય છે તે શરીરમાં વિશ્વ શક્તિનો સંચાર થાય છે તેને જીરવવાનું બળ તેનામાં નથી હોતું, તેથી તે શક્તિ નિરર્થક ક્રિયાઓ દ્વારા વહી જાય છે. આસનોથી આ નિરર્થક વ્યય

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અટકી જાય છે. શરીરને અસાધારણ તંદુરસ્તી, શક્તિ અને સ્થિતિ સ્થાપકતા પ્રાપ્ત થાય છે. તેમજ પ્રકૃતિની સામાન્ય શારીરિક ફરજો ઉપર પણ હઠયોગી કાબુ મેળવી શકે છે.

(૧) સ્વસ્તિક, (૨) ગોમુખ, (૩) પદ્માસન, (૪) વીર, (૫) સિંહ, (૬) ભદ્રાસન, (૭) મુક્ત, (૮) મયૂર અને (૯) સુખાસન. અહીં જ્ઞા. દ. ૩૫.માં દર્શાવેલ નવ આસનોનો પરિચય આપવાનો ઉપક્રમ રાખેલ છે. જે યોગાભ્યાસના પ્રારંભમાં વિશેષ ઉપયોગી અને સરળ છે.

## (૧) સ્વસ્તિક આસન :

બન્ને પગનાં ફણાને સાથળ અને પિંડીની વચ્ચમાં યોગ્ય રીતે રાખી, કંઠ, મસ્તક અને દેહને સમાન રેખામાં રાખવા તે સ્વસ્તિક આસન કહેવાય છે. નિત્ય અભ્યાસ કરવાથી આ આસન સિદ્ધ થાય છે.[૧૦૫]

આ આસન સુસાધ્ય હોવાથી જપ વગેરેમાં ઉપયોગી છે, ને શરીરનું આરોગ્ય જાળવનાર છે.[૧૦૬]

શ્રી માણદેવ[૧૦૭] આ આસન સરળ રીતે સમજાવતા જણાવે છે કે– સર્વ પ્રથમ આસન પર લાંબા પગ કરી બેસો, પછી ડાબા પગને ઢીંચણથી વાળી એડી જમણા સાથળના મૂળ સાથે ગોઠવો. જેમાં ડાબા પગનું તળિયું જમણા સાથળ સાથે જોડાયેલું રહેશે. ત્યારબાદ જમણા પગને ઢીંચણથી વાળીને તે જ પ્રમાણે ડાબા સાથળના મૂળ પાસે ગોઠવો. ડાબા પગનો ફણો જમણા સાથળ અને પીંડીની વચ્ચમાં રહેશે અને જમણા પગનો ફણો ડાબા સાથળ અને પીંડી વચ્ચે રહેશે. ડાબા પગનો ફણો નીચેથી ઉપરની તરફ રહેશે એટલે તેનો અંગૂઠો જોઈ શકાશે. જમણા પગનો ફણો ઉપરથી નીચે તરફ રહેશે. એટલે જમણા પગની એડી જોઈ શકાશે. આ ક્રિયા ડાબા–જમણા પગની વારાફરતી કરી શકાય.

## (૨) ગોમુખ આસન :

જમણા પગના ઘૂંટણને ડાબી બાજુ પાછળનાં ભાગ સુધી લઈ જવો અને ડાબા પગના ઘૂંટણને જમણી બાજુ પાછળના ભાગ સુધી લઈ જવો તે ગોમુખ આસન કહેવાય છે.[૧૦૮]

જમણા પગની એડી ડાબી બાજુ અને ડાબા પગની એડી જમણી બાજુ કેડનાં નીચેના ભાગમાં રાખવી, એટલે પાછળ ગાયના મુખના જેવો આકાર કરીને બેસવું તે ગોમુખ આસન કહેવાય છે. આ આસન દ્વારા અપાનવાયુ ઊર્ધ્વગામી થાય છે, પ્રાણવાયુ અધોગામી થાય છે, ને ચિત્ત શાંત થાય છે.[૧૦૯]

[૧૧૦]આ આસનમાં જનનેન્દ્રિય અને અંડકોષ બન્ને પગની વચ્ચે ન દબાઈ તેની કાળજી રાખવી, પરંતુ યોનિ સ્થાન બન્ને પગની વચ્ચે દબાશે. આ આસન બ્રહ્મચર્યમાં ઉપયોગી છે, તેથી બ્રહ્મચર્યાસન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ કહે છે. તેનાંથી નિતંબ પર થયેલી અનાવશ્યક ચરબી દૂર થાય છે, રસોળી પ્રારંભિક અવસ્થામાં હોય તો સરળતાથી રાહત મળે છે.

**(૩) પદ્માસન :**[૧૧૧]

બન્ને પગને બન્ને જાંઘોની ઉપર ઉલટા ક્રમથી રાખીને તેનાં અંગૂઠાને બન્ને હાથ દ્વારા પાછળથી પકડવા તે પદ્માસન કહેવાય છે. આને બદ્ધ પદ્માસન પણ કહે છે. આ આસન સર્વ રોગોના ભયને દૂર કરનાર છે.

પૂ. ગુરુદેવ[૧૧૨] જણાવે છે કે ડોકને સહજ નીચી નમાવવી, હડપચીને હૃદયસમીપ(હૃદયથી ચાર આંગળા ઉપર) રાખી બેસવું, હાથના પંજાને ચત્તા રાખી જમણા હાથથી જમણા પગનો અંગૂઠો; ડાબા હાથથી ડાબા પગનો અંગૂઠો(અંગૂઠો તથા તર્જનીથી) પકડો, દૃષ્ટિને નાસિકાગ્ર રાખવી તે પદ્માસન વા કમલાસન કહેવાય છે.

એક હાથથી એક જ પગનાં અંગૂઠાને પકડવામાં આવે તો તે અર્ધ પદ્માસન કહેવાય છે. અભ્યાસીએ શરૂઆતમાં આ રીતે આગળ વધવું જોઈએ.

આ આસનમાં મસ્તક સિવાયનો શરીરનો મધ્યભાગ સીધો રહેવાથી શ્વાસ સીધો ચાલી તેની ગતિ મંદ પડવા માંડે છે, વૃત્તિ અનાયાસે સ્થિર થવા લાગે છે, શરીરમાં લોહીનું ફરવું યોગ્ય રીતે થવાથી આરોગ્ય સારું રહે છે, આલસ્ય થતું નથી, ને પૂર્વે થયેલા વ્યાધિઓનું શમન થાય છે.

**(૪) વીરાસન :**[૧૧૩]

ડાબા પગને જમણી જાંઘ ઉપર રાખી શરીરને સીધું કરીને બેસવું તે વીરાસન છે.

પૂ. ગુરુદેવ[૧૧૪] જણાવે છે કે– ડાબા પગને ખેંચણથી વાળી જાંઘની નીચે લઈ તેનો ફણો ગુદાથી નીચે ઉત્તર દક્ષિણ(ડાબો જમણો) આડો રાખવો ને જમણા પગની પાની ડાબા પગના અંગૂઠાને અડકાડીને ગોઠણ ઊંચું રાખીને બેસવું તે વીરાસન કહેવાય છે.

આ આસને બેસવાથી આંખ ઓછી મીંટ મારે છે, ને અપાન ઊર્ધ્વ થવાથી શરીરબલ વધે છે.

**(૫) સિંહાસન :**[૧૧૫]

બન્ને ઘૂંટણોને અંડકોષની નીચે બન્ને બાજુમાં રાખી, બન્ને હાથે ઘૂંટણો ઉપર રાખીને બધી આંગળિયોને ફેલાવી, મુખ ખુલ્લુ રાખીને નાકનાં અગ્રભાગ ઉપર દૃષ્ટિ કરવી અને ચિત્તને એકાગ્ર કરવું તે સિંહાસન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. ગુરુદેવ[116] જણાવે છે કે– વૃષણની નીચે સીવનીના જમણા ભાગમાં ડાબા પગની પાની અને સીવનીના ડાબા ભાગમાં જમણા પગની પાની રાખી, જાંઘ ઉપર બન્ને હાથનાં તળાં રાખી આંગળાં પહોળાં કરે અને મોઢું ફાડી જિહ્વા બહાર કાઢી નાકની અણી સ્થિર દૃષ્ટિથી દેખ્યા કરે તે સ્થિતિ સિંહાસન કહેવાય છે.

આ આસન દ્વારા મૂલબંધ, ઉડ્ડીયાનબંધને જાલંધરબંધ સિદ્ધ થાય છે, શરીરબલ વધે છે, ને જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

[117]આ આસન શરૂઆતમાં થોડી સેકંડ પૂરતું જ કરવું અને ધીરે ધીરે ત્રણ મિનિટ સુધી પહોંચી શકાય. આમાં વિશેષ કાળજી એ રાખવી કે પગના કાંડા ઉપર દબાણ ન આવે તેમજ જડબા કે જીભમાં દુ:ખાવો ન થાય. આ આસનથી જીભ અચકાતી હોય તો દૂર થાય છે. ગળા -કાનની તકલિફો દૂર થાય છે.

## (૬) ભદ્રાસન(ગોરક્ષાસન) :

આ આસનમાં બન્ને ઘૂંટણને અંડકોષની નીચે, બાજુમાં(પાર્શ્વોમાં) રાખી, બન્ને હાથથી પાર્શ્વભાગ તથા બન્ને પગને દૃઢતાથી બાંધીને બેસવું, તે ભદ્રાસન કહેવાય છે, આ આસન વિષથી ઉત્પન્ન થયેલાં રોગોનો નાશ કરે છે.[118]

પૂજ્યપાદ ગુરુદેવ[119] જણાવે છે કે– આ આસનનો સારી રીતે અભ્યાસ કરી શયન કરવામાં આવે તો વીર્યસ્ખલિત થતું નથી, એટલું જ નહીં કઠિન આસનો બાદ આ આસન કરવાથી ઉત્પન્ન થયેલો શ્રમ દૂર થાય છે.

પ્રસિદ્ધ હઠયોગી પૂ. ગોરક્ષનાથે આ આસનનો લાંબા સમય સુધી અભ્યાસ કરી પ્રચાર કર્યો હતો, તેથી ગોરક્ષાસન તરીકે પણ ઓળખવામાં આવે છે.

## (૭) મુક્તાસન :[120]

સિવનીની બારીક રેખાઓમાં ડાબા-જમણા ઘૂંટણથી ડાબી-જમણી બાજુ દબાવવી તે મુક્તાસન છે. આ આસનથી કબજિયાત, પેટના અને આંતરડાનાં રોગ દૂર થાય છે. આંતરડામાં રહેલો અપાનવાયુ દૂર થાય છે.[121] તેની વિસ્તૃત રજૂઆત ચિત્ર સાથે શ્રી ગણદેવ આપે છે.

## (૮) મયૂરાસન :[122]

બન્ને હાથની હથેળીઓને ભૂમિ ઉપર રાખી, બન્ને કોણીના અગ્રભાગને નાભિની બન્ને બાજુ રાખી, આકાશમાં મયૂરની જેમ સ્થિત રહેવું તે મયૂરાસન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[153]આ આસનથી સર્વ પાપોનો નાશ થાય છે. તેમજ ગુલ્મ, જલોદર, પ્લીહા(બરોલ), વાત, પિત્ત, કફ તથા આલસ્યનો શીઘ્ર નાશ કરે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. આમ આરોગ્યવર્ધક છે.

[154]આ આસન નબળા શરીરવાળાએ, પેટનો દુઃખાવો હોય તેણે, બાળકોએ ન કરવું. સ્ત્રીઓએ પણ શક્ય હોય ત્યાં સુધી ન કરવું, અપવાદરૂપ વિશેષ શક્તિશાલી સ્ત્રીઓ આ આસન કરી શકે, પરંતુ તેમણે પણ સગર્ભાવસ્થામાં ન કરવું.

આ આસનમાં નિપૂણતા મેળવ્યા બાદ જ બસ્તિ ક્રિયામાં આગળ વધવું.

**(૯) સુખાસન :**[155]

જે પ્રકારે બેસવાથી શરીરને સુખની અનુભૂતિ થાય, ધૈર્યમાં ન્યૂનતા ન આવે તે સ્થિતિને સુખાસન કહે છે. નિર્બલ સાધકે આ આસનનો આશ્રય લેવો જોઈએ.

**(૪) પ્રાણાયામ :**

**સ્થળ—આસન—દેશ; ઋતુ વગેરે :**

શાંત, સ્વચ્છ, સ્થળ પસંદ કરવું. મચ્છર, સખત પવન વગેરે બાધાઓથી રહિત એકાંત સ્થાન ઉત્તમ ગણાય. પલંગ—ગાદલા વગેરેનો નહીં પરંતુ દર્ભાસન કે ગરમ આસન ઉપર સ્વચ્છ કાપડનો કટકો પાથરીને આસન બનાવવું તે શ્રેષ્ઠ છે.

યૌગિક ગ્રંથોમાં સૂચન પ્રમાણે સિદ્ધાસન, પદ્માસન, સ્વસ્તિકાસન વગેરેમાંથી કોઈપણ એક આસનમાં બેસવું અને ભસ્ત્રિકા પ્રાણાયામ સમયે પદ્માસનમાં જ બેસવું. સામાન્ય રીતે દિવસમાં ત્રણવાર અભ્યાસ કરવો, વિશેષ અભ્યાસ બાદ રાત્રે ચોથી વાર પણ કરી શકાય. પ્રારંભના અભ્યાસમાં પ્રાતઃ અને સાયં; બાદમાં મધ્યાહ્ન અને વિશેષ અભ્યાસ પછી રાત્રિએ એમ ચારવાર અભ્યાસ કરવો.[156]

મહર્ષિ પતંજલિ[157] આસન સિદ્ધ થઈ જાય ત્યારે શ્વાસ તથા પ્રશ્વાસની ગતિને રોકવી તેને પ્રાણાયામ કહે છે. બહારથી નાસિકા દ્વારા વાયુને અંદર લેવો તેને શ્વાસ કહેવાય છે, તથા અંદરથી વાયુને બહાર કાઢવો તે પ્રશ્વાસ કહેવાય છે. આ પ્રાણાયામના ચાર ભેદ મહર્ષિ પતંજલિ દર્શાવે છે— (૧) બાહ્યવૃત્તિ, (૨) આભ્યન્તરવૃત્તિ, (૩) સ્તમ્ભવૃત્તિ અને (૪) બાહ્યાભ્યાન્તર વિષયાપેક્ષી.

યોગકુંડલી ઉપ.[158]માં શરીરમાં રહેલાં વાયુને પ્રાણ તથા કુમ્ભકને આયામ કહેલ છે. તેથી પ્રાણાયામનો અર્થ થાય છે; શરીરમાં રહેલાં વાયુને કુમ્ભક દ્વારા રોકવો. આ પરિભાષા વિશેષ યોગ્ય લાગે છે કારણ કે, કુમ્ભક દ્વારા જ પ્રાણ પહેલાંની અપેક્ષાએ "આયામ" અર્થાત્ વિસ્તારને પ્રાપ્ત કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જા. દ. ઉપ.[129] પૂરક, કુંભક અને રેચક ક્રિયાઓ દ્વારા પ્રાણને સંયમિત કરવામાં આવે છે તેને પ્રાણાયામ કહે છે. ૐનાં અ-કાર, ઉ-કાર અને મ-કાર એ ત્રણ વર્ણ ક્રમશઃ પૂરક, કુંભક અને રેચકથી જોડાયેલ છે, તેનું એકત્ર થવું તે જ પ્રણવ છે.

પૂ. ગુરુદેવ[130] શ્વાસોચ્છ્વાસની ગતિનો અવરોધ કરી પ્રાણને રોકવો તેને પ્રાણાયામ કહે છે. તેઓશ્રી પ્રણવના મંત્રસહિતના પ્રાણાયામને સગર્ભ અને મંત્રવિનાના પ્રાણાયામને અગર્ભ કહે છે. તેમજ રેચક, પૂરક અને કુંભક એમ ત્રણ પ્રકાર ગણાવે છે.

પ્રાણાયામનું મહત્ત્વ દર્શાવતા જણાવે છે કે– પ્રાણાયામથી શરીરના મલ નાશ પામતાં વાયુ સ્થિર થતાં ચિત્ત સ્થિર થાય છે, ચિત્ત સ્થિર થતાં ઉત્સાહ વધે છે અને મોક્ષ તરફ આગળ વધાય છે.

પ્રાણાયામનું મહત્ત્વ દર્શાવતાં શ્રી જા. દ. ઉપ. જણાવે છે કે– નાકનાં અગ્રભાગમાં, નાભિમધ્ય તથા પગનાં અંગૂઠા ઉપર પ્રાણ ધારણ કરનાર વ્યક્તિ બધાં જ રોગોથી મુક્ત થઈને સો વર્ષ સુધી જીવન જીવે છે.[131] નાભિમધ્ય, જિહ્વામૂલ, ભ્રૂમધ્ય, નાભિ, નેત્ર, શિર વગેરે સ્થાનોમાં પ્રાણને રોકવાથી બધી જ વ્યાધિઓ નષ્ટ થઈ જાય છે. જે તે સ્થાનમાં પ્રાણને રોકવો હોય, તે તે સ્થાનમાં મનોવૃત્તિ રાખી પ્રાણ ત્યાં ગમન કરે છે તેવી ભાવના કરવી. આમ કરવાથી સરળતાથી પ્રાણજય કરી શકાય છે.[132] હાથનાં અંગૂઠાથી બન્ને કાન, તર્જની આંગળીઓથી બન્ને નેત્ર તેમજ અન્ય આંગળીઓ દ્વારા નસકોરાંને બંધ કરીને મૂર્ધામાં પ્રાણને ધારણ કરવાથી પ્રાણ બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ કરી જાય છે, જેનાથી અત્યંત આનંદની અનુભૂતિ થાય છે.[133] આ જ ઉપ. આગળ વધતાં જણાવે છે કે– રેચક તથા પૂરક વગર માત્ર કુંભક કરવાથી શરીર ભૂમિથી ઉપર ઊઠવા લાગે છે.[134]

પ્રાણાયામના અભ્યાસ દ્વારા મૃત્યુને પણ જીતી શકાય છે.[135] છા. ઉપ.[136] પ્રાણાયામનું મહત્ત્વ દર્શાવતા પરોક્ષ રીતે જણાવે છે કે બધાં પ્રાણીઓ પ્રાણમાંથી જ ઉત્પન્ન થાય છે, તેમાં રહે છે અને તેમાં જ લીન થાય છે.

પ્રાણાયામનો અભ્યાસ કરનારે પદ્માસનમાં બેસી, શિવરૂપ ગુરુને નમસ્કાર કરી, નાસાગ્ર દષ્ટિ રાખી એકાકી/એકાંતમાં પ્રાણાયામનો અભ્યાસ કરવો.[137]

દોરીથી બંધાયેલું પક્ષી અંતે મૂળ સ્થાને પરત આવે છે, તેમ અન્ય જગ્યાએ આશ્રય ન મળવાથી મન પ્રાણનો જ આશ્રય લે છે.[138] આ મન વિકારથી ઘેરાયેલું હોય તો ઇન્દ્રિયોની ચંચળતા વધે છે. તેથી જો મન ઉપર અંકુશ આવે તો વાસનાને રોકી શકાય અને સન્માર્ગે આગળ વધી શકાય. આ મનને સુનિયોજિત



For Private And Personal Use Only

કરવાનું કામ પ્રાણાયામ કરે છે. તેથી જ યોગચૂડામણિ ઉપ.[139] કહે છે કે– "પ્રાણાયામનો અગ્નિ પાપરૂપી ઈંધણને બાળી નાખે છે અને સંસાર સાગરને પાર કરવાનો માર્ગ બનાવે છે."

ઈડા(ડાબી નાસિકા) દ્વારા વાયુને ધીરે ધીરે ઉદરમાં ભરી ત્યાં સોળ માત્રા યુક્ત 'अ'કારનું ધ્યાન ધરવું, ત્યારબાદ ઉદરમાં ભરેલી વાયુને થોડોક સમય ધારણ કરી રાખી, ત્યાં ચોસઠ માત્રા યુક્ત 'उ'કારનું ધ્યાન કરતાં–કરતાં પ્રણવનો જપ કરવો. જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી વાયુને ઉદરમાં ધારણ કરેલો રાખવો. ત્યારબાદ બત્રીસ માત્રામય 'म'કારનાં ધ્યાનપૂર્વક વાયુને ધીમે–ધીમે બહાર કાઢવો. આ એક પ્રાણાયામ કહેવાય.[140] પૂ. ગુરુદેવની દૃષ્ટિએ જે નાસાપુટથી પૂરક કર્યો હોય ક્રમપૂર્વક તે જ નાસાપુટથી રેચક થાય ત્યારે એક પ્રાણાયામ થયો કહેવાય. આ જ બાબત શ્રી જા. દ. ઉપ.[141] જણાવતાં કહે છે કે– ઈડા દ્વારા વાયુને ગ્રહણ કરેલ હોય ત્યારે પિંગલા દ્વારા અને પિંગલા દ્વારા વાયુને ગ્રહણ કરેલ હોય ત્યારે ઈડા દ્વારા વાયુને ધીમે ધીમે બહાર કાઢવો. એ રીતે પ્રાણાયામનો અભ્યાસ દરરોજ કરવો.

[142]પ્રાણાયામ કરતાં–કરતાં ચંદ્રનાડીથી વાયુ અંદર લેતા હોઈએ ત્યારે નાભિમાં શ્રી વિષ્ણુનું અથવા ચંદ્રનું ધ્યાન ધરવું, મૂલબંધ રાખવો, પછી જાલંધર બંધ કરી શરીરના સર્વ અવયવોને અચલ ધારણ કરી નાસિકાનાં બન્ને છિદ્રને રોકી ચોસઠ માત્રા સુધી પવનને હૃદયમાં રૂંધવો, ત્યારે શ્રી બ્રહ્માનું અથવા અગ્નિનું ધ્યાન ધરવું, ત્યારબાદ ઉડ્ડીયાન બંધ કરી ધીમે–ધીમે બત્રીશ માત્રા સુધી ઉદરગત સર્વ પ્રાણવાયુને સૂર્યનાડીથી ધીરે ધીરે બહાર કાઢવો. આ સમયે લલાટમાં શ્રી મહાદેવનું અથવા સૂર્યનું ધ્યાન ધરવું, આ સમયે ડાબા નસકોરાને જમણા હાથની અનામિકા અને કનિષ્ઠિકાથી બંધ રાખવું.

ઈડા(ડાબી) બાજુની નાડીથી વાયુ ગ્રહણ કરી, જમણી બાજુથી રેચક કરવો, પિંગલા(જમણી) બાજુથી વાયુ લઈ ડાબી બાજુથી રેચક કરવો. આ પ્રાણાયામ હૃદયમાં સ્થિત સૂર્ય ભગવાનનું ધ્યાન કરતાં–કરતાં કરવો. આ રીતે બે માસ અભ્યાસ કરવાથી નાડી શુદ્ધ થાય છે.[143] ગાયના દૂધ સમાન ધવલ ચંદ્રમાનું ધ્યાન ધરતા–ધરતા પણ પ્રાણાયામ કરી શકાય.

પૂરક, રેચક, કુંભક ક્રિયાને સમજાવતાં જણાવે છે કે– વાયુને ઉદરમાં ભરવો તે ક્રિયા પૂરક છે, ધારણ કરવો તે કુંભક છે અને બહાર ફેંકવો તે રેચક છે.[144]

બાર માત્રાનો પૂરક, સોળ માત્રાનો કુંભક અને દસ માત્રાનો રેચક કરવો જોઈએ. તે ૐ પ્રાણાયામ કહેવાય છે.[145]

દ્વાદશ માત્રાનો પ્રાણાયામ કનિષ્ઠ છે, તેનાથી બે ગણી માત્રાવાળો મધ્યમ અને ત્રણગણી

માત્રાવાળો ઉત્તમ કહેવાય છે. હલકા પ્રાણાયામથી પરસેવો, મધ્યમથી ધ્રુજારી અને ઉત્તમથી આસન ઉપર ઊઠતું અનુભવાય છે.[146] આ જ બાબત જણાવીને શ્રી જા. દ. ઉપ.[147]માં કહ્યું છે કે– જ્યાં સુધી શ્રેષ્ઠ પ્રાણાયામ સિદ્ધ ન થાય ત્યાં સુધી નિમ્ન અને મધ્યમ શ્રેણીના પ્રાણાયામનો અભ્યાસ કરતાં રહેવું. કારણ કે ઉત્તમ પ્રાણાયામ સિદ્ધ થતાં અત્યંત સુખની અનુભૂતિ થાય છે. પરંતુ પ્રાણાયામ કરતી વખતે એ બાબત ધ્યાનમાં રાખવી કે– પ્રાણવાયુ શરીરમાં સ્થિત હોય ત્યાં સુધી અપાનને રોકવો.[148] પ્રાણાયામથી મનને જીતી શકાય છે.

**(૫) પ્રત્યાહાર :**

[149]યોગ સૂત્રકારનાં મતે ઇન્દ્રિયો પોત પોતાના વિષયોમાંથી પાછી હટીને ચિત્તસ્વરૂપ આકાર ધારણ કરે તે પ્રત્યાહાર છે. તેનાંથી ઇન્દ્રિયો ઉપર પરમ સંયમ સિદ્ધ થાય છે.

પોતાના સ્વભાવથી વિષયોમાં વિચરણ કરતી ઇન્દ્રિયોને બળપૂર્વક વિષયોમાંથી વાળવી તે પ્રત્યાહાર છે. યોગચૂડામણિ[150] ઉપ. પણ આ જ બાબત કહે છે. વિશેષમાં જા. દ. ઉપ.[151]માં જણાવેલ છે કે– 'મનુષ્યને જે કાંઈ દેખાય છે તે બ્રહ્મ છે.' એવો ભાવ કરી, મનને બ્રહ્મમાં એકાગ્ર કરવું તે પ્રત્યાહાર છે. તેમજ મૃત્યુના સમય સુધી જે કાંઈ શુદ્ધ અથવા અશુદ્ધ કર્મ કરે, તે પરમાત્માને સમર્પિત કરી દે તે પ્રત્યાહાર છે, એટલે કે નિત્ય અને નૈમિત્તિક કર્મો લોકસંગ્રહની ભાવના સાથે નિષ્કામભાવે કરવા તે પણ પ્રત્યાહાર છે. શ્રીમદ્ ભગવદ્ગીતા[152] પણ આ જ બાબત કહે છે.

[153]વાયુને એક સ્થાનમાંથી લઈ બીજા સ્થાનમાં સ્થાપવો, એટલે કે દંતમૂળમાં વાયુને લઈ કંઠમાં, કંઠમાંથી હૃદયમાં, ત્યાંથી નાભિમાં, નાભિમાંથી કુંડલિનીમાં, ત્યાંથી મૂલાધારમાં સ્થાપિત કરવો. ત્યારબાદ ત્યાંથી કટીનાં બન્ને ભાગમાં, ત્યાંથી જાંઘોના મધ્યભાગમાં, જાંઘોમાંથી ઘૂંટણોમાં, ત્યાંથી પીંડીઓમાં, ત્યાંથી પગમાં, પગમાંથી અંગૂઠામાં લઈ જઈને ત્યાં વાયુને રોકવો. તેને પ્રાચીન કાળથી પ્રત્યાહારમાં રત રહેનારા મહાત્માઓ પ્રત્યાહાર કહે છે. આ જ બાબત સિદ્ધ હઠયોગી મહાત્મા પૂજ્યપાદ શ્રીમન્નથુરામ શર્માએ પણ શ્રી યોગકૌસ્તુભમાં કહી છે. તેઓશ્રી અંગૂઠાથી શરૂ કરીને બ્રહ્મરંધ્રમાં લાવે અને ત્યાં સ્થિર કરી, ફરી અંગૂઠા સુધી લાવે તેને પ્રત્યાહાર ગણાવે છે.[154]

સ્વસ્તિક આસનમાં સ્થિર ચિત્તે બેસીને નાકનાં બન્ને છિદ્રો દ્વારા વાયુને ખેંચીને પગથી મસ્તક સુધી ધારણ કરવો, બન્ને પગ, મૂલાધાર, નાભિકન્દ, હૃદયનાં મધ્યભાગમાં, કંઠ મૂળ, તાલુ, ભ્રમરનાં મધ્યભાગમાં, લલાટ અને મસ્તકમાં વાયુને ધારણ કરવો, તેને વાયુ ધારણાત્મક પ્રત્યાહાર કહેવામાં આવે છે.[155]

એકાગ્રચિત્ત બની, આત્મબુદ્ધિનો પરિત્યાગ કરવો, નિર્વિકલ્પરૂપ આત્મામાં બુદ્ધિને સ્થિર કરવી તેને યથાર્થ પ્રત્યાહાર આત્મવેત્તા મહાત્માઓએ ગણાવેલ છે.[156]

પ્રાણાયામના ૧૨ પ્રકારના અભ્યાસને યોગચૂડામણિ ઉપ.માં પ્રત્યાહાર ગણાવેલ છે.[157]

મહર્ષિ પતંજલિના[158] મતાનુસાર ઇન્દ્રિયો વિષયમાં નહીં પરંતુ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે તેને પ્રત્યાહાર કહેવાય છે. શ્રી ભાણદેવ[159] જણાવે છે કે– ઇન્દ્રિયો વિષયોન્મુખી મટીને ચિત્ત સ્વરૂપાકાર ધારણ કરે ત્યારે પ્રત્યાહાર થાય છે અને સાધકનો ધારણા, ધ્યાન વગેરે અંતરંગયોગની સાધના માટેનો માર્ગ મોકળો થાય છે."

પ્રત્યાહાર માટે ઇન્દ્રિયોને વિષયો પરથી દૂર કરવી પડે છે, પરંતુ ફક્ત બાહ્યેન્દ્રિયોને બળપૂર્વક રોકવાથી પ્રત્યાહાર સિદ્ધ થતો નથી, પરંતુ મન ઉપર અંકુશ લગાવવો જરૂરી છે. જો મનથી વિષયોનું ધ્યાન કરવામાં આવે અને કર્મેન્દ્રિયોને બલપૂર્વક રોકવામાં આવે તો તે ગીતાની દષ્ટિએ મિથ્યાચાર છે.[160]

ઉપર્યુક્ત બધી બાબતનો વિચાર કરતાં સમજી શકાય છે કે, પોતાનાં મૂળ સ્વરૂપમાં સ્થિર થવું તે પ્રત્યાહાર છે. પરંતુ મૂળ સ્વરૂપમાં સ્થિર થવા માટે મન અને બુદ્ધિની સ્થિરતા જરૂરી છે, તેને સ્થિર કરવા માટે વાયુ ઉપર કાબુ મેળવવો જરૂરી છે, વાયુ ઉપર કાબુ મેળવવા માટે પ્રાણાયામ અને મિતાહાર જરૂરી છે, ધ્યાન જરૂરી છે. ચિત્તની સ્થિરતા જરૂરી છે. તેથી તે દરેકને પ્રત્યાહાર ગણાવે છે. વાયુ સ્થિરતા હોય તો જ કુંડલિની જાગૃત કરી શકાય છે અને પરમતત્ત્વનો અનુભવ કરી શકાય છે.

મહર્ષિ દયાનંદ[161] પ્રત્યાહારનું ફળ દર્શાવતા જણાવે છે કે "જિતેન્દ્રિય મનુષ્ય જે જગ્યાએ પોતાનું મન લગાવવા ઇચ્છે છે તે જગ્યાએ લગાવી શકે છે. તેમાં જ રોકી શકે છે કે ચલાવી શકે છે. ત્યારબાદ તેને જ્ઞાન થઈ જતાં હંમેશાં સત્યમાં પ્રીતિ થઈ જાય છે અને અસત્યમાં ક્યારેય નહીં અને ત્યારે જ તે મોક્ષનો ભાગી થાય છે."

શ્રી ભાણદેવને[162] મતે જ્યાં સુધી સાધકનું ચિત્ત બાહ્ય જગતના વિષયોમાં રમમાણ હોય છે, ત્યાં સુધી તે અધ્યાત્મ પથ પર પ્રગતિ કરી શકતો નથી. આપણા ચિત્તનો વિષયો સાથેનો સંપર્ક ઇન્દ્રિયો દ્વારા થાય છે. ઇન્દ્રિયો સાધારણતઃ વિષયોન્મુખી હોય છે. જ્યારે આ સાધારણ પ્રક્રિયા ઊલટી અને એટલે કે ઇન્દ્રિયો વિષયોન્મુખી મટીને ચિત્તસ્વરૂપાકાર ધારણ કરે ત્યારે પ્રત્યાહાર થાય છે અને સાધકનો ધારણા, ધ્યાન વગેરે અંતરંગયોગની સાધના માટેનો માર્ગ મોકળો થાય છે.



For Private And Personal Use Only

યમ–નિયમ વગેરે અષ્ટાંગયોગનાં બાહ્ય અંગ છે, જ્યારે ધારણા–ધ્યાન–સમાધિ અંતરંગ યોગ છે. પરંતુ બાહ્ય અંગોના આચરણ વિના–સિદ્ધિ વિના જો અંતરંગ યોગ આચરવામાં આવે તો શરીર અને મનને નુકસાન કરે છે, તેમજ રોગનો ભોગ બની જવાય છે. તેથી જ સાધકે ક્રમશઃ યોગનાં અંગનો અભ્યાસ કરવો જોઈએ.

**(૬) ધારણા :**

યોગસૂત્રકાર[173] ધારણા એટલે ચિત્તનું કોઈ એક દેશવિશેષમાં સ્થિર રહેલું બહિરંગ યોગના પર્યાપ્ત અભ્યાસથી શુદ્ધ થયેલું ચિત્ત કોઈ એક સ્થાનમાં એકાગ્ર થાય તેને 'ધારણા' કહે છે.

યોગ ભાષ્યકાર વ્યાસ[174] દેશ–વિશેષનો અર્થ શરીરના બાહ્ય અને આભ્યંતર અંગો કરે છે. તેઓ આ સ્થાનોમાં નાભિચક્ર, હૃદયકમલ, મુર્ધન્ય જ્યોતિ, નાસિકાનો અગ્રભાગ તેમજ જિહ્વાગ્ર વગેરેને ગણાવે છે. અર્થાત્ પ્રત્યાહાર દ્વારા રોકવામાં આવેલ ચિત્તને શરીરનાં અલગ–અલગ પ્રદેશોમાં લગાવીને સ્થિર કરવું તે ધારણા કહેવાય છે. આ જ સંદર્ભમાં મહર્ષિ પતંજલિએ સૂર્ય, ચંદ્ર તથા ધ્રુવમાં સંયમ કરવાની વાત પણ કરેલ છે. મૈત્રા.[175] અને યોગચૂડામણી ઉપ.[176] બાર પ્રત્યાહારને ધારણા ગણાવે છે. પૂ. ગુરુદેવ[177] "કોઈ યોગ્ય ધ્યેય દેશને વિષે ચિત્તને એકાગ્ર કરવું તે ધારણા કહેવાય છે. આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક એ ત્રણ પ્રકારના ધારણા કરવાના દેશો છે. धारणा (स्त्री) धार्य्यते या सा । धृ + णिच् + युच् टाप् જે ધારણ કરે છે તે અર્થાત્ બુદ્ધિ. યોગના એક અંગ તરીકે પણ મેદિની સ્વીકારે છે. અતઃ ઇન્દ્રિયોને ધારણ કરનાર એમ જણાવેલ છે.[178]

શ્રી જા. દ. ઉપ.[179] ધારણાના પાંચ પ્રકાર દર્શાવે છે. જે શરીરમાં રહેલાં પંચ મહાભૂતોનો નિર્દેશ કરે છે. (૧) પોતાના દેહમાં– દેહમાં સ્થિત આકાશમાં બાહ્યાકાશની, (૨) પ્રાણમાં– પ્રાણમાં બાહ્ય પ્રાણની, (૩) જઠરાગ્નિમાં– બાહ્યાગ્નિની, (૪) જળમાં– જળની, (૫) પૃથ્વીમાં– પૃથ્વીની.

આ પાંચ પ્રકારની ધારણા સમયે ક્રમશઃ हं, यं, रं, लं, वं એ બીજમંત્રોનું ઉચ્ચારણ કરવું જોઈએ. શ્રી જા. દ. ઉપ.માં દર્શાવેલી પંચધારણાઓનાં વિષયમાં ફળ વગેરે બાબતમાં પૂ. શ્રીમન્નથુરામ શર્મા[180] જણાવે છે કે– "સાધકે સર્વપ્રથમ પૃથ્વીતત્ત્વમાં, પછી જલતત્ત્વમાં, પછી તેજસ્તત્ત્વમાં પછી વાયુતત્ત્વમાં, ને પછી આકાશતત્ત્વમાં ધારણા કરવી."

યોગતત્ત્વો.[181] આ બાબતને વિસ્તૃત રીતે સમજાવતાં જણાવે છે કે– પગથી જાનુ સુધીનો ભાગ પૃથ્વી કહેવાય છે, જાનુથી પાયુ સુધીનો ભાગ જલ સ્થાન, પાયુથી હૃદય સુધીનો ભાગ અગ્નિસ્થાન, હૃદયથી ભ્રૂ સુધીનો ભાગ વાયુ સ્થાન, ભ્રૂના પ્રારંભથી અંત સુધીનો ભાગ આકાશ સ્થાન કહેવાય છે. આ



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

સ્થાનોમાં ધારણા કરવાથી પૃથ્વી, જલ, તેજ, વાયુના સંયોગથી યોગીનું મૃત્યુ થતું નથી અને તે આકાશગમન કરનાર બને છે.

શ્રી ભાણદેવના[૧૭૪] મતે ધારણાના વિષયો પાંચ સ્વરૂપના હોય છે– (૧) બાહ્ય વિષયો : મૂર્તિ, ચિત્ર, ઓમ્કાર વગેરે. (૨) મનોમય : આ જ વિષયો આગળ જતાં મનોમય બને છે. (૩) પોતાના શરીર પર : નાસાગ્ર, ભ્રૂમધ્ય વગેરે. (૪) શરીરાન્તવર્તી : હૃદય, આજ્ઞાચક્ર વગેરે. (૫) અતીન્દ્રિય અનુભવ : નાદશ્રવણ, જ્યોતિદર્શન, દિવ્યસ્પર્શ વગેરે. તેઓશ્રીએ કરેલી ધારણા અને થયેલી ધારણા એમ બે પ્રકારની ગણાવી; થયેલી ધારણા ઉત્તમ છે તેમ જણાવે છે.

[૧૭૫]ધારણાનો અભ્યાસ ત્યારે જ સિદ્ધ થાય છે, જ્યારે યોગીશ્વર એવા શ્રી સદ્ગુરુના વચનમાં દૃઢ વિશ્વાસ અને ચિત્તમાં નિર્મલ વૈરાગ્ય રાખી ધીરજ સાથે આગ્રહપૂર્વક અભ્યાસ કરવામાં આવે. એટલું જ નહીં નિશ્ચિત કરેલ સમયે પ્રારંભ અને અંત કરવામાં આવે તો ઉત્તમ સાધકને ઝડપથી, મધ્યમને ત્રણ માસમાં અને મંદ ગતિવાળાને થોડાંક વધુ સમય બાદ અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ધારણાની સિદ્ધિ માટે મનની એકાગ્રતા જરૂરી છે, મનની એકાગ્રતા અત્યંત કઠિન છે. તેથી જ શ્રીમદ્ ભગવદ્ગીતા[૧૭૬] ઉત્સાહપૂર્વક સતત પ્રયત્ન કરવાનું જણાવે છે.

આ રીતે સતત ઉત્સાહ રાખીને જ્ઞાની પુરુષે હંમેશાં પોતાના આત્મામાં બોધમય, આનંદમય અને કલ્યાણમય પરમાત્માની ધારણા કરતાં–કરતાં સર્વ ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી મનમાં અને પછી પરમાત્મામાં લગાવવી તે પણ ધારણા જ છે.[૧૭૭]

**(૭) ધ્યાન :**

યોગચૂડામણિ ઉપ.[૧૭૮] બાર ધારણાને ધ્યાન ગણાવે છે. જ્યારે શ્રી જા. દ. ઉપ.[૧૭૯] જે પરમાત્મા યોગેશ્વરોનાં ઈશ્વર, વિશ્વરોગની ઔષધિ તે સત્ય સ્વરૂપ પરબ્રહ્મ પરમેશ્વરનું ધ્યાન કરવું અને એવી ભાવના કરવી કે હું તે જ છું.

અન્ય પ્રકાર વર્ણવતા શ્રી જા. દ. ઉપ.[૧૮૦] જણાવે છે કે—બધાનાં ઈશ્વર, સત્ય–સ્વરૂપ, આનંદમય, આદિ–મધ્ય–અંત રહિત, સ્થૂળ–પ્રપંચ રહિત, જળ અને પૃથ્વીથી વિલક્ષણ પરમેશ્વર છે તેનું ચિંતન કરવું અને બુદ્ધિ દ્વારા એવી ભાવના કરવી કે તે પરબ્રહ્મ પરમેશ્વર હું જ છું.

પૂ. શ્રી ગુરુદેવ[૧૮૧] ધારણાના દેશમાં/સ્થાનમાં ચિત્તવૃત્તિનો તૈલધારાની જેમ અખંડ પ્રવાહ ચાલે તે ધ્યાન કહેવાય એમ કહે છે. મહર્ષિ પતંજલિ[૧૮૨] પણ શરીરના જે જે દેશોમાં/સ્થાનોમાં ધારણાનું વિધાન કરવામાં આવ્યું છે, તે તે સ્થાનોમાં ચિત્તની એકાગ્રતાને ધ્યાન કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આધિભૌતિક તે લિંગશાલગ્રામાદિ વિષયક, આધિદૈવિક તે સૂર્યાદિવિષયક, આધ્યાત્મિક તે ગુરુચિંતનાદિ વિષયક અને તુરીય તે રૂપાતીત નાદાનુસંધાનરૂપ છે. આ જ ધ્યાન સગુણ અને નિર્ગુણ એમ બે પ્રકારનું છે. તેમાં સગુણ વિષ્ણુધ્યાન, અગ્નિધ્યાન, સૂર્યધ્યાન, ભૂધ્યાન અને પુરુષ ધ્યાન એમ પાંચ પ્રકારનું છે, જ્યારે નિર્ગુણ ધ્યાન એટલે "અનંતબ્રહ્મ છે તે હું જ છું." આવું જે આત્મસ્વરૂપે ચિંતન તે નિર્ગુણ ધ્યાન છે.[141]

આ ધ્યાન શ્રી સદ્ગુરુએ ઉપદેશેલી પદ્ધતિમાં શુદ્ધભાવના અને એકનિષ્ઠા રાખવામાં આવે તો જ તેના પરિપાકરૂપ સમાધિને ઉત્પન્ન કરવા સમર્થ થાય છે, અન્યથા નહીં.

શ્રી છાં. ઉપ.[142]માં ધ્યાનનું મહત્ત્વ દર્શાવતાં શ્રી સનત્કુમારે શ્રી નારદપ્રતિ જણાવ્યું છે કે– પૃથ્વી જાણે ધ્યાન કરે છે, અંતરિક્ષ જાણે ધ્યાન કરે છે, દ્યૌ (આકાશ) જાણે ધ્યાન કરે છે, જલ જાણે ધ્યાન કરે છે, પર્વતો જાણે ધ્યાન કરે છે, માટે જેઓ મહત્તાને પ્રાપ્ત થાય છે તે સર્વે ધ્યાનના ફલના એક અંશને પ્રાપ્ત થાય છે, તથા જે ક્ષુદ્ર, કલહ કરનાર, પરોક્ષ નિંદા કરનારને સંમુખ નિંદા કરનાર થાય છે, તે સર્વે ધ્યાનના અભાવે થાય છે, માટે હે નારદ! તમે ધ્યાનની ઉપાસના કરો.

વિવેક ચૂડામણીમાં[143] આચાર્ય ભગવાન પણ અન્ય ક્રિયાઓની આસક્તિ ત્યજી દઈને ભમરાના ભાવનું ધ્યાન કરતો કીડો જેમ ભમરાના ભાવને પામે છે તેવી જ રીતે યોગી પરમાત્મતત્ત્વનું ધ્યાન કરીને તેને વિષે એકનિષ્ઠાપણાને પામે છે.

બ્રહ્મ સાક્ષાત્કાર માટે શ્રવણ–મનન–નિદિધ્યાસન એ ત્રણ અવસ્થાઓ છે. બ્રહ્મનાં વિષયમાં જે કાંઈ કહેવામાં–સાંભળવામાં આવે છે, તે ગુરુ પાસેથી જાણવું તે શ્રવણ છે. તેની વાત શ્રદ્ધાથી જાણવી જોઈએ.[144] શ્રદ્ધા એટલે પરમતત્ત્વનાં અસ્તિત્વમાં આસ્થા, જેને શ્રીમદ્ શંકરાચાર્ય[145] આસ્તિક્યબુદ્ધિ કહે છે.

'મનન' એટલે અનુમાન, ઉપમાન વગેરે તાર્કિક પ્રક્રિયા દ્વારા સ્પષ્ટ વિચારો ઉપર પહોંચવાના પ્રયત્ન કરવો.

નિદિધ્યાસન એટલે શ્રવણ–મનન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કરેલ હોય તેને અંતરક્રિયાથી ગ્રહણ કરવું જોઈએ, તેને ગહન બનાવવું જોઈએ. નિદિધ્યાસનની પ્રક્રિયાથી બૌદ્ધિક ચેતનાને એક જીવન ચેતનામાં પરિણિત કરી શકાય છે. વિદ્યાનો અહંકાર છોડીને ધ્યાન સત્ય પર કેન્દ્રિત કરવું જોઈએ.[146]

ઉપાસના ધ્યાનમાં મદદરૂપ બને છે, પરંતુ ઉપાસના એ ધ્યાન નથી. ધ્યાન એ તક નથી, પરંતુ



For Private And Personal Use Only

પોતાને સત્યની સામે નિશ્ચલ રાખે છે. જે વિચારનું ધ્યાન કરવામાં આવતું હોય, તેની સંપૂર્ણ સુગંધને આપણે ચિત્તમાં ફેલાવીએ છીએ. તેથી જ શ્રીમદ્ શંકરાચાર્ય ઉપાસનાને એકાત્મ વિચારધારાનો અજસ્ર પ્રવાહ બતાવે છે.[illegible] તે પણ ધ્યાનરૂપ છે.

## (૮) સમાધિ :

ધ્યેયવસ્તુના સ્વરૂપને પામેલું મન જ્યારે પોતાના ધ્યાનપણાના સ્વરૂપનો પરિત્યાગ કરીને અને સંકલ્પવિકલ્પથી રહિત થઈને કેવલ ધ્યેય વસ્તુના સ્વરૂપથી સ્થિત થાય છે ત્યારે તેની તે અવસ્થાને યોગીપુરુષો સમાધિ કહે છે.[illegible] [illegible]યોગચૂડામણિ ઉપ. બાર ધ્યાનને સમાધિ કહે છે. જ્યારે જા. દ. ઉપ.[illegible] પણ પરમાત્મા અને જીવાત્મા માટે એકરૂપ સંબંધવાળી નિશ્ચયાત્મક બુદ્ધિના પ્રાગટ્યને જ સમાધિ કહીને જણાવે છે કે— આ આત્મા નિત્ય, એકરસ, સર્વવ્યાપી અને સર્વદોષરહીન છે. તે એક હોવા છતાં માયાને કારણે અનેક દેખાય છે. અદ્વૈત ભાવ જ સત્ય છે, વાસ્તવમાં સાક્ષી સ્વરૂપમાં સ્થિત એકમાત્ર શિવરુપ પરમાત્માને જ માને તેવી નિશ્ચયાત્મક બુદ્ધિને સમાધિ કહે છે.

મહર્ષિ પતંજલિ[illegible] ધ્યાન જ અર્થ માત્રથી નિર્ભાસિત થઈ જાય છે તથા સ્વરૂપથી શૂન્ય જેવું થઈ જાય છે, તે પ્રત્યયૈકતાનતા રૂપ ધ્યાનને સમાધિ કહે છે. આ વ્યાખ્યાને શ્રી ભાણદેવે[illegible] વિસ્તૃત રીતે સમજાવી છે.

સમાધિ એટલે જે દશામા સંજ્ઞાનો યાને 'હું છું' એવા જ્ઞાનનો લય થઈ જાય તે દશા.તે દશામાં વ્યક્તિનું ચૈતન્ય અનંત અસ્તિત્વમાં મગ્ન થઈ જાય છે.[illegible]

સમાધિના સમ્પ્રજ્ઞાત અને અસમ્પ્રજ્ઞાત એમ બે પ્રકાર છે. સમ્પ્રજ્ઞાત સમાધિમાં કોઈને કોઈ આલંબન રહે છે, જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિનાં કોઈ આલંબન હોતું નથી.

ચિત્તવૃત્તિનું અહંકાર શૂન્ય થઈને બ્રહ્માકાર થઈ જવું તે સંપ્રજ્ઞાત સમાધિનું સ્વરૂપ છે. આ સ્થિતિ ધ્યાનના પરિપક્વ અભ્યાસથી સિદ્ધ થાય છે. જ્યારે ચિત્તની પ્રશાંતવૃત્તિ જે બ્રહ્માનન્દને આપનારી છે, અસમ્પ્રજ્ઞાત સમાધિ કહેવાય છે. એ અવસ્થા યોગીઓને માટે અતિશય પ્રિય છે.[illegible]

સંયમનો પરિપાક થવાથી સંપ્રજ્ઞાત સમાધિનો ઉદય થાય છે. તેમાં ધ્યેય વસ્તુના સ્ફૂટનું ભાન હોય છે. આ સમાધિથી પ્રાપ્ત થતી સિદ્ધિઓમાં નિઃસ્પૃહતા આવે ત્યારે ધર્મમેઘ સમાધિ પ્રાપ્ત થાય છે. આ સમાધિ શુક્લ તથા અકૃષ્ણ ધર્મને વરસાવે છે તેથી તેનું નામ ધર્મમેઘ સમાધિ છે.[illegible] તે પછી પરવૈરાગ્ય ઉત્પન્ન થતાં અસમ્પ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થાય છે.[illegible]

મહો.મો.[illegible] વાસનાને બાળનાર આત્મજ્ઞાનને જ સમાધિ કહેલ છે. માત્ર મૌન રહી સ્થિર બેસવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે નહીં. ચિત્તાકાશ, ચિદાકાશ અને ભૌતિક આકાશ એમ ત્રણ પ્રકારનાં આકાશ માનવામાં આવે છે. તેમાં સમસ્ત સંકલ્પોને સત્તાહીન કરીને ચિદાકાશમાં સ્થિર રહેવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે. આ ચિદાકાશમાં સ્થિર રહેવાથી જ ઉદારતા અને વૈરાગ્યથી સંપન્ન સર્વાનન્દમયી અવસ્થાની પ્રાપ્તિ થાય છે, તે જ સમાધિ છે. આ અવસ્થા રાગ–દ્વેષ રહિત થવાથી પ્રાપ્ત થાય છે. તેના અભ્યાસથી એકાગ્રચિત્તમાં રમણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. પરિણામ સ્વરૂપે સત્તાના અભાવનો બોધ થાય છે, તે જ જ્ઞાન છે અને તે જ કૈવલ્ય/મુક્તિ છે.

## સમાધિનું માહાત્મ્ય :

મૈત્રા.ઉપ.[198]માં જણાવેલ છે કે, સમાધિ દ્વારા મલનાશ થતાં જે સુખ આત્માને થાય છે, તેનું વર્ણન શક્ય નથી. તે તો સ્વયં અનુભૂતિનો વિષય છે. આ અનુભૂતિની સમજણ આપતાં મહર્ષિ દયાનંદ સરસ્વતી[199] જણાવે છે કે– ''મનુષ્ય જળમાં ડુબકી મારીને થોડોક સમય અંદર રહે છે તેમ જીવાત્મા પરમેશ્વરમાં મગ્ન થઈને બહાર નીકળે છે.''

યોગના અનુભવમાં મહર્ષિ અરવિંદ[200] જણાવે છે કે– ''યોગમાં આશ્ચર્ય થાય તેવા અનુભવો થાય છે તેના પ્રત્યે મનને બહુ જવા દેવું નહીં. કારણ કે યોગનો હેતુ પ્રભુપ્રાપ્તિ છે, આશ્ચર્ય કે જાદુ પ્રાપ્તિ નથી. ઓચિંતો મગજમાં તેજનો અંબાર વ્યાપે આપણે ક્ષણિક બેભાન થઈ જઈએ. મગજમાંથી આખા શરીરમાં ઠંડકનો વિચિત્ર અનુભવ થાય, કપાળ વચ્ચે ઝીણું તેજ દેખાય– તેના પ્રત્યે બહુ મન જેવા દેવું નહીં. પ્રભુપ્રાપ્તિ અને જીવનમાં તેનો આવિર્ભાવ એ જ હેતુ છે.''

મહો.માં જ્ઞાનની/યોગની સાત ભૂમિકાઓ દર્શાવેલી છે. આ સાત ભૂમિકાઓમાં યમ–નિયમ વગેરે યોગના અંગોની વાત કરવામાં આવી છે અને આ ભૂમિકાઓમાં દુઃખ નાશરૂપ મુક્તિ છે તેમ જણાવવામાં આવ્યું છે.[201]

### (૧) શુભેચ્છા :

સાંસારિક ભ્રમજાલ તરફ ગ્લાનિ ઉત્પન્ન થવી, શાસ્ત્ર વગેરે તરફ જિજ્ઞાસા થવી, શ્રેષ્ઠ કર્મોની ઈચ્છા વગેરે થવું. તેને જ્ઞાનીઓ શુભેચ્છા નામની પ્રથમ ભૂમિકા કહે છે.

### (૨) વિચારણા :

સજ્જનોનો સંગ, શાસ્ત્રોનું અધ્યયન, વૈરાગ્યયુક્ત સદાચારણની પ્રવૃત્તિ થાય, તે વિચારણા નામની ભૂમિકા છે.



For Private And Personal Use Only

**(૩) તનુમાનસી :**

સદાચારણ દ્વારા વિષયો તરફ અનુરાગ ક્ષીણ થઈ જાય, તે અવસ્થા તનુમાનસી છે.

**(૪) સત્ત્વાપત્તિ :**

ઉપરોક્ત ત્રણ ભૂમિકાઓનાં અભ્યાસથી, વૈરાગ્યના બળથી ચિત્ત શુદ્ધ સત્ત્વ રૂપમાં અવસ્થિતિ પ્રાપ્ત થાય તે અવસ્થાને સત્ત્વાપત્તિ કહે છે.

**(૫) અસક્તિ :**

ઉપરોક્ત ચાર ભૂમિકાનાં અભ્યાસ બાદ સંસર્ગહીન કલા સત્ત્વારુઢ થાય છે, તેને અસક્તિ કહે છે.

**(૬) પદાર્થ–ભાવના :**

પોતાના આત્મામાં જ રમણ કરવું અને બાહ્ય–આંતરિક પદાર્થોની ભાવનાનો નાશ થવો, તે પદાર્થ–ભાવના છે.

**(૭) તુર્યગાવસ્થા :**

ઉપરોક્ત છ ભૂમિકાનાં પૂર્ણ અભ્યાસબાદ ભેદબુદ્ધિ દૂર થાય છે. તેમજ સાધક આત્મભાવમાં એકનિષ્ઠ બની જાય છે. આ અવસ્થાને તુર્યગાવસ્થા કહે છે. આ અવસ્થા જીવન્મુક્ત પુરુષની છે.

સાત ભૂમિકાબાદ અંતિમ ભૂમિકા/અવસ્થા તુરીયાતીત અવસ્થા છે, જે વિદેહ મુક્તિ છે, જે ભાગ્યશાળીઓને જ પ્રાપ્ત થાય છે.

**(૧) યતમાન :** રાગદ્વેષ વગેરે ચિત્તના દોષોને કારણે ઈન્દ્રિયો પોતાના વિષયો તરફ ખેંચાઈ છે. આ વિષયોના દોષોનું વારંવાર ચિંતન કરવાથી ઈન્દ્રિયો તે વિષયોમાં પ્રવૃત્ત થતી નથી, તે યતમાન વૈરાગ્ય છે.

**(૨) વ્યતિરેક :** કેટલાં દોષ દૂર થયા અને કેટલાં રહ્યા તેનો વિચાર કરવો તે વ્યતિરેક વૈરાગ્ય છે.

**(૩) એકેન્દ્રિય :** જ્યારે રાગદ્વેષ વગેરે ચિત્તના મલ ઇન્દ્રિયોને પોતાના વિષયોમાં પ્રવૃત્ત કરાવવામાં અસમર્થ બની જાય છે, પરંતુ સૂક્ષ્મરૂપથી મનમાં તો રહે જ છે, તેને એકેન્દ્રિય વૈરાગ્ય કહે છે.

**(૪) વશીકાર :** ચિત્તમાં અત્યંત સૂક્ષ્મરૂપે રહેલાં દોષો પણ નષ્ટ થઈ જાય તેમજ દિવ્ય ભોગ–ઉપભોગ, તેમજ દિવ્ય શક્તિઓ ઉપસ્થિત થાય ત્યારે તેની તરફ આસક્તિ ન રહે તે વશીકાર વૈરાગ્ય છે.



For Private And Personal Use Only

### ❑ ચક્ર, નાડી, મુદ્રા, મલનાશ :

અષ્ટાંગયોગમાં આગળ વધનારે ચક્ર, નાડી વગેરેનું શરીરમાં સ્થાન, તેને જાગૃત કરવા માટેના આસન તથા મુદ્રાઓ વિશે જાણવું જોઈએ. અન્યથા તેનો અષ્ટાંગયોગ નિષ્ફળ જાય છે; તેમ યોગચૂડામણિ, મૈત્રા. ઉપ.[૨૦૨] જણાવે છે અને તેની પદ્ધતિનું વર્ણન કરે છે.

### નાભિસ્થાન :

મૂલાધારથી ઉપર નવ આંગળ કંદસ્થાન છે, જેની લંબાઈ–પહોળાઈ ચાર–ચાર આંગળ છે તથા તેની આકૃતિ કુક્કુટાંડની સમાન છે. તે ચર્મથી રક્ષિત છે. તે કન્દસ્થાનની મધ્યમાં નાભિ છે.[૨૦૩]

### ❑ કુણ્ડલિની :

કન્દના ઉર્ધ્વભાગમાં આઠ કુણ્ડલોથી વિંટળાયેલી કુણ્ડલિની શક્તિ છે. તે મૂઢજનો માટે બંધનકારક અને યોગીઓને માટે મોક્ષદાયિકા છે.[૨૦૪]

નાભિકંદથી બે આંગળ નીચે જ કુંડલિની છે, તે આઠ પ્રકૃતિથી યુક્ત છે. તે વાયુની મદદથી અન્ન, જલ વગેરેનો અવરોધ કરીને હંમેશાં નાભિકંદના બન્ને ભાગોને ઘેરીને રહે છે; અને તે સદા બ્રહ્મરન્ધ્રના મુખને પોતાના મુખથી ઢાંકેલું રાખે છે.[૨૦૫] આ મોક્ષ દ્વારને કુંડલિની શક્તિ દ્વારા યોગીઓ ખોલે છે.[૨૦૬]

### ❑ ચક્ર :

"યોગ સાધનામાં પ્રત્યેક ચક્રનો માનસશાસ્ત્રની દૃષ્ટિએ નિશ્ચિત ઉપયોગ અને સામાન્ય ધર્મ હોય છે. પ્રત્યેક ચક્રની વિશિષ્ટ શક્તિઓનાં કાર્યોનો અને ધર્મોનો તેમના ઉપર આધાર હોય છે. મૂલાધાર ચક્રનો પ્રદેશ સ્થૂલ અન્નમયકોશથી આરંભીને એક અવચેતનાના સ્તર સુધી પ્રસરેલો છે; પેડુ આગળ રહેલ સ્વાધિષ્ઠાન ચક્ર નિમ્નપ્રાણના કેન્દ્રનું આધિપત્ય ભોગવે છે. નાભિપદ્મ યાને મણિપુર ચક્ર વિશાળતમ પ્રાણ શક્તિનું કેન્દ્ર છે. હૃત્પદ્મ યાને અનાહત ચક્ર ભાવ પ્રધાન શક્તિનું કેન્દ્ર છે. ગળા આગળનું – વિશુદ્ધ ચક્ર અભિવ્યક્તિનું તથા બહિર્મુખ – મનનું પ્રધાન કેન્દ્ર છે. બે ભ્રમર વચ્ચે આવી રહેલું આજ્ઞાચક્ર ક્રિયાત્મક મન, તપઃશક્તિ, સૂક્ષ્મ દૃષ્ટિ યાને દર્શન શક્તિ તથા મનોમય ઘડતરે ઘડવાનું કેન્દ્ર છે. મસ્તકની ઉપર આવી રહેલું સહસ્રદલ – ચક્ર ઉચ્ચતર ચિંતન શક્તિ ઉપર પ્રભુતા ધરાવે છે. તથા તેની જ અંદર ઉચ્ચતર, અલૌકિક મનોમય શક્તિ વસે છે; એ સહસ્રદલની ટોચે મનોમયકોશ સહજ જ્ઞાનની શક્તિ પ્રત્યે ઉન્મીલિત થાય છે. વિજ્ઞાનની નીચે આવેલા અધિમાનસનો કોશ એ સહજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનની શક્તિ દ્વારા, યા તો સીધેસીધી, પોતાની શક્તિ મનોમયકોશમાં રેલાવીને તેની સાથે પોતાનો સંબંધ કે સદ્ય સંસર્ગ સ્થાપિત કરી શકે છે."[૧૦૭]

**❑ એકાગ્રતા :**

એકાગ્રતા બાબતે મહર્ષિ અરવિંદ જણાવે છે કે :

"સામાન્ય રીતે માનવની ચેતના ચારેબાજુ ફેલાયેલી હોય છે. તેને એક જ જગ્યાએ – એક જ વિષયમાં કેન્દ્રિત કરવી તે એકાગ્રતા છે. આ એકાગ્ર થયેલ ચેતનાનો વિસ્તાર અને ઘનીભૂત કરવું એ જ યોગની એકાગ્રતાનો ધ્યેય છે. આ એકાગ્રતા સાધવા માટે સાધકે શરૂઆતમાં બિંદુ, મૂર્તિ, ૐ વગેરેને માધ્યમ તરીકે સ્વીકારી આગળ વધવું જોઈએ; અને ધીરે ધીરે પરમ તત્ત્વમાં ચિત્તને એકાગ્ર કરવું જોઈએ."[૧૦૮]

**❑ નાડી[૧૦૯] :**

નાભિસ્થાનમાં રહેલ કંદમાંથી ઉત્પન્ન થઈ ૭૨,૦૦૦ નાડીઓ સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલી છે. આ નાડીઓ દ્વારા સમગ્ર શરીરમાં પ્રાણનું સંચરણ થાય છે. નાડીઓમાં મુખ્ય ત્રણ છે; તે પૃષ્ઠ ભાગમાંથી પસાર થાય છે, અને પ્રાણમાર્ગમાં સ્થિત છે.[૧૧૦] સુષુમ્ણા વચ્ચે છે. ઈડા ડાબી બાજુ અને પિંગલા જમણી બાજુ છે. સામાન્ય રીતે સુષુમ્ણા બંધ છે.[૧૧૧]

છા. ઉપ.માં મતે નાડીઓનું ઉત્પત્તિ સ્થાન હૃદય છે. હૃદયમાંથી એકસો એક નાડીઓ ઉત્પન્ન થાય છે. તેમાંથી એક મસ્તક તરફ જાય છે; તેનાં દ્વારા ઊર્ધ્વ ગતિ કરવાથી અમૃતતત્ત્વની પ્રાપ્તિ થાય છે. અન્ય નાડીઓ ઉત્ક્રમણનું કારણ બને છે. છા.ઉપ.માં રક્તવાહિની નાડીઓ પિંગલા, શુક્લ, નીલ, પીત, અને રક્ત બતાવવામાં આવી છે.[૧૧૨]

માનવ શરીર પોતાના હાથના માપથી ૯૬ આંગળનું છે. આ દેહનાં મધ્યભાગમાં અગ્નિનું સ્થાન છે તથા તેનો રંગ તપ્ત સુવર્ણ સમાન તેજસ્વી છે. આકૃતિથી તે ત્રિકોણરૂપ છે. ગુદાથી બે આંગળ ઉપર અને ઉપસ્થથી બે આંગળ નીચેનો ભાગ મનુષ્યનો મધ્યદેહ છે. જેને મૂલાધાર કહે છે. ત્યાંથી નવ આંગળ ઉપર કન્દનું સ્થાન છે. તેની આકૃતિ કુકડાના ઈંડા સમાન છે. તે ઉપરથી ચર્મથી મઢેલું છે.[૧૧૩]

શ્રી. જા. દ. ઉપ. અને યોગ. ઉપ.[૧૧૪] (૧) ઈડા (૨) પિંગલા (૩) સુષુમ્ણા (૪) ગાંધારી (૫) હસ્તિજિહ્વા (૬) પૂષા (૭) યશસ્વિની (૮) અલમ્બુષા (૯) કુહૂ (૧૦) શંખિની (૧૧) સરસ્વતી (૧૨) વરુણા (૧૩) વિશ્વોદરી (૧૪) પયસ્વિની. મુખ્ય છે, જેને મહાયક કહે છે તેને યોગીઓએ હંમેશા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણવી જોઈએ. અહીં આ ૧૪ નાડીઓ વિશે જ પરિચય આપવાનો ઉપક્રમ રાખેલ છે. કારણ કે તે જ નાડીઓ વિશે જાણવું અત્યંત જરૂરી છે.

**(૧) સુષુમ્ણા :**

સુષુમ્ણાનું બીજું નામ "શક્ત" છે. મૂલાધારથી મસ્તક સુધી જાય છે. મેરુદંડની મધ્યમાંથી પસાર થાય છે.[૨૧૫] સામાન્યતઃ પ્રાણનો પ્રવાહ તેમાંથી વહેતો નથી. તેનું મુખ બંધ રહે છે.[૨૧૬] કુંડલિની શક્તિ જાગૃત થાય ત્યારે તે સુષુમ્ણાના મુખને ખોલીને તે માર્ગે ઊર્ધ્વગામિની બને છે. તેના દેવ શંકર છે.[૨૧૭]

**(૨) ઈડા :**

સુષુમ્ણાની ડાબી બાજુ રહે છે. મૂલાધારથી શરૂ કરીને ડાબા નસકોરા સુધી પહોંચે છે. તેમાં વહેતો પ્રાણ પ્રવાહ શીતળ છે. તેને ચંદ્રનાડી પણ કહે છે. તેમાં "સ્ત્રી" તત્ત્વનું પ્રાધાન્ય છે. યૌગિક પરિભાષામાં ह સંજ્ઞા આપવામાં આવી છે, તેનો રંગ વાદળી છે.[૨૧૮] અધિષ્ઠાતા દેવ વિષ્ણુ છે.

**(૩) પિંગલા[૨૧૯] :**

સુષુમ્ણાની જમણી બાજુ વહે છે. મૂલાધારથી જમણા નસકોરા સુધી પહોંચે છે. તેમાં ઉષ્ણ પ્રાણ પ્રવાહ વહે છે. તેને સૂર્યનાડી તરીકે પણ ઓળખવામાં આવે છે. અને પુરુષ તત્ત્વની પ્રધાનતા છે. તેને "ઠ" સંજ્ઞા આપવામાં આવી છે. બ્રહ્મા અધિષ્ઠાતા દેવ છે.[૨૨૦]

સૂર્ય–ચંદ્ર–અગ્નિદેવતા પ્રાણને હંમેશા ગતિમાન રાખે છે, તેથી સામાન્ય રીતે ઈડા–પિંગલામાંથી વારા ફરતી શ્વાસ વહેતો હોય છે, તેનું પ્રમાણ વધુ ઓછું હોય છે, પરંતુ બન્નેમાંથી સમાનગતિએ સમાન રીતે શ્વાસ વહે તો સુષુમ્ણા નાડી વહે છે તેમ જાણવું. યૌગિક દષ્ટિએ સુષુમ્ણા નાડી ચાલુ હોય તે શ્રેષ્ઠ છે. આ બન્નેને સમાન બનાવવા તે હઠ યોગમાં અભિપ્રેત છે.[૨૨૧] તે બાબતને અનુલક્ષીને પ્રાણની સૂક્ષ્મગતિ વિશે 'સ્વર વિજ્ઞાન' રચાયું છે. પૂ. ગુરુદેવ શ્રીમન્નથુરામ શર્માએ પણ "શિવ–સ્વરોદય" નામે ગ્રંથની રચના કરી છે.

— સુષુમ્ણા, ઈડા, પિંગલાને અનુક્રમે સરસ્વતી, ગંગા અને પિંગલા કહે છે. ગુદાની નજીક જ્યાં આ ત્રણે નાડીઓ અલગ–અલગ છે, તેને મુક્ત ત્રિવેણી કહે છે અને ભ્રૂમધ્યમાં જ્યાં ત્રણે ભેગી થાય છે તેને 'યુક્ત ત્રિવેણી' કહે છે.[૨૨૨]

**(૪) ગાંધારી[૨૨૩] :**

ગાંધારી ડાબી આંખમાં રહે છે. ઈડા નાડીના પાછળના ભાગમાં સ્થિત છે.[૨૨૪] ચંદ્ર દેવતા છે.



For Private And Personal Use Only

**(૫) હસ્તિજિહ્વા :**

જમણી આંખમાં રહે છે. ઈડાના આગળના ભાગમાં સ્થિત છે; અને ડાબા પગના અંગૂઠા સુધી ફેલાયેલી છે. વરુણ અધિષ્ઠાતા દેવ છે.

**(૬) પૂષા :**

જમણા કર્ણમાં રહે છે. મુનિ સાંકૃત્યાયનીના મતે પિંગલાની પાછળથી થઈને ડાબા નેત્ર સુધી ફેલાયેલી છે. પૂષા નામના સૂર્ય અધિષ્ઠાતા દેવ છે.

**(૭) યશસ્વિની :**

ડાબા કાનમાં રહે છે. આ નાડી દક્ષિણ પગના અંગૂઠા સુધી ફેલાયેલી છે. દેવતા ભાસ્કર છે.

**(૮) અલમ્બુષા :**

મુખમાં રહે છે. નાભિકંદના મધ્યભાગથી ગુદા સુધી અલમ્બુષા ગયેલી છે. જલરૂપ વરૂણ અધિષ્ઠાતા દેવતા છે.

**(૯) કુહૂ :**

લિંગ સ્થાનમાં રહે છે. સુષુમ્ણાના પૂર્વ ભાગમાં રહે છે.[૧૧૫] તે ઉપર અને નીચે રહે છે. તે દક્ષિણ નાસિકા સુધી જાય છે.[૧૧૬] અધિષ્ઠાત્રી દેવી સુધા છે.

**(૧૦) શંખિની :**

મૂળ સ્થાનમાં ગાંધારી અને સરસ્વતીના મધ્યભાગમાં રહે છે અને ડાબા કાન સુધી ફેલાયેલી છે. દેવતા ચન્દ્રમાં છે.

**(૧૧) સરસ્વતી :**

સુષુમ્ણાના બન્ને ભાગમાં છે અને ઉપરની બાજુ જીહ્‌વા સુધી ફેલાયેલી છે. તેનાં અધિષ્ઠાતા દેવતા વિરાટ્ છે.

**(૧૨) વરુણા :**

યશસ્વિની અને કુહૂની મધ્યમાં વરુણ નાડી રહે છે. દેવતા વાયુ છે.

**(૧૩) વિશ્વોદરી :**

કુહૂ અને હસ્તિજિહ્વાની મધ્યમાં વિશ્વોદરી રહે છે. જે નાભિકંદના મધ્યભાગમાં સ્થિત છે. અગ્નિ દેવતા છે.

**(૧૪) પયસ્વિની :**

પૂષા અને સરસ્વતીની મધ્યમાં રહે છે. ડાબા કાન સુધી ફેલાયેલી છે. પ્રજાપતિ દેવતા છે.

**❑ પ્રાણ :**

નાડીઓ અને તેમાં વહેતા પ્રાણ પ્રવાહને જાણ્યા પછી પ્રાણની ગતિ વિશે અને તેનાં પ્રકારો વિશે જાણવું જરૂરી છે. કારણ કે પ્રાણની ઊર્ધ્વગતિથી જ અમૃતતત્ત્વની પ્રાપ્તિ થવાની છે. તેથી પ્રાણ પ્રવાહને ઓળખવો જરૂરી છે. ગોરક્ષનાથ[૨૩] જણાવે છે કે, જ્યાં સુધી પ્રાણની ઊર્ધ્વગતિ ન થાય ત્યાં સુધી અધ્યાત્મ માત્ર વાતો જ રહે છે. વાંચન–વિચાર–ઉચ્ચ આદર્શ બધું જ નિરર્થક છે.

"મન તથા શરીરને જોડનારી સાંકળ રૂપ આત્માની શક્તિ તે પ્રાણ. મન તથા શરીરથી સ્વતંત્ર રીતે પ્રાણ, મન તથા શરીરથી સ્વતંત્ર રીતે પ્રાણ અસ્તિત્વ ધરાવતો જણાતો નથી. એ બે તત્ત્વોમાં પ્રાણ જુદાં જુદાં કાર્યો કરે છે. સ્થૂલ પદાર્થોમાં જુદાં જુદાં સ્વરૂપો ઉત્પન્ન કરી સ્થૂલ શક્તિ તરીકે વર્તે છે; અને સૂક્ષ્મ ક્રિયાઓને ટકાવી મનની પ્રતિષ્ઠારૂપ થઈ રહે છે."[૨૪]

આ પ્રાણ વાસ્તવમાં એક જ છે; પરંતુ શરીરની અંદર સ્થાન ભેદે અને કાર્ય ભેદે તેનાં પાંચ મુખ્ય અને પાંચ ઉપ પ્રકાર[૨૫] પડે છે. જે નીચેના કોષ્ટકથી સરળ રીતે સમજી શકાય.

| | નામ | સ્થાન | કાર્ય |
|---|---|---|---|
| ૧. | પ્રાણ | હૃદયથી નાસિકા સુધી | શ્વાસ, ખોરાક વગેરે લેવો તથા પાચનમાં મદદરૂપ થવું. |
| ૨. | અપાન | નાભિથી નીચે | ગ્રસન ક્રિયા, રુધિરાભિસરણ, પાચન ક્રિયા વગેરે, ઉત્સર્ગ, વાયુ વિસર્જન વગેરે. |
| ૩. | ઉદાન | કંઠ–કંઠથી ઉપર મસ્તકમાં | વ્યષ્ટિ પ્રાણનો સમષ્ટિ સાથે સંબંધ–જીવાત્મા તેને આધારે જ સૂક્ષ્મ શરીરને દેહમાંથી બહાર કાઢી, પુનઃ ગર્ભમાં પ્રવેશ વગેરે. |



For Private And Personal Use Only

| | | | |
|---|---|---|---|
| ૪. | વ્યાન | સમગ્ર શરીર | ઉત્પન્ન થયેલ શક્તિને સંપૂર્ણ શરીરમાં મોકલવી. |
| ૫. | સમાન | નાભિથી હૃદય સુધી | શરીરે મેળવેલ પદાર્થોનું યોગ્ય રીતે પાચન કરી, શરીરને અનુરૂપ બનાવવા. |
| ૬. | નાગ | | ઓડકાર, છીંક વગેરે. |
| ૭. | કૂર્મ | | સંકોચ; નેત્ર ખોલવું–બંધ કરવું વગેરે. |
| ૮. | કૃકર | | ભૂખ–તરસ |
| ૯. | દેવદત્ત | | નિંદ્રા–તંદ્રા |
| ૧૦. | ધનંજય | મૃત્યે સમયે સંપૂર્ણ શરીરમાં | શરીરને ફૂલાવવું. |

આ નાડી અને પ્રાણનું જ્ઞાન અત્યંત મહત્ત્વનું છે. કારણ કે; યોગી આ પ્રાણની ગતિને નિયંત્રિત કરી ઊર્ધ્વગામી બનાવે ત્યારે મોક્ષનો અધિકારી બને છે. તે પ્રાણ–નાડી વિશે વિશેષમાં શ્રી જા. દ. ઉપ. જણાવે છે કે; ઈડા નાડીમાં ચન્દ્રમાં અને પિંગલા નાડીમાં સૂર્ય દરરોજ ભ્રમણ કરે છે. પિંગલામાંથી ઈડામાં સંવત્સરથી સંબંધિત પ્રાણાયામને વિદ્વાનો સૂર્ય સંક્રમણ કહે છે. જેને ઉત્તરાયણ પણ કહેવામાં આવે છે. તે જ રીતે ઈડામાંથી પિંગલામાં સંક્રમણ થાય તેને દક્ષિણાયન કહે છે. ઈડા–પિંગલાની સન્ધિમાં પહોંચે તેને અમાવાસ્યા કહે છે. જ્યારે પ્રાણ મૂલાધારમાં પ્રવેશે ત્યારે વિષુવયોગમાં તપસ્વી સ્થિત થાય છે. દરેક શ્વાસ – ઉચ્છ્વાસને સંક્રાન્તિ માનેલ છે. પરંતુ જ્યારે પ્રાણ ઈડા દ્વારા કુંડલિની ઉપર આવે છે. ત્યારે ચંદ્ર ગ્રહણ થાય છે; અને પિંગલા દ્વારા કુણ્ડલિની ઉપર આવે ત્યારે સૂર્ય ગ્રહણ થાય છે.[૨૦૧]

❑ **નાડી શુદ્ધિ કરણ :**[૨૦૨]

નાડીના શુદ્ધિકરણ માટે શાસ્ત્રોમાં નિર્દેશેલાં વિધાન પ્રમાણે કર્તવ્ય કર્મોમાં રત રહીને ફલનો ત્યાગ કરે. અષ્ટાંગ યોગનું સેવન કરતાં કરતાં સત્યપાલનપૂર્વક જ્ઞાની મહાત્માઓની સેવા કરતાં–કરતાં જ્ઞાન પ્રાપ્તિ કરે અને આત્મચિંતનમાં રત રહે. આત્મ–ચિંતન માટે પર્વત ઉપર, નદી કિનારે, એકાંત વનમાં, બિલ્વવૃક્ષની સમીપે અથવા કોઈ પવિત્ર અને રમણીય પ્રદેશમાં આશ્રમ સ્થાપી મનને એકાગ્ર બનાવી ધ્યાન રત થવું. ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ આસન લગાવવું. ગ્રીવા મસ્તક–દેહને સમભાવમાં સ્થિત રાખીને મુખને બંધ કરવું. નાકના અગ્રભાગમાં દૃષ્ટિ રાખી, ચન્દ્રમણ્ડલ સ્થિત છે તેવી ભાવના કરતાં–કરતાં ત્યાં પ્રણવ સ્વરૂપ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કરવા. આ રીતે ધ્યાન પ્રાણાયામ

કરતાં–કરતાં નાડી શુદ્ધ થાય છે. વિશેષ ચર્ચા પ્રાણાયામમાં આપેલી છે, તેથી પુનરાવર્તન યોગ્ય નથી. આ ઉપરાંત નેતિ, ધૌતિ વગેરે ક્રિયાઓથી મલનાશ થાય છે. જેની વિસ્તૃત માહિતી શ્રી યોગ કૌસ્તુભમાં પૂજ્યપાદ શ્રીમન્મથુરામ શર્મા આપે છે.

## ❑ તીર્થસ્થાન :

યોગીજન તીર્થભ્રમણ કરતાં રહે તો તેને યોગસિદ્ધિમાં બાધા આવે છે. તેથી આ શરીરમાં રહેલાં તીર્થો વિશે જણાવે છે.

[૨૩૩]મસ્તકમા શ્રી શૈલ, લલાટમાં કેદાર, નાક અને ભ્રૂમધ્યની વચ્ચે કાશી, સ્તનહૃદયના સ્થાનમાં કુરુક્ષેત્ર, હૃદય કમલમાં તીર્થરાજ પ્રયાગ, હૃદયની મધ્યમાં ચિદમ્બર, મૂલાધારમાં કમલાલય, આત્મતીર્થ સર્વથી શ્રેષ્ઠ તીર્થ છે. તેથી આ તીર્થોનો જે પરિત્યાગ કરી બાહ્ય તીર્થોમાં ભ્રમણ કરે છે, તે બહુમૂલ્ય રત્નનો ત્યાગ કરી કાંચના ટૂકડા શોધે છે. કારણ કે બધાં જ કર્મોમાં ભાવ જ પ્રમાણભૂત છે.[૨૩૪] તેથી ભાવમય તીર્થ જ શ્રેષ્ઠ છે. ઉદા. આપના ઋષિ જણાવે છે કે, એક જ પુરુષ પત્ની અને પુત્રીને આલિંગન આપે છે, ત્યારે હૃદયના ભાવો અલગ હોય છે. તેથી કાષ્ટ, પાષાણ વગેરે તીર્થોમાં ફરવું વ્યર્થ છે. આંતરિક તીર્થો જ શ્રેષ્ઠ છે. કારણ કે મદિરાના ઘડાને સેંકડો વખત પાણીથી ધોવામાં આવે તો તે કાંઈ શુદ્ધ નથી બની જતો. માછલીઓ રોજ–સતત સ્નાન કરે છે, તેથી કાંઈ મુક્ત નથી થઈ જતી. માટે પોતાના દેહમાં જ હંમેશાં દક્ષિણાયન–ઉત્તરાયણ, સૂર્ય–ચન્દ્રમાં ગ્રહણ, નાક–ભ્રમરની મધ્યે વારાણસી વગેરે તીર્થોમાં ભાવમય સ્નાન કરીને પવિત્ર થવું. આવા જ્ઞાની મહાપુરુષના ચરણ કમલનું જલ અજ્ઞાની મનુષ્યો માટે સર્વશ્રેષ્ઠ તીર્થરૂપ છે.

## ❑ નાદ સિદ્ધિ :[૨૩૫]

સ્વસ્તિક આસનમાં મનને એકાગ્ર કરી ૐના જપ સાથે અપાનવાયુને ધીરે–ધીરે ઉપર ઉઠાવી, કાન વગેરેને પોતાના હાથોથી યોગ્ય રીતે દબાવીને, બધી ઇન્દ્રિયોને ઢાંકીને વાયુને જ્યાં સુધી આનંદની અનુભૂતિ ન થાય ત્યાં સુધી રોકવો. આ પ્રમાણે કરતાં બ્રહ્મરન્ધ્રમાં પ્રાણનો પ્રવેશ થાય છે. ત્યાં શંખની ધ્વનિ જેવો એક ગંભીર નાદ થાય છે. જે મેઘની ગર્જના સમાન સંભળાય છે, જ્યારે વાયુ મસ્તકમાં સ્થિત હોય ત્યારે ઝરણા જેવો કલકલ મધુર નાદ સંભળાય છે. તેનાથી યોગી અત્યંત પ્રસન્નતા અનુભવે છે અને આત્મ સાક્ષાત્કાર કરવા લાગે છે.

## ❑ મુદ્રા અને બંધ :

પ્રાણાયામ અને પ્રત્યાહાર બાદ કુણ્ડલિની જાગૃતિમાં મદદરૂપ બનતી મુદ્રાઓનું નિરૂપણ યોગ

ઉપ. કરે છે. મુદ્રા બાબતે પૂ. શ્રીમન્નથુરામ શર્માં[૩૩૬] જણાવે છે કે– કુંડલિની શક્તિ પ્રાણના બ્રહ્મરંધ્રમાં પ્રવેશ કરવાના મુખ્યમાર્ગ સુષુમ્ણાને બંધ કરીને સ્થિત રહેલી છે. તે જાગૃત થાય અને પ્રાણનો સુષુમ્ણાનો માર્ગ ખુલે અને ષટ્ચક્રનું ભેદન થાય. તેથી પ્રયત્નપૂર્વક મહામુદ્રા વગેરેનો અભ્યાસ કરવો જોઈએ. કારણ કે પ્રાણાયામની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલી ઉષ્ણતા દ્વારા જ કુણ્ડલિની જાગૃત થાય છે.

શ્રી યોગચૂડા. ઉપ.[૩૩૭]માં (૧) મૂલબન્ધ (૨) નભોમુદ્રા (૩) ઉડ્ડિયાણબન્ધ (૪) જાલન્ધરબન્ધ (૫) મહામુદ્રા (૬) ખેચરી મુદ્રાનું નિરૂપણ છે. જેનો સામાન્ય પરિચય આપવાનો અહીં ઉપક્રમ રાખેલ છે. આ છ મુદ્રા વિશેષ મહત્ત્વપૂર્ણ છે.

આ મુદ્રાઓનો પરિચય શ્રીભાણદેવ પણ પોતાના પુસ્તક યોગ વિદ્યામાં વિસ્તારપૂર્વક ચિત્રો સાથે આપે છે.

### (૧) મૂલબંધ :[૩૩૮]

સિવનીને દૃઢતાપૂર્વક દબાવીને યોનિસ્થાનને દૃઢ રુપથી સંકુચિત કરવું. અપાનવાયુને ઉપરની તરફ આકર્ષિત કરવો તે મૂલબંધ કહેવાય છે. તેનાથી અપાન અને પ્રાણવાયુ એક થઈ જાય છે. મલ–મૂત્ર ઘટી જાય છે. જે વ્યક્તિ હંમેશાં આ બંધનો અભ્યાસ કરે છે તે વૃદ્ધ હોવા છતાં યુવાન બની જાય છે.

[૩૩૯]આ મુદ્રાનું કાર્ય પ્રાણાપાનનો સંયોગ કરી પ્રાણની સુષુમ્ણા તરફ ગતિ કરાવવી. આ ક્રિયામાં મૂલ સ્થાનનું સારી રીતે બંધન થાય છે માટે યોગીજનો મૂલબંધ તરીકે પણ ઓળખાવે છે.

આનાથી વાયુ બ્રહ્મરન્ધ્રમાં પહોંચે છે અને નાદસિદ્ધિ થાય છે.

### (૨) નભોમુદ્રા :[૩૪૦]

જીભને ઊર્ધ્વ રાખી પવનને સુષુમ્ણામાં રૂંધવાનો અભ્યાસ કરવો તે નભોમુદ્રા કહેવાય છે.

### (૩) ઉડ્ડિયાણબન્ધ :[૩૪૧]

જેમ પક્ષી આકાશમાં ઉડ્ડયન દરમિયાન વિશ્રાન્તિ કરે છે તે રીતે ઉડ્ડિયાણનો અભ્યાસ મૃત્યુરૂપી હાથી માટે સિંહ સમાન બની જાય છે. અર્થાત્ ઉડ્ડિયાનનો અભ્યાસ કરનાર મૃત્યુને જીતી લે છે– દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે છે.

ઉદરથી નાભિને નીચે ખેંચવું તે પશ્ચિમતાન કહેવાય છે. ઉડ્ડિયાણબંધ ઉદરમાં જ થાય છે, નાભિના ઉપલા તથા નીચલા ભાગને, બરડાને અડે એવી રીતે બલપૂર્વક પાછા ખેંચવાની ક્રિયાને બંધ કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિંહરૂપ આ બંધ મૃત્યુરૂપી હાથીની નિવૃત્તિ કરનારો છે. હિતનો ઉપદેશ કરનાર શ્રી ગુરુની પાસેથી શીખી ચિરકાલપર્યંત જો આ બંધનો અભ્યાસ નિરંતર કરે તો વૃદ્ધ પુરુષ પણ યુવાન દેખાય છે.[illegible]

## (૪) જાલંધર બંધ :[illegible]

નીચેની તરફ જવાવાળા આકાશ અને જળને જે મસ્તકમાં જ સ્થિર રાખે છે તેને જાલન્ધર બંધ કહે છે. જે દુઃખ અને કષ્ટ સમૂહનો નાશ કરે છે.

જાલંધર બંધથી કંઠનું સંકોચન થાય છે, તેથી અમૃત અગ્નિમાં પડતું નથી અને વાયુ સ્થિર થાય છે. આ બંધ શરીરમાંની નાડીઓને બાંધે છે તેમજ કપાલની અંદરના છિદ્રમાં જે ચંદ્રામૃત રહે છે તેને નીચે જતું અટકાવે છે, માટે આ મુદ્રાનું નામ જાલંધર બંધ કહેં છે. આ બંધ નાડીઓને જ નહીં, ઈડા–પિંગલાના સ્તંભન દ્વારા વિશુદ્ધ નામના ચક્રનું બંધન થવાથી શરીરમાંના સોળ આધારોનું પણ બંધન થાય છે. અંગુઠો, ઘૂંટી, જાનુ, સાથળ, સીવની, લિંગ, નાભિ, હૃદય, ગ્રીવા(ડોક), કંઠ, જીભ, નાસિકા, ભ્રૂકુટી, લલાટ, મૂર્ધા અને બ્રહ્મરંધ્ર એ સોળ આધાર કહેવાય છે.[illegible]

## (૫) મહામુદ્રા :[illegible]

દાઢી છાતી ઉપર રાખીને, ડાબા પગથી યોનિ સ્થાનને લાંબા સમય સુધી દબાવીને, જમણા પગને સીધો ફેલાવીને બન્ને હાથથી યોગ્ય રીતે તેને પકડવો, બન્ને બગલમાં ધીરે–ધીરે શ્વાસ ભરવો, ધીરે–ધીરે રેચક કરવો, તે બધાં જ પ્રકારની વ્યાધિઓને નષ્ટ કરનાર મહામુદ્રા છે.

પ્રથમ ચન્દ્ર નાડીથી(ડાબી) અભ્યાસ કરે, પછી સૂર્ય(જમણી) નાડીથી અભ્યાસ કરે, બન્ને સમાન સંખ્યામાં થઈ જાય ત્યારે અભ્યાસ બંધ કરે. આ મુદ્રાના પ્રભાવથી અપથ્ય પણ પથ્ય બની જાય છે, નીરસ ભોજન રસવાન બની જાય છે, વિષ પણ અમૃત સમાન બની જાય છે, ક્ષય, કોઢ, ભગન્દર વગેરે રોગો આ મુદ્રાના અભ્યાસથી નાશ પામે છે. આ મુદ્રા ગુપ્ત રાખવી જેને–તેને ન દર્શાવવી.

આ મુદ્રાના અભ્યાસથી વાસી, રસહીન, સૂકું વગેરે ભોજન પચી જાય છે અને અમૃત સમાન બને છે. ક્ષયરોગ, કોઢ, ઉદાવર્ત, ગુલ્મરોગ, અજીર્ણ, જ્વર, પ્રમેહને ઉદરરોગ નાશ પામે છે.[illegible]

## (૬) ખેચરી મુદ્રા :[illegible]

જીહ્વાને પાછી વાળી કપાલ કુહરના ભાગમાં પ્રવેશ કરાવી બન્ને ભ્રમરની મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરવી તેને ખેચરી મુદ્રા કહે છે. આ મુદ્રા સિદ્ધ થવાથી રોગ, મરણ, ભૂખ, તૃષાનો ભય રહેતો નથી. આ ખેચરી મુદ્રાથી જેનું ચિત્ત અને જીહ્વા આકાશમાં વિચરણ કરે છે તેવા યોગીને ઋષિ નમસ્કાર કરે છે.[illegible]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગથી મસ્તક સુધી દરેક અંગોને પોષણ કરનાર શિરાઓનો આધાર બિન્દુ છે. ખેચરી મુદ્રાની મદદથી જીહ્વાના કપાલ કુહુરને બંધ કરી લેવામાં આવે તો બિન્દુ સ્થિર થાય છે. રમણી સાથેનાં આલિંગનનો પણ તેના ઉપર પ્રભાવ પડતો નથી. જો બિન્દુપાત થાય તો યોનિમુદ્રા દ્વારા શક્તિપૂર્વક તેને રોકીને ઊર્ધ્વગામી બનાવી શકાય છે.

[૨૪૯]બિન્દુ શુક્લ નામનું સફેદ અને લાલ નામનું મહારજ એમ બે પ્રકારનાં છે. તેમાં રજનું સ્થાન રવિ સ્થાન છે અને શુક્લનું ચન્દ્ર સ્થાન. બન્નેના ભેગા થવાથી દેહ દિવ્યકાંતિમાન બની જાય છે. આ બન્નેની એકતાને જે યોગી જાણી લે છે અને અનુભવી લે છે તે યોગી શ્રેષ્ઠ યોગ જાણનાર છે.

સિદ્ધયોગી શ્રીમન્નથુરામ શર્માએ ખેચરી મુદ્રાને સિદ્ધ કરવાની પદ્ધતિ ખૂબ સરસ રીતે સમજાવી છે. આ મુદ્રા કઠિન અને કષ્ટ સાધ્ય છે.[૨૫૦]

આ મુદ્રા સિદ્ધ થતાં વિષ, મૃત્યુ વગેરેનો ભય ચાલ્યો જાય છે. વગેરે બાબતોની સાથે સિદ્ધ કરવામાં રાખવાની સાવધાની સાથેની વિસ્તુત વિગતો પૂ. ગુરુદેવે આપેલ છે.

ધારણા, ધ્યાન, પ્રત્યાહાર વગેરે ક્રિયાઓ એકબીજાની પૂરક છે. આસનથી રોગનો નાશ થાય છે, પ્રાણાયામથી પાપ નાશ પામે છે. પ્રત્યાહારથી મનના વિકાર દૂર થાય છે અને ધારણાથી ધૈર્ય મળે છે, તેમજ સમાધિથી અદ્‌ભુત ચૈતન્ય પ્રાપ્ત થાય છે. એ રીતે શુભાશુભ કર્મોનો નાશ થતાં મોક્ષ પ્રાપ્તિ થાય છે.[૨૫૧]



For Private And Personal Use Only

# યોગ - ૪.૨

**અંત્યનોંધ :**

(૧) युज् समाधौ इत्यस्मात् व्युत्पन्नः समाध्यर्थो, न तु युजिर योगे इत्यस्मात् संयोगार्थ इत्यर्थ ।

— तत्त्ववैशारदी-योगसूत्र-१.१

(२) तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्

— योगसूत्र-१.१

(३) डॉ. ईश्वर भारद्वाज - उप. मे संन्यासयोग पृ. ६

(४) योगश्चित्तवृत्तिनिरोधः ।

— योगसूत्र- १.२

(५) શ્રી ભાણદેવ, યોગવિદ્યા – પૃ. ૨૪–૨૫

(૬) શ્રી અરવિંદ ઘોષ – પૂર્ણયોગ–ભાગ ૧, પૃ. ૫–૬

(૭) अथान्यत्राप्युक्तं - निद्रेवान्तर्हितेन्द्रियः शुद्धितमया धिया स्वप्न इव यः पश्यतीन्द्रियबिलेऽविवशः प्रणवाख्यं प्रणेतारं भारूपं विगतनिद्रं विजरं विमृत्युं विशोकं च सोऽपि प्रणवाख्यः प्रणेता भारूपो विगतनिद्रो विजरो विमृत्युर्विशोको भवतीत्येवं ह्याह ।

एवं प्राणमथोङ्कारं यस्मात्सर्वमनेकधा ।

युनक्ति युञ्जते वाऽपि तस्माद्योग इति स्मृतः ॥

एकत्वं प्राणमनसोरिन्द्रियाणां तथैव च ।

सर्वभावपरित्यागो योग इतिभिधीयते ॥

— मैत्रा. ६.२५

(૮) મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ, ભાગ–૧, પૃ. ૫૧

(९) योगः संनहनोपाय-ध्यान-संगति-युक्तिषु ॥

— अमरकोश ३.३.२२.

(૧૦) શ્રી ભાણદેવ, યોગ વિદ્યા. પૃ. ૨૩

(૧૧) એજન પૃ. ૨૫

(૧૨) योगः कर्मसु कौशलम् ।

— गीता २.५०



For Private And Personal Use Only

(૧૩) डॉ. भारद्वाज, उप. में संन्यासयोग - पृ. ८

(૧૪) શ્રી મહર્ષિ અરવિંદ – યોગ પર દીપ્તિઓ, પૃ. ૨૦–૨૧

(૧૫) શ્રી મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ–ભાગ–૧, પૃ. ૬–૧૨

(૧૬) એજન ભાગ–૩ પૃ. ૫

(૧૭) मामुपेत्य पुनर्जन्म, दुःखालयमशाश्वतम् ।

नाप्नुवन्ति महात्मानः, संसिद्धिं परमां गताः ॥

– गीता ८.१५

(૧૮) लये मन्त्रे हठे राजे भक्तौ सांख्ये हरेर्मते ।

यतेत्त्रयमस्ति सर्वेषां ये बुधाः मोक्षमार्गिणः ॥

– बोधसार

(૧૯) सांकृते शृणु वक्ष्यामि योगं साष्टाङ्गदर्शनम् ।

यमश्च नियमश्चैव तथैवासनमेव च ॥

प्राणायामस्तथा ब्रह्मन् प्रत्याहारस्ततः परम् ।

धारणा च तथा ध्यानं समाधिश्चाष्टमं मुने ॥

– श्री जाबाल दर्शन उप. १.४-५

यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि ।

– योग सूत्र २.२९

(૨૦) आसनं प्राणसंरोध-प्रत्याहारश्च धारणा ।

ध्यानं समाधिरेतानि योगाङ्गानि भवन्ति षट् ॥

– योगचूडामणि उप. २

(૨૧) मैत्रा. ६.१८

(૨૨) आसनेन रुजं हन्ति प्राणायामेन पातकम् ।

विकारं मानसं योगी प्रत्याहारेण मुञ्चति ॥

धारणाभिर्मनोधैर्यं याति चैतन्यमद्भुतम् ।

समाधौ मोक्षमाप्नोति त्यक्त्वा कर्म शुभाशुभम् ॥

– योगचूडा. १०९-११०



For Private And Personal Use Only

(२३) अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं दयार्जवम् ।

क्षमा धृतिर्मिताहारः शौचं चैव यमा दश ॥

— श्री जा. द. उप. १.६

(२४) પૂજ્યપાદ ગુરુદેવ શ્રી યોગ કૌસ્તુભ, પૃ. ૧૦૮

(२५) अहिंसासत्यमस्तेयब्रह्मचर्याऽपरिग्रहा यमाः ।

— योगसूत्र २.३०

(२६) जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् ।

— योगसूत्र २.३१

(२७) चक्षुरादीन्द्रियैर्दृष्टं श्रुतं घ्रातं मुनीश्वर ।

तस्यैवोक्तिर्भवेत्सत्यं विप्रतन्नान्यथा भवेत् ॥

सर्वं सत्यं परब्रह्म न चान्यदिति या मतिः ।

तच्च सत्यं वरं प्रोक्तं वेदान्त ज्ञानपारगैः ॥

— श्री जा.द. उप. १.९-१०

(२८) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૬૬

(२९) પૂ. શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૧૧

(३०) सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा ।

सत्यमेव जयते नानृतं सत्येन पन्था विततो देवयानः ॥

— मुण्डको. ३.५

(३१) वेदोक्तेन प्रकारेण विना सत्यं तपोधन ।

कायेन मनसा वाचा हिंसा हिंसा न चान्यथा ॥

आत्मा सर्वगतोऽच्छेद्यो न ग्राह्य इति मे मतिः ।

सा चाहिंसा वरा प्रोक्ता मुने वेदान्तवेदिभिः ॥

— श्री जा. द. उप. १.७-८

(३२) પૂ. શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગ કૌસ્તુભ, પૃ. ૧૧૦

(३३) એજન પૃ.૧૧૧

(३४) अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

— योगसूत्र २.३५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३५) मनुस्मृति - ५.१५

(३६) डॉ. रघुवीर वेदालंकार - उप. में योगविद्या - पृ. ३८

(३७) अन्यदीये तृणे रत्ने काञ्चने मौक्तिकेऽपि च ।

मनसा विनिवृत्तिर्या तदस्तेयं विदुर्बुधाः ॥

आत्मन्यनात्मभावेन व्यवहारविवर्जितम् ।

यत्तदस्तेयमित्युक्तमात्मविद्भिर्महामते ॥

— श्री जा. द. उप. १.११-१२

(३८) श्वोभावा मर्त्यस्य यदन्तकैतत् सर्वेन्द्रियाणां जरयन्ति तेजः ।

अपि सर्वं जीवितमल्पमेव तवैव वाहास्तव नृत्यगीते ॥

— कठो. १.१.२६

(३९) श्री ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૫૩

(४०) अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थानम् ।

— योगसूत्र - २.३७

(४१) स्वात्मवत्सर्वभूतेषु कायेन मनसा गिरा ।

अनुज्ञा यादयासैव प्रोक्ता वेदान्तवेदिभिः ॥

— श्री जा. द. उप. १.१५

(४२) पुत्रे मित्रे कलत्रे च रिपौ स्वात्मनि संततम् ।

एकरूपं मुने यत्तदार्जवं प्रोच्यते मया ॥

— श्री जा. द. उप. १.१६

(४३) પૂ. પાદ ગુરુદેવ, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૩૧

(४४) પૂ. પાદ ગુરુદેવ, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૩૦-૩૧,

- "जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम् ॥"

— श्रीमद् शंकराचार्य

(४५) कायेन वाचा मनसा स्त्रीणांपरिविवर्जनम् ।

ऋतौ भार्या तदा स्वस्य ब्रह्मचर्यं तदुच्यते ॥

ब्रह्मभावे मनश्चारं ब्रह्मचर्यं परन्तप ॥

— श्री जा. द. उप. १.१३-१४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(४६) तद्य एवैतं ब्रह्मलोकं ब्रह्मचर्येणानुविन्दन्ति तेषामेवैष ब्रह्मलोकस्तेषां सर्वेषु कामचारो भवति ॥

— छा. उप. ८.४.३

(४७) यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति..... ॥

— गीता ८.११

(४८) पुत्रे मित्रे कलत्रे च रिपौ स्वात्मनि संततम् ।

एकरूपं मुने यत्तदार्जवं प्रोच्यते मया ॥

— श्री जा. द. उप. १.१६

(४९) પૂ. પાદ ગુરુદેવ, શ્રી યોગકૌસ્તુભ – પૃ. ૧૨૬

(५०) क्षमा वीरस्य भूषणम् ।

— भर्तृहरि, नीतिशतक

(५१) वेदादेव विनिर्मोक्षः संसारस्य न चान्यथा ।

इति विज्ञाननिष्पत्तिर्धृतिः प्रोक्ता हि वैदिकैः ।

अहमात्मा न चान्योऽस्मिन्नित्येवमप्रच्युता मतिः ॥

— श्री जा. द. उप. १.१८

(५२) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ – પૃ. ૧૨૬

(५३) प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः,

प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।

विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः,

प्रारभ्य तूत्तमजना न परित्यजन्ति ॥

— भर्तृहरि - नीतिशतक २७

(५४) अत्यमृष्टाशनाभ्यां च चतुर्थांशविशेषकम् ।

तस्माद्योगानुगुण्येन भोजनं मितभोजनम् ॥

— श्री जा. द. उप. १.१९

(५५) सुस्निग्धमधुराहारश्चतुर्थांशावशेषितः ।

भुज्यते शिवसंप्रीत्या मिताहारी स उच्यते ॥४३॥

— श्री योगचूडा. उप. ४१, ४२, ४३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫૬) પૂ. પાદ ગુરુદેવ, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૩૨.

(૫૭) आयुः सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।

रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥८॥

— गीता अ. १७.८, ९, १०

(૫૮) नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।

न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥

— गीता अ. ६.१६

(૫૯) मलच्छौचं भवेद्‌बाह्यं मानसं मननं विदुः ।

अहं शुद्ध इति ज्ञानं शौचमाहुर्मनीषिणः ॥

अत्यन्तमलिनो देहो देही चात्यन्त निर्मलः ।

उभयोरन्तरं ज्ञात्वा कस्य शौचं विधियते ॥

ज्ञानशौचं परित्यज्य बाह्ये यो रमते नरः ।

स मूढः काञ्चनं त्यक्त्वा लोष्ठं गृह्णाति सुव्रत ॥

— श्री जा. द. उप. १.२०, २१, २२

(૬૦) પૂ. પાદ ગુરુદેવ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૧૩૫

(૬૧) શ્રી ભાણદેવ, યોગવિદ્યા, પૃ. ૭૦

(૬૨) योगसूत्र २.४०

(૬૩) अभेददर्शनं ज्ञानं ध्यानं निर्विषयं मनः ।

स्नानं मनोमलत्यागः शौचमिन्द्रियनिग्रहः ॥

— मैत्रेयी उप. २ २

(૬૪) तपः सन्तोषमास्तिक्यं दानमीश्वरपूजनम् ।

सिद्धान्तश्रवणं चैव ह्रीर्मतिश्च जपो व्रतम् ॥

— श्री जा. द. उप. २.१

(૬૫) પૂ. પાદ ગુરુદેવ શ્રીમન્નથુરામ શર્મા શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૩૭

(૬૬) शौचसंतोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ।

— योगसूत्र



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(६७) वेदोक्तेन प्रकारेण कृच्छ्रचान्द्रायणादिभि: ।

शरीरशोषणं यत्तप-इत्युच्यते बुधै: ॥

को वा मोक्ष: कथं तेन संसारं प्रतिपन्नवान् ।

इत्यालोकनमर्थज्ञास्तप: शंसन्ति पण्डिता: ॥

– श्री जा. द. उप. २.३-४

(६८) डॉ. वेदालंकार, उप. में योग विद्या, पृ. ४५

(६९) तप: स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोग: ॥

तच्च चित्तप्रसादमबाधमानमनेनासेव्यम् ॥

योगसूत्र २.१

(७०) शरीरमाद्य खलु धर्म साधनम् ।

– कुमारसंभवम् सर्ग. ५

(७१) श्री ભારદ્દેવ, યોગવિદ્યા પૃ. ७१

(७२) પૂ. શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. १३८

(७३) ....अफलाकांक्षिभिर्युक्तै: सात्त्विकं परिचक्षते ॥१७॥

– गीता १७.१४-१७

(७४) कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात् तपस: ॥

– योगसूत्र २.४३

(७५) कर्मेन्द्रियाणस्य हया............॥

– मैत्रा. उप. २.६

(७६) सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।

अन्त:शरीरे ज्योतिर्मयो हि शुभ्रो यं पश्यन्ति यतय: क्षीणदोषा ॥

– मुण्डको ३.१.५

(७७) तस्यै तपोदम: कर्मेति प्रतिष्ठा वेदा: सर्वांगानि सत्यमायतनम् ।

– केनो. ४.८

(७८) यदृच्छालाभतो नित्यं प्रीतिर्या जायते नृणाम् ।

तत्संतोषं विदु: प्राज्ञा: परिज्ञानैकतत्परा: ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ब्रह्मादिलोकपर्यन्ताद्विरक्त्या यल्लभेत्प्रियम् ।

सर्वत्र विगतस्नेहः संतोषं परमं विदुः ।

श्रौते स्मार्ते च विश्वासो यत्तदास्तिक्यमुच्यते ॥

— श्री जा. द. उप. २.५-६

(७९) संतोषादनुत्तमः सुखलाभः.....।

— योगसूत्र २.४२

(८०) न्यायार्जितधनं श्रान्ते श्रद्धया वैदिके जने ।

अन्यद्वा यत्प्रदीयन्ते तद्दानं प्रोच्यते मया ॥

— श्री जा. द. उप. २७

(८१) दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।

देशे काले च पात्रे तद्दानं सात्त्विकं स्मृतम् ॥२०॥

— गीता – अ. १७.२०, २१, २२

(८२) પૂજ્યપાદ ગુરુદેવ; શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૪૩

(८३) श्री जा. द. उप. २.६

(८४) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૪૧

(८५) वेद लौकिकमार्गेषु कुत्सितं कर्म यद्भवेत् ।

तस्मिन्भवति या लज्जा ह्रीः सैवेति प्रकीर्तिता ।

वैदिकेषु च सर्वेषु श्रद्धा या सा मतिर्भवेत् ॥

— श्री जा. द. उप. २.१०

(८६) वैदिकेषु च सर्वेषु श्रद्धा या सा मतिर्भवेत् ॥

— श्री जा. द. उप. २.१०

(८७) अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।

असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

— गीता अ. १७.२८

(८८) શ્રીમન્નથુરામશર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૪૯



For Private And Personal Use Only

(८९) गुरुणा चोपदिष्टोऽपि तत्र संबन्धवर्जितः ।

वेदोक्तेनैव मार्गेण मन्त्राभ्यासो जपः स्मृतः ॥१३॥

— श्री जा. द. उप. २.१२-१३

(૯૦) શ્રી મન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૫૦

(૯૧) એજન પૃ.૧૫૨

(९२) यज्ञानां जपयज्ञोऽस्मि ।

— गीता - अ. १०.२५

(९३) रागाद्यपेतं हृदयं वागदुष्टानृतादिना ।

हिंसादिरहितं कर्म यत्तदीश्वरपूजनम् ॥

— श्री जा. द. उप. २.८

(૯૪) શ્રી મન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૪૭

(९५) पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

— गीता अ. ९.२६

(९६) सत्यं ज्ञानमनन्तं च परानन्दं परं ध्रुवम् ।

प्रत्यगित्यवगन्तव्यं वेदान्तश्रवणं बुधाः ॥

— श्री जा. द. उप. २.९

(९७) स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यं ।

— व्यासमुत्र २.३२

(९८) डॉ. वेदालंकार, उप.में योगविद्या, पृ. ८६

(૯૯) પૂ. પાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૫૩

(१००) स्वस्तिकं गोमुखं पद्मं वीरसिंहासनं तथा ।

भद्रं मुक्तासनं चैव मयूरासनमेव च ॥

सुखासनसमाख्यं च नवमं मुनिपुङ्गव ।

जान्वोरन्तरे कृत्वा सम्यक् पादतले उभे ॥

— श्री जा. द. उप. ३.१.२



For Private And Personal Use Only

(१०१) आसनानि च तावन्ति यावन्त्यो जीवजातयः ।

एतेषामतुलान्भेदान् विजानाति महेश्वरः ॥

— ध्यान बिन्दु उप. ४२

(१०२) स्थिरं सुखमासनम् । प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् । ततो द्वन्द्वानभिघातः ॥

— योगसूत्र २.४६-४८

(१०३) श्री ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૫૫

(१०४) મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ–ભાગ–૧, પૃ. ૫૭–૫૮

(१०५) समग्रीवाशिरः कायः स्वस्तिकं नित्यमभ्यसेत् ।

सव्ये दक्षिणगुल्फं तु पृष्ठपार्श्वे नियोजयेत् ॥

— श्री जा. द. उप. ३.२-३

(१०६) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૬૬

(१०७) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૩૯૫–૩૯૬

(१०८) दक्षिणेऽपि तथा सव्यं गोमुखं गोमुखं यथा ।

अङ्गुष्ठावपि गृह्णीयाद्धस्ताभ्यां व्युत्क्रमेण तु ॥

— श्री जा. द. उप. ३.३-४

(१०९) પૂજ્યપાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૭૨

(११०) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૩૭૩

(१११) ऊर्वोरुपरि विप्रेन्द्र कृत्वा पादतलद्वयम् ।

पद्मासनं भवेत्प्राज्ञ सर्वरोगभयापहम् ॥

— श्री जा. द. उप. ३.४-५

(११२) પૂજ્યપાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૫૫–૧૫૬

(११३) दक्षिणेतरपादं तु दक्षिणोरुणि विन्यसेत् ।

ऋजुकायः समासीनो वीरासनमुदाहृतम् ॥

— श्री जा. द. उप. ३.६

(११४) પૂજ્યપાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૫૬–૧૫૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧૫) गुल्फौ तु वृषणस्याधः सीवन्याः पार्श्वयोः क्षिपेत् । ....॥

— श्री जा. द. उप. ३.७

(૧૧૬) પૂ. શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૬૭

(૧૧૭) શ્રી ભાણદેવ, યોગવિદ્યા, પૃ. ૩૦૭–૩૦૮

(૧૧૮) गुल्फौ तु वृषणस्याधः सीवन्याः पार्श्वयोः क्षिपेत् ।

पार्श्वपादौ च पाणिभ्यां दृढं बद्ध्वा सुनिश्चलम् ॥

भद्रासनं भवेदेतद्विषरोगविनाशनम् ॥

— श्री जा. द. उप. ३.७

(૧૧૯) પૂજ્યપાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૬૧

(૧૨૦) निपीड्य सीवनीं सूक्ष्मां दक्षिणेतरगुल्फतः ।

वामं याम्येन गुल्फेन मुक्तासनमिदं भवेत् ॥

मेढ्रादुपरि निक्षिप्य सव्यं गुल्फं ततोपरि ।

गुल्फान्तरं च संक्षिप्य मुक्तासनमिदं मुने ॥

— श्री जा. द. उप. ३.८-९

(૧૨૧) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૩૪૩

(૧૨૨) कूर्पराग्रे मुनिश्रेष्ठ निक्षिपेन्नाभिपार्श्वयोः ।

भूम्यां पाणितलद्वन्द्वं निक्षिप्यैकाग्रमानसः ॥

समुन्नतशिरःपादो दण्डवद्व्योम्नि संस्थितः ।

मयूरासनमेतत्स्यात्सर्वपापप्रणाशनम् ॥

— श्री जा. द. उप. ३.१०-११

(૧૨૩) પૂ. શ્રી મન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૫૯

(૧૨૪) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૩૨૦—૩૨૧

(૧૨૫) येनकेन प्रकारेण सुखं धैर्यं च जायते ।

तत्सुखासनमित्युक्तमशक्तस्तत्समाश्रयेत् ॥

— श्री जा. द. उप. ३.१२

(૧૨૬) શ્રી ભાણદેવ, યોગવિદ્યા, પૃ. ૪૦૫



For Private And Personal Use Only

(१२७) डॉ. वेदालंकार उप. में योगविद्या पृ. ५९-३०

तस्मिन्सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥

बाह्याभ्यन्तरस्तंभवृत्तिर्देशकालसंख्याभिः परिदृष्टो दीर्घ सूक्ष्मः ।

बाह्याभ्यन्तर विषयापेक्षी चतुर्थः ।

— योगसूत्र - २.४९-५१

(१२८) प्राणरोधमथेदानीं प्रवक्ष्यामि समासतः ।

प्राणश्च देहगो वायुरायामः कुम्भकः स्मृतः ॥

— योगकुण्डलिनी उप. १.१९

(१२९) श्री जा. द. उप. ६.१,२

(१३०) પૂ. શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૮૭

(१३१) श्री जा. द. उप. ६.२२-२३

(१३२) પૂ. પાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૯૦

(१३३) श्री जा. द. उप. ६.३४-३५

(१३४) देहश्चोत्तिष्ठते तेन किंचिज्ज्ञानद्विमुक्तता ।

रेचकं पूरकं मुक्त्वा कुम्भकं नित्यमभ्यसेत् ॥

सर्वपापविनिर्मुक्तः सम्यग्ज्ञानमवाप्नुयात् ।

मनोजवत्वमाप्नोति पलितादि च नश्यति ॥

— श्री जा. द. उप. ६.१८-१९

(१३५) यावद्बद्धो मरुत् देहे तावज्जीवो न मुञ्चति ।

यावद्दृष्टिर्भ्रुवोर्मध्ये तावत्कालभयं कुतः ॥

— श्री योगचूडा. उप. ९१

(१३६) छा. उप. १.११.५

(१३७) बद्धपद्मासनो योगी नमस्कृत्य गुरुं शिवम् ।

नासाग्रदृष्टिरेकाकी प्राणायामं समभ्यसेत् ॥

— श्री योगचूडा. उप. १०६

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१३८) ......एवमेव खलु सोम्य तन्मनो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा प्राणमेवोपश्रयते प्राण - बन्धनं हि सोम्यमन इति ॥

— छा. ६.८.२

(१३९) प्राणायामो भवेदेवं पातकेन्धनपावकः ।
भवोदधिमहासेतुः प्रोच्यते योगिभि सदा ॥
आसनेन रुजं हन्ति प्राणायामेन पातकम् ।
विकारं मानसं योगी प्रत्याहारेण मुञ्चति ॥

— श्री योगचूडा. उप. १०८-१०९

(१४०) इडया वायुमाकृष्य पूरयित्वोदरे स्थितम् ।
शनैः षोडशभिर्मात्रैरकारं तत्र संस्मरेत् ॥
पूरितं धारयेत्पश्चाच्चतुःषष्ट्या तु मात्रया ।
उकारमूर्तिमत्रापि संस्मरन्प्रणवं जपेत् ॥
शनैः पिङ्गलया तत्र द्वात्रिंशन्मात्रया पुनः ।
प्राणायामो भवेदेव ततश्चैवं समभ्यसेत् ॥

— श्री जा. द. उप. ६.३-६

(१४१) शनैः पिङ्गलया तत्र द्वात्रिंशन्मात्रया पुनः ।
प्राणायामो भवेदेव ततश्चैवं समभ्यसेत् ॥८॥
मकारं तु स्मरन्पश्चाद्रेचयेदिडयानिलम् ।
एवमेव पुनः कुर्यादिडयापूर्य बुद्धिमान् ॥९॥

— श्री जा. द. उप. ६. ८-९

(૧૪૨) પૂ. શ્રીમન્નપુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ, પૃ. ૧૯૨

(१४३) अमृतोदधिसंकाशं गोक्षीरधवलोपमम् ।
ध्यात्वा चन्द्रमसं बिम्बं प्राणायामे सुखी भवेत् ॥९६॥
प्राणं चेदिडया पिबेन्नियमितं भूयोऽन्यथा रेचयेत् ।
पीत्वा पिङ्गलया समीरणमथो बद्ध्वा त्यजेद्वामया ।
सूर्याचन्द्रमसारनेन विधिना बिन्दुद्वयं ध्यायतः ।.....॥९८॥

— श्री योगचूडा. उप. ९६-९८



For Private And Personal Use Only

(१४३) प्राणसंयमनेनैव ज्ञानान्मुक्तो भविष्यति ।
आहृत्य्सदापूरणं वायोरुदरे पूरको हि सः ॥
संपूर्णं कुम्भवद्वायोर्धारणं कुम्भको भवेत् ।
बहिर्विरेचनं वायोरुदराद्रेचकः स्मृतः ॥

— श्री जा. उ. उप. ६. १२, १३

(१४४) (अ) दक्षिणे रेचयेद्वायुं वामेन पूरितोदरम् ।
कुंभेन धारयेन्नित्यं प्राणायामं विदुर्बुधाः ॥

— श्री देवीभागवत् - ११.१६.२९

(१४५) रेचकः पूरकश्चैव कुम्भकः प्रणवात्मकः ।
प्राणायामो भवेदेवं मात्राद्वादशसंयुक्त ॥
पूरकं द्वादशं कुर्यात्कुम्भकं षोडश भवेत् ।
रेचकं दश चोंकारः प्राणायामः स उच्यते ॥

— श्री योगचूडा. उप. १०१, १०२

(१४६) अधमे स्वेदजननं कम्पो भवति मध्यमे ।
उत्तमे स्थानमाप्नोति ततो वायुं निरुधयेत् ॥

— श्री योगचूडामणि उप. १०५

(१४७) प्रस्वेदजनको यस्तु प्राणायामेसु सोऽधम् ।
कम्पनं मध्यमं विद्यादुत्थानं चोत्तमं विदुः ॥
पूर्वंपूर्वं प्रकुर्वीत यावदुत्थानसंभवः ।
संभवत्युत्तमे प्राज्ञः प्राणायामे सुखी भवेत् ॥
प्राणायामेन चित्तं तु शुद्धं भवति सुव्रत् ।
चित्ते शुद्धे शुचिः साक्षात्प्रत्यग्ज्योतिव्यवस्थितः ॥

— श्री जा. द. उप. ६. १४-१६

(१४८) प्राणो देहस्थितो यावदपानं तु निरुन्ध्येत् ।

— श्री योगचूडा. उप. १००

(१४९) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૫૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१५०) प्राणायामद्विषट्केन प्रत्याहारः प्रकीर्तितः ।

(१५१) - - - - - - - - - - - - - - - - - -

इन्द्रियाणां विचरतां विषयेषु स्वभावतः ॥१॥

बलदाहरणं तेषां प्रत्याहारः स उच्यते ।

यत्पश्यति तु तत्सर्वं ब्रह्म पश्यन्समाहितः ॥२॥

यद्यच्छुद्धमशुद्धं वा करोत्यामरणान्तिकम् ॥३॥

तत्सर्वं ब्रह्मणे कुर्यात्प्रत्याहार स उच्यते ॥४॥

— श्री जा. द. उप. ७. १-५

(१५२) यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।

यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

— गीता - ९-२७

(१५३) अथवा वायुमाकृष्य स्थानात्स्थानं निरोधयेत् ॥५॥

नाभिदेशात्समाकृष्य कुण्डल्यां तु निरोधयेत् ।

कुण्डलीदेशतो विद्वान्मूलाधारे निरोधयेत् ॥७॥

अथापानात्कटिद्वन्द्वे तथोरौ च सुमध्यमे ।

तस्माज्जानुद्वये जंघे पादाङ्गुष्ठे निरोधयेत् ॥८॥

— श्री जा. द. उप. ७. ६-९

(૧૫૪) પૂ. શ્રીમન્નથ્થુરામ શર્મા, યોગ કૌસ્તુભ પૃ. ૨૩૮-૨૪૩

(१५५) सर्वपापानि नश्यन्ति भवरोगाश्च सुव्रत ।

नासाभ्यां वायुमाकृष्य निश्चलः स्वस्तिकासनः ॥१०॥

नाभिकन्दे च हृन्मध्ये कण्ठमूले च तालुके ।

भ्रुवोर्मध्ये ललाटे च तथा मूर्धनि धारयेत् ॥१२॥

— श्री जा. द. उप. ७. १०-१२

(१५६) देहे स्वात्ममतिं विद्वान्समाकृष्य समाहितः ।

आत्मनात्मनि निर्द्वन्द्वे निर्विकल्पे निरोधयेत् ॥१३॥

— श्री जा. द. उप. ७. १३-१४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૫૭) प्राणायामद्विषट्केन प्रत्याहारः प्रकीर्तितः ।

— श्री योगचूडा. उप. १११

(૧૫૮) स्वविषयासंप्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥

ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥

— योगसूत्र - २.५४-५५

(૧૫૯) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૫૭

(૧૬૦) कर्मेन्द्रियाणि संयम्य, य आस्ते मनसा स्मरन् ।

इन्द्रियार्थान्विमूढात्मा, मिथ्याचारः स उच्यते ॥

— गीता अ. ३.६

(૧૬૧) મહર્ષિ દયાનંદ, ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા, પૃ. ૨૦૩

(૧૬૨) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૫૭

(૧૬૩) देशबन्धश्चित्तस्य धारणा ॥

— योगसूत्र - ३.१

(૧૬૪) नाभिचक्रे हृदयपुण्डरीके....बन्धो धारणा ।

— व्यासभाष्य ३.१ पृ. २७८

(૧૬૫) मैत्रा. उप. ६. १९-२०

(૧૬૬) प्रत्याहारद्विषट्केन जायते धारणा शुभा ॥

— योगचूडा. उप. १११

(૧૬૭) શ્રીમન્નથુરામ શર્મા, યોગકૌસ્તુભ પૃ. ૨૪૩

(૧૬૮) ध्येये चित्तस्य स्थिरबन्धनात् ॥

— शब्दकल्पद्रुम भाग-२

(૧૬૯) अथातः संप्रवक्ष्यामि धारणाः पञ्च सुव्रत ।

देहमध्यगते व्योम्नि बाह्याकाशं तु धारयेत् ॥१॥

प्राणे बाह्यानिलं तद्वज्ज्वलने चाग्निमौदरे ।

तोयं तोयांशके भूमिं भूमिभागे महामुने ॥



For Private And Personal Use Only

हयवरलकाराख्यं मन्त्रमुच्चारयेत्क्रमात् ।

धारणैषा परा प्रोक्ता सर्वपापविशोधिनी ॥

— श्री जा. द. उप. ८.१.३

(१७०) श्रीमन्नथुराम शर्मा, श्री योगकौस्तुभ पृ. २४४

(१७१) योगतत्त्वो ८६.१०१

(१७२) श्री ભાણદેવ, યોગવિદ્યા, પૃ. ૧૨૮

(१७३) श्रीमन्नथुराम शर्मा, श्री योगकौस्तुभ पृ. २४७–२५६

(१७४) असंशयं महाबाहो, मनो दुर्निग्रहं चलम् ।

अभ्यासेन तु कौन्तेय, वैराग्येण च गृह्यते ॥

— श्रीमद्भगवद्गीता ६.३५

(१७५) सर्वकारणमव्यक्तमनिरूप्यमचेतनम् ।

साक्षादात्मनि संपूर्णे धारयेत्प्रणवेन तु ।

इन्द्रियाणि समाहृत्य मनसात्मनि योजयेत् ॥६॥

— श्री जा. द. उप. ८.२.१

(१७६) धारणा द्वादश प्रोक्तं ध्यानं योगविशारदैः.......॥

— श्री योग. उप. ११२

(१७७) ऋतं सत्यं परं ब्रह्म सर्वसंसारभेषजम् ॥

ऊर्ध्वरेतं विश्वरूपं विरूपाक्षं महेश्वरम् ।

सोऽहमित्यादरेणैव ध्यायेद्योगीश्वरेश्वरम् ॥

— श्री जा. द. उप. ९.१.२

(१७८) श्री जा. द. उप. ३.६

(१७९) श्रीमन्नथुराम शर्मा, श्री योगकौस्तुभ पृ. २५८

(१८०) तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥

— योगसूत्र ३.२

(१८१) श्रीमन्नथुराम शर्मा, श्री योगकौस्तुभ पृ. २५८–२६३

(१८२) छा. उप. ७. ६. १-२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१८३) क्रियान्तरासक्तिमपास्य कीटको, ध्यायन्नलित्वं ह्यलिभावमृच्छति ।

तथैव योगी परमात्मतत्त्वं ध्यात्वा समायाति तदेकनिष्ठताम् ॥

— श्रीमद् शंकराचार्य, विवेकचूडामणि - ३६०

(१८४) डॉ. राधाकृष्णन्, उप. की भूमिका पृ. १४०

(१८५) कठो. उप. शां. भा. १.२-२

(१८६) अधीत्य चतुरो वेदान् सर्वशास्त्राण्यनेकशः ।

ब्रह्मतत्त्वं न जानाति दर्वी पाकरसं यथा ॥

— मुक्तिको. २.६५

(१८७) समान प्रत्ययप्रवाहकरणमुपासनम् ।

— ब्रह्मसूत्र. ४.१.७-८ शां. भा.

(१८८) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૬૫

(१८९) समाधौ च मं ज्योतिरनन्तं विश्वतोमुखम् ॥

— योगचूडा उप. ११२

(१९०) श्री जा. द. उप. १०. १-५

(१९१) तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः ॥

— योगसूत्र ३.३

(१९२) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૧૩૦-૧૩૨

(१९३) મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ ભાગ-૨ પૃ. ૩૩૧

(१९४) ब्रह्माकारमनोवृत्ति - प्रवाहोऽहंकृतिं विना ।

संप्रज्ञातसमाधिः स्याद् ध्यानाभ्यासप्रकर्षतः ॥

प्रशान्तवृत्तिकं चित्तं परमानन्ददायकम् ।

असंप्रज्ञातनामायं समाधिर्योगिनां प्रियः ॥

— मुक्तिको. २.५३-५४

(१९५) प्रसंख्यानेऽप्यकुसीदस्य सर्वथा विवेकख्यातेर्धर्ममेघसमाधिः ॥

— योगसूत्र ४.२९

(१९६) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૬૭-૨૬૮



For Private And Personal Use Only

(१९७) तत्त्वावबोध एवासौ वासनातृणपावकः ।

प्रोक्तः समाधिशब्देन न तु तूष्णीमवस्थितः ॥

उदितौदार्यसौन्दर्यवैराग्यरसगर्भिणी ।

आनन्दस्यन्दिनी यैषा समाधिरभिधीयते ॥

दृश्यासंभवबोधेन रागद्वेषादितानवे ।

रतिर्बलोदिता याऽसौ समाधिरभिधीयते ॥

दृश्यासंभवबोधो हि ज्ञानं ज्ञेयं चिदात्मकम् ।

तदेव केवलीभावं ततोऽन्यत् सकलं मृषा ॥

— महो. ४. १२, ६१-६३

(१९८) मैत्रायणी उप. ६.२४

(૧૯૯) મહર્ષિ દયાનંદ સરસ્વતી, ઋગ્વેદ ભાષ્ય ભૂમિકા, પૃ. ૨૦૫

(૨૦૦) મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ, ભાગ–૧ પૃ. ૨૯

(२०१) महो. ५. २७-३५

(२०२) षट्चक्रं षोडशाधारं त्रिलक्ष्यं व्योमपञ्चकम् ॥

स्वदेहे यो न जानाति तस्य सिद्धिः कथं भवेत् ॥

— योगचूडा. उप. ४, ३-४

(२०३) कन्दस्थानं मुनिश्रेष्ठ मूलाधारान्नवांगुलम् ॥

चतुरंगुलमायामविस्तारं मुनिपुङ्गव ।

कुक्कुटाण्डसमाकारं भूषितं तु त्वगादिभिः ॥

तन्मध्ये नाभिरित्युक्तं योगज्ञैर्मुनिपुङ्गवः ।......॥

— श्री जी. द. उप. ४. ३-५

(२०४) कन्दोर्ध्वे कुण्डलीशक्तिरष्टधा कुण्डलाकृतिः ।

बन्धनाय च मूढानां योगिनां मोक्षदा सदा ॥

— श्री योगचूडा. उप. ४४

(२०५) श्री जा. द. उप. ४. ११-१२-१३

(२०६) मैत्रा. ६.२१



For Private And Personal Use Only

(૨૦૭) મહર્ષિ અરવિંદ, યોગ પર દીપ્તિઓ, પૃ. ૨૦–૨૧

— અનુ. અંબાલાલ પુરાણી

(૨૦૮) એજન પૃ. ૮૩

(૨૦૯) कन्दमध्यस्थिता नाडी सुषुम्नेति प्रकीर्तिता ॥५॥

तिष्ठन्ति परितस्तस्या नाड्यो मुनिपुङ्गव ।

द्विसप्ततिसहस्राणि तासां मुख्याश्चतुर्दश ॥६॥

पृष्ठमध्यस्थितेनास्थ्रा वीणादण्डेन सुव्रत ।

सह मस्तकपर्यन्तं सुषुम्ना सुप्रतिष्ठिता ॥१०॥

-- श्री जा. द. उप. ४. ५-१०

(૨૧૦) एवं द्वारं समाश्रित्य तिष्ठन्ते नाड्यः क्रमात् ।

इडापिङ्गलसौषुम्नाः प्राणमार्गे च संस्थिताः ॥

-- योगचूडा. उप. २१

(૨૧૧) योगचूडा. उप. १३. १८. १५

(૨૧૧) (અ) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૩૬

(૨૧૨) अथ या एता हृदयस्य नाड्यस्ताः पिङ्गलस्याणिम्नस्तिष्ठन्ति शुक्लस्य नीलस्य पीतस्य लोहितस्येत्यसौ वा आदित्यः पिङ्गल एष शुक्ल एष नील एष पीत एष लोहितः ।

-- छा. उप. ८.६.१

(૨૧૩) शरीरं तावदेव स्यात्षण्णवत्यङ्गुलात्मकम् ।

देहमध्ये शिखिस्थानं तप्तजाम्बूनदप्रभम् ॥१॥

त्रिकोणं मनुजानां तु सत्यमुक्तं हि सांकृते ।

गुदात्तु द्व्यंगुलादूर्ध्वं मेढ्रात्तु द्व्यंगुलादधः ॥२॥

— श्री जा. द. उप. ४. १-४

(૨૧૪) अलम्बुसा कुहूश्चैव विश्वोदरी तपस्विनी ।

शङ्खिनी चैव गान्धारी इति मुख्याश्चतुर्दश ॥८॥

— श्री जा. द. उप. ४. ७-८

(૨૧૪) (અ) શ્રી યોગચૂડા. उप. १५-१७



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२१५) श्री जा. द. उप. ४-१०

(२१६) श्री योगचूडा. उप. १५-१७

(२१७) सुषुम्नायाः शिवो देव इडाया देवता हरिः ।

पिंगलाया विरञ्चिः स्यात्सरस्वत्या विराण्मुने ॥

पूषाधिदेवता प्रोक्ता वरूणा वायुदेवता ।

हस्तिजिह्वाभिधायास्तु वरूणो देवता भवेत् ॥

यशस्विन्या मुनिश्रेष्ठ भगवान्भास्करस्तथा ।

अलम्बुसाया अम्बात्मा वरूणः परिकीर्तितः ॥

कुहोः क्षुद्देवता प्रोक्ता गान्धारी चन्द्रदेवता ।

शंखिन्याश्चन्द्रमास्तद्वत्पयस्विन्याः प्रजापतिः ॥

– श्री जा. द. उप. ४. ३५-३८

(२१७) (अ) योगचूडा. उप. ३९

(२१८) इडा वामे स्थिताभागे दक्षिणे पिंगला स्थिता....॥

– श्री योगचूडा. उप. १८

(२१८) (अ) श्री जा. द. उप. ४. १३-१९

(ब) श्री भाणदेव, योगविद्या पृ. १८६

(२१९) श्री योगचूडा. उप. १८

(२२०) सततं प्राणवाहिन्यः सोमसूर्याग्निदेवताः ।

– योगचूडा. उप. २२

(२२१) श्री भाणदेव, योगविद्या, पृ. १८७

(२२२) कल्याण (आरोग्य अङ्क) पृ. १३२

(२२३) श्री योगचूडा. उप. १९-२०

(२२४) श्री जा. द. उप. ४-३०

(२२५) श्री जा. द. उप. ४. १४-२१

(२२६) पूर्वभागे सुषुम्नाया राकायाः संस्थिता कुहूः ।

अधश्चोर्ध्वं स्थिता नाडी याम्यनासान्तमिष्यते ॥

– श्री जा. द. उप. ४.३८



For Private And Personal Use Only

(૨૨૭) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૧૮૪

(૨૨૮) શ્રી મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ, ભાગ–૪ પૃ. ૩૩

(૨૨૯) श्री योगचूडा. १२-२४, श्री जा. द. उप. ४,२३ पृ. ११६

(૨૨૯) (અ) શ્રી ભાણદેવ યોગવિદ્યા, પૃ. ૧૮૩–૧૮૪

(૨૩૦) श्री योगचूडा. उप. २४-२५, श्री जा. द. उप. ४,१३, २४

(૨૩૦) (અ) શ્રી ભાણદેવ, યોગવિદ્યા પૃ. ૧૮૫

(૨૩૧) श्री जा. द. उप. ४. ३६-४७

(૨૩૨) श्री जा. द. उप. ५. ३-६

(૨૩૨) (અ) श्री योगचूडामणि उप. ९६-१००

(૨૩૩) श्री जा. द. उप. ४. ४८-५६

(૨૩૪) श्री जा. द. उप. ४. ५१

(૨૩૫) श्री जा. द. उप. ६. २२-३७, श्री योगचूडामणि उप. ११४. ११५

(૨૩૬) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૧૩

(૨૩૭) श्री योगचूडा. उप. ४५

(૨૩૮) श्री योगचूडा. उप. ४६-४७

(૨૩૯) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૨૩

(૨૪૦) એજન પૃ. ૨૩૭

(૨૪૧) श्री योगचूडा. उप. ४८-५०

(૨૪૨) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૨૨

(૨૪૩) श्री योगचूडा उप. ५१

(૨૪૪) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૨૪–૨૨૫

(૨૪૫) श्री योगचूडा. उप. ६६-७१

(૨૪૬) પૂ. પાદ શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગ કૌસ્તુભ પૃ. ૨૧૫

(૨૪૭) श्री योगचूडा. उप. ५२-५७



For Private And Personal Use Only

(२४८) चित्तं चरति खे यस्माज्जिह्वा चरति खेगता ।

भ्रुवोरन्तर्गता दृष्टिर्मुद्रा भवति खेचरी ॥

न खेचरी समा मुद्रा सत्यं सत्यं च नारद ।

— देवी भाग. ११.१६. ६२–६४

(२४९) श्री योगचूडा. उप. ६०–६४

(२५०) શ્રીમન્નથુરામ શર્મા, શ્રી યોગ કૌસ્તુભ, પૃ. ૨૧૭–૨૨૦

(२५१) आसनेन रुजं हन्ति प्राणायामेन पातकम् ।

विकारं मानसं योगी प्रत्याहारेण मुञ्चति ॥

धारणाभिर्मनोधैर्यं याति चैतन्यमद्भुतम् ।

समाधौ मोक्षमाप्नोति त्यक्त्वा कर्म शुभाशुभम् ॥

— श्री योगचूडा. उप. १०९–११०



For Private And Personal Use Only

# સંન્યાસયોગ - ૪.૩

सम् અને नि उपसर्गपूर्वક 'असु क्षेपणे' ધાતુથી નિર્મિત 'आस्' ને જોડીને संन्यास શબ્દ બને છે. આ ધાતુથી સંન્યાસ યોગનો અર્થ છે, "સારી રીતે સંપૂર્ણ રૂપથી કર્મોનો પરિત્યાગ કરવો" તે સંન્યાસ છે.

આ ઉપરાન્ત 'अस्' ધાતુ "હોવું"એ અર્થમાં પ્રયુક્ત થાય છે. તેની સાથે 'सम्' અને 'नि' ઉપસર્ગપૂર્વક 'अस् भुवि' ધાતુથી 'સંન્યાસ શબ્દની વ્યુત્પત્તિ થાય છે. જેનો અર્થ છે. સમ્યક્ રૂપથી "સર્વ થઈ જવું." અર્થાત્ બ્રહ્મમય બની જવું તે.[૨] આ બન્ને ધાતુ ઉપરાંત 'आस् उपवेशने' ધાતુથી પણ સંન્યાસ શબ્દની વ્યુત્પત્તિ થાય છે. "उपवेशन – નજીક બેસવું." અર્થાત્ સંપૂર્ણ રીતે પરમેશ્વરની નજીક તેનાં શરણમાં જવું.પોતાને પરમેશ્વરનાં ચરણમાં સમર્પિત કરી દેવા અને બધી જગ્યાએ બધાં જ સમયે અત્યંત ભાવનાથી પરમાત્મા સાથે તદ્રૂપ બની જવું તે સંન્યાસ છે. મૈત્રેયી ઉપ.માં[૩] મહાદેવ ભગવાન મૈત્રેયને આ જ બાબત જણાવતાં કહે છે કે; કર્મોને છોડી દેવા એ સંન્યાસ નથી; પરંતુ સમાધિમાં જીવ અને પરમાત્માની એકતાનું ભાન થવું તે સંન્યાસ છે.

મહર્ષિ દયાનંદ સરસ્વતી[૪]ની દૃષ્ટિએ સંન્યાસ એટલે; "બ્રહ્મ તથા તેની આજ્ઞામાં સ્થિત રહેવું તેમજ દુષ્ટ કર્મોનો ત્યાગ કરવામાં આવે તે સંન્યાસ."

આશ્રમ સંન્યાસ અને ભાવના સંન્યાસ એમ બે પ્રકાર છે. સંન્યાસયોગનો સંબંધ બીજા પ્રકારથી છે. જેમાં સર્વકર્મ પરિત્યાગ, સર્વવૈભવ, નિરાકૃતિ, પરવૈરાગ્ય અને પૂર્ણ ગુણ વૈતૃષ્ણ્ય આ સંન્યાસયોગનું અનિવાર્ય તત્ત્વ છે.[૫] ગીતા[૬] પણ સર્વ કર્મ ફલ ત્યાગને જ સંન્યાસ ગણાવે છે.

**સંન્યાસનો અધિકારી :**

સામાન્ય વ્યવહારમાં પણ યોગ્યતાનો વિચાર કર્યા બાદ કાર્ય સોંપવામાં આવે છે; જ્યારે સંન્યાસ એ મોક્ષરૂપ શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ માટે હોય, સંન્યાસીના વાણી—વર્તનની અસર સમાજ ઉપર પડતી હોય છે. તેથી તે બાબતમાં યોગ્યતાનો સર્વ પ્રથમ વિચાર કરવો પડે. આ બાબતે મૈત્રેયી ઉપ. જણાવે છે કે: જેણે બધી જ ઈચ્છાઓ સહિત દેહની મમતાનો ત્યાગ કરેલ હોય તે સંન્યાસનો અધિકારી છે. આ પ્રમાણે વૈરાગ્ય આવે ત્યારે વિદ્વાન મનુષ્યે સંન્યાસ ગ્રહણ કરવો જોઈએ. અન્યથા ચોક્કસપણે પતન થાય છે.[૭] જે મનુષ્ય પૈસા, અન્ન, વસ્ત્રો કે નામનાના લોભથી સંન્યાસ ગ્રહણ કરે છે. તે સંસાર અને સંન્યાસ બન્નેમાંથી ભ્રષ્ટ થાય છે; તેને ક્યારેય મુક્તિ પ્રાપ્ત થતી નથી.[૮]



For Private And Personal Use Only

નપુંસક, પતિત, અંગહીન, સ્ત્રી તરફ અત્યંત આસક્ત, બહેરો, મૂંગો, બાળક, પાખંડી, ષડ્યન્ત્રકારી, લિંગી(વેશધારી) વૈખાનસહર બ્રાહ્મણ, વેતન લેનાર અધ્યાપક, કુષ્ઠરોગી, અગ્નિહોત્ર ન કરનાર તેમજ શોકજન્ય ઘટના બની હોય તેનાં પરિણામે વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તેને સંન્યાસ લેવાનો અધિકાર નથી.[૯] તેમજ વ્રત, યજ્ઞ, તપ, દાન, હોમ, સ્વાધ્યાય, સત્ય અને પવિત્રતાથી રહિત હોય તેને પણ સંન્યાસનો અધિકાર નથી; પરંતુ તેઓ આતુર સંન્યાસી બની શકે છે, ક્રમ સંન્યાસી નહીં.[૧૦]

ભારતીય સંસ્કૃતિમાં ચાર વર્ણની જેમ ચાર આશ્રમની વ્યવસ્થા છે, (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસાશ્રમ છે. સંન્યાસાશ્રમ એ મોક્ષ પ્રાપ્તિ અર્થે છે. સામાન્ય રીતે બ્રહ્મચર્ય બાદ ગૃહસ્થ, ત્યારબાદ વાનપ્રસ્થ આશ્રમમાં રહી; સંન્યાસાશ્રમ ગ્રહણ કરવાનું વિધાન છે. પરંતુ જો વૈરાગ્ય ઉત્પન્ન થાય તો આ ક્રમ વગર સીધો જ સંન્યાસ ગ્રહણ કરી શકાય; તેમ જણાવેલ છે.[૧૧] ભગવાન બુદ્ધ, વ્યાસપુત્ર શુકદેવ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદ સરસ્વતી વગેરે તેનાં જ્વલંત ઉદા. છે. આરુણિ ઉપ. પણ આ જ બાબત કહે છે.[૧૨]

બ્રહ્મવિદ્યાનો અધિકારી સંન્યાસનો અધિકારી છે. શ્રીમદ્ શંકરાચાર્યએ બ્રહ્મસૂત્ર ભાષ્યમાં જણાવ્યું છે.[૧૪] કે; "નિત્યાનિત્ય વસ્તુવિવેક, ઈહામુત્રાર્થ ફલભોગ વિરાગ, શમાદિ છ સંપત્તિ, મુમુક્ષુત્વ એ ચાર સાધનોની અપેક્ષા છે."[૧૩]

શ્રીમદ્ શંકરાચાર્યને મતે બ્રહ્મવિદ્યાનો/સંન્યાસનો માત્ર બ્રાહ્મણને જ અધિકાર છે; શૂદ્ર વગેરેને નહીં. તેથી જ તેઓ છા. ઉપ.માં આવતા રાજા જાનશ્રુતિ ઉપાખ્યાનમાં જ્યારે મહર્ષિ રૈક્વ રાજા માટે 'शूद्रः' શબ્દ વાપરે છે. ત્યાં તે શબ્દને સમજાવતાં 'छा. उप. ભાષ્યમાં જણાવે છે કે; "ત્યાં રાજા શૂદ્ર નથી; પરંતુ તે શોકથી ઘેરાયેલો છે, તેથી તેને શૂદ્ર કહે છે."[૧૪]

શૂદ્રને પણ બ્રહ્મવિદ્યાનો અધિકાર છે. તે બાબત સત્યકામ જાબાલના દૃષ્ટાન્ત ઉપરથી સમજી શકાય છે. ગીતા[૧૫] પણ આ જ બાબતને અનુમોદન આપતાં જણાવે છે કે; સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર તથા પાપયોનિવાળા પુરુષ પણ મારી શરણમાં આવીને મોક્ષપદને પામે છે.[૧૫]

સંન્યાસ ધારણ કરતાં પહેલાં માતા-પિતાની આજ્ઞા મેળવવી જરૂરી છે. વિશેષ કરીને માતાની આજ્ઞા જરૂરી છે; કારણ કે પુત્ર ઉપર તેનો વિશેષ અધિકાર છે.[૧૭] એટલું જ નહીં પત્ની, પુત્ર, બન્ધુઓ વગેરે પાસેથી પણ સંન્યાસની અનુમતી મેળવવી જરૂરી છે. કારણ કે તેનાં તરફ પણ કોઈને કોઈ કર્તવ્ય બાકી રહેતું હોય છે. તે પૂર્ણ કર્યા વગર સંન્યાસમાંથી પડતી થાય છે. તેથી તે બધાની આજ્ઞા બાદ સંન્યાસનો અધિકાર પ્રાપ્ત થાય છે.[૧૮]

આરુણિ ઉપ.માં[18] જણાવેલ છે કે; સર્વ પ્રથમ પોતાના પુત્રનો; ત્યારબાદ બંધુ–બાંધવ વગેરેનો ત્યાગ કરવો. એટલું જ નહીં સંપૂર્ણ બ્રહ્માંડનો પણ ત્યાગ કરી દેવો; એટલે કે કોઈપણ બાબતની ઈચ્છા ન રાખવી. દંડ, કૌપીન અને શરીર ઢાંકવા માટે જરૂરી વસ્ત્ર જ પાસે રાખવું બાકી બધું છોડી દેવું.[18]

કુંડિકા ઉપ.[19] સંન્યાસના અધિકાર વિશે જણાવે છે કે, ધન વગેરેને પુત્રોમાં વહેંચીને – તેમજ ગ્રામ સંબંધી કાર્યો તેમને સોંપીને વનમાં જવું અને પવિત્ર દેશમાં ભ્રમણ કરવું.

ચોર કેદખાનામાંથી છૂટીને દૂર જઈને વસે છે. તે જ રીતે જ્ઞાની પુરુષે સંન્યાસ ગ્રહણ કરી પોતાના દેશથી દૂર નિવાસ કરવો જોઈએ. અહંકારરૂપ પુત્ર, ધનરૂપ ભાઈ, મોહરૂપ ઘર અને આશારૂપ પત્નીને છોડે છે તે તરત મુક્ત થઈ જાય છે.[20]

**સંન્યાસ ધારણ વિધિ :**

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કોઈપણ કાર્ય/નિયમ વિધિપૂર્વક ધારણ કરવામાં આવે છે. જાતકર્મ સંસ્કાર, બ્રહ્મચર્યાશ્રમ માટે યજ્ઞોપવીત વિધિ, ગૃહસ્થાશ્રમ માટે લગ્નસંસ્કાર વિધિ, આમ દરેક કાર્ય વિધિપૂર્વક – નિયમપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે. એ જ પ્રમાણે સંન્યાસાશ્રમમાં પ્રવેશ કરતી વખતે સંન્યાસ ધારણ કરવાની વિધિ દર્શાવતાં સંન્યાસોપનિષદ્‌માં[21] જણાવ્યું છે કે; સર્વ પ્રથમ પોતાનું જે કાંઈ ઋત્વિક તથા અન્ય વસ્તુઓ – સંપત્તિ વગેરે બ્રાહ્મણો તથા અન્ય સુપાત્રોને દાન કરવાનો સંકલ્પ કરવામાં આવે. આહ્‌વનીય, ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ તેમજ સભ્ય અને આવસસ્થ્યને પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાનએ, પાંચ વાયુઓમાં આરોપિત કરે. ત્યારબાદ પોતાના પુત્રને પાસે બેસાડીને, તેની તરફ જોઈને; "त्वं यज्ञः त्वं सर्वम्" આ મન્ત્રનો પાઠ કરીને આહુતિ આપવામાં આવે છે. આ આહુતિની સાથે પોતાની શિખાને કાપીને તથા યજ્ઞોપવીતને ઉતારી જળમાં પ્રવાહિત કરવા માટે રાખી લેવામાં આવે છે. જો સંન્યાસ ધારણ કરનાર પુરુષ અપુત્ર હોય તો પોતાનામાં જ પુત્રની ભાવના કરીને "त्वं यज्ञः", "त्वं सर्वम्" એ મન્ત્રોનો મનમાં જ ઉચ્ચાર કરવો. ત્યારબાદ દીક્ષા ગુરુ દિક્ષિત વ્યક્તિનાં કાનમાં "तत्वमसि" એ મન્ત્રનું ઉચ્ચારણ કરે. ત્યાર પછી "ॐ भूः, ॐ भुवः, ॐ स्वः" એ ત્રણેય મહાવ્યાહૃતિઓનું મનમાં ધ્યાન ધરતા–ધરતા "संन्यस्तं मया, संन्यस्तं मया, संन्यस्तं मया"નું ત્રણ વાર ઉચ્ચારણ કરે. પ્રથમ વખત ઉચ્ચારણ મંદ સ્વરથી, દ્વિતીય વાર મધ્યમ સ્વરથી અને તૃતીય વાર ઉચ્ચતમ સ્વરથી ઉચ્ચારણ કરવામાં આવે છે.[22]

કોઈ એમ પ્રશ્ન ઉપસ્થિત કરે કે; યજ્ઞોપવીત, શિખા વગેરેનો ત્યાગ તો દોષરૂપ છે. તેના જવાબમાં ઉપ.નાં ઋષિ જણાવે છે કે; સંન્યાસીને માટે આત્મ–રૂપ ધ્યાન જ યજ્ઞોપવીત છે, વિદ્યા તેની શિખા છે.

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જંગને માટે ઉદર જ પાત્ર છે, જલાશયનો કિનારો તેનું નિવાસસ્થાન છે. આ જ પ્રમાણે સંન્યાસીએ નિત્ય આચમનની પણ જરૂર નથી; કારણ કે તે દિવસ–રાત આત્માનુસંધાનમાં જ સંલગ્ન રહે છે, તેથી તેના માટે હંમેશાં દિવસ જ હોય છે.[૩૩] આરુણિ ઉપ. પણ લૌકિક અગ્નિને જઠરાગ્નિમાં અને વાણીરૂપ અગ્નિમાં ગાયત્રીને સમાવિષ્ટ કરવાનું જણાવે છે.

દીક્ષાબાદ દંડ, "अभयं सर्वभूते......।" એ મંત્રથી અભિમંત્રિત વાંસનો દંડ, અને કોપીન ધારણ કરે.[૩૪] કમંડલ અને વલ્કલ વસ્ત્રને ધારણ કરવાનો આદેશ ગુરુ આપે છે. દંડની બાબતમાં સંન્યાસો.[૩૫] જણાવે છે કે; દંડ વાસનો હોવો જોઈએ, સૌમ્ય, ત્વચા સહિત અને એક સમાન દૂરી ઉપર ગાંઠોવાળો હોવો જોઈએ. તે સ્મશાન વગેરે અપવિત્ર જગ્યાઓ ઉપર ઊગેલ ન હોવો જોઈએ. તે બળેલ, ફાટેલ કે કીડાઓથી ખવાયેલ ન હોવો જોઈએ. તેની ઊંચાઈ નાક, મસ્તક કે ભ્રમર સુધીની હોવી જોઈએ. દંડનો સંબંધ આત્માની સાથે દર્શાવેલ છે. દંડ એટલા માટે ધારણ કરવામાં આવે છે કે; જો સંન્યાસના નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો, તેને દંડ પડશે, તેની યાદ અપાવવા માટે છે તેથી સંન્યાસીએ દંડથી ક્યારેય અલગ ન થવું, દંડ વગર વિચરણ ન કરવું.[૩૬]

કમંડલ મૃતિકા અથવા કાષ્ઠ નિર્મિત હોવું જોઈએ જેથી તેમાં મોહ ઉત્પન્ન ન થઈ જાય.[૩૭]

**સંન્યાસીના પ્રકાર :**

સંન્યાસીની વ્યાખ્યા, અધિકાર, ધારણ વિધિ બાદ તેનાં (૧) વૈરાગ્ય–સંન્યાસી, (૨) જ્ઞાન–સંન્યાસી, (૩) જ્ઞાન–વૈરાગ્ય–સંન્યાસી અને (૪) કર્મ–સંન્યાસી એમ મુખ્ય ચાર[૩૮] પ્રકાર આપે છે.

**(૧) વૈરાગ્ય–સંન્યાસી[૩૯] :**

વિષયો તરફ તૃષ્ણારહિત તેમજ પૂર્વજન્મના પુણ્યોના ફલ સ્વરૂપે વૈરાગ્ય થવાથી જે સંન્યાસ લઈ લે છે. તે વૈરાગ્ય સંન્યાસી કહેવાય છે.

**(૨) જ્ઞાન સંન્યાસી[૪૦] :**

શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરી, દુનિયાની સારી–નરસી બાબતોનો અનુભવ અને શ્રવણ, પ્રપંચથી ઉપરાંત અર્થાત્ થાકીને, દેહવાસના, શાસ્ત્રવાસના, લોકવાસનાનો ત્યાગ, બધી જ સાંસારિક વાસનાનો વમનની સમાન ગણી તેનો ત્યાગ, સાધન–ચતુષ્ટયથી યુક્ત થઈને જે સંન્યાસ ગ્રહણ કરે છે તે જ્ઞાની–સંન્યાસી છે. આ જ્ઞાની સંન્યાસી હંમેશાં સંપૂર્ણ વિશ્વના કલ્યાણની ભાવના પોતાના મનથી કરે.[૪૧]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૩) જ્ઞાન–વૈરાગ્ય–સંન્યાસી[૩૨] :**

ક્રમપૂર્વક સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરી, બધો અનુભવ પ્રાપ્ત કરી, જ્ઞાન અને વૈરાગ્યનાં તત્ત્વોને યોગ્ય રીતે સમજીને, દેહને જ માત્ર બાકી રાખીને જે સંન્યાસ ગ્રહણ કરે છે તે જ્ઞાન–વૈરાગ્ય સંન્યાસી છે.

**(૪) કર્મ–સંન્યાસી[૩૩] :**

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ એમ ત્રણેય આશ્રમોનું પાલન કરી વૈરાગ્ય ન થવા છતાં નિયમાનુસાર સંન્યાસ ગ્રહણ કરે છે તે કર્મ–સંન્યાસી કહેવાય છે.

સંન્યાસીઓનાં આ આંતરિક લક્ષણોને આધારે ચાર પ્રકાર આપ્યા બાદ બાહ્ય દેખાવ અને આચરણને આધારે (अ) કુટીચક, (ब) બહૂદક, (क) હંસ, (ड) પરમહંસ, (इ) તુરીયાતીત અને (ई) અવધૂત એમ છ પ્રકાર આપે છે.[૩૪]

**(अ) કુટીચક[૩૫] :** શિખા અને યજ્ઞોપવીતને ધારણ કરે છે, દંડ, કમંડલ, કૌપીન, ચાદર, કંથાને ધારણ કરે છે, પિતા–માતા અને ગુરુની આરાધના કરે છે, એક જ સ્થાન પર રહી અન્ન ગ્રહણ કરનાર, શ્વેત ઊર્ધ્વ ત્રિપુંડ કરનાર અને ત્રણ દંડ ધારણ કરે છે. કુટીચક સંન્યાસીએ ધીરે–ધીરે કુટુમ્બ, કુટી, પાત્ર અને સ્થાનનો ત્યાગ કરવો જોઈએ.

**(ब) બહૂદક[૩૬] :** શિખા વગેરેને અન્ય બધી જ બાબતમાં કુટીચકની સમાન હોય છે; પરંતુ ફક્ત આઠ ગ્રાસ જ ભોજન ગ્રહણ કરે છે.

**(क) હંસ[૩૭] :** જટાધારી, ત્રિપુંડ, ઊર્ધ્વ પુંડધારી, નિશ્ચિત જગ્યા વગર માંગીને ખાનાર, ફક્ત કૌપીનને ધારણ કરનાર હોય છે.

**(ड) પરમહંસ :** શિખા, યજ્ઞોપવીત રહિત, પાંચ ઘરેથી હાથમાં જ ભિક્ષા ગ્રહણ કરનાર, એક કૌપીન અને ચાદર રાખનાર, એક દંડ રાખનાર અથવા ભસ્મ ધારણ કરનાર તેમજ સર્વનો ત્યાગ કરનાર હોય છે.

**(इ) તુરીયાતીત[૩૮] :** સર્વત્યાગી, ગોમુખવૃત્તિવાળો, ત્રણ ઘરેથી ફળ અથવા અન્નની ભિક્ષા ગ્રહણ કરનાર, દેહમાત્ર ધારણ કરનાર અર્થાત્ નગ્ન રહેનાર અને પોતાના શરીરને મૃત સમાન સમજીને જીવન પ્રસાર કરનાર છે.

તુરીયાતીત અને અવધૂત શ્રેણીના સંન્યાસી ભ્રમર–કીટ ન્યાયની સમાન પોતાના સ્વરૂપનું અનુસન્ધાન કરતાં–કરતાં કૈવલ્યમાં સ્થિત રહે છે.[૪૦]



For Private And Personal Use Only

**(ઈ) અવધૂત**[૬૧] **:** કોઈપણ પ્રકારનો નિયમ ન રાખનાર, પતિત અને નિન્દિત સિવાય દરેક વર્ણોમાં અજગરવૃત્તિથી આહાર ગ્રહણ કરનાર, પોતાનાં સ્વરૂપનાં અનુસંધાનમાં જ સંલગ્ન રહેનાર. વૃક્ષ, ઘાસ વગેરે બહાર દેખાનાર, તેમજ અત્યંત જડ મારાથી ભિન્ન છે, તેમજ ઝડપથી વિલય થનાર દેહમાં હું નથી; કારણ કે હું તો વિભું છું. – એમ વિચાર કરનાર.

આતુર અને કુટીચક સંન્યાસી માટે ભૂ: અને ભુવ: લોક હોય છે, બહૂદકનો સ્વર્ગલોક, હંસનો તપોલોક અને પરમહંસનો સત્યલોક હોય છે.[૬૨]

ઉપ.માં દરેકના આચાર અને વ્યવહાર વિશે પણ ચર્ચા કરવામાં આવી છે.

**જીવન્મુક્ત સ્થિતિ :**

સંન્યાસીએ હંમેશાં ધ્યાનમય સ્થિતિમાં રહેવું જોઈએ. જીવન્મુક્ત બની વિચરણ કરવું જોઈએ. સંન્યાસીએ સતત પરમાત્માના ધ્યાનમાં રત રહેવું. તેણે સતત એવું ચિંતન કરવું કે; હું જ આત્મસ્વરૂપ છું, જડ ત્વચા નથી. ચંચલ મન તથા તેની સાથે જોડાયેલ જિહ્વા હું નથી; એ જ પ્રમાણે દશ્ય અને દર્શનનો ક્ષય થઈ જાય ત્યારે નષ્ટ થનાર હું નથી; એ જ પ્રમાણે દશ્ય અને દર્શનનો લય થઈ જાય ત્યારે નષ્ટ થનાર હું નથી; હું તો માત્ર દષ્ટા છું એટલું જ નહીં પાંચેય ઇન્દ્રિયોનાં ભ્રમથી રહિત, મમતાથી રહિત, મનન રહિત, શાંતસ્વરૂપ, કલા અને મૈલથી રહિત શુદ્ધ ચૈતન્યથી પર ચિન્માત્ર પ્રકાશ સ્વરૂપ હું છું.[૬૩] આ બધો જગત્ પ્રપંચ મારામાંથી જ ઉત્પન્ન થાય છે; જેવી રીતે અગ્નિમાંથી તણખા ઉત્પન્ન થાય છે.[૬૪] બ્રહ્મસૂત્રમાં[૬૫] પણ આ જ બાબત કહી છે.

આ રીતે સતત વિચારતા મારો આ આત્મા જ ભવાન્તરોમાં સ્થાયી છે, તે ચૈત્ય આત્માથી પણ મુક્ત ચિદાત્મા છે. આ "પ્રત્યેક" આત્માને મારા વારંવાર નમસ્કાર. આ ચિદ્ શક્તિ જ આ લોકમાં વિદ્યમાન છે, અનેક પ્રકારનાં દોષરૂપવાળી છે. તેથી બંધાયેલા પંખીની સમાન તે ઉડવામાં અસમર્થ હોય છે. ઈચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલાં આવાં પ્રાણીઓ દ્વન્દ્વભાવને લીધે વારંવાર કીટ–પતંગોની જેમ જન્મ–ધારણ કરે છે,[૬૬] હું એ પ્રકારનાં દ્વન્દ્વભાવથી મુક્ત છું તેવું સતત ધ્યાન ધરવું. શ્રીમદ્ ભગવદ્ ગીતા[૬૭]માં પણ સ્થિતપ્રજ્ઞ દ્વન્દ્વભાવથી મુક્ત હોય છે તેમ જણાવ્યું છે.

સંન્યાસી પરમતત્ત્વરૂપ પોતાના આત્માનું જ ચિંતન કરે, જે ચિદ્રૂપ આત્મા છે. હું જ તે પરમ પ્રત્યક્ષ, પ્રાપ્ત અને ઉદિત છું.[૬૮] હું વિકલ્પોથી રહિત, તે મને નમસ્કાર. હું અને તું અનંત છે – બન્નેને નમસ્કાર. આ આત્મા જ બેસતો હોવા છતાં વ્યવહાર રત છે, કાર્ય કરતો હોવા છતાં કર્મથી લિપ્ત થતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી.[૪૯] નિષ્કામભાવે કર્મ કરતો હોવાથી તે કેવલ સ્વરૂપ છે, ભાવરહિત, નિરહંકાર, મનરહિત, ચેષ્ટારહિત, સ્પંદન રહિત, બંધન–મોક્ષ[૫૦] રહિત, શુદ્ધ બ્રહ્મ હું જ છું, વિચાર પણ હું છું. શુદ્ધ આત્મા હું છું. મારો કોઈ શત્રુ જ ન હોય, મારા શરીરરૂપી પિંજરામાં રહેનાર ચિડિયા તૃષ્ણારૂપી રસ્સીને કાપીને જાણે ક્યાં ઊડી ગઈ તે હું નથી જાણતો. જેનામાં અકર્તાપનનો ભાવ છે. જેની બુદ્ધિ લિપ્ત થતી નથી; જે બધા ભૂતોને સમાનભાવથી જૂએ છે, તેનું જીવન પ્રશંસનીય છે.[૫૧]

મૈત્રેયી ઉપ.[૫૨] પણ સંન્યાસીને માટે આત્મ–ધ્યાન જ શ્રેષ્ઠ ગણાવે છે. સંન્યાસીએ હું જ છું; બીજો પણ હું છું; હું જ બ્રહ્મ છું, ઉત્પત્તિ હું છું, સર્વલોકનો ગુરુ હું છું. એટલું જ નહીં સર્વલોકમાં જે કાંઈ છે તે બધું જ હું છું. હું જ સિદ્ધ છું, પરમતત્ત્વ છું, નિત્ય છું, શોક–શુભ્ર રહિત હું છું. ચૈતન્ય હું છું, માન–અપમાન રહિત ત્રણ ગુણોથી રહિત, પ્રકાશ સ્વરૂપ, નિત્ય–શુદ્ધ સદાશિવ હું છું; આ રીતે સતત આત્મધ્યાનમય સંન્યાસીએ રહેવું જોઈએ. કુંડિકો.[૫૩] પણ અધ્યાત્મ મંત્રના જાપમાં અને નિદિધ્યાસનમાં રત રહેવાનું જણાવે છે.

જેનું અંતઃકરણ શીતલ છે. જે રાગદ્વેષથી પર છે; જે જગતને સાક્ષીભાવથી જોવે છે, તેનું જીવન ધન્ય છે. જેને સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થયેલું છે, જેણે સારા–નરસાનું ધ્યાન છોડી દીધું છે, જેણે ચિત્તને ચિત્તમાં જ સંલગ્ન કરી દીધું છે. તેનું જીવન શોભાયમાન છે. આ રીતે ગ્રાહ્ય–ગ્રાહક સંબંધ નષ્ટ થઈ જતાં શાંતિ પ્રાપ્ત થાય તેને જ મોક્ષ કહેવાય છે. આ પ્રમાણે જે સંન્યાસી જીવન્મુક્ત થઈ ગયો હોય, તેના હૃદયની વાસના શુદ્ધ બની જાય છે. તે જ પવિત્ર, પરમ ઉદાર, શુદ્ધ સત્ત્વમય, આત્મધ્યાનયુક્ત અને નિત્યરૂપમાં સ્થિર રહે છે.[૫૪]

**આત્મ–સંતોષ/નિર્વિકલ્પ સ્વરૂપ બનવું :**

સંન્યાસીએ સતત એ જ વિચારવું જોઈએ કે હું આત્મસંતોષી ક્યારે બનીશ ? સ્વયં પ્રકાશરૂપ પદ ઉપર ક્યારે સ્થિત થઈશ ? નિર્વિકલ્પ સ્વરૂપ સમાધિ લગાવીને શિલા સમાન નિશ્ચલ ક્યારે થઈશ ? બ્રહ્મ રૂપમાં ધ્યાનમય ક્યારે બનીશ કે જેથી કોયલ મારા મસ્તક ઉપર માળો બનાવે. આ રીતે સતત ચિંતન કરવું જોઈએ.[૫૫] મહર્ષિ વાલ્મીકિ ઉપર પર રાફડો થઈ ગયો હતો; તેથી જ તેઓ વાલ્મીકિ કહેવાયા આ જ રીતે તપશ્ચર્યા રત ઋષિ–મુનિઓનું વર્ણન અભિજ્ઞાન શાકુન્તલમ્'' માં આવે છે.

જ્ઞાની સંન્યાસી સંપૂર્ણ વિશ્વના કલ્યાણની ભાવના કરતાં–કરતાં, આકાશમાંથી વાયુ, વાયુમાંથી જ્યોતિ, જ્યોતિથી જળ, જળથી પૃથ્વી – આ બધા ભૂતોમાં જે બ્રહ્મ વ્યાપ્ત છે. તેને હું પ્રાપ્ત થયેલો છું. અજર, અમર, અક્ષર, અવ્યયને હું પ્રાપ્ત થયો છું. હું અખંડ સુખ સમુદ્ર રૂપ છું, મારામાં ઘણી બધી



For Private And Personal Use Only

લહરો માયારૂપી વાયુ દ્વારા ઉત્પન્ન અને વિલીન થાય છે. મારો આ દેહને આ પ્રકારનો કોઈ સંબંધ નથી; જેવો આકાશનો મેઘ સાથે છે. તેથી આ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ વગેરે અવસ્થાઓથી મારે શું સંબંધ છે?[૫૨]

**શાસ્ત્ર અભ્યાસ વર્જિત[૫૪] :**

સંન્યાસીને માટે શાસ્ત્ર અભ્યાસ ઊંટની ઉપર લાદેલા કેશર જેવો છે; તેણે માત્ર સ્વરૂપાનુસંધાન જ કરવાનું છે. યોગ, મંત્ર–તંત્રનો અભ્યાસ વગેરે બધાં જ શાસ્ત્રો વર્જિત છે. કદાચ જો કોઈ સંન્યાસી યોગ વગેરે શાસ્ત્રનો અભ્યાસ કરે તો તે મૃતક શરીર ઉપર કરેલા અલંકારોની જેમ વ્યર્થ છે. એટલું જ નહીં સંન્યાસીના કર્મ અને વિદ્યાની વિરુદ્ધ છે.

સંન્યાસીએ નામ–સંકીર્તન વગેરેમાં પણ ભાગ લેવો ન જોઈએ; કારણ કે કોઈપણ કર્મનું ફળ ભોગવવું જ પડે છે. – સંન્યાસીએ દરેક બાબતને એરંડીના તેલના ફીણની જેમ ત્યજી દેવી જોઈએ. તેણે દેવતાઓનો પ્રસાદ પણ ન લેવો જોઈએ, અને કોઈ બાહ્ય દેવતાની પૂજા પણ ન કરવી જોઈએ.

મૈત્રેયી ઉપ.[૫૫] પણ જણાવે છે કે; સંન્યાસીને માટે તત્ત્વનો વિચાર ઉત્તમ છે, શાસ્ત્રનો વિચાર મધ્યમ છે. મન્ત્રોની સાધના અધમ છે, તીર્થાટન તેનાથી પણ વધુ અધમ છે. તીર્થાટન બંધનકારક એટલા માટે બની જાય છે કે; એક તીર્થની યાત્રા પૂરી કર્યા બાદ બીજા તીર્થની યાત્રા કરવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે એક ઈચ્છાને જાગૃત થવાનું બળ મળતાં અન્ય ઈચ્છાઓ પણ જાગૃત થાય અને એ રીતે શુભ ઈચ્છાઓ પણ બંધનકારક બને છે. પુનર્જન્મને માટે કારણભૂત બને છે. બ્રહ્માનુભવ તો જાતે જ થઈ શકે છે. કોઈ શ્રેષ્ઠ વિદ્વાન હોય તેથી મોક્ષ પ્રાપ્ત થઈ જતો નથી; તે પણ કાગડાની જેમ પેટ ભરવા માટે અહીં–તહીં ભટકે છે. બ્રહ્માનુભવ માટે તો વાસ્તવિક અનુભવ જરૂરી છે.

**દેવપૂજા/બાહ્યપૂજા[૫૬] :**

પત્થર, સોનું, માટી વગેરેથી બનાવેલી મૂર્તિની પૂજા મોક્ષ પ્રાપ્તિની ઈચ્છાવાળા માટે યોગ્ય નથી; કારણ કે તેનાથી બંધ અને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. તેથી સંન્યાસીએ બહારની પૂજાનો ત્યાગ કરી 'હૃદયમાં રહેલા આત્મા'ની જ પૂજા કરવી.

દેવતાની પૂજા ન કરવી કે પૂજનોત્સવમાં ન જવું.[૫૭] મોહરૂપ મા મૃત્યુ પામી હોય છે અને જ્ઞાનરૂપ પુત્રનો જન્મ થયેલ હોય છે, તેથી જન્મ–મરણનું સૂતક લાગેલું જ હોય છે. તેથી કેવી રીતે સંધ્યા થઈ શકે?[૫૮] એટલું જ નહીં જ્ઞાનરૂપી સૂર્ય સતત ઉદય થયેલો હોય છે, તેથી સૂર્યનો ઉદય–અસ્ત થતો નથી.



For Private And Personal Use Only

તેથી સંધ્યા કેવા પ્રકારની ? – ટૂંકમાં જ્ઞાની સંન્યાસીને આવા કોઈ બાહ્ય નિત્ય–નૈમિત્તક કર્મની જરૂર નથી.

**ભિક્ષા માટેના વિશિષ્ટ નિયમો :**

ભિક્ષાના સમયે ડાબા અથવા જમણા માર્ગેથી પ્રવેશ ન કરવો. જે ઘરમાં કોઈ દોષ ન હોય તે ઘરને ભૂલથી કે મોહથી છોડવું નહીં. વેદજ્ઞ પરંતુ શ્રદ્ધા–ભક્તિથી રહિત હોય તો તેને ત્યાં ભિક્ષા માટે જવું નહીં પરંતુ સંસ્કારહીન – ભક્તિવાળો હોય તો તેને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવી. હંમેશાં હાથથી ભિક્ષાવૃત્તિ કરી જીવન નિર્વાહ કરવો. એક જ ઘરે ભિક્ષા ન માંગવી; પરંતુ શાંત ભાવથી પ્રતિક્ષા કરતાં હોય ત્યાં પ્રયત્નપૂર્વક જવું, બે ભાગમાં ખાવું, એક ભાગમાં પાણી પીવું અને એક ભાગ વાયુ માટે ખાલી રાખવો. રાત્રીના ભોજન ન કરતાં ઉપવાસ કરવો.[૬૬] શુદ્ધ આચારવાળા પાંચથી સાત ઘરોએ જ ભિક્ષા માટે જાવું, અને ગાયને દોહવામાં જેટલો સમય લાગે તેટલો સમય જ પ્રતિક્ષા કરવી.[૬૭]

ભિક્ષાવૃત્તિ માટે વસ્તીમાં જાય ત્યારે "ૐ हि"નું ત્રણવાર ઉચ્ચારણ કરી ભિક્ષા માગે. જે આ પ્રમાણે ઉપ.ને જાણે છે તે જ સાચો જ્ઞાની છે.[૬૮]

**પાંચ પ્રકારની ભિક્ષા :**

**(૧) અસંકલ્પિત ભિક્ષા[૬૯] :**

મનમાં સંકલ્પ કર્યા વગર ત્રણ, પાંચ અથવા સાત ઘરોમાં મધુમાખીની સમાન ભિક્ષા ગ્રહણ કરવી તે અસંકલ્પિત માધુકરી ભિક્ષા છે.

**(૨) પ્રાક્–પ્રણિત ભિક્ષા[૭૦] :**

પ્રાતઃકાળ અથવા આગળના દિવસે આવીને ભક્તિપૂર્વક પ્રાર્થના કરેલી હોય, તેને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવી તે પ્રાક્પ્રણીત ભિક્ષા કહેવાય છે.

**(૩) અયાચિત[૭૧] :**

ભિક્ષા માટે ફરતા સંન્યાસીને કોઈ નિમંત્રિત કરે તો તે ભિક્ષા અયાચિત ભિક્ષા છે.

**(૪) તાત્કાલિક ભિક્ષા[૭૨] :**

ભિક્ષા માટે નીકળવાના સમયે જ કોઈ બ્રાહ્મણ આવીને ભોજન કરવાનું કહે તો તે તાત્કાલિક ભિક્ષા છે. તેને હંમેશાં ગ્રહણ કરવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (५) ઉપપન્ન ભિક્ષા[३०] :

જો કોઈ બ્રાહ્મણ મઠમાં જ તૈયાર ભોજન લઈ આવે તો તેને મોક્ષાભિલાષી સાધુ ઉપપન્ન ભિક્ષા કહે છે.

જરૂર પડે તો મ્લેચ્છને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવી. પરંતુ બૃહસ્પતિ સમાન પૂજ્યનું ઘર હોય તો પણ એક જ જગ્યાએથી ભિક્ષા ગ્રહણ ન કરવી. સંન્યાસીએ હંમેશાં યાચિત અથવા અયાચિત ભિક્ષાને ગ્રહણ કરવી. વાયુ બધાને સ્પર્શ કરે છે, અગ્નિ બધું બાળે છે, જળમાં મળ–મૂત્ર નાખવામાં આવે છે છતાં જળ દૂષિત થતું નથી. તેવી જ રીતે અન્ન દોષથી સંન્યાસી દૂષિત થતો નથી.[३१]

ધૂમાડા રહિત, મુસલના શબ્દથી રહિત, આગ ઠરી ગઈ હોય, લોકો ભોજન કરી રહ્યા હોય ત્યાં બપોર પછીનાં સમયે ભિક્ષા માટે જવું.[३२]

આપત્તિના સમયે સંન્યાસી નિન્દનીય, પતિત અને પાખંડીને છોડીને બધાં જ વર્ણોને ત્યાં ભિક્ષા માંગી શકે છે.[३३]

આરુણિ ઉપ.[३४] જણાવે છે કે, અન્નને ઔષધિની સમાન ગ્રહણ કરે, અર્થાત્ થોડું ભોજન કરે, જે પ્રાપ્ત થાય તેમાં સંતોષ માને.

અન્ન ન મળે તો પકવાન ગ્રહણ કરી શકાય છે.[३५] પાકુ અથવા કાચુ અન્ન સંગ્રહ માટે માંગવાથી અધોગતિ પ્રાપ્ત થાય છે. ખાવા–પીવાની લાલચવાળો, વસ્ત્ર, ગરમ વસ્ત્ર, રેશમી કપડા વગેરે વસ્તુઓ ગ્રહણ કરવાથી ચોક્કસપણે સંન્યાસીનું પતન થાય છે. તેણે આ બધી વસ્તુઓનો ત્યાગ કરી હંમેશાં અદ્વૈતરૂપી નૌકામાં બેસીને જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રીમદ્ શંકરાચાર્ય[३६] જણાવે છે કે; સંન્યાસયોગી ભોજન સમયે તેનો સ્વાદ જાણતો નથી, શય્યા ઉપર શયન કરીને તેનું સુખ ભોગવતો નથી, માર્ગમાં ચાલતા–ચાલતા પણ પોતાના લક્ષ્ય તરફ સ્થિર રહે છે.

## ભોજન માટે ત્યાજ્ય પદાર્થ[३७] :

સંન્યાસીને માટે ઘી કૂતરાના મૂત્ર સમાન, ખાંડ શરાબ સમાન, તેલ સુવરના મૂત્રની સમાન, લસણ યુક્ત પદાર્થ, અડદ વગેરે ગોમાંસની સમાન છે. દૂધ મૂત્રની સમાન છે, તેથી પ્રયત્નપૂર્વક આ બધાનો ત્યાગ કરવો. એટલું જ નહીં સંન્યાસી ઘીને રુધિરની સમાન અને એકત્ર કરેલા ભોજનને માંસની સમાન ત્યજી દે છે.



For Private And Personal Use Only

**સંન્યાસીને માટે ત્યાજ્ય વસ્તુઓ[૭૭] :**

ગંધ લેપનને ગંદી વસ્તુઓની સમાન, નિમકને અંતર્વજ સમાન, વસ્ત્રને જૂઠા વાસણની સમાન, તેલ–માલીસને સ્ત્રી–પ્રસંગની સમાન, હસી–મજાકને મૂત્રની સમાન, ઘમંડને ગોમાંસની જેમ, પરિચિતના ઘરની ભિક્ષાને ચાંડાલની સમાન, સ્ત્રીને સર્પિણીની સમાન, એક જ ઘરની ભિક્ષાને ચાંડાલની સમાન, સુવર્ણને કાલકૂટ વિષની સમાન, એક જ ઘરની ભિક્ષાને મૃતપિણ્ડની સમાન, શૂદ્ર–સ્ત્રી, પતિત, રજસ્વલાની સાથે સંભાષણ ન કરે.

કામ, ક્રોધ, રોષ, લોભ, મોહ, દંભ, દર્પ, પરનિંદા, ઈચ્છા, મમતા, અહંકાર, હર્ષ વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરવો.[૭૮]

[૭૯]ઘમંડ, મત્સરતા, ગન્ધ, પુષ્પ, આભૂષણ, પાન ખાવું, તેલ લગાવવું, ક્રીડા કરવી, ભોગની આકાંક્ષા રાખવી, રસાયન, ખુશામદ, નિંદા, કુશલ પ્રશ્ન, ખરીદ–વેચાણની વાત, ક્રિયા–કર્મ, વાદ–વિવાદ, ગુરુના વાક્યનું ઉલ્લંઘન, સંધિ–વિગ્રહની વાતો, વીર્યત્યાગ, દિવસના સૂવું, ભિક્ષાપાત્ર, સુવર્ણ, વિષ, શાસ્ત્ર, જીવહિંસા, ક્રોધ, મૈથુન વગેરેનો સંન્યાસીએ મન–વચન–કર્મથી સંપૂર્ણ ત્યાગ કરવો. સ્થાવર–જંગમ, બીજ, સુવર્ણ, વિષ, આયુધ વગેરે મૂત્ર, વિષ્ઠાની તુલ્ય સમજીને સંન્યાસીએ ત્યાગ કરવો જોઈએ. એટલું જ નહીં, સંન્યાસીએ વિત્તૈષણા, પુત્રૈષણા અને લોકૈષણાનો ત્યાગ કરવો જોઈએ.[૮૦]

ગૃહસ્થના ધર્મો, ગોત્ર વગેરેના આચાર, માતૃ–પિતૃકુલની સંપત્તિનો, – આ બધાનું સેવન કરવાથી નીચ ગતિ પ્રાપ્ત થાય છે.

સંન્યાસો. ગુરુના વાક્યને ઉલ્લંઘવાની ના પાડે છે; તેવી જ રીતે મૈત્રેયી ઉપ.[૮૧] જણાવે છે કે; જે સંશય રહિત છે તે જ મુક્ત છે, જેને સંશય છે તે અનેક જન્મોએ પણ મુક્ત થતો નથી; તેથી ગુરુ અને શાસ્ત્રના વચન ઉપર વિશ્વાસ રાખવો. ગીતા[૮૨] પણ સંશયવાળો આત્મા વિનાશ પામે છે તેમ જણાવે છે.

(૧) આસન (૨) પાત્રલોપ (૩) સંચય (૪) શિષ્ય કરવા (૫) દિવસમાં સૂવું (૬) નિરર્થક વાતો કરવી.

**(૧) આસન :** વર્ષાઋતુના સમય સિવાય એક જગ્યાએ રહેવું તે, આસન છે. વર્ષમાં આઠ મહિના ભ્રમણ કરે; એકાકી ભ્રમણ કરે અથવા એકને સાથી બનાવે, એકથી વધુ સાથી ન બનાવે.

**(૨) પાત્રલોપ[૮૩] :** તૂંબા, કમંડલ, દંડ પોતાના ખોવાઈ જાય ત્યારે બીજાના લઈ લેવા તે પાત્રલોપ છે.

**(૩) સંચય[૮૪] :** કમંડલ પોતાના ખોવાઈ જતાં બીજાનો ગ્રહણ કરવો તે પરિગ્રહ/સંચય છે. અથવા



For Private And Personal Use Only

આગળ ઉપર કામ આવશે. તેમ સમજી ભેગું કરી રાખવું તે પણ સંચય છે. સુશ્રૂષા, લાભ, પૂજા, યશને માટે જે ચેષ્ટા કરવામાં આવે તે પણ પરિગ્રહ છે.

**(૪) શિષ્ય કરવા**[७७] **:** જે આત્મ–કલ્યાણની ઈચ્છાથી કરુણાપૂર્વક પાસે આવે તે સિવાય અન્યને શિષ્ય કરવા તે શિષ્ય–સંગ્રહ છે.

**(૫) દિવસમાં સૂવું**[७८] **:** સંન્યાસીમાં વિદ્યા દિવસનો પ્રકાશ છે અને અવિદ્યા રાત્રિનો અંધકાર છે. તેથી વિદ્યાભ્યાસમાં પ્રમાદ કરવો તે દિવસમાં સૂવું, તેમ કહેલું છે. ગીતા[७९] પણ આ જ બાબત કહે છે.

**(૬) નિરર્થક વાતો કરવી**[८०] **:** આધ્યાત્મિક કથા, ભિક્ષા, પૂછેલા પ્રશ્નનો ઉત્તર, તે સિવાય વાત–ચીત કરવી. તે નિરર્થક વાર્તાલાપ છે.

**આપત્તિના સમયે**[८१] **:**

આપત્તિના સમયે સંન્યાસી માર્ગ માટે પોતાની પાસે અત્યંત જરૂરિયાતની વસ્તુ રાખી શકે છે, એ સિવાય કોઈ વસ્તુ પાસે રાખવી જોઈએ નહીં.

તન ઢાંકવા માટે આવશ્યક વસ્ત્ર જ રાખવું, વિશેષ નહીં.

**જીવદયા**[८२] **:**

અન્ય પ્રાણીઓના કલ્યાણ માટે દીનતાનું આચરણ કરવું જોઈએ.

**કર્મથી દૂર રહેવું :**

કર્મથી બંધન થાય છે; તેથી જ્ઞાની સંન્યાસી કર્મથી પૃથક્ રહે છે. તેથી જ સંન્યાસીએ સર્વ પ્રપંચને જ્ઞાનરૂપી અગ્નિમાં બાળી નાખવા જોઈએ. વાસ્તવમાં જે આત્મામાં અગ્નિનો સમારોહ કરે છે. તે જ મહાજ્ઞાની અગ્નિહોત્રી છે.

**પ્રાયશ્ચિત :**

**(૧) વાણીદંડ :** વાણીથી કોઈ પાપ કર્મ થઈ જાય તો; તેનાં દંડ માટે મૌન રહેવું.

**(૨) કાયાદંડ :** શરીરથી કોઈ પાપ થઈ જાય તો તેના દંડ માટે ઉપવાસ કરવો.

**(૩) મન–દંડ :** મનને દંડ આપવા માટે પ્રાણાયામ કરવો.

સંન્યાસીથી મન–વચન–કર્મથી કોઈ પણ પાપ થઈ જાય તો તેણે બાર હજાર તારક મંત્રનો જપ કરવો.

**પ્રણવ**[૯૪] **:**

જે સંન્યાસી દરરોજ બાર હજાર પ્રણવ મંત્રનો જપ કરે છે, તેને બાર મહીનામાં પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.

**સંન્યાસીનો પ્રભાવ**[૯૫] **:**

જ્ઞાની સંન્યાસી જ શ્રેષ્ઠ છે. ભગવાન વિષ્ણુનું જે પરમધામ આકાશમાં પ્રકાશિત સૂર્યની સમાન ચિન્મય પ્રકાશથી પરમવ્યોમમાં વ્યાપ્ત છે; જ્ઞાની ઉપાસકને હંમેશાં તેનું દર્શન થાય છે. જે કામનારહિત ઉપાસક હોય છે તે તે ધામમાં પહોંચી જઈને; તે ધામને વિશેષ તેજસ્વી બનાવે છે.

"**संन्यस्तं मया**'[૯૬] એમ જે ત્રણ વાર ઉચ્ચારણ કરે છે, તેને જોઈને સૂર્ય પણ ભયભીત થઈ જાય છે, કારણ કે તેને એમ લાગે છે કે; આ મારા મંડલને ભેદીને પરબ્રહ્મને પ્રાપ્ત કરી લેશે. આવો સંન્યાસી પોતાના આગળના અને પાછળના ૬૦–૬૦ કુળોનો ઉદ્ધાર કરી દે છે.

આમ ઉપનિષદોમાં સંન્યાસના વિધિ–નિયમ આપેલાં છે; પરંતુ બાહ્ય–આચરણ મહત્ત્વનું નથી; આંતરિક વૈરાગ્ય જ મહત્ત્વનો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંન્યાસયોગ - ૪.૩

**અંત્યનોંધ :**

(१) डॉ. ईश्वर भारद्वाज, उपनिषदों में संन्यासयोग पृ. ५३-५५

(२) सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥

— गीता ११.४०

(३) कर्मत्यागान्न संन्यासो न प्रैषोच्चारणेन तु ।

संधौ जीवात्मनोरैक्यं संन्यासः परिकीर्तितः ॥

— मैत्रेयी उप. २.१७

(४) सम्यङ् नित्यमास्ते यस्मिन् यद्वा सम्यङ् न्यस्यन्ति दुःखानि कर्माणि येन स संन्यासः ।

— મહર્ષિ દયાનંદ સરસ્વતી, સત્યાર્થ પ્રકાશ, પંચમ ઉલ્લાસ.

(५) डॉ. ईश्वर भारद्वाज, उप. में संन्यासयोग पृ. ५३

(६) यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।

न ह्यसंन्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ।

— गीता ६.२

(७) वमनाहारवद्यस्य भवति सर्वेषणादिषु ।

तस्याधिकारः संन्यासे त्यक्तदेहाभिमानिनः ॥

— मैत्रेयी उप. २.१८ १९

(८) द्रव्यार्थमन्नवस्त्रार्थं यः प्रतिष्ठार्थमेव वा ।

संन्यसेदुभयभ्रष्टः स मुक्तिं नाप्तुमर्हति ॥

— मैत्रेयी उप. २.२०

(९) अथ षण्ढः पतितोऽङ्गविकलः स्त्रैणो बधिरोऽर्भको मूकः पाषण्डश्चक्री लिङ्गी वैखानसहरद्विजौ भृतकाध्यापकः शिपिविष्टोऽनग्निको वैराग्यवन्तोऽप्येते न संन्यासार्हाः ।.......॥

— संन्यासो. २.२ ३-४

(१०) व्रतयज्ञतपोदानहोमस्वाध्यायवर्जितम् ।

सत्यशौचपरिभ्रष्टं संन्यासं नैव कारयेत् ।

एते नार्हन्ति संन्यासमातुरेण विना क्रमम् ॥

— संन्यासो. २.७



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(११) .......ब्रह्मचर्यं समाप्य गृही भवेत् । गृही भूत्वा वनी भवेत् । वनी भूत्वा प्रव्रजेत् । यदि वेतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेद्गृहाद्वा ।

– श्री जाबाल उप. ३.१

(१२) गृहस्थो ब्रह्मचारी वानप्रस्थो वा अलौकिकाग्नीनुदराग्नौ समारोपयेत्.........।।

– आरुणि उप. २

(१३) श्रीमद् शंकराचार्य - शांकर भाष्य १.१.१

(१४) हंसवचनश्रवणाच्छुगेनमाविवेश । तेनाऽसौ शुश्रा श्रुत्वा रैक्वस्य महिमानं वा आचष्टेति ऋषिरात्मनः परोक्षज्ञतां दर्शयन् शूद्रे त्याहेति ।

– छां. उप. शां. भा. ४.२-३

(१५) मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।

स्त्रियोवैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥

– गीता ९.३२

(१६) .........स आत्मानं क्रियाभिः गुप्तं करोति मातरं पितरं भार्यां पुत्रान्बन्धूननुमोदयित्वा ये चास्यर्त्विजस्तान्सर्वांश्च पूर्ववद्वृणीत्वा वैश्वानरेष्टिं निर्वपेत्.......।।

– सन्न्यासो. १-१

(१७) ब्रह्मचारी वेदमधीत्य वेदोक्ता चरित ब्रह्मचर्यो दारानाहृत्य पुत्रानुत्पाद्य ताननुरूपाधिभिर्वितत्येष्ट्वा च शक्तितो यज्ञैः । तस्य संन्यासो ।

– बृह. उप.

(१८) .......तव पुत्रान्भ्रातृन्बन्ध्वादीञ्शिखां यज्ञोपवीतं यागं सूत्रं स्वाध्यायं च........।।

– आरुणि उप. १

(१९) संविभज्य सुतानर्थे ग्राम्यकामान्विसृज्य च ।

संचरन्वनमार्गेण शुचौ देशे परिभ्रमन् ॥

– कुण्डिको ३.

(२०) विद्वान्स्वदेशमुत्सृज्य संन्यासानन्तरं स्वतः ।

कारागारविनिर्मुक्त चोर वद् दूरतो वसेत ॥

अहङ्कारसुतं वित्तभ्रातरं मोहमन्दिरम् ।

आशापत्नीं त्यजेद्यावत्तावन्मुक्तो न संशयः ॥

– मैत्रेयी उप. २.११ १२



For Private And Personal Use Only

(२१) सर्वस्वं दद्यात् यजमानस्य । गा ऋत्विज: ।........सशिखान्केशान् विसृज्य यज्ञोपवीतं छित्वा, सूत्रं दृष्ट्वा, त्वं ब्रह्मा त्वं यज्ञस्त्वं सर्वमित्यनुमन्त्रयेत् ।

– संन्यासो. १.१

(२२) ओरूम् भू: स्वाहेति शिखामुत्पाट्य यज्ञोपवीतम् बहिर्नैनिवसेत् । यशो बलं ज्ञानवैराग्यं मेधां प्रयच्छेति यज्ञोपवीतं छित्वा ओं स्वाहेत्यप्सु वस्त्रं कटि सूत्रं विसृज्य संन्यस्तं मयेति त्रिवारमभिमन्त्रयेत् ॥

– संन्यासो. २.८

(२३) तं होवा च इदमेवास्य यज्ञोपवीतं यदात्मध्यानम्, विद्या सा शिखा, नीरै: सर्वत्रावस्थितै: कार्यं निर्वर्तयन्नुदरपात्रेण । जलतीरे निकेतनम् ।.......सकृदुदिवा हैं त्वरमे भवति । य एवं विद्वानेनेनात्मानं संधनं ॥

– संन्यासो. १.१

(२३) (अ) आरुणि उप. ॥२॥

(२४) अभयं सर्वभूतेभ्यो मत्त: सर्वं प्रवर्तते । सखा मा गोपायौज: सखा योऽसीन्द्रस्य वज्रोऽसि वार्त्रघ्न: शर्म मे भव यत्पापं तन्निवारयेत्यनेन मन्त्रेण कृतं वैष्णवं दण्ड......॥

– आरुणि उप. ३

(२५) दण्डं तु वैणवं सौम्यं सत्वचं समपर्वकम् ।

पुण्यस्थलसमुत्पन्नं नानाकल्मषशोधितम् ।

– संन्यासो. २.१२-१५

(२६) संन्यासो. २.१५

(२७) जगज्जीवनं जीवनाधारभूतं माते मा मन्त्रयस्व सर्वदा सर्वसौम्येति कमण्डलुं परिगृह्य योगपट्टाभिषिक्तो भूत्वा यथासुखं विहरेत् ॥

– संन्यासो. २.१६

(२७) (अ) मृत्पात्रं वा अलाबुपात्रं दारुपात्रं वा ।

– आरुणि उप. ४

(२८) वैराग्यसंन्यासी ज्ञानसंन्यासी ज्ञानवैराग्यसंन्यासी कर्मसंन्यासी चेति चातुर्विध्यमुपगत: ॥

– संन्यासो. २.१८

(२९) दृष्टानुश्रविकविषयवैतृष्ण्यमेत्य प्राक्पुण्यकर्मवशात्संन्यस्त: स वैराग्यसंन्यासी ॥

– संन्यासो. २.१९

(३०) संन्यासो. २.२०



For Private And Personal Use Only

(३१) विश्वाद्यमनुसंयोगं मनसा भावयेत् सुधीः ।......॥

— कुण्डिका. उप. १४

(३२) संन्यासो. २.२१

(३३) संन्यासो. २.२२

(३४) संन्यासः षड्विधो भवति कुटीचकबहूदकहंसपरमहंसतुरीयातीतावधूताश्चेति ॥

— संन्यासो. २.२३

(३५) संन्यासो. २.२४

(३६) बहूदकः शिखादिकन्थाधरास्त्रिपुण्ड्रधारी कुटीचकवत्सर्वं समो मधुकरवृत्त्याष्टकवलाशी ॥

— संन्यासो. २.२५

(३७) संन्यासो. २.२६

(३८) संन्यासो. २.२७

(३९) तुरीयातीतो गोमुखवृत्त्या फलाहारी, अन्नाहारी, चेद्गृहत्रये, देहमात्रावशिष्टो दिगम्बरः कुणपवच्छरीरवृत्तिकः ॥

— संन्यासो. २.२८

(४०) संन्यासो. २.२८

(४१) अवधूतस्त्वनियमः पतिताभिशस्तवर्जनपूर्वकं सर्ववर्णेष्व जगरवृत्त्याहारपरः स्वरूपानुसंधानपरः ॥

— संन्यासो. २.२९-३०

(४२) संन्यासो. २-३.४

(४३) त्वाचा क्षणविनाशिन्या प्राप्येऽप्राप्योऽयमन्यथा ।

चित्प्रसादोपलब्धात्मा स्पर्शो नाहमचेतनः ॥३२॥

-- संन्यासो. २.३२-३८

(४४) मय्येवैताः स्फुरन्तीह विचित्रेन्द्रियवृत्तयः ।

तेजसान्तः प्रकाशेन यथाग्निकणपङ्क्तयः ॥

— संन्यासो. २.३९

(४५) ब्रह्मसूत्र – विस्फुलिङ्ग ।

(४६) इहानीहमयैरन्तर्या चिदावलिता मलैः ।

सा चिन्नोत्पतितुं शक्ता पाशबद्धेव पक्षिणी ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पुच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन जन्तवः ।

धरा विवरमग्नानां कीटानां समतां गताः ॥

— संन्यासो. २.४५-४६

(४७) रागद्वेषवियुक्तैस्तु, विषयानिन्द्रियैश्चरन् ।

आत्मवश्यैर्विधेयात्मा, प्रसादमधिगच्छति ॥

— गीता अ. २.६४

(४८) आत्मनेऽस्तु नमस्तुभ्यमविच्छिन्नाचिदात्मने ।

परामृष्टोऽस्मि बुद्धोऽस्मि प्रोदितोऽस्म्यचिरादहम् ॥

उद्धृतोऽस्मि विकल्पेभ्यो योऽस्मि सोऽस्मि नमोऽस्तु ते ।

तुभ्यं मह्यमनन्ताय मह्यं चिदात्मने ॥

— संन्यासो. २.४७-४८

(४९) नमस्तुभ्यं परेशाय नमो मह्यं शिवाय च ।

तिष्ठन्नपि हि नासीनो गच्छन्नपि न गच्छति ॥

— संन्यासो. २.४९

(५०) मैत्रेयी उप. ३.७-१०

(५१) यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।

यः समः सर्वभूतेषु जीवितं तस्य शोभते ॥

— संन्यासो. २.५५

(५२) अहमस्मि परश्चास्मि ब्रह्मास्मि प्रभवोऽस्म्यहम् ।

सर्वलोकगुरुश्चास्मि सर्वलोकोऽस्मि सोऽस्म्यहम् ॥१॥

मानावमानहीनोऽस्मि निर्गुणोऽस्मि शिवोऽस्म्यहम् ।

द्वैताद्वैतविहीनोऽस्मि द्वन्द्वहीनोऽस्मि सोऽस्म्यहम् ॥२॥

— मैत्रेया उप. अ. ३.१, ८

(५३) अनिकेतश्चरेत् । भिक्षाशी निदिध्यासनं दध्यात् ।

— कुण्डिका. ९



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५४) योऽन्तःशीतलया बुद्ध्या रागद्वेषविमुक्तया ।

साक्षिवत्पश्यतीदं हि जीवितं तस्य शोभते ॥५६॥

ग्राह्यग्राहकसम्बन्धे क्षीणे शान्तिरुदेत्यलम् ।

स्थितिमभ्यागता शान्तिर्मोक्षनाम्नाभिधीयते ॥५८॥

— संन्यासो, ५६-५८

(५५) कदोपशान्तमननो धरणीधरकोटरे ।

समेष्यामि शिलासाम्यं निर्विकल्पसमाधिना ।

— संन्यासो, २.६८-६९

(५६) वल्मीकार्धनिमग्नमूर्तिरुरसा संदष्ट सर्पत्वचा

कण्ठेजीर्णलताप्रतानवलयेनात्यर्थसंपीडितः ।

असंव्यापि शकुन्तनीडनिचितं बिभ्रज्जटामण्डलं

यत्र स्थाणुरिवाचलोमुनिरसावभ्यर्कबिम्बं स्थितः ॥

— अभिज्ञान शाकुन्तलम् ७.११

(५७) विश्वमयमनुसंयोगं मनसा भावयेत् सुधीः ।

आकाशाद्वायुर्वायोर्ज्योतिर्ज्योतिष आपोऽद्भ्यः पृथिवी ।

— कुण्डिका, २४-२५

(५८) संन्यासो, २.७५

(५९) उत्तमा तत्त्वचिन्तैव मध्यमं शास्त्रचिन्तनम् ।

अधमा तन्त्रचिन्ता च तीर्थं भ्रान्त्यधमाधमा ॥२१॥

— मैत्रेयी उप. अ. २.२१, २३-२४

(६०) पाषाणलोहमणिमृन्मयविग्रहेषु पूजा पुनर्जननभोगकरी मुमुक्षोः । तस्माद्यतिः स्वहृदयार्चनमेव कुर्याद्बाह्यार्चनं परिहरेदपुनर्भवाय ॥

— मैत्रेयी उप २.२६

(६१) संन्यासो, २.७४

(६२) मैत्रेयी उप. अ. २.१३-१.४

(६३) संन्यासो, २.७६-८२, ९५-९६



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(६४) पञ्चसप्तगृहाणां तु भिक्षामिच्छेत्क्रियावताम् ।

गोदोहमात्रमाकाङ्क्षेन्निष्क्रान्तो न पुनर्व्रजेत् ॥

नक्ताद्वरश्चोपवास उपवासादयाचितः ।

अयाचिताद्वरं भैक्षं तस्माद्भैक्षेण वर्तयेत् ॥

— संन्यासो. २.७९-८०

(६५) यतयो भिक्षार्थं ग्रामं प्रविशन्ति पाणिपात्रम्, उदरपात्रं वा । ओं हि ओं हि ओं हीत्येतदुपनिषदं विन्यसेत् ।

— आरुणि उप. ५

(६६) मनः संकल्परहितांस्त्रीन्गृहान्पञ्च सप्त वा ।

मधुमक्षिकवत्कृत्वा माधूकरमिति स्मृतम् ॥

— संन्यासो. २.८४

(६७) संन्यासो. २.८५

(६८) संन्यासो. २.८६

(६९) उपस्थानेन यत्प्रोक्तं भिक्षार्थं ब्राह्मणेन तत् ।

तात्कालिकमिति ख्यातं भोक्तव्यं यतिभिस्तदा ॥

— संन्यासो. २.८७

(७०) सिद्धमन्नं यदा नीतं ब्राह्मणेन मठं प्रति ।

उपपन्नमिति प्राहुर्मुनयो मोक्षकाङ्क्षिणः ॥

— संन्यासो. २.८८

(७१) न वायुः स्पर्शदोषेण नाग्निर्दहनकर्मणा ।

नापो मूत्रपुरीषाभ्यां नान्नदोषेण मस्करी ॥

— संन्यासो. २.८९, ९०

(७२) संन्यासो. २.९१

(७३) अभिशस्तं च पतितं पाषण्डं देवपूजकम् ।

वर्जयित्वा चरेद्भैक्षं सर्ववर्णेषु चापदि ॥

— संन्यासो. २.९२

(७४) ......औषधवदशनमाचरेत् ।

— आरुणि उप. २



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(७५) संन्यासो. २.११३-११४

(७६) कामान्नी कामरुपी संचरत्येकचरो मुनिः ।

स्वात्मनैव सदा तुष्टः स्वयं सर्वात्मना स्थितः ॥

— श्रीमद् शंकराचार्य - विवेकचूडामणि ५४२

(७७) घृतं श्वमूत्रसदृशं मधु स्यात्सुरया समम् ।

तैलं सूकरमूत्रं स्यात्सूपं लशुनसंमितम् ॥९३॥

माषापूपादि गोमांसं क्षीरं मूत्रसमं भवेत् ।

तस्मात्सर्वप्रयत्नेन घृतादीन्वर्जयेद्यतिः ॥९४॥

— संन्यासो. २.९३-९४

(७८) संन्यासो. २.९४-९७

(७९) ..........कामक्रोधलोभमोहदम्भदर्पेच्छासूयाभमत्वाहंकारादीनपित्यजेत् ।.......॥

— आरुणि उप. ४

(८०) संन्यासो. १०३-१०५

(८१) श्रीमद् शंकराचार्य बृह. उप. शां. भा. ३.५.१

(८२) असंशयवतां मुक्तिः संशयाविष्टचेतसाम् ।

न मुक्तिर्जन्मजन्मान्ते तस्माद्विश्वासमाप्नुयात् ॥

— मैत्रेयी उप २.१६

(८३) अज्ञश्चाश्रद्धधानश्च संशयात्मा विनश्यति ।

नायं लोकोऽस्ति न परो, न सुखं संशयात्मनः ॥

— गीता ४.४०

(८४) .......वर्षासु ध्रुवशीलोऽष्टौ मासानेकाकी यतिश्चरेद्, द्वावेकत्रचरेत् द्वावेकत्रचरेत् ॥

— संन्यासो. १.१ आरुणि उप. ४

(८५) संन्यासो. २.९९-१००

(८६) संन्यासो. २.१०१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(८७) शिष्याणां न तु कारुण्याच्छिष्यसंग्रह ईरितः ।

विद्या दिवा प्रकाशत्वादविद्या रात्रिरुच्यते ॥१०२॥

— संन्यासो. २.१०२. १०३

(८८) संन्यासो. २.१०२, १०३

(८९) या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।

यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥

— गीता अ. २.६९.

(९०) संन्यासो. २.१०३

(९१) संन्यासो. २.१११

(९२) संन्यासो. २.११३

(९३) संन्यासो. २.११६

(९४) संन्यासो. २.१२३

(९५) ओं हि ओं हि.......। तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः । दिवीव चक्षुराततम् । तद्विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते । विष्णोर्यत्परमं पदम् ॥

— आरुणि उप. ५

(९६) संन्यासो. २.६-७



For Private And Personal Use Only

# વેદાન્ત : ૪.૪

## બ્રહ્મ - ૪.૪.૧

તત્ત્વજ્ઞાનમાં આ વિશ્વનું અંતિમ સત્ શું છે એ વિચાર કેન્દ્રસ્થાને છે. ઉપનિષદો આ અંતિમ સત્‌ની શોધ માટે સંનિષ્ઠ પ્રયત્નો કરે છે. તે બાબતે જુદી જુદી પદ્ધતિઓ અપનાવે છે અને અનેકવિધ મંતવ્યો રજૂ કરે છે. ઋષિઓ પોતાની અંતિમ સત્‌ની શોધના તારણો રજૂ કરે છે. આ અલગ-અલગ તારણોમાં ક્રમિક વિકાસ પણ જોઈ શકાય છે. આ વિકાસ એ અંતિમ સત્‌નો વિકાસ નથી, એ તો પૂર્ણ જ છે, પરંતુ ઋષિઓનાં અભ્યાસનો વિકાસ છે.

√ बृह ધાતુ ઉપરથી 'બ્રહ્મ' શબ્દ બન્યો છે, बृह- વૃદ્ધિ થવી,વધવું. આ શબ્દ ચેતન, સ્ફુરણ અને પ્રગતિ પણ દર્શાવે છે. ઋગ્વેદમાં બ્રહ્મ શબ્દ 'સ્તુતિ'ના અર્થમાં છે, તેમજ ઉપ.માં 'સત્ય'ને પણ બ્રહ્મ કહેવામાં આવ્યું છે.

હૉગ માને છે કે બ્રહ્મનો અર્થ સ્તુતિ થાય છે, ને તેની વ્યુત્પત્તિ 'बृह' એટલે વધવું એ ધાતુમાંથી થયેલી છે. એ પછી બ્રહ્મનો અર્થ નિસર્ગની શક્તિ અને આગળ જતાં પરમ સત્ય અથવા પરમાર્થ સત્ થવા લાગ્યો. રોથના મત પ્રમાણે બ્રહ્મનો અર્થ પહેલાં દેવો તરફ વાળેલી સંકલ્પ શક્તિ થતો હતો, પછી તેનો અર્થ સૂક્ત અથવા મન્ત્ર થવા લાગ્યો, ને છેવટે પરમ સત્યના અર્થમાં તે શબ્દ વપરાતો થયો. ઑલ્ડન બર્ગના મતે 'બ્રહ્મ' શબ્દનો અર્થ વેદકાળમાં જાદુ કે અભિચારનો મન્ત્ર એવો થતો હતો. બ્રાહ્મણ-કાળમાં તે યજ્ઞોમાં વપરાતા સ્તુતિના સૂક્તો માટે વપરાવા લાગ્યો. ધીરે ધીરે એ શબ્દ વિશ્વને ઉત્પન્ન કરનાર મહાશક્તિને માટે વપરાતો થયો. ડૉયસન માને છે કે બ્રહ્મનો અર્થ સ્તુતિ અથવા પ્રાર્થના છે. એ સ્તુતિ આત્માને ઉન્નત કરે છે, ને એવી સ્થિતિમાં આપણે સત્યનું દર્શન કરી શકીએ છીએ. એટલે એ સત્યને માટે 'બ્રહ્મ' શબ્દનો ઉપયોગ થવા લાગ્યો. મૅક્સમૂલર તેનો મૂળ અર્થ વાણી માને છે, 'બૃહસ્પતિ' કે 'વાચસ્પતિ' એ શબ્દમાં આ અર્થ જોવા મળે છે. જે બોલે છે તે બ્રહ્મ છે.'

વિશાળતા જ બ્રહ્મ છે, તેમાં જ પરમસુખ છે. રહસ્યવાદ તાત્ત્વિક વિચારણા અને ધાર્મિક પ્રયત્નોને સંકલિત કરવાની યથાર્થ ભૂમિકા છે. જેમાં આ વિશાળતા જ જરૂરી છે. કારણ કે તે જ બુદ્ધિ અને ભાવનાની અપેક્ષાઓને સંયોજિત કરનાર વિચારધારા છે. ભારતીય ચિંતન ઈશ્વરવાદની ભૂમિ તરફ આગળ વધે



For Private And Personal Use Only

છે. તેમાં આ વિશાળતા જ મહત્ત્વની છે. વિકાસની પૂર્ણ શક્યતાઓ તેમાં જ રહેલી છે. "આથી જ હેગલના પૂર્ણત્વના વિચારમાં રહેલો ક્રમિક વિકાસ બ્રહ્મતત્ત્વની વિચારણામાં જોઈ શકાય છે અને એ દૃષ્ટિએ એ બન્નેને સમાન પણ ગણી શકાય તેમ છે. હેગલનું પૂર્ણત્વ વિચાર, વિરોધ અને સમન્વયને પ્રાપ્ત કરતું કરતું સતત વૃદ્ધિ પામતું રહે છે, એ જ વાત બ્રહ્મતત્ત્વને પણ લાગુ પડે છે. તફાવત માત્ર એટલો જ છે કે હેગલનું પૂર્ણત્વ સંપૂર્ણપણે બૌદ્ધિક ધોરણોને વરેલું છે, જ્યારે ઉપનિષદોનું બ્રહ્મતત્ત્વ પામવાનો–સાક્ષાત્કારનો આદર્શ હોઈ ધર્મને પણ સ્પર્શે છે, પૂર્ણત્વ એ બૌદ્ધિક સમજણનો વિષય છે. બ્રહ્મ અનુભૂતિઓનું કેન્દ્ર છે."[૧]

આમ બ્રહ્મ અનુભૂતિનું કેન્દ્ર છે અને વ્યાપક છે. તેથી જ વ્યાપકતા/વિશાળતા જ સૌનો આદર્શ રહે તે માટે ઉપનિષદો આ જ બાબતને જુદા જુદા દૃષ્ટિબિંદુથી રજૂ કરે છે. છા. ઉપ.માં સનત્કુમાર નારદઋષિને બ્રહ્મ વિષયક વર્ણન કરતાં જણાવે છે કે– નામ, વાણી, મન, સંકલ્પ, ચિત્ત, ધ્યાન, વિજ્ઞાન, બલ, અન્ન, જલ, તેજ, આકાશ, સ્મરણ, આશા, પ્રાણ એમ ક્રમશઃ સ્થૂળથી સૂક્ષ્મ તરફ વર્ણન કરી 'પ્રાણ' જ શ્રેષ્ઠ છે તેમ જણાવે છે. આ પ્રાણમાં જ જગત્ સ્થિત છે. આ પ્રાણ જ પિતા વગેરે છે તેમ જે નિશ્ચય કરે છે, તે "અતિવાદી" કહેવાય છે. તે છુપાવવું ન જોઈએ.

આ જ વર્ણન આગળ વધારતાં સત્ય, વિજ્ઞાન, મનન, શ્રદ્ધા, નિષ્ઠા, કૃતિ (કર્મ), સુખ એમ ક્રમશઃ જણાવી "ભૂમા" જ નિરતિશય સુખરૂપ બ્રહ્મ છે, તેમ જણાવે છે.[૩] આ ભૂમા અવિનાશી છે, આશ્રય રહિત છે. પોતાની મહિમામાં જ સ્થિત છે.[૪] 'ભૂમા' એટલે જ વિશાળતા. વિશાળતામાં જ સુખ છે, આનંદ છે અને તે જ પરબ્રહ્મ છે.

મુક્તિકો.[૫] પણ પરતત્ત્વને માટે "ભૂમા" શબ્દનો પ્રયોગ કરતાં જણાવે છે કે– તે દૃશિ અર્થાત્ જ્ઞાન સ્વરૂપ શુદ્ધ, અવિક્રિય તથા સ્વભાવથી જ નિર્વિષય છે. તે આગળ, પાછળ, ઉપર, નીચે એમ બધી તરફથી સંપૂર્ણ છે. અહીં છા. ઉપ.ની શ્રુતિમાં, "નાન્યત્પશ્યતિ, नान्यच्छृणोति" વગેરેમાં ભૂમાથી અતિરિક્ત અન્ય કોઈપણ વસ્તુનો નિષેધ કરવામાં આવે છે. તેથી જ તો તે ભૂમા પોતાનાથી અતિરિક્ત અન્ય કોઈને જોતો કે સાંભળતો નથી. પોતાનાથી અન્ય દર્શન ત્યારે જ શક્ય બને છે જ્યારે દ્વૈત હોય ત્યારે, અદ્વૈત હોય ત્યારે નહીં. તેથી જ તેની મહિમા પોતાનામાં જ પ્રતિષ્ઠિત છે અથવા નથી.[૬]

આ "ભૂમા" જ ઉપર, નીચે, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ સર્વત્ર વ્યાપ્ત છે. જ્ઞાની પુરુષ આત્મદૃષ્ટિથી તે ભૂમાને આ પ્રમાણે જાણે છે તે સર્વ શક્તિમાન અને યથેચ્છ ગતિ કરનાર બને છે.[૭]

આ ભૂમા જ સર્વત્ર છે તે બાબત સત્યકામ જાબાલને "ચારેય દિશાઓની જેમ બ્રહ્મ ચાર કલાઓ યુક્ત અને પ્રકાશયુક્ત છે." એમ સાંઢ જે ઉપદેશ આપે છે તેમાં પણ વ્યક્ત થાય છે.

અહિં સર્વત્ર બ્રહ્મ છે, પ્રકાશમય છે પરંતુ તેને એકપાદ સ્વરૂપ જણાવે છે તેથી હજુ અસ્પષ્ટ હોય તેમ લાગે છે.

સત્યકામને અગ્નિએ "અનન્તવાન્" નામના બ્રહ્મના પાદની ઉપાસના કરવાનું જણાવ્યું. પૃથ્વી કલા, અંતરિક્ષ કલા, સ્વર્ગકલા, સમુદ્રકલા, એ ચારપાદવાળું બ્રહ્મ છે. જે તેની ઉપાસના કરે છે તે અક્ષય લોકને પ્રાપ્ત કરે છે. અહીં પણ પૃથ્વી વગેરે સર્વત્ર બ્રહ્મ જ છે તેમ પરોક્ષ રીતે અગ્નિદેવ જણાવે છે.

હંસ અગ્નિકલા, સૂર્યકલા, ચન્દ્રકલા, અને વિદ્યુતકલા એ પ્રમાણે બ્રહ્મનાં જ્યોતિષ્માન્ પાદ વિશે જણાવે છે. જ્યારે મદ્ગુપક્ષી પ્રાણ કલા છે, ચક્ષુ કલા છે, શ્રોત્ર કલા છે. મન કલા છે. હે સૌમ્ય આ ચાર કલાવાળો, "આયતનવાન્" નામના પાદની ઉપાસના જણાવે છે અને અંતે આચાર્યશ્રી સોળકલા–વાળા પૂર્ણ બ્રહ્મનો ઉપદેશ આપે છે. અહીં આ રીતનો વિકાસ એ સત્યકામ જાબાલની સમજણનો વિકાસ છે. બ્રહ્મ તો પૂર્ણ જ છે, ક્રમશઃ આગળ વધતાં સત્યકામને પૂર્ણબ્રહ્મનું જ્ઞાન થાય છે.

સત્યકામ જાબાલનાં શિષ્ય ઉપકોસલને સત્યકામ પ્રવાસે જાય છે ત્યારે ગાર્હપત્ય વગેરે અગ્નિઓ "વિશાળતા" જ બ્રહ્મ છે એ ઉપદેશ પરોક્ષ રીતે આપે છે.

અગ્નિ ઉપકોસલને જણાવે છે કે– "પ્રાણ" જ બ્રહ્મ છે, "ક" જ બ્રહ્મ છે. "ખ" બ્રહ્મ છે, તે જ "ક" છે. આ પ્રમાણે "પ્રાણ" અને તેની સાથે સંબંધિત આકાશનો ઉપદેશ આપે છે. આકાશ વિશાળતાનું પ્રતીક છે, તે જ બ્રહ્મ છે."

ગાર્હપત્યાગ્નિ, પૃથ્વી, અન્ન અને આદિત્ય એ મારાં જ ચાર સ્વરૂપ છે. "સૂર્યમાં પણ જે પુરુષ દેખાય છે તે હું જ છું." દક્ષિણાગ્નિ જણાવે છે કે– જળ, દિશાઓ, નક્ષત્ર, ચન્દ્રમાં એ મારું જ શરીર છે. "ચન્દ્રમામાં જે પુરુષ દેખાય છે, તે હું જ છું." આહવનીય અગ્નિ જણાવે છે કે– પ્રાણ, સ્વર્ગ, આકાશ અને વિદ્યુત્ એ ચાર મારું શરીર છે. વિદ્યુત્માં "જે પુરુષ દેખાય છે તે હું જ છું."

આ વિદ્યા અગ્નિએ આપી હોવાથી અગ્નિવિદ્યા તરીકે પ્રસિદ્ધ છે. આત્મજ્ઞાનની વિદ્યા હોવાથી આત્મવિદ્યા તરીકે પણ ઓળખાય છે. આ વિદ્યાની ઉપાસના કરનાર પૂર્ણ આયુષ્ય ભોગવી, યશસ્વી બની અગ્નિલોકને પ્રાપ્ત કરે છે.

અગ્નિએ આપેલા આ ઉપદેશ બાદ ગુરુ સત્યકામ ઉપદેશ આપતાં જણાવે છે કે– "ચક્ષુમાં જે

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરુષ દેખાય છે તે જ અવિનાશી અને અભય બ્રહ્મ છે, તે પ્રકાશરૂપ છે. તેની ઉપાસના કરનાર પરમગતિને પામે છે."[૧૩]

પ્રા. દવે જણાવે છે કે– "વ્યક્ત–અવ્યક્ત વચ્ચે, સાકાર–નિરાકાર વચ્ચે, સગુણ–નિર્ગુણ વચ્ચે, નિષેધ અને વિધેયક વચ્ચે બૌદ્ધિક ધોરણો સંવાદ કલ્પિ શકતાં નથી. વ્યાપક એવું "બ્રહ્મ" આ તમામ દ્વન્દ્વોને પોતામાં સમાવિષ્ટ કરે છે. આથી જ એ વ્યાપકતા સદા સૌનો આદર્શ રહે એ માટે તમામ ઉપનિષદો જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં પણ એક બ્રહ્મની જ વાત કરે છે. છતાં આ અનુભૂતિ જ્યારે પણ શબ્દ દેહ પામે છે ત્યારે પ્રતીકોનો આશ્રય તો લેવાનો જ રહે છે.[૧૪]

### ❑ બ્રહ્મતત્ત્વ :

ડૉ. રાનડે[૧૫] સત્તા અંગેની ઉપ.ની વિચારણાને ત્રિવિધ ગણાવે છે. ડૉ. કેર્ડ "અનુસાર માનવ મનના બંધારણને લીધે જ, માનવી સમક્ષ વિચારણાના ત્રણ માર્ગો ખુલ્લા હોય છે, સૌ પ્રથમ માનવી પોતાની આસપાસ જગત તરફ જુએ છે. એ પછી તે પોતાની ભીતર જુએ છે. અંતે તે બાહ્ય અને આંતરદૃષ્ટિઓને સમન્વિત કરે એવી સર્વોપરી સત્તા તરફ જુએ છે." વળી, તેઓ લખે છે– "માનવી આંતરદર્શન કરે એ પહેલાં તે બાહ્ય જગતમાં દૃષ્ટિ નાખે છે અને ઊર્ધ્વમાં દૃષ્ટિ કરે એ પહેલાં, તે આંતરદર્શન કરે છે." ધર્મનો આ વિકાસ જે તબક્કાઓ દર્શાવે છે તે "તાર્કિક દૃષ્ટિએ એકબીજાના પૂર્વગામી હોય છે, ઐતિહાસિક નહિ."[૧૬] ડૉ. રાનડેની ત્રિવિધ વિચારણામાં વિશ્વ નિર્માણમીમાંસાની દૃષ્ટિ, ઈશ્વરવિદ્યાની દૃષ્ટિ અને અંતે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિ છે. રાનડેના આ દૃષ્ટિબિંદુમાં ઉપ.માં રહેલાં બ્રહ્મતત્ત્વો અંગેના મોટાભાગના ઉચ્ચારણોનું તારણ આવી જાય છે.

ઉપનિષદો અધ્યાત્મ દૃષ્ટિથી જ બ્રહ્મતત્ત્વની વિચારણા કરે છે. છા. ઉપ.નાં ત્રીજા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે– આપણા હૃદયમાં બિરાજતો આત્મા ચોખાનો દાણો, જવ, સરસવ વગેરેથી પણ સૂક્ષ્મ છે. સાથોસાથ એ જ આત્મા પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ અને અન્ય સૌ લોકથી મહાન એટલે કે અનંત છે. સર્વકર્મ–કામ–ગંધ–રસવાળો છે. સર્વમાં વ્યાપ્ત, વાણી અને સંભ્રમરહિત એ જ અંતરાત્મા છે.[૧૭]

કેનો.[૧૮] નેત્ર, કર્ણ, વાણી વગેરેને જેનાં દ્વારા શક્તિ પ્રાપ્ત થાય છે, તે બ્રહ્મ છે તેમ જણાવી તદ્વન નામવાળા બ્રહ્મને જણાવી તે બ્રહ્મ જ સર્વ શક્તિમાન છે. તે જણાવવા ઉમાહૈમવતી આખ્યાન આપે છે.

દાનવો ઉપર વિજય પ્રાપ્ત થતાં દેવો ગર્વિષ્ઠ બની જાય છે. દેવોના ગર્વને ઉતારવા અને તેઓને



For Private And Personal Use Only

સત્યજ્ઞાનની પ્રતીતિ કરાવવા માટે પરબ્રહ્મ યક્ષરૂપે પ્રગટ થાય છે. દેવો તેને ઓળખી શકતા નથી. તેને જાણવાની ઈચ્છાથી સર્વપ્રથમ અગ્નિને મોકલવામાં આવે છે. અગ્નિ પોતાની શક્તિની પ્રશંસા કરે છે. યક્ષ તેને તણખું બાળવાનું કહે છે. ખૂબ જ શક્તિ સાથે ઘણાં પ્રયત્નો કરવા છતાં તે નિષ્ફળ જાય છે. પરત આવે છે. પછી વાયુ દેવતાને મોકલવામાં આવે છે.તે પોતાની બડાઈ હાંકે છે. તેને પણ ઘાસનું તણખલું આપવામાં આવે છે, તે ઉડાડી શકતો નથી. અંતે ઈન્દ્રનો વારો આવે છે. ઈન્દ્ર યક્ષ પાસે જાય છે, ત્યાં તે અંતર્ધ્યાન થઈ જાય છે. ઉમા હૈમવતી પ્રગટ થાય છે, તે યક્ષનો પરિચય પરમતત્ત્વરૂપે ઈન્દ્રને આપે છે.[૧૯] આ રૂપક પણ અગ્નિ, વાયુ અને આકાશ જેવાં વૈશ્વિક તત્ત્વો કરતાં બ્રહ્મની સર્વોપરીતા પ્રગટ કરે છે. આ બ્રહ્મની શક્તિને કારણે જ અગ્નિ પ્રકાશે છે, વાયુ વાય છે, આમ વૈશ્વિક કરતાં તે બ્રહ્મની સર્વોપરીતા સ્પષ્ટ કરે છે.

આ કથામાં "વિદ્યુત્" એ ગુણવાચક/રહસ્યબોધક શબ્દ છે. ત્યાં જ તેનું બીજું નામ 'વન' (સુંદર) છે. તે વનને સૌન્દર્યની છાયા વડે આ જગત્ અને સચેતન પ્રાણીઓમાં સૌભાગ્ય, રમ્યતા વગેરે ધર્મોનું આપણને જ્ઞાન થાય છે. આ કથાનું એ રહસ્ય પણ છે કે અભિમાનીને બ્રહ્મજ્ઞાન થતું નથી, નિરાભિમાનીને જ થાય છે. દંભરહિતતા આવવાથી અને ઉમા હૈમવતીના શરણે જવાથી જ ઈન્દ્રને બ્રહ્મજ્ઞાન થયું હતું.

આ સર્વોપરી અંતરાત્માની માન્યતા બાદ સાતમાં અધ્યાયમાં નારદ—સનત્કુમારના સંવાદમાં એમ કહેવાય છે કે; નારદ આત્મજ્ઞાનના અભાવમાં શોકમગ્ન છે. તેને ક્રમશઃ આગળ વધારતાં સર્વથી અધિક "પ્રાણ" છે એમ કહેવામાં આવે છે. "અન્ન, જળ, અગ્નિ, આકાશ જેવાં વૈશ્વિક તત્ત્વોની સાથે વાણી, મન, સંકલ્પ, સ્મૃતિ વગેરે જેવાં શારીરિક તત્ત્વો પણ નિરૂપાયાં છે. અહીં શુદ્ધ અર્થમાં વિશ્વનિર્માણ મીમાંસાનો સંદર્ભ નથી, પરંતુ અંતિમ "સત્" આત્મા જ છે એ માન્યતા જોઈ શકાય છે. ત્યારબાદ જ "વિશાળતામાં સુખ છે, અલ્પતામાં નહિં." એ પ્રસિદ્ધ ઉક્તિ આવે છે.[૨૦] ભાવાર્થ એ છે કે આત્મનિષ્ઠ બનવામાં આ વૈશ્વિક તત્ત્વોને નકારવાનાં નથી પણ તેની વિશાળતા આત્મામાં અનુભવવાની છે.[૨૧]

આ વિશ્વનો સંપૂર્ણ આધાર તે પરબ્રહ્મ જ છે. તેને સમજાવતાં ઋષિ અત્યંત સંક્ષિપ્ત સૂત્ર "તજ્જલાન્" આપે છે.[૨૨] આ સૂત્રનો અર્થ છે, જગત્ તેમાંથી જ જન્મે છે, તેમાં જ સ્થિર રહે છે અને તેમાં જ લય પામે છે. બ્રહ્મસૂત્રમાં પણ "જન્માદ્યસ્ય યતઃ"[૨૩] સૂત્ર દ્વારા આ જ બાબત કહેવામાં આવી છે. તેમજ શ્રીમદ્ શંકરાચાર્ય આ બાબતને સમજાવતાં "આ જગત્ તે બ્રહ્મમાંથી આવિર્ભાવ પામે છે તેમાં જ રહે છે અને તેમાં જ લય પામે છે."[૨૪] તેમ જણાવી તૈત્તિ.[૨૫]ની શ્રુતિ દૃષ્ટાન્તરૂપે આપે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ❑ ઈશ્વરવાદ :

"ઈશ્વરવાદ કે Theism શબ્દ ડૉ. મેકનીકોલ અનુસાર ત્રણ બાબતનો નિર્દેશ કરે છે– (૧) વ્યક્તિ સ્વરૂપ ઈશ્વરની કલ્પના, (૨) ઈશ્વરનો નૈતિક પ્રભાવ, (૩) જીવો સાથે ઈશ્વરનો આંતર્ સંબંધ. ઈશ્વરવાદ આ રીતે ઈશ્વરના વ્યક્તિત્ત્વ પર ભાર મૂકે છે. જગતના વિવિધ ધર્મોમાં ભક્તિનો પ્રસાર આ વ્યક્તિ સ્વરૂપે ઈશ્વરને આભારી છે."[૨૭]

ઉપનિષદો વ્યક્તિત્વ સ્વરૂપ ઈશ્વરને નિરૂપતા નથી, પરંતુ સાકાર સ્વરૂપે વૃક્ષ, પાન, જળ વગેરેમાં રહેલો ગણાવી, સમગ્ર ભૂત સૃષ્ટિના મૂળ તરીકે નિરૂપે છે. તેમાં પ્રાચીન ઉપ. કરતાં પાછળના ઉપ. ઈશ્વરવાદની નજીક છે. તેમાં ઈશ્વરને બ્રહ્મની સમકક્ષ મૂકવામાં આવેલ છે. તેમાં સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા વગેરે ગુણો બ્રહ્મ સમકક્ષ નિરૂપવામાં આવે છે. અહીં આ નિરૂપણ આત્મવાદી દૃષ્ટિબિંદુથી જ થાય છે. મૈત્રેયી ઉપ.માં હૃદય કમળની વચ્ચમાં રહેલ કર્મોના સાક્ષીરૂપ, પરમ પ્રેમના વિષયરૂપ પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ, જે મન અને વાણીથી જાણી શકાતા નથી. તે આદિ– અંત રહિત છે. મહાદેવ જણાવે છે કે– તે હું જ છું, અન્ય બીજું કશું જ નહીં, તેમ જણાવી ગુરુ, સિદ્ધિ વગેરે હું જ છું; સદાશિવ રહિત હું જ બ્રહ્મ છું તેમ જણાવે છે.[૨૮]

## ❑ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ :

આત્મા અને બ્રહ્મની એકતા જ ઉપનિષદોને અભિપ્રેત છે. જે આ દૃષ્ટિબિંદુમાં જોઈ શકાય છે. આધુનિક સમયમાં મનોવૈજ્ઞાનિક અને શારીરિક દૃષ્ટિબિંદુમાં જે ભેદ અભિપ્રેત છે તે ઉપ.નાં દૃષ્ટાઓને ન હતાં અને એ સહજ છે. કારણ કે; માનસિક સ્થિતિની અસર હંમેશાં શારીરિક સ્થિત ઉપર થતી હોય છે.

આત્માને જાણનારો સમગ્ર જગતને મેળવે છે. તેમ ઇન્દ્ર અને વિરોચન જાણે છે. તેથી આત્મતત્ત્વને જાણવાની જિજ્ઞાસાથી સમિત્પાણિ થઈ પ્રજાપતિ બ્રહ્મા પાસે જાય છે. બન્ને બત્રીસવર્ષ બ્રહ્મચર્યપૂર્વક રહે છે. પછી પ્રજાપતિ તેમને ઉપદેશ આપે છે કે– "નેત્રમાં જે દેખાય છે, તે પુરુષ, આત્મા છે. તે અમર, અભય છે અને તે જ બ્રહ્મ છે." તેથી બન્ને શરીરને શણગારી સરોવરમાં પડતાં પ્રતિબિંબને જુએ છે." તે આત્મા છે" એમ પ્રજાપતિ કહે છે. બન્ને જાય છે વિરોચન શરીરને જ આત્મા દર્શાવતા આ ઉપદેશને લઈને દાનવો પાસે પાછો જાય છે. જ્યારે શંકા જતાં ઇન્દ્ર પ્રજાપતિ પાસે સમિત્પાણિ થઈને જાય છે. બત્રીસ વર્ષ બ્રહ્મચર્યપૂર્વક રહે છે. પ્રજાપતિ ઉપદેશ આપે છે કે– "સ્વપ્નમાં જે સુખપૂર્વક ભ્રમણ કરે છે, તે આત્મા છે....તે જ બ્રહ્મ છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઈન્દ્ર આ ઉપદેશ ગ્રહણ કરી પરત જાય છે. પરંતુ મનમાં વિચાર જાગે છે કે– સ્વપ્ન દૂર થતાં આત્મા પણ દૂર થઈ જાય. આ શંકાથી તે ફરીથી બ્રહ્મા પાસે આવીને બત્રીસ વર્ષ તપશ્ચર્યાપૂર્વક બ્રહ્મચર્ય પાળીને રહે છે. અંતે પ્રજાપતિ "સ્વપ્ન રહિત ગાઢનિદ્રામાં જે અનુભવાય છે તે આત્મા છે." એમ સમજાવે છે. તેમાં પણ શંકા જતાં ફરીથી પાંચ વર્ષ બ્રહ્મચર્યપૂર્વક રહે છે. ત્યારબાદ તેને આત્માનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે– "શરીર મરણશીલ છે અને આત્મા અમર, સુખદુઃખ શરીરને છે. અશરીરી આત્માને તે સ્પર્શતાં નથી. આથી શરીર અને તેના ધર્મોથી પર જનારો આત્માને જાણે છે. આત્મા શરીરમાં રહે છે તેથી જ શરીર જુદી જુદી ક્રિયાઓ કરે છે અને આનંદ પામે છે. પરંતુ આત્મા શરીરમાં રહ્યો છતાં અકર્તા છે. મન એ આત્માની દૈવી આંખ છે. પરંતુ આત્મા કશું જ ભોગવતો નથી. આત્માના આવા સ્વરૂપને દેવો પણ ચિંતવે છે, જે આત્માને મેળવે છે તે સમગ્ર જગત અને તમામ કામનાઓ મેળવે છે." આમ આ ઉપદેશ ગ્રહણ કરી, પૂર્ણ સંતોષ મેળવી ઈન્દ્ર દેવો પાસે પાછો જાય છે.[૨૯]

આ ઉપદેશમાં આત્માના ખ્યાલનો ધીરે-ધીરે વિકાસ થાય છે. આ આત્મજ્ઞાન તપશ્ચર્યા અને જિજ્ઞાસા ન હોય તેને આપી ન શકાય. કારણ કે આ આત્મા અને બ્રહ્મની એકતા એ ઉપનિષદોના ઋષિઓ માટે સાબિતીનો નહિં પરંતુ અનુભૂતિનો જ વિષય હોવાથી અહીં દરેક તબક્કે પ્રજાપતિ આત્માનું સ્વરૂપ સમજાવી. તે જ બ્રહ્મ છે એવું પણ કહે છે. આમ ધીરે ધીરે મનોવૈજ્ઞાનિક રીતે યોગ્યતા પ્રાપ્ત થતી જાય છે તેમ પ્રજાપતિ વ્યાપક આત્માના ખ્યાલને સ્પષ્ટ કરતાં જાય છે.[૩૦]

શ્વેતકેતુ–આરુણિ વચ્ચેના સંવાદમાં બ્રહ્મતત્ત્વનું નિરૂપણ માનસિકતાને કેન્દ્રમાં રાખીને થયેલ છે. પંદર દિવસના ઉપવાસ બાદ શ્વેતકેતુને ઋચાઓ યાદ આવતી નથી, પિતાજીની સૂચનાથી ભોજન કરે છે. પછી ઋચાઓ યાદ આવે છે. અહીં મન સાથે આ બાબત સંકળાયેલી છે. ભોજનનાં સૂક્ષ્મતમ અંશથી મન બને છે. જો આ મન સ્થિર હોય તો જ જ્ઞાન સરળતાથી ધારણ કરી શકાય અને વ્યક્ત કરી શકાય. અહીં પણ શ્વેતકેતુની સમજણનાં વિકાસ માટે અને અભિમાનને દૂર કરવા માટે સર્વપ્રથમ તો એકદમ પૂછવામાં આવે છે." તારા ગુરુએ તને એવું શિખડાવ્યું છે કે– "એકને જાણવાથી સર્વને જાણી લેવાય." તુરત જ અભિમાની શ્વેતકેતુ જવાબ આપે છે. "મારાં ગુરુજીને જ તે આવડતું નહીં હોય." આમ માનસિક સ્થિતિ જાણીને તેને દૂર કરવા માટે નિમક, વટવૃક્ષ વગેરે નવ ઉદા. દ્વારા પરબ્રહ્મ એ જ આત્મા છે અને તે જ આ સંપૂર્ણ જગત્‌માં વિલસી રહ્યું છે.[૩૧] તેમ ઉપદેશ આપવામાં આવે છે. આ જ બાબત ભક્તકવિ નરસિંહ મહેતા પણ કહે છે.[૩૨]

આ સર્વે દૃષ્ટાન્તો માનસિક તત્ત્વોરૂપે બ્રહ્મની કલ્પના કરી અંતે આત્મતત્ત્વ તરફ દોરી જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ આત્મા એ જ સર્વોચ્ચ સત્તા છે. તેથી જ શ્રી રાનડે કહે છે કે– "ઈશ્વર એ ઈશ્વર નથી, જો તે આત્મ–ચેતના સાથે સંલગ્ન ન હોય, સત્તા એ સત્તા નથી જો તે આત્મ–ચેતનાની પ્રતિષ્ઠા ન કરતી હોય."[૩૩]

આ દષ્ટિ બિંદુઓ ઉપરાંત બ્રહ્મના કેટલાંક લક્ષણોની ચર્ચા ઉપ.માં છે તે જોઈએ.

લક્ષણના– (૧) સ્વરૂપ લક્ષણ અને (૨) તટસ્થ લક્ષણ એમ બે પ્રકાર વેદાન્તપરિભાષા પ્રમાણે પાડવામાં આવે છે.

(૧) જે લક્ષણને પદાર્થમાંથી દૂર કરવામાં આવતાં મૂળ પદાર્થ જ રહેતો નથી તેને સ્વરૂપ લક્ષણ કહે છે. જેમ કે– સચ્ચિદાનંદ બ્રહ્મ, સત્ય, જ્ઞાન, અનંત બ્રહ્મ વગેરે[૩૪]

(૨) જે લક્ષણ સ્થાયી નથી પરંતુ બદલાયા કરતું હોય છે તેને તટસ્થ લક્ષણ કહે છે. દા.ત. જેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે.[૩૫]

'સત્ય' શબ્દ એમ સૂચન કરે છે કે, એ તત્ત્વનો આપણને અપરોક્ષ અનુભવ થતો હોઈ તેની હસ્તી નિશ્ચિત અને નિઃસન્દેહ છે, 'જ્ઞાન' શબ્દ એમ સૂચન કરે છે કે તત્ત્વ ચૈતન્યરૂપ છે, "અનંત" શબ્દ એ તત્ત્વ સર્વગ્રાહી અને અપરિમિત છે એમ સૂચવે છે. આ ઉપ.માં આ પ્રમાણે આપેલાં લક્ષણો સ્વરૂપ લક્ષણો છે, બ્રહ્મનાં વિશેષણો નથી.[૩૬]

પ્રો. હિરિયાણ્ણા કહે છે તેમ, "અદ્વૈત સંમત પરમ સત્ યા બ્રહ્મ માત્ર અનિર્વચનીય જ નથી, તે અજ્ઞેય પણ છે, કેમ કે જે ક્ષણે તેને જ્ઞાનનો વિષય બનાવવામાં આવે તે જ ક્ષણે તે 'જ્ઞાતા' જોડે સંબદ્ધ થઈ જવાથી "સગુણ" બની જાય છે."[૩૭]

## ❑ અપરોક્ષાનુભૂતિ :

ઉપ.નું જ્ઞાન અનુભૂતિનું જ્ઞાન છે. ઋષિઓએ જે આત્માનુભવ કર્યો તેને વ્યક્ત કરવા માટે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. અહીં ઋષિઓ તર્કનો આશ્રય લે છે, તે માત્ર અનુભૂતિને વ્યક્ત કરવા માટે જ છે, સહાયક તરીકે જ છે. અહીં તર્કનો જ્યાં જ્યાં આશ્રય લેવાયો છે ત્યાં પણ તે અનુભૂતિના સમર્થ સહાયક તરીકેનો જ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવ વચ્ચે તફાવત દર્શાવતા પ્રા. દવે જણાવે છે કે– "પ્રત્યક્ષ અનુભવમાં કોઈ દશ્ય કે મૂર્ત પદાર્થ જ અનુભવાય છે; જ્યારે અનુભૂતિમાં અદશ્ય કે અમૂર્તનો અનુભવ હોવાથી પ્રત્યક્ષાનુભવથી તેને જુદી દર્શાવવા અપરોક્ષાનુભૂતિ એવો શબ્દ વપરાયો છે. બ્રહ્મની અનુભૂતિ પ્રજ્ઞાશક્તિ વડે થાય છે. આથી જ ઐતરેય ઉપ. 'પ્રજ્ઞાનં બ્રહ્મ" એવું ભારપૂર્વક કહે છે."[૩૮]

આ અનુભૂતિજન્ય બ્રહ્મનું વર્ણન કરતાં મહો. જણાવે છે કે તે પ્રજ્ઞાનં છે. સત્યનું લક્ષણ પણ



For Private And Personal Use Only

પ્રશાન્ત જ છે. બ્રહ્મ આકાશ સ્વરૂપ, શિવ, શાશ્વત, દોષ–શૂન્ય, આલમ્બન શૂન્ય, કારણ રહિત, અનિર્વચનીય, સત્–અસત્થી રહિત, અત્યંત સુખરૂપ તે બ્રહ્મ સર્વવ્યાપક છે.[૨૯]

આ અનુભૂતિને કેનો. "નેતિ નેતિ" તરીકે વર્ણવે છે. કેનો.માં ગુણધર્મોથી વિશિષ્ટ બ્રહ્મ તે ઉપાસ્ય અને ગુણધર્મોથી વિરહિત શુદ્ધ સ્વભાવરૂપ(સત્ય–જ્ઞાન–અનંત) બ્રહ્મ તે જ્ઞેય–એવો વિવેક કરી આપણાં જ્ઞાનેન્દ્રિયો અને મન વડે જે જે વિશિષ્ટરૂપમાં આપણે બ્રહ્મને ચિંતવીએ અથવા ધ્યાનમાં લઈએ તે રૂપ ખરું બ્રહ્મ સ્વરૂપ નથી, પરંતુ જે અંતર્યામી ચેતનવડે આપણી જ્ઞાનેન્દ્રિયો અને મન વિશિષ્ટકાર બ્રહ્મને સમજે છે અથવા ઉપાસે છે તે ચેતન ખરૂ બ્રહ્મ છે. તેથી જ કેનો. જણાવે છે કે– ત્યાં આંખ, વાણી, કાન પહોંચી શકતાં નથી. તેનું સ્વરૂપ 'બુદ્ધિ'થી પણ દર્શાવી શકાય તેમ નથી. પરંતુ શ્રુતિ અને પૂર્વ આચાર્યોના અનુભવ કથનથી જ જાણી શકાય છે.[૩૦] તેથી જ અખાભગત પણ આ અનુભવને "નેતિ નેતિ" દ્વારા જ વ્યક્ત કરે છે.[૩૧]

મૈત્રા. ઉપ.[૩૨] બ્રહ્મને सत् સ્વરૂપ દર્શાવે છે. કેનો.[૩૩] પણ 'अस्ति' શબ્દ દ્વારા આ 'સત્'નો જ નિર્દેશ કરે છે, જે આને નથી જાણતો તેને માટે મહાન્ અનર્થ સર્જાય છે.

## ❑ સત્–અસત્ બ્રહ્મ :

ઋગ્વેદમાં જ નાસદીય સૂક્તમાં પરમતત્ત્વનું 'તે અસત્ નથી અને સત્ પણ નથી'એમ વર્ણન કરવામાં આવ્યું છે. આ અપરોક્ષાનુભૂતિમાં વર્ણન જેવું જ છે, કારણ કે અનુભૂતિને સ્પષ્ટ વ્યક્ત કરી શકાતી નથી, તેથી ઋષિ 'સત્–અસત્' એમ બન્ને રીતે વ્યક્ત કરે છે. છા. ઉપ.માં જ આ સૃષ્ટિની ઉત્પત્તિ તે પરબ્રહ્મમાંથી થઈ છે, જે "સત્" પણ છે અને "અસત" પણ છે.

સર્વપ્રથમ 'અસત્' હતું, તેમાંથી 'સત' ઉત્પન્ન થયું, તે 'સત્'માંથી બ્રહ્માંડ, બ્રહ્માંડમાંથી પૃથ્વી અને દ્યૌ(આકાશ) એવા બે ભાગ ઉત્પન્ન થયા. તેમાંથી પર્વત વગેરે વસ્તુઓ ઉત્પન્ન થઈ. આમ સર્વ પ્રથમ માત્ર એક જ "અસત્" હતું.[૩૪] જ્યારે ઉદ્દાલક આરુણિ પોતાનાં પુત્રને સમજાવે છે કે, સર્વપ્રથમ માત્ર "સત્" હતું તેને બહુ થવાની ઈચ્છા થતાં તેમાંથી જ આ સ્થાવર–જંગમ સૃષ્ટિ ઉત્પન્ન થઈ. તે સમજાવવા માટે ત્રિવૃત્કરણનો સિદ્ધાન્ત આપે છે.[૩૫] આમ છા. ઉપ. પણ મૂળ પરબ્રહ્મનું "સત્–અસત્" રૂપે નિરૂપણ કરે છે.

સત્ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતાં બ્રહ્મનું નિરૂપણ શ્વેતકેતુ–આરુણિના[૩૬] સંવાદમાં વટવૃક્ષ, નિમક વગેરે દૃષ્ટાંત તેમજ નારદ–સનત્કુમાર[૩૭] સંવાદમાં મન, સંકલ્પ એ રીતે ક્રમશઃ અંતે 'સત્' જ પરબ્રહ્મ છે, તેમાંથી જ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેમ જણાવેલ છે.



For Private And Personal Use Only

અહીં "સત્–અસત્"માંથી આપણે પરબ્રહ્મને જ "સત્" જ માની શકીએ. કારણ કે 'સત'માંથી જ આગળનો વિકાસ શક્ય છે. અસતમાંથી નહીં. તેથી બ્રહ્મ મંદબુદ્ધિને જ શૂન્ય ભાસે છે તેમ ઉપનિષદો જણાવે છે.

## ❑ બ્રહ્મ શૂન્ય નથી :

ઉપ.નું બ્રહ્મ શૂન્ય નથી. તેમાં 'બ્રહ્મ', 'આત્મા' વગેરે શબ્દો દ્વારા સત્‌નો જ નિર્દેશ છે. બુદ્ધિએ પાડેલા ભેદો તેને સ્પર્શી શકતા નથી. વાણીથી આકલન થઈ શકતું નથી. તેથી જ શ્રીમદ્ શંકરાચાર્ય તેનાં સ્તોત્રમાં જણાવે છે કે– મૌનરૂપી વ્યાખ્યાન થી જ તે શક્ય બને છે.[૪૮] તેથી જ આચાર્ય ભગવાન[૪૯] આ નિરપેક્ષ તત્ત્વ મંદબુદ્ધિને જ શૂન્ય ભાસે છે તેમ જણાવે છે. આમ બ્રહ્મ શૂન્ય નથી, પરંતુ સત્યનું સત્ય છે. પ્રા. રાવળ લખે છે કે– "બ્રહ્મ અસત્ નથી. તે માત્ર કોરી કલ્પના નથી, કારણ કે કોઈ કાલ્પનિક વસ્તુને માટે પણ તેની કલ્પના કરવા માટે કશોક આધાર તો જોઈએ જ. બધા જ વિદ્વાનો સીધી યા આડકતરી રીતે જ્યારે સત્ તત્ત્વનો નિર્દેશ કરવામાં જ્યારે નિષેધાત્મક વિધાનોનો ઉપયોગ કરે છે ત્યારે તેમના આ નિષેધમાં પણ વિધિનું સૂચન સમાયેલું હોય છે"[૫૦] અને તેથી જ શ્રુતિવચન છે કે– "જે જાણે છે તે નથી જાણતા અને નથી જાણતાં તે જાણે છે."[૫૧]

ડૉ. રાધાકૃષ્ણન 'સત્–અસત્' વિશે જણાવે છે કે– "વ્યક્ત જગત સત્ કહેવાય છે અને તેની અવ્યક્ત દશા અસત્ કહેવાય છે. અવ્યક્તમાંથી નામ અને રૂપવાળું વ્યક્ત જગત ઉત્પન્ન થતું કહેવાય છે. શક્યતા હંમેશાં વાસ્તવિકતાની પૂર્વગામી છે."[૫૨] આમ બન્નેમાંથી એકપણ સ્વરૂપનો નિષેધ કરી શકાતો નથી. તેથી જ બ્રહ્મનાં સગુણ–નિર્ગુણ, મૂર્ત–અમૂર્ત, પર(સત્ય) અને અપર (વાસ્તવિક) વગેરે સ્વરૂપોને ઉપનિષદો નિરૂપે છે.

## ❑ બ્રહ્મ નિર્ગુણ–સગુણ :

અમુક શ્રુતિવચનો બ્રહ્મને નિર્ગુણ નિરૂપે છે, જ્યારે અમુક સગુણ, રામાનુજ વગેરે આચાર્યો બન્નેની યથાર્થતા સ્વીકારી, અર્થઘટન કરે છે, તેથી વિરોધ શમી જાય છે. જ્યારે શાંકર વેદાન્તમાં નિર્ગુણ શ્રુતિને પાછળની શ્રુતિઓ ગણી પર કરતા અપરનું મહત્ત્વ વધારે એ અપચ્છેદ ન્યાયે; નિર્ગુણ શ્રુતિઓનું પ્રાધાન્ય ગણી બ્રહ્મને નિર્ગુણરૂપે નિરૂપે છે.[૫૩]

ઉપ.માં અમુક ઋષિઓએ પરબ્રહ્મને સત્ તરીકે સ્વીકાર્યું છે. તેથી તેઓ પરબ્રહ્મને વિશ્વરૂપ અર્થાત્ પોતાના સ્વરૂપમાં સમગ્ર જગતને સમાવી લેતું દર્શાવ્યું છે. છા. ઉપ.માં 'તજ્જલાન્' એ રીતે

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મની વ્યાખ્યા આપી છે. તેનો અર્થ છે, "તે જ જગતને જન્મ આપે છે, તેનો પોતાના સ્વરૂપમાં લય કરી દે છે અને તેને ટકાવી રાખે છે."[૬૪] ગીતા[૬૫] પણ જ્ઞેય બ્રહ્મને સર્વત્ર ફેલાયેલું નિરૂપે છે.

આમ સર્વત્ર વ્યાપ્ત હોય વાણી દ્વારા તે પરમ સત્યનું આકલન શક્ય નથી. તેથી બ્રહ્મ નિર્ગુણ છે, તેથી જ બ્રહ્મને "એક જ અને અદ્વૈત" કહેવામાં આવ્યું છે.[૬૬]

**સગુણ બ્રહ્મ :**

વ્યાવહારિક દૃષ્ટિએ બ્રહ્મનાં બે સ્વરૂપ છે, શ્રીમદ્ શંકરાચાર્યનાં મતે બ્રહ્મનાં બે રૂપો– એક નામરૂપના ભેદથી પરિણમતું ઉપાધિ સ્વરૂપ(સગુણ) અને બીજું ઉપાધિ વર્જિત હોય એવું સ્વરૂપ (નિર્ગુણ). આમ બ્રહ્મ તો એક અને અદ્વિતીય જ છે પરંતુ ઉપાધિ સંબંધયુક્ત તરીકે તેની ઉપાસના કરવાનો અને ઉપાધિ સંબંધયુક્ત તરીકે તેનું જ્ઞાન મેળવવાનો શાંકરવેદાન્તનો ઉપદેશ છે.[૬૭]

ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે– "પરબ્રહ્મનાં નિર્ગુણ તેમજ સગુણ, અ–પૌરુષેય તેમજ પૌરુષેય, નિરાકાર તેમજ સાકાર, એ ઉભયરૂપે એક જ સત્‌નું વર્ણન કરવાની નિરપેક્ષ અને સાપેક્ષ રીતો છે. આપણે જ્યારે સ્વતંત્ર પણે સત્‌નું સ્વરૂપ નિહાળીએ ત્યારે પરબ્રહ્મને જોઈએ છીએ અને એ સત્‌ના આપણી સાથેના સંબંધ પર ભાર મૂકીએ ત્યારે ભગવાન પરમાત્માને જોઈએ છીએ."[૬૮]

બ્રહ્મનાં સગુણ–નિર્ગુણરૂપનું વર્ણન કરતાં શ્રી જા. દ. ઉપ.[૬૯] જણાવે છે કે– પરબ્રહ્મ પ્રજ્ઞાનઘન, અદ્વિતીય, સર્વવ્યાપક અને અક્ષર છે. આ બ્રહ્મ બોધમય, કલ્યાણમય, અનિર્વચનીય પરમાત્મનું ધ્યાન કરતાં કરતાં પૂર્ણ કલારૂપ ૐરૂપ પરમેશ્વરમાં આત્માનો લય કરવો જોઈએ.[૭૦] પરબ્રહ્મ જ્ઞાનસ્વરૂપ, આદિ–મધ્ય–અંતથી રહિત છે, સ્થૂલ પ્રપંચથી પર છે, વાયુથી વિલક્ષણ, આકાશ–અગ્નિ–પૃથ્વીથી ભિન્ન, અપ્રમેય, અનુપમ, દેહાતીત પરમેશ્વર છે.''[૭૧]

બ્રહ્મ નિર્ગુણ, સત્યસ્વરૂપ, દ્વન્દ્વાતીત, ચિદ્‌ઘન અને આનન્દમય છે. શ્રેષ્ઠથી શ્રેષ્ઠ છે. મહાન્‌થી પણ મહાન્ છે. શાશ્વત, કલ્યાણમય, પરમ તેજોમય, સર્વજ્ઞ, સનાતન અને પુરુષ છે, તે બ્રહ્મ જ આત્મા છે.[૭૨]

છા. ઉપ.નાં અષ્ટમ અધ્યાયમાં સગુણરૂપનાં વર્ણન દ્વારા બ્રહ્મનાં સ્વરૂપનું જ્ઞાન આપે છે. તેમાં ક્રમશઃ હૃદયરૂપ ઘરમાં અંતરાકાશ, ભૌતિક આકાશની જેમજ આંતરિક આકાશમાં પૃથ્વી વગેરે છે, પરંતુ આ શરીરમાં વૃદ્ધાવસ્થા આવવાથી અંતર આકાશમાં રહેલ બ્રહ્મ જીર્ણ થતું નથી, કે વિનાશ પામતું નથી. આ અંતઃપુરમાં રહેલ આત્મા પાપ, મૃત્યુ, જરા, મનોવ્યથા વગેરેથી રહિત છે. દૃષ્ટાન્ત આપતા



For Private And Personal Use Only

સમજાવે છે કે– જગત્‌માં કર્મ દ્વારા પ્રાપ્ત કરેલ ભોગ જેવી રીતે નાશ પામે છે, તેમ પરલોક પણ પુણ્ય ભોગવાઈ જતાં ક્ષીણ થાય છે. પરંતુ જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને દેહ છોડે છે તે પરલોકને પ્રાપ્ત કરે છે અને બધાં ભોગો ભોગવવાની સ્વતંત્રતા રહે છે.[૬૩] શ્રીમદ્ ભગવદ્‌ગીતા[૬૪] પણ પુણ્ય ભોગવાય જતાં ફરીથી મૃત્યુલોકમાં આવવું પડે છે, જ્યારે જ્ઞાન પ્રાપ્તિ બાદ જે સિધાવે છે તેને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી.

છા. ઉપ.[૬૫]માં જ સામગાનમાંના અંતિમ 'સ્તોભ' 'હું' છે, જેને મહર્ષિ વર્ણનાતીત બ્રહ્મ કહે છે. અર્થાત્ વર્ણનથી જે પર છે, તે નિર્ગુણબ્રહ્મ. થીબોના મતે "બ્રહ્મ ગુણમાત્રથી પર નિર્ગુણ, નિર્વિશેષ, નિર્વિકલ્પ, અખંડ, એકરસ ને ચિદ્‌ઘન છે."[૬૬]

સગુણ બ્રહ્મવાદ થોડા–ઝાઝા અંશે દરેક ઉપ.માં છે. સામવેદના ઉપ.માં પણ આ જ બાબત લાગુ પડે છે. નિર્ગુણ બ્રહ્મવાદ તે ઉપર શિખર સ્થાને રહેલો છે. જેમ શેરડી રસમય છે– એનો અર્થ એમ નથી કે તેમાં કૂચા–પાણી ન હોય. પરંતુ તેનો અર્થ શેરડીના પ્રત્યેક અવયવમાં મધુરતા રહેલી છે અને તે ચૂસવાથી સમજાય છે. તેવી જ રીતે વિશ્વ બ્રહ્મમય છે. તેનો અર્થ એ નથી કે જડ અને અજડ; ભોગ્ય અને ભોક્તૃવર્ગ સમૂળગો છે જ નહીં, બ્રહ્મવિચારક તો ભોગ્ય–ભોક્તા અથવા ભોગ્યમાં બ્રહ્મના અથવા હરિના રસનો અભિધ્યાન દ્વારા આસ્વાદ લઈ શકે છે.[૬૭]

પ્રા. દવે જણાવે છે કે– "ઉપનિષદો નિઃશંકપણે બ્રહ્મનાં આ બન્ને સ્વરૂપોને સમકક્ષ જ ગણે છે. તેને બે કક્ષાઓ કે પ્રકારો ગણવાના નથી, પરંતુ ચિંતનશીલ મન નિરાકાર પ્રત્યે વધારે આકર્ષાયેલું રહે છે. "સર્વે નિશ્ચિતતા નકાર છે" એમ કહી સ્પીનોઝા અંતિમ સત્તામાં કોઈપણ ગુણના આરોપણનો ઈન્કાર કરે છે. બીજી બાજુએ, નિશ્ચિતતા વિના કેટલાંકને ચિંતન મુશ્કેલ લાગે છે. આથી સગુણ ઉપાસનાનો પણ એક વિશાળ વર્ગ દરેક સમયે હોવાનો જ, નિર્ગુણ અને સગુણ વચ્ચે કોઈ સમાધાનની ભૂમિકા જ નથી એવું માની બ્રેડલે જેવા ચિંતકો Absolute અને Godને જુદાં જ ગણવાની પણ હિમાયત કરે છે."[૬૮]

ભારતીય મનીષિઓ સગુણ–નિર્ગુણમાં ભેદ દર્શાવતા નથી. સગુણ એ નિર્ગુણનું જ સ્વરૂપ છે. ઉપાસક આગળ વધવા માટે બ્રહ્મનાં જ કોઈ એક સ્વરૂપની સાકાર–સગુણરૂપે કલ્પના કરી ઉપાસના કરે છે અને આ બન્ને ઉપાસકો અંતે એક જ પરબ્રહ્મને પામે છે. જે નિર્ગુણ, નિરાકાર, ચિદ્‌ઘન અને અવ્યક્ત સ્વરૂપ છે.[૬૯]

છા. ઉપ.માં બ્રહ્મનાં વિવિધ ગુણોનું વર્ણન કરતાં જણાવ્યું છે કે તે (૧) પાપ વિનાનું, (૨) જરા વિનાનું, (૩) મૃત્યુ વિનાનું, (૪) શોક વગરનું, (૫) ક્ષુધારહિત, (૬) તૃષા રહિત, (૭) સત્યકામ, (૮)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય–સંકલ્પ. એવા અષ્ટ દિવ્ય ગુણવાળા આત્મદેવને જે જાણે છે તે સર્વલોકનાં પદાર્થોને મેળવવા સમર્થ બને છે.[૩૦]

## ❑ પર અને અપર(જ્ઞેય અને ઉપાસ્ય) :

પર અને અપર બ્રહ્મની વ્યાખ્યા આપતાં શ્રીમદ્ શંકરાચાર્ય જણાવે છે કે– "અવિદ્યા એ કરેલા નામરૂપ વગેરે વિશેષનો નિષેધ કરીને "અ–સ્થૂળ" વગેરે શબ્દોથી બ્રહ્મનો જ ઉપદેશ કરવામાં આવે છે તે પરબ્રહ્મ છે. તેને જ જ્યાં ઉપાસના માટે કોઈ નામ, રૂપ વગેરે વિશેષ લગાડીને દા.ત. તે 'મનોમય છે', 'પ્રાણરૂપી શરીરવાળો છે', 'તેજસ્વી રૂપવાળો છે' વગેરે શબ્દોથી ઉપદેશ કરવામાં આવે છે ત્યાં તે અપરબ્રહ્મ છે. આમ સર્વવ્યાપી હોવા છતાં પ્રતીતિને અર્થે બ્રહ્મને અમુક સ્થાનમાં રહેલું વર્ણવ્યું હોય તો તેમાં શ્રુતિવચનોમાં વિરોધ આવતો નથી."[૩૧]

"તજ્જલાન્", "તત્ત્વમસિ" વગેરે દ્વારા પરબ્રહ્મનું વર્ણન છા. ઉપ.માં છે. ત્યાં જ અન્યત્ર નામરૂપ બ્રહ્મનાં વર્ણન દ્વારા બ્રહ્મની ઉપાસના દર્શાવી છે. તેમાં ગાયત્રીરૂપ બ્રહ્મનું નિરૂપણ છે.

ગાયત્રી દ્વારા બ્રહ્મનું નિરૂપણ કરતાં જણાવે છે કે ગાયત્રી જ સર્વભૂતરૂપ છે, જે કાંઈ સ્થાવર અને જંગમરૂપ છે તે બધુ ગાયત્રી જ છે. વાણી જ ગાયત્રી છે. વાણી જ બધા પ્રાણીઓનું કથન અને રક્ષણ કરે છે, પૃથ્વી, પુરુષનાં શરીરની અંદર પ્રાણ વગેરે ગાયત્રીરૂપ છે તેમ જણાવી ગાયત્રીનાં ચાર પાદોનું વર્ણન કરીને ગાયત્રીનો મહિમા વર્ણવતા જણાવે છે કે– તે જ બ્રહ્મ છે અને આ અવિનાશી બ્રહ્મની જે ઉપાસના કરે છે તે ઉચ્છેદ રહિત વિભૂતિને પામે છે.[૩૨]

ઉપર્યુક્ત ગાયત્રી નામથી સંબોધિત બ્રહ્મની પંચ પ્રાણો દ્વારા ઉપાસનાનું વર્ણન કરીને જણાવે છે કે– આ પ્રકારે ઉપાસના કરનાર કીર્તિવાન બનીને પરમાત્માને પ્રાપ્ત કરે છે.

સ્વર્ગથી ઉપર ઉત્તમ લોકોમાં જે જ્યોતિ પ્રકાશિત થાય છે, તે જ્યોતિનું જ્ઞાન સ્પર્શ દ્વારા શરીરમાં જણાતી ઉષ્ણતાથી પ્રાપ્ત કરી શકાય છે. તેને સાંભળવાનો ઉપાય દર્શાવતા કહે છે કે– બન્ને કાનોમાં આંગળીઓ બંધ કરી દેતા રથનો અવાજ, અથવા પ્રગટ અગ્નિનો અવાજ શરીરની અંદર સાંભળી શકાય છે. જે આ જ્યોતિની ઉપાસના કરે છે તે દર્શનીય અને યશસ્વી બને છે.[૩૩]

છાં. ઉપ.માં આદિત્ય મંડલ અને હૃદય મંડલમાં સંવાદરૂપે ઉપાસ્ય બ્રહ્મનું નિરૂપણ છે. બ્રહ્માંડના આદિત્ય મંડલમાં શબલ બ્રહ્મરૂપે(ચિત્ર બ્રહ્મરૂપે) અને પિંડાંડના હૃદય મંડલમાં શ્યામ બ્રહ્મરૂપે આ આત્મદેવને ઓળખવાના છે, હૃદય મંડલમાંથી વિદ્યુતના વેગથી આદિત્ય મંડલના શબલ બ્રહ્મને જે



For Private And Personal Use Only

સ્પર્શ કરી; જાણી અને પુનઃ ત્યાંથી તેવા જ વેગથી પાછા આવી, હૃદયમંડલના શ્યામ સુંદરને સ્પર્શ કરી જાણે તે સિદ્ધ ઉપાસક.

શ્રી જા. દ. ઉપ. અવિમુક્ત સ્થાનમાં તારક બ્રહ્મનો ઉપદેશ કરે છે. અનંત અને અવ્યક્ત આત્મા દેહના અવિમુક્ત સ્થાનમાં મૂર્તરૂપે વ્યક્ત થાય છે. આ સ્થાન બે નદીના સંયોગ આગળ છે. એક નદી તે "વરણા" કહેવાય છે, કારણ કે તે ઇન્દ્રિયજન્ય દોષોને વારે છે, અટકાવે છે, બીજી નદી તે "નાશી" કહેવાય છે. કારણ કે તે ઇન્દ્રિયજન્ય દોષોનો નાશ કરે છે. એક પાપ અટકાવનારી અને બીજી પાપનાશક નદી જ્યાં મળે તે "વારાણસી" કહેવાય છે. તેવું સ્થાન આપણા દેહમાં બે ભ્રમરના છેડા અને નાસિકાનો ઉપલો છેડો જ્યાં મસ્તકમાં મળે છે તે દિવ્ય અવિમુક્ત ક્ષેત્ર છે, જેને યોગીજનો આજ્ઞાચક્ર કહે છે. આ સંધિસ્થાનમાં બ્રહ્મવિદો એકાગ્રતાથી ઉપાસના કરે છે અને ત્યાં અભ્યાસનો વિપાક થતાં ઉપાસ્ય પરમેશ્વર "ઓંકાર" એટલેકે "તારકબ્રહ્મ"નું રહસ્ય સ્ફુટ કરે છે. જે વડે પ્રાણી અમૃતભાવને પામી મોક્ષને મેળવે છે અર્થાત્ પુનર્જન્મ પામતો નથી.[૩૫]

પરમતત્ત્વ પરમેશ્વરની શુદ્ધ મૂર્તિ આદિત્ય મંડલમાં છે. તેમાં રહેલા હિરણ્યગર્ભ પુરુષના દિવ્ય ભર્ગનું બ્રાહ્મણો ધ્યાન કરે છે. તે દિવ્ય તેજનું નામ "भर्ग" છે, કારણ કે (भाभिः गतिरस्यहीति भर्गः) કિરણો વડે ગતિમાન્ થાય છે, વળી સર્વ પ્રાણી–પદાર્થોના અણુઓને તે ભાંગી નાંખી શુદ્ધ કરે છે. (भर्जयतीवैष भर्गः), વળી લોકોને "ભાસ" આપે છે તેથી, તથા પ્રાણીઓનું રંજન કરે છે અથવા સુખ આપે છે તેથી અને પ્રાણીઓ છેવટે જેમાં ગતિ કરી શમે છે તેથી તે દિવ્ય તેજ ભરણ, રંજન અને ગમન કરાવનાર હોવાથી "भर्ग" એ નામના રહસ્યવાચક શબ્દથી ગાયત્રીમાં ધ્યેય વસ્તુરૂપે વર્ણવવામાં આવ્યું છે. આ "વરણીય" એટલે મેળવવા યોગ્ય દિવ્ય તેજ તે પરમેશ્વર છે.[૩૬]

મૂર્ત, મર્ત્ય, સ્થિર અને અપરોક્ષભાવમાં પલટાયેલું બ્રહ્મ, તેનો સાર તે બ્રહ્માંડમાં સૂર્યમંડલ અને પિંડાંડમાં આપણી ચક્ષુરિન્દ્રિય, અમૂર્ત, અમર્ત્ય, ચંચલ અને પરોક્ષ ભાવમાં પલટાયેલું બ્રહ્મ, તેનો સાર તે બ્રહ્માંડમાં સૂર્યબિંબના અભિમાની હિરણ્યગર્ભ દેવતા અને પિંડાંડમાં નેત્રદ્વારા સ્ફુરણ પામતું પુરુષનું ચેતન જે જે ઉપાધિમાં બ્રહ્મ સ્ફુરે તે તે ઉપાધિના વર્ણધર્મને ધારણ કરે છે અને તે વિચિત્ર બને છે, પરંતુ આ વિચિત્ર બ્રહ્મ એ છેવટનું સત્ય બ્રહ્મ નથી. ચિત્ર બ્રહ્મ તે પ્રાણમય છે અને જો કે તે વ્યવહાર દૃષ્ટિથી સત્ય છે તો પણ તેનાં કરતાં ચઢીયાતું સત્ય શુદ્ધ બ્રહ્મ છે. તે બ્રહ્મના સંબંધમાં આપણે વાણી વડે આ પ્રકારનું છે, તે પ્રકારનું છે એમ કહી શકીએ તેમ નથી. પરંતુ "આ નહિ, તે નહિ" એમ નિષેધ દ્વારા સમજાવી શકીએ પરંતુ આ નિષેધનો અર્થ એવો નથી કે તે શૂન્ય છે. પરંતુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિષેધના અવધિરૂપ જે તત્ત્વ રહે છે તેનાં કરતાં કોઈ ચઢીઆતું તત્ત્વ નથી એવું સમજાવવાનો આ પ્રયત્ન છે.[૭૭]

## ❑ મૂર્ત–અમૂર્ત :

મૈત્રાયણિ ઉપ.માં બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત એ બે સ્વરૂપ છે. મૂર્ત સ્વરૂપ અસત્ય છે અને અમૂર્ત સત્ય છે. તે જ બ્રહ્મ છે, તે જ જ્યોતિ છે, જ્યોતિ જ આદિત્ય છે, આદિત્ય જ ૐ છે અને ૐ જ આત્મા છે.[૭૮] તેથી ૐનું ધ્યાન કરતાં–કરતાં તેનું (બ્રહ્મનું) આત્મા સાથે એકત્વ કરવું. સામવેદના એકભાગમાં ઉદ્‌ગીથ છે, એ જ પ્રણવ છે. તે જ સર્વની ઉત્પત્તિ કરે છે. નિદ્રા રહિત, વૃદ્ધાવસ્થા–રહિત અને મૃત્યુ રહિત છે. તે હૃદયમાં રહે છે. તેનું વૃક્ષરૂપે વર્ણન કરતાં જણાવે છે કે– તેનું મૂળ ઉપર અને શાખાઓ બ્રહ્મ સુધી છે. આકાશ–વાયુ વગેરે શાખાઓ છે. આ સંપૂર્ણ જગત્ તેનું સ્વરૂપ છે. "ૐ" અક્ષર જ તેનું સ્વરૂપ છે. તેથી તેની ઉપાસના કરવી જોઈએ. ૐને જાણનાર તેને (બ્રહ્મને) જાણે છે.[૭૯]

છા. ઉપ. પણ "ૐ"ની જ પરબ્રહ્મના પ્રતીકરૂપે ઉપાસના કરવાનું જણાવે છે. તે જ ઉદ્‌ગીથ છે. તે જ (ૐ) શુદ્ધ પરબ્રહ્મ છે તેમ જણાવે છે.[૮૦]

ઉદ્‌ગાતા દ્વારા યજ્ઞમાં જે સર્વપ્રથમ "ૐ"નું ઉચ્ચારણ કરવામાં આવે છે, તે જ પરમાત્માનું નામ અને પ્રતીક છે. આ "ૐ" જ ઉદ્‌ગીથ છે. ૐ જ બ્રહ્મ છે, તે જ બધુ છે. તે જ આદિત્ય બ્રહ્મ છે.[૮૧]

યોગ ચૂડામણિ ઉપ. પણ ૐ સ્વરૂપ બ્રહ્મ જે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, નિરંજન, નામ રહિત અનાદિ, મૃત્યુ સ્વરૂપ તુરીય છે તેમાંથી જ સ્વયં જ્યોતિરૂપ પરાશક્તિ ઉત્પન્ન થઈ તેનું જ ધ્યાન અને જપ કરવું જોઈએ તેમ જણાવે છે.[૮૨]

ૐ સ્વરૂપ બ્રહ્મ છે તેમ જણાવી "अ, उ, म"કાર રૂપ પણ બ્રહ્મ જ છે, અર્થાત્ હું જ છું તેમ જાણવું.[૮૩]

અહીં ગીતાના વિભૂતી યોગને જોઈ શકાય છે, ત્યાં શ્રી કૃષ્ણ ભગવાન બધા મુખ્ય સ્વરૂપમાં વિશેષ શક્તિ સ્વરૂપ હું જ છું,[૮૪] તેમ જણાવે છે. તેમ અહીં[૮૫] પણ મહાદેવ જણાવે છે કે આત્મા જ જીવાત્મા છે, તે જ પરમાત્મા છે, સંસારરૂપ અને સંસારની બધી વસ્તુ સ્વરૂપ આત્મા જ છે અને તે જ પરબ્રહ્મ છે. છા. ઉપ.માં પણ બ્રહ્મનાં શરીરનું વર્ણન છે. પ્રાણ, સ્વર્ગ અને વિદ્યુત એ ચાર માનું શરીર છે. વિદ્યુત્‌માં જે પુરુષ દેખાય છે. તે હું જ છું. એ રીતે બ્રહ્મની ઉપાસના કરવા જણાવે છે.[૮૬]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ❑ આત્મા જ બ્રહ્મ :

આત્મા જ બ્રહ્મ છે તેમ શ્રી જા. દ. ઉપ.માં જણાવેલ છે. આત્મામાં જ બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ અને પોતાના આત્માનો ૐસ્વરૂપ પરમેશ્વરમાં લય કરી દેવો જોઈએ.[૮૭] યોગચૂડામણિ ઉપ.[૮૮] પણ આત્મા જ બ્રહ્મ છે– હૃદયમાં જ છે તેને બહાર શોધવાની જરૂર નથી તેમ કહે છે. મહા. ઉપ. બ્રહ્મમાં કર્તાપણું–અકર્તાપણું બન્ને રહેલાં છે તેમ જણાવી "આત્મા જ બ્રહ્મ છે" અને તે પ્રાણીઓમાં ચિદાત્મારૂપે રહેલ છે. તેથી મનુષ્યે હું જ બ્રહ્મ છું." એમ જાણી શોક વગેરેનો ત્યાગ કરવો જોઈએ.[૮૯]

બ્રહ્મનું ધ્યાન કરનાર બ્રહ્મ જ છે, શિવ છે. અર્થાત્ આત્મા–જીવ જ પરમાત્મા/બ્રહ્મ છે.[૯૦] આ બ્રહ્મ આનંદમય છે તેમ જાણવું અને તે આનંદમય સ્વયં(પોતેજ) છે તે જ્ઞાન પ્રાપ્ત કરવું. જે સર્વશ્રેષ્ઠ પરમ શક્તિ દ્વારા જગતના સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે તે શક્તિ પ્રત્યેક મનુષ્યના હૃદયમાં વસતા અંતરતમ આત્માથી અભિન્ન છે. આ જ બાબત, ઓગસ્ટાઈનનાં વચનોમાં રહેલી છે. તેઓ જણાવે છે કે– "મેં પૃથ્વી પાસે ઈશ્વરને માગ્યો, તેણે જવાબ આપ્યો, "હું ઈશ્વર નથી." "મેં સમુદ્રને, ઊંડાણોને– એમ બધાંને પૂછ્યું" તેઓએ જવાબ આપ્યો; "અમે પણ તું શોધે છે તે ઈશ્વર નથી." મારાં દેહની પાસે રહેલી સર્વ ઈન્દ્રિયોને પૂછ્યું", તેઓએ.... "એણે અમને બનાવી છે." આ શોધ ચાલુ રહે છે, ને છેવટે જ્યારે આત્માને પૂછવામાં આવે છે ત્યારે જવાબ મળે છે. "તારો ઈશ્વર તારી પાસે છે, તે તારા પ્રાણનો પણ પ્રાણ છે."[૯૧]

વાસુદેવ ઉપ.માં આત્મરૂપ બ્રહ્મનું નિરૂપણ કરતાં જણાવ્યું છે કે–હૃદયની મધ્યમાં અત્યંત સૂક્ષ્મ ઊર્ધ્વમુખી અગ્નિશીખા રહેલી છે, તે અગ્નિશીખા પ્રકાશમય, પાતળી, પિતવર્ણ તથા અણુમય છે તેની મધ્યમાં પરમાત્મા સ્થિત છે. આ આત્મરૂપ પોતાની હરિરૂપે – ભગવાન વાસુદેવ રૂપે ભાવના કરવી. આમ અહીં આત્મા એ જ પરમાત્મા જણાવેલ છે. આમ આત્મા–પરમાત્માનો અભેદ દર્શાવેલ છે. આ અભેદને વિશેષ સ્પષ્ટ કરતાં જણાવે છે કે– એક જ વિષ્ણુ અનેકરૂપોથી જંગમ તથા સ્થાવર ભૂતોમાં ઓતપ્રોત થયેલ છે. પરંતુ દેહ વગેરેથી રહિત, સૂક્ષ્મ, ચિત્ પ્રકાશ(જ્ઞાન સ્વરૂપ) નિર્મલ બ્રહ્મ સ્વરૂપ છે. આ બ્રહ્મસ્વરૂપનું ધ્યાન દ્વારા અનાસક્તભાવે હૃદયમાં ભગવાન વિષ્ણુનાં ભક્તો દર્શન કરે છે.[૯૨]

ઓતપ્રોત આત્મરૂપ બ્રહ્મને સમજાવવા માટે ઉદ્દાલક આરુણિ નિમકનું દષ્ટાન્ત આપે છે. સર્વપ્રથમ શ્વેતકેતુને એક પાણીનો પ્યાલો ભરી લાવવાનું કહેવામાં આવે છે. તે પાણીનો પ્યાલો ભરી લાવે છે, તેમાંથી પાણી ચાખવાનું કહેવામાં આવે છે, તે મોળું હોય છે, તે પાણીમાં નિમક નાખવાનું કહેવામાં આવે છે. થોડીવાર બાદ નિમક બહાર કાઢી લેવાનું કહે છે. પરંતુ નિમક પિગળી ગયું હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર કાઢી શકાતું નથી. તે જલ ચાખવાનું કહેવામાં આવે છે. ઉપરથી, વચ્ચેથી, નીચેથી એમ જુદી–જુદી જગ્યાએથી લઈને શ્વેતકેતુ જલ ચાખે છે, ખારું લાગે છે. તેથી પિતાજી ઉદ્દાલક જણાવે છે કે– "જેવી રીતે નિમક જળમાં દરેક જગ્યાએ રહેલ છે, તેમ તે પરમાત્મા આ સંપૂર્ણ સૃષ્ટિમાં ઓતપ્રોત રહેલ છે અને "તે તું જ છે." આમ "તે પરમાત્મા તું જ છે." એમ આત્મરૂપ બ્રહ્મનો ઉપદેશ કરવામાં આવે છે.[૮૩]

આ આત્મારૂપ બ્રહ્મને જે હૃદયમાં જાણે છે, તે પોતાના સ્વરૂપમાં યોગ્ય રીતે સ્થિત હોય છે. આચાર્ય જણાવે છે કે આત્મા, અવિનાશી, અભય છે, બ્રહ્મ છે, સત્ય છે.[૮૪]

આ આત્મારૂપ બ્રહ્મ હંમેશાં પ્રકાશમાન છે, તેને બ્રહ્મચર્ય દ્વારા જે જાણે છે તે બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે, તેનો પુનર્જન્મ થતો નથી અને ઈચ્છાનુસાર ગતિ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ યજ્ઞ, મૌન, અનશન વગેરે બ્રહ્મચર્ય જ છે તેમ જણાવી બ્રહ્મલોકમાં "અર" અને "ણ્ય" નામના બે સમુદ્રો અને ત્રીજો અન્ન રસથી પૂર્ણ સમુદ્ર છે તેમ જણાવે છે. ત્યાં એક પીપળાનું વૃક્ષ છે જેમાંથી અમૃતરસ ટપકે છે, જેને બ્રહ્મચર્ય દ્વારા પ્રાપ્ત કરવાથી ઈચ્છાનુસાર ગતિ પ્રાપ્ત થાય છે.[૮૫]

સનત્કુમાર નારદમુનિને ઉપદેશ આપે છે કે– "આત્મા જ બ્રહ્મ છે, તે જ સર્વસ્વ છે અને કાર્ય કરે છે, તેમ સમજનાર જ્ઞાની મૃત્યુ કે રોગને જોતો નથી, તેની અવિદ્યાથી ઉત્પન્ન ભાવરૂપ ગ્રંથીઓ નાશ પામી જાય છે."[૮૬]

"હું બ્રહ્મ છું" એમ બધા જાણે છે, તથા તેને બ્રહ્મ થતાં રોકવા માટે ભગવાન શક્તિમાન છે. માણસ ખરેખર જંગલના રાજા જેવો લાગે છે, વૃક્ષની છાલ જેવી તેની ચામડી છે. રક્ત છે તે રસાયણ છે જે નાડીઓમાં વહે છે. જે ઈન્દ્રિયો સુધી વહે છે. જે કપાઈ જતાં મૂળમાંથી વૃક્ષ ફરીથી જન્મે છે. મનુષ્ય મૃત્યુ પછી ફરીથી જન્મે છે. આ મૂળ તે બ્રહ્મ છે. જે જ્ઞાન એ જ પરમ સુખ છે.[૮૭]

## ❑ કાર્ય–કારણરૂપ બ્રહ્મ :

મહો. બ્રહ્મનું કાર્ય–કારણરૂપે વર્ણન કરે છે. આ વર્ણન કરતાં જણાવે છે કે બ્રહ્મ વિરાટ્ અથવા નારાયણ છે; તે હૃદયમાં નિવાસ કરે છે. તે જ બ્રહ્મા વગેરે છે. તે તત્ત્વ અવિનાશી અને વિરાટ છે. આ બ્રહ્મ જ કાર્ય–કારણરૂપ છે, તેનો સાક્ષાત્કાર થતાં પ્રાણીનાં બધાં સંશયો, દૂર થાય છે અને કર્મોનો ક્ષય થાય છે.[૮૮]

ગીતામાં પણ બ્રહ્મ હૃદયમાં રહે છે તેમ કહ્યું છે.[૮૯]

આ કાર્ય–કારણરૂપ બ્રહ્મ વિશે ન. દ. મહેતા જણાવે છે કે– "જગત્કારણ અક્ષરબ્રહ્મ ત્રિવિધ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વભાવવાળું એટલે કે ભોગ્ય, ભોક્તા અને પ્રેરક ઈશ્વરના ગુપ્ત ગુણધર્મવાળું એક રસાત્મક છતાં પ્રેરક પરમેશ્વર ચેતનાના સંકલ્પદ્વારા જ્યારે અવ્યાકૃત દશામાંથી વ્યાકૃત દશામાં, અવ્યક્તમાંથી વ્યક્ત દશામાં આવે છે, ત્યારે તેમાં અંતર્ગત રહેલા ભેદો બહિર્ગત થાય છે."[૧૭૦]

પ્રા. દવે બ્રહ્મને સ્થળ–કાળથી પર ગણાવે છે. તે સર્વત્ર હોવા છતાં નિશ્ચિત સ્થળ અને સમયમાં તેને મૂકી શકાય નહીં. જ્યારે દરેક પદાર્થ સ્થળ અને કાળની મર્યાદામાં રહેલાં છે. તેથી બ્રહ્મને તેનું કારણ ગણી શકાય નહીં. છતાં ઉપનિષદો તેને 'પ્રથમજ' તરીકે સ્વીકારે પણ છે. તેથી જ શ્રીમદ્ શંકરાચાર્ય બ્રહ્મ અને જગત્ વચ્ચે કાર્યકારણભાવ નહિ પરંતુ અનન્યત્વ રહેલું છે એમ કહે છે અને બ્રહ્મ–જગતના સંબંધોના પ્રશ્ને સત્તાત્રયના વિચાર દ્વારા પારમાર્થિક અને વ્યાવહારિક સત્તાનો કક્ષાભેદ આગળ ધરે છે. પરંતુ ઉપનિષદો આ બૌદ્ધિક પ્રશ્નની ચર્ચા કરવાને બદલે બ્રહ્મનું સચ્ચિદાનંદરૂપે વર્ણન કરે છે.[૧૭૧]

**❑ બ્રહ્મ–સચ્ચિદાનંદરૂપે :**

બ્રહ્મ આનંદ સ્વરૂપ છે.[૧૭૨] છે. તે જ બધાનો સ્વામી છે તે બધાનાં દેહમાં નિવાસ કરતો હોવા છતાં ભિન્ન છે. પરમતત્ત્વ આનંદ સ્વરૂપ છે.[૧૭૩] વજ્રસૂચિકો. બ્રહ્મને સત્ય, જ્ઞાન, આનંદ, અનન્ત, સ્વયં નિર્વિકલ્પ, સર્વભૂતોનાં અંતર્યામી, અપ્રમેય, અંદર અને બહારની આકાશની સમાન વ્યાપ્ત, અનુભવથી જ જાણવા યોગ્ય કહે છે.[૧૭૪]

ઈશ્વર સત્યસ્વરૂપ, આનન્દમય, અદ્વિતીય, નિર્મલ, જ્ઞાનસ્વરૂપ, આદિ--મધ્ય–અંતથી રહિત સ્થૂળ પ્રપંચથી પર પૃથ્વીથી પણ વિલક્ષણ, અપ્રમેય, અનુપમ અને દેહાતીત છે.[૧૭૫]

બ્રહ્મ અનિર્વચનીય, પરમકારણ બુદ્ધિથી પર છે અને અવ્યક્ત પરમેશ્વર છે.[૧૭૬] તે બધાનો ઈશ્વર, સત્ય સ્વરૂપ, આનંદમય, અદ્વિતીય, નિર્મલ, જ્ઞાનસ્વરૂપ, આદિ–મધ્ય–અંતથી રહિત, સ્થૂલ પ્રપંચથી પર, નિત્ય, સ્પર્શ થવારૂપ વાયુથી પણ ભિન્ન, આંખોથી ન જોઈ શકાય તે આકાશથી ભિન્ન, અગ્નિથી વધુ તેજસ્વી, જળ અને પૃથ્વીથી વિલક્ષણ, અપ્રમેય, અનુપમ, દેહાતીત પરમેશ્વર છે. તેનું ચિંતન કરવું અને બુદ્ધિ દ્વારા એવી ભાવના કરવી કે તે પરમેશ્વર હું જ છે.[૧૭૭]

મોટેભાગે સચ્ચિદાનંદ શબ્દ પરમ સત્તાનાં સ્વરૂપને સમજાવવા માટે વપરાય છે. તેમ છતાં ઉપનિષદો આ પ્રમાણેના લક્ષણો બ્રહ્મનું જગત્ સાથેનાં તાદાત્મ્યને નિરૂપવામાં વાપરે છે. પોલ ડૉયસન જણાવે છે કે, તૈત્તિ. ઉપ.નાં 'સત્યં, જ્ઞાનં અનન્તં બ્રહ્મ" એ લક્ષણોની સાથે અન્ય ઉપનિષદોમાં સત્ય, પ્રજ્ઞા, આનંદ, અનન્ત, સત્યસંકલ્પ વગેરે લક્ષણો પ્રાચીન ઉપનિષદોને પણ અભિપ્રેત છે. આ બ્રહ્માનંદનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ણન તૈત્તિ. ઉપ. કરે છે.[108] આ પરમ આનંદમાં રત રહેવાને કારણે જ પડતા કષ્ટોની ફરિયાદ કરતાં આપણે ઋષિઓને જોતાં નથી આમ બ્રહ્મ સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. એમ ઉપનિષદો વર્ણવે છે.

### ☐ ઉપસંહાર :

ઉપનિષદોમાં મૂર્ત-અમૂર્ત બ્રહ્મનાં વર્ણનમાં દેવતાનાં નામ અને સ્વરૂપ ઉપર ભાર મૂકવામાં આવેલ નથી, પરંતુ તેને સમજવાની કલા ઉપર ભાર મૂકવામાં આવેલ છે. તેથી જ ઈશ ઉપ. પરમતત્ત્વને "ઈશ" તરીકે, કેનો.માં 'યક્ષ' નામ દ્વારા, અંતે ઉમા હૈમવતીએ ઇન્દ્રને વિદ્યુતના રૂપકમાં 'તદ્વન' નામરૂપે, છા. ઉપ.માં પરા દેવતા, સદ્ બ્રહ્મને, આકાશ વગેરે નામથી સમજાવવા પ્રયત્ન કરેલ છે.[109] આમ ઉપનિષદો એક જ પરબ્રહ્મને જુદાં જુદાં સ્વરૂપે સમજાવા પ્રયત્નશીલ છે.

આમ ઉપનિષદોનાં જુદાં-જુદાં વાક્યોને આધારે અદ્વૈતવાદનું પ્રતિપાદન કરી શકાય છે. आत्मवैवेदं सर्वम् (છા. ૭.૨૫.૨); सर्वं खलु इदं ब्रह्म (છા. ઉપ. ૩.૧૪.૧); तत्त्वमसि (છા. ૬.૮.૧૬) વગેરે વાક્યો આ સંપૂર્ણ જગત્ બ્રહ્મ જ છે- સર્વ બ્રહ્મ જ છે એમ અદ્વૈત પ્રતિપાદિત કરે છે. બૃહ. ઉપ.માં પણ अयं आत्मा ब्रह्म એમ અદ્વૈતવાદને જ સિદ્ધ કરે છે. આ અદ્વૈતવાદને યાસ્કમુનિ પણ અનુમોદન આપતાં જણાવે છે કે એક જ આત્માની ઘણી રીતે સ્તુતિ કરવામાં આવે છે.[110] ઋગ્વેદમાં[111] પણ એક જ સત્યને વિપ્રો ઘણી રીતે વર્ણવે છે. આ જ બાબત પોતાના અનુભવથી સિદ્ધ ભક્ત કવિ નરસિંહ મહેતા પણ બ્રહ્મ માત્ર એક જ છે તેમ વર્ણવે છે.[112] બ્રહ્મનું વિભાગીકરણ એ ગપગોળા જેવી વાત છે; જ્યારે મહત્ત્વના સૂચન સાથે સરખામણીની દૃષ્ટિએ બધાને શારીરિક અને ગપગોળા જેવી વાત લાગે છે, વ્યક્તિગત અને સાર્વત્રિક બન્ને રીતે જોવા મળે છે. આ રીતે પ્રાણ-વાયુનો ખ્યાલ આપણી પાસે છે. શ્વાસોશ્વાસ સમાન બને છે, પવન દ્વારા(પ્રાણદેવતા દ્વારા); અન્ય ખ્યાલની એક જોડી મન અને આકાશ દ્વારા બંધાયેલી છે, આ બન્ને પ્રતીક નીચે બ્રહ્મ રજૂ થાય છે. આ રીતે બ્રહ્મના બ્રહ્મનો વધારે માનસિક ખ્યાલ આપવામાં આવ્યો છે. આ ખ્યાલના માટે મુખ્ય આધાર(છા. ૩.૧૮) છે. પ્રથમ દૃષ્ટિએ આકાશ-મન વચ્ચેનો સંબંધ મુશ્કેલ છે, પરંતુ આકાશ એ સામાન્ય વિશાળ જગ્યા તરીકે લઈએ; અને તેમ છતાં જેમાં મનને દૃશ્યમાન કરવામાં આવ્યું છે. એ ટૂંકું પગલું છે. વિશ્વ અને ખાલી જગ્યા બન્નેમાં ભ્રામિક રીતે આ ખ્યાલને દર્શાવવામાં આવ્યો છે.[113]

ડૉ. રાધાકૃષ્ણનનાં મતે બ્રહ્મ તે ભૂમા, અનન્ત, અન્તિમ તત્ત્વ છે; તે જ સમગ્ર વિશ્વના અણુએ અણુમાં વ્યાપી રહેલું છે, છતાં મન કે બુદ્ધિ ગ્રહણ કરી શકે એવી એની વ્યાખ્યા આપી શકાતી નથી. તેની જીવતીજાગતી સત્તાનો, તેના અનન્યત્વનો, આ જગતની વસ્તુમાત્રરૂપી ઉપાધિથી રહિતને તેનાથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસ્પષ્ટ એવી તેની હસ્તીનો અનુભવ આપણને થાય છે. તાર્કિક મન તેના સ્વરૂપનું સ્પષ્ટપણે આકલન કરી શકતું નથી અને છતાં તેની સત્તા અર્થાત્ હસ્તીનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એટલી સમજ પડે છે કે એ કાળના પ્રવાહથી વિજાતીય એવું કશુંક તત્ત્વ છે. તે આપણી તાત્ત્વિક શોધનું અંતિમ ધ્યેય છે.[૧૧૮]



For Private And Personal Use Only

ब्रह्मण: सोम्य ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच प्राण: कला चक्षु: कला श्रोत्रं कला मन: कलैष वै सोम्य चतुष्कल: पादो ब्रह्मण आयतनवान्नाम ॥

श्रुतं ह्येव मे भगवद्दृशेभ्य आचार्याद्धैव विद्या विदिता साधिष्ठं प्रापयतीति तस्मै हैतदेवोवाचात्र ह न किंचन वीयायेति वीयायेति ।

— छा. उप. ४.७.३, ४.८.३, ४.९.३

(११) प्राणो ब्रह्म कं ब्रह्म खं.....प्राणं च हास्मै तदाकाशं चोचु: ॥

— छा. उप. ४.१०.५

(१२) अथ हैनं गार्हपत्योऽनुशशास पृथिव्यग्निरन्नमादित्य इति य एष आदित्ये पुरुषो दृश्यते सोऽहमस्मि स एवा-हमस्मीति ॥

अथ हैनमन्वाहार्यपचनोऽनुशशासापो दिशो नक्षत्राणि चन्द्रमा इति य एष चन्द्रमसि पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥

अथ हैनमाहवनीयोऽनुशशास प्राण आकाशो द्यौर्विद्युदिति य एष विद्युति पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥

— छा. उप. ४.११.१, ४.१२.१, ४.१३.१

(१३) य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चन्ति वर्त्मनी एव गच्छति ॥

— छा. उप. ४.१५.१

(१४) પ્રા. શ્વે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૩૫

(१५) डॉ. रानडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण, पृ. २४७

(१६) પ્રા. શ્વે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૩૭

(१७) मनोमय: प्राणशरीरो भारूप: सत्यसंकल्प आकाशात्मा सर्वकर्मा सर्वकाम: सर्वगन्ध: सर्वरस: सर्वमिदमभ्यात्तोऽवाक्यनादर: ॥

एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वा एष म आत्मान्तर्हृदये ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्य: ।

सर्वकर्मा सर्वकाम: सर्वगन्ध: सर्वरस: सर्वमिदमभ्यात्तोऽवाक्यनादर एष म आत्मान्तर्हृदय एतद्ब्रह्मैतमित: प्रेत्याभिसंभवितास्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्तीति ह स्माह शाण्डिल्य: शाण्डिल्य: ॥

छा. उ. ३.१४.२-४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ब्रह्मणः सोम्य ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच प्राणः कला चक्षुः कला श्रोत्रं कला मनः कलैष वै सोम्य चतुष्कलः पादो ब्रह्मण आयतनवान्नाम ॥

श्रुतं ह्येव मे भगवद्दृशेभ्य आचार्याद्धैव विद्या विदिता साधिष्ठं प्रापयतीति तस्मै हैतदेवोवाचात्र ह न किंचन वीयायेतिवीयायेति ॥

— छा. उप. ४.७.३, ४.८.३, ४.९.३

(११) प्राणो ब्रह्म कं ब्रह्म खं.....प्राणं च हास्मै तदाकाशं चोचुः ।

— छा. उप. ४.१०.५

(१२) अथ हैनं गार्हपत्योऽनुशशास पृथिव्यग्निरन्नमादित्य इति य एष आदित्ये पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥

अथ हैनमन्वाहार्यपचनोऽनुशशासापो दिशो नक्षत्राणि चन्द्रमा इति य एष चन्द्रमसि पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥

अथ हैनमाहवनीयोऽनुशशास प्राण आकाशो द्यौर्विद्युदिति य एष विद्युति पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥

— छा. उप. ४.११.१, ४.१२.१, ४.१३.१

(१३) य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति ॥

— छा. उप. ४.१५.१

(१४) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૩૫

(१५) डॉ. रानडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण, पृ. २४७

(१६) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૩૭

(१७) मनोमयः प्राणशरीरो भारूपः सत्यसंकल्प आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः ॥

एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वा एष म आत्मान्तर्हृदये ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्यः ॥

सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादर एष म आत्मान्तर्हृदय एतद्ब्रह्मैतमितः प्रेत्याभिसंभवितास्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्तीति ह स्माह शाण्डिल्यः शाण्डिल्यः ॥

— छा. उप. ३.१४.२-४



For Private And Personal Use Only

(૧૮) यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।

तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥८॥

— केनो. १.६-८

(૧૯) केनो. ४.२,६,७

(૨૦) छा. उप. ५.१

(૨૧) छा. उप. ७.२३

(૨૨) પ્રા. શ્વે. ઉપ.નું તત્ત્વજ્ઞાન, પૃ. ૩૮

(૨૩) सर्वं खल्विदं ब्रह्म तज्जलान् इति शान्त उपासीत ।

— छा. उप. ३.१४.१

(૨૪) जन्माद्यस्य यतः ॥

— ब्रह्मसूत्र १.१.२

(૨૫) अस्य जगतो नामरूपाभ्यां व्याकृतस्यानेककर्तृभोक्तृसंयुक्तस्य प्रतिनियतदेशकालनिमित्त- क्रियाफलाश्रयस्य मनसाऽप्यचिन्त्यरचनारूपस्य जन्मस्थितिभङ्गं यतः सर्वज्ञात् सर्वशक्तेः कारणाद् भवति तद्ब्रह्मेति वाक्यशेषः ।

— ब्र. शां. भाष्य १.१.२ पृ. २९

(૨૬) "यतो वा इमानि भूतानि जायन्ते....॥

— तैत्ति. उप. ३.१

(૨૭) પ્રા. શ્વે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૩૯

(૨૮) मानावमानहीनोऽस्मि निर्गुणोऽस्मि शिवोऽस्म्यहम् ।

द्वैताद्वैतविहीनोऽस्मि द्वन्द्वहीनोऽस्मि सोऽस्म्यहम् ॥

भावाभावविहीनोऽस्मि भासाहीनोऽस्मि भास्म्यहम् ।

शून्याशून्यप्रभावोऽस्मि शोभनाशोभनोऽस्म्यहम् ॥

तुल्यातुल्यविहीनोऽस्मि नित्यः शुद्धः सदाशिवः ।

सर्वासर्वविहीनोऽस्मि सात्त्विकोऽस्मि सदास्म्यहम् ॥

— मैत्रेयी उप. ३.४-६

(૨૯) छा. उप. ८.७-१२ खण्ड

(૩૦) પ્રા. શ્વે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૪૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૧) छां. उप. अ. ६

(૩૨) ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે.

— નરસિંહ મહેતા

(૩૩) डॉ. रानडे, उप. दर्शन का रचनात्मक सर्वेक्षण, पृ. २७०

(૩૪) छा. उप. ४.८; ४.७ खण्ड

(૩૫) जन्माद्यस्य यतः ।

— ब्रह्मसूत्र १.१.२

तज्जलान् ।

— छां. उप. ३.१४.१

मया ततमिदं सर्वं, जगदव्यक्तमूर्तिना ।...॥

— गीता ९.४

(૩૬) પ્રા. રાવળ, શ્રીમદ્ શં.નું તત્ત્વજ્ઞાન, પૃ. ૮૯

(૩૭) એજન. પૃ.૮૯

(૩૮) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૪૭

(૩૯) प्रज्ञानमेव तद्ब्रह्म सत्यप्रज्ञानलक्षणम् ॥

सर्वं शान्तं निरालम्बं व्योमस्थं शाश्वतं शिवम् ॥

सत्ता सर्वप्रदार्थानां नान्या संवेदनादृते ॥

— महो. ४.८१, ५.४५-४७

(૪૦) न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो न विद्मो न विजानीमो यथै तदनुशिष्यादन्यदेव तद्विदितादथो अविदितादधि । इति शुश्रुम पूर्वेषां ये नस्तद्व्याचचक्षिरे ॥

— केनो. १.३

(૪૧) વાણીમાંહે જે નવ આવે, તેહ તણી સર્વ વાણ;

'નેતિ', 'નેતિ' કરતાં જ રહે, ભાઈ! તેહને જાણ્યે જાણ.

— અખાભગત – અખેગીતા, કડવું ૧૮–૩

(૪૨) अस्ति ब्रह्मेति ब्रह्मविद्याविदब्रवीत् ।

— मैत्रा. ४.४



For Private And Personal Use Only

(४३) इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः ।

— केनो. २.५

(४४) आदित्यो ब्रह्मेत्यादेशस्तस्य.... च भूतानि सर्वे चैव कामाः ।१३॥

— छा. उप. ३-१९-१-३

(४५) छा. उप. ६.२.२-३

(४६) छा. उप. अ. ६

(४७) छा. उप. अ. ७

(४८) गुरोस्तु मौनं व्याख्यानम्....।

— श्रीमद् शंकराचार्य-दक्षिणामूर्ति स्तोत्र

(४९) छा. उप. शा. भा. ८.१.१

(५०) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૫

(५१) यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।

अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ॥

— केनो. २.३

(५२) Dr. Radhakrishnan; The Pirinci Upani P. 459

(५३) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૮

(५४) तस्य मूलं.....सत्प्रतिष्ठाः ॥

— छा. उप. ६.८.४

(५५) सर्वतः पाणिपादं तत्, सर्वतोऽक्षिशिरोमुखम् ।

सर्वतः श्रुतिमल्लोके, सर्वमावृत्य तिष्ठति ॥

सर्वेन्द्रियगुणाभासं, सर्वेन्द्रियविवर्जितम् ।

असक्तं सर्वभृच्चैव, निर्गुणं गुणभोक्तृ च ॥

— गीता १३.१३-१४

(५६) अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।

नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

— गीता अ. २.२४



For Private And Personal Use Only

(५६) (अ) अथ.....विजिज्ञासितव्यमिति ॥

– छा. उप. ८.१.१

(५७) श्रुतत्वाच्च ॥

स्वशब्देनैव च सर्वज्ञ ईश्वरो जगत: कारणमिति श्रूयते श्वेताश्वेतराणां मन्त्रोपनिषदि सर्वज्ञमीश्वरं प्रकृत्य 'न तस्य कश्चित्पतिरस्ति लोके, न चेशिता नैव च तस्य लिङ्गम्, स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिप:'(श्वे. ६/९) इति । तस्मात्सर्वज्ञं ब्रह्म जगत: कारणं, नाचेतनं प्रधानमन्यद्वेति सिद्धम् ॥

– ब्र. सू. शां. भा. १-१.११

(५८) प्रा. रावण, श्रीमद् शं. नुं तत्त्वज्ञान पृ. ११०

(५९) अपूर्वमपरं ब्रह्म स्वात्मानं सत्यमद्वयम् ।

प्रज्ञाघनमानन्दं य: पश्यति स पश्यति ॥॥ ४.६०॥

आनन्दमक्षरं साक्षान्मत्वा धीरो न शोचति ॥॥ ४.६२॥

– श्री जा. द. उप. ४.६०, ६२, ६३

(६०) श्री जा. द. उप. ८.७.८,९

(६१) श्री जा. द. उप. ६.३-५

(६२) तद्ब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम् ।

विदित्वा स्वात्मनो रूपं न बिभेति कदाचन ॥ ४.७०॥

......अहं ब्रह्मेति नियतं मोक्षहेतुर्महात्मनाम् ॥ ४.७२॥

– पङ्गो. ४.६९-७२

(६३) तद्यथेह कर्मजितो लोक: क्षीयते एवमेवामुत्र कामचारो भवति ॥

– छा. उप. ८.१.६

(६४) ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मृत्युलोकं विशन्ति ।

एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥

– गीता

(६५) अनिरुक्तस्त्रयोदश: स्तोभ: संचरो हुंकार: ।

दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहोऽन्नवानन्नादो भवति य एतामेवं साम्नामुपनिषदं वेदोपनिषदं वेद ॥

– छा. उप. १.१३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૬૬) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૯૬ અનુ. ચંદ્રશંકર શુક્લ

(૬૭) ન. દ. મહેતા, ઉપ. વિચારણા, પૃ. ૨૮૭

(૬૮) પ્રા. કિશોરભાઈ દવે, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૫૧

(૬૯) क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।

अव्यक्ता हि गतिर्दुःखं, देहवद्भिरवाप्यते ॥

— गीता १२.५

(૭૦) छा. उप. ८.७.१

(૭૧) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન, પૃ. ૧૧૧

(૭૨) गायत्री वा इदं सर्वं भूतं यदिदं किं च वाग्वै गायत्री वाग्वा इदं सर्वं भूतं गायति च त्रायते च ॥ या वै सा गायत्रीयं वाव सा येयं पृथिव्यस्यां हीदं सर्वं भूतं प्रतिष्ठितमेतामेव नातिशीयते ॥ यद्वै तत्पुरुषे शरीरमिदं वाव तद्यदिदमस्मिन्पुरुषे शरीरमस्मिन्हीमे प्राणाः प्रतिष्ठिता एतदेव नातिशीयन्ते ॥ अयं वाव स योऽयमन्तर्हृदय आकाशस्तदेतत्पूर्णमप्रवर्ति....श्रियं लभते... ॥

— छा. उप. ३.१२-१, २.५, ९

(૭૩) अथ यदतः परो दिवो....एवं वेद य एवं वेद ॥

— छा. उप. ३.१३, ७, ८

(૭૪) श्यामाच्छबलं प्रपद्ये....भवामीत्यभिसंभवामीति ॥

तद्धैतद्ब्रह्मा प्रजापतय उवाच.... न च पुनरावर्तते ॥

— छा. उप. ८.१३-१४

(૭૫) वाराणसी महाप्राज्ञ भ्रुवोर्घ्राणस्य मध्यमे ॥

— श्री जा. द. उप. ४.४८

(૭૬) तत्सवितुर्वरेण्यमित्यसौ....निरुपाख्यं किं तदङ्ग वाच्यम् ॥

— मैत्रा. उप. ५.७

(૭૭) ન. દ. મહેતા – ઉપ. વિચારણા પૃ. ૧૦૧

(૭૮) द्वे "वाव ब्रह्मणो रूपे मूर्तं चामूर्तं चाथ यन्मूर्तं तदसत्यं यदमूर्तं तत्सत्यं तद्ब्रह्म यद्ब्रह्म तज्ज्योतिर्यज्ज्योतिः स आदित्यः स वा एष ओमित्येतदात्मा स त्रेधात्मानं व्यकुरुत ओमिति.... ध्यायेत्तथात्मानं युञ्जीतेति ॥

— मै. उप. ५.३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(७९) ...उद्गीथः स प्रणवः यः प्रणवः स उद्गीथ इत्यासावादित्य... त्रिगतमिदं विजरमविमृत्यु... ह्यायोर्ध्वमूलं वा आब्रह्मशाखा आकाशवाय्वग्न्युदकभूम्यादय... ओमित्येतदक्षरस्य... तस्य सत् ।।

— मै. उप. ६.४

(८०) ओमित्येतदक्षरमुद्गीथमुपासीतोमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ।।१.४.१।।

— छा. उप. १.४.१; १.५.१

(८१) वागेवर्क् प्राणः सामोमित्येतदक्षरमुद्गीथः । तद्वा एतन्मिथुनं यद्वाक्च प्राणश्चर्क् च साम च ।।

— छा. उप. १.१.५, २.२२.२-३.११.१

(८२) ॐ नित्यं शुद्धं बुद्धं निर्विकल्पं निरञ्जनं निराख्यातमनादिनिधनमेकं तुरीयं यद्भूतं भवद्भविष्यत् परिवर्तमानं सर्वदाऽनवच्छिन्नं परं ब्रह्म । तस्माज्जाता परा शक्तिः स्वयं ज्योतिरात्मिका ।।

— योगचूडामणि उप. ७२

(८३) अकारोकाररूपोऽस्मि मकारोऽस्मि सनातनः ।

ध्यातृध्यानविहीनोऽस्मि ध्येयहीनोऽस्मि सोऽस्म्यहम् ।।

— मैत्रे. उप. ३.११

(८४) यद्यद्विभूतिमत्सत्त्वं, श्रीमदूर्जितमेव वा ।

तत्तदेवावगच्छ त्वं, मम तेजोंऽशसम्भवम् ।।

— गीता अ-१०.४१

(८५) आत्मानमक्षरं ब्रह्म विद्धि ज्ञानात्तु वेदनात् ।।

— श्री जा. द. उप. १.२५

(८६) छा. उप. ४.१३.१

(८७) श्री जा. द. उप. ८.७-८

(८८) योगचूडा. उप.

(८९) ते द्वे ब्रह्मणि विन्देते कर्तृताकर्तृते ।

यत्रैव यत्र चमत्कारस्तमाश्रित्य स्थिरो भव ।।

गुरुशास्त्रोक्तमार्गेण स्वानुभूत्या च चिद्घने ।

ब्रह्मैवाहमिति ज्ञात्वा वीतशोको भवेन्मुनिः ।।

— महो. ४.१५, २५.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अथ शैवं पदं यत्र तद्ब्रह्म ब्रह्म तत्परम् ।

तदभ्यासेन लभ्येत पूर्वजन्मार्जितात्मना ॥

सर्वात्मकोऽहं सर्वोऽहं सर्वातीतोऽहमद्वय: ।

केवलाखण्डबोधोऽहं स्वानन्दोऽहं निरन्तर: ॥

– कुण्डिको. २०, २६

(९०) एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वैष म आत्मान्तर्हृदये ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्य: ॥

– छा. उप. ३-१४.३

(९१) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન પૃ. ૨૨૦-૨૨૧ અનુ. ચંદ્રશંકર શુક્લ

(९२) ......अत: पुण्डरस्थं हृदयपुण्डरीकेषु.....तत्र ध्यात्वाऽनुस्मरम् ॥

-- वासुदेव उप.

(९३) छा. उप. अ. ६ (શ્વેતકેતુ-આરુણિ સંવાદ)

(९४) छा. उप. ८-३

(९५) छा. उप. ८.४.५

(९६) छा. उप. ७.२६

(९७) MONIER WILLIAMS, INDIAN WISDOM P. 40

(९८) पद्मकोशप्रतीकाशं लम्बत्योकोशसंनिभम् ।

हृदयं चाप्यधोमुखं संततं सीत्काराभिधं ॥

स ब्रह्मा स ईशान: सेन्द्र: सोऽक्षर: परम: स्वराट् ॥

प्रज्ञानमेव तद्ब्रह्म सत्यप्रज्ञानलक्षणम् ।

एवं ब्रह्मपरिज्ञानादेव मर्त्योऽमृतो भवेत् ॥

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्व संशया: ।

क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

– महो. १.१२-१४; ४.८१-८२

(९९) ईश्वर: सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।

भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

– गीता-१८.६१



For Private And Personal Use Only

(૧૦૦) ન. દ. મહેતા, ઉપ. વિચારણા પૃ. ૭૮.

(૧૦૧) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૫૨

(૧૦૨) अशरीरं शरीरेषु महान्तं विभुमीश्वरम् ।

आनन्दमक्षरं साक्षान्मत्वा धीरो न शोचति ॥

— श्री जाबाल द. उप. ४.६३

(૧૦૩) સ્વામી વિવેકાનંદ. "वेदान्त" पृ. ११८

(૧૦૪) यः कश्चिदात्मानमद्वितीयं जातिगुणक्रियाहीनं षडूर्मिषड्भावेत्यादिसर्व दोषरहितं सत्यज्ञानानन्दानन्तस्वरूपं स्वयं निर्विकल्पमशेष कल्पाधारमशेषभूतान्तर्यामित्वेन वर्तमानमन्तर्बहिश्चाकाश- वदनुस्यूतमखण्डानन्दस्वभावम-प्रमेयमनुभवैकवैद्यमपरोक्षतया ॥

— वज्रसूचिको. पृ. ४६४ ४६५

(૧૦૫) अथवा सत्यमीशानं ज्ञानमानन्दमद्वयम् ।

अत्यर्थमचलं नित्यमादिमध्यान्तवर्जितम् ॥

आत्मानं सच्चिदानन्दमनन्तं ब्रह्म सुव्रत ।

अहमस्मीत्यभिध्यायेद्ध्येयातीतं विमुक्तये ॥

तथा स्थूलमनाकाशमसंस्पृश्यमचाक्षुषम् ।

न रसं न च गन्धाख्यमप्रमेयमनूपमम् ॥

— श्री जा. द. उप. ९.३, ४.५

(૧૦૬) पुरुषं सर्वशास्तारं बोधानन्दमयं शिवम् ॥

ब्रह्मादिकार्यरूपाणि स्वे स्वे संहृत्य कारणे ॥

— श्री जा. द. उप. ९.५-८

(૧૦૭) श्री जा. द. उप. ९.३-५

(૧૦૮) भीषाऽस्माद्वातः पवते.....एतमानन्दमयमात्मानमुपसंक्रामति ॥

— तैत्ति. उप. २.८.१

(૧૦૯) ન. દ. મહેતા. ઉપ. વિચારણા પૃ. ૭૪

(૧૧૦) યાસ્ક મુનિ, નિરુક્ત – અ. ૭

माहाभाग्याद् देवताया एक आत्मा बहुधा स्तूयते एकस्यात्मनोऽन्ये देवताः प्रत्यङ्गानि भवन्ति ॥



For Private And Personal Use Only

(१११) इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।

एकं सद् विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥

– ऋग्वेद १.१६४.४६

(૧૧૨) અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.

– નરસિંહ મહેતા

(૧૧૩) W. S. Upqhart, THE UPNISHADS AND LIFE, P. 55-56

(૧૧૪) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્મા - ૪.૪.૨

ઉપ.નું મુખ્ય ધ્યેય, 'આત્મા એ જ પરમાત્મા છે' તેમ દર્શાવવાનું રહ્યું છે. "બન્ને એક જ છે, તદ્દરૂપ છે.' તે બાબત સ્પષ્ટ રીતે ઉપ. દર્શાવે છે.

ઉપ. (૧) અન્વય વિધિ અને (૨) વ્યતિરેક વિધિથી આત્માનું નિરૂપણ કરે છે. પ્રથમ પદ્ધતિમાં આત્મા સર્વવ્યાપી, સર્વસાક્ષી, સર્વજ્ઞ, સર્વેશ્વર છે. એ રીતે નિરૂપણ છે; જયારે બીજી પદ્ધતિમાં "નેતિ નેતિ" – અજ્ઞેય, અમર્ત્ય, અવાચ્ય, અનલ્પ એમ નિરૂપણ છે.

આત્મા વાણીથી પર, શુદ્ધ, પવિત્ર, શૂન્ય, શાંત, અનંત, અવિનાશી, સ્થિર, સનાતન અને જન્મ રહિત છે. તેની પ્રેરણાથી જ ચેતન–રહિત શરીર ચેતનવાળુ લાગે છે.[1] આત્મા શુદ્ધ, સ્વયંપ્રકાશ સુખરૂપ, નિત્ય, એકરસ, સર્વવ્યાપી અને દોષહીન છે.[2,3]

આત્મા જ પરમાત્મા છે. આ આત્મા સૂક્ષ્મ, અગ્રાહ્ય, અદૃશ્ય છે, તેનું નામ પુરુષ છે, તે એક અંશથી બુદ્ધિપૂર્વક ક્રિયા કરે છે, આ અંશ જ ચેતન પ્રાણીઓમાં જીવાત્મારૂપ બને છે.[4] તે ક્ષેત્રજ્ઞ છે. આ આત્મા દેહમાં જ બિરાજમાન છે.[5] યોગીઓ પરમાત્માનું દર્શન પોતાના આત્મામાં જ કરે છે.[6] મહો.[7] જણાવે છે કે– હૃદયરૂપી કમલમાં જે આત્મા નિવાસ કરે છે. તે જ પરમાત્મા છે. તે બ્રહ્મા, ઈશાન, ઇન્દ્ર, તથા અવિનાશી અને પરમ સ્વરાટ્ છે. પ્લેટો પણ આત્માને અવિનાશી માને છે.[8]

છા. ઉપ.[9]માં બ્રહ્મને જ આત્મારૂપે નિરૂપતા શાણ્ડિલ્ય ઋષિ કહે છે કે– તે મારા હૃદયની અંદર ચોખા, સરસવથી પણ અત્યંત સૂક્ષ્મ છે, પરંતુ સાથો સાથ પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ લોકથી પણ મહાન્ અને અનંત છે. મુનિ સનત્કુમાર પણ "ભૂમા જ પરબ્રહ્મ છે, તે જ આત્મા છે" તેમ જણાવે છે.

આત્મા બહાર અને અંદર વ્યાપ્ત રહેવા વાળો, નિષ્કલ, નિરંજન, નિર્વિકલ્પ, ચિદાભાસ અને સર્વવ્યાપી એક આત્મા હું જ છું, તે આત્મારૂપી ચૈતન્યથી જ બધુ તેજસ્વી બનાવાય છે. અગ્નિમાંથી જેમ તણખા પ્રગટ થાય છે તેમ અન્ય સર્વ તેમાંથી જ (ચૈતન્યમાંથી જ) ઉત્પન્ન થાય છે.[10]

આત્મા એ જ પરમાત્મા છે, કારણ–કાર્ય નથી. તે પ્રજ્ઞાન ઘન સ્વરૂપ, અદ્વિતીય, સત્ય–સ્વરૂપ આનંદમય છે, દેહમાં નિવાસ કરે છે તેમ છતાં દેહથી ભિન્ન છે, તે વ્યાપક અને મહાન્ આત્મા બધાનો સ્વામી છે. આ આનંદ સ્વરૂપ અક્ષર બ્રહ્મને જાણે છે, તેનાં શોકનો નાશ થાય છે. જે તેને બહાર શોધે છે તે વ્યર્થ ભટકે છે.[11]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અદ્વિતીય, નિર્મલ, જ્ઞાન સ્વરૂપ, આદિ—મધ્ય અંત રહિત પરમાત્મા છે અને તે પરબ્રહ્મ હું જ છું, એવી બુદ્ધિ/ભાવના કરે તો ચોક્કસ મોક્ષ પ્રાપ્ત થાય છે.[૧૨] તેથી આત્મા એ જ પરમાત્મા એમ અદ્વૈત જ સિદ્ધ થાય છે.

આત્મા જ પરમાત્મા છે તેમ જણાવતાં બ્રહ્મા કહે છે કે— પ્રજાપતિએ પ્રથમ નિર્જીવ સૃષ્ટિની રચના કરી, તેનાંથી આનંદ ન થતાં, સચેતન કરવા માટે વાયુરૂપ બનીને તેમાં પ્રવેશ કર્યો. તેના પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એમ પાંચ ભેદ થઈ ગયા. તે હૃદય ગુફામાં રહે છે, તે મન, પ્રાણ વગેરે અનેક રૂપોમાં સત્ય સંકલ્પવાળો છે. ત્યારબાદ રથનું રૂપક શરીરને આપીને રૂપકાત્મક શૈલીમાં સમજાવે છે કે— શરીરને પ્રેરનાર આત્મા છે, આત્મા શરીરનાં કર્મબંધનમાં આવી ગયો હોવાથી ભિન્ન—ભિન્ન શરીરમાં સંચાર કરતો રહે છે. વાસ્તવમાં આત્મા અવ્યક્ત, સૂક્ષ્મ, અદૃશ્ય, મમતા રહિત, શુદ્ધ, સ્થિર, અચલ, દુઃખ રહિત, ઈચ્છા રહિત, દૃષ્ટાની જેમ રહીને પોતાના કર્મોનું ફળ ભોગવે છે.[૧૩,૧૪]

શ્રી શુકદેવજી આત્માને અનિર્વચનીય, અગમ્ય જણાવી, અણુપરિમાણ તરીકે ઓળખાવી મનમાં રહે છે તેમ જણાવે છે. આત્મા અત્યંત સૂક્ષ્મ, આકાશથી ભિન્ન પરંતુ બાહ્ય શૂન્યતાને લીધે તે આકાશરૂપ પણ છે, તે વસ્તુરૂપ નથી પરંતુ સત્તારૂપ હોવાથી વસ્તુરૂપ પણ છે. એમ પરસ્પર વિરોધી વર્ણન દ્વારા પરમાત્મા જ આત્મા છે, તે જ વિશ્વરૂપ છે, બ્રહ્મ છે.[૧૫]

મહાપ્રલયના સમયે દરેક સત્તાનો અભાવ થઈ જાય છે, માત્ર શાંત આત્મા જ રહે છે, જે દોષોથી પર છે, દેવ સ્વરૂપ છે, ત્યાં વાણી પણ પહોંચી શકતી નથી, તે સર્વકર્તા, સર્વરૂપોનાં જ્ઞાતા મુક્ત પુરુષ જ છે, જેમાંથી આત્મા અને રૂપોની કલ્પના જતી રહે છે તે જ રૂપ રહિત બ્રહ્મ જ પરમાત્મા કહેવાય છે.[૧૬]

જ્ઞાનીજનો આત્માને જ પરબ્રહ્મ દર્શાવે છે. જેવી રીતે અલંકારમાં સુવર્ણથી અલગ સત્તા નથી, તેમ પરબ્રહ્મથી પૃથક્ સત્તા નથી, પરબ્રહ્મ જ જગતના રૂપમાં માયાથી પરિવર્તિત થઈ જાય છે.[૧૭] નરસિંહ મહેતા પણ આ જ અનુભવ વ્યક્ત કરે છે.[૧૮]

આત્મા એક હોવા છતાં માયાથી ઉત્પન્ન થતાં હોવાથી ભ્રમને કારણે ભિન્ન—ભિન્ન દેખાય છે. વાસ્તવમાં તેમાં કોઈ ભેદ નથી.[૧૯] આ બાબતને પૂ. સ્વામી વિવેકાનંદ[૨૦] ઉદા. આપી સમજાવે છે કે— દૃશ્ય અને આપણી વચ્ચે પડદો હોય છે, ત્યારે જેમ રંગમંચ ઉપરનું દૃશ્ય જોઈ શકાતું નથી, પરંતુ પડદો દૂર થતાં જોઈ શકાય છે, તેમ માયા—દેશ—કાલ અને નિમિત્તરૂપ પડદો દૂર થતાં 'હું જ' આત્મા છું એમ જાણી શકાય છે.[૨૦]



For Private And Personal Use Only

આત્મા દરેકમાં એક સરખો જ હોય છે– એક જ હોય છે, પરંતુ વૃક્ષમાં ઓછો પ્રકાશિત/અભિવ્યક્ત, તેથી વધુ પશુમાં, તેથી વધુ મનુષ્યોમાં હોય છે, તેથી વધુ સુ–સંસ્કૃત–આધ્યાત્મિક મનુષ્યમાં હોય છે, આપણી જે કાંઈ પ્રવૃત્તિ હોય છે, તે માયારૂપ પડદાને દૂર કરી તે તરફ જવાની હોય છે.[૨૧] અહીં ગીતાનું વિભૂતિ વર્ણન યાદ આવે છે. ત્યાં ભગવાન સ્પષ્ટ રીતે જણાવે છે કે– જેમાં–જેમાં મારો વધુ પ્રકાશિત અંશ હોય તે મારી વિભૂતિ, અર્થાત્ દરેકમાં પરબ્રહ્મ છે જ પરંતુ શ્રેષ્ઠ પદાર્થોમાં, મનુષ્યોમાં તે વિશેષ પ્રમાણમાં પ્રકાશિત હોય છે.[૨૨]

આત્મા જ સર્વ છે, તે જ તું(શ્વેતકેતુ) છે; તે જ બ્રહ્મ છે, તે આત્મા 'અણુરૂપ' છે તેમ જણાવી મહર્ષિ ઉદ્દાલક તેમના સમર્થનમાં વટવૃક્ષ, નિમક વગેરેનાં ઉદા. આપે છે. આ સત્ તત્ત્વ/આત્મ તત્ત્વ જોઈ શકાતું નથી, પરંતુ અનુભવી શકાય છે, તે માટે શ્રદ્ધા જરૂરી છે.[૨૩]

"તત્ત્વમસિ" વાક્યને સમજાવતા નવ દષ્ટાંત આપે છે.

૧. જળમાંથી શરીર ઉત્પન્ન થાય છે, જળનું મૂળ તેજ અને તેજરૂપી કર્મનું ફળ સત્ તત્ત્વ છે. આ સત્ તત્ત્વ જ ત્રિવિધરૂપ ધારણ કરીને દરેક પ્રાણીમાં વ્યક્ત થાય છે અને ફરી લય સમયે સત્ તત્ત્વમાં લીન થાય છે.[૨૪]

૨. "તત્ત્વમસિ" વાક્યને સમજાવવા બીજું દષ્ટાન્ત મધુમાખીનું આપે છે.("ઉપાસના" પ્ર.માં આપેલ છે.)

ત્રીજું દષ્ટાન્ત નદીનું આપે છે. દરેક નદીઓ સમુદ્ર તરફ વહે છે. તે સમુદ્ર સાથે ભળી જઈને પોતાના નામ–રૂપને જાણતી નથી, તેમ આ સંપૂર્ણ પ્રજા એક જ સત્‌માંથી ઉત્પન્ન થાય છે અને તે નથી જાણતી કે અમે 'સત્‌માંથી જ આવ્યાં છીએ. જન્મ પામીને તે મચ્છર, કીટ વગેરે જે હોય તે જ થઈ જાય છે. આ અણુરૂપ આત્માવાળું જ આ જગત્ છે, હે શ્વેતકેતુ "તું પણ તે જ છે."[૨૫]

૪. વૃક્ષની જડમાં, મધ્યમાં અને ઉપરનાં ભાગમાં કોઈ ઘા મારે તો તે રસ બહાર કાઢે અને જીવિત રહે છે અને ત્યારે પણ તે જીવરૂપ આત્માથી વ્યાપ્ત જળ પીએ છે અને આનંદમાં રહે છે. આ વૃક્ષની શાખામાંથી જીવ નીકળી જાય ત્યારે તે શાખા સૂકાઈ જાય છે, તે જ પ્રમાણે વૃક્ષમાંથી જળ નીકળી જાય ત્યારે વૃક્ષ સૂકાઈ જાય છે. તે જ પ્રમાણે આપણું શરીર મરે છે, જીવ મરતો નથી. સૂક્ષ્મ ભાવવાળું આ જગત્ છે, હે શ્વેતકેતુ તે સત્ય છે. "તું તે જ છો."[૨૬] આ જ બાબત વૃક્ષમાં જીવ છે તે વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે પણ સિદ્ધ કરેલ છે.[૨૭]

૪. વિશેષ સમજાવવાનું કહેતા વટવૃક્ષનું દષ્ટાન્ત આપે છે. શ્વેતકેતુ વટવૃક્ષનું એક બીજ લઈ આવે છે. તેને તોડવાનું કહેવામાં આવતા તેને તોડે છે. તેની અંદરથી ઘણાં જ અત્યંત સૂક્ષ્મ બીજ નીકળે છે. તેમાંથી એકને લઈને તોડવાનું કહેવામાં આવતા તે તોડે છે. તેમાંથી અત્યંત સૂક્ષ્મ બીજ નીકળે છે, જે જોઈ શકાતા નથી. તેથી શ્વેતકેતુ જણાવે છે કે– "આમાં કશું જ દેખાતું નથી." તેથી પિતા ઉદ્દાલક જણાવે છે કે– આ અત્યંત સૂક્ષ્મ બીજમાં જે અત્યંત સૂક્ષ્મ ભાવ છે તેમાંથી જ આ વિશાળ વટવૃક્ષ ઉત્પન્ન થયું છે. તું શ્રદ્ધા રાખ, આ સૂક્ષ્મ ભાવમાં જ જગત્ રહેલું છે. 'તું તે જ છો.'"[૧૮]

૫. નિમકનાં દષ્ટાન્તથી પ્રત્યક્ષ અનુભવ દ્વારા ફરીથી સમજાવે છે. શ્વેતકેતુ એક જલ–પાત્રમાં નિમકનો ટુકડો નાંખીને આવે છે. તેને જણાવવામાં આવે છે કે– કાલ રાત્રે જે નિમકનો ટુકડો નાખેલ છે, તે મને આપ. તે જલ–પાત્રમાં શોધે છે, તે મળતો નથી. તેથી તેને જણાવવામાં આવે છે કે– તે ટુકડાને તું જોઈ શકતો નથી, પરંતુ જાણવા ઈચ્છે તો અનુભવથી જાણી શકે છે. ત્યારે તે સૂચના પ્રમાણે ઉપરથી, મધ્યમાંથી અને નીચેના ભાગમાંથી જળ લઈને આચમન કરે છે. ખારું લાગે છે, તેથી શ્વેતકેતુ જણાવે છે કે– નિમક જોઈ શકાતું નથી પરંતુ જળમાં સર્વત્ર વ્યાપ્ત છે. તેથી પિતા ઉદ્દાલક આરુણિ જણાવે છે કે– "સત્ તત્ત્વને જોઈ શકાતું નથી, પરંતુ સર્વત્ર વિદ્યમાન છે, તેને જોઈ શકાતું નથી, પરંતુ અનુભવી શકાય છે. આમ અનુભવ જન્ય જ્ઞાન નિમકનાં દષ્ટાંત દ્વારા પ્રત્યક્ષ અનુભવથી જણાવે છે."[૧૯]

૬. આ પ્રત્યક્ષ અનુભવને દઢતર બનાવવા માટે ગાંધાર પુરૂષનું દષ્ટાન્ત આપે છે. કોઈ પુરૂષને ગાંધાર દેશમાંથી લઈ આંખે પાટા બાંધી જંગલ પ્રદેશમાં છોડી દે છે, ત્યાં તે દરેક દિશાઓ તરફ જોઈ અવાજ કરે છે. કોઈ પુરૂષ તેનાં બંધન ખોલીને ગાંધાર તરફનો રસ્તો દર્શાવે છે. પરિણામે તે બુદ્ધિમાન અને ઉપદેશ પ્રાપ્ત કરેલો પુરુષ ગાંધાર પહોંચી જાય છે. તેમ ઉપદેશ પામેલ મનુષ્ય પુરુષાર્થ દ્વારા ગુરુએ દર્શાવેલા માર્ગ દ્વારા 'સત્' તત્ત્વને પ્રાપ્ત કરી લે છે. "હે શ્વેતકેતુ, "તે તું જ છો."[૨૦]

૭. મરણાસન્ન વ્યક્તિની આસપાસ દરેક બાંધવજનો બેસીને પોતાની ઓળખાણ બાબતે પૂછે છે. એ સમયે જ્યાં સુધી વાણી મનમાં લીન નથી થતી, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં, તેજ પરદેવતામાં લીન ન થાય ત્યાં સુધી તે દરેકને ઓળખે છે. પરંતુ તે ક્રમશઃ લીન થઈ જતાં ઓળખી શકતો નથી. આમ સૂક્ષ્મ ભાવ વાળા આત્માવાળું જ આ જગત્ છે, "તે તું જ છો."[૨૧]

૮. અંતિમ દષ્ટાન્ત આપતા જણાવે છે કે– અપરાધી જો જૂઠું બોલીને પોતાના અપરાધને છુપાવે છે; તે જલતી કુહાડીને સ્પર્શ કરે છે તો તે જલે છે, પરંતુ અપરાધી ન હોય તો તે 'સત્ય' બોલીને સ્પર્શ કરે છે તો તે જલતો નથી. આ પ્રમાણે 'સત્'ને પ્રાપ્ત કરનાર પુનર્જન્મને પામતો નથી.[૨૨]

પરમાત્મા પ્રાણ અને સૂર્ય એમ બે પ્રકારે આત્માનું સ્વરૂપ ધારણ કરે છે. સૂર્ય બહારનો આત્મા છે અને ગતિને આધારે પ્રાણ અંતરાત્મા છે એમ નક્કી કરી શકાય છે. સૂર્યની અંદર જે સુવર્ણમય પુરુષ દેખાય છે તે જ હૃદય કમલમાં રહેલ છે અને અન્નનું ભક્ષણ કરે છે.[33]

પ્રાણરૂપ આત્મા યોગ દ્વારા ઉપર જાય છે.આ આત્મા શરીરમાંથી બહાર નીકળી પરમ જ્યોતિરૂપ બ્રહ્મને પ્રાપ્ત કરીને પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે.આ આત્મા અમૃતરૂપ, અભયરૂપ અને બ્રહ્મરૂપ છે.[34]

'મરુત્' નામથી વિખ્યાત એ જ આત્મા છે. તે સ્પર્શ, શબ્દ વગેરેમાં આસક્ત ભૂતાત્મા છે. તપથી મન વશ થતાં તેનું જ્ઞાન થાય છે.[35]

કૈકયી અશ્વપતી "આ હું જ છું" એમ આત્મારૂપ વૈશ્વાનરની સર્વાત્મભાવે ઉપાસના કરવાનું જણાવે છે.[36]

મુક્ત આત્મા ભવાન્તરોમાં પણ સ્થાયી રહે છે. આ આત્મા ચૈત્ય અવસ્થાથી પણ ચિદાત્મા મુક્ત છે.[37]

છા. ઉપ.માં ઇન્દ્ર તથા પ્રજાપતિનાં સંવાદમાં આત્માના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં ઉત્તરોત્તર વિકાસની પ્રક્રિયા છે. જેને ડૉ. રાધાકૃષ્ણન્ (૧) છાયાત્મા, (૨) સુપ્તાત્મા, (૩) સુષુપ્તાત્મા અને (૪) પર આત્મા, એ રીતે ક્રમશઃ સમજાવે છે.[38]

**❑ આત્માનું સ્થાન :**

આત્માના સ્થાન બાબતે અનેક મંતવ્યો છે. તે સંપૂર્ણ શરીરમાં રહે છે, મસ્તકમાં રહે છે, હૃદયમાં રહે છે વગેરે. પ્રો. જેમ્સ જણાવે છે કે– "કોઈને કોઈ રૂપે તે ચેતનમય પ્રત્યેક વસ્તુ તરફ રહેલો છે. જેની સાથે તે સંબંધ રાખે છે. આપણાં મસ્તકમાં આપણી સક્રિય સત્તા હોવાથી આપણા વિચાર અને ભાવ તેની પ્રક્રિયાને પ્રભાવિત કરતાં જોઈ શકાય છે અને તેથી આત્માનું સ્થાન મસ્તિષ્કની બાહ્ય ત્વચા પાસે છે." આઈ. એચ. ફિશ્તે આત્માને "દિગ્વ્યાપી" તત્ત્વ માને છે. લૌત્સેનો સિદ્ધાન્ત છે કે– "શરીર–વિજ્ઞાન–સમ્મત મસ્તિષ્કનાં તત્ત્વોમાંથી આકાર હીન વિશિષ્ટ સ્થાનમાં હોવો જોઈએ, જ્યાં બધાં જ મજ્જાતંતુ એક–બીજા સાથે એકત્ર થતાં હોય." એરિસ્ટોટલનાં મતે આત્માનું સ્થાન હૃદય છે, તે આ નિર્ણય ઉપર નીચેના નિરીક્ષણને આધારે આવ્યાં હતા કે–

(૧) હૃદયનાં રોગો અત્યંત ઉગ્ર અને નિશ્ચિતરૂપથી ઘાતક હોય છે.

(૨) ભય, શોક, હર્ષ વગેરે મનોભાવ સર્વ પ્રથમ હૃદયમાં જ હલચલ મચાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) ભ્રૂણ(ઈંડા)નાં રૂપમાં સર્વપ્રથમ સર્જન પામનાર અંગ હૃદય જ છે.[૩૯]

ઉપ.નાં ઋષિઓ આત્માનું સ્થાન હૃદય જ માને છે[૪૦] અને તેમાં તેઓને જરાપણ મુશ્કેલી નથી, પરંતુ ભારતીય વિકાસમય વિચારધારામાં યૌગિક પ્રક્રિયામાં આત્માનું સ્થાન મસ્તિષ્ક માનેલ છે.

ડૉ. રાનડે વિશેષમાં જણાવે છે કે– "હૃદયની અંદર રહેલી જગ્યા જેને આપણે આકાશના રૂપમાં જાણીએ છીએ તેજ હિરણ્યમય પુરુષનું સ્થાન છે. મૂર્ધાની અસ્થિઓની વચ્ચમાં સ્તનવત્ અવલમ્બિત જોઈ શકાય છે. ત્યાંથી જ "ઈન્દ્ર" પાસે જવાનો માર્ગ છે, તે સીધો મસ્તકનાં તે ભાગ સુધી જાય છે, જ્યાં સ્ત્રીઓ સેંથો પૂરે છે. "ભૂઃ, ભુવઃ, સ્વઃ" એ બીજ મંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવતાં આત્મા સીધી બ્રહ્મની તરફ ગતિશીલ થઈ જાય છે. ત્યારે આત્મા સ્વરાજ્ય પ્રાપ્ત કરી લે છે અને મનસ્પતિની સાથે એકરૂપ થઈ જાય છે, તેમજ વાક્પતિ, ચક્ષુષ્પતિ, શ્રોત્રપતિ, વિજ્ઞાનપતિ તથા ટૂંકમાં બ્રહ્મ થઈ જાય છે, જે આકાશનાં રૂપમાં વ્યક્ત થાય છે."[૪૧]

છાં. ઉપ. આત્માના "પ્રકાશવાન્", "અનન્તવાન્", "જ્યોતિષ્માન" અને "આયતનવાન" એમ ચારપાદ ગણાવે છે. વૈશ્વાનર અને તૈજસ કાર્યકારણથી બંધાયેલી છે. પ્રાજ્ઞ પણ બદ્ધ છે પરંતુ તુરીયમાં કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, પ્રાજ્ઞ આત્મા પોતાને કે બીજાને, સત્ય કે અસત્યને જાણતો નથી. આ વિદ્યાને **षोडशकला विद्या** તરીકે ઓળખવામાં આવે છે.[૪૨]

**❑ જાગૃત, સ્વપ્ન, સુષુપ્ત અને તુરીય અવસ્થા :**

મહર્ષિ અરવિંદ[૪૩] જણાવે છે કે આપણા જીવનનો ખૂબ જ થોડો ભાગ આપણા જાણવામાં આવે છે. મોટોભાગ સ્થૂલ દશાથી નીચે સુષુપ્તિમાં તથા જાગ્રત દશાથી પર તુરીયાવસ્થામાં રહેલો છે. તેની કોઈ–કોઈવાર આપણને ઝાંખી માત્ર થાય છે. પ્રત્યેક મનુષ્યમાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત વ્યક્તિત્ત્વ હોય છે અને તે ત્રણેય સ્થિતિથી પર તુરીય અવસ્થા હોય છે, જેમાંથી એ ત્રણેય પ્રકારનાં વ્યક્તિત્વને ધારણ કરનાર આત્મા વિશ્વના દ્વૈતનો આનંદ લેવા માટે આવિર્ભાવ પામે છે.

સામાન્ય વ્યવહારમાં જે દેહભાવ ધારણ કરીને વર્તન કરીએ છીએ તેને 'જાગ્રત અવસ્થા' કહે છે. પ્રાણમય અને મનોમય જીવનની પાછળ જે ચૈતન્ય વિકસી રહેલું છે તેને સ્વપ્નાવસ્થા કહે છે. તે સ્થિતિમાંથી આપણને કાંઈક ખબર મળે છે તો પણ સ્થૂલ જગતની જેમ વાસ્તવિક નથી લાગતું. તે વિજ્ઞાનમય ચૈતન્યની ભૂમિકાને સુષુપ્તિ કહે છે. જ્યારે આપણને આપણા શુદ્ધ અનંત સત્નો જ સાક્ષાત્કાર થાય છે, છતાં આપણને તેની સાથે સીધો કોઈ સંબંધ હોતો નથી, તે તુરીયાવસ્થા છે.[૪૪]



For Private And Personal Use Only

આત્મા અમર છે. આત્મા તે દેવતાના લોક સુધી પહોચી શકે છે. જે દેવતાની તેણે સપ્રેમ ઉપાસના કરી હોય, તેમજ તે લોકમાં રહેલાં સંભવિત સુખોનો ઉપભોગ કરી શકે છે. આ જ બાબત સમજાવવા માટે છા. ઉપ.માં જ નદી અને મધનું દૃષ્ટાન્ત આપેલ છે. જે દ્વારા સમજાય છે કે આત્મા અમર છે, તે શરીરમાંથી નીકળી બ્રહ્મમાં વિલીન થઈ જાય છે અને ત્યારબાદ તે એ જાણતી હોતી નથી કે– પોતે ક્યાં શરીરમાંથી આવે છે.[૪૪] ગીતા[૪૫] પણ આત્માની અમરતા નિરૂપે છે.[૪૬]

આત્મા અમર છે તેથી જ શસ્ત્ર દ્વારા તેનું છેદન થતું નથી.[૪૭]

આત્મામાં કર્તાપણું અને અકર્તાપણુ બન્ને વિદ્યમાન છે. કામના રહિતપણાથી અકર્તા બને છે અને સન્નિધિમાત્રથી આત્મા કર્તા બની જાય છે.[૪૮] અહીં લોહ ચુંબકનું દૃષ્ટાન્ત દૃષ્ટવ્ય છે. લોહચુંબક જાતે કાર્ય કરતું નથી, તેમ છતાં તેની હાજરીને કારણે જ લોખંડ ખેંચાય છે અને કાર્યરત બને છે. આમ લોહચુંબકનાં સાન્નિધ્ય માત્રથી લોખંડ કાર્યરત બને છે.

આત્મા એ જ પરમાત્મા છે તે પ્લોટીનસની બાબતમાંથી પણ સમજાય છે. પશ્ચિમમાં જે "ધારણા" છે તે "તન્મયતા"માં પરિણમે છે, જેને હિન્દુઓ સમાધિ કહે છે. પ્લોટીનસની ધ્યાન પદ્ધતિ હિન્દુઓના રાજયોગ સાથે મળતી આવે છે અને ખરેખર તેણે પોતાનો દેહ પણ હિન્દુ રાજયોગીની જેમ જ છોડયો છે. તેણે પ્રયાણ પૂર્વે બુદ્ધિપૂર્વક તન્મયતા સાધી હતી અને તેવી ભૂમિકામાં જ તેણે પ્રાણ છોડયા હતા; કારણ કે તેના છેવટના શબ્દો હતાં કે– "હું હવે મારા અંદરના આત્માને પરમાત્મામાં પાછો લઈ જઉં છું.[૪૯]

નિષ્કર્ષ એ કે– આત્મા જ પરમાત્મા છે, તે એક અંશથી હૃદયગુફામાં રહે છે. સ્થાવર–જંગમ બધી સૃષ્ટિમાં તે રહેલ છે, તેથી તે સર્વવ્યાપી છે, પરંતુ તેને જોઈ શકાતો નથી, અનુભવી શકાય છે, તે શ્વેતકેતુ તેમજ સ્વામી વિવેકાનંદના ઉદા. દ્વારા સમજી શકાય છે. આત્મા જ જીવાત્મા છે, કર્મબંધનરૂપ હોવાથી તે જીવાત્મા છે, જે પુનર્જન્મ પામે છે, આત્મા પુનર્જન્મ પામતો નથી, તેથી જ તેને છેદી શકાતો નથી, પકડી શકાતો નથી એમ ઋષિ જણાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા - ૪.૪.૨

**અંત્યનોંધ :**

(૧) यो ह खलु वावोपरिस्थः श्रूयते स एव वा एष शुद्धः पूतः शून्यः शान्त प्राणो निरात्माऽनन्तोऽक्षय्यः स्थिरः शाश्वतोऽजः स्वतन्त्रः स्वे महिम्नि तिष्ठत्यनेनेदं शरीरं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति ते होचुर्भगवन्कथमनेनेदृ शानिच्छेनैतद्विधमिदं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति कथमिति तान्होवाच ॥

— मैत्रा. उप. २.४

(२) अथवैतत्परित्यज्य स्वात्मशुद्धिं समाचरेत् ।

आत्मा शुद्धः सदा नित्यः सुखरूपः स्वयम्प्रभः ॥

यस्यैव परमात्मायं प्रत्यग्भूतः स एव शिवः ।

स तु याति च पुं भावं स्वयं साक्षात्परात्परात् ॥

— श्री जा. द. उप. ५.१३, १०.४

(३) तिष्ठन्नपि हि नासीनो.....सर्वेषामेव षट्पदः ॥

सत्पाली. अ २-३३-४०

(४) अथ न्यत्राप्युक्तं स्तनवत्येषा तनुर्या ओमिति स्त्रीपुंनपुंसकमिति लिङ्गवत्येषाथाग्निर्वायुरादित्य इति भास्वत्येषाथ रुद्रो विष्णुरित्यधिपतिरित्येषाथ गार्हपत्यो दक्षिणाग्निराहवनीय इति मुखवत्येषाथ ऋग्यजुःसामेति विज्ञानवत्येषाथ भूर्भुवःस्वरिति लोकवत्येषाथ भूतं भव्यं भविष्यदिति कालवत्येषाथ प्राणोऽग्निः सूर्य इति प्रतापवत्येषाथान्नमापश्चन्द्रमा इत्याप्यायनवत्येषाथ बुद्धिर्मनोऽहंकार इति चेतनवत्येषाथ प्राणोऽपानो व्यान इति प्राणवत्येषेत्यत उक्तेत्यनेन प्रस्तुताभिरर्चितार्पिता भवन्तीत्येवं ह्याहैतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोमित्येतदक्षरमिति ।

— मैत्रा. उप. ६.५

(५) अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देहमाश्रितः ।

प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ।

— गीता ३.१५-१४

(६) शिवमात्मनि पश्यन्ति प्रतिमासु न योगिनः ।

अज्ञानां भावनार्थाय प्रतिमाः परिकल्पिताः ॥५९॥

इह चेद्वेदीश.........भवन्ति ॥५ ।

— श्री जा. द. उप. ४.५९, केनो. २.५

(७) पद्मकोशप्रतीकाशं लम्बत्याकोशसंनिभम् । हृदयं चाप्यधोमुखं संततौ (?) सीत्कराभिश्च ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तस्य मध्ये महानर्चिर्विश्वार्चिर्विश्वतोमुखम् । तस्य मध्ये वह्निशिखा अणीयोर्ध्वा व्यवस्थिता ॥

तस्याः शिखाया मध्ये परमात्मा व्यवस्थितः ॥

स ब्रह्मा स ईशानः सेन्द्रः सोऽक्षरः परमः स्वराडिति महोपनिषत् ॥

— महो. १.१२-१४

(८) ન. દ. મહેતા, ઉપ. વિચારણા, પૃ. ૨૩૫

(९) एष म आत्मा.....ज्यायानेभ्यो लोकेभ्यः ॥

— छा. उप. ३.१४-३; ७.२६

(१०) संन्यासो. अ.२.३३-४०

(११) तीर्थे दाने जपे यज्ञे काष्ठे पाषाणके सदा । शिवं पश्यति मूढात्मा शिवे देहे प्रतिष्ठिते ॥

अन्तःस्थं मां परित्यज्य बहिष्ठं यस्तु सेवते । हस्तस्थं पिण्डमुत्सृज्य लिहेत्कूर्परमात्मनः ॥

शिवमात्मनि पश्यन्ति प्रतिमासु न योगिनः । अज्ञानां भावनार्थाय प्रतिमाः परिकल्पिताः ॥

अपूर्वमपरं ब्रह्म स्वात्मानं सत्यमद्वयम् । प्रज्ञानघनमानन्दं यः पश्यति स पश्यति ॥

नाडीपुञ्जं सदा सारं नरभावं महामुने । समुत्सृज्यात्मनात्मानमहमित्येव धारय ॥

अशरीरं शरीरेषु महान्तं विभुमीश्वरम् । आनन्दमक्षरं साक्षान्मत्वा धीरो न शोचति ॥

विभेदजनके ज्ञाने नष्टे ज्ञानबलान्मुने । आत्मनो ब्रह्मणो भेदमसन्तं किं करिष्यति ॥

— श्री जा. द. उप. ४.५७-६३

(१२) हयवरलकाराढ्यं मन्त्रमुच्चारयेत्क्रमात् । धारणैषा परा प्रोक्ता सर्वपापविशोधिनी ॥

जान्वन्तं पृथिवी ह्यंशो ह्यपां पाय्वन्तमुच्यते । हृदयांशस्तथाग्न्यंशो भ्रूमध्यान्तोऽनिलांशकः ॥

आकाशांशस्तथा प्राज्ञ मूर्धांशः परिकीर्तितः । ब्रह्माणं पृथिवीभागे विष्णुं तोयांशके तथा ॥

— श्री जा. द. उप. ६.३-५

(१३) प्रजापतिर्वा एषोऽग्रेऽतिष्ठत्स नारमतैकः स आत्मानमभिध्यात्वा बह्वीः प्रजा असृजत ता अश्मेवाप्रबुद्धा अप्राणाः स्थाणुरिव तिष्ठमाना अपश्यत्स नारमत सोऽमन्यतैतासां प्रतिबोधनायाभ्यन्तरं प्रविशानीत्यथ स वायुमिवात्मानं कृत्वाभ्यन्तरं प्राविशत्स एको नाविशत्स पञ्चधात्मानं प्रविभज्योच्यते यः प्राणोऽपानः समान उदानो व्यान इति ॥

स वा एष आत्मेत्यदो वशं नीत एव सितासितैः कर्मफलैरभिभूयमान इव प्रतिशरीरेषु चरत्यव्यक्तत्वात्सूक्ष्मत्वाददृश्यत्वादग्राह्यत्वान्निर्ममत्वाच्चानवस्थोऽकर्ता कर्तेवावस्थितः ॥

स वा एष शुद्धः स्थिरोऽचलश्चालेपोऽव्यग्रो निःस्पृहः प्रेक्षकवदवस्थितः स्वस्य चरितभुग्गुणमयेन पटेनात्मानमन्तर्धीयावस्थित इत्यवस्थित इति ॥

— मैत्रा. उप. २.६,१०-११



For Private And Personal Use Only

(१४) अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।

तस्मादेवं विदित्वैनं, नानुशोचितुमर्हसि ॥

— गीता अ. २.२५

(१५) अनाख्यत्वादगम्यत्वान्मनःषष्ठेन्द्रियस्थितेः । चिन्मात्रमेवमात्माणुराकाशादपि सूक्ष्मकः ॥३॥

चिदणोः परमस्यान्तःकोटिब्रह्माण्डरेणवः । उत्पत्तिस्थितिमभ्येत्य लीयन्ते शक्तिपर्ययात् ॥४॥

आकाशं बाह्यशून्यत्वादनाकाशं तु चित्त्वतः । किंचिद्यदनिर्देश्यं वस्तु सत्तेति किंचन ॥५॥

— महो. २.३-५, ७, ९

(१६) महाप्रलयसंपत्तौ ह्यसत्तां समुपागते । अशेषदृश्ये सर्गादौ शान्तमेवावशिष्यते ॥

अस्त्यनस्तमितो भास्वानजो देवो निरामयः । सर्वदा सर्वकृत्सर्वः परमात्मेत्युदाहृतः ॥

यतो वाचो निवर्तन्ते यो मुक्तैरवगम्यते । यस्य चात्मादिकाः संज्ञा कल्पिता न स्वभावतः ॥

— महो. ४.५४-५७

(१७) अतपात्मा परंब्रह्म सत्यमित्यादिका बुधैः । कल्पिता व्यवहारार्थं यस्य संज्ञा महात्मनः ॥

यथा कटकशब्दार्थः पृथग्भावो न काञ्चनात् । न हेम कटकात्तद्वज्जगच्छब्दार्थता परा ॥

तेनेयमिन्द्रजालश्रीर्जगति प्रवितन्यते । द्रष्टुर्दृश्यस्य सत्तान्तर्बन्ध इत्यभिधीयते ॥

— महो. ४.४५-४७

(१८) ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે.

— નરસિંહ મહેતા

(१९) नित्यः सर्वगतो ह्यात्मा कूटस्थो दोषवर्जितः । एकः सम्भिद्यते भ्रान्त्या मायया न स्वरूपतः ॥

तस्मादद्वैतमेवास्ति न प्रपञ्चो न संसृतिः । यथाकाशो घटाकाशो मठाकाश इतीरितः ॥

— श्री आ. द. उप. १० २-३

(२०) पू. स्वामी विवेकानंद-वेदान्त-पृ. ७२-७३

(२१) वही पृ. ७२-७३

(२२) यद्यद्विभूतिमत्सत्त्वं, श्रीमदूर्जितमेव वा ।

तत्तदेवावगच्छ त्वं, मम तेजोंशसम्भवम् ॥

— गीता अ. १०.४१



For Private And Personal Use Only

(२३) स य एषोऽणिमै.....तथा सौम्येति होवाच ॥

— छा. उप. ६.८.७; ६.१२.३

(२४) तस्य क्व मूलं स्यादन्यत्राद्भ्योऽद्भि: सोम्य शुङ्गेन तेजोमूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ सन्मूला: सोम्येमा: सर्वा: प्रजा: सदायतना: सत्प्रतिष्ठा यथा नु खलु सोम्येमास्तिस्रो देवता: पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति तदुक्तं पुरस्तादेव भवत्यस्य सोम्य पुरुषस्य प्रयतो वाङ्मनसि संपद्यते मन: प्राणे प्राणस्तेजसि तेज: परस्यां देवतायाम् ॥

— छा. उप. ६.८.६-७

(२५) इमा: सोम्य नद्य: पुरस्तात्प्राच्य: स्यन्दन्ते पश्चात्प्रतीच्यस्ता: समुद्रात्समुद्रमेवापियन्ति समुद्र एव भवन्ति ता यथा तत्र न विदुरियमहमस्मीति ॥

एवमेव खलु सोम्येमा: सर्वा: प्रजा: सत आगम्य न विदु: सत आगच्छामह इति त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दंशो वा मशको वा यद्यद्भवन्ति तदा भवन्ति ॥

स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान् विज्ञापयत्विति तथा सौम्येति होवाच ॥३॥

— छा. उप. ६.१०.१-३

(२६) छा. उप. ६.११.३

(२७) શ્રી જગદીશચંદ્ર બોઝ –

(२८) छा. उप. ६.१२

(२९) छा. उप. ६.१३.३

(30) छा. उप. ६.१४

(३१) छा. उप. ६.१५

(३२) छा. उप. ६.१६

(३३) द्विधा वा एष आत्मानं बिभर्त्ययं य: प्राणो यश्चासावादित्योऽथ द्वौ वा एतावास्तां पञ्चधा नामान्तर्बहिश्चाहोरात्रे तौ व्यावर्तेते असौ वा आदित्यो बहिरात्मान्तरात्मा प्राणो बहिरात्मा गत्यान्तरात्मनानुमीयते । गतिरित्येवं ह्याह य: कश्चिद्विद्वानपहतपाप्माध्यक्षोऽवदातमनास्तन्निष्ठ आवृत्तचक्षु: सोऽन्तरात्मन: गत्या बहिरात्मनोऽनुमीयते गतिरित्येवं ह्याहाथ य एषोऽन्तरादित्ये हिरण्मय: पुरुषो य: पश्यति मां हिरण्यवत्स एषोऽन्तरे हृत्पुष्कर एवाश्रितोऽन्नमत्ति ॥

— मैत्रा. उप. ६.१

(३४) य एषो बाह्यावष्टम्भनेनोर्ध्वमुत्क्रान्तो व्यथमानोऽव्यथमानस्तम: प्रणुदत्येष आत्मेत्याह भगवानथ य एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति ॥

— मैत्रा. उप. २.२



For Private And Personal Use Only

(३५) स्वयोनावुपशान्तस्य मनसः सत्यगामिनः । इन्द्रियार्थविमूढस्यानृताः कर्मवशानुगाः ॥

चित्तमेव हि संसारस्तत्प्रयत्नेन शोधयेत् । यच्चित्तस्तन्मयो भवति गुह्यमेतत्सनातनम् ॥

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् । प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमक्षयमश्नुते ॥

– मैत्रेयी उप. अ. १.४-६

(३६) तान्होवाचैते वै खलु...सर्वेष्वात्मस्वन्नमत्थ ॥

– छा. उप. ५.१८.१

(३७) येन सम्यक्परिज्ञाय हेयोपादेयमुज्झता ।

चित्तस्यान्तेऽर्पितं चित्तं जीवितं तस्य शोभनं ॥

– संन्यासो. अ. २.४१

(३८) डॉ. राधाकृष्णन्, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૪૩

– અનુવાદક – ચંદ્રશંકર શુક્લ.

(३९) डॉ. रानडे, औपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. ९०-९२

(४०) वही पृ. ९५

(४१) (અ) तस्माद्विन्द्रो.......इव हि देवाः ॥

– ऐत. उप. १.३.१४

(४१) (બ) स य एषोऽन्तर्हृदय आकाशः ।

– तै. उप. ६.१.२

(४२) ડૉ. ડી. જે. વેદિયા, ઉપ. વિમર્શ. પૃ. ૬૨, છા. ઉપ. ૮.૯.૨

(४३) મહર્ષિ અરવિંદ પૂર્ણયોગ–ભાગ–૨ પૃ. ૭૭૩–૭૭૪

(४४) એજન પૃ. ૭૭૩–૭૭૪

(४५) स य एवमेतद्राजनं देवतासु प्रोतं वेदैतासामेव देवतानां सलोकतां सार्ष्टितां सायुज्यं गच्छति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या ब्राह्मणान्न निन्देत्तद्व्रतम् ॥

पृथिवी वाव गौतमाग्निस्तस्याः संवत्सर एव समिदाकाशो धूमो रात्रिरर्चिर्दिशोऽङ्गारा अवान्तरदिशो विस्फुलिङ्गाः ॥

– छा. उप. २.२०.२, ५.६.१

(४६) न जायते म्रियते वा कदाचिन्, नायं भूत्वा भविता वा न भूयः ।

अजो नित्यः शाश्वतोऽयं पुराणो, न हन्यते हन्यमाने शरीरे ॥

– गीता अ. २.२०



For Private And Personal Use Only

(૪૭) आत्मा सर्वगतोऽच्छेद्यो न ग्राह्य इति मे मतिः ।
सा त्वाहिंसा वरा प्रोक्ता मुने वेदान्तवेदिभिः ॥

— श्री आ. द. उप. १.८

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ॥

— गीता अ. २.२३

(૪૮) श्री महो. ३.१४

(૪૯) ન. દ. મહેતા, ઉપ. વિચારણા પૃ. ૨૨૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવ - ૪.૪.૩

"'જીવ' શબ્દનાં બે અર્થ છે. એક જીવ એટલે કોઈપણ સચેતન, જીવંત પ્રાણી બીજો, વ્યક્તિરૂપને પ્રાપ્ત થયેલ પિંડભૂત ચેતન તત્ત્વ જે એકથી બીજા જન્મમાં પસાર થઈને ઉત્ક્રાન્તિ સાધનાર પ્રાણીને તેની જીવનગતિમાં ટકાવી રાખે છે તે. આ બીજા અર્થનાં 'જીવાત્મા' એટલે કે જીવંત પ્રાણીમાં રહેલ સનાતન આત્મા એવો શબ્દ વપરાય છે."[૧] ગીતામાં પણ ભગવાન તેને જ સનાતન અંશ તરીકે વર્ણવે છે.[૨]

ઉપનિષદો જણાવે છે કે વિશ્વના પરિમિત પદાર્થોમાં સૌથી ઊંચી કોટિની સત્તા અર્થાત્ હસ્તી તે જીવાત્માની છે. તે સાક્ષાત્ પરબ્રહ્મ નથી એ ખરું, પણ તેનું સ્વરૂપ પરબ્રહ્મને વધારેમાં વધારે મળતું આવે છે.[૩] કેટલીક જગ્યાએ જીવાત્માને વિશ્વના પ્રતિબિંબરૂપ માનેલો છે. આખું જગત એ પરિમિત પદાર્થોનાં, અપરિમિત બનવાના, પુરુષાર્થની ક્રિયા છે અને એ પુરુષાર્થ જીવાત્મામાં પણ ચાલી રહેલો દેખાય છે. છા. ઉપ. જણાવે છે કે– "અગ્નિ, જળ અને પૃથ્વી એ ત્રણ મહાભૂતો અને અક્ષર અપરિમિત આત્માએ મળીને જીવાત્માનું સ્વરૂપ ઘડાય છે."[૪]

મનુષ્ય એ સત્ તત્ત્વની જુદી જુદી અવસ્થાઓને ભેગી થવાનું ઠેકાણું છે. પ્રાણ વાયુને મળતો આવે છે– જેવો વિશ્વમાં વાયુ તેવો મનુષ્યમાં શ્વાસ છે. મન આકાશને મળતું આવે છે. જેવું વિશ્વમાં આકાશ તેવું મનુષ્યમાં મન છે. વગેરે દરેક બાબતો મનુષ્ય શરીરમાં રહેલી છે. એમાં જે દૈવી તત્ત્વ છે તેને આપણે આનન્દાવસ્થા કહીએ છીએ. તેને લીધે એ આત્મા વિરલ ક્ષણોમાં પરમાત્મા જોડે સીધા, અપરોક્ષ સંપર્કમાં આવે છે. જીવાત્મા અથવા શરીર કે દેહી તે ઇન્દ્રિયોને મન સાથે જોડાયેલો આત્મા છે.[૫]

સત્ તત્ત્વ જ જીવ છે, તે જ જરાયુજ, અંડજ અને ઉદ્ભિજમાં જીવરૂપે પ્રવેશે છે. આમ બ્રહ્મ એ જ જીવ સ્વરૂપે આવે છે. અરણિમાં અગ્નિ ગુપ્તરૂપે રહે છે, તલમાં તેલ તેવી જ રીતે પરમાત્મા, જીવાત્મામાં ગૂઢ રીતે રહેલ છે. તે પરમાત્મા સત્ય અને તપ વડે પ્રગટ થાય છે. તેને જાણવાનું રહસ્યરૂપ સાધન એટલે ઉપનિષદ્.

છા. ઉપ. જણાવે છે કે– "પરબ્રહ્મ જગતનું સર્જન કરી તેમાં જીવભાવે પેઠા છે."[૬] આ શ્રુતિ બ્રહ્મ સ્વયં જીવભાવ ધારણ કરે છે એવું સૂચવે છે. આ બાબત જ જણાવે છે કે– જીવચેતન એ બ્રહ્મનું કાર્ય નથી, પરંતુ તે બ્રહ્મની અવસ્થા વિશેષ અથવા રૂપ વિશેષ છે.

"શારીરાત્મા ઉત્પન્ન થયેલો પદાર્થ નથી, પરંતુ તે નિત્ય વસ્તુ છે એમ શ્રુતિઓ વર્ણવે છે. તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાભાવિક જ્ઞાનવાળો છે, તેની મરણ પછી ગતિ આગતિ થાય છે. માટે તે સંસારી દશામાં સૂક્ષ્મ પરિમાણવાળો છે. હૃદયમાં રહ્યા છતાં તે સાકાર દેહમાં પ્રકાશની જેમ ફેલાયેલો રહે છે, પરંતુ આ અણુત્વ જીવનું ઔપાધિક છે અને અંતઃકરણ વડે તેનું જ્ઞાત અને અજ્ઞાતરૂપ ઘડાય છે. તે જીવાત્મા સ્વયંકર્તૃત્વ ધર્મવાળો છે, તેથી શાસ્ત્રીય કર્મની જવાબદારીવાળો છે, બુદ્ધિનો નિયામક છે. તેમાં સ્વયંકર્તૃત્વ ન હોય તો સમાધિ બને નહિ. જેમ સુથાર સાધનો લે ત્યારે કર્તા, અને સાધનો મૂકી દે ત્યારે અકર્તા, તેમ જીવાત્મા પણ પોતાના બુદ્ધિ વગેરે સાધનોને પ્રેરે ત્યારે કર્તા અને તેવા પ્રેરણ વિના રહે ત્યારે અકર્તા ગણાય. આ પ્રકારે સ્વયં જ્ઞાનવાળો અને સ્વયં કર્તા છતાં તે પરબ્રહ્મ અથવા પરમાત્માને આધીન છે. તે પરમાત્માનો ચેતનરૂપ અંશ છે અને પરમાત્મા અંશી છે. પરંતુ સ્વકર્મ વડે જેવો જીવ સુખી–દુ:ખી થાય છે. તેવા પરમાત્મા સુખી–દુ:ખી થતાં નથી. દેહ સંબંધ વડે વિધિ–નિષેધને આધીન જીવે છે તે પરમાત્મા નથી. અંશાંશીભાવ ઉપરાંત બિંબભૂત પરમેશ્વર અને પ્રતિબિંબરૂપ જીવ છે એવું પણ પ્રતિપાદન કરવામાં આવે છે. ધર્માધર્માદિ સામગ્રી મર્યાદિત ઉપાધિવાળા આત્મામાં રહે છે અને સુખ–દુ:ખનું મિશ્રાપણું થવાનો ભય નથી."[૭]

યોગચૂડામણિ ઉપ. જીવ અને આત્મા વચ્ચે ભેદ દર્શાવતા જણાવે છે કે ઇન્દ્રિયો જીવને બંધનમાં નાખી શકે છે, આત્માને નહીં, પરંતુ મમતા દૂર થતાં જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે.[૮] જ્યારે જાબાલિ ઉપ., વજ્રસૂચિકો, છા. ઉપ. આત્મા અને જીવમાં તાત્ત્વિક ભેદ પાડતા દર્શાવે છે કે, પશુપતિ પરબ્રહ્મ જ જીવ છે તે બંધનમાં પડેલ અને વિવેકહીન હોય છે, તેથી જીવ કહેવાય છે.[૯] જીવ મૃત્યુ પામતો નથી, સ્થૂળ શરીર જ મૃત્યુ પામે છે. તે સૂક્ષ્મ ભાવવાળો આત્મા છે.[૧૦] વજ્રસૂચિકો. જણાવે છે કે– દરેક શરીરમાં જીવ એક જ છે, તે મૃત્યુ પામતો નથી અને તે જીવ જ આત્મા અને બ્રહ્મ છે. પરંતુ આત્મા બંધન પામતો નથી, જ્યારે જીવ કર્મ અનુસાર નવા–નવા દેહ ધારણ કરે છે.[૧૧]

શ્રીમદ્ શંકરાચાર્ય જીવાત્માને ઇન્દ્રિય જ્ઞાનની દૃષ્ટિથી સત્ય કહે છે, પરંતુ પરમાર્થ દૃષ્ટિથી ધ્યેયાત્મક અથવા અતીન્દ્રિય છે. વ્યાવહારિક દૃષ્ટિથી આપણે તેને અલગ સત્તા કહી શકીએ પરંતુ પારમાર્થિક દૃષ્ટિથી બ્રહ્મરૂપ છે. આ જ બાબત છા. ઉપ. દર્શાવતા કહે છે કે– "આત્મા જે આ અંતર્હૃદયમાં વસે છે તે મૂલતઃ બ્રહ્મ છે, જેવો આ નાશવાન શરીરમાંથી છૂટે છે કે તરત જ હંમેશને માટે બ્રહ્મમાં લીન થઈ જાય છે."[૧૨]

ન. દ. મહેતા પ્રેરક બ્રહ્મ, તેનાં સગુણ–નિર્ગુણરૂપો જણાવ્યાં બાદ બ્રહ્મનાં અંશ એવા ભોક્તા–બ્રહ્મની રજૂઆત કરે છે.[૧૩] ભોક્તાનું બીજું નામ જીવ અથવા ક્ષેત્રજ્ઞ છે.[૧૪]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રેરક બ્રહ્મ અને પ્રેર્યબ્રહ્મ – શિવ અને જીવ – બ્રહ્મ ને જીવ ચેતન સ્વરૂપે એક તત્ત્વરૂપ છતાં બન્નેના સ્વભાવધર્મ અને ગુણધર્મમાં ફેર છે. તેનું નિમિત્ત કારણ પ્રધાન, અન્ન, માયા એવું નામ આપવામાં આવે છે અને તેમાંથી જે જે જડ, અને જડાજડ પરિણામો પ્રકટ થાય છે તે પરિણામોને ઉપાધિરૂપે સ્વીકારવાથી મૂળ ચેતન અનેક આભાસો ઉત્પન્ન કરે છે. આ આભાસો પૈકી સર્વોત્તમ જ્ઞાનપ્રકાશ ઐશ્વર્યાદિવાળો આભાસ જે ઉપહિત ચેતનામાં પડે છે, તેને ઈશ્વર સંજ્ઞા મળે છે અને અજ્ઞાન અનૈશ્વર્યાદિવાળો આભાસ જે ઉપહિત ચેતનામાં પડે છે, તેને જીવસંજ્ઞા મળે છે, જ્યાં સુધી આ ઉપાધિઓમાં "હું છું" એવી અધ્યાસ બુદ્ધિ રહે ત્યાં સુધી ઉપહિત ચેતનાના આભાસમાં મૂલ સ્વરૂપનું ભાન જાગતું નથી અને તેવા ભાનના અભાવે, એટલે અવિદ્યાને લઈને, જીવ ચેતન બદ્ધદશાનું એટલે સંસરણ ધર્મ–વાળું રહે છે. વિદ્યાની પ્રાપ્તિ થતાં ઉપાધિગ્રસ્ત હું છું એવી પ્રતીતિ બંધ થાય છે અને જીવ ચેતન બ્રહ્માકાર થઈ કૈવલ્યનો અનુભવ કરે છે.[૧૫]

યોગચૂડામણિ ઉપ. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એમ જીવની ચાર અવસ્થા વર્ણવે છે. તેના અધિપતિઓ અનુક્રમે વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને આત્મા એ ચાર પુરુષ છે. સ્થૂળના ભોક્તા વિશ્વ, એકાંતના ભોક્તા તૈજસ, આનંદનાં ભોક્તા પ્રાજ્ઞ અને "પર" બધાનાં સાક્ષી સ્વરૂપ છે.[૧૬] આ ચાર અવસ્થાઓને પ્રા. સી. વી. રાવલ પોતાના પુસ્તક "શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન"માં વિસ્તૃત રીતે સમજાવે છે.[૧૭]

પ્રજાપતિ પણ આ ચાર અવસ્થા દ્વારા જ ઈન્દ્રને પરબ્રહ્મનું જ્ઞાન આપે છે.

### ❑ જાગ્રત અવસ્થા :

આ અવસ્થામાં જીવાત્મા મન અને ઈન્દ્રિયો દ્વારા બાહ્ય વિષયોને પ્રત્યક્ષ કરે છે. બાહ્ય જગતનો અનુભવ આ અવસ્થામાં થાય છે તેથી તેને જાગ્રત અવસ્થા પણ કહે છે. આ અવસ્થાને સર્વ પ્રજાપતિ દર્શાવે છે કે– જલ, દર્પણ આ ચારેબાજુ જે પ્રતિબિંબ પડે છે તે "આત્મા" છે.[૧૮]

### ❑ સ્વપ્ન અવસ્થા :[૧૯]

આ અવસ્થામાં માણસ પોતાની માનસિક કલ્પનાનું જગત્ સર્જે છે. અને તેનો અનુભવ કરે છે. જાગ્રત અવસ્થામાં કરેલી કલ્પના સ્વપ્ન અવસ્થામાં વાસ્તવિક બનતી જોઈ શકાય છે. આ કાલ્પનિક જગત્ મન 'હિતા' નામની અત્યંત સૂક્ષ્મ નાડીમાં સર્જે છે. જાગ્રત અને સ્વપ્નમાં એ તફાવત છે કે જાગ્રતમાં ઈન્દ્રિયો બહારથી સંવેદનો ગ્રહણ કરે છે જ્યારે સ્વપ્નમાં ઈન્દ્રિયોની મદદ વગર જ માત્ર મન એકલું જ



For Private And Personal Use Only

ઇચ્છિત સૃષ્ટિની રચના કરે છે. આ અવસ્થાને દર્શાવતાં બ્રહ્મા જણાવે છે કે– "જે સ્વપ્નમાં પૂજનીય છે, વિચરણ કરે છે તે આત્મા છે."

**❑ સુષુપ્તિ અવસ્થા :**[૨૦]

અત્યંત ગાઢ નિદ્રાની અવસ્થા છે. આ અવસ્થામાં મન તથા ઇન્દ્રિયો આરામ કરતી હોય છે અને જીવાત્મા તેનાં મૂળ સ્વરૂપમાં લીન થઈ ગયો હોય છે. માત્ર ચેતના જ રહે છે. દ્રષ્ટા–દ્રશ્યનો ભેદ દૂર થઈ ગયો હોય છે.

ડૉ. મહાદેવન જણાવે છે કે– આ ત્રણેય અવસ્થામાં જાગ્રત અવસ્થા અપૂર્વ છે કારણ કે આ જગતમાં રહીને જ માણસ અવિદ્યાથી મુક્તિ મેળવી શકે છે.[૨૧]

**❑ તુરીય અવસ્થા :**[૨૨]

આ આત્મ સાક્ષાત્કારની અવસ્થા છે. તે પ્રથમ ત્રણ અવસ્થાથી અલગ નથી, પરંતુ તેનું મૂળ છે. આ અવસ્થા તપશ્ચર્યાપૂર્વક કરેલા સ્વ–પ્રયત્નથી જ પ્રાપ્ત કરી શકાય છે. આ અવસ્થા પરબ્રહ્મની સમાન છે તેથી તેનું કોઈ લક્ષણ દર્શાવી શકાતું નથી.

ઉપાધિકૃત જીવ "હું જ છું" એવો જે અનુભવ કરે છે તે જીવનું જે મનોશારીરિક બંધારણ છે તેને વેદાન્ત નીચે પ્રમાણે વિભક્ત કરે છે.

(૧) સ્થૂળ શરીર.

(૨) સૂક્ષ્મ શરીર કે લિંગ શરીર.

(૩) કારણ શરીર.

**(૧) સ્થૂળ શરીર :**

પંચમહાભૂતના બનેલા શરીરને સ્થૂળ શરીર કહે છે. જે ભોગનું સાધન છે. જે અન્નમય કોષનું બનેલું છે. મૃત્યુ સમયે માત્ર આ સ્થૂળ શરીર જ નાશ પામે છે. મૂળ પંચમહાભૂતમાં સમાઈ જાય છે. આ શરીરને છોડીને પ્રાણ ચાલ્યા જાય છે. તેથી આ શરીરને સ્થૂળ શરીર કે અન્નમય કોશ કહે છે.[૨૩]

**(૨) સૂક્ષ્મ શરીર કે લિંગ શરીર :**

પંચમહાભૂતના સ્થૂળ શરીર પાછળ અંતઃકરણ, પ્રાણ અને ઇન્દ્રિયોના સમૂહરૂપ એક સૂક્ષ્મ શરીર હોય છે.[૨૪] પંચમહાભૂતના બનેલા દેહનો નાશ થાય છે, ત્યારે આ સૂક્ષ્મ શરીર પ્રાણની સાથે જાય



For Private And Personal Use Only

છે અને પુનર્જન્મનું કારણ બને છે. તેથી જ તેને કર્માશ્રય પણ કહે છે. આ શરીર પંચ પ્રાણ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો અને એક અંતઃકરણ એમ ૧૬ તત્ત્વોનું બનેલું છે. અમુકનાં મતે પંચ પ્રાણ, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન અને બુદ્ધિ એમ ૧૭ તત્ત્વોનું બનેલું છે.[૨૫] આ મતભેદ સામાન્ય છે. કારણ કે મન અને બુદ્ધિ અંતઃકરણની બે વૃત્તિઓ જ છે, તેથી ૧૬ તત્ત્વોનું જ સૂક્ષ્મ શરીર બનેલું છે તેમ કહી શકાય. જીવાત્મા આ સૂક્ષ્મ શરીરને આધારે જ એક જન્મમાંથી બીજા જન્મમાં જાય છે. જેવી રીતે તૃણજાલ એક તૃણ ઉપરથી બીજા તૃણ ઉપર જાય છે.

## (૩) કારણ શરીર :

કારણ શરીરને અનાદિ અને અનિર્વચનીય એવી અવિદ્યાથી અભિન્ન માનવામાં આવે છે. સુષુપ્તિ સમયે સાક્ષી અને અવિદ્યા એ બે ટકી રહે છે. આ બેને જીવાત્માનું "કારણ શરીર" કહે છે અને તે લિંગ શરીરથી ભિન્ન છે. કર્મના નિયમાનુસાર પુનર્જન્મની જે ઘટમાળ ચાલે છે અને તેમાં સાપેક્ષ રીતે ટકી રહેતું શરીર તે કારણ શરીર છે. તેને આનંદમય કોશ પણ કહે છે.

આગળ જે આત્મા(જીવ)ની જાગ્રત વગેરે ત્રણ અવસ્થાઓ દર્શાવી તે આત્મા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી ભિન્ન છે તે દર્શાવે છે.

## પંચકોશ :

જે વસ્તુ ઢાંકનાર કે આચ્છાદનરૂપ હોય તે ઢાંકનાર પદાર્થનો કોશ કહેવાય છે. જીવ આ કોશમાં ઢંકાયેલો છે. તે કોશો અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય છે. જેનું ઉપ. વર્ણન કરે છે. શ્રીમદ્ શંકરાચાર્ય પણ વિવેકચૂડામણિમાં પંચકોશનાં સિદ્ધાંતનું નિરૂપણ કરે છે.[૨૬]

## (૧) અન્નમય કોશ :

આ પંચમહાભૂતનો બનેલો દેહ જ અન્નમય કોશ છે. કારણ કે તે અન્નથી જ ઉત્પન્ન થાય છે, તેનાંથી જ જીવે છે અને તેનાં વગર નાશ પામે છે. આ અન્નમયકોશ સુખ–દુઃખના અનુભવ માટેનું "આયતન" એટલે કે સ્થાન છે અને મન દ્વારા જીવે ભોગવવાના સુખ દુઃખનું તે નિમિત્ત બને છે. જડ બુદ્ધિ આ દેહને જ બ્રહ્મ માને છે. જ્યારે જ્ઞાની "હું બ્રહ્મ છું" એમ હંમેશાં આત્મામાં જ સ્થિર રહે છે. આ કોશ પંચમહાભૂતનો બનેલો હોવાથી જ મૈત્રા. ઉપ. જીવાત્માને માટે 'ભૂતાત્મા" શબ્દ પ્રયોગ કરે છે.[૨૭] છા. ઉપ.[૨૮] ઉત્પત્તિ અનુસાર તેને માટે અંડજ, યોનિજ અને ઉદ્‌ભિજ્જ એમ શબ્દ પ્રયોગ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### (૨) પ્રાણમય કોશ :

પંચ પ્રાણોની આ સંજ્ઞા છે તે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોને ક્રિયાશીલ રાખે છે. એટલું જ નહીં અન્નમય કોશને પણ ગતિશીલ રાખે છે. આ પંચ પ્રાણમાં પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાનનો સમાવેશ થાય છે.[૨૯]

**(૧) પ્રાણ :** તેનું સ્થાન હૃદયમાં છે. તેને આધારે જ શરીરનું શ્વાસોચ્છ્વાસનું કાર્ય ચાલે છે અને શરીર ગતિશીલ રહે છે. એની ક્રિયાઓ ઊર્ધ્વમુખી છે.

**(૨) અપાન :** અપાનનું સ્થાન ગુદા છે. તે શરીરનો કચરો બહાર ફેંકે છે. તેની ક્રિયાઓ અધોમુખ છે.

**(૩) વ્યાન :** વ્યાન સર્વ અંગોની નસેનસમાં વ્યાપેલો છે. શરીરનાં સાંધાઓના હલન ચલનને તે સંભાળે છે. જ્ઞાનતંતુઓરૂપી બધી જ નાડીઓમાં તેનો સંચાર છે અને વ્યાન વડે જ બધી નાડીઓ સક્રિય રહે છે.

**(૪) સમાન :** સમાનનું સ્થાન નાભિપ્રદેશ છે તે ખોરાકનો રસ ગ્રહણ કરી સમગ્ર શરીરમાં પહોંચાડી શરીરને પુષ્ટ કરે છે. કૂતરું વગેરે કરડયું હોય ત્યારે નાભિમાં જ ઈન્જેકશન આપે છે. તેનું કારણ આ જ હોય શકે. કારણ કે શરીરમાં ફેલાયેલા વિષને નાભિચક્રમાં આપેલી દવા તુરત જ ત્યાં પહોંચી જઈ દૂર કરી શકે.

**(૫) ઉદાન :** ઉદાનનું સ્થાન કંઠ છે. સ્વપ્ન, હેડકી વગેરે દ્વારા તેનો અનુભવ થાય છે. પ્રાણી જે ખાય છે, પીએ છે તેના વિભાગ આ વાયુ કરે છે. મરણ બાદ પ્રાણ અને સૂક્ષ્મ દેહને શરીરમાંથી લઈને બહાર નીકળી જાય છે.

પ્રાણ જડ છે, આત્મા ચેતન છે અને પ્રાણમય કોશથી વિલક્ષણ છે. પ્રાણમય કોશ એ સૂક્ષ્મ દેહરૂપ છે. પ્રાણમય કોશને વાસનામય કોશ પણ કહે છે. પ્રાણને જાણનારો એવો "હું આત્માસ્વરૂપ તથા તેનાથી ન્યારો સાક્ષી છું" એ પ્રમાણે પ્રાણમય કોશથી પોતાના સ્વરૂપને ભિન્ન સમજવાનું છે. પ્રાણમય કોશની ઉપર મનોમય કોશનો મહિમા બતાવવામાં આવ્યો છે.[૩૦]

### (૩) મનોમય કોશ :

પાંચ જ્ઞાનેન્દ્રિયોનો બનેલો છે. તેમાં અંદર મન રહેલું છે. પ્રારબ્ધ ફલભોગ માટે થઈને દરેક ઈન્દ્રિયોને પ્રેરે છે. તે દેહમાં અહંતા અને મમતા રાખે છે. તે કામ–ક્રોધમય હોય નિયમ રહિત છે. આ કોશ જીવાત્માએ ધારણ કરેલી કાર્ય સાધક ગોઠવણ છે. અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મનને શાંત કરવાથી સાધના સારી રીતે થઈ શકે છે અને વિકારી મન તાબે થાય છે.[૩૧] ગીતામાં પણ મનને તાબે કરવા માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સતત અભ્યાસ જ જરૂરી છે તેમ જણાવે છે. આ કોશ માટે શ્રીમદ્ શંકરાચાર્ય જણાવે છે કે– શબ્દ, સ્પર્શાદિ પંચ વિષયોરૂપી એક વન છે. તેમાં 'મન' રૂપી વાઘ ફર્યા કરે છે, માટે મુમુક્ષુજનો એ તે વનમાં ન જવું.

## (૪) વિજ્ઞાનમય કોશ :

બુદ્ધિ સહિત પંચ જ્ઞાનેન્દ્રિયોનો બનેલો છે. બુદ્ધિ એ જાણવાની શક્તિ છે પરંતુ તે નિદ્રા તેમ જ સમાધિમાં જતી રહે છે. આ કોશ પણ "હું જાણું છું" વગેરે દ્વારા અહંકારમય બની જીવરૂપ બની રહે છે. આમ અહંકારયુક્ત બુદ્ધિ એ પ્રારબ્ધકર્મ ભોગવવા માટે બુદ્ધિએ ગ્રહણ કરેલું સાધન જ છે.

## (૫) આનંદમય કોશ :

આનંદમય કોશએ વિષયભોગ રહિત, ફલભોગની સમાપ્તિ છે. તે સહજ આનંદ છે. કર્મફલભોગ ન્યાય અનુસાર જીવને આનંદનો અનુભવ કરાવવાનું આનંદમય કોશનું કર્તવ્ય છે. બ્રહ્મરૂપ આનંદ એ અન્ય આનંદોનો આધાર છે અને દૃષ્ટા–આત્મા તો તેનાથી પર છે.

આ પંચ કોશથી આત્મા આચ્છાદન પામેલો હોવાથી જોઈ શકાતો નથી. પરંતુ પાંચેય કોશરૂપી ભ્રમ દૂર થતાં શુદ્ધ, નિત્ય, આનંદરૂપ,સ્વયંપ્રકાશ પરમાત્મા દેખાય છે.

જીવને પોતાનો માર્ગ પસંદ કરવાનો અધિકાર છે. તેથી જ પ્રેય અને શ્રેયનું મહત્ત્વ છે. તેથી જ મુક્તિકો. જણાવે છે કે– શુભ અને અશુભ બે માર્ગો છે, જે વાસનારૂપી નદી જેવા છે. જે ઈચ્છા પ્રમાણે પસંદ કરી શકાય છે. શુભ માર્ગમાં વિશેષ પુરુષ પ્રયત્ન જરૂરી છે. આપણે એ સહજ રીતે સમજીએ છીએ કે– "સારા માર્ગે આગળ વધવા માટે અત્યંત તીવ્ર ઈચ્છા અને વિશેષ પ્રયત્નની જરૂર છે. જ્યારે ખરાબ માર્ગે થોડી જ ઈચ્છા અને પ્રયત્નથી તીવ્ર ગતિ થાય છે. આ ઈચ્છા સ્વાતંત્ર્ય હોવાથી જ શ્રવણ, મનન, નિદિધ્યાસનનું મહત્ત્વ છે." તેથી જ પ્રા. આત્રેય જણાવે છે કે– "જો મનુષ્યની અંદર કર્તવ્ય, અકર્તવ્ય, અન્યથા કર્તવ્યની સ્વતન્ત્રતા અને શક્તિ ન હોય તો તેનાં જીવનમાં એવો પ્રશ્ન ક્યારેય ઉપસ્થિત ન થાય કે– મારે શું કરવું જોઈએ અને ન કરવું જોઈએ. આ બાબત ત્યારે જ શક્ય બને જો તે કરી શકતો હોય."[૩૨]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭૫ - ૪.૪.૩

## અંત્યનોંધ :

(૧) મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ ભાગ-૨ પૃ. ૩૫-૩૬

(૨) अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥

- गीता १०.४

(३) डॉ. राधाकृष्णन् - उप.नुं तत्त्वज्ञान. पृ. १२१

(४) छा. उप. अ ६.३;४ खण्ड

(૫) ડૉ. રાધાકૃષ્ણન્ - ઉપ.નું તત્ત્વજ્ઞાન, પૃ. ૧૨૨, છા. ઉપ. ૮.૧૨.૩

— અનુ. ચંદ્રશંકર શુક્લ

(६) सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ॥

— छा. उप. ६.३.२. ६.११.१

(૭) ન. દ. મહેતા — ઉપ. વિચારણા:- પૃ. ૧૨૬-૧૨૭

(८) इन्द्रियैर्बध्यते जीव आत्मा चैव न बध्यते ।

ममत्वेन भवेज्जीवो निर्ममत्वेन केवलः ॥

— योगचूडा. उप. ८४

(९) स तमुवाच यथा तृणाशिनो विवेकहीनाः परप्रेष्याः कृष्यादिकर्मसु नियुक्ताः सकलदुःखसहाः स्वस्वामिबध्यमाना गवादयः पशवः । यथा तत्स्वामिन इव सर्वज्ञ ईशः पशुपतिः ॥

— जाबालि उप. ३५

(१०) जीवापेतं वाव किलेदं म्रियते न जीवो म्रियत इति स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान् विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥

— छा. उप. ६.११.३

(११) तत्र प्रथमो जीवो ब्राह्मण इति चेत्तन्न । अतीतानागतानेकदेहानां जीवस्यैकरूपत्वात् एकस्यापि कर्मवशादनेकदेहसंभवात् सर्वशरीराणां जीवस्यैकरूपत्वाच्च । तस्मान्न जीवो ब्राह्मण इति ।

— वज्रा. ३

(१२) डॉ. रानडे, औपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. १२

(१२) (अ) छा. उप. ३.१४.४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१३) न. द. महेता – उप. विचारणा पृ. १२०

(१४) क्षेत्रज्ञं चापि मां विद्धि, सर्वक्षेत्रेषु भारत ।

क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं, यत्तज्ज्ञानं मतं मम ॥

– गीता अ. १३.२

(१५) न. द. महेता – उप. विचारणा पृ. १२२

(१६) विश्वो हि स्थूलभुङ्नित्यं तैजसः प्रविविक्तभुक् ।

आनन्दभुक्तथा प्राज्ञः सर्वसाक्षीत्यतः परः ।

– योगचूडा. उप. ७२

(१७) प्रा. रावळ, श्रीमद् शं.नुं तत्त्वज्ञान पृ. १८५–१८८

(१८) तौ ह प्रजापतिरुवाच य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेत्यथ योऽयं भगवोऽप्सु परिख्यायते यश्चायमादर्शे कतम एष इत्येष उ एवैषु सर्वेष्वन्तेषु परिख्यायत इति होवाच ॥

– छा. उप. ८.७.४

(१९) छा. उप. ८.१० खण्ड

(२०) छा. उप. ८.११ खण्ड

(२१) प्रा. रावळ, श्रीमद् शं.नुं तत्त्वज्ञान पृ. १८८

(२२) छा. उप. ८.१२ खण्ड

(२३) मज्जास्थिमेदः पलरक्तचर्मत्वगाह्वयैर्धातुभिरेभिरन्वितम् ।

पादोरुवक्षोभुजपृष्ठमस्तकैरङ्गैरुपाङ्गैरुपयुक्तमेतत् ॥

अहं ममेति प्रथितं शरीरं मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ।

नभोनभस्वद्दहनाम्बुभूमयः सूक्ष्माणि भूतानि भवन्ति तानि ।

परस्परांशैर्मिलितानि भूत्वा स्थूलानि च स्थूलशरीरहेतवः ॥

मात्रास्तदीया विषया भवन्ति शब्दादयः पञ्च सुखाय भोक्तुः ॥

य एषु मूढा विषयेषु बद्धा रागोरुपाशेन सुदुर्दमेन ।

आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः स्वकर्मदूतेन जवेन नीताः ॥

– श्रीमद् शंकराचार्य, विवेकचूडामणि ७४–७७



For Private And Personal Use Only

(૨૪) प्राणापानव्यानोदानसमाना भवत्यसौ प्राणः ।

स्वयमेव वृत्तिभेदाद् विकृतिभेदात् सुवर्णसलिलादिवत् ॥

वागादिपञ्च श्रवणादि पञ्चप्राणादिपञ्चाभ्रमुखानि पञ्च ।

बुद्ध्याद्यविद्यापि च कामकर्मणी पुर्यष्टकं सूक्ष्मशरीरमाहुः ॥

— એજન ૯૭ ૯૮

(૨૫) सूक्ष्मशरीराणि सप्तदशावयवानि लिङ्गशरीराणि ।....॥

— श्री सदानंद, वेदान्तसार

(૨૬) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૮૦

(૨૭) मैत्रा. ३.२

(૨૮) છાં. ઉપ. ૬.૩.૧

(૨૯) वायवः प्राणापानव्यानोदानसमानाः ।....॥

— श्री सदानंद वेदान्तसार

(૩૦) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૮૧

(૩૧) એજન પૃ. ૧૮૧

(૩૨) डॉ. ईश्वर भारद्वाज; औप. गरग सत् एवं मूल्य सिद्धान्त पृ. १८९



For Private And Personal Use Only

# બ્રહ્મજીવાત્મૈક્ય - ૪.૪.૪

દ્રષ્ટા અને દશ્ય વચ્ચે અભેદ છે. તેથી જ ઉપનિષદો વિરાટ અને સ્વરાટ્, સમષ્ટિ અને વ્યષ્ટિ, એકતા અને અનેકતા આ દ્વન્દ્વોને નિવારવાનો હૃદયપૂર્વકનો પ્રયાસ કરે છે તે જ બ્રહ્મજીવાત્મૈક્ય. આ પ્રયાસ એટલે જ અલ્પમાંથી વિશાળતા તરફ જવું, બંધનમાંથી મુક્તિ તરફ પ્રયાણ, સંકીર્ણતામાંથી વિશાળતા, અહમ્‌માંથી મુક્ત થવું. આમ આ અદ્વૈતનો વિચાર પ્રાચીન સમયથી ચાલ્યો આવે છે, વિશ્વ સાથેની સંવાદિતા સ્થાપવા માટે જરૂરી છે. તેથી જ ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે– "જ્યારથી ચિંતનની શરૂઆત થઈ ત્યારથી દ્રષ્ટા અને દશ્યની આ એકતા અર્થાત્ એક સર્વવ્યાપી, સર્વગ્રાહી અને કેન્દ્રવર્તી સત્ તત્ત્વની હસ્તી ભાવિક લોકોએ સિદ્ધાન્તરૂપે સ્વીકારી છે. ઉપાસનાવાળો યોગ અને ઊંડી ધર્મનિષ્ઠા બન્ને "તે તું છે." એ મહાવાક્યના સત્યની સાક્ષી પૂરે છે. આપણે કદાચ તે સમજી ન શકીએ, પણ તેથી એ વાત ખોટી છે એમ કહેવાનો પૂરતો હક્ક આપણને મળતો નથી."[1]

બાહ્ય સૃષ્ટિમાં વિલસતું સત્ અને માણસના અંતરમાં વિરાજતું સત્, એટલે કે બ્રહ્મ અને આત્મા, અર્થાત્ વિશ્વાત્મા અને અંતરાત્મા બે એક ને અભિન્ન છે એમ માનવામાં આવે છે. બ્રહ્મ તે જ આત્મા છે. "આ જે બ્રહ્મ માણસમાં છે, ને પેલું જે બ્રહ્મ સૂર્યમાં છે, તે એક જ છે."[2]

શ્રીમદ્ શંકરાચાર્ય પણ કેવલાદ્વૈતમાં જ માને છે. આ એકતા ઉપનિષદોએ કાવ્યાત્મક રીતે ગૂઢ ભાષામાં રજૂ કરી છે. "આ અદ્વૈતને કારણે જ જીવાત્મામાં સાતત્ય જોઈ શકાય અને સાતત્યના પરિણામ સ્વરૂપે જ વ્યક્તિના ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં એકતા જોઈ શકાય. વળી જીવાત્મામાં પોતામાં આંતરિક સાતત્ય હોય એ પણ પૂરતું નથી. બાહ્ય જગત સાથે તેની સંવાદિતા હોવી જોઈએ અને તેનો આધાર અદ્વૈત જ છે. તેથી જ ઉપનિષદો ઈશ્વર એ કારણ બ્રહ્મ. વિશ્વના સૌ સર્જિત પદાર્થો એ કાર્યબ્રહ્મ. બ્રહ્મનાં આ બે રૂપો વચ્ચે તત્ત્વતઃ એકત્વ રહેલું છે. વિશ્વ આખું વિવિધ નામરૂપોના પ્રપંચસમું છે. તેમાં ભેદ નાનાત્વ સતત જોવા મળે છે. પરંતુ અભેદ એ ભેદ દૃષ્ટિનો આધાર છે. ભેદ ઉપર છલ્લો છે; અભેદ આંતરિક અને મૂળભૂત છે."[3]

મૈત્રેયી ઉપ. "મરુત્" નામથી વિખ્યાત આત્માને જ આદિ– અંત રહિત પરમાત્મા કહી; આત્મા અને બ્રહ્મનું ઐક્ય સાધે છે. મહો.[4] પણ જીવ અને બ્રહ્મ એક જ છે. તેથી જીવ અને ઈશ્વરનાં વિવાદમાં ભ્રમિત થવું ન જોઈએ. જાબાલિ ઉપ.[5] પણ આત્માને જ જીવ સ્વરૂપે નિરૂપે છે, એ જ આત્મા પશુપતિ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થાત્ પરબ્રહ્મ છે તેમ જણાવે છે. છા. ઉપ.[૯] આત્મા અને જીવમાં અભિન્નત્વ દર્શાવે છે, પરંતુ આત્મા મુક્ત છે જ્યારે જીવ નિશ્ચય સ્વરૂપ છે. યોગચૂડામણિ ઉપ. પણ આત્મા જ જીવ છે પરંતુ મમતામાં બંધાયેલ હોય ત્યારે જીવ છે, તેમાંથી છૂટી જતાં કૈવલ્ય સ્વરૂપ બની જાય છે. તેથી જ પાપ રહિત આત્મા બ્રહ્મ જ છે. તેમ કહેલું છે.[૯] ઇન્દ્રને ઉપદેશ આપતાં પ્રજાપતિ જીવ, આત્મા અને બ્રહ્મનું અભિન્નત્વ વ્યક્ત કરતાં કહે છે કે– આ શરીર વિનાશશીલ છે પરંતુ અશરીરી આત્માનું અધિષ્ઠાન છે. પરંતુ આત્મા સશરીર હોવાથી જ અર્થાત્ શરીરમાં જીવરૂપ હોવાથી શુભાશુભ કર્મથી ગ્રસ્ત થાય છે.[૧૦]

છા. ઉપ. સત્ તત્ત્વ જ દરેક જગ્યાએ વિલસી રહ્યું છે, અર્થાત્ પરબ્રહ્મ જ આત્મા, જીવ, જગત્ સર્વ છે. તે સમજાવવા માટે વટવૃક્ષ, નિમક, મધ, નદીઓ વગેરે દૃષ્ટાન્તો આપે છે. આ દરેક કથાઓ 'આત્મતત્ત્વ'માં વિસ્તૃત રીતે રજૂ કરેલ છે.

કેનો.માં[૧૧] આત્મા જ બ્રહ્મ છે. તેની જ શક્તિ આત્મ–ચેતના અને કલ્પના દ્વારા વ્યક્ત થાય છે. તે જ આપણને કલ્પના અને કાર્ય કરવામાં સમર્થ બનાવે છે. તેની વિસ્તૃત સમજ ઉમા–હૈમવતી આખ્યાયિકા દ્વારા આપવામાં આવે છે.

છા. ઉપ.આ બધું બ્રહ્મ જ છે તેમ જણાવી, તે બ્રહ્મ જ જીવાત્મારૂપે પ્રવેશ કરે છે તેમ જણાવ્યું છે.[૧૨]

પાણીમાં ઓગળી ગયેલું મીઠું, કરોળિયાનું જાળું વગેરેની જેમ આત્મામાંથી જગતની વસ્તુઓ નીકળે છે. કાર્ય ઉત્પન્ન થવા છતાં કારણમાં કશો વિકાર ન થવા પામે કે તેમાં કશી ક્ષતિ કે ઊણપ ન આવે, એવી જાતનો પરિણામવાદ પણ સૂચવવામાં આવે છે. સૂર્યમાંથી પ્રકાશ આવે છે, છતાં સૂર્યમાં કશો ફેરફાર થતો નથી. આને આધારે જ આગળ જતાં એવો વાદ નીકળ્યો લાગે છે કે જીવ તે બ્રહ્મનો કેવળ આભાસ અથવા વિવર્ત છે. કરોળિયો ને તેણે પોતાના શરીરમાંથી પેદા કરેલી જાળ, મા ને તેણે જણેલું બાળક વગેરે રૂપકો એમ દર્શાવવાનો પ્રયત્ન કરે છે કે– કાર્ય કારણ વચ્ચે કેટલો ગાઢ સંબંધ છે. પ્રતીકોને રૂપકોના આ બધા વૈવિધ્ય દ્વારા બ્રહ્મ અને જગતનું તાદાત્મ્ય અર્થાત્ ઐક્ય બતાવવાનો ઉદ્દેશ છે. બાહ્ય જગત તે કંઈક જુદીને બ્રહ્મની જોડાજોડ પડેલી, વસ્તુ નથી. સત્ તત્ત્વનું પારમાર્થિકરૂપ અર્થાત્ બ્રહ્મ અને સત્ તત્ત્વનું વ્યાવહારિકરૂપ અર્થાત્ જગત એ એકબીજાથી જૂદાં નથી.[૧૩]

બેડલી જણાવે છે કે– "પરિમિત કેન્દ્રોમાં બ્રહ્મનો અંતર્ભાવ અથવા વાસ અને બ્રહ્મમાં પરિમિત કેન્દ્રોનો વાસ કેમ છે એ અકળ વસ્તુ છે એમ મેં હંમેશાં માન્યું છે... એ કળી શકાય એવું આપણું ગજું નથી, એટલું જ નહીં પણ માણસ માત્રની બુદ્ધિ માટે પણ, એ અકળને અગોચર વસ્તુ છે." "બ્રહ્મ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગત વચ્ચેના સંબંધ વિષે કશો ખુલાસો આપી શકાય એમ નથી, તે અનિર્વચનીય છે. એવું ઉપ.એ માની લીધેલું છે અને એ અનિર્વચનીયતાને વેદાન્તે 'માયા' નામ આપ્યું છે.[૧૪]

☐ જગત્ અને બ્રહ્મ :

આ દૃશ્યમાન જગત્ વાસ્તવમાં ભ્રમ છે, વાસ્તવિક નથી.[૧૫] આ દૃશ્યમાન સંપૂર્ણ જગત્–પ્રપંચ વાસ્તવમાં બ્રહ્મ/પ્રણવ જ છે. આ જે દેખાય છે તે જ ચિત્ત વિશ્વમાં દેખાય છે અને તે સાધનનો એક અંશ માત્ર છે.[૧૬]

આ જગત્ પણ બ્રહ્મ છે, તેનાથી અલગ સત્તાવાળું નથી. તે બ્રહ્મથી અનન્ય છે એટલે અન્ય અથવા જુદું નથી તે. બ્રહ્મમાં અંતર્ગત છે. મુલ પ્રેરક બ્રહ્મના સચ્ચિદાનંદના અંશો પૂર્ણ વિભાવવાળા છે; પ્રેર્ય અથવા ભોક્તા જીવમાં તે સચ્ચિદાનંદના અંશો પૂર્ણ વિભવવાળા છે; પ્રેર્ય અથવા ભોક્તા જીવમાં તે સચ્ચિદાનંદના અંશો અપૂર્ણ અથવા આવૃત કલાવાળા છે. ભોગ્ય જગત્નું બીજ જો કે બ્રહ્મમાં અંતર્ગત છે તો પણ તે સચ્ચિદાનંદવાળા સ્વભાવનું નથી, પરંતુ તેથી વિરુદ્ધ ધર્મવાળું છે એટલે કે અસત્, જડ અને દુઃખ સ્વભાવવાળું તે દ્રવ્ય છે, પરંતુ આ જગત્નું બીજ બ્રહ્મની સત્તા મર્યાદા બહાર નથી. તે જે જે રૂપને ધારણ કરે તેવા સ્વભાવનું બની જાય છે. તે નામ–રૂપ–કર્મની ત્રિપુટીને આધારે તેનામાં રહેલી ગૂઢ શક્તિને માયા એવું નામ આપવામાં આવેલ છે.[૧૭]

જગતને ન સ્વીકારનારા અદ્વૈતવાદનો જે પ્રકાર છે તેનાથી ઉપ.નો સિદ્ધાંત અલગ પડે છે. ઉપનિષદનો સિદ્ધાંત વાસ્તવિક હકીકતોનો સ્વીકાર કરે છે, તે તેને દૃઢતાથી વળગી રહે છે. એ સિદ્ધાંતમાં સર્વોચ્ચ અથવા પરમ તત્ત્વ અર્થાત્ ઈશ્વરને 'અધિદૈવ' નામ આપેલું છે. 'અધિભૂત' અને 'અધ્યાત્મ' અર્થાત્ બાહ્ય જગત અને આંતરિક જીવ બન્ને એ અધિદૈવની અંદર સમાઈ ગયેલાં છે અને છતાં અધિદૈવ એ બન્નેની પારને તેનાથી મોટું પણ છે. પારમાર્થિક અથવા સર્વોચ્ચ અવસ્થામાં ફક્ત એક બ્રહ્મ જ હોય છે. "એના સિવાય બીજું કશું આપણે જોતા નથી, બીજું કશું આપણે સાંભળતા નથી, બીજું કશું જાણતા નથી."[૧૮]

જેવી રીતે વટવૃક્ષ એવાં સૂક્ષ્મ તત્ત્વનું બનેલું છે જે અમે જોઈ શકતા નથી, તેવી જ રીતે આ જગત્ અસીમ બ્રહ્મનું બનેલું છે.[૧૯]

આમ ઉપનિષદો અદ્વૈતમાં જ વિશ્વાસ રાખે છે. બ્રહ્મ જ સૃષ્ટિરૂપે પરિવર્તિત થાય છે. તે જ આત્મા છે. કર્મફળ ભોગવતો હોય આત્મા જ જીવ કહેવાય છે. વાસ્તવમાં તેને કોઈ બંધન હોતું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બ્રહ્મજીવાત્મૈક્ય – ૪.૪.૪

**અંત્યનોંધ :**

(૧) ડૉ. રાધાકૃષ્ણન્ – ઉપ.નું તત્ત્વજ્ઞાન, પૃ. ૭૧

(૨) छा. उप. ३.१३.७; १४.३.४

(૩) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૭૬

(૪) शब्दस्पर्शमया येऽर्था अनर्था इव ते स्थिताः । येषां सक्तस्तु भूतात्मा न स्मरेत्तु परं पदम् ॥

अगोचरं मनोवाचामवधूतादिसंप्लवम् । सत्तामात्रप्रकाशैकप्रकाशं भावनातिगम् ॥

– मैत्रेयी उप. १.५; १.१३

(૫) त्रिणाचिकादियोगान्ता ईश्वरभ्रान्तिमाश्रिताः । लोकायतादिसांख्यान्ता जीवविश्रान्तिमाश्रिताः ॥

तस्मान्मुमुक्षुभिर्नैव मतिर्जीवेशवादयोः । कार्या किन्तु ब्रह्मतत्त्वं निश्चलेन विचार्यताम् ॥

– महो. ४.७४.७५

(૬) पुनः स तमुवाच भगवन्कृपया मे सतत्त्वं सर्वं निवेदयेति । स तेन पृष्टः सर्वं निवेदयामास तत्त्वम् । पशुपतिरहंकाराविष्टः संसारी जीवः स एव पशुः । सर्वज्ञः पञ्चकृत्यसंपन्न सर्वेश्वर ईशः पशुपतिः ॥

स तमुवाच यथा तृणाशिनो विवेकहीनाः परप्रेष्याः कृष्यादिकर्मसु नियुक्ताः सकलदुःखसहाः स्वस्वामिबध्यमाना गवादयः पशवः । ता तत्स्वामिन इव सर्वज्ञ ईशः पशुपतिः ।

– जाबालि उप. ११. १५

(૭) छा. उप. ३.१४.१

(૮) योगचूडामणि उप. ८४

(૯) छा. उप. ८.७.१; केनो. द्वितीय खण्ड

(૧૦) छा. उप. ८.१२.१

(૧૧) केनो. २.५.१५; डॉ. रानडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण - पृ. १६९

(૧૨) छा. उप. ६.२.१; ६.२.२

(૧૩) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૯૦ અનુ. નંદશંકર શુક્લ

(૧૪) એજન પૃ. ૯૫

(૧૫) दृश्यं नास्तीति बोधेन मनसो दृश्यमार्जनम् ।

संपन्नं चेत्तदुत्पन्ना परा निर्वाणनिर्वृतिः ॥

– महो. २.३८



For Private And Personal Use Only

(१६) सर्वं किञ्चिदिदं दृश्यं दृश्यते चिज्जगद्गतम् ।

चिन्निष्पन्दांशमात्रं तन्नान्यदस्तीति भावय ॥१०॥

— महो. ४.९-११

(૧૭) ન. દ. મહેતા, ઉપ. વિચારણા ૧૩૦

(૧૮) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપ.નું તત્ત્વજ્ઞાન – પૃ. ૧૧૦ અનુ. ચંદ્રશંકર શુક્લ

— છાં. ઉપ. ૭.૨૪.૧

(१९) छा. उप. ६.१२

# જગત/સૃષ્ટિવિદ્યા - ૪.૪.૫

વિચારશીલ વ્યક્તિને સહજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે– આ સંપૂર્ણ સૃષ્ટિમાં જે વિવિધતા અને નિયમિતતા છે, તે શા માટે હશે ? તે વિવિધતામય સૃષ્ટિ શેમાંથી ઉત્પન્ન થઈ હશે ? આદિકાળથી આ પ્રશ્ન છે અને તેની ચર્ચા તત્ત્વજ્ઞાનીઓ કરે છે. ઋગ્વેદના નાસદીય સૂક્તમાં[1] આ પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યાં છે. સૃષ્ટિનાં આ રહસ્યને મનુષ્ય–દેવ વગેરે તો સમજી શકતા નથી, કારણ કે તેઓ તો સ્વયં સૃષ્ટિની અંદર છે. ઋગ્વેદમાં જ દશમાં મંડલમાં હિરણ્યગર્ભમાંથી[2] સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે તેમ દર્શાવ્યું છે.

એકનું અનેક ભાવમાં આવવું અને અનેકનું એક સૂત્રમાં ગ્રથિત થવું તે વિશ્વ સૃષ્ટિનો મૂળ સિદ્ધાન્ત છે. વૈદિક વાઙ્મયમાં વિશ્વનું યાન્ત્રિક સૃજન(વિકાસ દ્વારા) અને પ્રાકૃતિક ઉદ્‌ભાવનું પરિણામ, એમ બે સિદ્ધાન્તો જોઈ શકાય છે.[3]

ઋગ્વેદનાં પુરુષ સૂક્તમાં સૃષ્ટિ ઉત્પત્તિની પ્રક્રિયા આપેલી છે. તેમાં પ્રથમ વિરાટ્ પુરુષમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તેમ દર્શાવેલ છે.

માયાવાદી સિદ્ધાન્તને મહત્ત્વ આપવામાં આવે છે. તેને આધારે સૃષ્ટિ રચનાના વિવિધ સિદ્ધાન્તોનો સ્વીકાર કરી શકાય છે. જેમાં સર્વ પ્રથમ આ સંપૂર્ણ જગત્ દેવીના સ્વતંત્રરૂપમાંથી નિઃસૃત થયું, બીજો સિદ્ધાન્ત એ કે દેવીએ વિશ્વનું સૃજન કર્યું અને પછી આ વિશ્વ દેવીથી અલગ થઈ ગયું. ત્રીજું સ્વરૂપ દેવીએ વિશ્વરૂપમાં જ પોતાનું પરિવર્તન કરી દીધું. અર્થાત્ અખંડ આનંદ સ્વરૂપ પરમાત્મા પોતાની માયાથી કાલ્પનિક જીવ બનીને સંપૂર્ણ સાંસારિક શરીરોમાં કલ્પિત તાદાત્મ્ય દ્વારા પ્રવિષ્ટ થઈ ગયા.[4]

પુરુષ–પ્રકૃતિના સંયોગથી સૃષ્ટિની ઉત્પત્તિ પણ માનવામાં આવે છે. તેમાં ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે– "પુરુષ–પ્રકૃતિમાં સંપૂર્ણ મિલનને કારણે આ પૂર્ણ વિશ્વ અસ્તિત્વમાં આવ્યું."[5]

જગત્‌ની વ્યાખ્યાને વિશ્વ નિર્માણ મીમાંસા કહેવામાં આવે છે. તેમાં તાત્ત્વિક અને આધ્યાત્મિક એવી બે દૃષ્ટિઓ ઉપનિષદ્‌માં રહેલી છે. આમાં આધ્યાત્મિક દૃષ્ટિ ઉપ.નાં ઋષિઓને અભિપ્રેત છે. કારણ કે તાત્ત્વિક દૃષ્ટિબિંદુથી પૂર્ણ સમાધાન શક્ય નથી. કારણ કે તે અનુભવ દ્વારા જ વ્યક્ત કરી શકાય છે.

❑ **વાયુ :**

છા. ઉપ.માં રૈક્વમુનિ સંપૂર્ણ સૃષ્ટિનું મૂળ વાયુ માને છે. તેઓ પોતાનાં સિદ્ધાન્તને સમજાવવા માટે કથાશૈલીનો પ્રયોગ કરે છે.[6]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા જાનશ્રુતિ હંસોના સંવાદ દ્વારા રૈકવમુનિ વિશે સાંભળે છે. તે સાંભળી આશ્ચર્યમય બને છે; કારણ કે— લોકો જે કાંઈ પુણ્ય કરે છે તે અંતે તત્ત્વજ્ઞાની હોવાથી રૈકવમુની પાસે પહોંચી જાય છે. (રાજા) તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે રૈકવ મુનીને શોધવા સેવકોને મોકલે છે. ગાડાની નીચે બેઠેલા શરીરને ખંજવાળતા રૈકવમુનીને સેવકો જૂએ છે. રાજાને જાણ કરે છે; રાજા આવે છે. ધન—સંપત્તિ આપે છે ત્યારે તેને "શૂદ્ર" કહીને રૈકવમુની સ્વીકારતા નથી. ફરીથી પોતાની પુત્રી સાથે આવે છે. રૈકવમુની રાજપુત્રીનો સ્વીકાર કરે છે અને અન્ય ધન પરત આપે છે. તેમજ રાજાને જ્ઞાન આપતા જણાવે છે કે— અંતે વાયુમાં જ સંપૂર્ણ 'વસ્તુ જગત્'નો લય થઈ જાય છે. "જ્યારે આગ ઠરી જાય છે ત્યારે તે વાયુમાં લય પામે છે, સૂર્ય અસ્ત થાય છે ત્યારે તે વાયુમાં લય પામે છે, ચન્દ્રમાં અસ્ત થઈને વાયુમાં લય પામે છે, જળ સૂકાઈ જાય છે ત્યારે તે વાયુમાં લય પામે છે. આ પ્રકારે વાયુમાં જ સંપૂર્ણ પદાર્થોનો લય થાય છે." જે સંવર્ગવિદ્યા તરીકે પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે વાયુમાં જ બધી વસ્તુઓનો લય થતો હોય તો તેની ઉત્પત્તિ પણ તેમાંથી જ થતી હોય તે નિશ્ચિત છે. વાસ્તવમાં રૈકવમુનીનું દર્શન ગ્રીક તત્ત્વચિંતક અનૈક્ઝીમેન્ડર (Anaximander)ની સમાન છે. જેનો મત છે કે વાયુ જ સંપૂર્ણ વસ્તુઓનો આદિ અને અંત છે.[૭]

સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની હીરાક્લીટસ અગ્નિને જગતનું મૂળ ગણાવે છે. ઉપ.માં તે વિચાર સહેજ જુદી રીતે રજૂ થયો છે. ઉપ. અગ્નિને જગતનું મૂળ નહિં; પરંતુ પ્રથમજ માને છે. છા. ઉપ.માં વર્ણન છે કે— અન્નનું મૂળ જળ છે, જળનું મૂળ તેજ(અગ્નિ) છે, તેનો આધાર સત્ છે. અર્થાત્ સત્‌માંથી જે સૌપ્રથમ જન્મે છે તે અગ્નિ છે.[૮]

મહર્ષિ ઉદ્દાલક પૃથિવીને બધી જ વસ્તુઓનો મૂલાધાર માને છે; પ્રાચીન શાલ સ્વર્ગને, જ્યારે બુડિલ, શાર્કરાક્ષ્ય અને ઈન્દ્રદ્યુમ્ન ક્રમશઃ જલ, આકાશ અને વાયુને તેમજ સત્યયજ્ઞ દિવ્યાગ્નિ સૂર્યને. આ બધાં ઋષિઓ પંચમહાભૂતોને સૃષ્ટિનું મૂળ માને છે. તેમજ રૈક્વઋષિ વાયુને સૃષ્ટિનું મૂળ તત્ત્વ માને છે. અશ્વપતિ કૈકેય આ બધાં મતોમાં સમન્વય સાધતા તમે તે વૈશ્વાનર આત્માને પૃથક—પૃથક સમજીને ઉપાસો છો. વાસ્તવમાં તે બધાં જ લોકો અને બધાં જ પ્રાણીઓ, બધાં જ આત્માઓમાં અન્નનું ભક્ષણ કરનાર છે. તેનું સુતેજા(દ્યુલોક) મસ્તક છે, ચક્ષુ વિશ્વરૂપ(સૂર્ય) છે, પ્રાણ પૃથક્‌વર્ત્મા(વાયુ) છે, પૃથ્વી બન્ને પાદ છે, વૃક્ષઃસ્થલ વેદી છે. લોમ દર્ભ છે, દેહનો મધ્યભાગ બહુલ(આકાશ) છે. બસ્તિ જ રયિ(જલ) છે, હૃદય ગાર્હપત્યાગ્નિ, મન અન્વાહાર્યપચનાગ્નિ અને મુખ આહવનીય અગ્નિ છે. આ આખ્યાનથી વૈશ્વાનર આત્મા જ સૃષ્ટિનો સર્જન કરનાર છે, એમ સ્વીકારે છે. વિશ્વાત્મા તથા વૈશ્વાનર આત્માનાં સિદ્ધાન્તમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાવેશ કરે છે. તે વિશ્વાત્મા તથા વૈશ્વાનર આત્માને 'પ્રાદેશ–માત્ર' તથા 'અભિવિમાન–માત્ર' કહેવામાં આવી છે.[૯]

સ્વર્ગ શીશ છે, સૂર્ય નેત્ર છે. વાયુ શ્વાસ છે. આકાશ શરીર છે, જળ મૂત્રાશય છે અને પૃથ્વી ચરણ છે.[૧૦] જ્યારે સત્યકામ જાબાલ ઉપકોસલને[૧૧] જણાવે છે કે– સત્ય, સૂર્ય, ચંદ્ર અને વિદ્યુત્‌માં નહીં, પરંતુ શરીરમાં નેત્રની અંદર મેળવી શકાય છે. ત્યારે સૃષ્ટિ શાસ્ત્ર શરીર વિજ્ઞાન તરફ આગળ વધતું જણાય છે.[૧૨]

છા. ઉપ.માં[૧૩] જ પ્રવાહણ જૈવલિનો મત છે કે– બધી વસ્તુઓનું મૂળ સ્ત્રોત આકાશ છે. આકાશમાંથી બધી વસ્તુઓ ઉત્પન્ન થાય છે અને તેમાં જ લય પામે છે. આના સમર્થનમાં છા. ઉપ.[૧૪] વિશેષમાં જણાવે છે કે– આકાશ અગ્નિથી મહાન છે, સૂર્ય અને ચન્દ્ર, વિદ્યુત અને નક્ષત્ર આકાશની અંદર જ આવે છે. આકાશને કારણે જ મનુષ્ય બોલી શકે છે. આકાશમાં અને આકાશથી જ બધી વસ્તુઓનું વિધાન છે. અંતિમ સત્યમાની આકાશનું જ ચિંતન કરવું જોઈએ. કારણ કે આપણા અનુભવો આકાશમાં જ શક્ય બને છે.[૧૫]

સ્વામી વિવેકાનંદ[૧૬] પણ જણાવે છે કે– સંપૂર્ણ વિશ્વના જડ પદાર્થની, મૂળ આકાશ નામના જડ પદાર્થમાંથી ઉત્પત્તિ થઈ. ગુરુત્વાકર્ષણ, આકર્ષણ અથવા વિકર્ષણ વગેરે જીવનની જે મૂળભૂત શક્તિઓ છે, તે આદિ શક્તિ પ્રાણમાંથી ઉદ્‌ભૂત થઈ. આકાશ પર પ્રાણનો પ્રભાવ પડવાથી વિશ્વનું સૃજન અથવા પ્રક્ષેપણ થાય છે. ત્યારબાદ પ્રાણ જેમ જેમ વધુ ક્રિયાશીલ બને છે, તેમ તેમ વધુને વધુ સ્થૂળ પદાર્થો ઉત્પન્ન થાય છે. સમય જતાં સૃષ્ટિની પ્રગતિ સમાપ્ત થઈ જાય છે અને પ્રલયનો પ્રારંભ થાય છે.

આ વિચાર મહર્ષિ કણાદનાં સૂત્રોમાં વિશેષ સ્પષ્ટ બને છે. ત્યાં સ્પષ્ટ જણાવેલ છે કે– અવકાશમાં રહેલું આકાશ નિત્ય અણુઓનું બનેલું છે અને શબ્દ એ આકાશનો વિશિષ્ટ ગુણ છે એવું નિરૂપણ છે.[૧૭]

આ તાત્ત્વિક દૃષ્ટિ આધ્યાત્મિકતા તરફ ગતિ કરે છે. શૂન્યમાંથી સર્જન ન થાય તેમ છતાં ઉપનિષદો 'અસત્'ની પણ જગતનાં મૂળ તરીકે વિચારણા કરે છે. તેમાં છા.ઉપ. 'અંડ'ની કલ્પના રજૂ કરે છે.[૧૮]

### ❑ અસત્ :

છા.[૧૯] તૈત્તિરીય[૨૦] અને બૃહ. ઉપ.[૨૧] સૃષ્ટિના મૂળ કારણ તરીકે અસત્‌ને માને છે. અસત્‌માંથી સત્ ઉત્પન્ન થયું. તે સત્ એક બ્રહ્માંડનું રૂપ લે છે. આ બ્રહ્માંડમાંથી પૃથ્વી અને દ્યૌ (આકાશ) એવા બે ભાગ થયા પછી તેનાં અંશોમાંથી પર્વત, વાદળ, નદીઓ તથા સમુદ્ર વગેરેની ઉત્પત્તિ થઈ, બ્રહ્માંડમાંથી આદિત્ય ઉત્પન્ન થયા. આ આદિત્યમાંથી અન્ય બધી વસ્તુઓ ઉત્પન્ન થઈ.



For Private And Personal Use Only

છા. ઉપ.ની આ કથાનું ગ્રીસના ઑર્ફિક(ORPHIC) દેશનાં સૃષ્ટિ શાસ્ત્ર સાથે સામ્ય દર્શાવતાં ડૉ. રાનાડેએ જણાવે છે કે– "ક્રોનોસ(CRONOS) અને અડ્રાસ્ટિયા"(Adrastea)એ એક વિશાળ ઈંડાને ઉત્પન્ન કર્યું અને તેને વચ્ચમાંથી વિભાજિત કરી. ઉપરના ભાગમાંથી આકાશ અને નીચેના ભાગમાંથી પૃથ્વીની રચના કરી. આ ઈંડામાંથી 'ફેનીજ'(Phanes) નામનાં એક જ્યોતિઃ સ્વરૂપ દેવ નીકળ્યાં, જેની અંદર બધાં જ દેવતાઓ બીજ સ્વરૂપે હતાં. આ કલ્પનાની પાછળ કાળ અને નિયતિની કલ્પના સમાયેલી છે. ઈંડામાંથી સૃષ્ટિની કલ્પના પ્રાચીન જાતિઓની પૌરાણિક કથાઓમાં સમાન્તરરૂપથી પ્રાપ્ત થાય છે. પરંતુ 'અસત્'માંથી ઈંડાની સૃષ્ટિની મૌલિક કલ્પના છા. ઉપ.માં જોઈ શકાય છે."[૨૨]

છા. ઉપ. વિશ્વને એક વિશાળ બ્રહ્માંડ માને છે તેમ પેટી પણ માને છે. જેમાં નીચેનો ભાગ ભૂમિ, આકાશ આવરણ, અંતરિક્ષ અંતર્ભાગ, દિશાઓ ખૂણા છે અને તેમાં એક અમૂલ્ય કોશ રહેલો છે.[૨૩]

અસત્માંથી, અભાવમાંથી, શૂન્યમાંથી સર્જન શક્ય જ નથી. કોઈક વસ્તુ ઉત્પન્ન થાય, તો તેનું પહેલાં અસ્તિત્વ હોય જ અને તેથી જ સૃષ્ટિપ્રક્રિયામાં આગળ વધતાં ઉપનિષદો "સત્"માંથી સૃષ્ટિની ઉત્પત્તિ દર્શાવે છે.

છા. ઉપ.માં જણાવેલ છે કે– સૃષ્ટિનું મૂળ સત્ છે.[૨૪] સત્માંથી તેજ ઉત્પન્ન થયું. તેજમાંથી જળ, જળમાંથી અન્ન, અન્નમાંથી અંડજ, યોનિજ તથા ઉદ્ભિજ પેદા થયા. જ્યારે આદિ દેવતા ત્રણ સ્વરૂપે થયા ત્યારે તેમણે તેમાં પ્રવેશ કરવાની ઈચ્છા કરી, પોતાના આત્મા દ્વારા પ્રવેશ કરી નામ અને રૂપનું ઉદ્ઘાટન કર્યું. અગ્નિશિખામાં લાલવર્ણ અગ્નિનો અંશ છે, સફેદવર્ણ જળનો અને કૃષ્ણવર્ણ પૃથ્વીનો અંશ છે. અગ્નિશિખા નામાભિધાન માત્ર છે. મૂળભૂત સત્તા આ ત્રણ વર્ણોની જ છે. અહીં એમ કહેવામાં આવ્યું છે કે– અગ્નિ, જળ તથા પૃથ્વી પરસ્પર મળીને ત્રિવૃત્ત બની બધી વસ્તુઓનાં કારણ બન્યાં. આમ અહીં ઉપ.માં ત્રિવૃત્તકરણનો સિદ્ધાન્ત જોવા મળે છે, જે આગળ જતાં વેદાન્તમાં પંચીકરણનાં સિદ્ધાન્તનું રૂપ લે છે.

પંચીકરણનાં સિદ્ધાન્તને સમજાવતા ડૉ. રાનાડેએ જણાવે છે કે– તેજ, વાયુ, જળ, પૃથ્વી અને આકાશ આ મૂળ પંચમહાભૂતોમાંથી અર્ધો ભાગ અલગ રાખવામાં આવે છે અને બાકીના અર્ધભાગને સમાન ચાર ભાગોમાં વહેંચવામાં આવે છે. આ અલગ–અલગ મહાભૂતોના ચાર વિભાગ એકબીજાની સાથે સંમિલિત થઈને અર્ધોભાગ બને છે, જે મૂળ તત્ત્વનાં અર્ધાભાગ સાથે જોડાઈને મૂળ તત્ત્વનો વિકાસમય એક પૂર્ણ અંશ રચાય છે. આ રીતે 'ત્રિવૃત્કરણ'નાં સિદ્ધાન્તમાં મૂળ ત્રણ તત્ત્વો અગ્નિ, જળ, પૃથ્વી એ ત્રણેમાંથી બે–બે સમાન અંશોનો વિભાગ કરવામાં આવે છે જેમાંથી એક ભાગને અલગ રાખી બીજા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગને ફરીથી અર્ધા—અર્ધા સમાન અંશમાં વિભાજિત કરવામાં આવે છે. એ અન્ય મહાભૂતનાં અંશ મૂળ તત્ત્વનાં અર્ધભાગની સાથે જોડાઈને પૂર્ણ અંશની રચના કરે છે. આમ દરેક વસ્તુમાં દરેક મહાભૂતના થોડાક અંશ ચોક્કસ પણે હોય છે. આમ પરસ્પર સંમિશ્રણથી પરિણામ—મૂલક પદાર્થોની સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. આ પંચીકરણ અને ત્રિવૃત્કરણનો સિદ્ધાન્ત એક જ છે. તેમ વેદાન્તસારમાં[૫] શ્રી સદાનંદ સમજાવે છે. આ બન્ને સિદ્ધાન્તને નીચે કોઠામાં વિભાજિત કરવાથી સરળ રીતે સમજી શકાશે.

## પંચીકરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પૃથ્વી | ૧/૨ પૃથ્વી | ૧/૮ પાણી | ૧/૮ તેજ | ૧/૮ વાયુ | ૧/૮ આકાશ |
| પાણી | ૧/૮ પૃથ્વી | ૧/૨ પાણી | ૧/૮ તેજ | ૧/૮ વાયુ | ૧/૮ આકાશ |
| તેજ | ૧/૮ પૃથ્વી | ૧/૮ પાણી | ૧/૨ તેજ | ૧/૮ વાયુ | ૧/૮ આકાશ |
| વાયુ | ૧/૮ પૃથ્વી | ૧/૮ પાણી | ૧/૮ તેજ | ૧/૨ વાયુ | ૧/૮ આકાશ |
| આકાશ | ૧/૮ પૃથ્વી | ૧/૮ પાણી | ૧/૮ તેજ | ૧/૮ વાયુ | ૧/૨ આકાશ |

## ત્રિવૃત્કરણ

| | | | |
|---|---|---|---|
| અગ્નિ | ૧/૨ અગ્નિ | ૧/૪ જલ | ૧/૪ પૃથ્વી |
| જલ | ૧/૪ અગ્નિ | ૧/૨ જલ | ૧/૪ પૃથ્વી |
| પૃથ્વી | ૧/૪ અગ્નિ | ૧/૪ જલ | ૧/૨ પૃથ્વી |

આ સિદ્ધાન્ત એ બાબત સ્પષ્ટ કરે છે કે— દરેક તત્ત્વમાં દરેક તત્ત્વ રહેલું છે. અર્થાત્ મિશ્રણથી જ દરેક તત્ત્વ ઉત્પન્ન થાય છે. આ સૃષ્ટિના સૂર્ય, ચંદ્ર વગેરે બધાં જ તત્ત્વો મૂળ તત્ત્વોના વિકૃત રૂપ છે. આ પદાર્થોમાં જે લાલ છે તે તેજરૂપ છે; જે સફેદ છે તે જલરૂપ છે, જે કૃષ્ણ સ્વરૂપ છે તે અન્નનું રૂપ છે.[૭] છા. ઉપ.નો આ ત્રિવૃત્કરણનો સિદ્ધાન્ત પાછળથી પંચીકરણનો સિદ્ધાન્ત થઈ ગયો; વાસ્તવમાં એકજ છે પરંતુ ત્રિવૃત્કરણનો પ્રયોગ સરળ છે. કારણ કે આકાશ બધાને અવકાશ આપનાર છે અને વાયુ બધાં જ કાર્યોનું કારણ છે, બન્ને અભિન્ન છે. આ રીતે આકાશ અને વાયુનો તેજ, જલ અને અન્નમાં અંતર્ભાવ માનીને પ્રયોગની સરળતા માટે શ્રુતિએ ત્રિવૃત્કરણના સિદ્ધાન્તનું વર્ણન કર્યું છે.[૮]

શ્રીમદ્ શં. "પંચીકરણમ્"માં પણ આ જ બાબત કહે છે.[૯] તેમજ ત્રિવૃત્કરણ અને પંચીકરણ એક જ છે તેમ દર્શાવેલ છે.[૧૦]



For Private And Personal Use Only

સંતમાંથી આગળ વધતાં ઉપનિષદો આદર્શવાદની નજીક પહોંચતા જણાવે છે કે– સૃષ્ટિની ઉત્પત્તિ પ્રાણમાંથી જ થાય છે અને પ્રલય સમયે ફરીથી તેમાં જ લય થાય છે, તેમ મહર્ષિ ઉષસ્તિ ચાક્રાયણ જણાવે છે.[31]

પ્રાણનો મૂળ અર્થ 'શ્વાસ' છે. શ્વાસ મનુષ્યનું જીવન સર્વસ્વ છે. રૈક્વઋષિનો વાયુનો સિદ્ધાન્ત પણ આ જ બાબત સમજાવે છે. પરંતુ તેઓ પિંડ અને બ્રહ્માંડ વચ્ચે સંગતિ સ્થાપવા ઈચ્છતા હોય તેમ લાગે છે. તેઓ વાયુને જ વિશ્વનું જીવન તત્ત્વ કહે છે. તે જ રીતે શ્વાસ મનુષ્યનું જીવન તત્ત્વ છે.[32] "પ્રાણ પ્રલયનું ચરમ આશ્રય છે, બધાં જ પદાર્થોનો સંવર્ગ અર્થાત્ અંત છે. સુષુપ્તિમાં મનુષ્યની વાણી તેનાં પ્રાણમાં વિલીન થઈ જાય છે. નેત્ર, કાન, મન બધાં જ પ્રાણમાં વિલીન થાય છે. પ્રાણ લયનો ચરમ આશ્રય છે. રૈક્વઋષિએ જણાવે છે કે– "લયના બે આધાર છે, એક વ્યષ્ટિ જગત્ અને બીજું સમષ્ટિ જગત્, એક વાયુ અને બીજુ પ્રાણ."[33] આ જ સિદ્ધાન્તને સમજાવતાં સનત્કુમાર જણાવે છે કે– "જેવી રીતે ચક્રની બધી નાડીઓ નાભિકેન્દ્રમાં કેન્દ્રિત હોય છે, તેમ બધાં જ પદાર્થોની સંપૂર્ણ સત્તા પ્રાણમાં કેન્દ્રીભૂત છે."[34]

પ્રાણની શ્રેષ્ઠતાની કથા છા. ઉપ.નાં પંચમ અધ્યાયમાં છે. જેમાં બધી ઈન્દ્રિયો વચ્ચે વિવાદ ઉપસ્થિત થયો કે– આપણામાંથી શ્રેષ્ઠ કોણ ? સ્પર્ધા થતાં 'વાણી' બધાંથી પ્રથમ બહાર નીકળી; એક વર્ષ બાદ પરત ફરતાં અન્ય ઈન્દ્રિયોએ જણાવ્યું કે; જેવી રીતે મૂક વ્યક્તિ જીવન જીવે તેમ શરીર જીવિત રહ્યું. તેથી વાણીએ પુનઃ શરીરમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ આંખ શરીર છોડી એક વર્ષ માટે બહાર ચાલી ગઈ. પરંતુ તે પરત ફરી ત્યારે તેને પણ ઘણું જ આશ્ચર્ય થયું, કે મારાં વગર પણ શરીર જીવિત રહ્યું. તેને જણાવવામાં આવ્યું કે– એક અંધ વ્યક્તિની જેમ શરીર જીવિત રહ્યું. તેથી આંખોએ શરીરમાં પુનઃ પ્રવેશ કર્યો. ત્યારબાદ શ્રવણેન્દ્રિય શરીરની બહાર એક વર્ષ માટે ચાલી ગઈ. તે પરત ફરતાં આશ્ચર્યમય બની. તેને જણાવવામાં આવ્યું કે– બધીર પુરુષની જેમ શરીર જીવિત રહ્યું. તેથી શ્રવણેન્દ્રિયે શરીરમાં પુનઃ પ્રવેશ કર્યો. ત્યારબાદ મન એકવર્ષ માટે શરીરની બહાર ચાલ્યું ગયું. તેણે પરત ફરતાં શરીરને જીવિત જોતાં આશ્ચર્ય ચકિત બન્યું. તેને જણાવવામાં આવ્યું કે– એક અબોધ બાળકની જેમ 'મન' વગર શરીર જીવિત રહ્યું. તેથી તેણે (મને) શરીરમાં પુનઃ પ્રવેશ કર્યો. ત્યારબાદ 'પ્રાણ' જ્યારે શરીર છોડવાનો હતો; ત્યારે તેણે અન્ય ઈન્દ્રિયોને એવી રીતે ઉખાડીને ફેંકી દીધી જેવી રીતે શ્રેષ્ઠવંશવાળો ઘોડો પોતાના ખૂંટાને ઉખાડીને ફેંકી દે.[35] ત્યારે બધી જ ઈન્દ્રિયોએ પ્રાણને કહ્યું કે– "તમે અમારાં સ્વામી છો; અમને ન છોડો." વાણીએ પ્રાણને કહ્યું કે– "હું જો શ્રીમતી છું, તો તમે જ શ્રીમાન્ છો." નયને કહ્યું કે– "જો હું પ્રતિષ્ઠા છું,



For Private And Personal Use Only

તો તમે જ પ્રતિષ્ઠાવાન્ છે." કર્ણેન્દ્રિયે કહ્યું કે– "જો હું સંપત્તિ છું, તો તમે જ સંપત્તિવાન છો." મને કહ્યું કે'– "જો હું શ્રેષ્ઠ અધિષ્ઠાન છું, પરંતુ વાસ્તવમાં તમે જ શ્રેષ્ઠ અધિષ્ઠાન છો."[31]

તાત્ત્વિક દષ્ટિએ જગત્નાં સ્વરૂપ અને ઉત્પત્તિને સમજાવવા માટે ઋષિઓ જળ, અગ્નિ વગેરે તત્ત્વોને જગત્નાં મૂળ તરીકે ગણાવે છે. તેમ છતાં આ અનુભૂતિનો પ્રશ્ન હોય બૌદ્ધિક વિચારણા હંમેશાં અધૂરી જ રહેવાની. તેથી તેઓ અનુભૂતિની આધ્યાત્મિક વિચારણા તરફ આગળ વધે છે અને આ પરબ્રહ્મનો જે અનુભવ મેળવ્યો છે, તેને રજૂ કરવા પ્રયત્ન કરે છે. તે ક્યારેક અલ્પ, ક્યારેક વિશાળ દેખાય છે. તે માત્ર દષ્ટિનું પરિવર્તન છે, મૂળ બ્રહ્મનું નહીં. એક જ વસ્તુ નજીકથી વિશાળ અને દૂરથી સૂક્ષ્મ દેખાશે. તેમાં દષ્ટિભેદ છે. મૂળવસ્તુમાં કોઈ ભેદ નથી આવું જ જગતની ઉત્પત્તિ બાબતમાં છે.

અંતિમ સત્ને જાણવાની જિજ્ઞાસામાં ઉપનિષદો બ્રહ્મને જગતનું મૂળ ગણાવે છે. તેમાંથી જ આ જગત્ ઉત્પન્ન થાય છે, સ્થિર રહે છે અને લય પામે છે. આ આધ્યાત્મિક દષ્ટિમાં આગળ વધતા શરૂઆતમાં બ્રહ્મામાંથી સૃષ્ટિ ઉત્પત્તિની સાંખ્યમત પ્રમાણે રજૂઆત આવે છે. યોગચૂડામણિ ઉપ. બ્રહ્મામાંથી લોક, દેવ, તિર્યક, નર અને સ્થાવર સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે તેમ જણાવી તેમાં પ્રાણીનું શરીર પંચ મહાભૂતોમાંથી બને છે, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, જ્ઞાન, વિષય, પ્રાણ વગેરે પાંચ વાયુ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ સ્થૂળરૂપમાં કલ્પના કરેલા છે, તે શરીર પણ સ્થૂળ પ્રકૃતિ કહેવાય છે. આ જ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, જ્ઞાન, વિષય, પંચવાયુ, મન, બુદ્ધિ સૂક્ષ્મ રૂપમાં "લિંગ" કહેવાય છે.[33]

બ્રહ્મમાંથી સૃષ્ટિ ઉત્પત્તિની વાત મહો. સહેજ જુદી રીતે કરે છે. તેમાં આત્મા/જીવ જ વાસનારૂપી સંકલ્પોથી ચંચલ મનના સ્વરૂપમાં પરિવર્તિત થઈ જાય છે અને અંતે ક્રમશઃ પંચમહાભૂતને ધારણ કરે છે. તેમાંથી પિતામહ બ્રહ્મા ઉત્પન્ન થાય છે.[34] આ બ્રહ્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાનને પ્રત્યક્ષ જોનારા છે, તેમણે આત્મ દષ્ટિથી ભૂતકાળમાં થયેલ અનેક સૃષ્ટિને જોઈ, ત્યારબાદ પોતાના સંકલ્પો દ્વારા લીલાપૂર્વક અનેક પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી, તેમજ ધર્મ વગેરે પુરુષાર્થોની સિદ્ધિ માટે અનેક પ્રકારનાં શાસ્ત્રોની પણ રચના કરી. વાસ્તવમાં મન જ બ્રહ્મરૂપ છે, કારણ કે તેની કલ્પના દ્વારા જ સંસાર સ્થિર રહે છે. આમ મનનું જીવન બ્રહ્માજી સાથે જોડાયેલ છે. બ્રહ્માજીનું આયુષ્ય પૂર્ણ થતાં મનનું જીવન પૂર્ણ થાય છે. પરંતુ વાસ્તવમાં કોઈ જન્મતું નથી કે મૃત્યુ પામતું નથી. તેથી મોહ–માયાનો ત્યાગ કરી પ્રાપ્ત ભોગોને ભોગવવા તેમજ આંતરિક–બાહ્ય દશ્યોને ન ત્યજવા કે ન ગ્રહણ કરવા તે જ કર્મ છે; તેમ જણાવી નિષ્કામ કર્મ કરનારને જ ઉચ્ચપદની પ્રાપ્તિ થાય છે,[35] તેમ જણાવે છે. આ મહો.માં બ્રહ્મા સૃષ્ટિની રચના કરે છે. પરંતુ વાસ્તવમાં આત્મામાંથી સૃષ્ટિ રચનાની રજૂઆત છે. કારણ કે સર્વ પ્રપંચ આત્મામાંથી



For Private And Personal Use Only

બ્રહ્મા ઉત્પન્ન થાય છે અને પછી તે આગળ સૃષ્ટિની રચના કરે છે. જે પુરાણ સાહિત્યમાં સર્વપ્રથમ બ્રહ્માની ઉત્પત્તિ અને તે બ્રહ્મા દ્વારા સૃષ્ટિ ઉત્પત્તિની કથાને મળતી આવે છે.

યોગચૂડામણિ ઉપ.માં પ્રણવમાંથી સૃષ્ટિ ઉત્પત્તિની ચર્ચા પણ છે. તે ચર્ચા સાંખ્ય પ્રમાણે જ છે. પરંતુ તફાવત એ છે કે— સાંખ્ય પુરુષને દ્રષ્ટા અને ચેતન માને છે અને અવ્યક્ત એવી જડ પ્રકૃતિમાંથી સૃષ્ટિ સર્જન થાય છે, જ્યારે અહીં ૐ સ્વરૂપ જે નિત્ય, શુદ્ધ, બ્રહ્મ સ્વરૂપ, નિરંજન, નિર્વિકલ્પ, નામ રહિત જે પરબ્રહ્મ છે, તેણે સ્વયં જ્યોતિરૂપ પરાશક્તિને ઉત્પન્ન કરી. આ પરાશક્તિ/આત્મામાંથી આકાશની ઉત્પત્તિ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જલ, જલમાંથી પૃથ્વીની ઉત્પત્તિ થઈ.[૭૦] જળમાંથી પૃથ્વી ઉત્પત્તિની કથા વરાહ અવતારમાં જોઈ શકાય છે. જેમાં ભગવાન વરાહનો અવતાર ધારણ કરી સમુદ્રમાં પેસી ગયેલી પૃથ્વીને બહાર કાઢે છે.

સાંખ્યમાં અવ્યક્ત પ્રકૃતિમાં સામ્યાવસ્થામાં રહેલાં ત્રિગુણમાં ક્ષોભ ઉત્પન્ન થતાં પુરુષના ભોગ–મોક્ષ માટે સૃષ્ટિ સર્જન થાય છે;[૭૧] જ્યારે અહીં સ્વયં પરમાત્મા જ્યોતિરૂપ પરાશક્તિને ઉત્પન્ન કરે છે અને તેનો વિસ્તાર કરે છે. સાંખ્યમાં પંચમહાભૂતોના સ્વામીની વાત નથી; જ્યારે અહીં પંચમહાભૂતોનાં અધિપતિઓમાં સદાશિવ, ઈશ્વર, રુદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા છે. તેમાં બ્રહ્મા ઉત્પત્તિ, વિષ્ણુ પાલન અને રુદ્ર સંહાર કરતાં છે.[૭૨] જે આ ઉપ. પુરાણ સમયનું છે તેમ દર્શાવે છે અથવા આ વિચાર પૌરાણિક સમયમાં વિશેષ પ્રચલિત બન્યો છે.

અવ્યક્તો.માં સાંખ્યમત પ્રમાણે સૃષ્ટિ રચનાની રજૂઆત છે. પરંતુ ત્યાં અવ્યક્ત પરબ્રહ્મની આજ્ઞાથી વ્યક્તરૂપ પ્રજાપતિ સૃષ્ટિ રચનાની શરૂઆત કરે છે. તેમાં સર્વપ્રથમ તે લોકની રચના કરે છે. ત્યારબાદ ઇન્દ્ર વગેરે દેવતાઓની, રુદ્ર, આદિત્ય, ઋગ્વેદ વગેરે વેદોની, ગાયત્રી વગેરે છંદોની રચના કરે છે. પરંતુ આ બધાની સૃષ્ટિ કર્યા બાદ પણ પ્રજાની સૃષ્ટિ ન થતાં પ્રજાપતિ વિચારવા લાગ્યા; પ્રજાની સૃષ્ટિ કેવી રીતે કરું, તે જ સમયે તેની સામે એક લાલ ધનુષ્યધારી સ્ત્રી–પુરુષનું રૂપ લઈને પ્રગટ થયો. આ વર્ણન શિવના અર્ધનારીશ્વરરૂપની યાદ અપાવે છે. તે સ્ત્રી–પુરુષરૂપમાંથી સ્ત્રી અને પુરુષ રૂપને અલગ કરીને સૃષ્ટિ/પ્રજા રચવાનો આદેશ પ્રજાપતિએ આપ્યો.[૭૩] આમ અહીં મૈથુનિ સૃષ્ટિનો નિર્દેશ જોઈ શકાય છે. મૈત્રા. ઉપ.માં પણ જણાવેલ છે કે— સ્ત્રી–પુરુષનાં સંયોગથી આ જડરૂપ શરીર ઉત્પન્ન થાય છે.[૭૪]

આ આધ્યાત્મિક દૃષ્ટિ બિંદુમાં આંતરિક અનુભૂતિને વ્યક્ત કરતાં ઉપનિષદો બ્રહ્મમાંથી જ સૃષ્ટિની રચના થાય છે. તેમ જણાવી બ્રહ્મ જ સૃષ્ટિરૂપે આવે છે, તેમ જણાવે છે. આ જ વિચાર ઉપનિષદોમાં

સર્વોપરી છે અને તે યોગ્ય જ છે. આચાર્ય શંકર પણ આ જ મત ધરાવે છે. "જેમાં" બ્રહ્મમાંથી જ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, તેમાં જ સ્થિર રહે છે અને તેમાં જ લય પામે છે." એ જ મતને તેઓ અનુમોદન આપે છે.

શાંડિલ્ય વગેરે મહર્ષિઓ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ બ્રહ્મને માને છે, તે પુરુષ વસ્તુતઃ જગત્કારણ બ્રહ્મથી અભિન્ન છે અને તેમાં સર્વ સામર્થ્ય રહેલાં છે અને તે માટે तज्जलान् ઉપ. વાક્યનો પ્રયોગ કરે છે. "જે તત્ત્વમાંથી જગત જન્મે છે તે तज्ज; જેમાં તે જીવે છે અથવા જેમાં રહી પ્રાણ ધારણ કરે છે તે तदन्; અને જેમાં લય પામે છે તે तल्ल, આ ત્રણેનો સમન્વય तज्जलान् એ સમસ્ત પદથી વર્ણવ્યો છે." આ પુરુષ યજ્ઞમય છે. જેવા યજ્ઞ અથવા કર્મવાળો આ લોકમાં પુરુષ હોય તેવો તે મરણ પછી થાય છે. તેથી પુરુષે કર્મનિષ્ઠ થવું જોઈએ. આ પુરુષ સ્વભાવે મનોમય છે, પ્રાણમય શરીર–વાળો છે, જ્યોતિરૂપ છે, સત્ય સંકલ્પ છે, આકાશાત્મા છે, સર્વ કર્મ કરનાર, સર્વકામને સિદ્ધ કરનાર, સર્વગંધ સર્વરસ અને ટૂંકમાં આ બાહ્ય જગતમાં પ્રવેશી રહેલો છે, તે અક્ષુબ્ધ છે અને વાગાદિ ઇન્દ્રિયોથી પર છે. આવો મારો આત્મા હૃદયની અંદર છે, તે ડાંગર, યવ, સર્ષપ, ચોખા વગેરેના દાણા કરતાં પણ નાનો છે, તે હૃદયની અંદર વાસ કરી રહેલો છતાં પૃથ્વીથી મોટો, અંતરિક્ષથી મોટો, સ્વર્લોકથી પણ મોટા અને સર્વલોકથી પણ મોટા છે. સર્વકર્મા, સર્વકામ, સર્વરસ અને ટૂંકમાં આ વિશ્વરૂપ જે આત્મા કહ્યો અને જે અક્ષુબ્ધ તથા વાગાદિશૂન્ય છે, તે હૃદયવાસી આત્મા તે જ આ બ્રહ્મ છે અને તે બ્રહ્મરૂપ હું આ દેહ છોડયા પછી થઈશ એવો નિશ્ચય થાય તે સત્યનિષ્ઠ છે. તેમાં શંકા ધરવાનો સંભવ નથી." એમ મહર્ષિનું કહેવું છે.[૫]

આ જગતનું સર્જન વાસ્તવમાં બ્રહ્મ કરતાં નથી, પરંતુ સ્વયં જગતરૂપે આવે છે. તે આ "તજ્જલાન્" સૂત્ર દ્વારા સ્પષ્ટ થાય છે. આ જ બાબતને મુંડકો. અને શ્રીમદ્ શંકરાચાર્ય કરોળિયાનાં દૃષ્ટાન્તથી સમજાવે છે.

"જેમ કરોળિયો પોતાનામાંથી પોતાનું જાળું ઉત્પન્ન કરે છે, જેમ પૃથ્વી પર ઔષધી ઊગે છે, જીવંત મનુષ્યના શરીર અને મસ્તક પર જેમ વાળ ઊગે છે તેમ એક અવિનાશીમાંથી આ વિશ્વ ઉદ્ભવે છે."[૪૬]

આમ બ્રહ્મનું સ્વતંત્રપણું જાળવીને ઈશ્વરની ક્રિયારૂપી શક્તિ માયા આ વિશ્વ સર્જે છે. એકની અનેક બનવાની પ્રક્રિયા ઉપનિષદો આ રીતે વર્ણવે છે. વેદમાં પણ "એક છું બહુ થાઉં." વગેરે દ્વારા માયા દ્વારા જ બ્રહ્મ સ્વયં જ જગતરૂપે આવે છે. તેનો નિર્દેશ છે.

"માયા શાશ્વત શક્તિ છે. કેમ કે તે ઈશ્વર સાથે જોડાયેલી છે પણ અવિદ્યા અશાશ્વત છે. વિદ્યાનો ઉદય થતાં અવિદ્યા નાશ પામે છે પણ માયા તો રહે છે. આથી જ માયાને વસ્તુગત અને અવિદ્યાને વ્યક્તિગત ગણવામાં આવી છે." વિશેષમાં પ્રા. દવે જણાવે છે કે– "એકત્વ શોધ માટેનો પ્રયાસ એ અનેકત્વરૂપી જગતનો ઈન્કાર સૂચવતો નથી. સત્યની નિમ્ન કક્ષાએ જગત છે અને ઊર્ધ્વ કક્ષાએ બ્રહ્મ છે. ઊર્ધ્વમાં આરોહણ અર્થે નિમ્નની મર્યાદાઓ છોડવી જ પડે. આ જ 'માયા'ને અભિપ્રેત ઉપનિષદોનું વલણ છે."

બ્રહ્મ જ જગત્ સ્વરૂપે માયાથી પરિવર્તિત થાય છે; અર્થાત્ બ્રહ્મમાંથી જ સૃષ્ટિ–બ્રહ્મ જ સૃષ્ટિરૂપે આવે છે.[૪૭]

આ સંપૂર્ણ વિશ્વ/સૃષ્ટિ સર્વ શક્તિમાન મહાન્ બ્રહ્મનો મનોવિલાસ જ માત્ર છે. તેનું અધિષ્ઠાન અનુપમ છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ તથા અવ્યય સ્વરૂપ છે.[૪૮]

આ સંસાર/સૃષ્ટિ વાસ્તવિક નથી; પરંતુ આભાસરૂપ છે. જ્ઞાન દૃષ્ટિ પ્રાપ્ત થતાં તે દૂર થાય છે.[૪૯]

નિરંજન બ્રહ્મમાંથી સ્વયંજ્યોતિરૂપ પરાશક્તિ ઉત્પન્ન થઈ; આત્મામાંથી આકાશની ઉત્પત્તિ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ, જળમાંથી પૃથ્વીની ઉત્પત્તિ થઈ. આ પંચ મહાભૂતોના સ્વામી સદાશિવ, ઈશ્વર, રુદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા છે. તેમાં બ્રહ્મા ઉત્પત્તિ, વિષ્ણુ સ્થિતિ અને રુદ્ર નાશ કરવા માટે.[૫૦]

છા. ઉપ.માં સનત્કુમાર જણાવે છે કે– આત્મા જ બધી વસ્તુઓનું ઉદ્ગમ કારણ છે. આત્મામાંથી જ આશા અને સ્મૃતિનો તેમજ આકાશ–પ્રકાશ અને જળનો ઉદ્ભવ થાય છે; આત્મામાંથી બધી વસ્તુઓનો ઉદય થાય છે અને તેમાંજ લય થાય છે. આત્મા જ સંપૂર્ણ જ્ઞાન, શક્તિ અને આનંદનું ઉદ્ગમ સ્થાન છે.[૫૧]

મહા ઉપ. જણાવે છે કે– શરૂઆતમાં નારાયણ એકલાં જ હતાં, બ્રહ્મા વગેરે કશું જ ન હતું. તેથી તેઓએ અંતઃસ્થ સંકલ્પરૂપ ધ્યાન કરી ચૌદ પુરુષ અને એક કન્યાનું સર્જન કર્યું. તે ચૌદ પુરુષ એટલે દસ ઈન્દ્રિયો, મન, અહંકાર, પ્રાણ અને આત્મા તેમજ તેનાથી અલગ બુદ્ધિરૂપી કન્યા. ત્યારબાદ આ પંદર તત્ત્વોથી ભિન્ન સૂક્ષ્મ પંચ તન્માત્રાઓ અને પંચમહાભૂત ઉત્પન્ન થયા. આ પચ્ચીસ તત્ત્વોમાંથી એક વિરાટ્ પુરુષ બન્યો અને તેમાં વિરાટ્ પુરુષ પ્રવિષ્ટ થયો.[૫૨]

અહીં સાંખ્યની અસર જોઈ શકાય છે. સાંખ્યશાસ્ત્રમાં પણ પચ્ચીસ તત્ત્વોની વાત છે. શરૂઆતમાં સાંખ્ય નિરીશ્વરવાદી હતું; પરંતુ પાછળથી તેમણે ઈશ્વરનો સ્વીકાર કરેલ છે અને એ રીતે '૨૬' તત્ત્વો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે. જે મહા. ઉપ.માં તેમાં વિરાટ્ પુરુષે પ્રવેશ કર્યો, તે પુરુષનો સ્વીકાર કરીએ એટલે '૨૬' તત્ત્વો થાય.

મહારાજ જનક પણ શુકદેવજીને જણાવે છે કે - માનસિક સંકલ્પથી સૃષ્ટિની/પ્રપંચની ઉત્પત્તિ થાય છે અને વિકલ્પથી નષ્ટ થાય છે. જે બાબત સ્વયં શુકદેવજીએ ધ્યાનથી જાણી જ હતી, તેથી મહારાજ જનક તે વિસ્તારથી કહે છે.[૫૪]

બ્રહ્મ સંકલ્પથી લઈને ત્યાગ સુધીની આ સંપૂર્ણ સૃષ્ટિની કલ્પના ઈશ્વરે કરેલી છે. જાગ્રત અવસ્થાથી મોક્ષ સુધીનો સંપૂર્ણ સંસાર પ્રાણી દ્વારા જ કલ્પિત છે.[૫૫]

પરમાત્મતત્ત્વમાંથી સર્વપ્રથમ મનનો ઉદ્ભવ થયો છે; તે મનમાંથી વિકલ્પરૂપ આ સંસાર પ્રગટ થયેલ છે. શૂન્ય પણ શૂન્યનું સર્જન કરે છે. પરંતુ જ્યારે સંકલ્પ નાશ પામે છે ત્યારે જ સુંદરતારૂપ નીલિમા—બ્રહ્મ દેખાય છે.[૫૬]

કેનો. પણ સૃષ્ટિ ઉત્પત્તિનો નિર્દેશ કરે છે. તે પરમતત્ત્વ સ્વરૂપ બ્રહ્મને જ સૃષ્ટિનું મૂળ માને છે. મનનું, પ્રાણનું, વાણીનું, ચક્ષુ, શ્રોત્ર વગેરેનું પ્રેરક કોણ છે ?[૫૭] એ પ્રશ્નના સમાધાનરૂપે પરમ સત્ય સ્વરૂપ બ્રહ્મ જ તેને પ્રેરે છે, તે તત્ત્વ જ તેમાં વિલસી રહ્યું છે અને આ રીતે સત્ય બ્રહ્મને સૃષ્ટિનું મૂળ કહેલ છે. આ રહસ્યને સમજનાર પુનરાવૃત્તિને પામતો નથી.[૫૮]

અવ્યક્તો. પણ પરબ્રહ્મમાંથી જ સૃષ્ટિ ઉત્પત્તિની રજૂઆત કરે છે. પરંતુ તેમાં સાંખ્યની અસર જોઈ શકાય છે.

સર્વ પ્રથમ કશું જ ન હતું; સત્ હતું, અસત્ હતું વગેરે પ્રશ્નો ઊભા કરીને આ રૂપને માયાથી પરબ્રહ્મ ધારણ કરે છે.[૫૯] તે પોતાની શક્તિને અભિનંદે છે અને વધારે છે. તેઓએ સર્વપ્રથમ સુવર્ણમય અંડની રચના કરી. તેમાંથી પરમેષ્ઠી પ્રજાપતિની રચના કરી. તે પરમેષ્ઠીએ ઈચ્છા કરી કે મારું કુલ શું છે ? અર્થાત્ હું શેમાંથી ઉત્પન્ન થયો અને મારું કાર્ય શું છે ? ત્યારે પરમતત્ત્વએ વાણીથી કહ્યું કે– હે પ્રજાપતિ તમે અવ્યક્તમાંથી ઉત્પન્ન થયેલા વ્યક્ત છો. અહીં સાંખ્યની અસર જોઈ શકાય છે, ત્યાં સાંખ્યમાં અવ્યક્તમાંથી વ્યક્ત(બુદ્ધિ)ની ઉત્પત્તિ અને આગળ સૃષ્ટિ વિસ્તાર છે. તફાવત એટલો કે ત્યાં અવ્યક્તમાં રહેલાં ત્રણ ગુણોની સામ્યાવસ્થામાં ભંગ થતાં સૃષ્ટિ રચના શરૂ થાય છે. જ્યારે અહીં પરમતત્ત્વ સર્વ પ્રથમ અવ્યક્તમાંથી સુવર્ણમય ઇંડાની રચના કરી તેમાંથી પ્રજાપતિની ઉત્પત્તિ થઈ છે,તેમાં સત્ એવા પરમતત્ત્વની પ્રેરણા કારણભૂત છે. જ્યારે સાંખ્ય અસત્માંથી સૃષ્ટિની ઉત્પત્તિ સ્વીકારે છે અને ચેતન પુરુષને માત્ર દ્રષ્ટા તરીકે સ્વીકારે છે.



For Private And Personal Use Only

આ પરમેષ્ઠીરૂપ વ્યક્ત પ્રજાપતિનું કાર્ય સૃષ્ટિ રચવાનું છે. તેથી તેને સૃષ્ટિની રચના કરવા માટે સર્વપ્રથમ તપ કરવાની સૂચના આપવામાં આવે છે. તેણે એક હજાર વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક રહીને તપ કર્યું.[૬૯] પુરાણોમાં પણ વિષ્ણુનાં નાભિકમલમાંથી પ્રજાપતિ બ્રહ્માની ઉત્પત્તિ, તેઓની એક હજાર વર્ષની તપશ્ચર્યા બાદ સૃષ્ટિ રચવાની આજ્ઞા થતાં તેઓ સૃષ્ટિની રચના કરે છે.

પ્રજાપતિ એક હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરે છે, તેનાં પરિણામે તેને આનુષ્ટુભી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. તે વિદ્યા પરબ્રહ્મમાં પ્રતિષ્ઠિત છે. તે પરબ્રહ્મમાં જ સર્વે દેવો પ્રતિષ્ઠિત છે, જો તે પરમતત્ત્વને ન જાણીએ તો અન્ય સર્વે જાણીને શું લાભ ?

ડૉ. બેલવેલકર જણાવે છે કે– છા. ઉપ.માં[૭૦] એક નિશ્ચિત આદિ તત્ત્વમાંથી સર્વની ઉત્પત્તિ સમજાવી છે. આદિ તત્ત્વ પોતામાંથી બે રૂપ કરે છે; બીજું જગતની ઉત્પત્તિ માટે જવાબદાર છે. આ રીતે મૂળ તત્ત્વ સૃષ્ટિથી પર અને અવિકારી ગણી શકાય છે; કારણ કે તેનું બીજું રૂપ બધાં જ ભૂતો કે તમસ્, સત્, પ્રાણ, તેજસ, જળ, અન્ન કે આકાશ વગેરેમાંથી બધી ઉત્પત્તિનો નિર્દેશ છે.[૭૧]

"આચાર્ય શંકરના મતે ઉપનિષદોનો હેતુ સૃષ્ટિવર્ણનનો છે જ નહિ. તે તો સર્વ વસ્તુના મૂળમાં રહેલા બ્રહ્મનું જ પ્રતિપાદન કરવા માગે છે. તેઓના મતે ઉપ.માંથી આપણને જે બ્રહ્મજ્ઞાન મળે છે તે એક સરખું તથા વિરોધ રહિત હોવું જોઈએ."[૭૨] તેઓશ્રીના મતે "આદિ, મધ્ય અને અંત એમ ગમે તે જોશો તો પણ સર્વ ઉપનિષદો પ્રધાનતયા બ્રહ્મનું જ નિરૂપણ કરતાં જણાય છે. આ બ્રહ્મ એ જ સર્વનું મૂળ છે. આદિ સ્રોત છે. વિશ્વાત્મા છે. જે સત્ છે તેનું જ આકલન કરવું, તેની જ શોધ કરવી એ જ ઉપનિષદોનો કેન્દ્રવર્તી વિષય રહ્યો છે."[૭૩]

પૉલ ડૉયસનનાં મતે ઉપ.માં સૃષ્ટિ વિશે ચાર જુદાં જુદાં સિદ્ધાંતો રહેલાં છે. દા.ત.[૭૪]

(૧) જડ દ્રવ્ય અનાદિકાળથી બ્રહ્મથી સ્વતંત્ર રીતે હસ્તી ધરાવે છે એ જડ દ્રવ્યને ઘડીને તે જુદાં જુદાં ઘાટ આપે છે, પણ એ દ્રવ્યનું સર્જન તે કરતું નથી.

(૨) બ્રહ્મ શૂન્યમાંથી વિશ્વને સર્જે છે અને વિશ્વ જો કે બ્રહ્મનું સર્જેલું છે ખરું છતાં તેનાથી સ્વતંત્ર છે.

(૩) બ્રહ્મ પોતે કાયાપલટો કરીને વિશ્વનું રૂપ ધારણ કરે છે ને એ રીતે વિશ્વને સર્જે છે.

(૪) બ્રહ્મ એકલું સાચું છે અને સૃષ્ટિ જેવું કંઈ છે જ નહિ.

ડૉયસનનાં મતે છેલ્લો મત ઉપ.નો મૂળભૂત સિદ્ધાંત છે. જગતની હસ્તીનો ઈન્કાર કરવો એ દરેક સાચા ધર્મનું સારભૂત તત્ત્વ છે, એમ માનતા હોય; ડૉયસન જગતને આભાસ, ઈન્દ્રજાળ કે ભ્રમનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડછાયો કહે છે. તેઓ એટલું તો કબૂલ કરે છે કે– બ્રહ્મને વિશ્વરૂપ માનનારો "આ બધુ બ્રહ્મ છે" એમ કહેનારો મત તે ઉપ.નો પ્રચલિત સિદ્ધાંત છે, પરંતુ તે એમ પણ કહે છે કે; જગત્‌ને પ્રતિભાન અથવા ઇન્દ્રજાળ માનનારો મત તે ઉપ.નો મૂળભૂત સિદ્ધાન્ત છે; પરંતુ આ મત સ્વીકાર્ય બન્યો નથી.

આ જગત્ કારણ ભૂમિકાનું દ્રવ્ય છે અને તે સદ્‌બ્રહ્મની અપેક્ષાએ અસત્ ગણાય છે. અસત્ એટલે શૂન્ય અથવા મિથ્યા નહિં, પણ જેનાં નામ અને કર્મ સ્પષ્ટ થયાં નથી તેવું દ્રવ્ય. ઋગ્વેદનાં નાસદીય સૂક્તમાં(૧૦.૧૩૦) આ કારણ દ્રવ્યની ભાવના છે. તેમાં ઋષિ જણાવે છે કે– "આ વિશ્વ પ્રકટ થતા પહેલાં તેનું ઘટક દ્રવ્ય અસત્ એટલે અભાવરૂપ ન હતું, તેમ સત્ એટલે સ્પષ્ટ ભેદવાળું પણ ન હતું. તે સ્થિતિમાં અંતરિક્ષ ન હતું, આકાશ પણ ન હતું. પરંતુ અત્યંત ગહન અને ગંભીર જળની(આ જળ એટલે પંચમહાભૂતમાં ગણાયેલું જળ નહિ, પરંતુ વિશ્વનું ઘટક પ્રવાહી દ્રવ્ય સમજવું.) નિહારિકા હતી. આ દ્રવ્યમાં કોણ કોને શા પ્રયોજન અર્થે આવરણ કરી રહ્યું છે તે સમજાય એવું ન હતું.... આ વિશ્વ કેવી રીતે પ્રકટ થયું, વિસ્તાર પામ્યું, તે સમજનાર સમજાવનાર કોણ હશે ? દેવો જાણતા હશે એ કહેવું બરાબર નથી. કારણ કે દેવતા વર્ગ તો આ સૃષ્ટિનાં આરંભ પછી પ્રકટયો છે એટલે તે કારણ અવસ્થાને શી રીતે જાણે ? આ કારણ દ્રવ્યનો અધ્યક્ષ પરમવ્યોમમાં(ચિદાકાશમાં) રહેલો કદાચ આ રહસ્યને જાણતો હશે; કદાચ જાણતો પણ ન હોય." આમ આ સૂક્તમાં આદિકારણ દ્રવ્યની ભાવના ઊભી કરી છે.[૫] જે પાછળથી ઉપ.માં વિકાસ પામે છે અને બ્રહ્મ સુધી પહોંચે છે.

ઉપ.માં વર્ણિત સૃષ્ટિ પ્રક્રિયાનાં સંદર્ભમાં ડૉ. રાધાકૃષ્ણન્‌નાં વિચાર દ્રષ્ટવ્ય છે. તેઓના મતાનુસાર "ભૌતિક સૃષ્ટિના વિકાસને ઉપનિષદો આકાશના પ્રસારથી જૂએ છે. તેની મુખ્ય વિશેષતા કંપન છે, જે શબ્દમાં આપણને પ્રત્યક્ષ થાય છે. આકાશમાંથી વાયુ અને વાયુમાંથી કંપન ઉત્પન્ન થાય છે. આ કંપન જાતે જ પોતાના કોઈ આકારની રચના કરી શકતું નથી. તેને સહયોગ અને અવરોધની જરૂરિયાત છે. વાયુનું બીજું રૂપાંતર કંપનોની પરસ્પર ક્રિયા છે. અનેક શક્તિઓને સંભાળવા માટે વાયુનું ત્રીજું સ્વરૂપ તેજ છે, જેનું પ્રત્યક્ષરૂપ તાપ અને પ્રકાશ છે, તેટલાથી પણ વિશ્વના કોઈ સ્થિર સ્વરૂપની સૃષ્ટિ નથી થતી; તેથી તેની પૂર્તિમાં જલ ઉત્પન્ન થયું. તેને પણ ઘટતા પૃથ્વીથી પ્રાપ્ત થાય છે, આમ જગત્‌નો ઉત્તરોત્તર વિકાસ સ્થૂળ થવાનો છે. આ બધાં જ સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થોમાંથી જ પૃથ્વી વગેરે પંચમહાભૂત– ભૌતિક પદાર્થો બને છે. આપણો ઇન્દ્રિયાનુભવ પણ તેની ઉપર જ નિર્ભર છે. કંપનની ક્રિયાથી શબ્દેન્દ્રિયનું સર્જન થાય છે. કંપનોમાં વાતાવરણમાં વર્તમાન વસ્તુઓની ક્રિયાના સ્પર્શથી સ્પર્શેન્દ્રિયનું નિર્માણ થાય છે. ત્રીજા સ્વરૂપ



For Private And Personal Use Only

પ્રકાશની ક્રિયાથી દર્શનેન્દ્રિય તથા જલની ક્રિયાથી રસનેન્દ્રિય અને પૃથ્વીની ક્રિયાથી ઘ્રાણેન્દ્રિયનું નિર્માણ થાય છે."

આ જ પ્રમાણે ઉપનિષદો પ્રકૃતિવાદી સિદ્ધાંતનો સ્વીકાર કરતી નથી. જગત્‌ને એક એવો સ્વચાલિત વિકાસ સમજવો યોગ્ય નથી; જેનો કોઈ બૌદ્ધિક ક્રમ ન હોઈ....એટલું જ નહીં આ જગત્ અર્થહીન સંયોગોનું પરિણામ પણ નથી. આ એક પ્રયોજન છે, જે યુગ-યુગાન્તરોથી કાર્ય કરે છે, જગત્‌માં આદિબ્રહ્મની ક્રિયા નિરંતર ચાલતી જ રહે છે.[૬]

કોઈપણ વસ્તુ મૂળમાં મોજૂદ હોય જ છે તેથી જ તેનું સર્જન થાય છે. દહીંમાં માખણના કણો પહેલેથી જ મોજૂદ હોય છે. તેથી જ વલોવવાથી તે ઉપર આવે છે.(છા. ૬.૬.૧) ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે– "ગ્રીક ફિલસૂફ ઍનૅક્‌સૅગોરસના "જુદી જુદી જાતનાં જડ દ્રવ્યો એકબીજામાં ઓતપ્રોત હોય છે." – એ સિદ્ધાંતને આ વિચાર મળતો આવે છે. તેને સમજાવતાં એડમસન કહે છે કે "માણસ જે કંઈ પોષણ લે છે તેને પોતાના દેહમાં આત્મસાત્ કરી લે છે. આવી વસ્તુ દુનિયામાં બનતી જોઈ અન્નનું રૂપાંતર હાડમાંસમાં થયું એમ જો આપણને લાગે, તો આપણે એનો અર્થ એવો કરવો જોઈએ કે અન્નનું રૂપાન્તર જે પદાર્થોમાં થયું તે જ પદાર્થો અન્નની અંદર પહેલેથી જ મોજૂદ છે; પણ તે એટલા સૂક્ષ્મ પ્રમાણમાં છે કે આંખથી જોઈ શકાય નહીં. અન્ન ખરેખર માંસ અને લોહીના તથા ચરબી અને હાડકાના કણનું બનેલું છે."[૭]

તેથી જ જગત્ એ બ્રહ્મનું સરજેલું છે, એમ કહેવાને બદલે, આપણે એમ કહેવું જોઈએ કે– 'જગત એ અપરિમિત પરબ્રહ્મે પોતે સ્વીકારેલું તેનું જ પરિમિતરૂપ છે." આમાં બીજા વિધાનમાં સત્યનો અંશ વધારે છે.[૮]

ઉપનિષદોનાં આગળ જોયેલા દૃષ્ટાન્તોને આધારે ઉપનિષદો એકત્વની અનુભૂતિ ઉપર ભાર મૂકતા જણાય છે. "જીવાત્માને ભેદદૃષ્ટિ હોવાથી જીવાત્માને થતું જ્ઞાન જ્ઞાતા-જ્ઞેયના ભેદો પર અવલંબિત હોય છે. ભેદ દૃષ્ટિમાં જે દેખાય તે જગત અને અભેદ-દૃષ્ટિમાં જે અનુભવાય તે 'બ્રહ્મ."[૯]

જગત્ એ બ્રહ્મનો આવિર્ભાવ છે. આ સંબંધ એક તરફી છે. બ્રહ્મને પોતાના આવિર્ભાવની અપેક્ષા નથી પરંતુ જગતને પોતાની નિષ્પત્તિ માટે બ્રહ્મમાં આધારની આવશ્યકતા છે અને તેથી જ બ્રહ્મસૂત્રકાર પણ "जन्माद्यस्य यतः" સૂત્ર આપે છે. આ સમગ્ર ચર્ચાનો સાર એ છે કે–

– બ્રહ્મ જગતનું મૂળ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

— જગત નિત્ય—અનિત્યનું સંમિશ્રણ છે. આત્મા નિત્ય પણ જીવ અનિત્ય. એ જીવભાવ જે પોતાના માટે નિત્યતા માની લે છે તે જ અજ્ઞાન છે.

— જગત પરિવર્તનશીલ છે છતાં અનાદિ—અનંત છે.

— જગત પરબ્રહ્મનો આવિર્ભાવ માત્ર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જગત/સૃષ્ટિવિદ્યા - ४.४.५

**અંત્યનોંધ :**

(१) को अद्धा वेद क इह प्र वोचत् कुत आजाता कुत इयं विसृष्टिः ।
अर्वाग्देवा अस्य विसर्जनेनाऽथा को वेद यत आबभूव ॥
इयं विसृष्टिर्यत आबभूव यदि वा दधे यदि वा न ।
यो अस्याध्यक्षः परमे व्योमन् त्सो अङ्ग वेद यदि वा न वेद ॥

— ऋग्वेद १०.१२९.६-७

(२) ऋग्वेद १०.९२.१

(३) डॉ. नित्यानंद शुक्ल-ब्रा. ग्रन्थों मे सृष्टिविचार, पृ. १५

(४) वही पृ. १६

(५) डॉ. राधाकृष्णन् भारतीय तत्त्वज्ञान

(६) छा. उप. ४.१,२,३ खण्ड

(७) डॉ. रानडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण - पृ. ५६

(८) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૦૭

(८) (२५) तस्य क्व मूलम्......सदायतनाः सत्प्रतिष्ठाः ॥

— छा. उप. ६.८.४

(९) छा. उप. ५.१८

(१०) तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो बस्तिरेव रयिः पृथिव्येव पादावुर एव वेदिर्लोमानि बर्हिर्हृदयं गार्हपत्यो मनोऽन्वाहार्यपचन आस्यमाहवनीयः ॥

— छा. उप. ५.१८-१-२

(११) छा. उप. अ. ४

(१२) Ranade R. D. A Constructive Survey of Upanisadic Philosophy, P. 35-33

(१३) अस्य लोकस्य का गतिरित्याकाश इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्त आकाशं प्रत्यस्तं यन्त्याकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम् ॥

— छा. उप. १.९.१

(१४) एतद्ध स्म वै तद्विद्वांस आहुः पूर्वे महाशाला महाश्रोत्रिया न नोऽद्य कश्चनाश्रुतममतमविज्ञातमुदाहरिष्यतीति ह्येभ्यो विदांचक्रुः ॥

— छा. उप. ६.४.५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१५) छा. ७.१२.१

(१६) स्वामी विवेकानंद- वेदांतदर्शन- पृ. ४-५

(१७) પ્રા. ઉપે. ઉપ.નું તત્વજ્ઞાન, પૃ. ૧૦૮

(१८) छा. उप. ३.१९

(१९) आदित्यो ब्रह्मेत्यादेशस्तस्योपव्याख्यानमसदेवेदमग्र आसीत् । तत्सदासीत्तत्समभवत्तदाण्डं निरवर्तत तत्संवत्सरस्य मात्रामशयत तन्निरभिद्यत ते आण्डकपाले रजतं च सुवर्णं चाभवताम् ।

तद्यद्रजतं सेयं पृथिवी यत्सुवर्णं सा द्यौर्यज्जरायु ते पर्वता यदुल्बं समेघो नीहारो या धमनयस्ता नद्यो यद्वास्तेयमुदकं स समुद्रः ॥

अथ यत्तदजायत सोऽसावादित्यस्तं जायमानं घोषा उलूलवोऽनूदतिष्ठन्सर्वाणि च भूतानि सर्वे च कामास्तस्मात्तस्योदयं प्रति प्रत्यायनं प्रति घोषा उलूलवोऽनूत्तिष्ठन्ति सर्वाणि च भूतानि सर्वे च कामाः ॥

— छा. उप. ३.१९-१-२

(२०) नैवेह किंचनाग्र आसीत् .....रसं निरवर्तताग्निः ॥

— बृह. उप. १.२.१.२

(२१) असद्वा इदमग्र आसीत् ततो वै सदजायत. तदात्मानम् स्वयमकुरुत । तस्मात् तत् सुकृतमुच्यते ।

— तैत्तिरीय उप. २.७.१

(२२) Rande, R. D. 'A Constroctive Survey of Upanisadic Philosophy, P. 84

(२३) अन्तरिक्षोदरः कोशो भूमिबुध्नो न जीर्यति दिशो ह्यस्य स्रक्तयो द्यौरस्योत्तरं बिलमस एष कोशो वसुधानस्तस्मिन्विश्वमिदं श्रितम् ॥

— छा. उप. ३.१५.३

(२४) सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ॥६.२.२॥

.... । तस्माद्यत्र क्व च शोचति स्वेदते वा पुरुषस्तेजस एव तदध्यापो जायन्ते ॥६.२.३॥

...., ता आप....ता अन्नमसृजन्त ॥६.२.४॥

तेषां खलु एषां भूतानां त्रीण्येव बीजानि भवन्त्याण्डजं जीवजमुद्भिज्जमिति । ६.३.१॥

....अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ॥६.३.२॥

यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्यापागादग्नेरग्नित्वं वाचारम्भणं विकारो नामधेयं त्रीणि रूपाणीत्येव सत्यम् ॥६.४.१॥

यदादित्यस्य.....। यच्चन्द्रमसो....। यद्विद्युतो... ॥६.४.२, ३, ४॥

— छा. उप. अ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२५) Rande R. D. A constructive Survey of Upanisadic Philosophy, P. 61-62

(२६) स्थूलभूतानि तु पञ्चीकृतानि । पञ्चीकरणं त्वाकाशादिपञ्चस्वेकैकं द्विधा समं विभज्य तेषु दशसु भागेषु प्राथमिकान्पञ्चभागान्प्रत्येकं चतुर्धा समं विभज्य तेषां चतुर्णां भागानां स्वस्वद्वितीयार्धभागपरित्यागेन भागान्तरेषु संयोजनम् । तदुक्तम्–

"द्विधा विधाय चैकैकं चतुर्धा प्रथमं पुनः ।

स्वस्वेतरद्वितीयांशैर्योजनात्पञ्च पञ्च ते" इति ॥

— स्वामी सदानंद, वेदान्तसार पृ.६७-६८

(२७) छा. उप. ६.४.१

(२८) आकाशस्य सर्वावकाशतया सर्वाभिव्यक्तिहेतुत्वाद्वायोश्च सर्वचेष्टाहेतुत्वेन सर्वाविनाभूतत्वात्तयोरन्तः प्रभृतित्वेन तर्थाव सिद्धवत्कृत्य त्रिवृत्करणं प्रयोगसौकर्यार्थं श्रुतिर्निर्दिशत्यपूर्व ।

— डॉ. राजेन्द्र मिश्र, वेदवाणी-विशेषाङ्क - पृ. ६५

(२९) (ब्रह्मणः पञ्चमहाभूतानि) पञ्चमहाभूतेभ्योऽखिलं जगत् । पञ्चानां भूतानामेकैकं द्विधा विभज्य स्वार्धभागं विहायार्धं भागं चतुर्धा विभज्येतरेषु योजितं पञ्चीकरणं मायाकल्पदर्शनं भवति । अध्यारोपापवादाभ्यां निष्प्रपञ्चम् प्रपञ्च्यते ।

— श्रीमद् शंकराचार्य, पञ्चीकरणम्, पृ. २५

डॉ. कामेश्वरनाथ मिश्र (टीकाकार)

(30) न्यायश्च–श्रुतौ त्रिवृत्करणोक्तिबलादत्रिवृत्कृतानां स्थूलव्यवहारानर्हत्वं गम्यते, अन्यथा तदुक्तवैयर्थ्यादत्रिवृत्कृतभूतकार्याणामिन्द्रियाणामतीन्द्रियत्वेन स्पष्टव्यवहारादर्शनाच्च त्रिवृत्करणमर्थवदिति वक्तव्यम् । एवं पञ्चीकरणाभावे आकाशवायुभ्यामपि स्पष्टावकाशदानादिस्थूलव्यवहारो न स्यादिति न्यायदेव पञ्चीकरणमङ्गीकार्यम् । त्रिवृत्करणश्रुतिस्तु छान्दोग्ये भूतत्रयसृष्टिश्रुतिर्यथा पञ्चभूतोपलक्षणार्था वियदधिकरण.(ब्र. सू. अ. २ पा. ३ सू. १) न्यायेन, तथा त्रिवृत्करणश्रुतिरपि पञ्चीकरणोपलक्षणार्था । व्यपदेशव्याप्तिस्तु "वैशेष्यात्तु तद्वादस्तद्वादः" इतिन्यायेनाऽऽभूयस्त्वादेव परिहृतेति भावः ॥१०॥

— [illegible] ४८-४९

(31) प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते । सैषा देवता प्रस्तावमन्वायत्ता । तां चेदविद्वान्प्रास्तोष्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥

— छा. उप. १.११.५

(32) Ranade R. D., A Constructive Suvery of Upanisadic Philosophy, P. 62

(33) तौ वा एतौ द्वौ संवर्गौ वायुरेव देवेषु प्राणः प्राणेषु ॥



For Private And Personal Use Only

अथाध्यात्मं प्राणो वाव संवर्गः स यदा स्वपिति प्राणमेव वागप्येति प्राणं चक्षुः प्राणं श्रोत्रं प्राणं मनः प्राणो ह्येवैतान्सर्वान्संवृङ्क्त इति ॥

– छा. उप. ४.३.३-४

(३४) प्राणो वा आशाया भूयान्यथा वा अरा नाभौ समर्पिता एवमस्मिन्प्राणे सर्वं समर्पितम् ।

– छा. उप. ७.१५.१

(३५) ते ह प्राणाः प्रजापतिं पितरमेत्योचुर्भगवन्को नः श्रेष्ठ इति तान्होवाच यस्मिन्व उत्क्रान्ते शरीरं पापिष्ठतरमिव दृश्येत स वः श्रेष्ठ इति ॥

अथ ह प्राण उच्चिक्रमिषन्स यथा सुहयः पड्वीशशङ्कून्संखिदेदेवमितरान्प्राणान्समखिदत्तं हाभिसमेत्योचुर्भगवन्नेधि त्वं नः श्रेष्ठोऽसि मोत्क्रमीरिति ॥

– छा. उप. ५.१.७; १२

(३६) न वै वाचो न चक्षूंषि न श्रोत्राणि न मनांसीत्याचक्षते प्राणा इत्येवाचक्षते प्राणो ह्येवैतानि सर्वाणि भवन्ति ॥

– छा. ५.११.५

(३७) ज्ञानकर्मेन्द्रियैर्ज्ञानविषयैः प्राणादिपञ्चवायुमनोबुद्धिचित्ताहङ्कारैः ....सूक्ष्मस्थोऽपि लिङ्गमेवेत्युच्यते ।

– योगचूडा. उप. ७२

(३८) निरञ्जनलशिखादग्धं कोपाजगरचर्वितम् । कामाब्धिधनकल्लोलरतं विस्मृतात्मपितामहम् ॥

समुद्धर मनो ब्रह्मन्मातङ्गमिव कर्दमात् । एवं जीवाश्रिता भावा भवभावनयाहिताः ॥

अहंकारकलायुक्तं बुद्धिबीजसमन्वितम् । तत्पुर्यष्टकमित्युक्तं भूतहृत्पद्मषट्पदम् ॥

कालेन स्फुटतामेत्य भवत्यमलविग्रहम् । बुद्धिसत्त्वबलोत्साहविज्ञानैश्वर्यसंस्थितः ॥

– महो. उप. ५. १३४, १३५, १५२, १५७

(३९) महो. उप. अ. ५ १५८, १६३ १६५, १७१ १७५

(४०) ॐ नित्यं शुद्धं बुद्धं....सर्वसाक्षीत्यतः परः ....॥

– योगचूडामणि उप. ७२

(४१) पुरुषस्य दर्शनार्थं कैवल्यार्थं तथा प्रधानस्य ।

पङ्ग्वन्धवदुभयोरपि संयोगस्तत्कृतः सर्गः ॥

– सांख्यकारिका २१

(४२) ....तेषां ब्रह्माविष्णुरुद्राश्चोत्पत्तिस्थितिलयकर्तारः.....॥

– योगचूडामणि उप. ७२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(४३) ....ततः प्रथमपादाद्गुरूपो देवः प्रादुरभूत् एकः श्यामः पुरतो रक्तः पिनाकी स्त्रीपुंसरूपस्तं विभज्य स्त्रीषु तस्य स्त्रीरूपं पुंसि च पुरूपं व्यधात्। उभाभ्यामंशाभ्यां सर्वमादिष्टः। ततः प्रजाः प्रजायन्ते।

— कल्पकरी. पृ. ४९०

(४४) अथान्यत्राप्युक्तं शरीरमिदं मैथुनादेवोद्भूतं संविदपेतं निरय एव मूत्रद्वारेण निष्क्रान्तमस्थिभिश्चितं मांसेनानुलिप्तं चर्मणावबद्धं विण्मूत्रपित्तकफमज्जामेदोवसाभिरन्यैश्च मलैर्बहुभिः परिपूर्णं कोश इवावसन्नमिति॥

— मैत्रा. उप. ३.४

(४५) सर्वं खलु इदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत। अथ खलु क्रतुमयः पुरुषो यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत॥ मनोमयः....॥ एष म....॥ सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्या–त्तोऽवाक्यनादर एष म आत्मान्तर्हृदय एतद्ब्रह्मैतमितः प्रेत्याभिसंभवितास्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्तीति ह स्माह शाण्डिल्यः शाण्डिल्यः॥

— छा. उप. ३.१४, १–४

(४६) यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः संभवन्ति।

यथा सतः पुरुषात् केशलोमानि तथाक्षरात् संभवतीह विश्वम्॥

— मुंडको. १.१.७

(४७) यथा कटकशब्दार्थः पृथग्भावो न काञ्चनात्,

न हेम कटकात्तद्वज्जगच्छब्दार्थता परा॥

तेनेयमिन्द्रजालश्रीर्जगति प्रवितन्यते।

द्रष्टुर्दृश्यस्य सत्ताऽन्तर्बन्ध इत्यभिधीयते॥

— महो. ४.४६, ४७

(४८) अधिष्ठानमनौपम्यमवाङ्मनसगोचरम्।

नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं च तदव्ययम्॥

— महो. ४.८६

(४९) महो. ५.१०७

(५०) योगचूडामणि ७२

(५१) तस्य ह वा एतस्यैवं पश्यत एवं मन्वानस्यैवं विजानत आत्मतः प्राण आत्मत आशाऽऽत्मतः स्मर आत्मत आकाश आत्मतस्तेज आत्मत आप आत्मत आविर्भावतिरोभावावात्मतोऽन्नमात्मतो बलमात्मतो विज्ञानमात्मतो ध्यानमात्म–तश्चित्तमात्मतः सङ्कल्प आत्मतो मन आत्मतो वागात्मतो नामात्मतो मन्त्रा आत्मतः कर्माण्यात्मत एवेदं सर्वमिति॥

— छा. उप. ७.२६.१.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५२) डॉ. आर. डी. रानडे, औपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. ४०

(५३) महो. अ. १.१-६

(५४) महो. अ. २.३४,३५

(५५) महो. ४.७३-७४

(५६) महो. ५.५२, ५३

(५७) केनो. १.१ केनेषितं....।

(५८) केनो. १.२ श्रोत्रस्य श्रोत्रं....,भवन्ति ॥

(५९) हरि : ॐ । पुरा किलेदं न.....व्यन्नायत् ।

— अव्यक्तो.

(६०) सा ह्यब्रवीत्तपसा मां विजिज्ञासस्वेति ।

स ह सहस्रं - समा ब्रह्मचर्यमध्युवासाध्युवास ॥

— अव्यक्तो. १

(६१) छा. उप. १.१.२

(६२) प्रा. रावळ, श्रीमद् शं. नुं तत्त्वज्ञान पृ. ४९

(६३) એજન પૃ. ૫૮

(६४) એજન પૃ. ७९-८०

(६५) ન. દ. મહેતા ઉપ. વિચારણા પૃ. ૧૩૭-૧૩૮

(६६) ડૉ. રાધાકૃષ્ણન્ ઉપ.નું તત્ત્વજ્ઞાન, ભૂમિકા પૃ. ૫૫-૫૬ અનુ. ચંદ્રશંકર શુક્લ

(६७) એજન પૃ. ૧૧૮

(६८) એજન પૃ. ૯૩

(६९) પ્રા. દવે. ઉપ.નું તત્ત્વજ્ઞાન, પૃ. ૧૧૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુનર્જન્મ - ૪.૪.૬

પુનર્જન્મની કલ્પના આર્યોની નથી; તેઓએ ભારતનાં મૂળ નિવાસી અનાર્યો પાસેથી ઉછીનો લઈને તેનો વિકાસ કરેલ છે. તેમ પ્રો. મેકડોનલ[1] જણાવતાં લખે છે કે; "એ વિશેષ યોગ્ય લાગે છે કે; આર્યોએ પુનર્જન્મની મૂળ પ્રેરણા ભારતનાં મૂળ નિવાસીઓ પાસેથી ગ્રહણ કરેલ છે, પરંતુ આ કલ્પનાને પરમ-મુક્તિ સાથે જોડીને એક જન્મ-માળાના રૂપમાં સુવ્યવસ્થિત વિસ્તાર આપવાનો શ્રેય આર્યોને જ આપવો જોઈએ." આ વિધાનનો પ્રત્યુત્તર આપતાં ડૉ. રનાડે[2] જણાવે છે કે; મેકડોનલે પાઈથાગોરસમાં રહેલાં સિદ્ધાન્તનાં સમર્થનમાં આ કહેવું પડ્યું છે."વાસ્તવમાં કોઈપણ જાતિમાં, કોઈપણ પરિસ્થિતિની અંદર, પુનર્જન્મની કલ્પનાનું મૂળ તેનાં જ જાતિ -વિજ્ઞાનમૂળ મનોવૈજ્ઞાનિક વિકાસમાં જ રહેલું છે, વિવિધ દેશોનું અપ્રમાણિત તથા અપ્રમાણ્ય પરસ્પર અંતર્પ્રભાવમાં નથી." આ સિદ્ધાન્તના આધાર પર ગ્રીસમાં પુનર્જન્મની કલ્પનાનો ઉદ્ભવ અને નિરંતર વિકાસ હોમર (Homer)થી લઈને ઑર્ફિયસ (Orpheos) દ્વારા પાઈથાગોરસ (Pythagoras) સુધી જોઈ શકાય છે. આ જ સિદ્ધાન્તના આધારે આર્યોમાં પુનર્જન્મની કલ્પનાનો વિકાસ ઋગ્વેદથી શરૂ થઈને બ્રાહ્મણ ગ્રંથો, ઉપ. સુધી અનાર્યોનાં પ્રભાવ વગર જ આગળ વધે છે. તેથી સ્પષ્ટ છે કે, પુનર્જન્મની કલ્પના આર્ય જ છે, અનાર્ય નથી.

### ☐ ઋગ્વેદમાં પુનર્જન્મની કલ્પના :

ઋગ્વેદનાં દશમ મંડળના સોળમાં સુક્તમાં અંતિમ સંસ્કારનું વર્ણન છે;[3] જેમાં ઋષિ મૃત પુરુષની આંખોને ફરીથી સૂર્યમાં વિલીન થઈ જવાનો આદેશ આપે છે. જે બ્રહ્માંડમાં તેનું સાંકેતિક તત્ત્વ છે, પ્રાણને વાયુમાં જે તેનું સાંકેતિક વિશ્વરૂપ છે, તથા આત્માને પોતાના ધર્મને અનુકૂળ સ્વર્ગ અથવા પૃથ્વીલોકમાં અથવા તો યોગ્ય લાગે તો જળ, વનસ્પતિઓ વગેરેમાં વિહાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ મંત્ર પુનર્જન્મનો ભાવ સ્પષ્ટ વ્યક્ત કરતો નથી; પરંતુ તે તરફ નિર્દેશ. ચોક્કસ કરે છે. તેમાં રહેલ "ધર્મ" શબ્દ મહત્ત્વપૂર્ણ છે, જેમાં કર્મનું પ્રાચીનતમ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. ખાસ કરીને તેમાં આત્માને પોતાના (ધર્મ) ગુણને અનુકૂળ સ્વર્ગ અથવા સંસારમાં જવાનો આદેશ આપવામાં આવ્યો છે. દશમાં મંડળમાં જ આ બાબત-પુનર્જન્મ (પ્રાણવાદ) વિશેષ સ્પષ્ટ છે. જેમાં એક વિયુક્ત આત્માને સંબોધી કહેવામાં આવ્યું છે કે; "હું વિયુક્ત આત્માને ફરીથી આવવાનું, ફરી જીવન-ધારણ કરવા માટે આહ્વાન કરું છું."[4] તે યમલોકમાં ગયેલી આત્માને ફરીથી બોલાવીને ફરી એકવાર જીવન ધારણ કરાવશે. તેથી સ્પષ્ટ છે કે, જે આત્મા સ્વર્ગ, પૃથ્વી અથવા ચતુષ્કોણ નભોમંડલમાં જઈ શકે છે, અથવા દિશાઓમાં વ્યાપ્ત થઈ શકે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. રાનડે[૪] પુનર્જન્મની કલ્પનાના ત્રણ અંગ માને છે, (૧) આત્માનું શરીરમાંથી પ્રસ્થાન, (૨) જળ, વનસ્પતિ વગેરે ઉપાદાનોમાં તેનો નિવાસ, (૩) શરીરમાં પુનરાગમન – આ અવ્યક્તરૂપથી ઋગ્વેદ સુધી જોઈ શકાય છે. પ્રો. કીથ એ બાબતનો સ્વીકાર કરે છે કે; ઈજિપ્ત (મિશ્ર) વાસીઓનો એ વિશ્વાસ હતો કે; "મૃત પુરુષ પૃથ્વી ઉપર વિચરણ કરવા માટે આવે છે, પોતાના જીવનકાળમાં જે સ્થાન પ્રિય હોય તેનું નિરીક્ષણ કરે છે, તે પોતાને સાપ, મચ્છર વગેરેમાંથી કોઈપણ વેશમાં પરિણિત કરી લે છે." તેમનું એ કથન યોગ્ય નથી કે;" આ પુનર્જન્મ છે. પરંતુ તે પુનર્જન્મ ભારત તથા ગ્રીસના પુનર્જન્મથી ભિન્ન છે." આત્મા આવે છે, જાય છે, અશરીરી રૂપમાં જીવન વ્યતીત કરી શકે છે, ત્યાં આત્મના શાશ્વત જીવનની ભાવના અભિપ્રેત છે, જેમાં પુનર્જન્મની કલ્પનાથી વિશેષ અંતર નથી.

ઉપ.માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે; જેવો વિચાર, સ્વપ્ન, કર્મ તેવો પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. જીવ આ શરીરમાં જેવાં નિશ્ચયવાળો થાય છે, તેવા ભાવવાળા શરીરને આ શરીર ત્યજીને પ્રાપ્ત કરે છે.[૫]

ગીતા પણ જણાવે છે કે, જેવાં સ્મરણ સાથે જીવ દેહ છોડે છે તેવા પુનર્જન્મને / દેહને તે પામે છે. બૌદ્ધમત[૭] પણ એ જ છે કે; મૃત્યુ સમયે જેવો વિચાર હોય છે, તેવી જ યોનિ આગળનાં જન્મમાં પ્રાપ્ત થાય છે. તેથી ત્યાં કથામાં કહેવામાં આવ્યું છે કે, "વન, વાટિકા, વૃક્ષોની દેવતાઓને ગૃહસ્વામીના ચિત્તને બીમાર જોઈને કહ્યું કે; તમે સંકલ્પ કરો કે; હું ચક્રવર્તી રાજા બનીશ."[૮]

પુનર્જન્મને સમજાવવા માટે અર્ચિમાર્ગ (દેવયાન) અને ધૂમમાર્ગ (પિતૃયાન)નું વિવેચન આપે છે. જે પંચાગ્નિની ઉપાસના કરે છે, વનમાં રહીને શ્રદ્ધા અને તપ–યુક્ત ઉપાસના કરે છે તે અર્ચિમાર્ગે બ્રહ્મલોકમાં અમાનવ દ્વારા લઈ જવાય છે.[૯] જે લોકો વસ્તીમાં રહી ઈષ્ટ, પૂર્ત, દાન વગેરે અનુષ્ઠાન કરી ગૃહસ્થ જીવન પસાર કરે છે, તે ધૂમમાર્ગને પ્રાપ્ત થાય છે. આ માર્ગે તેઓને ક્રમશઃ ચંદ્રમા(ચંદ્રલોક)ની પ્રાપ્તિ થાય છે. ચંદ્રલોકમાં કર્મફળની સમાપ્તિ થાય ત્યાં સુધી રહે છે અને પછી તે જ માર્ગે પરત આવે છે. અર્થાત્ ચંદ્રમાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી ધૂમ. ધૂમમાંથી વાદળ, વાદળમાંથી મેઘ, મેઘ વર્ષા કરે છે. ત્યારે જીવ વર્ષાની સાથે ચોખા, વનસ્પતિ, તલ, અડદ વગેરે રૂપમાં ઉત્પન્ન થાય છે. તે અન્નને મનુષ્ય ખાય છે, અને તેમાંથી વીર્ય ઉત્પન્ન થાય છે, જેનાથી સંતાનોત્પત્તિ કરે છે. જેવું શરીર તેવા શરીરવાળો જીવ ઉત્પન્ન થાય છે, અર્થાત્ મનુષ્યથી મનુષ્ય અને પશુથી પશુ વગેરે.[૧૦] પુણ્ય કર્મ કરનાર સ્વ–કર્માનુસાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય યોનિને પ્રાપ્ત કરે છે, જ્યારે અશુભ કર્મવાળા શ્વાન, સુકર, ચાંડાલ જેવી યોનિને પ્રાપ્ત કરે છે.[૧૧] આ જ બાબતનો નિર્દેશ ગીતા પણ કરે છે.[૧૨]

શુભ–અશુભ કર્મને આધારે પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. તે કર્મફળ અને કર્મયોગનો નિર્દેશ કરે છે.



For Private And Personal Use Only

છા. ઉપ.નાં પાંચમા[૧૩] અધ્યાયમાં જ જણાવેલ છે કે; જે પંચાગ્નિ વિદ્યાને જાણે છે તે પાપી લોકો સાથે રહેવા છતાં પાપથી લેપાતો નથી; જે શ્રીમદ્ ભગવતગીતાના નિષ્કામ કર્મયોગની યાદ આપે છે. વજ્ર. ઉપ. પણ જણાવે છે કે; "જીવ એક જ છે પરંતુ કર્મોને આધારે ભિન્ન–ભિન્ન દેહમાં તેનો જન્મ થાય છે."[૧૪] અર્ચિ અને ધૂમમાર્ગે જે જીવો ગતિ કરતાં નથી, તે મચ્છર વગેરે. વારંવાર જન્મ પામનારા તુચ્છ જંતુઓ થાય છે.[૧૫] મૈત્રાયણિ ઉપ.માં બ્રહ્માજી જણાવે છે કે; શુભાશુભ કર્મોનાં બંધનને પરિણામે આત્માને ભિન્ન–ભિન્ન શરીરો પ્રાપ્ત થાય છે.[૧૬] મૈત્રેયી ઉપ.[૧૭] જણાવે છે કે; વિષયોમાં ડૂબેલાં જીવને વારંવાર જન્મ–મરણનાં ચક્રમાં પડવું પડે છે, જે પુનર્જન્મનો નિર્દેશ કરે છે.

જેમ શિલ્પી કોઈ મૂર્તિમાંથી અમુક ભાગ લઈ તેનાંથી ઘડી ઘડીને બીજી, ને વધારે સુંદર મૂર્તિ બનાવે છે. તેમ આ આત્મા આ શરીરને ફેંકી દઈ અજ્ઞાનને ભગાવી દે છે. અને બીજું નવું ને વધારે સુંદર શરીર ઘડી લે છે. એ શરીર કાં તો પિતૃઓના જેવું અથવા ગંધર્વોના જેવું, દેવોના જેવું, પ્રજાપતિના જેવું, બ્રહ્માના જેવું, કે બીજા પ્રાણીઓ જેવું હોય છે."[૧૮]

સર્વ પ્રાણીઓ સત્‌ને (બ્રહ્મને) જ પ્રાપ્ત કરે છે અને ફરીથી પોતે ગાય, ભેંસ વગેરે જે હોય તેને જ પ્રાપ્ત કરે છે.[૧૯]

સંશયવાળી વ્યક્તિ બંધનમાં પડે છે અને વારંવાર જન્મને પામે છે.[૨૦] ગીતામાં પણ સંશયવાળો આત્મા વિનાશ પામે છે તેમ કહેલ છે.[૨૧]

છા. ઉપ.નાં ચતુર્થ અધ્યાયમાં જણાવેલ છે કે; ચક્ષુમાં દેખાતા અવિનાશી બ્રહ્મની જે ઉપાસના કરે છે તે અર્ચિમાર્ગે (દેવયાન) માર્ગે આગળ જાય છે. અંતે તેને અમાનવ પુરુષ બ્રહ્મલોકમાં લઈ જાય છે. ત્યાંથી તેનો પુનર્જન્મ થતો નથી.

જાબાલિ ઉપ.માં જણાવેલ છે કે; જે ભસ્મ ધારણ કરીને રુદ્ર મંત્રનો જપ કરે છે તે પુનર્જન્મને પ્રાપ્ત કરતો નથી.[૨૨]

પુનર્જન્મ કર્મને આધારે પ્રાપ્ત થાય છે. કર્મ સારાં કરવામાં આવે તો ધીરે–ધીરે આગળ–આગળ શ્રેષ્ઠ જન્મ પ્રાપ્ત થાય છે અને મુક્તિ પ્રાપ્ત થાય છે. આ પુનર્જન્મ એ વિકાસ યાત્રા છે; પરંતુ તે વ્યક્તિ ઉપર આધારિત છે; કારણ કે, સારા કર્મ કરવાથી કે નિષ્કામભાવે કર્મ કરવાથી વિકાસ થાય છે અને અકર્મ અથવા ખરાબ કર્મ કરવાથી અધોગતિ થાય છે.

ડૉ. રાધાકૃષ્ણન જણાવે છે કે;[૨૩] આત્મારૂપી સત્ તત્ત્વનું સંપૂર્ણ દર્શન કરવાના, આપણા પ્રયત્નો



For Private And Personal Use Only

દરમ્યાન આપણે સંસાર અથવા પુનર્જન્મની સાધનામાંથી પસાર થવું રહ્યું છે. આત્મજયનો આનંદ પ્રાપ્ત કરવાનો જે પરમ પુરુષાર્થ છે તે જીવનમાં ઉત્સાહ રેડે છે. સંસાર અથવા પુનર્જન્મ એ કેવળ આત્મ પ્રાપ્તિ માટે મળેલ અનેક તકોની પરંપરા છે. જીવન એ આત્માના પૂર્ણત્વ સુધી પહોંચવામાં રસ્તે આવતો એક વિસામો છે; અંતને અપ્રમેય એવા પરમાત્મા સુધી પહોંચડનારી સીડીનું એક પગથિયું છે. તે આત્માને અનંતત્વ માટે તૈયાર કરવાનો વખત છે. જિંદગી એ ખાલી સ્વપ્નું નથી. અને જગત્ એ આત્માનો સન્નિપાત નથી. બ્રહ્મ સાથે તાદાત્મ્યતા એ અમૃતત્વ અથવા શાશ્વત જીવન છે. આપણે અંતિમ મુક્તિ સુધી ન પહોંચીએ ત્યાં સુધી આ સંસારમાં એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં ફેંકાયા કરીએ છીએ. જીવન–મરણનાં નિયમને વશવર્તી, જન્મો ધારણ કરી પ્રારબ્ધ ભોગવતાં પુરુષાર્થ કરવાનો છે. તેથી જ છા. ઉપ.માં ઋષિ પ્રાર્થના કરે છે કે; "મારે એ ધોળા દાંત વિનાના ને ભક્ષણ કરનારા ઘરમાં ફરી જવા પણું ન હો."[૧૪] છા. ઉપ.માં જ અન્ય જગ્યાએ ઋષિ જણાવે છે કે; જ્યારે પરિમિત તત્ત્વનો અંતર ત્યાગ કરવામાં આવે ત્યારે ઈશ્વર સાથેનું ઐક્ય સિદ્ધ થાય છે, અને ફરી સંસારમાં આવવાપણું રહેતું નથી."[૧૫] આ સંસારનો ઈરાદો આત્માને કેળવણી આપવાનો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુનર્જન્મ - ૪.૪.૬

**અંત્યનોંધ :**

(१) डॉ. रानाडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण - पृ. १०३

(२) वही पृ. १०३-१०४

(३) वही पृ. १०३-१०४

(४) सूर्यं चक्षुर्गच्छतु वातमात्मा द्यां च गच्छ पृथिवीं च धर्मणा ।
अपो वा गच्छ यदि तत्र ते हित-मोषधीषु प्रति तिष्ठा शरीरैः ॥
अजो भागस्तपसा तं तपस्व तं ते शोचिस्तपतु तं ते अर्चिः ।
यास्ते शिवास्तन्वो जातवेदस्ताभिर्वहैनं सुकृतामु लोकम् ॥

— ऋग्वेद १०.१६.३-४

(५) डॉ. रानाडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण - पृ. १०३

(६) सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत । अथ खलु क्रतुमयः पुरुषो यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत ॥

— छा. उप. ३.१४.१

(७) गीता ८.६

(८) डॉ. एस. एन. दासगुप्त - भा. द. का इति. पृ. ७.९०-९१

(९) अथ यदु चैवास्मिञ्छव्यं कुर्वन्ति यदि च नार्चिषमेवाभिसंभवन्त्यर्चिषोऽहरह्न आपूर्यमाणपक्षमापूर्यमाणपक्षाद्यान्षडुदङ्ङेति मासांस्तान्मासेभ्यः संवत्सरं संवत्सरादादित्यमादित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एनान्ब्रह्म गमयत्येष देवपथो ब्रह्मपथ एतेन प्रतिपद्यमाना इमं नावर्तन्ते ॥

— छा. उप. ४.१५.५

(१०) अभ्रं भूत्वा मेघो भवति मेघो भूत्वा प्रवर्षति त इह व्रीहियवा ओषधिवनस्पतयस्तिलमाषा इति जायन्तेऽतो वै खलु दुर्निष्प्रपतरं यो यो ह्यन्नमत्ति यो रेतः सिञ्चति तद्भूय एव भवति ॥५.१०.६॥

— छा. उप. ५.१०.५-६

(११) तद्य इह रमणीयचरणा अभ्यासो ह यत्ते रमणीयां योनिमापद्येरन्ब्राह्मणयोनिं वा क्षत्रिययोनिं वा वैश्ययोनिं वाथ य इह कपूयचरणा अभ्यासो ह यत्ते कपूयां योनिमापद्येरञ्श्वयोनिं वा सूकर-योनिं वा चाण्डाल योनिं वा ॥

— छा. उप. ५.१०.७



For Private And Personal Use Only

(१२) प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीः समाः ।

शुचीनां श्रीमतां गेहे, योगभ्रष्टोऽभिजायते ॥

अथवा योगिनामेव, कुले भवति धीमताम् ।

एतद्धि दुर्लभतरं, लोके जन्म यदीदृशम् ॥

— गीता – ६.४१–४२

(१३) छा. उप. ५.१०.६

(१४) ...अतीतानागतानेकदेहानां जीवस्यैकरूपत्वात् एकस्यापि कर्मवशादनेकदेहसंभवात् सर्वशरीराणां जीवस्यैकरूपत्वाच्च । तस्मान्न जीवो ब्राह्मण इति ॥

— वज्र ३

(१५) छा. उप. ५.१०.८

(१६) स वा एष आत्मेत्यदो वशं नीत इव सितासितैः कर्मफलैरभिभूयमान इव प्रतिशरीरेषु चरत्यव्यक्तत्वात् सूक्ष्मत्वाददृश्यत्वादग्राह्यत्वान्निर्ममत्वाच्चानवस्थोऽकर्ता कर्तेवावस्थितः ॥

— मैत्र. उप. २.१०

(१७) सोऽहमित्येतद्विधेऽस्मिन्संसारे किं कामोपभोगैर्यैराश्रितस्यासकृदुपावर्तनं दृश्यते.........॥

— मैत्रेयी उप. २

(१८) वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।

तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥

— गीता अ. २-२२

(१९) छा. उप. ६.१.३

(२०) असंशयवतां मुक्तिः संशयाविष्टचेतसाम् ।

न मुक्तिर्जन्मजन्मान्ते तस्माद्विश्वासमाप्नुयात् ॥

— मैत्रेयी. उप. अ. २-१६

(२१) अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।

नायं लोकोऽस्ति न परो, न सुखं संशयात्मनः ॥

— गीता ४.४०



For Private And Personal Use Only

(२२) त्रिपुण्ड्रं भस्मना करोति यो विद्वान......। स सकलरुद्रमन्त्रजापी भवति । न स पुनरावर्तते न स पुनरावर्तते ॥

— जाबालि उप. २२

(२३) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૭૭ અનુ. ચંદ્રશંકર શુક્લ

(२४) એજન પૃ.૧૯૧, छा. उप. ८.१४.१

(२५) એજન પૃ. ૧૯૧, छा. उप. ४.१६.६



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોક્ષ - ૪.૪.૭

મોક્ષ એ ભારતીય સંસ્કૃતિમાં અંતિમ પુરુષાર્થ મનાય છે. દરેક શાસ્ત્રની પ્રવૃત્તિ મોક્ષ તરફની રહેલી છે. ઉપ. પણ મોક્ષ પ્રાપ્તિનાં માર્ગો દર્શાવવાની સાથે-સાથે જ્ઞાનપ્રાપ્તિ, બ્રહ્મજ્ઞાન, જીવ-જગત્ વગેરેની ચર્ચા કરે છે.

જીવન્મુક્ત અને વિદેહ મુક્ત એમ મોક્ષના બે પ્રકાર માનવામાં આવ્યા છે. જીવન્મુક્ત વ્યક્તિ સમાજમાં હરેફરે છે પરંતુ મોહ- કર્મફળ વગેરેથી પર હોય છે. જે કાંઈ કાર્ય કરે તે નિર્મોહી થઈ નિષ્કામ ભાવે કરે છે. આવા જીવન્મુક્ત પુરુષની સ્થિતિનું વર્ણન મહો. કરે છે. જે રાગ-દ્વેષ, કામ-ક્રોધ, માન-અપમાનથી પર હોય તે જીવન્મુક્ત છે. આવો જીવન્મુક્ત શરીરના નાશ બાદ મોક્ષ અવસ્થાને - પરમપદને પામે છે.[1]

સ્વામી વિવેકાનંદ જણાવે છે કે; "મનુષ્ય જયારે ઉત્સર્ગને યોગ્ય થઈ જાય છે. ત્યારે તેનાં અજ્ઞાનનું આવરણ દૂર થઈ જાય છે અને તે પોતાને ઓળખી લે છે. પોતાનાં જીવનકાળમાં જ તેને આ અનુભવ થઈ જાય છે કે; પોતાનામાં અને સંસારમાં કોઈ તફાવત નથી. થોડાક સમય માટે આવા વ્યક્તિઓને માટે જગતનો નાશ થઈ જાય છે. તે સમજી લે છે કે; તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? પરંતુ જ્યાં સુધી તેનાં વર્તમાન શરીરનું કર્મ બાકી રહે છે; ત્યાં સુધી તેણે જીવન ધારણ કરીને રહેવું પડે છે. આવી સ્થિતિમાં અવિદ્યાનું આવરણ નષ્ટ થઈ ચૂક્યું હોય છે; પરંતુ શરીરે પોતાનાં સમય સુધી રહેવું પડે છે. આ સ્થિતિને વેદાન્તીઓ જીવન્મુક્તિ કહે છે."[2]

વિદેહમુક્ત અવસ્થામાં જીવ ગતિ-અવગતિથી દૂર રહે છે. તેની અવસ્થા સત્-અસત્થી પર થઈ જાય છે અને અનિર્વચનીય જ બાકી રહે છે. તે આદિ-મધ્ય અને અંતથી પર થઈ જાય છે તથા અનાદિ બની દોષમુક્ત થઈ જાય છે. ને શિવસ્વરૂપ બની જાય છે.[3]

**❑ જીવન્મુક્તાવસ્થા :**

સ્તુતિ-નિંદાથી પ્રસન્ન ન થાય કે દુઃખ ન અનુભવે.[4]

એ જીવન્મુક્ત છે જે તપ વગેરે સાધનો દ્વારા, સ્વભાવથી જ સાંસારિક ભોગોથી વિરક્ત રહે છે. સમયે-સમયે પ્રાપ્ત થતાં સુખ-દુઃખમાં જે આસક્ત થતો નથી, આનંદિત કે- દુઃખી થતો નથી. આવો પુરુષ કામ, ક્રોધ, હર્ષ, ઉદ્વેગ, શોક વગેરે વિકારોથી મુક્ત હોય છે અને અહંકારયુક્ત વાસનાનો સ્વભાવથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ ત્યાગ કરે છે. ચિત્તથી જે હંમેશાં આલંબનયુક્ત ભાવોનો જ ત્યાગ કરી દે છે, તે જીવન્મુક્ત છે. ઉપેક્ષાથી શૂન્ય, અંતર્મુખી દષ્ટિવાળો, આકાંક્ષા રહિત, પવિત્ર મનવાળો, શાંત, કામનારહિત, ઉદાસીન, હૃદયથી કોઈપણ પદાર્થથી રહિત છે, ફલાફલથી, માન-અપમાનથી પર ઉદ્વેગ રહિત થઈને કર્મરત, સાક્ષીભાવવાળો, સાંસારિક વિષયોનાં ચિંતનથી રહિત, સ્વાદિષ્ટ કે સ્વાદ રહિત ભોજનને એક સમાન ગાની ભોજન કરનાર, દરેક પરિસ્થિતિમાં સમાન ભાવ રાખનાર, ધર્માધર્મ, સુખ-દુઃખ, હર્ષ-વિષાદ, રાગ-દ્વેષ રહિત, અન્યનાં ધનની અપેક્ષા ન રાખનાર, નિસ્પૃહ, આત્મામાં જ પૂર્ણતાનો અનુભવ કરનાર જીવન્મુક્ત છે.[૫] આ જીવન્મુક્ત સ્થિતિનું વિસ્તૃત વર્ણન મહો. કરે છે.

વાસના બંધન કારક છે, જ્યારે હું સંપૂર્ણ વિશ્વરૂપ છું, અચ્યુત પરમાત્મા છું, મારાથી અલગ કશું જ નથી, એ પ્રકારનો જ્ઞાનપૂર્ણ અહંભાવ શ્રેયરૂપ છે. તેનાંથી આગળ હું અત્યંત સૂક્ષ્મ અને પ્રપંચથી પર છું તે પ્રકારનો અહંભાવ બંધનમુક્ત કરાવનાર છે. જીવન્મુક્ત પુરુષ આ પ્રકારના અહંભાવથી યુક્ત હોય છે.[૬]

જીવન્મુક્ત પુરુષ "હું વાળના અગ્રભાગ કરતાં પણ સૂક્ષ્મ છું અને સંપૂર્ણ પ્રપંચથી પર છું." તેવા અહંકારભાવથી યુક્ત હોય છે.[૭]

જીવન્મુક્ત શાંત-ચિત્ત પુરુષનો મૃદુ અને કઠોર પ્રાણી પૂર્ણ વિશ્વાસ કરે છે. શુભ-અશુભને સાંભળીને હર્ષ-શોકને પ્રાપ્ત કરતો નથી, ભૂખ્યા રહેવાથી કે ભોજન કરવાથી, માન-અપમાનથી, યુદ્ધ, મૃત્યુ, પ્રાપ્ત વસ્તુમાં સમભાવ રાખે છે, અપ્રાપ્ત વસ્તુની લાલસા કરતો નથી, તે શાંત-ચિત્ત પુરુષ છે.[૮] ગીતાનાં[૯] સ્થિતપ્રજ્ઞ પુરુષનાં વર્ણન ઉપર મહો.નાં આ વર્ણનની અસર જોઈ શકાય છે.

જે દ્વન્દ્વોથી પર થઈ જાય છે અને જેની બુદ્ધિ પરમ આનન્દમયી અવસ્થાને પ્રાપ્ત કરે છે. તે જીવન્મુક્ત છે. જ્યાં સુધી તુરીયાવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યક્તિએ/પુરુષે સત્સંગ, શાસ્ત્રને ધ્યાનમાં રાખી અનુકૂળ વ્યવહાર કરતાં રહેવું જોઈએ.[૧૦]

ભોગેચ્છા બંધન સ્વરૂપ છે અને ભોગેચ્છાનો ત્યાગ મુક્તિ છે.[૧૧] તેમાં મન વિશેષ કારણભૂત છે. મનનો નાશ જ મનોન્નતિના કારણરૂપ છે. ગીતામાં પણ કહ્યું છે કે; મન જ મનુષ્યનાં બંધન અને મોક્ષનાં કારણરૂપ છે.[૧૨]

હે બ્રહ્મ; મન ચિંતારૂપી અગ્નિની જ્વાળામાં બળેલું છે. ક્રોધરૂપી અજગરે કાપેલું છે; તેથી તે પોતાના પિતામહ આત્માને ભૂલી ગયેલ છે, તેથી સર્વ પ્રથમ તેનો જ ઉદ્ધાર કરો. કારણ કે – જીવ (આત્મા)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવને આશ્રિત થઈને જ જન્મ–ધારણ કરે છે. આત્મા(જીવ) જ વાસનારૂપી સંકલ્પોથી ચંચલ મનનાં સ્વરૂપમાં પરિવર્તિત થઈ જાય છે, અને અંતે ક્રમશઃ પંચમહાભૂતને પામે છે.

વાસ્તવમાં આ સંસારનું અસ્તિત્વ જ નથી તે આભાસ માત્ર છે. જ્યારે દૃષ્ટિ આવરણથી મુક્ત થઈ જ્ઞાનવાળી બને છે. ત્યારે સ્વયં પોતાના રૂપમાં સ્થિત થઈ જાય છે.[13]

જીવ સંકલ્પથી બંધનમાં પડે છે અને સંકલ્પના ત્યાગથી મુક્ત થાય છે.[14] સંકલ્પ અને આશાના અનુસંધાનના ત્યાગથી જ કૈવલ્ય પ્રાપ્તિ થાય છે, ચિત્ત–વૃત્તિઓના નિરોધને જ કૈવલ્ય અવસ્થા અથવા પરાશાંતિ કહેવામાં આવે છે.[15]

ચિદાકાશમાં બધાં સંકલ્પોને સમાલીન કરીને સ્થિર કરવાથી જ સર્વાત્મક પરમપદની પ્રાપ્તિ થાય છે.[16]

આ બધી વસ્તુ દેખાય છે, તે નાશવંત છે, પરંતુ તેને માયા ન માનીને, દરેકને બ્રહ્મ માનવું એ જ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે.

સાક્ષાત્ અપરોક્ષ બ્રહ્મજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે.[17] છા. ઉપ. જણાવે છે કે; સત્ સ્વરૂપ આત્મા જે બ્રહ્મ છે તેને જાણનાર મોક્ષ પ્રાપ્ત કરે છે, અને જીવ પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.[18] આ સત્ તત્ત્વને જાણનાર જીવ/આત્મા પુનર્જન્મને પ્રાપ્ત કરતો નથી.[19]

સંશયવાળી વ્યક્તિ મુક્તિ પામતી નથી, સંશય રહિત વ્યક્તિ મુક્તિ પામે છે.[20] ગીતા પણ સંશયવાળો આત્મા વિનાશ પામે છે તેમ જણાવે છે.[21]

આત્મા વાસ્તવમાં બ્રહ્મ જ છે; પરંતુ જો તૃષ્ણા વગેરેમાં બંધાયેલો રહે તો બંધન છે અને તેનાંથી પર રહી નિષ્કામભાવે કર્મ કરે તો મોક્ષ પ્રાપ્ત કરે છે.[22]

ગ્રાહ્ય અને ગ્રાહક સંબંધ નાશ પામીને શાંતિ પ્રાપ્ત થવી તે જ મોક્ષ છે.[23] યોગચૂડામણી ઉપ. જણાવે છે કે; મમતા દૂર થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે.[24]

અદ્વૈતવાદીઓના મતાનુસાર જીવાત્મા જ દુઃખોનું કારણ છે.

દૃશ્યપ્રપંચને વશીભૂત થઈને જ દ્રષ્ટા બંધનમાં પડે છે અને વશીભૂત ન થવાથી મોક્ષ પ્રાપ્ત કરે છે.[25] સમાધિના પરિણામ સ્વરૂપે દૃશ્યની સત્તાનો બોધ થાય છે, તે જ આત્મ કૈવલ્ય/મુક્તિ છે.[26]

મધ્વાચાર્યનાં મતાનુસાર મુક્તિ પ્રાપ્ત થતાં જીવ જે દેવની ઉપાસના કરતો હોય છે તે દેવનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકમાં પહોંચી જાય છે અને દેવનાં સાંનિધ્યમાં રહીને તેની સાથે આનંદ કરે છે. આ બાબતને છા. ઉપ. પણ દર્શાવે છે.[૨૭]

☐ **વિદેહમુક્તિ :**

જીવન્મુક્તિ અને વિદેહ મુક્તિ એવા મોક્ષનાં બે પ્રકાર સ્વીકારવામાં આવ્યાં છે. જ્ઞાન પ્રાપ્ત થતાં મુક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રારબ્ધ કર્મ ભોગવાઈ જાય ત્યાં સુધી શરીર રહે છે. આ જીવન્મુક્તિ છે. આ જીવન્મુક્ત પુરુષનું વર્ણન આગળ કર્યું. પ્રારબ્ધકર્મ ભોગવાઈ જતાં જીવન્મુક્ત પુરુષનો આત્મા બ્રહ્મરન્ધ્રમાંથી ગતિ કરી પરમતત્ત્વને પ્રાપ્ત કરે છે. જ્યાંથી પુનર્જન્મ થતો નથી.

પૂ. નથુરામ શર્મા કહે છે કે, કૈવલ્ય મુક્તિ બે પ્રકારની છે. (૧) જીવન્મુક્તિ અને (૨) વિદેહમુક્તિ. જીવતા છતાં મુમુક્ષુને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મસ્વરૂપનો અપરોક્ષ અનુભવ થતાં, તેમની બ્રહ્મનિષ્ઠાયુક્ત જે સ્થિતિ થાય તે જીવન્મુક્તિ,ને તેવા જીવન્મુક્ત પુરુષનો દેહપાત થતાં, તેમની અંત:કરણાદિરહિત માત્ર સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપે જે સ્થિતિ થાય તે તેમની વિદેહ મુક્તિ કહેવાય છે. બ્રહ્મજ્ઞાનીને જીવતા છતાં પણ દેહનું અભિમાન હોતું નથી. તેથી તેમને જીવન્મુક્તિની સ્થિતિમાં પણ વિદેહમુક્તિ છે એમ પણ શાસ્ત્રો અને સત્પુરુષો કહે છે.[૨૮]

મુક્તિનાં આ બે સ્વરૂપ બાબતનાં પ્રા. દવે જણાવે છે કે; "મુક્તિના અનુભવમાં શરીરનું હોવું બાધારૂપ છે એવા વિચારને પરિણામે જીવનકાળ દરમિયાન મુક્તિનો પૂર્ણ અનુભવ શક્ય નથી એવું માનવમાં આવ્યું. આથી જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ એવાં મુક્તિનાં બે સ્વરૂપો વિચારવામાં આવ્યાં. જોકે બધાં ઉપનિષદો મુક્તિનાં અનુભવમાં શરીર બાધક હોવાનું માનતાં નથી. આથી જીવન્મુક્તિ પણ મુક્તિનો પૂર્ણ અનુભવ આપી શકે છે અને શરીર છૂટયા બાદ પણ વિદેહમુક્તિરૂપે એ અનુભવ ચાલુ રહી શકે છે. મુક્તિના સમગ્ર અનુભવને શરીર સાથે સાંકળી એવું પણ કહેવામાં આવે છે કે મસ્તકમાં રહેલ તાળવાના ભાગમાં બ્રહ્મરંધ્ર આવેલું છે અને સૂર્ય નાડી વાટે પ્રાણ જ્યારે બ્રહ્મરંધ્રમાંથી નીકળે છે ત્યારે તે જીવની મુક્તિ નિશ્ચિત સમજવામાં આવે છે. આથી ઊલટું, બીજી કોઈ ઈન્દ્રિયો દ્વારા ગયેલા પ્રાણ વ્યક્તિના પુનર્જન્મનું સૂચન કરે છે."[૨૯] તેથી જ છા. ઉપ.[૩૦] જણાવે છે કે; "સુષ્મણા નાડી જે મસ્તકમાંથી પસાર થાય છે ત્યાંથી જીવ શરીર છોડે તો તેને અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. અન્ય જગ્યાએથી જીવ બહાર નીકળે તો તેને ઊર્ધ્વગતિ પ્રાપ્ત થતી નથી."

મોક્ષ એ પરમ પુરુષ સાથે રહેવું તે છે. જે આપણે આ જીવનમાં તેને પ્રેમ કરીએ છીએ અને ઉપાસના કરીએ છીએ.[૩૧]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અશ્વ જે રીતે પોતાની "અયાલ"ને તેવી રીતે મુક્ત આત્મા પોતાના પાપને છોડી દે છે. ચન્દ્રમા જેવી રીતે ગ્રહણ પૂર્ણ થતાં રાહુના પંજામાંથી પૂરેપૂરો બહાર આવી જાય છે. તેવી રીતે મુક્ત આત્મા પોતાને મૃત્યુનાં બંધનમાંથી સ્વતંત્ર કરી લે છે.[૩૨] જેવી રીતે કમળ પત્ર ઉપર જળ રહેતું નથી; તેમ કર્મ તેઓને સ્પર્શતું નથી.[૩૩] કારણ કે જ્ઞાની વ્યક્તિને કર્મનાં નિયમ લાગુ પડતાં નથી; તે ધર્મ અધર્મથી પર બની જાય છે.[૩૪] કારણ કે સરકડાની દાંડી આગમાં ભસ્મ થઈ જાય છે. તેમ તેઓનાં કર્મનો નાશ થઈ જાય છે.[૩૫] ગીતા[૩૬] પણ આ જ બાબત કહે છે.

આત્મા જ્યારે મુક્ત થઈ જાય છે અને બ્રહ્મ સાથે તદ્દરૂપ બને છે, ત્યારે તે ક્યાંથી ક્યાં શરીરમાં આવી તે ભેદ કરવામાં આવતો નથી. જેવી રીતે વિવિધ રસોનાં સંગ્રહમાંથી મધ તૈયાર થાય છે, પછી તેમાં ભેદ કરી શકાતો નથી; કે ક્યાં ઝાડમાંથી કયો રસ આવેલ છે. એ જ પ્રમાણે દરેક નદીઓ સમુદ્રમાં ભળી જાય છે, પછી તે પોતાના નામરૂપને યાદ રાખતી નથી. સમુદ્રરૂપ જ બની જાય છે, એ જ પ્રમાણે મુક્ત આત્મા વિષયી અને વિષયનાં ભેદથી અને અનુભૂત ચેતનાથી પર છે. તે સંપૂર્ણ કાલાતીત અવસ્થા છે. આ વ્યક્તિગત અમરતા છે. જેમાં આત્માની નિરપેક્ષતા, નિરુપાધિક સત્તા પ્રાપ્ત થઈ જાય છે.[૩૭]

મુક્તિ એ કોઈ ભવિષ્યની સ્થિતિ નથી, જેને આવવાની અમે પ્રતીક્ષા કરીએ. એ આત્મામાં જીવવાનું છે જે જીવનનો આધાર અને શક્તિ છે.[૩૮] શિવગીતામાં[૩૯] જણાવેલ છે કે; મોક્ષએ કોઈ વિશિષ્ટ સ્થાન નથી, કે તેની પ્રાપ્તિ માટે અન્ય કોઈ ગામ જવું પડે. હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ છૂટી જવી એ જ મોક્ષ છે.[૩૯]

□ **કર્મ :**

જીવન્મુક્તિની સ્થિતિમાં મુક્ત પુરુષે કર્મ કરવા જોઈએ કે ન કરવા જોઈએ. તે બાબતમાં મતભેદ છે. શરીર નિર્વાહ માટે તો તેણે કર્મ કરવા જ પડે છે. એ ઉપરાંત અન્ય કર્મો તેણે લોકસંગ્રહની ભાવનાથી કરવા જોઈએ તેમ ગીતા જણાવે છે. જો તે કર્મ ન કરે તો લોકોમાં ખોટી છાપ પડે, લોકો તેનું અનુકરણ કરે અને પરિણામે સમાજમાં જે સડો પેસે તેની જવાબદારી તે જીવન્મુક્તની થાય છે.

વાસ્તવમાં પુરુષ મુક્ત થયા બાદ જ કર્મ કરે છે. બંધન અવસ્થાના કર્મ સ્વાર્થ માટે અને મોહ પ્રેરિત હોય છે, જ્યારે મુક્ત અવસ્થાના કર્મ સ્વાર્થ રહિત અને પરમાત્મા કેન્દ્રી હોય છે. આવું મુક્ત પુરુષનું કર્મ જ કોઈપણ સમાજની અણમોલ સંપત્તિ હોય છે. જો કે ડૉ. રાધાકૃષ્ણન્ "આ બાબત વ્યક્તિની રુચિ ઉપર છોડે છે અને લખે છે કે, મહર્ષિ યાજ્ઞવલ્કય બધું ત્યાગી પૂર્ણતઃ નિવૃત્ત થવા તૈયાર થયા ત્યારે મહારાજા જનક બ્રહ્મર્ષિ હોવા છતાં મિથિલા નગરીનું રાજની પદ પણ સતત શોભાવે છે." વ્યક્તિની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પસંદગી કે રુચિ અનુસાર વ્યક્તિ જે કંઈ કરે તે તદ્દન અલગ વાત છે. પરંતુ તાત્ત્વિક અને સૈદ્ધાંતિક દૃષ્ટિએ મુક્તપુરુષ કર્મરહિત હોઈ શકે જ નહિ.[૮૦]

**❑ આત્મજ્ઞાનનો અધિકાર :**

ડૉ. રાનાડેના મતે આત્માનુભૂતિ માટે અંતર્મુખી વૃત્તિ, નિર્વેદ, આત્મશુદ્ધિ, નમ્રતા, શાંતિ, સત્ય, તપ, અંતર્દષ્ટિ, સમ્યક્જ્ઞાન, બળ, કર્મનિષ્ઠાપૂર્ણ જીવનનું સમર્થન કરે છે. જ્યાં સુધી આ સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક જીવનના સાધકે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની આશા ન રાખવી જોઈએ.[૮૧]

નૈતિક સદ્ગુણોની સંપૂર્ણ પ્રાપ્તિ બાદ યોગ્ય ગુરુ પાસે દીક્ષા લેવી જરૂરી છે. ગુરુ વગર પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. છા. ઉપ.માં સત્યકામ ફક્ત અગ્નિઓની સંમતિ રજૂ કરી રહ્યો છે; પરંતુ જ્યારે તે પોતાનાં ગુરુને કહે છે કે; ગુરુ–તુલ્ય વંદનીય પુરુષો પાસેથી એ સાંભળ્યું છે કે; જ્યાં સુધી ગુરુ – દ્વારા આત્મ–સાક્ષાત્કારની દીક્ષા પ્રાપ્ત થતી નથી. ત્યાં સુધી મનુષ્ય આધ્યાત્મિક જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકતો નથી.[૮૨]

ગુરુ પણ આત્માનુભવી હોવા જોઈએ. અન્યથા આ માર્ગે આગળ વધવું કઠિન બની જાય છે. તેમ કઠોપનિષદ્ જણાવે છે. એટલું જ નહીં પુસ્તકોની સહાયતાથી પણ જ્ઞાન પ્રાપ્તિ શક્ય નથી; પ્લેટો[૮૩] ગુરુનાં શ્રીમુખ અને પુસ્તકનાં જ્ઞાન વચ્ચેનો તફાવત જણાવતાં કહે છે કે; "પુસ્તકનું જ્ઞાન સંપૂર્ણ નિર્જીવ છે. જ્યારે ગુરુ મુખનું જ્ઞાન તેમનાં પરિપૂર્ણ વિકસિત જીવનનો નિષ્કર્ષ છે." કારણ કે પુસ્તકો પરમાર્થના માર્ગની મુશ્કેલીઓને દૂર કરી શકતી નથી, પરંતુ સદ્ગુરુ જેણે આ પથ ઉપર વિચરણ કર્યું હોય છે, તે પોતાનાં ઉત્સાહી શિષ્યને આધ્યાત્મિક પૂર્ણતાની સોપાન–પંક્તિ ઉપર ધીરે–ધીરે સંભાળીને લઈ જાય છે. સદ્ગુરુ પોતાના શિષ્યને અધ્યાત્મ–માર્ગ પર લઈ જાય છે, તે બાબતનું દૃષ્ટાંત છાન્દો. ઉપ.માં છે.[૮૪] ગાંધાર દેશનાં એક પુરુષને અમુક ડાકુઓ આંખે પાટા બાંધીને એકાંત અને ભયંકર જંગલમાં લઈ જઈને, ત્યાં યથેચ્છ વિચરણને માટે છોડી દીધો. જ્યારે તે પોતાના દેશ જવા માટે સહાયતા અને પથ–નિર્દેશને માટે કરુણ અવાજો(રાડો) કરી રહ્યો હતો; ત્યારે અકસ્માત્ એક મનુષ્ય ત્યાંથી નીકળ્યો; તે બોલ્યો;" તે દિશામાં જાઓ, તે દિશામાં ગાંધાર દેશ છે." પોતાની બુદ્ધિનો યથાશક્તિ ઉપયોગ કરતો; તે એક ગામથી બીજા ગામનો માર્ગ પૂછતો, ખૂબ જ કષ્ટથી પોતાના ઘરે આવ્યો. આ અંધ–ગાંધારનું દૃષ્ટાન્ત આધ્યાત્મિક જ્ઞાનથી એટલું પરિપૂર્ણ છે જેટલું પ્લેટોનું રિપબ્લિક(Repubic)નું ગુફાનું દૃષ્ટાન્ત. અંધ–ગાંધારનાં દૃષ્ટાન્તનો ભાવાર્થ સમજાવતાં ડૉ. રાનાડે[૮૫] જણાવે છે કે; "આપણો વાસ્તવિક લોક બ્રહ્મલોક છે; ત્યાંથી વાસનાઓનાં ડાકુઓ; નશ્વર વસ્તુઓ તરફ આપણી લાગણીને કારણે આપણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંખોએ પાટા બાંધી આ સંસારરૂપી ભયંકર અરણ્યમાં લઈ આવ્યા. ત્યાં સહાયતા માટે રાડો નાખતાં; કોઈ પૂર્વ જન્મનાં સુકૃતરૂપે અકસ્માતે સદ્ગુરુ પ્રાપ્ત થતાં બ્રહ્મલોકનાં માર્ગનો નિર્દેશ કરે છે અને પોતાની શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરીને ક્રમશઃ આગળ વધતા બ્રહ્મલોકમાં પહોંચી જાય છે. આ દૃષ્ટાન્ત એ પણ જણાવે છે કે; ગુરુ પથદર્શક બને છે, પુરુષાર્થ જાતે કરવાનો છે. પુરુષાર્થ અને ગુરુકૃપા બન્ને સાથે થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે.

પુસ્તકનું જ્ઞાન–વિદ્યાનું જ્ઞાન ઘણું જ પ્રાપ્ત થયું હોવા છતાં નારદજી સનત્કુમાર પાસે પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવું જ્ઞાન પ્રાપ્ત કરવા સમિત્પાણિ થઈને આવે છે; તેઓ ક્રમશઃ એક–એક પદ આગળ વધીને, વાણીથી મન, મનથી સંકલ્પ, સંકલ્પથી ચિત્ત, ચિત્તથી ધ્યાન, ધ્યાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી બલ, બલથી અન્ન, અન્નથી જળ, જળથી તેજ, તેજથી આકાશ, આકાશથી સ્મરણ, સ્મરણથી આશા, આશાથી પ્રાણ અધિક શ્રેષ્ઠ છે; એ પ્રમાણે આગળ વધતાં સત્ય, વિજ્ઞાન, શ્રદ્ધા, નિષ્ઠા, કૃતિ, સુખ અને અંતે ભૂમામાં જ સુખ છે, તે જ સર્વત્ર છે, તે ભૂમા જ આત્મા છે; એમ સનત્કુમાર ક્રમશઃ નારદજીને બ્રહ્મજ્ઞાન સુધી લઈ જાય છે.[૪૫]

અહીં સમિત્પાણિ વિનમ્રતાનું સૂચક છે. ગીતા પણ બ્રહ્મજ્ઞાન માટે નિયમાનુસાર બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવું જોઈએ તેમ જણાવે છે.[૪૬]

અધ્યાત્મ જ્ઞાન માટે શિષ્ય પસંદગીમાં ગુરુએ ખ્યાલ રાખવો જોઈએ. કઠિન પરીક્ષામાંથી પસાર થઈને પાસ થનાર શિષ્યને જ દીક્ષા આપવી જોઈએ; એટલું જ નહીં તે સમિત્પાણિ થઈને ભક્તિભાવે આવેલ હોય તો જ તેને આત્મજ્ઞાન આપવું જોઈએ. છા. ઉપ.માં કહ્યું છે કે; "અધ્યાત્મજ્ઞાનની દીક્ષા જયેષ્ઠ પુત્ર અથવા એવા શિષ્યને આપવી જોઈએ; જેણે ગુરુ સાથે ઘણાં દિવસો વિતાવ્યા હોય; અન્ય કોઈને નહીં; પછી ભલે તે સમુદ્ર સુધી મેખલાથી મંડિત ધનથી ભરેલી પૃથ્વી દાનમાં આપે તો પણ અધ્યાત્મજ્ઞાનનું મૂલ્ય તેનાથી પણ વધુ છે; તેથી આપવું નહીં."[૪૮]

ગુરુ શિષ્યને ધ્યાનનું પ્રત્યક્ષ સાધન દર્શાવે છે; ઉપ.નાં તે "ૐ" છે. એટલું જ નહીં 'ૐ' સાધન – માત્ર નહીં પરમ–સાધ્ય પણ છે. છા. ઉપ. જણાવે છે કે; સંપૂર્ણ શ્રુતિ આ ૐ કારનાં આધાર ઉપર એવી રીતે અવલંબિત છે, જેવી રીતે એક વૃક્ષની શાખાઓ ઉપર પલ્લવદલ.[૪૯] આ ૐકારથી વ્યક્તિગત શ્રેય માત્ર પ્રાપ્ત થતું નથી, પરંતુ વિશ્વનું પણ કલ્યાણ તેની ઉપાસનાથી કરી શકાય છે. તેથી જ સૂર્ય સ્વયં પ્રદક્ષિણા કરતાં–કરતાં પ્રણવગાન કરે છે.[૫૦]

આત્મા જ્યારે મુક્ત થઈ જાય છે અને બ્રહ્મ સાથે તદ્રૂપ બને છે, ત્યારે તે ક્યાંથી ક્યાં શરીરમાં



For Private And Personal Use Only

આવી તે ભેદ કરવામાં આવતો નથી. જેવી રીતે વિવિધ રસોનાં સંગ્રહમાંથી મધ તૈયાર થાય છે. પછી, તેમાં ભેદ કરી શકાતો નથી; કે ક્યાં ઝાડમાંથી કયો રસ આવ્યો. આત્મા વિષયી અને વિષયનાં ભેદથી, અને અનુભૂત ચેતનાથી પર છે. તે સંપૂર્ણ કાલાતીત અવસ્થા છે. આ વ્યક્તિગત અમરતા છે. જેમાં આત્માની નિરપેક્ષતા, નિરુપાધિક સત્તા પ્રાપ્ત થઈ જાય છે.

આત્મજ્ઞાનની/પરમપદની પ્રાપ્તિને માટે અંતઃકરણની શુદ્ધિ જરૂરી છે. અંતઃકરણ શુદ્ધિથી સ્મૃતિ દઢ બને છે, સ્મૃતિ પ્રાપ્ત થતાં હૃદયની બધી જ ગાંઠો છૂટી જાય છે. તે માટે સર્વ પ્રથમ આહાર શુદ્ધિ જરૂરી છે.[૫૧]

## ❑ મોક્ષ પ્રાપ્તિનાં સાધનો/ઉપાય :

શમ, વિચાર, સંતોષ અને સત્સંગ એ ચાર મોક્ષ પ્રાપ્તિનાં સાધન છે. તેમાંથી એકને વશમાં કરવામાં આવે તો અન્ય ત્રણ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. એ જ શાસ્ત્રોનું અધ્યયન, તપ, દમ, તથા પોતાનો અનુભવ, ગુરુજીનો ઉપદેશ વગેરે દ્વારા નિરંતર આત્મચિંતન દ્વારા જગતુનાં પાશમાંથી મુક્ત થઈ શકાય છે.[૫૨]

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં એકાગ્ર ચિત્ત અને શાંત મન જરૂરી છે, તેનાથી વિપરિત આચરણ કરનારને આત્મબોધ પ્રાપ્ત થતો નથી; અને આત્મબોધ જ આત્મસાક્ષાત્કારનું એકમાત્ર સાધન છે.

'હું જ બ્રહ્મ છું, તે હંમેશાં બધા દેવતાઓના ઉપાસ્ય દેવ છે, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠતર છે. મહાનથી પણ મહાન છે, શાશ્વત, કલ્યાણમય, પરમતેજોમય, સર્વજ્ઞ, સનાતન અને પુરુષ છે.' આ પ્રકારની ભાવના જ મોક્ષ પ્રાપ્તિનું શ્રેષ્ઠ કારણ છે.[૫૩]

નિષ્કામભાવે કર્મ કરનાર જ મોક્ષ પામે છે. તેથી મનમાં ઉઠતાં સંકલ્પોનો અવરોધ કરી, તેને સંકલ્પોથી જ નષ્ટ કરો, અને એ રીતે આત્મ સ્વરૂપમાં સ્થિત બની ઉદ્યોગી પુરુષ બનવાનો પ્રયત્ન કરો. કારણ કે; પ્રયત્નપૂર્વક / પુરુષાર્થથી જ મનુષ્યનાં મલદોષ દૂર કરી શકાય છે.[૫૪]

મોક્ષ પ્રાપ્તિનો સરળ ઉપાય એ છે કે, મનમાં ઉત્પન્ન થતાં વિકાર અને ઈચ્છાઓનો ત્યાગ કરવો જોઈએ. વિકારોનો હજુ ત્યાગ કરી શકાય છે. પરંતુ ઈચ્છાઓનો — શુભ ઈચ્છાઓનાં ત્યાગ કરવો વિશેષ મુશ્કેલ છે, ન. દ. મહેતા બ્રહ્માનુભવમાં બાધક ત્રણ ઈચ્છાઓ ગણાવે છે; (૧) પુત્રૈષણા, દારેષણા; (૨) વિત્તૈષણા અને (૩) લોકૈષણા. "જેમાં પુત્રૈષણા — દારેષણા અને વિત્તૈષણા સરળતાથી છૂટી શકે છે પરંતુ લોકૈષણા છૂટી શકતી નથી, અથવા લોક કલ્યાણની ભાવનાથી કરવામાં આવે છે. પરંતુ તે વિશેષ



For Private And Personal Use Only

બંધનકારક છે. તે કાર્યોમાં બુદ્ધિમાન વ્યક્તિઓ ફસાઈ જાય છે; તેથી લોકૈષણાને વિશેષ પ્રયત્ન પૂર્વક છોડવી જોઈએ.[૫૫]

મહો. જણાવે છે કે, દેખાતી બધી વસ્તુઓ નાશ પામનાર છે, તેને માયા ન માનતા તે બધાને બ્રહ્મ માનવું એ જ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે.[૫૬] જ્યારે મૈત્રેયી ઉપ. મોક્ષ પ્રાપ્તિને માટે પત્થર, સુવર્ણ અથવા માટીની મૂર્તિની પૂજા નહીં પરંતુ પોતાના હૃદયમાં બિરાજમાન આત્માની પૂજા કરવી જોઈએ. કારણ કે આત્માની પૂજાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.[૫૭]

સંન્યાસો.[૫૮] પ્રણવનું મહત્ત્વ દર્શાવતાં જણાવે છે કે, દરરોજ બાર હજાર પ્રણવ મંત્રનો જપ કરવાથી એક વર્ષનાં અંતે મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્યારે યોગચૂડામણિ ઉપ.[૫૯] અજપા ગાયત્રી યોગીઓને માટે મોક્ષદાયક છે, તેમ જણાવે છે. આ જીવ (પ્રાણવાયુ) 'હ'કાર ધ્વનિથી બહાર આવે છે અને 'સ' કાર ધ્વનિથી અંદર જાય છે, આમ તે હંમેશાં "હંસ હંસ" એમ જપ કરતો રહે છે. તે "અજપા ગાયત્રી" કહેવાય છે.

છા. ઉપ.[૬૦] સૂર્ય અને પ્રાણની "ૐ" રૂપે ઉપાસના કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત છા. ઉપ.માં જ મધુવિદ્યા, શાણ્ડિલ્ય વિદ્યા, સંવર્ગ વિદ્યા વગેરે વિદ્યાઓ દ્વારા મોક્ષ પ્રાપ્તિ કરી શકાય છે તે દર્શાવેલ છે.

અવ્યક્તો.[૬૧] જણાવે છે કે, જે આનુષ્ટુભી વિદ્યાની ઉપાસના દ્વારા પરમતત્ત્વને જાણે છે તે પરબ્રહ્મને પામે છે અને પુનર્જન્મને પ્રાપ્ત કરતો નથી. અર્થાત્ મોક્ષ પામે છે.[૬૨]

મોક્ષ પ્રાપ્તિમાં આત્મજ્ઞાન મહત્ત્વનું છે અને વિદ્યાથી અમરત્વ પ્રાપ્ત થાય છે. આત્મ શક્તિ સર્વથી શ્રેષ્ઠ છે, તે જેને પ્રાપ્ત થાય છે તે શ્રેષ્ઠ બને છે. આ આત્મશક્તિ જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે તેથી વિદ્યાનું/જ્ઞાનનું મહત્ત્વ છે. તેથી વિદ્યાથી જ અમૃત/મોક્ષ પ્રાપ્ત થાય છે; તેમ કહ્યું છે.[૬૩]

મોક્ષ પ્રાપ્તિ માટે નિષ્કામ કર્મ જરૂરી છે. પૂર્વ જન્મનાં આવા કર્મ સંસ્કારથી જ પ્રત્યગ્ આત્માની જિજ્ઞાસા થાય છે. અર્થાત્ એક જ જન્મે નહિ, અનેક જન્મે મોક્ષ પ્રાપ્ત થાય છે.[૬૪]

સમ્યક્ જ્ઞાન જ મોક્ષનું કારણ છે કર્મ નહીં. (છા. ઉપ. ૫.૧૦.૮) પરંતુ આનન્દગિરિનાં મતે કર્મ પરંપરા મોક્ષ માટે જરૂરી છે. કારણ કે કર્મફળથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને તેથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે ફલસ્વરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે.[૬૫]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

❑ મન :

જગત્‌ના બંધનમાં પડેલ પ્રાણી હું નથી; મારાથી ભિન્ન કોઈપણ વસ્તુનું અસ્તિત્વ નથી. જેવી રીતે ફીણ અને લહેરો સમુદ્રમાંથી જ ઉત્પન્ન થાય છે અને સમુદ્રમાં જ વિલીન થાય છે. તેમ આ જગત્ મારામાંથી જ ઉત્પન્ન થાય છે અને મારામાં જ લય પામે છે. આ સૃષ્ટિનું કારણભૂત મન પણ મારાથી અલગ નથી. માયા પણ મારાથી અલગ નથી. આ પ્રમાણે જે પુરુષ પરમાત્મામાં પોતાના આત્મારૂપ મનને લગાવે છે. તે અમૃતમય ભાવને પ્રાપ્ત કરે છે. અર્થાત્ મોક્ષને માટે 'મન' જ કારણભૂત છે.[૫]

ચર્ચાનો સારાંશ એ છે કે; નિષ્કામભાવે કર્મ કરવાથી અનેક જન્મોએ મોક્ષ પ્રાપ્ત થાય છે. આ મોક્ષ માટે 'મન' કારણભૂત છે. કારણ કે, જેવાં ભાવ સાથે કર્મ કરવામાં આવે તેવું ફળ પ્રાપ્ત થાય છે. શુભ ભાવનાનું શુભ, અને દુષ્ટ ભાવનાનું દુષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. યજ્ઞાદિકર્મ મોક્ષ પ્રાપ્તિમાં મદદરૂપ છે; તેનાંથી મોક્ષ પ્રાપ્ત થતો નથી. પરંતુ મનશુદ્ધિમાં મદદરૂપ બને છે. તેથી જ યજ્ઞ વગેરે "ન મમ"ની ભાવના સાથે કરવાનું ગીતા જણાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગીતા - ૪.૪.૭

**અંત્યનોંધ :**

(૧) रागद्वेषौ सुखं दुःखं धर्माधर्मौ फलाफले । यः करोत्यनपेक्ष्यैव स जीवन्मुक्त उच्यते ॥

मौनवान्निरहंभावो निर्मानो मुक्तमत्सरः । यः करोति गतोद्वेगः स जीवन्मुक्त उच्यते ॥

सर्वत्र विगतस्नेहो यः साक्षिवदवस्थितः । निरिच्छो वर्तते कार्ये स जीवन्मुक्त उच्यते ॥

येन धर्ममधर्मं च मनोमननमीहितम् सर्वमन्तः परित्यक्तं स जीवन्मुक्त उच्यते ॥

यावती दृश्यकलना सकलेयं विलोक्यते । सा येन सुष्ठु संत्यक्ता स जीवन्मुक्त उच्यते ॥

कट्वम्ललवणं तिक्तममृष्टं मृष्टमेव च । सममेव च यो भुङ्क्ते स जीवन्मुक्त उच्यते ॥

— महो. २.४९ ५४

(२) स्वामि विवेकानंद, वेदान्तदर्शन पृ. ११

(३) जीवन्मुक्तपदं त्यक्त्वा स्वदेहे कालसात्कृते । विशत्यदेहमुक्तत्वं पवनोऽस्पन्दतामिव ॥

विदेहमुक्तो नोदेति नास्तमेति न शाम्यति न सन्नासन्न दूरस्थो न चाहं न च नेतरः ॥

ततः स्तिमितगम्भीरं न तेजो न तमस्ततम् अनाख्यमनभिव्यक्तं सत्किंचिदवशिष्यते ॥

न शून्यं नापि चाकारो न दृश्यं नापि दर्शनम् न च भूतपदार्थौघसदनन्ततया स्थितम् ॥

किमप्यव्यपदेशात्मा पूर्णात्पूर्णतराकृतिः । न सन्नासन्न सदसन्न भावो भावनं न च ॥

चिन्मात्रं चैत्यरहितमनन्तमजरं शिवम् । अनादिमध्यपर्यन्तं यदनादि निरामयम् ।

द्रष्टृदर्शनदृश्यानां मध्ये यद्दर्शनं स्मृतम् । नातः परतरं किंचिन्निश्चयोऽस्त्यपरो मुने ।

स्वयमेव त्वया ज्ञातं गुरुतश्च पुनः श्रुतम् । स्वसंकल्पवशाद्बद्धो निःसंकल्पाद्विमुच्यते ॥

तेन स्वयं त्वया ज्ञातं ज्ञेयं यस्य महात्मनः । भोगेभ्यो ह्यरतिर्जाता दृश्याद्वा सकलादिह ॥

प्राप्तं प्राप्तव्यमखिलं भवता पूर्णचेतसा स्वरूपे तपसि ब्रह्मन्मुक्तस्त्वं भ्रान्तिमुत्सृज ॥

अतिबाह्यं तथा बाह्यमन्तराभ्यन्तरं धियः । शुक पश्यन्न पश्येस्त्वं साक्षी संपूर्णकेवलः ।

— महो. २.६३-७३

(४) स्नानं पानं तथा शौचमद्भिः पूताभिराचरेत् ।

स्तूयमानो न तुष्येत् निन्दितो न शपेत्परान् ॥

— कुण्डिका उप. १२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५) महो. २.४२-६२

(६) महो. पृ. ८६, ९०, ९१

(७) महो. पृ. ८९

(८) महो. ४.२७-३८

(९) गीता अ.२

(१०) महो. ४.३८

(११) मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ॥

— महो. ५.७७

(१२) मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।

— गीता

(१३) सति दीप इवालोकः सत्यर्क इव वासरः ।
सति पुष्प इवामोदश्चिति सत्यं जगत्तथा ॥

— महो. पृ. १०१

(१४) महो. २.५०

(१५) जायते म्रियते लोके म्रियते जननाय च ॥
अस्थिराः सर्व एवेमे सचराचरचेष्टिताः ।
सर्वापदां पदं पापा भावा विभवभूमयः ॥
अयः शलाकासदृशाः परस्परमसङ्गिनः । शुष्यन्ते केवला भावा मनःकल्पनयानया ॥
भावेष्वरतिरायाता पथिकस्य मरुष्विव । आश्वसेयं कथं दुःखं यतितप्तोऽस्मि येतरा ॥
भिन्नानि चित्रयन्त्राणि नानन्दाय धनानि मे । संप्रसूतकलत्राणि गृहाण्युग्रापदामिव ।

— महो. ३.३-७

(१६) महो. ४-६०

(१७) महो. २.४९-५०

(१८) छा. उप. ६.१४.१-२

(१९) स यथा तत्र नादहते तदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा ।
तत्त्वमसि श्वेतकेतो इति तद्धास्य विजज्ञाविति विजज्ञाविति ।

— छा. उप. ६.१६.३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२०) असंशयवतां मुक्ति: संशयाविष्टचेतसाम् ।

न मुक्तिर्जन्मजन्मान्ते तस्माद्विश्वासमाप्नुयात् ।

-- मैत्रेयी उप. २.१६

(२१) अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।

नायं लोकोऽस्ति न परो, न सुखं संशयात्मनः ॥

-- गीता अ. ४.४

(२२) आत्मतापनं लक्ष्वा..............जयाप्यहम् ।

-- संन्यासो. २.५०-५१

(२३) इत्येवं चिन्तयन्भिक्षुः स्वरूपस्थितिमञ्जसा । निर्विकल्पस्वरूपज्ञो निर्विकल्पो बभूव ह ।

-- संन्यासो. २.५८

(२४) इन्द्रियैर्बध्यते जीव आत्मा चैव न बध्यते ।

ममत्वेन भवेज्जीवो निर्ममत्वेन केवलः ॥

-- योगचूड. उप. ८४

(२५) महो. ४.५७

(२६) महो. ४.६१

(२७) स य एतमेवं विद्वानेवं देवतासु प्रोतं वेदैतासामेव देवतानां सलोकता सार्ष्टितां सायुज्यं गच्छति सर्वमायुरेति ज्योग्जीवति महान् प्रजया पशुभिर्भवति महान् कीर्त्या ब्राह्मणान्न निन्देत्तद्व्रतम् ।

-- छा. उप.२.२०.२

(२८) श्री माणेकलाल वर्मा; श्रीनारदचरितामृत, तृतीयप्रवाह, पूर्वार्ध, पृ. ३९

(२९) प्रा. दवे, ऊमा. नवनीत, पृ. १६४

(३०) अथ या एता हृदयस्य............भवन्त्युत्क्रमणे भवन्ति ॥

-- छा. उप. ८.६

(३१) छा. उप. ३.२०.२

(३२) श्यामाच्छबलं प्रपद्ये........संभवामीति ॥

-- छा. उप. ८.१३.१

(३३) इदमिति ह प्रतिजज्ञे........तस्मै होवाच ॥

-- छा. उप. ४.१४.३



For Private And Personal Use Only

(३४) अथ य आत्मा......होष ब्रह्मलोकः ।

— छा. उप. ८.४.१

(३५) तद्यथेषीकातूलमग्नौ प्रोतं प्रदूयेतैवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते य एतदेवं विद्वानग्निहोत्रं जुहोति ।

— छा. उप. ५.२४.३

(३६) यथैधांसि समिद्धोऽग्निर्, भस्मसात्कुरुतेऽर्जुन

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

गीता अ. ४.३७

(३७) छा. उप. अ. ६.१० खण्ड

(३८) छा. उप. ३.१४.१

(३९) मोक्षस्य न हि, वासोऽस्ति न ग्रामान्तरमेव वा ।

अज्ञानहृदयग्रन्थिनाशो मोक्ष इति स्मृतः ॥

— शिवगीता १३-१३२

(४०) प्रा. श्वे, उप. नवनीत, पृ. ५६७

(४१) डॉ. रानाडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. २५४

(४२) छा. उप. ४.९.३

(४३) डॉ. रानाडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. २२४

(४४) छा. उप. ६.१४.१-२

(४५) डॉ. रानाडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. २२५

(४६) छा. उप. अ. ७.१ ६

(४७) तद्विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।

उपदेक्ष्यन्ति ते ज्ञानं, ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

— गीता ४-३४

(४८) छा. उप. ७.१ ५-६

(४९) तान्यभ्यतपत्तेभ्योऽभितप्तेभ्य ॐकारः संप्रास्रवत्तद्यथा शंकुना सर्वाणि पर्णानि संतृण्णान्येवमोङ्कारेण सर्वा वाक्संतृण्णोङ्कार एवेदं सर्वमोङ्कार एवेदं सर्वम् ॥

छा. उप. २.२३.३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५०) छां. उप १.५.१-३

(५१) छा. उप. ७.२६.२

(५२) महो. ४.२-५

(५३) महो ४. ६९-७२

(५४) महो. ५.१७७. १८०, १८६

(५५) न. ह. मह्रेता, ઉप. विशारणा पृ. १६३

(५६) न लक्ष्यते............तां विसर्जयेत् ॥

नहो. पृ. ११२-११३

(५७) पाषाणलोहमणिमृण्मयविग्रहेषु पूजा पुनर्जनन भोगकारी मुमुक्षोः

तस्माद्यतिः स्वहृदयार्चनमेव कुर्याद्बाह्यार्चनं परिहरेदपुनर्भवाय ॥

– मैत्रेयी उप. अ. २.२६

(५८) यस्तु..............ब्रह्म प्रकाशते

– संन्यासो अ. २-१०४

(५९) हकारेण बहिर्याति सकारेण विशेत्पुनः । हंसहंसेत्यमुं मन्त्रं जीवो जपति सर्वदा ॥

षट्शतानि दिवारात्रौ सहस्त्राण्येकविंशतिः । एतत्संख्यान्वितं मन्त्रं जीवो जपति सर्वदा ।

अजपानाम गायत्री योगिनां मोक्षदा सदा । अस्याः संकल्पमात्रेण सर्वपापैः प्रमुच्यते ॥

– योगचूडामणि उप. ३१, ३३

(६०) छा. उप. १.३.१

(६१) य एवं वेदेति........॥

– अव्यक्तो. ३

(६२) आत्मना वीर्यं विन्दते विद्ययामृतं विन्दते ।

- विद्ययामृतमश्नुते ।

– केनो. २.१२

(६३) बहूनां जन्मनामन्ते, ज्ञानवान्मां प्रपद्यते ।

वासुदेवः सर्वमिति, स महात्मा सुदुर्लभः ॥

– गीता अ. ७.१९



For Private And Personal Use Only

(६४) विशुद्धसत्त्वस्य तु निष्कामस्यैव बाह्यादनित्यात् साध्यसाधनसम्बन्धात् इह कृतात्पूर्वकृताद्वा संस्कारविशेषोद्भवाद्विरक्तस्य प्रत्यगात्मविषया जिज्ञासा प्रवर्तते ॥

— केनो. शां. भा. पृ. ५

(६५) साहं ब्रह्म न संसारी न मत्तोऽन्यः कदाचन यथा फेनतरङ्गादि समुद्रादुत्थितं पुनः ।
समुद्रे लीयते तद्वज्जगन्मय्यनुलीयते । तस्मान्मनः पृथङ् नास्ति जगन्माया च नास्ति हि ॥
यस्यैवं परमात्मायं प्रत्यग्भूतः प्रकाशितः । स तु याति च पुंभावं स्वयं साक्षात्परामृतम् ॥
यदा मनसि चैतन्यं भाति सर्वत्रगं सदा । योगिनोऽव्यवधानेन तदा संपद्यते स्वयम् ॥

— श्री जा. द. उप. १०.६-९



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માયા-અવિદ્યા - ૪.૪.૮

પ્રા. રાવળ "માયા" શબ્દોનાં વિવિધ અર્થઘટનો આપી સર્વસારોપનિષદ્‌ની વ્યાખ્યા વિશેષ યોગ્ય છે, તેમ જણાવે છે. જે આ પ્રમાણે છે." જે અનાદિ છે; નિર્ગુણ છે; જેનું ખંડન અને મંડન બન્ને કરી શકાય છે; જે સત્ય પણ નથી અને અસત્ય પણ નથી, સત્યાસત્ય પણ નથી; પોતે અવિકારી હોવાને લીધે વિકારના હેતુનું નિરૂપણ કરવાનું ન હોય ત્યારે જે વિદ્યમાન હોય; આ પ્રમાણે જેનું વર્ણન કરી ન શકાય તે "માયા" કહેવાય છે."[૧]

માયાવાદ શ્રીમદ્ શંકરાચાર્યની વિશિષ્ટ રજૂઆતને પરિણામે અત્યંત પ્રસિદ્ધ બન્યો, આચાર્ય શંકરને તેથી જ માયાવાદી કહેવામાં આવે છે. પરંતુ તે પહેલાં ઉપ.માં હતો જ. ઈશા. ઉપ.[૨] કહ્યું છે કે; સત્યનું મુખ હિરણ્યમય પાત્રથી ઢંકાયેલું છે અને ઈશ્વરની કૃપા વડે જ તે દૂર થાય છે અને સત્યનું દર્શન થઈ શકે છે.[૩] છા. ઉપ.[૪]માં પણ માયાને અનૃત સાથે સરખાવી છે. ત્યાં વિદ્યા અને અવિદ્યાનો ભેદ દર્શાવી વિદ્યાને સર્વોચ્ચ સ્થાન આપેલું છે.

મૈત્રેયી ઉપ.[૫]માં માયાના પ્રભાવમાં આવીને વ્યક્તિ "હું" રૂપ પરમાત્માને જે પૂર્ણ રૂપથી નથી જાણતા, તે મહાબુદ્ધિમાન હોય તો પણ તે કાગડાની જેમ અભાગ્ય પેટને ભરવા માટે આમતેમ ફરે છે. અર્થાત્ વ્યક્તિ પાસે જ્ઞાન હોય પરંતુ જો અનુભૂતિ અને ભક્તિ ન હોય તો તે જ્ઞાન બોજારૂપ અને આપત્તિ જનક બને છે.

મહો.માં કહ્યું છે કે; આ સૃષ્ટિ વાસ્તવિક નથી; માયા દૂર થતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી ઋષિવર ઋભુ પોતાના પુત્રને જણાવે છે કે; આ માયા ક્યાંથી અને કેવી રીતે ઉત્પન્ન થઈ છે, તે તારે વિચારવાની જરૂર નથી; તારે તો તે માયા કેમ દૂર થાય તે જ વિચારવાનું છે, કારણ કે તેનો નાશ થાય ત્યારે જ અક્ષયપદનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ માયા ક્યાંથી ઉત્પન્ન થઈ વગેરેનો વિચાર કરતાં-કરતાં તેનાં મૂળની જ ચિકિત્સા કરવી જોઈએ. જેથી જન્મ-મરણનાં ચક્રમાં ન પડાય. આ માયાને આત્મ શક્તિ દ્વારા જ ક્ષીણ કરી શકાય છે. આ અનંત આત્મ શક્તિ જ પરિમિત થઈને રૂપ-ભાવનાવાળી બને છે, ત્યારે તેને નામ - સંખ્યા વગેરે લાગે છે. એ જ ચિત્ત શક્તિનું રૂપ, દેશ, કાલ અને ક્રિયાને ધારણ કરનાર ભૂત છે અને એ ભૂતને ધારણ કરનાર ક્ષેત્રજ્ઞ (આત્મા/પરમાત્મા) છે. ત્યારબાદ ઋભુ ઋષિ સાંખ્ય શાસ્ત્ર



For Private And Personal Use Only

પ્રમાણે સૃષ્ટિનો વિકાસ/ઉત્પત્તિ દર્શાવે છે. અને રેશમનો કીડો જેમ બંધનમાં પડે છે, તેમ ક્ષેત્રમાં રહેલ ક્ષેત્રજ્ઞ બંધનમાં પડે છે. આમ પોતાની કલ્પનાથી રચિત સંસારમાં આત્મા સ્વયં ફસાઈ જાય છે.[૫]

દ્વૈતનાં અસ્તિત્વને સંપૂર્ણ સત્ય માનવામાં આવેલ નથી; તેને સમજાવવા માટે "માયા"નો આશ્રય લેવામાં આવે છે. છા. ઉપ.માં જ અગ્નિ – જલ અને અન્ન એ સત્તાના ત્રણ મૂળ ઘટકો માનવામાં આવેલ છે. તેનાં રૂપાંતરોની ચર્ચા છે. ત્યાં માટી, લોહ વગેરેની વસ્તુ માત્ર રૂપાંતરો છે, શાબ્દિક અભિવ્યક્તિ એક નામ માત્ર છે. વાસ્તવિકતા માટી, લોહ વગેરે છે. તેવી જ રીતે બધી વસ્તુઓને મૂળ ત્રણ રૂપોમાં લાવી શકાય છે.

મૈત્રેયી ઉપ.માં નિરપેક્ષની તુલના ચિનગારીથી કરવામાં આવી છે, જેવી રીતે ચિનગારીને ઘુમાવવાથી એક ચક્ર – જેવું ઉત્પન્ન થાય છે, તેમાંથી એ સાર નીકળે છે કે; જગત્ એક આભાસ માત્ર છે.[૭]

માયાની દ્રષ્ટિએ બ્રહ્મ પોતાની પૂર્ણતાને ગુમાવ્યા વગર જગત્નો આધાર છે. બધી જ વિશેષતાઓથી રહિત હોવાં છતાં બ્રહ્મ જગત્નું મૂળ કારણ છે.[૮] શ્રીમદ્ શંકરાચાર્ય પણ બ્રહ્મસૂત્ર ઉપરનાં ભાષ્યમાં આ જ બાબત જણાવે છે.[૯]

ન. દ. મહેતાના મતે પરમતત્ત્વની સ્વાભાવિક આત્મભૂતા શક્તિ અનેક ચમત્કૃતિ કરનારી હોવાથી માયા શક્તિ કહેવાય છે, અને અદ્ભુત ક્રિયા કરવાના સામર્થ્યવાળી હોવાથી પ્રકૃતિ શક્તિ કહેવાય છે. ઉપ.માં મિથ્યા પ્રદર્શન કરનારી માયાનો ઉલ્લેખ નથી, પરંતુ આત્મભૂતા ચિત્શક્તિનાં અપૂર્વ ઈક્ષણ, જ્ઞાન અને ક્રિયા કરનારા વિભવરૂપે ઈક્ષણ શક્તિ, માયા, શક્તિ, પ્રકૃતિ શક્તિ વગેરે હેતુ ગર્ભિત નામો આપવામાં આવ્યાં છે. વેદાંતનો માયાવાદ ઉપ.ના વાક્યોમાંથી સરળતાથી પ્રકટ થઈ શકે તેમ નથી. ઉપ. મોટે ભાગે શક્તિવાદના સમર્થનમાં જાય છે: માયાવાદના ટેકામાં જતાં નથી.[૧૦]

પરંતુ ન. દ. મહેતા વગેરે વિદ્વાનોના મતનો જવાબ આપતાં પ્રા. રાવળ જણાવે છે કે, "ઉપ.માં માયાવાદ રહેલો છે. તેનાં પ્રારંભિક બિંદુઓ તેમાં જ છે. છા. ઉપ.માં માટીના પિંડને જાણવાથી માટીની બનેલી બધી વસ્તુઓનું જ્ઞાન થઈ જાય છે, કારણ કે વિકાર તો માત્ર નામરૂપમાં જ છે. માટી જ સત્ય છે. અન્ય ઉપનિષદોમાં પણ કહ્યું છે કે; "જે અહીં નાનાત્વ જૂએ છે તે મૃત્યુથી પર એવા મૃત્યુને પ્રાપ્ત કરે છે." આથી એમ સ્પષ્ટ થાય છે કે જે સિદ્ધાંત આગળ જતાં માયાવાદ તરીકે સ્થપાયો એ આત્મવાદથી ભિન્ન નથી, પણ તેના અંગરૂપ છે."[૧૧]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપનિષદો માયાવાદનું સમર્થન કરે છે તેનો અર્થ એટલો જ છે કે જગત્‌ના બાહ્ય દેખાવોની તળે એક તત્ત્વ પડેલું છે, અને તેની અંદર સગુણ ઈશ્વરથી માંડીને તારના સ્તંભ સુધીના સર્વ પદાર્થોનો સમાવેશ થઈ જાય છે. શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે કે; "એ આત્મા બ્રહ્મથી સ્તંભ સુધીના સર્વ સચેતન પ્રાણીઓનાં હૃદયમાં વસે છે." જીવદશાની ચડતી ઉતરતી જુદી જુદી પાયરીઓ બધી એક અદ્વિતીય એવા બ્રહ્મરૂપી તેજો રાશિના અંશો કે સ્ફુલિંગો છે. 'વિજ્ઞાન'ની કક્ષાએ ખુદ બ્રહ્મના સ્વરૂપમાં 'સ્વગત ભેદ' રહે છે. આ ભેદનું નામ 'માયા' છે. તે બ્રહ્મને પોતાનો વિકાસ કરવા પ્રેરે છે. જગતના જુદા જુદા પદાર્થો છે અને નથી. તેમની હસ્તી એ બેની વચ્ચે છે. બ્રહ્મની સંપૂર્ણતાના એક ને અદ્વિતીય એવા સત્ તત્ત્વની અમર્યાદ પૂર્ણત્વના, ગજથી માપી જોતાં, દુઃખ અને ફાટફૂટથી ભરેલું નાનાત્વ અર્થાત્ અનેકતા–વાળું જગત ઓછું સત્ય ઠરે છે.[૧૨]

છા. ઉપ. દર્શાવે છે, કે; અસત્યનું આવરણ પરમ સત્યને અમારાથી છુપાવેલું રાખે છે, જેમ માટી પોતાની નીચે મહાન્ ખજાનાને છુપાવીને રહેલી છે.

મૂલ બીજ શક્તિમાં અનેક નામ, રૂપ અને કર્મના સંસ્કારો ગૂઢ હોય છે, અને વ્યાકૃત થવાના પ્રસંગે તે નામરૂપકર્મના શુદ્ધ અને અશુદ્ધ એવા બે વ્યૂહ પડે છે. એક વ્યૂહને શુદ્ધ સત્ત્વા માયા કહે છે, અને બીજા વ્યૂહને અશુદ્ધ સત્વા માયા કહે છે. પ્રથમ પ્રકારની શક્તિને વિદ્યા કહે છે, બીજા પ્રકારની શક્તિને અવિદ્યા કહે છે. વિદ્યાવ્યૂહનાં નામરૂપ અને કર્મો ઈશ્વર ચેતનનાં અભિવ્યંજક બને છે; અવિદ્યાવ્યૂહનાં નામરૂપ કર્મો જીવચેતનનાં અભિવ્યંજક બને છે. અવિદ્યા અને તેનાં પરિણામોનો બાધ વિદ્યા અને તેનાં પરિણામો કરે છે. ઉપાસના વિદ્યાશક્તિને અને તેનાં પરિણામોને ખીલવે છે; લૌકિક અવિદ્યા પક્ષપાતી છે જ્યારે શાસ્ત્રીયકર્મ અવિદ્યા વ્યૂહમાં છતાં વિદ્યા પક્ષપાતી છે.[૧૩]

ન. દ. મહેતાના મતે વિદ્યા શક્તિનો સર્વોત્તમ વિકાસ શબલ બ્રહ્મ એટલે પરમેશ્વરમાં છે; બ્રહ્માદિ ગુણમૂર્તિઓમાં તેથી ઓછો હોય છે; દેવ વર્ગમાં તેથી ઓછો હોય, મનુષ્ય યોનિમાં વિદ્યા–અવિદ્યાનું સંમિશ્રણ હોય છે.

ઈશાવાસ્યો.માં વિદ્યા–અવિદ્યા એમ સ્પષ્ટ નિર્દેશ છે. ત્યાં વિદ્યા એટલે જ્ઞાન અને અવિદ્યા એટલે અજ્ઞાન એવો અર્થ નથી. એ ખોટો અર્થ છે. શ્રીમદ્ શં.ની દૃષ્ટિએ વિદ્યા એ જ્ઞાન નથી. જેમ કેટલાક લોકોને બ્રહ્મ અંગેના વિવિધ શ્રુતિ વચનોની સમજ હોય પરંતુ બ્રહ્મનો અનુભવ ન હોય તો એ શાસ્ત્રજ્ઞાન વિદ્યા કહેવાય; જ્ઞાન નહિ. અહીં બ્રહ્મજ્ઞાનનો મહિમા દર્શાવ્યો છે.[૧૪] ઈશો. કર્મમાર્ગની મહત્તા દર્શાવે છે. વેદોમાં નિર્દિષ્ટ અગ્નિહોત્રાદિ કર્મ એને અવિદ્યા ગણી અહીં સમજાવાયું છે કે માત્ર કર્મ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અથવા ઉપાસના પૂરતી નથી. તેની સાથે જ્ઞાન ભળે ત્યારે જ અમૃતના અધિકારી બનાય છે.[૧૬] તેથી કુમારિલ ભટ્ટ જણાવે છે કે, "વિદ્યા–અવિદ્યાના સમુચ્ચયથી જ સમુન્નતિ પ્રાપ્ત થાય છે.[૧૭] આમ લૌકિક વિદ્યાની પણ ઉપેક્ષા કરવાની નથી. છા. ઉપ.માં સનત્કુમાર આ લૌકિક વિદ્યાને "અપરાવિદ્યા" અને બ્રહ્મ અનુભૂતિના જ્ઞાનને "પરાવિદ્યા" ગણાવે છે.

વેદગ્રંથોનું જ્ઞાન (અપરાવિદ્યા) ઉતરતી કોટિનું છે, જ્યારે આત્મજ્ઞાન(પરાવિદ્યા) શ્રેષ્ઠ છે. જે આપણને મુક્તિ આપી શકે છે. મૈત્રા.[૧૮] ઉપ. પણ વિદ્યા–અવિદ્યામાં અવિદ્યાથી મૃત્યુને તરાય છે અને વિદ્યાથી અમૃતતત્ત્વની પ્રાપ્તિ થાય છે. અવિદ્યાથી જે એમ માને છે કે; અમે તરી જઈશું તો તે મૂઢ છે. વાસ્તવમાં એવી પરિસ્થિતિ છે કે, આંધળાને જેમ આંધળો દોરે. આમ અહીં અવિદ્યા એટલે વેદ વગેરેનો નિર્દેશ છે. અને વિદ્યા એટલે પરબ્રહ્મ સંબંધી જ્ઞાન. પ્રા. પંડ્યા (કબીર) જણાવે છે કે, "અવિદ્યા એટલે જ્ઞાન, પૂર્ણ અસ્તિત્વનું જ્ઞાન તેનાંથી જ અમૃત પ્રાપ્ત થાય છે. અમૃતથી જ બ્રહ્મ પ્રાપ્ત થાય છે. તે જ મોક્ષ છે. આત્મજ્ઞાનને માટે વિદ્યા–અવિદ્યાનો વિનિયોગ જરૂરી છે."[૧૯]

## □ પરા–અપરાવિદ્યા :

મુંડકો.માં પરા–અપરા વિદ્યાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વેદ–વેદાંગ વગેરે ગ્રંથોમાં દર્શાવેલ યજ્ઞ, તપ, દાન વગેરે શુભ કર્મ તેમ જ કૂવા ગળાવવા, વાવ ગળાવવી ધર્મશાળા અને નિશાળ બંધાવવી તે અપરાવિદ્યા છે. જેને ઈષ્ટાપૂર્ત તરીકે દર્શાવવામાં આવી છે.[૨૦] આ કર્મ કરવાથી– વિદ્યાથી આ લોકના અને પરલોકનાં સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ સ્વર્ગમાં ફલોપભોગ બાદ પુણ્ય પૂર્ણ થતાં ફરીથી પૃથ્વી લોક ઉપર આવવું પડે છે.[૨૧] તેથી સંસારને પાર ઉતરવા માટે તો પરાવિદ્યાનું જ શરણ લેવુ પડે છે કારણ કે પરાવિદ્યા દ્વારા જ બ્રહ્મને જાણી શકાય છે અને જન્મ–મૃત્યુની પરંપરામાંથી મુક્ત થઈ શકાય છે.[૨૨]

અપરાવિદ્યા મોક્ષદાયક નથી; પરંતુ મોક્ષ ગર્ભની સહાય છે. પરાવિદ્યાના અધિકારી બનવા માટે અપરાવિદ્યાનું અનુષ્ઠાન જરૂરી છે.[૨૩] તેથી જ ઋષિઓ બન્ને વિદ્યા જાણવા ઉપર ભાર મૂકે છે. મુંડકો. જેને પરા–અપરા કહે છે. તેને ગીતા[૨૪] જ્ઞાન વિજ્ઞાન તરીકે નિરૂપે છે.

જ્ઞાન અને અજ્ઞાનની અનેક ભૂમિકા છે. તેમાં અહંભાવરૂપ અજ્ઞાન બંધનકારક છે, જ્યારે સ્વરૂપમાં સ્થિત રહેવા રૂપ જ્ઞાન જ મોક્ષ છે.[૨૫]

અનાત્મામાં આત્મબુદ્ધિનો જન્મ થવો. તે જ અવિદ્યા છે. અવિદ્યાનું નષ્ટ થવું તે જ મુક્તિ છે.[૨૬]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ મુક્તિ તે જ એ જેમાં મારું–તારું વગેરે ભેદ હોતા નથી, અને તે સ્થિતિમાં આકાશસ્વરૂપ શિવ, શાશ્વત છે તેનું જ્ઞાન થાય છે, જે સંવેદનશીલ મનમાં ક્યારેય આવતા નથી.[૨૭]

જેની હૃદયગ્રંથીની ગાંઠ ઢીલી થઈ જાય છે, છિન્ન–ભિન્ન થઈ જાય છે. તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. અને ત્યારે તે દ્વન્દ્વોથી પર બની જાય છે અને તેનું ચિત્ત ચન્દ્રમાની સમાન શોભાયમાન બને છે.[૨૮]

પરમતત્ત્વની દિવ્ય ચિન્મયશક્તિ છે, તે પ્રકૃતિના બે ભાગ પાડે છે (૧) અપરા (૨) પરા. અપરા એટલે અવિદ્યામય પ્રકૃતિઓ અર્થાત્ ભગવાનની દિવ્ય ચેતનાથી વિખૂટી પડેલી એવી મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિ. પરાપ્રકૃતિ એટલે સચ્ચિદાનંદમયી, દિવ્ય પ્રકૃતિ જેમાં સૃષ્ટિનો આવિર્ભાવ કરનાર વિજ્ઞાનમય શક્તિનો પણ સમાવેશ થાય છે. એ પરાપ્રકૃતિમાં ભગવાનની દિવ્ય ચેતનાશક્તિનો પણ સમાવેશ થાય છે. પરાપ્રકૃતિમાં ભગવાનની દિવ્ય ચેતનાશક્તિ સદા જાગ્રત હોઈ અવિદ્યાથી અને તેનાં સર્વે પરિણામોથી તે મુક્ત હોય છે. જ્યાં સુધી માનવ અવિદ્યાને વશ હોય છે. ત્યાં સુધી તે અપરાપ્રકૃતિમાં રહે છે, પરંતુ આધ્યાત્મિક વિકાસ સાધીને તે પરાપ્રકૃતિને જાણી શકે છે. તેના સંપર્કમાં આવવા તથા તેની જોડે આપ લે કરવા માટે જિજ્ઞાસા રાખી શકે છે. માનવ પરાપ્રકૃતિમાં આરોહણ કરી શકે છે. તથા પરાશક્તિ તેનામાં અવતરણ કરી શકે છે. એવા આરોહણ અને અવરોહણને પરિણામે મન, પ્રાણ અને શરીરની અપરાપ્રકૃતિનું રૂપાંતર સાધી શકાય છે.[૨૯]

પરા અને અપરા વિદ્યાઓની ચર્ચાનો સાર એ છે કે, અપરા વિદ્યા–શાસ્ત્ર જ્ઞાન માત્ર બૌદ્ધિક રહે તો આપત્તિજનક બને છે. જો તે અનુભૂતિમાં સહાયક ન બને તો નિરર્થક છે. તેથી જ ઉપનિષદો શાસ્ત્રજ્ઞાનને અનુભૂતિનાં જ્ઞાનમાં મદદરૂપ ગણે છે. શાસ્ત્રજ્ઞાન–અપરાવિદ્યા એ જ્ઞાનનો પાયો છે. જ્ઞાન પ્રાપ્ત થતાં જ મુક્તિ પ્રાપ્ત થાય છે અને સર્વકર્મ બળીને ભસ્મ થઈ જાય છે.

સામાન્યનું અવળા–સવળાપણું અસંતોષ ઉત્પન્ન કરે છે. આ બાબતને સમજાવવા ઉપ. માયા–અવિદ્યાનો ઉપયોગ કરે છે. આ દુનિયા એક મોહ છે, આ મોહને સમજાવવાની જરૂર છે. આપણે અહીં ધર્મસંકટમાં છીએ કે; એને સમજાવવા માટે વિજ્ઞાન "નકારાત્મક" છે. અર્થ નિપજાવી શકતું નથી; મોહ કે ભ્રમ જાળ પણ નહીં; અથવા તે એક વાસ્તવિક સિદ્ધાન્ત છે કે, જેમાં મોહને સંપૂર્ણપણે સમજાવી શકાતો નથી. ધર્મસંકટ એક પ્રતિકૂળ છે. આપણી જાતને તેનાથી દૂર ન કરી શકાય. દુનિયાનો એ વાસ્તવિક અનુભવ છે.[૩૦]

તત્ત્વજ્ઞાન દ્વારા એ સ્થિતિએ પહોંચી શકીએ કે; વાસ્તવિક્તા એ મગજનું બંધારણ છે. હૃદયનાં પોલાણમાં બેસી ગયેલ છે; પરંતુ હજી સુધી આપણે અનુભવીએ છીએ કે આ પૂરતું નથી; પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માથી દૂર સર્વત્ર આત્મા વિશે વિચારીએ છીએ; અસ્વીકારનાં મધ્યમાં આપણે એકલા છીએ; આપણે ઈચ્છીએ તે ખાસ જરૂરી ન હતું. કદાચ અહીં આપણે પહોંચી શકત. પરંતુ અંદરની આત્મશક્તિથી પહોંચી શકત. (છા. ૩.૧૪.૩) "મારા હૃદયમાં મારો આત્મા છે. "ચોખાના દાણા કરતાં નાનો છે. જુવાર–સરસવ કરતાં નાનો, સ્વર્ગ કરતાં મોટો છે, દુનિયા કરતા મોટો છે.[૩]

આમ માયાના સિદ્ધાન્ત દ્વારા જગત્ બ્રહ્મનું અનિર્વચનીય રૂપ છે તેમ સમજાવવામાં આવ્યું છે. જગત્ વાસ્તવિક નથી; તે બ્રહ્મનું જ સ્વરૂપ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માયા અવિદ્યા - ૪.૪.૮

**અંત્યનોંધ :**

(૧) પ્રા. રાવળ, શ્રીમદ્ શં. નું તત્ત્વજ્ઞાન પૃ. ૩૦૧

(૨) हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।

तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

— ईशावास्यो. १५

(૩) तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद ॥ नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ॥

त इमे सत्याः.....दर्शनाय लभते ॥

— छा. उप. १.१.१०; ८.३.१,३

(૪) तन्मायया मोहितचेतसो ये ह्यात्मानमापूर्णमलाऽधवन्तः ।

परं विदग्धोदरपूरणाय भ्रमन्ति काका इव सूरयोऽपि ॥

— मैत्रेयी उप. अ. २.२५

(૫) क्वचिद्बन्ध इति ख्यातं क्वचित्पुर्यष्टकं स्मृतम् ।

प्रोक्तं क्वचिदविद्येति क्वचिदिच्छेति संमतम् ॥१३२॥

इमं संसारमखिलमाशापाशविधायकम् । दधदन्तःफलैर्हीनं वटधाना वटं यथा ॥

— महो. अ. ५.१३२-१३३

(૫) (अ) तृष्णा ग्राह गृहीतानां.....मोह रक्षयकारिणी ॥

· महो. अ.४.१०६ १०४

(૬) यथा सोम्यै.....लोहमित्येव सत्यम् ॥

छा. उप. ६.१.३ ४

(૭) मैत्रा. ६.२४

(૮) कुतस्तु खलु सोम्यैवं.....आसीदेकमेवाद्वितीयम् ॥

— छा. ६.२.२

(૯) कृत्स्नस्य जगतो ब्रह्मकार्यत्वात् तदनन्यत्वाच्च

— शांकरभाष्य-२.१.२०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦) ન. દ. મહેતા, ઉપ. વિચારણા, પૃ. ૮૫

(૧૧) પ્રા. રાવળ, શ્રીમદ્ શં.નું તત્ત્વજ્ઞાન, પૃ. ૩૦૫

(૧૨) ડૉ. રાધાકૃષ્ણન, ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન, પૃ. ૧૧૧ અનુ. ચંદ્રશંકર શુક્લ

(૧૩) छा. उप. ८.३.१-३

(૧૪) ન. દ. મહેતા, – ઉપ. વિચારણા – પૃ. ૧૫૯

(૧૫) ईशावास्य उप। शां. भा. ४

(૧૬) विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं स ह

अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥

— ईशावास्य उप. ११

(૧૭) પ્રા. દવે, ઉપ. નવનીત પૃ. ૮૧

(૧૮) अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥

— मैत्रा. ७.९

(૧૯) प्रा. पंड्या (कश्मीर) ईशावस्य उप. पृ. २०२

(૨૦) तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति । अथ परा यया तदक्षरमधिगम्यते ॥

मुण्डको. १.५

(૨૧) इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो वेदयन्ते प्रमूढाः ।

नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरं वा विशन्ति ॥

— मुण्डको. २.१०

(૨૨) मुण्डको. ३.५

(૨૩) ડૉ. પ્રજ્ઞાબેન જોષી, ઉપનિષદ્ વિમર્શ, પૃ. ૫૧

(૨૪) ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।

यज्ज्ञात्वा नेह भूयोऽन्यत्, ज्ञातव्यमवशिष्यते ॥

— गीता अ. ७.२

(૨૫) महो. ५.२

(૨૬) मृगतृष्णाम्बुबुद्ध्यादिशान्तिमात्रात्मकस्त्वसौ । ते तु मोहार्णवात्तीर्णास्तैः प्राप्तं परमं पदम् ॥

— महो. ५.४१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२७) त्वत्ताहन्तात्मता...नान्या संवेदनादृते ॥

महो. ५.४५-४७

(२८) संसारवासनाजाले खगजाल इवाधुना त्रोटिते हृदयग्रन्थौ श्लथे वैराग्यरंहसा ॥६५॥

कातकं फलमासाद्य यथा वारि प्रसीदति । तथा विज्ञानवशतः स्वभावः संप्रसीदति ॥६६॥

नीरागं निरुपासङ्गं निर्द्वन्द्वं निरुपाश्रयम् । विनिर्याति मनो मोहाद्विहङ्गः पञ्जरादिव ॥६७॥

शान्तसंदेहदौरात्म्यं गतकौतुकविभ्रमम् । परिपूर्णान्तरं चेतः पूर्णेन्दुरिव राजते ॥

— महो. ५.६५-६८

(૨૯) મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ—ભાગ—૪ પૃ. ૪૨–૪૩

(૩૦) W. S. Upquhart: THE UPNISHADS AND LIFE P. 50

(૩૧) Idbi P. 51



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મન - ૪.૪.૯

ડૉ. રાનાડે[1] 'મન'ની બાબતને મનોવિજ્ઞાન સાથે જોડીને ઉપનિષદીય મનોવિજ્ઞાનનું ચિંતન રજૂ કરે છે.[2] ઉપ.ના ઋષિઓનો વિશ્વાસ છે કે; મનુષ્યના મનની પ્રકૃતિ તેની પાચન ક્રિયા પર આધારિત છે. મન અન્નમાંથી જ નિર્મિત થાય છે.[3] છા.ઉપ.માં જ અન્ય જગ્યાએ દર્શાવેલ છે કે; "આપણે જે ભોજન કરીએ છીએ તે ત્રણ રૂપમાં પરિણામ પામે છે. તેનો ભારે(ગરિષ્ઠતમ) ભાગ પુરીષ(વિષ્ઠા) બને છે, મધ્યભાગ માંસ બને છે અને સૂક્ષ્મતમ અંશમાંથી મનનું નિર્માણ થાય છે."[3] આ બાબતને ઉદા. દ્વારા સમજાવતાં ઋષિ જણાવે છે કે; "જેવી રીતે દધિમન્થનમાં સૂક્ષ્મતમ અંશ ઉપર આવી નવનીત બને છે તેમ અન્નના સૂક્ષ્મતમ અંશ ઉપર આવી 'મન'રૂપે નિર્માણ પામે છે."[4] શ્રીમદ્ ભગવદ્ગીતા સાત્ત્વિક, રાજસિક, તામસિક એ ત્રણ વૃત્તિઓ જુદાં જુદાં પ્રકારનાં ભોજનનું પરિણામ છે તેમ જણાવે છે.[5] ભોજનનાં ગુણ માનસિક ગુણોનાં નિર્માણમાં આધાર છે, તેવો નિશ્ચય દૃઢ થઈ જાય પછી ભોજનનાં સંબંધમાં અને તેનાં સમર્થનમાં નૈતિક કલ્યાણની દૃષ્ટિથી વિચાર આવશ્યક છે. તેથી જ સનત્કુમાર[6] જણાવે છે કે; "જો ભોજન પવિત્ર હોય તો વૃત્તિઓ પવિત્ર થાય છે, વૃત્તિઓ પવિત્ર થતાં ધારણા શક્તિ દૃઢ થાય છે, જ્યારે મનુષ્યોની ધારણા શક્તિ દૃઢ થઈ જાય છે, ત્યારે તે લૌકિક બંધનોથી મુક્ત થઈ જાય છે. કારણ કે તેણે (નારદે) બધી જ અપવિત્રતાનો નાશ કરી દીધો હતો; તેથી જ સનત્કુમાર તેમને અજ્ઞાન તિમિરની પેલેપારનો માર્ગ દર્શાવી શકયા હતા." અન્નના આ મહત્ત્વને કારણે જ "જેવું અન્ન તેવું મન" એ કહેવત પડી હશે.

સોળ કલાવાળા મનનું નિર્માણ અન્નમાંથી થાય છે તે બાબત ફરીથી ઉદા. અને પ્રયોગ દ્વારા સમજાવતાં શ્વેતકેતુનાં પિતા જણાવે છે કે;[1] "તું પંદર દિવસ ભોજન ન કર; પરંતુ પ્રાણ જળથી ટકી રહે છે, તેથી તું ઈચ્છાનુસાર જળપાન કરતો રહે. તે પંદર દિવસ બાદ પિતા પાસે આવે છે, તેનાં પિતા તેને ઋચાઓ, યજુ વગેરે બોલવાનું કહે છે, તે જણાવે છે કે; તે મારાં મનમાં નથી. ત્યારે તેનાં પિતા જણાવે છે કે; જેવી રીતે આગિયાની(ખદ્યોત)ની જેમ એક નાનો અંગારો બાકી રહી જાય તે વસ્તુને સળગાવી શકતો નથી, તેવી જ રીતે અત્યારે તારી સોળ કલાઓમાંથી એક જ કલા બાકી રહી છે, તેથી તું વેદોને જાણી શકતો નથી. માટે તું ભોજન કરીને આવ. શ્વેતકેતુ ભોજન કરીને આવ્યો, ત્યારે તેને પિતાએ જે કાંઈ પૂછ્યું તે બધુ યાદ આવી ગયું. વિશેષ સમજાવતાં તેનાં પિતા જણાવે છે કે; જેવી રીતે મોટી અગ્નિ શાંત થઈ ગઈ હોય; પરંતુ તેમાંથી એક નાનો તણખો રહેલો હોય તો તેમાં તણખલાં નાખવાથી ફરીથી પ્રજ્વલિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી શકાય છે, તેવી જ રીતે સોળકલાઓમાંથી એક કલા બાકી રહી ગઈ હતી, તે અન્ન દ્વારા વધીને ફરી પ્રજ્વલિત થઈ ગઈ. તેનાંથી તું ફરીથી વેદ વગેરે જાણવા લાગ્યો. તેથી સિદ્ધ થાય છે કે; મન અન્નનું કાર્ય છે, પ્રાણ જળનું અને વાણી તેજનું કાર્ય છે."[૭]

મહો. ઉપ. જણાવે છે કે; અગ્નિનો ધર્મ ઉષ્ણતા છે, તેમ મનનો ધર્મ ચંચલતા છે. તેથી બધી જગ્યાએ ચંચલ મન જ દષ્ટિગોચર થાય છે. આ શક્તિને(ચંચલતાની શક્તિને) વિશ્વ પ્રપંચનું જ રૂપ માનવું જોઈએ ચંચલતા વગરનું મન જ તપ, અમૃત સ્વરૂપ છે, શાસ્ત્ર તેને જ મોક્ષ કહે છે. મનની ચંચલતા જ અવિદ્યા છે, વાસના તેનું લક્ષણ છે. વાસના જ શત્રુ સમાન છે. વિચારવાન્ પુરુષોનું કર્તવ્ય છે કે તે વાસનાને નષ્ટ કરવાનો પ્રયત્ન કરે.[૮]

કોઈપણ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે સર્વપ્રથમ ત્યાં મનને લગાવવું પડે છે; પરંતુ તે માટે નિર્વિકલ્પ સમાધિ જરૂરી છે. નિર્વિકલ્પ સમાધિ દ્વારા ચિત્તને ચિત્ત દ્વારા વશીભૂત કરો; કારણ કે; વિકાર રહિત મન દ્વારા જ મનને વશીભૂત/જીતી(કરી) શકાય છે. આમ મનનું મહત્ત્વ છે, તેથી મન દ્વારા જે કાંઈ અનુભવ થાય, તેને ચિત્તમાં રમવા ન દેવું જોઈએ, કારણ કે શુદ્ધ મન દ્વારા જ મોક્ષ પ્રાપ્ત થાય છે.[૯]

મનની—ચિત્તની ચંચલતાને શાંત કરવા માટે બ્રહ્મ સર્વ સ્વરૂપ, ચિદાકાશ સ્વરૂપ, અખંડિત તથા એક છે, તેવી ભાવના કરવી જોઈએ. આ વિશ્વની અન્ય કોઈ કારણમાંથી ઉત્પત્તિ થયેલ નથી, ચિન્માત્ર સિવાય કશું જ નથી, તેવી ભાવના કરતાં—કરતાં સંશય રહિત થઈને ચિન્માત્રનું જ દર્શન કરવું જોઈએ.[૧૦]

મન—ચિત્ત જ બંધન અને મોક્ષનું કારણ છે. જેનું મન શાંત થઈ જાય છે, તેની મેધા પ્રબુદ્ધ બને છે જેના મનની વૃત્તિઓ નષ્ટ થઈ ગઈ છે, વેદાન્તના અભ્યાસમાં રત છે, હેય અને ઉપાદેય બન્ને પદાર્થોનો ત્યાગ કરીને પરમતત્ત્વનાં ચિંતનમાં લાગેલું રહે છે, તેને મોક્ષપદ પ્રાપ્ત થાય છે.[૧૧] ગીતા પણ મનને જ મનુષ્યોના બંધન અને મોક્ષ માટે કારણભૂત માને છે.[૧૨]

મન મોક્ષ માર્ગે આગળ વધે છે, ત્યારે તેને ઐશ્વર્યમય પદાર્થો પ્રાપ્ત થાય છે, પરંતુ સમજુ મનુષ્ય, તેને આશ્ચર્ય ચકિત નજરે જોઈને, અલ્પ ઉપભોગને જ ખૂબ સમજી, આ બંધનકારક છે તેવું વિચારી, છોડીને આગળ જાય છે, કારણ કે આ વિશ્વરૂપ સાગરને જીતવા માટે મન વશ ન થાય ત્યાં સુધી જ તેનામાં વાસના વગેરે દોષો રહેલાં હોય છે, પરંતુ વશ થયેલું મન, મૃત્યુ, મંત્રી, માતા, પિતા વગેરેની જેમ મનુષ્યનાં/પોતાનાં હિતમાં કાર્ય કરે છે તેથી મનરૂપી મણીને વિવેકરૂપી જળથી સ્વચ્છ કરવાથી જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યને તેજસ્વિતા પ્રાપ્ત થાય છે અને તે તેજસ્વિતાથી ઈન્દ્રિયોરૂપી શત્રુઓ નાશ પામે છે અને વિશ્વ સમુદ્રથી પાર થવાય છે.[13]

મનનો નાશ જ મનોન્નતિનું કારણ છે. ભાગ્યવાન પુરુષોનાં મનનો જ નાશ થાય છે. જ્ઞાની જન મનને આનંદરૂપ અને આનંદ રહિત, ચલ, અચલ, સ્થિર, સત્, અસત્ અથવા તેની મધ્ય અવસ્થા પણ માનતા નથી, જ્યારે અજ્ઞાની લોકો મનના બંધનમાં પડ્યા રહે છે. બધાં સંકલ્પોથી પર ચિદાત્માને જ અવિનાશી અને સ્વાત્મા કહેવામાં આવેલ છે.[14]

વિષયોનું જ્ઞાન થવું તે જ મન છે. સંકલ્પ અને મન બન્ને એક જ છે, તેને કોઈ અલગ કરી શકતું નથી, તેથી સંકલ્પ જ મન છે.[15] તેથી જ સંકલ્પ રહિતતાને જ સંપૂર્ણ સિદ્ધિઓનું સાધન કહેલ છે.[16]

મનનું વાસ્તવિક રીતે કોઈ અસ્તિત્વ નથી; આત્મા નિર્વિકાર ભાવથી શમરૂપમાં સ્થિત છે, તેમાં ચિત્ત સ્વયં સંકલ્પ પૂર્વક જાય છે, ચિત્તની તે સંકલ્પમય અવસ્થા સ્વયં નિર્દોષ હોવા છતાં તે 'મન' કહેવાય છે અને તેથી મન સંકલ્પ દ્વારા જ નષ્ટ થાય છે.[17]

મનનાં સંદર્ભમાં જ 'સંકલ્પ' અને 'પ્રજ્ઞા'ની પરસ્પર શ્રેષ્ઠતાનું અને અધિકાર–ભાવનાઓનું નિરૂપણ કરતાં સબલ ઋષિ જણાવે છે કે;[18] "આ બધુ સંકલ્પમાં જ કેન્દ્રભૂત છે. તેનાંથી નિર્મિત છે, સ્થિર છે. પૃથ્વી અને સ્વર્ગ સંકલ્પમય છે, વાયુ અને આકાશ સંકલ્પ–મય છે, જળ અને અગ્નિ સંકલ્પમય છે. આકાશ અને પૃથ્વી દ્વારા સંકલ્પ કરવાથી જ વૃષ્ટિ થાય છે, વૃષ્ટિનાં સંકલ્પથી અન્ન સંકલ્પ કરે છે, અન્નનાં સંકલ્પથી પ્રાણ સંકલ્પ કરે છે, પ્રાણનાં સંકલ્પથી મન્ત્ર સંકલ્પ કરે છે, મન્ત્રના સંકલ્પથી યજ્ઞ સંકલ્પ કરે છે, યજ્ઞનાં સંકલ્પથી વિશ્વ સંકલ્પ કરે છે અને વિશ્વના સંકલ્પથી દરેક પદાર્થ સંકલ્પ કરે છે, આ સંકલ્પ છે, સંકલ્પની જ ઉપાસના કરો. જે સંકલ્પને બ્રહ્મ સમજીને તેની ઉપાસના કરે છે તે જ યાવત્ સંકલ્પ જગત્‌ના સ્વામી છે." ઉપ.નાં ઋષિની આ વાણીએ ઉપ. પ્રેમી શોપન હાર્વરને[19] પણ પ્રભાવિત કરેલ હશે તેથી જ તેમના એક પ્રવચન સાથે આપણે ઉપ.નાં આ સંકલ્પની બાબતની તુલના કરી શકીએ છીએ." જ્યારે આપણે પ્રબળ તથા અનવરત પ્રેરણા ઉપર વિચાર કરીએ, જેની સાથે જળપ્રવાહ સમુદ્રની તરફ પ્રવાહિત થાય છે. ચુમ્બક હંમેશાં ઉત્તરધ્રુવની તરફ અભિમુખ રહે છે, લોહકણ ઝડપથી ચુમ્બકની તરફ દોડે છે, વિદ્યુતનાં યુગલ–સ્તંભ એકતા શોધે છે, અને જેવી રીતે વિઘ્નથી માનવીની આકાંક્ષાઓ વધી જાય છે તેમ સંકલ્પ શક્તિ પણ વધી જાય છે. જો આપણે પરસ્પર આકર્ષણ–પ્રતિક્ષેપણનું નિરીક્ષણ કરીને વિચારીએ તો આપણી પ્રકૃતિને ઓળખવામાં વિશેષ કલ્પના શક્તિની જરૂર ન પડે. જે આપણાં અંતસ્‌માં જ્ઞાન પ્રકાશમાં લક્ષ્ય સાધન છે, પરંતુ આપણી દુર્બળ અભિવ્યક્તિમાં, ફક્ત અંધતા તથા



For Private And Personal Use Only

મૂકતાપૂર્વક એકદેશીય તથા અપરિવર્તનશીલ વિધિથી પ્રયાસ કરે છે. આ બન્ને રૂપો સંકલ્પની અંદર આવે છે.[૧૯] તેથી જ ડૉ. રાનડે જણાવે છે કે, "ધ્યેય, પ્રેરણા અને યાન્ત્રિક પ્રવૃત્તિ સંકલ્પની જ ભિન્ન–ભિન્ન અભિવ્યક્તિઓ છે."

આમ સંકલ્પનું વિશેષ મહત્વ છે, તેથી વેદનાં ઋષિ શિવ–સંકલ્પની વાત કરે છે. પોતાનું મન હંમેશાં શિવ–સંકલ્પ કરે તેવી ભાવના ઋષિ વ્યક્ત કરે છે.

સંકલ્પ કરતાં ચિત્ત(પ્રજ્ઞા) શ્રેષ્ઠ છે તેથી જ છા. ઉપ. કહે છે કે;[૨૦] "ચિત્ત સંકલ્પથી શ્રેષ્ઠ છે, મનુષ્ય ચિંતન કર્યા બાદ સંકલ્પ કરે છે, તે બધું ચિત્તમાં જ કેન્દ્રિત છે, ચિત્તથી નિર્માણ પામેલ છે. ચિત્ત ઉપર સ્થિર છે, તેથી જ, જો કોઈ મનુષ્ય ચિંતન ન કરતો હોય તો તે શ્રેષ્ઠ જ્ઞાની હોવાં છતાં લોકો તેને જ્ઞાની માનતા નથી; જ્યારે અલ્પજ્ઞાની હોય પરંતુ ચિંતનશીલ હોય તો લોકો તેને જ્ઞાની માને છે તેને સાંભળવાની ઈચ્છા રાખે છે, ચિત્ત કેન્દ્ર છે, ચિત્ત આત્મા છે, ચિત્ત જ આ બધાનો આધાર છે. તે યાવત્–ચિત્ત લોકોનો સ્વામી છે."[૨૧] આમ છા. ઉપ.કાર મન કરતા સંકલ્પ અને સંકલ્પ કરતાં ચિત્તની શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે.

મૈત્રેયી ઉપ.[૨૨] જણાવે છે કે; જેવું જેનું ચિત્ત તેવી તેની ગતિ"[૨૩] તેથી ચિત્તને શાંત કરવાનો પ્રયત્ન કરવો, શાંતચિત્તવાળો મનુષ્ય જ અક્ષય આનંદ પ્રાપ્ત કરે છે. કહેવત પણ છે કે; "મન હોય તો માળવે જવાય." આ કહેવતમાં "મન"નો અર્થ ચિત્ત છે તેમ અનુમાન કરી શકાય.

ચિત્ત જ્યોતિનાં પ્રકાશ વગર અંતઃકરણ / મન પોતાનાં વિષયમાં સંકલ્પ અને અધ્યવસાય (નિશ્ચય) કરવામાં સમર્થ થઈ શકતું નથી.[૨૪]

**❑ મનને વશ કરવાની પ્રવૃત્તિ :**

તપ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાનથી મન વશ થાય છે. મન વશ થવાથી આત્માની પ્રાપ્તિ થાય છે અને આત્માની પ્રાપ્તિથી સંસારમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે. વિષયો સંબંધી વાસના નાશ પામતા મન વશ થાય છે. જેવી રીતે લાકડી પૂર્ણ થતાં અગ્નિ આપોઆપ ઠરી જાય છે.[૨૫]

મનુષ્યનું ચિત્ત બહારનાં વિષયોમાં આસક્ત રહે છે. જો તેટલું જ તે બ્રહ્મમાં આસક્ત રહે તો બંધનોથી મુક્ત થઈ જવાય છે. સંત તુલસીદાસજીની કથા પ્રસિદ્ધ જ છે.

– સંન્યાસ ધારણ કરવા માટે પણ જણાવેલ છે કે; મનથી વૈરાગ્ય થાય ત્યારે જ સંન્યાસ ગ્રહણ કરવો અન્યથા પતન થાય છે.[૨૬]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધ મનમાં બ્રહ્મની અનુભૂતિનું સામર્થ્ય છે. શ્રી રામકૃષ્ણ કહે છે કે; "શુદ્ધ મન, શુદ્ધ બુદ્ધિ છે, અને તે જ આત્મા છે." "એ જીવન ઉત્કૃષ્ટ છે. જે સત્યની અનુભૂતિ કરે તથા જીવનની પરમ ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત કરવા માટે ધર્મ અને જીવનને સંયુક્ત બનાવી દે.[૨૫]

કેનો.[૪] પણ મન દ્વારા જ આત્માને જાણી શકાય છે. તેમ જણાવે છે. (૨.૪) આ મન્ત્રનાં ભાષ્યમાં શ્રીમદ્ શં. કહે છે કે; "તે આત્મા છે, જેના માટે મન જ બ્રહ્મ પ્રત્યયને માટે જ્ઞાનનો વિષય છે, જે મનની બધી જ અવસ્થાઓને જાણે છે, જે સ્વયં શુદ્ધ ચૈતન્યના સારતત્ત્વ સ્વ-સ્વરૂપ છે, જેનું પ્રતિબિમ્બ માનસિક અવસ્થાઓમાં, અને તેના દ્વારા, તેમનો અભેદ ભાવ દેખાય છે. તેને જાણવાનો અન્ય કોઈ ઉપાય નથી." વિવેક ચૂડામણીમાં"[૨૯] પણ આ જ બાબત કહે છે.

બ્રહ્મ જ્ઞાન માટે શુદ્ધ મન હોવું જરૂરી છે. જેનું ઉપનિષદ્ વારંવાર પ્રતિપાદન કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અંત્યનોંધ :**

(૧) डॉ. रानडे उप., दर्शन का रचनात्मक सर्वेक्षण: पृ. ७७

— अनु. रामानन्द तिवारी

(२) अन्नमयं हि सोम्य मनः ।

— छा. उप. ६.५.४

(३) अन्नमशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तत्पुरीषं भवति यो मध्यमस्तन्मांसं योऽणिष्ठस्तन्मनः ॥

— छा. उप. ६.५.१

(४) छा. ६.६.१-२

(५) आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।

रस्याः स्निग्धाः स्थिरा हृद्या, आहाराः सात्त्विकप्रियाः ॥

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।

आहारा राजसस्येष्टा, दुःखशोकामयप्रदाः ॥

यातयामं गतरसं, पूति पर्युषितं च यत् ।

उच्छिष्टमपि चामेध्यं, भोजनं तामसप्रियम् ॥

— गीता अ. १७.८-१०

(६) छा. उप. ६.१३.२

(७) तँ होवाच यथा सोम्य महतोऽभ्याहितस्यैकमङ्गारं खद्योतमात्रं परिशिष्टं तं तृणैरुपसमाधाय प्राज्वलयेत्तेन ततोऽपि बहु दहेत् ॥

— छा. उप. ६.७.१-६

(८) तस्य चंचलता यैषा त्वविद्या वासनात्मिका ।

वासनाऽपरनाम्नीं तां विचारेण विनाशय । १०१ ॥

— महो. ४.९८-१०१

(९) पौरुषेण प्रयत्नेन यस्मिन्नेव पदे मनः ।

योज्यतां तत् पदं प्राप्य निर्विकल्पो भवानघ ॥४.१०२॥

— महो. ४.१०२-१०८

(१०) महो. उप. ५. ५६-५८



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(११) महो. ५.६१-६४

(१२) मनः एव मनुष्याणां कारणबंधमोक्षयोः ॥

— गीता

(१३) मनसो निगृहीतस्य लीलाबोधोऽल्पकोऽपि यः ।

तमेवालब्धविस्तारं क्लिष्टत्वाद्बहु मन्यते ॥५.७३॥

बन्धमुक्तो महीपालो ग्रासमात्रेण तुष्यति

परैरबद्धो नाक्रान्तो न राष्ट्रं बहु मन्यते ॥५.७४॥

एवं मनोमणिं ब्रह्मन् बहुपङ्ककलंकितम् ।

विवेकवारिणा सिद्धयै प्रक्षाल्यालोकवान् भव ॥५.८३॥

— महो. उप. ५.७३-८३

(१४) महो. उप. ५. ९८-१००

(१५) महो. उप. ४. ५२-५३

(१६) स्वपौरुषैकसाध्येन स्वेप्सित त्यागरूपिणा ।

मनः प्रशममात्रेण विना नास्ति शुभा गतिः ॥

असंकल्पनशस्त्रेण छिन्नं चित्तमिदं यदा ।

सर्वं सर्वगतं शान्तं ब्रह्म संपद्यते तदा ॥

— महो. ४.९०-९१

(१७) महो. ४.१२०-१२१

(१८) .........प्राणाना संक्लृप्त्यै मन्त्राः संकल्पन्ते मन्त्राणां संक्लृप्त्यै कर्माणि संकल्पन्ते कर्मणां संक्लृप्त्यै लोकः संकल्पते लोकस्य संक्लृप्त्यै सर्वं संकल्पते स एष संकल्प संकल्पमुपास्स्वेति ॥

— छा. उप. ७.४.२

(१९) डॉ. रानडे, उप. दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. ८८

— अनु. रामचन्द्र तिवारी

(२०) चित्तं वाव संकल्पाद् भूयो यदा वै चेतयतेऽथ संकल्पयते । ....चित्तं ह्येवैषामेकायनं, चित्तमात्मा, चित्तं प्रतिष्ठा चित्तमुपास्स्वेति ।

— छा. उप. ७.५.१-२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२१) चित्तमेव हि संसारस्तत्प्रयत्नेन शोधयेत् ।

यच्चित्तस्तन्मयो भाति गुह्यमेतत्सनातनम् ॥

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् ।

प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमव्ययमश्नुते ॥

— मैत्रेयी उप. अ. १.९-१०

(२२) न ह्यन्तःकरणम् अन्तरेण चैतन्य ज्योतिषो दीधिति स्वविषयसङ्कल्पाध्यवसायादि समर्थं स्यात् ।

— केनो. शां. भा. पृ. २५

(२३) शब्दस्पर्शादयो येऽर्था अनर्था इव ते स्थिताः ।

येषां सक्तस्तु भूतात्मा न स्मरेच्च परं पदम् ॥

तपसा प्राप्यते सत्त्वं सत्त्वात्संप्राप्यते मनः ।

मनसा प्राप्यते ह्यात्मा ह्यात्मापत्त्या निवर्तते ॥

— मैत्रेयी उप. १.५-६

(२४) यदा मानसि वैराग्यं जातं सर्वेषु वस्तुषु

तदैव संन्यसेद्विद्वानन्यथा पतितो भवेत् ॥

— मैत्रेयी उप. २.१९

(२५) स्वामी रंगनाथानन्द - उप. की वाणी - पृ. १८१

(२६) केनो. शांकर भाष्य - पृ. २०८

(२७) तत्साक्षिकं भवेत्तत्तद्यद्यद्येनानुभूयते

कस्याप्यननुभूतार्थे साक्षित्वं नोपयुज्यते ॥

— श्रीमद् शंकराचार्य - विवेकचूडामणि २१७



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ મીમાંસા - ૪.૪.૧૦

ભારતીય દર્શનમાં "કર્મ"નો સિદ્ધાન્ત વિશેષ મહત્ત્વનો છે. કર્મ–અકર્મ–વિકર્મ એમ કહીને ગીતાએ[૧] કર્મની ગતિને ગહન બતાવી છે. તે જ રીતે પ્રારબ્ધ, ભોગ્ય અને સંચિત એમ અન્ય રીતે કર્મનાં ત્રણ પ્રકાર છે.[૨] ભારતીય ચિંતનધારામાં સાધકે કર્મ કરવા જોઈએ કે નહીં, કર્મ કરવાથી બંધન ક્યારે લાગે ક્યારે ન લાગે વગેરે બાબતોની ચર્ચા ઉપનિષદો કરે છે.

## નિત્ય કર્મોનું અનુષ્ઠાન :

### ❑ નિત્યકર્મ :

નિત્ય કર્મોનાં અનુષ્ઠાનમાં એક કર્મ પૂર્ણ થયા બાદ બીજા કર્મોનો આરંભ કરવો જોઈએ. વચ્ચેથી અન્ય વ્યક્તિ દ્વારા બીજા કર્મનો આરંભ કરી દેવામાં આવે તો કર્મ, યજમાન બન્નેનો નાશ થાય છે.[૩] આ બાબત સામાન્ય તર્કથી સમજી શકાય એમ છે; કારણ કે; સામાન્ય વ્યવહારમાં પણ એક કર્મ પૂર્ણ થયા બાદ અન્ય કર્મનો આરંભ શક્ય બને છે; વચ્ચે બીજું કર્મ શરૂ કરવામાં આવે તો અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. અને પરિણામ સ્વરૂપે કર્મ કરનાર વ્યક્તિ -કરાવનાર વ્યક્તિ બન્ને મુશ્કેલીમાં મુકાય છે.

### ❑ નૈમિત્તિક કર્મ :

પ્રસંગોપાત્ત કરવામાં આવતા કર્મ નૈમિત્તિક કર્મ છે. યજ્ઞોપવીત, લગ્ન વગેરે કર્મો તેમજ તહેવારો નિમિત્તે કરવામાં આવતા કર્મો નૈમિત્તિક કર્મો છે.

પ્રારબ્ધ, સંચિત અને કામ્ય એમ કર્મનાં ત્રણ પ્રકાર છે. આ કર્મથી પ્રેરાઈને જ જીવ ક્રિયા કરે છે.[૪]

### (૧) પ્રારબ્ધ કર્મ :

જે કર્મ ફળ આપવા તત્પર થઈ ગયું છે અને જેનાં પરિણામ સ્વરૂપે આ શરીર પ્રાપ્ત થયું છે તે. આ કર્મ પોતાના શુભાશુભ ફળ આપે છે. જ્ઞાન પ્રાપ્તિ થાય ત્યારે સંચિત અને કામ્ય કર્મ નાશ પામે છે. પરંતુ પ્રારબ્ધ કર્મ તો ભોગવવાનું જ રહે છે. જેવી રીતે કુંભારનો ચાક શરૂ થયા બાદ પૂર્ણ થાય ત્યારે જ ઊભો રહે છે. તેમ પ્રારબ્ધ કર્મ તો જ્ઞાન પ્રાપ્તિ થયા બાદ પણ ભોગવવું જ પડે છે.[૫] આ કર્મ જીવન્મુક્ત દશામાં ભોગવાય છે. તેથી જ મુક્તિનાં જીવન્મુક્તિ અને વિદેહ મુક્તિ એમ બે પ્રકાર પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૨) સંચિત કર્મ :**

જીવ અનેક જન્મોમાં જે કર્મો કરતો આવે છે, તે કર્મો અંતઃકરણમાં ભેગા થયા હોય છે. પરંતુ ફળ આપવાની સ્થિતિમાં હજુ આવ્યાં ન હોય તેને સંચિત કર્મ કહે છે. જ્ઞાન પ્રાપ્ત થતાં અનેક જન્મોનાં બધાં જ સંચિત કર્મો નાશ પામે છે.[૫]

**(૩) કામ્ય કર્મ :**

આ જન્મમાં જે કર્મ કરવામાં આવે. જેનાં શુભાશુભ ફળ ભવિષ્યમાં ભોગવવા પડે છે. જ્ઞાની પુરુષને કામ્ય કર્મોનું બંધન લાગતું નથી, કારણ કે તે નિષ્કામભાવે લોકસંગ્રહાર્થે કર્મો કરતાં હોય છે.

**❑ કર્મ :**

મનુષ્ય શાસ્ત્ર સંમિત, શિષ્ટ લોકો દ્વારા દર્શાવેલું અને સમાજ માન્ય કર્મ કરે એ જ કર્મ છે. આમ શ્રીકૃષ્ણ શાસ્ત્ર માન્ય કર્મને કર્મ ગણે છે. મહા.માં ભીષ્મજી જણાવે છે કે, "જે અન્યના અહિતમાં હોય તેવું પોતાનું કર્મ પણ ન કરવું; તે શ્રેષ્ઠ કર્મ છે.[૬]

ગીતામાં ભગવાન કહે છે કે પોતાનું સહજ રીતે પ્રાપ્ત થયેલું કર્મ દોષપૂર્ણ હોય તો પણ તે અવશ્ય કરવું, તેને ત્યજવું નહીં.[૭]

**❑ અકર્મ :**

'અકર્મ' એટલે "કર્મ ન કરવા" એવો અર્થ નથી. પરંતુ 'અ'ને નિષેધાર્થક માની "ન કરવા યોગ્ય કર્મ" એવો અર્થ નથી પરંતુ સમાજના હિતાર્થે કર્મ ફળનો ત્યાગ કરી લોકસંગ્રહાર્થે કરવામાં આવતા કર્મો.

**❑ વિકર્મ :**

"વિ" એટલે વિરુદ્ધ કર્મ. અસત્ય, કપટ વગેરે શાસ્ત્રએ નિષેધ કરેલા, સમાજે અમાન્ય કરેલા કર્મો.

આ ત્રણ કર્મમાં વિકર્મનું સ્વરૂપ ખૂબ જ ગહન છે. કારણ કે એક જ કર્મ એક વ્યક્તિ માટે કર્મ અને બીજી વ્યક્તિ માટે વિકર્મ બને છે. ગૃહસ્થ માટે ધનોપાર્જન, ધનસંગ્રહ, સ્વપત્ની–સહચાર માન્ય કર્મ છે, ત્યારે એ જ કર્મ સંન્યાસી માટે વિકર્મ છે. એ જ પ્રમાણે 'અસત્ય' બોલવું એ પાપ કર્મ છે. પરંતુ ગાય વગેરેનાં રક્ષણાર્થે "અસત્ય" બોલવામાં આવે તો તે પુણ્યકર્મ છે. આમ કર્મનું સ્વરૂપ સમજવું ગહન છે. તેથી જ ભગવાન "गहना कर्मणो गतिः" એમ કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મમાં ભાવ પણ અત્યંત મહત્ત્વનો છે. શુભકર્મ દુષ્ટભાવથી કરવામાં આવે તો તે અશુભ જ ગણાય. તેથી જ જા. દ. ઉપ.[૯] જણાવે છે કે; કર્મમાં "ભાવ" જ વિશેષ મહત્ત્વનો છે. કાન્ટના મતે કોઈપણ કાર્ય ત્યાં સુધી શુભ નથી કે જ્યાં સુધી તેનાં મૂળમાં "શુભ ઈચ્છા" સમાયેલી ન હોય. તેઓ આ શુભ ઈચ્છાના મૂળમાં બુદ્ધિનો સ્વીકાર કરે છે. કર્તવ્ય બુદ્ધિથી કરેલ કાર્યનું નૈતિક મૂલ્ય તેનાંથી પ્રાપ્ત ઉદ્દેશ્યમાં નહીં, પરંતુ તે તેના ભાવમાં છે. જેનાં દ્વારા તે નિશ્ચિત થાય છે.[૧૦] છા. ઉપ. સત્ત્વ–રજ–તમ એમ ગુણને આધારે કર્મનાં પ્રકાર પાડે છે. તેમજ આ દરેક કર્મ એકબીજાને બળવત્તર બનાવે છે. અર્થાત્ એક સાથે આચરણ કરવાથી જ તે સિદ્ધિ આપે છે. ઉદા. આપતાં જણાવે છે કે; જેવી રીતે અગ્નિ ઉત્પન્ન કરવા માટે મન્થન વાસણ, અરણિ(સરણ), દોરી દૃઢ રીતે ગ્રહણ કરવી – એમ બળયુક્ત કર્મની વાત કરેલ છે. અન્ય જગ્યાએ મન્ત્રયુક્ત કર્મની રજૂઆત છે. તો સંકલ્પ માત્રથી કર્તવ્ય સિદ્ધિની રજૂઆત પણ છે. આમ "કર્માણિ" શબ્દ દ્વારા મન્ત્ર કર્મનો નિર્દેશ છે. કારણ કે ફરી ફરીને જે મનન પૂર્વક મન્ત્રનું અધ્યયન કરે છે અને કર્મ કરે છે તેને જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કારણ કે મન્ત્રને આધીન કર્મ છે. અને કર્મમાં આત્માની સત્તા છે.[૧૧]

અહીં એ સ્પષ્ટ જોઈ શકાય છે કે; કર્મ સિદ્ધિ માટે વારંવાર યોગ્ય દિશામાં વિચાર અને તેને આધારે કરવામાં આવતું કર્મ.

## ❑ નિષ્કામ કર્મ :

જીવન્મુક્તિ પ્રાપ્ત થાય પછી પણ વ્યક્તિએ કર્મરત રહેવું જ પડે છે. જ્ઞાન પ્રાપ્તિ બાદ યજ્ઞ માટે તથા લોકસંગ્રહ માટે કર્મ કરવા જ પડે છે. તેથી જ ભગવાન સર્વકર્મફળનો ત્યાગ કરવાનું કહે છે.[૧૨] કર્મનો નહીં. તેથી જ જ્ઞાનીએ યજ્ઞ, દાન, તપ વગેરે કર્મ ક્યારેય ન ત્યજવા જોઈએ; કારણ કે તે તો પાવન કરનારા છે.[૧૩] કર્તવ્યકર્મમાં ફળનો ત્યાગ કરીને હંમેશાં તેનું આચરણ કરવું જોઈએ.[૧૪]

ઉપનિષદોને પણ કર્મ, તપ વગેરે સાથે વિરોધ નથી; વાસ્તવમાં ઉપનિષદ્ વિદ્યા તો કર્મ, તપ, દમને આધારે જ ટકેલી છે.[૧૫] ચારે વેદ આ ઉપ. વિદ્યાનાં સર્વ અંગો અને અવયવ છે અને સત્ય તેનું આયતન છે.

છા. ઉપ. પણ જેને 'તજ્જલાન્'રૂપી બ્રહ્મનું જ્ઞાન થઈ ગયું હોય તેણે પણ યજ્ઞમય કર્મ કરવા જ જોઈ તેમ જણાવે છે.[૧૬] કારણ કે ધર્મનાં ત્રણ આધાર સ્થાનો છે. યજ્ઞ, અધ્યયન અને દાન.[૧૭] આ જ ઉપ.માં વિદ્વાને કર્મ અવશ્ય કરવા જોઈએ.[૧૮] આ નિષ્કામ કર્મનો જ નિર્દેશ કરે છે. ધીર પુરુષે યજ્ઞોરૂપી કર્મો અવશ્ય કરવા જોઈએ.[૧૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષુધા અને તરસથી પીડિત બાળક જેવી રીતે માતાની ઉપાસના કરે છે, તેવી જ રીતે દરેક ભૂતોએ/ પ્રાણીઓએ અગ્નિહોત્રની ઉપાસના કરવી જોઈએ.[૨૦] અહીં દરેક પ્રાણીઓએ ઉપાસના કરવી જોઈએ, તેમાં સંન્યાસીની ગણતરી કરવાની નથી; કારણ કે તે તો પોતાના શરીરમાં રહેલ વૈશ્વાનરરૂપી અગ્નિમાં સતત હોમ કરતો જ હોય છે.

જા. દ. ઉપ. દરેક કર્મ બ્રહ્મને અર્પણ કરીને શુદ્ધ–અશુદ્ધ દરેક કર્મ મરણ સુધી કરવાનું કહે છે. નિત્યકર્મો પણ બ્રહ્મ આરાધન બુદ્ધિથી કરવાનું જણાવે છે. કામ્ય કર્મો પણ બ્રહ્મ બુદ્ધિ રાખીને જ કરવા.[૨૧] ગીતામાં પણ ભગવાન દરેક કર્મ પોતાને જ અર્પણ કરવાની વાત કરે છે.[૨૨]

સંન્યાસો.[૨૩] પણ જે બ્રહ્મચર્યપૂર્વક અધ્યયન કરી, ગૃહસ્થાશ્રમ અને ક્રમશઃ વાનપ્રસ્થાશ્રમ અને અંતે સંન્યાસ આશ્રમ સ્વીકારે છે. તેને "કર્મ સંન્યાસી" ગણાવે છે. અર્થાત્ નિષ્કામ કર્મ યોગી જ છે.[૨૪]

શાંતચિત્તે અને વ્યવહારસ્થ બનીને કર્મ કરવામાં આવે તો કર્મબંધન લાગતું નથી.[૨૫] મહો.માં જણાવ્યું છે કે જે અપેક્ષા વગર, ઉદ્વેગ રહિત બનીને કાર્ય કરે છે, તે જીવન્મુક્ત છે.[૨૬]

બ્રહ્મસૂત્ર પણ લોકસંગ્રહ માટે કર્મ કરનારને કર્મમાં ગુણદોષ લાગતાં નથી તેમ જણાવે છે.[૨૭]

### ❑ કર્મત્યાગ :

બાહ્ય રીતે કર્મનો ત્યાગ એ સંન્યાસ નથી; પરંતુ આંતરિક રીતે મનથી કર્મફળનો ત્યાગ એ જ સંન્યાસ છે. આમ મૈત્રેયી ઉપ. નિષ્કામ કર્મનો નિર્દેશ કરે છે.[૨૮] કારણ કે દરેક ઈન્દ્રિયોથી રહિત હોય તો પણ તે પોતાનાં વિચારથી દરેક કર્મ કરતો જ હોય છે.[૨૯] કારણ કે "મેં કર્મનો ત્યાગ કર્યો છે." એમ ઉચ્ચારવાથી કર્મનો ત્યાગ થઈ જતો નથી.[૩૦] કારણ કે વ્યક્તિને વિચારથી કરેલા કર્મનું પણ બંધન લાગે છે. તેથી જ ગીતા આવા કર્મત્યાગીને ઢોંગી કહે છે અને તેનું અવશ્ય પતન થાય છે તેમ જણાવે છે.[૩૧]

મુનિ પોતે કર્મ કરે કે ન કરે; પરંતુ તેની હાજરીમાં કે સૂચનાથી કરવામાં આવેલ કર્મનો કર્તા તે સંમતિ માત્રથી બની જાય છે.[૩૨] કારણ કે કર્મ મનથી બુદ્ધિથી, જ્ઞાનથી, ક્રિયાથી, ફળની ઈચ્છાથી કરવામાં આવે છે.[૩૩]

જ્ઞાની પુરુષ નિષ્ક્રિય રહે અને કર્મ કરે નહિં, તેના પરિણામ સ્વરૂપે સમાજમાં જે સડો પેસે તેની જવાબદારી જ્ઞાનીની થાય છે. કારણ કે શ્રેષ્ઠ લોકો જેવું આચરણ કરે, તેવું અન્ય લોકો કરે છે. તેથી જ ભગવાન જણાવે છે કે; મારે કોઈ સ્વાર્થ ન હોવા છતાં હું કર્તવ્ય રત રહું છું.[૩૪] મહો. પણ જ્યાં કર્મહીન મુનિ અને અનાર્ય રહેતા હોય ત્યાં રહેવું નહી તેમ જણાવે છે. કારણ કે સંગથી પણ દોષનું ભાગી બનવું



For Private And Personal Use Only

પડે છે.[૭૭] વિનોબાભાવેએ[૭૮] આ જ બાબત જણાવતા કહે છે કે; "કર્મયોગી દ્વારા કરવામાં આવતા કર્મથી સમાજને આદર્શ પ્રાપ્ત થાય છે. તે પોતાની કૃતિથી સમાજને આદર્શ પૂરો પાડે છે અને તે તેની ફરજ પણ છે. કારણ કે આવો આદર્શ કર્મયોગી સિવાય કોણ આપશે ? આવો કર્મયોગી કાર્યમાં જ આનંદ પામતો હોવાથી સમાજમાં દંભ ફેલાતો નથી."[૭૯]

આરુણિ ઉપ.માં મહર્ષિ આરુણિના પ્રશ્નનાં જવાબમાં બ્રહ્માજી ઉત્તર આપતા જણાવે છે કે; સર્વપ્રથમ પોતાના પુત્રનો ત્યારબાદ અન્ય સંબંધીઓ, શિખા, સૂત્ર વગેરે બધાનો ત્યાગ કરવો જોઈએ. એટલું જ નહીં મંત્રહીન થઈને ઊંચલોક પ્રાપ્ત કરવાની કામના પણ ત્યજી દેવી જોઈએ. આમ પ્રથમ બાહ્ય કર્મત્યાગ દ્વારા અંતે સંપૂર્ણ ત્યાગની/ભાવનામય ત્યાગની રજૂઆત કરેલ છે.[૮૦]

માતા—પિતા તેમજ અન્ય સર્વે સંબંધીઓ અને દરેક કર્મોને છોડવાની વાત આરુણિ ઉપ.માં પણ રહેલી છે. તેમજ સંન્યાસીએ ફક્ત હાથરૂપી પાત્રથી ભિક્ષા ગ્રહણ કરવી અને "ૐહિં" એ મંત્રનું ત્રણવાર ઉચ્ચારણ કરવું.[૮૦]

મહોપનિષદ્માં નિષ્કામકર્મની વાત રજૂ કરવામાં આવી છે. જે વ્યક્તિ મોહ રહિત થઈ ફળની આકાંક્ષા વિના કર્મ કરે છે તે જીવન્મુક્ત છે.[૮૧]

કર્તવ્ય કર્મોમાં રત રહેનાર વ્યક્તિ જો કર્મમાં પોતાનું મન ન લગાડે તો તે કર્મબંધનમાં બંધાતો નથી; આમ નિષ્કામ કર્મની રજૂઆત કરવામાં આવી છે.[૮૨]

ચિત્ત શાંત થતાં કર્મોના શુભાશુભ ફળ નાશ પામે છે.[૮૩] મુક્તાત્માએ નિઃસંગ બની જનહિતાર્થે કર્મ કરવાના જ છે.[૮૪]

કર્મ, ઉપાસના અને જ્ઞાન પરસ્પર સહાયક છે. મનુષ્ય કરવા યોગ્ય કર્મ યોગ્ય રીતે અને નિષ્કામભાવે કરે તો હૃદયની મલિનતા દૂર થાય છે. આત્મોન્નતિ કરે એવાં કર્મો કર્તવ્ય છે. એ જ કર્મયોગ છે.[૮૫] વિશુદ્ધ ભાવે કર્મ કરવાથી પાપ નાશ પામે છે અને ચિત્ત શુદ્ધ થાય છે.[૮૬] જનક વગેરે કર્મમાં જ સિદ્ધિને માને છે.[૮૭] કેનો. કર્મને પ્રતિષ્ઠા આપે છે.[૮૮] કેનો.માં "ઉપાસતે" શબ્દ ક્રિયાના અર્થમાં જ પ્રયોજાયેલો છે.[૮૯] જે કર્મ નથી કરતો. તે સ્થિર થતો નથી. અને જે કર્મ કરે છે, તે સ્થિર થાય છે.[૯૦]

મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે. અંતરમાં રહેલો આત્મા તેનો સ્વામી છે. એ આત્માને બહારની જડ વસ્તુ કોઈપણ પ્રકારની ફરજ પાડી શકતી નથી. કર્મનો નિયમ પણ આત્માને આધીન છે. મનુષ્ય જ્યારે પરબ્રહ્મ સાથે એકરૂપ બને ત્યારે જ તેને ઊંચામાં ઊંચી સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. છા.. ઉપ. જણાવે



For Private And Personal Use Only

છે કે; "જે માણસ આત્માને અથવા આ સાચી કામનાઓને જાણ્યા વિના આ લોકમાંથી ચાલ્યો જાય છે તેને સર્વ લોકોમાં – તે મરણ પછી જે જે લોકમાં જાય છે, ત્યાં બધે – અકામચાર પ્રાપ્ત થાય છે. અર્થાત્ તેને બંધનવાળું જીવન ગાળવું પડે છે. પણ જે માણસ આત્માને તથા સાચી કામનાઓ જે જાણીને આ લોકમાંથી જાય છે તેને સર્વ લોકોમાં કામચાર – અર્થાત્ સ્વતન્ત્રતાવાળું જીવન – પ્રાપ્ત થાય છે."

**□ કર્મને આધારે પુનર્જન્મ :**

કહેવત છે, "જેવું વાવો તેવું લણો." "કરો તેવું પામો." "ખાડો ખોદે તે પડે." આ કહેવતો કર્મનાં નિયમને જ વ્યક્ત કરે છે. વ્યક્તિ જેવું કર્મ કરે તેવો જ પુનર્જન્મ પ્રાપ્ત કરે છે. છા. ઉપ.માં સત્કર્મો કરનારને બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય યોનિમાં જન્મ મળે છે અને દુષ્કર્મો કરનાર શ્વાન, શૂકર કે ચાંડાલ યોનિને પામે છે. વળી સિદ્ધાન્ત રૂપે એમ પણ કહ્યું છે કે સુવર્ણની ચોરી કરનાર, મદ્યપાન કરનાર, ગુરુની ગાદી કે પીઠનું અપમાન કરનાર નિશ્ચિતપણે પતન પામે છે.[૪૯]

વ્યક્તિ જેવું વિચારે છે, કર્મ કરે છે, તેવો બને છે. તેથી પુરુષે હંમેશાં યજ્ઞમય કર્મો કરવાં જોઈએ.[૫૦] તેથી ઋગ્વેદમાં સંજ્ઞાન સૂક્તમાં "સાથે ચાલવાની, બોલવાની, સરખા મનની" વગેરે બાબત જણાવેલી છે.[૫૧]

લિંગશરીર કર્મને આધારે જ એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે. અને તે કર્મનો સિદ્ધાન્ત એ જ બાબતથી સિદ્ધ થાય છે કે, એક દરિદ્ર છે, એક તવંગર, એક શ્રેષ્ઠ છે, બીજો કનિષ્ઠ વગેરે વગેરે.

ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે; કર્મનો નિયમ એ નૈતિક શક્તિની રક્ષા અથવા સાચવણીનો નિયમ છે.[૫૨] કર્મનો નિયમ આકરો છે. તેનો પડઘો ગુજરાતી કહેવત, "વાવો તેવું લણો" એ પાડે છે. અર્થાત્ વ્યક્તિ જેવું કર્મ કરે તેવું ફળ ભોગવે છે. તેથી જ ઉપ. કર્મનાં નિયમ ઉપર વજન આપે છે.

બૃહ.[૫૩] ઉપ.માં જણાવ્યું છે કે; "સારુ કામ કરવાથી માણસ સારો થાય છે; નઠારુ કામ કરવાથી નઠારો થાય છે." છા. ઉપ.[૫૪] "મનુષ્ય સંકલ્પનો બનેલો છે. માણસ જેવો સંકલ્પ આ લોકમાં કરે તેવો તે મર્યા પછી બને છે." આમ મનુષ્યનો સંકલ્પ અને કર્મ જ તેનાં જન્મ–મરણનાં ફેરાને અનાદિ બનાવે છે. તેથી જ લોકસંગ્રહની ભાવના સાથે કર્મ કરવાની વાત ઉપ. કરે છે.

મનુષ્ય પોતે જ પોતાને બંધનમાં નાખે છે. મૈત્રા. ઉપ.[૫૫] "પંખી જેમ પોતાના પંડને જાળથી બાંધે છે, તેમ માણસ પોતે જ પોતાની જાતને બંધનમાં નાખે છે." અર્થાત્ આપણી ઉપર આવતી આપત્તિ કે દુઃખ એ કોઈ આપતું નથી. પરંતુ આપણે જ ભૂતકાળનાં કર્મ દ્વારા તેનાં બીજ વાવ્યાં હોય



For Private And Personal Use Only

છે; તેથી તે આપણી ઉપર આવે છે; સુખનું પણ તેમજ માનવું રહ્યું. પરંતુ તેનો અર્થ એમ નથી કે, કર્મનો નિયમ વ્યક્તિનાં / મનુષ્યનાં નૈતિક કર્મ કરવામાં બાધારૂપ બને છે. મનુષ્ય નૈતિક કર્મ દ્વારા – લોકસંગ્રહ દ્વારા ભવિષ્યને વધુ સુંદર બનાવી શકે છે; તેને તે નિયમ વિશેષ પ્રોત્સાહન આપે છે.

ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે; "મનુષ્ય જીવનમાં ને આચારમાં કર્મનો નિયમ જેવો કિંમતી કોઈ નિયમ નથી. આપણી ઉપર આ ભવમાં જે કંઈ વીતે તે બધું આપણે નમ્રતાને સંતોષ પૂર્વક સહી લેવું રહ્યું, કેમ કે તે પાછલા જન્મોમાં કરેલાં આપણાં કર્મોનું પરિણામ છે. છતાં ભાવિ આપણા તાબામાં છે અને આપણે આશાને વિશ્વાસથી કામ કરી શકીએ એમ છીએ. કર્મનો નિયમ ભાવિને વિષે આશાને ભૂતકાળને વિષે સંતોષ અને સમાધાન ઉપજાવે છે."[૫૬] મૈત્રા. પણ કર્મનાં ઉપભોગ માટે જ બદ્ધ પુરુષ એક શરીરમાંથી બીજા શરીરમાં સંસરણ કરે છે, તેમ જણાવે છે.[૫૭]

પ્રભુ પ્રાપ્તિ માટે જ્ઞાન–કર્મ–ભક્તિનો ત્રિવેણી સંગમ જરૂરી છે, જ્યાં જ્ઞાન–કર્મ–ભક્તિ મળે છે ત્યાં સાધનાની સિદ્ધિની શરૂઆત થાય છે. તેથી સાધકે આ ત્રણ માર્ગોને પરસ્પર વિરોધી નહીં પરંતુ પૂરક સમજીને સમજદારી પૂર્વક ત્રણેય માર્ગનું આચરણ કરવું જોઈએ.[૫૮]

જ્ઞાન–કર્મ–ભક્તિમાં આત્માના ત્રણ; મનુષ્ય સૂક્ષ્મ કરણો – બુદ્ધિ, તપસ્–શક્તિ અને ભાવ / લાગણીને પસંદ કરવામાં આવે છે. જ્ઞાનયોગમાં બુદ્ધિ અને માનસિક શક્તિને શુદ્ધ અને એકાગ્ર કરી પ્રભુ–જિજ્ઞાસાના નિશ્ચિત માર્ગ ઉપર દોરવામાં આવે છે. જ્યારે કર્મ માર્ગમાં દરેક કર્મનાં કર્તા તરીકે પ્રભુને સ્વીકારી, તેમાં રહેલી તપસ્–શક્તિને સાધનાના મુખ્ય કારણ તરીકે સ્વીકારવામાં આવે છે અને જીવનનાં દરેક કર્મને ભગવાનમાં અર્પણ કરવામાં આવે છે.[૫૯] જ્યારે ભક્તિમાર્ગમાં ચિત્તની લાગણીઓ, સૌંદર્ય ગ્રાહક વૃત્તિઓને – રસવૃત્તિઓને પ્રભુ પ્રાપ્તિના સાધન તરીકે સ્વીકારવામાં આવે છે. જા. દ. ઉપ.[૬૦] પણ હિંસા વગેરે રહિત કર્મને ઈશ્વર પૂજન ગણાવે છે.

"સાધના કરતાં કરતાં કામ કરવાનું ચાલુ રાખવાથી અંતરની અનુભૂતિ તથા પ્રકૃતિનો બાહ્ય વિકાસ એ બે વચ્ચે સમતુલા જાળવવામાં મદદ થાય છે. નહિ તો, એક તરફીપણું, પ્રમાણની તથા સમતોલપણાની ખામી પેદા થાય છે. વળી ભગવાનને ખાતર કર્મો કરવાની – કર્મયોગની – સાધના ચાલુ રાખવી જરૂરની છે. કારણ કે તેમ કરવાથી પોતે અંતરમાં કરેલી પ્રગતિને આખરે બાહ્ય પ્રકૃતિમાં તથા જીવનમાં ઉતારવામાં સાધક સફળ થાય છે અને તેમ કરવાથી સાધનાની સર્વદેશીયતા વધે છે."[૬૧]



For Private And Personal Use Only

કર્મને કરતાં કર્મ બળવાન થાય છે.[૪૨] એમ કહીને જણાવે છે કે; જ્ઞાનને વ્યવહારમાં ઉતારી તેનાથી જીવનને લોક સંગ્રહાર્થે પાવન કરવાનો અર્થ શ્રુતિએ સાધ્યો છે. તેથી જ વારંવાર જ્ઞાનની ઉપાસના સાથે કર્મ કરવાનો ઉપદેશ આપવામાં આવે છે.

# કર્મ મીમાંસા - ૪.૪.૧૦

**અંત્યનોંધ :**

(૧) कर्मणो ह्यपि बोद्धव्यं, बोद्धव्यं च विकर्मणः ।

अकर्मणश्च बोद्धव्यं, गहना कर्मणो गतिः ॥

— गीता अ. ४.१७

(२) ....सर्वेषां प्राणिनां प्रारब्धसंचितागामिकर्मसाधर्म्यदर्शनात्कर्माभिप्रेरिताः सन्तो जनाः क्रियाः कुर्वन्तीति ।....॥

— पैङ्गा. ६

(३) तयोरन्यतरां मनसा संस्करोति ब्रह्मा वाचा होताध्वर्युरुद्गातान्यतरां स यत्रोपाकृते प्रातरनुवाके पुरा परिधानीयाया ब्रह्मा व्यववदति ॥२॥

अन्यतरामेव वर्तनीं संस्करोति हीयतेऽन्यतरा स यथैकपाद्व्रजन्रथो वैकेन चक्रेण वर्तमानो रिष्यत्येवमस्य यज्ञो रिष्यति यज्ञं रिष्यन्तं यजमानोऽनुरिष्यति स इष्ट्वा पापीयान्भवति ॥

— छां. उप. ४.१६.२-३

(४) इहैव कर्म ब्रह्मेति चेत्तन्न । सर्वेषां प्राणिनां प्रारब्धसंचितागामिकर्मसाधर्म्यदर्शनात्कर्माभिप्रेरिताः सन्तो जनाः क्रियाः कुर्वन्तीति । तस्मान्न कर्म ब्रह्मेति ।

— पैङ्गा. ७

(५) ज्ञानोदयात् पुराऽऽरब्धं कर्म ज्ञानान्न नश्यति ।

अदत्त्वा स्वफलं लक्ष्यमुद्दिश्योत्सृष्टबाणवत् ॥

व्याघ्रबुद्ध्या विनिर्मुक्तो बाणः पश्चात्तु गोमतौ ।

न तिष्ठति छिनत्त्येव लक्ष्यं ॥

— श्रीमद् शंकराचार्य, विवेकचूडामणि

श्लोक - ४५२-४५४

(६) ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ।

— गीता अ. ४.३७

(७) यदन्येषां हितं न स्यात् आत्मनः कर्मपौरुषम् ।

अपत्रपेत वा येन न तत्कुर्यात् कथंचन ॥

— महा. शा. पर्व १२४.६६



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(८) सहजं कर्म कौन्तेय, सदोषमपि न त्यजेत् ।

सर्वारम्भा हि दोषेण, धूमेनाग्निरिवावृताः ॥

— गीता अ. १८-४८

(८अ) आप्तकर्मकरो नित्यं शत्रुमित्रसमानदृक् ॥

— महा. ६.६४

(९) भावतीर्थं परं तीर्थं प्रमाणं सर्वकर्मसु ।

अन्यथालिंगयते कान्ता अन्यथालिंगयते सुता ॥

— श्री जा. द. ३५. ४.५१

(१०) डॉ. उमा पाण्डेय, औपनिषदिक परमसत् एवं मूल्य सिद्धान्त, पृ. ३०

(११) छा. उप. १.५.५, ७.४.१-२, ७.५.१, ७.१४.१, ७.२६.१, ८.४.१

(१२) काम्यानां कर्मणां न्यासं, संन्यासं कवयो विदुः ।

सर्वकर्मफलत्यागं, प्राहुस्त्यागं विचक्षणाः ॥

त्याज्यं दोषवदित्येके, कर्म प्राहुर्मनीषिणः ।

यज्ञदानतपःकर्म, न त्याज्यमिति चापरे ॥

— गीता अ. १८.२-३

(१३) यज्ञदान तपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।

यज्ञो दानं तपश्चैव, पावनानि मनीषिणाम् ॥

एतान्यपि तु कर्माणि, सङ्गं त्यक्त्वा फलानि च ।

कर्तव्यानीति मे पार्थ, निश्चितं मतमुत्तमम् ॥

— गीता १८.५-६

(१४) कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।

सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥

— गीता ८.९

(१५) तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वाङ्गानि सत्यमायतनम् ॥३३॥

— केनो. ४.३३

(१६) छा. उप. ३.१४.१

(१७) छा. उप. २.२३.१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१८) छा. उप. २.२४.२

(१९) येन कर्माण्यपसो मनीषिणो यज्ञेषु कृण्वन्ति विदथेषु धीराः ।

— यजुर्वेद – शिवसंकल्पसूक्त

(२०) छा. उप. ५.२४.५

(२१) श्री जा. द. उप. ७.३-५, ५.२

(२२) यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।

यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

— गीता अ. ९.२७

(२२) (अ) सर्वदा सर्वकृत्सर्वः परमात्मेत्युदाहृतः ॥

— महो. ४.५६

(२३) संन्यासो २.२२

(२४) संन्यासो २.४६

(२५) रागद्वेषौ सुखं दुःखं धर्माधर्मौ फलाफले ।

यः करोत्यनपेक्ष्यैव स जीवन्मुक्त उच्यते ॥४९॥

— महो. २.४९-५१

(२६) कामकारेण चैके ।

— ब्रह्मसूत्र ३.४-१५

(२७) कर्मत्यागान्न संन्यासो न प्रैषोच्चारणेन तु ।

संधौ जीवात्मनोरैक्यं संन्यासः परिकीर्तितः ॥

— मैत्रेयी उप. २.१७

(२८) सर्वेन्द्रियविहीनोऽपि सर्वकर्मकृदव्ययः ।

— मैत्रेयी उप. ३.१५

(२९) मैत्रेयी उप. २.१७

(३०) गीता अ. ३.६

(३१) अतश्चात्मनि कर्तृत्वमकर्तृत्वं च वै मुने ।

निरिच्छत्वादकर्ताऽसौ कर्ता संनिधिमात्रतः ॥

— महो. ४.१४



For Private And Personal Use Only

(३२) क्वचिन्मनः क्वचिद्बुद्धिः......... ॥

— महो. ५.१३० १३१

(३३) न मे पार्थास्ति कर्तव्यं, त्रिषु लोकेषु किञ्चन ।

नानवाप्तमवाप्तव्यं, वर्त एव च कर्मणि ॥ २२ ॥

— गीता ३.२२

(३४) नाकर्मभुनि भोक्तव्यं नानार्येण सह वसेत् ॥

महो. ४.२२

(३५) श्री विनोबा भावे, गीता प्रवचनो पृ. ३२

(३६) आरुणि उप. १ २

(३७) आरुणि उप. ५

(३८) महो. २.५५

(३९) महो. ४.१३०

(४०) चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् ।

प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमव्ययमश्नुते ॥

— मैत्रेयी उप. अ. १.६

(४१) छा. उप. शा. भा. १.१

(४२) प्रा. नलिन भट्ट, छा. भाष्य — पृ. २

(४३) नष्टे पापे विशुद्धं स्याच्चित्तदर्पणमद्भुतम् ।

पुनर्ब्रह्मादिभोगेभ्यो वैराग्यं जायते हृदि ॥

— श्री जा. द. उप. ६.४८

(४४) कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।

— गीता अ.४

(४५) तस्यै तपः दमो कर्मेति प्रतिष्ठाः ॥

— केनो. ४.८

(४६) डॉ. त्रिपाठी, उप. में कर्मवाद, पृ. १३०

(४७) छा. उप. ७.२१.१

(४८) छा. उप. ८.६.१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪૯) छा. उप. ५.१०.७; ५.१०.९

(५०) क्रतुमयो पुरुषो........।

— छा. उप. ३.१४.१

(५१) सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।

देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥

— ऋग्वेद - १०.१.९१.२

(५२) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપનું તત્ત્વજ્ઞાન પૃ. ૧૮૨

— અનુ. ચંદ્રશંકર શુક્લ

(५३) ........कर्म हैव तदूचतुरथ यत्प्रशशंसतुः कर्म हैव तत्प्रशशंसतुः पुण्यो वै पुण्येन कर्मणा भवति पापः पापेनेति ततो ह जारत्कारव आर्तभाग उपरराम ॥

— बृह. ३.२.१३

(५४) छा. उप. ३.१४.१

(५५) मैत्रा. उप. ३.२

(५६) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૮૯

— અનુ. ચંદ્રશંકર શુક્લ

(५७) मैत्रा. ६.३०

(५८) શ્રી મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ, ભાગ—૩ પૃ. ૧૩

(५९) એજન પૃ. ૬—૭

(६०) हिंसादिरहितं कर्म यत्तदीश्वरपूजनं......।

— श्री जा. द. उप. २.८

(६१) શ્રી મહર્ષિ અરવિંદ, પૂર્ણયોગ ભાગ—૩ પૃ. ૮૯—૯૦

(६२) छा. उप. १.१.१०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ भूर्भुवः स्वः । ॐ तत्सवितुर्वरेण्यं
भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात् ।।ॐ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૫

## સામવેદનાં ઉપનિષદોમાં ઉપાસના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ—૫

# સામવેદનાં ઉપનિષદોમાં ઉપાસના

'उपासना' શબ્દમાં ઉપ, આસ્ અને अन् એ ત્રણ અંશ છે. જેમાં उप ઉપસર્ગ 'आस्–उपवेशने' ધાતુ અને ભાવ ના અર્થમાં युच्(अन्) પ્રત્યય છે. उपासनम्-उपासना અર્થાત્ શાસ્ત્રવિધિ અનુસાર ઉપાસ્યદેવની તૈલ ધારાવત્ લાંબા સમય સુધીની ચિત્તની એકાત્મતાને ઉપાસના કહેવાય છે.[1] છા. ઉપ. પણ ચિત્તની શાંતિને ઉપાસનામાં અત્યંત જરૂરી માને છે.[2] કઠો.માં પણ આ જ બાબત કહી છે.[3]

જે ક્રિયા દ્વારા આપણે આપણને ઇષ્ટની સાથે બિરાજમાન કરી શકીએ, તેનું નામ ઉપાસના; उप समीपे आसन्त स्थितिः उपासना.

આધિ ભૌતિક પદાર્થ ઉપર દષ્ટિ રાખી મન અને બુદ્ધિને આધિદૈવિક અર્થ ઉપર લઈ જવા તે ઉપાસના છે.

જાણવાની ઇચ્છાનાં પદાર્થનાં કોઈ એક રૂપમાં જ્ઞાન અને શ્રદ્ધા રાખવી. શ્રદ્ધાને આધારે વિજ્ઞાન સિદ્ધ ધ્યાન વગેરેની પરિચર્યા/સેવા તે ઉપાસના છે.[4]

સૂર્ય, ગુરુ, અવતારી પુરૂષો વગેરેમાં ઇશ્વરોચિત કર્મો માનવા તે ઉપાસના છે.

विद् ધાતુ સં.માં માનસ અને પ્રમાણ જ્ઞાન એવા બે અર્થમાં વપરાય છે, તે ઉપરથી विद्या શબ્દ ઉપ.માં ઉપાસના અને તત્વજ્ઞાન એવા બે અર્થમાં વપરાય છે.[5-5અ]

બુદ્ધિ દ્વારા દેવતાની પાસે જઈ (उप) દેવતારૂપે પોતાના આત્મ ચૈતન્યને બેસાડવું તે આંતર ઉપાસના છે; અને સંપદાદિ બાહ્ય ઉપાસના છે.[6]

ઉપાસ્ય બ્રહ્મ અપર બ્રહ્મ કહેવાય છે, તેને લગતી વિદ્યા વેદ—વેદાંગ ઉપર રચાયેલી છે, તેથી અપરા વિદ્યા કહેવાય છે. જ્યારે અક્ષર બ્રહ્મને લગતી તાત્વિક વિદ્યા પરા વિદ્યા કહેવાય છે. તેથી જ ઉપનિષદ્નાં ઋષિઓ ઉત્તમ નામ—રૂપ અને કર્મને બ્રહ્મના વિશેષણ રૂપે લઈ મંદ, મધ્યમ વગેરે અધિકારીઓને બ્રહ્મની ઉપાસના કરવાનું જણાવે છે, કારણ કે ઉપાસના બ્રહ્મ શોધનમાં, પ્રમાણ જ્ઞાનમાં સહાયક બને છે. આવો વિવેક કેનો.નાં પ્રથમ ખંડમાં કરવામાં આવ્યો છે.[7]

ડૉ. રાધાકૃષ્ણન પણ જણાવે છે કે ઉપાસના અને શ્રદ્ધાનાં અલગ—અલગ રૂપોને યોગાભ્યાસને આત્મદર્શનનાં સર્વોચ્ચ લક્ષ્યમાં સાધનરૂપ માનવામાં આવ્યાં છે.[8]



For Private And Personal Use Only

"જે વાણી વડે ઉચ્ચરિત થઈ શકે તેવું નથી. છતાં જેના વડે વાણી સમજાય છે તેને તું બ્રહ્મ જાણ અને મનવડે ઉપાસાતી વસ્તુ બ્રહ્મ છે એમ ન સમજ"

કેનો. મન. નેત્ર, શ્રોત્ર, પ્રાણ વગેરેની પણ આ જ રીતે રજૂઆત કરે છે. આ રજૂઆત ઉપાસના અને તત્ત્વજ્ઞાનનો વિવેક રજૂ કરે છે. તેમ છતાં ઉપાસના એ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું બળવાન સાધન છે. તે બાબત ઉપનિષદો સ્પષ્ટ રીતે સ્વીકારે છે. તેથી જ ચતુર્થ ખંડમાં બ્રહ્મની તે "तद्वन(સુંદર) વસ્તુ છે" એ રીતે ઉપાસના કરવી એમ કહ્યું છે. જ્યારે છા.ઉપ.નાં પ્રથમ પાંચ પ્રપાઠકો ૐ ઉપાસના, ઉદ્‌ગીથ વગેરે ઉપાસનાથી ભરેલા છે. જ્યારે છઠ્ઠા અ.માં "તત્ત્વમસિ" એ મહાવાક્ય અને સાતમાં અને આઠમાં અ. માં "સ્કંદ વિદ્યા" અને "દહર વિદ્યા" એમ બન્ને સગુણ ઉપાસનાથી ભરેલા છે.

નિત્ય–નૈમિત્તિક પ્રાયશ્ચિત કર્મ માટે શાણ્ડિલ્ય વિદ્યા વગેરેની ઉપાસના જરૂરી છે.[૯]

બ્રાહ્મણે ગાયત્રી ઉપાસના નિત્ય કરવી જોઈએ, તે સિવાય તેનું અધઃપતન થાય છે. અન્ય કોઈ ઉપાસનાની દ્વિજને અપેક્ષા નથી. માત્ર ગાયત્રી ઉપાસના જ મોક્ષ આપનાર છે.[૧૦]

પ્રા. નલિન ભટ્ટ[૧૧] જણાવે છે કે, પરમ તત્ત્વને પામવા માટે કર્મ, ઉપાસના અને જ્ઞાન જરૂરી છે. નિષ્કામ ભાવે કરવામાં આવેલ કર્મથી હૃદયની મલિનતા દૂર થાય છે અને ઈશ્વરાનુભવ પ્રાપ્ત થાય છે. કર્મયોગથી હૃદય શુદ્ધિ થાય છે અને ધ્યેય નિષ્ઠતા પ્રાપ્ત થાય છે, ધ્યેયના સતત સ્મરણ માટે ઉપાસના જરૂરી છે. સર્વત્ર ઈશ્વરનો અનુભવ અને તેને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઈચ્છા અને તે માટેની નરસિંહ મહેતા, મીરા વગેરે જેવી તાલાવેલી એટલે ઉપાસના. આ ઉપાસનાની અવધિ એટલે જ ભક્તિ.

પરમાત્મા સર્વેના ઉપાસ્ય છે, એ ઉપાસ્ય દેવની પ્રાપ્તિનું સાધન ઉપાસના છે. ઉપનિષદો એ ઉપાસનાની વિધિનો નિર્દેશ કરે છે. અધ્યાત્મ વિદ્યાની વ્યાખ્યા કરનાર છે, તે ઉપાસ્ય પરબ્રહ્મનાં સ્વરૂપોમાં ઉપનિષદો કર્મ, શક્તિ વગેરેના વર્ણન દ્વારા તથા પૃથિવી, દ્યૌ, વૃષ્ટિ, પશુઓ, પ્રાણ વગેરે સૃષ્ટિના પદાર્થો પરબ્રહ્મની પ્રાપ્તિમાં સહાય છે.[૧૨]

[૧૩]આત્મવિત્ થવા માટે કોઈ નિશ્ચિત માર્ગની જરૂર નથી. સાધક પોતાની સુવિધા અનુસાર કોઈપણ માર્ગ પસંદ કરી શકે છે. પાતંજલ યોગદર્શનની જેમ ઉપનિષદો[૧૪] પણ આત્મ જ્ઞાન માટે કોઈ એક વિદ્યા/ઉપાસનાની જરૂર છે. એમ નથી જણાવતાં પરંતુ વાક્, મન, સંકલ્પ, ચિત્ત વગેરે વસ્તુઓની ધારણા દ્વારા બ્રહ્મની ઉપાસનાનો ઉપદેશ આપ્યો છે. તેમજ તેના ફળની વિવિધતાનું પણ વર્ણન કર્યું છે. આ વિવિધતા દ્વારા એ બાબતનો નિર્દેશ છે કે કોઈપણ સાધક એક વસ્તુને ગ્રહણ કરીને તે અનુસાર અવિચલિત બનીને ઉપાસના કરે તો તે નિશ્ચિતરૂપે પરમતત્ત્વને પ્રાપ્ત કરી લે છે.[૧૫]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાસનામાં શ્રદ્ધા, વિશ્વાસ અને સુદૃઢ ભાવના અત્યંત જરૂરી છે. ડગેલી શ્રદ્ધા, આશ્ચર્ય, કુતુહલતા, મન્ત્ર કે દેવતાની પરીક્ષાને માટે અધૂરું સાધન કરવામાં આવે તો ઇચ્છિત પરિણામ પ્રાપ્ત થતું નથી. તે માટે ઊંડી શ્રદ્ધા, પૂર્ણ વિશ્વાસ હોવો અનિવાર્ય છે. આ શ્રદ્ધા–વિશ્વાસને જ અમૃત કહે છે. દેવો તે અમૃતનું પાન કરીને જ તૃપ્ત થાય છે.[૧૬]

**ઉપાસનામાં ફળ પ્રાપ્તિ કરવાના સિદ્ધાંતો :**

છા. ઉપ.માં જણાવેલ છે કે, સમજ પૂર્વક અર્થાત્ મંત્રનો ભાવાર્થ સમજીને શ્રદ્ધાયુક્ત બુદ્ધિવાળા થઈને ઉપાસના કરનારને વિશિષ્ટ અને ત્વરિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૧૭] આ બાબત દરેક કાર્યમાં લાગુ પડે છે. કોઈપણ દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે કર્મરત બનીને કરવામાં આવે ત્યારે જ તેમાં સફળતા પ્રાપ્ત થાય છે. વિશેષમાં જણાવે છે કે, જે ઋચા કે મંત્રનું અનુષ્ઠાન કરતાં હોઈએ તે ઋચાના ઋષિ, છંદ, દેવતા વગેરેનું ચિંતન કરવું જોઈએ. ઉપાસના કરનારે પોતાના નામ, ગોત્ર તેમજ પોતાની ઇચ્છાનો વિચાર કરી પ્રમાદ રહિત થઈ સ્તુતિ કરવી જોઈએ.[૧૮]

ઉપાસના ગુરુ ગમ્ય છે, માત્ર શાબ્દિક જ્ઞાનથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, તેની પદ્ધતિ સુશિષ્ય અથવા જયેષ્ઠ પુત્રને જ આપવામાં આવે છે. આ વાક્યોની સમજણ કલ્પસૂત્રોમાં અથવા ગુરુ પરંપરાથી સમજી શકાય છે, પરંતુ અનુષ્ઠાન વગર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.[૧૯]

ઉપાસકની ચિત્તવૃત્તિમાં ભેદ હોવાથી ફલ પ્રાપ્તિમાં ભેદ રહે છે. જેવી ભાવનાથી ઉપાસના કરવામાં આવે તેવું ફળ પ્રાપ્ત થાય છે. તેમ છતાં દરેક ઉપાસનાનું અંતિમ ધ્યેય સાધકને ચિત્તની શુદ્ધિ અને મનની એકાગ્રતા દ્વારા પરમ ગતિ તરફ આગળ લઈ જવાનું હોય છે. તેથી આત્મ સાક્ષાત્કાર થાય ત્યાં સુધી ઉપાસના જરૂરી છે. આત્મ સાક્ષાત્કાર પછી પણ લોકસંગ્રહ માટે ઉપાસના અનિવાર્ય છે. કારણ કે શ્રીમદ્ ભગવદ્ ગીતા સ્પષ્ટપણે જણાવે છે કે; શ્રેષ્ઠ મનુષ્યનાં આચરણનું સામાન્ય મનુષ્ય અનુકરણ કરે છે, તેથી તેણે સાવધાન થઈ કર્મ કરતા જોઈએ.[૨૦] તે માટે પોતાનું જ ઉદા. આપતાં જણાવે છે કે, "જો હું કર્મ ન કરું તો લોક નાશ પામે અને હું વર્ણ સંકરનો કર્તા બનું તેમજ આ પ્રજાઓનો નાશ કરું."[૨૧]

"નીતિ, સદાચાર અને સત્કર્મોનું યોગ્ય આચરણ ન કરનાર સાધકને ઇચ્છિત સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી."[૨૨]

સગુણ–નિર્ગુણ એમ ઉપાસનાના મુખ્ય બે પ્રકાર છે, તેમાં (૧) સગુણ નિરાકાર અને (૨)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સગુણ સાકાર એમ સગુણનાં બે પ્રકાર છે. નિર્ગુણ નિરાકાર એક જ તત્ત્વ છે. તેની ઉપાસના વિના પરમ આનંદની પ્રાપ્તિ થતી નથી. યજુર્વેદ [૬૩] પણ આ જ બાબત કહે છે.

સગુણ ઉપાસનામાં આદિત્યથી શરૂ કરી જે કોઈ કાર્યબ્રહ્મનો વિસ્તાર છે તે આવી જાય છે. કોઈપણ સ્વરૂપે ઉપાસના કરી શકાય છે. આ પ્રમાણે કાર્યબ્રહ્મમાં ભાવ સિદ્ધ થયા બાદ પૂર્ણ બ્રહ્મ પ્રાપ્ત ન થાય ત્યારે તે તે ઉપાસ્યને અનુરૂપ ભોગ અને મૃત્યુ બાદ સ્વર્ગલોક, ચંદ્રલોક વગેરેની પ્રાપ્તિ થાય છે. તેથી જ છા. ઉપ.માં પ્રજાપતિ ભગવાન ઇન્દ્રને ઉપદેશ આપતાં જણાવે છે કે, જે બ્રહ્મલોકનાં ભોગોને જોતાં-જોતાં રમણ કરે છે, તે આત્માની દેવગણ ઉપાસના કરે છે. તેથી તેને તે બધાં લોક અને ભોગ પ્રાપ્ત થાય છે. જે પુરૂષ તે આત્માને જાણીને અનુભવ કરે છે. તે બધા લોકો અને ભોગોને પ્રાપ્ત થાય છે.[૬૪] શ્રીમદ્ ભગવદ્ગીતા[૬૫] પણ આ જ બાબત કહે છે. બ્રહ્મને જાણનાર બ્રહ્મ બને છે.[૬૬] એ શ્રુતિ આ જ બાબતનું સમર્થન કરે છે.

(૧) અહંગ્રહ, (૨) પ્રતીક અને (૩) મૂર્તિ એમ ઉપાસનાનાં મૂળભૂત ત્રણ ભેદ છે. અહંગ્રહ ઉપાસનામાં દેવતાભાવે પોતાને ચિંતવવાના હોય છે. પ્રતીક ઉપાસનામાં ભાવનું પ્રાધાન્ય હોય છે. ૐ સ્વસ્તિક વગેરે પ્રતીકમાં ભાવ મહત્ત્વનો હોય છે. જ્યારે મૂર્તિમાં શિવ પાર્વતી, ચતુર્ભુજ વિષ્ણુ વગેરેની પ્રતિમામાં આકારનું પ્રાધાન્ય હોય છે. જેમાં માનુષી અથવા દૈવી આકારનું પ્રાધાન્ય હોય છે. જ્યારે પ્રતીકમાં દેવતાના મુખ્ય નામ રૂપ ગુણનું સ્મરણ કરાવનાર કોઈ શાસ્ત્ર અથવા ગુરુએ આપેલું ચિહ્ન પ્રતીક છે.

અહંગ્રહ, પ્રતીક અને મૂર્તિ એ આલંબન રૂપ છે; આ ઉપરાંત ભાવનાના ઉત્તેજક અથવા ઉદ્દીપક નિમિત્તો હોય છે. આ ઉત્તેજક નિમિત્તો (૧) નામ/શબ્દ, (૨) રૂપ-ગુણ, (૩) ક્રિયા અને (૪) કલ્પના અથવા અધ્યાસ એવા ચાર હોય છે. નામ/શબ્દ ઉપર બાંધાયેલી ઉપાસના છા. ઉપ. માં ૐ, ઉદ્ગીથ વગેરે છે.

ઉપાસનાની પ્રક્રિયાને આધારે[૬૭] (૧) સત્ત્વવતી, (૨) અંગવતી, (૩) અન્યવતી, (૪) નિદાનવતી એમ ચાર પ્રકાર પાડવામાં આવે છે.

**(૧) સત્ત્વવતી :**

ઉપાસક જેની ઉપાસના કરતો હોય, તેના ઉપર જ દૃષ્ટિ અને ભાવના હોય; તે સત્ત્વવતી ઉપાસના, તેને યોગ પણ કહેવામાં આવે છે. આ ઉપાસનામાં ઉપાસક આરાધના કરે છે, આરાધનાના અભાવમાં ઉપાસક જ્ઞાનયોગમાં પ્રવિષ્ટ થઈ જાય છે. તેનાં ભાવમાં આ સંપૂર્ણ જગત "सर्वं खलु इदं ब्रह्म" છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૨) અંગવતી :**

આ ઉપાસનામાં ઉપાસક આરાધ્યનાં કોઈપણ એક અંગ ઉપર દૃષ્ટિ સ્થિર કરે છે; પરંતુ ભાવના/બુદ્ધિ પૂર્ણની–અંગીની ઉપર રાખે છે. આમાં પ્રતીક હોવાથી પ્રતીકોપાસના પણ કહે છે. ઉદા. 'પ્રાણ'ની બ્રહ્મરૂપે; 'મન'ની બ્રહ્મ રૂપે ઉપાસના તે અંગવતી ઉપાસના.

**(૩) અન્યવતી ઉપાસના :**

આ ઉપાસનામાં દૃષ્ટિ એક ઉપર હોય છે અને ભાવના/બુદ્ધિ અન્ય ઉપર. આ અન્યવતી ઉપાસના જ મૂર્તિ ઉપાસના છે. ધાતુ–પથ્થર વગેરેની મૂર્તિમાં દૃષ્ટિ રાખીને તેમાં ઉપાસ્યની બુદ્ધિ રાખીને પોતાનાં ભાવને પ્રવાહિત કરવો તે અન્યવતી ઉપાસના.

સૂર્યનાં યજ્ઞ: પુરૂષની દૃષ્ટિ, યજ્ઞને પુરૂષ રૂપમાં જોવો વગેરે.

**(૪) નિદાનવતી ઉપાસના :**

નિરાકાર, નિર્ગુણની પ્રતિમા નથી હોતી; તેથી તેનું જ્ઞાન આપવા માટે નિદાનવતી ઉપાસના છે. અમુક વસ્તુને અમુક સમજો એ સંકેત નિદાન છે.

ભક્તિ ઉપાસના (૧) શાંત, (૨) દાસ્ય, (૩) વાત્સલ્ય, (૪) સખ્ય અને (૫) ઉજ્જવળ એમ પાંચ પ્રકારની છે. જેમાંથી સાધકે પોતાની યોગ્યતા પ્રમાણે પસંદગી કરવાની રહે છે. શ્રીમદ્ ભાગવત્‌માં નવધા ભક્તિની વાત કરેલ છે. અર્જુન ગીતામાં સખ્યભાવે આ જ ભાવના વ્યક્ત કરીને પોતાનાં અપરાધ માફ કરવાની રજૂઆત શ્રીકૃષ્ણ પાસે કરે છે.[૭૮] મોક્ષ માટે ભક્તિ જ શ્રેષ્ઠ છે. એમ શ્રીમદ્ શંકરાચાર્ય વિવેક ચૂડામણિમાં જણાવે છે.[૭૯] ચાર પ્રકારની ભક્તિ અથવા મારી ઉપાસનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે; તેમ મુક્તિકો.માં[૭૯અ] શ્રી રામ જણાવે છે.

ઉપાસનામાં અધિકારનો નિર્ણય, ઉપાસનાનો પ્રકાર, ઉપાસ્યનાં ગૌરવ વગેરેનો વિચાર કરવો અત્યંત જરૂરી છે. કારણ કે સ્વચ્છંદતા પૂર્વક ઉપાસનામાં પ્રવૃત્ત થવાથી હોય સિદ્ધિમાં વિઘ્ન ઉત્પન્ન થાય છે. એટલું જ નહીં તેનો પ્રભાવ કુલ, પ્રાન્ત, પશુ–પક્ષી, વાતાવરણ અને રાષ્ટ્ર ઉપર પણ પડે છે. આ મહાન તપના શુભ પ્રભાવનું વર્ણન છે તે આધારે જાણી શકાય છે. કણ્વઋષિની ગેરહાજરી માત્રથી તેનાં આશ્રમમાં રાક્ષસોનો ત્રાસ થાય છે. મારીચના પ્રભાવથી હિંસક પશુ–પક્ષીઓએ પણ પોતાની હિંસક વૃત્તિ છોડી દીધી છે.[૮૦] તેથી ઉપાસનાના સંબંધમાં મન્ત્ર, મન્ત્રની દીક્ષા, મન્ત્રનો જપ, જપનું વિધાન, સમય શુદ્ધિ, આસન શુદ્ધિ વગેરેનો વિચાર તેમજ ગુરુ ઉપદેશ દ્વારા તેની પ્રક્રિયાનો નિર્વાહ કરવો જોઈએ.[૮૧]



For Private And Personal Use Only

**માળાને સિદ્ધ કરવી જોઈએ :**

રુદ્રાક્ષ જાબાલ, અક્ષમાલોપનિષદ્‌માં માળાને સિદ્ધ કરવાની, માળા બનાવવાની તેની પ્રતિષ્ઠા વગેરે દર્શાવેલ છે.(પ્રકરણ—૬; રુદ્રાક્ષ મીમાંસામાં આપેલ છે; તેથી અહીં પુનરાવર્તન કરેલ નથી) સિદ્ધ કરેલી માળા ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલી હોય તો વિશેષ અને ઝડપથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**સ્થળ- આસન શુદ્ધિ :**

ઉપાસના માટે સ્થળ અને આસનની પવિત્રતા અત્યંત જરૂરી છે. સ્થળ પવિત્ર, અત્યંત ઊંચુ કે નીચું ન હોવું જોઈએ. વાંસ, પત્થર, લાકડી, વૃક્ષનાં પાંદડાનાં આસન ઉપર બેસીને જપ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, પરંતુ દરિદ્રતા આવે છે. ગીતા પણ છઠ્ઠા અધ્યાયમાં જણાવે છે કે; ઉપાસના માટે પવિત્ર દેશ પવિત્ર આસન વગેરે હોવું જોઈએ.[૩૨]

**ઉપાસનામાં સહાયક :**

(૧) સાત્ત્વિક આહાર, (૨) સત્યભાષણ, (૩) સંયમ, (૪) સત્સંગ વગેરે ઉપાસનામાં અત્યંત મદદ રૂપ થાય છે. તેથી જ ઉપ.માં જગ્યાએ જગ્યાએ મિતાહારી, સત્યવાદી, બ્રહ્મચર્ય પૂર્વક જીવન પસાર કરવું અને સજ્જનોનો સંગ વગેરેનું વર્ણન છે. તેથી જ સત્ય એ જ ઉપાસનાનું ઘર છે. (सत्यमायतनम्) તેન કેનો. જણાવે છે.

**ઉપાસનામાં વિરોધી તત્ત્વો :**

(૧) અવિશ્વાસ, (૨) વ્યાકુળતા, (૩) સંકલ્પ ત્યાગ, (૪) અસમતા.

ઉપાસનાથી જ પરબ્રહ્મને જાણી શકાય છે. આ ઉપાસનાની પ્રેરણા છા.ઉપ. આપે છે. સંપૂર્ણ ચરાચર જગત નિશ્ચિત બ્રહ્મ જ છે, કારણ કે તે તેમાંથી જ ઉત્પન્ન થાય છે. તેની સાથે રાગ-દ્વેષ રહિત થઈને શાંતચિત્તે ઉપાસના કરવી જોઈએ.[૩૩]

ચાર પુરૂષાર્થોમાં મોક્ષને સર્વ શ્રેષ્ઠ માનેલ છે. ઉપાસનાનું અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિ જ છે. અધિકાર ભેદથી વેદ - ઉપ. શાસ્ત્રોમાં અનેક પ્રકારની ઉપાસનાઓ દર્શાવેલી છે. સામવેદનાં ઉપનિષદોમાં અનેક ઉપાસનાઓ દર્શાવેલ છે.

**(૧) પ્રણવ મીમાંસા :**

ભારતીય પરંપરામાં વૈદિક સાહિત્યથી અદ્યાપિ પર્યંત પ્રણવ ઉપાસનાનું અત્યંત મહત્ત્વ રહેલું છે. ઋષિ—મુનિઓ પ્રણવને જ ઉપાસે છે. પ્રણવને જ પરબ્રહ્મનું સ્વરૂપ કહે છે, તે જ બ્રહ્મ છે. તેન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જણાવી તેનું ધ્યાન ધરવાનું કહે છે. આ ધ્યાનમાં પ્રણવને ૐ સ્વરૂપે "અ.ઉ.મ." એમ માત્રા સ્વરૂપે, સૂર્ય, સામ, ઉદ્‌ગીથ વગેરે સ્વરૂપે ઉપાસવાનું જણાવે છે. આમ ઓંકારની જ વિવિધ રૂપે ઉપાસના ઋષિ દર્શાવે છે. ઓંકાર ઉપાસનાનું મહત્ત્વ દર્શાવતાં શ્રી વિનોબા ભાવે જણાવે છે કે; "ઓંકારમાંથી જ આર્ય સંસ્કૃતિની પાવન ગંગાનો ઉદ્‌ભવ થયો છે. અભ્યુદય અને નિઃશ્રેયસ રૂપી બન્ને કાંઠાને અડીને છલોછલ વહેનારી એ વિશ્વમાતા ઓંકારનો સ્નિગ્ધ ગંભીર નિર્ઘોષ કરતી કરતી, વૈદિક ઋષિઓના જીવનથી જડ ભારતને સચેતન કરવા માટે અનાદિ કાળથી એક સરખી વહી રહી છે.. ૐ 'ઓંકાર" એ પરબ્રહ્મની વાઙ્‌મયી મૂર્તિ છે. એમ સમજી તેની ઉપાસના કરવીએ આપણું કર્તવ્ય છે."[૨૪]

ઓંકારની વ્યાખ્યા આપતા છા. ઉપ. સ્થાવર--જંગમ પ્રાણી પદાર્થમાં તે કેવી રીતે વ્યાપ્ત છે તે જણાવી તે ઓંકાર જ ઉપાસના કરવા યોગ્ય છે. તેમ જણાવતાં કહે છે કે; સ્થાવર જંગમ પ્રાણીઓ અને પદાર્થનો રસ (૧) પૃથ્વી છે, પૃથ્વીનો રસ અથવા કારણ (૨) જલ છે, જળનો રસ (૩) ઔષધિ છે, ઔષધિઓનો રસ (૪) મનુષ્ય દેહ છે, મનુષ્યનો રસ (૫) વાણી છે, વાણીનો રસ (૬) ઋચા છે, ઋચાનો સાર (૭) સામ છે અને સામનો સાર (૮) ઉદ્‌ગીથ ઓંકાર છે. આ ઓંકાર સર્વે રસોનાં સાર રૂપ પરમાત્માનું પ્રતીક હોવાથી ઉપાસના કરવા યોગ્ય છે. આમ ઓંકાર મનુષ્ય શરીર સાથે સંકળાયેલ છે. આ મનુષ્ય દેહમાં પણ અન્ન આઠ રસરૂપે પરિવર્તન પામે છે. તેમાં છેલ્લો રસ 'ઓજ' અત્યંત તેજસ્વી છે.[૨૫]

ઋષિ જણાવે છે કે, આ ઓંકાર રૂપ અક્ષરની આરાધના કરનાર અત્યંત શક્તિશાળી બને છે. તે પોતાની જ નહિં અન્યની ઇચ્છાઓને પૂર્ણ કરનાર બને છે. પરંતુ જે આસ્તિક બુદ્ધિથી સમજપૂર્વક ઉપાસના કરે છે તેને ઝડપથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૨૬]

આ વર્ણનથી એ સિદ્ધ થાય છે કે; મંત્રનો ભાવાર્થ સમજી ઉપાસના કરવામાં આવે; નિયમોનું દૃઢતા પૂર્વક પાલન કરવામાં આવે, શ્રદ્ધાવાન હોય અને મંત્રોચ્ચાર શુદ્ધ હોય તો વિશેષ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આધુનિક સમયમાં મંત્ર સિદ્ધિ આપતો નથી. તેમ લોકો કહેતા હોય છે. પરંતુ ઉતાવળે ઉચ્ચારણ, અશુદ્ધ ઉચ્ચારણ, શ્રદ્ધાનો અભાવ હોય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. ગીતા[૨૭] પણ શ્રદ્ધાવાન વ્યક્તિને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે; તેમ જણાવે છે. વિશેષમાં જણાવે છે કે ૐનાં ઉચ્ચારણથી જ બ્રહ્મવાદી લોકો યજ્ઞ, દાન અને તપરૂપ કર્મોનું શાસ્ત્રોક્ત વિધિથી આચરણ કરે છે.[૨૮] છા.ઉપ.[૨૯] પણ ઓંકારનાં ઉચ્ચારણ સાથે કરવામાં આવેલ યજ્ઞ, દાન વગેરે દરેક કાર્ય બલવત્તર બની જાય છે તેમ જણાવે છે.

ઓંકારથી મંગલાચરણ થઈ શકે છે.[૩૦] ઋષિઓ શાંતિમંત્રથી મંગલાચરણ કરેલ છે. તેમાં સર્વ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રથમ ઓંકારનો ઉચ્ચાર છે જ, છતાં તે ઓંકારની વ્યાખ્યાથી જ ઉપનિષદ્‌નો શરૂઆત કરે છે, જે ઓંકાર ઉપાસનાનું મહત્ત્વ દર્શાવે છે.

આ ઓંકારની ઉપાસના ઇચ્છા પૂર્તિ કેવી રીતે કરે છે. તે સમજાવતાં ઋષિ જણાવે છે કે:[૭૧] "વાણી ઋચા છે, પ્રાણ સામ છે, ઓંકાર ઉદ્‌ગીથ છે; જેવી રીતે પરસ્પર સંપર્કમાં આવીને જ યુગલ અન્યોન્યની કામનાપૂર્તિ કરે છે, તેમ વાણી અને પ્રાણરૂપી મિથુન ઓંકારનાં સંસર્ગમાં આવીને ઇચ્છા પૂર્તિ કરે છે." અર્થાત્ ૐનું શુદ્ધ નાદ સ્વરૂપે ઉચ્ચારણ જ સિદ્ધિ આપે છે.

ઓંકારનાં ઉચ્ચારણથી જ દરેક કાર્ય શક્તિશાળી બને છે. તેથી જ અધ્વર્યું ઓંકાર દ્વારા જ સંભળાવે છે, હોતા ઓંકારનાં ઉચ્ચારણ દ્વારા જ સ્તુતિમંત્રો ભણે છે. "ઓમ્" એમ ઉદ્‌ગાતા ઉચ્ચ સ્વરે ગાય છે. આમ ત્રયી વિદ્યા(સંપૂર્ણ વેદવિદ્યા) ઓંકારનાં પૂજન માટે જ પ્રવૃત્ત થાય છે.[૭૨] તેથી જ ઓંકારને ત્રણેય વેદોનાં સાર રૂપ કહેલ છે.[૭૩]

પ્રજાપતિએ લોકોને માટે થઈને ધ્યાનરૂપ તપ કર્યું; અભિતપ્ત લોકોથી ત્રયી વિદ્યાની ઉત્પત્તિ થઈ. ત્રયી વિદ્યામાંથી ભૂઃ, ભુવઃ, સ્વઃ, એ ત્રણ અક્ષરો ઉત્પન્ન થયા.[૭૪] આ ત્રણ અક્ષરોનો સાર ઓંકાર છે. જેવી રીતે પાંદડાઓ તેની નસોમાં ઓતપ્રોત હોય છે, તેવી જ રીતે ઓંકારમાં સંપૂર્ણ વાક્ વ્યાપ્ત રહે છે. જેવી રીતે પર્ણો અને નસોને અલગ નથી કરી શકાતાં તેવી રીતે ઓંકાર અને વાક્‌ને અલગ કરવા અસંભવ છે. ઓંકાર જ સંપૂર્ણ વાક્ છે.[૭૫]

ઓંકારની શુદ્ધ—અશુદ્ધ અવસ્થામાં ઉપાસના કરનાર પાપથી લિપ્ત થતો નથી અને સંસારમાં કમલપત્રવત્ રહે છે. યોગીએ ઓંકારની ઉપાસના દ્વારા વાયુનો નિરોધ કરવો જોઈએ કારણ કે વાયુની સ્થિરતાથી જ બિંદુ સ્થિર થાય છે અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

માડૂક્યો. ૐને ભૂત, વર્તમાન અને ભવિષ્યને દર્શાવે છે; સર્વ કાંઈ ત્રિકાલાતીત છે તે પણ ઓંકાર છે, આ બધું જ ઓંકાર રૂપ બ્રહ્મ છે; આ આત્મા જ બ્રહ્મ છે. આમ ઓંકાર, બ્રહ્મ, આત્મા વચ્ચે અભેદ દર્શાવી ઓંકારની ઉપાસના કરવાનું જણાવે છે.[૭૬]

"ૐ એ અનુજ્ઞાક્ષર હોવાથી અવિરોધ વૃત્તિ અથવા શાંતિ એ જ એનો ઉત્તમ અર્થ છે.[૭૭] "અનુજ્ઞામાં સમૃદ્ધિ આપોઆપ આવે છે"— એવો નિયમ છે તેથી સમૃદ્ધિ માટે કે પુષ્ટિ માટે સ્વતંત્ર ઉપાસનાની જરૂર નથી. ઓંકારની શાંતિમય ઉપાસનામાં જ પારમાર્થિક જ્ઞાનના પ્રકાશની સાથે—સાથે ઐહિક સમૃદ્ધિની દૃષ્ટિ પણ મળી શકે છે." એમ છા.ઉપ. ના આ વાક્યમાંથી સમજી શકાય છે.[૭૮]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓંકાર જ "ઉદ્‌ગીથ" છે. આ ઉદ્‌ગીથમાં રહેલા 'ઉત્', 'ગી', 'થ' એ શબ્દોના રહસ્યને સમજીને તે શબ્દો દ્વારા પણ ઉપાસના કરી શકાય છે. તે રીતે ઉપાસના કરનાર વેદોનો જ્ઞાતા અને ખૂબ જ ભોગ ભોગવવાની શક્તિવાળો બને છે.[૪૯]

"ઉદ્‌ગીથ", 'ઉત્' એ શબ્દ ઉત્પત્તિ દર્શાવનારો છે. ગીઃ એ ગૃ ગળવું તથા થ એ રહેવું કે ટકવું એ ધાતુઓ પરથી ઉત્પન્ન થયેલાં છે અને ઉદ્‌ગીથનો અર્થ ઉત્પત્તિ, સ્થિતિ અને લય એવો થાય છે. એટલે ઉદ્‌ગીથના અક્ષરોનો અને તે જ ઓંકારની ત્રણ માત્રાઓ છે, તેથી પર્યાયરૂપે ઓંકારની ત્રણ માત્રાઓનો સંકલિત અર્થ 'તજ્જલાન્' શબ્દનાં જેવો જ થાય છે.[૫૦]

ઉદ્‌ગીથ ઉપાસના અત્યારે "નાદાનુસંધાન"નાં નામથી પ્રચલિત છે. કબીર તથા તેમના અનુયાયી સંતોએ "સુરત–શબ્દ–યોગ" નાં નામથી તેનો પ્રચાર કર્યો.[૫૧] દેવગણોએ આ નાદને "પ્રાણ"માં પ્રાપ્ત કર્યો એમ છા. ઉપ.માં જણાવ્યું છે.

ઉદ્‌ગીથનું બીજું નામ 'પ્રણવ' છે. તે જ ૐ કાર છે. મહર્ષિ પતંજલિએ તેને ઈશ્વરનો વાચક કહ્યો છે.[૫૨] ઓંકારની ઉપાસના કરનાર શરૂઆતમાં નહીં પરંતુ અંતે યોગી જ બને છે. તે એ ભૂમિકા ઉપર પહોંચી જાય છે, જ્યાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટીમાંથી માત્ર ધ્યાન જ બાકી રહે છે. દુર્ગાસપ્તશતીમાં આ જ બાબતનો નિર્દેશ છે.[૫૩]

ઓંકારની ત્રણ અક્ષરો 'અ', 'ઉ' અને 'મ' દ્વારા ઉપાસના.

'અ' અક્ષરનો અર્થ વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'અવિનાશી' એવો થાય છે, તેથી તે પરબ્રહ્મનું પ્રતીક થઈ શકે છે. ઓંકાર એ એકાક્ષર બ્રહ્મ છે એમ ગીતામાં પણ કહ્યું છે.[૫૪]

ૐની ત્રણ માત્રાને શ્રી વિનોબાભાવે નીચે પ્રમાણે સમજાવે છે.[૫૫]

"ૐ"

| અ | ઉ | મ | |
|---|---|---|---|
| तज्ज् | तल्लन् | तद्न | છા. ઉપ. ૩.૧૪ |
| उत् | गीः | थम् | |
| (ચમસની) લંબાઈ | પહોળાઈ | જાડાઈ | છા. ઉપ. ૩.૧૫.૧ |
| પ્રાતઃ સવન | માધ્યંદિન સવન | સાયં સવન | છા. ઉપ. ૩.૧૬ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| બ્રહ્મચર્ય | ગાર્હસ્થ્ય | વાનપ્રસ્થ | છા. ૨.૨૩ |
| અંડજ | જીવજ | ઉદ્‌ભિજ્જ | છા. ૬.૩.૧ |
| અન્ન | અપ્ | તેજસ્ | છા. ૬.૨ |
| ત્વમ્ | અસિ | તત્ | છા. ૬ |
| ક્રિયા | ઈચ્છા | જ્ઞાન | યોગ ચૂડામણિ ૮૬ |
| ભૂત | વર્તમાન | ભવિષ્ય | માણ્ડૂક્યો. |
| ભૂર્લોક | ભુવઃ લોક | સ્વર્લોકઃ | યોગ. ૮૫-૮૬ |
| સૂર્ય | ચન્દ્ર | અગ્નિ | |
| બ્રાહ્મી | રૌદ્રી | વૈષ્ણવી | |
| પૂરક | કુમ્ભક | રેચક | જા.દ.ઉપ. ૬.૨ |
| સામ | યજુ | ઋક્ | છા. ઉપ. ૧.૩.૬.૭ |
| સ્વઃ | અંતરિક્ષ | પૃથ્વી | |

યોગચૂડા. ઉપ. ૐની ત્રણ માત્રાઓ વિશે જણાવે છે કે; તે ભૂર્લોક, ભુવઃ લોક, સ્વર્લોક, ચન્દ્ર, સૂર્ય અને અગ્નિ દેવતા છે. તે સર્વ પરમ જ્યોતિ સ્વરૂપ ૐ જ છે. ક્રિયા, ઈચ્છા અને જ્ઞાન એ ત્રણ શક્તિઓ; બ્રાહ્મી, રૌદ્રી અને વૈષ્ણવી એ ત્રણ માત્રાઓ પરમ જ્યોતિ સ્વરૂપ છે. હંમેશાં વાણીથી તેનો જપ કરવો જોઈએ. શુદ્ધ—અશુદ્ધ અવસ્થામાં હંમેશાં તેનો જપ કરવો જોઈએ. આ રીતે જપ કરનાર પાપથી લિપ્ત થતો નથી અને સંસારમાં કમલપત્રવત્ રહે છે.[૫૬]

ઓંકારમાં 'અ, ઉ, મ' એ ત્રણ વર્ણ ક્રમશઃ પૂરક, કુમ્ભક અને રેચકથી સંબંધિત છે. તે ત્રણે વર્ણોનું એકત્ર થવું એ જ પ્રણવ છે. તેથી પ્રાણાયામને પણ પ્રણવ જ માનવામાં આવ્યો છે.[૫૭]

ધારણાના વર્ણનમાં પોતાનાં આત્માનો ૐ કાર રૂપ પરમેશ્વરમાં લય કરી દેવો તેમ જણાવે છે.[૫૮]

મૈત્રા. ઉપ. બ્રહ્મનાં મૂર્ત—અમૂર્ત બે રૂપ જણાવી, તેમાં અમૂર્ત સત્ય છે, તે જ બ્રહ્મ છે, જ્યોતિ છે, આદિત્ય છે, તે જ "ૐ" છે તે જ આત્મા છે. આ ઓંકાર ત્રણ માત્રા સંયુક્ત છે, ત્રણ માત્રામાં જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ ઓતપ્રોત છે. તે ઓંકાર જ આદિત્ય છે, એમ ધ્યાન કરીને પુરુષે આત્મા સાથે તેનું સંગઠન કરવું જોઈએ.

આ ઓંકાર સામવેદનો ભાગ છે, તે જ ઉદ્‌ગીથ છે. તે જ "પ્રણવ" છે. તેને હૃદયરૂપી ગુફામાં જાણવું જોઈએ અને ઓંકાર દ્વારા જ તેની હંમેશાં પ્રાર્થના કરવી જોઈએ.[૭૯]

## (૨) 'ૐ'ની પ્રાણ રૂપે ઉપાસના :

પ્રાણરૂપ ૐ ની ઉપાસના શ્રેષ્ઠ છે, તે દર્શાવવા માટે દેવાસુર સંગ્રામની આખ્યાયિકા આપે છે.[૮૦] અસુરો દેવો ઉપર આક્રમણ કરે છે. ત્યારે સર્વ પ્રથમ દેવો નાસિકા સ્થાનમાં રહેલી પ્રાણેન્દ્રિયની ઉદ્‌ગીથરૂપે ઉપાસના કરે છે; અસુરો ઘ્રાણેન્દ્રિયને પાપથી વીંધી નાખે છે, તેથી નાક સુગન્ધ–દુર્ગન્ધ ઉભયને સૂંઘે છે. ત્યારબાદ દેવો વાણી, ચક્ષુ, કર્ણ, મનમાં પ્રવેશે છે પરંતુ દાનવો તે સર્વને પણ પાપથી વીંધી નાખે છે, તેથી વાણી બોલવાનું ને ન બોલવાનું બોલે છે, ચક્ષુ જોવાનું–ન જોવાનું જૂએ છે; કર્ણ સાંભળવાનું–ન સાંભળવાનું સાંભળે છે; મન વિચારવાનું ન વિચારવાનું વિચારે છે.

દેવો ત્યારબાદ મુખ્ય પ્રાણની ઉદ્‌ગીથરૂપે ઉપાસના કરે છે, દાનવો તેને પાપિષ્ઠ બનાવવા ઇચ્છે છે, પરંતુ પત્થર ઉપર માટીનું ઢેફું પછડાઈને નાશ પામે તેમ અસુરો પરાજીત થયાં.[૮૧]

જીવનમાં સતત સત્ય–અસત્ય; પાપ–પુણ્યવૃત્તિનો સંઘર્ષ ચાલતો જ રહે છે. તેમાં જેણે વિજયી બનવું હોય તેણે પ્રાણ શક્તિને મજબૂત બનાવવી જોઈએ– બૃહદ્ જીવનનો આશરો લેવો જોઈએ. તે પણ ૐ કારની દૃષ્ટિએ અર્થાત્ બૃહદ્ જીવન–લોકસંગ્રહમય કર્મો–ઈશ્વરનું સ્વરૂપ છે. તેમ સમજીને કરવા જોઈએ. આવા ઉપાસકો જે સમાજમાં નથી હોતાં તે સમાજ નાશ પામે છે.

ૐની પ્રથમ ત્રણ માત્રા अ, उ, म છે. આ માત્રા પૂર્ણ થતાં એક ઝીણો નાદ બાકી રહે છે, જે અનુચ્ચાર્ય છે.[૮૨] છા. ઉપ.માં દેવગણોએ આ નાદને પ્રાણમાં પ્રાપ્ત કર્યો અર્થાત્ યોગાભ્યાસ દ્વારા તેને પ્રાપ્ત કરી શકાય છે.[૮૩]

આ અધ્યાત્મ–પ્રાણને લગતી ઉદ્‌ગીથ વિદ્યાની ઉપાસના અંગિરા ઋષિએ, બૃહસ્પતિ ઋષિએ, આયાસ્ય ઋષિએ અને દલ્ભ્યના પુત્ર બક ઋષિએ કરી હતી. તેથી પ્રાણને "અંગિરા", "બૃહસ્પતિ", "આયાસ્ય" કહેવામાં આવે છે. જયારે બક ઋષિએ નૈમિષારણ્યમાં વસતાં ઋષિઓ માટે તેનું (ૐ નું) ઉદ્‌ગાન કર્યું. આ શરીરસ્થ પ્રાણની ૐ સ્વરૂપે ઉપાસના કરનાર ઈચ્છાપૂર્તિ કરવા માટે શક્તિમાન બને છે, સમજીને શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરનાર વિશેષ શક્તિશાળી બને છે.[૮૪]



For Private And Personal Use Only

### (૩) 'ૐ'ની સૂર્ય રૂપે ઉપાસના :

ૐકારની અધિદૈવત ઉપાસના વર્ણવતાં જણાવે છે કે– સૂર્ય પણ ૐને ઉદ્‌ગીથ સ્વરૂપે ઉપાસે છે. સૂર્ય પ્રજા માટે જ ઉદ્‌ગાન કરે છે અને તેથી ઉદય પામીને અંધારાને કારણે ઉત્પન્ન થયેલ ભયને હણે છે.[૭૫]

પ્રાણ અને સવિતા બન્ને સમાન છે, બન્ને ઉષ્ણ છે. સૂર્ય સાયંકાલે જનાર છે અને પ્રાણ મરણકાલે જનાર છે. તેથી જ પ્રત્યક્ષ પ્રાણને અને સૂર્યને ઉદ્‌ગીથ તરીકે ઉપાસે છે.[૭૬]

### (૪) 'ૐ'ની વ્યાન રૂપે ઉપાસના :

શરીરસ્થ વાયુ 'વ્યાન'ની ઉદ્‌ગીથ સ્વરૂપે ઉપાસના દર્શાવતાં જણાવે છે કે– પ્રાણ અને અપાનની જે સંધિ છે તે વ્યાન છે. જે વ્યાન છે તે જ વાણી છે. તેથી શ્વાસોચ્છ્‌વાસ સિવાય મનુષ્ય વાણીને વદે છે. જે વાણી છે તે ઋચા છે, ઋચા છે તે સામ, સામ તે ઉદ્‌ગીથ. આ ઉદ્‌ગીથનું ગાન શ્વાસોચ્છ્‌વાસ વિના ઉચ્ચ સ્વરે થાય છે.[૭૭]

ૐકારની 'વ્યાન'રૂપે ઉપાસના દ્વારા એકાગ્રતાથી ઉપાસના કરવાનું પરોક્ષ સૂચન ઋષિ કરે છે.

આ ઉદ્‌ગીથરૂપ વ્યાનની અન્ય રીતે ઉપાસના દર્શાવતાં ઋષિ જણાવે છે કે– 'ઉત્‌' અક્ષર 'પ્રાણ' છે, 'ગી' પ્રાણી છે. 'થ' અન્ન છે, એ જ પ્રમાણે ઉદ્‌ગીથનાં અક્ષરથી ક્રમશઃ સ્વર્ગ–અંતરિક્ષ–પૃથ્વી, આદિત્ય–વાયુ–અગ્નિ, સામવેદ–યજુર્વેદ–ઋગ્વેદ, એમ રહસ્ય દર્શાવે છે. અહીં 'ઉત્‌'થી સ્વર્ગ અને તેનાં દેવતા આદિત્ય, 'ગી'થી અંતરિક્ષ અને તેનાં દેવતા વાયુ, અને 'થી'થી પૃથ્વી અને તેનાં દેવતા અગ્નિ છે. એમ સ્પષ્ટ જોઈ શકાય છે. આજ રીતે યાસ્કમુનિ પણ દેવતાઓનાં સ્થાન દર્શાવે છે.[૭૮]

### (૫) સૂર્યના રશ્મિ અને શ્વાસ–પ્રશ્વાસના રૂપમાં ૐની ઉપાસના :

કૌષીતકિ ઋષિ ૐકાર અને પ્રણવ વચ્ચે અભેદ દર્શાવી, સૂર્ય પ્રણવરૂપ છે, તેથી સૂર્યકિરણોનું ધ્યાન ધરવું તે અધિદૈવત ઉપાસના છે. આ રીતે સૂર્યની ઉપાસના કરનારને અનેક પુત્રો થાય છે.

અધ્યાત્મ ઉપાસનામાં જે મુખ્ય પ્રાણ છે તેની જ ઉદ્‌ગીથ સ્વરૂપે ઉપાસના કરવાની છે, જે દરેકને સ્વ–કર્તવ્યમાં પ્રેરે છે. આ ઉદ્‌ગીથ સ્વરૂપ પ્રણવનાં ગાન દ્વારા જ જે કંઈ દોષવાળું ગવાયું હોય તે સુધરે છે.[૭૯]

### (૬) સૂર્યમાં રહેલા હિરણ્ય મય પુરુષરૂપે ૐની ઉપાસના :

ઉદ્‌ગીથની અધિદૈવ ઉપાસના વિશે જણાવતાં કહે છે કે આ જગતમાં બધું એકબીજામાં ઓતપ્રોત છે. પૃથ્વી વગેરે 'सा' છે. અગ્નિ વગેરે 'अम' છે. એ બન્ને ભેગા મળીને સામ બને છે. આમ ઋક્‌, સામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગેરે વિશે જણાવી આદિત્યની અંદર રહેલ સુવર્ણમય પુરુષને જેનું "उत्" એવું નામ છે ! તેને જે જાણીને ઉપાસે છે તે નિશ્ચય પાપથી પર થાય છે. જે હિરણ્યમય પુરુષ—પરમાત્માના ઋક્ અને સામ એ પર્વો—સન્ધિ—જોડનાર છે તેથી તે ઉદ્ગીથ છે. તેથી જ આ પરમાત્માનો ગાયક ઉદ્ગાતા કહેવાય છે. આ પરમાત્મા આદિત્ય લોકથી પર જે લોકો છે તેની અને દેવોની ઈચ્છાને પણ નિયમનમાં રાખનાર છે.[૭૭]

આ જ બાબત દર્શાવે છે કે— પરમતત્ત્વનો ઉપાસક દેવત્વ શક્તિથી પણ વધુ શક્તિશાળી બની જાય છે.

## (૭) નેત્રસ્થ પુરુષરૂપે ઉદ્ગીથ ઉપાસના :

આદિત્યમાં રહેલાં હિરણ્યમય પુરુષની ઉપાસના બાદ નેત્રમાં રહેલાં પુરુષની અધ્યાત્મ ઉપાસના કહે છે.

વાણી જ ઋચા છે. પ્રાણ સામ છે. પ્રાણરૂપી સામ વાણીરૂપ ઋચામાં રહેલ છે. તેથી ઋચામાં રહેલ સામ ગવાય છે. વાણી એ જ 'सा' છે, પ્રાણ જ 'अम' છે, એ બે મળીને "साम" થાય છે. આ જ રીતે "સામ" બાબતે ચક્ષુ, શ્રોત્ર વિશે જણાવી, આંખની ધોળી જ્યોતિ ઋચા છે અને કાળી નીલી પ્રભા છે— તે સામ છે. આ આંખની અંદર જે છે તે આદિત્યમાં રહેલો હિરણ્યમય પુરુષ છે તે જ રૂપ આનું છે. તે આદિત્યસ્થ હિરણ્યમય પુરુષના જે બે પર્વો—જોડાણો છે તે આના છે, તેનું જે "उत्" નામ છે તે જ આનું નામ છે.

જે આ નેત્રસ્થ પુરુષની ઉપાસના કરે છે, તેને 'उत्' સ્વરૂપે જાણે છે, તે મનુષ્યની ઈચ્છાઓનું નિયમન કરીને ઈચ્છિતની પ્રાપ્તિ કરે છે.[૭૮]

આ ઉપાસનામાં વિરાટ્ની ચક્ષુપુરુષ તરીકે અને વ્યક્તિની વિરાટ તરીકે કલ્પના કરેલી છે.

## (૮) આકાશ રૂપ પરમાત્માની ઉદ્ગીથરૂપે ઉપાસના :

આચાર્ય શિલક, દાલભ્ય ઋષિ અને રાજન્ય પ્રવાહણ વચ્ચે ઉદ્ગીથની ચર્ચા થાય છે. તેમાં ચર્ચાને અંતે રાજન્ય પ્રવાહણ જણાવે છે કે— ઉદ્ગીથની સર્વશ્રેષ્ઠ પ્રતિષ્ઠા આકાશમાં છે, કારણ કે આ ભૂતો આકાશમાંથી જ જન્મે છે અને આકાશમાં જ લય પામે છે. આકાશરૂપ પરમાત્મા જ પ્રાણીમાત્રનું પરમ આધાર—સ્થાન છે. તે પરોવરીયાન્—સર્વશ્રેષ્ઠ પરમાત્મા ઉદ્ગીથ છે, અનંત છે એમ જાણીને જે એની ઉપાસના કરે છે. તે સર્વશ્રેષ્ઠપણાને પામે છે. એટલું જ નહીં પરંપરાથી જેની પ્રજા તેને જાણીને ઉપાસના કરતી રહે છે, તે પ્રજા પણ આ લોકમાં બધાં કરતાં શ્રેષ્ઠ બનશે.[૭૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ આખ્યાયિકા દ્વારા એ જાણી શકાય છે, વ્યક્તિ જેની ઉપાસના કરે તેવી બને છે, આકાશ વિશાળ છે તેથી તેની ઉપાસના કરનાર વિશાળતાને પામે છે– સર્વશ્રેષ્ઠ બને છે. આવા ઉપાસકો જે સમાજને–રાષ્ટ્રને દોરે છે તે સમાજ–રાષ્ટ્ર પણ શ્રેષ્ઠતાને પામે છે. આમ આગળ વધવા માટે, વિશાળ બનવા માટે હૃદયની વિશાળતા અત્યંત જરૂરી છે.

**(૯) પ્રાણ, આદિત્ય અને અન્નની ઉદ્‌ગીથ સ્વરૂપે ઉપાસના :**

ઉષસ્તિ ચાક્રાયણ જણાવે છે કે: પ્રસ્તાવમાં પ્રાણ, ઉદ્‌ગીથમાં આદિત્ય અને પ્રતિહારમાં અન્ન રહે છે.

ભૂતો પ્રાણમાં જ લય પામે છે અને પ્રાણમાંથી જ ઉદય પામે છે. આ ઉત્પન્ન થયેલાં ભૂતો ઉદ્‌ગીથમાં ઓતપ્રોત આદિત્યનું ગાન કરે છે. આ ભૂતો અન્નને ગ્રહણ કરે છે, કારણ કે અન્ન થકી જ ભૂતો જીવે છે. આમ પ્રતિહારનું રહસ્ય છે.

પ્રાણ તત્ત્વ શક્તિશાળી હોય તો કાર્ય શક્ય બને છે. આ પ્રાણ શક્તિ એ જ જીવનનું તત્ત્વ છે. આદિત્ય એ પ્રાણનો જ આવિર્ભાવ છે અને તેની શક્તિ ભૂતોને અન્ન મારફતે પ્રાપ્ત થાય છે. તેથી ભૂતો અન્નને ગ્રહણ કરે છે.[૩૩] આ જ રહસ્ય શ્વેતકેતુ–ઉદ્દાલકની કથામાં પણ રહેલું છે; જ્યાં શ્વેતકેતુ ૧૫–ઉપવાસ કર્યા બાદ ઋચાનું ગાન કરી શકતો નથી, પરંતુ અન્ન ગ્રહણકર્યા બાદ પ્રાણ શક્તિ જાગૃત થતાં ઋચા યાદ કરી ગાન કરે છે.[૩૪] ગુજરાતી કહેવત પણ છે કે– "અન્ન સમા પ્રાણ" અર્થાત્ અન્નથી જ પ્રાણ શક્તિ જાગૃત થતાં દરેક કાર્ય શક્ય બને છે.

**(૧૦) શ્વેતશ્વાન–મુખ્ય પ્રાણની ઉપાસના :**

બક ઋષિ અને ગ્લાવ ઋષિ સ્વાધ્યાય માટે નિર્જન પ્રદેશમાં જલાશય પાસે જાય છે ત્યારે શ્વાનો શ્વેતશ્વાન–મુખ્ય પ્રાણની સમક્ષ જાય છે અને અન્ન માટે પરમાત્માની પ્રાર્થના કરે છે.[૩૫]

[૩૫]આ શૌવ–ઉદ્‌ગીથ ઉપાખ્યાન છે. તેમાં શ્વેતશ્વાન એટલે મુખ્ય પ્રાણ, અન્ય શ્વાનો એટલે બીજી ઇન્દ્રિયો એવો અર્થ લઈએ એટલે બધી ઇન્દ્રિયો જ્યારે મુખ્ય પ્રાણમાં લયપામે છે ત્યારે જ પરમતત્ત્વનું જ્ઞાન થઈ શકે છે, એવો અર્થ થાય.

આ સામગાનની હિંકાર ભક્તિ છે. અન્ન માટેનું હિંકાર ગાન છે. જે બહિષ્પવમાન સ્તોત્ર છે.

**(૧૧) સામગાનના સ્તોભની ઉપાસના :**

સામગાનમાં લયાત્મકતા લાવવા માટે "હોઉ" વગેરે સ્તોભોનો ઉપયોગ થાય છે. આ સ્તોભો અર્થમય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

हाउ, हाइ, अथ, इह, ई, ऊ, ए, औहोयि, हिं, स्वर, या, वाक्, हुं એ તેર સ્તોભ ક્રમશઃ મનુષ્યલોક, વાયુલોક, ચન્દ્રલોક, આત્મા, અગ્નિ, સૂર્યરૂપ, આવાહન, વિશ્વેદેવા, પ્રજાપતિ, પ્રાણરૂપ, અન્નરૂપ, વિરાટ્રૂપ અને વર્ણનાતીત બ્રહ્મના વાચક છે.[૭૭]

જે આ સામ સંબંધી ઉપાસનાનું રહસ્ય સમજીને ઉપાસના કરે છે તેની સમક્ષ વાણી પોતાનું રહસ્ય પ્રગટ કરે છે, અને તે ખૂબ જ અન્નવાળો અને જઠરાગ્નિવાળો બને છે.

સામની ઉપાસના શ્રેષ્ઠ છે. સામ દ્વારા રાજા સમક્ષ જાય તો, શ્રેષ્ઠ ભાવ વ્યક્ત થાય છે અને શ્રેષ્ઠ ભાવને પામે છે. એ જ રીતે સ્વાનુભાવના સંબંધમાં 'સામ' પ્રાપ્ત થાય તો તે શુભ છે. આ રીતે સામની ઉપાસના કરનાર શ્રેષ્ઠતાને પામે છે.[૭૮]

**(૧૨) 'સામ'ની પંચવિધ ઉપાસના :**

આ સંપૂર્ણ જગત્ સામમય છે. તે આ ઉપાસનામાં જોઈ શકાય છે. પૃથ્વી હિંકાર છે, અગ્નિ પ્રસ્તાવ છે, અંતરિક્ષ ઉદ્ગીથ છે, આદિત્ય પ્રતિહાર છે, સ્વર્ગ નિધન છે. આ પ્રમાણે ઉર્ધ્વલોકમાં સામની ઉપાસના દર્શાવી. અધોલોકમાં ઉપાસના દર્શાવતાં, સ્વર્ગ હિંકાર છે, આદિત્ય પ્રસ્તાવ, અંતરિક્ષ ઉદ્ગીથ, અગ્નિ પ્રતિહાર, પૃથ્વી નિધન. આ પ્રમાણે સમજીને સામોપાસના કરનારને ઊર્ધ્વ અને અધોલોકના ભોગ પ્રાપ્ત થાય છે.

વર્ષામાં પાંચ પ્રકારની ઉપાસના દર્શાવતાં જણાવે છે કે– પૂર્વનો વાયુ હિંકાર છે. મેઘ ઉત્પન્ન થાય તે પ્રસ્તાવ છે, જળ વરસે તે ઉદ્ગીથ છે, વિજળી ચમકે તે પ્રતિહાર છે અને જળને ગ્રહણ કરી જે વર્ષાને પૂર્ણ કરે છે તે નિધન છે. આ પાંચ પ્રકારે વર્ષાની ઉપાસના કરનારને માટે ઈચ્છાનુસાર વર્ષા થાય છે.[૭૯]

દરેક જળમાં સામની ઉપાસના દર્શાવતા જણાવે છે કે– મેઘ એકત્રિત થઈને ઘનીભૂત થાય છે તે હિંકાર છે, વરસે છે તે પ્રસ્તાવ છે, નદીઓ પૂર્વની તરફ વહે છે તે ઉદ્ગીથ છે, પશ્ચિમ તરફની જે નદીઓ વહે છે તે પ્રતિહાર છે, સમુદ્ર નિધન છે. આ પ્રમાણે જાણીને સામની ઉપાસના કરનાર જળમાં ક્યારેય મૃત્યુ પામતો નથી, એટલું જ નહીં જળવિહીન સ્થાનમાં પણ જળને પ્રાપ્ત કરી લે છે.[૮૦]

વસંત હિંકાર છે, ગ્રીષ્મ પ્રસ્તાવ, વર્ષા ઉદ્ગીથ, શરદ્ પ્રતિહાર અને હેમંત નિધન છે. આ રીતે પાંચ પ્રકારની ઋતુઓમાં ઉપાસના કરનારને ઋતુઓ યોગ્ય ભોગ આપે છે અને ઋતુઓમાં મુશ્કેલી પડતી નથી.



For Private And Personal Use Only

પશુઓમાં પાંચ પ્રકારની ઉપાસના; બકરી હિંકાર છે, ઘેટું(મેંઢ) પ્રસ્તાવ છે, ગાય ઉદ્‌ગીથ છે, અશ્વ પ્રતિહાર છે, પુરુષ નિધન છે. આ પ્રકારે સામની ઉપાસના કરનાર પશુવાળો થાય છે. અર્થાત્ અધિકને અધિક પશુ પ્રાપ્ત કરે છે.

પ્રાણ હિંકાર છે, વાણી પ્રસ્તાવ છે, નેત્ર ઉદ્‌ગીથ છે, શ્રોત્ર પ્રતિહાર છે અને મન નિધન છે. આ પ્રકારે શ્રેષ્ઠ પ્રાણની ઉપાસના કરનાર શ્રેષ્ઠ જીવન પ્રાપ્ત કરે છે એટલું જ નહિ અતિશ્રેષ્ઠ લોકોનાં જીવનને પ્રાપ્ત કરે છે.[૮]

**(૧૩) સપ્તવિધ સામ ઉપાસના :**

વાણીમાં "હું" નામનો ભેદ હિંકાર છે; "प्र" રૂપ પ્રસ્તાવ છે. 'अ' આદિરૂપ ઓંકાર છે, 'उत्' એ ઉદ્‌ગીથરૂપ છે, 'प्रति' રૂપ એ પ્રતિહાર છે. 'उप' એવું રૂપ ઉદ્‌ગીથ છે. "नि" એવું રૂપ એ નિધન છે.

આ રીતે સપ્તવિધ સામની ઉપાસના કરનાર વાણીનું સામર્થ્ય પામે છે.[૯]

**(૧૪) આદિત્યની દષ્ટિથી સપ્તવિધ સામ ઉપાસના :**

સૂર્ય વૃદ્ધિ–ક્ષયના અભાવથી સર્વદા સમ છે. તેથી તે સામ છે. એ મારા તરફ જૂએ, તે સર્વની સાથે સમ છે. તે આદિત્યરૂપ સામમાં સર્વભૂતો અનુગત છે. તે આદિત્યનું પૂર્વનું રૂપ હિંકાર, આ હિંકાર ગાન કરનારાં સૂર્યના ઉદય પૂર્વે હિંકારનું ગાન કરે છે.

સૂર્યનું ઉદિત પ્રથમરૂપ પ્રસ્તાવ છે, મનુષ્યો તેમાં આશ્રિત છે, આ સામને પ્રસ્તાવને ભજનારા સ્તુતિ તથા આત્મશ્લાઘાની ઇચ્છાવાળા હોય છે.

ગાયો દોવાના સમયે વાછડાઓનો સંગમ થાય છે. એ સમય સૂર્યોદય બાદ સાતઘડીથી બાર ઘડી સુધીનો છે. તે આદિ ઓંકાર છે, તેમાં પક્ષીઓ અનુગત છે, આ સામરૂપ ઓંકારને ભજનારા અંતરિક્ષમાં આલંબનરૂપ શરીરને લઈને ઊડે છે.

મધ્યદિવસનું સૂર્યનું રૂપ ઉદ્‌ગીથ છે. તેમાં દેવો આશ્રિતભાવ દ્વારા અનુગત છે. આ સામને ભજનારા પ્રજાપતિઓના સંતાનોમાં શ્રેષ્ઠ બને છે. ત્યારબાદ અપરાહ્નનાં સૂર્યનું રૂપ પ્રતિહાર છે. તેનાં રૂપમાં ગર્ભો અનુગત છે. આ સામને ભજનારા ઉપર રહેવા છતાં નીચે પડતાં નથી. અસ્ત સમયનાં સૂર્યનું રૂપ ઉપદ્રવ છે. તેમાં અરણ્યનાં પશુઓ આશ્રિત છે. આ સામને ભજનારા તરફ વનપશુઓ ભયરહિત થઈને ગમન કરે છે.



For Private And Personal Use Only

આથમતા ઈચ્છતા સૂર્યનું રૂપ છે તે નિધન છે. તેમાં પિતૃઓ આશ્રિત છે. આ સામને ભજનારા દર્ભ ઉપર સ્થાપન કરે છે. પિતૃઓને શ્રાદ્ધ ક્રિયામાં આસનરૂપે દર્ભ અર્પણ કરવામાં આવે છે.[૮૩]

આદિત્યમાં હિંકારયુક્ત વગેરે સાત પ્રકારની ઉપાસના દર્શાવી સાત પ્રકારના સામની શબ્દની ગણતરીથી ૨૨ અક્ષર થાય છે, તેની ઉપાસના દર્શાવે છે. આ ઉપાસના સમજણપૂર્વક કરનાર સત્યલોકને જીતી લે છે.

આ ૨૨ અક્ષરની સમજૂતી આપતાં પં. વિષ્ણુદેવ જણાવે છે કે– "સામની સપ્તવિધ ભક્તિમાં 'હિંકાર' એ ત્રણ અક્ષર છે, 'પ્રસ્તાવ' એ ત્રણ અક્ષર છે. એમ બન્નેની ગણના સરખી છે."

"તે પછી 'આદિ' તે બે અક્ષર છે અને 'પ્રતિહાર' એ ચાર અક્ષર છે. આદિમાં પ્રતિહારનો એક અક્ષર લો, તો ત્રણ ત્રણ અક્ષરોની ગણના સરખી થાય. તે પછી 'ઉદ્‌ગીથ' ત્રણ અક્ષર અને 'ઉપદ્રવ' એ ચાર અક્ષર છે, તે બન્નેને જોડો તો ત્રણ–ત્રણ અક્ષરોની ગણના સરખી કરવામાં આવે, તો વધારાનો એક અક્ષર બાકી રહે, પછી નિધનના ત્રણ અક્ષર સરખા છે. આમ સાત ભક્તિઓની અક્ષર સંખ્યા બાવીશ થાય છે. તેમાં એકવીશ અક્ષરોની સંખ્યા પ્રમાણે આદિત્યની પ્રતિષ્ઠા થાય છે. જેમ કે બારમાસ, પાંચ ઋતુઓ, ત્રણલોક પર એકવીશમાં સ્થાનમાં આદિત્ય રહે છે. તે આદિત્યથી પર સ્વર્ગલોક બાવીશમો છે, ત્યાં કોઈ શોક રહેતો નથી અને દુઃખ વિના–નાક(સ્વર્ગ) સુખનું સ્થાન છે. આદિત્યની ઉપાસનાથી સાધકજન મૃત્યુ પર વિજય મેળવે છે અને તે સ્વર્ગના સુખને મેળવે છે.[૮૪]

ગાયત્રસામ, રથંતર સામ, બૃહત્સામ, વૈરૂપસામ, વૈરાજસામ, શક્વરીસામ, રૈવતીસામ, યજ્ઞાયજ્ઞીય સામ, રાજનસામ, સામસમુદાય(સર્વવિષયક સામ), છાન્દિક્યગાન, વિનર્દિગાન વગેરે ઉપાસના અને તેનું ફળ છા. ઉપ.નાં બીજા અધ્યાયમાં દર્શાવેલ છે. સામગાન પ્રકરણમાં તેની ચર્ચા આપવાની હોય, અહીં પુનરાવર્તન થાય તેથી આપેલ નથી. આ ઉપરાંત પ્રાતઃકાલનું સવન વસુઓનું, મધ્યકાલનું સવન રુદ્ર દેવતાનું અને સાયંકાલનું સવન આદિત્ય દેવતાનું છે. એ "સામગાન" પ્રકરણમાં આપેલ છે.

## (૧૫) મધુવિદ્યા :

ૐકાર જ સૂર્ય દેવનું મધુ છે. સ્વર્ગ લોક જ તેનાં નિવાસરૂપ છે, અંતરિક્ષ છત્ત છે. કિરણો મધુઓના બાળકોની જેમ છે. આ સૂર્યની જે પૂર્વદિશા તરફની કિરણો છે, તે છત્તના છિદ્ર છે. ઋચાઓ મધુમાખી છે, ઋગ્વેદ જ પુષ્પ છે, સોમ વગેરે અમૃતરૂપ જળ છે. આ ઋચાઓ જ ઋગ્વેદનું આલોચન કરે છે. તે આલોચનરૂપ યજ્ઞ વગેરેથી કીર્તિ, પ્રકાશ, ઇન્દ્રિયોનું સામર્થ્ય, બળ અને ભક્ષણ કરવા યોગ્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્નની ઉત્પત્તિ થાય છે. તેણે જ રસે વિશેષરૂપે ગતિશીલ થઈને આદિત્યનાં પૂર્વભાગમાં આશ્રય લીધો. અમે જે સૂર્યનું લાલવર્ણવાળું રૂપ જોઈએ છીએ તે જ રસ છે.[૮૫]

સૂર્યની દક્ષિણ દિશાનું કિરણ તે તરફની મધુ નાડીઓ છે, યજુર્વેદનાં મંત્રો મધુમાખી છે, યજુર્વેદ જ પુષ્પ છે અને સોમ વગેરે અમૃતરૂપ જળ છે. તે યજુમંત્રોને યજુર્વેદને અભિતપ્ત કરેલ છે. તે અભિતપ્ત યજુકર્મોથી કિર્તિ વગેરે અને ભક્ષણ કરવા યોગ્ય અન્ન વગેરે ઉત્પન્ન થાય છે.[૮૬]

સૂર્યનું પશ્ચિમ દિશા તરફનું કિરણ તે તરફની મધુ નાડીઓ છે. સામ–મન્ત્ર મધુમાખી છે, સામવેદ જ પુષ્પ છે અને સોમ વગેરે અમૃત રૂપ જળ છે. સામ મંત્રોએ સામવેદના કર્મોને અભિતપ્ત કરેલી છે. આ અભિતપ્ત સામવેદની કીર્તિ વગેરે તેમજ ભક્ષણ કરવા યોગ્ય અન્નને ઉત્પન્ન કરે છે.

સૂર્યની ઉત્તરદિશા તરફની નાડીઓ તે તરફની મધુ નાડીઓ છે. અથર્વા–મન્ત્ર જ મધુમાખી છે. ઈતિહાસ, પુરાણ પુષ્પ છે, સોમ વગેરે અમૃત રૂપ જળ છે. આ અથર્વો–મંત્રોને ઈતિહાસ, પુરાણ વગેરેને અભિતપ્ત કરેલ છે, આ અભિતપ્તથી–કીર્તિ વગેરે તેમજ ભક્ષણ કરવા યોગ્ય અન્ન વગેરે ઉત્પન્ન થાય છે.

આ સૂર્યની ઉપરની કિરણો તે જ તેની મધુ નાડીઓ છે. ગુપ્ત આદેશ મધુમાખી છે, પ્રાણ જ પુષ્પ છે અને સોમ વગેરે અમૃતરૂપ જળ છે. ગુહ્ય આદેશોએ પ્રણવરૂપ ૐનું આલોચન કર્યું. તે આલો–ચનથી કીર્તિ વગેરે અને ભક્ષણ કરવા યોગ્ય અન્ન વગેરે ઉત્પન્ન થયું... અંતમાં જણાવે છે કે વેદ જ અમૃત છે.[૮૭]

અમૃતથી સંબંધિત દેવ સમૂહોને દર્શાવતા જણાવે છે કે– આમાં જે રોહિત વર્ણનું પ્રથમ અમૃત છે તેનાથી વસુગણ અગ્નિ દ્વારા જીવન ધારણ કરે છે. દેવગણો ભક્ષણ કરતાં નથી પરંતુ ફક્ત અનુભવથી જ તૃપ્ત થઈ જાય છે. વસુગણ તેનાં રૂપથી જ ઉપરામ પામે છે અને ફરીથી સમય આવતા ઉત્સાહિત થઈ જાય છે.

માધ્યન્દિન સવનનું અમૃત છે તેનાં દ્વારા રુદ્ર દેવગણ ઈન્દ્ર દ્વારા જીવન ધારણ કરે છે.

ત્રીજા કિરણ રૂપી અમૃતથી આદિત્ય ગણ વરુણ દ્વારા ઉપજીવન ધારણ કરે છે.

ચતુર્થ અમૃતરૂપી કિરણથી મરુત્ગણ સોમની પ્રધાનતાથી ઉપજીવન ધારણ કરે છે.[૮૮]

પાંચમાં કિરણરૂપી અમૃતથી સાધ્યગણ બ્રહ્મા દ્વારા જીવન ધારણ કરે છે. અદ્વૈતની રજૂઆત છે કે બ્રહ્મ દ્વારા જ અમૃતને પામીને તે આ રૂપમાં જ બ્રહ્મનાં જ પ્રવેશે છે અને પ્રકટ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પાંચ અમૃતની બાબત મધુવિદ્યા છે તેને કહીને તેનાં મુક્તિરૂપ ફળને કહે છે.

આ મધુવિદ્યા હિરણ્યગર્ભએ વિરાટને, વિરાટે મનુને, મનુએ પ્રજાઓને અને ફરીથી મહર્ષિ આરુણિએ પોતાના પુત્ર ઉદ્દાલકને કહી, આ બ્રહ્મજ્ઞાન પિતા મોટા પુત્રને અને આચાર્ય યોગ્ય શિષ્યને કહે, અન્યને નહીં. સુવર્ણથી ભરેલી સંપૂર્ણ પૃથ્વી દાનમાં આપે તો પણ અયોગ્યને વિદ્યા ન આપવી.[૯]

આ મધુવિદ્યા(આત્મવિદ્યા)માંથી અમૃત ટપકી રહ્યું છે, તેનું પાન દેવો કરે છે અર્થાત્ આ વિદ્યાથી અમૃતતત્ત્વને પ્રાપ્ત કરી શકાય છે. ઋષિ સૂર્યનું મધુ મધુવિદ્યાનાં રૂપક દ્વારા રજૂ કરે છે. આપણે જાણીએ છીએ કે, સૂર્ય શક્તિનો અગાધ ખજાનો છે, સમજદારી પૂર્વક તેનો ઉપયોગ કરીએ તો શક્તિ આપે છે અને અન્યથા પોતાની શક્તિથી બાળી મૂકે છે. તે પ્રેરણા આપનાર છે, તેથી જ ગાયત્રી વગેરે રૂપે તેની જ ઉપાસના ઋષિઓ દર્શાવે છે.[૯]

મધુવિદ્યા રૂપક છે. "મધપૂડાનાં આશ્રયે પરમાત્માનાં જ્ઞાનનો ઉલ્લેખ છે ! સ્થૂલ મધ એનો મધપૂડો, આધાર તેની મધમાંખ, તેની ફુલવાડી તેનો આસ્વાદ એ એક પક્ષ છે. બીજે પક્ષે વિરાટમાં મધપૂડાની કલ્પના છે. તેમાં ભૌતિક સૂર્ય એ મધ છે. દ્યૌ આધાર વંશ છે. અંતરિક્ષ મધપૂડો છે, તેનાં પૂર્વ દિશાનાં કિરણો મધનાડી છે, ઋચા મન્ત્રો મધમાખ છે, ઋગ્વેદ ફૂલવાડી છે. ત્રીજા પક્ષે પરમાત્મા એ મધ છે. બ્રહ્માંડ એ એનું નિવાસ સ્થાન છે, અંતરિક્ષ–પ્રાણીમાત્રનું હૃદય છિદ્ર એ મધપૂડો છે ! જ્ઞાનનાં કિરણો મધનાડી છે; ઋચા, મંત્રોનું જ્ઞાનનું જ્ઞાન એ મધમાખ છે; ઋગ્વેદ એ ફુલવાડી છે ! દેવ, વિદ્વાન આ પરમાત્મારૂપી મધનો ભોક્તા છે ! ઋગ્વેદરૂપી મધ ભરેલી ફૂલવાડીના આલોચનથી– સાર્થ પઠન–પાઠનથી યશ વગેરેની ઈશ્વર કૃપાથી પ્રાપ્તિ થાય છે ! આ જ પરમાત્માનો રૂઢ=લોક પ્રસિદ્ધ મહિમા છે. ![૯]

આ જ પ્રમાણે અન્ય રૂપકોમાં ઋગ્વેદનાં સ્થાને સામવેદ વગેરે તેમજ તેમનાં મંત્રોને રાખ્યાં છે, અંતે પાંચમાં રૂપકમાં ૐકાર એ જ સાર સર્વસ્વ અને પરમતત્ત્વરૂપ છે. તેની જ ઉપાસના કરવી જોઈએ. પરંતુ તે પરમ તત્ત્વની કૃપા હોય તો જ તેની(પરમતત્ત્વની) પ્રાપ્તિ થાય છે.[૯] ગીતા[૯૩] પણ આ જ કહે છે.

આ મધુવિદ્યાનાં ભોક્તા "ઋગ્વેદ છે તેને આધારે વસુઓ રહે છે. વસુ એટલે પૂર્ણ સમય સુધી ગુરુને ત્યાં રહી વેદોનું અધ્યયન કરનારાં બ્રહ્મચારીઓ તેઓ ગુરુનાં અગ્નિની ઉપાસનાથી અગ્નિ સમાન તેજસ્વી મુખવાળા થઈને ઋગ્વેદરૂપી અમૃતને ખાતા–પીતા નથી ! અર્થાત્ અમૃતરૂપી બ્રહ્મનાં દર્શન માત્રથી સંતુષ્ટ થઈ જાય છે. તેઓ આ પરમાત્માનાં ચોમેરથી દર્શન માત્રથી સંતુષ્ટ થઈ જાય છે. તેઓ



For Private And Personal Use Only

આ પરમાત્મામાં ચોમેર પ્રવેશી, તેનાં મહિમામાં રહી વિશ્વરૂપથી ઉપર જાય છે.[૯૪] આ જ બાબત સામવેદ વગેરે વિશે કહે છે.

આ મધુવિદ્યાને જાણનાર આનંદમય, નિજાનંદમાં મસ્ત બની જાય છે તેમજ જન્મ–મરણનાં ચક્રમાંથી મુક્ત થાય છે.[૯૫] આ મધુવિદ્યાની પ્રાપ્તિ હૃદયમાં રહેલાં આત્મ તત્ત્વની શોધ દ્વારા જ થઈ શકે છે, તેથી આત્માભ્યાસી–યોગાભ્યાસી બનવું જરૂરી છે.

માનવમાં બુદ્ધિ, મન અથવા વિજ્ઞાન છે. તે જ સામત્વ છે. બુદ્ધિ અથવા વિજ્ઞાનની દીર્ઘકાળની સાધનાથી મનુષ્યના મનમાં જે આનંદ, શાંતિ અને પરિપક્વ મધુરતા ઉત્પન્ન થાય છે, તે જ જીવનની મધુવિદ્યા છે.[૯૬]

બૃહ.ઉપ.માં[૯૭] 'મધુ'નું અન્યોન્યાશ્રયિત્વ સ્પષ્ટ કરતાં પ્રતિભાવાળું 'મધુ બ્રાહ્મણ' ઉપદેશે છે. તેની સંઘાત પરંપરાથી જ્ઞેય પદાર્થોનું ચક્ર અને ભોગાર્થે તેના ધારક એવા 'જીવેશ્વર'ના દ્વન્દ્વનું બીજું ચક્ર, એમ બે ચક્રો જુદાં પાડી પ્રત્યેક ચક્રના દરેક અંકોડાનું અન્યોન્યાશ્રયત્વ પ્રકટ કરે છે. આ દ્વારા સંઘાતનું અસત્‌પણું દર્શાવી અદ્વૈતાત્મસ્વરૂપને જ સત્ય સ્વરૂપે ઉપદેશે છે. બૃહ. ઉપ. કહે છે કે; 'આ પૃથિવી સર્વ ભૂતોનું મધુ(આશ્રયાત્મક) છે. સર્વ ભૂતો આ પૃથિવીનું મધુ છે અને જે આ પૃથિવીમાં તેજોમય અમૃતમય શરીર પુરુષ છે તે(પણ સર્વ ભૂતોનું અને અન્યોન્યનું મધુ છે) આ 'પુરુષ' જ એવો છે કે જે આ આત્મા છે. આ જ અમૃત, આ જ બ્રહ્મ છે. આ જ સર્વ છે.'[૯૮] એમ કહી ઋષિ જળ વગેરે સંપૂર્ણ પરંપરાને રજૂ કરી દે છે અને આ ચક્રની પરંપરામાં જ જીવાત્મા સંકળાયેલો છે.

**(૧૬) ગાયત્રી ઉપાસના, સાવિત્રી (ગાયત્રી) રૂપે ઉપાસના :**

ગાયત્રી ઉપાસના દરેક ભારતીયોમાં પ્રસિદ્ધ છે. તેની ઉપાસનાથી વિશ્વામિત્ર, વશિષ્ઠ, ગૌતમ વગેરે પરમ સિદ્ધિને પામ્યા છે. તે ગાયત્રી છંદની જ બ્રહ્મભાવે ઉપાસના ઋષિ દર્શાવે છે.

આ સ્થાવર જંગમ જગતને ગાયત્રી રૂપે વર્ણવતાં ઋષિ કહે છે કે; ગાયત્રી વાણી રૂપ છે! વાણી જ બધાં ભૂતોનાં નામે ગાય છે, સૌનું ભયમાંથી રક્ષણ કરે છે. બધું જ ગાયત્રી છે તેમ વિધાન કરીને ફરીથી કહે છે કે; પૃથ્વી એ ગાયત્રી છે. પ્રાણી શરીર પૃથ્વીનું જ બનેલું છે તે શરીરમાં પ્રાણ જે હૃદયમાં રહેલાં છે તે હૃદય ગાયત્રી જ છે. આમ મંત્રમાં કહેલાં ચાર પાદવાળી અને વાણી, ભૂત, પૃથ્વી, શરીર, પ્રાણ, હૃદયરૂપી છ પ્રકારોવાળી ગાયત્રી છે.[૯૯]

આ સ્થાવર–જંગમ જગત્ ગાયત્રીરૂપ પરબ્રહ્મનો મહિમા છે; પરંતુ તે પૂર્ણ નથી ફક્ત તેનો એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ પાદ છે– અંશ માત્ર છે. જ્યારે તેનાં ત્રણ પાદ–અનંત મહિમા તો દ્યોમાં પ્રકાશ સ્વરૂપ અને નિજરૂપમાં રહેલો છે.[100]

આ ગાયત્રીની ઉપાસના કરનાર હૃદયમાં રહેલાં અવિનાશી પરમતત્ત્વને જાણીને મુક્તિને પામે છે.

સાવિત્રી ઉપ.માં સાવિત્રી ઉપાસના છે જે ગાયત્રી મન્ત્રની ઉપાસના જ છે.

આ સાવિત્રીનું પ્રથમ પાદ 'भूः तत्सवितुर्वरेण्यम्' છે. જેમાં અગ્નિ, જલ અથવા ચન્દ્રમા દેવતા જ 'વરેણ્ય' છે.

બીજો પાદ 'भुवः भर्गो देवस्य धीमहि' છે જે તેજોમય છે. અગ્નિ, સૂર્ય અથવા ચન્દ્રમા દેવતા જ તે ભર્ગ–તેજ છે.

ત્રીજો પાદ "स्वः धियो योनः प्रचोदयात्"

આ સાવિત્રીની જે સ્ત્રી–પુરુષ ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં–કરતાં ઉપાસના કરે છે તે પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી.[101]

આ ઉપાસના પહેલાં તેના ઋષિ વિરાટ્ પુરૂષ; ગાયત્રી છંદ; ગાયત્રી દેવતા, અ, ઉ, મ કાર રૂપ બીજ શક્તિ, ભૂખ વગેરે દૂર કરવા માટે તેનો વિનિયોગ છે.क्लिं મંત્રાદિથી ષડાંગ ન્યાસ કરવા જોઈએ. ત્યારબાદ તેનું ધ્યાન ધરવું જોઈએ.[102]

**(૧૭) અજપા ગાયત્રી (મહાવિદ્યા) :**

યોગવિત્ પુરૂષોને માટે "અજપા ગાયત્રી" ની ઉપાસના દર્શાવે છે.

આ જીવ(પ્રાણવાયુ) 'હ' કાર ધ્વનિથી બહાર આવે છે અને 'સ' કાર ધ્વનિથી અંદર જાય છે. આ રીતે જીવ હંમેશાં "હંસ–હંસ" એમ મન્ત્રનો જાપ કરતો રહે છે. આ રીતે એક અહોરાત્રમાં એકવીસ હજાર છસો મન્ત્રોનો હંમેશાં જપ કરે છે. આ 'અજપા ગાયત્રી' યોગીઓને માટે મોક્ષદાયક છે. આ શ્રેષ્ઠ વિદ્યા છે. કુણ્ડલિનીમાં ઉત્પન્ન થતી આ ગાયત્રી પ્રાણવિદ્યા, મહાવિદ્યા છે. તેને જે જાણે છે તે વેદજ્ઞ છે.[103]

અજપા ગાયત્રીની વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે કે; જાગૃત અવસ્થામાં બન્ને નેત્રોના મધ્યમાં 'હંસ' પ્રકાશિત થાય છે. તેમાં 'સ' ખેચરી રૂપ છે અને તે 'ત્વ'(જીવ) રૂપ છે. 'હ' પરમેશ્વરનું પદ છે અને



For Private And Personal Use Only

તત્ [નિશ્ચલ)] રૂપ છે. જે જીવ 'સ'નું ધ્યાન કરે છે તે નિશ્ચિતરૂપે 'હ' બની જાય છે, અર્થાત્ ઈશ્વરરૂપ બને છે.[104]

## (૧૮) હૃદયમાં રહેલ જીવાત્માની ઉપાસના :

હૃદયમાં રહેલ જીવાત્મા એ જ પરમાત્મા છે. તે ગાયત્રીરૂપ બ્રહ્મ જ છે. તે જીવાત્મા પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એમ પંચપ્રાણ અર્થાત્ પાંચ છિદ્રોવાળો છે. તેમાં પૂર્વ તરફનું છિદ્ર પ્રાણ, ચક્ષુ, આદિત્ય અને તેજ સ્વરૂપ છે જે અગ્રાહ્ય છે. દક્ષિણ તરફનું છિદ્ર વ્યાન છે. શ્રોત્ર, ચન્દ્રમા, વિભૂતિ અને કીર્તિરૂપ છે. પશ્ચિમ તરફનું છિદ્ર અપાન, વાણી અગ્નિ છે. જે તેજ રૂપ અને અન્નને ભક્ષણ કરનાર છે. ઉત્તર તરફનું છિદ્ર સમાન અંતઃકરણ અને મેઘ છે; વાયુ છે, આકાશ છે. તે બળ અને મહતતત્ત્વરૂપ છે. હૃદયમાં રહેલ પરમાત્માનાં આ પાંચેય દ્વારપાલ છે. આ રીતે હૃદયમાં રહેલા જીવાત્માની ઉપાસના કરનાર પરમાત્માને પામે છે.

આ ઉપાસનાનું રહસ્ય એ છે કે; પ્રાણાયામ દ્વારા યોગીજન પ્રાણ ઉપર અંકુશ મેળવે તો તેની શક્તિ વડે કુંડલિની શક્તિ જાગૃત કરી પરમતત્ત્વને પામીને અમૃતતત્ત્વને મેળવી શકે; કારણ કે સ્વર્ગથી પણ ઉપર રહેલ જ્યોતિ જ મનુષ્યનાં હૃદયમાં છે. જેનો અનુભવ ઉષ્ણતાનાં સ્પર્શ દ્વારા થઈ શકે છે. તેને સાંભળવાનો ઉપાય એ છે કે, બન્ને કાન આંગળીઓથી બંધ કરી દેવામાં આવે તો રથનો ઘોષ, બળદને ચલાવવાના, પ્રગટતી અગ્નિનાં શબ્દ જેવો અવાજ સંભળાય છે.[105]

## (૧૯) શાંડિલ્ય વિદ્યા/तज्जलान् :[106]

सर्वं खलु इदं ब्रह्म, तज्जलान्, इति शान्त उपासीत ।

આ જે સર્વ કાંઈ છે તે तज्जलान् હોવાથી બ્રહ્મરૂપ છે, એ પ્રમાણે શાંતિપૂર્વક ઉપાસના કરવી. અહીં વિનોબા ભાવેનાં મતે शान्त उपासीत એ મુખ્ય વાક્ય છે અને सर्वं खलु इदं ब्रह्म એ તેનું હેતુ/કારણ દર્શાવતું વાક્ય છે. શાંતવૃત્તિથી ઉપાસના કરવી, કારણ કે વિશ્વની દરેક વસ્તુ બ્રહ્મરસથી તરબોળ છે.[107]

तज्जलान् શબ્દમાં तत्-ज= તેમાંથી જન્મેલ; तल्ल-तत्-ल = તેમાં જ લીન થનાર અને तदन-तत्-अन् = તેની શક્તિ દ્વારા હલનચલન કરનાર છે. આ શબ્દરૂપ બ્રહ્મનો સંપૂર્ણ અર્થ 'સંપૂર્ણ જગત એક બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે(जायते) તેની શક્તિથી ચાલે છે (अनिति) અને છેવટે તેમાં જ લીન થાય છે (लीयते)'.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ઉપાસનામાં આ ત્રણ ગૂઢ શબ્દોનો સમાહાર કરી પ્રશાંત ચિત્તવડે બ્રહ્મભાવના કરવાથી હૃદયની અંદર પોતાની પૂર્ણ મહત્તા અનુભવમાં આવે છે. બ્રહ્મના ગુણધર્મો ઉપાસકનાં આત્મામાં અભિવ્યકત થવાથી આ ઉપાસના संपद्रूपा કહેવાય છે. અલ્પ પદાર્થમાં અધિક ગુણના યોગ વડે ઉચ્ચ ભાવના બાંધવી તે संपद्रूपा ઉપાસના છે.

સંપૂર્ણ ચૈતન્યમાંથી આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે તેમ જણાવી તે ચૈતન્યમાં વિશ્વાસ ઉત્પન્ન થાય તે માટે તેનું વિશદ વર્ણન કરે છે. "તે (બ્રહ્મ) મનોમય, પ્રાણ શરીર, પ્રકાશ સ્વરૂપ, સત્ય સંકલ્પ, આકાશાત્મા, સર્વકર્મા, સર્વકામ, સર્વગંધ, સર્વરસ, આ સંપૂર્ણ જગતને વ્યાપ્ત કરનાર, વાક્ રહિત અને સમ્ભ્રમશૂન્ય છે."

આ રીતે આમ આ સંપૂર્ણ સૃષ્ટિ બ્રહ્મમય જ છે, તેમ વર્ણન કર્યા બાદ તે વિશેષ સૂક્ષ્મથી સૂક્ષ્મ અને મહાનથી મહાન છે. તેમ વર્ણન કરે છે. "મારા હૃદયમાં રહેલો આ મારો આત્મા ચોખાથી, જવથી, સરસવથી, શ્યામાકથી પણ સૂક્ષ્મ છે અને પૃથ્વી, અંતરિક્ષ, દ્યુલોક એ બધાથી મહાન છે."

આમ દ્વિતીય મંત્રમાં બ્રહ્મના ગુણો અને તૃતીય મન્ત્રમાં તેનું પરિમાણ દર્શાવે છે. આ બન્ને લક્ષણો બ્રહ્મમાં એક સાથે સંભવી શકે છે. કારણ કે બ્રહ્મ અનંત છે અને જે અનંત હોય તે પરસ્પર-વિરોધ ગુણોનું આશ્રય સ્થાન હોય જ. મારો આ આત્મા જે હૃદયમાં સ્થિત છે તે બ્રહ્મ જ છે. તે આ શરીર છોડીને બ્રહ્મને જ પામીશ. જેનો આવા નિશ્ચયમાં શંકા નથી; તે જરૂર બ્રહ્મપદને પામે છે. ટૂંકમાં શ્રદ્ધાવાન વ્યક્તિ જ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. અશ્રદ્ધાવાન નાશ પામે છે.[૪૪]

આ વિદ્યામાં વેદાંતની સાધનાના શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ તબક્કા જોઈ શકાય છે.

## (૨૦) વસુધાન કોશ વિદ્યા :

વસુ અર્થાત્ રત્નોને રાખવા માટે મંજૂષા અથવા પેટી હોય છે તેમ પ્રાણો અને દેવોને રાખવા માટે આ શરીર એ જ વસુધાન કોશ છે. આ શરીરરૂપી કોશમાં જ સર્વ દિશાઓ છે. તે દિશાઓમાં વત્સરૂપી વાયુ છે. તેની ઉપાસનાથી પુત્ર-પૌત્રાદિનું દીર્ઘ જીવન પ્રાપ્ત થાય છે. વિશેષમાં જણાવે છે કે; સર્વ આકૃતિઓ, સર્વ વેદો, સર્વ ભૂતો, પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ વગેરે સર્વે આ મનુષ્ય શરીરમાં જ છે.

સંસારમાં કુદરત સાથે સંવાદી જીવન ગાળવાથી નિશ્ચયે કરીને દીર્ઘ કાળ સુધી જીવી શકાય છે. એવું આ વિદ્યાનું રહસ્ય છે. શક્તિની સાધના સાથે યજ્ઞમય જીવન ગાળવાથી દીર્ઘજીવન પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમનાં કર્મો યજ્ઞમય રીતે કરવાથી, પ્રાણ શક્તિની ઉપાસના


For Private And Personal Use Only

કરવાથી સુદઢ અને નિરોગી દીર્ઘ જીવન ગાળી શકાય છે. ઋતુઓ પ્રમાણે દીનચર્યામાં અને આહાર-વિહારમાં ફેરફાર કરવાથી દીર્ઘજીવન જીવી શકાય છે.[૧૦૯]

### (૨૧) મન અને આકાશની અધ્યાત્મ અને અધિદૈવ ઉપાસના :[૧૧૦]

મન આત્મા શરીરની અંદર છે તેને બ્રહ્મ દષ્ટિએ ઉપાસના કરવી તે અધ્યાત્મ ઉપાસના છે, જ્યારે આકાશમાં બ્રહ્મદષ્ટિ કરવી તે અધિદૈવ ઉપાસના છે. વાક્, પ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ ચાર મુખ્ય ઇન્દ્રિય શક્તિઓ અધ્યાત્મ બ્રહ્મના ચાર પાદ છે અને અગ્નિ, વાયુ, આદિત્ય અને દિશાઓ અધિદૈવત બ્રહ્મના ચાર પાદ છે.

### (૨૨) હિરણ્ય ગર્ભ વિદ્યા :[૧૧૧]

આદિત્ય જ બ્રહ્મ છે. તે પહેલાં જ્ઞાન હતું. તે અસત્ હતુ તે સત્ થયું, તેમાંથી પંચીકૃત થઈ અંડ સ્વરૂપ થયું. તે ફૂટી જતાં તેનાં બે ભાગ થયાં. તેમાંથી એક સુવર્ણ અને બીજો ચાંદીનો તે જ દ્યાવાપૃથિવી છે. આ અંડ ફૂટવાથી જે ગર્ભરૂપ હતું તે ઉત્પન્ન થયું. તે જ આદિત્ય તેમાંથી જ સર્વ સ્થાવર-જંગમ ભૂત સૃષ્ટિ ઉત્પન્ન થઈ. નાદ રૂપ શબ્દ, સર્વ પ્રાણી વગેરે ઉત્પન્ન થયું. તે જ આ આદિત્ય રૂપ બ્રહ્મ છે. એમ સમજીને ઉપાસના કરનાર પાસે શ્રેષ્ઠ શબ્દ આવે છે અને સુખ આપે છે. અર્થાત્ આ સંપૂર્ણ સ્થાવર-જંગમ-ભૂત સ્વરૂપ જગત 'બ્રહ્મ' જ છે, તેમ સમજવું એ આ ઉપાસનાનું રહસ્ય છે.

### (૨૩) સંવર્ગ વિદ્યા :

"સંવર્ગ એટલે પોતાની અંદર સમસ્ત જડચેતન જગતનો સમાવેશ કરનાર, લય કારણ છે ! અર્થાત્ જેમાં જેનો લય તેનું તે જ કારણ હોય છે !" એમ પ્રા નલિન ભટ્ટ[૧૧૨] જણાવે છે.

બાહ્ય જગતમાં વાયુ અને આંતર જગતમાં પ્રાણ સંવર્ગ છે. આ સંવર્ગ એટલે જ પરમાત્મા વાયુ એટલે ગતિશીલ જીવનરાશિ, સૂર્ય વગેરે અંતે તેમાં જ લય પામે છે તેવી જ રીતે પ્રાણીની રોજીંદી ઊંઘ અને મહાનિદ્રા સમયે તમામ ઇન્દ્રિયો પ્રાણમાં જ લીન થઈ જાય છે.[૧૧૩] વિરાટ વિશ્વમાં આ પ્રકારના સંવર્ગ દેવને વાયુ કહેવામાં આવ્યો છે. અધ્યાત્મ(પ્રાણીના) શરીરમાં તે જ પ્રાણ છે.

આ સંવર્ગ વિદ્યાને સમજાવવા રાજા જાનશ્રુતિ પૌત્રાયણ અને ઋષિ રૈંગ્વ રૈકવની આખ્યાયિકા આપવામાં આવે છે. આખ્યાયિકાને અંતે રૈકવ ઋષિ સંવર્ગ વિદ્યાનો ઉપદેશ કરે છે.

સર્વે દેવતાઓ વાયુમાં જ અંતર્ભાવ પામે છે. આ વાયુથી જ જગત ગતિમાન રહે છે. તે જ સ્પંદનનું મુખ્ય કેન્દ્ર છે. અને તે જ તે તે લોકના અધિષ્ઠાતા દેવતા છે. આ સંપૂર્ણ બ્રહ્માંડને એ દષ્ટિએ જોવું

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુશ્કેલ છે, તેથી ઋષિ, ઉદા.થી સમજાવે છે. અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્ર અને જળ એ પાંચ દેવતાઓમાં અગ્નિ, વાયુ અને આદિત્ય એ ક્રમશ: પૃથ્વી અંતરિક્ષ અને દ્યુલોકનાં દેવતાઓ છે. આ ત્રણેને ચારે બાજુથી ઘેરનારો ચતુર્થલોક ચંદ્રમાનો છે. તે પ્રજાપતિના સૂક્ષ્મ મનનું પ્રતીક છે. આ ચંદ્રમાંથી જ મનની ઉત્પત્તિ દર્શાવેલી છે. આ વિશ્વનું ચતુષ્પાદ સ્વરૂપ છે. તે (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય) બ્રહ્મની સમાન છે. આ ચારેનું જે અવ્યક્ત કારણ છે તે 'જળ' છે. તેથી આ પાંચમાંથી એકને વિશ્વના વિરાટ સ્પંદનના પ્રતીક રૂપે પસંદ કરવાનું હતું, તેમાંથી 'વાયુ'ને પસંદ કરે છે. કારણ કે વાયુની શક્તિને કારણે જ અગ્નિ વગેરે ગતિશીલ બની સૃષ્ટિ સર્જનમાં આગળ વધે છે.

આપણા શરીરમાં પણ અધ્યાત્મ ભૂમિકામાં જોઈ શકીએ છીએ, શરીરમાંનો મુખ્ય વાયુ પ્રાણ છે. તે શરીરમાંથી ચાલ્યો જાય તો સર્વે ઇન્દ્રિયોની પ્રાણ શક્તિ ચાલી જાય છે અને શરીર નિશ્ચેતન બની જાય છે. તેથી પ્રાણ(વાયુ) જ 'સંવર્ગ' છે. તે અધિદૈવત વાયુનો અધ્યાત્મ(શરીરમાં રહેલો) પ્રતિનિધિ છે.

યોગીઓ પ્રાણવાયુને પ્રાણાયામ દ્વારા ધારણ કરી તેની શક્તિ દ્વારા જ કુંડલિની શક્તિને જાગૃત કરીને પરબ્રહ્મ સાથે ધ્યાનસ્થ બને છે. એમાં પણ પ્રાણ(વાયુ) જ મુખ્ય છે.

આ સંવર્ગ વિદ્યાની ઉપાસના કરનારને પ્રજા જે કાંઈ સારું કર્મ કરે તેનું ફળ આપોઆપ પ્રાપ્ત થાય છે. આ બાબતને સ્પષ્ટ કરવા ઋષિ આખ્યાયિકા આપે છે. બ્રહ્મચારીને શૌનક કાપેય અને અભિપ્રતારી કાક્ષસેની ભિક્ષા આપતાં નથી. ત્યારે બ્રહ્મચારી "દેવોને–દૈવી શક્તિઓને પ્રજાપતિ પરમાત્મા ગળી જાય છે, તેને ઓળખો છો ! જેને મનુષ્યો ચોમેર જોઈ શકતાં નથી પરંતુ તે અણુએ અણુમાં રહેલો છે, તેનું જ આ અન્ન છે, તે જ રૂપ હું છું. તો જેનું આ અન્ન છે તેને જ આપ આપતાં નથી !" બન્ને ઋષિઓને ભૂલ સમજાય છે. બ્રહ્મચારીનાં વાક્યનો મર્મ સમજાય છે કે: "પોતે સર્વભક્ષી સર્વજનક, અવ્યય, પરમાત્માના જ ઉપાસક છે." પછી ભિક્ષા આપે છે.[૧૧૪]

## (૨૪) સત્યકામ જાબાલ વિદ્યા :[૧૧૫]

(સોળ કલા વિદ્યા/ચતુષ્પાદ વિદ્યા)

સત્યકામને અગ્નિ, ઋષભ, હંસ અને મદ્ગુ પક્ષી એક–એક પાદનો ઉપદેશ આપે છે. સત્યકામ ગુરુના આદેશથી ચારસો ગાયો લઈ જંગલમાં જાય છે. ત્યાંથી એક હજાર ગાયો થતાં તેને સાંઢ ગુરુ આશ્રમે લઈ જવાનું કહીને ચતુષ્કલ બ્રહ્મના પાદનો ઉપદેશ કરે છે. આ ઋષભ ઇન્દ્ર, સૂર્ય અથવા પ્રાણનું જ રૂપ હતો જે "પ્રકાશવાન" છે. બીજા દિવસે અગ્નિ પૃથ્વી. અંતરિક્ષ, દ્યૌ, સમુદ્ર અથવા જળ એ ચાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તત્ત્વોના રૂપમાં ચતુષ્કલ બ્રહ્મનો ઉપદેશ કર્યો તેને "અનંતવાન" બ્રહ્મ કહેવામાં આવે છે. તે પરમેષ્ઠિ સોમનો સમુદ્ર, જીવનપ્રદ બ્રહ્મશક્તિનો સમુદ્ર પણ અનંત જ છે. ત્રીજે દિવસે હંસ જે "સંપૂર્ણતા"નું પ્રતીક છે. તે ચતુષ્કલ બ્રહ્મનો ઉપદેશ કરે છે. તેણે અગ્નિ, વાયુ, આદિત્ય અને ચંદ્રમાનો ઉપદેશ આપ્યો. જેને "જ્યોતિષ્માન બ્રહ્મ" કહેવામાં આવ્યું છે, અર્થાત્ "ઋગ્વેદમાં ત્રિરોચના અથવા ત્રીણી જ્યોતીંષિ કહેવામાં આવેલ છે. જ્યોતિવિદ્યા પ્રમાણે એક મૂળ જ્યોતિ પ્રાણ, અપાન અને વ્યાનના સંઘર્ષથી ત્રણ જ્યોતિઓનું રૂપ ધારણ કરી લે છે." એમ પં. વાસુદેવશરણ જણાવે છે.[૧૧૭]

ચતુર્થ દિવસે મદ્દગુ નામનો પક્ષી શરીરરૂપી આયતનમાં પ્રાણ, ચક્ષુ, શ્રોત અને મનરૂપી ચાર શક્તિઓ છે. આ શક્તિનો સ્ત્રોત પણ બ્રહ્મ જ છે. તે જ દેહધારીઓના શરીરમાં પ્રકટ થાય છે.

આચાર્યશ્રી ગૌતમ આવીને આ વિદ્યાને અનુમતી આપી તેના ચારેય પાદ ભેગા કરી સોળ કલા–વાળી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે છે.

### (૨૫) ઉપકૌશલ વિદ્યા :[૧૧૭]

(અગ્નિ વિદ્યા/આત્મ વિદ્યા સોऽहमस्मि)

ગાર્હપત્ય, અન્વાહાર્યપચન, આહ્વનીય અગ્નિએ ઉપકોસલને આપેલી વિદ્યાનું રહસ્ય સ્પષ્ટ કરતાં પ્રા. નલિન ભટ્ટ જણાવે છે કે; "પ્રાણ બ્રહ્મ છે" અર્થાત્ બ્રહ્માથી શરૂ કરી તણખલા સુધીની બૃહત્ જીવન સૃષ્ટિમાં જે એક રસ પરમતત્ત્વ પ્રાણરૂપે છે તે જ બ્રહ્મ છે. તે બ્રહ્મ સુખરૂપ છે દુઃખરૂપ નહીં અને આ સુખરૂપ–આનંદરૂપ પરમાત્મા જ આકાશરૂપ છે, અર્થાત્ ચારે તરફથી પ્રકાશવાન છે. એ દૃષ્ટિથી તું પરમતત્ત્વની ઉપાસના કર.

અગ્નિઓ "પ્રાણ બ્રહ્મ છે 'ક' બ્રહ્મ છે 'ખ' બ્રહ્મ છે. આ વિદ્યાના રહસ્યને સ્પષ્ટ કરતાં જણાવે છે કે શિષ્ય રોગથી ઘેરાય જાય છે. તેણે ભોજન છોડી દીધું. ત્યારે અગ્નિઓએ તેને ઉપદેશ આપ્યો કે, પ્રાણ જ બ્રહ્મ છે. અર્થાત્ પ્રાણ એ જ વ્યક્તિના કેન્દ્રમાં રહેલું વિરાટ બ્રહ્મનું સ્વરૂપ છે. પ્રાણાગ્નિઓની સારી રીતે ઉપાસના કરવાથી શારીરિક સ્વાસ્થ્ય ફરીથી પ્રાપ્ત કરી શકાય છે. વાણીની સંજ્ઞા 'ખ' મનની સંજ્ઞા 'ર' અને પ્રાણની સંજ્ઞા 'ક' છે. આ ત્રણે પુરુષોનાં સાંકેતિક નામ છે."[૧૧૯]

ઉપકોસલને અગ્નિઓ પાસેથી પ્રાપ્ત થયેલું આ શબ્દ જ્ઞાન હતું. ગુરુ સત્યકામ તેને શબ્દબ્રહ્મથી પર પરબ્રહ્મના સ્વરૂપનો ઉપદેશ આપે છે કે, ત્રણ લોક એ જ ત્રણ અગ્નિઓ, આ ત્રણ લોકના સંચાલક દેવો ત્રણ પ્રાણ છે. તેમને સૂર્ય, ચંદ્ર અને વિદ્યુત પણ કહેવામાં આવે છે. એ ઉપરાંત ચાક્ષુષ પુરુષ દેખાય છે તે અવિનાશી તથા અભય બ્રહ્મ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીરમાંથી જે તત્ત્વ બહાર નીકળી જવાથી શરીર મૃત થઈ જાય તે પ્રાણ તત્ત્વ છે. વ્યક્તિગત આત્મારૂપે એક–એક શરીરમાં રહેલો છે, તે જ બ્રહ્મ છે, તેથી "પ્રાણ બ્રહ્મ છે" તેમ અગ્નિદેવ કહે છે. 'ક' જ 'ખ' છે તેનો અર્થ એ છે કે, જે અલ્પ, આસક્તિ જન્ય અને વિષયની અપેક્ષા રાખનાર છે, તે સુખ નહીં; પરંતુ 'આકાશ'ની જેમ જે વિશાળ, અમર્યાદિત, નિર્લેપ, નિરપેક્ષ, સ્વયંપર્યાપ્ત છે તે. આથી 'સુખ'નો અર્થ આનંદ છે, જે 'બ્રહ્માનંદ છે, બ્રહ્મ આનંદમય જ છે.

અહીં 'ખ' એટલે 'આકાશ' તે પ્રકૃતિનો ભાગ હોવાથી જડ છે અને પંચમહાભૂતમાંનું એક તત્ત્વ છે. તેથી જે સચરાચર સૃષ્ટિનું નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ સાથે તેનું અભિન્નત્વ કેવી રીતે ગણી શકાય. તેનો જવાબ એ છે કે; આકાશ આનંદમય છે, તેથી પ્રકૃત્તિનો ભાગ ન ગણાય કારણ કે આનંદ હંમેશાં ચૈતન્યનો ગુણધર્મ છે. તેથી ચૈતન્યયુક્ત આકાશને બ્રહ્મ કહેવામાં કોઈ વાંધો નથી. એ જ પ્રમાણે જે ચૈતન્યયુક્ત હોય તે ભૂતાકાશ હોઈ જ ન શકે. તેથી અહીં આકાશનો અર્થ "ચિદાકાશ" છે. જે પ્રકૃતિનો ભાગ નથી. ચિદાકાશ જડ નથી, પરમ ચેતન્ય છે, પરમ આનંદનું મૂળ છે, તે જ બ્રહ્મ છે. તેથી આકાશને બ્રહ્મ ગણવામાં દોષ નથી.[૩૫]

**सोऽहमस्मि**નો ચાર મહાવાક્યમાં સમાવેશ થતો નથી, પરંતુ તેમ છતાં તે ચાર મહાવાક્યો જેટલી જ શ્રેષ્ઠતા ધરાવે છે અને જીવ બ્રહ્માનાં અદ્વૈતને વ્યક્ત કરે છે. આ વાક્યને ભાગ–ત્યાગ લક્ષણા દ્વારા સમજાવવામાં આવે છે.

**(૧) सः** સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા વગેરે ગુણોથી યુક્ત બ્રહ્મ એટલે કે ઈશ્વર, 'સઃ' પદનો વાચ્યાર્થ છે. શુદ્ધ બ્રહ્મ 'સઃ' પદનો લક્ષ્યાર્થ છે.

**(૨) अहम् :–** અલ્પજ્ઞતા, અલ્પશક્તિમત્તા વગેરે ગુણોથી યુક્ત અવિદ્યા સહિત બ્રહ્મ એટલે કે જીવ अहम् પદનો વાચ્યાર્થ છે.

શુદ્ધ બ્રહ્મ 'अहम्' પદનો લક્ષ્યાર્થ છે. બન્ને પદનો 'શુદ્ધ બ્રહ્મ' અર્થ લઈ અન્ય અર્થનો ત્યાગ કરવામાં આવે છે.

ભાગ–ત્યાગ–લક્ષણાપૂર્વક બન્ને પદનો 'બ્રહ્મ' અર્થ નિષ્પન્ન થાય છે. તેથી બન્ને પદની એકતા સિદ્ધ થાય છે.

**(૩) अस्मि :–** પ્રથમ બન્ને પદને જોડનાર પદ છે. આ પ્રમાણે सः अहम् अस्मि એટલે કે હું (જીવ) તે (બ્રહ્મ) છું. આ મહાવાક્ય દ્વારા જીવ બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'સોऽहम्' મંત્રના અર્થનું ચિંતન કરવું એટલે પોતાના સ્વરૂપનું બ્રહ્મ સ્વરૂપે ચિંતન કરવું.

ક્રિયાયોગમાં અજપાજાપનું મહત્ત્વ છે. અજપાજપ એટલે આયાસ વિના શ્વાસેશ્વાસે 'સોऽहम्' મંત્રનો જપ.

પ્રાકૃતિક રીતે જ શ્વાસોચ્છ્વાસ સાથે 'સોऽहम्' મંત્રનો જપ ચાલે છે. પરંતુ તેમાં સુરતા નથી; જાગૃતી નથી. આ સાથે સુરતા જોડાતાં તે જપ સૂરત શબ્દયોગનું સ્વરૂપ ધારણ કરે છે.[૧૨૦]

**(૨૬) યજ્ઞવિદ્યા :**

ચતુર્થ અ.ના ૧૬ અને ૧૭માં ખંડમાં યજ્ઞવિદ્યા/ત્રયીવિદ્યાને સ્પષ્ટ કરે છે. મન અને વાણી એ બે માર્ગ છે. બન્ને અધ્યાત્મ જીવનરૂપી રથના બે પૈંડા છે. જો બન્ને સાથે પ્રવૃત્તિ કર તો વિકાસ થાય છે. સત્તરમાં ખંડમાં દેવતાઓ, વેદો અને વ્યાપ્તિ વગેરે એકબીજામાં ઓતપ્રોત ક્રમનો ઉલ્લેખ કર છે અને તેને આધારે સૂક્ષ્મ અને સ્થૂલ સ્વરૂપોના સંબંધને સમજી લે છે તે આ વિદ્યાના મર્મને જાણે છે.

**(૨૭) પ્રાણવિદ્યા :**[૧૨૧]

મુખ્ય પ્રાણ જ શ્રેષ્ઠ છે. શરીરમાં જે ઇન્દ્રિયો અને શક્તિઓ છે તેમાં પ્રાણ જ સર્વોપરી છે. તે ન રહે તો શરીર નિર્જીવ બની જાય છે. આ બાબતમાં ઇન્દ્રિયોનાં ઝઘડાની રોચક આખ્યાયિકા આપે છે. આ કથા દ્વારા પ્રાણ જ શ્રેષ્ઠ છે. તેની ઉપાસના કરનાર શ્રેષ્ઠ બને છે, શક્તિશાળી બને છે. આ પ્રાણનું અન્ન પશુ–પક્ષીઓ જે ખાય છે તે છે. અર્થાત્ અન્નથી જ પ્રાણ છે. કહેવત પણ છે કે; 'અન્ન સમા પ્રાણ' અન્નની જેમ જળ પણ મુખ્ય પ્રાણનો આધાર છે. આ વિદ્યા કરમાયેલા ઝાડને કહેવામાં આવે તો તે પણ પલ્લવિત થઈ જાય છે. સુકાયેલા વૃક્ષને જળ પ્રાપ્ત થાય તો તે નવ પલ્લવિત થાય છે. એ જ રીતે ભૂતોને અન્ન અને જળ પ્રાપ્ત થાય તો તે આનંદિત બની જાય છે.

પ્રાણનું 'અન' નામ પ્રસિદ્ધ છે તેમજ ભોજનની પહેલાં અને પછી જે જળ(આચમન) લેવામાં આવે છે તે પ્રાણનું વસ્ત્ર છે, જે આ રીતે ભોજન કરી પ્રાણની ઉપાસના કરે છે, તે વસ્ત્રહીન દશામાં રહેતો નથી.

આ પ્રાણવિદ્યા સત્યકામ જાબાલે વ્યાઘ્રપદનાં પુત્ર ગોશ્રુતિને પ્રદાન કરી હતી.

**(૨૮) પંચાગ્નિવિદ્યા :**[૧૨૨]

(અગ્નિ વિદ્યા)

જીબલના પુત્ર પ્રવાહણ ઉદ્દાલક આરુણિ વગેરેને આ પંચાગ્નિવિદ્યા પાંચ પ્રશ્નોનાં જવાબમાં આ વિદ્યા આપે છે. પંચમ આહુતિમાં વીર્યરૂપ જળ ગર્ભરૂપ પુરુષનાં રૂપમાં પરિણિત થઈ જાય છે. [સૃષ્ટિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યામાં આપેલ છે.] દેવયાન– પિતૃયાન માર્ગ અને ત્રીજો માર્ગ નિકૃષ્ટ જીવો જન્મે છે મરે છે. [મોક્ષમાં આપેલ છે.]

આ વિદ્યાના રહસ્યને સ્પષ્ટ કરે છે કે, "સમગ્ર સૃષ્ટિ એક યજ્ઞ છે, જન્મ–મરણ એક યજ્ઞ છે. સૂર્ય, ચંદ્રના ઉદય–અસ્ત યજ્ઞ છે, નક્ષત્રોની ગતિ યજ્ઞ છે. પૃથ્વી, આકાશ, વાદળ, રાત્રિ, દિવસ, દિશાઓ અને ઉપદિશાઓ એ મહાન યજ્ઞનાં ઉપકરણો છે. પર્જન્ય–વૃષ્ટિ પવનની ગતિ અને વીજળીના ચમકારા એ મહાયજ્ઞની વિધિના ભાગરૂપ છે. પુરુષની આંખ, કાન, કર. વગેરે ક્રિયાઓ પણ યજ્ઞ સ્વરૂપ છે. જીવ બાળકરૂપે જન્મે છે, જીવે છે, લોક લોકાંતરમાં ગતિ કરે અને પાછો આવે છે કે બ્રહ્મપદવીને પામે છે– આ બધી ઘટનાઓ એ વિરાટ યજ્ઞની જ ક્રિયાઓ છે.[૫૭]

આ પંચાગ્નિ વિદ્યાના સાધક નિષ્કામભાવે પરબ્રહ્મની ઉપાસના કરે તો દેવયાન માર્ગે ગતિ કરે છે. સકામ ઉપાસના કરનાર પિતૃયાન માર્ગે ગતિ કરી સ્વર્ગાદિ ફળને ભોગવી; પુણ્ય પૂર્ણ થતાં ફરીથી મૃત્યુલોકમાં આવે છે અને જે પુરુષો યજ્ઞાદિ કર્મોનું અનુષ્ઠાન જ કરતાં નથી; તે જન્મે અને મરે છે અર્થાત્ કીટ–પતંગ ગતિ છે.[૫૮]

**(૨૯) વૈશ્વાનરવિદ્યા :**[૫૯]

કૈકય પુત્ર રાજા અશ્વપતિ ઉપમન્યુ વગેરે મહર્ષિઓને પૃથક્ પૃથક્ "સ્વર્ગરૂપ વૈશ્વાનર આત્મા" જે મસ્તકરૂપ છે. "આદિત્યરૂપ વિશ્વરૂપ વૈશ્વાનર આત્મા" જે આત્મનો ચક્ષુમાત્ર છે. વાયુરૂપ અનેક પ્રકારના માર્ગવાળો આત્મા જે પ્રાણરૂપ છે. "આકાશરૂપ આત્મા" જે ફક્ત આત્માના ઉદરરૂપ જ છે. "જળરૂપ જે ધનરૂપ વૈશ્વાનર આત્મા" છે. જે આત્માનું ફક્ત મૂત્રાશય છે. પૃથ્વીરૂપ જે "આત્માના માત્ર પગરૂપ વૈશ્વાનર આત્મા છે." જે આત્માનો માત્ર પગ જ છે.

આમ અલગ–અલગ સ્વર્ગ વગેરે રૂપે સમજૂતી આપી જણાવે છે કે,"આ હું જ છું" આત્મારૂપ વૈશ્વાનરની સર્વાત્મભાવે જે ઉપાસના કરે છે, તે જ બધા આત્માઓમાં અન્ન ભક્ષણ કરે છે.

આ આત્મરૂપ વૈશ્વાનરનું મસ્તક જ સ્વર્ગ છે, ચક્ષુ સૂર્ય છે, પ્રાણ વાયુ છે, ઉદર આકાશ છે, મૂત્રાશય જળ છે. બીજો પગ પૃથ્વી તેમ જાણી ઉપાસના કરવી. વક્ષસ્થલ વેદી છે, લોમ દર્ભ છે, હૃદય ગાર્હપત્ય છે, મન દક્ષિણાગ્નિ છે અને મુખ આહ્વનીય અગ્નિ છે.

ત્યારબાદ "પ્રાણાય, અપાનાય, વ્યાનાય, સમાનાય" અને "ઉદાનાય" સ્વાહા દ્વારા પ્રાણને/ આત્માને તૃપ્ત કરવાની રીત જણાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રીતે વૈશ્વાનર વિદ્યાને જાણનાર જ શ્રેષ્ઠ છે. તે વૈશ્વાનરમાં હવન કરે તો બધા પ્રાણી તૃપ્ત થાય છે. તેનાં બધાં પાપ નાશ પામે છે. એટલું જ નહીં તે ઉચ્છિષ્ટ અન્ન ચાંડલ વગેરેને આપે તો પણ તે આત્મરૂપમાં હોમ રૂપ જ ગણાય. ભૂખ્યો બાળક જેમ માની ઉપાસના કરે તેમ દરેક પ્રાણી આવા જ્ઞાનીના અગ્નિ હોત્રની ઉપાસના કરે છે.

રાજા અશ્વપતિ દરેક ઋષિઓ પાસેથી વૈશ્વાનરરૂપી વિદ્યાને જાણે છે; પરંતુ તે અંધજનો હાથીના એક-એક અંગને સ્પર્શ કરી તે અંગને જ સંપૂર્ણ હાથી માની લે તેવું છે. ત્યારબાદ તેમની આ પૃથગ્ દૃષ્ટિને દૂર કરતાં જણાવે છે કે; "તમે સર્વે વૈશ્વાનર આત્માને પૃથક-પૃથક માનીને અન્ન ભક્ષણ કરો છો. પરંતુ એ વૈશ્વાનર આત્માની "જે કોઈ, આ હું છું" એ "પ્રત્યક્" આત્માની વૈશ્વાનર રૂપે ઉપાસના કરે છે, તે સમસ્ત લોકોમાં સમસ્ત પ્રાણીઓમાં અને સમસ્ત આત્માઓમાં અન્ન ભક્ષણ કરે છે."[૧૨૫]

શ્રી ભાણદેવ જણાવે છે કે; "આ મંત્ર દ્વારા ઋષિઓની ઉપાસનામાં રહેલી ઉણપ; પ્રત્યક્ આત્મા અને વિશ્વાત્માને અલગ ન ગણવા, અને બીજું વિશ્વાત્માને તેના સમગ્ર સ્વરૂપમાં સમજવાનું સૂચવે છે. વૈશ્વાનર એટલે વિશ્વ(સમગ્ર) સ્વરૂપે રહેલો નર(પુરુષ). આમ વૈશ્વાનરનો અર્થ જ છે. વિશ્વાત્મા આવા ઉપાસકનું સર્વાત્મા સાથે અદ્વૈત સિદ્ધ થાય છે.[૧૨૬]

આ વૈશ્વાનર ઉપાસકની ભોજનક્રિયા પણ યજ્ઞ સ્વરૂપ છે. તેમ જણાવી પ્રથમ પાંચ આહુતિઓ મંત્રાત્મક આપવી જોઈએ.

આ ઉપાસનામાં વિશ્વાત્મા જ પ્રાણી શરીરમાં વૈશ્વાનરરૂપે રહેલ છે. તેમ જાણી શકાય છે. ગીતા[૧૨૭] પણ આ જ કહે છે.

**(૩૦) તત્ત્વમસિ :**[૧૨૮]

'તત્ત્વમસિ' એ મહાવાક્યની સમજૂતી નવ ઉદા. દ્વારા મહર્ષિ ઉદ્દાલક પોતાના પુત્રને આપે છે. જે ઉદા. "આત્મા"માં આપેલા છે. તેથી પુનરાવર્તન કરેલ નથી. વેદાન્તમાં આ વાક્યને સમજાવવા માટે એક વિશદ પ્રક્રિયાનો વિકાસ થયો છે. ભાગ-ત્યાગ લક્ષણ દ્વારા આ વાક્યને સમજાવી શકાય છે.

તત્, ત્વમ્, અસિ એ ત્રણ પદ તત્ત્વમસિ મહાવાક્યમાં છે. તેનો અર્થ 'તે તું છે' એવો છે.

(૧) 'તત્' પદનો વાચ્યાર્થ સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, વિભુ, ઈશ, સ્વતંત્ર, પરોક્ષ, માયી અને બંધ-મોક્ષ રહિત આ ધર્મોથી યુક્ત 'તત્' પદનો વાચ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) 'त्वं' પદનો વાચ્યાર્થ અલ્પ શક્તિમાન, અલ્પજ્ઞ, પરિચ્છિન્ન, અનીશ, કર્મને આધીન, પ્રત્યક્ષ બંધમોક્ષવાળો આ ધર્મોથી યુક્ત જીવ 'त्वं'પદનો વાચ્ય છે.

(૩) असि :- 'असि' પદ तत् અને त्वम्ની એકતા સૂચવે છે, બન્નેને જોડે છે. असि - છે.

અહીં 'તે તું છે' એમ જીવ-બ્રહ્મની એકતા સિદ્ધ કરેલ છે. તેનાં વાચ્યાર્થ લઈ શકાય તેમ નથી. પરંતુ બન્નેનો લક્ષ્યાર્થ સિદ્ધ કરી શકાય એમ છે. જે ભાગ-ત્યાગ લક્ષણાથી શક્ય છે.

(૧) માયા, માયામાં આભાસ અને માયાનું અધિષ્ઠાન ચેતન એટલે કે બ્રહ્મ આ ત્રણે મળીને સર્વ શક્તિમતા, સર્વજ્ઞતા વગેરે ધર્મો સહિત ઈશ્વર 'तत्' પદનું વાચ્ય છે. તેથી ''तत्'' પદનો વાચ્યાર્થ 'ઈશ્વર' છે.

(૨) વ્યષ્ટિ, અવિદ્યા, અવિદ્યામાં આભાસ અને તેનું અધિષ્ઠાન ચેતન એટલે કે બ્રહ્મ આ ત્રણે મળીને અલ્પ શક્તિમતા વગેરે ધર્મો સહિત જીવ 'त्वं' પદનું વાચ્ય છે, અર્થાત્ 'त्वं' પદનો વાચ્યાર્થ જીવ છે.

(૩) આભાસ, માયા અને માયારચિત સર્વજ્ઞતા વગેરે ધર્મો આટલો વાચ્યભાગ છોડી દઈને ચેતન બ્રહ્મભાગમાં 'तत्' પદની ભાગ-ત્યાગ લક્ષણા થશે.

(૪) આભાસ, અવિદ્યા અને અવિદ્યારચિત અલ્પજ્ઞતા વગેરે ધર્મો આટલો વાચ્યભાગ છોડી દઈને ચેતન- બ્રહ્મભાગમાં 'त्वं' પદની ભાગ-ત્યાગ લક્ષણા થશે.

આ રીતે ભાગ-ત્યાગ લક્ષણા દ્વારા જીવ અને ઈશ્વરના સ્વરૂપમાં જે લક્ષ્યાર્થ છે તે ચેતન-બ્રહ્મ-ત્યાગ બન્ને પદો દ્વારા લક્ષિત થાય છે. તેથી તે બન્નેની એકતા સિદ્ધ થાય છે.[૧૩૦]

આમ આ વાક્ય દ્વારા જીવ અને બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે. જે અદ્વૈત વેદાન્તનો પ્રધાન સિદ્ધાન્ત છે. આ સિદ્ધાન્તને સમજાવવા માટે ઉદ્દાલક આરુણિ પોતાનાં પુત્ર શ્વેતકેતુને નિમક, વટવૃક્ષ વગેરે નવ ઉદા. આપે છે. જે 'આત્મા'માં આપેલા હોય અહીં પુનરાવર્તન કરેલ નથી.

## (૩૧) ભૂમાવિદ્યા :[૧૩૧]

મહર્ષિ નારદ સમિત્પાણિ થઈ; સનત્કુમાર પાસે બ્રહ્મવિદ્યા માટે, શોકનો નાશ કરનારી અને પૂર્ણ આનંદ આપનારી વિદ્યાની પ્રાપ્તિ માટે આવે.

સર્વ પ્રથમ તેઓ ઋગ્વેદ વગેરે પોતે અધ્યયન કરેલી વિદ્યા વિશે જણાવે છે. તે સર્વ વિદ્યા 'નામ' માત્ર છે. તેમ જણાવી ત્યાં સુધી જ ગતિ થાય વિશેષ નહીં. તેથી નારદજી "નામથી શ્રેષ્ઠ શું ?" એ રીતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રશ્ન અને જવાબની પરંપરા ચાલે છે, જે ક્રમશઃ વાક્, મન, સંકલ્પ, ચિત્ત, ધ્યાન, વિજ્ઞાન, બળ, અન્ન, જળ, તેજ, આકાશ, સ્મરણ, આશા, પ્રાણ છે. એમ ઉત્તરોત્તર અધિક–અધિક છે. તેમ સનત્કુમાર જણાવે છે. પ્રાણ સુધી પહોંચ્યા બાદ નારદજી જિજ્ઞાસા કરતાં નથી. તેથી તેની જિજ્ઞાસાને પુનર્જાગૃત કરે છે. તેથી નારદજી સત્યની જિજ્ઞાસા કરે છે. સનત્કુમાર જણાવે છે કે, મનન કરવાથી જ વિશેષ જ્ઞાન–વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. મનન મતિથી જ શક્ય બને છે. શ્રદ્ધાથી જ મનન શક્ય છે. તેમ જણાવી નિષ્ઠાથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, તે નિષ્ઠાની જિજ્ઞાસા કરતાં કૃતિ અર્થાત્ ઇન્દ્રિય સંયમ, એકાગ્રતા અને શ્રેષ્ઠકાર્ય એ જ કૃતિ છે. કૃતિ દ્વારા જ યથાર્થ સુખની પ્રાપ્તિ થાય છે. કોઈપણ મનુષ્ય સુખ વિના કૃતિનું આચરણ કરતો નથી. તેથી સુખની વિશેષ રૂપે જિજ્ઞાસા કરવી જોઈએ. સુખની જિજ્ઞાસા કરતાં "ભૂમા જ સુખ છે, અલ્પમાં સુખ નથી. સુખ ભૂમા જ છે. ભૂમાની વિશેષ રૂપે જિજ્ઞાસા કરવી જોઈએ" ભૂમા વિશે જિજ્ઞાસા કરતાં "જ્યાં કોઈ અન્ય જોતું નથી, કોઈ અન્ય સાંભળતું નથી, અન્ય કોઈ જાણતું નથી તે ભૂમા છે. જ્યાં અન્ય કોઈ જુએ છે, અન્ય કોઈ સાંભળે છે, અન્ય કોઈ જાણે છે, તે અલ્પ છે. જે ભૂમા છે તે અમૃત છે. જે અલ્પ છે તે મર્ત્ય છે." તે ભૂમા કોનામાં પ્રતિષ્ઠિત છે, તેમ પ્રશ્ન કરતાં, "તે પોતાનાં જ મહિમામાં પ્રતિષ્ઠિત છે અથવા તે પોતાના મહિમામાં પણ પ્રતિષ્ઠિત નથી." આ ભૂમાના સ્વરૂપને વિશેષ સ્પષ્ટ કરતાં, "તે ચારે તરફ, ઉપર–નીચે એમ સર્વત્ર છે" એમ જણાવે છે.

આ રોચક સંવાદમય શૈલી આપણામાં જિજ્ઞાસા જાગૃત કરે છે. અને આગળને આગળ જાણવાની ઇચ્છા થાય છે.

શ્રી ભાણદેવ જણાવે છે કે; "ભૂમા(બ્રહ્મ) સ્વપ્રતિષ્ઠિત છે અથવા અપ્રતિષ્ઠિત છે. કારણ કે જે અસ્તિત્વનું અંતિમ તત્ત્વ છે તે કોઈના પર પ્રતિષ્ઠિત હોઈ શકે નહિ, તેથી તેને સ્વપ્રતિષ્ઠિત કે અપ્રતિષ્ઠિત બન્ને શબ્દો દ્વારા અભિવ્યક્ત કરી શકાય છે."[૧૦૨]

ભૂમા એટલે વ્યાપક બ્રહ્મ તત્ત્વ, પરમ સત્ય, અસ્તિત્વનું કેન્દ્ર અલ્પ એટલે સીમિત અલ્પ એટલે સંસાર, અલ્પ એટલે વિષયો તે ભૂમા નથી. અલ્પની સીમા નષ્ટ થાય ત્યારે નિરતિશય સુખની પ્રાપ્તિ થાય છે. તે જ ભૂમા પરબ્રહ્મ છે.

**(૩૨) દહરવિદ્યા :**[૧૦૩]

ભૂત શરીરમાં રહેલા હૃદયને દહર અર્થાત્ બ્રહ્મપુર કહે છે. એટલે કે બ્રહ્મ હૃદયમાં રહે છે. અહીં હૃદય એટલે જે માંસપિંડનાં બનેલા હૃદયની વાત નથી; પરંતુ હૃદય પ્રદેશમાં રહેલાં સૂક્ષ્માકાર કમલાકારની વાત છે. જેમાં એક સૂક્ષ્મ આકાશ છે. જે આકાશ ભૂતાકાશ નથી પરંતુ પાંચ મહાભૂતોમાં સૌથી સૂક્ષ્મ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પ્રથમ મહાભૂત છે. આ આકાશ ભૂતાકાશ કે બાહ્યાકાશ ગણાય છે, કારણ કે તે સ્થૂલ છે અને બહાર છે, પરંતુ ઉપનિષત્કાર અહીં અંતરાકાશની વાત કરે છે જે અંદર છે અને સૂક્ષ્મ છે. આ સૂક્ષ્મ (दहर) શબ્દ દ્વારા સ્પષ્ટ રીતે સૂચિત થાય છે કે; અહીં બાહ્ય ભૂતાકાશથી ભિન્ન આંતરિક સૂક્ષ્માકાશ વિશે કહેવામાં આવે છે.[134]

આ અંતરાકાશમાં શું છે. તેની શોધ કરવાની જિજ્ઞાસા કરવી જોઈએ. જિજ્ઞાસા થતાં ગુરુ બીજા મંત્રમાં જિજ્ઞાસા વિશેષ પ્રગટ થાય તેવી રજૂઆત કરી; તૃતીય મંત્રમાં જણાવે છે કે; "જેટલું આ(ભૌતિક) આકાશ છે, તેટલું જ આ હૃદયાન્તર્ગત આકાશ છે. દ્યુલોક અને પૃથ્વી આ બન્ને લોક આ(અંતરાકાશ)માં સ્થિત છે. તે જ રીતે અગ્નિ અને વાયુ આ બન્ને; સૂર્ય અને ચંદ્ર આ બન્ને તથા વિદ્યુત અને નક્ષત્ર આ બન્ને અને આ લોકમાં જે છે અને જે નથી તે બધું જ આ અંતરાકાશમાં સ્થિત છે."[135]

આ મન્ત્રને સમજાવતા શ્રી ભાણદેવ જણાવે છે કે; "ભૌતિક આકાશ ચિદાકાશમાંથી જન્મે છે. ભૌતિક આકાશમાં જે લોકલોકાંતર છે તે બધું ચિદાકાશમાં છે. જે હતું અને જે ભવિષ્યમાં થશે તે બધું ચિદાકાશમાં છે. અહીં હૃદયાન્તર્ગત આકાશ(ચિદાકાશ) દ્વારા બ્રહ્મતત્ત્વ સૂચિત કરવામાં આવે છે અને બ્રહ્મ તો સર્વ તત્ત્વોની યોનિ છે."[136]

આ શરીર નાશવંત છે. તેની અંદર રહેલ આકાશ અને તેમાં રહેલ આત્મા નાશ પામતો નથી ? તેના જવાબમાં જણાવે છે કે "તે જીર્ણ થતું નથી. દેહના નાશથી/વધથી તેનો નાશ કે વધ થતો નથી. કારણ કે આ બ્રહ્મપુર સત્ય છે. તેમાં દરેક કામનાઓ સમ્યક્ રીતે અવસ્થિત છે. આ આત્મા છે. તે મૃત્યુહીન, શોકરહિત, સત્ય સંકલ્પ છે."

"આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી; અગ્નિ બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી અને પવન સૂકાવી શકતો નથી." વગેરે. ગીતાના શ્લોકોમાં પણ આ જ બાબત કહી છે.

આ કથાથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, પ્રાણી માત્રના શરીરમાં હૃદયમાં સૂક્ષ્મરૂપે પરબ્રહ્મ સ્થિત છે. તેને જાણવાની જિજ્ઞાસા કરવી જોઈએ. તેને જાણવાથી જ આત્મજ્ઞાન થાય છે અને આત્મા એ જ પરમાત્મા છે.

## (૩૩) હૃદય સ્થિત બ્રહ્મની ઉપાસના :

હૃદય–કમલમાં જે રહે છે અને અન્ન ખાય છે, તે જ સૂર્ય અગ્નિનાં રૂપમાં આકાશમાં રહે છે. તે 'કાલ' નામવાળું છે, તે જ અદશ્ય રહીને સર્વભૂતરૂપી અન્નનું ભક્ષણ કરે છે. જે આકાશ છે તે જ કમલ છે, તેમાં રહેનાર સર્વ કાંઈ જાણે છે. તે ચાર દિશાઓ અને ચાર ઉપદિશાઓમાં તે સ્થિત છે. તે બધાંથી પર છે.



For Private And Personal Use Only

આ પ્રાણ અને આદિત્યની ઓંકાર દ્વારા, વ્યાહૃતિઓ દ્વારા અને ગાયત્રી મંત્ર દ્વારા ઉપાસના કરવી જોઈએ.

મહો. પણ હૃદય સ્થિત આત્માની ઉપાસના કરવાનું જ જણાવે છે. આત્મા જ બ્રહ્મ છે. તેની ઉપાસના કરનારને જ વિદ્યા પ્રાપ્ત થાય છે. વૈરાગ્ય ભાવવાળા ચિત્તથી જ તેનો અનુભવ કરી શકાય છે. હૃદય દ્વારા જે સુખની અનુભૂતિ થાય છે. તે આત્મતત્ત્વથી ઉત્પન્ન થયેલ સ્પંદન જ છે અને તેની જ ઉપાસના કરવી જોઈએ. "છે, નથી, મધ્યસ્થ, પ્રકાશોનો પ્રકાશક" આત્માના આપણે ઉપાસક છીએ. જે આત્મા અમારાં હૃદયમાં મહેશ્વરનાં રૂપમાં સ્થિત છે.[૧૩૮]

## (૩૪) આત્મવિદ્યા :[૧૩૯]

શાંડિલ્ય વિદ્યા વગેરેમાં હૃદય સ્થિત બ્રહ્મની જ ઉપાસના છે. અહીં પણ હૃદયમાં રહેલ પરબ્રહ્મની જ ઉપાસના દર્શાવેલ છે. દેવો અને અસુરો એવું સાંભળે છે કે; "પરબ્રહ્મને જાણનાર અમર બની જાય છે." તેથી ઇન્દ્ર અને વિરોચન દેવો અને દાનવોના પ્રતિનિધિ બની સમિત્પાણિ થઈ પ્રજાપતિ પાસે બ્રહ્મવિદ્યા માટે જાય છે. ૩૨ વર્ષ બ્રહ્મચર્ય પૂર્વક રહેતા પ્રજાપતિ "ચક્ષુમાં રહેલ પુરુષ આત્મા છે" તેમ જણાવે છે. બન્ને ચક્ષુમાં દેખાતા પ્રતિબિંબને જ આત્મા સમજી લે છે. તેના અધિષ્ઠાતા દેવને નહીં. આ સમજણ સાથે વિરોચન દાનવો પાસે પહોંચી જાય છે અને તેઓને જણાવે છે કે; "આ શરીર જ આત્મા છે, તે જ પૂજ્ય છે." તેથી દાનવો શરીરની જ પૂજા અને પરિચર્યા કરે છે.

ઇન્દ્રને શંકા જતાં પરત આવે છે. તેથી પ્રજાપતિ તેને સ્વપ્નાવસ્થા, સુષુપ્તિ અવસ્થા, જે દેખાય છે અનુભવાય છે તે આત્મા, તેમ જણાવી અંતે આ શરીર મરણશીલ છે, તે આત્માનું અધિષ્ઠાન છે. તે આત્મા પ્રિય–અપ્રિયથી પર છે, તે આ ઉત્તમ આત્માને શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશ દ્વારા જાણી લે છે તે સર્વ ભોગોને પ્રાપ્ત કરી લે છે.(બ્રહ્મ, જીવ, આત્મમાં વિસ્તૃત રજૂઆત છે. તેથી પુનરાવર્તન કરેલ નથી.)

## (૩૫) તદ્વન ઉપાસના :

ઉમા હૈમવતી આખ્યાયિકામાં ઇન્દ્રને ઉપદેશ આપનારી ઉમાદેવી કોણ હશે ? ભાષ્યકારો તેને "વિદ્યાદેવી" અર્થાત્ "બ્રહ્મવિદ્યા" જ હોવી જોઈએ. એમ માને છે. આમ કહેવા પાછળનું રહસ્ય એ છે કે ॐ એ अ, उ, म એવા ત્રણ અક્ષરોના જોડાણથી બનેલો અક્ષર છે. આ જ અક્ષરોને જુદા ક્રમમાં લઈ સ્ત્રીલિંગી બનાવીએ તો "उमा" શબ્દ બને છે. આમ "उमा" શબ્દ વડે ॐ નું સૂચન થાય છે. ઓંકાર એટલે જ બ્રહ્મવિદ્યા.[૧૪૦]

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉમા હૈમવતી ઇન્દ્રને 'तद्वनं' રૂપે બ્રહ્મનું જ્ઞાન આપે છે.

'तद्वनं' એ સ્વરૂપે બ્રહ્મની ઉપાસનાની રજૂઆત કરે છે. દરેકને પ્રેરનાર શક્તિ આપનાર સંચાલક જે અદ્ભુત શક્તિ ધરાવે છે એ 'तद्वनं'. સર્વ જગતને વંદનીય ઉપાસ્ય દેવ છે. તેથી એની ઉપાસના પણ એને 'એક માત્ર વંદનીય ઉપાસ્ય દેવ' સમજીને કરવી જોઈએ.

**(૩૬) ગોપીચંદન ધારણ વિધિ :**

વાસુદેવ ઉપ.માં શરૂઆતમાં ગોપીચંદનની કથા જણાવી છે. આ ગોપીચંદન ગોમતીતીર્થમાં જે ચક્ર છે. તેમાં ભગવાને ભક્તોનાં કલ્યાણની ઇચ્છાથી લાવીને પ્રતિષ્ઠિત કરેલ છે. તે પીતવર્ણનું છે અને તેને ધારણ કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

આ ગોપીચંદનને સર્વ પ્રથમ નમસ્કાર કરવા જોઈએ, પ્રાર્થના કરવી જોઈએ કે, તમને હું ધારણ કરું છું. તમે મને મુક્તિ આપનાર બનજો.[180]

ગોપીચંદનની પ્રાર્થના બાદ ઋગ્વેદનાં इमं मे गङ्गे...।[181] એ મંત્ર દ્વારા જલ ગ્રહણ કર્યા બાદ विष्णोर्नु कं...।[182] એ મંત્રથી ચંદનને મસળવું જોઈએ. ત્યારપછી ડાબા હાથમાં રાખી માથે જમણો હાથ ઢાંકી સંપૂટ કરીને તેને 'अतो देवा अवन्तु नो...।[183] વગેરે મંત્રોથી તેમજ વિષ્ણુ ગાયત્રીથી[184] અભિમંત્રિત કરવું જોઈએ. અભિમંત્રિત કરીને દ્વારકાધીશ ભગવાનનું શરણ ગ્રહણ કરી રક્ષા કરવાની પ્રાર્થના કરવી જોઈએ. આ પ્રમાણે શંખ–ચક્ર ગદાધારી એવા મારું ધ્યાન ધરીને ગૃહસ્થએ અનામિકા દ્વારા કપાળ, ઉદર, હૃદય, કંઠ બન્ને ભુજાઓ, બન્ને કુક્ષિ, કાન, પીઠની પાછળનો ભાગ, ગરદનની પાછળ તથા મસ્તક એ બાર સ્થાનો ઉપર ચંદન ધારણ કરવું. આ જગ્યાએ ચંદન ધારણ કરતી વેળાએ વિષ્ણુગાયત્રી અથવા કેશવ[185] વગેરે બાર નામોનો જપ કરવો. બ્રહ્મચારી અને વાનપ્રસ્થએ અનામિકા દ્વારા જ લલાટ, કંઠ, હૃદય અને બાહૂમૂલમાં વિષ્ણુગાયત્રી અથવા કૃષ્ણ વગેરે પાંચ[186] નામોથી ચંદનને ધારણ કરવું. સંન્યાસીએ તર્જનીથી મસ્તક, લલાટ તથા હૃદય ઉપર પ્રણવનાં ઉચ્ચાર સાથે ચંદનને ધારણ કરવું.

પરમહંસ સંન્યાસીને માટે ચંદન ધારણની વિશેષ વિધિ દર્શાવતા ભગવાન વાસુદેવ જણાવે છે કે; "તેમણે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણ મૂર્તિઓ ભૂ: ભુવ: સ્વ: એ ત્રણ વ્યાહૃતિઓ ગણ–છન્દ, માત્રા–છન્દ તથા અક્ષર–છન્દ એ ત્રણ છન્દો; ઋક્ યજુ: અને સામ એ ત્રણ વેદ; હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એ ત્રણ સ્વર; આહ્વનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ એ ત્રણ અગ્નિઓ; ચન્દ્ર, સૂર્ય, અગ્નિ એ ત્રણ જ્યોતિષ્માન; ભૂત, વર્તમાન, ભવિષ્ય એ ત્રણ કાલ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ; ક્ષર, અક્ષર, પરમાત્મા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ત્રણ આત્મા; ત્રણેય पुण्ड्र–अकार, उ कार, म कार એ પ્રણવની ત્રણ માત્રાઓ. આ બધુ પ્રણવ સ્વરૂપ અને ત્રણેય ઉર્ધ્વપુણ્ડ્રનાં સ્વરૂપ છે; તેથી ગોપીચંદનની ત્રણેય રેખાઓ એકત્રિત થઈને ૐનાં રૂપમાં એક થઈ જાય છે. અથવા પરમહંસ સંન્યાસી પ્રણવ દ્વારા એક જ ઉર્ધ્વપુણ્ડ્ર લલાટ ઉપર ધારણ કરી ત્યાં દીપકના પ્રકાશ સમાન પોતાના આત્માને જોતાં તથા "હું જ બ્રહ્મ છું" એવી ભાવના કરતાં–કરતાં મારું સાયુજ્ય પ્રાપ્ત કરે છે. કુટીચક, ત્રિદંડી, બહૂદક વગેરે સંન્યાસી હૃદય ઉપર ઉર્ધ્વપુણ્ડ્રની મધ્યમાં અથવા હૃદય કમલની મધ્યમાં પોતાના આત્મતત્ત્વની ભાવના કરે. આ આત્મતત્ત્વની હૃદયની અંદર ભાવનારૂપ અભ્યાસ કરતાં–કરતાં મારી પરમ હરિરૂપથી ભાવના કરે. જે એકાગ્ર મનથી અદ્વૈત હરિરૂપનું પોતાનાં આત્મસ્વરૂપે ધ્યાન કરે છે તે ચોક્કસ મુક્તિને પામે છે. કારણ કે હું એક જ વિષ્ણુ અનેક રૂપોથી જંગમ તથા સ્થાવર ભૂતોમાં પણ ઓતપ્રોત થઈને તેનાં આત્મરૂપથી નિવાસ કરું છું. ગીતામાં પણ પરા–અપરા પ્રકૃતિનું વર્ણન કરતાં શ્રી કૃષ્ણ ભગવાન આ જ બાબત જણાવે છે.

તલમાં તેલ, દૂધમાં ઘી જેમ રહેલું હોય છે, તેમ હું સંપૂર્ણ જગતમાં જે કાંઈ દેખાય છે, સંભળાય છે તેની અંદર અને બહારથી વ્યાપ્ત કરીને હું જ તેનાં રહેલો છું, તેમ છતાં હું દેહથી રહિત, સૂક્ષ્મ, જ્ઞાન સ્વરૂપ અદ્વૈત પરમ બ્રહ્મ છું.

આ અદ્વૈત પરમબ્રહ્મનું બન્ને ભ્રમરની મધ્યમાં તેમજ હૃદયમાં ચેતનાને પ્રકાશિત કરનાર શ્રી હરિનું ચિંતન કરે તેમજ તે સ્થાનો ઉપર ગોપીચંદનનું તિલક કરે. આ રીતે કરનાર સંન્યાસી ઉર્ધ્વચતુષ્ટયને જાણીને–ઉર્ધ્વદંડી, ઉર્ધ્વરેતા (બ્રહ્મચારી), ઉર્ધ્વપુણ્ડ્ર તથા ઉર્ધ્વયોગ–પરમપદને પ્રાપ્ત કરે છે.

આ રીતે ગોપીચંદન દિવસે ધારણ કરવું અને રાત્રિએ અગ્નિહોત્રની ભસ્મથી સંપૂર્ણ શરીરને મસળવું. આ ભસ્મ 'अग्नेर्भस्मासि०'[૧૭૪] એ મંત્રથી લેવી; 'इदं विष्णु'[૧૭૫] એ મંત્રથી મસળવી તેમજ 'त्रीणि पदा०'[૧૭૬] વગેરે મંત્રથી વિષ્ણુ ગાયત્રીથી અને જો સાધુ હોય તો પ્રણવથી ધારણ કરવી..

આ ગોપીચંદન ધારણનું ફળ દર્શાવતા ભગવાન વાસુદેવ જણાવે છે કે તેને એકાગ્ર ભક્તિ પ્રાપ્ત થાય છે. તેને જો ગોપીચંદન પ્રાપ્ત ન થાય તો તુલસીજીના મૂળની માટીનું લેપન કરવું. જે આ પ્રમાણે શરીરે ગોપીચંદન અથવા ગોપીચંદનનાં અભાવે તુલસીજીનાં મૂળની માટી શરીરે લગાડી છે, તેનું શરીર વજ્રથી પણ કઠોર બની જાય છે. જે ગોપીચંદન ધારણ કરે છે અથવા આ ઉપ. (વાસુદેવ ઉપ.) નું અધ્યયન કરે છે તે સર્વ મહાપાતકોમાંથી મુક્ત બની પવિત્ર થાય છે. તેને બધાં તીર્થો તેમજ યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે અને મારા પરમપદને પ્રાપ્ત કરે છે.

ગોપીચંદનની શબ્દ કલ્પદ્રુમમાં સમજૂતી આપતાં જણાવ્યું છે કે, જે પોતાની ગંધથી ધારણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરનારનું રક્ષણ કરે છે. જેવી રીતે ચંદનની અંદર તેની સુગન્ધ ગોપાયમાન હોય છે તેવી રીતે તે ધારણ કરનારનું ગોપનીય રીતે રક્ષણ કરે છે.[151]

**(૩૭) ભસ્મ ધારણ વિદ્યા/ઉપાસના :**

सद्योजातादि[152] એ પંચ બ્રહ્મ મન્ત્રથી ભસ્મને ગ્રહણ કરવી તેમ જણાવી વિગતવાર ભસ્મ ધારણની વિધિ દર્શાવે છે.

अग्निरिति[153] એ મંત્રથી ભસ્મને અભિમંત્રિત કરવી. आपो.....[154] એ મંત્રથી તેમાં જળ ઉમેરવું. मा नस्तोके[155] એ મંત્રથી ધારણ કરવી. त्र्यायुषं[156] એ મંત્રથી મસ્તક લલાટ, છાતી અને ખભા ઉપર તેમજ त्र्यायुषं અને त्र्यंबक[157] એ મંત્રોથી ત્રણ-ત્રણ રેખા કરવી આ ભસ્મ-ધારણ વિધિને શાંભવ-વ્રત કહે છે જે વેદોમાં વેદજ્ઞોને માટે દર્શાવવામાં આવ્યું છે.[158] જેનાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે.

લલાટે કેશવ, ઉદરે નારાયણ, હૃદયે માધવ, કંઠ સ્થાને ગોવિંદ ઉદરના દક્ષિણ ભાગમાં વિષ્ણુ બાહુની વચ્ચમાં મધુસુદન કર્ણ પ્રદેશમાં ત્રિવિક્રમ વામકુક્ષીમાં વામન, વામ બાહુમાં શ્રીધર, કર્ણમાં હૃષીકેશ; પાછળના/પૃષ્ઠ ભાગમાં દામોદર, કુકુદમાં દામોદરને સ્મરવા અને ઉર્ધ્વ ત્રિપુંડ ધારણ કરવું. આ ઉર્ધ્વ ત્રિપુંડ ચંદનનું/હરિદ્રાચૂર્ણનું રામાનુજ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

પૂજ્યપાદ ગુરુદેવે નિત્ય સંધ્યા વંદનાદિમાં આ વિધિથી જ ભસ્મ-ધારણ કરવાનું જણાવેલ છે.

આ વિધિને સનત્કુમાર ॐ કાર સાથે સરખાવતાં જણાવે છે કે; પ્રથમ રેખા ગાર્હપત્ય અગ્નિ, રજોગુણ, 'अ' કાર પૃથ્વી લોક, ક્રિયાશક્તિ, ઋગ્વેદ, પ્રાતઃ સવન રૂપ છે અને પ્રજાપતિ તેના દેવતા છે.

દ્વિતીય રેખા દક્ષિણાગ્નિ 'उ' કાર સત્ત્વગુણ અંતરિક્ષલોક, અંતરાત્મા, ઇચ્છા શક્તિ, યજુર્વેદ, માધ્યન્દિન સવન રૂપ છે. વિષ્ણુ તેમના દેવતા છે.

ત્રીજી રેખા આહવનીય અગ્નિ 'म' કાર તમોગુણ, દ્યૌ લોક, પરમાત્મા, જ્ઞાન શક્તિ, સામવેદ, તૃતીય સવનરૂપ છે અને મહાદેવ તેમના દેવતા છે.[159]

આ શાંભવવ્રતમાં પરોક્ષ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણેય દેવોની ઉપાસના આવી જાય છે. જે ત્રિદેવના સિદ્ધાન્તને સમર્થન આપે છે.

આ આત્મજ્ઞાન પડાનને તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત કર્યું હતું.

શિવ મહાપુરાણ અને દેવી ભાગવતમાં પણ ભસ્મ ધારણનું મહત્ત્વ સમજાવેલું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રિપુંડ ત્રણ ગુણવાળું છે, अ કાર અનામિકા; उ કાર મધ્યમા અને म કાર તર્જની છે. અનુક્રમે સત્ત્વ–રજ–તમનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી ભાલ વગેરે જગ્યાએ હંમેશાં ભસ્માનું ત્રિપુંડ ધારણ કરવું જોઈએ.[૧૭૦] સ્ત્રી વગેરે પણ જો ભસ્મને ધારણ કરે તો તે પણ મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે.[૧૭૧]

ભસ્મ ધારણ કરનારને જે દાન આપે છે, તેનાં બધાં પાપો નાશ પામે છે.[૧૭૨] હંમેશાં દ્વિજે ભસ્મધારણ કરવી અને ત્રણેય સંધ્યા સમયે ત્રિપુંડ કરવાથી સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે અને શિવલોક પ્રાપ્ત થાય છે.[૧૭૩] ગૃહસ્થ, વાનપ્રસ્થ, બ્રહ્મચારી કે સંન્યાસી ભસ્મ–સ્નાન કરવાથી મોક્ષને પામે છે. આ ભસ્મને દેવોએ મંગલ માટે, પવિત્રતા માટે અને રક્ષાને અર્થે ધારણ કરી હતી. આ ભસ્મ તાવથી રક્ષા કરે છે. પિશાચાદિથી રક્ષા કરે છે. કુષ્ઠ, ગુલ્મ, ભગંદર વગેરે રોગોનો નાશ કરે છે. પિત્તરોગ, વાત શ્લેષ્મ વગેરે રોગનો નાશ કરે છે તેનજ વ્યાઘ્ર ચોર વગેરેથી રક્ષણ કરે છે.[૧૭૪] "અગ્નિઃ" વગેરે મંત્રોથી ભસ્મને શુદ્ધ કરવી જોઈએ.[૧૭૫] અને પછી ધારણ કરવી જોઈએ. ગાયત્રી જપ ભસ્મ ધારણ કર્યા વગર કરવામાં આવે તો નિષ્ફળ જાય છે.[૧૭૬] ભસ્મ ધારણ વગર શિવપૂજા કરવી તે શિવજીનો દ્વેષ કરવા બરાબર છે, તેથી નરક પ્રાપ્ત થાય છે. તેથી દરેક કર્મ ભસ્મ ધારણ ન કરનાર માટે વર્જિત છે.

શિવ મહાપુરાણમાં શ્રૌત, સ્માર્ત અને લૌકિક એમ ત્રણ પ્રકારની ભસ્મ ગણાવી છે. શ્રૌત–સ્માર્ત ભસ્મ દ્વિજને માટે અને લૌકિક ભસ્મ સર્વેને માટે છે. અગ્નિહોત્ર કે અન્ય યજ્ઞમાંથી ગ્રહણ કરેલી ભસ્મને ગાયના દૂધમાં મસળાવી, જળથી સ્વચ્છ કરી શોધન–કરી–ભસ્મનું ત્રિપુંડ ધારણ કરવું જોઈએ.[૧૭૭]

## (૩૮) બલા અતિબલા વિદ્યા :[૧૭૮]

સાવિત્રી ઉપ.માં ગાયત્રી ઉપાસના બાદ બલિ–અતિબલિ નામની બે વિદ્યાઓનું વર્ણન કરે છે. શરૂઆતમાં તેનાં ઋષિ, દેવતા વગેરે વિશે કહે છે.

ઋષિ વિરાટ્ પુરુષ છે. છન્દ અને દેવતા ગાયત્રી છે. 'અ' કાર બીજ છે, 'ઉ' કાર શક્તિ છે. 'મ' કાર કીલક છે. ક્ષુધા વગેરેના નિવારણ અર્થે તેનો વિનિયોગ છે.

"ક્લીં"ના માધ્યમથી ષડાઙ્ગ ન્યાસ કરતા જોઈએ. ૐ ક્લીં હૃદયાય નમઃ, ૐ ક્લીં શિરસે સ્વાહા, ૐ ક્લીં શિખાયૈ વષટ્, ૐ કવચાય હુમ્, ૐ ક્લીં નેત્રત્રયાય વૌષટ્, ૐ ક્લીં અસ્ત્રાય ફટ્.

**ધ્યાન :** હું તે બલા–અતિબલા વિદ્યાઓના દેવતાઓનો હંમેશાં અનુભવ કરું છું. જે સૂર્ય સમાન ચમકતા શરીરવાળા, પ્રણવ સ્વરૂપ, કિરણાત્મક, વેદોનાં સારરૂપ, પાપોનો નાશ કરવામાં હોંશિયાર, સર્વ તરફની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંજીવની શક્તિઓથી અધિષ્ઠિત છે અને જેનાં હાથ અમૃતથી ભરેલ છે. તે બલિ અને અતિબલિ બન્ને વિદ્યાઓનાં દેવતાઓનો મન્ત્ર આ પ્રકારે છે.

ૐ હ્રીં બલે મહાદેવી, હ્રીં મહાબલે, ક્લીં ચતુર્વિધ પુરુષાર્થની સિદ્ધિ આપનારી, "તત્સવિતુઃ" વરદાન આપનાર "હ્રીં વરેણ્યં ભર્ગો દેવસ્ય" વરદાન આપનાર, હે અતિબલે; સર્વને માટે દયામૂર્તિરૂપ બલે 'सर्वक्षुच्छ्रमोपनाशिनी' धीमहिधियो यो नर्जाते प्रचुर्य या प्रचोदयात्मिके प्रणवशिरस्कात्मिके हुं फट् स्वाहा ।

આ પ્રમાણે આ બન્ને વિદ્યાને જાણનાર સાવિત્રી દેવીના લોકમાં પહોંચવાના સામર્થ્યવાળો બની જાય છે.

અંતમાં જે પ્રાર્થના અને વર્ણન છે. તેને આધારે સ્પષ્ટ રીતે કહી શકાય કે; આ ગાયત્રી મન્ત્રની જ ઉપાસના છે. કારણ કે ગાયત્રી મન્ત્ર જ સર્વ શક્તિઓનો પ્રેરણા સ્રોત છે. તે જ બ્રહ્મ છે.

## (૩૯) આનુષ્ટુભી વિદ્યા :

તપને અંતે વ્યક્તરૂપ પ્રજાપતિ આનુષ્ટુભી વિદ્યાનું દર્શન કરે છે. તે પરમ વિદ્યા છે. તેનાં દરેક અંગોમાં મન્ત્ર છે. એમાં જ બ્રહ્મની પ્રતિષ્ઠા છે. તેમાં વિશ્વદેવોની પ્રતિષ્ઠા છે. જે દરેક વેદને જાણે છે; પરંતુ આ વિદ્યાને જાણતાં નથી. તો વેદને જાણવાનો શો અર્થ ? તેને જાણવાની જ જિજ્ઞાસા કરવી જોઈએ. તેની ઋચાઓમાં ગાયત્રી રહેલું છે, પરંતુ સર્વ પ્રથમ ઓંકારનું જ્ઞાન કરવું જોઈએ, હજારો અક્ષરો તેમાં જ સમાયેલા છે. ત્યારબાદ જ્યોતિર્મય, તેજસ્વી/શ્રિયને આશ્રિત લિંગ, સુપર્ણ રથ, શેષનાં ફણાથી આચ્છાદિત મસ્તક, મૃગ સમાન મુખ, નરપશુ, શશિ, સૂર્ય, અશ્વનું વાહન અને ત્રણ નયનવાળા પરમતત્ત્વને જોઈને પ્રજાપતિએ તેને નમસ્કાર કર્યા. આ નૃસિંહરૂપ પરમતત્ત્વ મહાવિષ્ણુનું જ સ્વરૂપ છે. તે સંપૂર્ણ સૃષ્ટિને વ્યાપીને રહેલા છે. તેનાં ભયને કારણે જ સૂર્ય પ્રકાશે છે, ચંદ્ર ઊગે છે, વાયુ વાય છે, વરસાદ વર્ષે છે.[૧૭૯]

વ્યક્તરૂપ પ્રજાપતિએ તે અવ્યક્તરૂપ પરમતત્ત્વને જણાવ્યું કે; 'હું તમારો પ્રિય છું મને શું આજ્ઞા છે?" તને જ મને જગત્ સૃષ્ટિની રચના કરવાનો ઉપાય કહો; કારણ કે હું તે માટે શક્તિમાન નથી. ત્યારે અવ્યક્તરૂપ પરમતત્ત્વ જણાવે છે કે, જે આનુષ્ટુભી વિદ્યા દ્વારા પરમતત્ત્વને જાણી લે છે, તે દરેક કાર્ય કરવા શક્તિશાળી બની જાય છે. એટલું જ નહિ તે સર્વ લોકને પ્રાપ્ત કર્યા બાદ મને પ્રાપ્ત કરે છે અને પુનર્જન્મને પ્રાપ્ત કરતો નથી.[૧૮૦]

[૧૮૧]તેણે પ્રણવ સાથે ઋચાઓનો ઉચ્ચાર કરી, ધ્યાન ધરી, આત્માનો આત્મારૂપી અગ્નિમાં હોમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવો જોઈએ. અર્થાત્ પોતે જ પોતાનું ધ્યાન કરવું જોઈએ. એટલે કે પોતાના આત્મામાં જ સ્થિત રહેવું જોઈએ. આ રીતે ધ્યાન કરનાર સર્વ જગ્યાએ સર્વ કાર્ય કરવા શક્તિશાળી બને છે, સર્વજ્ઞ અનંત શક્તિ-વાળો બને છે અને અંતે સર્વલોકને જીતીને પરમતત્ત્વને પામે છે.

ઉપ.માં પરબ્રહ્મને પ્રાપ્ત કરવા માટે વિવિધ ઉપાસનાઓ આપવામાં આવી છે. જે વિદ્યા તરીકે પણ પ્રસિદ્ધ છે. આ ઉપાસનાઓમાં ઓંકાર, આદિત્ય, ગાયત્રી; હૃદય સ્થિત બ્રહ્મ, આત્મા જ બ્રહ્મ મુખ્ય છે. મોટાભાગની ઉપાસના સૂર્ય અને વાયુ સાથે સંકળાયેલી છે. સૂર્ય પ્રાણ શક્તિ આપનાર છે. પ્રાણ એ જ વાયુ છે. વાયુ અને સૂર્યની ઉપાસનાથી શક્તિ પ્રાપ્ત કરી શકાય છે. ગાયત્રી ઉપાસના દ્વારા સૂર્યની જ ઉપાસના છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૫
# સામવેદનાં ઉપનિષદોમાં ઉપાસના

**અંત્યનોંધ :**

(૧) उपासनं नाम यथाशास्त्रमुपास्यस्यार्थस्य विषयीकरणेन सामीप्यमुपगम्य तैलधारावत् समानप्रत्ययप्रवाहेण दीर्घकालं यदासनं तदुपासनमाचक्षते ॥

— गीता - शां. भा. अ. १२.३

(२) सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत ।

— छा. उप. ३.१४.१

(૩) नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।

नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥

— कठो. १.२.२३

(૪) उपासना(स्त्री) उपासनमिति । उप + आस् + युच् + टाप् सेवा, परिचर्या इति अमरः ।

— शब्द कल्पद्रुमः प्रथम भाग पृ. २६३

(૫) ન.દ. મહેતા— ઉપ. વિચારણા પૃ.૧૪૨

(૫) (અ) तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति । अथ परा यया तदक्षरमधिगम्यते ॥

— मुण्डको. १.५

(૬) उपसंगम्य बुद्ध्या यदासनं देवतादिषु ।

तदुपासनमंतः स्यात्तद्बहिः संपदादयः ॥

— शिव गीता- १२.१४

(૭) ન.દ.મહેતા, ઉપ. વિચારણા, પૃ.૧૪૪

(૮) डॉ. राधाकृष्णन्, उप. की भूमिका-१३१

(૯) शब्द कल्पद्रुम-२६३; वेदान्तसार श्री सदानंद योगीन्द्र, पृ-२६

...नित्यान्यकरणे प्रत्यवायसाधनानि सन्ध्यावन्दनादीनि ।



For Private And Personal Use Only

(१०) गायत्र्युपासना नित्या सर्व्ववेदै: समीरिता ।

यया विना त्वधःपातो ब्राह्मणस्यास्ति सर्व्वथा ॥

— देवीभागवत

(११) પ્રા. નલિન ભટ્ટ. छा. उप. भाष्य पृ. २ थी ३

(१२) सुश्री देवी आचार्या, वेदवाणी विशेषाङ्क-२४४

(१३) यथाभिमतध्यानाद् वा । पातञ्जल योगदर्शन

(१४) छा. उप. अ. ७

(१५) न.द.મહેતા– ઉપ. વિચારણા પૃ.૧૫૧–૧૫૨

(१६) पं. रामशर्मा आचार्य १०८ उपनिषद(साधना खण्ड), अमुख - पृ. ६३

(१६) (અ) न वै देवा अश्नन्ति न पिबन्त्येत दृष्ट्वा तृप्यन्ति

— छा. उप. ३-६-१

(१७) तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद । नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ॥

— छा. उप. १-१-१०

(१८) आत्मानमन्तत उपसृत्य स्तुवीत कामं ध्यायन्नप्रमत्तोऽभ्याशो ह यदस्मै स कामः समृध्येत यत्कामः स्तुवीतेति यत्कामः स्तुवीतेति

— छा. उप. १-३-१२

(१९) ન. દ. મહેતા. વિચારણા પૃ. ૧૫૧થી ૧૫૨

(२०) यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।

— गीता अ. ३ २१

(२१) उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।

सङ्करस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ।

गीता अ. ३-२४

(२२) શ્રી યોગેશ્વર. ઉપ.નું અમૃત–પૃ.૨૦

(२३) तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था ।

विद्यतेऽयनाय ॥

— यजुर्वेद ३१.१८



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२४) स एते ब्रह्मलोके तं वा एतं देवा आत्मानमुपासते तस्मात्तेषां सर्वे च लोका आत्ताः सर्वे च कामाः स सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान्यस्तमात्मानमनुविद्य विजानातीति ह प्रजापतिरुवाच प्रजापतिरुवाच ।

— छा. उप. ८.१२-६

(२५) लभते च ततः श्रद्धया युक्तस्तस्याराधनमीहते ॥

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।

देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥

— गीता अ. ७.२२-२३

(२६) ब्रह्मविद् ब्रह्मैव भवति ॥

(२७) कल्याण उपासना अङ्क, पृ. २३

(२८) तस्मात्प्रणम्य प्रणिधाय कायं, प्रसादये त्वामहमीशमीड्यम् ।

पितेव पुत्रस्य सखेव सख्युः, प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥

— गीता- ११-४४

(२९) मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।

स्व-स्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥

— श्रीमद् शं. विवेकचूडामणि ३२

(२९) (अ) चतुर्विधा तु या मुक्तिर्मदुपासनया भवेत् ।

— मुक्तिको. १.२२

(३०) महाकवि कालिदास; अभिज्ञान शाकुन्तलम् । अङ्क २/७

(३१) उपासना अङ्क-कल्याण अङ्क; पृ- ९ वर्ष ४२

(३२) शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।

नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।

उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥

— गीता अ. ६. ११-१२

(३३) सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीताथ खलु क्रतुमयः पुरुषो यथा क्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मनोमयः प्राणशरीरो भारूपः सत्यसंकल्प आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः ॥

— छा. उप. ३.१४.१-२

पुनः स तमुवाच तदुपासनादिति ।

— जाब लि-१

(३४) श्री विनोबा भावे ઉપ.નો અભ્યાસ પૃ. ४४

(३५) एषां भूतानां पृथिवी रसः पृथिव्या आपो रसोऽपामोषधयो रस ओषधीनां पुरुषो रसः पुरुषस्य वाग्रसो वाच ऋग्रस ऋचः साम रसः साम्न उद्गीथः रसः ॥

आपयिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्ते ॥

तद्वा एतदनुज्ञाक्षरं यद्धि किंचानुजानात्योमित्येव तदा हैष एव समृद्धिर्यदनुज्ञा समर्धयिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्ते ॥

तेनेयं त्रयी विद्या वर्तते ओमित्याश्रावयत्योमिति शंसत्योमित्युद्गायत्येतस्यैवाक्षरस्यापचित्यै महिम्ना रसेन ॥

— छा. उप. १.१.७-९

(३६) तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद ॥ नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ।

— छा. उप. १-१-१०

(३७) श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।

ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

— गीता ४-३९

(३८) तस्मादोमित्युदाहृत्य, यज्ञदान तपः क्रियाः ।

प्रवर्तन्ते विधानोक्ताः, सततं ब्रह्मवादिनाम् ॥

— गीता १७-२४

(३९) तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद ।

नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ॥

— छा. उप. १.१.१०

(४०) ॐकार अथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरः सरः ।...॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(४१) छा. १.१, ६-७

(४२) छा. उप. १.१.२

(४३) द्यौरेवोदन्तरिक्षं गीः पृथिवी थमादित्य एवो द्वायुर्गीरग्निस्थं स मवेद यजुर्वेदो गीः ऋग्वेदस्थं दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहोऽन्नवानन्नादो भवति य एतान्येवं विद्वानुद्गीथाक्षराण्युपास्त उद्गीथ इति ॥

— छा. उप. १.३.७

(४४) तान्यभ्यतपत्तेभ्योऽभितप्तेभ्य ॐकारः संप्रास्त्रवत्तद्यथा शङ्कुना सर्वाणि पर्णानि संतृण्णान्येवमोंकारेण सर्वा वाक् संतृण्णोंकार एवेदं सर्वमोंकार एवेदं सर्वम् ॥

— छा. उप. २.२३.३

(४५) सर्वे स्वरा इन्द्रस्यात्मानः सर्वे ऊष्माणः प्रजापतेरात्मानः सर्वे स्पर्शा मृत्योरात्मानस्तं यदि स्वरेषूपालभेतेन्द्रं शरणं प्रपन्नो अभूवं स त्वा प्रतिवक्ष्यती त्येनं ब्रूयात् ॥

— छा. उप. २-२२-३; मनुस्मृति २-७६

(४६) ओमित्येदक्षरमिदम्
सर्वं ओंकार एव
तदप्योंकार एव
सर्वं ह्येतद् ब्रह्म
अयं आत्मा ब्रह्म

(४७) माण्डूक्यो.......

(४८) एषा एव समृद्धिर यदनुज्ञा...।

— छा. उप. १-१-८

(४८) श्री विनोबाभावे, ઉપ.નો અભ્યાસ પૃ. ૨૯

(४९) छा. उप. १-३-७

(५०) श्री विनोबा भावे, ઉપ.નો અભ્યાસ પૃ. ૨૫

(५१) श्री कल्याण उपासना विशेषाङ्क पृ. ६४

(५२) तस्य वाचकः प्रणव....।

— पतञ्जलि

(५३) त्वं स्वाहा त्वं स्वधा त्वं हि वषट्कारः स्वरात्मिका ।
सुधा त्वमक्षरे नित्ये त्रिधा मात्रात्मिका स्थिता ॥

— दुर्गासप्तशती – (रात्रिसूक्तम्-२)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫૪) ओमित्येकाक्षरं ब्रह्म.....॥

— गीता ८.१३

(૫૫) શ્રી વિનોબાભાવે ઉપ.નો અભ્યાસ પૃ. ૭૮–૮૧.

(૫૬) भूर्भुवः स्वरिमे लोकाः सोमसूर्याग्निदेवताः ।

यस्य मात्रासु तिष्ठन्ति तत्परं ज्योतिरोमिति ॥

क्रिया इच्छा तथा ज्ञानं ब्राह्मी रौद्री न वैष्णवी ।

त्रिधा मात्रास्थितिर्यत्र तत्परं ज्योतिरोमिति ॥

वचसा तज्जपेन्नित्यं वपुषा तत्समभ्यसेत् ।

मनसा तज्जपेन्नित्यं तत्परं ज्योतिरोमिति ॥

शुचिर्वाप्यशुचिर्वापि यो जपेत्प्रणवं सदा ।

न स लिप्यति पापेन पद्मपत्रमिवाम्भसा ।

— श्री योगचूडामणि उप. ८५-८८

(૫૭) वर्णत्रयात्मकाः प्रोक्ता रेचपूरककुम्भकाः ।

स एष प्रणवः प्रोक्तः प्राणायामस्तु तन्मयः ॥

इडया वायुमाकृष्य पूरयित्वोदरे स्थितम्

शनैः षोडशभिर्मात्रैरकारं तत्र संस्मरेत् ॥

पूरितं धारयेत्पश्चाच्चतुःषष्ट्या तु मात्रया ।

उकारमूर्तिमत्रापि संस्मरन्प्रणवं जपेत् ॥

यावद्वा शक्यते तावद्धारयेज्जपतत्परः ।

पूरितं रेचयेत्पश्चान्मकारेणानिलं बुधः ॥

शनैः पिङ्गलया तत्र द्वात्रिंशन्मात्रया पुनः ।

प्राणायामो भवेदेव ततश्चैवं समभ्यसेत् ॥

पुनः पिङ्गलयापूर्य मात्रैः षोडशभिस्तथा ।

अकारमूर्तिमत्रापि स्मरेदेकाग्रमानसः ॥

धारयेत्पूरितं विद्वान्प्रणवं संजपन्वशी ।

उकारमूर्तिं स ध्यायंश्चतुःषष्ट्या तु मात्रया ॥



For Private And Personal Use Only

मकारं तु स्मरन्पश्चाद्रेचयेदिडयानिलम् ।

एवमेव पुनः कुर्यादिडयापूर्य बुद्धिमान् ॥

एवं समभ्यसेन्नित्यं प्राणायामं मुनीश्वर ।

एवमभ्यासतो नित्यं षण्मासाद्यत्नवान्भवेत् ॥

वत्सराद्ब्रह्मविद्वान्स्यात्तस्मान्नित्यं समभ्यसेत् ।

योगाभ्यासरतो नित्यं स्वधर्मनिरतश्च यः ॥

— श्री जा. द. उप. ६.२-११

(५८) सर्वकारणमव्यक्तमनिरुप्यमचेतनम् ।

साक्षादात्मनि संपूर्णं धारयेत्प्रणवेन तु ।

इन्द्रियाणि समाहृत्य मनसात्मनि योजयेत् ।

— श्री जा. द. उप. ८.९

(५९) द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं चामूर्तं चाथ यन्मूर्तं तदसत्यं यदमूर्तं तत्सत्यं तद्ब्रह्म यद्ब्रह्म तज्ज्योतिर्यज्ज्योतिः स आदित्यः स वा एष ओमित्येतदात्मा स त्रेधात्मानं व्यकुरुत ओमिति तिस्रो मात्रा एताभिः सर्वमिदमोतं प्रोतं चैवास्मिन्नित्येवं ह्याहैतद्वा आदित्य ओमित्येवं ध्यायंस्तथात्मानं युञ्जीतेति ॥

अथान्यत्राप्युक्तमथ खलु य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इत्यसावादित्य उद्गीथ एष प्रणव इत्येवं ह्याहोद्गीथः प्रणवाख्यं प्रणेतारं नामरूपं विगतनिद्रं विजरमविमृत्युं पुनः पञ्चधा ज्ञेयं निहितं गुहायामित्येवं ह्याहोर्ध्वमूलं वा अव्ब्रह्मशाखा आकाशवाय्वग्न्युदकभूम्यादय एकोऽश्वत्थनामैतद्ब्रह्म तत्रस्यैतत्तेजो यदसावादित्य ओमित्येतदक्षरस्य चैतत्तस्मादोमित्यनेनैतदुपासीताजस्रमित्येकोऽस्य रसं बोधयति इत्येवं ह्याहैतदेवाक्षरं पुण्यमेतदेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥

— मैत्रा. ६.३-४

(६०) छा. उप. १-१-२

(६१) प्रा. नलिन भट्ट, छा. उप. भाष्य पृ. २-३

(६२) कल्याण उप. विशेषाङ्क पृ. ४५

(६३) छा. उप. १,१,७

(६४) आपयिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्त इत्यध्यात्मम् ॥

— छा. उप. १-१-१४

(६५) अथाधिदैवतं य एवासौ तपति तमुद्गीथमुपासीतोद्यन्वा एष प्रजाभ्य उद्गायति । उद्यंस्तमो भयमपहन्त्यपहन्ता ह वै भयस्य तमसो भवति य एवं वेद ॥

— छा. उप. १-३-१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(६६) छा. उप. १-३-२

(६७) छा. उप. १.३.३-४

(६८) तिस्त्र: एव देवता: इति नैरुक्ता: । अग्नि पृथिवीस्थान: । वायुर्वा इन्द्रो वा अन्तरिक्षस्थान: । सूर्यो द्युस्थान: ॥

— यास्कमुनि. निरुक्त-७.२.५

(६९) अथ खलु य उद्गीथ: स प्रणवो य: प्रणव: स उद्गीथ इति होतृषदनाद्धैवापि दुरुद्गीतमनुसमाहरतीत्यनुसमा-- हरतीति ॥

— छा. उप. १.५.२-३-५

(७०) तद्यथर्क्च साम च गेष्णौ तस्मादुद्गीथस्तस्मात्त्वेवोद्गातैतस्य हि गाता । स एष ये चामुष्मात्पराञ्चो लोकास्तेषां चेष्टे देवकामानां चेत्याधिदैवतम् ॥

— छा. उप. १.६.७ ८

(७१) अथ य एतदेवं विद्वान्साम गायत्युभौ स गायति सोऽमुनैव स एष ये चामुष्मात्पराञ्चो लोकास्तांश्चाप्नोति देवकामांश्च ॥

— छा. उप. १.७.१.५.६-७

(७२) यावत्त एनं प्रजायामुद्गीथं वेदिष्यन्ते परोवरीयो हैभ्यस्तावदस्मिँल्लोके जीवनं भविष्यति ॥

— छा. उप. १.९.१-२-३

(७३) छा. उप. १.११

(७४) छा. उप. अ.६

(७५) ओ३मदा३मों३पिबा३मों३देवो वरुण: प्रजापति: सविता३न्नमिहा३हरदन्नपते३न्नमिहा३हरा३हरो३मिति ॥

— छा. उप. १.१२.५

(७६) પ્રા. નંદીન ભટ્ટ, છા. ઉપ. ભાષ્ય પૃ. ૩૪

(७७) छा. उप. १.१३

(७८) छा. उप. २.१

(७९) छा. उप.२.२, २.३

(८०) छा. उप. २.४

(८१) छा. उप. २.५.६-७ खण्ड

(८२) छा. उप. २.८

(८३) छा. उप. २.९



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮૪) छा. उप. २.१०; पं. विष्णुदेव सामवेद गान पा. भा. वि. पृ. ६८३

(૮૫) ॐ असौ वा आदित्यो देवमधु तस्य द्यौरेव तिरश्चीनवंशोऽन्तरिक्षमपूपो मरीचयः पुत्राः ॥

तस्य ये प्राञ्चो रश्मयस्ता एवास्य प्राच्यो मधुनाड्यऋच एव मधुकृत ऋग्वेद एव पुष्पं ता अमृता आपस्ता वा एता ऋचः ॥

एतमृग्वेदमभ्यतपँस्तस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्यँ रसोऽजायत ॥

तद्व्यक्षरत्तदादित्यमभितोऽश्रयत्तद्वा एतद्यदेतदादित्यस्य रोहितँ रूपम् ॥४॥

— छां. उप. अ. ३.१.१-४

(૮૬) छा. उप. अ. ३.१.२

(૮૭) छा. उप. अ. ३.३, ४.५ खण्ड

(૮૮) छा. उप. अ. ६.७,८,९ खण्ड

(૮૯) छा. उप. अ. ३.१०,११,१२ खण्ड

(૯૦) પ્રા. નલિન ભટ્ટ, છા. ઉપ. ભાષ્ય પૃ. ૬૨

(૯૧) એજન પૃ. ૬૨

(૯૨) छा. उप. ३-५

(૯૩) सर्व कर्माण्यपि सदा, कुर्वाणो मद्व्यपाश्रयः ।

मत्प्रसादादवाप्नोति, शाश्वतं पदमव्ययम् ॥

— गीता अ. १८ ५६

(૯૪) પ્રા. નલિન ભટ્ટ, છા. ઉપ. ભાષ્ય પૃ. ૬૭

(૯૫) छा. उप. ३.११.३

(૯૬) પંડિત વાસુદેવ શરણ અગ્રવાલ, ઉપ. નવનીત પૃ. ૭૯ અનુ. ભટ્ટ

(૯૭) શ્રી મગનભાઈ પટેલ, ઉપનિષદ્–જ્યોતિ–ભાગ–૧ પૃ. ૨૩–૨૪

(૯૮) इयं पृथिवी सर्वेषां भूतानां मध्वस्यै पृथिव्यै सर्वाणि भूतानि मधु यश्चायमस्यां पृथिव्यां तेजोमयोऽमृतमयः पुरुषो यश्चायमध्यात्मँ शारीरस्तेजोमयोऽमृतमयः पुरुषोऽयमेव स योऽयमात्मेदममृतमिदं ब्रह्मेदँ सर्वम् ॥

इमा आपः सर्वेषां भूतानां मध्वासामपां सर्वाणि भूतानि मधु यश्चायमास्वप्सु तेजोमयोऽमृतमयः पुरुषो यश्चायमध्यात्मँ रैतसस्तेजोमयोऽमृतमयः पुरुषोऽयमेव स योऽयमात्मेदममृतमिदं ब्रह्मेदँ सर्वम् ॥

स वा अयमात्मा सर्वेषां भूतानामधिपतिः सर्वेषां भूतानाँ राजा तद्यथा रथनाभौ च रथनेमौ चाराः सर्वे समर्पिता एवमेवास्मिन्नात्मनि सर्वाणि भूतानि सर्वे देवाः सर्वे लोकाः सर्वे प्राणाः सर्व एत आत्मानः समर्पिताः ॥

— बृह. उप. २.५.१-२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(९९) छा. उप. ३.१२.१-५

(१००) छा. उप. ३.१२.६-९

(१०१) तस्या एव प्रथमः पादो भूस्तत्सवितुर्वरेण्यमित्यग्निर्वै वरेण्यमापो वरेण्यं चन्द्रमा वरेण्यम् । तस्या एव द्वितीयः पादो भर्गमयोऽपो भुवो भर्गो देवस्य धीमहीत्यग्निर्वै भर्ग आदित्यो वै भर्गश्चन्द्रमा वै भर्गः । तस्या एष तृतीयः पादः स्वर्धियो यो नः प्रचोदयादिति । स्त्री चैव पुरुषश्च प्रजनयतो यो वा एतां सावित्रीमेवं वेद स पुनर्मृत्युं जयति ॥

— सावित्री उप.

(१०२) बलातिबलयोर्विराट् पुरुष ऋषिः । गायत्री छन्दः गायत्री देवता । अकारोकारमकारा बीजाद्याः । क्षुधादिनिरसने विनियोगः । क्लीमित्यादिषडङ्ग न्यासः । ध्यानम् । अमृतकरतलार्द्रौ सर्वसंजीवनाढ्यावघहरणसुदक्षौ वेदसारे मयूखे । प्रणवमयविकारौ भास्कराकारदेहौ सततमनुभवेऽहं तौ बलातिबलान्तौ ॥ ॐ ह्रीं बले महादेवि ह्रीं महाबले क्लीं चतुर्विधपुरुषार्थसिद्धिप्रदे तत्सवितुर्वरदात्मिके ह्रीं वरेण्यं भर्गो देवस्य वरदात्मिके अतिबले सर्व दयामूर्ते बले सर्वक्षुद्भ्रमोपनाशिनि धीमहि धियो यो नो जाते प्रचुर्यः या प्रचोदयात्मिके प्रणवशिरस्कात्मिके हुं फट् स्वाहा । एवं विद्वान् कृतकृत्यो भवति सावित्र्या एव सलोकतां जयतीत्युपनिषत् ॥

— सावित्र. उप.

(१०३) योगचूडा. उप. ३१-३५

(१०४) योगचूडा. उप. ८२-८३

(१०५) छा. उप. ३-१३

(१०६) छा. उप. ३-१४

(१०७) શ્રી વિનોબા ભાવે, ઉપ.નો અભ્યાસ પૃ.૨૮

(१०८) गीता. अ. ४ ४०

(१०९) छा. उप. ३.१५.१६,१७ खण्ड

(११०) छा. उप. ३.१८

(१११) छा. उप. ३.१९

(११२) પ્રા. નલિન ભટ્ટ, છા. ઉપ. ભાષ્ય પૃ. ૯૭

(११३) એજન પૃ. ૯૭

(११४) छा. उप. ४.३-८

(११५) छा. उप. ४.५-९ खण्ड

(११६) પં. વાસુદેવ શરણ અગ્રવાલ, ઉપ. નવનીત પૃ.૯૬

— અનુ. શાસ્ત્રી જયનારાયણ ભટ્ટ



For Private And Personal Use Only

(११७) छा. उप. अ. ४.१०थी१५ खण्ड

(११८) પં. વાસુદેવ શરણ અગ્રવાલ, ઉપ. નવનીત પૃ.૯૬

— અનુ. શાસ્ત્રી જયનારાયણ ભટ્ટ

(૧૧૯) શ્રી ભાણદેવ ઉપનિષદ્ વિદ્યા, પૃ.૩૦૦—૩૦૨

(૧૨૦) શ્રી ભાણદેવ, ઉપનિષદ્ વિદ્યા પૃ.૩૦૮

(१२१) छा. उप. ५.१,२ खण्ड

(१२२) छा. उप. ५.३-१० खण्ड

(૧૨૩) શ્રી ભાણદેવ, ઉપ. વિદ્યા પૃ.૩૧૬

(१२४) छा. उप. ५.१०

(१२५) छा. उप. अ. ५.९थी२४ खण्ड

(१२६) योषा वाव गौतमाग्निस्तस्या उपस्थ एव समिद्यदुपमन्त्रयते स धूमो योनिरर्चिर्यदन्तः करोति तेऽङ्गारा अभिनन्दा विस्फुलिङ्गाः ॥

तस्मिन्नेतस्मिन्नग्नौ देवा रेतो जुह्वति तस्या आहुतेर्गर्भः संभवति ॥

— छा. उप. ५.८.१ २

(૧૨૭) શ્રી ભાણદેવ. ઉપ. વિદ્યા પૃ.૩૨૪

(१२८) अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।

प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

— गीता अ. १५.१४

(१२९) छा. उप. ६.२.१६ खण्ड

(૧૩૦) શ્રી ભાણદેવ, ઉપ. વિદ્યા પૃ. ૩૩૬—૩૩૭

(૧૩૦) (અ) तस्माद्यथा सोऽयं देवदत्त इति वाक्यं तदर्थो वा तत्कालैतत्कालविशिष्टदेवदत्त लक्षणस्य वाक्यार्थस्यांशे विरोधाद्विरुद्धतत्कालै तत्काल विशिष्टत्वांशं परित्यज्याविरुद्धं देवदत्तांशमात्रं लक्षयति तथा तत्त्वमसीतिवाक्यं तदर्थो वा परोक्षत्वापरोक्षत्वादिविशिष्टचैतन्यैक त्वलक्षणस्य वाक्यार्थस्यांशे विरोधाद्विरुद्धपरोक्षत्वापरोक्षत्वादिविशिष्टत्वांशं परित्यज्याविरुद्धमखण्ड चैतन्यमात्रं लक्षयतीति ॥३१॥

— श्री सदानंद वेदान्तसार

(१३१) छा. उप. ७.१-२६

(૧૩૨) શ્રી ભાણદેવ ઉપ. વિદ્યા પૃ. ૩૫૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૩૩) छा. उप. ८.१-५

(૧૩૪) શ્રી ભાણદેવ ઉપ. વિદ્યા પૃ.૩૫૫

(૧૩૫) छा. उप. ८.१-३

(૧૩૬) શ્રી ભાણદેવ ઉપ. વિદ્યા પૃ.૩૫૬

(૧૩૭) अथ य एषोऽन्तरे हृत्पुष्कर एवाश्रितोऽन्नमत्ति स एषोऽग्निर्दिवि श्रितः सौरः कालाख्योऽदृश्यः सर्वभूतान्यत्तीति कः पुष्करः किमयं वेद वा न तत्पुष्करं योऽयमाकाशोऽस्येमाश्चतस्रो दिशश्चतस्र उपदिशः संस्था अयमर्वागग्निः एतत् सौ प्राणादित्यावेतावुपासीतोमित्यक्षरेण व्याहृतिभिः सावित्र्या चेति ॥

— मैत्रा. उप. ५.२

(૧૩૮) द्वयोर्मध्यगतं नित्यमस्तिनास्तीति पक्षयोः । प्रकाशनं प्रकाशानामात्मानं समुपास्महे ॥१९॥

संत्यज्य हृद्गुहेशानं देवमन्यं प्रयान्ति ये । ते रत्नमभिवाञ्छन्ति त्यक्तहस्तस्थकौस्तुभाः ॥२०॥

— महो. ६.१९-२०

(૧૩૯) छा. उप. ८.७-१२

(૧૪૦) શ્રી વિનોબાભાવે, ઉપ.નો અભ્યાસ, પૃ.૭

(૧૪૧) गोपीचन्दन पापघ्न विष्णुदेह समुद्भव ।

चक्राङ्कित नमस्तुभ्यं धारणान्मुक्तिदो भव ॥

— वासुदेव उप., कल्याण अङ्क वर्ष २३-अङ्क १ पृ. ७६६

(૧૪૨) "इमं मे गङ्गे यमुने सरस्वति शुतुद्रि स्तोमं सचता परुष्ण्या ।

असिक्न्या मरुद्वृधे वितस्तयाऽऽर्जीकीये शृणुह्या सुषोमया ॥"

— ऋग्वेद १०-७५-५

(૧૪૩) "विष्णोर्नु कं वीर्याणि प्र वोचं यः पार्थिवानि विममे रजांसि । यो अस्कभायदुत्तरं सधस्थं विचक्रमाणस्त्रेधोरुगायः ॥"

— ऋग्वेद-१-१५४.१

(૧૪૪) अतो देवा अवन्तु नो यतो विष्णुर्विचक्रमे । पृथिव्याः सप्त धामभिः ॥

तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः । दिवीव चक्षुराततम् ॥

तद्विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते । विष्णोर्यत्परमं पदम् ॥

— ऋग्वेद-१.२२.१६



For Private And Personal Use Only

(१४५) नारायणाय विद्महे वासुदेवाय धीमहि तन्नो विष्णुः प्रचोदयात् ।

(१४६) ललाटे केशवं विद्यान्नारायणमथोदरे ।

माधवं हृदये न्यस्य गोविन्दं कण्ठकूपके ॥

विष्णुश्च दक्षिणे कुक्षौ तद्भुजे मधुसूदनम् ।

त्रिविक्रमं कर्णदेशे वामे कुक्षौ तु वामनम् ॥

श्रीधरं तु सदा न्यस्येद् वामबाहौ नरः सदा ।

पद्मनाभं पृष्ठदेशे ककुद्दामोदरं स्मरेत् ॥

वासुदेवं स्मरेन्मूर्ध्नि तिलकं कारयेत् क्रमात् ॥

(१४७) कृष्णःसत्यः सात्वतःस्याच्छौरिः शूरो जनार्दनः ।

अथवा

कृष्णाय वासुदेवाय देवकीनन्दनाय च ।

नन्दगोपकुमाराय गोविन्दाय नमो नमः ॥

(१४८) अग्नेर्भस्मास्यग्नेः पुरीषमसि चितः स्थ परिचित उर्ध्वचितःश्रयध्वम् ॥

— यजुर्वेद वाजसनेयी संहिता १२-४६

(१४९) इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ।

समूढमस्यपांसुरे स्वाहा ।

(१५०) त्रीणि पदा वि चक्रमे विष्णुर्गोपा अदाभ्यः । अतो धर्माणि धारयन् ॥

— ऋक्. १-२२-१८

(१५१) स्त्री चन्दनमपि गोपायति स्वगन्धादिना रक्षतीति । गुप् अण् ततो ङीप् यद्वा, चन्दनवद् गुप्यति इति ।

— शब्द कल्पद्रुम भाग-२ पृ. ४२४

(१५२) सद्योजातं प्रपद्यामि सद्योजाताय वै नमो नमः ।

भवे भवेनातिभवे भवस्वमां भवोद्भवाय नमः ॥

वामदेवाय नमो ज्येष्ठायनमः श्रेष्ठाय नमो रुद्राय नमः कालाय नमः कलविकरणाय नमो बलविकरणायनमो बलाय नमो बलप्रमथनाय नमः सर्वभूतदमनाय नमो मनोन्मनाय नमः ॥

अघोरेभ्योऽथ घोरेभ्यो घोरतरेभ्यः ।

सर्वेभ्यः सर्वशर्वेभ्यो नमस्तेऽअस्तु रुद्ररूपेभ्यः ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

त्र्यम्बकाय विद्महे महादेवाय धीमहि ।

तन्नो रुद्रः प्रचोदयात् ॥

ईशानः सर्वविद्यानामीश्वरः सर्वभूतानाम् ।

ब्रह्माधिपतिर्ब्रह्मणोऽधिपतिर्ब्रह्मा शिवो मेऽस्तु सदाशिवोम् ॥

ॐ शिवो नामासि स्वधितिस्ते पिता नमस्तेअस्तु मा मा हिंसीः ।

निवर्तयाम्यायुषेन्नाद्याय प्रजननाय रायस्पोषाय सुप्रजास्त्वाय सुवीर्याय ॥

— यजुर्वेद (ब्रह्मनित्यकर्मसमुच्चयः) पृ. ९०-९१

(१५३) ॐ अग्निरितिभस्म वायुरितिभस्म जलमितिभस्म स्थलमितिभस्म व्योमेति भस्म सर्वं ह वा इदं भस्म मन एतानि चक्षूंषि भस्मानि ॥

(१५४) ॐ आपोज्योती रसोमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ।

(१५५) मानस्तोके तनये मा न आयुषि मा नो गोषु मा नो अश्वेषु रीरिषः ।

मा नो वीरान्रुद्र भामिनो वधीर्हविष्मन्तः सदमित्त्वा हवामहे ॥

(१५६) ॐ त्र्यायुषं जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् ।

यद्देवेषु त्र्यायुषम् तन्नोऽअस्तु त्र्यायुषम् ।

(१५७) त्र्यम्बकं यजामहे सुगन्धिम्पुष्टिवर्द्धनम् ।

उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।

त्र्यम्बकं यजामहे सुगन्धिम्पतिवेदनम् ।

उर्वारुकमिव बन्धनादितो मुक्षीय मामुतः ॥

— यजुर्वेद (ब्रह्मनित्यकर्मसमुच्चयः)

(१५८) जाबालि उप. २०

(१५९) यास्य प्रथमा रेखा सा गार्हपत्यश्चाकारो रजो भूर्लोकः स्वात्मा क्रियाशक्तिः ऋग्वेदः प्रातःसवनं प्रजापतिर्देवो देवतेति । यास्य द्वितीया रेखा सा दक्षिणाग्निरुकारः सत्वमन्तरिक्षमन्तरात्मा चेच्छाशक्तिर्यजुर्वेदो माध्यन्दिनसवनं विष्णुर्देवो देवतेति । यास्य तृतीया रेखा साहवनीयो मकारस्तमो द्यौर्लोकः परमात्मा ज्ञानशक्तिः सामवेदस्तृतीयसवनं महादेवो देवतेति त्रिपुण्ड्रं भस्मना करोति यो विद्वान्ब्रह्मचारी गृही वानप्रस्थो यतिर्वा स महापातकोपपातकेभ्यः पूतो भवति । स सर्वान्देवान्ध्यातो भवति । स सर्वेषु तीर्थेषु स्नातो भवति । स सकलरुद्रमन्त्रजापी भवति । न स पुनरावर्तते न स पुनरावर्तते ॥

— जाबालि उप.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१५०) कनिष्ठादिसमना कुर्यात्तु रुद्रो नात्र संशयः ।

अकारोऽनामिका प्रोक्ता उकारो मध्यमांगुलिः ॥

— देवी भाग. ११-१५-४३

(१५१) स्त्रीभिस्त्रिपुण्ड्रमलकावधि धारणीयं भस्म द्विजादिभिरशेः विधवाभिरेवम् । तद्वत्सदाश्रमवतां विशदा त्रिपुण्ड्रधर्मापवर्गफलदा सकलाघहन्त्री ॥

श्रौतं भस्म तथा स्मार्तं द्विजानामेव कीर्तितम् ।

अन्येषामपि सर्वेषामपरं भस्म लौकिकम् ।

शिव पु. १-२५-५१

(१५२) भस्मदिग्धशरीराय यो ददाति धनं मुदा ।

तस्य सर्वाणि पापानि विनश्यन्ति न संशयः ॥

— देवी भाग. ११-१४-१

(१५३) सितेन भस्मना कुर्यात्त्रिसंध्यं यस्त्रिपुंड्रकम् ।

सर्वपापविनिर्मुक्तः शिवलोके महीयते ॥

— देवी भाग. ११-१४-३

(१५४) ज्वरक्षः पिशाचश्च पूतनाकुष्ठगुल्मकाः ।

भगंदराणि सर्वाणि चाऽशीतिर्वातरोगकाः ॥

चतुःषष्टिःपित्तरोगाः श्लेष्माः सप्तत्रिपंचकाः ।

व्याघ्र चौरभयं चैवाप्यन्ये दुष्टग्रहा अपि ।

— देवी भाग. ११-१४-२०-२१

(१५५) अग्निरित्यादिभिर्मन्त्रैर्भस्म संशोध्य सादरम् ।

धारणीयं ललाटादौ त्रिपुंड्रं केवलं द्विजः ॥

— देवी भाग. ११-१५-१

(१५६) न गायत्र्युपदेशोऽपि भस्मनो धारणं विना ।

ततो धृत्वैव भस्मांग गायत्री जपमाचरेत् ॥

— देवी भाग. ११-१५-५

(१५७) विभूति धारणं त्यक्त्वा यः शिवं पूजयिष्यति ।

स दुर्भगः शिवद्वेष्टा स द्वेषो नरकप्रदः ॥

सर्व कर्म बहिर्भूतो भस्म धारणवर्जितः ॥

— देवी भाग. ११-१५-१४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૬

## સામવેદનાં ઉપનિષદોમાં રુદ્રાક્ષ-મીમાંસા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१६८) सावित्री उप.

(१६९) अथापश्यदृचमानुष्टुभीं परमां विद्यां यस्याङ्गान्यन्ये मन्त्राः ।
यत्र ब्रह्म प्रतिष्ठितम् । विश्वेदेवाः प्रतिष्ठिताः । यस्तां न वेद
किमन्यैर्वेदैः करिष्यति ।...महाविष्णुमित्याह महतां वा अयं
महान्रोदसी व्याप्य स्थितः ....। भीषणमित्याह
भीषा वा अस्मादादित्य उदेति.....॥

— अव्यक्तो.२

(१७०) अथ भगवांस्तमब्रवीत्प्रजापते....। स होवाच न शक्नोमि जगत्स्रष्टुमुपायं मे कथयेति। तमुवाच पुरुषः प्रजापते शृणु सृष्टेरुपायं परमं यं विदित्वा सर्वं ज्ञास्यसि । सर्वत्र शक्ष्यसि सर्वं करिष्यसि ।....इदं महोपनिषद्देवानां गुह्यम् ।.....मामेवाभ्युपैति न स पुनरावर्तते य एवं वेदेति ॥

— अव्यक्तो.३

(१७१) ....सप्तत्रया तयैवर्चा हविर्ध्यात्वाऽऽत्मानमात्मन्यग्नौ जुहुयात् ।....ध्यानाय अमनुतिष्ठेत्स सर्वशोऽनन्त शक्तिः सर्वकर्ता भवति । स सर्वांल्लोकाञ्जित्वा ब्रह्म परं प्राप्नोति ॥

— अव्यक्तो.४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૬
## સામવેદનાં ઉપનિષદોમાં રુદ્રાક્ષ-મીમાંસા

રુદ્રાક્ષના વૃક્ષ માટે रुद्राक्ष: (પુલ્લિંગ) અને ફળ માટે "रुद्राक्षम्" (નપુંસકલિંગ) એમ બન્ને લિંગમાં રુદ્રાક્ષ શબ્દ પ્રયોજાય છે. વામન શિવરામ આપ્ટે (૧) ધુરી, (૨) ગાડી, (૩) પૈડું, (૪) ત્રાજવાની દાંડી, (૫) અક્ષાંશરેખા, (૬) પાસો, (૭) રુદ્રાક્ષ, (૮) સાપ, (૯) ગરુડ, (૧૦) આત્મા, (૧૧) જ્ઞાન, (૧૨) સંવિધાન એમ અનેક અર્થો આપે છે.[1] રુદ્રાક્ષ જા. ઉપ.માં રુદ્રાક્ષની ઉત્પત્તિ, ધારણ માટે યોગ્ય રુદ્રાક્ષનાં પ્રકાર, ધારણ કરવાની વિધિ, સમય, વગેરેની ચર્ચા છે, જે પ્રસ્તુત વિભાગમાં કરવામાં આવી છે.

❑ **રુદ્રાક્ષની ઉત્પત્તિ અને અર્થ :**

રુ. જા. ઉપ.માં કાલાગ્નિ રુદ્ર ભુશુંડીને કહે છે કે; ત્રિપુર નામના રાક્ષસને મારવા માટે જ્યારે મેં આંખો બંધ કરી અને સમાધિસ્થ થયો ત્યારે જે અશ્રુબુંદ મારી આંખોમાંથી પૃથ્વી ઉપર પડયું તે રુદ્રાક્ષ બની ગયું;[2] અને ભક્તો ઉપર કૃપા કરવાના હેતુથી સ્થાવર બની ગયું.[3]

પદ્મપુરાણ[4]માં સહેજ જુદી રીતે આ જ કથા છે. તેમાં જણાવ્યું છે કે– કૃતયુગમાં ત્રિપુર નામના દાનવે દેવોની હત્યા કરી ત્યારે પિનાક પાણિ શિવે પિનાક ઉપર બાણ ચઢાવી તેની હત્યા કરી નાખી. તે સમયે શ્રમને લીધે જે પ્રસ્વેદ ઉત્પન્ન થયો તે બિંદુરૂપે પૃથ્વી ઉપર પડયો; તેમાંથી મહારુદ્રાક્ષ વૃક્ષ ઉત્પન્ન થયું, જ્યારે દેવી ભાગવત,[5] શિવપુરાણ[6]માં એમ જણાવ્યું છે કે; ત્રિપુર અસુરને મારવા માટે અઘોર નામના મહાશસ્ત્રનું નિર્માણ કર્યું. આને લીધે (દેવતાઓના) એક સહસ્ત્ર દિવ્ય વર્ષ પર્યંત શિવજીની આંખો ઉન્મીલિત (ખુલ્લી) રહેવાને લીધે નેત્રસ્થ જલબિંદુઓ પૃથ્વી ઉપર પડયાં અને તેમાંથી મહારુદ્રાક્ષ નામનું વૃક્ષ ઉત્પન્ન થયું.

રુદ્રાક્ષ જા. ઉપ.માં વિશેષમાં જણાવ્યું છે કે; મહારુદ્ર પ્રલયકાળમાં સંહાર કરનારા નેત્રોને અર્ધબંધ કરી દે છે, ત્યારે તેમાંથી જે અશ્રુબિંદુઓ પડે છે, તેમાંથી રુદ્રાક્ષ ઉત્પન્ન થયા છે.[7]

❑ **અર્થ :**

રુદ્રનાં નેત્રોમાંથી ઉત્પન્ન થયાં હોવાથી રુદ્રાક્ષ નામે પ્રસિદ્ધ થયા. रुद्र+अक्षि અર્થાત્ રુદ્રની આંખો વડે ઉત્પન્ન. રુદ્રાક્ષનાં ફળમાં, આંખને દર્શાવનારી એક કે એકથી વધુ રેખાઓ હોય છે. જેને આધારે જ તેનાં પ્રકાર પડે છે. अक्षि ઉપરાંત 'अक्षम्' શબ્દથી પણ રુદ્રાક્ષને સમજાવી શકાય. अक्षम्નો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શબ્દકોશીય અર્થ છે, 'ઇન્દ્રિય' તથા 'ઇન્દ્રિયોનો વિષય.' તેથી रुद्राक्षम्(નપું.)નો અર્થ રુદ્રેન્દ્રિય વિષય પણ થઈ શકે.

अक्ष શબ્દનો અર્થ સંપૂર્ણ વર્ણ સમૂહ પણ થાય છે. હલાયુધકોશ અનુસાર अ થી क्ष વર્ણોને "अक्ष" કહે છે. अ થી ह સુધી ૪૯ વર્ણ છે. વૈદિક ळ ૫૦મો વર્ણ છે. પરંતુ વિશેષ કારણોથી 'क्ष'ને જોડીને ૫૧ વર્ણોની એક 'વર્ણમાલા' જેને 'અક્ષમાલા' પણ કહે છે.[૯] આ ઉપરાંત રુદ્રાક્ષનાં વિવિધ પર્યાયવાચી શબ્દોને આધારે રુદ્રાક્ષનાં અનેકવિધ અર્થઘટનો ડૉ. પ્રજ્ઞા જોષી તેનાં લેખમાં આપે છે.

☐ ધારણ કરવા માટે યોગ્ય રુદ્રાક્ષ — અયોગ્ય રુદ્રાક્ષ

**યોગ્ય :**

યોગ્ય ગોળ, ચિકાશવાળા, મજબૂત, ખૂબ જ મોટા તેમજ કાંટાવાળા રુદ્રાક્ષ શુભ માનવામાં આવે છે, જાતે જ જેમાં છેદ પડેલ હોય તે રુદ્રાક્ષ અત્યંત ઉત્તમ છે.[૧૦]

જેમાં છેદ કરવા પડે તે મધ્યમ છે. આ રુદ્રાક્ષ એક સરખા ચિકણા, મજબૂત મોટા, રેશમી કે ઊનના ધાગામાં પરોવીને ધારણ કરવા જોઈએ.[૧૧] જે રુદ્રાક્ષ બધી જ રીતે સૌમ્ય, સુન્દર અને એક સરખા હોય, જેની રેખાઓ, એક સરખી સોનેરી લાગતી હોય તે ઉત્તમ સમજવો જોઈએ અને શિવભક્તે તેવા રુદ્રાક્ષ ધારણ કરવા જોઈએ.[૧૨]

**અયોગ્ય :**

કીડાઓએ ખાધેલા, તૂટી ગયેલા, ટૂકડા, ટૂકડા લાગતા હોય, છેદવાળા હોય, યોગ્ય ન લાગતા હોય. એ ૭ પ્રકારનાં રુદ્રાક્ષ ત્યજવા યોગ્ય છે.[૧૩]

**રુદ્રાક્ષ માહાત્મ્ય :**

રુદ્રાક્ષ એમ નામ લેવા માત્રથી દસ ગોદાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. જ્યારે જોવા તથા સ્પર્શ કરવાથી તેનાથી બે ગણું ફળ પ્રાપ્ત થાય છે; તેનાંથી વિશેષ હું કહી શકતો નથી, તેમ ભગવાન કાલાગ્નિ રુદ્ર જણાવે છે.[૧૪]

રુદ્રાક્ષ ધારણ કરનાર મોક્ષ પામે છે, રુદ્રાક્ષ ધારણ કરનારને જે ભક્તો વસ્ત્ર, ધાન્ય વગેરે આપે છે. તે પણ પાપથી મુક્ત થાય છે. આ રુદ્રાક્ષને મંત્રથી કે મંત્ર વગર ધારણ કરનાર પાપથી લેપાતો નથી.[૧૫]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રુદ્રાક્ષ ધારણ કરનારનાં દિવસે અથવા રાત્રે કરેલા પાપો નાશ પામે છે. રુદ્રાક્ષનું દર્શન કરવાથી લાખગણું તથા તેને ધારણ કરવાથી કરોડગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ પુણ્ય અધિકને અધિક છે તેમ દર્શાવતા જણાવે છે કે; કરોડ જ નહીં અબજગણુ પુણ્ય ધારણ કરનાર મનુષ્ય મેળવે છે.[૧૬] જે મનુષ્ય રુદ્રાક્ષ ધારણ કરી, રુદ્રાક્ષથી જપ કરે છે તેને અગણિત ફળ પ્રાપ્ત થાય છે.[૧૭]

પદ્મપુરાણ પણ આ જ બાબત જણાવે છે.[૧૮]

શ્રી દેવી ભાગવત[૧૯] રુદ્રાક્ષનું માહાત્મ્ય વર્ણવતાં જણાવે છે કે; પુરુષોમાં વિષ્ણુ, ગ્રહોમાં સૂર્ય, નદીઓમાં ગંગા, મુનિઓમાં કાશ્યપ, અશ્વ સમૂહોમાં ઉચ્ચૈઃશ્રવા, દેવોમાં ઈશ્વર(શિવ), દેવીઓમાં ગૌરી (પાર્વતી) સર્વશ્રેષ્ઠ છે તેમ રુદ્રાક્ષ સર્વમાં શ્રેષ્ઠ છે. આથી તેનાથી શ્રેષ્ઠ કોઈ સ્તોત્ર કે વ્રત નથી.

રુદ્રાક્ષને શ્રદ્ધા સાથે મંત્રપૂર્વક ધારણ કરવા જોઈએ. જે આ રીતે રુદ્રાક્ષ ધારણ કરે છે તેને ભૂત, પ્રેત, પિશાચ, ડાકિની, શાકિની, કૃત્રિમ–અભિચારના મંત્રો વગેરે બધુ જ અનિષ્ટ દૂર થાય છે. શિવ, વિષ્ણુ, ગણપતિ, સૂર્ય, દેવી પાર્વતી વગેરે પ્રસન્ન થાય છે.

## ❑ રુદ્રાક્ષના પ્રકારો તથા તેને ધારણ કરવાનું માહાત્મ્ય :

બ્રાહ્મણે સફેદ, ક્ષત્રિયે લાલ, વૈશ્યે પીળો અને શૂદ્રએ કાળા રુદ્રાક્ષ ધારણ કરવા જોઈએ.[૨૦] આ રુદ્રાક્ષ–વૃક્ષો ગૌડ દેશ, મથુરા, અયોધ્યા, લંકા, મલય, સહ્યપર્વત, કાશી તથા અન્ય સ્થાનોમાં પાપ સમૂહોનો નાશ કરવા માટે ઉત્પન્ન કરવામાં આવ્યાં છે.[૨૧]

– રુદ્રાક્ષનો મૂળભાગ બ્રહ્મા, છેદ(નાળભાગ) વિષ્ણુ, મુખ રુદ્ર તેમજ તેનાં બિંદુઓ બધા દેવતા છે.[૨૨] રુદ્રાક્ષ ઉત્પન્ન થાય ત્યારે ફૂલમાં નીચેની તરફનો ભાગ મૂળ ભાગ ગણાય છે; અર્થાત્ જે બાજુથી રુદ્રાક્ષ ફૂલ સાથે જોડાયેલ હોય તે ભાગ. આ ભાગ સહેજ ચપટા આકારનો હોય છે.

આંબળાના ફળ જેવડા રુદ્રાક્ષ શ્રેષ્ઠ છે, તે અનિષ્ટ અને અશુભનું દમન કરે છે. બોરના માપના મધ્યમ છે. જે સુખ–સૌભાગ્યની વૃદ્ધિ કરનાર છે. જે ચણાના માપના હોય છે તે અધમ છે.[૨૩]

શિવપુરાણ[૨૪] અને દેવી ભાગવત[૨૫]માં જણાવેલ છે કે; રુદ્રાક્ષ કદમાં જેટલો નાનો તેટલો વધુ ફળદાયક છે. વિશ્વમાં રુદ્રાક્ષની માળા જ અત્યંત શ્રેષ્ઠ ફળદાયક છે.

રુદ્રાક્ષના વિશેષ ફળ વિશે કહેતા કાલાગ્નિરુદ્ર જણાવે છે કે; રુદ્રાક્ષ શબ્દના ઉચ્ચારણથી દસ ગૌદાનનું, હાથથી સ્પર્શ કરી ધારણ કરવાથી બે હજાર ગૌદાનનું, બન્ને કાનમાં ધારણ કરવાથી અગિયાર હજાર ગૌદાનનું ફળ તેમજ એકાદશ રુદ્રનું સ્વરૂપ પણ પ્રાપ્ત થાય છે. આ રુદ્રાક્ષને મસ્તક ઉપર ધારણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાથી કરોડ ગૌદાનનું ફળ પ્રાપ્ત થાય છે. વિશેષ ફળની બાબતમાં કથન શક્ય નથી, અર્થાત્ વર્ણવી શકાય તેમ નથી.[૨૬]

રાક્ષસોનો નાશ કરનાર, મૃત્યુ નાશક રુદ્રાક્ષોને ગુરુ પાસેથી પ્રાપ્ત કરીને કંઠ, ભુજા અને શિખામાં ધારણ કરવા જોઈએ. ગુરુજીને દક્ષિણા શ્રદ્ધાપૂર્વક આપવી જોઈએ; કારણ કે સપ્તદ્વીપા વસુંધરાની દક્ષિણા આપવામાં આવે તો તે પણ ઓછી છે, તેથી શ્રદ્ધાપૂર્વક આપવું એ જ મહત્ત્વનું છે.[૨૭]

□ રુદ્રાક્ષનાં પ્રકાર :

**એકમુખી :**

એકમુખી રુદ્રાક્ષ પરમતત્ત્વનું સ્વરૂપ સમજવામાં આવ્યો છે. તેને ધારણ કરનાર ઇન્દ્રિયોને વશમાં કરીને પરમતત્ત્વ(શિવ)માં લીન થઈ જાય છે.[૨૮] દેવી ભાગવત[૨૯] અને શિવપુરાણ[૨૯]માં પણ જણાવ્યું છે કે; જે એકમુખી રુદ્રાક્ષ ધારણ કરે છે, તેનાં અમંગલ નાશ પામે છે. અભયની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં ભક્તિ, મુક્તિ અને મનની પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. ભગવાન શિવની કૃપા કે કોઈ મહાન્ પુણ્યનાં ઉદયથી જ એકમુખી રુદ્રાક્ષ પ્રાપ્ત થાય છે અને ધારણ કરવો શક્ય બને છે.

એકમુખી રુદ્રાક્ષ ધારણ કરવાથી, સૂર્યગ્રહનાં પ્રકોપથી, જ્વર, હૃદયરોગ, ઉદર રોગ, નેત્રરોગ, ચર્મરોગ, વ્રણ, માથાનો દુખાવો, હાડકાં તૂટી જવા વગેરે જેવા રોગોમાં ઉપકારક છે. એટલું જ નહીં શાસકીય વિરોધનું શમન થાય છે અને સામાજિક સ્તરે ઉન્નતિ પ્રાપ્ત થાય છે.[૩૦]

**દ્વિમુખી :**

દ્વિમુખી રુદ્રાક્ષ અર્ધનારીશ્વરનું સ્વરૂપ છે, તેને ધારણ કરનાર ઉપર હંમેશાં અર્ધનારીશ્વર ભગવાન પ્રસન્ન થાય છે.[૩૧]

દ્વિમુખી રુદ્રાક્ષને અગ્નિ સ્વરૂપ કહ્યો છે.[૩૨] જેને ધારણ કરવાથી અગ્નિ જેમ બધું જ ભસ્મ કરે છે. તેમ આ રુદ્રાક્ષ અનેક જન્મોના પાપ નાશ કરે છે. સ્ત્રી હત્યા, બ્રહ્મ હત્યા, ગોવધ વગેરે પાપોનું શમન કરે છે. શિવભક્તોએ આ રુદ્રાક્ષ પ્રયત્નપૂર્વક ધારણ કરવો જોઈએ, જેથી તામસી વૃત્તિઓનું શમન થાય, ચિત્તની એકાગ્રતા, આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. કુંડલિની જાગરણ માટે તેનો પ્રયોગ સંપૂર્ણ યોગ્ય છે. ગર્ભવતી સ્ત્રીઓ સૂતરથી ગ્રથિત કરી ધારણ કરે તો તેને નવ માસ સુધી કોઈ પણ પ્રકારની મુશ્કેલી થતી નથી. આ ઉપરાંત ભય, બેહોશી, વાય(હિસ્ટેરિયા) વગેરે દોષો દૂર થાય છે.[૩૩]

આ રુદ્રાક્ષ ચંદ્ર સાથે સંકળાયેલ છે. ચંદ્ર મનનો કારક ગ્રહ છે, તેથી ચંદ્ર ગ્રહના દોષથી બચવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે તેમજ હૃદય, ફેફસાના રોગો, લોહીની કમી, જલ સંબંધી રોગ, માસિક ધર્મરોગ, સ્મૃતિભ્રંશ, ખાંસી, માનસિક કષ્ટ, ખિન્નતા, ઉદરરોગ વગેરેમાં ઉપયોગી છે.

**ત્રિમુખી :**[34]

ત્રણ મુખવાળો રુદ્રાક્ષ અગ્નિનું સ્વરૂપ માનવામાં આવે છે, તેને ધારણ કરનાર ઉપર અગ્નિદેવ પ્રસન્ન થાય છે. પ્રગટ કે પ્રચ્છન્ન બધા જ પાપો નાશ પામે છે, પુનર્જન્મ થતો નથી, રોગ, પરાજય કે ઘરને આગ લાગતી નથી. એટલું જ નહિ સ્ત્રી હત્યા, ભ્રૂણ હત્યા જેવા પાપસમૂહો નાશ પામે છે અને ધન તેમજ વિદ્યામાં વૃદ્ધિ થાય છે.[35]

ડૉ. પ્રજ્ઞા જોષી[36] લખે છે કે; "ત્રિમુખી રુદ્રાક્ષ સૃષ્ટિના ત્રિત્વનું પ્રતીક છે. તે શૈવાગમના ત્રિક્‌–દર્શનનું સાકારરૂપ છે, તે ઈચ્છા, કર્મ, જ્ઞાન, સ્વપ્ન, સ્વાપ, જાગરણનું પ્રતિનિધિત્વ કરનાર ત્રિક બીજ છે. તેને નર–શક્તિ–શિવાત્મક માતૃ–માન–મેયાત્મક, ઈચ્છા–જ્ઞાન–ક્રિયાત્મક, શક્તિ ત્રયાત્મક (પરા– પરાપરા–અપરા) માનવામાં આવ્યો છે."

આ રુદ્રાક્ષ મંગલગ્રહ સાથે જોડાયેલ છે; તે મંગલગ્રહના દુષ્પ્રભાવને દૂર કરે છે. તેના પ્રભાવથી કુષ્ઠરોગ, રક્તવિકાર, અસ્થિભંગ, જ્વર, વ્રણ, નેત્રરોગ, શિરોવેદના જેવા રોગો દૂર થાય છે.[37]

**ચતુર્મુખી :**[38]

ચાર મુખવાળો રુદ્રાક્ષ ચતુર્મુખ ભગવાનનું સ્વરૂપ છે; તેને ધારણ કરનાર ઉપર ભગવાન ચતુર્મુખ પ્રસન્ન થાય છે. ધારણ કરનારની આંખોમાં તેજસ્વિતા, વાણીમાં મધુરતા, શરીરમાં સ્વાસ્થ્ય અને આરોગ્ય જનિત કાન્તિ પ્રાપ્ત થાય છે. તેમજ બ્રહ્મહત્યા જેવા મહાપાપો નાશ પામે છે.[39]

આ રુદ્રાક્ષ બુધ ગ્રહ સંબંધી દુષ્પ્રભાવને દૂર કરે છે.[40]

**પંચમુખી :**[41]

પંચમુખી રુદ્રાક્ષ ભગવાન પંચમુખી(શિવ)નું સ્વરૂપ છે. જેને ધારણ કરનાર ઉપર પંચમુખી શિવ પ્રસન્ન થાય છે, તેમજ તેણે કરેલી પુરુષ હત્યા વગેરે પાપો દૂર કરે છે, તે પ્રાણીઓનો અધિપતિ બની જાય છે. સદ્યોજાત, ઈશાન, તત્પુરુષ, અઘોર અને વામદેવ શિવના આ પાંચે દેવરૂપ પંચમુખી રુદ્રાક્ષમાં નિવાસ કરે છે. આ પંચમુખી રુદ્રાક્ષ યશોવૃદ્ધિ, વૈભવ સંપન્નતા, સુખ–શાંતિ આપનાર છે. તે સરળતાથી પ્રાપ્ત થાય છે.[42]

આ રુદ્રાક્ષ બૃહસ્પતિ/ગુરૂ સાથે સંકળાયેલ છે, ગુરૂ ગ્રહના દુષ્પ્રભાવને દૂર કરનાર છે. તેને ધારણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાથી વિદ્યા, બુદ્ધિ, પ્રજ્ઞા વગેરેની પ્રાપ્તિ થાય છે. વિશેષમાં ઉદરરોગ, મધુપ્રમેહ, કાનના રોગમાં લાભદાયી છે.[૪૨]

**ષડ્‌મુખી :[૪૩]**

છ મુખવાળો રુદ્રાક્ષ ભગવાન શિવના મોટાપુત્ર કાર્તિકસ્વામીનું સ્વરૂપ માનવામાં આવે છે. કાર્તિકસ્વામીને છ મુખ છે તેમજ છ કૃત્તિકાઓ તેની માતા છે. આ રુદ્રાક્ષ ધારણ કરવાથી મહાલક્ષ્મી પ્રસન્ન થાય છે તેમજ શ્રેષ્ઠ આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

અમુક વિદ્વાનો ગણેશનું સ્વરૂપ માને છે, તેમજ તેને બુદ્ધિ, વિદ્યા, લક્ષ્મીને માટે ચતુર મનુષ્યે ધારણ કરવો જોઈએ તેમ જણાવે છે.[૪૪]

પદ્મ પુ.[૪૫] આદિ ગ્રંથોમાં જણાવેલ છે કે: ષડ્‌મુખી રુદ્રાક્ષ બ્રહ્મ હત્યા વગેરે દોષોને દૂર કરનાર છે, વીરત્વ આપનાર છે; તેને ધારણ કરવાથી શિવપુત્ર પદ પ્રાપ્ત થાય છે. ધારણ કરનાર બ્રાહ્મણો રાજાઓ દ્વારા પૂજ્ય બને છે. તે દરેક વર્ણના લોકો ધારણ કરી શકે છે.

**સપ્તમુખી :**

બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વારાહી, નારસિંહી, વૈષ્ણવી, ઐન્દ્રી એ સપ્તમાતૃકાઓ[૪૬] છે. અન્ય પુરાણોમાં માતૃકોની સંખ્યામાં અલગપણું છે. સપ્તમુખી રુદ્રાક્ષને સપ્તલોક માતાઓનું સ્વરૂપ માનવામાં આવે છે. તેને ધારણ કરવાથી ખૂબ જ વૈભવ તેમજ ઉત્તમ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. પવિત્રતા પૂર્વક ધારણ કરવાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે.[૪૭]

સપ્તમુખી રુદ્રાક્ષ સપ્તાશ્વ, સૂર્ય તથા સપ્તર્ષિ સ્વરૂપ પણ માનવામાં આવે છે. તેનાં સાત મુખમાં અનંત, કર્કટ, પુંડરીક, તક્ષક, વિષોલ્બણ, કારોષ અને શંખચૂડ નિવાસ કરે છે. તેને ધારણ કરવાથી વિષની અસર થતી નથી, શિવજી પ્રસન્ન રહે છે. ગુરુપત્ની ગમન વગેરે મહાપાપોનું શમન થાય છે. તેમજ શ્રેષ્ઠ આરોગ્ય અને વૈભવ પ્રાપ્ત થાય છે.[૪૮]

આ રુદ્રાક્ષ ધારણ કરવાથી શનિ પ્રસન્ન રહે છે; તે સંબંધી નડતર વગેરે દૂર થાય છે. તેના પ્રભાવથી ઉદરરોગ, દાંતના રોગ, બધિરતા વગેરે દૂર થાય છે.[૪૯]

**અષ્ટમુખી :[૫૦]**

અષ્ટમાતાઓનું સ્વરૂપ સમજવામાં આવે છે. અષ્ટમાતૃકા– બ્રાહ્મી, માહેશ્વરી, ચંડી, વારાહી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈષ્ણવી, કૌમારી, ચામુંડા અને ચર્ચિકાને અષ્ટવસુ– પુરાણોમાં (૧) અનલ, (૨)અનિલ, (૩) અપ (૪) ધર, (૫) ધ્રુવ, (૬) પ્રત્યૂષ, (૭) પ્રભાસ, (૮) સોમ.

શ્રીમદ્ ભાગવત્[૫૧] આઠ વસુઓનાં નામ જુદાં આપે છે. તેમાં (૧) દ્રોણ, (૨) પ્રાણ, (૩) ધ્રુવ, (૪) અર્ક, (૫) અગ્નિ, (૬) દોષ, (૭) વસુ, (૮) વિભાવસુ છે. ધારણ કરનાર ઉપર પતિત પાવની ગંગા અને ત્રણેય સ્વરૂપ(બ્રહ્મા–વિષ્ણુ–મહેશ) પ્રસન્ન રહે છે.

તેને બટુક ભૈરવનું પણ પ્રતીક માનવામાં આવ્યો છે. તેને ધારણ કરનાર મૂર્ખ, વ્યાકુલ કે બુદ્ધિભ્રષ્ટ થતો નથી, લેખનકાર્યમાં નિપુણતા, મહત્ કાર્ય કૌશલ; નેતૃત્વ આદિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ગુરુપત્ની સ્પર્શ આદિ મહાપાપોને દૂર કરે છે.[૫૨]

રાહુ ગ્રહ સંબંધી દુષ્પ્રભાવ દૂર થાય છે. ફેફસાના રોગ, પગનો દુઃખાવો વગેરે તેમજ રાહુથી પ્રભાવિત દુઃખોને દૂર કરે છે.[૫૩]

**નવમુખી :**[૫૪]

નવ શક્તિઓ તેની દેવતા માનવામાં આવે છે. તેને ધારણ કરનાર ઉપર નવ શક્તિઓ પ્રસન્ન રહે છે.[૫૫]

આ રુદ્રાક્ષ યમ, ભૈરવ તથા કપિલ(મુનિ)નો પ્રતીક મનાય છે. તે દેવલોકમાં પણ ઈન્દ્રાદિ દેવો દ્વારા નિત્ય પૂજાય છે. તેને ધારણ કરવાથી ભોગ–મોક્ષ બન્ને પ્રાપ્ત થાય છે તેમજ હજારો ભ્રૂણ હત્યાદિ પાપો દૂર થાય છે. અપમૃત્યુ થતું નથી.[૫૫]

કેતુ ગ્રહથી થતી પીડા, ચર્મરોગ, દુર્ઘટના, અજ્ઞાત કારણોથી ઉત્પન્ન થતા રોગોથી પરેશાની વગેરે ધારણ કરવાથી દૂર થાય છે.[૫૬]

**દસમુખી :**[૫૭]

યમનું સ્વરૂપ માનવામાં આવે છે. તેનાં દર્શન કરવા માત્રથી શાંતિ પ્રાપ્ત થાય છે. ધારણ કરવાથી શ્રેષ્ઠ/પરમ શાંતિ મળે છે.

પદ્મ પુ.[૫૮] આદિ ગ્રંથો તેનાં માહાત્મ્યને વર્ણવતા જણાવે છે કે; તેનાં દશ દિક્પાલ, દશ મહાવિદ્યાઓ, યમદેવ, ભગવાન વિષ્ણુનો વાસ છે. તેથી તે અત્યંત શ્રેષ્ઠ અને શક્તિશાળી રુદ્રાક્ષ છે. તેને ધારણ કરનારને ભૂત–પ્રેતાદિનો ભય લાગતો નથી તેમજ ઉત્પન્ન થનારી આપત્તિઓ દૂર થાય છે. આ



For Private And Personal Use Only

રુદ્રાક્ષ સ્વયં સર્વે ગ્રહોનું નિયંત્રણ કરે છે, તેથી નવ ગ્રહો શાંત રહે છે. તેને દૂધ સાથે ઘસીને ત્રણવાર ચટાડવામાં આવે તો ખાંસી રોગનું નિવારણ થાય છે.

**અગિયાર મુખી :**[૫૯]

એકાદશ મુખી રુદ્રાક્ષ રુદ્રનું સ્વરૂપ સમજવામાં આવે છે. આ રુદ્રાક્ષને રુદ્રાધિદૈવત માનવામાં આવે છે તે હંમેશાં સૌભાગ્યને વધારનાર છે; તેથી સ્ત્રીઓએ પતિના દીર્ઘાયુષ્ય માટે હંમેશાં ધારણ કરવો જોઈએ. તે લક્ષ્મીદાયક છે તેથી પૂજાગૃહ કે તિજોરીમાં રાખવાથી વિશેષ લાભદાયક બને છે.

શિવ પુ. આદિ ગ્રંથોમાં શિખા ઉપર ધારણ કરવાનું વિધાન છે. એક લાખ ગાયોના દાનનું ફળ, સહસ્ત્ર અશ્વમેધ યજ્ઞ અને શત વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત ચંદ્રગ્રહણ સમયે દાનનું જે ફળ હોય તે ફળ પ્રાપ્ત થાય છે. તેનાથી એકાદશ ઇન્દ્રિયો નિયંત્રિત રહે છે તેથી યોગ સાધનામાં સર્વાધિક સહાયક છે.[૬૦]

**દ્વાદશ મુખી :**[૬૧]

મહાવિષ્ણુનું સ્વરૂપ તેમજ બાર સૂર્યનું સ્વરૂપ સમજવામાં આવે છે. તેનો ઉપાસક એને ધારણ કરી વિશેષ ફળ મેળવે છે.

પદ્મપુરાણ વગેરેમાં જણાવ્યું છે કે; આ રુદ્રાક્ષ સર્વ રોગોનો નાશ કરનાર છે. ધારણ કરનારને ગોમેધ, અશ્વમેધ વગેરે યજ્ઞોના ફળ પ્રાપ્ત થાય છે. તેમજ તે ગદર્ભ, હાથી, સાપ વગેરેની હત્યાના પાપથી મુક્ત થાય છે. સુખ–સંપત્તિ અને વૈભવની પ્રાપ્તિ થાય છે.[૬૨]

**ત્રયોદશ મુખી :**[૬૩]

આ રુદ્રાક્ષ ઇચ્છાઓ પૂરી કરનાર અને સિદ્ધિઓ આપનાર છે. તેને ધારણ કરવા માત્રથી કામદેવ પ્રસન્ન થાય છે.

અન્ય શાસ્ત્રોમાં તેને સાક્ષાત કામદેવ કહેલ છે; તેને ધારણ કરવાથી અક્ષય સ્વર્ગનો લાભ, દરેક કામનાઓની પૂર્તિ થાય છે. એટલું જ નહીં ગુરુ, ભાઈ–બહેન, માતા- પિતાની હત્યાનું પાપ પણ દૂર થાય છે. આ રુદ્રાક્ષને વિશ્વદેવોનું પ્રતીક પણ માનવામાં આવેલ છે.[૬૪]

**ચૌદમુખી :**[૬૫]

આ રુદ્રાક્ષ ભગવાન રુદ્રની આંખોમાંથી વિશેષરૂપે ઉત્પન્ન થયેલ છે. તે બધાં જ રોગોને દૂર

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરનાર તેમજ શ્રેષ્ઠ આરોગ્યને આપનાર છે. આ રુદ્રાક્ષ ભૂત—પિશાચાદિથી રક્ષણ કરે છે, તથા વંશોદ્ધારક છે. ત્રિકાલ સુખદાયક છે તેમજ તેને ધારણ કરનાર ચૌદ ભુવનનો રક્ષક અને સ્વામી બની જાય છે. તેને દૂધમાં ઉકાળીને ૨૦ દિવસ સુધી પીવાથી મસ્તિષ્ક સંબંધી વિકાર દૂર થાય છે.[૬૬]

૧ થી ૧૪ મુખી રુદ્રાક્ષને ધારણ કરવાના મન્ત્રો ક્રમશઃ ઈશ્વર કાર્તિકસ્વામીને જણાવે છે.[૬૭]

| | |
|---|---|
| एकमुखी | ॐ रुद्र |
| द्वि | ॐ खं |
| त्रि | ॐ वुं |
| चतुर् | ॐ ह्रीं |
| पञ्च | ॐ ह्रं |
| षड् | ॐ हुं |
| सप्त | ॐ हः |
| अष्ट | ॐ कम् |
| नव | ॐ जूं |
| दश | ॐ क्षं |
| एकादश | ॐ श्रीन् |
| द्वादश | ॐ ह्रां |
| त्रयोदश | ॐ क्षौं |
| चतुर्दश | ॐ त्रं |

□ દેહના જુદાં—જુદા અંગ ઉપર ધારણ કરવાની રુદ્રાક્ષની સંખ્યા :

| ગ્રંથનું નામ | રુદ્રાક્ષની સંખ્યા | દેહાંગ |
|---|---|---|
| રુદ્રાક્ષ જાબાલો.[૬૮] | ૧ | શિખા |
| શ્લોક ૧૬—૨૨ | | |
| | ૩૦ | મસ્તક |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| | ૩૬ | કંઠ |
| | ૧૬–૧૬ | બે બાહુઓ |
| | ૧૨–૧૨ | મણિબંધ(બે) |
| | ૧૫ | સ્કંધ |
| | ૧૦૮ | યજ્ઞોપવીત |
| | ૨,૩,૫ તથા ૭ સેર | કંઠ |
| | — | મુકુટ |
| | — | કુંડલ |
| | — | કર્ણહાર |
| | — | ભુજબંધ |
| | ૩૦૦ (અધમ) | |
| | ૫૦૦ (મધ્યમ) | |
| | ૧૦૦૦ ઉત્તમ | |
| શિવ પુરાણ[૬૪] ૧/૨૫/૨૬–૩૦ | ૫૫૦ | મુગુટ |
| | ૧,૧૦૦ | મુગુટ |
| | ૩૬૦ (ત્રણ સેર) | યજ્ઞોપવીત |
| | ૧ તથા ૩ | શિખા |
| | ૬–૬ | બે કાન |
| | ૧૦૧, ૫૦, ૩૨ | કંઠ |
| | ૧૧, ૧૬, ૨૪ | બે બાહુઓ |
| | ૧૧ | કર્પૂર હાર |
| | ૧૧, ૧૨ | મણિબંધ |
| | ૩, ૧૦૮ | યજ્ઞોપવીત |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| | ૫ | કટિપ્રદેશ |
| | ૩૦, ૪૦ | મસ્તક |
| | ૫૦૦ | સ્કન્ધ |
| | ૧૦૮ | હૃદય |
| શ્રી દેવી ભાગવત્[૩૦] | ૧ | શિખા |
| ૧૧/૬/૨૯—૩૨ | | |
| ૧૧/૭/૧૭—૨૦ | ૧૨—૧૨ | મણિબંધ |
| | ૩૨ | કંઠ |
| | ૪૦ | મસ્તક |
| | ૬—૬ | બે કાન |
| | ૧૦૮ | વક્ષઃ સ્થલ |
| | ૫૦૦ | ખભા ઉપર |
| | ૧૦૮ | યજ્ઞોપવીત |
| | બે સેર | કંઠ પ્રદેશ |
| | ત્રણ સેર | દેહાંગ ભૂષણ |
| | | કુંડલ |
| | | મુકુટ |
| | | કર્ણિકાહાર |
| | | કેયૂર(કંગન) |
| | | કટક(મેખલા) |
| | | પેટ |

ઉપર્યુક્ત કોઠો ડૉ. પ્રજ્ઞા જોષીના ગ્રંથમાંથી સાભાર લીધેલ છે.[૩૧]

શિવપુરાણ ક્રમપૂર્વક ૧૨ સ્થાનોમાં ધારણ કરવાના મંત્રો નીચે પ્રમાણે આપે છે.[૩૧]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| ॐ ह्रीं नमः | મુકુટ |
| ॐ नमः | યજ્ઞોપવીત |
| ॐ क्लीं नमः | શિખા |
| ॐ ह्रीं नमः | બે કર્ણ |
| ॐ ह्रीं हुं नमः | કંઠ |
| ॐ हुं नमः | બે બાહુઓ |
| ॐ ह्रीं हुं नमः | કર્પૂર દ્વારા |
| ॐ ह्रीं नमः | મણિબંધ |
| ॐ ह्रीं हुं नमः | કટિપ્રદેશ |
| ॐ क्रौं क्षौं रौं नमः | મસ્તક |
| ॐ ह्रीं नमः | સ્કન્ધ |
| ॐ नमः | હૃદય |

અન્ય જગ્યાએ શિવ પુ.માં જ મૂળ મંત્રથી અથવા પ્રણવના ઉચ્ચાર સાથે રુદ્રાક્ષ ધારણ કરવાનું જણાવ્યું છે.[૭૩]

**ધારણ કરવાનો સમય :**

ગ્રહણના સમયે, જ્યારે રાત્રિ અને દિવસ બરાબર હોય એટલે કે તુલા તેમજ મેષ સૂર્ય સંક્રાન્તિના સમયે; અયન પરિવર્તન સમયે, અમાસ, પૂનમ, જ્યારે દિવસ પૂર્ણ થઈ જાય ત્યારે રુદ્રાક્ષ ધારણ કરવાથી ઝડપથી પાપમુક્ત થવાય છે.[૭૪]

**ધારણ કરનારે પાળવાના નિયમો :**

શરાબ, માંસ, લસણ, ડુંગળી, કોળું વગેરે અભક્ષ્ય પદાર્થોને રુદ્રાક્ષ ધારણ કરનારે છોડી દેવા જોઈએ.[૭૫]

**ધારણ કરવાની પદ્ધતિ :**

રુદ્રાક્ષ યોગ્ય સમયે વિધિપૂર્વક મંત્ર સહિત ધારણ કરવામાં આવે તો વિશેષ ફલદાયક છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી કાલાગ્નિ રુદ્ર તેને ધારણ કરવાની વિધિમાં રુદ્રાક્ષની પૂજા, તેની માળા બનાવવાની પદ્ધતિ, પૂજાના મંત્રો, ધારણ કરવા માટે જુદાં-જુદાં પ્રકારના રુદ્રાક્ષનાં અલગ-અલગ મંત્રો વગેરે કહે છે અને વિશેષ રીતે રુદ્રાક્ષને અભિમન્ત્રિત કરવા માટે "અક્ષમાલોપનિષદ્"માં આપેલી પદ્ધતિને અનુસરવાનું જણાવે છે.[૭૬]

મસ્તક ઉપર[૭૭] "ईशानः सर्वविद्यानां....।[૭૮] એ મંત્રથી; કંઠમાં "तत्पुरुषाय विद्महे....।[૭૯] અને ગળામાં महादेवाय.....।[૮૦] એ મંત્રથી તેમજ अघोरेभ्यो....।[૮૧] એ મંત્રથી ગળામાં તથા હૃદયમાં તેમજ અઘોર બીજ મંત્રથી હસ્તમાં રુદ્રાક્ષ ધારણ કરવા. રુદ્રાક્ષને સિદ્ધ કરવા માટે રુદ્રાક્ષનો જે છેદ છે તેમાં 'अ'થી શરૂ કરીને 'क्ष' સુધીના પચાસ અક્ષર લખીને/અક્ષરથી પૂજા કરીને પંચાક્ષરી[૮૨] મંત્રથી અભિમંત્રિત કરી. પ્રાણ-પ્રતિષ્ઠા વગેરે કરીને મૂળમંત્રથી માળા ગૂંથીને ત્રણ, પાંચ અથવા સાત માળાઓ ધારણ કરવી જોઈએ.

આ પૂજનની પદ્ધતિ अक्षमालोपनिषद्માં દર્શાવેલ છે, જે નીચે પ્રમાણે છે—

અક્ષમાલો.માં પ્રજાપતિ ભગવાન ગુહને જણાવે છે કે; પ્રવાલ, મોતી, સ્ફટિક, શંખ, ચાંદી, સોના, ચંદન, પુત્ર જીવિકા, કમલ તેમજ રુદ્રાક્ષ એ દસ પ્રકારની માળા છે. તે 'अ'થી 'क्ष' સુધીના અક્ષરોથી અભિમન્ત્રિત કરીને ધારણ કરવામાં આવે છે.આ માળાને સુવર્ણ-રજત અને તાંબાના સૂત્રમાં ધારણ કરવી જોઈએ. અન્ય રીતે આ મંત્રનો અર્થ કરીએ તો, સૂત સુવર્ણનું; રુદ્રાક્ષની બન્ને બાજુનાં છિદ્રોમાં જમણી બાજુનાં છિદ્ર તરફ રજત અને ડાબી બાજુ તાંબાથી મઢવું જોઈએ.

**માળાનું ગ્રંથન :**[૮૩]

રુદ્રાક્ષની માળા ૨૭ અથવા ૧૦૮ ની બનાવવી. આ માળાના ગ્રંથનમાં પૃચ્છનું પૃચ્છથી અને મુખનું મુખથી સંયોજન કરી, મેરુને ઊર્ધ્વમુખ રાખીને, નાગપાશ કરીને માળા ગૂંથવામાં આવે તો તે સિદ્ધિ આપનારી બને છે. આ રીતે ગૂંથેલી માળાને સિદ્ધ કરી ગણતરી સાથે જપ કરવામાં આવે તો સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

જાતે ગૂંથેલીમાળા વિશેષ ફળપ્રદાન કરનારી છે, શૂદ્રએ ગૂંથેલી માળા હંમેશાં ત્યાજ્ય છે. આ પ્રમાણે ગૂંથેલી માળાથી કોઈપણ દેવના મન્ત્રનાં જપ કરવામાં આવે તો ફળદાયક બને છે.[૮૪]

**❑ રુદ્રાક્ષ(વગેરે)ને અભિમંત્રિત કરવાની પદ્ધતિ :**[૮૫]

**પંચ ગવ્ય :**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદા, કામધેનુ વગેરે પાંચ ગાયોમાંથી જ ઉત્પન્ન થયેલ દૂધ, ગોમૂત્ર, ગોમય, દધિ, ગોરજ અને ઘૃત એ પંચગવ્યોથી પ્રક્ષાલિત કરે. ત્યારબાદ ફરીથી એ જ પંચવ્યો તથા ગંધમિશ્રિત જલથી સ્નાન કરાવવું.

**પત્રકૂર્ચ સ્નાન :**

ૐનાં ઉચ્ચારણ દ્વારા પત્રકૂર્ચથી (ભૂર્જપત્ર) સ્નાન કરાવવું.

**અષ્ટગંધ :**

પત્રકૂર્ચનાં સ્નાન બાદ તકકોલ, ઉશીર, કર્પૂર વગેરે અષ્ટગંધનું ૐના ઉચ્ચારણ સાથે લેપન કરવું.

**સ્થાપન :**

અષ્ટગંધોના લેપનબાદ "મણિશિલા" અથવા બાજોઠ વગેરે ઉપર સ્થાપન કરવું.

**પૂજન :**

બાજોઠ ઉપર સ્થાપન કરીને અક્ષત તેમજ પુષ્પોથી તેની પૂજા કરવી.

**અભિમન્ત્રિત/ભાવિત :"**

પૂજન બાદ 'अ'થી 'क्ष' સુધી અક્ષરો દ્વારા ક્રમશઃ અભિમન્ત્રિત કરવા; બીજા અર્થમાં તે અક્ષરો તેમાં પ્રતિષ્ઠાપિત કરવા.

નોંધ : દરેક અક્ષરની આગળ ૐનો ઉચ્ચાર કરવો.

(૧) હે ૐ તમે મૃત્યુને જીતનાર છો; સર્વ વ્યાપક એવા આ પ્રથમ અક્ષમાં પ્રતિષ્ઠિત થાઓ.

(૨) ૐ હે "ऑ"કાર તમે આકર્ષણ શક્તિવાળા અને સર્વવ્યાપક છો; તમે બીજા.....થાઓ.

(૩) ૐ હે "इ"કાર તમે પોષણ આપનાર, ક્ષુભિતા રહિત છો; તમે ત્રીજા.....થાઓ.

(૪) ૐ હે "ई"કાર તમે પાણીને સ્વચ્છ કરનાર અને નિર્મલ છો; તમે ચતુર્થ.....થાઓ.

(૫) ૐ હે "उ"કાર તમે દરેકને બધાં જ પ્રકારનું બળ આપનાર તેમજ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છો. તમે પાંચમાં.....થાઓ.



For Private And Personal Use Only

(૬) ॐ હે "ऊ"કાર તમે ઉચ્ચારણ કરનાર, દુઃસ્સહ છો(સહન કરવા મુશ્કેલ). તમે છઠ્ઠા.....થાઓ.

(૭) ॐ હે "ऋ"કાર સંક્ષોભ અર્થાત્ ચિત્ત ચંચળતા કરનાર તથા ચંચળ છો. તમે સાતમાં.....થાઓ.

(૮) ॐ હે "ॠ"કાર તમે સમ્મોહન કરનાર તથા ઉજ્જવળ છો; તમે આઠમાં.....થાઓ.

(૯) ॐ હે "ऌ"કાર તમે વિદ્વેષને ઉત્પન્ન કરનાર; તમે જ બધું જ જાણનાર અત્યંત ગુપ્ત છો. તમે નવમાં......થાઓ.

(૧૦) ॐ હે "ॡ"કાર તમે મોહકારી છો; આ દસમાં......થાઓ

(૧૧) ॐ હે "ए"કાર તમે બધાને વશ કરનાર તથા શુદ્ધ સત્વ છો, આ અગિયારમાં......થાઓ.

(૧૨) ॐ હે "ऐ"કાર તમે શુદ્ધ તથા સાત્વિક છો અને પુરુષોને વશ કરનાર છો; આ બારમાં....થાઓ.

(૧૩) ॐ હે 'ओ'કાર તમે સંપૂર્ણ વાઙ્મય છો અને નિત્ય શુદ્ધ છો; આ તેરમાં અક્ષમાં.....થાઓ.

(૧૪) ॐ હે औકાર તમે અક્ષર સમૂહ સ્વરૂપને વશ કરનાર તથા શાંત છો; આ ચૌદમાં.....થાઓ.

(૧૫) ॐ હે "अं"કાર તમે ગજ, મનુષ્યોને વશ કરનાર અને મોહિત કરનાર છો; તને આ પંદરમાં..થાઓ.

(૧૬) ॐ હે "અઃ"કાર તમે મૃત્યુ નાશક તથા અત્યંત ભયાનક છો; તમે આ સોળમાં....થાઓ.

(૧૭) ॐ હે "क"કાર તમે બધાંજ પ્રકારનાં ઝેરને હરનારા તેમજ કલ્યાણ કરનારા છો, તમે સત્તરમાં.... થાઓ.

(૧૮) ॐ હે "ख"કાર તમે બધાંને ક્ષોભિત કરનારા અને વ્યાપક છો; આ અઢારમાં....થાઓ.

(૧૯) ॐ હે "ग"કાર તમે બધાં જ વિઘ્નોને દૂર કરનાર તથા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છો; તમે ઓગણીસમાં.... થાઓ.

(૨૦) ॐ હે "घ"કાર તમે સૌભાગ્ય આપનાર તેમજ ગતિ રોકનાર છો; આ વીસમાં.....થાઓ.

(૨૧) ॐ હે "ङ"કાર તમે બધાં જ વિષયોના નાશક અને ઉગ્ર ભયાનક છો. તમે એકવીસમાં....થાઓ.

(૨૨) ॐ હે "च"કાર તમે અભિચાર નાશક તથા ક્રૂર છો; બાવીસમાં......થાઓ.



For Private And Personal Use Only

(૨૩) ॐ હે "छ"કાર તમે ભૂતનાશક તથા ભયાનક છો. ત્રેવીસમાં.....થાઓ.

(૨૪) ॐ હે "ज"કાર તમે કૃત્યા, ડાકિની, શાકિની વગેરેનો નાશ કરનાર છો. તમે આ ચોવીસમાં... થાઓ.

(૨૫) ॐ હે "झ"કાર તમે ભૂતનો નાશ કરનાર છો. આ પચ્ચીસમાં......થાઓ.

(૨૬) ॐ હે "ञ"કાર તમે મૃત્યુનું મંથન કરનાર છો આ છવ્વીસમાં.....થાઓ.

(૨૭) ॐ હે "ट"કાર તમે બધાં જ રોગોનો નાશ કરનાર તથા સૌમ્ય છો આ સત્તાવીસમાં....થાઓ.

(૨૮) ॐ હે "ठ"કાર તમે ચન્દ્રસ્વરૂપ છો. આ અઠ્ઠાવીસમાં......થાઓ.

(૨૯) ॐ હે "ड"કાર તમે ગુરુડ સ્વરૂપ તથા વિનાશક છો એટલું જ નહિ સુંદર પણ છો તમે ઓગણત્રીસમાં......થાઓ.

(૩૦) ॐ હે "ढ"કાર તમે બધાંજ પ્રકારની સંપત્તિ આપનાર તથા સૌમ્ય છો તમે ત્રીસમાં.....થાઓ.

(૩૧) ॐ હે "ण"કાર તમે બધી જ સિદ્ધિ આપનાર તથા મોહિત કરનાર છો. તમે એકત્રીસમાં.....થાઓ.

(૩૨) ॐ હે "त"કાર તમે ધન-ધાન્ય વગેરે સંપત્તિ આપનાર તથા હંમેશાં પ્રસન્ન રહેનાર છો. તમે બત્રીસમાં.....થાઓ.

(૩૩) ॐ હે "थ"કાર તમે ધર્મની પ્રાપ્તિ કરાવનાર તથા નિર્મલ છો. તમે તેત્રીસમાં......થાઓ.

(૩૪) ॐ હે "द"કાર તમે પુષ્ટિ તથા બુદ્ધિ વધારનાર છો; સુંદર દેખાવવાળા છો. તમે ચોત્રીસમાં..... થાઓ.

(૩૫) ॐ હે "ध"કાર તમે વિષ તથા તાવનો નાશ કરનાર છો તમે વિશાળ છો. તમે પાંત્રીસમાં....થાઓ.

(૩૬) ॐ હે "न"કાર તમે ભોગ તથા મોક્ષ આપનાર તેમજ શાંત છો. તમે છત્રીસમાં.....થાઓ.

(૩૭) ॐ હે "प"કાર તમે વિષ અને વિઘ્નોનો નાશ કરનાર તથા કલ્યાણમય છો. તમે સાડત્રીસમાં.... થાઓ.

(૩૮) ॐ હે "फ"કાર તમે અણિમાં વગેરે આઠ સિદ્ધિઓ આપનાર છો; પ્રકાશ સ્વરૂપ છો. તમે આડત્રીસમાં....થાઓ.

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૯) ॐ હે "ष"કાર તમે બધાં જ દોષોને દૂર કરનાર તમે જ સુંદર છો. તમે ઓગણચાલીસમાં....થાઓ.

(૪૦) ॐ હે "भ"કાર તમે ભૂતબાધા શાંત કરનાર તથા ભયાનક છો. તમે આ ચાલીસમાં.....થાઓ.

(૪૧) ॐ હે "म"કાર તમે વિદ્વેષ તથા મોહ ઉત્પન્ન કરનાર છો. તમે આ એકતાલીસમાં.....થાઓ.

(૪૨) ॐ હે "य"કાર તમે સંપૂર્ણ જગતમાં વ્યાપેલા તથા પવિત્ર છો. તમે આ બેતાલીસમાં.....થાઓ.

(૪૩) ॐ હે "र"કાર તમે જ્વલન ઉત્પન્ન કરનાર તથા વિકૃત છો. તમે આ તેતાલીસમાં....થાઓ.

(૪૪) ॐ હે "ल"કાર તમે વિશ્વનું પોષણ કરનાર તથા તેજસ્વી છો. તમે આ ચુમાલીસમાં....થાઓ.

(૪૫) ॐ હે "व"કાર તમે બધાને તૃપ્ત કરનાર તથા નિર્મલ છો. તમે આ પીસ્તાલીસમાં....થાઓ.

(૪૬) ॐ હે "श"કાર તમે બધાં જ પ્રકારની સિદ્ધિ આપનાર તથા પવિત્ર છો; તમે આ છેતાલીસમાં..... થાઓ.

(૪૭) ॐ હે "ष"કાર તમે ધર્મ, અર્થ, કામને આપનાર તથા સાત્ત્વિક છો. તમે આ સુડતાલીસમાં... થાઓ.

(૪૮) ॐ હે "स"કાર તમે બધી જ વસ્તુઓનાં કારણ; સર્વ વર્ણો સાથે સંબંધિત છો. તમે આ અડતાલીસમાં......થાઓ.

(૪૯) ॐ હે "ह"કાર તમે સંપૂર્ણ વાઙ્મય સ્વરૂપ અને નિર્મલ છો. તમે આ ઓગણપચાસમાં...થાઓ.

(૫૦) ॐ હે "ळ"કાર તમે બધી જ શક્તિમાં મુખ્ય છો. તમે આ પચાસમાં......થાઓ.

❑ **મેરુમાલા : માળાનો મુખ્ય મણકો :**

ॐ હે "क्ष"કાર તમે પરાત્પર તત્ત્વ અને પરમ જ્યોતિ સ્વરૂપ છો. આ શિખામણિમાં પ્રતિનિધિ રૂપમાં પ્રતિષ્ઠિત થાઓ.

❑ **માળામાં જુદા–જુદા દેવતાઓનું આહ્‌વાન, સ્થાપન પૂજન :**

**પૃથ્વી સ્થાનીય :**

પૃથ્વી ઉપર વિચરતાં દેવતાઓને નમસ્કાર; તેઓ આ માળામાં પધારી સ્થિત થાય અને આ માળા હું ગ્રહણ કરું તેને અનુમોદન આપે. આ માળાની શોભા માટે અગ્નિસ્વાત વગેરે પિતૃઓ પધારે અને અનુમોદન આપે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અંતરિક્ષ સ્થાનીય :**

અંતરિક્ષ સ્થાનીય દેવતાઓને નમસ્કાર, તમે પિતૃઓ સહિત આ જ્ઞાનમયી માળામાં પધારો, તેની શોભામાં અભિવૃદ્ધિ કરો; અનુમોદન આપો.

**દ્યુ સ્થાનીય :**

સ્વર્ગમાં/દ્યુસ્થાનમાં રહેનાર દેવતાઓ વરદાન આપનાર બનીને પિતૃઓ સહિત આ જ્ઞાન–સ્વરુપિણી માળામાં પધારે અને તેની શોભા વધારે. અનુમોદન આપે.

– આ લોકમાં જે મન્ત્રો(૭ કરોડ); વિદ્યાઓ(ચોસઠ); તેમને નમસ્કાર, તેઓની શક્તિ આ માળામાં પ્રતિષ્ઠિત થાય.

– બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્રને નમસ્કાર, તેમના પરાક્રમને નમસ્કાર, તેમનું પરાક્રમ આ માળામાં સ્થિત થાય.

– સાંખ્ય વગેરેમાં જે તત્ત્વોની વાત છે, તે તત્ત્વોને નમસ્કાર. વિઘ્નો હરનાર; કામધેનુ સ્વરૂપ તે તત્ત્વો આ માળામાં પધારે અને સ્થિત થાય.

– આ બ્રહ્માંડમાં જે શિવ, વિષ્ણુ અને શાકત ભક્તો સેંકડો અને હજારોની સંખ્યામાં છે, તેઓને નમસ્કાર, તે બધાં આશીર્વાદ વરસાવે અને અનુમોદન આપે.

– મૃત્યુની જે શક્તિઓ છે તેમને નમસ્કાર. તમે સ્તુતિથી પ્રસન્ન થઈને આ માળાને તેના ઉપાસકોને સુખ આપનારી બનાવો.

આ પ્રમાણે માળામાં બધીજ વિધિની પૂર્ણતાની ભાવના કરીને એ જ ભાવના સાથે અર્ધી માળાને પરોવીને બાકીના 'પચાસ' મણકાઓનું આ જ પ્રમાણે પૂજન–અર્ચન કર્યા બાદ ફરીથી બાકી રહેલાં આઠ મણકાઓમાં "अ", क, च, ट, त, प, य, श એમ ક્રમશઃ આઠ વર્ગોને પૂર્વોક્ત ક્રમથી જ આહ્‌વાન, સ્થાપન–પૂજન કરે.[૮૮]

❑ **પ્રદક્ષિણા :**[૮૯]

માળાની સ્થાપના બાદ તેની પ્રદક્ષિણા કરવી જોઈએ.

❑ **પ્રાર્થના :**

જપના આરંભ[૯૦]માં અને અંતમાં[૯૧] પ્રાર્થના કરવી જોઈએ. જપ સમયે મસ્તક ઢાંકેલું રાખવું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાતચીત ન કરવી. અધૂરી માળાએ વિરામ ન કરવો. જો માળા તૂટી જાય તો પુનઃ વિધિપૂર્વક ગ્રંથન કરવું.

પ્રાતઃકાલમાં કરેલ જપ વિશેષ ફળદાયક છે. જપ સમયે માળા ઉઘાડી ન હોવી જોઈએ. ગોમુખી રાખીને જ નિર્દેશેલી અંગુલિકાઓથી માળા ફેરવવી જોઈએ. સુમેરુ મણિનું ઉલ્લંઘન ન થવું જોઈએ. પગને કે જમીનને માળાનો સ્પર્શ ન થવો જોઈએ. જે મંત્રનો જપ કરતાં હોઈએ તે મંત્રના દેવતા, ઋષિ, છંદ તેમજ મન્ત્રાર્થનાં સ્મરણ સાથે જપ કરવા જોઈએ. નિર્ધારિત સમયમાં નિર્ધારિત સંખ્યામાં જપ કરવામાં આવે તો તે ઝડપથી ફલદાતા બને છે.

રુદ્રાક્ષમાળા ધારણ કરી રુદ્રાક્ષ માળાથી કરવામાં આવેલ જપ અક્ષય બને છે.[??] પરંતુ જપ–માળાને ક્યારેય ધારણ ન કરવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૬

# સામવેદનાં ઉપનિષદોમાં રુદ્રાક્ષ-મીમાંસા

**અંત્યનોંધ :**

(૧) ડૉ. પ્રજ્ઞા જોશી, ગીર્વાણ સુધા, પૃ. ૭૧

(૨) त्रिपुरवधार्थमहं निमीलिताक्षोऽभवम् ।

तेभ्या जलबिन्दवो भूमौ पतितास्ते रुद्राक्षाजाताः ॥

— रु. जा. उप. २

(३) तत्राश्रु बिन्दवो जाता महारुद्राक्षवृक्षकाः ।

स्थावरत्वमनुप्राप्य भक्तानुग्रहकारणात् ॥

— रु. जा. उप. ५

(४) पद्म पु. सृष्टि. ५७.२३-२८

(५) दिव्यवर्षसहस्रं तु चक्षुरुन्मीलितं मया ।

पश्चान्ममाकुलाक्षिभ्यः पतिता जलबिन्दवः ॥७॥

तत्राश्रुबिंदुतो जाता महारुद्राक्षवृक्षकाः ।

ममाऽऽज्ञया महासेन सर्वेषां हितकाम्यया ॥८॥

— देवी भा. ११.४.१-११

(६) शिवपुराण २५.१-१४

(७) रुद्रस्य नयनादुत्पन्ना रुद्राक्षा इति लोके ख्यायन्ते ।

अथ सदाशिवः संहारकाले संहारं कृत्वा संहाराक्षं मुकुलीकरोति ।

तन्नयनाज्जाता रुद्राक्षा इति होवाच ।

तस्माद्रुद्राक्षत्वमिति कालाग्निरुद्रः प्रोवाच ॥४७॥

— रु. जा. उप. ४७

(८) संस्कृत - हिन्दी कोश आप्टे पृ. ८

(૯) ડૉ. પ્રજ્ઞા જોશી, ગીર્વાણ સુધા પૃ. ૭૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अलंकारादिक्षकारान्तौकपञ्चाशद्वर्णाः ।

— हलायुधकोश पृ. २०६

(१०) समाः स्निग्धा दृढाः स्थूलाः कण्टकैःसंयुताः शुभाः

कृमिदष्टं छिन्नभिन्नं कण्टकैर्हीनमेव च ॥

व्रणयुक्तमयुक्तं च षड् रुद्राक्षाणि वर्जयेत् ।

स्वयमेव कृतद्वारं रुद्राक्षं स्यादिहोत्तमम् ॥

— रु. जा. उप. १३-१४

(१०) (अ) समाः स्निग्धा दृढाः सद्वृत्कंटकैः संयुता शुभाः ।

कृमिदुष्टाश्छिन्नभिन्नाकंटकैः रहितास्तथा ॥

व्रणयुक्तान वृत्तांश्च षड्रुद्राक्षांस्तु वर्जयेत् ।

स्वयमेव कृतद्वारो रुद्राक्षः स्यादिहोत्तमः ॥

यत्तु पौरुषयत्नेन कृतं तन्मध्यमं भवेत् ।

समास्निग्धान्दृढान्वृत्ताक्षौमसूत्रेण धारयेत ॥

— देवी भागवत् ११.७.११-१३

(१०) (ब) समाः स्निग्धा दृढाः स्थूलाः कंटकैः संयुताः शुभाः ।

रुद्राक्षा कामदा देवि भुक्तिमुक्तिप्रदाः सदा ॥२१॥

स्वयमेव कृतद्वारं रुद्राक्षं स्यादिहोत्तमम् ।

यत्तु पौरुषयत्नेन कृतं तन्मध्यमं भवेत् ॥२३॥

— शिव पु. १.२५.१-२९

(११) यत्तु पौरुषयत्नेन कृतं तन्मध्यमं भवेत् ।

समान् स्निग्धान् दृढान् स्थूलान् क्षौमसूत्रेण धारयेत् ॥

— रु. जा. उप. १५

(१२) सर्वगात्रेण सौम्येन सामान्यानि विचक्षणः

निकषे हेमरेखाभा यस्य रेखा प्रदृश्यते ॥

— रु. जा. उप. १६



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१३) कृमिदुष्टं छिन्नभिन्नं कंटकैर्हीनमेव च ।

व्रणयुक्तमवृत्तं च रुद्राक्षान्षड्विवर्जयेत् ॥२२॥

आद्यावामलजस्ततो लघुतरा रुग्णास्ततः कण्टकैः

सद्भ्रा कृतिभिस्तनूपकरणच्छिद्रेण हीनास्तथा ।

धार्यं नैव शुभेप्सभिश्चकवद्........... ॥४६॥

— रु. जा. उप. १३ १४ शिव पुराण १.२५.२२;

१.२५-४६ तथा १.२५.४६

(१४) सर्वानुग्रहार्थाय तेषां नामोच्चारणमात्रेण दशगोप्रदानफलं ।

दर्शनस्पर्शनाभ्यां द्विगुणफलमत ऊर्ध्वं वक्तुं न शक्नोमि ।

— रु. जा. उप. २

(१५) रुद्राक्षधारिणे भक्त्या वस्त्रं धान्यं ददाति यः ।

सर्वपापविनिर्मुक्तः शिवलोकं स गच्छति ॥३१॥

रुद्राक्षं केवलं चापि यत्र कुत्र महामते ।

समन्त्रकं वा मंत्रेण रहितं भाववर्जितम् ॥३५॥

— देवी भागवत ११.३.२५-३७

(१६) लक्षं तु दर्शनात्पुण्यं कोटिस्तत्स्पर्शनाद्भवेत् ।

तस्य कोटिगुणं पुण्यं लभते धारणान्नरः ।

लक्षकोटिसहस्त्राणि लक्षकोटिशतानि च ।

तज्जपाल्लभते पुण्यं नरो रुद्राक्षधारणात् ॥

— देवी भागवत ११.७.४ ५

(१७) भक्तानां धारणात् पापं दिवारात्रिकृतं हरेत ।

लक्षं तु दर्शनात् पुण्यं कोटिस्तद्धारणाद्भवेत् ॥

तस्य कोटिशतं पुण्यं लभते धारणान्नरः ।

लक्षकोटिसहस्त्राणि लक्षकोटिशतानि च ॥

— रु. जा. उप. ६-७



For Private And Personal Use Only

(१८) लक्षं तु दर्शनात्पुण्यं कोटिर्वै स्पर्शनेन च ।

दशकोटिफलं पुण्यं धारणाल्लभते नरः ॥३०॥

लक्षकोटिसहस्राणि लक्षकोटिशतानि च ।

जप्त्वाऽस्य (च) लभते पुण्यं नात्र कार्या विचारणा। ॥३१॥

— पद्म पु. सृ. ५७.३०-३१;

देवी भागवत ११.५.२८-२९, ११.७.४-५

(१९) भक्तिश्रद्धायुतश्चैव सर्वकामार्थसिद्धये ।

रुद्राक्षान्धारयेन्मंत्रैर्देवनालस्य वर्जितः ॥८३॥

रुद्राक्षमालिनं दृष्ट्वा भूतप्रेतपिशाचकाः ।

डाकिनी शाकिनी चैव ये चान्ये द्रोहकारकाः ।८४।

कृत्रिमं चैव यत्किंचिदभिचारादिकं च यत् ।

तत्सर्वं दूरतो याति दृष्ट्वा शंकितविग्रहम् ॥८५॥

रुद्राक्षमालिनं दृष्ट्वा शिवो विष्णुः प्रसीदति ।

देवी गणपतिः सूर्यः सुराश्चान्येऽपि पार्वति ॥

— शिवपुराण १.२५.८३ ८६

(१९) (अ) शिरोव्रतस्य माहात्म्यं पूर्वैः पूर्वतरं कृतम् ।

ब्रह्मा विष्णुश्च रुद्रश्च देवताः सकला अपि ॥४॥

— देवी भागवत ११.१.२-४

(२०) ब्राह्मणो बिभृयाच्छ्वेतान् रक्तान् राजा तु धारयेत् ।

पीतान् वैश्यस्तु बिभृयात् कृष्णाञ्छूद्रस्तु धारयेत् ।१२॥

श्वेतवर्णश्च रुद्राक्षो जातितो ब्राह्म उच्यते ।

क्षात्रो रक्तस्तथा मिश्रो वैश्यः कृष्णस्तु शूद्रकः ॥११॥

— रु. जा. उप. १२; देवी भागवत् ११.४-११

(२१) भूमौ गौडोद्भवांश्चक्रे रुद्राक्षाञ्छिववल्लभान् ।

मथुरायामयोध्यायां लंकायां मलये तथा ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सह्याद्रौ च तथा काश्यां देशेष्वन्येषु वा तथा ।
परान्सह्यापापौघभेदनाच्छ्रुतिनोदनात् ॥

— शिवपुराण १.२५.९-१०

(२२) रुद्राक्षमूले तद्ब्रह्मा तन्नाले विष्णुरेव च ।
तन्मुखे रुद्र इत्याहुस्तद्विन्दुः सर्व देवताः ॥

— रु. जा. उप. ३५

(२३) बदरीफलमात्रं तु मध्यमं प्रोच्यते बुधैः ।
अधमं चणमात्रं स्यात् प्रक्रियैषा मयोच्यते ॥

— रु. जा. उप. ९

(२३) (२५) धात्रीफलसमं यत्स्यात्सर्वारिष्टविनाशनम् ।
गुंजया सदृशं यत्स्यात्सर्वार्थफलसाधनम् ॥१७॥
यथा यथा लघुः स्यात्तु तथाधिकफलप्रदाः ।
एकैकतः फलं प्रोक्तं दशांशैरधिकं बुधैः ॥१८॥

— शिवपुराण २५.१४-१८

(२४) धात्रीफलप्रमाणं यच्छ्रेष्ठमेतदुदाहृतम् ॥
बदरीफलमात्रं तु प्रोच्यते मध्यमं बुधैः ।
अधमं चणमात्रं स्यात्प्रतिज्ञैषा मयोदिता ॥

— देवीभागवत ११.७.६-७

(२५) धात्रीफल प्रमाणं यच्छ्रेष्ठमेतदुदाहृतम्
बदरी फलमात्रं तु मध्यमं संप्रकीर्तितम् ॥
बदरीफलमात्रं च यत्स्यात्किल महेश्वरि ।
तथापि फलदं लोके सुखसौभाग्यवर्द्धनम् ॥

— शिवपुराण. १४-१६

(२६) स एव भस्मज्योति रुद्राक्ष इति ।

— रु. जा. उप. ४८

(२७) तथा रुद्राक्षं मृत्युतारकं गुरुणा लब्धं कण्ठे बाहौ शिखायां वा बध्नीत ।..... तस्माच्छ्रद्धया यां काञ्चिद्गां दद्यात् सा दक्षिणा भवति ।........ ॥

— रु. जा. उप. ४९



For Private And Personal Use Only

(२८) एकवक्त्रं रुद्राक्षं परतत्त्वस्वरूपकम् ।

तद्धारणात् परे तत्त्वे लीयते विजितेन्द्रियः

– रु. जा. उप. २५

(२९) एकवक्त्रस्तु रुद्राक्षः परतत्त्वप्रकाशकः ॥२३॥

परतत्त्वधारणाच्च जायते तत्प्रकाशनम् ॥२४॥

– देवी भागवत ११.५.२३-२४

(२९) (अ) एकवक्त्रः शिवः साक्षाद्भुक्तिमुक्तिफलप्रदः ।

तस्य दर्शनमात्रेण ब्रह्महत्यां व्यपोहति ।

– शिवपुराण १.२५-६४

(३०) डॉ. प्रज्ञा जोशी, गीर्वाण सुधा – पृ. ८५

(३०) चतुर्वक्त्रः स्वयं ब्रह्मा नरहत्यां व्यपोहति ।

दर्शनात्स्पर्शनात्सद्यश्चतुर्वर्गफलप्रदः ॥६८॥

शिवपुराण १.२५-६८

(३१) रु. जा. उप. २८

(३२) द्विवक्त्रो देवदेवेशः सर्वकामफलप्रदः ।

विशेषतः स रुद्राक्षो गोवधं नाशयेद्द्रुतम् ॥

– शिवपुराण १.२५-६६

(३२) (अ) सर्वपापं क्षयं याति यत्कृतं गोवधादिकम् ।

स्वर्गं चाक्षयमाप्नोति द्विवक्त्रं धारणात्ततः ॥४१॥

– पद्म. पु. ५७-४१, देवी भागवत ११.५७.२४-२५

(३३) डॉ. प्रज्ञा जोशी, गीर्वाण सुधा – पृ. ८६

(३४) त्रिमुखं चैव रुद्राक्षमग्नित्रयस्वरूपकम् ।

तद्धारणाच्च हुतभुक्तस्य तुष्यति नित्यदा ॥

– रु. जा. उप. २९

(३५) यत्फलं वह्निपूजायामग्निकार्ये घृताहुतौ ।

तत्फलं लभते धीरः स्वर्गं चानन्तमश्नुते ॥



For Private And Personal Use Only

त्रिवक्त्रं धारयेद्यस्तु स च ब्रह्मसमो भुवि ।

संचितं दुष्कृतं सर्वं दहेज्जन्मनि जन्मनि ॥

न सोदरे भवेद्रोगो न चैवाधरता व्रजेत् ।

पराजयं न लभते नाग्निना दह्यते गृहम् ॥

एतान्यन्यानि सर्वाणि वज्रादेश्च निवारणम् ।

नाशुभं विद्यते किंचित्त्रिवक्त्रस्य च धारणात् ॥

— पद्म पुराण सू. ५७. ४४ ४७

(३६) डॉ. प्रभा जोषी, गीर्वाण सुधा पृ. ८६

(३७) એજન પૃ. ૮૬

(३८) चतुर्मुखं तु रुद्राक्षं चतुर्वक्त्रस्वरुपकम् ।

तद्धारणाच्चतुर्वक्त्रः प्रीयते तस्य नित्यदा ॥

— रु. जा. उप. ३०

(३९) चतुर्वक्त्रः स्वयं ब्रह्म यस्य देहे प्रतिष्ठति ।

स भवेत्सर्वशास्त्रज्ञो द्विजो वेदविदां वरः ॥

— पद्म पु. सू. ५७-५८

(३९) (अ) चतुर्वक्त्रः स्वयं ब्रह्मा नरहत्यां व्यपोहति ।

दर्शनात्स्पर्शनात्सद्यश्चतुर्वर्गफलप्रदः ॥

— शिवपुराण १. २५.६८; देवी भागवत् ११.७.२७-२८

(४०) पंचवक्त्रं तु रुद्राक्षं पंचब्रह्मस्वरुपकम् ।

पंचवक्त्रः स्वयं ब्रह्म पुंहत्यां च व्यपोहति ॥

— रु. जा. उप. ३१

(४१) पञ्चवक्त्रः स्वयं रुद्रः कालाग्निर्नाम नामतः ॥५०॥

अगम्यागमनं चैव ह्यभक्ष्यस्य च भक्षणम् (णात्)

मुच्यते नात्र संदेहः पञ्चवक्त्रस्य धारणात् ॥

महेशस्तुष्यते नित्यं भूतानामधिपो भवेत् ।

सद्योजातस्तथेशानस्तत्पुरुषोऽघोर एव च ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वामदेव इमे देवा वक्त्रैः पञ्चभिराश्रिताः ।
अतः सर्वत्र भूयिष्ठः पञ्चवक्त्रो धरातले ॥
रुद्रस्याऽऽत्मस्वरूपोऽयं तस्मात्तं धारयेद्बुधः ।
कल्पकोटिसहस्राणि कल्पकोटिशतानि च ॥
तावत्कालं शिवस्याग्रे पूजनीयः सुरासुरैः ।
सार्वभौमो भवेद्भूमौ सर्वतेजाः शिवालये ॥

— पद्म पु. सृ. ५७.५७-५९; देवी भागवत् ११.७.२८-२९;

(४१) (अ) पंचवक्त्रः स्वयं रुद्रः कालाग्निर्नामतः प्रभुः ।
सर्वमुक्तिप्रदश्चैव सर्वकामफलप्रदः ॥
अगम्यागमनं पापमभक्ष्यस्य च भक्षणम् ।
इत्यादिसर्वपापानि पंचवक्त्रो व्यपोहति ॥

— शिवपुराण १.२५.६९-७०

(४२) डॉ. प्रज्ञा जोशी; गीर्वाण सुधा, पृ. ८८

(४३) षड्वक्त्रमपि रुद्राक्षं कार्तिकेयाधिदैवतम् ।
तद्धारणान्महाश्रीः स्यान्महदारोग्यमुत्तमम् ॥

— रु. जा. उप. ३२

(४४) मतिविज्ञानसंपत्तिशुद्धये धारयेत् सुधीः ।
विनायकाधिदैवं च प्रवदन्ति मनीषिणः ॥

— रु. जा. उप. ३३

(४५) पद्म पु. सृ. ५७, ५६, ६२, देवीभाग. ११/७/३०,

(४५) (अ) षड्वक्त्रः कार्तिकेयस्तु धारणाद्दक्षिणे भुजे ।
ब्रह्महत्यादिकैः पापैर्मुच्यते नात्र संशयः ॥

— शिवपुराण १.२५-७१

(४६) मार्कण्डेय पुराण ८८-१९-२०; ३८

(४७) सप्तवक्त्रं तु रुद्राक्षं सप्तमात्राधिदैवतम् ।
तद्धारणान्महाश्रीः स्यान्महदारोग्यमुत्तमम् ॥

— रु. जा. उप. ३४



For Private And Personal Use Only

(४८) पद्म पुराण सृ. ५७.६२-६७; शिव पुराण १.२५.७२;

देवी भागवत ११.७.३०-३२

(४९) डॉ. प्रज्ञा जोषी, गीर्वाण सुधा पृ. ८८

(५०) महती ज्ञानसंपत्तिः शुचिधारयतः सदा ।

अष्टवक्त्रं तु रुद्राक्षमष्टमात्रधिदैवतम् ॥

वस्वष्टकप्रियं चैव गङ्गाप्रीतिकरं तथा ।

तद्धारणादिमे प्रीता भवेयुः सत्यवादिनः ॥

– रु. जा. उप. ३५ ३६

(५१) श्रीमद्भागवत् ६.६.११-१६

(५२) शिव पुराण १.२५.७३; देवी भागवत् ११.७.३२-३३

पद्म पुराण ५७.६८ ७२

(५२) (अ) रुद्राक्षश्चाष्टवक्त्रश्च वसुमूर्तिश्च भैरवः ।

धारणात्तस्य पूर्णायुर्मृतो भवति शूलभृत् ॥

– शिवपुराण १.२५.७३

भैरवो नववक्त्रश्च कपिलश्च मुनिः स्मृतः ।

दुर्गा वा तदधिष्ठात्री नवरुपा महेश्वरी ॥

– शिवपुराण १.२५.७४

(५३) डॉ. प्रज्ञा जोशी, गीर्वाण सुधा पृ. ९०

(५४) नववक्त्रं तु रुद्राक्षं नवशक्त्यधिदैवतम् ।

तस्य धारणमात्रेण प्रीयन्ते नव शक्तयः ॥

– रु. जा. उप. ३७

(५५) पद्म पुराण सृ. ५७.७३-७६, शिवपुराण १.२५.७४-७५

देवी भागवत् ११.७.३४

(५६) डॉ. जोषी, गीर्वाण सुधा, ९०

(५७) दशवक्त्रं रुद्राक्षं यमदैवमुदाहृतम् ।

दर्शनात् प्रशान्तिजनकं धारणान्नात्र संशयः ॥

– रु. जा. उप. ३८



For Private And Personal Use Only

(५८) शिवपुराण १.२५.७६ पद्म पु. सृ. ५७.६८.७३.७६; देवीभाग ११.७.३०

(५८) (अ) हरवद्धखेश्वरस्थो गणेशो नात्र संशयः ।

पन्नगाश्च विनश्यन्ति दशवक्त्रस्य धारणात् ॥

— पद्म पु. ५७-७६

(५८) (ब) दशवक्त्रस्तु रुद्राक्षो दशाशादैवतः स्मृतः ।

दशाशाप्रीतिजनको धारणे नात्र संशयः ॥

— देवी भाग. ११.७.३१

(५९) एकादशमुखं त्वक्षं रुद्रैकादशदैवतम् ।

तदिदं दैवतं प्राहुः सदा सौभाग्यवर्धनम् ॥

— रु. जा. उप. ३९

(६०) शिव पु. १.२५.७७, पद्म पु. सृ. ५७.७७-७९, देवी भाग ११.७.३६

(६०) (अ) वक्त्रे चैकादशे वत्स रुद्राश्चैकादश स्मृताः ।

शिखायां धारयेन्नित्यं तस्य पुण्यफलं शृणु ॥

अश्वमेधसहस्राणि यज्ञकोटिशतानि च ।

गवां शतसहस्रस्य सम्यग्दत्तस्य यत्फलम् ॥

तत्फलं शीघ्रमाप्नोति वक्त्रैकादशधारणात् ।

हरस्य सदृशो लोके पुनर्जन्म न विद्यते ॥७९ ॥

— पद्म पु. सृ. ५७.७७-७९

(६१) रुद्राक्षं द्वादशमुखं महाविष्णुस्वरूपकम् ।

द्वादशादित्यरूपं च बिभर्त्येव हि तत्परः ॥

रु. जा. उप. ४०

(६२) रुद्राक्षं द्वादशास्यं यः कण्ठदेशे तु धारयेत् ।

आदित्यास्तुष्यते नित्यं द्वादशास्ये व्यवस्थिताः ॥

गोमेधं नरमेधं च कृत्वा यत्फलमश्नुते ।

तत्फलं शीघ्रमाप्नोति वक्त्रादित्य निवारणम् ॥

नैव वह्निभयं चैव न च व्याधिः प्रवर्तते ।

अर्थलाभं सुखं भुक्त ईश्वरो न दरिद्रता ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

हस्त्यश्वनरमार्जारमूषकान्मशकांस्तथा ।

व्यालदंष्ट्रिश्रृगालादीन्हत्वा व्याघातयत्यपि ॥

— पद्म पु. स. ५७.८०-८२

(६२) (अ) शिव पु. १/२५/७८

(६२) (ब) रुद्राक्षो द्वादशमुखो महाविष्णुस्वरूपकः ।

द्वादशादित्यदैवश्च बिभर्त्येव हि तत्परः ॥

— देवी भाग. ११.७.३७

(६३) त्रयोदशमुखं चाक्षं कामदं सिद्धिदं शुभम् ।

तस्य धारणमात्रेण कामदेवः प्रसीदति ॥

— रु. जा. उप. ४१

(६४) शिव पु. १/२५/७९, पद्म पु. सृ. ५७-८५, ८६, ८७ देवी भाग. ११.७.३८

(६४) (अ) त्रयोदशमुखश्चाक्षं कामदः सिद्धिदः शुभः

तस्य धारणमात्रेण कामदेवः प्रसीदति ॥

— देवी भाग. ११.७.३८

(६४) (ब) शंतमः स तु विज्ञेयः सर्वकामफलप्रदः ।

सुधारसायनं चैव धातुवादश्च पादुकाः ॥

सिध्यन्ति तस्य वै सर्वे भाग्ययुक्तस्य षण्मुख ।

मातृपितृष्वसृभ्रातृगुरून्वाऽथ निहत्य च ॥

मुच्यते सर्वपापेभ्यो त्रयोदशास्यधारणात् ।

अक्षयं लभते स्वर्गं यथा देवो महेश्वरः ॥८७॥

— पद्म पु. ५७.८५-८७

(६५) चतुर्दशमुखं चाक्ष रुद्रनेत्रसमुद्भवम् ।

सर्वव्याधिहरं चैव सर्वदाऽऽरोग्यमाप्नुयात् ॥

— रु. जा. उप. ४२

(६६) चतुर्दशमुखश्चाक्षो रुद्रनेत्रसमुद्भवः ।

सर्वव्याधिहरश्चैव सर्वारोग्यप्रदायकः ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

चतुर्मुखो यो हि रुद्राक्षः परमः शिव ।
धारयेन्मूर्ध्नि तं भक्त्या सर्वपापं प्रणश्यति ॥

— शिव पु. १/२५/८०, पद्म पु. सृ. ५७/८८.
देवी भाग. ११/७/२१

(६७) पद्म पु. सृ. ५७-९३

(६८) रुद्राक्षपुरुषं विद्यात् तद्धार्यं शिवपूजकैः ।
शिखायामेकरुद्राक्षं त्रिशतं शिरसा वहेत् ॥१७॥
............भेदेन धारयेत् ॥२२॥

— रु. जा. १७-२२

(६९) शतार्द्धेन युतैः पंचशतैर्वै मुकुटं मतम् ।
रुद्राक्षैर्विरचेत्सम्यग्भक्तिमान्पुरुषो नरः ॥२६॥
त्रिभिः शतैः षष्टियुक्तैस्त्रिरावृत्त्या तथा पुनः ।
रुद्राक्षैरुपवीतं च निर्मायाद्भक्तितत्परः ॥२७॥
शिखायां च त्रयं प्रोक्तं रुद्राक्षाणां महेश्वरि ।
कर्णयोः षट् च षट् चैव वामदक्षिणयोस्तथा ॥२८॥
उपवीते शतं ह्यष्ट शिवभक्तिरतैर्नरैः ।
शेषानुर्वरितान्पंच सम्मितान्धारयेत्कटौ ॥३०॥

— शिव पु. १/२५-२६-३०

(७०) एकं शिखायां करयोर्द्वादश द्वादशैव तु ।
द्वात्रिंशत्कण्ठदेशे तु चत्वारिंशच्च मस्तके ॥
एकैकं कर्णयोः षट्षट् वक्षस्यष्टोत्तरं शतम् ।
यो धारयति रुद्राक्षान्रुद्रवत्स तु पूज्यते ॥
षट्त्रिंशच्च गले धार्या बाह्वोः षोडश षोडश ।
मणिबन्धे द्वादशाख्यास्कंधे पंचाशतं भवेत् ॥
अष्टोत्तरशतैर्मालामुपवीतं च प्रकल्पयेत् ।
द्विसरं त्रिसरं वापि बिधृयात्कंठदेशतः ॥
कुंडले मुकुटे चैव कर्णिकाहारकेषु च ।
केयूरं कटके चैव कुक्षिबंधे तथैव च ॥

— देवी भागवत ११.६.२१-३२; ११.७.१७-२०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(७१) डॉ. प्रज्ञा जोषी, गीर्वाण सुधा पृ. ८०–८२

(७२) शिवपुराण १.२५.८२

(७३) पंच ब्रह्मभिरंगैश्च त्रिमाला पंच सप्त च ।
अथवा मूलमंत्रेण सर्वानक्षांस्तु धारयेत् ॥
सर्वाश्रमाणां वर्णानां स्त्रीशुद्राणां शिवाज्ञया ।
धार्याः सदैव रुद्राक्षा यतीनां प्रणवेन हि ॥

— शिवपुराण १.२५–४२, १.२५-४७

(७४) ग्रहणे विषुवे चैवमयने संक्रमेऽपि च ।
दर्शेषु पूर्णमासे च पूर्णेषु दिवसेषु चः ।
रुद्राक्षधारणात् सद्यः सर्वपापैः प्रमुच्यते ॥

— रु. जा. उप. ४४

(७५) मद्यं मांसं च लशुनं पलाण्डुं शिग्रुमेव च
श्लेष्मातकं विड्वराहमभक्ष्यं वर्जयेन्नरः ॥

— रु. जा. उप. ४२

(७५) (अ) मद्यं मांसं च लशुनं पलांडुं शिग्नुमेव च ।
श्लेष्मातकं विड्वराहं भक्षणे वर्जयेत्ततः ॥

— देवीभागवत ११.७.८०

(७६) अघोरबीजमन्त्रेण करयोर्धारयेत सुधीः ।
पंचाशदक्षग्रथितान् व्योमव्याप्यभिधोदरे ॥
पंच ब्रह्मभिरंगैश्च त्रिमाला पंच सप्त च ।
ग्रथित्वा मूलमन्त्रेण सर्वाण्यक्षाणि धारयेत् ॥

— रु. जा. उप. २३-२५

(७७) शिरसीशानमन्त्रेण कण्ठे तत्पुरुषेण तु ।
अघोरेण गले धार्यं तेनैव हृदयेऽपि च ॥२३॥
अघोरेण ललाटे तु तेनैव हृदयेऽपि च ।
अघोरबीजमन्त्रेण करे यो धारयेत्पुनः ॥

— देवीभाग. ११.७.२५ शिव पु. १.२५.४१-४२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(७८) रुद्राष्टाध्यायी, स्वस्तिप्रार्थनादिमन्त्राः ।

ईशानः सर्वविद्यानामीश्वरः सर्वभूतानाम् ।

ब्रह्माधिपति र्ब्रह्मणोऽधिपतिर्ब्रह्मा शिवो मे अस्तु सदाशिवोम् ॥७८॥

(७९) तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि ।

तन्नो रुद्रः प्रचोदयात् ॥८॥

— એજન

(८०) महादेवाय धीमहि तन्नो रुद्रः प्रचोदयात् ।

(८१) अघोरेभ्योऽथ घोरेभ्यो घोरघोरतरेभ्यः ।

सर्वेभ्यः सर्वशर्वेभ्यो नमस्ते अस्तु रुद्ररूपेभ्यः ॥

— रुद्राष्टाध्याय – शान्तिपाठ

(८२) પંચાક્ષર મંત્ર

ॐ नमः शिवाय ।

(८३) वक्त्रं वक्त्रेण संयोज्य पुच्छं पुच्छेन योजयेत् ।

मेरुमूर्ध्वमुखं कुर्यात्तदूर्ध्वं नागपाशकम् ॥

एवं संग्रथितां मालां मंत्रसिद्धिप्रदायिनीम् ।

प्रक्षाल्य गंधतोयेन पंचगव्येन चोपरि ।

— देवी भागवत ११.५.४-५.

(८४) स्वयं च ग्रथिता या च श्लथाऽन्योन्यसज्जिता ।

शुद्रादिग्रथिताऽशुद्धा दूरात्तां परिवर्जयेत् ॥१२॥

सर्वेषामेव देवानां जपेन्मन्त्रं स्वमालया ।

प्रयतः सकले तीर्थे कोटिकोटिगुणं भवेत् ॥१६॥

— पद्म पु. सृ. ५७.१२ और १६

(८५) अथ तां पञ्चाशल्लीसूत्रैः पञ्चगिगव्यैरतनुभिः

शोभयित्वा पञ्चगव्यैर्गन्धोदकेन संस्नाप्य तस्मात्

सोह्कारेण पत्रकूर्चेन स्नापयित्वाऽष्टगन्धैरावघर्ष्य

सुमनःस्थले निवेश्याक्षतपुष्पैराराध्य प्रत्यक्षमादिक्षान्तैवर्णैर्भावयेत् ॥

— अक्षमालो. ४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(८६) अक्षमालो. ५

(८७) अक्षमालो. ६-१३

(८८) पुनरेतस्यां सर्वात्मकत्वं भावयित्वा भावेन

पूर्वमालिकामुत्पाद्यारभ्य तन्मयीं महोपहारैरुपहृत्यादि

क्षान्तैरक्षैरक्षमालामष्टोत्तरशतं स्पृशेत् ॥१४॥

— अक्षमालो १४

(८९) अक्षमालो १५

(९०) ॐ मां माले महामाये सर्वशक्तिस्वरूपिणी

चतुर्वर्गस्त्वयि न्यस्तस्तस्मान्मे सिद्धिदा भव ॥

ॐ अविघ्नं कुरु माले त्वं गृह्णामि दक्षिणे करे ।

जपकाले च सिद्ध्यर्थं प्रसीद मम सिद्धये ॥

ॐ अक्षमालाधिपतये सुसिद्धिं देहि देहि ।

सर्वमन्त्रार्थसाधिनि साधय साधय ।

सर्वसिद्धिं परिकल्पय - परिकल्पय मे स्वाहा ॥

(९१) ॐ त्वं माले सर्वदेवानां प्रीतिदा शुभदा भव ।

शिवं कुरुष्व मे भद्रे यशो वीर्यञ्च देहि मे ॥

यजुर्वेद (ब्रह्मनित्यकर्मसमुच्चयः)

(९२) रुद्राक्षेण जपन्मन्त्रं पुण्यं कोटिगुणं भवेत् ।

लक्षकोटिगुणं पुण्यं धारणाल्लभते नरः ॥५८॥

यज्जप्यं च कृतं दानं स्तोत्रमंत्रं सुरार्चनम् ।

सर्वं चाक्षयतामेति पापं च क्षयतां व्रजेत् ॥९॥

मालाया लक्षणं ब्रूमः शृणुत द्विजसत्तमाः ।

तस्यास्तु लक्षणं ज्ञात्वा मोक्षमार्गं प्रलप्स्यथ ॥१०॥

— शिव पु. १- २५-५८ पद्म पु. स. ५७.९.१०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૭

# સામવેદીય ઉપનિષદોમાં સંગીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ–૭
# સામવેદીય ઉપનિષદોમાં સંગીત

**સામગાન :**

સામવેદ સામગાનથી જોડાયેલો છે. યજ્ઞ સમયે અથવા વિવિધ ઉત્સવ સમયે ગાવામાં આવતા ગાનો તેમાં છે. મોટેભાગે ઋગ્વેદની ઋચાઓને ગીતિમાં–ગાનમાં રજૂ કરવામાં આવે છે. છાંદોગ્ય ઉપનિષદ્ વગેરેમાં પણ વિવિધ ગાનોનો ઉલ્લેખ આવે છે, જે અહીં સંક્ષેપમાં કહેવાનો ઉપક્રમ રાખેલ છે.

બૃહ. અને છાંદોગ્ય ઉપનિષદ્માં સામપદનું આધ્યાત્મિક નિર્વચન કરતાં જણાવ્યું છે કે, મુખમાં રહેલ આત્મભાવ જ સામ છે. વાણી 'सा' છે અને પ્રાણ 'अम' છે. એ બન્નેનું મિલન થવું તે 'સામ'નું સામત્વ છે.[1]

ૐરૂપ ઉદ્‌ગીથનું વિધાન શરૂઆતમાં જ છે.[2] ત્યાં ઉદ્‌ગીથને સર્વ રસોનો સાર કહેવામાં આવે છે. અર્થાત્ સર્વ રસોમાં શ્રેષ્ઠતમ છે.[3] તે જ બ્રહ્મપદ સુધી પહોંચાડે છે.[4] સામવેદને "પુષ્પ" કહેલ છે.[5] "પુષ્પ" સંપૂર્ણ વૃક્ષનો સાર છે. તે જ સુગંધ અને આહ્‌લાદકતા ફેલાવે છે. તેમ સામગાન આનંદવિભોર બનાવે છે. વાણી વાક્ છે, પ્રાણ 'સામ' છે. ઓડમ્ 'उद्‌गीथ' છે. ૐને ઉદ્‌ગીથ એટલા માટે કહેવામાં આવે છે કે તે ઋક્ અને સામનું યુગલ છે. વાણીને ઋક્ કહે છે; કારણ કે તેના દ્વારા ઋક્‌નું ઉચ્ચારણ થાય છે; પ્રાણને સામ કહેવામાં આવ્યો છે; કારણ કે પ્રાણ દ્વારા જ સ્વરને સિદ્ધ કરવામાં આવે છે.[6] આ મિથુન દ્વારા સર્વે કામનાઓ સિદ્ધ થાય છે. તેથી જે ૐ રૂપ પરમેશ્વરની ઉપાસના કરે છે તે દરેક કામનાઓને પ્રાપ્ત કરે છે.[7] તેથી જ વૈદિક સાહિત્યમાં ઋક્–સ્વરનાં સંયોગને દામ્પત્ય તરીકે વર્ણવવામાં આવે છે. ત્યાં ઋક્ 'પત્ની' અને સ્વર 'પતિ' છે.[8]

સૂર્યનાં ઉદ્‌ગીથની ભાવના દ્વારા ઉપાસનાની રજૂઆત છાંદોગ્ય ઉપનિષદ્‌ના[9] પ્રથમ અધ્યાયમાં છે. વ્યાનરૂપ ઉદ્‌ગીથની ઉપાસનાનું પણ વર્ણન છે. વ્યાન જ પ્રાણ–અપાનની સંધિ છે.[10]

'સામ' પદની છાંદોગ્ય ઉપનિષદ્ અનેક વ્યાખ્યાઓ આપે છે. પૃથિવીમાં 'सा' અગ્નિમાં 'अम', અંતરિક્ષમાં 'सा' અને વાયુમાં 'अम', આદિત્યના શુદ્ધ પ્રકાશમાં 'सा' અને જે નીલ(કૃષ્ણ) વર્ણ છે તેમાં 'अम'ની ભાવના કરવી. અધ્યાત્મ દૃષ્ટિથી વાક્ જ 'सा' છે અને પ્રાણ 'अम' છે.[11]



For Private And Personal Use Only

મહર્ષિ જૈમિનિએ[13] "ગીતિ"ને "સામ" કહેલ છે. ગીતિ એટલે ગાન. ક્રુષ્ટ વગેરે સાત સ્વરો દ્વારા ઋચાનં ગાવામાં આવે ત્યારે તેને 'સામ' કહે છે. છાંદોગ્ય ઉપનિષદ[14] પણ સામગાનમાં સામપદનાં મંત્રો કે ગીતને જ માત્ર ગ્રહણ કરવામાં આવતાં નથી. પરંતુ મન્ત્રમાં/ઋક્માં રહેલાં ગીતિ તત્ત્વને ગ્રહણ કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રી રવીન્દ્ર ખાંડવાલાએ 'સામવેદ' નામના પોતાનાં પુસ્તકમાં 'સામ'ના અનેક નિર્વચન આપેલા છે.

**સામના નામકરણ માટેનાં સિદ્ધાંતો :**

કોઈપણ વસ્તુને નામ આપવામાં આવે ત્યારે તેની પાછળ કોઈ ચોક્કસ ઉદ્દેશ અને સિદ્ધાંત રહેલાં હોય છે. મહર્ષિ યાસ્ક કર્મોને આધારે વસ્તુનાં નામકરણનાં સિદ્ધાંતની રજૂઆત કરે છે.[15] એ જ પ્રમાણે એક જ વસ્તુને બીજી વ્યક્તિ તે વસ્તુની અન્ય બાબતને કેન્દ્રમાં રાખીને બીજું નામ પણ આપી શકે છે. જે એક વસ્તુનાં જ અનેક પર્યાયવાચી નામોને આધારે જોઈ શકાય છે. ડૉ. પંકજલાલ શર્મા[16] સામ નામોના વિવિધ સિદ્ધાંતો આપે છે. (૧) ઋષિના નામને આધારે (૨) દેવતાને આધારે (૩) છન્દને આધારે (૪) યજ્ઞને આધારે (૫) ઋક્નાં શબ્દ–વિશેષને આધારે (૬) નિધનને આધારે (૭) કર્મફળને આધારે.

**(૧) ઋષિના આધારે :**

ગાયક ઋષિના આધારે નામ આપવામાં આવે છે. જેમ કે વામદેવ્ય ઋષિ દ્વારા દૃષ્ટ હોવાથી વામદેવ્ય સામ વગેરે. આ બાબત ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને 'ન્યૂટનના નિયમ' તરીકે ઓળખવામાં પણ જોઈ શકાય છે.

**(૨) દેવતાને આધારે :**

જે દેવતાને પ્રસન્ન કરવા માટે સ્તુતિ કરવામાં આવી હોય તે દેવતાને આધારે નામ આપવામાં આવે છે. આ બાબતનો નિર્દેશ મહર્ષિ પાણિનિ પણ પોતાના સૂત્રમાં કરે છે.[17]

**(૩) છન્દના આધારે :**

સામગાનમાં સામયોનિ ઋક્નો જે છંદ હોય, તે છંદનાં આધારે જ સામનું પૂર્ણ નામ આપવામાં આવે છે. જેમ કે ગાયત્રી છંદવાળી ઋક્ પર આધારિત સામ 'ગાયત્ર' કહેવાય છે.

**(૪) યજ્ઞના આધારે નામ કરણ :**

સામગાનનો ઉપયોગ મુખ્યત્વે યજ્ઞમાં થાય છે તેથી તેમાં સરળતા રહે તે માટે ક્યાં યજ્ઞમાં ક્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામગાનનું ગાન કરવું તેની સાથોસાથ તે જે તે યજ્ઞને આધારે જ સામને નામ આપવામાં આવે છે. જેથી સરળતા રહે. જેમ કે "અવભૃથ સામ", "આતિથ્ય સામ" વગેરે.

**(૫) ઋક્ શબ્દના આધારે :**

સામની આધારભૂત ઋકના કોઈ શબ્દ વિશેષને આધારે સામનું નામકરણ કરવામાં આવે છે. આ પ્રકારનાં સામોને સૂક્ત સામની સંજ્ઞા આપવામાં આવે છે. તેનાં મુખ્ય બે પ્રકાર છે– (अ) ઋગ્ગત શબ્દનાં આધારે (ब) પર્વગત શબ્દ તથા સ્વરનાં આધારે.

(अ) ઋગ્ગત શબ્દનાં આધારે સામનું નામ રાખવું તેમાં પાણિનિના મતે ઋક્નાં શબ્દને 'ईय' પ્રત્યય લગાડીને નામ બનાવવામાં આવે છે, જેમ કે 'यज्ञायज्ञीय साम' વગેરે; તેમાં ઋક્ના પ્રથમ, મધ્યમ, અંત એમ કોઈપણ શબ્દને લેવામાં આવે છે.

अण् પ્રત્યય લગાડીને પણ નામ કરણ કરવામાં આવે છે. આ જ બાબતમાં ત્રીજો પ્રકાર ઋક્ગત શબ્દ અને તેનાં ઋષિ એ બન્નેને ભેગા કરીને પણ નામ આપવામાં આવે છે.

(ब) પર્વગત શબ્દ તથા સ્વરને આધારે : ઋચાઓના ગાન સમયે તેનાં અનેક વિભાગો પાડવામાં આવે છે, તેને "પર્વ" કહે છે. આ પર્વ શબ્દ તથા સ્વર ઘણીવાર ઋક્નાં શબ્દ તથા સ્વર કરતાં અલગ પડી જાય છે. આ પર્વો તથા શબ્દ કે સ્વરોના આધારે પણ સામનું નામકરણ કરવામાં આવે છે.

**(૬) નિધન ભક્તિના આધારે સામ :**

સામની અંતિમ ભક્તિ છે. જેનું ગાન સર્વે ઋત્વિજો એક સાથે કરે છે. તેથી નિધન કહેવાય છે. આ નિધન ભક્તિમાં પ્રયોજાયેલા શબ્દનાં આધારે નિધનનું પણ નામ હોય છે અને તેનાં આધારે તે સામનું પણ નામ પડતું હોય છે. દા.ત. 'तमु अभि प्रगायत(સામ ૩૮૨) આ સામયોનિ ઋક્ પર આ સામ છે– तम् ६३ अभि प्रगायता पुरु । हूत । पुरुऽरष्टेताऽ२म् । ६-९ २० गाई भीः ६२ । तविषा २२३४ गा । विवा २३ । सा ऽ२ ता ऽ२३४ औहोवा । ओ ऽ२३४ काः । (સામ ૧૦.૪.૩૮૨.૩) ગાવામાં આવે છે તેમાં અંતિમ ભાગ 'ओका' છે જેની નિધન સંજ્ઞા છે. તેથી આ સામને 'ઓકાનિધન' સામ કહે છે.

આ ઉપરાંત ઘણીવાર નિધન શબ્દ જ એમને એમ જે પ્રમાણે હોય તે જ પ્રમાણે સામ નામમાં પ્રયુક્ત કરવામાં આવે છે. ક્યારેક નિધન તથા ઋષિનાં નામનો સંયુક્ત રીતે ઉપયોગ કરીને


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામનું નામ પાડવામાં આવે છે. આ જ પ્રમાણે નિધન તથા દેવતાના આધારે પણ નામ પાડવામાં આવે છે.

**(૭) કર્મફળને આધારે નામ કરણ :**

અનેકવિધ સામોનું નામકરણ કર્મ તથા તેનાથી પ્રાપ્ત થતાં ફળને આધારે કરવામાં આવે છે. કર્મનો અર્થ એ છે કે જે કાર્ય સામને આધારે કરવામાં આવે છે તે તથા ફળનો અર્થ છે. ઐહિક તથા આમુષ્મિક ફળની પ્રાપ્તિ. આ રીતે કાર્ય અને ફળનાં આધાર ઉપર સામનામ આપવાના વિષયમાં અનેક આખ્યાનો બ્રાહ્મણ ગ્રંથોમાં મળે છે. "સાંવર્ત સામ"ના નામની બાબતમાં તા.બ્રા.માં આખ્યાન છે કે દેવતાઓના વજ્રનો રાક્ષસો નાશ કરવા ઈચ્છતા હતા તેથી ઈન્દ્રએ આ સામ દ્વારા વજ્રને ચારે તરફથી ઘેરી લીધો, તેથી આ સામનું કર્મને આધારે "સાંવર્ત સામ" નામ પડ્યું, જ્યારે "હારાયણ" સામ દ્વારા ઇન્દ્રે તેજ અને બળ પ્રાપ્ત કર્યાં. આમ આ સામનું ગાન કરનારને સામર્થ્ય–શક્તિ– તેજ પ્રાપ્ત થાય છે તેથી તેનું નામ "હારાયણ" પડ્યું.

**સામગાનનાં વિષયો : ઋક્, દેવતા, છન્દ, સ્તોમ :**

સામગાન સગર્થે ગાન કરનારે એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે, પોતે ક્યાં ઋક્ ઉપર ગાન કરે છે, તે ઋક્નાં ઋષિ દેવતાને છન્દ તેમજ જે સ્તોત્રથી સ્તુતિ કરવી હોય, તે સ્તોત્રની તરફ ધ્યાન રાખવું જોઈએ.[૧૭] તેમજ જે દિશા તરફ મુખ રાખીને સ્તુતિ કરતાં હોય તે દિશાનું ચિંતન કરે એટલું જ નહીં પોતાના નામ–ગોત્ર વગેરેના સ્મરણ સાથે જે ઈચ્છાથી સ્તુતિ કરતા હોય તે ઈચ્છાનું ચિંતન કરે.

પ્રાચીન સમયથી મન્ત્રોના દેવતા ઉપર વિચાર થતો આવે છે. યાસ્કમુનિનો સિદ્ધાંત છે કે જે બાબતનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય, જે ઈચ્છાથી ઋષિએ મુખ્યરૂપે જેની સ્તુતિ કરી હોય તે તેના દેવતા છે.[૧૮] સામગાનના સંદર્ભમાં દેવતા વિષયક બાબતનો વિચાર કરતાં ડૉ. પંકજમાલા શર્મા[૧૯] બે સિદ્ધાંતોને નજર સમક્ષ રાખે છે. (૧) આર્ચિક દૃષ્ટિથી દેવતા વિચાર (૨) ગાન દૃષ્ટિથી દેવતા વિચાર.

આર્ચિક સંહિતા સંબંધી દેવતા વિચારમાં તેની આધાર ભૂત ઋગ્વેદની ઋચાઓનાં જે દેવતા છે, તે જ તેનાં પણ દેવતા છે. તેથી જ સામવેદની આર્ચિક સંહિતાને દૈવત સંહિતા પણ કહે છે. જ્યારે આર્ચિક સંહિતામાં સંકલિત સામયોનિ ઋચાઓના દેવતાઓના વિચારમાં, પૂર્વાર્ચિકનાં પ્રથમ ત્રણ પર્વો ઉપર જે ગાન છે તેના મોટેભાગે દેવતા સામયોનિ ઋક્નાં જ દેવતા છે. આગ્નેયપર્વમાં ગ્રામેગેયગાનોનાં દેવતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગ્નિ, ઐન્દ્રપર્વના સામગેયગાનોનાં ઇન્દ્ર, પાવમાન પર્વનાં સામગેયગાનોના દેવતા સ્વયં પવમાન સોમ છે. એ જ પ્રમાણે આરણ્યકકાંડ અને ઉત્તરાર્ચિકકાંડનાં દેવતા માનવામાં આવે છે.[૨૦]

આ ઉપરાંત તેઓ સવનની દષ્ટિથી, વ્યક્તિગત સામની દષ્ટિથી, ભક્તિઓની દષ્ટિથી, છન્દની દષ્ટિથી અને સામના કુષ્ટાદિ સ્વરોનાં વિચારથી પ્રાણ દ્વારા જ સ્વરને સિદ્ધ કરવામાં આવે છે. આ મિથુન દ્વારા સર્વે કામનાઓ સિદ્ધ થાય છે. તેથી જે ૐરૂપ પરમેશ્વરની ઉપાસના કરે છે તે દરેક કામનાઓને પ્રાપ્ત કરે છે. તેથી જ વૈદિક સાહિત્યમાં ઋક્ સ્વરનાં સંયોગને દામ્પત્ય તરીકે વર્ણવવામાં આવે છે. ત્યાં "ઋક્" પત્નિ અને "સ્વર" પતિ છે.

સુવર્ણમાં ઉદ્ગીથની ભાવના દ્વારા ઉપાસનાની રજૂઆત છાંદોગ્ય ઉપનિષદ્ના પ્રથમ અધ્યાયમાં છે. વ્યાનરૂપ ઉદ્ગીથની ઉપાસનાનું પણ વર્ણન છે. વ્યાન જ પ્રાણ અપાનની સંધિ છે.

**ગાવાની પદ્ધતિ :**

શ્વાસ લીધા વગર અને શ્વાસ છોડયા વગર સામગાન કરવું જોઇએ.[૨૧] એ બાબત અત્યંત સ્પષ્ટ છે કે સામગાનમાં મનની એકાગ્રતા જરૂરી છે તે માટે શ્વાસ–પ્રશ્વાસની ક્રિયા બંધ કરવામાં આવે છે. શ્વાસ–પ્રશ્વાસની આ સમતાને જ સામ કહે છે.[૨૨] ઉદ્ગીથમાં પણ 'उत्', 'गी' અને 'थ' એ ત્રણ અક્ષરો છે. 'उत्' પ્રાણ છે, કારણ કે પ્રાણથી જ ઉપર ઉઠવાની ક્રિયા થાય છે, વાણી 'गी' છે; કારણ કે તે શબ્દનું ઉચ્ચારણ કરે છે અને 'थ' અન્ન છે કારણ કે તેમાં સંપૂર્ણ સંસાર સ્થિત છે. આ ત્રણ અક્ષરો ક્રમશઃ ઉદ્દાત થવું, ગાવું અને સ્થિત થવું, ક્રમશઃ પ્રાણ, વાણી અને અન્નનું પ્રતીક છે.[૨૩]

ઉદ્ગીથમાં અન્ય અનેક પ્રતીકોનો પણ ઉલ્લેખ છે. જેમ કે દ્યૌ 'उत्' છે, અંતરિક્ષ 'गी' છે તેમજ પૃથ્વી 'थ' છે.

આ પ્રતીક દ્વારા પણ ઉપર્યુક્ત અર્થઘટન થાય છે, આકાશ સર્વેથી ઉપર છે તેથી 'उत्' છે. વાયુ દ્વારા વાણી ઉચ્ચરિત થાય છે તેથી અંતરિક્ષ 'गी' છે, તેમજ તે બધુ જ પૃથ્વીમાં આશ્રય પામે છે, તેથી તે 'थ' છે. અન્ય ભાવનામાં આધિદૈવિક દષ્ટિથી આદિત્ય જ 'उत्' છે. વાયુ 'गी' છે અને અગ્નિ 'थ' છે. તેમાં પણ ઉપર્યુક્ત અર્થ જ પ્રગટ થાય છે. આ ઉદ્ગીથનાં ત્રણ અક્ષરોમાં ત્રણ વેદાની ભાવના કરવામાં આવે છે. તેમાં સામવેદ 'उत्' છે, યજુર્વેદ 'गी' છે, તેમજ ઋગ્વેદ 'थ' છે.[૨૪] વાસ્તવમાં 'સામ'ને 'उत्'ની પ્રતીક કહીને સામવેદીઓની શ્રેષ્ઠતાનું કથન છે, જ્યારે સામગાનનો આધાર ઋગ્વેદ છે. તેથી તેનું 'थ'ના રૂપમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.[૨૫]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામગાનમાં સ્વર પ્રયોગ અત્યંત મહત્ત્વનો છે. બૃહ. અને છાંદોગ્ય ઉપનિષદ્ સામગાનમાં સામનો સ્વર જ સર્વસ્વ છે તેમ જણાવે છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ સામની ગતિ સ્વર અને સ્વરની ગતિ પ્રાણ છે તેમ જણાવ્યું છે. આ સામગાનમાં કંઠસ્વરનું ખૂબ જ મહત્ત્વ છે.[૨૬]

સ્વરનું સૌષ્ઠવ હોવું તે જ તેનું આકર્ષણ છે. દેવતાધ્યાય બ્રાહ્મણમાં "સ્વર સારી રીતે ગવાય, તે જ સામગાન છે." એમ કહ્યું છે.[૨૭] આ સામગાનની શરૂઆત ગાયત્ર સામથી થાય છે તેમજ પ્રારંભ ગાંધારથી થાય છે. તે શામક છે, મનની લાગણીને સમાવે છે. મનને સ્થિર કરે છે. અંત પણ તેનાથી જ થાય છે.[૨૮]

સામગાનમાં સ્વરોનાં સ્વરાંકનનું પણ મહત્ત્વ છે. સામવેદમાં ઉદાત્તસ્વર ઉપર–૧, અનુદાત્તસ્વર– ૨ અને સ્વરિત ૩ એ રીતે સામવેદમાં સ્વરાંકન કરવામાં આવે છે. પ્રચય સ્વરને સ્વરાંકન રહિત છોડી દેવામાં આવે છે. એ જ પ્રમાણે સામયોનિ ગાનમાં સ્વરાંકન કરવામાં આવે છે, પરંતુ ક્યારેક र, क, उ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.[૨૯] દા.ત. સામવેદની પહેલી ઋચા– અગ્ન । या हि । वीतये ।

## ❏ જુદાં જુદાં દેવતાઓનાં જુદાં જુદા સામ અને ગાન :

વિનર્દિ નામનું ગાન અગ્નિનું છે. ઉદ્ગાતાએ પશુઓના હિત માટે તેનું ગાન કરવું. પ્રજાપતિનું ગાન અસ્પષ્ટ અને સોમનું ઉદ્ગાન સ્પષ્ટ છે, વાયુ દેવતાનું ઉદ્ગાન મૃદુ અને મધુર છે, ઇન્દ્રનું મધુર અને પ્રયત્ન યુક્ત છે, બૃહસ્પતિનું ક્રૌંચ પક્ષીના અવાજ જેવું છે. વરુણનું તૂટેલા કાંસાના વાસણ જેવું છે. આમા વરુણનું છોડીને બધાં જ ઉદ્ગીથોનું ઉચ્ચારણ કરવું.

## કેવી રીતે ઉદ્ગાન કરવું :

દેવતાઓ માટે "અમૃતત્વના" સાધન એમ કહીને ઉદ્ગાન કરવું, પિતૃઓ માટે "સ્વધા", મનુષ્યો માટે ઇચ્છિત બાબતો, પશુઓને માટે ઘાસ અને જળ, યજમાનને માટે સ્વર્ગલોક, પોતાને માટે અન્ન, એમ મનમાં ધ્યાન ધરવું અને સાવધાન થઈને સ્તુતિ કરવી.

ઉચ્ચારણ સમયે એ બાબતનું પણ ધ્યાન ધરવું કે બધાં સ્વરો ઇન્દ્રનો આત્મા છે, બધા ઉષ્માક્ષર પ્રજાપતિનો આત્મા છે, સ્પર્શાક્ષર મૃત્યુનો આત્મા છે. બધાં જ સ્વર ઘોષયુક્ત જોરથી બોલવા યોગ્ય છે, તે બોલતી વખતે મનમાં એવો વિચાર કરવો કે; હું ઇન્દ્રમાં પ્રયત્નની સ્થાપના કરું છું, બધાં જ ઉષ્માક્ષર વિવૃત(પ્રત્યક્ષ પ્રયત્નવાળા) છે, તેની સ્થાપના પ્રજાપતિના આત્મામાં કરવી, સ્પર્શાક્ષર ધીરે–ધીરે



For Private And Personal Use Only

એકબીજામાં ન ભળી જાય તે રીતે, મૃત્યુની આત્મા પોતાના શરીરમાંથી બહાર કાઢતાં હોઈએ તે રીતે વિચારવું.[३०]

**સાધુ–અસાધુ સામ :**

કલ્યાણકારી સામ સાધુ છે અને અકલ્યાણકારી સામ અસાધુ છે.[३१] આમ અહીં એ બાબતનો નિર્દેશ છે કે જે સામ સુંદર સ્વરથી ગાવામાં આવે તે કલ્યાણકારી છે.

નારદીય શિક્ષામાં[३२] ગાયન બાબતે જણાવ્યું છે કે; સામ -ગાયન સમયે વર્ણ કે સ્વરોનો લોપ ન થવો જોઈએ. જો ગાયનનાં નિયમનો ભંગ કરીને સામ ગાયક મંત્રોનો પ્રયોગ કરે તો તે મંત્ર યજ્ઞોમાં યજમાનના આયુષ્ય, પ્રજા અને પશુ વગેરે ધનનો નાશ કરે છે. સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજીએ પણ આ બાબતે જણાવ્યું છે કે "ગાનમાં ક્યારેય શ્રૃંખલાભંગ ન થવો જોઈએ. તેમાં આવતા શબ્દોનું સમુચિત લયમાં ઉચ્ચારણ કરવું અપેક્ષિત છે. અત્યંત સ્વસ્થતા અને અત્યંત શીઘ્રતા બન્ને વર્જ્ય છે. ગાતી વખતે થૂંકના છાંટા બહાર ન ઉડે, તેનું ધ્યાન રાખવું જોઈએ. ગાનારનો સ્વર ફેફસામાંથી નીકળતો હોવો જોઈએ, માત્ર કંઠમાંથી ન ગવાય, ઉચ્ચારણ કરેલ શબ્દો પર દાંત વડે આઘાત ન થાય તે બાબતે પણ સતર્ક રહેવું જોઈએ."[३३]

**❑ સામનું ગાન કેવી રીતે બેસીને કરવું :**

**વાસુદૈવત્ય સામ :**

પ્રાતઃ સવનમાં હોતાએ ગાવાનાં સામગાનમાં તે પ્રાતરનુવાકની પૂર્વમાં ગાર્હપત્યાગ્નિની પાછળ ઉત્તરાભિમુખ બેસીને સામગાન કરશે.[३४]

**રુદ્રદૈવત્ય સામ :**

માધ્યન્દિન સવનમાં યજ્ઞકર્મની શરૂઆત થાય તે પહેલાં આગ્નીધ્રીય કુણ્ડની પાછળ ઉત્તરાભિમુખ બેસીને રુદ્રદેવતાનું સામ ગાવું.[३५]

**દૈવત્ય સામ :**

તૃતીય સવનમાં આહ્વનીય અગ્નિની પાછળ ઉત્તરાભિમુખ બેસીને આદિત્ય તથા વિશ્વદેવતા સંબંધી સામનું ગાન કરવું.[३६]

**સામગાન સંદર્ભમાં પ્રાયશ્ચિત :**[३७]

સામગાન દૂષિત થાય ત્યારે તેના પ્રાયશ્ચિત રૂપે 'स्वः स्वाहा' મન્ત્રથી આહ્વનીય અગ્નિમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહુતિ આપવાનું વિધાન કરવામાં આવ્યું છે. તેથી સામના વીર્યથી સામની ત્રુટિઓ પૂર્ણ થાય છે. જેવી રીતે ક્ષાર (સુહાગા)થી સોનાને, સોનાથી ચાંદીને, સીસાથી લોખંડને સુધારી શકાય છે તેમ આ દેવો, ત્રયી વિદ્યાઓનાં રસને જાણનાર અર્થાત્ રહસ્યને જાણનાર બ્રહ્મા યજ્ઞમાં છિદ્રને સુધારી શકે છે.

**સામ ભક્તિ :**

ઉદ્ગાતૃ વર્ગનાં ઋત્વિજોને ધ્યાનમાં રાખીને સામગાનોને અનેક વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે. ઉદ્ગાતૃવર્ગનાં અલગ–અલગ ઋત્વિજો દ્વારા કરવામાં આવનાર ગાનનાં અવયવને/વિભાગને સામભક્તિ કહે છે. ભક્તિ શબ્દ √भज् ધાતુમાં क्तिन् પ્રત્યયનાં યોગથી બનેલ છે, જેનો અર્થ "વિભાગ" એવો થાય છે. દરેક સામમાં પ્રસ્તાવ, ઉદ્ગીથ, પ્રતિહાર, ઉપદ્રવ તથા નિધન એ પાંચ ભક્તિઓ ક્રમશઃ હોય છે. ગાન સમયે પ્રસ્તાવ–ભક્તિની પહેલાં હિંકાર અને ઉદ્ગીથ–ભક્તિની પહેલાં ઓંકારનું ઉચ્ચારણ કરવામાં આવે છે. તેથી મોટેભાગે પ્રસ્તાવમાં હિંકાર અને ઉદ્ગીથમાં ઓંકારનો અંતર્ભાવમાની લેવામાં આવે છે. ઘણી જગ્યાએ તેને અલગ ગણી સાત ભક્તિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે અને અંતર્ભાવમાની પાંચ ભક્તિઓનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે.[૩૮] છાંદોગ્ય ઉપનિષદ્માં પાંચ અને સાત બન્નેનાં ઉદાહરણ પ્રાપ્ત થાય છે. જ્યારે સોમયાગોમાં ગાનોનો પ્રયોગ કરવો હોય, ત્યારે સામગાનમાં સાતભક્તિઓ મંડાય છે અને સ્વાધ્યાય કરવામાં પાંચ ભક્તિઓ મંડાય છે.[૩૯]

સામની ભક્તિઓના વિભાજનનો આધાર ઉદ્ગાતૃ વર્ગનાં ઋત્વિજોનાં આધારે કરવામાં આવે છે. ઉદ્ગાતૃ વર્ગનાં કોણ ઋત્વિજ કયાં ભાગનું ગાન કરશે તેનાં આધારે તે ગાનનું ભક્તિઓમાં વિભાજન કરવામાં આવે છે.[૪૦]

**પ્રસ્તાવ :**

પ્રસ્તાવ ભક્તિના દેવતા પ્રાણ છે. તેને દેવતા માનવાનું કારણ એ છે કે બધાં જ પ્રાણીઓ તેમાં જ સમાવિષ્ટ થાય છે, તે જ રીતે પ્રસ્તાવ દ્વારા ગાનનો પ્રારંભ થાય છે.[૪૧] ઉદ્ગાતૃ વર્ગના પ્રસ્તોતા નામના ઋત્વિજ તેનું ગાન કરે છે.

**ઉદ્ગીથ :**

ઉદ્ગીથ ભક્તિના દેવતા આદિત્ય છે. ઉષસ્તિ ચાક્રાયણ નિર્ધન ઋષિ છે. તે પત્નીના કહેવાથી ધનની ઇચ્છાથી રાજાના યજ્ઞમાં વિદ્વતાનાં પ્રદર્શન માટે ગયાં. ત્યાં તેઓ પ્રસ્તાતા/ઉદ્ગીથ/પ્રસ્તોતાને તેનાં દેવતા બાબતમાં પ્રશ્ન કરે છે અને દેવતજ્ઞાન વગર ગાન કરવામાં આવશે તો તમારાં મસ્તક કપાઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જશે તેમ કહે છે. તેથી દરેક ઋત્વિજ પોત–પોતાનાં કર્મથી અટકી જાય છે, રાજાના પૂછવાથી ઉષસ્તિ ચાક્રાયણ જણાવે છે કે; પ્રસ્તાવના દેવતા પ્રાણ, ઉદ્‌ગીથના દેવતા આદિત્ય છે. કારણ કે દરેક પ્રાણીઓ ઊંચે રહેલા આદિત્યનું જ ગાન કરે છે, તેથી આદિત્ય ઉદ્‌ગીથના દેવતા છે.[૯]

આ આખ્યાન એ બાબત સ્પષ્ટ કરે છે કે દૈવતજ્ઞાન વગર સામગાન કરવામાં આવે તો લાભને બદલે ગેરલાભ થાય છે.

ઉદ્‌ગીથ ભક્તિનું ગાન ઉદ્‌ગાતા કરે છે. પાંચ ભક્તિઓ માનનાર વિદ્વાનોના મતે ઉદ્‌ગીથ ભક્તિ પૂર્વે ઓંકારનું ગાન કરવામાં આવે છે.[૧૦] જ્યારે આચાર્ય ધનંજયના મતાનુસાર ઓંકારના ઉચ્ચારણ બાદ ઉદ્‌ગીથ ભક્તિમાં ક્ષયાત્મકતા જળવાય રહે તે માટે પ્રથમ અક્ષરનો લોપ કરવો જોઈએ તેમ જણાવે છે, જ્યારે આચાર્ય શાંડિલ્ય તેનાથી વિપરીત મત ધરાવે છે. લા. શ્રૌ. સૂત્રમાં[૧૧] ઉદ્‌ગીથ ભક્તિમાં શરૂઆતનો અક્ષર સ્વર હોય તો તેનું ઓંકારના રૂપમાં ગાન કરવું જોઈએ અને જો વ્યંજન હોય તો ઓંકારનું અલગથી આગંતુકનાં રૂપમાં ગાન કરવું.[૧૨]

**પ્રતિહાર :**[૧૩]

પ્રતિહારના દેવતા અન્ન છે. તેનું ગાન પ્રતિહર્તા નામના ઋત્વિજ કરે છે. પ્રતિહારનો અર્થ છે– બે ભાગોને જોડનાર. ઘણાં સામોમાં એકથી વધુ પણ પ્રતિહાર હોય છે. વિભાગ્ય તથા વિષમભક્તિ સામમાં પ્રતિહારનાં લક્ષણ અલગ–અલગ હોય છે.

**ઉપદ્રવ :**

પ્રતિહાર પછીની ભક્તિની ઉપદ્રવ સંજ્ઞા છે. તે ભક્તિનું ગાન ઉદ્‌ગાતા કરે છે.

**નિધન ભક્તિ :**

નિધન ભક્તિના દેવતા બાબતમાં અનેક દૃષ્ટિથી દૈવત બ્રાહ્મણમાં વિચાર કરવામાં આવ્યો છે. તેમાં (૧) અગ્નિ, (૨) ઈન્દ્ર, (૩) પ્રજાપતિ, (૪) સોમ, (૫) વરુણ, (૬) ત્વષ્ટ્રા, (૭) અઙ્ગિરસ, (૮) પૂષન, (૯) સરસ્વતી, (૧૦) ઈન્દ્રાગ્ની દેવતાઓ નિધનના દેવતાઓ તરીકે ગણવામાં આવ્યા છે; તેની વિસ્તૃત અને મનનીય ચર્ચા ડૉ. પંકજમાલા શર્મા પોતાના 'સામગાન' વિષયક પુસ્તકમાં કરે છે.[૧૪]

સામગાનની અંતિમ ભક્તિને નિધન ભક્તિ કહે છે. આ ભક્તિનું ગાન પ્રસ્તોતા, ઉદ્‌ગાતા, પ્રતિહર્તા એ ત્રણેય ઋત્વિજો એક સાથે કરે છે. સામના અંતિમ પર્વમાં નિધન ભક્તિ હોય છે. તે એક અક્ષર, એક પર્વ અથવા એક પાદ પણ હોય છે, પરંતુ તેનું ગાન હંમેશાં અંતિમ અને ઉપસંહારના



For Private And Personal Use Only

ભાગરૂપે જ થાય છે. આ નિધન ભક્તિના સામન્તિક અને અંતઃસામિક એમ મુખ્ય બે પ્રકાર અને પેટા વિભાગો છે, જેની વિસ્તૃત ચર્ચા ડૉ. પંકજમાલા પોતાના "સામગાન" વિષયક શોધ–પ્રબંધમાં કરે છે.

પ્રસ્તાવ તે શરૂઆતનું ધ્રુવપદ, ઉદ્‌ગીથ તે અંતરા; પ્રતિહાર અને ઉપદ્રવ તે થોભ અને નિધન તે આલાપનાં રૂપમાં ગણી શકાય.[૪૯]

**સામ ભક્તિઓ :**

**હિંકાર :**

ઉદ્‌ગાતા જે સામગાનમાં મુખ્ય ઋત્વિજ છે, તે હિંકાર ભક્તિના ગાનમાં સમ્મિલિત થાય છે અને છેલ્લે સમૂહગાનમાં પણ સમ્મિલિત થાય છે.

સોમયાગમાં બહિષ્પવમાન સ્તોત્રનાં પ્રારંભમાં સ્વતંત્ર ભક્તિ તરીકે હિંકાર પ્રયોજાય છે. 'હિમ' અથવા 'હુમ્' શબ્દ હિંકારનો વાચક છે. ગાયત્ર વિધાન સૂત્રમાં 'हुंआ', 'हुंवा' તથા 'हुंपा' પણ હિંકારના વાચક તરીકે દર્શાવ્યા છે. હિંકારને સામનો રસ તથા પ્રસ્તાવ ભક્તિમાં ગતિ અને ઓજ પ્રદાન કરનાર માનવામાં આવેલ છે. આ સામગાનની શરૂઆતની ભક્તિ છે.[૫૦]

છાંદોગ્ય ઉપનિષદ્‌માં અન્ન પ્રાપ્તિ માટે શ્વેત શ્વાન(પ્રાણ) આ હિંકાર ભક્તિનું પરિભ્રમણ કરતાં–કરતાં ગાન કરે છે–

ओ ३ मदा ३ मों ३ पिबा ३ मों ३ देवो वरुणः प्रजापतिः

सविताऽ२ऽ न्नमिहा २ऽऽ हरदन्नपते ३ऽ न्नमिहा २ऽऽ हारा २ऽऽ हरो ३ मिति ॥

– १.१२.५

**ઓંકાર :**

પ્રસ્તાવ ભક્તિ પછી ઓંકાર ભક્તિનું ગાન કરવામાં આવે છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં તે સ્વતંત્ર ભક્તિ તરીકે માનવામાં આવે છે. ત્યાં ઓંકારને જ ઉદ્‌ગીથ તરીકે દર્શાવવામાં આવ્યો છે અને પ્રણવથી અભિન્ન માનવામાં આવ્યો છે. તેમજ છાન્દોગ્ય ઉપનિષદ્‌માં જ ઓંકારને સામનો રસ માનવામાં આવ્યો છે. લા. શ્રૌ. સૂત્ર[૫૨] પણ આ જ બાબત કહે છે. છાન્દોગ્ય ઉપનિષદ્‌માં ઓંકારના ઉદ્‌ગીથ સ્વરૂપને અત્યંત મહત્ત્વપૂર્ણ જાણીને દેવરૂપ ગણાવામાં આવ્યું છે. જેમાં ઋક્ તથા સામ એમ બે પક્ષ છે. ઓંકારનું ગાન ઉદ્‌ગાતા કરે છે.[૫૩]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સામની ભક્તિઓ સાથે ઉપાસના :**

છાન્દોગ્ય ઉપનિષદ્‌ના બીજા અધ્યાયના બીજાથી સાતમાં ખંડ સુધી પંચ વિધ સામની ઉપાસના વિવિધ ભક્તિઓ સાથે છે. તે જ રીતે ૨.૮.૧ થી ૨.૧૦.૬ સુધી સપ્તવિધ ઉપાસનાનો ઉલ્લેખ સાત ભક્તિઓ સાથે છે. આજ અધ્યાયનાં ૧૧ થી ૨૧ સુધીનાં ખંડમાં સામ સાથે ભિન્ન-ભિન્ન તત્ત્વોને જોડવામાં આવ્યાં છે, સાથો-સાથ તેની ભક્તિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. [આ બાબતની રજૂઆત 'ઉપાસના' પ્રકરણમાં વિસ્તૃત રીતે કરેલી છે.]

**સામ વિકાર :**

ઋક્‌ગત પદોના આધાર પર સામગાન કરવાના સમયે જે પરિવર્તન થાય છે, તે પરિવર્તનને વિકાર કહેવામાં આવે છે. જૈમિની પણ આ જ બાબત કહે છે.[૫૪] શબર સ્વામી સામવેદના ગાનના હજારો ઉપાય દર્શાવે છે. ગીતિ અથવા સામના સંપાદન માટે સામયોનિ ઋચામાં વિકાર, વિશ્લેષણ, અભ્યાસ, વિરામ, સ્તોભ વગેરે વિકાર કરવામાં આવે છે. આ વિકાર ગાનનાં સમયે ઋક્‌ના શબ્દો ઉપર કરવામાં આવે છે તેને 'ભાવ' નામ આપવામાં આવે છે. પુષ્પ સૂત્રમાં[૫૫] જણાવ્યું છે કે આ "ભાવો" દ્વારા પદોનું સ્વરૂપ વિકારને પ્રાપ્ત કરે છે. આચાર્ય સાયણ પણ "ભાવ" સંજ્ઞા આપે છે. જ્યારે સા.ત. ગ્રંથમાં તેને "અનૃક્" સંજ્ઞા આપી છે. કારણ કે આ વિકાર ઋક્‌ની અંદર નહી પરંતુ બહારથી લાવવામાં આવે છે. આમ 'ભાવ' અને 'વિકાર' સમાનાર્થી છે.[૫૬]

અક્ષરતન્ત્ર સ્તોભના ૧૮ ભેદ દર્શાવે છે. પરંતુ વિશેષ પ્રચલિત ૭ છે– (૧) વિકાર, (૨) વિશ્લેષ, (૩) વિકર્ષણ, (૪) અભ્યાસ, (૫) વિરામ, (૬) સ્તોભ. ગણાવે છે. આ ઉપરાંત (૭) આગમ, (૮) લોપ એ આઠ વિકાર સ્વામી ગંગેશ્વરાનંદજી ગણાવે છે.

સામ વિકારનાં આભ્યંતર અને બાહ્ય એમ બે ભેદ છે. આભ્યંતર વિકારમાં ઋક્‌ગત પદોની અંદર વિકાર થાય છે, જ્યારે બાહ્ય વિકારમાં ઋક્‌ગત પદ સિવાય અન્ય શબ્દ કે વર્ણનું બહારથી આગમન થાય છે.[૫૭]

**આભ્યંતર વિકાર :**

અભાવ, અગત ભાવ વગેરે બાહ્ય વિકારોના પ્રકાર છે. અહીં છાન્દોગ્ય ઉપનિષદ્‌માં રજૂ થયેલાં વિકારોની રજૂઆત કરવી અભિપ્રેત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અગત ભાવ :**[૫૪]

'हाइ' તથા 'हाउ'ને ગાનની ગતિ કહે છે. જ્યાં ગતિનો લોપ થાય છે ત્યાં 'અગત ભાવ' થાય છે. જેમ કે 'राजादेवीहौ ऽर ऋतंबृहत्'' માં हौइ કારની ગતિનો લોપ થયો છે.

**ગત ભાવ :**

ગતને ગતિપણ કહે છે. 'हाइ' તથા 'हाउ' ગાનની ગતિ છે.[૫૫]

**બાહ્ય વિકાર :**

**સ્તોભ**[૫૬] : સામગાનમાં ઋક્ગત પદો સિવાયના અન્ય વર્ણો કે પદોનું આગમન થાય તેને સ્તોભ કહે છે. આ સ્તોભ સામયોનિ ઋક્માં કોઈ જગ્યાએ નથી હોતો, પરંતુ સામગાનમાં સર્વત્ર પ્રવૃત્ત થાય છે. સાયણાચાર્યના મતે સ્તોભ સર્વ દેવતાઓમાં વ્યાપ્ત છે; કારણ કે સર્વ દેવતાઓ માટે તે સામમાં પ્રયોજાય છે. સંહિતા બ્રાહ્મણ સૂત્ર 'सर्वत्र निवृत्तीः' સૂત્રમાં બે અભિપ્રાય સાયણાચાર્યના મતે છે (૧) સ્તોભ આર્ચિક સંહિતામાં ન હોવા છતાં સામગાનમાં સર્વત્ર પ્રવૃત્ત થાય છે. (૨) ઉચ્ચારણ અને અધ્યયન સમયે દરેક પાદોથી અલગ ફક્ત આદિ અને અંતમાં જ દેખાય છે, પરંતુ સામના પ્રયોગ સમયે તેની દરેક પાદોમાં પ્રવૃત્તિ થાય છે.

આચાર્ય જૈમિની પણ જે પદ અથવા વર્ણ ઋક્માં અવિદ્યમાન હોય અને સામગાન સમયે પ્રયુક્ત થાય તેને સ્તોભ કહે છે. ''अक्षरतन्त्र''માં[૫૭] સ્તોભને માટે 'અક્ષર' શબ્દનો પ્રયોગ કર્યો છે અને જૈમિનીએ પણ એ જ વ્યાખ્યા આપેલી છે.

આ સ્તોભનાં સાર્થક અને નિરર્થક એમ બે પ્રકાર છે. સાર્થક સ્તોભ એ છે કે જે અર્થમય હોય, જ્યારે નિરર્થક સ્તોભ એ છે કે જે વર્ણ અથવા પદના રૂપમાં પ્રયુક્ત થાય છે, પરંતુ તેનો કોઈ અર્થ હોતો નથી. हाउ, औहोयि, વગેરે નિરર્થક સ્તોભ છે.

ગાનના સૌંદર્ય માટે ગાન સમયે સામયોનિ મંત્રમાં જે વિકાર કરવામાં આવે છે તેનાં એક પ્રકારમાં સ્તોભ છે. ''अग्न आयाहि वीतये''એ મંત્રમાં ગાન સમયે 'ओग्नाइ' એમ વર્ણ વધારીને ઉચ્ચારણ કરવામાં આવે છે, તેમાં વધારેલા વર્ણ સ્તોભનું સામગાનમાં અત્યંત મહત્ત્વ છે. તેને આધારે (૧) છન્ન, (૨) લેશ તથા (૩) આવિઃ એમ સામગાનનાં ત્રણ પ્રકાર પડે છે.

**(૧) છન્ન**[૫૮] સામયોનિ ઋક્ વગર માત્ર સ્તોભોનું જ ગાન કરવામાં આવે છે, તેને 'છન્ન' ગાન કહે છે.



For Private And Personal Use Only

તેમાં પ્રસ્તાવથી શરૂ કરીને નિધન પર્યન્તની બધી જ ભક્તિઓ સ્તોભ પર જ હોય છે. આ ગાન સાર્થક અને નિરર્થક બન્ને સ્તોભો ઉપર પ્રાપ્ત થાય છે. નિરર્થક સ્તોભનું ઉદાહરણ–

हाउ (३) । ऊ ऽ२ । (त्रिः) । हाऊ ऽ२ । (त्रिः) इयाहोउ ।

(द्विः) । इयाः ऽ३ हाउ । वा ऽ३ इंदस्शिइडा ऽ२ ३ ४ ५ ।

(૨) લેશ : પદ–સ્તોભ તથા પાદ સ્તોભ એ બે પ્રકાર છે. જેમાં દરેક પદને અંતે સ્તોભનું ગાન કરવામાં આવે તે પદ સ્તોભ અને જેમાં દરેક પાદને અંતે સ્તોભનું ગાન કરવામાં આવે તે પાદ સ્તોભ.

हतोदिवा ऽ३ः । ए । द्विषोअंहो ऽ३ : । ए । नातरति । इडा ऽ२३

भौ ऽ ३ ४ ३ औ ऽ२ ३ ४ ५ इ । डा (ग्राम. ૯. ૨. ૩૫૫.૧)

આ સામમાં "ए" સ્તોભ પ્રત્યેક પદ પછી ગાવામાં આવ્યું છે.

**અન્વયીસ્તોભ :**

પદ તથા પાદની પહેલાં ગાવામાં આવનાર સ્તોભને અન્વયી કહે છે.

**અનુષડગીસ્તોભ :**

ઋક્‌નાં વર્ણ, પદ અથવા પાદની પછી ગાવામાં આવનાર સ્તોભ અનુષડગીસ્તોભ કહેવાય છે. ए સ્તોભ અનુષડગી છે. દા. ત.–

सधायस्ता ऽ३ इ । ए । दिवानरा ऽ३ : । ए । धियामत्तो ऽ३ ।

ए । स्यशमत्ता ऽ३ : । ए । ऋताईसबृ ऽ३ । ए ।

**આવિ :**

આવિર્ગાનમાં સ્તોભ હોતા નથી, ફક્ત સામયોનિ ઋક્‌નું જ ગાન કરવામાં આવે છે.

**સ્તોભના અન્ય ભેદ :**

સામયોનિ ઋક્‌ના ગાન સમયે ક્યારેક વર્ણ, પદ, પાદરૂપ સ્તોભનું ગાન કરવામાં આવે છે તેથી (૧) વર્ણ સ્તોભ (૨) પદ સ્તોભ અને (૩) વાક્ય સ્તોભ એ ત્રણ પ્રકાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) વર્ણ સ્તોભ :

જે સ્તોભમાં માત્ર એક જ વર્ણનો પ્રયોગ કરવામાં આવ્યો હોય તે વર્ણ સ્તોભ કહેવાય છે. જેમકે अ, इ, ए, उ, आ, ई, ऊ, हिं, या, हुं વગેરે. વર્ણ સ્તોભ નિરર્થક હોય છે.

(૨) પદ સ્તોભ :

પદ સ્તોભ સાર્થક અને નિરર્થક એમ બન્ને રીતે પ્રયોજાય છે. हाइ, हाउ વગેરે નિરર્થક પદ સ્તોભ કહેવાય છે. જ્યારે "चन्द्र", "सूर्य", "प्राण" વગેરે સાર્થક પદ સ્તોભ કહેવાય છે.

(૩) વાક્ય સ્તોભ :

આ સ્તોભ વિભિન્ન અર્થો અને ભાવોનાં અર્થમાં પ્રયુક્ત થાય છે. તે (૧) પ્રશસ્તિ, (૨) સ્તુતિ, (૩) સંખ્યાન, (૪) પ્રલય, (૫) પરિદેવન, (૬) પ્રૈષ, (૭) અન્વેષણ, (૮) સૃષ્ટિ, (૯) આખ્યાન. એમ નવ પ્રકારના છે.

આ સ્તોભ વર્ણો સાર્થક છે કે નિરર્થક તે બાબતમાં અનેક મતભેદ છે. પરંતુ ગાનમાં પ્રયુક્ત શબ્દ નિરર્થક ન જ હોઈ શકે. કોઈને કોઈ અર્થ કે ભાવને તે વ્યક્ત કરે જ. આ સ્તોભ અક્ષરોનું ધ્યેય જ ગાન સમયે વચ્ચમાં જે અંતરાલ ઊભો થાય તેને ભરવાનું છે; તે અંતરાલના ભરાવાથી જ ગાન પ્રભાવ–શાળી અને મધુર બને છે. સંગીતકારો ગાન સમયે વચ્ચે–વચ્ચે આ જ રીતે અંતરાલોને ભરતાં હોય છે, જે લય અને વાતાવરણને જાળવવામાં મદદરૂપ બને છે. ચારણ પરંપરામાં પણ ચારણો રજૂઆત સમયે કથામાં રસ અને ઉત્સુક્તા લાવવા માટે વિવિધ પ્રકારના અવાજો રજૂ કરે છે. તે શ્રોતાવર્ગને જાગૃત અને રસપૂર્ણ બનાવે છે. તે જ સ્થિતિ સામગાનમાં સ્તોભની છે. તેથી તેને નિરર્થક કેવી રીતેકહી શકાય ! કારણ કે, સામ દેવતાઓને પ્રસન્ન કરવા માટે ગાવામાં આવે છે, તેથી સ્તોભથી પ્રભાવ–ઉત્પાદકતા રૂપ અર્થની પ્રતીતિ થાય છે અને તેની અનુભૂતિ દેવતાઓને થાય છે. તેથી જ સાયણાચાર્ય "સ્તોભ દરેક દેવતાઓમાં વ્યાપ્ત છે." એવું કથન કરે છે. જે સ્તોભ સાર્થક છે એ બાબતનું જ સમર્થન કરે છે. ડૉ. બી. આર. શર્મા પણ "સ્તોભ અક્ષરોના અર્થ દેવતા જ જાણી શકે છે." તેમ જણાવે છે. આ સ્તોભ શબ્દ સ્તુત્યર્થક છે. √स्तुभ ધાતુ તથા 'घ' પ્રત્યયના સંયોગથી બને છે. આ हो, हाइ વગેરે નિરર્થક શબ્દો પણ સ્વર પૂરક હોય, આહ્‌લાદકારી છે. તેથી તેનાં દ્વારા દેવતાઓની સ્તુતિ થાય છે. તેથી તે સાર્થક છે.

અક્ષર તન્ત્ર ૩૨ ગણાવે છે, પરંતુ हाइ, हाउ વગેરે તેર પ્રકારના સ્તોભ શબ્દો છાંદોગ્ય ઉપનિષદ્‌માં સામનાં અવયવનાં રૂપમાં નિરુપણ પામ્યા છે. ત્યાં ઋષિ જણાવે છે કે આ સ્તોભ અક્ષરોને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણનારની વાણી બળશાળી બને છે તથા તે અન્નવાન્ બને છે. ઋષિ આ તેર શબ્દોને જુદી-જુદી બાબતોનાં વાચક ગણે છે, જે નીચે પ્રમાણે છે—

(૧) 'हाउ' શબ્દ મનુષ્ય લોકનો વાચક છે.

(૨) 'हाइ' શબ્દ વાયુલોકનો વાચક છે.

(૩) 'अथ' શબ્દ ચન્દ્રલોકનો વાચક છે.

(૪) 'इह' શબ્દ આત્માનો વાચક છે.

(૫) 'ई' શબ્દ અગ્નિ સ્વરૂપ છે.

(૬) 'ऊ' શબ્દ સૂર્યરૂપ છે.

(૭) 'ए' આવાહનનો બોધક છે, નિહવલોક.

(૮) 'औहायि' વિશ્વેદેવા છે.

(૯) 'हिं' પ્રજાપતિ સ્વરૂપ છે.

(૧૦) 'स्वर' પ્રાણરૂપ છે.

(૧૧) 'या' અન્નરૂપ છે.

(૧૨) 'वाक्' વિરાટરૂપ છે.

(૧૩) 'हुं' બધા સ્તોભમાં રહેનાર નિર્વિશેષ વર્ણનાતીત બ્રહ્મ છે.

[ઉપાસના પ્રકરણમાં સ્તોભ અક્ષરની ઉપાસનાનું વર્ણન આપેલ છે.]

**સામ-ગાનના સાત સ્વર :**

સામ-ગાનમાં ક્રુષ્ટ, પ્રથમ(મધ્યમ), દ્વિતીય(ગાંધાર), તૃતીય(ઋષભ), ચતુર્થ(ષડ્જ) પંચમ (મન્દ્ર), નિષાદ, ષષ્ઠ(અતિ સ્વારીય); ધૈવત– એ સાત[૭] સંગીત સ્વરો પ્રયોજાય છે. આ સ્વરોનાં અનેક પેટા ભેદો પડે છે. આ સ્વરભેદોને આધારે હજાર પ્રકારનાં સામ-ગાન પ્રાચીનકાળમાં વિકાસ પામ્યાં હતાં, તેથી જ શબર સ્વામી[૮] "સામવેદમાં ગાનોનાં હજારો ઉપાય છે" એમ કહે છે.

પંડિત સાતવળેકરજી[૯] સામસ્વર સપ્તકને નીચે પ્રમાણે રજૂ કરે છે—

(૧) સામનો જે સર્વોચ્ચ ક્રુષ્ટતમ સ્વર છે, તેમાં જ દેવગણ જીવન ધારણ કરે છે. - ષ



For Private And Personal Use Only

(૨) પ્રથમ સ્વર પર માનવ – म

(૩) દ્વિતીય સ્વરપર ગંધર્વ–અપ્સરાઓ – ग

(૪) તૃતીય સ્વરપર પશુગણ(વૃષભ, ઋષભ) – रे

(૫) ચતુર્થ સ્વરપર પિતર અને અંડજ – सा

(૬) પંચમ(નિષાદ) સ્વર પર અસુર અને રાક્ષસ – नि

(૭) અંતિમ સ્વર પર ઔષધિ–વનસ્પતિ આદિ અને અવશિષ્ટ જગત્ જીવનધારણ કરે છે. – ध

આ સામગાનની સ્વર–સાધના બાબતે આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિતે વિસ્તૃત રીતે દર્શાવે છે.[૩૦]

**ગાયત્ર સામ :**

મન હિંકાર છે. હિંકાર કોઈપણ કાર્યનાં પ્રારંભના રૂપને કહે છે. મન ઈન્દ્રિયોમાં પ્રથમ હોવાથી તે જ દરેક કાર્યનો પ્રારંભ કરે છે. વાણી પ્રસ્તાવ છે, કાર્યનાં આરંભને પ્રસ્તાવ કહે છે, મને જે કાંઈ વિચાર્યું હોય છે, તેને વાણી દ્વારા જ વ્યક્ત કરી શકાય છે/રજૂ કરી શકાય છે. ચક્ષુ ઉદ્ગીથ છે, ઉદ્ગીથ કાર્યને ઉચ્ચત્તમ શિખર ઉપર પહોંચાડવાનું કાર્ય કરે છે, વાસ્તવમાં આંખ દ્વારા જોયેલ કાર્યની જ પ્રશંસા વાક્ કરે છે. શ્રોત્ર પ્રતિહાર છે, પ્રતિહાર કાર્યને પૂર્ણતા તરફ લઈ જાય છે. ચક્ષુ દ્વારા કરવામાં આવેલ કાર્યનાં સમર્થન દ્વારા શ્રોત્ર તેને પૂર્ણતા તરફ પહોંચાડે છે. પ્રાણ નિધન છે. નિધન સંપૂર્ણતાનો પ્રતિપાદક છે. પ્રાણમાં જ મન વગેરે ઈન્દ્રિયો સમાઈ જાય છે, તેનાં જ આશ્રયે રહે છે. તેથી શરીરના મન વગેરે પાંચ અવયવો જ ગાયત્ર સામના પ્રતિનિધિ છે, તેથી જ આ ગાયત્ર સામ પ્રાણ રક્ષક સામ છે.[૩૧]

આ સામની ઉપાસના કરનાર, સમર્થ ઈન્દ્રિયોવાળો બને છે, શતાયુ થાય છે, ઉજ્જવલ અને સશક્ત બને છે, પ્રજા, પશુ વગેરેમાં મહાન બને છે. આ ગાન ગાનાર દીર્ઘાયુષ્યવાળા બને છે તેમ પં. વિષ્ણુદેવ જણાવે છે.[૩૨] મહામનાનો અર્થ સુશ્રી સૂર્યા દેવી આચાર્યા, હૃદય/મનની વિશાળતા કરે છે. મનની દુર્ભાવનાઓને દૂર કરી દરેક તરફ સદ્ભાવના રાખે.[૩૩]

<u>तत्सवितुर्वरेण्यम्</u>– એ ગાયત્રી છન્દવાળી ઋચા પર ગાવામાં આવતા સામને ગાયત્ર સામ કહે છે. જે ગ્રામેગેયગાનમાં માત્ર એક છે.[૩૪]

પં. વિષ્ણુદેવ જણાવે છે કે; "ઓમ વાગ્ ભૂર્ ભુવર્ સુવર્" એ ગણના કરતાં આઠ અક્ષર થાય. હવે આઠ અક્ષરોની ગાયત્રી થાય છે અને તે પરથી ગાયત્ર સામ ગવાય છે. અહીં જે જે બ્રહ્મમંત્ર છે, તે તો ગાયત્રી છે, તેથી તો બ્રહ્મની સંપત્તિ મળે છે. આઠ ખરીવાળાં પશુઓ હોય છે, એ દૃષ્ટિએ ગાયત્ર સામ

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પશુવ્ય ગણાય છે. અર્થાત્ જે ગાયક બધાં ગાનોની શરૂઆતમાં ગાયત્ર ગાન ગાય છે, તેથી તે પશુઓની સંપત્તિ મેળવે છે, "આ ઉપરાંત તેઓશ્રી જણાવે છે કે "સોમયાગમાં ગાયત્ર ગાન મંગળાચરણરૂપે સર્વપ્રથમ ગવાય છે."[૭૫]

**રથન્તર સામ :**

રથન્તર સામને અગ્નિમાં જોવાનો છે. અરણિમન્થન દ્વારા અગ્નિને પ્રગટ કરવો તે હિંકાર છે. તેમાં ધૂમની ઉત્પત્તિ પ્રસ્તાવ છે, પ્રજ્વલિત જ્યોતિ ઉદ્ગીથ છે. અંગારા પ્રતિહાર છે, ભસ્મ નિધન છે, આ પ્રકારે અગ્નિ સર્વે કાર્યોનાં અગ્રણી નેતા છે. આપણે અત્યારે પણ અનુભવી શકીએ છીએ કે અગ્નિથી જ સર્વે યંત્રો વગેરે ચાલે છે, જેમાં વિદ્યુત વગેરે મહત્ત્વનાં છે. આપણા શરીરમાં જઠરાગ્નિ છે. આયુર્વેદમાં મંદાગ્નિને પરિણામે જ વિવિધ રોગ થાય છે, તેમ જણાવેલ છે.[૭૬]

**વામદેવ સામ :**[૭૭]

પતિ–પત્ની, પ્રકૃતિ–પુરુષ વગેરેનાં જોડામાં અનુભવ કરવો. આમ પરસ્પરના સંબંધમાં વામદેવ્ય સામનો અનુભવ કરવાથી એકાકીપણું દૂર થાય છે. કીર્તિ, આયુ વગેરે લાભો પ્રાપ્ત થાય છે. આ સામ–ઉપાસના કરનારે કોઈનું અપહરણ ન કરવું, અર્થાત્ પરસ્ત્રી સાથે વ્યભિચાર ન કરવો અને પોતાના જોડામાં(પતિ–પત્નીમાં) એક નિષ્ઠ વ્યવહાર રાખવો. આ સામની દરેક ઉપાસના કરે તો સામાજિક–સમસ્યાઓને દૂર કરી શકાય છે.[૭૮]

આ સામ વામદેવ્ય ઋષિ દ્વારા દૃષ્ટ હોવાથી તેને વામદેવ્ય સામ કહે છે. ગ્રામેગેયગાનમાં પાંચ તથા એક સામ મહાવામદેવ્ય તેમજ ઉહ્યગાનમાં સાત વામદેવ્ય તથા પાંચ સામ મહાવામદેવ્ય નામથી સંકલિત છે.[૭૯]

આ સામ ધ્રુવ સ્થાન છે. કારણ કે આ લોક રથંતર, સ્વર્ગલોક બૃહત્ અને મધ્યમ–અંતરિક્ષલોક તે વામદેવ્ય છે. વામદેવ્યથી બન્ને ગાન જોડાયેલાં છે. એ રીતે જ્યારે રથંતરથી સ્તુતિ કરો, ત્યારે પૃથ્વીલોકનાં પશુઓ રથંતરની સાથે અંતરિક્ષનો આધાર લે છે. બૃહત્થી સ્તુતિ કરો ત્યારે સ્વર્ગલોકમાં પક્ષીઓ બૃહત્ની સાથે અંતરિક્ષનો આધાર લે છે."[૮૦]

રથંતર અને બૃહત્ની વચમાં વામદેવ્ય ગાન મૂકીને તેનો મહિમા ઋષિઓએ વર્ણવ્યો છે.

**આદિત્ય બૃહત્ સામ :**[૮૧]

આ સામ રાત–દિવસ આપણા ઉપકારમાં રત હોય છે. આદિત્યનો ઉદય, મધ્યાહ્ન, અપરાહ્ણ



For Private And Personal Use Only

(બપોર) અને અસ્ત થવાના સમયને સામગાન સમજવું જોઈએ. આ સામનું આદિત્યમાં દર્શન કરનાર તેજસ્વી, અન્નને ભોગવનાર, કીર્તિમાન, આયુષ્યમાન બને છે. તેણે સૂર્યની નિંદા ન કરવાનાં વ્રતનું પાલન કરવું જોઈએ. કારણ કે ઈશ્વરદ્વારા પ્રેરિત સૂર્યનું દરેક કાર્ય સપ્રયોજન હોય છે. તે ખૂબ તપે તો જ વર્ષા થાય, અન્ન, ઔષધિ વગેરે રસપૂર્ણ અને ભરપૂર માત્રામાં થાય તેથી દરેક પ્રાણી સુખી બને. તેથી તે સૂર્યરૂપ પરમેશ્વરની નિંદા ન કરવી તેમજ આપણા માટે જે ગુરુજન, વકીલ, માતા-પિતા, વિદ્વાન, દેશની સન્માનનીય વ્યક્તિના તેજસ્વી રૂપની નિંદા ન કરવી. કારણ કે તેનું તેજ આપણા વિકાસ માટે ઉપકારિત છે.[૮૨]

**વૈરુપ સામ :**[૮૩]

આ સામનું નિદર્શન અંતરિક્ષમાં બનતાં વાદળોમાં/(નભોમાં) કરવાનું છે. આ સામગાન કરનાર, વિવિધ પ્રકારનાં સુંદર રૂપોવાળા પશુઓને પ્રાપ્ત કરે છે, આયુષ્યમાન બને છે. તેણે વર્ષાની નિંદા ન કરવાનું વ્રત પાળવાનું રહે છે. કારણ કે વર્ષાનાં વરસવાથી અનેક પ્રકારનાં રોગો નાશ પામે છે, જમીન ફળદ્રુપ બને છે. તેથી વર્ષા કે વરસતાં વરસાદની નિંદા ન કરવી.

જળોનું ઉપર જવું હિંકાર છે, વાદળામાં પરિવર્તન પામવું પ્રસ્તાવ છે, વરસવું ઉદ્ગીથ છે, વિદ્યુતનું ચમકવું પ્રતિહાર છે, તથા જળનું રોકાઈ જવું નિધન છે.

આ સામનું દર્શન વિરુપ નામનાં ઋષિએ કર્યું હોવાથી વૈરુપ સામ તરીકે પ્રસિદ્ધ છે. વૈરુપ સામ ગ્રામેગેયગાનમાં પાંચ અને ઉહ્યગાનમાં ત્રણ છે.[૮૪]

**વૈરાજ સામ :**[૮૫]

વૈરાજ સામનાં સ્વર ઋતુઓમાં ઝંકૃત થાય છે. ઋતુઓના કાર્યમાં જે સામગાન સમજે છે. અનુભવે છે તેને ધન-સંપત્તિની સાથે સાથે બ્રહ્મવર્ચસ પણ પ્રાપ્ત થાય છે. તેણે ઋતુઓની નિંદા ન કરવાનું વ્રત પાળવાનું રહે છે. કારણ કે ઋતુઓ ગરમી ઠંડી, ઠંડી-ગરમી એમ જુદાં-જુદાં સંગમ દ્વારા પ્રાણીઓ માટે સુખકારક હોય છે. તેથી ગરમી-ઠંડી વગેરેમાં અનુકુળતા ન હોય તો તેની નિંદા ન કરવી, પરંતુ ઋતુઓને અનુકુળ દીનચર્યા બનાવી સ્વાસ્થ્યને પ્રાપ્ત કરવું જોઈએ.

આ વૈરાજ સામમાં વસન્ત હિંકાર છે, ગ્રીષ્મ પ્રસ્તાવ છે, વર્ષા ઉદ્ગીથ છે, શરદ પ્રતિહાર છે તથા હેમંત નિધન છે.

"पिबा सोममिन्द्र" એ વૈરાજ છન્દની સામયોનિ ઋચા ઉપર ગાવામાં આવેલ સામ "વૈરાજ" કહેવાય છે. જે ગ્રામેગેયગાનમાં બે છે.[૮૬]

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શક્વરી સામ/શાક્વર સામ :**[૮૭]

આ સામનો સંબંધ ત્રણેય લોક સાથે છે. તેમાં પૃથ્વી હિંકાર છે. અંતરિક્ષ પ્રસ્તાવ છે. દ્યૌ ઉદ્‌ગીથ છે, દિશાઓ પ્રતિહાર તથા સમુદ્ર નિધન છે. લોકોની આ પદ્ધતિનું જે જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે મહાન બને છે. તેણે પૃથ્વી વગેરે લોકોની નિંદા ન કરવાનું વ્રત પાળવાનું રહે છે.

આ સામ બાબતમાં પં. વિષ્ણુદેવ જણાવે છે કે "પ્રજાપતિએ પોતાનું ઇન્દ્રિય વીર્ય બલ આપનાર સમર્થ ગાયત્રી વગેરે છંદોથી ભેગું કરીને તે ઇન્દ્રને આપ્યું; તે શક્તિથી ઇન્દ્ર વૃત્રને હણવા શક્તિમાન થયો. માટે આ સામનું નામ શક્વરી સામ પડ્યું."[૮૮]

**રૈવત સામ/રૈવતી સામ :**[૮૯]

આ સામ પશુઓ સાથે સંબંધિત છે. અન્ન હિંકાર છે. અવિ પ્રસ્તાવ છે, ગાય ઉદ્‌ગીથ છે, અશ્વ પ્રતિહાર છે, પુરુષ નિધન છે. જે આ પ્રમાણે પશુઓને સામગાનરૂપ સમજે છે તેને પ્રજા, કીર્તિ, આયુષ્ય વગેરે પ્રાપ્ત થાય છે. તેણે પશુઓની નિંદા ન કરવાનું વ્રત પાળવાનું હોય છે, તેની રક્ષા કરવી એ જ એની નિંદા ન કરવા બરાબર છે.

'રૈ' શબ્દ ધનનો વાચક છે. આ સામનાં ગાન દ્વારા ધનની પ્રાપ્તિ કરવામાં આવે છે, તેથી તેને રૈવત સામ કહે છે. રૈવત સામ આરણ્યગેયગાનમાં ત્રણ છે.[૯૦]

**યજ્ઞાયજ્ઞીય સામ :**[૯૧]

આ સામનો સંબંધ શરીરનાં વિવિધ અંગોથી દર્શાવવામાં આવે છે. રોમ હિંકાર, ત્વક્ પ્રસ્તાવ, માંસ ઉદ્‌ગીથ, હાડકાઓ પ્રતિહાર અને મજ્જા નિધનનાં રૂપમાં રહેલાં છે.

તેણે સંપૂર્ણ વર્ષ માંસ ન ખાવાનું, ક્યારેય માંસ ન ખાવાનું વ્રત પાળવાનું હોય છે.

'यज्ञायज्ञा वो अग्नये' (સામ–૩૫૦) નામની સામયોનિ ઋચામાં યજ્ઞાયજ્ઞાને આધારે 'યજ્ઞાયજ્ઞીય' સામ કહેવાય છે. તે ગ્રામેગેયગાનમાં એક, आरण्यगानमां એક અને ऊह्यगानमां ચોવીસ છે.[૯૨]

"પહેલાં બધા દેવોએ ભેગા થઈ બ્રહ્મ–વેદરાશિના ભાગ પાડી પોત પોતાના ભાગ વહેંચી લીધા. એ ભાગ પાડતાં, જે શેષ રહી ગયો, તે તો સર્વ વેદના રસરૂપ હતો તે રસથી "યજ્ઞાયજ્ઞીય" નામના સામની રચના થઈ. આમ યજ્ઞાયજ્ઞીય સામ બ્રહ્મનો રસ છે, તેમજ તે પ્રજાપતિની યોનિ છે, જેથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રજાપતિએ બધા યજ્ઞોનાં સર્જન કર્યાં છે." આમ યજ્ઞાયજ્ઞીય સામ બ્રહ્મનો રસ છે તેમ જણાવી તેનાં વિશે વિસ્તૃત માહિતી પં. વિષ્ણુદેવ આપે છે.[૭૩]

**રાજન સામ :**[૭૪]

આ સામનો સંબંધ દેવતાઓ સાથે છે. તેમાં અગ્નિ હિંકાર છે. વાયુ પ્રસ્તાવ છે, આદિત્ય ઉદ્‌ગીથ છે, નક્ષત્ર પરિહાર છે, ચંદ્રમાં નિધન છે. આ સામ દેવોની તેજસ્વિતાનું પ્રતિપાદન કરે છે. આ સામ દ્વારા તે તે દેવોની ઉપાસના કરનાર જે તે દેવો સમાન બની જાય છે. તે પ્રજા, સંપત્તિ વગેરેથી વિભૂષિત થાય છે, તેણે બ્રાહ્મણોની નિંદા ન કરવાનું વ્રત પાળવાનું હોય છે. જે રીતે અગ્નિ, વાયુ, આદિત્ય વગેરે અંધકાર વગેરેને દૂર કરી પ્રકાશ ફેલાવે છે તેમ બ્રાહ્મણ—વિદ્વજ્જન અધ્યયન—અધ્યાપન દ્વારા અજ્ઞાનને દૂર કરીને જ્ઞાનને ફેલાવે છે, આપત્તિમાં આવેલા સમાજને માર્ગદર્શન દ્વારા—નેતૃત્વ દ્વારા ઉગારે છે, તેથી જ બ્રાહ્મણને માટે વિપ્ર શબ્દ પ્રયોજવામાં આવે છે.

"રાજન સામગાનનું અત્યંત મહત્ત્વ છે. તેની ઋચા इन्द्र नशे (સા.૩૧૮) છે અને તે શુદ્ધિકાર્ય માટે પ્રયોગમાં આવે છે."[૭૫]

**સર્વ વસ્તુમાં સામ/સર્વવિષયક સામ :**[૭૬]

આ સામ સર્વેમાં પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. તેમાં ત્રયી વિદ્યા હિંકાર છે, ત્રણ લોક પ્રસ્તાવ છે, અગ્નિ, વાયુ, આદિત્ય એ ત્રણ ઉદ્‌ગીથ છે. નક્ષત્ર, પક્ષી અને સૂર્યના કિરણો પ્રતિહાર છે, સર્પ, ગંધર્વ અને પિતર નિધન છે.

આ સામમાં દરેક વસ્તુમાં પ્રભુ ઓત—પ્રોતનું કીર્તન કરવું તેને દરેક વસ્તુ પ્રાપ્ત થાય છે. આ સામ ઉપાસના કરનારે હું જ સર્વ કાંઈ છું, બધું જ કરવા સમર્થ છું, એ પ્રકારે પોતાના આત્મામાં નિશ્ચય કરવો એ વ્રત છે. તેણે હંમેશાં સૃષ્ટિમાં દરેક પદાર્થ મારા સહાયક છે. મારા માટે છે, પ્રભુ મારી પાસે છે. તેમ ચિંતન કરવું જોઈએ. આ સર્વ વિષયક સામની ઉપાસના કરનારની ઉદાસીનતા, ઉત્સાહ હીનતા વગેરે દૂર થાય છે.

**છાલિક્ય ગાન :**[૭૭]

ઘોર અંગિરસે શ્રીકૃષ્ણને ભણાવ્યું. શ્રીકૃષ્ણે "છાલિક્ય" નામના નવા ગાનનું સંશોધન કર્યું.

આ ગાન બાબતે પં. સાતવળેકરજી જણાવે છે કે, "છન્ન ગાન મુખ્યત્વે સ્વરને શબ્દ વિહોણા એકલા સ્વરોનાં ગાન છે. પારસીઓનાં ઝંદ અવેસ્તાની ગાથા, ખ્રિસ્તીધર્મના સામ, કુરાન શરીફની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આયાત તેમજ લોક સંગીતમાં આહીરોનાં લયનાં લક્ષણવાળા રાસને મુખ્યત્વે છન્નગાન કહી શકાય. દ્વારિકાના યાદવોને ઘોર આંગિરાપાસેથી જે છાલિક્ય ગાન મળ્યું હતું તે છન્નગાનના પ્રકારનું છે. તેને કૃષ્ણે વેણુગાનમાં સંગત કરેલું છે."[૯૮]

**વિનર્દિગાન** :[૯૯]

વિનર્દિ નામનું ગાન પશુઓ માટે હિતકારી છે. તે અગ્નિનું ઉદ્ગાન છે.

સોમગાનમાં દરરોજ પ્રથમ ગાયત્રગાન ગવાય છે. એ ઉપરાંત દરેક ગાનની શરૂઆત પણ ગાયત્ર ગાનથી થાય છે. આ સોમગાનમાં પ્રથમ અહોરાત્રને અનુસરીને રથંતરગાનનો પ્રયોગ કરવામાં આવે છે. 'આ વાણી છે, એ તો પૃથ્વી છે અને વાણી એ તો રથંતર છે, તે રૂપે વાણી બોલે છે. બીજા અહોરાત્રને અનુસરી બૃહતી (બૃહત્‌સામ) બને છે. "તે ઋત્વિગ્ પોતે આ શ્રેષ્ઠ વાણીને બોલે છે. આમ સાંભળનાર યજમાન બૃહતી વાણી વિશે કહે છે, તેનું કારણ છે કે બૃહતી વાણી દૂરથી સંભળાય છે."

તે વાણી ત્રીજા અહોરાત્રને પામી વૈરૂપ બને છે. જે વાંકીચૂંકી વિવિધરૂપે રજૂ થાય છે. જ્યારે આ વાણી ચતુર્થ અહોરાત્રને પામી 'વિરાટ્' બને છે. તે વૈરાજ સ્વરૂપ છે. જે શ્રેષ્ઠ છે. પાંચમાં અહોરાત્રમાં આ વાણી શક્વરી ગાન બને છે. જેને પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ પુરુષો શક્તિશાળી બને છે. તે વાણી છઠ્ઠા અહોરાત્રને પામી રેવતી બને છે. વાણીનું એ રેવતીરૂપ છે. ઉત્તમ ખાવાલાયક અન્નને આપે છે.[૧૦૦]

આ ઉપરાંત દરેક સામગાનનું વિસ્તૃત અને મનનીય ચિંતન પં. વિષ્ણુદેવ પોતાના ભાષ્યમાં રજૂ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૭

# સામવેદીય ઉપનિષદોમાં સંગીત

**અંત્યનોંધ :**

(૧) एष उ एव साम । वाग् वै साम एष सा

चामश्चेति तत्साम्नः सामत्वम् ॥

— बृह. उप. १.३.२२

(૨) छा. उप. १-१-१

(૩) एषां भूतानां.......उद्गीथो रसः ॥

— छा. १.१.२

(૪) स एष रसानां रसतमः परमः परार्ध्योऽष्टमो यदुद्गीथः ॥

— छा. १.१.३

(૫) .....एवास्य प्रतीच्यो मधुनाड्यः सामान्येव मधुकृतः सामवेद एव पुष्पं ता अमृता आपः ॥

तानि वा एतानि सामान्येतं सामवेदमभ्यतपꣳस्तस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्यꣳ रसोऽजायत ॥

— छा. उप. ३.३.१-२

(૫) (२५) यथा वृक्षस्य पुष्पमेव रमणीयं रूपं सौन्दर्यातिशयात् तथैव सामवेदोऽपि वेदवृक्षस्य पुष्पमेव तस्यापूर्वगानमयत्वात् ।

— पं. सातवलेकरजी, सामवेद - प्रस्तावना,

सा. वे. संहिता। पृ. ४

(૬) वागेवर्क्.....। तद्वा एतन्मिथुनं यद्वाक्च प्राणश्चर्क् च साम च ।

छा. १.१.५

(૭) आपयिता ह वै......विद्वानक्षरमुद्गीथमुपास्ते ॥

— छा. उप. १.१.७

(૮) अथैनामभिपद्यतेऽमोऽहमस्मि सा त्वꣳ सा त्वमस्यमोऽहꣳ सामाहमस्मि ऋक्त्वं द्यौरहं पृथिवी त्वं तावेहि संरभावहै सह रेतो

दधावहै पुंसे पुत्राय वित्तय इति ॥

— बृह. उप. ६.४.२०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(९) अथाधिदैवतम्..... य एवं वेद ।

— छा. उप. १.३.१

(१०) अथ खलु व्यानमेवोद्गीथमुपासीत यद्वै प्राणिति स प्राणो यदपानिति सोऽपानः । अथ यः प्राणापानयोः सन्धिः स व्यानो यो व्यानः सा वाक् ।।........।।

— छा. उप. १.३.३

(११) अन्तरिक्षमेवर्क्.....कृष्णः तदपरमात्साम

छा. उप. १.६.१-५

(१२) ડૉ. નારાયણ કંસારા, સામવેદ – ગાન બ્રાહ્મણ – ભાષ્ય – ભાષ્ય – સ્વાધ્યાય

गीतिषु सामाख्या – મહર્ષિ જૈમિનિ २.१.३६

(१३) ऋच्यध्यूढं साम गीयते ।

– छा. उप. १.६.१

(१४) तत्र सर्वाणि नामान्याख्यातजानि.....समश्च ।

यास्कमुनि निरुक्त १.१२

(१५) डॉ. पंकजमाला शर्मा, सामगान, (उद्भव, व्यवहार, सिद्धान्त) पृ. २९० ३१०

(१६) सामस्य देवता ।

— ग. ४.२.२४

(१७) येन साम्ना.....तां देवतमुपधावेत् ।।

— छा. उप. १.३.९-१२

(१८) यत्काम ऋषिर्यस्यां देवतायामार्थपत्यमिच्छन्स्तुतिं प्रयुङ्क्ते तद्दैवतः स मन्त्रो भवति ।

— निरुक्त ७.१

(१९) डॉ. पंकजमाला शर्मा, 'सामगान' उद्भव, व्यवहार और सिद्धान्त - पृ. २७५

(२०) ब्रह्मवादिनो वदन्ति यद्वसूनां प्रातः सवनं रुद्राणां माध्यन्दिनं सवनमादित्यानां च विश्वेषां च देवानां तृतीय सवनम् ।।

— वही १५५ छा. उप. २.२४.१

(२१) या वाक्.....साम तस्मादप्राणन्ननपानन्साम गायति यत्साम स उद्गीथस्तस्मादप्राणन्ननपानन्नुद्गायति ।।

— छा. उप. १.३.४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२२) डॉ. पंकजमाला शर्मा, सामगान-(उद्भव-व्यवहार और सिद्धान्त) पृ. ४८

(२३) अथ खलूद्गीथाक्षराण्युपासीतोद्गीथ इति प्राण एवोत्प्राणेन ह्युत्तिष्ठति वाग्गीर्वाचो ह गिर इत्याचक्षतेऽन्नं थमन्ने हीदं सर्वं स्थितम् ॥

— छा. उप. १.३.६

(२४) ओमित्यादन्तरिक्षं गीः पृथिवी......उद्गीथ इति ।

— छा. उप. १.३.७

(२५) डॉ. पंकजमाला शर्मा, सामगान, उद्भव व्यवहार एवं सिद्धान्त पृ. ४९

(२६) तस्य हैतस्य साम्नो यः स्वं वेद भवति हास्य स्वं तस्य वै स्वर एव स्वं तस्मादार्त्विज्यं करिष्यन्वाचि स्वरमिच्छेत तया वाचा स्वरसंपन्नयार्त्विज्यं कुर्यात्तस्माद्यज्ञे स्वरवन्तं दिदृक्षन्त एव । अथो यस्य स्वं भवति भवति हास्य स्वं य एवमेतत्साम्नः स्वं वेद ॥१.३.२५॥

का साम्नो गतिरिति स्वर इति होवाच । स्वरस्य का गतिरिति प्राण इति होवाच ॥१.८.४॥

बृह. उप. १.३.२५, छा. उप. १.८.४

(२७) પંડિત સાતવળેકરજી, સામવેદ ગાન બ્રાહ્મણ ભાષા-ભાષ્ય, ભૂમિકા પૃ. ૪૯

(२८) એજન પૃ. ૪૮

(२९) એજન પૃ. ૪૦

(३०) ......लेशेनानभिनिहिता वाक्तव्या मृत्योरात्मानं परिहराणीति ॥५॥

— छा. उप. २.२२.१-५

(३१) ॐ समस्तस्य खलु साम्न उपासनं साधु यत्खलु साधु तत्सामेत्याचक्षते यदसाधु तदसामेति ॥१॥

— छा. उप. २.१.१

(३२) प्रदीपः स्वरवर्णाभ्यां यो विमन्त्रः प्रयुज्यते ।

यज्ञेषु यजमानस्य रुशत्यायुः प्रजां पशून् ॥

— नारदीयशिक्षा - १.६

(३३) શ્રી રવીન્દ્ર ખાંડવાલા, સામવેદ, પૃ. ૩૭

(३४) पुरा प्रातरनुवाकस्योपाकरणाज्जघनेन गार्हपत्यस्योदङ्मुख उपविश्य स वासवं सामाभिगायति ॥

लो ३ कद्वारमपावा ३ र्णू ३ ३ पश्येम त्वा वयँ रा ३३३३३ हु ३ म् आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥

— छा. उप. २.२४.३-४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३५) पुरा माध्यन्दिनस्य सवनस्योपाकरणाज्जघनेनाग्नीध्रीयस्योदङ्मुख उपविश्य स रौद्रं सामाभिगायति ॥

लो ३ कद्वारमपावा ३ र्णू ३३ पश्येम त्वा वयंरा ३३३३३ हु म् आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥

— छा. उप. २.२४.७-८

(३६) पुरा तृतीयसवनस्योपाकरणाज्जघनेनाहवनीयस्योदङ्मुख उपविश्य स आदित्यं स वैश्वदेवं सामाभिगायति ॥११॥

लो ३ कद्वारमपावा ३ र्णू ३३ पश्येम त्वा वयंस्वारा ३३३३३ हु ३ म् आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥१२॥

आदित्यमथ वैश्वदेवं लो ३ कद्वारमपावा ३ र्णू ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥१३॥

— छा. उप. २.२४.११-१२

(३७) अथ यदि सामतो रिष्येत्स्वः स्वाहेत्याहवनीये जुहुयात्साम्नामेव तद्रसेन साम्नां वीर्येण साम्नां यज्ञस्य विरिष्टं संदधाति ॥६॥

एवमेषां लोकानामासां देवतानामस्यास्त्रय्या विद्याया वीर्येण यज्ञस्य विरिष्टं संदधाति भेषजकृतो ह वा एष यज्ञो यत्रैवंविद्ब्रह्मा भवति ॥८॥

— छा. उप. ४.१७.६-८

(३८) डॉ. पंकजमाला शर्मा, सामगान,(उद्भव, व्यवहार और सिद्धान्त) पृ. २२९

(३९) पंडित विष्णुदेव; સામવેદ ગાન બ્રાહ્મણ ભાષા – ભાષ્ય

— ભૂમિકા પૃ. ૩૮

(४०) डॉ. पंकजमाला शर्मा, सामगान, उद्भव, व्यवहार और सिद्धान्त - पृ. २४०

(४१) प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते । सैषा देवता प्रस्तावमन्वायत्ता । तां चेदविद्वान्प्रास्तोष्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥

— छा. उप. १.११.५

(४२) आदित्य इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्यादित्यमुच्चैः सन्तं गायन्ति सैषा देवतोद्गीथमन्वायत्ता तां चेदविद्वानुदगास्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥७॥

छा. उप. १.११.६-७

(४३) सर्वेषामोंकारेणे उद्गीथादानम् ।

— ला. श्रौ. ६.१०.१३

(४४) - प्रथमाक्षर लोपं तु धनंजयः

— ला. श्रौ. ६.१०-१४

- अलोपः शाण्डिल्यः ।

— ६.१०.१५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(४५) स्वरादिषु समेवं स्वरमोंकारीकुर्यात् । आगन्तुमोंकारं व्यंजनादिषु ।

— ला. श्रौ. ६.१०.१६

(४६) डॉ. पंकजमाला शर्मा, सामगान, उद्भव-व्यवहार, सिद्धान्त - पृ. ३४५

(४७) वही - पृ. ३४६

(४८) वही - पृ. २४२ - २०४

(४९) पं. सातवळेकरजी – सामवेद–गान भाषा–भाष्य, प्रथम विभाग, पृ. ३७

(५०) एष वै साम्नां रसो यद्हिंकारो यद्हिंकृत्य प्रस्तौति रसेनैवैतत् अभ्युदय प्रस्तौति ॥

– डॉ. पंकजमाला शर्मा – सामगान, उद्भव व्यवहार, सिद्धान्त । पृ. ३४२

ता. ब्रा. ६.८.७

(५१) ओमित्येतदक्षरमुद्गीथमुपासीत ॥

य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इति ॥

साम्न उद्गीथो रसः ॥

— छा. उप. १.१.१, १.३.७, १.२.३

(५२) અગ્નિ સ્વામીનું ભાષ્ય

रसो वा एष साम्नां यदोंकारः ।

— ला. श्रौ. ६.१०–१५

(५३) डॉ. पंकजमाला शर्मा, सामगान, उद्भव, व्यवहार और सिद्धान्त, ३४५

(५४) अर्थैकत्वाद् विकल्पः स्यात् ।

— जै. सू. ९.२.२९

(५५) अथ भावान्प्रवक्ष्यामः प्रगाणां यैर्विधीयते ।

आर्चिकं स्तौभिकं चैव पदं विक्रियते तु यैः ॥

— पुष्पसूत्र १.२.१

(५६) डॉ. पंकजमाला शर्मा, "सामगान, उद्भव, व्यवहार और सिद्धान्त" पृ. ३५७

(५७) वही - पृ. ३५९

(५८) वही - पृ. ३५९



For Private And Personal Use Only

(५९) वही – पृ. ३६३

(६०) वही – पृ. ३६९-३७०

(६१) अनुगाध्यक्षरम् । अक्षरतन्त्रम् १.१.१

(६२) डॉ. पंकजमाला शर्मा, सामगान, उद्भव और सिद्धान्त । पृ. ३७१-३७२

(६३) वही पृ. ३७४-३७५

(६४) वही पृ. ३७५-३७६

(६५) संपादक; डॉ. श्रीकृष्णः शर्मा; अक्षरतन्त्र, पृ. ८

(६६) अयं वाव लोको हाउकारो वायुर्हाइकार श्चन्द्रमा अथकारः । आत्मेहकारोऽग्निरीकारः ॥
आदित्य ऊकारो निहव एकारो विश्वे देवा औहोयिकारः प्रजापतिर्हिंकारः प्राणः स्वरोऽन्नं या वाग्विराट् ॥
अनिरुक्तस्त्रयोदशः स्तोभः संचरो हुंकारः ॥
दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहोऽन्नवानन्नादो भवति य एतामेवं साम्नामुपनिषदं वेदोपनिषदं वेद ॥

– छा. उप. १.१३.१-४

(६७) अक्षर तन्त्रम् - भूमिका, पृ. ८२

(६८) सामवेदे सहस्रं गीत्युपायाः ।

– शबर स्वामी

(૬૯) પં. વિષ્ણુદેવ, સામવેદ ગાન બ્રાહ્મણ ભાષા–ભાષ્ય પૃ. ૨

(૭૦) એજન પૃ. ૭૬૭–૮૦૦

(७१) मनो हिंकारो वाक्प्रस्तावश्चक्षुरुद्गीथः श्रोत्रं प्रतिहारः प्राणो निधनमेतद्गायत्रं प्राणेषु प्रोतम् ॥१॥
स य.....महामनाः स्यात्तद्व्रतम् ।

– छा. उप. २.११.१-२

(૭૨) પં. વિષ્ણુદેવ, સામવેદ ગાન બ્રાહ્મણ – ભાષા· ભાષ્ય. પૃ. ૬૫૭

(७३) सुश्री सूर्यादेवी आचार्या, वेदवाणी विशेषाङ्क-२ पृ. ४५

(७४) डॉ. पंकजमाला शर्मा, सामगान, उद्भव, व्यवहार, सिद्धान्त पृ. २६७

(૭૫) પં. વિષ્ણુદેવ, સા. ગાન બ્રાહ્મણ ભાષા–ભાષ્ય પ્ર. વિભાગ પૃ. ૬૩

(७६) अभिमन्थति स हिंकारो......प्रोतम् ॥

– छा. उप. २.१२.१



For Private And Personal Use Only

(७७) उपमन्त्रयते स हिंकारो.....मिथुने प्रोतम् ॥

— छा. २.१३.१-२

(७८) सुश्री सूर्यादेवी आचार्या, वेदवाणी विशेषाङ्क – २ पृ. ४६

(७९) डॉ. पंकजमाला शर्मा सामगान उ.व्य. और सि. पृ. २५०

(८०) पं. विष्णुदेव, सा. गान ब्राह्मण भाषा -भाष्य भाग–१, पृ. ६९४

(८१) उद्यन्हिंकार.....प्रोतम ॥

स य एवमेतद्......तपन्तं न निन्देत्तद् व्रतम् ॥

— छा. उप. २.१४.१-२

(८२) सुश्री सूर्यादेवी आचार्य, वेदवाणी विशेषाङ्क – २ पृ. ४६

(८३) अभ्राणि संप्लवन्ते....पर्जन्ये प्रोतम् ॥

— छा. उप. २.१५.१-२

(८४) डॉ. पंकजमाला शर्मा सामगान, उ. व्य. और सि. पृ. २५२

(८५) वसन्तो हिंकारो....ऋतून् न निन्देत्तद्व्रतम् ॥१॥

छा. उप. २.१६.१-२

(८६) डॉ. पंकजमाला शर्मा. सामगान, उ. व्य. और सि. पृ. २६८

(८७) पृथिवी हिंकारो.....॥

......महान्कीर्त्या लोकान्न निन्देत्तद्व्रतम् ॥

— छा. उप. २.१७.१-२

(८८) पं. विष्णुदेव, सा. गान ब्राह्मण भाषा–भाष्य विभाग.–१, पृ. ६९७

(८९) अजा हिंकारोऽवयः...............पशून्न निन्देत्तद् व्रतम् ।

— छा. उप. २.१८.१-२

(९०) डॉ. पंकजमाला शर्मा - सामगान उ. व्य. और सि. पृ. २०८

(९१) लोम हिंकार......नाश्नीयादिति ॥

— छा. उप. २.१९.१-२

(९२) डॉ. पंकजमाला शर्मा, सामगान, उ. व्य. और सि. २७४

(९३) पं. विष्णुदेव, सा. गान ब्राह्मण भाषा–भाष्य विभाग–१ पृ. ७०१–७०२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯૪) अग्निर्हिंकारो.....निन्देत्तद्व्रतम् ॥

— छा. उप. २.२०२.१-२

(૯૫) પં. વિષ્ણુદેવ, સા. ગાન બ્રાહ્મણ ભાષા–ભાષ્ય વિભાગ–૧ પૃ. ૭૦૨

(૯૬) त्रयी विद्या हिंकारस्त्रयः............॥

— छा. उप. २.२१.१-४

(૯૭) छा. उप. ३.१९.५

(૯૮) પં. વિષ્ણુદેવ, સા. ગાન બ્રાહ્મણ ભાષા–ભાષ્ય વિભાગ–૧ પૃ. ૬૫૬–૬૫૭

(૯૯) विनर्दि साम्नो वृणे...........॥

— छा. उप. २.२२.१

(૧૦૦) પં. વિષ્ણુદેવ, સા. ગાન બ્રાહ્મણ ભાષા–ભાષ્ય વિભાગ ૧ પૃ. ૬૯૦–૬૯૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૮

## સામવેદીય ઉપનિષદોમાં સમાજ દર્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૮
# સામવેદીય ઉપનિષદોમાં સમાજ દર્શન

કોઈપણ સાહિત્ય તે સમયે સમાજમાં પ્રવર્તતી સ્થિતિનું પ્રતિબિંબ ઝીલતું હોય છે. ઉપ. સાહિત્યમાં પણ એ સમયે સમાજની કેવી સ્થિતિ હતી, તેનું પ્રતિબિંબ પડે છે. આ સ્થિતિના અભ્યાસ માટે નીચે પ્રમાણે વિભાજન કરવાથી વધુ સારી રીતે પ્રકાશ પાડી શકાય.

(૧) વર્ણાશ્રમ વ્યવસ્થા (૨) નારીની સ્થિતિ (૩) ધાર્મિક જીવન, યજ્ઞ (૪) વ્યવસાય-વાહન વ્યવહાર (૫) આહાર (૬) ગૃહ નિર્માણ (૭) રાજ્ય વ્યવસ્થા-શાસન પદ્ધતિ, દંડનીતિ (૮) શિક્ષણ (૯) અર્થ (૧૦) સોળ સંસ્કાર (૧૧) આચાર મીમાંસા.

## (૧) વર્ણાશ્રમ વ્યવસ્થા :

ભારતીય સમાજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણમાં વહેંચાયેલો છે. આ ચારેય વર્ણ પરબ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલા છે. તેનો નિર્દેશ 'પુરુષસૂક્ત'માં અને શ્રીમદ્ ભગવદ્ગીતા'માં છે. આ વિભાજન જન્મને આધારે નહિં પરંતુ ગુણ અને કર્મને આધારે છે. તેમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે પરંતુ વાસ્તવમાં જીવ એક જ છે, બાહ્યદેખાવથી તેઓમાં ભેદ નથી.[૩]

વર્ણ વ્યવસ્થા જન્મને આધારે નહીં પરંતુ ગુણ અને કર્મને આધારે છે, તેથી જ બ્રાહ્મણ હોય તો જ જ્ઞાન પ્રાપ્તિ થાય તેવું નથી. જ્ઞાન ઉપર બધાનો અધિકાર છે. પછી તે શૂદ્ર હોય કે વૈશ્યાથી ઉત્પન્ન થયેલ હોય. સત્યકામ જાબાલ તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. તે ગણિકા પુત્ર હોવા છતાં વિદ્યાનો અધિકારી બન્યો. એટલું જ નહિં આ સત્યકામ જાબાલ[૪] જાબાલ શાખાના પ્રવર્તક આચાર્ય થયા. આ શાખાના ઉપ.માં[૫] વર્ણાશ્રમની આગ્રહતા નથી, પરંતુ શૈવ સંપ્રદાયના આચારની આગ્રહતા છે.[૬]

મહો.[૭] જ્ઞાન પ્રાપ્તિનો દરેકને અધિકાર છે. તે પ્રાપ્ત કરનાર, પશુ, મલેચ્છ વગેરે દરેક મોક્ષ પ્રાપ્ત કરી શકે છે તેમ જણાવે છે.[૮]

સયુગ્વા રૈક્વ નામના દરિદ્ર પણ વિદ્વાન બ્રાહ્મણે શૂદ્ર જાતિના જાનશ્રુતિ પૌત્રાયણ રાજાની પુત્રીનું પાણિગ્રહણ કરીને રાજાને બ્રહ્મવિદ્યા આપી હતી; તેથી જ 'શૂદ્ર' શબ્દ રૂઢાર્થ છતાં પાછળથી બ્રહ્મસૂત્રના સમયમાં 'શુચાદુદ્રાવ' "શોક કરીને પીગળ્યો." તેથી જાનશ્રુતિને શૂદ્ર શબ્દ દ્વારા સયુગ્વાએ સંબોધન કર્યું એવી યોગાર્થની તાણાતાણ કરવી પડી છે.[૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ણ શબ્દનો જુદી–જુદી જગ્યાએ જુદાં–જુદાં લેખકો દ્વારા જુદાં–જુદાં અર્થમાં ઉપયોગ થાય છે. ઋગ્વેદમાં મોટેભાગે રંગ તરીકે ઉપયોગ થાય છે. પ્રશિષ્ટમાં પણ તે રંગના અર્થમાં પ્રયોજાયો છે. પરંતુ શ્રીકાર્વે વેદમાં રંગનાં અર્થમાં ઉપયોગ નથી તેથી માને છે; સામાજિક વિભાગ–વ્યવસ્થાનાં અર્થમાં થોડાક પરિવર્તન સાથે છે. વર્ણનો વિચાર **ચારિત્ર્ય અને વ્યવસાયને** આધારે હતો, જ્યારે જાતિનો અર્થ જન્મને આધારે છે. અર્થાત્ જે જાતિમાં જન્મ થાય તે જાતિ નિશ્ચિત છે. ડૉ. ધુરિયે "જાતિ વારસાગત લક્ષણો દર્શાવે છે. જ્યારે વર્ણ રંગનો સંબંધિત અર્થ છે."[૮]

**આશ્રમ વ્યવસ્થા :**

હિન્દુ વિચાર તરીકે આશ્રમની વ્યવસ્થા દુનિયાના સામાજિક વિચારોનાં સંપૂર્ણ ઈતિહાસમાં એક મહત્ત્વનો ફાળો છે. આશ્રમની પદ્ધતિ ઘણી જૂની અને પ્રાચીન છે. તેમ છતાં શરૂઆતનાં વૈદિકયુગમાં છે, પરંતુ આધુનિક સમયમાં યોગ્ય રીતે અમલમાં મૂકી શકાય તેમ નથી, હિન્દુધર્મ જીવનનો શરૂઆતનો તબક્કો(છા. ૨.૨૩.૧)માં જોવા મળે છે. દરેક આશ્રમની ફરજ છા.માં વર્ણવેલી છે.(૨.૨૩.૧) એ જ (૧) વિદ્યાર્થી તરીકે રહેવું, વેદાભ્યાસ માટે ઋષિ કુટુંબમાં વિદ્યાર્થી તરીકે રહેવું તે. (૨) **ગૃહસ્થાશ્રમમાં** રહી, ધનોપાર્જન આદિ કર્તવ્ય કરવા તેમજ દાન કરવું. (૩) **વાનપ્રસ્થાશ્રમ** આત્મસંયમ ફરજ છે. પરમાત્મા તરફ આગળ વધવાનો મહાવરો. (૪) **સંન્યાસાશ્રમ** બ્રહ્માવસ્થા એ ચતુર્થ તબક્કો છે.[૯]

આશ્રમ વ્યવસ્થા એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને શ્રેષ્ઠ ભેટ છે. જીવનનાં દરેક તબક્કે શું પ્રાપ્ત કરવાનું છે? કેવી રીતે કરવાનું છે? કેમ ઉપયોગ કરવાનો છે? તેનો નિર્દેશ આ વ્યવસ્થામાં છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એમ ચાર આશ્રમો છે.

**(૧) બ્રહ્મચર્યાશ્રમ :**

બ્રહ્મચર્ય આશ્રમનાં સમયે નિયમપૂર્વક સમિધ ગ્રહણ કરી[૧૦] ગુરુસેવા[૧૧] કરતાં કરતાં વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરવું અને તપ કરવું એ બ્રહ્મચારીનો ધર્મ છે. ગુરુની પણ એ જવાબદારી છે કે યોગ્ય શિષ્ય અથવા મોટાપુત્રને જ શ્રેષ્ઠ વિદ્યા પ્રદાન કરે.[૧૨] આમ યોગ્યતા જ મહત્ત્વની છે.

મૈત્રેયી[૧૩] ઉપ. પણ શરણ ગ્રહણ કરનારને જ જ્ઞાન આપવું તેમ જણાવે છે. સર્વ ઉપનિષદોનાં સારરૂપ ગીતામાં[૧૪] પણ અર્જુન જ્યારે બીજા અધ્યાયમાં શરણ ગ્રહણ કરે છે ત્યાર પછી જ તેનો મુખ્ય ઉપદેશ શરૂ થાય છે.

**બ્રહ્મચર્યનાં પ્રથમ તબક્કામાં** "મને **અંધકારમાંથી અંજવાળા** તરફ લઈ જા." "અવાસ્તવિકતાથી વાસ્તવિકતા તરફ લઈ જા." "ન જાણેલું જાણવું" વગેરે કહ્યું છે. તે શિક્ષણનો ધ્યેય છે.[૧૫]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્મચર્યાશ્રમનો આ પ્રથમ તબક્કો શિસ્ત અને તાલીમ દ્વારા બાંધીઘેલો હતો. તેમાં નીચેની શરતો ફરજિયાત હતી.

(૧) ગુરુને ઘરે રહેવું ફરજિયાત છે. જે અથર્વવેદ ૭.૧૦૯.૭માં જોઈ શકાય છે.

(૨) અંતેવાસિન્ તરીકે રહેવું.

(૩) શિક્ષક માટે આશ્રમમાં અને બહાર કામ કરવું જ પડે. (ગુરુસેવા)–

(૧) બળતણ લેવા જવું.

(૨) ઢોર ચરાવવા.

(૩) અગ્નિની સેવા.

(૪) આશ્રમની સફાઈ.

(૫) વૈદિક અભ્યાસ.

છા. ઉપ.માં સત્યકામ જાબાલ ગાયો ચરાવવા જાય છે. સત્યકામનો જ શિષ્ય ઉપકોસલ ગુરુનાં અગ્નિની પરિચર્યા કરે છે. આશ્રમમાં યજ્ઞ, પૂજન વગેરે માટે સમિધ, ફૂલ, ફળ લાવવા, શ્રીકૃષ્ણ ભગવાન અને સુદામા સાંદીપનિ ઋષિનાં આશ્રમમાં રહેતા હતાં ત્યારે સમિધ લેવા જવાની કથા પ્રસિદ્ધ જ છે. એ ઉપરાંત આશ્રમની જમીન હોય તેમાં ખેતીકાર્ય પણ ફરજિયાત છે.

**(૨) ગૃહસ્થાશ્રમ :**

ગૃહસ્થ એ સમાજનો આધાર સ્તંભ છે. તેને સમાજનો ઊરુસ્થાન કહે છે. યજ્ઞ, સ્વાધ્યાય, દાન, અતિથિ સેવા વગેરે તેની ફરજ છે.[૧૭] ધર્માનુસાર અર્થ પ્રાપ્ત કરીને તેનું દાન કરવું તે તેની જવાબદારી છે.

બ્રહ્મચર્યાશ્રમમાં વેદાધ્યાન પૂર્ણ થાય, બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ થવા બાદ જેને ગુરુ સેવામાંથી ગૃહસ્થમાં જવાની આજ્ઞા કરે તે આશ્રમી કહેવાય છે. ગુરુ આજ્ઞા બાદ અનુકુળ સ્ત્રી ગ્રહણ કરી, યથાશક્તિ અગ્નિને ધારણ કરી, બ્રાહ્મ–યજ્ઞમાં સંલગ્ન રહી હંમેશ તેનું પૂજન કરે. ત્યારબાદ પુત્રોને વ્યવહાર સંબંધી કાર્યભાર સોંપી વનમાં ગમન કરે અને પવિત્રદેશમાં ભ્રમણ કરે અર્થાત્ વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરે. વાયુનું ભક્ષણ કરે, કન્દ–મૂલ દ્વારા પોતાના શરીરનું પોષણ કરે. પરંતુ સંન્યાસ માટે આટલું પૂરતું નથી. આ સામાન્ય નિયમ છે.[૧૮]

વિદ્યાર્થી અવસ્થા પૂર્ણ થાય ત્યારે સમાજ તરફની ફરજને કેન્દ્રમાં રાખીને જીવન જીવવાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સલાહ આપવામાં આવે છે. સમાજનો તે આધાર છે. તેની મુખ્ય ફરજ કુટુંબ સાથે, સમાજ સાથે સંકલન સાધવું, ત્યાગ, ભજન, દાનનાં વિચાર તરફ પ્રગતિ કરવી. ગૃહસ્થાશ્રમ પ્રવેશ કરતી વખતે વિદ્યાર્થીને ચેતવણી પણ આપવામાં આવે છે કે, બ્રહ્મચાર્યશ્રમની ફરજ ભૂલી ન જવી જોઈએ. વેદનાં શિક્ષણ અને સત્યથી દૂર ન થવું જોઈએ. વ્યક્તિગત કલ્યાણથી દૂર ન જવું જોઈએ. ભગવાન અને મૃતાત્મા તરફની ફરજ પૂરી કરવાની પણ અપેક્ષા છે. ત્યાગની ભાવના સાથે ભગવાનનું દેવું ચૂકવવું જોઈએ, શ્રદ્ધા સાથે મૃતાત્માનું દેવું, સ્વાધ્યાય અને પ્રવચન સાથે આચાર્યનું દેવું ચૂકવવું જોઈએ.

આ જીવનનાં બે તબક્કા બ્રહ્મચર્ય–ગૃહસ્થ, વાનપ્રસ્થ–સંન્યાસ કરતાં વધારે મહત્વના છે કારણ કે; છેલ્લાં લક્ષ્યની સિદ્ધી આ બે તબક્કાઓથી જ શક્ય છે.(છા. ૮.૧૫.૧) ગૃહસ્થાશ્રમની સર્વે ફરજો યોગ્ય રીતે બજાવે તો બ્રહ્મની દુનિયામાં જ બ્રહ્મને મેળવે છે અને આ દુનિયામાં ફરી પાછો આવતો નથી.[૧૯]

**(૩) વાનપ્રસ્થાશ્રમ :**

વાનપ્રસ્થાશ્રમ એ ભારતવર્ષનો આદર્શ છે. ગૃહસ્થ ધર્મનાં કર્તવ્યો પૂર્ણ કરી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવામાં આવતો. તેમાં તપ દ્વારા પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કેન્દ્રસ્થાને રહેતો. રાજા બૃહદ્રથ[૨૦] પોતાના પુત્રોને રાજ્યભાર સોંપી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારે છે. શ્રીમદ્ ભાગવત[૨૧] પણ વાનપ્રસ્થાશ્રમનું વર્ણન કરે છે.

**(૪) સંન્યાસાશ્રમ :**

સંન્યાસીએ બ્રહ્મમાં લીન રહીને બ્રહ્મને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંન્યાસીએ સર્વકર્મનો ત્યાગ કરીને વનમાં જઈ બ્રહ્મમય જીવન ગાળવાનું હોય છે.[૨૨]

(નોંધઃ-- સંન્યાસ પ્રકરણમાં વિશેષ ચર્ચા છે.)

આ જીવનમાં બ્રહ્મવિદ્યા સિદ્ધ ન થાય તો પણ શુદ્ધ બ્રહ્મની જિજ્ઞાસા ઉદય કરી પવિત્ર કુટુંબમાં ગૃહસ્થરૂપે વૃત્તિ સેવી, વેદાધ્યયન કરી અને પ્રવચન કરી, ધાર્મિક પ્રજાને પ્રકટ કરી, સર્વ ઇન્દ્રિયોનું દમન કરી, અહિંસા વ્રત સેવી, દેહનો ત્યાગકરી બ્રહ્મલોકમાં પુનરાવૃત્તિ વિનાનો ક્રમમોક્ષ મેળવવાનું ધ્યેય રાખવામાં આવતું.

**(૨) નારીની સ્થિતિ :**

વૈદિક સમયમાં નારીનું સ્થાન સમાજમાં શ્રેષ્ઠ હતું તે શિક્ષણ પ્રાપ્ત કરતી એટલું જ નહીં મહર્ષિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૌતમ વગેરેની સાથે શાસ્ત્રાર્થ કરતી હતી. તેમજ તેમને ઋષિકાનું સ્થાન પ્રાપ્ત હતું. ગાર્ગી, વાચક્નવી, લોપામુદ્રા વગેરે આવી શ્રેષ્ઠ ઋષિકાઓ છે. કેનો.માં ઉમાદેવી જ સર્વપ્રથમ ઇન્દ્રને બ્રહ્મનો ઉપદેશ આપે છે. [ઉમાદેવી– બાબતે ઋષિ પ્રકરણ છે તેથી પુનરાવર્તન કરેલ નથી.]

**(3) ધાર્મિક જીવન, યજ્ઞ :**

ધર્મ શબ્દ √ધૃ ધાતુમાંથી નિષ્પન્ન થયેલો છે.[33] અર્થાત્ ધર્મ ધારણ કરનાર છે. ધર્મ સમાજની પ્રતિષ્ઠા છે અને મનુષ્યોના ઉત્કર્ષ માટે સમાજની જરૂરિયાત છે.

ધર્મનું લક્ષણ આપતાં શ્રુતિ જણાવે છે કે; અભ્યુદય અને નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય તે ધર્મ છે.[34] મહર્ષિ વેદવ્યાસ શ્રીમદ્ ભાગવતમાં જણાવે છે તે પ્રમાણે શ્રુતિ દ્વારા જે કર્મ વિહિત હોય તે ધર્મ અને નિષિદ્ધ હોય તે અધર્મ, કારણ કે ધર્મ–અધર્મની વ્યવસ્થામાં વેદ જ સર્વોચ્ચ પ્રમાણ છે.[35] ધર્મ ભગવાન પ્રણીત છે. તેથી ધર્મનાં જ્ઞાતા એક ભગવાન જ છે. ઋષિ, દેવ અને સિદ્ધ નહીં, મનુષ્ય, વિદ્યાધર, ચારણ વગેરેની તો વાત જ શી કરવી.[36] ધર્મનાં આશ્રયથી જ આ જગત્માં પ્રાણીઓનો વિકાસ/પ્રગતિ થાય છે તથા પરલોકમાં નિઃશ્રેયસ રુપની પ્રાપ્તિ થાય છે. ધર્મનાં વિધાયક સ્વરૂપને મહર્ષિ વેદવ્યાસ અનેક વચનો દ્વારા મહાભારતમાં વ્યક્ત કરે છે. તે પ્રમાણે ધર્મ પ્રજાને ધારણ કરે છે.[37]

ધર્મ એક જ છે અને તે ચોદના પ્રતિપાદ્ય વૈદિક ધર્મ જ છે. ધર્મ શબ્દ દ્વારા રજૂ થતાં અન્ય ધર્મ મૂળભૂત સંપ્રદાય વિશેષ જ છે. સમ્+પ્ર ઉપસર્ગથી જોડાઈને √ 'दा' ધાતુમાંથી 'घञ्' પ્રત્યય લાગવાથી સંપ્રદાય શબ્દ નિષ્પન્ન થાય છે એમ વિદ્વાનોનું માનવું છે. આ સંપ્રદાય શબ્દ ગુરુ–પરંપરાથી અથવા શિષ્ટ–પરંપરાથી ઉપદેશનો વાચક છે. આ જ અર્થમાં મહાકવિ માઘે સંપ્રદાય શબ્દનો પ્રયોગ કરેલ છે.[38] ધર્મનું મૂળતત્ત્વ છે સાર્વભૌમત્વ, સાર્વકાલિત્વ અને અદ્વિતીયત્વ તેમજ દેશકાલનાં સંબંધમાં ક્યારેક જ સ્થિતિશાળી હોવું સંપ્રદાયનું લક્ષણ છે. આ જ ધર્મ અને સંપ્રદાયમાં ભેદ છે. રિલીજન (Religion) શબ્દનો વાચ્ય અર્થ સંપ્રદાય જ છે. હિબ્રૂ, ખ્રીસ્તી, મોહમ્મદીય ધર્મ સંપ્રદાય જ છે અને તે બધા સંપ્રદાય સનાતન વૈદિક ધર્મનાં અંગભૂત છે. કારણ કે આ સંપ્રદાયમાં સનાતનધર્મનાં એકદેશીય ધર્મનોજ ઉપદેશ છે. ભ્રાતૃભાવ, પરસ્પર મૈત્રીભાવ, પ્રાણીઓની પ્રેમપૂર્વક સેવા એ બધાં જ ધર્મમતમાં જોઈ શકાય છે.[39]

ધર્મની મૂળભૂત વિશેષતા એ છે કે તે અધિકાર ભેદનો સ્વીકાર કરે છે. કારણ કે મનુષ્યોમાં બુદ્ધિ અને સ્વભાવ વગેરેની ખૂબ જ ભિન્નતા રહેલી છે. તેથી લોકો એક જ પ્રકારનાં ધર્મોપદેશનું અનુવર્તન કરી શકતા નથી. યોગ્યતાનુસાર જે ધર્મ નિર્દિષ્ટ કરવામાં આવે છે તે જ હંમેશાં હિતાવહ હોય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મના સિદ્ધાંતનો સ્વીકાર કરવો એ દ્વિતીય વિશિષ્ટતા છે. આ જગતમાં અવસ્થાની વિષમતાનો પ્રતિદિન અનુભવ થાય છે. તેનું સમાધાન કર્મ સિદ્ધાંતથી જ થઈ શકે છે. અમુક ધનવાન સુખપૂર્વક સમય પસાર કરે છે, અમુક વ્યક્તિઓ નબળી અવસ્થામાં રહીને દુઃખપૂર્વક સમય પસાર કરે છે. આ વિરુદ્ધ પરિસ્થિતિનો હેતુ શો ? વ્યક્તિઓનું સર્જન કરનાર પરમેશ્વર કોઈ પ્રત્યે આવી નિર્દયતા ન રાખે તેથી એ જ નિશ્ચય કરવો પડે કે પ્રાણીઓ જ પોતાની દરેક પરિસ્થિતિ માટે કર્મ જ કારણભૂત છે.[30]

ધર્મના ત્રણ વિભાગ/આધાર સ્તંભ છે (૧) યજ્ઞ, અધ્યયન અને દાન (૨) તપ અને (૩) આચાર્યને ત્યાં બ્રહ્મચર્ય દ્વારા પોતાના શરીરને ક્ષીણ કરતાં–કરતાં સેવા કરવી. આ બધાં જ પુણ્યલોકને પ્રાપ્ત કરે છે અને બ્રહ્મમાં સ્થિત અમૃતભાવને પ્રાપ્ત કરે છે.[31]

❑ યજ્ઞ :

ઉપનિષદોમાં યજ્ઞોની નૈતિક વ્યાખ્યા કરવામાં આવે છે. જીવનનાં ત્રણ કાળ બાલ્ય–યુવા–વૃદ્ધાવસ્થા સોમની ત્રણ આહુતિઓનું સ્થાન લે છે. તેથી જીવન યજ્ઞમય–ત્યાગમય બનાવવું જોઈએ.[32]

પ્રાર્થના અને યજ્ઞ દર્શન એ આત્મિક જીવનનું સાધન છે. સાચો યજ્ઞ એ જ છે જે પોતાનાં "અહં"નો ત્યાગ કરે છે અને પ્રાર્થના સત્યનું અન્વેષણ કરે છે, જેનાં દ્વારા ચેતનાનું ઉત્થાન કરીને અંતઃસ્થિત અજ્ઞાતમાં પ્રવેશ કરવાનું હોય છે. આ સૈદ્ધાન્તિક જ્ઞાન નથી.[33]

ડૉ. રાધાકૃષ્ણન જણાવે છે કે આપણે સત્તાને તાર્કિક ચિંતનથી નહિં પરંતુ સંપૂર્ણ અંતરાત્માની શક્તિથી મેળવી શકીએ છીએ. પ્રાર્થનાની શરૂઆત શ્રદ્ધાથી છે, જેની પ્રાર્થના કરવામાં આવે છે, તેમાં સંપૂર્ણ વિશ્વાસ, ભાવના અને સરળ શ્રદ્ધા હોય તો ઈશ્વર અમારાં પર ઉપકાર કરી શકે છે, કારણ કે તે ખૂબ દયાળું છે.[34]

છા. ઉપ. પ્રમાણે તપ, દાન, સરળતા, અહિંસા, સત્ય એ આ જીવિત યજ્ઞની દક્ષિણા છે.[35]

ઉપનિષદ્‌માં કર્મકાંડ ધર્મની આલોચના જોઈ શકાય છે.[36] ત્યાં યજ્ઞોનું સ્થાન ગૌણ છે. મુંડકો.માં[37] યજ્ઞને અદૃઢ હોડી તરીકે ઓળખાવ્યો છે. તેનાથી અંતિમ મુક્તિ પ્રાપ્ત થતી નથી. તે વ્યક્તિને પિતૃઓનાં લોકમાં લઈ જાય છે. ત્યાંથી નિયત સમય મર્યાદા બાદ પાછું ફરવું પડે છે.[38] શ્રીમદ્ ભગવદ્‌ગીતા[39] પણ આ જ બાબતને અનુમોદન આપે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપ.માં કર્મકાંડનાં વ્યવહારોની અલગથી વ્યાખ્યા કરવામાં આવી છે. કર્મકાંડનો ઉદ્દેશ મનને આધ્યાત્મિક અનુભૂતિ માટે તૈયાર કરવાનો છે. કર્મકાંડનું આચરણ કરતાં–કરતાં મર્યાદિત આવરણને ત્યજીને પરમ સત્યની સાથે એકરૂપતામાં મુક્તિને શોધે તે તરફ પ્રેરિત કરવાનું છે.[૪૦] જો કર્મકાંડનું અનુષ્ઠાન તેનાં અર્થને સમજયાં વગર કરવામાં આવે તો વ્યર્થ જાય છે એટલું જ નહિં ક્યારેક આપત્તિજનક બને છે.[૪૧] હઠપૂર્વક અનુષ્ઠાન કરનારનું માથું પણ નીચે પડી જાય છે.[૪૨] અસમજપૂર્વક કરવામાં આવતાં અનુષ્ઠાન કરતાં સમજપૂર્વક કરવામાં આવતું અનુષ્ઠાન વિશેષ ફલદાયક બને છે.[૪૩]

પુરુષનાં આત્મયજ્ઞનાં વિષયમાં ઘોર આંગિરસ ઋષિ જણાવે છે કે જે ખાવાની ઈચ્છા કરે છે, પીવાની ઈચ્છા કરે છે, પરંતુ તેમાં આસક્ત નથી થતો તે જ તેની દીક્ષા છે. જે ખાય છે, પીએ છે અને પ્રીતિ કરે છે, તે ઉપસદને પ્રાપ્ત કરે છે. જે હસે છે, ભક્ષણ કરે છે તે બધી સ્તુતિના સ્તોત્રોને પ્રાપ્ત કરે છે. તપ, દાન, સરળતા, અહિંસા, સત્યવચન વગેરે શુભકર્મ તે પુરુષની દક્ષિણા છે. "પ્રસૂત થશે" કે "પ્રસૂત થયું" તે તેનો જન્મ છે અને મરણ એ અજ્ઞાન્ત અવભૃથ સ્નાન છે.

આ આત્મયજ્ઞનાં અંતે ઋષિ કહે છે કે તેણે મરણ સમયે (૧) તમે ક્ષતરહિત છો (૨) તમે નાશ રહિત છો (૩) તમે સૂક્ષ્મ પ્રાણ છો. એ ત્રણ મંત્રોનો જપ કરવો જોઈએ. આ રીતે યજ્ઞની ઉપાસના કરનાર સૂર્યરૂપ પ્રકાશને પ્રાપ્ત કરે છે.[૪૪]

યજ્ઞનાં સંબંધમાં જણાવે છે કે પ્રાતઃકાલનું સવન વસુઓનું છે, મધ્ય દિવસ રુદ્રનો છે અને સાયં સવન આદિત્યોનું છે.

યજ્ઞમાં યજમાનનાં લોકને જાણ્યા વગર જે યજ્ઞ કરે છે તે અજ્ઞાની છે, તેમ જણાવી સાયં, મધ્યાહ્ન અને સાયં યજ્ઞનાં દેવતા અને તે કરવાની પદ્ધતિ વર્ણવે છે.[૪૫]

યજ્ઞમાં છિદ્ર હોય/ભૂલ થઈ હોય તો પ્રાયશ્ચિત માટે; ઋચાની ભૂલ માટે ગાર્હપત્યાગ્નિમાં "ભૂઃસ્વાહા" એ મંત્રથી હોમ કરે, યજુષમાં છિદ્ર હોય તો દક્ષિણાગ્નિમાં 'ભુવઃ સ્વાહા'એ મંત્રથી હવન કરે, સામ સંબંધી છિદ્ર હોય તો "સ્વઃ સ્વાહા" એ મંત્રથી આહવનીય અગ્નિમાં હવન કરે.[૪૬]

## ❑ પંચમહાયજ્ઞ :

ભારતીય સંસ્કૃતિમાં પિતૃયજ્ઞ, અતિથિ, ભૂત, દેવ, બ્રહ્મયજ્ઞ એ પાંચ યજ્ઞનું અત્યંત મહત્ત્વ છે. ઉપ.માં પણ તેનાં મહત્ત્વને દર્શાવ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**પિતૃયજ્ઞ :** 'સ્વધા' એમ ઉચ્ચારણથી પિતૃયજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે. પિતૃયજ્ઞને પિતૃતર્પણ પણ કહેવામાં આવે છે.[૪૭] પિતૃઓની શાંતિ અર્થે અને તેઓની કૃપા પ્રાપ્તિ માટે આ યજ્ઞ કરવો એ મનુષ્યનું કર્તવ્ય છે.

**અતિથિ :** "અતિથિ દેવો ભવ:" એ ભારતીય સંસ્કૃતિનું મૂળ છે. આંગણે આવનાર શત્રુ, મિત્ર કે કોઈપણને મીઠો આવકારો આપી જળ, અન્ન વગેરેથી તેનું સ્વાગત કરવું તે અતિથિ ધર્મ છે. છા. ઉપ.માં[૪૮] અભિપ્રતારી, શૌનકની કથામાં આ બાબત જોઈ શકાય છે.

**ભૂતયજ્ઞ :** પકાવેલા અન્નથી બલિ, વૈશ્વદેવ કર્મ તે ભૂતયજ્ઞ છે.[૪૯] ભૂતયજ્ઞ દરરોજ કરવાનો છે.[૫૦] મૃચ્છકટિકમમાં,[૫૧] પણ ચારુદત્ત આ કાર્ય કરવાની સૂચના વિદૂષકને આપે છે. ગીતા[૫૨] પણ યજ્ઞમાંથી શેષ રહેલાનું જ ભોજન કરવાનું જણાવે છે.

**દેવયજ્ઞ :** અગ્નિ વગેરે દેવોને ઉદ્દેશીને જે આપવામાં આવે તે દેવયજ્ઞ છે. ગીતા પણ તમે અને દેવો એકબીજાને સંતોષતા સુખી બનો તેમ જણાવે છે. છા. ઉપ.માં[૫૩] અગ્નિહોત્રમાં મન્ત્ર વગેરેનાં દેવતાનાં જ્ઞાન સાથે હોમ કરવાની વાત છે.

**બ્રહ્મચર્ય :** આચાર્યગૃહે બ્રહ્મચર્યપૂર્વક નિવાસ કરી, વેદ ઉપનિષદ્ વગેરે વિદ્યાનું અધ્યયન કરવું તે.[૫૪]

**અધ્યયન :** વેદ, વેદાંગ શાસ્ત્ર વગેરેનો નિષ્કામ બનીને સ્વાધ્યાય કરવો તે અધ્યયન છે.[૫૫] તેને તપની અંદર પણ ગણવામાં આવે છે. કારણ કે તપ દ્વારા જ તેનું અધ્યયન શક્ય બને છે.

**તપ :** તપ શબ્દથી ધર્મ શાસ્ત્રો વગેરેમાં વર્ણિત કૃચ્છ્રચાંદ્રાયણવ્રત વગેરે છે. શ્રીમદ્ શંકરાચાર્ય તપનો અર્થ ઈન્દ્રિય સંયમ છે. અન્ય જગ્યાએ આચાર્યશ્રી શરીર ઈન્દ્રિય, મનનું સમાધાન તે તપ છે. મનુસ્મૃતિ ધર્મશાસ્ત્રમાં વર્ણિત વ્રત વગેરે કરવાથી પાપનો નાશ થાય છે અને ચિત્તનું સમાધાન થાય છે તેમ જણાવે છે.[૫૬]

### ❑ તેત્રીસ કોટિ દેવો :

દેવોની સંખ્યા બાબતમાં પહેલેથી વિવિધ મંતવ્યો છે. એક દેવ, ત્રિદેવ, તેત્રીસ દેવ, ત્રણસો તેત્રીસ દેવ, ૩૩૩૩, દેવ વગેરે યાસ્કમુનિ આ બાબતે નિરુક્તમાં પ્રશ્ન ઊભો કરી વિસ્તૃત ચર્ચા કરે છે. તેમાં અંતરિક્ષ સ્થાનિય, દ્યુસ્થાનિય અને પૃથ્વી સ્થાનિય એમ દેવતાઓના ત્રણ વિભાગ આપી ત્રણ દેવતા જ મુખ્ય છે, એમ જણાવે છે તેમાં પણ દેવ એક જ છે, તેનાં જ આ વિવિધ રૂપો છે. છા. ઉપ. પણ ૩૩-વર્ગ, તેત્રીસ વ્યૂહમાં, આઠ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય, ઈન્દ્ર અને પ્રજાપતિ એટલાનો સમાવેશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતો......પરંતુ આ સર્વ દેવોનો ગર્ભ– એ એક દેવમાં કરવો એવું સમજાવવામાં આવતું. આ કાર્ય બ્રહ્મની પીઠમાં ઉપાસ્ય "પરા દેવતા" કારણ બ્રહ્મની શક્તિ છે એવું અંતિમ મંતવ્ય હતું.[૫૩]

પરબ્રહ્મ જ શિવ, બ્રહ્મા અને વિષ્ણુ પણ તે જ છે. તેમ મહો. જણાવે છે.[૫૪]

જા. દ. ઉપ. જણાવે છે કે યોગીજન જળમય તીર્થ, કાષ્ઠ પાષાણ વગેરેથી નિર્મિત પ્રતિમાઓમાં ભટકતા નથી. બાહ્ય તીર્થ કરતાં આંતરિક તીર્થ શ્રેષ્ઠ છે. દૂષિત ચિત્તથી તીર્થયાત્રા, સ્નાન, પૂજા વગેરે કરવાથી શુદ્ધિ પ્રાપ્ત થતી નથી. પરંતુ અજ્ઞાની મનુષ્યોના અંતઃકરણની શુદ્ધિ માટે જ્ઞાનયોગમાં તત્પર યોગીઓનું ચરણ–જળ શ્રેષ્ઠ તીર્થ રૂપ છે.[૫૫]

## ❑ મૂર્તિપૂજા :

વેદોમાં જ મૂર્તિપૂજાનો નિર્દેશ છે. ઈશ્વરની પુરુષરૂપે કલ્પના પુરુષ સૂક્તમાં જ જોઈ શકાય છે. યજુર્વેદમાં અગ્નિચયનની જે ક્રિયા છે તે જ રુદ્રશિવની પૂજા અને અભિષેકનું મૂળ સ્રોત છે. છા. ઉપ.માં[૫૬] પુરુષ જ પુરુષોત્તમ છે. દેવકીપુત્ર કૃષ્ણને ઘોર આંગિરસે કહ્યું કે "પુરુષ જ (મનુષ્ય) જ યજ્ઞ છે" અને એ ઉપાસનાથી કૃષ્ણ બંધન મુક્ત થયા. જે મૂર્તિપૂજાનો નિર્દેશ કરે છે પરંતુ સાથોસાથ એ બાબત સ્પષ્ટ છે કે, માત્ર બાહ્ય પત્થર, માટી અથવા સુવર્ણની મૂર્તિપૂજાથી મોક્ષ થતો નથી, પરંતુ તે માધ્યમ બને છે, તે માધ્યમ દ્વારા હૃદયમાં આત્માની પૂજા કરનારને મોક્ષ પ્રાપ્ત થાય છે. સ્વામી વિવેકાનંદે સર્વપ્રથમ ગુરુની આજ્ઞાથી મહાકાલીની ઉપાસના કરી હતી. તે સિદ્ધ થતાં તેનાથી પર પરમતત્ત્વની ઉપાસના કરવા જણાવ્યું હતું.

જા. દ. ઉપ. પણ આ જ બાબત જણાવતાં કહે છે કે "પ્રતિમાઓની કલ્પના અજ્ઞાની જનનાં હૃદયમાં ભગવાન તરફ ભાવના અને વિશ્વાસ જાગૃત કરવા માટે કરવામાં આવી છે. યોગીજન તો હંમેશાં પ્રજ્ઞાનઘન પરબ્રહ્મનું દર્શન આત્મામાં જ કરે છે."[૫૭]

[૫૮]બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની મૂર્તિની કલ્પના રજૂ કરતાં મહો. જણાવે છે કે "નારાયણના સંકલ્પ યુક્ત ધ્યાનથી ત્રણ નેત્રોવાળા, હાથમાં ત્રિશુળ ધારણ કરેલ પુરુષની ઉત્પત્તિ થઈ. તે યશ, સત્ય, તપ, બ્રહ્મચર્ય, વૈરાગ્ય, નિયન્ત્રિત મન, ઐશ્વર્ય પ્રણવ યુક્ત વ્યાહૃતિઓ અને ચારેવેદ તેમાં સમાશ્રિત છે. તેથી તેનું નામ ઈશાન અને મહાદેવ કહેવાયું." આ મહાદેવની પૂજા ભારતવર્ષમાં પ્રચલિત છે. યજ્ઞમાં ઈશાન ખૂણામાં મહાદેવનું સ્થાપન અને પૂજન થાય છે. ત્રિનેત્ર, પિનાકપાણિ મહાદેવનું વેદ–શાસ્ત્રોમાં વિસ્તૃત વર્ણન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહો. બ્રહ્માની મૂર્તિની કલ્પના રજૂ કરે છે. નારાયણનો પરસેવો જળરૂપ થયો, તેમાં અણુ આકાર તેજની ઉત્પત્તિ થઈ, તે તેજમાંથી ચતુર્મુખ બ્રહ્માની ઉત્પત્તિ થઈ. તેનું પૂર્વ તરફનું મુખ 'ભૂ' વ્યાહૃતિ, ગાયત્રી છન્દ, ઋગ્વેદ અને અગ્નિનું ધ્યાન ધરવા લાગ્યું, પશ્ચિમ તરફનું મુખ "ભુવઃ" વ્યાહૃતિ, જગતી છન્દ, સામવેદ અને સૂર્યનું ધ્યાન ધરવા લાગ્યું, દક્ષિણ તરફનું મુખ 'મહઃ' વ્યાહૃતિ, અનુષ્ટુપ, છન્દ, અથર્વવેદ અને સોમનું ધ્યાન ધરવા લાગ્યું. આ બ્રહ્માએ સહસ્ત્રો મુખ, નેત્રવાળા, મંગલકારી, સર્વત્ર વ્યાપ્ત નારાયણનું ધ્યાન ધર્યું. તે ક્ષીર સાગરમાં શયન કરેલા જગદીશ્વરનું તેમણે ધ્યાનમાં દર્શન કર્યું.

દેવી શક્તિઓ પણ ઉપ.માં છે. બ્રાહ્મી, રૌદ્રી અને વૈષ્ણવી એ ત્રણ દેવીઓ ઓંકારની ત્રણ માત્રાઓ રૂપ છે.

□ દાન :

દાનનું અત્યંત મહત્ત્વ છે. ભારતવર્ષમાં અન્નક્ષેત્રો બંધાવવા, ધર્મશાળાઓ બંધાવવી, કૂવા–વાવ, તળાવ વગેરે કાર્યો સમાજ સેવાના ભાગરૂપે કરવામાં આવતાં તેમજ યજ્ઞ વગેરે કરવા તેને ઈષ્ટાપૂર્ત કહેવામાં આવે છે. રાજા જાનશ્રુતિ પૌત્રાયણે અનેક અન્નક્ષેત્રો, ધર્મશાળાઓ બંધાવી છે. કૂવા, વાવ વગેરે બનાવ્યા છે. તેથી તેની કીર્તિ ખૂબ ફેલાયેલી છે.

**(૪) વ્યવસાય–વાહન વ્યવહાર :**

વાહનમાં રાજા, મહારાજાઓ, અમાત્ય વગેરે રથનો ઉપયોગ કરતાં. એ ઉપરાંત ગાડું, ઘોડો વગેરેનો પણ ઉપયોગ થતો. રૈકવઋષિ પાસે રાજા પૌત્રાયણ રથ ઉપર આરુઢ થઈને આવે છે. એ જ રીતે વિશ્વરૂપ વૈશ્વાનર આત્માની ઉપાસના કરનારને ત્યાં રથ વગેરેની સમૃદ્ધિ રહે છે.

વ્યવસાયમાં ખેતી વગેરે જોઈ શકાય છે. રથ, ગાડા, ગૃહનિર્માણ વગેરેના ઉલ્લેખો છે, તેથી તે સંબંધિત વ્યવસાય હશે તેમ અનુમાન કરી શકાય.

**(૫) આહાર :**

અન્નથી જ પ્રાણીઓનું જીવન ચાલે છે.[૫૫] અન્નમાં જ સર્વ પ્રાણીઓની સ્થિતિ છે.[૫૬] મનુષ્ય અને પશુઓમાં દૂધરૂપી અન્ન જ સર્વશ્રેષ્ઠ છે. શરૂઆતમાં બન્ને દૂધ ઉપર જ જીવન વ્યાપન (પસાર) કરે છે. તેથી જ બૃહ. ઉપ.માં કહ્યું છે કે; "પયોયજ્ઞ કરનાર મૃત્યુને જીતી લે છે."[૫૭]

છાં. ઉપ. જણાવે છે કે; પ્રાણની ગતિ અન્ન છે; અન્નની ગતિ[૫૮] જળ છે.[૫૯] કારણ કે અન્ન જળથી જ ઉત્પન્ન થાય છે. જળની ગતિ લોક છે.[૬૦] કારણ કે લોકથી જ વર્ષા થાય છે. જળ જ અન્ન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણ કે અન્નનો પ્રાણ જળ છે. વિધાતાએ જળને તપાવતા જે મૂર્તિ ઉત્પન્ન થઈ તે અન્ન છે.[૩૧] આપણે અનુભવીએ છીએ કે ખૂબ જ તડકો અને ગરમી પડે પછી જ વરસાદ આવે છે. જેનો અહીં નિર્દેશ છે. જળોએ વિચાર્યું કે "અમે ખૂબ જ થઈ જઈએ." ત્યારે તેઓએ પૃથિવીરૂપી અન્નની રચના કરી.[૩૨] તેથી જ જ્યારે ખૂબ વરસાદ પડે છે ત્યારે પુષ્કળ અન્ન ઉત્પન્ન થાય છે. અન્ન પૃથ્વીનો વિકાર છે તેથી જ વર્ષા થતાં અન્ન ઉત્પન્ન થાય છે. જ્યાં ખૂબ જ વર્ષા થાય છે ત્યાં વધુ અન્ન ઉત્પન્ન થાય છે. જવ, ધાન વગેરે અન્ન વજનદાર, સ્થિર, ધારણ કરનાર અને કૃષ્ણવર્ણના હોય છે.[૩૩] પૃથ્વીનો રસ જળ છે અને જળનો રસ ઔષધિઓ છે.[૩૪] તેથી જ ઈચ્છીએ તેટલા અન્નની ઉત્પત્તિ જળથી થાય છે. પંજાબમાં ભાખરા નાંગલ બંધથી અન્ન ઉત્પાદનમાં વિક્રમી વધારો થયો છે. તેથી સારો વરસાદ ન થતાં સર્વે પ્રાણીઓ દુઃખી થાય છે કે અન્ન થોડું થશે, સારો વરસાદ થતાં ખૂબ અન્ન થશે એ વિચારે આનંદિત થાય છે. આ જે પૃથિવી અને અંતરિક્ષ છે તે મૂર્તિમાન જળ જ છે.[૩૫] અન્નની અપેક્ષાએ જળ જ શ્રેષ્ઠ છે.

[૩૬]અન્નમાંથી જ વીર્ય ઉત્પન્ન થાય છે. આ વીર્ય દ્વારા જ સંતાનનો ઉચ્છેદ થતો નથી. અન્ન શુદ્ધ અને પોષક હશે તો વીર્ય પણ શુદ્ધ, પોષક અને શક્તિશાળી બનશે. પરિણામ સ્વરૂપે ઉત્પન્ન થનારા સંતાનો પણ શક્તિશાળી હશે. વેદનો આદેશ પ્રજાતંતુ ઉચ્છેદ ન કરવાની સાથોસાથ શ્રેષ્ઠ સંતાનોની પ્રાપ્તિ છે. જે અન્નથી જ શક્ય બને છે. પંચાગ્નિ વિદ્યામાં પણ આ જ બાબત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

મુખ્ય પ્રાણ જે અન્ન રૂપ છે. તે પ્રાણનું વસ્ત્ર જળ છે. તેથી ભોજન પહેલાં અને ભોજન પછી જળ(આચમન) લેવામાં આવે છે. જે જળ અન્નનું વસ્ત્ર છે. આ રીતે અન્નનાં વસ્ત્રને જે જાણીને આચરણ કરે છે, તેનું રાષ્ટ્ર અન્નથી ભરપૂર રહે છે. એટલું જ નહીં આ પ્રાણરૂપ વિદ્યા જો શુષ્ક વૃક્ષને કહેવામાં આવે તો તે લીલું બની જાય છે. અર્થાત્ આ પ્રાણરૂપ વિદ્યાની ઉપાસના કરનાર અત્યંત શ્રેષ્ઠ બને છે.[૩૭]

**આહાર શુદ્ધિ :**

ભારતીય સંસ્કૃતિમાં અન્ન શુદ્ધિ ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. "અન્ન તેવા ઓડકાર" એ કહેવત પણ અન્ન શુદ્ધિ ઉપર જ ભાર મૂકે છે. આ શુદ્ધિમાં અન્ન સ્પર્શદૂષિત, પ્રાપ્તિદૂષિત, પશુ–પક્ષી, કીટ વગેરેના દોષોથી મુક્ત હોવું જોઈએ તેમ વિદ્વાનો જણાવે છે.

ઉચ્છિષ્ટ અન્નનું ભક્ષણ કરવું એ પાપ છે, પરંતુ અન્ન વગર મૃત્યુ આવતું હોય ત્યારે ઉચ્છિષ્ટ અન્નનું ભક્ષણ કરવામાં દોષ નથી તેમ મહર્ષિ ઉષસ્તિ[૩૮] જણાવે છે.

સનત્કુમાર[૩૯] આહાર શુદ્ધિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અંતઃકરણની શુદ્ધિથી નિશ્ચલ સ્મૃતિ



For Private And Personal Use Only

પ્રાપ્ત થાય છે, સ્મૃતિ પ્રાપ્ત થતાં અવિદ્યારૂપ ગ્રંથીઓ નાશ પામે છે.[૭૯] શ્રુતિ પણ "આહાર શુદ્ધિથી સત્ત્વશુદ્ધિ, સત્ત્વ શુદ્ધિથી ધ્રુવ/નિશ્ચલ સ્મૃતિ પ્રાપ્ત થાય છે." "आहार" શબ્દનો અર્થ શ્રી રામાનુજાચાર્ય ભોજનનાં પદાર્થો લે છે. તેઓના મતે આહાર ત્રણ પ્રકારે દૂષિત થાય છે. (૧) પ્રકૃતિ દોષ (૨) આશ્રય દોષ (૩) નિમિત્ત દોષ.

(૧) પ્રકૃતિ ગત દોષ, લસણ, ડુંગળી વગેરે. (૨) આશ્રય દોષ, સ્પર્શ કરનારનાં દોષથી અન્ન દૂષિત બને છે. દુષ્ટ મનુષ્યનાં હાથનું ભોજન તમને પણ દૂષિત કરી દેશે. આ બાબતમાં સ્વામી વિવેકાનંદ જણાવે છે કે: "મેં પોતે ભારતના અનેક મોટા–મોટા મહાત્માઓને તેમનાં જીવન–કાલમાં આ નિયમનું દઢતાપૂર્વક પાલન કરતાં જોયેલ છે. એટલું જ નહીં ભોજન આપવાવાળા અને ત્યાં સુધી કે કોઈએ ક્યારેય ભોજનનો સ્પર્શ કરેલ હોય તો પણ તેનાં ગુણ દોષને સમજી લેવાની તેઓમાં શક્તિ હતી. આ બાબતનો મે મારાં જીવનમાં અનેકવાર પ્રત્યક્ષ અનુભવ કર્યો છે."[૮૦] (૩) નિમિત્ત દોષ, ભોજ્ય પદાર્થોમાં વાળ, કીડા, ધૂળ વગેરે પડવાથી નિમિત્ત દોષ થાય છે, અત્યારે આપણે આ ત્રણેય દોષથી બચવાનો વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. જો આ ત્રણેય દોષોથી રહિત ભોજન કરવામાં આવે તો ચોક્કસ સત્ત્વશુદ્ધિ થાય છે. પરંતુ આ બાબતની કઠોર આલોચના કરતાં વિવેકાનંદજી જણાવે છે કે ભોજન માત્રથી જ વ્યક્તિની સત્ત્વશુદ્ધિ થતી હોય તો દરેક વ્યક્તિ ધર્માત્મા બની જાય.

શ્રીમદ્ શંકરાચાર્ય "आहार" શબ્દનો અર્થ "ઇન્દ્રિયો દ્વારા મનનાં વિચારોનો સમાવેશ, આહરણ થવું અથવા આવવું." 'આહાર' શબ્દથી તેઓ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ વગેરે જ્ઞાનેન્દ્રિયોનાં આહાર શુદ્ધ હોવા જોઈએ. તેથી જ શુદ્ધ શબ્દ, સ્પર્શ વગેરેના ઉપભોગથી જ આત્મ સાક્ષાત્કાર કરવામાં ચિત્ત સમર્થ બને છે. તેથી પરમતત્વની પ્રાપ્તિ માટે અસંયમી જીવન, ઉચ્છિત આચરણ, પશુવત્ જીવન, વગેરે બધુ જે ચિત્તની અવસ્થાને વિચલિત કરે તે છોડવું જોઈએ. તેથી ડૉ. ઉમા પાણ્ડેય જણાવે છે કે: "અસંયમી વ્યક્તિ બૌદ્ધિક નિપુણતા દર્શાવે પરંતુ ઉપ. દ્વારા સિદ્ધ "शान्तं शिवं अद्वैतं" આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થતો નથી. શંકરાચાર્યનાં શબ્દોમાં "અવગતિ પર્યન્તં જ્ઞાનમ્" તેને થતું નથી."[૮૧] જ્યારે મન નિર્મળ થાય છે ત્યારે સત્ત્વ પણ નિર્મળ થાય છે, તેની પહેલાં નહીં પછી ઈચ્છા હોય તે ભોજન કરી શકો છો.[૮૨] પૂ. સ્વામી વિવેકાનંદ જણાવે છે કે "ભોજનનાં પદાર્થોથી જ સત્ત્વ મળમુક્ત થતું હોય તો વાંદરાને જીવનભર દૂધ આપવામાં આવે તો તે પરમતત્ત્વને પ્રાપ્ત કરી લે. પરંતુ તે શક્ય બનતું નથી આ જ બાબત મનુષ્યને પણ લાગુ પડે છે. મનુષ્ય જીવનભર અન્ની શુદ્ધિ રાખી ભોજન કરે, પરંતુ ઇન્દ્રિયોનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહાર શુદ્ધ ન હોય તો મોક્ષ પ્રાપ્ત ન થાય." પરોક્ષ રીતે શ્રીમદ્ શંકરાચાર્ય જે આહાર શુદ્ધિની બાબત રજૂ કરે છે તેને જ પૂ. સ્વામી વિવેકાનંદ ઉપરોક્ત દૃષ્ટાન્ત દ્વારા રજૂ કરે છે.[૮]

અન્નનો સૂક્ષ્મ અંશ મન બને છે, અન્ન શુદ્ધ હોય તો મન શુદ્ધ થાય છે, તેથી સત્ત્વમય વિચારોનું આહરણ કરી શકાય.

"કૂતરાઓ દ્વારા અન્ન પ્રાપ્તિ માટે કરવામાં આવતી હિંકારરૂપ ૐકાર ઉપાસનામાં સ્પષ્ટ છે કે અન્ન ગ્રહણ કરીને જ જીવન જીવાય છે. એટલું જ નહિં પ્રાપ્ત થયેલા અન્નમાંથી જેનો ભાગ હોય તેને આપીને પછી ભોજન કરવું જોઈએ. શ્રીમદ્ ભગવદ્ગીતા[૯] પણ કહે છે, એકલો ખાનારો પાપ ખાય છે.

યજ્ઞશેષ ભોજન કરનાર અમૃતપણાને પામે છે. અર્થાત્ અન્નમાંથી જેને–જેને આપવાનો ભાગ આપી દીધા બાદ વધેલું અન્ન ખાનાર શ્રેષ્ઠ બને છે; તેથી જ યજ્ઞબાદ મન્થ જે સર્વે ઔષધિ, દહીં અને મધથી હોમ માટે તૈયાર કરવામાં આવ્યું હોય છે, તે હોમ પૂર્ણ થયા બાદ, અગ્નિની સમીપ જઈ, "तत्सवितुर्वृणीमहे" એ મંત્રથી આદિત્યમાંથી પ્રથમ ગ્રાસ, "वयं देवस्य भोजनम्" એ મંત્રથી દેવતાઓના ભોજનમાંથી દ્વિતીય ગ્રાસ; "श्रेष्ठं सर्वधातमम्" એ મંત્રથી (ભોજન શ્રેષ્ઠ અને ધારણ કરનાર છે.) એમ તૃતીય ગ્રાસ લે. અંતમાં સૂર્યનું ધ્યાન ધરતા ઝડપથી "तुरं भगस्य धीमहि" એ મંત્રથી કટોરો, ચમચાને ધોઈને સંપૂર્ણ મન્થનું પાન કરી જાય. આમ યજ્ઞશેષ ભોજનની રજૂઆત છા. ઉપ. પણ કરે છે.[૮]

અન્ન સન્માર્ગે પ્રાપ્ત કરેલાં દ્રવ્યથી ખરીદાયેલું હોવું જોઈએ. અનીતિના માર્ગે પ્રાપ્ત કરેલું ન હોવું જોઈએ. અનીતિનાં માર્ગે પ્રાપ્ત થયેલાં દ્રવ્યથી ખરીદાયેલ અન્ન અશુદ્ધ ગણાય છે.

छा. उप.માં માંસ–મત્સ્ય ભક્ષણનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. યજ્ઞાયજ્ઞીય સામની ઉપાસના કરનારને માંસ–મત્સ્યનાં ભક્ષણનો નિષેધ કરવામાં આવ્યો છે.[૮] તેનો અર્થ એ કે ત્યારે સમાજમાં માંસ–મત્સ્ય ભક્ષણ થતું હશે. પરંતુ યજ્ઞનાં માધ્યમ દ્વારા તેને મર્યાદિત કરી ધીરે–ધીરે લોકોને તેનાંથી દૂર કરવાનું જ તે પ્રયોજન છે. પશુવૃત્તિ મનુષ્ય ઝડપથી છોડી ન શકે પરંતુ ધીરે–ધીરે તેને ઉચ્ચ માર્ગ તરફ વાળી શકાય છે.

## (૬) ગૃહ નિર્માણ :

ગૃહ નિર્માણમાં રાજા વગેરે મહેલોમાં રહેતાં સામાન્ય લોકોનાં નિવાસસ્થાન હતાં. ઋષિ મુનિ–તપસ્વીઓ ઝૂંપડીમાં રહેતાં; આ ઝૂંપડી પર્ણ વગેરેની બનેલી છે. રૈક્વ જેવા ચિન્તનશીલ જ્ઞાનીઓ તો ગાડાને જ ઘર બનાવી રહેતાં હતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (૭) રાજ્ય વ્યવસ્થા-શાસન પદ્ધતિ, દંડનીતિ :

ઉપ.ના સમયમાં ભારતવર્ષમાં રાજાશાહી પદ્ધતિ છે. અનેક નાના-નાના રાજ્યો રહેલાં છે. પરંતુ પ્રાચીન ચક્રવર્તી રાજાઓનાં નામો પ્રાપ્ત થાય છે. યૌવનાશ્વ, સુદ્યુમ્ન, ભુરિદ્યુમ્ન વગેરે. તેઓ પાછળની ઉંમરમાં સંન્યાસ ધારણ કરી પરમહંસ પદને મેળવવા પ્રવત્નશીલ છે.[૮૮] આ ઉપરાંત[૮૯] દત્તાત્રેય, રૈવતક, સવંર્તક, આરુણિ, શ્વેતકેતુ, દુર્વાસા, ઋભુ, નિદાઘ, જડભરત, વગેરે બ્રહ્મનિષ્ઠ પુરુષોનાં જીવન આદર્શરૂપે ગણાતાં. તેઓ નિર્ગ્રંથ, નિષ્પરિગ્રહણ, શુદ્ધમનવાળા, ભિક્ષા પણ ઉદરપાત્રમાં જ લઈ ચાલી જનારા, લાભાલાભમાં સમબુદ્ધિવાળા, શૂન્યાગાર, દેવમંદિર, ઘાસની કૂટી, વૃક્ષમૂલ, કુંભારની છાપરી, અગ્નિહોત્રની શાળા, નદીના રેતાળ પ્રદેશ, પર્વતની ગુફા વગેરે સ્થાનોમાં સ્વતંત્ર વિહાર કરનારા શુકલ ધ્યાનમાં પરાયણ રહી સંન્યાસ વડે દેહત્યાગ કરતાં હતા.[૯૦]

"સર્વાજીવ બ્રહ્મચક્ર"માં હંસ એટલે જીવ ભમે છે, જીવધન પરમાત્મા છે, જીવ જે જે શરીરમાં પ્રવેશે છે તે તે શરીરમય થઈ જાય છે. કેટલાંક પરમહંસો "નિર્ગ્રંથ" અને શુકલ ધ્યાન પરાયણ હતા. શ્રી મહાવીર પૂર્વભાવી નિર્ગ્રંથ સાધુઓના વિચારોનાં પૂર્વરૂપ છે. જૈનોના આદ્ય તીર્થંકર ઋષભદેવ આ વર્ગના "નિર્ગ્રંથ" સાધુ હતા, જેને પાછળથી વિષ્ણુના અવતાર માન્યા છે.[૯૧]

ચક્રવર્તી રાજ્ય નહીં હોવાથી સ્વરાજ્ય, વૈરાજ્યવાળા, ગણરાજ્યો હતાં. જ્યાં એક રાજાના છત્ર નીચે રાષ્ટ્ર વ્યવસ્થા હતી, ત્યાં રાજાઓ વિદ્યા કલામાં નિપુણ હતા. તેઓ પરિષદો ભરી વિદ્વાનોનું સંન્માન કરતા અને મારા રાજ્યમાં કોઈ ચોર નથી અનેક દરેક દ્વિજ અગ્નિહોત્રી છે, વ્યભિચારી પુરુષ નથી અને સ્વૈરિણી સ્ત્રી નથી, કોઈ દારૂ પીનાર નથી એમ કહેવામાં રાજાને અભિમાન હતું.[૯૨] આમ પ્રજાની નૈતિકતા અત્યંત ઊંચી હતી, રાજા પણ તે બાબતે અત્યંત જાગરૂક હતાં.

### દંડનીતિ :

ચોરીની સજા માટે વિશેષ તપાસ કરવામાં ન આવતી, પરંતુ પકડાયેલ ચોર જલતા કુહાડાને પકડે; જો તે દાઝે તો ચોરી કરેલ છે અને ન દાઝે તો નથી કરેલ તેમ સિદ્ધ થતું; અને તેને છોડી મૂકવામાં આવતો.[૯૩]

અપરાધીને ઘણી વખત દેશનિકાલની પણ સજા કરવામાં આવતી. તેને દૂર પ્રદેશમાં આંખો બાંધી છોડી દેવામાં આવતો હતો.[૯૪]

## (૮) શિક્ષણ :

શિક્ષણ ઉપર માત્ર બ્રાહ્મણોનો જ અધિકાર ન હતો. રાજાઓ, વૈશ્યો તેમજ શૂદ્રો અને સ્ત્રીઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ શિક્ષણ પ્રાપ્ત કરતી હતી. સત્યકામ જાબાલ, રાજા જાનશ્રુતિ પૌત્રાયણ, ગાર્ગી, વાચકનવી વગેરે આના ઉદા. છે.

સ્વામી વિવેકાનંદની દષ્ટિએ ઉપ.નું ધ્યેય શિક્ષણ દ્વારા પૂર્ણ માનવનો વિકાસ કરવો તે છે. જે સમાજને દોરી શકે, મુશ્કેલીમાં પણ મૂલ્યોનું રક્ષણ કરી શકે.[૯૫]

મુક્તિ ઉચ્ચ ધ્યેય છે. પરંતુ આ મુખ્ય ધ્યેયની સફળતા માટે વ્યક્તિએ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવો પડશે. જે વ્યક્તિગત સ્વાભાવિક લક્ષણ હોય છે અને ત્યાર પછી જીવનનો હેતુ માણસમાં સ્વભાવના દેખાવ માટે થવો જોઈએ. જેથી શિક્ષણ એવું હોવું જોઈએ; જે ચારિત્ર્ય, સ્વરૂપવાન, મગજની શક્તિ વિકસાવે તેવું અને વિદ્વતા વધારે તેવું, કોઈપણ વ્યક્તિ પોતાના પગ ઉપર ઊભો રહી શકે તેવો શિક્ષણનો આદર્શ છે. બધી જ તાલીમ મનુષ્ય દ્વારા થવી જોઈએ. મુખરજી કહે છે કે; "વ્યક્તિની મુખ્ય ફરજ સંપૂર્ણ સુધી તેને વિકસાવવાની છે. શબ્દ એ જ અંતર્ગત ભગવાન છે અને પવિત્રતાને ઝળકાવે છે, જરૂરિયાતની પરિપૂર્ણતામાં જરૂર ફાળો આપતો હોવો જોઈએ. શિક્ષણ જરૂરિયાતની પરિપૂર્ણતા તરફ લઈ જવું જોઈએ."[૯૬]

અધ્યયન રહિતતા કુટુંબમાં ન હોવી જોઈએ, દરેકે અધ્યયન કરવું જ જોઈએ. જે અધ્યયન નથી કરતો તે મૂર્ખ છે. અહીં "ब्रह्मबन्धु" શબ્દ "મૂર્ખ"ના અર્થમાં છે.[૯૭] જે અત્યંત પ્રાચીન સમયનો નિર્દેશ કરે છે. અહીં એ બાબત પણ દષ્ટિગોચર થાય છે કે પિતાજી વિદ્વાન—બહુશ્રુત હોય તો પણ તેણે પુત્રને ગુરુકુલમાં અભ્યાસ અર્થે મોકલવો જોઈએ. તે શ્વેતકેતુના ઉદા.થી જોઈ શકીએ છીએ. પિતા ઉદ્દાલક જ્ઞાન આપવા સમર્થ છે છતાં આશ્રમમાં મોકલે છે. તે એ બાબતનો નિર્દેશ છે કે શિક્ષણ/જ્ઞાનને જ માત્ર નહીં પરંતુ શિક્ષણ દ્વારા સ્વત્વને સાગની અનુકુલન સાધતા પણ આવડવું જોઈએ. છા. ઉપ.ના "भूमा वै सुखम्"ને કેન્દ્રમાં રાખીને W. S. જણાવે છે કે; "કોઈપણની સાથે સહકાર અને સમજદારીથી વર્તવાથી તેમજ વડીલો સાથે જતું કરવાની ભાવનાથી, અનુભવથી દરેક સાથે અનુકુલન સાધી શકાય છે. એ જ શિક્ષણનું ધ્યેય છે."[૯૮]

પરમતત્ત્વની વિદ્યા સર્વ પ્રથમ ક્ષત્રિયો પાસે હતી, તેઓ જ યોગ્ય વ્યક્તિને તેનો ઉપદેશ આપતા હતા. આમ ફક્ત બ્રાહ્મણો જ નહીં ક્ષત્રિયો પણ વિદ્યાનો ઉપદેશ આપતાં હતાં.[૯૯] આ જ બાબતનો નિર્દેશ ઉપમન્યુ પુત્ર પ્રાચીનશાલ વગેરે રાજા અશ્વપતિ પાસે વિદ્યા ગ્રહણ માટે જાય છે તે બાબત પણ ક્ષત્રિયો પરમતત્ત્વની વિદ્યા જાણતા હતાં અને યોગ્ય વ્યક્તિને ઉપદેશ આપતાં હતાં તેનો નિર્દેશ કરે છે.[૧૦૦] શ્રીમદ્ ભગવદ્ગીતા[૧૦૧] પણ ચતુર્થ અધ્યાયમાં આ જ બાબત કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુવતીઓ જ્ઞાન પ્રાપ્ત કરી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી બ્રહ્મવિદુષી તરીકે જીવન ગાળતી; એટલું જ નહીં તેઓ પરિષદ્‌માં જ્ઞાનચર્ચામાં પણ ભાગ લેતી. ગાર્ગી, વાચક્નવી વગેરે આ વર્ગની હતી. આ પરંપરા સંહિતાકાળથી ચાલી આવતી હતી.[૧૦૨]

□ ઉત્સાહ વધારવો :

ઉપ.માં શિક્ષણ મેળવવા માટે શિષ્યમાં ઉત્સાહ અને ઉત્સુકતા વધે તેનું ધ્યાન રાખવામાં આવતું હતું. વિદ્યાર્થીને એ રીતે ઠપકો વગેરે આપવામાં આવતું ન હતું કે જેનાથી તેનો રસ શિક્ષણમાંથી દૂર થાય. પરંતુ તેને જે બાબત ન આવડે તે વારંવાર દૃષ્ટાન્ત સાથે રસ પડે તે રીતે સમજાવવામાં આવતી હતી. તે બાબત આત્મસાત્ કરી લે ત્યાં સુધી પ્રયોગ સાથે શીખવવામાં આવતી હતી. [૧૦૩]ઉદ્દાલક આરુણિ–શ્વેતકેતુ ઉપાખ્યાન આ બાબતે દૃષ્ટવ્ય છે. "વિદ્યા વિનયેન શોભતે" એ કહેવત અનુસાર શિક્ષણથી અભિમાન ન આવવું જોઈએ. ગુરુકુલમાંથી આવનાર શ્વેતકેતુ અભિમાની હોય છે. તેનું અભિમાન દૂર કરવા માટે ઋષિ પૂછે છે કે; "એકને જાણવાથી અશ્રુત શ્રુત થઈ જાય, અવિચારિત– વિચારિત થઈ જાય, અવિજ્ઞાન–વિજ્ઞાન થઈ જાય ? "તેનું જ્ઞાન તે પ્રાપ્ત કર્યું. તેના નકારનાં જવાબમાં મહર્ષિ મધમાખી, નદી, વૃક્ષશાખા, વટવૃક્ષના ફળ, લવણ, આંખો ઉપર પટ્ટી બાંધેલા ગાંધાર દેશનો પુરુષ, મરણાસન્ન પુરુષ તેમજ ચોરની કથા એમ નવ દૃષ્ટાન્તો દ્વારા 'તે તુ છે'નો ઉપદેશ આપે છે. જે અત્યંત રોચક, રસમય અને પ્રાયોગિક છે.

લવણનું દૃષ્ટાન્ત જોઈએ– શ્વેતકેતુને સર્વપ્રથમ એક પ્યાલામાં પાણી લઈ આવવાનું કહેવામાં આવે છે, તે પાણી લઈ આવે છે. ચાખવાનું કહેતાં તે ચાખે છે, મોળું લાગે છે. પછી તેમાં લવણ નાખવાનું કહેવામાં આવે છે, તે લવણ નાખે છે, ચાખવાનું કહેવામાં આવે છે, ખારૂં લાગે છે, નિમક બતાવવાનું કહેવામાં આવે છે, તે પાણીમાં નિમક બતાવી શકતો નથી. તેથી ઋષિ શિક્ષા આપે છે કે; "નિમક જેમ જલમાં જોઈ શકાતું નથી, અનુભવી શકાય છે, તેમ પરમાત્મા જ આ બ્રહ્માંડમાં સર્વત્ર છે. જોઈ શકાતા નથી, અનુભવી શકાય છે."

W. S. અર્કહાર્ટ જણાવે છે કે: "આગળ વધવા માટે નિરાશાવાદી વલણ ન હોવું જોઈએ. વારંવારના પરાજય માટે આ વલણ જ જવાબદાર છે. શ્વેતકેતુ રાજા પ્રવાહણનાં પ્રશ્નોના જવાબ આપી શકતો નથી તેથી નિરાશ થાય છે અને આત્મગ્લાનિ અનુભવે છે. આત્મગ્લાનિ અનુભવવાથી ધારણ શક્તિ ઓછી થતાં વારંવાર પરાજય સહન કરવો પડે છે. તેથી જ શ્વેતકેતુનાં પિતા "આત્મવિત્" બનવાનો ઉપદેશ "તત્ત્વમસિ" દ્વારા આપે છે."[૧૦૪]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજાણ્યા વિસ્તારમાંથી દૂર લઈ જવા માટે પૂરતી તીવ્રતા જગાડવી અને પ્રેરણા આપવી જરૂરી છે.[૧૦૪]

❑ **સ્થૂળથી સૂક્ષ્મ તરફ :**

શિક્ષણનો આ મૂળભૂત સિદ્ધાન્ત છે. શિષ્યને હંમેશાં કઠિન બાબતોમાં પ્રથમ સ્થૂળ બાબતોની જાણકારી આપી, તેને આધારે કઠિન બાબતો સમજાવવી જોઈએ. જેથી વિદ્યાર્થી સરળ રીતે સમજી શકે અને મુશ્કેલી ન અનુભવે જેથી અભ્યાસમાં રસ જળવાઈ રહે.

દેવો અને દાનવોએ એમ સાંભળ્યું કે "આત્મા પાપ રહિત છે, અજર–અમર છે, શોક રહિત છે, ભૂખ–પ્યાસથી રહિત છે, સત્યકામ–સત્ય સંકલ્પ છે, તેનું અન્વેષણ કરવું જોઈએ. તેને જાણનારના બધાં મનોરથ પૂર્ણ થાય છે." તેથી દેવોના પ્રતિનિધિ તરીકે ઇન્દ્ર અને દાનવોના પ્રતિનિધિ તરીકે વિરોચન પ્રજાપતિ બ્રહ્મા પાસે આત્મજ્ઞાન માટે આવે છે. શરૂઆતમાં તેઓની પરીક્ષા લેવા માટે બ્રહ્મચર્યપૂર્વક રહેવાનું કહે છે. સમયાવધિ પૂર્ણ થતાં બન્ને બ્રહ્મા પાસે આવે છે. તેઓ આત્મજ્ઞાનની શરૂઆતમાં જણાવે છે, "બન્ને એક બીજાની આંખમાં જૂઓ, જે પુરુષ દેખાય છે તે આત્મા છે, અર્થાત્ પ્રતિબિમ્બ અથવા શરીર જ આત્મા છે." વિરોચન–ઇન્દ્ર જાય છે. વિરોચન દાનવો પાસે જઈને જણાવે છે કે શરીર જ આત્મા છે, તેને જ પુષ્ટ રાખવું, શણગારવું એ જ યોગ્ય છે. દાનવો શરીરને સજાવવામાં જ માને છે. પરંતુ ઇન્દ્રને શંકા જતાં તે પરત આવે છે. પ્રજાપતિને જણાવે છે કે; શરીર નાશ પામે એટલે પ્રતિબિમ્બ પણ નાશ પામે માટે તે આત્મા નથી. આ શંકાના જવાબમાં સહેજ આગળ વધારતાં પ્રજાપતિ જણાવે છે કે; "સ્વપ્નમાં જે મહિમાનો અનુભવ કરે છે, તે આત્મા છે. અર્થાત્ 'મન' એ આત્મા છે." ઇન્દ્ર દેવો પાસે જવા નીકળે છે, માર્ગમાં જ શંકા જતાં પરત આવે છે, પ્રજાપતિ સુષુપ્તિના સમયમાં જે સ્વપ્ન નથી જોતો તે આત્મા છે. ઇન્દ્ર જાય છે, પરત આવે છે, શંકા ઉઠાવે છે. ફરીથી પાંચ વર્ષ બ્રહ્મચર્યપૂર્વક રહે છે. અંતે પ્રજાપતિ તેઓને વાસ્તવિક આત્માનો ઉપદેશ આપે છે કે; "આ શરીર મરણ ધર્મવાળું છે અને અવિનાશી અને અશરીરી આત્મા તેમાં નિવાસ કરે છે. તે હૃદય સ્થિત બ્રહ્મને જાણનાર પુનર્જન્મને પ્રાપ્ત કરતો નથી."[૧૦૫]

આ સ્થૂળથી સૂક્ષ્મ તરફ જવાની બાબત નારદ–સનત્કુમાર સંવાદમાં[૧૦૬] પણ જોઈ શકાય છે. અહીં સંવાદમય રોચકશૈલી છે. નારદજી સમિત્પાણિ થઈને આવે છે, સનત્કુમારને પ્રણામ કરીને જણાવે છે કે, મને આત્મવિદ્યાનું જ્ઞાન આપો જે જાણીને શોકથી પાર ઊતરી જવાય છે, ત્યારે સર્વપ્રથમ સનત્કુમાર નારદજીને પોતાના જ્ઞાન વિશે જણાવવાનું કહે છે. નારદજી વેદ–વેદાંગ, ઇતિહાસ–પુરાણ વગેરે વિદ્યાઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગણાવે છે. તેથી ત્યાંથી જ ઉપદેશ આપવાની શરૂઆત કરે છે કે તમે આ વિદ્યા ભણ્યાં તે "નામ" માત્ર છે. નામથી વિશેષ વાણી એમ ક્રમશઃ ધીરે–ધીરે વાણીથી મન, મનથી સંકલ્પ, સંકલ્પથી ચિત્ત, ચિત્તથી ધ્યાન, ધ્યાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી બલ, બલથી અન્ન, અન્નથી જલ, જલથી તેજ, તેજથી આકાશ, આકાશથી સ્મર, સ્મરથી આશા, આશાથી પ્રાણ સુધી પહોંચીને અંતમાં "વિશાળતામાં જ સુખ છે." તેમ આત્મજ્ઞાનની પરિસમાપ્તિ કરે છે.[૬]

પરબ્રહ્મની ગહનીય બાબત ગ્રહણ કરવી મુશ્કેલ હોય છે. પરંતુ ક્રમશઃ શૈલીમાં ધીરે–ધીરે સૂક્ષ્મ તરફ ગતિ કરવાથી તે બાબતો હૃદયંગમ બને છે.

વ્યક્તિગત આત્મામાં પ્રક્રિયા તરીકે વધારે આત્મલક્ષી બાબતને ધ્યાનમાં લઈએ તો આપણને જોવા મળે છે કે; સમજણનાં તબક્કા દ્વારા આપણે શ્રેષ્ઠ સ્થિતિ સુધી લઈ જઈ શકીએ. છા. ઉપ.– જ્યાં ઈન્દ્ર દેવોના પ્રતિનિધિ તરીકે ક્રમિક માર્ગદર્શન એક તબક્કાથી અન્ય તબક્કા ઉપર પ્રશ્ન રજૂ થયું છે.[૧૦૭]

## ❑ જિજ્ઞાસા જાગૃત કરવી :

બ્રહ્મસૂત્રનું પ્રથમ સૂત્ર જ अथातो ब्रह्मजिज्ञासा છે, એ બાબત સૂચવે છે કે, જિજ્ઞાસા જાગૃત થાય, તો તેને પ્રાપ્ત કરવા તરફ ગતિ થાય. અત્યંત તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો, ઝડપથી તે વસ્તુને ગ્રહણ કરી શકાય. શિક્ષણ માટે પણ એ જરૂરી છે. છાત્રોમાં વિષય પ્રત્યેની જિજ્ઞાસા અને વિષયમાં રસ ઉત્પન્ન કરવો જોઈએ. આ માટે શિક્ષકે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય તે માટે અમુક કલ્પિત બાબતો રજૂ કરી જિજ્ઞાસા જાગૃત કરવી, તે જિજ્ઞાસા તરફ વિદ્યાર્થી સ્વયં વિચારતો થાય તેવો અવકાશ અને પ્રેરણા આપવી. નારદ–સનત્કુમાર સંવાદમાં આ જોઈ શકાય છે. સનત્કુમાર જવાબ આપે છે, તેમાં સ્વયં પ્રશ્ન સમાયેલ હોય છે. દા. ત. ચિત્તથી ધ્યાન શ્રેષ્ઠ છે. તરત જ પ્રશ્ન ઉત્પન્ન થાય, ધ્યાનથી શું શ્રેષ્ઠ ? આ શૈલીથી વિદ્યાર્થીની બુદ્ધિ શક્તિનો અને સ્વયં સૂક્ષ્મ ચિંતન કરવાની શક્તિનો વિકાસ થાય છે.

## ❑ પ્રશ્નોત્તર શૈલી :

ઉપનિષદ્‌ની આ મુખ્ય પદ્ધતિ છે. શિષ્ય પ્રશ્ન કરે પછી જ ગુરુ યોગ્ય પરીક્ષા લીધા બાદ જ ઉત્તર આપે છે. સ્વયં ગુરુ સીધો જ ઉપદેશ આપવાની શરૂઆત કરતાં નથી. આ પ્રશ્નોત્તર શૈલીનો પ્રયોગ પ્રશ્નોપનિષદ્ અને કેનો.માં જોઈ શકાય છે. કેનો.[૧૦૮]માં સર્વ પ્રથમ ઋષિ પ્રશ્ન ઊભો કરે છે કે; આ પ્રાણને કોણ મોકલે છે ? મનને કોણ પ્રેરે છે ? અને પછી તેનું સમાધાન આપે છે.[૧૦૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ❑ આત્મનિરીક્ષણનો સમય આપવો :

શિક્ષણનો ઉદ્દેશ આત્મજ્ઞાનની સાથે ચારિત્ર્યના વિકાસનો પણ છે. વાસ્તવમાં શ્રેષ્ઠ ચારિત્રના વિકાસ વગર આત્મજ્ઞાન જ નહીં સામાન્ય વ્યવહારનું જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકાતું નથી. તેથી તેનામાં આત્મનિરીક્ષણની શક્તિ વિકસે; સ્વયં પોતાની ભૂલો જૂએ અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરે એ અત્યંત જરૂરી છે. સત્યકામ જાબાલના શિષ્ય ઉપકોસલમાં આપણે આ જોઈ શકીએ છીએ. પોતાની સહધર્મચારિણીના કહેવા છતાં મહર્ષિ સત્યકામ ઉપકોસલના સમાવર્તન સંસ્કાર કર્યા વગર જ લાંબા પ્રવાસે ચાલ્યા જાય છે. ઉપકોસલ પોતાના તરફથી નિરીક્ષણ કરી, યજ્ઞશાળામાં બેસી ઉપવાસરૂપી વ્રતનો પ્રારંભ કરે છે, તેથી તેને અગ્નિ પાસેથી બ્રહ્મવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.[૧૦૯]

### ❑ જ્ઞાન ગુરુ ગમ્ય હોવું જોઈએ :

શિષ્ય પોતાના તપ અને સામર્થ્ય દ્વારા જ્ઞાન–પરમજ્ઞાન પ્રાપ્ત કરી લે,તો પણ જ્યાં સુધી તે જ્ઞાનને બ્રહ્મનિષ્ઠ ગુરુનું અનુમોદન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જ્ઞાન અધૂરુ જ છે. તે આપણે સત્યકામ જાબાલ અને ઉપકોસલના દૃષ્ટાન્તથી જોઈ શકીએ છીએ. સત્યકામને બળદ, અગ્નિ, હંસ અને મદ્ગુ(જલ) પક્ષી એમ ચાર દ્વારા બ્રહ્માનાં ચાર પાદનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. ગુરુ પાસે આવે છે, તેને બ્રહ્મજ્ઞાની તરીકે ઓળખે છે. ગુરુના પૂછવાથી તે સત્ય હકીકત જણાવી, આપ જ મને ગુરુજ્ઞાન આપો કારણ કે ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલું જ્ઞાન જ શ્રેષ્ઠ છે.[૧૧૦] એ જ પ્રમાણે ઉપકોસલને પણ અગ્નિ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરંતુ તે પણ ગુરુ સત્યકામ જાબાલને ઉપદેશ આપવાનો અનુરોધ કરે છે.

### ❑ પૃથક–પૃથકના અધ્યયનથી સંપૂર્ણનું અધ્યયન :

મહર્ષિ ઉદ્દાલકાદિ અને અશ્વપતિ કૈકયના સંવાદમાં આ પદ્ધતિ જોઈ શકાય છે. કઠિન બાબતોને સમજાવવામાં આ પદ્ધતિ ઉપયોગી બને છે. પ્રથમ મૂળ બાબત હોય તેના એક–એક અંશને સમજાવ્યા બાદ તે દરેક અંશને ભેગા કરીને, તે "આ જ છે" તેમ સ્પષ્ટ કરવું. રાજા અશ્વપતિ કૈકય "વૈશ્વાનર" "આત્મા"ની સમજણ આપતાં જણાવે છે કે; સુતેજા(દ્યુલોક) તેનું મસ્તક છે, ચક્ષુ વિશ્વરૂપ(સૂર્ય) છે, પ્રાણ પૃથગ્વત્માં (વાયુ) છે. પૃથ્વી બન્ને પાદ છે, વક્ષઃસ્થલ વેદી છે, લોમ દર્ભ છે, દેહનો મધ્યભાગ બહુલ(આકાશ) છે, બસ્તિ જ રયિ(જલ) છે, હૃદય ગાર્હપત્યાગ્નિ છે. મન અન્વાહાર્યપચન અને મુખ આહવનીય અગ્નિ છે. એમ અલગ–અલગ સમજણ આપી વાસ્તવમાં વૈશ્વાનર આત્મા એક જ છે, જે પ્રાદેશમાત્ર છે તેમ સમજાવે છે.[૧૧૧]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગીતાકાર,[૧૧૨] ગુરુવંદન, ગુરુસેવા અને વારંવાર પ્રશ્ન પૂછવા એ જ્ઞાનપ્રાપ્તિની પદ્ધતિ છે તેમ જણાવે છે. આ પ્રશ્નોત્તરથી જ્ઞાન પ્રાપ્તિ સરળ બને છે. જિજ્ઞાસા જાગૃત થતાં શિષ્ય પ્રશ્ન કરે અને ગુરુ જવાબ આપે એ પદ્ધતિ મોટેભાગે ઉપનિષદોમાં છે. છા. ઉપ.માં નારદઋષિ પ્રશ્નકરે છે તેનાં જવાબમાં સ્થૂળથી સૂક્ષ્મ તરફ લઈ જઈને "भूमा वै सुखम्"એ જ્ઞાન આપવામાં આવે છે. શ્વેતકેતુને પ્રશ્નોના જવાબમાં જ રાજા પંચાગ્નિ વિદ્યાનું જ્ઞાન આપે છે.

(૯) અર્થ :

શુભમાર્ગે અર્થોપાર્જન કરવું એ ઉપ. કાલિન સમાજનો ધ્યેય છે. એ અર્થપ્રાપ્તિથી ભોગ–ઉપભોગ જ માત્ર ધ્યેય નથી, પરંતુ તે ધનનું દાન કરી ધર્મ ઉપાર્જન કરવું, સમાજ સેવા કરવી એ ધ્યેય છે.

(૧૦) સોળ સંસ્કાર :

ગર્ભાધાનથી અંત્યેષ્ટિ સુધીના દરેક સંસ્કાર કરવામાં આવતાં હતાં. ગૃહસ્થાશ્રમમાં પ્રજાની ઉત્પત્તિમાં આમ્યભાવ અથવા પશુભાવ ન હતો, પરંતુ ઉત્તમ પ્રજા પ્રકટ કરવાની સુપ્રજનન શાસ્ત્રની વાસના હતી. જેમાં નિર્માલ્ય નહીં પરંતુ વજ્ર જેવાં દઢ શરીરવાળા પુત્ર થાય એવી કુદરતી વાસના હતી. એટલું જ નહીં પુત્રીઓ પણ વિદુષી થઈ કુલની પ્રતિષ્ઠા વધારે તેવી આકાંક્ષાઓ દંપતિમાં હતી. આ જ બાબત નિર્દેશે છે કે ઉપનિષદ્‌નાં સમયમાં પુત્ર–પુત્રી વચ્ચે ભેદ–ભાવ ન હતો.

મનુષ્યનાં નામમાં લૌકિક નામ ગમે તે હોય પરંતુ તેનું રહસ્ય નામ વેદ અથવા જ્ઞાન પાડવામાં આવતું હતું.[૧૧૩]

અંત્યેષ્ટિ ક્રિયામાં અગ્નિદાહ આપવામાં આવતો. એ ભાવના સાથે કે પંચમહાભૂતના આ દેહમાંથી દરેક મહાભૂત પોત–પોતાના તત્ત્વની સાથે સમ્મિલિત થઈ જાય.[૧૧૪]

ઉપનયન સંસ્કાર, સમાવર્તન સંસ્કાર વગેરે કરવામાં આવતા.

લગ્ન :

સંહિતાકાળમાં પ્રૌઢ કન્યાનું પાણિગ્રહણ થતું પરંતુ ઉપનિષદ્‌ના સમયમાં નાનીવયમાં પરિણીત સ્ત્રી પોતાના પતિ સાથે રહેતી હતી એવું જણાય આવે છે.[૧૧૫] છા. ઉપ.માં કન્યાનું દાન કરવામાં આવતું તેનો નિર્દેશ છે. જ્ઞાની પુરુષની યોગ્યતા જોઈને કન્યા આપવામાં આવતી. રાજા જાનશ્રુતિ પૌત્રાયણ પોતાની કન્યા સયુગ્વા રૈકવને આપીને જ્ઞાન પ્રાપ્તિ કરે છે. આ એ બાબતનો પણ નિર્દેશ કરે છે કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મથી નહીં પરંતુ કર્મથી જ વર્ણાશ્રમ વ્યવસ્થા ઉપ.ના સમયમાં હતી, એટલું જ નહીં તે વ્યવસ્થાના આગરૂપ જ હતી, બંધનરૂપ નહીં.

**(૧૧) આચાર મીમાંસા :**

નીતિમય અને સદાચારમય જીવન મનુષ્યમાં રહેલી પશુવૃત્તિને કાબુમાં રાખે છે. એટલું જ નહીં ધીરે–ધીરે આત્મવિકાસ તરફ આગળ વધારે છે. નીતિમય જીવન એટલે ફક્ત ઇન્દ્રિયને સહજ સ્ફૂર્તિનું નહીં, પણ વિવેક અને બુદ્ધિનું જીવન છે. બુદ્ધિ દ્વારા ધીરે–ધીરે પશુજીવનમાંથી માનવજીવનનું નિર્માણ કરવાનું છે. બુદ્ધિનો જો તે રીતે ઉપયોગ ન થાય તો મનુષ્યમાં અને પશુમાં કોઈ ફેર નથી. દુષ્ટ માણસો જ સંસારના પદાર્થોને દેવમાનીને પૂજે છે. જે આપણને છા. ઉપ.માં રહેલા વિરોચનના દૃષ્ટાંતથી સમજાય છે. વિરોચન પ્રજાપતિ બ્રહ્મા પાસેથી શાંત હૃદયથી અસૂરો પાસે ગયો અને રાક્ષસોને ઉપદેશ આપ્યો કે 'આ શરીર એ જ આત્મા છે. એ શરીરાત્માને જ પૂજવો જોઈએ.' વગેરે તેથી આજે પણ શરીરને પૂજવાવાળા, દાન ન આપનાર, યજ્ઞ ન કરનારને અસુર કહે છે, કેમ કે આ અસુરોનો સિદ્ધાંત છે.[૧૧૫]

બુદ્ધિથી ચાલતું જીવન જ નિઃસ્વાર્થ સેવાથી ભરેલું હોય છે. બુદ્ધિ જણાવે છે કે માણસ જે સમગ્ર સમાજનો અંશ છે, તે સમાજના હિતથી અળગો એવો કશો સ્વાર્થ હોતો નથી અને તેથી પોતાના સ્વાર્થને સમાજના હિત કરતાં ગૌણ માને તે સજ્જન અને એથી ઉલટું કરે તે દુર્જન.[૧૧૬]

આપણે વસ્તુમાત્ર–માત્રમાં ઈશ્વર છે. એમ માનીને આચરણ કરવું જોઈએ. તેથી જ નીતિમય જીવન એટલે ઈશ્વરપરાયણ અને માનવજાતની સેવા કરવાના ઉત્સાહવાળું જીવન હોવું જોઈએ. બીજાને માટે થઈ ત્યાગ કરવાની ભાવનાવાળું જીવન હોવું જોઈએ.

છા. ઉપ.માં કપિગોત્રજ શૌનક અને કક્ષસેનનો પુત્ર અભિપ્રતારી ભોજન લેવા બેસે છે, ત્યારે એક બ્રહ્મચારી આવીને ભિક્ષા માગે છે તેને 'ના' પાડવામાં આવે છે. તે બ્રહ્મચારી જણાવે છે કે 'પ્રજાપતિ દેવ ભુવનનું રક્ષણ કરનાર અને લીન કરનાર છે.' ત્યારબાદ તેનાં કથનનો અર્થ સમજતા તે પરબ્રહ્મ અને મહાન્ દેવની જ અમે ઉપાસના કરીએ છીએ તેમ જણાવી ભિક્ષા આપવાનું સૂચન કરે છે.[૧૧૭]

ધન–સંપત્તિ, સ્ત્રી–પુત્રાદિકનો ત્યાગ કરી મુક્તિ માટે ભિક્ષુ બનતાં તેમજ દારિદ્રય અને જીવનની વિશુદ્ધિ દ્વારા આત્માની વિમુક્તિ મેળવવા પ્રયત્ન કરતાં તેઓએ ઘર સંસારમાં બાંધી રાખનાર સર્વબંધનને તેમણે તોડી નાંખ્યા હતા. એવા તપસ્વીઓના આ સમૂહોએ બૌદ્ધોના ભિક્ષુ જીવનને માટે માર્ગ તૈયાર કર્યો. વિશુદ્ધિ અને ત્યાગથી ભરેલું સંન્યાસીનું જીવન એ મોક્ષનો મુખ્ય માર્ગ છે એમ સ્વીકારવામાં આવ્યું



For Private And Personal Use Only

છે. પરંતુ આ બાહ્ય આચરણ કરતાં નીતિધર્મ એ આંતરિક વસ્તુ છે તેથી જ ઉપનિષદો "ચોરી ન કરો", "હત્યા ન કરો", "રાગ-દ્વેષ, કામ-ક્રોધને વશ ન થાઓ." તેમ જણાવે છે. કારણ કે ચિત્તને શુદ્ધ કરવું પડશે, મૂળને અકબંધ રાખી ડાળીઓ કાપવાથી-બાહ્યાચરણથી કશો સાર નથી.[119]

ઈચ્છા અથવા કામના માત્રની મનાઈ નથી, પરંતુ એ કામના શાના ઉપર આધારિત છે. માણસની કામના જો દેહસુખ માટે હોય, તો તે વ્યભિચારી થાય, સુંદર વસ્તુઓ માટે હોય. તો કલાકાર થાય, ઈશ્વર માટે હોય. તો સંત થાય. મુક્તિ અને જ્ઞાન માટેની કામનાઓની ખૂબ જ પ્રશંસા કરેલી છે. સાચી અને ખોટી કામનાઓ વચ્ચે ભેદ પાડેલો છે[120] અને આપણને સાચી કામનાઓનું સેવન કરવાનું કહેલું છે. નચિકેતાનાં પિતૃપૂજા અને પિતૃપ્રેમ એ કંઈ દોષ નથી. આમ ઉપનિષદ્ સ્નેહનો નિષેધ કરતાં નથી, પરંતુ ગર્વ, રોષ, કામ વગેરેને દૂર કરવાનું કહે છે, પ્રેમ, દયા ને સહાનુભૂતિની કોમળ લાગણીઓ ઉખાડી નાખવાનું કહેલું નથી.[121]

ઉપનિષદોએ આધ્યાત્મિક વિકાસમાં આગળ વધવા માટે શૌચ, સ્નાન, ઉપવાસ, બ્રહ્મચર્ય, એકાંતવાસ વગેરે શરીરની શુદ્ધિ કરનારા હોઈ તેને કર્તવ્યરૂપ ગણાવ્યાં છે. "મારું શરીર એને માટે યોગ્ય બનો, મારી જીભ અત્યંત મીઠી બનો. હું કાનો વડે ઘણું સાંભળું."[122] છા. ઉપ. પણ બ્રહ્મચર્ય દ્વારા બ્રહ્મલોકને પ્રાપ્ત કરી શકાય છે એમ જણાવે છે.[123] એટલું જ નહિં વિદ્યાર્થીએ બ્રહ્મચર્યપૂર્વક ગુરુને ત્યાં રહી અભ્યાસ કરવો, એ તપસ્વિની વૃત્તિથી કરેલો સંસાર ત્યાગ નથી, કારણ કે છા. ઉપ. જ બ્રહ્મચર્યને યજ્ઞરૂપ ગણાવે છે.[124]

છા. ઉપ. તપ, દાન, આર્જવ, અહિંસા અને સત્યવચનને સદાચારમાં ગણાવ્યાં છે. અહિંસામાં ફક્ત મનુષ્ય જ નહિં ઈતર સૃષ્ટિનો પણ સમાવેશ થાય છે, પ્રાણીમાત્રની મન, વચન, કર્મથી અહિંસા ન કરવી તે ઉપ.નું ધ્યેય છે. આહાર માટે જ નહિં, રમતમાં પણ હરણ વગેરેને મારવા કે હેરાન કરવા એ દોષ છે. મન શરીર ઉપર આધાર રાખે છે તેથી મનની શુદ્ધિ માટે આહારની શુદ્ધિ આવશ્યક છે.[125] સત્યકામ જાબાલ સત્ય બોલે છે, તેથી જ વિદ્યા પ્રાપ્તિનો અધિકારી બને છે.

ઉપ.માં વર્ણાશ્રમ ધર્મનાં નિયમો સમાજ પ્રત્યેની ફરજ દર્શાવે છે. તેણે કરવાનાં કામો તેની શક્તિ પર આધાર રાખે છે. બ્રાહ્મણત્વનો આધાર જન્મ નથી, પણ ચારિત્ર છે. આ સત્ય સત્યકામ જાબાલની કથાથી જણાઈ આવે છે. ઉપનિષદ્નો ધ્યેય ભેદભાવ દૂર કરવાનો રહ્યો છે, તેથી જ મહીદાસ ઐતરેય શાખા પ્રવર્તક આચાર્ય બન્યાં છે, ક્ષત્રિય સનત્કુમાર નારદજીને ઉપદેશ આપે છે. સ્ત્રીઓને પણ સમાન અધિકાર હતો. તે ગાર્ગી મૈત્રેયી વગેરે ઋષિકાઓનાં જીવન ઉપરથી જોઈ શકાય છે.[126]

મનુષ્ય આચરણ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરે છે. ત્યારે પાપ તેનાથી દૂર ભાગે છે અને માટીનો ગોળો દુર્ભેદ્ય પથ્થરની જોડે અથડાઈને ફૂટી જાય છે તેવી રીતે, પાપ પોતે જ નાશ પામે છે.[૧૬૮]

માતા, પિતા, ભાઈ, બહેન, આચાર્ય અથવા બ્રાહ્મણનું અપમાન કરનારને સમાજ ધિક્કારે છે. આમ વડીલોને માન આપવું, તેની મર્યાદા જાળવવી, તે ઉપનિષદ્ કાલિન સમાજની શ્રેષ્ઠ પરંપરા છે.[૧૬૯] જ્ઞાની શુકદેવ પણ પોતાના પિતા મહર્ષિ વ્યાસ તેમજ વિદેહરાજ જનકને પ્રણામ કરીને જ પ્રશ્ન પૂછે છે.

વેદ મર્યાદાનાં નીતિમય આચરણનું અતિક્રમણ કરનારને ઉપનિષદો તિરસ્કારની નજરે જોતા. મૈત્રેયી ઉપ. જણાવે છે કે; જેઓ નગરના યાજકો હોય છે, જેઓ અયાજ્ય જાતિના મનુષ્યોને યજન કરાવનારા હોય, જેઓ શૂદ્રના શિષ્ય હોય, શૂદ્ર જાતિના શાસ્ત્રજ્ઞાનવાળા હોય, જેઓ ચાટ, નટ, ભટ, રખડતા સાધુ.......જેઓ મિથ્યા કાષાય વસ્ત્ર ધારણ કરનારા હોય......મિથ્યા તર્ક અને દૃષ્ટાન્તો દ્વારા અને ઇન્દ્રજાળ વડે વૈદિક મર્યાદામાં રહેવા ઇચ્છતા હોય......તેઓ વેદવિદ્યા બાહ્ય છે.[૧૭૦]

છાં. ઉપ.નાં સમયમાં જ વેદ ઉપરાંત સ્વયંભૂ આગમોનો ઉદય થયો. તેઓએ વેદ ત્રણ વર્ણોને માટે છે, તેમ માની બ્રાહ્મણો સાથે વિરોધ કર્યા વિના સાર્વભોમ ઈશ્વરભાવના આગમોમાં પ્રગટ કરી. આ આગમ પ્રકાશક આદિત્યનું ઊર્ધ્વ મુખ મનાયું છે, તેને પાછળથી શિવનું પાંચમું ઈશાનમુખ કહેવામાં આવ્યું છે. આ પંચમ મુખ અથવા સ્ત્રોતસ્ દ્વારા ગુહ્ય આદેશ નામનાં પુષ્પોમાંથી 'પરોરજ' રસ નીકળે છે અને તેના ભોક્તાઓ તે સાધ્ય દેવો છે અને તે પ્રણવ બ્રહ્મ નામના મુખવડે તે રસ ભોગવે છે.[૧૭૧]

## ❑ આતિથ્ય ધર્મ :

ઉપનિષદ્નો મન્ત્ર જ છે; "અતિથિ દેવો ભવ" તેથી ઉપ. કાલિન સમાજમાં આતિથ્યધર્મનું આચરણ અત્યંત શ્રેષ્ઠ જ હોય તે નિર્વિવાદ વાત છે. રાજા અશ્વપતિ પાસે જ્યારે પ્રાચીન શાલ વગેરે મહર્ષિઓ આત્મજ્ઞાન માટે આવે છે, ત્યારે તેઓનું અર્ધ્યથી અલગ–અલગ પૂજન કરે છે.[૧૭૨]

આત્મજ્ઞાની મહારાજા જનક જ્યારે શ્રી શુકદેવજી તેઓની પાસે જ્ઞાન પ્રાપ્તિ માટે આવે છે, ત્યારે શરૂઆતમાં તેની કઠોર પરીક્ષા કરે છે. તે પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં પ્રણામ કરી, સૌમ્ય સત્કાર કરે છે.[૧૭૩] અભિપ્રતારી, શૌનકની કથામાં પણ આતિથ્યધર્મનું મહત્ત્વ દર્શાવેલ છે.

એક વિશ્વનો ખ્યાલ "सर्वं खलु इदं ब्रह्म"માં સમાયેલો છે. ભાઈચારો, એક જ કુટુંબની ભાવના, સર્વત્ર સમાન દૃષ્ટિ, 'બ્રહ્મ જ છે' આવા પ્રકારનો સર્વ પ્રકારનો ભાઈચારો શીખવીને એક વિશ્વનાં ખ્યાલનો


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રચાર કર્યો છે. કાલમાકર્સે આનું "શાંતિ લાવવા માટે એક વિશ્વનું સાર્વત્રીકરણ કર્યું છે." જેને સમાજવાદ તરીકે ઓળખીએ છીએ.[૧૩૪]

❑ દ્યૂત :

ઋગ્વેદમાં અક્ષ સૂક્તમાં દ્યૂતનો ઉલ્લેખ છે. ત્યારે પણ દ્યૂત એક વ્યસન ગણાતું અને આપત્તિજનક માનવામાં આવતું; તે આપણે અક્ષસૂક્તમાં જોઈ શકીએ છીએ. આ દોષ ઉપનિષદ્‌નાં સમયમાં પણ જોઈ શકાય છે. છા. ઉપ.માં આપેલ ભિક્ષા (છા. ઉપ. ૪.૧.૬) વિજય પ્રાપ્ત કરનારના 'કૃત' પાસામાં બધા જ પાસા સમાઈ જાય છે, તેમ સયુગ્વા રૈકવના પુણ્યફલમાં સર્વેના પુણ્યફળ સમાઈ જાય છે.[૧૩૫] (છા. ઉપ. ૪.૧.૬)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૮

# સામવેદીય ઉપનિષદોમાં સમાજ દર્શન

(૧) ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।

ऊरु तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

- ऋग्वेद(पुरुष सूक्त) १०.९०.१२

(२) चातुर्वर्ण्यं मया सृष्टं, गुणकर्मविभागशः ।

— श्रीमद् भागवद्गीता ४.१३

(३) तर्हि जातिर्ब्राह्मण इति चेत्तन्न तत्र जात्यन्तरजन्तुष्वनेकजातिसंभवात्......। ऋष्यशृङ्गो मृग्याः, कौशिकः कुशात् जाम्बूको जम्बूकात.........। एतेषां जात्या विनाऽप्यग्रे ज्ञानप्रतिपादिता ऋषयो बहवः सन्ति । तस्मान्न जातिर्ब्राह्मण इति ॥५॥

— वज्रा. उप. पृ. ४६४

(४) છા. ઉપ. ૩.૧૬

(૫) જાબાલ, ભસ્મજાબાલ, રુદ્રાક્ષ જાબાલાદિ ઉપનિષદો

(૬) મહો. ૫.૩૧

(૭) तमु ह परः.....चक्रमे ॥

— छा. उप. ४.२.३ तथा ब्र. सू. १.३.३४

(૮) Dr. meera P. Pathak A S study of Tattiriya Upanisad P. 117

(૯) Idbi પૃ. ૧૧૯–૧૨૦

(૧૦) .....हैव देवानामभिप्रवव्राज विरोचनोऽसुराणां तौ हासंविदानावेव समित्पाणी प्रजापतिसकाशमाजग्मतुः ॥२॥ तौ ह द्वात्रिंशतं वर्षाणि ब्रह्मचर्यमूषतुस्तौ ह प्रजापतिरुवाच.....॥

— छा. उप. ८.७.२ थी ४.११

(૧૧) न चेमां विद्यामश्रद्दधानाय ब्रूयान्नासूयावते नानूचानाय नाविष्णुभक्ताय नानृतिने नातपसे नादान्ताय नाशान्ताय नादीक्षिताय नाधर्मशीलाय न हिंसकाय नाब्रह्मचारिण इत्येषोपनिषत् ॥७॥ अव्यक्तो. ॥

— छा. उप. २.२३.१

અવ્યક્તો. પૃષ્ઠ ૪૯૧(ઉપનિષદ્ સંગ્રહ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१२) इदं वाव तज्ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रब्रूयात्प्रणाय्याय वाऽन्तेवासिने ॥५॥

नान्यस्मै कस्मैचन यद्यप्यस्मा इमामद्भिः परिगृहीतां धनस्य पूर्णां दद्यादेतदेव ततो भूय इत्येतदेव ततो भूय इति ॥

— छा. उप. ३.११.५ ६

(१३) ......शाकायन्यस्त्वं चरणावभिमृशमानो राजेमां गाथां जगाद ॥१॥

— मैत्रेयी उप. १ पृ. २३५—ब्रह्मविद्याखंड

(१४) कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।

यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे. शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥

— श्रीमद् भगवद्गीता २.७

(१५) W. S. Upquhart, The Upnishads And Life P. 31

(१६) Dr. meena P. Pathak, A stpdy of Tattiriya cpnisad - P. 125

(१७) छा. उप. राजा अश्वपति

(१८) हरिः ॐ ॥ ब्रह्मचर्याश्रमे क्षीणे गुरुशुश्रूषणे रतः । वेदानधीत्यानुज्ञात उच्यते गुरुणाश्रमी ॥१॥

दारमाहृत्य सदृशमग्निमाधाय शक्तितः । ब्राह्मीमिष्टिं यजेत्तासामहोरात्रेण निर्वपेत् ॥२॥

संविभज्य सुतानर्थे ग्राम्यकामान्विसृज्य च । संचरन्वनमार्गेण शुचौ देशे परिभ्रमन् ॥३॥

वायुभक्षोऽम्बुभक्षो वा विहितैः कन्दमूलकैः । स्वशरीरे समाप्याथ पृथिव्यां नाश्रु पातयेत् ॥४॥

सह तेनैव पुरुषः कथं सन्यस्त उच्यते । सनामधेयो यस्मिंस्तु कथं संन्यस्त उच्यते ॥५॥

— कुण्डिको: १-५ पृ. ५९७(उप. संग्रह)

(१९) Dr. meena P. Pathak. A study of Tattiriya Upanisad, P. 121 - 122

(२०) बृहद्रथो वै नाम राजा राज्ये ज्येष्ठं पुत्रं निधापयित्वेदमशाश्वतं मन्यमानः शरीरं वैराग्यमुपेतोऽरण्यं निर्जगाम ।......॥

— मैत्रायणि १.१

(२१) वने विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा ।

वन एव वसेच्छान्तस्तृतीयं भागमायुषः ॥

— श्रीमद् भगवत् ११.१८.१

(२२) संन्यासो. २.२१

(२३) धृञ धारणे ।

— महर्षि पाणिनि ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२४) यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।

(२५) वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः ।

वेदो नारायणः साक्षात् स्वयंभूरिति शुश्रुम ॥

— श्रीमद् भागवद् ६.१.४०

(२६) धर्मं तु साक्षात् भगवत्-प्रणीतं

न वै विदुर्ऋषयो नापि देवाः ।

न सिद्धमुख्या असुरा मनुष्याः

कुतश्च विद्याधर चारणादयः ॥

— श्रीमद् भागवत् ६.३.१९

(२७) धारणाद् धर्म इत्याहुर्धर्मो धारयते प्रजाः ।

यः स्याद् धारणसंयुक्तः स धर्म इति निश्चयः ।

— महा. भा. शान्तिपर्व - १०८.११

(२८) संप्रदाय विगमादुपेयुषीरेष नाशमविनाशिविग्रहः ।

स्मर्तुमप्रतिहतस्मृतिः श्रुतिर्दत्त इत्यभवदत्रिगोत्रजः ॥

— शिशुपालवधम् १४.७९

(२९) आचार्य बलदेव उपाध्याय ।

— जै. सा. और संस्कृति पृ. ४७६

(३०) वही पृ. ४७५-४७६

(३१) त्रयो धर्मस्कन्धा यज्ञोऽध्ययनं दानमिति प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तमात्मान-माचार्यकुलेऽवसादयन्सर्व एते पुण्यलोका भवन्ति ब्रह्मसँस्थोऽमृतत्वमेति ॥

— छा. उप. २.२३.१.

(३२) छा. उप. ३.१६

(३३) छा. उप. ७.१.२-३

(३४) डॉ. राधाकृष्णन् – उप. की भूमिका पृ. ५०

(३५) अथ यत्तपो दानमार्जवमहिंसा सत्यवचनमिति ता अस्य दक्षिणा ।

— छा. उप. ३.१७.४



For Private And Personal Use Only

(३६) यथा कृतायविजितायाधरेयाः संयन्त्येवमेनं सर्वं तदभिसमेति यत्किञ्च प्रजाः साधु कुर्वन्ति यस्तद्वेद यत्स वेद स मयैतदु इति ॥

— छा. उप. ४.१.४

(३७) प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म ।

एतच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा। जरामृत्यु ते पुनरेवापि यन्ति ॥

— मुण्डको. १.२.७

(३८) छा. उप. ५.१०.३

(३९) ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं, क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति

एवं त्रयीधर्ममनुप्रपन्ना, गतागतं कामकामा लभन्ते ॥

श्रीमद् भगवद्गीता ९.२१

(४०) डॉ. राधाकृष्णन् - उप. की भूमिका - पृ. ११६

(४१) स य इदमविद्वानग्निहोत्रं जुहोति यथाऽङ्गारानपोह्य भस्मनि जुहुयात्तादृक् तत्स्यात् ॥

— छा. उप. ५.२४.१

(४२) छा. उप. १.८; १.१०.११

(४३) छा. उप. १.१.१०

(४४) छा. उप. ३.१७.१-७

(४५) छा. उप. २.२०

(४६) छा. उप. ४.१७.४-६

(४७) पितृयज्ञस्तु तर्पणं

ऊर्ज्जं वहन्तीः ॥ ऊर्ज्जं वहन्तीरमृतं घृतं पयः-कीलालं परिस्रुतम् ॥

स्वधास्थ तर्पयत मे पितॄन् ॥

— यजुर्वेद - २.३४

(४८) छा. उप. ४.३.५-७

(४९) यदन्नं पक्वमक्षारलवणं भवेत्तेनैव बलिवैश्वदेवकर्म कार्यम् ॥

— दयानन्द सरस्वती - ऋग्वेदादिभाष्यभूमिका पृ. ३०९



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५०) अहरहर्बलिमित्ते हरन्तोऽश्वायेव तिष्ठते घासमग्ने ।

रायस्पोषेण समिषा मदन्तो मा तेऽग्ने प्रतिवेशा रिषाम ॥

— अथर्ववेद - १९.७.७

(५१) गृहस्थस्य नित्योऽयं विधिः ।

तपसा मनसा वाग्भिः पूजिता बलिकर्मभिः ।

तुष्यन्ति शमिनां नित्यं देवताः किं विचारितैः ॥

मृच्छकटिकम् शूद्रक अङ्क १.१६

(५२) यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः....॥

— गीता ३.१३

(५३) छा. उप. ५.२४.१,२,४,५

(५४) छा. उप. २.२३.१

(५५) ब्राह्मणेन निष्कारणं षडङ्गोवेदोऽध्येयो ज्ञेयः इति ।

— महाभाष्य ॥१.१.१॥

(५६) मनुस्मृति - १२.१०४

(५७) तस्य क्व मूलं स्यादन्यत्राद्भ्योऽद्भिः सोम्य शुङ्गेन तेजो मूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठा यथा नु खलु सोम्येमास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति तदुक्तं पुरस्तादेव भवत्यस्य सोम्य पुरुषस्य प्रयतो वाङ्मनसि संपद्यते मनः प्राणे प्राणस्तेजसि तेजः परस्यां देवतायाम् ॥

— छा. उप. ६.८.६

(५८) तस्मान्मुमुक्षुभिर्नैव मतिर्जीवेशवादयोः ।

कार्या किंतु ब्रह्मतत्त्वं निश्चलेन विचार्यताम् ॥

अविशेषेण सर्वं तु यः पश्यति चिदन्वयात् ।

स एव साक्षाद्विज्ञानी स शिवः स हरिर्विधिः ॥

— महो. ४. ७५-७६

(५९) तीर्थानि तोयपूर्णानि देवान्काष्ठादिनिर्मितान् ।

योगिनो न प्रपूज्यन्ते स्वात्मप्रत्ययकारणात् ॥५२॥

बहिस्तीर्थात्परं तीर्थमन्तस्तीर्थं महामुने ।

आत्मतीर्थं महातीर्थमन्यत्तीर्थं निरर्थकम् ॥५३॥



For Private And Personal Use Only

चित्तमन्तर्गतं दुष्टं तीर्थस्नानैर्न शुद्धति ।

शतशोऽपि जलैर्धौतं सुराभाण्डमिवाशुचि ॥५४॥

ज्ञानयोगपराणां तु पादप्रक्षालितं जलम् ।

भावशुद्ध्यर्थमज्ञानां तत्तीर्थं मुनिपुङ्गव ॥५६॥

— श्री जा. द. उप. ४. ५२, ५३, ५४, ५६

(६०) छा. उप. ८.१२.३

(६१) पाषाणलोहमणिमृण्मयविग्रहेषु पूजा पुनर्जननभोगकरी मुमुक्षोः ।

तस्माद्यतिः स्वहृदयार्चनमेव कुर्याद्बाह्यार्चनं परिहरेदपुनर्भवाय ॥२६॥

— श्री. जा. द. उप. ४.५९.६०

मैत्रेयी उप. २.२६

(६२) ....अथ पुनरेव नारायणः.....परमं नित्यं विश्वं नारायणं हरिम् ॥

— महो. १.७.८,९,१०,११

(६३) क्रियाः पृच्छा तथा ज्ञानं ब्राह्मी रौद्री वैष्णवी ।

त्रिधा मात्रास्थितिर्यत्र तत्परं ज्योतिरोमिति ॥

— योग. ८६

(६४) छा. उप. ४.१.१

(६५) अन्नमिति होवाच सर्वाणि ह वा इमानि भूतान्यन्नमेव प्रतिहरमाणानि जीवन्ति सैषा देवता......॥९॥

— छा. उप. १.११.९

(६६) अन्नं ध्यमन्ने हीदं सर्वं स्थितम् ।

— छा. उप. १.३.६

(६७) तस्मिन्सर्वं प्रतिष्ठितं......

......यदह पुनर्मृत्युमपजाति.....॥

— बृह. १.५-२

(६८) प्राणस्य का गतिरित्यन्नमिति......।

— छा. १.८.४

(६९) होवाचाऽस्य का गतिरित्याप इति होवाच ।

— छा. १.८.४



For Private And Personal Use Only

(७०) अथो का गतिरित्यसौ लोक इति होवाचामुष्य लोकस्य.....॥५॥

— छा. १.८.५

(७१) सोऽपोऽभ्यतपत्ताभ्योऽभितप्ताभ्यो मूर्तिरजायत । या वै सा मूर्तिरजायतान्नं वै तत् ॥

— ऐतरेय उप. १.३.२

(७२) ता आप ऐक्षन्त बह्व्यः स्याम प्रजायेमहीति ता अन्नमसृजन्त । तस्माद्यत्र क्व च वर्षति तदेव भूयिष्ठमन्नं भवत्यद्भ्य एव तदध्यन्नाद्यं जायते ।

— छा. उप. ६.२.४

(७३) छा. उप. शां. भा. ६.२.४

(७४) छा. उप. १.१.२

(७५) आपो वा.....

— छा. उप. ७.१.१

(७६) .....पृथिवीन्द्रियं मनोऽन्नाद्वीर्यं तपो मन्त्राः....॥

— प्रश्नो. ६.४

(७७) छा. उप. ५.२.२-४

(७८) न स्विदेतेऽप्युच्छिष्टा इति न वा अजीविष्यमिमानखादन्निति होवाच कामो म उदकपानमिति ॥

— छा. उप. अ. ४

(७९) आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ।

— छा. उप. ७.२६.२

(८०) पू. स्वामी विवेकानंद, वेदान्तदर्शन, ३६

(८१) डॉ. उमा पाण्डेय, औप. परम सत् एवं मूल्य सिद्धान्त पृ. २०१

(८२) पू. स्वामी विवेकानंद वेदान्तदर्शन —

(८३) छा. उप. शा. भा. ७.२६.२

(८४) छा. उप. १.१२

(८५) यज्ञशिष्टाशिनः सन्तो, मुच्यन्ते सर्वकिल्बिषैः ।

भुञ्जते ते त्वघं पापा, ये पचन्त्यात्मकारणात् ॥

— श्रीमद् भगवद्गीता अ. ३.१३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(८६) छा. उप. ५.२.७

(८७) ......संवत्सरं मज्जो नाश्नीयात्तद्व्रत मज्जो नाश्नीयादिति ।

— छा. उप. २.१९.२

(८८) अथ किमेतैर्वा परेऽन्ये महाधनुर्धराश्चक्रवर्तिनः केचित्सुद्युम्नभूरिद्युम्नेन्द्रद्युम्नकुवलयाश्वयौवनाश्ववद्ध्रि-याश्वाश्वपतिः ॥

— मैत्रा. १.४

(८९) ॐ बृहद्रथो वै नाम राजा राज्ये ज्येष्ठं पुत्रं निधापयित्वेदमशाश्वतं मन्यमानः शरीरं वैराग्यमुपेतोऽरण्यं निर्जगाम ।.....॥

— मैत्रेयी उप. १.१

(९०) अथ परमहंसा नाम संवर्तकारुणिश्वेतकेतुजडभरतदत्तात्रेयशुकवामदेवहारीतकप्रभृतयोऽष्टौ ग्रासां चरन्तो योगमार्गे मोक्षमेव प्रार्थयन्ते । वृक्षमूले शून्यगृहे श्मशानवासिनो वा साम्बरा वा दिगम्बरा वा । न तेषां धर्माधर्मौ लाभालाभौ शुद्धाशुद्धौ द्वैतवर्जिता समलोष्टाश्मकाञ्चनाः सर्ववर्णेषु भैक्षाचरणं कृत्वा सर्वत्रात्मैवेति पश्यन्ति । अथ जातरूपधरा निर्द्वन्द्वा निष्परिग्रहाः शुक्लध्यानपरायणा आत्मनिष्ठाः प्राणसंधारणार्थं यथोक्तकाले भैक्षमाचरन्तः शून्यागारदेवगृहतृणकूटवल्मीकवृक्षमूलकुलालशालाग्निहोत्रशाला- नदीपुलिनगिरिकन्दरकुहरकोटरनिर्झरस्थण्डिले तत्र ब्रह्ममार्गे सम्यक्संपन्नाः शुद्धमानसाः परमहंसाचरणेन संन्यासेन देहत्यागं कुर्वन्ति ते परमहंसा इत्युपनिषत् ॥

— भिक्षुको. १

(९१) .....प्रसादितो नाभेः प्रियचिकीर्षया तदवरोधायने मेरुदेव्यां धर्मान्दर्शयितुकामो वातरशनानां श्रमणाना-मृषीणामूर्ध्वमन्थिनां शुक्लया तनुवावततार ॥

तस्य ह वा इत्थं वर्ष्मणा वरीयसा बृहच्छ्लोकेन चौजसा बलेन श्रिया यशसा वीर्यशौर्याभ्यां च पिता ऋषभ इतीदं नाम चकार ॥

— श्रीमद् भागवत - ५.३.२०, ५.४.२

(९२) ...स्तेनो जनपदे न कदर्यो न मद्यपो नानाहिताग्निर्नाविद्वान्न स्वैरिणी कुतो यक्ष्यमाणो वै भगवन्तोऽहमस्मि यावदेकैकस्मा ऋत्विजे धनं दास्यामि तावद्भवद्भ्यो दास्यामि वसन्तु भगवन्त इति ॥

— छा. उप. ५.११.५

(९३) पुरुषं सोम्योत हस्तगृहीतमानयन्त्यपहार्षीत्स्तेयमकार्षीत्परशुमस्मै तपतेति स यदि तस्य कर्ता भवति तत एवानृतमात्मानं कुरुते सोऽनृताभिसन्धोऽनृतेनात्मानमन्तर्धाय परशुं तप्तं प्रतिगृह्णाति स दह्यतेऽथ हन्यते ॥

— छा. उप. ६.१६.१

(९४) छा. उप. ६.१४.१

(९५) Dr. Meena P Pathak. A Study oF Tattiriya Upanisad P. 122



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(९६) Idbi P. 122

(९७) छा. उप. ६.१.१

(९८) W. S. Upquhart. The Upnishads And Life P. 26

(९९) .....त्वं गौतमावदो यथेयं न प्राक् त्वत्तः पुरा विद्या ब्राह्मणान्गच्छति तस्मादु सर्वेषु लोकेषु क्षत्रस्यैव प्रशासनमभूदिति तस्मै होवाच ॥

छा. उप. ५.३.७

(१००) तान्होवाचाश्वपतिर्वै भगवन्तोऽयं कैकेयः संप्रतीममात्मानं वैश्वानरमध्येति तं हन्ताभ्यागच्छामेति तण्हाभ्या जग्मु ॥

– छा. उप. ५.११.४

(१०१) इमं विवस्वते योगं,....॥

एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ॥

– श्रीमद् भागवदगीता अ. ४.१-३

(१०२) छा. उप. ४.१० श्री न. द. मेहता – ઉપનિષદ્ વિચારણા, પૃ. ૧૯૬–૧૯૭

(१०३) छा. उप. ६.८.१६

(१०४) W. S. Upquhart. The Upnishads And Life P. 26

(१०५) અધ્યાય–૮

(१०६) અધ્યાય–૭

(१०७) W. S. Upquhart. The Upnishads And Life P. 38

(१०८) केनो. १.१

(१०९) छा. उप. ४.१० १८

(११०) छा. उा. ४.९.३

(१११) तान्होवाचैते वै खलु यूयं पृथगिवेममात्मानं वैश्वानरं विद्वांसोऽन्नमात्थ यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति ॥१॥

– छा. उप. ५.१८.१

(११२) तद्विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।

उपदेक्ष्यन्ति ते ज्ञानं, ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥३४॥

– गीता ४.३४



For Private And Personal Use Only

(૧૧૩) छा. ५.२.१०

(૧૧૪) छा. उप. ४.१५.५

(૧૧૫) छा. उप. २.१०.१

(૧૧૬) छा. ८.८.४-५

(૧૧૭) ડૉ. રાધાકૃષ્ણન્-ઉપ. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૩૪

(૧૧૮) छा. उप. ४.३.५-७

(૧૧૯) ડૉ. રાધાકૃષ્ણન્ – ઉપ. નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૩૭

(૧૨૦) छा. उप. ७.१.३

(૧૨૧) ડૉ. રાધાકૃષ્ણન્, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૧૩૯

(૧૨૨) .....स मेन्द्रो मेधया स्पृणोतु । अमृतस्य देव धारणो भूयासम् । शरीरं मे विचर्षणम् । जिह्वा मे मधुमत्तमा । कर्णाभ्यां भूरि विश्रुवम् । ब्रह्मणः कोशोऽसि मेधया पिहितः । श्रुतं मे गोपाय ।

– तै. उप. १.४

(૧૨૨) छा. उप. ८.४.३

(૧૨૪) छा. उप. ८.५.१

(૧૨૫) छा. उप. २.१७, १.९.१२, ७.२६.२

(૧૨૬) छा. उप. २.२३.१, ५.१

(૧૨૭) छा. उप. ५.३.७

(૧૨૮) छा. उप. १.२.७

(૧૨૯) छा. उप. ७.१५.२

(૧૩૦) मैत्रेयी उप. ७ ८ ન. દ. મહેતા, ઉપ. વિચારણા, પૃ. ૨૦૨

(૧૩૧) छा. उप. ३.१० – ન. દ. મહેતા, ઉપ. વિચારણા, પૃ. ૨૦૩

(૧૩૨) तेभ्यो ह प्राप्तेभ्यः पृथगर्हाणि कारयाञ्चकार.....॥

– छा. उप. ५.११.५

(૧૩૩) परिज्ञातस्वभावं तं शुकं स जनको नृपः ।

आनीय मुदितात्मानमालोक्य ननाम ह ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

निःशेषितजगत्कार्यः प्राप्ताखिलमनोरथः ।

किमीप्सितं तवेत्याह कृतस्वागत आह तम् ॥

— महो. २-२८, २९

(१३४) Dr. A. N.Bhattacharya, one hondred and twelve opanisads and teir Philosophy P. 44

(१३५) छा. उप. ४.१.६-८



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૯

## સામવેદનાં ઉપનિષદોનું સાહિત્યિક અધ્યયન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૯
# સામવેદનાં ઉપનિષદોનું સાહિત્યિક અધ્યયન

## (૧) શૈલી :

ઉપનિષદ્‌માં જેમ વિચારોની સમૃદ્ધિ છે. તેમ અસ્પષ્ટતા પણ છે. જેમ કાવ્યની વ્યંજના છે તેમ ગૂઢવાદની ઝાંખાશ પણ છે. તેને લીધે ટીકાકારો તેમનો ઉપયોગ પોતપોતાનાં ધર્મ અને તત્ત્વજ્ઞાનના સમર્થન માટે કરી શક્યા છે.[૧]

ઉપનિષદ્‌ની ભાષા વૈદિક સંસ્કૃત કરતા પ્રશિષ્ટ – સાથે વધુ સામ્ય ધરાવે છે. તેમ છતાં અમુક પ્રાચીનતાના ચિહ્નો પ્રાપ્ત થાય છે. સંહિતા ભાષામાં વિશિષ્ટ લકાર લેટ્‌નો સંપૂર્ણ અભાવ જોઈ શકાય છે, પરંતુ પ્રાચીન ઉપનિષદ્‌માં થોડે ઘણે અંશે તેનો પ્રયોગ જોઈ શકાય છે.[૧] આત્મનેપદ અને પરસ્મૈપદનો પ્રયોગ ધાતુઓ સાથે નિશ્ચિત રીતે જોઈ શકાતો નથી. એક જ ધાતુ સાથે બન્ને પ્રયોગ થયેલા હોય છે. સાહિત્યની દૃષ્ટિએ ઉપનિષદ્‌ની ભાષા ખૂબ જ સરસ અને પ્રાંજલ છે.[૨]

ઉપનિષદ્‌ની ભાષા સરળ, મધુર ને મોટે ભાગે સહેજે સમજાય તેવી છે. નદીના પ્રવાહની પેઠે તેનો પ્રવાહ આંખને, અંતરને આનંદને આરામ આપતો અવિરામ રીતે વહ્યા કરે છે; અલબત, તેમાં ક્યાંક કાંકરાને પથરા જેવા ભારેખમ શબ્દો, વાક્યો કે ભાવોની કર્કશતા આવે છે. ખરી. પરંતુ એકંદરે તો ખૂબ જ સરસ અને સંગીતની રીતે વહ્યા કરે છે. તેનું વાંચન સંતપ્ત માણસને શાંતિ આપે છે. ને જેનામાં શાંતિની મૂડી છે. તે સાચેસાચ શાંતિનો અનુભવ કરે છે. તેની શાંતિને ચિરસ્થાયીને સનાતન કરવામાં સહાયક બને છે.

ઉપનિષદોની ભાષા બાબતે આચાર્ય વિનોબા ભાવે[૪] જણાવે છે કે "ઋષિ પોતાની વાત પરોક્ષ રીતે કહે છે; 'છન્દોમય' અર્થાત્ ઢંકાયેલા શબ્દોમાં કહે છે; 'મંત્રમય' અર્થાત્ મનન સિવાય જેમાં ચાંચ જ ડૂબી શકતી નથી; તેવી ભાષામાં કહે છે; ને તે પણ સહેજ સૂચવી દે છે એટલું જ, તેથી વધારે કશું જ નથી કરતા, અથવા કરી શકતા નથી."[૫]

સ્વામી શ્રી વિદ્યાનંદ સરસ્વતી ઉપનિષદ્‌ની ભાષાને ભાવાત્મક ભાષા કહે છે. તેથી તેમની શૈલીમાં અલંકારમયતા, લક્ષણ તથા વ્યંજના વૃત્તિનું પ્રાધાન્ય હોય છે. ઉપનિષદ્‌માં દાર્શનિક તત્ત્વોની અનુભૂતિની વાત છે, તેથી અભિવ્યક્તિ ભાવ પ્રધાન બની જાય છે અને તર્ક ગૌણ બને છે. તેથી જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાવિસ્થ યોગી બ્રહ્મ સાથેની તાદાત્મ્યતાથી જે ઉદ્ગાર કાઢે છે. તેમાં શબ્દનાં બાહ્ય શરીર કરતાં તેનાં આત્મા ઉપર ધ્યાન આપવું જોઈએ. અને અનુભૂતિથી સમજવાની કોશિશ કરવી જોઈએ. કારણ કે તેઓ અત્યંત ઓછા શબ્દોમાં ગહન ભાવાત્મક રજૂઆત કરી દેતા હોય છે. भूमा वै सुखम; तत्त्वमसि વગેરે આના અનુભવ દૃષ્ટાન્તો છે.

(અ) તેની વિશેષતાઓમાં સરળ ઉપમા, રૂપકો, દૃષ્ટાન્તો વગેરે.

(બ) સામાન્ય – રોજબરોજનાં શબ્દોમાં જ સરળ રીતે વિચાર/સિદ્ધાન્તને પ્રગટ કરવો.

(ક) રોચકતાની સિદ્ધિ માટે ખૂબ જ સૂક્ષ્મ બાબતોનું વર્ણન.

(ડ) આધ્યાત્મિક વિવરણને રોચક બનાવવા માટે નાની-નાની વાર્તાઓનો ઉપયોગ.

(ઈ) મનોવૈજ્ઞાનિક પદ્ધતિનાં આધાર પર વિષયનું વિવેચન તેમજ શ્રદ્ધાને ઉત્પન્ન કરવા માટે લૌકિક વિશ્વાસો દ્વારા દાર્શનિક તથ્યોની પુષ્ટિ.

આ વિશેષતાઓને કારણે ભાષા અને ભાવ, બન્ને દષ્ટિએ ઉપનિષદો હૃદયને આકર્ષે છે.

☐ રોચક શૈલી :

ઉપનિષદ્ના ઋષિઓ આ જગત્માં બધી જ ક્રિયાઓ બ્રહ્મ દ્વારા જ થાય છે. તે વાસ્તવિક સત્યને સમજાવવામાં; દર્શનશાસ્ત્રના ગહન સિદ્ધાંતોમાં ન લઈ જતાં. એક સરળ-રોચક કથા જ આપે છે. કેનોપનિષદ્માં "એકવાર બ્રહ્મે વિજય પ્રાપ્ત કરી, પરંતુ ઈન્દ્રાદિ દેવો એ વિજય પોતાનો જ માનીને બડાઈ હાંકવા લાગ્યા. અને તેઓ અભિમાની બની ગયા. આ અભિમાન દૂર કરવું જોઈએ. તેથી બ્રહ્મ યક્ષરૂપે પ્રગટ થયા. તે યક્ષને ઈન્દ્રાદિ દેવો ઓળખી ન શક્યા. સર્વ પ્રથમ દેવોએ અગ્નિને તે કોણ છે ? તેની જાણકારી માટે મોકલ્યો, અગ્નિએ પાસે જઈને અભિમાનપૂર્વક કહ્યું કે; હું અગ્નિ છું. મારું નામ જાતવેદસ્ છે. બ્રહ્મના પૂછવાથી પોતાની શક્તિ વિશે જણાવતાં કહે છે કે, "પૃથ્વી ઉપર જે કાંઈ છે. તેને જલાવી નાખવા શક્તિમાન છું." બ્રહ્મ એક ઘાસનું તણખલું આપે છે. તે અગ્નિ જલાવી શકતો નથી. હારી પરત આવે છે. તે જ પરિસ્થિતિ વાયુની થાય છે. તે પણ તણખલું ઉડાડી શકતો નથી. અને પરત આવે છે. પછી ઈન્દ્ર જાય છે. ત્યાં જ યક્ષ અંતર્ધ્યાન થઈ જાય છે. તેને ઉમાદેવીના દર્શન થાય છે. તે ઈન્દ્રને બતાવે છે કે," તે 'બ્રહ્મ હતું' તેની વિજયથી જ તમે મહિમાવાન બન્યા છો; તમારામાં જે મહિમા છે, તે તમારી નહીં પરંતુ આ બ્રહ્મની આપેલી જ છે." આ રોચક-રસાળ કથા દ્વારા રસમય શૈલીથી ઋષિ એ તથ્ય સ્પષ્ટ કરે છે કે, પ્રકૃતિમાં રહેલાં અગ્નિ,



For Private And Personal Use Only

વાયુ, સૂર્ય વગેરે દેવ તથા શરીરમાં રહેલા વાણી વગેરે બધા જ બ્રહ્મ પાસેથી જ શક્તિ મેળવીને કાર્ય કરે છે.

છા. ઉપ.માં[6] ઋષિ શ્રોત્ર, ચક્ષુ, પ્રાણ વગેરેમાં શ્રેષ્ઠ કોણ ? ત્યારે ઋષિ સરસ મજાની જિજ્ઞાસાને જાગૃત કરતી કથા આપે છે. કથામાં વિવાદ–રૂપી સંઘર્ષને ઉભો કર્યો. શરીરની ચક્ષુ, શ્રોત્ર વગેરે શક્તિઓ પરસ્પર વિવાદ કરવા લાગી. દરેકે કહેવા માંડ્યું કે; "હું મોટી, હું મોટી" અંતમાં નિર્ણય માટે તેઓ પ્રજાપતિ પાસે ગયા. ભગવાને જણાવ્યું કે, "તમારામાંથી દરેક વારા–ફરતી શરીરની બહાર નીકળી જાઓ. જેમનાં નીકળવાથી શરીર પાપિષ્ઠતર બની જાય તે બધીમાં શ્રેષ્ઠ." પ્રથમ વાણી નીકળી; એક વર્ષ બહાર ફરીને પરત આવી–આવીને પૂછ્યું કે; તમે મારા વગર કેવી રીતે જીવિત રહ્યા, ઈન્દ્રિયોએ જણાવ્યું કે; જેવી રીતે મૂંગા લોકો જીવે છે તેમ." પછી ચક્ષુ એક વર્ષ બહાર ફરીને આવી; આવીને પૂછ્યું, કે તમે મારા વગર કેવી રીતે જીવિત રહ્યાં તેમ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું. ઈન્દ્રિયોએ જવાબ આપ્યો કે, જેમ નેત્રહીન લોકો જીવે છે તેમ. તે જ પ્રમાણે શ્રોત્ર બહાર જઈને આવે છે. તેને પણ ઈન્દ્રિયો જવાબ આપે છે કે, જેમ બધિર જીવે છે તેમ. મનને ઈન્દ્રિયોઓએ ઉત્તર આપ્યો કે; જેમ બાળક મનોવ્યાપાર વગર જીવે છે તેમ. અંતમાં પ્રાણ બહાર જવા લાગ્યો ત્યારે તેની સાથે જ શ્રોત્ર વગેરે ઈન્દ્રિયો પણ ખેંચાવા લાગી જેમ જાતવાન અશ્વ ખીલો ખેંચીને ભાગે તેમ ખેંચાવા લાગી તેથી સર્વેએ સમજી લીધું કે અમારામાં પ્રાણ જ સર્વશ્રેષ્ઠ છે.

ઉપનિષદ્ શૈલીના ભાવપક્ષ અને કલાપક્ષ બંનેને મહત્ત્વ આપે છે.

વાણીની સૃષ્ટિ દ્વારા જ અંધકારને દૂર કરી શકાય છે. કારણ કે વાણી ન હોય તો ધર્મ–અધર્મ, સત્ય–અસત્ય, સાધુ–અસાધુ, કોણ સહૃદય છે? કોણ હૃદય શૂન્ય છે? તેનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. વાક્ જ આ બધાને સૂચિત કરે છે, તેથી વાક્ની જ ઉપાસના કરો.[8] આ વાક્ વિચારથી સમન્વિત હોવી જોઈએ. તેથી શ્રી મહાકવિ કાલિદાસ પણ રઘુવંશના પ્રારંભે શિવ અને પાર્વતીની સ્તુતિ કરતાં કહે છે કે, "શિવ અને પાર્વતી જોડાયેલાં જ રહે છે, તેમ વાણી અને અર્થ જોડાયેલા રહે." આમ વાણી અર્થને વિચારને અનુસરતી હોવી જોઈએ.[9]

છાન્દોગ્ય ઉપનિષદ્ વાક્ની કલાપક્ષને દર્શાવતા કહે છે કે, વાણીનો રસ કવિતા છે, કવિતાનો રસ સામ, અર્થાત્ લય–નાદ–સૌંદર્ય અથવા સમરસતા છે. સામનો રસ ઉદ્ગીથ છે.[10]

આમ વાણીનું સૌંદર્ય છંદ પરિધાન અને સ્વરોનું સામંજસ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ભૌતિક વ્યાખ્યા બાદ વાણીનું અધિદૈવત સ્વરૂપ આપતા જણાવ્યું છે કે, તે "બ્રહ્મનો ચતુર્થ પાદ છે."[11]

આ વાણી આત્મામાંથી બહાર આવે છે, ત્યારે તેને દેવી સ્વરૂપે ભવભૂતિ વ્યક્ત કરે છે.[12]

❑ દૃષ્ટાન્ત :

મન વશ થતાં આત્માની પ્રાપ્તિ થાય છે અને સંસારમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે. તે દૃષ્ટાન્તથી સમજાવતાં શાકાયન્ય મુનિ જણાવે છે કે; જેવી રીતે કાષ્ઠ પૂર્ણ થાય ત્યારે અગ્નિ પોતાની મેળે જ ઠરી જાય છે, તેમ વૃત્તિઓનો નાશ થતાં ચિત્ત પોતાના કારણરૂપ આત્મામાં શાંત થઈ જાય છે.[13]

વાણી અને પ્રાણ "ૐ"ના સંસર્ગથી કામના પૂર્તિની બાબતને સમજાવવા માટે સ્ત્રી–પુરુષ રૂપ યુગલ એક–બીજાના સંપર્કમાં આવીને અન્યોન્યની કામના પૂર્તિ કરે છે. તે દૃષ્ટાન્ત આપી વાણી અને પ્રાણ ૐ રૂપી ઉદ્‌ગીથનાં સંપર્કમાં આવવાથી ઈચ્છાની પૂર્તિ કરે છે.[14]

મહો.[15]માં સંસાર બંધનનું દૃષ્ટાન્ત આપતાં ઋષિ જણાવે છે કે; આત્મા પોતેજ આ શરીરની રચના કરે છે અને પછી તેનાં મોહમાં ફસાયે જાય છે, તે માટે કોશેટોનું ઉદાહરણ આપે છે. કોશેટો સ્વયં પોતાની જાતે જ બંધનમાં પડે છે તેમ આત્મા જાતે જ બંધનમાં પડે છે. બીજું દૃષ્ટાન્ત એ છે કે; સાંકળમાં જકડાયેલ સિંહની સમાન પોતાના દ્વારા કલ્પિત તન્માત્રારૂપી પાશમાં ચિત્ત–શક્તિ નિતાંત વિવશ બની જાય છે.

પ્રકૃતિની એ લીલા છે કે; ભ્રમરી કીટને લઈ આવે છે, તેની ઉપર સતત ગુંજન કરતા કીટ ભ્રમર બની જાય છે. જેને કીટ–ભ્રમર ન્યાય કહેવામાં આવે છે. એ જ રીતે તુરયાતીત અને અવધૂત સંન્યાસી ભ્રમર–કીટ સમાન સતત પોતાના સ્વરૂપનું જ અનુસંધાન કરતાં રહે છે. અહીં સહજ દૃષ્ટાન્તથી પોતાના આત્મસ્વરૂપ બ્રહ્મનો નિર્દેશ ઋષિએ કરી દીધો છે.[16]

આત્મા પરબ્રહ્મનો જ અંશ છે. તે સમજાવવા દીપક અને ચિનગારીનું દૃષ્ટાન્ત આપે છે. મારા ચૈતન્યરૂપથી જ ઘટ–પટ વગેરેથી સૂર્ય સુધી દીપકની જેમ પ્રકાશિત થાય છે. આ બધી ઈન્દ્રિયોની વૃત્તિ અંતઃ પ્રકાશથી જ ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિમાંથી ચિનગારીઓ.[17]

સ્પર્શ થયો હોવા છતાં જરાપણ અસર ન થાય તે માટે; કમલપત્ર ઉપર જલબિન્દુનું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. તે છા. ઉપ.[18] આપે છે. એ જ પ્રમાણે ક્ષુધા–તૃષાથી પીડિત બાળક જેવી રીતે મા ને પુકારે છે, મા ને યાદ કરે છે તેમ દરેક પ્રાણી વૈશ્વાનરરૂપી અગ્નિની ઉપાસના કરનારની ઉપાસના કરે છે. ઋષિને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગહન સત્યને વ્યક્ત કરવા માટે અને સરળ રીતે સમજાવવા માટે દૃષ્ટાન્ત જ સરળ અને અનુકૂળ પડે છે. જે આપણે શ્વેતકેતુ–ઉદ્દાલક, ઈન્દ્ર, વિરોચન – પ્રજાપતિ વગેરેની કથામાં જોઈ શકીએ છીએ. (સમાજદર્શન – શિક્ષણ તથા તત્ત્વજ્ઞાનમાં ઉદાહરણ સહિત આપેલ છે.)

બ્રહ્મમાંથી જ જગત્ ઉત્પન્ન થાય છે, તેમાં જ રહે છે અને તેમાં જ લય પામે છે તે માટે કરોળિયાનું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. શાંકર વેદાન્તનાં સિદ્ધાન્તમાં આ દૃષ્ટાન્ત મહત્ત્વપૂર્ણ સ્થાન પામ્યું છે. તે મૈત્રા. ઉપનિષદ્માં છે.[૨૯]

પ્રકૃતિનાં ખોળે રમનારા ઋષિઓ પાસે પ્રકૃતિની લીલામાંથી જ ઉદાહરણ આવે છે. દરેક પશુ–પક્ષીની કુદરતી વિશેષતાઓ હોય છે. તે વિશેષતાઓને દૃષ્ટાન્તરૂપે લઈને ઋષિ જણાવે છે કે; એવું જ જીવન શ્રેષ્ઠ છે, જે જીવનમાંથી પુનરાવૃત્તિ થતી નથી; પરંતુ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરેલ ગર્દભ જેવું નહીં, જે અસક્ત હોવા છતાં બોજ ઉઠાવવા માટે વિવશ હોય છે. જ્ઞાનીજન માટે શાસ્ત્ર બોજા સમાન છે. રાગદ્વેષ યુક્ત પુરુષ માટે જ્ઞાન બોજ સમાન છે. જે અશાંત છે. તેને મન પણ બોજ સમાન છે અને આત્મજ્ઞાનથી હીનને માટે દેહ બોજ સમાન છે. એ જ પ્રમાણે તૃષ્ણાને માટે કુતરાનું દૃષ્ટાન્ત લઈને આવે છે, કુતરીની પાછળ કૂતરો જેમ ભમતો રહે છે તેમ તૃષ્ણાવાળું મન આમતેમ ફરતું રહે છે.[૩૦]

(અ) રાજા બૃહદ્રથ શાકાયન્ય મુનિને પોતાને શરણ આપવાનું કહેતાં જણાવે છે કે, જેમ અંધારા કુવામાં દેડકો પડેલો હોય તેમ હું પડેલો છું; તમે જ મને શરણ આપવા સમર્થ છો. આમ અહીં અજ્ઞાનરૂપી સંસાર તે કૂવો અને દેડકો એટલે પોતે અજ્ઞાનરૂપી પાશમાં બંધાયેલ જીવ.[૩૧]

ઋષિઓ આત્મા, જીવ અને બ્રહ્મના સ્વરૂપને વ્યક્ત કરવા માટે રૂપકનો સરસ રીતે પ્રયોગ કરે છે. અશ્વત્થવૃક્ષ, ધનુષ્ય વગેરેનાં રૂપકો ઉપનિષદોમાં પ્રસિદ્ધ છે. મૈત્રા. ઉપ.[૩૨] બ્રહ્મરૂપી લક્ષ્યને સિદ્ધ કરવા માટે રૂપકનો પ્રયોગ કરતાં સમજાવે છે કે; શરીર ધનુષ્ય છે. ઓમકાર બાણ છે. તેની શિખા (અગ્રભાગ) મન છે, તમો ગુણને ભેદીને તમ અને અતમથી વિંટળાયેલા ભાગને અલાતચક્રની જેમ સ્ફૂર્તિપૂર્વક ભેદીને આદિત્યવર્ણના ઉર્જામય પરબ્રહ્મને તમસથી પર જોવા જોઈએ.

વૃક્ષનું રૂપક ગીતા, કઠો. તેમજ મૈત્રા.[૩૩] ઉપ.માં પણ છે. ગીતાની જેમ જ અશ્વત્થવૃક્ષની રજૂઆત કરતાં જણાવે છે કે; ઉપર મૂળ છે, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી વગેરે તેની શાખાઓ છે. આ અશ્વત્થ જ બ્રહ્મ છે, તે તેજ સ્વરૂપ છે.



For Private And Personal Use Only

શરીરને રથનું રૂપક આપવામાં આવે છે. પાંચ ઇન્દ્રિયો લગામ છે, પાંચ કર્મેન્દ્રિય ઘોડા છે, શરીર રથ છે, મન સારથી છે અને સ્વભાવ પ્રકૃતિ(ચાબુક) છે. આ ચાબુકથી પ્રેરિત થઈને શરીર ચક્રની જેમ પ્રેરિત થાય છે, પરંતુ મૃત્યુબાદ તે ચેતન હીન દેખાય છે. ઉત્પ્રેક્ષાનો પ્રયોગ કરીને જણાવે છે કે, જાણે આ આત્મા શરીરના વશમાં હોય છે અને શુભાશુભ કર્મોનાં ફળનાં બંધનમાં પડી ગયો છે અને તેથી ભિન્ન-ભિન્ન શરીરોમાં સંચાર કરે છે.[૨૪]

મહાદેવ શરીરને દેવાલયનું રૂપક આપે છે. આ શરીર દેવાલય છે અને જીવ ફક્ત પરમાત્મા છે.[૨૫]

સંન્યાસીએ અમુક પદાર્થો ખાવા જ ન જોઈએ. તેથી ઋષિ એ પદાર્થો તરફ નારાજગી ઊભી થઈ જાય તેવી ઉપમાની પરંપરા દ્વારા રજૂ કરે છે. સંન્યાસી માટે ઘી કૂતરાના મૂત્ર સમાન, સાકર શરાબ તુલ્ય, તેલ સુવરના મૂત્ર સમાન, લસણ શુક્ત પદાર્થ, અડદ વગેરે ગોમાંસ સમાન, દૂધ મૂત્રની સમાન છે, માટે હંમેશાં તેનો ત્યાગ કરવો જોઈએ.[૨૬]

આ જ રીતે ત્યાગ કરવાની વસ્તુમાં પણ ઉપમાની પરંપરા રજૂ કરે છે. ઘીને રુધિરની સમાન, એકત્ર કરેલા અન્નને માંસની સમાન, ગંધ લેપનને ગંદી વસ્તુ સમાન, નમકને અંતયજ સમાન, વસ્ત્રને એંઠા વાસણની જેમ, તેલ-માલીસને સ્ત્રી પ્રસંગની સમાન, હંસી-મજાકને મૂત્રની જેમ, ઘમંડને ગોમાંસની જેમ, પરિચિતના ઘરની ભિક્ષાને ચાંડાલની ભિક્ષા સમાન, સ્ત્રીને સર્પિણીની જેમ, સુવર્ણને કાલકૂટ વિષની સમાન, સભા વગેરેને સ્મશાનની જેમ, રાજધાનીને કુંભીપાક નર્કની સમાન, એક જ ઘરની ભિક્ષાને મૃતક ભોજન સમાન સમજીને ત્યજી દેવી.[૨૭]

કોઈપણ કવિ ઉપમાના પ્રયોગ વગર રહી જ શકે નહીં. ઉપ.નાં ઋષિઓ પણ પોતાની ભાવનાને વ્યક્ત કરવા માટે વિવિધ અલંકારોનો પ્રયોગ કરે છે. મહો.[૨૮] શુકદેવજીની નિશ્ચિયાત્મકતાને વ્યક્ત કરવા માટે તેની સરખામણી પર્વત સાથે કરે છે. શુકદેવજીના અદ્વૈતભાવને વ્યક્ત કરતાં ઋષિ જણાવે છે કે; "જેવી રીતે સમુદ્રમાં જલ-કણ વિલીન થઈને સમુદ્રરૂપ થઈ જાય છે; એવાં શુકદેવજી સંકલ્પરૂપ દોષોથી મુક્ત શુદ્ધ સ્વરૂપ થઈ વાસના વિહીન થઈ પવિત્ર અને નિર્મલ આત્મપદમાં એકીભાવને પ્રાપ્ત થઈ ગયા."[૨૯]

અજ્ઞાની વ્યક્તિની રજૂઆત કરવા માટે માણેની રજૂઆત કરે છે. જે આત્મ તીર્થને છોડીને અન્ય તીર્થોમાં ભ્રમણ કરે છે, તે બહુમૂલ્ય રત્નનો ત્યાગ કરીને કાચને શોધતો ફરે છે.[૩૦]

વૃત્તિ નાશને માટે શેકાયેલા બીજની ઉપમા આપે છે. શેકાયેલું બીજ જેવી રીતે અંકુર ઉત્પન્ન કરી શકતું નથી, એવી રીતે જે જીવન્મુક્ત થઈ ગયા હોય તેની હૃદયની વાસના જ શુદ્ધ બની જાય છે.[૧]

સંન્યાસીને માટે સ્વરૂપાનુસન્ધાન સિવાય દરેક બાબત નિરર્થક છે, તે દર્શાવવા વિવિધ ઉપમાઓનો પ્રયોગ કરે છે. શાસ્ત્રોનો અભ્યાસ ઊંટ ઉપર કેસર લાદવા સમાન વ્યર્થ છે, યોગ, સાંખ્ય; વગેરેનો અભ્યાસ, મંત્ર–તંત્રનો વ્યાપાર મૃતકનાં શરીર ઉપર અલંકારોની જેમ વ્યર્થ છે. નામ–કીર્તન વગેરેમાં ભાગ ન લેવો જોઈએ; કારણ કે કોઈપણ કર્મનું ફળ ભોગવવું જ પડે છે. તેથી એરંડીના તેલનાં ફીણની જેમ તેનો ત્યાગ કરી દેવો જોઈએ.[૨]

બાણભટ્ટની ઉત્પ્રેક્ષા પરંપરાની યાદ અપાવે તેવી ઉત્પ્રેક્ષા પરંપરા મૈત્ર. ઉપ.[૩] (જીવ)ને માટે આપે છે. "બદ્ધ પુરુષ મહાનદીની ઊર્મિની જેમ રોકવો મુશ્કેલ, સમુદ્રના મોજાની જેમ દુર્નિવાર, સત્–અસત્ના ફલથી પશુની જેમ પાશમાં બંધાયેલ પૂર્ણ અસ્વતંત્ર છે, યમનાં રાજ્યમાં ભયભીતની જેમ રહે છે. મદિરાથી ઉન્મત્તની જેમ મોહથી ઉન્મત્ત, પાપથી ભ્રમિત થયેલાની જેમ ભ્રમિત, મહાસર્પથી દંશની જેમ વિષયથી દંશિત, મહાઅંધકારની જેમ રાગથી અંધ, ઇન્દ્રજાલની જેમ માયામય, સ્વપ્નની જેમ મિથ્યાદર્શન, કદલીગર્ભની જેમ અસાર, નટની જેમ ક્ષણમય વેષ ધારણ કરનાર, ભીંતના પડછાયાની જેમ મિથ્યા મનોરથ."[૪] "આગળ વધતા કહે છે કે; "શબ્દ, સ્પર્શાદિ વિષયો અર્થનાં અનર્થની જેમ અસાર છે. આમાં આસક્ત ભૂતાત્માને પોતાનું સત્ય સ્વરૂપ યાદ આવતું નથી."[૫]

કાવ્યમાં સૌંદર્ય અત્યંત મહત્ત્વનું છે. આ સૌંદર્યમાં લય, નાદ વગેરેથી પૂર્ણ વાણીને જ દેવી વાણી કહેવામાં આવે છે. પંડિતરાજ જગન્નાથને મતે કવિતા સૌંદર્યપૂર્ણ, ભાવપૂર્ણ અને નાદમય હોવી જોઈએ. આ વાણી છંદથી પરિધાન પામેલી હોય તો વિશેષ દીપી ઊઠે છે. તેથી જ છા. ઉપ.[૬] માં "વાણીનો રસ ઋચા(છંદ), ઋચાનો રસ સામ(સંગીત) (નાદ સૌંદર્ય), સામનો રસ ઉદ્ગીથ છે." આમ વાણી છંદ, સામ અને ઉદ્ગીથથી પરિપૂર્ણ હોવી જોઈએ.

આ સૌંદર્યપૂર્ણ વાણી જ મનરૂપ બ્રહ્મનો ચતુર્થ પાદ છે. અગ્નિરૂપ જ્યોતિથી તે પ્રકાશિત થાય છે અને ગતિ પામે છે. આ રીતે વાણીની ઉપાસના કરનાર કીર્તિ, યશ, બ્રહ્મતેજ દ્વારા પ્રકાશિત થાય છે અને તપે છે.[૭]

આ દેહ બંધનરૂપ છે. દેહમાંથી મોહ છૂટે તે માટે તેનાં દરેક અંગ વગેરેનું જુગુપ્સા ઉત્પન્ન કરે તેવું વર્ણન કરતાં રાજા બૃહદ્રથ જણાવે છે કે; "ભગવન્ આ શરીર અસ્થિ, ચર્મ, સ્નાયુ, મજ્જા, માંસ, શુક્ર,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શોણિત, વાળ, અશ્રુથી દૂષિત છે. વિષ્ટા, મૂત્ર, વાત, પિત્ત, કફના સંઘાતથી દુર્ગંધમય છે. એવા નિ:સારરૂપ શરીરથી કામોપભોગનો શો અર્થ ?[૩૬]

શ્રેષ્ઠ પુરુષોનાં સ્મરણ અને વર્ણન દ્વારા એ તરફ આગળ વધવાનું પ્રયોજન હોય છે. તેથી જ રાજા બૃહદ્રથ શરીરનું દેહમોહ છૂટે એવું વર્ણન કર્યા બાદ પરબ્રહ્મની પ્રાપ્તિ એ જ લક્ષ્ય હોવું જોઈએ. તે માટે મહાન્ ચક્રવર્તિ રાજાઓ સુદ્યુમ્ન, ભૂરિદ્યુમ્ન, ઇન્દ્રદ્યુમ્ન, કુવલયાશ્વ, યૌવનાશ્વ, અશ્વપતિ, હરિશ્ચન્દ્ર, અંબરિષ, મનુ, યયાતિ, ભરત વગેરે રાજાઓનું ઉદા. આપી તેઓ આ માર્ગે મહાન રાજલક્ષ્મીને છોડીને આગળ વધ્યા હતાં તેમ જણાવે છે.[૩૭]

સ્તુતિ માટે પ્રયોજાતી શૈલી અત્યંત સરળ, આનંદ અને ઉર્મિત તરંગોને વ્યક્ત કરતી હોય છે. તેમાં જેની સ્તુતિ કરવામાં આવે તે તત્ત્વ જ સર્વમય છે, સર્વ તે જ છે, તે સર્વ શક્તિમાન છે. તેવી ભાવના સ્તોત્ર કરનાર વ્યક્ત કરતો હોય છે. મૈત્રા. ઉપ.માં પરમતત્ત્વની સ્તુતિ છે. "તમે બ્રહ્મા છો, તમે જ વિષ્ણુ અને રુદ્ર છો, તમે જ પ્રજાપતિ છો. તમે જ વાયુ, અગ્નિ, વરુણ, ઇન્દ્ર અને નિશાકર છો, તમે જ અન્ન, યમ, પૃથિવી, વિશ્વ, આકાશ અને અચ્યુત છો. હે વિશ્વેશ્વર, વિશ્વાત્મા, વિશ્વકર્મનાં કરનાર તમને નમસ્કાર તમે જ વિશ્વનાં આયુ છો, ક્રીડારત પ્રભુ છો, શાંતાત્મા તમને નમસ્કાર, ગુહ્યતમ તમને નમસ્કાર, અચિન્ત્ય, અપ્રમેય, અનાદિનિધનાય તમને નમસ્કાર."[૩૮]

ઉપ.માં દરેક બાબતો પ્રશ્નોત્તર દ્વારા જ રજૂ થાય છે. આ માટે પ્રયોજાતી સંવાદમય શૈલી અત્યંત રોચક અને જિજ્ઞાસા જાગૃત કરે છે. શ્વેતકેતુ–ઉદ્દાલક સંવાદ, રાજા પ્રવાહણ અને ઋષિઓનો સંવાદ, રાજા જાનશ્રુતિ – પૌત્રાયણ–રૈક્વ ઋષિનો સંવાદ, સનત્કુમાર–નારદ, ઇન્દ્ર–પ્રજાપતિ, શુકદેવજી–વ્યાસ–જનક, દત્તાત્રેય–મુનિસાંકૃતિ, વગેરે સંવાદો અત્યંત શ્રેષ્ઠ છે.

### (૨) નિર્વચન–વ્યુત્પત્તિ :

ભારતવર્ષમાં નિર્વચન–વ્યુત્પત્તિ શાસ્ત્રનો પ્રારંભ વેદકાળથી થયેલ છે. ઋગ્વેદમાં[૩૯] પણ અમુક શબ્દ કેવી રીતે ઉત્પન્ન થયો–નિષ્પન્ન થયો તેની ચર્ચા છે. જ્યારે પ્રોફે. મેહેન્દળે શબ્દોનાં નિર્વચનનો પ્રથમ પ્રયાસ બ્રાહ્મણગ્રન્થોથી થયેલ માને છે. બ્રાહ્મણ ગ્રન્થોની જેમ ઉપનિષદોમાં પણ નિર્વચન–વ્યુત્પત્તિ જોઈ શકાય છે. ઉપ.નાં ઋષિઓ શબ્દને–શબ્દનાં અર્થને સ્પષ્ટ કરવા નિર્વચન–વ્યુત્પત્તિ આપે છે.

નિરુક્તકાર યાસ્ક પોતાના નિરુક્તમાં શાકટાયન, ગાર્ગ્ય, ઔપમન્યવ, ઔદુમ્બરાયણ વગેરેનો નામોલ્લેખ કરે છે. તે નિર્વચન–વ્યુત્પત્તિની ચર્ચા અત્યંત પ્રાચીન સમયથી ચાલે છે તે દર્શાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) પ્રત્યક્ષવૃત્તિ (૨) પરોક્ષવૃત્તિ અને (૩) અતિપરોક્ષવૃત્તિ. એમ દુર્ગાચાર્ય ત્રણ પ્રકાર પાડે છે. ક્રિયાવાચક ધાતુ અને પ્રત્યયથી તરત અર્થ સ્પષ્ટ થાય તેને પ્રત્યક્ષ વૃત્તિવાળા, ક્રિયા શબ્દોમાં અંતર્લીન થઈ હોય તેને પરોક્ષવૃત્તિવાળા અને વ્યવહારમાં રૂઢ થયેલાં શબ્દો જેવા કે; કુશળ, પ્રવીણ વગેરે અતિ પરોક્ષવૃત્તિવાળા શબ્દો છે.

અતિ પરોક્ષવૃત્તિવાળા શબ્દોનાં નિર્વચન માટે (૧) વર્ણાગમ (૨) વર્ણવિપર્યય (૩) વર્ણમાં વિકાર (૪) વર્ણનો નાશ(લોપ) (૫) અર્થના અતિશયને કારણે ધાતુનો યોગ.[80]

[81]નિર્વચન અને વ્યુત્પત્તિમાં ભેદ છે. વ્યુત્પત્તિમાં શબ્દની મૂળ પ્રકૃતિ(ધાતુ કે પ્રાતિપાદિક) અને પ્રત્યય તથા (૨) પ્રકૃતિ–પ્રત્યયના જોડાણમાં(સંયોજનમાં) જે ધ્વન્યાત્મક ફેરફાર સૂચવતી પ્રક્રિયા. જે પાણિનિના અષ્ટાધ્યાયીમાં રહેલ છે. જ્યારે નિર્વચન એટલે વ્યાકરણગત અર્થ ધાતુ દ્વારા પ્રદર્શિત થતો અર્થ, એ શબ્દ જે પદાર્થો, દ્રવ્ય માટે વપરાતો હોય, તે પદાર્થના બધા વિભાવો– ખ્યાલોને પણ કહેવામાં આવે તે નિર્વચન. આ બાબત યાસ્કના નિરુક્તમાં જોઈ શકાય છે.

ઉપનિષદોમાં પણ આ પ્રવૃત્તિ જોઈ શકાય છે. ઉપનિષદો, ધાતુને આધારે, પદાર્થો–દ્રવ્યોને આધારે તેમજ શોધ કરનાર દ્રષ્ટા ઋષિઓને આધારે નામને સમજાવવાનો પ્રયત્ન કરે છે.

કાર્યને આધારે નામ પાડવાની સંસ્કૃત પરંપરા છે, એટલું જ નહીં, કોઈ વ્યક્તિ વિશેષ કાર્યને આધારે ઉપાસના કે પદાર્થનું નામ આપવાની સંસ્કૃત પરંપરા છે. જે આધુનિક સમયમાં પણ જળવાઈ રહેલી છે. ગુરુત્વાકર્ષણના નિયમને ન્યૂટનના નામ ઉપરથી ન્યૂટનના નિયમ તરીકે ઓળખવામાં આવે છે.

બૃહસ્પતિ અને આયાસ્ય ઋષિએ પ્રાણની ૐરૂપે ઉપાસના કરી તેથી પ્રાણ બૃહસ્પતિ અને આયાસ્ય નામે પ્રસિદ્ધ છે. વાણીનું એક નામ બૃહતી છે અને પ્રાણ તેનો પતિ છે, પ્રાણ દ્વારા શક્તિ પ્રાપ્ત થવાથી જ વાણીનો ઉચ્ચાર શક્ય બને છે તેથી પ્રાણ વાણીનાં પતિ છે, તેથી બૃહસ્પતિ નામ યોગ્ય છે, તે જ પ્રમાણે "आस्य" એટલે મુખ મૃત્યુ સમયે પ્રાણ મુખમાંથી બહાર નીકળે છે,(મુખ ખુલ્લુ રહી જાય છે.) તેથી आयास्य નામ યોગ્ય છે.[82]

साम[83] પ્રાણ જ સામ(સામવેદ) છે, વાણી તે સામ છે, "સામ" એટલે 'सा' (તે સ્ત્રી) અને 'अम' (તે પુરુષ) એ 'साम' શબ્દની વ્યુત્પત્તિ છે. અથવા તો એ માખી સમાન, મચ્છર સમાન, હાથી સમાન છે, આ ત્રણ લોક સમાન છે, આ આખા વિશ્વ સમાન છે. તેથી તેને સામ(વેદ) કહેવામાં


For Private And Personal Use Only

આવે છે. જે માણસ આ સામને આ રીતે જાણે છે, તે સામમાં ભળી જાય છે, જે લોકમાં સામ વસે છે તેને પામે છે.[૪૩]

યાસ્કનો[૪૪] 'વૃત્તિ સામાન્ય'વાળો અને 'અક્ષરવર્ણ સામાન્યને આધારે પણ નિર્વચન કરવું." એ સિદ્ધાન્ત ઉપ.માં પણ જોઈ શકાય છે. છા. ઉપ.માં[૪૫] छन्दस्‌માં આ જોઈ શકાય છે. દેવોએ વેદોનો આશ્રય લઈ ગાયત્રી વગેરે ભિન્ન–ભિન્ન છંદો દ્વારા મંત્રોથી પોતાને ઢાંકી લીધા. છંદ દ્વારા આચ્છાદિત કરવામાં આવ્યા, તેથી છંદ કહેવાય. જે आच्छादन કરે તે छन्द એ छन्दस् શબ્દની વ્યુત્પત્તિ છે.

गायत्री[૪૬] શબ્દનું √ त्रा અને √ गा એ બે ધાતુમાંથી નિર્વચન કરેલ છે. જે ગાય છે તે ગાયત્રી, અને જે રક્ષે છે તે ગાયત્રી.

ઉપ.માં નિર્વચન કે વ્યુત્પત્તિમાં तस्माद्‌ને બદલે ઘણીવાર ધાતુસાધિત ક્રિયાવાચકને પંચમી વિભક્તિમાં મૂકીને નિર્વચન વ્યુત્પત્તિ કરવામાં આવે છે.[૪૭]

યાસ્કમુનિએ સંદર્ભ વગરનાં શબ્દનું નિર્વચન ન કરવું એવી સલાહ આપેલી છે. ઉપનિષત્કાર પણ આ બાબતથી પરિચિત છે. તે એક જ શબ્દનાં જુદા–જુદાં અર્થ પ્રકરણ ભેદથી કેવી રીતે થઈ જાય છે તેની વિશદ સ્પષ્ટતા કરે છે. छा. उप.નાં પંચમ અ.ના ચતુર્થ ખંડમાં અગ્નિ, સમિધા, ધૂમ, જ્વાલા, અંગાર, ચિનગારી સ્થાનભેદથી દ્યુલોક, પર્જન્ય, પૃથિવી, પુરુષ, યોષા વગેરેમાં જોઈ શકાય છે. બીજા અધ્યાયમાં સામ–ઉપાસનાનાં વર્ણનમાં પણ આ બાબત દષ્ટિગોચર થાય છે.[૪૮]

બૃહ. ઉપ.[૪૯]નું દૃષ્ટાન્ત અત્યન્ત પ્રસિદ્ધ છે. ત્યાં એક જ અક્ષર 'द'ના ત્રણ અર્થો દમન, દાન, દયા, દેવો, મનુષ્યો, દાનવો લે છે જે પ્રજાપતિને પણ ઇચ્છિત છે જ. જે શબ્દોનું નિર્વચન સંદર્ભથી જ કરવું તેનો નિર્દેશ કરે છે.

પ્રાણની શ્રેષ્ઠતાની કથા છે. તેમાં 'વસિષ્ઠ' શબ્દનો અર્થ 'શ્રેષ્ઠ' છે. અર્થાત્ સર્વેમાં શ્રેષ્ઠ હોવાથી "પ્રાણ" "વસિષ્ઠ" છે. તેમ જણાવેલ છે.[૫૦]

બ્રહ્મના વાચક "सतीय"[૫૧] શબ્દના નિર્વચનમાં 'स' અવિનાશી છે, "त" વિનાશી અને 'यम्' એ બન્ને અક્ષરોનું નિયમન કરનાર છે. એમ અહીં અલગ–અલગ એક–એક અક્ષરના નિર્વચનથી શબ્દનું નિર્વચન કરવામાં આવ્યું છે.

उद्‌गीथ શબ્દને સમજાવવા માટે તેને उत्, गी અને थ એમ અલગ પાડવામાં આવે છે. ત્યારબાદ તેનાં જુદાં–જુદાં અર્થ આપવામાં આવે છે. જેમ કે उत् ઊંચે–ઊંચે, અર્થ હોવાથી 'ઉત્' સ્વર્ગ છે, 'गी'


For Private And Personal Use Only

મધ્યમાં હોવાથી અંતરિક્ષ છે અને 'ય' પૃથ્વી છે કારણ કે ક્રમથી સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વી આવે માટે 'ય' પૃથ્વી છે.[૫૨]

हृदयम् શબ્દનું નિરુક્ત 'हृदि अयम्' અર્થાત્ 'આ હૃદય છે." એમ અર્થ છે. આમ સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરી શબ્દનાં અર્થને સમજાવ્યો છે." હૃદયમાં રહેલ આત્માને જે જાણે છે તે હૃદય સ્થિત બ્રહ્મને જાણે છે." અહીં વ્યુત્પત્તિ માટે નિરુક્ત શબ્દનો પ્રયોગ કરેલ છે. જે. નોંધનીય છે.[૫૩]

વ્યક્તિની ઓળખ આપવા માટે વ્યક્તિ જે વસ્તુ લઈને જતી હોય તેને આધારે નામ આપવામાં આવે છે. જેવી રીતે ગાયને લઈજનાર વ્યક્તિને "ગોનાય", અશ્વને લઈજનાર વ્યક્તિને માટે "અશ્વનાય", પુરુષોને લઈ જનાર સેનાપતિ વગેરેને માટે "પુરુષનાય" કહે છે; એ જ રીતે અન્નને જલ લઈ જાય છે તેથી જલને "અશનાય" કહે છે. આમ કાર્યને આધારે નામ આપી ઓળખ આપવામાં આવે છે અને અર્થઘટન કરવામાં આવે છે.[૫૪]

મહર્ષિ પાણિનિએ જે શિવસૂત્રો આપ્યા છે. તે સૂત્રો ભગવાન આશુતોષનાં ડમરું નિનાદમાંથી પ્રાપ્ત થયા છે. તે નિનાદ સાંભળી તેઓશ્રીએ સનક વગેરે સિદ્ધોની સાથે વિચાર-વિમર્શ કરી શિવસૂત્રોની રચના કરી.[૫૫] આ જ બાબત સમજાવતાં પં. વિષ્ણુદેવ જણાવે છે કે "એક એક વર્ણ, અક્ષર સ્વરનાં એ વિવિધ રૂપોમાં અનેક પ્રતીકો જાગે છે. એમાંથી જ ઋચા, સામ અને યજુ જાગે છે. બાવન અક્ષરોની એ બાવની વાણીનો મહિમા યોગીઓએ ગાયો છે. શિવના ડમરુમાં એ નાદ જાગ્યો, સનક વગેરે ઋષિઓએ તેમાંના ધ્વનિને વર્ણ અક્ષરમાં જોયા અને अ इ उ ण् ।....વગેરે ચૌદ સૂત્રોની રચના કરી. તેઓએ ડમરુના નાદને ગાનમાં પકડયો. તેમાં આદિ સ્વરો છે, તે પછી અર્ધસ્વરો છે, તે પછીના પચ્ચીસ સ્પર્શ વ્યંજનો અને અંતે ચાર ઉષ્મ વ્યંજનો છે." વાણીનું આ ઉત્તમગીત છે, જે આદિ ગીત "ઉદ્‌ગીથ" છે.[૫૬]

પાણિનિ "સવર્ણ" સંજ્ઞાનો જે પ્રયોગ કરે છે તે ઉપ.નાં આધારે બનાવી હશે તેમ અનુમાન કરી શકાય. સવર્ણનું સૂત્ર છે "तुल्यास्यप्रयत्नं सवर्णम्" અર્થાત્ મુખ વિવરમાં સ્થાન અને આભ્યંતર પ્રયત્ન એ બન્ને જે જે વર્ણોનાં સમાન તે સવર્ણ. તેમાં સ્થાન અને પ્રયત્ન બન્નેનું મહત્વ છે. છા. ઉપ. જણાવે છે કે ઉદ્‌ગાન સમયે સ્વર, ઉષ્મ, વ્યંજન, અર્ધસ્વરનાં સ્થાન અને પ્રયત્નને જ કેન્દ્રમાં રાખી સાવધાનતાપૂર્વક ઉચ્ચારણ કરવાની વાત છે. તે ઉપરોક્ત સૂત્રમાં પણ જોઈ શકાય છે.

પાણિનિએ સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, વિવૃત, સંવૃત્ત એમ વર્ણોના ચાર પ્રકાર સ્વીકાર્યા છે. તેનો નિર્દેશ પણ છા. ઉપ.માં જોઈ શકાય છે. ત્યાં સ્વરો ઈન્દ્રનાં આત્મા જેમ 'अ'ને ગણેલ છે, પાણિનિએ વ્યવહાર માટે અલગ ગણાવેલ છે, પરંતુ શાસ્ત્રમાં અન્ય સ્વરોની સાથે ગણેલ છે. ઉષ્માક્ષરો પ્રજાપતિના આત્મા

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. સ્પર્શ વ્યંજનો મૃત્યુના આત્મા છે. સ્વરો ઘોષવાળા અવાજથી બોલવા જોઈએ. ઉષ્માક્ષરો ગળાની અંદર નહિ પ્રવેશ કરાવેલા, બહાર નહિ ફેંકેલા એવા વિવૃત' ઉઘાડા પ્રયત્નવાળા પ્રયોગથી ઉચ્ચારવા જોઈએ. મહર્ષિ પાણિની ઉષ્માક્ષરો અને સ્વરોનો પ્રયત્ન વિવૃત્ત ગણાવે છે. "विवृतं उष्मणां स्वराणां च । (ભટ્ટોજી દીક્ષિત) એ જ રીતે સ્પર્શ અક્ષરોનું ઉચ્ચારણ ધીરે-ધીરે એકબીજામાં ભળી ન જાય તે રીતે ઉચ્ચારવા જોઈએ."[૧૭]

આમ ઉપનિષદોમાં શૈલીનાં વિવિધ રૂપો જોઈ શકાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૯

## સામવેદનાં ઉપનિષદોનું સાહિત્યિક અધ્યયન

(૧) ડૉ. રાધાકૃષ્ણન

— અનુ. ચંદ્રશંકર શુક્લ, ઉપ.નું તત્ત્વજ્ઞાન પૃ. ૨૭

(૨) उपाध्याय बलदेव(आचार्य), वै. सा. और संस्कृति पृ. ५५८

(૩) શ્રી યોગેશ્વર, ઉપ.નું અમૃત પૃ. ૧૧

(૪) શ્રી વિનોબાભાવે, ઉપ.નો અભ્યાસ પૃ. ૭

(૫) स्वा. श्री विद्यानंद सरस्वती-वेदवाणी - विशेषाङ्क - पृ. ४

(૬) केनो. खण्ड. ३

(૭) छा. उप. अ. ५-१

(૮) धर्मं चाधर्मं च व्यज्ञापयिष्यन्न सत्यं.....विज्ञापयति वाचमुपास्स्वेति ॥

— छा. उप. ७-२

(૯) रघुवंश १.२

(૧૦) छा. उप. १.१.२

(૧૧) छा. उप. ३.१८

(૧૨) विन्देय देवतां वाचममृतामात्मनः कलाम् ।

- भवभूति - उत्तररामचरितम् ।

(૧૩) यथा निरिन्धनो वह्निः स्वयोनावुपशाम्यति ।

तथा वृत्तिक्षयाच्चित्तं स्वयोनावुपशाम्यति ॥

— मैत्रा. उप. ४.३

(૧૪) तदेतन्मिथुनमोमित्येतस्मिन्नक्षरे संसृज्यते.....कामम् ॥

— छा. उप. १.१.६

(૧૫) एवं जीवो हि संकल्पवासनारज्जुवेष्टितः ।

दुःखजालपरीतात्मा क्रमादायाति नीचताम् ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इति शक्तिमयं चेतो घनाहङ्कारतां गतम् ।

कोशकारकृमिरिव स्वेच्छया याति बन्धनम् ॥

स्वयं कल्पिततन्मात्राजालाभ्यन्तरवर्ति च ।

परां विवशतामेति शृङ्खलाबद्धसिंहवत् ॥

— महो. अ. ५.१२७, १२८, १२९

(१६) ......तुरीयातीतावधूतयोः स्वात्मन्येव कैवल्यं स्वरूपानुसंधानेन भ्रमरकीटन्यायवत् ॥

— संन्यासो. २.७४

(१७) मयैव चेतनेनेमे सर्वे घटपटादयः

सूर्यान्ता अवभास्यन्ते दीपेनेवात्मतेजसा ॥

मयैवैताः स्फुरन्तीह विचित्रेन्द्रियवृत्तयः ।

तेजसान्तः प्रकाशेन यथाग्निकणपङ्क्तयः ॥

— संन्यासो २.३८-३९

(१८) छा. उप. ४.१४.३, ५.२४.५

(१९) ...........अथ यथोर्णनाभिस्तन्तुनोर्ध्वमुत्क्रान्तोऽवकाशं लभतीत्येवं वाव खल्वसावभिध्यातोमित्यनेनोर्ध्वमुत्क्रान्तः स्वातन्त्र्यं लभते ॥

— मैत्रा. ६.२२

(२०) जातास्त एव जगति जन्तवः साधुजीविताः ।

ये पुनर्नेह जायन्ते शेषा जरठगर्दभाः ॥

भारो विवेकिनः शास्त्रं भारो ज्ञानं च रागिणः ।

अशान्तस्य मनो भारो भारोऽनात्मविदो वपुः ॥

इतश्चेतश्च सुव्यग्रं व्यर्थमेवाभिधावति ।

मनो दूरतरं याति ग्रामे कौलेयको यथा ॥

— महो. ३.१४,१५,१८

(२१) .....इत्युद्धर्तुमर्हसीति अन्धोदपानस्थो भेक इवाहमस्मिन्संसारे भगवंस्त्वं नो गतिरिति ॥

— मैत्रेयी उप. २

(२२) मैत्रा. ६.२८



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२३) ऊर्ध्वमूलं त्रिपाद्ब्रह्म शाखा आकाशवाय्वग्न्युदकभूम्यादयः ।

एकोऽश्वत्थनामैतद्ब्रह्मैतस्यैतत्तेजो यदसावादित्यः......॥

— मैत्रा. ६.४

(२४) स वा एष पञ्चधाऽऽत्मानं प्रविभज्य निहितो गुहायां मनोमयः प्राणशरीरो बहुरूपः सत्यसङ्कल्प आत्मेति स वा एषोऽस्य हृदन्तरे तिष्ठन्नकृतार्थोऽमन्यतार्थानश्नानि तत्खानीमानि भित्त्वोदितः पञ्चभी रश्मिभिर्विषयानत्ति बुद्धीन्द्रियाणि यानीमान्येतान्यस्य रश्मयः कर्मेन्द्रियाण्यस्य हया रथः शरीरं मनो नियन्ता प्रकृतिमयोऽस्य प्रतोदनं(स्तेन) खल्वीरितं परिभ्रमतीदं शरीरं चक्रमिवानेनेदं शरीरं चेतनवत् प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति ॥

स वा एष आत्मेत्यदोवशं नीत इव सितासितैः कर्मफलैरभिभूयमान इव प्रतिशरीरेषु चरत्यव्यक्तत्वात् सूक्ष्मत्वादद्दृश्यत्वादग्राह्यत्वान्निर्ममत्वाच्चानवस्थोऽकर्ता कर्तेवावस्थितः ॥

— मैत्रा, २.६,१०

(२५) ....देहो देवालयः प्रोक्तः स जीवः केवलः शिवः ।

त्यजेदज्ञाननिर्माल्यं सोऽहंभावेन पूजयेत् ॥

— मैत्रेयी उप. २.१

(२६) घृतं श्वमूत्रसदृशं मधु स्यात्सुरया समम् ।

तैलं सूकरमूत्रं स्यात्सूपं लशुनसंमितम् ॥

मापापूपादि गोमांसं क्षीरं मूत्रसमं भवेत् ।

तस्मात्सर्वप्रयत्नेन घृतादीन्वर्जयेद्यतिः ॥

— संन्यासो १३,१४

(२७) आज्यं रुधिरमिव त्यजेदेकत्रान्नं पललमिव गन्धलेपनमशुद्धलेपनमिव क्षारमन्त्यजमिव वस्त्रमुच्छिष्टपात्रमिवाभ्यङ्गं स्त्रीसङ्गमिव मित्राह्लादकं मूत्रमिव स्पृहां गोमांसमिव ज्ञातचरदेशं चण्डालवाटिकामिव स्त्रियमहिमिव सुवर्णं कालकूटमिव सभास्थलं स्मशानस्थलमिव राजधानीं कुम्भीपाकमिव शवपिण्डवदेकत्रान्नम् । न देवतार्चनम् । प्रपञ्चवृत्तिं परित्यज्य जीवन्मुक्तो भवेत् ॥

आसनं पात्रलोपश्च संचयः शिष्यसंचयः ।

दिवास्वापो वृथालापो यतीनां पातकानि षट् ॥

वर्षाभ्योऽन्यत्र यत्स्थानमासनं तदुदाहृतम् ।

उक्तालाब्वादिपात्राणामेकस्यापीह सङ्ग्रहः ॥



For Private And Personal Use Only

यतेः संव्यवहाराय मात्रालोपः स उच्यते ।

गृहीतस्य तु दण्डार्देर्द्वितीयस्य परिग्रहः ॥

— संन्यासो ९७ १००

(२८) ते भोगास्तानि भोज्यानि व्यासवृत्तस्य तम्मनः ।

जाड्यमन्दफलानी बद्धानीतानिवाचलम् ॥

— महो. २.२६

(२९) व्यपगतकलनाकलंकशुद्धः स्वयममलात्मनि पावने पदेऽसौ ।

सलिलकण इवाम्बुधौ महात्मा विगलितवासनमेकतां जगाम ॥

— महो. २.७७

(३०) आत्मतीर्थं समुत्सृज्य बहिस्तीर्थानि यो व्रजेत् ।

करस्थं स महारत्नं त्यक्त्वा काचं विमार्गते ॥

— जा. द. उप. ४.५०

(३१) संन्यासो. ५९

(३२) संन्यासो. ७५

(३३) ....महानदीपूर्मय इवानिवर्तकमस्य यत्पुराकृतं समुद्रवेलेव दुर्निवार्यमस्य मृत्योरागमनं सदसत्फलमयैः पाशैः पङ्गुरिव बद्धं बन्धनस्थस्येवास्वातन्त्र्यं यमविषयस्थस्येव बहुभयावस्थं मदिरोन्मत्त इव मोहमदिरोन्मत्तं पाप्मना गृहीत इव भ्राम्यमाणं महोरगदष्ट इव विषयदष्टं महान्धकारमिव रागमन्धम् इन्द्रजालमिव मायामयं स्वप्न इव मिथ्यादर्शनं कदलीगर्भ इवासारं नट इव क्षणवेषं चित्रभित्तिरिव मिथ्यामनोरमनित्यथोक्तम् ॥

शब्दस्पर्शादयो येऽर्था अनर्था इव ते स्थिताः ।

येषां सक्तस्तु भूतात्मा न स्मरेच्च परं पदम् ॥

— मैत्रा. ४.२

(३४) ....पुरुषस्य वाग्रसो वाच ऋग्रस ऋचः साम रसः साम्न उद्गीथो रसः ॥

— छा. उप. १.१.२

(३५) वागेव ब्रह्मणश्चतुर्थः पादः । सोऽग्निना ज्योतिषा भाति च तपति च । भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं वेद ॥

— छा. उप. ३.१८.३

(३६) कामक्रोधलोभमोहभयविषादेर्ष्येष्टवियोगानिष्टसंप्रयोगक्षुत्पिपासाजरामृत्युरोगशोकाद्यैरभिहतेऽस्मिन् शरीरे किं कामोपभोगैः ॥

— मैत्रा. १.३



For Private And Personal Use Only

(३७) मैत्रा. १.५-६

(३८) .....त्वं ब्रह्मा त्वं च वै विष्णुस्त्वं रुद्रस्त्वं प्रजापतिः । त्वमग्निर्वरुणो वायुस्त्वमिन्द्रस्त्वं निशाकरः ॥ त्वमन्नस्त्वं यमस्त्वं पृथिवी त्वं विश्वं त्वमथाच्युतः । स्वार्थे स्वाभाविकेऽर्थे च बहुधा संस्थितिस्त्वयि ॥ विश्वेश्वर नमस्तुभ्यं विश्वात्मा विश्वकर्मकृत । विश्वभुग्विश्वमायस्त्वं विश्वक्रीडारतिप्रभुः ॥ नमः शान्तात्मने तुभ्यं नमो गुह्यतमाय च । अचिन्त्यायाप्रमेयाय अनादिनिधनाय चेति ॥

मैत्रा. ५.१

(३९) ऋग्वेद १.१.२, १.१०.१

(४०) યાસ્કમુનિ, નિરુક્તમ્ પૃ.૧૧

— સંપાદક : ડૉ. વસન્ત ભટ્ટ

(૪૧) એજન પૃ. ૧૨

(४२) छा. उप. १.२

(४३) एष उ एव साम वाग्वै साऽमैष सा चामश्चेति तत्साम्नः सामत्वम् । यद्वेव समः प्लुषिणा समो मशकेन समो नागेन सम एभिस्त्रिभिर्लोकैः समोऽनेन सर्वेण तस्माद्वेव सामाश्नुते साम्नः सायुज्यं सलोकतां य एवमेतत्साम वेद ॥२२॥

— छा. उप. १.६.१-४, बृह. २२

(૪૪) નિરુક્ત પૃ. ૨૧

— ડૉ. વસન્ત ભટ્ટ

(४५) यद् एभिरच्छादयंस्तच्छन्दसां छन्दस्त्वम् ।

— छा. उप. १.४.२

(४६) छा. उप. १.११.१

(૪૭) નિરુક્ત પૃ. ૨૧

— સંપાદક : ડૉ. વસન્ત ભટ્ટ

(४८) वेदवाणी उपनिषद् विशेषाङ्क - १. पृ. ४१

(४९) बृह. ५/२

(५०) .....हाभिसमेत्योचुर्भगवन्नभि त्वं नः श्रेष्ठोऽसि मोत्क्रमीरिति ॥

— छा. उप. ५.१.१२

(५१) "तानि ह वा एतानि त्रीण्यक्षराणि सतीयमिति तद्यत्सत्तदमृतमथ यत्ति तन्मर्त्यमथ यद्यं तेन उभे यच्छति" ।

— छा. उप. ८.३.५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५२) द्यौरोदन्तरिक्षं गौः पृथिवी च.....॥

— छा. उप. १.३.७

(५३) स वा एष आत्मा हृदि तस्यैतदेव निरुक्तं हृद्ययमिति तस्माद्धृदयमहरहर्वा एवंवित्स्वर्गं लोकमेति ॥

— छा. उप. ८.३.३

(५४) छा. उप. ६.८.२

(५५) नृत्तावसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम् ।

उद्धर्तुकामः सनकादिसिद्धान् एतद्विमर्शे शिवसूत्रजालम् ॥

— नंदीकेश्वररचित काशिका

(५६) પં. વિષ્ણુદેવ, સા. ગાન આ. બા. વિ. ૧ પૃ. ૭૪૦

(५७) अमृतत्वं देवेभ्य.....२, ३, ४.....मृत्योरात्मानं परिहराणीति ॥

— छा. उप. २.२२.५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧૦

## સામવેદીય ઉપનિષદોનાં ઋષિઓનો પરિચય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧૦

## સામવેદીય ઉપનિષદોનાં ઋષિઓનો પરિચય

**ઋષિ :**

વેદોકત જ્ઞાનનાં પ્રથમ દૃષ્ટાઓને ઋષિ કહેવામાં આવે છે. તેઓ મંત્રદૃષ્ટા છે. વેદમંત્રનું અધ્યયન -જ્ઞાન ઋષિ, દેવતા, છંદ તથા તેનાં વિનિયોગ વગર ન કરવું જોઈએ. તેવી પ્રાચીન પરંપરા છે, છંદ વગેરેનાં જ્ઞાન વગર કરવામાં આવેલું અધ્યયન-સ્તુતિ અધૂરી જ રહે છે.

જેઓએ સમાધિની પરમ સ્થિતિમાં મંત્રોનું દર્શન કર્યું છે તે ઋષિ છે. નિરુકતમાં "ऋषि" શબ્દ "दृश" ધાતુમાંથી ઉત્પન્ન થયેલો માનવામાં આવ્યો છે. કારણ કે આ ઋષિઓ એ સ્તોત્ર/મંત્રોનું દર્શન કરેલ છે. નિરુકતમાં જણાવ્યું છે કે; તપસ્યારત ઋષિઓ પાસે મંત્રો ગયા.[1]

શતપથ બ્રાહ્મણમાં,[2] રિષ્ ધાતુમાંથી ઋષિ શબ્દને વ્યુત્પન્ન થયેલો માનવામાં આવ્યો છે. ત્યાં તેનો અર્થ "તપ કરવું" એવો છે. અર્થાત્ તપસ્યારત બનીને મંત્ર દર્શન કર્યું. આમ બંનેનો અર્થ એક જ છે. જે આચાર્ય યાસ્ક[3] કહે છે કે; આદ્ય ઋષિઓએ પોતાની અલૌકિક દિવ્ય શકિતને આધારે ધર્મનું સાક્ષાત્ દર્શન કર્યું. અહીં ધર્મનો અર્થ "મંત્ર" છે.[4]

અન્ય દૃષ્ટિએ મંત્ર રૂપ વાકયના વકતા તે ઋષિ;[5] અર્થાત્ જેમણે ઈચ્છિત કામનાની પૂર્તિ માટે સ્તુતિ કરી તે મંત્રના તે ઋષિ છે. આ વ્યાખ્યાને આધારે પક્ષિ, સરમા વગેરેને પણ ઋષિ માની શકાય. એટલું જ નહિં અચેતન પદાર્થને, નિકૃષ્ટ ચેતન પદાર્થને વગેરેને ઋષિ માની શકાય. આમ અહીં "ઋષિ" શબ્દ વકતાના અર્થમાં છે. ડૉ. કપિલદેવ શાસ્ત્રી દેવ ઋષિની બાબતમાં જણાવે છે કે, મંત્ર દૃષ્ટા કથિત ઋષિ કરતાં કોઈ ભિન્ન ઋષિ છે. જેવી રીતે ઉપન્યાસમાં લેખક અન્ય વ્યકિત હોય છે પરંતુ તેના સંવાદો તેના પાત્રો દ્વારા તે વ્યકત કરે છે. તે ઉપન્યાસકારથી ભિન્ન છે. તે જ પ્રમાણે મંત્રોના આ ઋષિઓને કલ્પિત માનવા જોઈએ.[6]

મહર્ષિ અરવિંદ ઋષિઓને પ્રતિકાત્મક માને છે. તેઓ જણાવે છે કે "ઋષિ, દેવતાઓના નામો, રાજાઓના નામો, યજમાનના નામ, પોતાના નામ, જીવનની સામાન્ય પરિસ્થિતિઓ વગેરે સર્વેને માટે પ્રતીકો, રૂપકો, સંકેતોનો પ્રયોગ કરવામાં ઋષિઓ સિદ્ધહસ્ત છે." તેઓની ભાષામાં "ગૌતમ" શબ્દનો અભિપ્રાય "આધ્યાત્મિક પ્રકાશમાં ઓત પ્રોત અને પરિપૂર્ણ"[7] "ગવિષ્ઠિર" શબ્દનો અર્થ" દિવ્યજ્ઞાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અથવા આધ્યાત્મિક તત્ત્વમાં સતત સ્થિર રહેનાર આ જ પ્રમાણે આધ્યાત્મિક અનુભૂતિની અભિવ્યક્તિમાં પણ પ્રતીકનો ઉપયોગ ઋષિઓ કરે છે.[7]

**દેવતાઓનું ઋષિત્વ :**

શતપથ તથા મનુસ્મૃતિમાં અગ્નિ, વાયુ અને સૂર્યનું ઋષિત્વ સ્વીકારવામાં આવ્યું છે, તેઓમાંથી ક્રમશઃ ઋક્, યજુ સામ એ ત્રણ વેદોનો પ્રાદુર્ભાવ થયો.[8] પરંતુ આ બન્ને જગ્યાએ વેદોનો પ્રાદુર્ભાવ થયો, તેમ ઉલ્લેખ છે. પરંતુ અગ્નિ વગેરેએ મન્ત્રોનું દર્શન કર્યું તેવો ઉલ્લેખ નથી. તેથી જ સ્વામી દયાનંદ સરસ્વતીનો અગ્નિ વગેરે ચાર દેવતાઓના ઋષિત્વનો મત નિરાધાર છે તેમ કહે છે. ડૉ. કપિલદેવ શાસ્ત્રી કહે છે કે "વાસ્તવમાં ઇન્દ્ર, અગ્નિ, અશ્વિની વગેરે દેવતાઓનાં નામો વૈદિક મંત્રોનાં ઋષિનાં રૂપનાં ઉલ્લેખિત છે તે વાસ્તવમાં માનવીય દ્રષ્ટા ઋષિઓએ જે દૈવી શક્તિઓનાં મન્ત્રોનાં રૂપમાં દર્શન કર્યાં તેનાં વિશેષણ અથવા નામથી પ્રસિદ્ધ થયાં, મંત્ર દ્રષ્ટા ઋષિ તથા તે મન્ત્ર દ્વારા પ્રતિપાદ્ય અથવા વર્ણ્ય દેવમાં અભેદ માનીને દ્રષ્ટા ઋષિના દૃશ્ય(મન્ત્રનાં અધિષ્ઠાતા) દેવના નામથી પ્રસિદ્ધિ સ્વાભાવિક છે.[9] દ્રષ્ટા-દૃશ્ય વચ્ચે અભેદ માનવામાં જ આવે છે, તેથી જ "બ્રહ્મને જાણનાર બ્રહ્મ બને છે."[10] એ ઉક્તિ પ્રસિદ્ધ છે.

**□ પ્રાકૃતિક તત્ત્વો :**

પ્રાકૃતિક તત્ત્વોને, પશુ-પક્ષીઓને તેમજ દેવોને પણ ઋષિ તરીકે, જ્ઞાન આપનાર તરીકે સ્વીકારવામાં આવે છે. દત્તાત્રેયજીને કૂતરો વગેરે ૨૪ ગુરુઓ હતાં. તે પ્રસિદ્ધ છે. એટલું જ નહીં ભાવના, ગુણ, ક્રિયા, વિશિષ્ટ સ્થિતિ, અચેતન વસ્તુઓનાં બોધક શબ્દ વગેરેનો પણ ઋષિનાં સંદર્ભમાં, જ્ઞાન આપનારના સંદર્ભમાં ઉલ્લેખ છે. તેથી તેને ઋષિ સંજ્ઞા વાચક શબ્દ ન માની શકાય.[11]

દેવ ઋષિઓ-ઋષિકા, મહર્ષિઓ, રાજર્ષિ, આસુરી એમ વિવિધ ઋષિઓ ઉપનિષદમાં છે. શરૂઆતમાં દેવઋષિઓ અગ્નિ, ઇન્દ્ર, કૃષ્ણદ્વૈપાયન વ્યાસ, કાલાગ્નિરુદ્ર, દત્તાત્રેય, નારદ, બૃહસ્પતિ, બ્રહ્મા, વાયુ, વાસુદેવ છે અને ઋષિકા ઉમાદેવી, ત્યારબાદ મહર્ષિઓમાં અતિધન્વા, આયાસ્ય, અંગિરા, ઇન્દ્રદ્યુમ્ન, ઉદર શાંડિલ્ય, ઉદ્દાલક આરુણિ, ઉપકોસલ, ઉષસ્તિ, ઋભુ, કપિલ, કાત્યાયન, કાપેય, કૌષીતકિ, કૃષ્ણ, ગ્લાવ, ગૌતમ, ગૌશ્રુતિ, ઘોર, જન, જાબાલિ, દાલ્ભ્ય(બક), નિદાઘ, પૈપ્પલાદિ, પ્રાચીનશાલ, બુડિલ, ભારદ્વાજ, ભુસુંડી, મહિદાસ ઐતરેય, મૈત્રેય, રૈક્વ, વસિષ્ઠ, શાકાયન્ય મુનિ, શિલક, શુકદેવજી, શાંડિલ્ય, શૃંગ, શ્વેતકેતુ, સત્યકામ, સત્યયજ્ઞ, સનત્કુમાર, હારિદ્રુમત છે. રાજર્ષિઓમાં અભિપ્રતારી, અશ્વપતિ, જડભરત, જનક, જાનશ્રુતિ, પ્રવાહણ અને બૃહદ્રથ છે. અસુર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઋષિઓમાં એકમાત્ર વિરોચન આવે છે. આ ક્રમમાં જ ઋષિઓનું નિરૂપણ કરેલ છે. ઉપરાંત પરિશિષ્ટ પણ આપેલ છે.

## (૧) અગ્નિ :

અગ્નિ એ પ્રાચીન દેવ છે. ઋગ્વેદના પ્રથમ સૂક્તમાં જ તેની સ્તુતિ કરવામાં આવે છે. અગ્નિ પ્રકાશ આપનાર, દોરનાર, સંપત્તિ–સુખ આપનાર, પ્રેરનાર અગ્રણી છે. તેથી જ વેદમાં "વિપ્ર" એવું નામ અગ્નિ માટે પ્રયોજવામાં આવે છે. ઋષિઓને આ અગ્નિની ઉપાસના દ્વારા જ જ્ઞાન પ્રાપ્તિ થાય છે. તેથી તે અગ્નિને જ આરાધ્યદેવ તરીકે માની યજ્ઞ કરે છે. યમરાજ નચિકેતાને જે વિદ્યા આપે છે તે "નાચિકેત અગ્નિ" તરીકે પ્રસિદ્ધ છે.

છા. ઉપ.માં સત્યકામ જાબાલને[૮] સર્વપ્રથમ અગ્નિ જ ઉપદેશ આપે છે. સત્યકામ જાબાલના શિષ્ય ઉપકોસલને[૯] ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ અને આહ્વનીય અગ્નિ ઉપદેશ આપે છે. એ જ પ્રમાણે રાજા પ્રવાહણ ઉદ્દાલક વગેરે મહર્ષિઓને વૈશ્વાનરરૂપ અગ્નિવિદ્યાનો ઉપદેશ કરી તે અગ્નિવિદ્યાની ઉપાસના કરવાનું કહે છે.[૧૦] આ વૈશ્વાનરરૂપ અગ્નિ આપણા શરીરની અંદર જ સ્થિત છે. તે આ ઉપદેશને આધારે સમજી શકાય છે. કારણ કે તેઓ 'પ્રાણાય સ્વાહા', 'અપાનાય સ્વાહા', 'વ્યાનાય સ્વાહા', 'સમાનાય સ્વાહા', 'ઉદાનાય સ્વાહા' એ રીતે ક્રમશઃ ઉપદેશ આપે છે. ગીતામાં[૧૧] પણ ભગવાન વૈશ્વાનરરૂપે હું મનુષ્યના ઉદરમાં રહું છું તેમ જણાવે છે. આ અગ્નિનું વિગ્રહધારીરૂપ કેનો.[૧૨]માં વર્ણિત છે. ત્યાં તે અભિમાની દેવતાના રૂપમાં રજૂ થાય છે. ઇન્દ્રની આજ્ઞાથી તે યક્ષને જાણવા માટે જાય છે. યક્ષને પોતાનો પરિચય આપતા જણાવે છે કે "હું અગ્નિનામવાળો જાતવેદા છું અને પૃથ્વી તેમજ અંતરિક્ષમાં જે કાંઈ છે તેને બાળી નાખવા સમર્થ છું." પછી યક્ષ ઘાસનું તણખલું આપે છે, લાખ પ્રયત્નો છતાં તે બાળી શકતો નથી અને લજ્જામય બની પરત આવે છે.

નિરુક્ત અગ્નિ જાતવેદા છે તેમ જણાવી પૃથ્વી સ્થાનીય દેવતા તરીકે ઓળખાવે છે. અગ્નિને પ્રત્યક્ષ દેવ અને દેવોના દૂત તરીકે વેદોમાં વર્ણવેલ છે. તે હોમ કરેલું દ્રવ્ય દેવો સુધી પહોંચાડે છે, દેવોને યજ્ઞમાં બોલાવી લાવે છે અને જે કાંઈ દૃષ્ટિ વિષયક કર્મ છે, તે અગ્નિનું છે.[૧૩]

આ પૃથ્વીલોક, પ્રાતઃ સવન, વસન્તઋતુ, ગાયત્રી છન્દ, ત્રિવૃત્ સ્તોમ, રથન્તર સામ, જે દેવો પ્રથમ પૃથ્વી લોકમાં આવ્યાં છે તે, અગ્નાયી, પૃથ્વી અને ઇલા એ ત્રણ સ્ત્રીઓ(અગ્નિની ભક્તિઓ) છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) ઇન્દ્ર :

દેવરાજ, અદિતિના પુત્ર તેનો પુત્ર જયન્ત, ઐરાવત વાહન પુરી અમરાવતી અને નન્દનવન.

તેના પર્યાયવાચીનામોમાં મઘવા, શક્ર, સુરપતિ વગેરે છે. ૫૫ પર્યાયવાચી નામો શબ્દ રત્નાવલીમાં આપેલ છે.[૧૮]

આ ઇન્દ્ર કેનો.માં વિજય પછી અભિમાનમાં આવી જાય છે. તેથી પરમતત્ત્વ બ્રહ્મ, ઇન્દ્ર વગેરે દેવોને તે મિથ્યાભિમાનમાંથી બહાર કાઢવા માટે યક્ષનું રૂપ લઈને આવે છે. પ્રથમ અગ્નિ, વાયુ તે તત્ત્વને સમજવામાં નિષ્ફળ જાય છે. છેલ્લે ઇન્દ્ર જાય છે, ત્યારે પરબ્રહ્મ જતાં રહે છે, પરંતુ જ્ઞાનરૂપી ઉમાદેવી તેને તે તત્ત્વનું જ્ઞાન આપે છે. આમ પરમતત્ત્વનું પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરવાથી તે દેવરાજ ઇન્દ્ર કહેવાય.[૧૯] અહીંયાં જેમ તેણે પ્રથમ બ્રહ્મ જ્ઞાન મેળવ્યાની કથા છે, તેમ છા. ઉપ.માં પણ બ્રહ્મતત્ત્વને જાણવાથી અમર થઈ જવાય છે, તેમ વાત સાંભળ્યા બાદ અસુરરાજ વિરોચન અને દેવરાજ ઇન્દ્ર પ્રતિનિધિ રૂપે પ્રજાપતિ પાસે બ્રહ્મવિદ્યા માટે જાય છે. જ્યારે ઇન્દ્ર સર્વ પ્રથમ હૃદય સ્થિત પરબ્રહ્મરૂપી શબલ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.[૨૦]

અંતરિક્ષમાં વિદ્યમાન એક દેવ છે. જે અનેક પરમાણુ વિશેષોના સંઘાતનું પરિણામ છે. વાયુ દ્વારા આવૃત્ત અગ્નિનું(તેજ) તેનું રૂપ છે. ઇન્દ્ર પ્રાણોથી દીપ્ત થાય છે. સોમપાન કરવાથી તેની શક્તિમાં વધારો થાય છે અને દ્યૌ તથા પૃથિવી સુધી ફેલાઈ જાય છે. ઋગ્વેદમાં ઇન્દ્ર સંબંધી સૂક્તોનું પ્રમાણ વધુ છે.

ગમેઘોને ફાડીને વરસાવે છે. તેણે સૂર્ય, દ્યૂ, તથા ઉષસ્‌ને ઉત્પન્ન કર્યા. જ્યારે વૃત્રએ જળને રોક્યા ત્યારે વજ્રથી વૃત્રનો વધ કરી જળને વહાવ્યા. તેણે દશદ્યુનું રક્ષણ કર્યું. તેને સોમરસ અને સામગાનથી સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. નેમ નામક ઋષિએ ઇન્દ્ર પ્રત્યક્ષ ન દેખાનાર નથી. ત્યારે તેણે પ્રત્યક્ષ પ્રગટ થઈને પ્રમાણિત કર્યું કે હું પ્રત્યક્ષ દેખાનાર છું.

વેદોમાં તેનાં અનેક શત્રુઓ છે, તે શત્રુઓનો મુખ્ય દુર્ગુણ પાણીને રોકવું તે છે તે શત્રુઓમાં શંબર, નમુચિ, નાર્મર, વૃત્ર વગેરે મુખ્ય છે. તેની પત્ની ઇન્દ્રાણી છે.[૨૧]

તેનાં પદનું વિશેષ મહત્ત્વ છે. દરેક મન્વન્તરમાં ઇન્દ્રનું પદ રહે છે. દરેક મન્વન્તરમાં ઇન્દ્ર અલગ–અલગ હોય છે. તે ત્રણેય લોકોનો અધિપતિ ગણાય છે. સો યજ્ઞ કરનારને ઇન્દ્રપદ પ્રાપ્ત થાય છે. તેથી જ જ્યારે સગર રાજા ૧૦૦મો અશ્વમેધ યજ્ઞ પૂરો કરવાના હોય છે, ત્યારે પોતાનું ઇન્દ્રપદ છિનવાઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જવાના ડરે તે અશ્વને કપિલમુનિના આશ્રમમાં છુપાવી દે છે. કપિલમુનિના ક્રોધથી સાઠ હજાર સગરપુત્રો નાશ પામે છે. પછી સગર, પૃથુ, રઘુ, તપશ્ચર્યા કરી ગંગાનાં અવતરણ દ્વારા તેને મુક્તિ અપાવે છે.[23] રઘુવંશીય રાજા નહુષે ઈન્દ્ર પદ પ્રાપ્ત કર્યું હતું. તે જ રીતે હિરણ્યકશિપુ, બલિ અને પ્રહલાદે પણ ઈન્દ્ર પદ મેળવ્યું હતું.[24] આમ ઈન્દ્ર સતત પોતાની સત્તા બચાવવા માટે અને ગુમાવેલી સત્તા પાછી મેળવવા માટે પ્રયત્નશીલ જોઈ શકાય છે, જે આજના રાજનેતાઓમાં દ્રષ્ટિગોચર થાય છે.

તેનાં વિષે પૌરાણિક સાહિત્યમાં અનેક કલ્પનાઓ પ્રચલિત થયેલી છે. જેમાં તેનાં શક્ર, પુરંદર નામ તેનાં કાર્યોને આધારે પડેલાં છે. તેણે પર્વતોની પાંખો કાપી સ્થિર કર્યા.[25] ગરુડ સાથેનો તેનો સંબંધ પણ પ્રસિદ્ધ છે. જેમાં કથા છે કે ગરુડે પોતાની માને દાસત્વનાં બંધનમાંથી છોડાવવા માટે દાસત્વનાં બદલામાં અમૃત લઈ આવવાનું વચન નાગોને આપ્યું. ગરુડ અમૃત લઈને આવે છે ત્યારે ઈન્દ્ર તેની ઉપર વજ્ર ફેંકે છે પરંતુ કોઈ અસર થતી નથી તેથી ગરુડની શક્તિ જાણી તેની સાથે મિત્રતા કરી યુક્તિપૂર્વક અમૃત ચોરી લેવાનું વિચાર્યું. ઈન્દ્રએ બુદ્ધિપૂર્વક કાર્ય કર્યું, અમૃત પાછું મેળવી લીધું અને ગરુડને વરદાન આપ્યું કે સર્પ તારો ખોરાક બનશે.[26] આ અમૃત દેવોએ સાગર મંથન દ્વારા પ્રાપ્ત કર્યું હતું. તે સમયે નીકળેલા રત્નોમાંથી ઐરાવત વગેરે ચાર રત્નો તેણે લીધા હતાં.[27]

ઈન્દ્રને વિશ્વરૂપ, વૃત્રાસુર તથા નમુચિનાં વધને કારણે બ્રહ્મ હત્યા લાગી હતી. તેથી તે ડરીને કમલની નાળમાં સંતાઈ ગયો હતો. આ સમય દરમ્યાન નહુષ તથા યયાતિ એમ બે ઈન્દ્રો થયા પરંતુ તુરત જ તેનું પતન થયું. ઈન્દ્રને લાગેલી આ બ્રહ્મહત્યાને દૂર કરવા માટે તેને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવી અને તે વરદાનનાં રૂપમાં ભૂમિ, વૃક્ષ, જળ અને સ્ત્રીને આપવમાં આવ્યાં. પરિણામ સ્વરૂપે પૃથ્વી ઉપર પોતાની જાતે જ ખાડાઓનું ભરાઈ જવું, ખાર જામવું વગેરે થયા છે. વૃક્ષો જ્યાંથી કાપવામાં આવે ત્યાંથી જ અંકુરોનું ફૂટવું, તથા ગુંદ/રસ નીકળવો. જેમાં પાણી મેળવવામાં આવે તેનું વધવું અને તેમાં ફીણ આવવા તેમજ સ્ત્રીઓને ગર્ભ રહે છતાં પ્રસૂતિ સમય સુધી સંભોગ કરવાની શક્તિ તથા રજોદર્શન થવું એ આ વરદાન તથા બ્રહ્મહત્યાનું પરિણામ છે.[28]

ઈન્દ્ર દમયન્તીના સ્વયંવરમાં પણ ગયો હતો. તેણે પોતાના પ્રસાદથી કુન્તી દ્વારા અર્જુનને ઉત્પન્ન કર્યો હતો. ગોવર્ધન પૂજા દ્વારા કૃષ્ણએ તેનું અપમાન કર્યું હતું.[29]

આમ ઈન્દ્ર વિષે વેદ–પુરાણ તેમજ અન્ય સાહિત્યમાં અનેકવિધ કથાઓ, તેનાં પરાક્રમો પ્રચલિત છે. તેણે રાજનીતિ સંદર્ભમાં "બાહુદંતક" નામના ગ્રંથની રચના કરી હતી તેવો મહાભારતમાં ઉલ્લેખ છે.[30]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (૩) શ્રી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ :

તેઓની પાસે શુકદેવજી સૃષ્ટિ પ્રપંચ અને આત્મના જ્ઞાન માટે આવે છે. તેઓ શુકદેવજીનાં મનનું સમાધાન ન કરી શકતાં મહારાજ જનક પાસે મોકલે છે.[૩૧]

મહર્ષિ વ્યાસ પરાશર ઋષિનાં મત્સ્ય કન્યાથી ઉત્પન્ન થયેલ પુત્ર છે. એક સમયે મહર્ષિ પરાશર તીર્થયાત્રા કરતાં—કરતાં ગંગા કિનારે પહોંચ્યા. ત્યાં મત્સ્ય(કૈવર્તક) કન્યા સત્યવતીને જોઈને કામાસક્ત થયા. સંભોગની માંગણી કરી. સત્યવતીએ કૌમાર્ય ભાવ નષ્ટ થવાનો ભય વ્યક્ત કરતાં તેને આશીર્વાદ આપ્યો કે; "સંભોગ બાદ પણ તેનું કૌમાર્ય અખંડ રહેશે અને તેના શરીરમાં જે દુર્ગંધ છે તે દૂર થશે અને અત્યંત મોહક સુગંધ પ્રાપ્ત થશે અને તે એક યોજન સુધી ફેલાશે. પરિણામે લોકો તેને "યોજનગંધા" કહેશે."[૩૨] ત્યારબાદ મહર્ષિ પરાશરે સત્યવતીથી વ્યાસ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. જે યમુના નદીના દ્વીપ ઉપર ઉત્પન્ન થયેલો હોવાથી "દ્વૈપાયન વ્યાસ" કહેવાયા.[૩૩]

સત્યવતીનું એક નામ "કાલી" પણ છે તેથી માતાના નામના આધારે "કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ" તરીકે પણ તેઓશ્રી પ્રસિદ્ધ છે.[૩૪]

પારાશર્ય વ્યાસ ક્રાન્તદર્શી, અગાધ વિદ્વતા, વિરાગી દૃષ્ટિકોણ વગેરે અતુલ્ય ગુણો હતાં. તેથી જ તેઓને ભગવાનના અવતાર તરીકે ગણવામાં આવ્યાં છે.[૩૫]

[૩૬]ભારતવર્ષમાં ભારતીય સંસ્કૃતિનું પુનર્જાગરણ તેઓશ્રીએ પોતાનાં અગાધજ્ઞાનને આધારે અષ્ટાદશપુરાણ વગેરે સાહિત્ય રચીને કર્યું છે. તેથી જ તેઓની ભારતીય સાહિત્યરૂપી દીપકમાં તેલ પૂરનાર/પ્રાણ પૂરનાર તરીકે સ્તુતિ કરવામાં આવે છે.[૩૭] વિશ્વને અનુપમ ભેટ શ્રીમદ્ ભાગવદગીતા પણ તેઓનાં દ્વારા જ ગ્રંથન પામી છે. આ વ્યાસનો વૈદિક સાહિત્યમાં નિર્દેશ નથી. પરંતુ પારાશર્ય પૈતૃક નામ પ્રાપ્ત થાય છે. પ્રાશ્ચાત્ય વિદ્વાન વેબરનાં મતે શુકલ યજુર્વેદની આચાર્ય પરંપરામાં પરાશર અને તેના વંશજોનું ખૂબ જ પ્રભુત્વ હતું.

મહર્ષિ વ્યાસનો પાણિનિ નહીં પરંતુ પતંજલિ અનેકવાર ઉલ્લેખ કરે છે. તેથી એવું અનુમાન કરી શકાય છે કે મહાભારતની રચના પાણિનિ પછી અને પતંજલિ પહેલાં થઈ હશે. આ મહાભારત પુરાણ વગેરેમાં તેઓને મહર્ષિ પરાશરનાં પુત્ર કહેવામાં આવ્યાં છે. તેઓનો જન્મ વૈશાખ પૂર્ણિમાના દિવસે થયેલો માનવામાં આવે છે, કારણ કે તેમનો જન્મોત્સવ તે દિવસે મનાવવામાં આવે છે. અષાઢ પૌર્ણિમાને પણ તેઓનાં નામે "વ્યાસ પૂર્ણિમા" તરીકે ઓળખવામાં આવે છે. તેઓશ્રીએ અત્યંત કઠોર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપશ્ચર્યા કરીને દૂર શ્રવણ, દિવ્યદૃષ્ટિ વગેરે અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રી પોતાની તપસ્યાની બાબતમાં કહે છે કે "તપસ્યાથી એટલી શક્તિ સંચિત કરી છે કે ઇચ્છિત વરદાન આપવા માટે હું શક્તિમાન છું."[૩૮]

કૌરવ–પાંડવોનાં પિતામહ હતાં, તેથી હંમેશાં તેઓનાં હિતમાં તત્પર રહેતાં હતાં. એટલું જ નહિં; દુર્યોધન વગેરે તેની સલાહની અવગણના કરે છે તેથી તેઓ પાંડવોનાં હિતચિંતક અને તેઓ માટે કાર્ય કરતાં જોઈ શકાય છે. તેઓ જનમેજયનાં સર્પસત્રમાં પણ હતાં અને પોતાના શિષ્ય વૈશંપાયનને સ્વરચિત મહાભારતની કથા સંભળાવવાની આજ્ઞા કરી હતી.

તેઓશ્રીને ઘૃતાચી નામની અપ્સરાથી શુક નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો.[૩૯] જ્યારે સ્કંદ પુ.માં[૪૦] જાબાલિ ઋષિની કન્યા વટિકાથી ઉત્પન્ન થયેલો દર્શાવ્યો છે. શુક ઉપરાંત ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નિયોગ પદ્ધતિથી ઉત્પન્ન થયેલાં પુત્ર છે.

વ્યાસજી કુરુક્ષેત્ર, દારુકાવન, બદરિકાશ્રમ વગેરે જગ્યાએ રહેલાં હતાં. તેઓનાં શિષ્યોમાં સુમંતુ, વૈશંપાયન, જૈમિનિ, પૈલ વગેરે મુખ્ય છે.

મહર્ષિ વ્યાસનો ધર્મસંદેશ એ જ છે કે ચતુર્વિધ પુરુષાર્થોમાં; ધર્મનાં આચરણ દ્વારા જ અર્થ અને કામની સિદ્ધિ કરવી જોઈએ. કારણ કે મનુષ્યજાતિ અને સમગ્ર સૃષ્ટિનું હિત જ ધર્મ આચરણ દ્વારા અર્થ–કામ અને મોક્ષની પ્રાપ્તિમાં છે. આ સંદેશ તેઓ વારંવાર આપે છે તેમ છતાં કોઈ સાંભળતું નથી તેથી જ મહાભારતમાં પોતાની વ્યથાને વ્યક્ત કરતાં જણાવે છે કે "હું હાથ ઊંચા કરી–કરીને કહું છું પરંતુ કોઈ સાંભળતું નથી, ધર્મથી જ અર્થ અને કામ સિદ્ધ થાય છે, શા માટે તેનું સેવન કરવામાં નથી આવતું ?"[૪૧]

ડૉ. રામકૃષ્ણ આચાર્યનાં મતે બ્રહ્મસૂત્રોના રચયિતા બાદરાયણ અને શ્રીમદ્ ભાગવતના રચયિતા કૃષ્ણદ્વૈપાયન વ્યાસ બન્ને અલગ વ્યક્તિ છે. તેઓ આ બાબતે એવો તર્ક રજૂ કરે છે કે મહાભારત, વિષ્ણુપુરાણમાં બાદરાયણનાં નામનો ઉલ્લેખ નથી પરંતુ આ મતનું ખંડન કરતાં ડૉ. ચતુર્વેદી જણાવે છે કે; કોઈ ગ્રંથમાં નામનો ઉલ્લેખ ન હોય તો તે કોઈ પ્રમાણ બની શકે નહિં. જેમ કે કવિ કાલિદાસે પોતાના ગ્રંથમાં નામનો જ ઉલ્લેખ નથી કર્યો તો તેને તેઓની કૃતિ ન માનવી ? તે જ રીતે તેઓશ્રી પોતાના આ મતનાં સમર્થનમાં કોઈ વૈષ્ણવ આચાર્યનું પ્રમાણ આપતા નથી માટે તેઓનો મત નિરાધાર છે. કારણ કે મહાભારતમાં જ સ્પષ્ટ રીતે વેદાન્ત રચયિતા, યોગકર્તા વગેરેના રૂપમાં કૃષ્ણ દ્વૈપાયન નામનો ઉલ્લેખ છે.[૪૨]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) કાલાગ્નિરુદ્ર :

ભગવાન શિવના મહારુદ્ર, કાલાગ્નિ રુદ્ર, પશુપતિ વગેરે અનેક નામો છે. સામવેદના ઉપ.માં તેઓનાં વિવિધ નામોનો ઉપયોગ થયેલ છે. મૈત્રેયી ઉપ.માં "મહાદેવ" નામનો ઉલ્લેખ છે. તેમાં ભગવાન મૈત્રેય તેઓની પાસે જ્ઞાનપ્રાપ્તિ માટે આવે છે. તેઓશ્રી તેમને બ્રહ્મજ્ઞાન આપે છે.[૬૩]

રુદ્રાક્ષ જા. ઉપ.માં કાલાગ્નિ રુદ્ર મહર્ષિ ભુસુંડીને રુદ્રાક્ષની ઉત્પત્તિ, તેનાં પ્રકાર, તેને ધારણ કરવાની વિધિ વગેરે બાબતે જણાવે છે.[૬૪]

ભારતીય સંસ્કૃતિમાં રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા એ ત્રિદેવની કલ્પના રહેલી છે. તેમાં રુદ્ર સંહારક, વિષ્ણુ પાલક અને બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરનાર છે. મહો.[૬૫] "નારાયણના સંકલ્પ યુક્ત ધ્યાનથી ત્રણ નેત્રો-વાળા, હાથમાં ત્રિશૂલ ધારણ કરેલ પુરુષની ઉત્પત્તિ થઈ. તે યશ, સત્ય, તપ, બ્રહ્મચર્ય, વૈરાગ્ય, નિયન્ત્રિત મન, ઐશ્વર્ય પ્રણવ યુક્ત વ્યાહૃતિઓ અને ચારવેદ તેમાં સમાશ્રિત છે. તેથી તેનું નામ ઈશાન અને મહાદેવ કહેવાયું."

યોગચૂડામણિ ઉપ. પ્રમાણે બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરનાર, વિષ્ણુ પાલન કરનાર અને રુદ્ર સંહાર કરનાર છે. આ વર્ણન જ પુરાણ કાળમાં આગળ વધે છે.

પ્રાગૈતિહાસિક સમયમાં નૈસર્ગિક ઉત્પાતોનું નિર્માણ કરનાર તરીકે 'રુદ્ર'ની ઉત્પત્તિ અને તેનું શમન કરનાર તરીકે તેને જ 'શિવ' કહેવામાં આવ્યા. આ રીતે રુદ્ર અને શિવ એક જ દેવતાનાં રૌદ્ર અને શાંત સ્વરૂપ છે.

ઋગ્વેદ વગેરે સાહિત્યમાં તેને ભૂરાવર્ણવાળા, અત્યંત તેજસ્વી, સૂર્યસમાન જાજ્વલ્યમાન, હજારો નેત્રવાળા, નીલવર્ણ અને કેશોવાળા દર્શાવવામાં આવ્યાં છે.[૬૬]

મહાભારત-પુરાણોમાં પાંચ મુખવાળા, ઈન્દ્રના વજ્ર પ્રહારથી તેનો કંઠ નીલવર્ણનો થઈ ગયો તેવો નિર્દેશ છે. જ્યારે શ્રીમદ્ ભાગવત[૬૭]માં સમુદ્ર મંથનમાંથી નીકળેલ વિષનું પાન કરવાથી તેનો વર્ણ નીલો થઈ ગયો તેવો ઉલ્લેખ છે.

તેમનું નિવાસસ્થાન કૈલાસ પર્વત, મેરુપર્વત, મુંજવાન્ પર્વત, સ્મશાન છે. અત્યંત પ્રિય નિવાસ-સ્થાન કાશી માનવામાં આવે છે. ત્યાં તેઓ હંમેશને માટે ભક્તોનું કલ્યાણ કરતા રહે છે. તેથી જ કાશીને મોક્ષપુરી પણ કહે છે. તેઓ હિમવત્ પર્વત ઉપર વૃક્ષોની નીચે પર્વતોનાં શિખરો ઉપર, ગુફાઓમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અદૃશ્યરૂપથી ઉમાની સાથે તપસ્યા રત રહે છે. શિવગણો અને શિવનાં ઉપાસકો પણ તેઓની સાથે રહે છે.

તેઓના વાહનમાં વૃષભ છે અને ધ્વજામાં પણ વૃષભનું ચિન્હ છે તેથી જ વૃષભધ્વજ કહેવાય છે. તેમનાં અનેક આયુધોમાં પાશુપતાસ્ત્ર મુખ્ય છે, જે તેમણે પાંડવપુત્ર અર્જુનને પ્રદાન કર્યું હતું.

રુદ્ર અત્યંત ક્રોધી છે. તે ક્રુદ્ધ થાય છે ત્યારે સંપૂર્ણ માનવજાતિનો વિનાશ કરે છે. તેથી જ સ્તોતાઓ દ્વારા પોતાના અને પોતાના સંતાનો વગેરેનો વધ ન કરવા માટે પ્રાર્થના કરવામાં આવે છે. તે રોગ મુક્ત કરનાર છે, ચિકિત્સક છે. તે માત્ર ક્રોધી જ નહીં, પ્રસન્ન થઈને માનવ જાતનું કલ્યાણ કરનાર પણ છે. તે ઝડપથી પ્રસન્ન થનાર છે તેથી જે તેને આશુતોષ કહે છે. શતરુદ્રીયમાં[૪૯] તેનાં બન્ને સ્વભાવનું ચિત્રણ એકદમ સ્પષ્ટ રુપે આપવામાં આવ્યું છે.[૫૦]

અથર્વવેદમાં ઈશાન, ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર, રુદ્ર, મહાદેવ એમ વિવિધ નામો આપવામાં આવ્યાં છે, પરંતુ તે દરેક પર્યાયવાચી જ પ્રતીત થાય છે. જયારે બ્રાહ્મણગ્રન્થમાં તેને ઉષસ્નાં પુત્ર તરીકે ઓળખાવવામાં આવ્યાં છે અને 'અશનિ' વગેરે નામો આપવામાં આવ્યાં છે. શતપથ બ્રાહ્મણમાં[૫૧] તેની ઉત્પત્તિ બાબતે જણાવ્યું છે કે પ્રજાપતિ દ્વારા દુહિતૃગમન કરવામાં આવતાં તેને સજા કરવા માટે રુદ્રની ઉત્પત્તિ થઈ. રુદ્રએ પશુપતિનું રૂપ ધારણ કરીને મૃગરૂપે ભાગનાર પ્રજાપતિની હત્યા કરી. પ્રજાપતિ અને તેનો વધ કરનાર રુદ્ર આજે પણ આકાશમાં મૃગ અને મૃગવ્યાધ નક્ષત્રરૂપે દેખાય છે.

ઉપનિષદોમાં શ્વેતાશ્વતર ઉપ.[૫૨]માં રુદ્ર–શિવને સૃષ્ટિનાં સર્વ શ્રેષ્ઠ દેવતા કહેવામાં આવ્યાં છે. આ ઉપ. અનુસાર સૃષ્ટિના નિયામક અને સંહારક દેવતા ફક્ત રુદ્ર જ છે. કેનો.માં રુદ્ર–શિવની પત્ની ઉમા(હૈમવતી)નો નિર્દેશ છે, જો કે ત્યાં સ્પષ્ટરૂપે તેનો પતિ તરીકે નિર્દેશ નથી, માત્ર સાથી તરીકે જ છે. ઇન્દ્ર, વાયુ, અગ્નિ એ વૈદિક દેવતાઓ પણ શિવની–રુદ્રની શક્તિથી જ કાર્યરત રહે છે તેનો નિર્દેશ ઉમા હૈમવતી કથામાં છે.

મહાભારતમાં તેમનું મહાદેવ નામ બતાવવામાં આવ્યું છે. ત્યાં તેની પત્નીમાં ઉમા, પાર્વતી, દુર્ગા, કાલી, કરાલી વગેરે દર્શાવવામાં આવી છે. તેમજ ત્યાં તેના ઉપાસકોમાં અર્જુન, અશ્વત્થામા, શ્રીકૃષ્ણ, ઉપમન્યુ, ભીમ વગેરે છે.

[૫૩]પુરાણોમાં અષ્ટ રુદ્રની કલ્પના છે. બ્રહ્માથી જન્મ પ્રાપ્ત થતાં રુદન કરવા લાગે છે. પશ્ચાત્ પ્રાર્થના કરતાં બ્રહ્મા તેને આઠ જુદાં–જુદાં નામ, પત્નીઓ, નિવાસ–સ્થાન વગેરે આપે છે. [૫૪]મહાકવિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલિદાસ અભિજ્ઞાન શાકુન્તલનાં પ્રારંભે અષ્ટમૂર્તિ શિવની સ્તુતિ કરે છે જે નામો આ પુરાણમાં આપેલી યાદી પ્રમાણે જ છે.

| | [13]રુદ્રનું નામ | પત્ની | સંતાન | નિવાસ-સ્થાન |
|---|---|---|---|---|
| ૧. | રુદ્ર | સુવર્ચલા(સતી) | શનૈશ્ચર | સૂર્ય |
| ૨. | ભવ | ઉમા(ઉષા) | શુક્ર | જલ |
| ૩. | શર્વ(શિવ) | વિકેશી | મંગલ | મહી |
| ૪. | પશુપતિ | શિવા | મનોજવા | વાયુ |
| ૫. | ભીમ | સ્વાહા(સ્વધા) | સ્કંધ | અગ્નિ |
| ૬. | ઈશાન | દિશા | સ્વર્ગ | આકાશ |
| ૭. | ઉગ્ર | દીક્ષા | સંતાન | યજ્ઞીય બ્રાહ્મણ |
| ૮. | મહાદેવ | રોહિણી | બુધ | ચંદ્ર. |

એકાદશ રુદ્ર પણ પ્રસિદ્ધ છે. શ્રીમદ્ ભાગવત્ વગેરે ગ્રંથોમાં તેનો નિર્દેશ છે.

અમુક વિદ્વાનો તેને અનાર્યનાં દેવ તરીકે ઓળખાવે છે. તેઓ શિશ્નપૂજક, યજ્ઞવિરોધી અનાર્યનાં રૂપમાં, મદ્ય-માંસભક્ષક, ભૂતોથી વીંટળાયેલા, અનાર્યના દેવોને તેઓ વૈદિક દેવ સાથે સમ્મિલિત કરી દે છે. વાસ્તવમાં પુરોત્તર વૈદિક કાળનાં આ દેવતાના ઉદાત્તીકરણમાં વૈદિક દેવતામાં થોડાક તામસ લક્ષણો આવી ગયા હશે.

શિવની અત્યંત પ્રાચીન પ્રતિકૃતિ મોહેંજોદડો અને હડપ્પા સંસ્કૃતિનાં ઉત્ખનન સમયે સિન્ધુ સભ્યતાનાં ખંડેરોમાં દેખાઈ છે. તેમાં પ્રાપ્ત થયેલા સિક્કાઓમાં શિવ સ્વરૂપની સાથે મળતાં આવતાં દેવતાની પ્રતિમા યોગાસનમાં નિર્વસ્ત્ર બેઠેલી છે. સિક્કાઓનું આ સ્વરૂપ મહાભારત વગેરેમાં વર્ણિત સ્વરૂપ સાથે મળતું આવે છે.

[14]પશ્ચિમ એશિયામાં હિટ્ટાઈટ લોકો દ્વારા પૂજિત 'તેશબ' દેવતાં અને શિવમાં ઘણું સામ્ય છે. બાબિલોનિયામાં પ્રાપ્ત અનેક શિલ્પો અને અવશેષોમાં 'તેશબ' દેવતાની પ્રતિમા વૃષભવાહન અને ત્રિશુલધારી દર્શાવવામાં આવી છે. તેની પત્નીનું નામ 'મા' હતું, જેની જગન્માતાના રૂપમાં પૂજા કરવામાં આવતી હતી.

'તેશબ' અને 'રુદ્ર'માં ઘણી સમાનતા છે. 'તેશબ' દેવતાની જેમજ રુદ્રનાં હાથમાં વિદ્યુત, ધનુષ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રિશૂલ(શૂલ), દંડ, પરશુ, પટ્ટીશ વગેરે શસ્ત્રો રહેલાં છે. તેશબની જેમ જ રુદ્રશિવ પણ અંબિકાના પતિ છે, જેને પાર્વતી, દેવી અને ઉમા પણ કહે છે. તેશબની પત્ની પણ સિંહારુઢ છે. દેવી અંબિકા પણ સિંહવાહિની છે. તેશબ દેવતાની પત્નીનું ચિત્રણ પ્રાયઃ મધુમાખીઓની સાથે કરવામાં આવ્યું છે જે માર્કંડેય[૫૫] પુ. નિર્દિષ્ટ 'ભ્રામરી દેવી' સાથે સામ્ય ધરાવે છે. ભ્રામરી દેવીએ અરુણ નામક અસુરનો વધ કર્યો હતો. તે કદાચ અસીરિયા અથવા ઈરાનમાં રહેનાર કોઈ વિપક્ષી જાતિનો નિર્દેશ કરે છે.

શિવની ઉપાસનાને આધારે અનેક સંપ્રદાયો ભારતમાં પ્રચલિત બન્યાં છે. તે શિવ કલ્યાણ કરનાર અને દુષ્ટોને રડાવનાર છે. પાપનો નાશ કરનાર હોય રુદન કરાવે છે તેથી રુદ્ર કહેવાય છે.

(૫) દત્તાત્રેય :

અત્રિમુનિ અને અનસૂયાનાં પુત્ર હતાં પતિવ્રતા અનસૂયાએ વરદાનમાં ત્રણેય દેવો (બ્રહ્મા-વિષ્ણુ-મહેશ) મારા ગર્ભથી જન્મ ધારણ કરે તેથી સ્વયં વિષ્ણુએ દત્તાત્રેય સ્વરૂપે અવતાર ધારણ કર્યો તેઓ બાળપણથી જ વિરક્ત થઈને સાધનામાં રત થઈ ગયાં જમ્ભાસુરથી પરાજય પામેલા દેવતાઓએ તેઓનાં આશીર્વાદથી જ વિજય પ્રાપ્ત કર્યો.

શ્રીમદ્ ભાગવત્‌માં તેઓનાં પૃથ્વી, વાયુ, પિંગલા, વેશ્યા, અજગર વગેરે ૨૪ ગુરુઓનો ઉલ્લેખ થયેલો છે. તેઓ ફક્ત મનુષ્ય શરીર ધારી જ ગુરુ થઈ શકે તેમ માનતા ન હતાં, પરંતુ શિક્ષા પ્રાપ્તિનું કોઈપણ માધ્યમ ગુરુનાં રૂપમાં શ્રેષ્ઠ છે. તેથી જ તેઓએ કીટ, પતંગ, બાળકને પણ ગુરુ માન્યાં હતાં.[૫૮]

તેઓએ જણાવેલ છે કે ધન અને જીવનની ઈચ્છા ન કરે કારણ કે તેનાથી શોક, મોહ, કાયરતા વગેરેની જ પ્રાપ્તિ થાય છે અજગરની જેમ સંતોષ ગ્રહણ કરવાથી ચિત્ત પ્રસન્ન રહે છે. મધમાખી મધને ભેગુ કરે છે, પરંતુ અન્ય તેનો ઉપભોગ કરે છે તેથી સંગ્રહ કષ્ટદાયક હોવાથી ત્યજવા યોગ્ય છે.[૫૯] રુ. જા. ઉપ.[૬૦]માં કાલાગ્નિ રુદ્ર પાસે રુદ્રાક્ષ ધારણ વિધિ સાંભળવા બેસે છે.

જા. દ. ઉપ.[૬૧]માં દરેક પ્રાણીઓની ઉત્પત્તિ કરનાર ચતુર્ભુજ ભગવાન વિષ્ણુએ મહાયોગી દત્તાત્રેયજીનાં રૂપમાં અવતાર ધારણ કર્યો તેમ દર્શાવ્યું છે. તેઓ યોગ સામ્રાજ્યનાં અધિપતિ હતા. તેમનાં શિષ્ય સાંકૃતિ નામના ઋષિ તેમનાં પરમભક્ત હતાં. તેમણે અષ્ટાંગયોગનું વર્ણન કરવાનું કહેતા, દત્તાત્રેયજી તેમની પાસે અષ્ટાંગ યોગનું વર્ણન કરે છે.

(૬) નારદ :

જે પરમાત્મા વિષયક જ્ઞાન આપે છે તે નારદ, અથવા નર સમૂહોની વચ્ચે ઝઘડા કરાવે છે તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નારદ.[] નારદ કણ્વ ગોત્રીય છે અને તેનો ઉલ્લેખ પર્વત ઋષિ સાથે થયેલો છે. અથર્વવેદમાં તેને દેવતાઓનાં સાથી તરીકે નિરુપવામાં આવ્યાં છે.[]

નારદમુનિ 'વાસુદેવ ઉપ.'માં ભગવાન વાસુદેવને ગોપીચંદન ધારણ વિધિ વિશે પૂછે છે અને છા. ઉપ.[]માં સનત્કુમાર પાસે આત્મજ્ઞાન માટે આવે છે. ક્રમશઃ આગળ વધારતાં સનત્કુમાર અંતમાં "વિશાળતામાં સુખ છે. "भूमा वै सुखम् ।" એ જ્ઞાન આપે છે. તેઓશ્રી સનત્કુમાર પાસે પોતાના અભ્યાસની જે વાત કરે છે, તેમાં તેનું સર્વજ્ઞપણું જણાઈ આવે છે તેમ છતાં પોતાની અજ્ઞાનતાનો પણ સહજ સ્વીકાર કરી જ્ઞાન પ્રાપ્તિ માટે સમિત્પાણિ થઈને જ આવે છે.

નારદ સર્વત્ર જઈ શકવાની શક્તિ ધરાવે છે. તે સ્વર્ગ, પૃથ્વી, વિષ્ણુલોક વગેરે જગ્યાએ લોકકલ્યાણની ભાવના સાથે સતત ફરતા રહે છે.

(૭) બૃહસ્પતિ :

એક વૈદિક દેવ છે, તેમજ બુદ્ધિ, યજ્ઞ અને યુદ્ધના અધિષ્ઠાતા માનવામાં આવે છે. તેઓને 'સદસ્પતિ', 'જયેષ્ઠરાજ' તેમજ 'ગણપતિ' નામ પણ આપવામાં આવે છે.[]

'બૃહસ્પતિઋષિએ ૐની પ્રાણરૂપે ઉપાસના કરેલ હતી, તેથી પ્રાણને બૃહસ્પતિ કહેવામાં આવે છે.[]

તેઓનાં જન્મ વિશે ઋગ્વેદ જણાવે છે કે, આકાશનાં ઉચ્ચતમ પ્રકાશમાંથી તેઓનો જન્મ થયેલ છે અને જન્મતાંજ પોતાની તેજસ્વી શક્તિ અને ગર્જના દ્વારા અંધકારને જીતી લીધો.(ઋ. ૪.૫૦, ૧૦.૬૮) તેઓનો બાહ્ય દેખાવ સપ્તમુખ, શપ્ત, રશ્મિ, સુંદર જીભ, નીલપૃષ્ઠ વગેરે રૂપે વર્ણવાયો છે. (ઋ. ૪.૫૦, ૧૦.૧૫૫) તેનાં ગુણવર્ણનમાં, તેઓ સતત રથ પર આરુઢ થઈને દેવોની સ્તુતિ કરતાં-કરતાં શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરતાં ફરે છે.(ઋ. ૨.૨૩) આ બૃહસ્પતિને પારિવારિક પુરોહિતનાં રૂપમાં પણ રજૂ કરવામાં આવ્યાં છે. તે યજ્ઞનું સંપાદન કરતાં હોવાથી મૈક્સમૂલરે "અગ્નિનો એક પ્રકાર" માનેલ છે. રોથ જણાવે છે કે "આ પૌરોહિત્ય-પ્રધાન દેવતાઓની સ્તુતિનું પ્રત્યક્ષ પ્રતિરૂપ છે."

છા. ઉપ.માં તેઓનાં નામ ઉપર સામ છે. જેનાં સ્વરનાં ગાયનની તુલના ક્રૌંચ પક્ષીના શબ્દો સાથે કરવામાં આવી છે.[]

બૃહસ્પતિની પત્નીની અપહરણ સોમે કરેલું તે કથા પણ પ્રસિદ્ધ છે. તેઓને દેવોનાં ગુરુ તથા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્ય અને બ્રાહ્મણોનાં રાજા ગણવામાં આવે છે. તેઓ દૈત્યોનાં પરાજય માટે ઈન્દ્રને સાથ આપે છે. નહુષની નજરમાંથી ઈન્દ્રાણીને યુક્તિપૂર્વક બચાવે છે.(મ.ભા.૩.૧૧)

બૃહસ્પતિનાં પરિવાર બાબતમાં અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. જે બૃહસ્પતિ વિશે મૂંઝવણ ઉત્પન્ન કરે છે. મહાભારત અને પુરાણોમાં તેઓની પત્નીઓ અને પુત્રોની બાબતમાં અનેક નિર્દેશ પ્રાપ્ત થાય છે. પરંતુ તેમાં દેવતા બૃહસ્પતિ, દેવગુરુ બૃહસ્પતિ કે બૃહસ્પતિ આંગિરસ એ ત્રણ સ્વતંત્ર વ્યક્તિઓની બાબતમાં કોઈ સ્પષ્ટતા નથી. દા.ત. તારા બાબતની કથામાં બૃહસ્પતિને દેવગુરુ અને આંગિરસ કહેવામાં આવ્યાં છે.[૭૬](મત્સ્યપુ. ૮૩.૩૦) આંગિરસને દેવગુરુ વસ્તુતઃ બૃહસ્પતિ, દેવગુરુ અને આંગિરસ ત્રણેય અલગ છે.

બૃહસ્પતિને તારા અને શુભા નામની બે પત્નીઓ હતી, અમુક ગ્રંથોમાં પ્રજાપતિની કન્યા ઉષા પણ તેઓની પત્ની હતી. તેમાં શુભાથી સાત કન્યાઓ અને તારાથી સાત પુત્રો અને એક કન્યા ઉત્પન્ન થઈ.

તેઓનાં ગ્રંથોમાં બૃહસ્પતિ સ્મૃતિ, દાનબૃહસ્પતિ, સ્વાધ્યાધ્યાય, ચાર્વાક દર્શન, વાસ્તુશાસ્ત્ર વગેરે છે.(મત્સ્યપુ. ૨૫૨)

(૮) બ્રહ્મા :

તેઓ પરમતત્ત્વનું સર્વ પ્રથમ સંતાન છે. તેની જવાબદારી સૃષ્ટિ સર્જનની છે. તે પોતાનામાંથી જગતનું સર્જન કરતાં હોય પ્રજાપતિ તરીકે પ્રસિદ્ધ છે.

તેઓ આરુણિ ઉપ.માં મહર્ષિ અરુણનાં પુત્ર આરુણિને બ્રહ્મજ્ઞાન આપે છે. છા. ઉપ.માં ઈન્દ્ર અને વિરોચનને બ્રહ્મજ્ઞાન આપે છે, તેમાં વિરોચન અધૂરાજ્ઞાન સાથે ચાલ્યો જાય છે જ્યારે ઈન્દ્ર પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે છે.[૭૭] આમ ઉપ.માં તેઓનો નિર્દેશ તત્ત્વજ્ઞાન તરીકે થયેલ છે.

છા. ઉપ.[૭૮]માં બ્રહ્મો. નામનું એક નાનુ ઉપ. છે. આ ઉપ.નું જ્ઞાન બ્રહ્માએ પ્રજાપતિ મનુને કરાવ્યું હતું. આમ અહીં બ્રહ્મા અને પ્રજાપતિ અલગ છે.

બ્રહ્મા વાલખિલ્ય નામના મુનિને, વાલખિલ્યો ભગવાન મૈત્રેયને, મૈત્રેય શાકાયન્ન મુનિને અને શાકાયન્ન મુનિ રાજા બૃહદ્રથને બ્રહ્મજ્ઞાન આપે છે.[૭૯]

તેઓનો જન્મ પુરાણકથા અનુસાર વિષ્ણુના નાભિકમલમાંથી થયો છે. મહાભારતમાં કથા છે કે સર્વ પ્રથમ પરમતત્ત્વને સૃષ્ટિની ઈચ્છા થઈ ત્યારે એક અવિનાશી બીજ સ્વરૂપ અંડ ઉત્પન્ન થયું, તેમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્યસ્વરૂપ જ્યોતિર્મય સનાતન બ્રહ્મ અંતર્યામી સ્વરૂપે પ્રવેશ પામ્યું, તેમાંથી સર્વપ્રથમ પિતામહ બ્રહ્માની ઉત્પત્તિ થઈ.

નારાયણે પ્રથમવાર ધ્યાન ધર્યું તેમાંથી મહાદેવની ઉત્પત્તિ થઈ. બીજીવાર ધ્યાન ધર્યું તે સમયે તેમનાં લલાટે થયેલા પરસેવો જળનાં રૂપમાં પરિવર્તિત થઈ ગયો. તે જળમાંથી અણુઆકાર તેજની ઉત્પત્તિ થઈ. તે તેજમાંથી ચતુર્મુખ બ્રહ્માની ઉત્પત્તિ થઈ. તેનું પૂર્વ તરફનું મુખ 'ભૂ' વ્યાહૃતિ, ગાયત્રી છન્દ, ઋગ્વેદ અને અગ્નિનું ધ્યાન ધરવા લાગ્યું, પશ્ચિમ તરફનું મુખ "ભુવઃ" વ્યાહૃતિ, ત્રિષ્ટુપ છન્દ, યજુર્વેદ અને વાયુનું ધ્યાન કરવા લાગ્યું, ઉત્તર તરફનું મુખ 'સ્વઃ' વ્યાહૃતિ, જગતી છન્દ, સામવેદ અને સૂર્યનું ધ્યાન ધરવા લાગ્યું, દક્ષિણ તરફનું મુખ 'મહઃ' વ્યાહૃતિ, અનુષ્ટુપ છન્દ, અથર્વવેદ અને સોમનું ધ્યાન ધરવા લાગ્યું. આ બ્રહ્માએ સહસ્ત્રો મુખ, નેત્રવાળા, મંગલકારી, સર્વત્ર વ્યાપ્ત નારાયણનું ધ્યાન ધર્યું. તે ક્ષીર સાગરમાં શયન કરેલા જગદીશ્વરનું તેમણે ધ્યાનમાં દર્શન કર્યું.[૩૭]

મત્સ્યપુ.માં શતરૂપા તરફ જોવાને માટે તેનાં પાંચ મુખની કથા છે, તેનું પાંચમું મુખ ભગવાન શંકરે તોડી નાખ્યું હતું. બ્રહ્મા કામાસક્ત થયા હોવાથી તેનું પુત્ર ઉત્પન્ન કરવા માટેનું કરેલું તપ નાશ પામ્યું.[૩૧]

તેની ફરજ સૃષ્ટિ નિર્માણની છે. તેણે અનેક પ્રાણીઓને ઉત્પન્ન કર્યા. મહા. અનુસાર શંકરનાં યજ્ઞમાં બ્રહ્માએ પોતાના વીર્યની આહુતિ આપી પરિણામ સ્વરૂપે પ્રજાપતિઓની સૃષ્ટિ ઉત્પન્ન થઈ. પદ્મપુ. અનુસાર તેઓએ સત્વગુણી, તમોગુણી, રજોગુણી સૃષ્ટિ ઉત્પન્ન કરી તેમાં જુદાં-જુદાં પ્રકારથી તે આઠ પ્રકારની છે. પશુ, દેવ, મનુષ્ય, અનુગ્રહ, વૈકૃત, ભૂત, પ્રાકૃત, વૈકૃત અને કૌમાર. આ બ્રહ્માએ માત્ર સૃષ્ટિ જ નહીં પરંતુ પોતાના ચાર મુખોથી સંપૂર્ણ વૈદિક સાહિત્યની રચના કરી.

બ્રહ્માએ પ્રભાસક્ષેત્રમાં યજ્ઞ કરેલો. તેમાં સ્વયં શંકર અતિથિ તરીકે આવેલા હતા.[૩૨] આ ઉપરાંત તેઓએ હિરણ્યશૃંગ પર્વત નજીક બિન્દુસર પાસે, ધર્મારણ્યમાં બ્રહ્મસર પાસે અને કુરુક્ષેત્રમાં પણ યજ્ઞ કરેલા.

બ્રહ્માનો સમય સો વર્ષનો માનવામાં આવે છે. પરંતુ મનુષ્યના સો વર્ષ નહીં તેથી તેમનું આયુષ્ય લાખો વર્ષનું થાય છે. તેઓનું આયુષ્ય ૪૩,૨૦૦૦૦૦૦ વર્ષ માનવામાં આવ્યું છે.

વાસ્તુ શાસ્ત્ર નામનાં ગ્રંથની રચનાકરી છે.[૩૩]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮) વાયુ :

ઇન્દ્ર, અગ્નિ બાદ વાયુ દેવતાનું સ્થાન આવે છે. આ વાયુ દેવતાનું વર્ણન કેનો.માં છે. કેનો.માં ઇન્દ્ર તેને યક્ષ કોણ છે, તે જાણવા માટે મોકલે છે. તે યક્ષ પાસે જાય છે. યક્ષ વાયુને તેનો પરિચય આપવા કહે છે. વિજયથી અભિમાની બનેલ વાયુ પોતાનો પરિચય આપે છે તેમાં અભિમાન સ્પષ્ટ વ્યક્ત થાય છે. વાયુ જણાવે છે કે "હું ગમનક્રિયાવાળો, પૃથ્વીના ગંધ નામના ગુણને વહન કરનાર, આકાશમાં વિચરનાર માતરિશ્વા નામથી પ્રસિદ્ધ વાયુ છું, મારું સામર્થ્ય એટલું છે કે પૃથ્વી તેમજ આકાશમાં જે કાંઈ હોય તેને ગ્રહણ કરવા શક્તિમાન છું, અર્થાત્ તેને ઉડાડી શકું છું." યક્ષ સ્વરૂપ પરબ્રહ્મ તેની પાસે ઘાસનું તણખલું મૂકે છે તેને તે ગ્રહણ કરી શકતો નથી. લજ્જાયુક્ત થયેલો તે દેવો સમીપ આવી જણાવે છે કે "આ યક્ષ છે તેને વિશેષ રીતે જાણવા હું સમર્થ નથી."[૩૦]

આ વાયુદેવનો ઉલ્લેખ ઇન્દ્ર સાથે છે, તે અગ્નિ અને ઇન્દ્રે સર્વપ્રથમ બ્રહ્મને જાણ્યું તેથી તે ત્રણ દેવો શ્રેષ્ઠ થયા. તેમાં વિશેષ રીતે સર્વપ્રથમ ઇન્દ્રે બ્રહ્મને જાણ્યું તેથી ઇન્દ્ર અધિક શ્રેષ્ઠ દેવતા થયા.

નિરુક્ત[૩૧] વાયુને અંતરિક્ષ સ્થાનીય દેવતા ગણાવે છે. ઋગ્વેદ[૩૨]માં પણ તે ઇન્દ્રની સાથે જોઈ શકાય છે.

વાયુના પવનદેવ, માતરિશ્વા વગેરે નામો છે. તેનાં પુત્રોમાં ઈલા, કુન્તીથી ઉત્પન્ન થયેલ ભીમસેન, પવનપુત્ર, અંજનાસુત, હનુમાન, ગુહ્ય નામનો અપ્સરાઓનો સમૂહ છે.[૩૩] તેઓશ્રીએ લંકાવિજયમાં શ્રીરામને અદ્વિતીય મદદ કરી હતી. તેમ છતાં તેઓ પોતાને રામ-અનુચર તરીકે ઓળખાવે છે. તેથી જ હનુમાનજીની વિશેષ પ્રસિદ્ધિ રામભક્ત હનુમાન તરીકે જ છે.

વાયુમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. તેમ છા. ઉપ.[૩૪]માં મહર્ષિ રૈક્વ સંવર્ગ વિદ્યામાં જણાવે છે. વાયુ જ શક્તિનું કાર્ય કરી શકે છે. તેથી જ યોગશાસ્ત્રમાં પ્રાણાયામને મહત્વ આપી, તે પ્રાણાયામ દ્વારા વાયુરૂપ પ્રાણની શક્તિ કેન્દ્રિત કરી, યોગ્ય ગતિ આપી કુંડલિની જાગૃત કરવાની રજૂઆત છે. પ્રાણાયામ દ્વારા યોગ્ય રીતે વાયુનું વહન કરવામાં આવે તો શરીર શક્તિશાળી અને નિરોગી બને છે. આમ વાયુ શરીરમાં પણ મુખ્ય છે. એ "ઇન્દ્રિયોમાં શ્રેષ્ઠ કોણ ?" એ છા. ઉપ.[૩૫]ની કથા દ્વારા જાણી શકાય છે.

વાયુની પંચમહાભૂતમાં ગણતરી કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (૧૦) વાસુદેવ :

વસુદેવ અને દેવકીના આઠ સંતાનોમાં સૌથી નાના છે; તેમનો જન્મ મથુરામાં કંસના કારાગૃહમાં થયો હતો.[૭૦] તેઓનો જન્મ ભાદ્રપદ વદમાં અષ્ટમીએ(પૂર્ણીમાન્ત માસની ગણતરી પ્રમાણે) અને(અમાસથી માસની ગણતરી પ્રમાણે) શ્રાવણ વદ અષ્ટમીની મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્રમાં અને બુધવારે થયો હતો.[૭૧] વસુદેવે જન્મતાની સાથે જ તેઓને ગોકુલમાં નંદ પાસે છૂપી રીતે મૂકી દીધા, જ્યારે ગર્ગમુનિએ ગુપ્તરૂપે જાતકર્મ સંસ્કાર કર્યા.[૭૨]

વાસુદેવરૂપ શ્રીકૃષ્ણએ પૂતનાવધ, તૃણાવર્ત અસુરનાશ, અઘાસુરાદિનો નાશ રમત-રમતમાં કર્યો. તેમજ કાલીદમન, ચીરહરણ લીલા વગેરે લીલાઓ કરી.[૭૩]

શ્રીકૃષ્ણથી ડરતા કંસે કપટ રચીને બન્ને ભાઈઓને મથુરા તેડાવ્યા. જ્યાં તેઓએ અનેક અસુર સાથે કંસનો નાશ કર્યો. માતા-પિતા, તેમજ નાના ઉગ્રસેન વગેરેને બંદીગૃહમાંથી છોડાવ્યા.

ઉપનયન સંસ્કારબાદ શિક્ષા માટે સાંદીપનિ ઋષિના આશ્રમમાં ગયા. એકપાઠી હોવાથી ૬૪ દિવસમાં જ સર્વ વિદ્યાઓ ગ્રહણ કરી લીધી.[૭૪] સાંદીપનિએ પ્રસિદ્ધ ગાયત્રી મંત્રનો પણ ઉપદેશ કરેલો. ગુરુદક્ષિણામાં ગુરુપત્નીના કહેવાથી તેઓના મૃતપુત્રોને જીવિત કરી દીધા.[૭૫]

તેઓએ શિશુપાલને પરાજય આપીને ભીષ્મક રાજાની કન્યા રુક્મિણીનું હરણ કરી તેની સાથે લગ્ન કર્યા. સ્યમન્તકમણિ પ્રસંગના સંદર્ભમાં જાંબવતી તથા સત્યભામા સાથે લગ્ન થયા. આ ઉપરાંત કાલિંદી, મિત્રવિંદા, સત્યા(નાગ્નજિતી), ભદ્રા, કૈકયી, તથા લક્ષ્મણા સાથે વિવાહ કર્યા. એ ઉપરાંત પદ્મપુ. પ્રમાણે સુમિત્રા, માદ્રી વગેરે સાથે લગ્ન કર્યાં.[૭૬] તેઓને પ્રદ્યુમ્ન, ચંદ્રભાનુ, શામ્બ, શ્રુત, પ્રઘોષ વગેરે ૮૦ હજાર પુત્રો હતો.[૭૭] તથા ચારુમતી નામની કન્યા હતી.[૭૮]

કંસવધને કારણે જરાસંઘ સાથે યુદ્ધ થયું. જરાસંધના ભયને કારણે તેઓ મથુરા છોડી દ્વારકા વસ્યા. યુધિષ્ઠિરનો સાથ લઈ ભીમસેન દ્વારા જરાસંધનો વધ કરાવ્યો.[૭૯] આ ઉપરાંત યુધિષ્ઠિરનાં રાજસૂય યજ્ઞપ્રસંગે પ્રથમ પૂજાના વિવાદ બાબતે પૌંડ્રક વાસુદેવ, શિશુપાલ વગેરેનો વધ કર્યો.

દ્યૂતબાદ પાંડવો વનવાસમાં છે ત્યારે તેઓ તેમની પાસે જાય છે. આશ્વાસન આપે છે. સુભદ્રા તથા અભિમન્યુને પોતાની સાથે લઈ જાય છે. વનવાસબાદ દુર્યોધન પાંડવોનો ભાગ આપતો નથી, તેથી યુદ્ધની નોબત આવી પહોંચે છે. ત્યારે દુર્યોધન અને અર્જુન બન્ને તેઓની પાસે સહાયતા માંગવા જાય છે, ત્યારે "પોતે યુદ્ધમાં પ્રત્યક્ષ ભાગ લેશે નહીં" તેવી પ્રતિજ્ઞા જણાવે છે. તેથી અર્જુન તેઓને જ માંગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે દુર્યોધન તેમની સેના. પરિણામે અર્જુનનો રથ હાંકી તેને યુદ્ધમાં વિજયી બનાવે છે. યુદ્ધ સમયે વિષાદગ્રસ્ત થયેલા અર્જુનનાં વિષાદને દૂર કરવા તેઓ અમૃતરૂપી ગીતાનું પાન કરાવે છે. આ દિવસ તે માગશર સુદ ત્રયોદશી એકમત પ્રમાણે એકાદશી, પરંતુ મહાભારતમાં ત્રયોદશી ગણાવેલ છે.[૭૦]

મહાભારતના યુદ્ધમાં પોતાના પુત્રોના વિનાશથી દુઃખી થયેલી ગાંધારી કૃષ્ણને અભિશાપ આપે છે. પરિણામ સ્વરૂપે યાદવોને કુમતિ સૂઝે છે. તેઓ કણ્વ ઋષિનો ઉપહાસ કરી બેસે છે. તેથી સાંબના બનાવટી ગર્ભમાંથી મૂસલ ઉત્પન્ન થાય છે. અને તેનાથી અંદરોઅંદર યુદ્ધ કરતાં યાદવોનો વિનાશ થાય છે. અંતમાં પ્રયાણનો સમય આવે છે. તે સમયે ઉદ્ધવની વિનંતીથી તેઓને જે જ્ઞાન આપવામાં આવે છે તે ઉદ્ધવગીતા કે અવધૂતગીતા તરીકે ઓળખાય છે. તેઓ દરેકને યોગ્ય સૂચના આપે છે. દ્વારકા ડૂબવાની હોય છે, લોકોને દૂર ચાલ્યા જવાનું કહે છે. તેઓનાં સ્વધામગમનનો સમય નજીકઆવતાં તેઓ પ્રયાણ કરે છે, તે સમયે તેઓનું આયુષ્ય ૧૨૫વર્ષથી વધુ હતું.[૭૧]

આ વાસુદેવનો ઉલ્લેખ વાસુદેવ ઉપ.માં આવે છે. તેઓ ગોપીચન્દનનું પૃથ્વી ઉપર અવતરણ, ચક્રવતીર્થમાં સ્થાપન, તેમાંથી ધારણ કરવા માટે તેને લેવાનોસમય અને વિધિ, ધારણ કરવાની વિધિ વગેરે 'વાસુદેવ ઉપ.'માં દર્શાવે છે.[૭૨]

**(૧૧) ઉમા :**

વૈદિક કાલમાં સ્ત્રીઓ પણ ઋષિકાઓના સ્થાનને પામી હતી. ગૌતમ વગેરે મહર્ષિઓની સાથે વિવાદમાં ઉતરનારી શ્રેષ્ઠ વિદુષીઓ ગાર્ગી વાચક્નવી, લોપામુદ્રા વગેરે છે.કેનો.માં ઉમાદેવી જ સર્વપ્રથમ ઈન્દ્રને બ્રહ્મનો ઉપદેશ આપે છે.

ઉમા હૈમવતી આખ્યાયિકામાં ઈન્દ્રને ઉપદેશ આપનારી ઉમાદેવી કોણ હશે ? ભાષ્યકારો તેને "વિદ્યાદેવી" તરીકે અર્થાત્ "બ્રહ્મવિદ્યા" જ હોવી જોઈએ એમ માને છે. આમ કહેવા પાછળનું રહસ્ય એ છે કે ૐ એ "અ, ઉ, મ્" એવા ત્રણ અક્ષરોના જોડાણથી બનેલો અક્ષર છે. આ જ અક્ષરોને જુદા ક્રમમાં સ્ત્રીલિંગી બનાવીએ તો "ઉમા" શબ્દ બને છે. આમ 'ઉમા' શબ્દ વડે ૐનું સૂચન થાય છે. ઓંકાર એટલે જ બ્રહ્મવિદ્યા.[૭૩]

"ઉમા, પાર્વતી, પર્વતરાજ હિમાલયની પુત્રી, આ ઉમારૂપી નદીને શંકરને પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ તેથી અન્ય નદીઓની જેમ નીચે તરફ વહેવાને બદલે ઉપર કૈલાસ તરફ વહી. તેણે શિવજીને પ્રાપ્ત કરવા માટે તપ આદર્યા. માતા મેનકાએ કહ્યું, "તારી કાયા કોમળ છે, માટે 'ઉ' હે 'પુત્રી' "મા" તપ ન કર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી તેનું નામ 'ઉમા' પડ્યું." એમ કવિ જનો કહે છે, પરંતુ વેદની વાણીમાં તો બ્રહ્મવિદ્યાને મા, પ્રમા અને પ્રતિમા કહે છે, જેની ગતિ ઊંચે વસતા બ્રહ્મનાં દર્શન કરવા માટે વળેલી છે, માટે તેને 'ઉ-મા' કે ઉમા કહે છે.[૯૪]

## (૧૨) અતિધન્વા :[૯૫]

અતિધન્વા ઋષિ મહર્ષિ શુનકનાં પુત્ર છે, તેઓ ઉદ્‌ગીથ ઉપાસનાનું રહસ્ય પોતાના શિષ્ય ઉદરશાંડિલ્યને દર્શાવે છે.

## (૧૩) આયાસ્ય :[૯૬]

આયાસ્ય ઋષિનો ઉલ્લેખ છા. ઉપ.નાં પ્રથમ અધ્યાયમાં આવે છે, તેઓએ પણ ૐકારની પ્રાણરૂપે ઉપાસના કરી હતી. તેથી પ્રાણને "આયાસ્ય" તરીકે ઓળખવામાં આવે છે.

અંગિરસ ગોત્રનાં મન્ત્રકાર ઋષિ છે.

## (૧૪) અંગિરા :[૯૭]

છા. ઉપ.નાં પ્રથમ અધ્યાયમાં તેઓએ પ્રાણને ૐરૂપે ઉપાસ્યો હતો. તેથી પ્રાણને અંગિરા કહેવામાં આવે છે.

અંગિરા વંશમાં ઉત્પન્ન ઋષિઓને આંગિરસ વિશેષણ લગાડવામાં આવે છે.આ વંશીય ઋષિઓ અથર્વવેદના પ્રવર્તક છે. તેઓ પાસે એક રાઇદ ગાય હતી. જેનું દૂધ યજ્ઞાનુષ્ઠાન માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું. પરંતુ દુષ્કાળને કારણે ઘાસ પ્રાપ્ત થતું ન હોવાથી, તે ગાય યજ્ઞ માટે કૂટવામાં આવેલા સોમરસનાં કૂચાથી જીવન ગુજારતી હતી. તેથી દુઃખી આંગિરસ ઋષિએ 'कारीरि' ઇષ્ટિ કરી તેનાં પરિણામે પુષ્કળ ઘાસ પ્રાપ્ત થયું. પરંતુ યજ્ઞમાં પિતૃઓને ભાગ ન આપવાના પરિણામ સ્વરૂપે પિતરોએ તેમાં વિષ ભેળવી દીધું પરિણામે ગાય ફીકી પડવા લાગી. પિતૃઓને ભાગ આપતાં તેઓએ વિષ દૂર કર્યું. ગાય તંદુરસ્ત બની અને પુષ્કળ દૂધ આપવા લાગી.[૯૮]

## (૧૫) ઇન્દ્રદ્યુમ્ન :[૯૯]

મહર્ષિ ભલ્લવિનાં પુત્ર ઇન્દ્રદ્યુમ્ન વિદ્યાર્થે રાજા અશ્વપતિ પાસે સત્યયજ્ઞ વગેરેની સાથે જાય છે. જેને વૈયાઘ્રપદ્ય તરીકે રાજા સંબોધન કરે છે.

## (૧૬) ઉદર શાંડિલ્ય :[૧૦૦]

ઉદર શાંડિલ્ય ઋષિ અતિધન્વા ઋષિનાં શિષ્ય છે. તેઓને ઉદ્‌ગીથ વિદ્યાનું રહસ્ય જણાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (૧૭) ઉદ્દાલક :[૧૦૧]

ગૌતમગોત્રનાં અરુણના પુત્ર અને શ્વેતકેતુના પિતા છે. તે બન્નેએ જાબલના પુત્ર પ્રવાહણ જૈવલિ પાસેથી નમ્રતાપૂર્વક વિદ્યા પ્રાપ્ત કરી હતી. તેઓના જીવનમાંથી એ જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે કે વિદ્યા પ્રાપ્તિ માટે ઉંમરનો કોઈ બાધ નથી, વિદ્યા માટે ક્ષત્રિય વગેરેને પણ ગુરુ બનાવી શકાય, એટલું જ નહીં અહંકાર છોડી અજ્ઞાનનો સરળતાથી સ્વીકાર એ જ જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ છે.

મહર્ષિ ઉદ્દાલકે રાજન્ય જૈવલિ પાસેથી પંચાગ્નિવિદ્યા અને કેકેય દેશના રાજા અશ્વપતિ પાસેથી વૈશ્વાનર વિદ્યા પ્રાપ્ત કરી હતી.

ધૌમ્ય ઋષિનાં શિષ્ય તરીકે તેઓનો મહાભારતમાં ઉલ્લેખ છે.[૧૦૨] તે ખેતરનું પાણી રોકવા માટે સ્વયં પાણીની આડા સૂઈ ગયાં હતાં, તેથી ધૌમ્ય ઋષિએ તેનું નામ ઉદ્દાલક રાખ્યું. उद्दालकનો અર્થ છે, ખેતરની પાડ તોડીને ઉઠનાર."

તેઓ [૧૦૩]મહર્ષિ અરુણના પુત્ર હોવાથી આરુણિ તરીકે પણ પ્રસિદ્ધ છે. મહર્ષિ આરુણિને કુશિકની કન્યાથી શ્વેતકેતુ, નચિકેતા એ બે પુત્રો અને એક પુત્રી સુજાતા પ્રાપ્ત થઈ હતી.[૧૦૪] તેઓ અધ્યાત્મ વિદ્યાના પ્રસિદ્ધ આચાર્ય તથા નિઃશ્રેયસ માર્ગનાં અનુગામી હતાં તેમનાં પિતાનું નામ અરુણ ઔપવેશી ગૌતમ હતું અને તેઓ તેનાં શિષ્ય હતાં. છા. ઉપ.ની કથા પ્રમાણે આરુણિ પતંજલ કાપ્યને ઘરે રહીને અભ્યાસ કરતાં હતાં. પતંજલ કાપ્ય મદ્રદેશનાં નિવાસી હતાં. આ આરુણિએ જ મહારાજ જનકની સભામાં યાજ્ઞવલ્ક્યને પ્રશ્નો પૂછ્યાં હતાં, તેનાં યોગ્ય ઉત્તરો આપીને યાજ્ઞવલ્ક્યે ચૂપ કરી દીધાં હતાં.

ઉદ્દાલક આરુણિ અત્યંત વિદ્વાન હતાં. તેથી જ તેઓ પાસે ઇન્દ્રદ્યુમ્ન, સત્યયજ્ઞ, જન, બુડિલ વગેરે અધ્યાત્મ વિદ્યા અને સંન્યાસ યોગની પ્રાપ્તિ અર્થે આવતાં હતાં.[૧૦૫] તેઓની કુલપરંપરામાં કોઈ અ-બ્રાહ્મણ ન હતું. તેથી જ શ્વેતકેતુને વિદ્યાનું અભિમાન થતાં પ્રયત્નપૂર્વક તે દૂર કરી વિનયની શિક્ષા આપી હતી.[૧૦૬] તેઓ ગૃહસ્થી હોવાં છતાં સર્વશ્રેષ્ઠ સંન્યાસયોગી છે.[૧૦૭] તેઓ એ જ 'તત્ત્વમસિ' એ મહાવાક્ય દ્વારા શ્વેતકેતુને આત્માનું જ્ઞાન આપ્યું હતું.

## (૧૮) ઉપકોસલ :[૧૦૮]

મહર્ષિ કમલનો પુત્ર અને સત્યકામ જાબાલનો શિષ્ય છે. તેને ગુરુ સત્યકામ જાબાલ શ્રેષ્ઠ શિષ્ય જાણી સમાવર્તન કરતાં નથી, તેથી સત્યકામની પત્ની સમાવર્તન કરવાનું કહે છે, પરંતુ તે બાબતની ઉપેક્ષા કરી ગુરુ સત્યકામ જાબાલ પ્રવાસે ચાલ્યા જાય છે. ત્યારબાદ વિદ્યાપિપાસુ ઉપકોસલ અન્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છોડીને ઉપવાસ શરૂ કરે છે. તેથી પ્રસન્ન થયેલાં ત્રણેય અગ્નિઓ તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે છે અને જણાવે છે કે "આ વિદ્યાની ફળ પ્રાપ્તિ તારા ગુરુજી જણાવશે." આમ શ્રેષ્ઠ શિષ્ય તરીકે તે આપણી સમક્ષ આવે છે.

**(૧૯) ઉષસ્તિ :**

મહર્ષિ ઉષસ્તિ ચક્રનાં પુત્ર છે અને કુરુ પ્રદેશમાં રહેનારાં છે. તેઓ ઋત્વિક કર્મનાં જ્ઞાતા છે તેથી જ યજમાન રાજા તેઓને યજ્ઞનાં મુખ્ય આચાર્ય તરીકે નિયુક્ત કરે છે. તેઓનું દર્શન સ્પષ્ટ છે કે માત્ર મંત્રને જાણવાથી કર્મ સિદ્ધ થતું નથી, પરંતુ મંત્રનાં રહસ્ય અને તેમાં રહેલાં ઓતપ્રોત પરમતત્ત્વને જાણે છે તેઓને જ કર્મમાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૧૦૯]

**(૨૦) ઋભુ :**

બ્રહ્માનાં માનસપુત્ર છે. તેમની અને સનત્કુમારની સૃષ્ટિ સર્વપ્રથમ માનવામાં આવે છે.[૧૧૦] તેઓ તપોલોકનાં નિવાસી હતાં. પુલસ્ત્યનાં પુત્ર નિદાઘ એમનાં શિષ્ય હતા. નારાયણ ઋષિ દ્વારા વિષ્ણુપુરાણ બ્રહ્માએ સર્વપ્રથમ ઋભુઋષિને જ બતાવ્યું. તેઓને ચાર કુમારોમાંથી એક માનવામાં આવે છે.[૧૧૧]

આ ઋભુઋષિ મહો.માં પોતાનાં પુત્ર નિદાઘને જ્ઞાન આપે છે. તેમાં તેઓ, શમ, વિચાર, સંતોષ અને સત્સંગએ ચારને મોક્ષ દ્વારનાં દ્વારપાલ તરીકે ઓળખાવી સત્સંગ દ્વારા પોતાની પ્રજ્ઞામાં વૃદ્ધિ કરવાનું જણાવે છે.[૧૧૨]

**(૨૧) કપિલ :**

રુ.જા. ઉપ.માં રુદ્રાક્ષ ધારણ વિધિ સાંભળવા માટે કાલાગ્નિ રુદ્રની પાસે બેસે છે.[૧૧૩]

શ્વેતાશ્વેતર ઉપ.[૧૧૪]માં સાંખ્ય સિદ્ધાન્ત તેમજ તેનાં પ્રણેતા તરીકે તેમનો નિર્દેશ છે. ઈશ્વરકૃષ્ણ પણ સાંખ્યકારિકામાં[૧૧૫] તેઓને જ સાંખ્ય શાસ્ત્રના આદ્ય આચાર્ય ગણાવે છે. શ્રીમદ્ ભાગવત[૧૧૬] પણ તેમને સાંખ્યશાસ્ત્રના આચાર્ય ગણાવી, કર્દમ ઋષિ અને દેવહૂતિના પુત્ર તથા ભગવાન વિષ્ણુના અવતાર ગણાવે છે.

ડૉ. વસંત પરીખ[૧૧૭] કપિલ વિશેની ચર્ચા કરતાં જણાવે છે કે તેઓ હિરણ્યગર્ભ છે, જન્મતાં જ જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી, તેઓ આસુરિના ગુરુ અને વિષ્ણુના અવતાર હતા વગેરે પરસ્પર વિરોધી મંતવ્યોને આધારે તેઓને કોલર બ્રુક, મેક્સમૂલર વગેરે જેવા વિદ્વાનો ઐતિહાસિક વ્યક્તિ માનતા નથી. જ્યારે ગાર્બે ઐતિહાસિક વ્યક્તિમાની કપિલવસ્તુ નગરી સાથે તેઓનો સંબંધ દર્શાવે છે. તેને પંડિત ઉદયવીર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રી સમર્થન આપતા હોય તેમ ઐતિહાસિક વ્યક્તિ માનવા માટે પૌરાણિક પરંપરાનો આધાર લે છે. આ બધી દલીલો અને પરંપરાને એક તરફ રાખીને ડૉ. પરીખ જણાવે છે કે "એક કે વધારે કપિલ નામધારી મુનિ થયા હશે તેમાંના કોઈએ સાંખ્યદર્શનનો ઉપદેશ આસુરિ જેવા શિષ્યોને આપ્યો હશે. એ કયા સમયમાં થઈ ગયા તે આપણે નિશ્ચિત કરી શકતા નથી. "શ્રીમદ્ શંકરાચાર્ય[૧૧૮] પણ બે કપિલનો નિર્દેશ કરે છે.

**(૨૨) કાત્યાયન :**

રુ. જા.[૧૧૯] ઉપ.માં કાલાગ્નિ રુદ્ર પાસે રુદ્રાક્ષ ધારણ વિધિ સાંભળવા માટે બેસે છે.

વાચસ્પત્યમ્‌માં 'કત' ઋષિનાં ગોત્રમાંથી ઉત્પન્ન થયેલ દર્શાવ્યાં છે.[૧૨૦] એ ઉપરાંત ત્રણ કાત્યયનનો પણ નિર્દેશ છે. વિશ્વામિત્રવંશમાં જન્મેલા;[૧૨૧] ગોભિલવંશમાં ગોભિલપુત્ર ઉપરાંત વરરુચિતનાં નામથી વિખ્યાત કાત્યાયન જે વસુદત્તનો પુત્ર છે.[૧૨૨] આમ વિવિધ કાત્યાયના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત ઉલ્લેખમાં માત્ર "કાત્યાયન" એટલો જ ઉલ્લેખ હોય ક્યાં કાત્યાયન હશે તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

**(૨૩) કાપેય :[૧૨૩]**

શુનકનાં પુત્ર હોવાથી શૌનક અને કપિગોત્રમાં ઉત્પન્ન થયેલા હોવાથી કાપેય તરીકે પણ ઓળખાય છે. તેઓએ ચિત્રરથ રાજા દ્વારા યજ્ઞ કરાવી રાજાને ધનવાન બનાવ્યો. તેઓ કાપેયી શાખાનું અધ્યયન કરનાર હોવાથી "કાપેય" તરીકે પ્રસિદ્ધ થયાં.

**(૨૪) કૌષીતકિ :[૧૨૪]**

મહર્ષિ કૌષીતકિનો ઉલ્લેખ પ્રથમ અધ્યાયમાં આવે છે. તેઓ પોતાનાં પુત્રને અનેક પુત્રો આપનારી વિદ્યા ૐકારની સૂર્યના રશ્મિની ઉપાસના તેમજ સ્વકર્તવ્યમાં પ્રેરનાર પ્રણવ સ્વરૂપે ઉપાસના આપે છે.

કૌષીતકિ બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ સાંખ્યાયન શ્રૌત સૂત્ર તથા ગૃહ્યસૂત્ર વગેરે ગ્રંથો છે. તેમનાં નામમાં મતભેદ છે. પરંતુ કૌષીતકિ અથવા કૌષીતકેય એ કહોડનું પૈતૃક નામ છે.(શ. બ્રા. ૨.૪.૩.૧) લુશાકપિએ તેને તથા તેમનાં શિષ્યોને શાપ આપ્યો હતો.[૧૨૫]

**(૨૫) કૃષ્ણ :[૧૨૬]**

દેવકીના પુત્ર છે તેઓએ ઘોર આંગિરસ ઋષિ પાસેથી જીવનરૂપ યજ્ઞવિદ્યા પ્રાપ્ત કરી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામ સાદૃશ્યને કારણે શ્રીકૃષ્ણ અને કૃષ્ણને એક માની લેવામાં આવે છે. પરંતુ આ બન્ને અલગ છે. તપ, દાન, આર્જવ, અહિંસા વગેરે દૈવી સંપદ્નાં લક્ષણો ગીતા સાથે મળતાં આવે છે. પરંતુ પ્રયાણ સમયે અક્ષય, અવ્યય અને પ્રાણ સંશિત વૃત્તિ રાખવાનો ઉપદેશ ગીતામાં નથી.પરંતુ ગીતામાં માત્ર ઈશ્વર ધ્યાન પરાયણ અને પ્રણવ ઉચ્ચાર જ દર્શાવવામાં આવ્યાં છે. તેથી બન્ને એક નથી. એટલું જ નહીં પુરાણ સાહિત્યમાં કોઈ જગ્યાએ ઘોર આંગિરસ ઋષિના શિષ્યનો કૃષ્ણ ચરિત્રમાં નિર્દેશ નથી.[૧૨૭]

**(૨૬) ગ્લાવ :**

ગ્લાવ એ મિત્રા ઋષિનાં પુત્ર છે. તેઓએ શ્વેતશ્વાનની અર્થાત્ મુખ્ય પ્રાણની ઉપાસના કરી હતી.[૧૨૮]

**(૨૭) ગૌતમ :**[૧૨૯]

મહર્ષિ ગૌતમ ઋષિ હરિદ્રુમતનાં પુત્ર છે. વજ. ઉપ. સસલાના પૃષ્ઠ ભાગમાંથી ઉત્પન્ન થયેલા ગણાવે છે. તેઓએ પોતાનાં શ્રેષ્ઠ શિષ્ય અને આચાર્ય પરંપરાની સ્થાપના કરનાર સત્યકામને આત્માનું રહસ્ય સમજાવેલ હતું.

ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલ ઋષિ છે. જેનાં સર્વાર્થસિદ્ધિ, શાક્યમુનિ વગેરે પર્યાયવાચી નામ અમરકોશ ગણાવે છે. આ ગૌતમ વૈવસ્વત મન્વન્તરમાં શ્રેષ્ઠ સાત ઋષિઓમાંના એક છે તેમ હરિવંશ પુરાણ[૧૩૦] ગણાવે છે.

**(૨૮) ગૌશ્રુતિ :**[૧૩૧]

વ્યાઘ્રપદ ઋષિનાં પુત્ર અને મહર્ષિ સત્યકામ જાબાલનાં શિષ્ય છે. સત્યકામ જાબાલ તેને પ્રાણવિદ્યા શીખવે છે, એટલું જ નહીં મહત્ત્વ મેળવવા માટેનું વ્રત પણ તેઓએ રજૂ કર્યું છે.

**(૨૯) ઘોર :**[૧૩૨]

અંગિરા ગોત્રમાં ઉત્પન્ન થયેલાં હોવાથી ઘોર આંગિરસ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ જીવનરૂપી યાગવિદ્યાના જ્ઞાતા હતાં. તેઓએ આ વિદ્યા દેવકી પુત્ર કૃષ્ણને કહી હતી. આ દેવકી પુત્ર કૃષ્ણ મહાભારતના કૃષ્ણથી અલગ છે.

**(૩૦) જન :**[૧૩૩]

શર્કરાક્ષનો પુત્ર જન સત્યયાન ઈન્દ્રદ્યુમ્ન વગેરેની સાથે રાજર્ષિ અશ્વપતિ પાસે વિદ્યા પ્રાપ્તિ અર્થે જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### (૩૧) જાબાલિ :[134]

જાબાલિ ઉપ.માં તેઓ પૈપ્લાદ વગેરેને જ્ઞાન આપે છે. તેઓએ આત્મજ્ઞાન ષડાનન પાસેથી ષડાનને ઈશાન પાસેથી અને ઈશાને તપશ્ચર્યાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલ છે. તેમ તેઓ શિષ્ય–પરંપરા જણાવે છે.

### (૩૨) દાલ્ભ્ય (બક) :[135]

મહર્ષિ દાલ્ભ્ય ચિકિતાયનનાં પુત્ર છે; તેઓએ ઉદ્ગીથ વિદ્યાની ઉપાસના કરી હતી.[136] નૈમિષારણ્યમાં રહેતાં ઋષિઓ માટે તેઓએ ઉદ્ગાન કર્યું હતું. તેઓએ જ શ્વેતશ્વાન (મુખ્ય પ્રાણ)ની ઉદ્ગીથ રૂપે ઉપાસના કરી હતી.[137]

દાલ્ભ્ય ઋષિનાં ભાઈ છે અમુક ઉલ્લેખ પ્રમાણે પુત્ર છે. તેથી તે ભાઈ છે કે પુત્ર તે નિશ્ચિત રૂપે કહી શકાતું નથી. ઉપ.માં 'દાલ્ભ્ય' બક ઋષિનું પૈતૃક નામ છે.[138]

અમુક વિદ્વાનોનાં મતે ગ્લાવ મૈત્ર અને બક બન્ને એક જ વ્યક્તિ છે. પાંચાલ દેશના રાજાએ તેનો આદર સત્કાર કરી ૨૧ ગાયો દક્ષિણામાં આપી હતી. તે ગાયો તેમણે નૈમિષારણ્યમાં રહેતાં ઋષિઓને પ્રદાન કરીને તેઓ સાર્વભૌમ કુરુરાજ ધૃતરાષ્ટ્ર પાસે ગયા હતાં, પરંતુ તેઓએ મૃતક ગાયો આપી અપમાન કરતાં તેના રાજ્યનો વિનાશ થાય તે માટે યજ્ઞ કરવા લાગ્યા અને ધૃતરાષ્ટ્રે આપેલી મૃતક ગાયોને તેમાં હોમવા લાગ્યા. રાજ્યનો વિનાશ થતો જોઈ ધૃતરાષ્ટ્ર શરણે આવે છે, માફી માંગે છે. તેથી રાષ્ટ્ર કલ્યાણ માટે યજ્ઞ કરે છે. રાષ્ટ્ર સમૃદ્ધ અને મજબૂત બને છે. તેથી ધૃતરાષ્ટ્ર અનેક શક્તિશાળી દૂધ આપનારી ગાયો દક્ષિણામાં આપે છે.[139]

છા. ઉપ. ઐહિક સુખની પ્રાપ્તિ માટે મન્ત્રોચ્ચારણનો સ્વાંગ રચનારનો કૂતરાની કથા દ્વારા ઉપહાસ કરવામાં આવ્યો છે.

ગ્લાવ અને બક એક નથી કારણ કે ગ્લાવના પિતાનું નામ મિત્રા છે, જ્યારે બક દાલ્ભ્યના પિતા તરીકે ચિકિતાયનનો ઉલ્લેખ છે.[140]

### (૩૩) નિદાઘ :

કશ્યપ કુળમાં ઉત્પન્ન થયેલ ભૃગુ ઋષિનાં શિષ્ય છે. અન્ય જગ્યાએ એમ જણાવેલ છે કે, તે પુલસ્ત્ય ઋષિનાં પુત્ર છે અને ઋભુનાં શિષ્ય હતાં.[141]

કાલાગ્નિ રુદ્ર રુદ્રાક્ષ ધારણ વિધિ દર્શાવે છે. ત્યારે તેઓ તેમની સમક્ષ તે સમજવા બેસે છે.[142]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિદાઘ ઋષિ બાલ્યકાળથી જ તપની ઇચ્છાવાળા હતાં. તેથી પિતાજીની આજ્ઞા લઈને તીર્થ-યાત્રાએ નીકળ્યાં. સાડા ત્રણ કરોડ તીર્થોમાં સ્નાન કર્યું. તીર્થયાત્રાએથી પરત આવીને પોતાની જ્ઞાન પ્રાપ્તિની બાબતમાં જણાવે છે કે, આ જગત ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે, ફરીથી ઉત્પન્ન થવા માટે જ નષ્ટ થાય છે.[૧૮૩] ત્યારબાદ તેઓ આ સંસાર વગેરે નિરર્થક છે તેમ જણાવે છે. ચતુર્થ અધ્યાયમાં તેઓનાં પિતા તેમને શ્રેષ્ઠ જ્ઞાની તરીકે ઓળખાવે છે અને સંસારમાંથી મુક્ત થવાના ઉપાય દર્શાવે છે.

## (૩૪) પૈપ્પલાદિ :[૧૮૪]

પૈપ્પલાદ ઋષિ જાબાલિના શિષ્ય છે. તેઓશ્રી શ્રી જાબાલિને પરમાતત્ત્વના રહસ્ય વિશે પ્રશ્ન કરે છે. મહર્ષિ જાબાલી શાંભવવ્રત (ભસ્મધારણ) વિધિનું જ્ઞાન આપે છે.

કાલાગ્નિ રુદ્ર પાસે રુદ્રાક્ષ ધારણ વિધિ સાંભળવા માટે બેસે છે.[૧૮૫]

પૈપ્પલાદિમાં 'આદિ' શબ્દથી ષડાનન, સનત્કુમાર વગેરે આવે છે.

## (૩૫) પ્રાચીન શાલ :[૧૮૬]

મહર્ષિ ઉપમન્યુનાં પુત્ર છે. તેઓ સત્યયજ્ઞ વગેરેની સાથે મહર્ષિ ઉદ્દાલક પાસે જાય છે. મહર્ષિ ઉદ્દાલક આ મહાન ગૃહસ્થો અને શ્રોત્રિય જે વિષય બાબતે પૂછશે તેને પોતે સ્પષ્ટ કરી શકશે નહીં; તેથી રાજા અશ્વપતિની પાસે લઈ જાય છે. રાજર્ષિ અશ્વપતિ આત્મારૂપ વૈશ્વાનરની સર્વાત્મભાવે ઉપાસના કરવાનું દર્શાવે છે.

જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણમાં તેઓનો નિર્દેશ 'પ્રાચીન શાલિ' નામથી કરવામાં આવ્યો છે. ઉદ્ગાતા પુરોહિત તરીકે દર્શાવવામાં આવ્યાં છે. તેઓના વંશની પરંપરા 'પ્રાચીન શાલ' નામથી દર્શાવવામાં આવી છે.[૧૮૭]

## (૩૬) બુડિલ :[૧૮૮]

ગાયત્રી તત્ત્વવેત્તા અને મૂળ તત્ત્વનાં પ્રતિપાદક આચાર્ય છે. તેઓ વિદેહ જનક તેમજ કેકયરાજ અશ્વપતિનાં સમકાલીન છે. તેઓશ્રીએ અનેક પરિષદોમાં આત્મા સંબંધી મતને પ્રદર્શિત કરેલ છે અને "સ્વયં" જ આત્મા છે તેવો તેઓશ્રીનો મત છે.[૧૮૯]

તેઓનું પૈતૃક નામ સંભવતઃ "વૈયાઘ્રપદ" છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૭) ભારદ્વાજ :[૧૫૦]

ઉપ.માં નિર્દિષ્ટ અનેક આચાર્યોનું સામુહિક નામ છે. બૃહ. ઉપ.[૧૫૧] (૨.૫.૨)માં ભારદ્વાજ, પારાશર્ય, બલાકા, કૌશિક, ઐતરેય, અસુરાયણ અને બૈજવાપાયનનાં શિષ્યનાં રૂપમાં નિર્દિષ્ટ છે.

ઋગ્વેદમાં ભરતનાં વંશજોનાં રૂપમાં પ્રયોજાયેલ છે. તેથી પૈતૃક નામ છે.(ઋગ્વેદ ૬.૪૯, ૬.૭૫ વગેરે)

(૩૮) ભુસુંડી :[૧૫૨]

ભુસુંડી ઋષિ કાલાગ્નિ રુદ્રને રુદ્રાક્ષ બાબતે પૂછે છે.

(૩૯) મહીદાસ ઐતરેય :[૧૫૩]

મહર્ષિની ઈતર વર્ણની અર્થાત્ બીજા વર્ણની સ્ત્રીઓ હતી. તેમાં એકનું નામ ઇતરા હતું. તેના પુત્રનું નામ મહીદાસ ઐતરેય. મહીદાસ માતાના નામથી જ પ્રસિદ્ધ થયાં. ઋષિને સવર્ણસ્ત્રીનાં પુત્રો જેવો ભાવ આ પુત્ર ઉપર ન હતો. એક રાગયે યજ્ઞમંડળીમાં મહીદાસ સિવાય સર્વ પુત્રોને વાત્સલ્યથી ખોળામાં બેસાડયા. પરિણામ સ્વરૂપે દુઃખી મહીદાસે માતાને ફરીયાદ કરી. માએ પોતાના કુલદેવતાં મહી(પૃથ્વી)ની પ્રાર્થના કરી. પરિણામ સ્વરૂપે પૃથ્વીએ યજ્ઞવેદી આગળ આવી વાણી કરી કે "મહીદાસ સર્વકુમારોમાં શ્રેષ્ઠ થશે." એટલું જ નહીં બ્રાહ્મણ વાઙમયનાં દ્રષ્ટા થશે તેવો આશીર્વાદ આપ્યો. તેઓ 'ऐतरेय ब्राह्मण'નાં દ્રષ્ટા છે, 'ऐतरेय आरण्यक' અઢાર અધ્યાયનું છે જેમાં છેલ્લાં ત્રણ અધ્યાય 'ऐतरेय उपनिषद्' તરીકે પ્રચલિત છે. તેમાં તેઓ प्रज्ञानं ब्रह्म' એ મહાવાક્ય આપે છે. તેઓ ઐતરેય ઉપનિષદ્ના મુખ્ય શાખા પ્રવર્તક છે.[૧૫૪]

મહીદાસ નામ ઉપરથી પણ એ સિદ્ધ થાય છે કે તેઓ બ્રાહ્મણ પિતાના શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન થયેલ સંતાન હશે. 'દાસ' શબ્દ આ બાબત સ્પષ્ટ કરે છે. તેઓ વિદ્યાના પ્રભાવથી જ શાખા પ્રવર્તક થયેલાં જણાય છે.

છાં. ઉપ.ના આધારે તેઓ ૧૧૬ વર્ષ જીવ્યા હતાં તેમ જણાય આવે છે. ચોવીસ વર્ષસુધી બ્રહ્મચર્ય પાળી વેદાભ્યાસ કર્યો, બીજા ચુંમાળીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં કર્માનુષ્ઠાન કરી, છેવટનાં અડતાળીસ વર્ષ વાનપ્રસ્થ આશ્રમમાં રહી તપસ્વી જીવન વિતાવ્યું. તેમનાં જીવન દ્વારા એ સ્પષ્ટ થાય છે કે યજ્ઞમય જીવન ગાળવાથી દીર્ઘાયુષ પ્રાપ્ત કરી શકાય છે.



For Private And Personal Use Only

## (૪૦) મૈત્રેય :[૧૫૫]

તેઓશ્રીને ભગવાન મૈત્રેય એ રીતે આદરસૂચક સંબોધનથી મહર્ષિ શાકાયન સંબોધે છે. ભગવાન મૈત્રેય જ્ઞાન પ્રાપ્તિ માટે મહાદેવ પાસે કૈલાશ પર્વત ઉપર જાય છે.

મૈત્રેયનો ઉલ્લેખ છા. ઉપ.[૧૫૬]માં પણ છે, ત્યાં તે તેનું પૈતૃક નામ છે. એટલું જ નહીં બક અને દાલ્ભ્ય ઋષિનું પણ આ પૈતૃક નામ છે

[૧૫૭]ઐતરેય બ્રાહ્મણમાં 'કૌશારવ' નામનાં આચાર્યનું પૈતૃક અથવા માતૃક નામ બતાવવામાં આવ્યું છે. ત્યાં તેમણે સુત્વન્ કૈરિશય રાજાને "બ્રાહ્મણ પરિચય' વિદ્યા પ્રદાન કરી હતી. મહર્ષિ પાણિનિ અનુસાર તેઓ મિત્રેયુ નામના આચાર્યનાં પુત્ર હતાં. તેથી મૈત્રેય કહેવાય. છા. ઉપ. અનુસાર "મિત્રા" નામની સ્ત્રીનાં પુત્ર હોવાથી મૈત્રેય તરીકે પ્રસિદ્ધ થયાં. શ્રીમદ્ ભાગવતમાં[૧૫૮] કુશારવ અને મિત્રાના પુત્ર તરીકે તેનો ઉલ્લેખ છે.

મહાભારતમાં[૧૫૯] પાંડવો સાથે સમાધાન કરવાની સલાહ તે દુર્યોધનને આપે છે. કારણ કે તેઓ મહર્ષિ વ્યાસનાં આદેશથી તે પાંડવોની શક્તિનું જ્ઞાન કરવા ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન પાસે ગયા હતાં. પરંતુ દુર્યોધન તેની સલાહની અવગણના કરી, જાંઘ ઉપર હાથ પછાડી, હસી—મજાક કરી તેની અવગણના કરે છે. પરિણામ સ્વરૂપે તેઓ તેની "જાંઘ ભીમની ગદા દ્વારા "ભગ્ન" થશે" તેવો શાપ આપે છે. જો તે સમાધાન કરી લેશે તો આ શાપ વ્યર્થ જશે તેમ પણ જણાવે છે.

વ્યાસ—મૈત્રેય સંવાદ અત્યંત શ્રેષ્ઠ છે. સ્વૈરિણીને ત્યાં ગુપ્ત રુપે રહેતાં મૈત્રેય પાસે મહર્ષિ વ્યાસ આવી પહોંચે છે. મૈત્રેય વિજ્ઞાન, જ્ઞાન, તપ વગેરે સંબંધી અનેક પ્રશ્નો કરે છે, વ્યાસજી યથોચિત્ત સંતોષકારક જવાબ આપી આત્મજ્ઞાન કરાવે છે. એ જ પ્રમાણે વિદુર—મૈત્રેય સંવાદ પણ પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણે વિદુરને ઉપદેશ આપ્યો ત્યારે મૈત્રેય પણ ઉપસ્થિત છે. વિદુર તીર્થયાત્રાએ ગયા હોય છે. પરત આવે છે ત્યારે તેને ઉપદેશ સાંભળવાની ઈચ્છા થાય છે. ઉદ્ધવજી મૈત્રેય પાસે મોકલે છે. મૈત્રેય વિદુરને આ ઉપદેશ સંભળાવે છે. જે શ્રીમદ્ ભાગવત્નાં[૧૬૦] તૃતીય અને ચતુર્થ સ્કંધમાં છે.

## (૪૧) રૈક્વ :[૧૬૧]

તેઓ મહાતપસ્વી હતાં. તેઓ રાજા જાનશ્રુતિના દેશમાં ગાડા નીચે પડી રહેતાં હતાં, તેથી તેઓને "સયુગ્વા" એટલે "ધુંસરીવાળા ગાડા તળે રહેનાર રૈક્વ" તરીકે પ્રજા ઓળખતી. રાજાએ ઉડતા બે હંસો પાસેથી રૈક્વની કીર્તિ સાંભળી તેથી અનુચરો દ્વારા તેની શોધ કરાવી; તેઓ સો ગાયો વગેરે લઈને તેમની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાસે ગયાં પરંતુ રૈક્વએ શૂદ્ર કહી ચાલ્યાં જવાનું કહ્યું. ફરીથી રાજા ધનસંપત્તિ અને પોતાની કન્યા લઈને આવ્યાં અને જણાવ્યું કે તમો કયાં દેવતાની ઉપાસના કરો છો તે જણાવો. મહર્ષિ રૈક્વએ જણાવ્યું કે "હે શૂદ્ર, આ એક કન્યાના મુખના દાન વડે જ હું તૃપ્ત છું! માત્ર કન્યાદાનના બદલામાં હું વિદ્યા આપું. આ બીજી તારી ઉપાધિ મારે કામની નથી."[૧૫૨] ત્યારબાદ રાજા જાનશ્રુતિએ એક ગામ પણ પ્રદાન કર્યું જે મહાવૃષ દેશમાં રૈક્વપર્ણ નામથી સુવિખ્યાત છે.

ર. છ. મહેતા જણાવે છે કે તેઓ ગૃહસ્થાશ્રમ માંડવા કન્યા ઈચ્છતા હશે. રાજા શૂદ્ર જણાય છે. પરંતુ શૂદ્રને વેદ–વિદ્યાનો અધિકાર નથી. તેથી રૂઢ અર્થ ત્યજી "શોક વડે રાજા પાસે ગયો તેથી શૂદ્ર" એવો યૌગિક અર્થ વેદાંત સૂત્રમાં સૂત્રકારને ઊભો કરવો પડ્યો.[૧૫૩]

રૈક્વએ આપેલું આ જ્ઞાન અત્યંત પ્રસિદ્ધ છે. તેઓનાં મતે સંપૂર્ણ સૃષ્ટિનું આદિકારણ વાયુ જ છે, જેમાં સૃષ્ટિની બધી જ વસ્તુઓ વાયુમાં વિલીન થઈ જાય છે. એ જ રીતે અગ્નિને ઠારવામાં આવે ત્યારે અગ્નિ પણ વાયુમાં જ લીન થાય છે. સૂર્ય અને ચંદ્ર પણ અસ્ત થાય છે ત્યારે વાયુમાં જ લીન થાય છે. જે "સંવર્ગ" વિદ્યા તરીકે પ્રસિદ્ધ છે. રૈક્વનું આ તત્ત્વજ્ઞાન ગ્રીક તત્ત્વજ્ઞ એનૉક્સીમિનીજ઼નાં તત્ત્વજ્ઞાન સાથે મળતું આવે છે. પરંતુ મહર્ષિ રૈક્વ વાયુને કારણે દરેક વસ્તુ કેવી રીતે લય પામે છે, તેનું સ્પષ્ટીકરણ કરતાં નથી.[૧૫૪]

પદ્મપુ.[૧૫૫]માં મહર્ષિ રૈક્વ રાજા જાનશ્રુતિને ગીતાના છઠ્ઠા અધ્યાયનાં પઠન દ્વારા મનઃશાંતિ પ્રાપ્ત થાય છે તેમ જણાવે છે.

## (૪૨) વસિષ્ઠ :[૧૫૬]

વજા.ઉપ. તેમને ઉર્વશીથી ઉત્પન્ન થયેલાં ગણાવે છે. વસિષ્ઠઋષિ અને અગસ્ત્ય– ઋષિની ઉત્પત્તિની કથામાં જણાવેલું છે કે એક સમયે યજ્ઞસત્ર ચાલતું હતું. તે યજ્ઞમાં મિત્ર અને વરુણ દેવતા પણ પધાર્યા હતાં. આ યજ્ઞમાં ઉર્વશી પણ હતી. તે ઉર્વશીને જોઈને દીક્ષિત એવા મિત્ર અને વરુણ એ બે દેવોનું વીર્ય સ્ખલિત થાય છે. આ સ્ખલિત થયેલ વીર્ય કુંભમાં અને કુંભની બહાર પડે છે. તેમાં કુંભમાં પડેલા વીર્યમાંથી અગસ્ત્ય અને બહાર પડેલા વીર્યમાંથી વસિષ્ઠનો જન્મ થાય છે.[૧૫૭] નિરુક્ત[૧૫૮] પણ આ જ બાબત કહે છે. ઋગ્વેદનાં[૧૫૯] સાતમાં મંડળમાં ઉર્વશીના મનમાંથી જન્મેલા દર્શાવ્યા છે. ત્યાં એવો ઉલ્લેખ છે કે; "ઉર્વશીના મનથી જન્મેલા હે વશિષ્ઠ તમે ખરેખર મિત્રાવરુણનાં પુત્રો છો. તેમનાં સ્ખલિત થયેલા વીર્યને વિશ્વદેવોએ પુષ્કરમાં ધારણ કર્યું. સત્રમાં દીક્ષિત મિત્રાવરુણે પોતાનું વીર્ય કુંભમાં મૂક્યું. તેની મધ્યમાંથી 'માન'(અગસ્ત્ય) ઉત્પન્ન થયા અને પછી તમે વસિષ્ઠ છો." અહીં આ બે પરંપરા કુંભમાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહાર પડેલા વીર્યમાંથી અને બીજો કુંભમાંથી વસિષ્ઠનો જન્મ થયો. આ બે પરંપરામાં બીજી પરંપરા વધુ યોગ્ય લાગે છે. કારણ કે ઋગ્વેદમાં ઉપર્યુક્ત ઋચામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે "મિત્રાવરુણે કુંભમાં મૂકેલા વીર્યમાંથી સર્વપ્રથમ અગસ્ત્ય(માન) ઉત્પન્ન થયા અને પછી વસિષ્ઠ" અહીં પ્રા. હડિકર સ્પષ્ટ જણાવે છે કે "तत:નો અર્થ દૂરાકૃષ્ટ છે."[130]

ડૉ. અ. દે. શાસ્ત્રી 'પુષ્કર'નાં સંદર્ભમાં જણાવે છે કે યાસ્કનાં મતે પુષ્કરનો અર્થ જળ અથવા અંતરિક્ષ છે. જો પુષ્કરનો અર્થ જળ લઈએ તો કુંભમાં વાસતીવર જળ છે અને વિશ્વદેવોએ એને ધારણ કર્યું; તથા કુંભમાંથી જ પહેલાં અગસ્ત્ય અને પછી વસિષ્ઠ જન્મ્યા એવો અર્થ બંધ બેસતો થાય છે. અહીં વસિષ્ઠને ઉર્વશીના માનસપુત્ર કહ્યા છે કારણ કે વસિષ્ઠના જન્મને ઉર્વશીના શરીર સાથે કોઈ સંબંધ નથી.[131]

## (૪૩) શાકાયન્ન મુનિ :[132]

બૃહદ્રથ રાજા કઠોર તપશ્ચર્યા કરે છે. ત્યારે તેની પાસે આવી તેને બ્રહ્મજ્ઞાન આપે છે.

## (૪૪) શિલક :

મહર્ષિ શાલાવાનના પુત્ર છે, તેઓ ઉદ્‌ગીથ વિદ્યાના જ્ઞાતા છે. તેમ છતાં તેનાં રહસ્યને વિશેષ સમજવા માટે દાલ્ભ્ય અને પ્રવાહણ સાથે સંવાદ રચે છે.[133]

"શાલાવતિ"નાં વંશજ હોવાને કારણે શાલાવત્ય પૈતૃક નામ છે.

## (૪૫) શુકદેવજી :

તેઓ જન્મથી જ આત્માનંદમાં તત્પર રહેનારાં હતાં. તેઓએ કોઈનાં ઉપદેશ વિના લાંબા સમય સુધી તપશ્ચર્યામાં રત રહી; પોતાનાં પિતાજી મહર્ષિ વ્યાસ પાસે આત્મજ્ઞાન માટે ગયાં. તેમની પાસેથી સંતોષ ન થતાં તેઓની સૂચના અનુસાર વિદેહનગરના રાજા જનક પાસે ગયા.[134]

તેઓ ભગવાન વેદવ્યાસનાં પુત્ર હતાં. તેમની માતાનું નામ ચેટિકા અથવા પિંગલા હતું. તેઓએ બાર વર્ષ સુધી ગર્ભમાં રહીને જ વેદ, વેદાંગ, મોક્ષશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કર્યો હતો. માતાને કષ્ટ થતાં મહર્ષિ વ્યાસજીએ બાળકને પૂછ્યું કે તમે કોણ છો ? બાળકે જવાબ આપ્યો, "ચોરાસી લાખ યોનિઓમાં ભ્રમણ કર્યા બાદ હવે કેવી રીતે બતાવી શકું કે હું કોણ છું ?" બહાર આવવાનું કહેતાં જણાવ્યું કે "સંસારમાં ફરતાં–ફરતાં વિરક્તિ થઈ ગઈ છે. બહાર આવતાં જ માયાના સ્પર્શથી વૈરાગ્ય નષ્ટ થઈ જશે." મહર્ષિ વ્યાસે સંસારથી દૂર રાખવાનું આશ્વાસન આપતાં બહાર આવ્યાં અને વનની તરફ ચાલવા લાગ્યાં. પિતાએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ્રમધર્મ નિર્વાહ કરવાનું કહેતાં કહેવા લાગ્યાં કે; "જો બ્રહ્મચર્યથી મોક્ષ પ્રાપ્ત થતો હોય તો નપુંસકોને હંમેશાં પ્રાપ્ત થઈ જાત, ગૃહસ્થાશ્રમથી મોક્ષ મળતો હોય તો દરેક સંસારી મુક્ત થઈ જાત. વાનપ્રસ્થથી મોક્ષ પ્રાપ્ત થતો હોય તો દરેક જંગલવાસી મૃગો મુક્ત થઈ જાત અને જો સંન્યાસથી મોક્ષ મળતો હોત તો દરેક ગરીબ મોક્ષને પ્રાપ્ત થઈ જાત. તેથી સંસારમાં પડવું મને ઉચિત લાગતું નથી તેમ જણાવ્યું"[૭૫] તેઓએ દેવગુરુ બૃહસ્પતિનું શિષ્યત્વ સ્વીકારી વેદ–વેદાંગ વગેરેનો અભ્યાસ કર્યો તેમજ વિદેહરાજ જનક પાસેથી યોગસાધનાનો અભ્યાસ કર્યો.

વાયુપુરાણમાં[૭૬] એવો નિર્દેશ છે કે વ્યાસવંશને આગળ ચલાવવા માટે શુકદેવજીએ પીવરી નામની કન્યા સાથે લગ્ન કર્યાં હતાં. જેનાંથી તેઓને ભૂરિશ્રાવસ્ વગેરે પાંચ પુત્રો અને કીર્તિમતી નામની કન્યા પ્રાપ્ત થઈ હતી. જો કે પરંપરા શુકદેવજીને બાલબ્રહ્મચારી જ ગણાવે છે. તેથી આ અલગ હશે તેમ માની શકાય.

શુકદેવજીના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટના વ્યાસજી પાસેથી શ્રીમદ્ ભાગવત્ પુરાણની પ્રાપ્તિ માનવામાં આવે છે. તેઓ આત્મજ્ઞાની હોવા છતાં પ્રેમપૂર્ણ ભક્તિથી ભાગવત્ પુરાણ સાંભળે છે અને તેનું હૃદય ભક્તિભાવથી ભરાઈ આવે છે. તેઓ આ ભક્તિરસનું પાન પરિક્ષિત રાજાને કરાવે છે ત્યારે અત્યંત તેજસ્વી, તરુણ પ્રતીત થાય છે.

મહાભારતમાં 'શુકાનુપ્રશ્ન' નામનું ઉપાખ્યાન પણ પ્રાપ્ત થાય છે. જેમાં પુત્ર શુક દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો અને પિતા દ્વારા આપવામાં આવેલા ઉત્તરો છે. જેમાં (૧) જ્ઞાનનાં સાધન અને તેનો મહિમા (૨) યોગ દ્વારા પરમપદની પ્રાપ્તિ (૩) કર્મ અને જ્ઞાનમાં અંતર (૪) બ્રહ્મપ્રાપ્તિના ઉપાય (૫) જ્ઞાનોપદેશમાં જ્ઞાનનો નિર્ણય (૬) પ્રકૃતિ–પુરુષ વિવેક (૭) બ્રહ્મવેત્તાનું લક્ષણ (૮) મન અને બુદ્ધિનાં ગુણોનું વર્ણન (મ. શાં. ૨૨૪–૨૪૭)

શુકદેવજી હંમેશાં નગ્ન સ્થિતિમાં રહેતા હતાં જ્યારે વ્યાસજી નહીં. સરોવરમાં સ્નાન સમયે શુકદેવજીને નગ્ન જોઈને લોકોને લજ્જા આવતી ન હતી. પરંતુ વ્યાસજીને જોઈને આવતી હતી. કારણ કે શુકદેવજી સ્ત્રી–પુરુષનાં ભેદથી પર અવસ્થાને પહોંચી ગયા હતાં.[૭૮]

શુક નિર્વાણનું વર્ણન મહાભારતમાં પ્રાપ્ત થાય છે. તેમાં મહાપુરુષોને પ્રાપ્ત અપૂર્ણ 'યોગગતિ'નું વર્ણન છે. તેઓ પોતાના પિતા વેદ વ્યાસનું અભિવાદન કરી કૈલાસપર્વત પર ધ્યાનસ્થ બેસી ગયા. પછી તે વાયુરૂપ બનીને લોકોની આંખો સામે જ આકાશમાર્ગથી સૂર્યલોકમાં પ્રવિષ્ટ થયાં. તેમનાં પિતા વ્યાસ "શોક" કરવા લાગ્યાં અને અન્ય લોકો અનિમેષ નયને જોતા જ રહ્યાં.[૭૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (૪૬) શાંડિલ્ય :

હૃદયમાં રહેલ સાક્ષાત્ પરમાત્માની સાક્ષાત્ ઉપાસના ઋષિ દર્શાવે છે. તેથી તેને શાંડિલ્ય વિદ્યા કહે છે.

શાંડિલ્ય પ્રત્યક્ષ રીતે અહીં આ ઉપદેશ આપતા નથી, પરંતુ ઋષિ તેનું નામ લઈને પૂર્વકાલમાં મહર્ષિ શાંડિલ્યને આ વિદ્યા કહી હતી, તેમ દર્શાવે છે.[૧૮૦] આ રીતે ઋષિનો ઉલ્લેખ છે, તેથી ૧.૯માં જે ઉદર શાંડિલ્ય ઋષિ છે તે અને આ શાંડિલ્ય ઋષિ બન્ને અલગ છે, તેમ નિર્ણય ઉપર આવી શકાય. પરંતુ શાંડિલ્ય ઋષિનાં વંશજ ઉદર શાંડિલ્ય છે કારણ કે "શાંડિલ્ય" એ ગોત્ર નામ છે.

એક શ્રેષ્ઠ આચાર્ય છે. વાત્સ્ય નામનાં આચાર્યનાં શિષ્ય છે. તેઓ "શાંડિલ"નાં વંશજ હોવાને કારણે "શાંડિલ્ય" તરીકે ઓળખાય છે.[૧૮૧] શતપથ બ્રાહ્મણમાં[૧૮૨] અગ્નિ સંબંધિત કાર્યોનાં સંસ્કારોનાં સંબંધમાં આચાર્ય કહેવામાં આવ્યા છે. એટલું જ નહીં ત્યાં યજ્ઞનાં "શાંડિલ્ય" પણ કહેવામાં આવ્યા છે.

તેઓ ગોત્રપ્રવર્તક આચાર્ય છે. શાંડિલ્ય, અસિત અને દેવલ એ ત્રણ પ્રવર છે. તેઓનાં નામે "શાંડિલ્યસ્મૃતિ", "શાંડિલ્યધર્મસૂત્ર", "શાંડિલ્ય દીપિકા" નામનાં ગ્રંથો પ્રાપ્ત થાય છે.

## (૪૭) શૃંગ :

મૃગલીમાંથી શૃંગ ઋષિની ઉત્પત્તિ થયેલી છે.[૧૮૩] તેમનો દેહ માનવનો હતો પરંતુ મુખ હરણ જેવું હતું. તેઓ કશ્યપગોત્રી મહર્ષિ વિભાન્ડકનાં પુત્ર હતાં. તેમનાં લગ્ન લોમપાદ રાજાની પુત્રી શાંતા સાથે થયા હતાં.[૧૮૪] વાયુપુરાણ[૧૮૫] સાવર્ણ વૈવસ્વત મન્વતરના સપ્તર્ષિઓમાંના એક ગણાવે છે.

## (૪૮) શ્વેતકેતુ :

અરુણ ઋષિનાં પૌત્ર હોવાથી આરુણેય ઉદ્દાલક તરીકે ઓળખવામાં આવે છે.[૧૮૬] તેઓ પણ પિતાની જેમ પાંચાલદેશનાં જ નિવાસી હતાં. બાલ્યકાળથી જ તેઓ અધ્યાત્મવિદ્યાનાં અનુરાગી હતાં. તેઓ વિદ્યા અર્થે બ્રાહ્મણોની સાથે યાત્રા કરતાં–કરતાં રાજા જનકની પાસે પહોંચ્યાં હતાં, પરંતુ મહારાજ જનકની સભાનું પ્રતિદ્વન્દ્વિતા વાતાવરણ અનુકૂળ આવેલ ન હતું, કારણ કે તેઓ વિતરાગી સંન્યાસી હતાં, તેથી તેમજ લોકોથી દૂર રહેવાય તે માટે તેઓ ત્યાં રોકાયા ન હતાં. તેઓ પાંચાલ નરેશ પ્રવાહણ પાસે વિદ્યાર્જન હેતુ પણ ગયાં હતાં.[૧૮૭]

કૌષીતકિ બ્રાહ્મણ અનુસાર તેઓ યજ્ઞસંસ્થાના આચાર્ય હતાં, તેઓએ દ્રવ્યો અને ક્રિયાઓની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપેક્ષાએ જ્ઞાનની પ્રમુખતા સિદ્ધ કરી હતી, તથા અર્થોપાર્જનને ગૌણ દર્શાવ્યું હતું. તેઓએ જ્ઞાનને પ્રેમ કરવાનું અને ભૌતિક સુખોનો વિશેષ લોભ ન કરવાનું જણાવેલ છે.[૯૮]

શ્વેતકેતુની કથા પાલી ભાષામાં બૌદ્ધ જાતકોમાં પણ પ્રવેશ પામી હતી. તેમાં પ્રદ્વેષ હોવાથી શ્વેતકેતુના જન્મ સંબંધી હલકી વાત લખી છે. કાશીના બ્રહ્મદત્ત રાજાના મંત્રીની રખાતના પુત્ર તરીકે તેનું વર્ણન છે. તે જાતકમાં શ્વેતકેતુ તક્ષશિલા વિદ્યાપીઠમાંથી સ્નાતક થયાં હતાં અને પિતાના તાબામાં કાશીરાજાએ ઉપમંત્રી તરીકે નીમ્યો હતો.[૯૯]

બાલ્યકાળમાં તેઓ ઉદ્દંડ હતાં. બાર વર્ષની આયુ સુધી તેઓને ઉપનયન સંસ્કાર થયાં ન હતાં. તેથી તેમનાં પિતા તેઓને જણાવે છે કે આપણા કુળમાં કોઈ 'બ્રહ્મબન્ધુ' નથી માટે તું વિદ્યા પ્રાપ્ત કર. ત્યારબાદ તેઓને ઉપનયન સંસ્કાર કરવામાં આવે છે. ત્યારબાદ તેઓ ચોવીસ વર્ષની આયુ સુધી ગુરુ આશ્રમમાં રહી અભ્યાસ કરે છે. કૌષીતકિ ઉપ.[૧૦૦] અનુસાર ગાર્ગ્યાયણિ ઋષિ પાસે રહીને તેમણે જ્ઞાન-સંપાદન કર્યું હતું. છા. ઉપ. પ્રમાણે રાજા પ્રવાહણ જૈવલ પાસેથી પણ જ્ઞાન મેળવ્યું હતું.

તે ઘમંડી છે. ગુરુ આશ્રમમાં જ્ઞાન પ્રાપ્ત કરીને આવે છે ત્યારે પોતાને જ સર્વશ્રેષ્ઠ વિદ્વાન અને જ્ઞાની સમજે છે. તેથી તેનું અભિમાન ઊતારવા અને અનુભવ જન્ય જ્ઞાન આપવા માટે તેમનાં પિતા ઉદ્દાલક આરુણિ "તત્ત્વમસિ" મહાવાક્યનો વિવિધ દૃષ્ટાંતો સાથે નવવાર ઉપદેશ આપે છે.

કૌષીતકિ બ્રાહ્મણમાં યજ્ઞ સંસ્થાના મુખ્ય આચાર્ય કહેવામાં આવ્યાં છે. યજ્ઞ સંસ્થામાં પુરોહિતોનું કર્તવ્ય, યજ્ઞપરંપરામાં કંઈ કંઈ ત્રુટિઓ છે, એ બાબતમાં તેઓએ મૌલિક વિચારો પ્રગટ કર્યા હતાં. બ્રહ્મચારી અને તપસ્વી લોકોને માટે વિભિન્ન આચરણો પણ નિર્દિષ્ટ કર્યા હતાં. પૂર્વકાલિન આચાર્યોએ બ્રહ્મચારીઓ માટે મધુભક્ષણનો નિષેધ બતાવ્યો હતો. પરંતુ તેમણે તે આક્ષેપને નિરર્થક દર્શાવ્યો.[૧૦૧] તેઓ યજ્ઞમાં આચાર્યો માટે ઉપાસના મુખ્ય માનતા હતાં અર્થોપાર્જન ગૌણ.

તેમનાં પરિવારમાં દેવલ ઋષિની કન્યા સુવર્ચલા તેમની પત્ની હતી. તેઓની સાથે જ "પુરુષાર્થ-સિદ્ધ' ઉપર વાદ-વિવાદ કર્યો હતો.

**(૪૯) સત્યકામ :[૧૦૨]**

સત્યકામ જાબાલ ગૌતમ ગોત્રના હારિદ્રુમત ઋષિને ત્યાં વિદ્યાધ્યાન માટે ગયો હતો. ગુરુએ ગોત્ર પૂછતાં જણાવ્યું કે "મારી માતા દુઃખી અવસ્થામાં દાસી તરીકે જીવન ગાળતી હતી અને યુવાવસ્થામાં મને પુત્ર તરીકે મેળવ્યો છે. માતાનું નામ જબાલા છે અને મારું નામ માના વંશ ઉપર जाबाल सत्यकाम છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્ય વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. પરંતુ આ બાળક સત્યવાદી છે તેથી તે બ્રાહ્મણ વંશનો જ હોવો જોઈએ, તેમ જાણી તેમણે તેને શિષ્ય તરીકે સ્વીકાર્યો અને સમિધ લઈ આવવાં જણાવ્યું કે જેથી ઉપનયન આદિ સંસ્કાર કરી શકાય.[૧૯૨]

તેઓ ગુરુની આજ્ઞાથી ગાયો અને એક વૃષભ લઈને વનમાં ગયાં, એક હજાર થતાં પરત આવ્યા. તેમણે ચાર પદમાં બ્રહ્મતત્ત્વને જાણ્યું. વાયુદેવતાનાં અંશથી ઉત્પન્ન થયેલાં વૃષભે એક પાદનું જ્ઞાન આપ્યું. બીજો પાદ અગ્નિ પાસેથી, એક પાદ હંસરૂપ ધારણ કરેલાં આદિત્ય પાસેથી અને એક ભાગ જલચર પક્ષી મદ્‌ગુનું રૂપ ધારણ કરેલાં પ્રાણ પાસેથી પ્રાપ્ત કર્યો. આ રીતે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા છતાં તેનામાં શ્વેતકેતુની જેમ ઉદ્દંડતા આવતા નથી. પરંતુ વિદ્યા વિનયથી જ શોભે છે. તે રીતે ગુરુની પાસે નમ્રતાપૂર્વક કહે છે કે આપશ્રી મને જ્ઞાન આપો અને ગુરુકૃપાથી ગુરુ પાસેથી જાણી વિશેષ પ્રતિષ્ઠિત કર્યું. આમ આ દ્વારા તે આત્મજ્ઞાન સુયોગ્ય ગુરુનાં ઉપદેશથી જ પ્રાપ્ત થાય છે. તે ઉપદેશ પ્રાપ્ત થાય તેને માટે યોગ્ય બનવા સદાચરણ જરૂરી છે. તપશ્ચર્યા જરૂરી છે.

સત્યકામ શિષ્ય ઉપકોસલની કઠિન પરીક્ષા લે છે. દરેક શિષ્યને સમાવર્તન કરે છે. પરંતુ ઉપકોસલનું કરતાં નથી. પોતાની પત્ની સમાવર્તન કરવાનું કહે છે, ત્યારે મોન રહીને જ લાંબી યાત્રાએ ચાલ્યા જાય છે. ઉપકોસલ અન્ન છોડી તપસ્યા રત બને છે. ત્યારે અગ્નિઓ તેનો સૃષ્ટિનું અંતિમ તત્ત્વ ક્રમશઃ "સૂર્ય, ચંદ્ર, અને વિદ્યુત્" છે, એમ જણાવ્યું. ગુરુ સત્યકામ જાબાલ આ જ્ઞાન અપૂર્ણ છે તેમ જણાવી પૂર્ણ જ્ઞાન આપતાં કહે છે કે "મનુષ્યોની આંખોમાં દેખાનાર; જે આ સંસારનાં પ્રતિબિંબમાં મેળવી શકાય છે, તત્ત્વજ્ઞો તેને "અમૃત, અભય અને તેજઃપૂંજ" દર્શાવે છે, તે આ પ્રતિબિંબમાં જ સ્થિત છે."

**(૫૦) સત્યયજ્ઞ :**[૧૯૩]

પુલુષનાં પુત્ર સત્યયજ્ઞ, ઉપમન્યુ વગેરેની સાથે રાજા અશ્વપતિ પાસે વિદ્યા પ્રાપ્તિ અર્થે જાય છે. પૈતૃક નામ પૌલુષિ છે. જૈમિનીય બ્રાહ્મણમાં "પૌલુષિત"રૂપ મળે છે.[૧૯૪]

**(૫૧) સનત્કુમાર :**

સાતમાં અધ્યાયમાં મહર્ષિ નારદ સનત્કુમાર પાસે આત્મજ્ઞાન માટે આવે છે. સનત્કુમાર તેઓને ક્રમશઃ આત્મજ્ઞાન તરફ લઈ જાય છે અને **"भूमा वै सुखम्"** એમ વિશાળતામાં સુખ છે, વિશાળતા પરમતત્ત્વ છે તેમ જણાવે છે.[૧૯૫, ૧૯૬]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સનત્કુમાર રુદ્રાક્ષ જા.ઉપ.માં કાલાગ્નિ રુદ્રને રુદ્રાક્ષ ધારણ કરવાની વિધિ બાબતે પૂછે છે.[૧૯૮]

વિખ્યાત તત્ત્વેત્તા આચાર્ય તેઓને સાક્ષાત્ વિષ્ણુનાં અવતાર માનવામાં આવે છે. તેઓને બ્રહ્માનાં માનસપુત્રો પણ માનવામાં આવે છે. મહા.માં તેઓની સંખ્યા "સાત" દર્શાવી છે. (૧) સન, (૨) સનત્સુજાત, (૩) સનક, (૪) સનંદન, (૫) સનત્કુમાર (૬) કપિલ, (૭) સનાતન. હરિવંશમાં પણ તેઓની સંખ્યા સાત દર્શાવી છે. (૧) સનક, (૨) સનંદન, (૩) સનાતન, (૪) સનત્કુમાર (૫) સ્કંદ, (૬) નારદ અને (૭) રુદ્ર[૧૯૯] શ્રીમદ્ ભાગવત્ તેઓની સંખ્યા ચાર ગણાવે છે. (૧) સનક, (૨) સનંદન, (૩) સનત્કુમાર (૪) સનાતન.[૨૦૦]

તેઓશ્રી બ્રહ્મજ્ઞાની, નિવૃત્તિમાર્ગી, યોગવેત્તા, સાંખ્યજ્ઞાન વિશારદ, ધર્મશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્રનાં પ્રવર્તક આચાર્ય છે. ને ચિરંજીવી અને ઈચ્છાનુગામી છે. તેઓનું નિવાસ–સ્થાન હિમગિરી પર્વત છે.

તેઓનાં નામે (૧) સનત્કુમાર ઉપપુરાણ (૨) સનત્સુજાતીય આખ્યાન, (૩) સનત્કુમાર સંહિતા વગેરે પ્રાપ્ત થાય છે.[૨૦૧]

## (૫૨) અભિપ્રતારી :[૨૦૨]

કક્ષસેનના પુત્ર છે. તેઓ આત્માની, બધી જ પ્રજાઓને ઉત્પન્ન કરનાર, જે ભક્ષણ કરવાનાં સ્વભાવવાળો તે વિરાટ્ રૂપની આત્મારૂપે ઉપાસના કરે છે.

કુરુવંશમાં ઉત્પન્ન થયેલ રાજપુત્ર છે. તેઓ તત્ત્વજ્ઞાનની ચર્ચામાં જ નિમગ્ન રહેતાં હતાં. તેઓ પોતાના જીવનકાલ દરમિયાન જ પોતાની સંપત્તિઓનો ભાગ પુત્રોમાં વહેંચી દીધો હતો. આચાર્ય શૌનક તેઓનાં પુરોહિત હતાં.[૨૦૩]

## (૫૩) રાજા અશ્વપતિ :

કૈકેય દેશનાં રાજા છે અને વૈશ્વાનરરૂપી બ્રહ્મવિદ્યાનાં જાણનારા છે. તેઓ પ્રાદેશમાત્ર આત્માની ઉપાસના કરવાનું જણાવે છે.[૨૦૪]

તેઓને પોતાનાં રાજ્યનાં લોકો વિશે અત્યંત ગૌરવ હતું. તેઓ જણાવે છે કે "મારા રાજ્યમાં કોઈ ચોર નથી, લુટારું નથી, મદ્યપાન કરનાર નથી, વ્યભિચારી નથી, વ્યભિચારિણી સ્ત્રી નથી."[૨૦૫] આમ એક શ્રેષ્ઠ રાજા અને આત્મજ્ઞાની તરીકે તેઓ આવ્યા છે અને તેથી પ્રાચીન શાલ વગેરે ઋષિઓ તેની પાસે જાય છે. ત્યારે વિનયપૂર્વક યોગ્ય આદર–સત્કાર આપી તેઓને "વૈશ્વાનર આત્મા"નું જ્ઞાન આપે છે.



For Private And Personal Use Only

## (૫૪) જડભરત :[૩૦૬]

જડભરત મહાનયોગી તરીકે પ્રસિદ્ધ છે. રાજા નાભિનાં પુત્ર ઋષભદેવને ઇન્દ્રની કન્યા જયન્તીથી સો પુત્ર પ્રાપ્ત થયાં હતાં તેમાં જયેષ્ઠ પુત્ર ભરત હતો.

તેઓ રાજ્યસુખના ઉપભોગ વગર તપશ્ચર્યા માટે પુલહાશ્રામ ચાલ્યાં ગયાં હતાં.[૩૦૭] તેઓએ પુલહાશ્રામમાં સૂર્યમન્ત્રનો અખંડ જાપ કરીને દિવ્ય શક્તિઓને પ્રાપ્ત કરી હતી. પરંતુ એક દિવસ સિંહની ગર્જનાથી ડરેલી ગર્ભવતી હરિણીએ ગર્ભપાત થઈ ગયો હરિણી ભાગી ગઈ, તેથી ભરતે તે બચ્ચાનું પાલન પોષણ કર્યું. તે બચ્ચાં પ્રત્યે તેઓને એટલો સ્નેહ થઈ ગયો કે તેઓ તપશ્ચર્યા અને નિત્યકર્મ પ્રતિ ઉદાસીન થઈ ગયાં. મૃત્યું સમયે પણ તેઓને આ જ ચિંતા થતી; તેથી મૃત્યુબાદ તેઓનો બીજો જન્મ મૃગયોનીમાં થયો.[૩૦૮]

પૂર્વજન્મની તપશ્ચર્યાનાં પરિણામ સ્વરૂપે તેઓ અંગિરાકુલનાં બ્રાહ્મણની બીજી પત્નીને ત્યાં જન્મ્યા. પૂર્વ જન્મનાં જ્ઞાનને કારણે તેઓ મોક્ષ પ્રાપ્તિ તરફ જ અનુરક્ત હતાં. તેઓ નિષ્ઠુર, ઉદાસીન, નિસ્પૃહ અને અકર્મણ્ય રહેવા લાગ્યાં. તેથી તેઓ જડ તરીકે ઓળખાવા લાગ્યા. તેઓનાં માતા–પિતાનાં મૃત્યુ બાદ મૂર્ખ સમજીને ભાઈઓએ સંબંધ છોડી દીધો. તેઓ ઉન્મત્તની જેમ ફરતાં રહેતાં હતાં. એક વખત દસ્યુરાજા પકડીને બલિ માટે લઈ ગયાં પરંતુ દેવીએ ઓળખીને તેનું રક્ષણ કર્યું.[૩૦૯]

કપિલાશ્રમમાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ સાંભળવા જતાં રાજા રાહુગણને પાલખી ઉપાડનારની જરૂર પડતાં જબરદસ્તીથી ભરતને લગાડ્યા. પાલખી ઉપાડીને તેઓ ધીરે–ધીરે ચાલતાં હતાં, તેથી રાજાએ કહ્યું કે "તમો મજબૂત શરીર ધરાવો છો છતાં કાર્ય કેમ યોગ્ય રીતે કરતાં નથી." જડભરતે જવાબ આપતાં જણાવ્યું કે "મજબૂતી શરીરની નહીં આત્માની હોવી જોઈએ. મારી આત્મા આટલી મજબૂત નથી." આ સાંભળતા જ રાજા તેઓને મહાપુરુષ તરીકે ઓળખી ગયા. નીચે ઉતરી તેઓનાં ચરણમાં વંદન કર્યા. જડભરતે તેઓને ઉપદેશ આપ્યો અને જંગલમાં ચાલ્યાં ગયાં.[૩૧૦]

રુદ્રાક્ષ જા. ઉપ.માં તેઓશ્રી રુદ્રાક્ષ ધારણ વિધિ સાંભળવા માટે કાલાગ્નિ રુદ્ર પાસે બેસે છે.

## (૫૫) જનક :

મહારાજ જનક વિદેહના રાજા હોવા છતાં શ્રેષ્ઠ સંન્યાસયોગી હતાં. દેહમાં હોવા છતાં દેહ અભિમાનથી વિરક્ત હોવાથી વિદેહ કહેવાતાં. તેઓશ્રી પોતાના સમયનાં પ્રસિદ્ધ બ્રહ્મવેત્તા હતાં. યાજ્ઞવલ્કય, વામદેવ, અષ્ટાવક્ર વગેરે અનેક વિદ્વાન તેની સભામાં એકત્ર થઈને શાસ્ત્ર ચર્ચા કરતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુકદેવજી પણ તેઓની પાસે બ્રહ્મવિદ્યાના અધ્યયન માટે ગયાં હતાં.[૩૧૧] જનકનાં દરબારમાં વિદ્વાનોનો આદર થતો હતો.

તેઓ રાજા હતાં, અનેક પત્નીઓનાં પતિ પરંતુ તેઓને રાજમદ સ્પર્શી શક્યો ન હતો. વાસના, લોભ, પરિગ્રહથી પણ તેઓ દૂર હતાં. તેથી જ તેઓ કહેતા હતાં કે, "मिथिलायां प्रदाह् यायां न मे किंचन दह्यते[૩૧૨]

મિથિલાધિપતિ રાજા જનક જેનું બીજું નામ વિદેહ હતું. જનક રાજાના યજ્ઞસ્થાનમાં મુનિ વશિષ્ઠ આવ્યા ત્યારે તે નિદ્રાધીન હતાં તેથી ઋષિએ તેને વિદેહ બનવાનો શાપ આપ્યાં.[૩૧૩]

**(૫૬) જાનશ્રુતિ :**

જનશ્રુત રાજાના પુત્રનાં પુત્ર છે.[૩૧૪] તેઓ પુષ્કળ દાન આપનારા અને વિદ્યા પ્રાપ્તિ માટે સર્વસ્વનો ત્યાગ કરનારાં છે. તેઓ રૈક્વઋષિને પોતાની પુત્રીનું દાન આપીને સંવર્ગ વિદ્યાની પ્રાપ્તિ કરે છે. તે સ્થૂલ દ્રવ્ય લઈ રૈક્વ ઋષિ પાસે આવે છે; તેથી મહર્ષિ રૈક્વ 'શૂદ્ર' તરીકે સંબોધે છે.[૩૧૫]

**(૫૭) પ્રવાહણ :**

રાજન્ય જીબાલનાં પુત્ર છે. ઉદ્‌ગીથ વિદ્યાની આકાશવિદ્યારૂપે ઉપાસના કરે છે.[૩૧૬]

કીથ અને મેકડોનલનાં મતે તેઓ મહર્ષિ ઉદ્દાલકનાં સમકાલિન હતાં. તેઓ ઉપ.માં દાર્શનિક શાસ્ત્રાર્થોમાં ભાગ લેનારનાં રૂપમાં આવે છે. કદાચ જૈમિનય ઉપનિષદ્ બ્રાહ્મણનાં "જૈવલિ"નાં સમાન છે.[૩૧૭]

તેઓ પરમ વિદ્વાન અને તત્ત્વજ્ઞાની છે. પોતાનાં રાજ્યમાં તત્ત્વજ્ઞાનની પરિષદોનું આયોજન કરે છે. શ્વેતકેતુ આરુણેય પણ તેઓનાં પ્રશ્નનાં જવાબ આપી શકયા ન હતાં, તેથી પિતા–પુત્ર બન્ને તેઓની પાસે આવે છે. "બ્રહ્મજ્ઞાન"ની દીક્ષા માંગે છે. રાજર્ષિ પ્રવાહણ ક્ષત્રિય હોવા છતાં બન્નેને દીક્ષિત કરીને જણાવે છે કે આ જ્ઞાન આજ સુધી ક્ષત્રિયો પાસે જ હતું. તમે બ્રાહ્મણોમાં સર્વપ્રથમ વ્યક્તિ છો, તેમને આ પરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.[૩૧૮]

તેઓનો શાસ્ત્રાર્થ ઉદ્‌ગીથ ઉપાસનાનાં સંદર્ભમાં 'શિલક શાલાવત્ય' અને 'ચૈકિતાયન દાલ્ભ્ય' નામનાં ઋષિઓ સાથે થયો હતો.

રાજર્ષિ પ્રવાહણ જીબલ પાસે ઉદ્દાલક આરુણિ અને એમનો પુત્ર શ્વેતકેતુ વિદ્યા માટે આવે છે. તેને તેઓ પંચાગ્નિવિદ્યાનું રહસ્ય સમજાવે છે.[૩૧૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવલ/જીબલનાં વંશજ હોવાથી "જૈવલિ" અથવા "જૈબલ" તરીકે પણ ઓળખાય છે.

**(૫૮) બૃહદ્રથ :**[૩૩૦]

બૃહદ્રથ રાજા હતાં, વૈરાગ્ય ઉત્પન્ન થતાં મોટાપુત્રને રાજ્ય સોંપી તપશ્ચર્યા માટે વનમાં ચાલ્યાં ગયાં. એક હજાર વર્ષે તપશ્ચર્યા પૂર્ણ થાય છે, ત્યારે શાકાયન્નમુનિ તેઓની પાસે આવ્યાં. તેઓએ બ્રહ્મજ્ઞાન અતિકઠિન છે તેમ જણાવી અન્ય વરદાન માંગવા કહ્યું. ત્યારે બૃહદ્રથે દઢ વૈરાગ્ય દર્શાવી બધી વસ્તુ નાશવંત છે તેમ જણાવ્યું. તેથી શાકાયન્ન મુનિએ તેઓને બ્રહ્મજ્ઞાન આપ્યું.

બૃહદ્રથની કથા, નચિકેતા, ઉમાહૈમવતી, સત્યકામ જાબાલ વગેરેની કથા દ્વારા–જીવન દ્વારા એ સ્પષ્ટ થાય છે કે આત્મજ્ઞાન માટે કઠોર પરીક્ષામાંથી પસાર થવું પડે છે.

આ બૃહદ્રથ રાજા ઈક્ષ્વાકુવંશના નરેશ[૩૩૧] ધ્વજશીર્ષનાં પુત્ર છે અને મરુત્ નામથી પ્રસિદ્ધ છે.

આ ઉપરાંત વજ્રસૂચિકોમાં વિશ્વામિત્રની ઋષિની ઉત્પત્તિ કુશમાંથી થયેલી છે. તેઓ કૌશિક ગોત્રનાં હોવાથી કૌશિક પણ કહેવાય છે. જમ્બૂર ઋષિની ઉત્પત્તિ જમ્બુકમાંથી અર્થાત્ શિયાળમાંથી થઈ છે. વાલ્મીકિ ઋષિનો જન્મ રાફડામાંથી થયો છે. અહીં તેમની લાંબી તપશ્ચર્યાના કારણે ચારેબાજુ રાફડો થઈ જાય છે. પછી તેઓશ્રીને મહર્ષિ નારદ તેમાંથી જાગૃત કરે છે. અર્થાત્ વુંટારામાંથી તપશ્ચર્યાનાં પરિણામે મહર્ષિ વાલ્મિકી બની જાય છે. કળશમાંથી અગસ્ત્ય ઋષિની ઉત્પત્તિ થઈ છે.[૩૩૨]

આ ઉપરાંત વાલખિલ્ય, કૌત્સાયન વગેરે અનેક ઋષિઓનાં ઉલ્લેખો જ્ઞાન પરંપરામાં આવે છે. તે પ્રત્યક્ષ જ્ઞાન આપનાર નથી.

**(૫૯) વિરોચન :**

અસુરરાજ વિરોચન પ્રજાપતિ પાસે બ્રહ્મજ્ઞાન માટે પ્રજાપતિ પાસે જાય છે. ૩૨ વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક રહે છે. ત્યારબાદ પ્રજાપતિ "આ શરીર જ બ્રહ્મ છે." એવું જ્ઞાન પ્રથમ આપે છે. તે જ જ્ઞાનને સાચું માનીને તેઓ અસુરો પાસે ચાલ્યા જાય છે. તેથી જ અસુરો શરીરને જ સર્વસ્વ માની તેની દેખભાળ અને શણગારવામાં જ ધ્યાન આપે છે.[૩૩૩]

પ્રહ્લાદ દૈત્યના પુત્ર અને બલિના પિતા હતાં.

**ઉપસંહાર :**

દેવઋષિ, ઋષિ, રાજર્ષિ, અસુર ઉપરાંત પ્રાકૃતિક તત્ત્વોને પણ જ્ઞાન આપનાર તરીકે સ્વીકારવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે. પ્રકૃતિની લીલામાંથી જ્ઞાન પ્રાપ્ત કરવું એ ભારતીય પરંપરા છે. સત્યકામ, મદ્ગુપક્ષી, સાંઢ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરે છે. એ જ પ્રમાણે દિશાઓ પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કરવાની વાત છા. ઉપ.માં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧૦
# સામવેદીય ઉપનિષદોનાં ઋષિઓનો પરિચય

**અંત્યનોંધ :**

(૧) ऋषिः दर्शनात् । स्तोमान् ददर्शेत्यौपमन्यवः । .....तद् यदेनांस्तपस्यमानान् ब्रह्म स्वयम्भ्वानर्षत्, तद् ऋषीणाम् ऋषित्वम् ।

— निरुक्त - २.११

(२) "श्रमेण तपसा अरिषन्त, तस्माद् ऋषयः ।"

— शतपथ ब्राह्मण - ६.१.१

(३) साक्षात्कृतधर्माण ऋषयो बभूवुः ॥

— निरुक्त १.२०

(४) डॉ. कपिलदेव शास्त्री; वै. ऋषि – एक – परिशीलन, पृ. २

(५) यत्काम ऋषिर्यस्यां देवतायाम् आर्थत्यम् इच्छन् स्तुतिम् प्रयुङ्क्ते ।

— निरुक्त ७.१

(६) डॉ. कपिलदेव शास्त्री, वै. ऋषि एक परिशीलन – पृ. ४

(७) वही पृ. १२

(८) अग्निवायुरविभ्यस्तु त्रयं ब्रह्म सनातनम् ।

दुदोह यज्ञसिद्ध्यर्थमृग्यजुः सामलक्षणम् ॥

— मनुस्मृति १.२३

(९) डॉ. कपिलदेव शास्त्री, वै. ऋषि – परिशीलन, पृ. १२५-१२९

(१०) ब्रह्मविद् ब्रह्मैव भवति ॥

(११) डॉ. कपिलदेव शास्त्री, वै. ऋषियों का परिशीलन पृ. १७

(१२) छा. उप. ४.७

(१३) छा. उप. ४.१० से १३ खण्ड

(१४) अथ य एतदेवं विद्वानग्निहोत्रं जुहोति तस्य सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मसु हुतं भवति ॥

— छा. उप. ६.२४.२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१५) अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देहमाश्रितः ।

प्राणापानसमायुक्तः, पचाम्यन्नं चतुर्विधम् ॥

गीता - १५.४

(१६) केनो- ३.३.६

(१७) अग्निः पृथिवीस्थानः......॥

.....अथ एतानि अग्निभक्तीनि । अयं लोकः । प्रातः सवनम् । वसन्तः । गायत्री त्रिवृत् स्तोमः । रथन्तरं साम । ये च देवगणाः समाम्नाताः प्रथमे स्थाने । अग्नायी पृथिवी इळा इतिस्त्रियः । अथास्य कर्म वहनं च हविषाम् आवाहनं च देवतानाम् । यच्च किञ्चित् दार्ष्टिविषयकम् अग्निकर्मैव तत् ॥७.३॥

— निरुक्त - ७.२.२, ७.३

(१८) शब्दकल्प द्रुम - खण्ड १ - पृ. २०६

(१९) तस्माद्वा इन्द्रोऽतितरामिवान्यान् देवान् स ह्येनन्नेदिष्ठं पस्पर्श स ह्येनत् प्रथमो विदाञ्चकार ब्रह्मेति॥

.....सर्वेश्व स इन्द्रोऽभवत् । तस्मादिन्द्रो देवानामधिकोऽभवत् ॥......॥

केनो. ४.३, अध्याय. ५

(२०) श्यामाच्छबलं प्रपद्ये शबलाच्छ्यामं प्रपद्येऽश्व इव......।

— छा. ८.१३.१

(२१) महामहोपाध्याय विद्यानिधि, सिद्धेश्वर शास्त्री; प्राचीन चरित्रकोश पृ. ५८-७३

(२२) इन्द्राणीमासु नारिषु सुभगामहमश्रवम् ।

नह्यस्या अपरं चन जरसा मरते पतिर्विश्वस्मादिन्द्र उत्तरः ॥

— ऋग्वेद १०.८६

(२३) यच्चलत्स्पर्श मात्रेण वह्नस्पर्शता अपि ।

नगरात्स्वजा दिव गम्य; केवलं देहभस्मभि: ॥

— श्रीमद् भागवत् १.३.१२

(२४) मत्स्य पु. ४७.५८-८९

(२५) स्कंद पुराण १.१९.९

(२६) गुरुं भारं समासाद्योड्डीन एष विहंगमः ।

गरुडस्तु खगश्रेष्ठस्तस्मात्पन्नगभोजनः ॥

— महा. आ. अ. ३०.७

(२७) श्रीमद् भागवत् (६.९) ८.८.४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२८) सत्यव्रतकामवरेणां हस्तुरीयं जगृहुः स्त्रियः ।

रजोरूपेण तास्वंहो मासि मासि प्रदृश्यते ॥ ६.९.९

– श्रीमद् भागवत ६.९.९ अने स्कंद पु. १.१.२५

(२९) श्रीमद् भागवत १.३.२४ थी १०.२५.११

(३०) महा. शां. ५०.८५-८९

(३१) एकदा सोऽमलप्रज्ञो मेरावेकान्तसंस्थितः ।

पप्रच्छ पितरं भक्त्या कृष्णद्वैपायनं मुनिम् ॥१४॥

जनको नाम भूपालो विद्यते मिथिलापुरे ।

यथावद्वेत्त्यसौ वेद्यं तस्मात्सर्वमवाप्स्यसि ॥१९॥

– महो. २.१४-१९

(३२) .....उवाच मत्प्रियं कृत्वा कन्यैव त्वं भविष्यसि ॥७८॥

एवमुक्ता वरं वव्रे गात्रसौगन्ध्यमुत्तमम् ।

स चास्यै भगवान्प्रादान्मनसः काङ्क्षितं भुवि ॥८०॥

तस्यास्तु योजनाद्गन्धमाजिघ्रन्त नरा भुवि ॥८२॥

तस्या योजनगन्धेति ततो नामापरं स्मृतम् ।.....॥८३॥

– महा. आ. ६३.७०-८३

वज्रसूचिको-५ व्यासः कैवर्तकन्यकायाम्.....॥

(३३) एवं द्वैपायनो जज्ञे सत्यवत्यां पराशरात् ।

न्यस्तो द्वीपे स यद्बालस्तस्माद्द्वैपायनः स्मृतः ॥

– महा. आ. भाग. १.३. महा. आ. ६३.८६

(३४) प्रा. चरित्र कोश, पृ. ३६९

(३५) पितृणां दुहिता योगा गन्धकालीति विश्रुता ।

चतुर्थो ब्रह्मणश्चांशः पराशरकुलोद्वहः ॥७४॥

व्यस्य त्वेकं चतुर्धा तु वेदं धीमान्महामुनिः ।

महायोगं महात्मानं यो व्यासं जनयिष्यति ॥७५॥

– वायुपुराण अ. ७७. ७४-७५

(३६) प्रा.चरित्र कोश. ९१६-९२१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३७) नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविन्दायतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥

(३८) महा. आ. ३८. २०-२१

(३९) .....विव्यास वेदान्यस्मात्तस्माद्व्यास इति स्मृतः ॥
सुमन्तुं जैमिनिं पैलं शुकं चैव स्वमात्मजम् ॥

— महा. आ. ६३.८९

(४०) स्कंद पु. १४७-१४८

(४१) ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति माम् ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥

— महा. सभा ५.४५

(४२) डॉ. चतुर्वेदि-ब्रह्मसूत्र, उप. एवं श्रीमद्गीता. पृ. ८४

(४३) मैत्रेयी उप. ...

छा. उप. अ. ८

आरुणि उप. अ.१

(४४) तं होवाच भगवान् कालाग्निरुद्रः ।....॥

— रु. जा. द. उप.

(४५) .......धाता च सृष्टौ विष्णुश्च स्थितौ रुद्रश्च नाशे.....॥

महो. १.७ योगाचूडामणि उप. ७२

अथ पुनरेव नारायणः सोऽन्यत्कामो मनसा ध्यायत तस्य ध्यानान्तःस्थस्य ललाटात्र्यक्षः शूलपाणिः पुरुषो जायते बिभ्रच्छ्रियं यशः सत्यं ब्रह्मचर्यं तपो वैराग्यं मन ऐश्वर्यं सप्रणवा व्याहृतय ऋग्यजुः सामाथर्वाङ्गिरसः सर्वाणि छन्दांसि तान्यङ्गे समाश्रितानि तस्मादीशानो महादेवो महादेवः ॥७॥

— महो. १.७

(४६) कद्रुद्राय प्रचेतसे मीळ्हुष्टमाय तव्यसे । वोचेम शंतमं हृदे ॥१॥
यः शुक्र इव सूर्यो हिरण्यमिव रोचते । श्रेष्ठो देवानां वसुः ॥५॥

— ऋग्वेद १.४३

(४७) तस्यापि दर्शयामास स्ववीर्यं जलकल्मषः ।
यच्चकार गलेनीलं तच्च साधोर्विभूषणम् ॥

— श्रीमद् भागवत ८.७.४३



For Private And Personal Use Only

(४८) या ते रुद्रशिवातनूः शिवाविश्वाहाभेषजी ।
शिवारुतस्यभेषजीतयानोमृडजीवसे ॥१६.४९॥

— शतरुद्रीय(वा.स.१६)

(४९) शतपथ ब्राह्मण - ९.७.४.१.२

(५०) एको हि रुद्रो न द्वितीयाय तस्थुर्य इमाँल्लोकानीशत ईशनीभिः ।
प्रत्यङ्जनांस्तिष्ठति संचुकोपान्तकाले संसृज्य विश्वा भुवनानि गोपाः ॥

— श्वेताश्वेतर उप. ३.२

(५१) पद्म पु. सृ. ३. वायु. पु. २७

(५२) या सृष्टिः स्रष्टुराद्या वहति विधिहुतं या हविर्या च होत्री,
ये द्वे कालं विधत्तः श्रुतिविषयगुणा या स्थिता व्याप्य विश्वम् ।
यामाहुः सर्वबीजप्रकृतिरिति यया प्राणिनः प्राणवन्तः,
प्रत्यक्षाभिः प्रपन्नस्तनुभिरवतु वस्ताभिरष्टाभिरीशः ॥१.१॥

— महाकवि कालिदास - अभि. शा. १.१

(५३) प्रा. च. कोश. पृ. ७५१

(५४) वही पृ. ७६२

(५५) देवीभागवत १०.१३

(५६) पृथिवी वायुराकाशमापोऽग्निश्चन्द्रमा रविः ।
कपोतोऽजगरः सिन्धुःपतङ्गो मधुकृद् गजः ॥
मधुहा हरिणो मीनः पिङ्गला कुररोऽर्भकः ।
कुमारी शरकृत् सर्प ऊर्णनाभिः सुपेशकृत् ॥

— श्रीमद् भागवत् ११.७.३३-३४

(५७) सायन्तनं श्वस्तनं वा न संगृह्णीत भिक्षुकः ।
भक्षिका इव संगृहणन् सह तेन विनश्यति ॥

— भाग. ११.८.१२

(५८) ...तस्मिन् समये निदाघजडभरतदत्तात्रेयाकात्यानभरद्वाजकापिलवसिष्ठपिप्लादयश्च कालाग्निरुद्रं परिसमेत्योचुः ॥

— ह. जा. उप. ४६



For Private And Personal Use Only

(५९) जा. द. उप. १.१.४

(६०) नारद (पु.)

नारं परमात्मविषयकं ज्ञानं ददातीति ।

नारं नरसमूहं द्यति खण्डयति कलहेनेति ॥

— शब्दकल्पद्रुम - भाग २ पृ. ४६५

(६१) डॉ. कपिलदेव शास्त्री, वै. ऋषि परिशीलन पृ. ४०-४१

(६२) छां. उप. अ. ७; वासुदेव उप.

(६३) प्रा. च. कोश, पृ. ५१८-५२३

(६४) तेन तं ह बृहस्पतिरुद्गीथमुपासांचक्र एतमु एव बृहस्पतिं मन्यन्ते वाग्घि बृहती तस्या एष पतिः ॥

— छां. उप. १.२.११

(६५) कोऽन्वं बृहस्पतेरपध्यान्तं....॥

— छां. उप. १.२२.१

(६६) मत्स्य पु. ८३.३०

(६७) आरुणिः प्राजापत्यः प्रजापतेर्लोकं जगाम । तं गत्वोवाच ।

केन भगवन्कर्माण्यशेषतो विसृजानीति । तं होवाच प्रजापतिः ॥१॥

— आरुणि उप.; छां. उप.

(६८) तद्धैतद्ब्रह्मा प्रजापतय उवाच प्रजापतिर्मनवे मनुः प्रजाभ्यस्तद्धैतदुद्दालकायाऽऽरुणये ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रोवाच ॥

— छां. उप. ३.११.४

(६९) मैत्रायणि उप. द्वितीय प्रपाठक

(७०) महा. १.८-११

(७१) उत्पतन्त्यास्तदाकाश आलोकन कुतूहलात् ।

सृष्ट्यर्थं यत्कृतं तेन तपः परमदारुणम् ॥

तत्सर्वं नाशमगमत्स्व सुतोपगमेच्छया ।

तेनोर्ध्वं वक्त्रमभवत्पञ्चमं तस्य धीमतः ॥

मत्स्य पु. ३.३०-४०

(७२) स्कंद पु. ६.१९०



For Private And Personal Use Only

(७३) ब्रह्मा कुमारो नन्दीशः शौनको गर्ग एव च ।
वासुदेवोऽनिरुद्धश्च तथा शुक्रबृहस्पती ॥
अष्टादशैते विख्याता वास्तुशास्त्रोपदेशकाः ।
संक्षेपेणोपदिष्टं तु मनवे मत्स्य रूपिणा ॥

— मत्स्य पु. २५२.३-४

(७४) केनो. ३.७-१०

(७५) वायुर्वा इन्द्रो वा अन्तरिक्षस्थानः ॥

— निरुक्त - ४.२

(७६) शुरुत्वा इंद्र वृषभो रणाय पिबा सोममनुष्वधं मदाय ।
आ सिंचस्व जठरे मध्वं ऊर्मिं त्वं राजासि प्रदिवः सुतानां ॥ ३.४७.१

— ऋग्वेद ३.४६;४७; ८.२६

(७७) इलायामपि भार्यायां वायोः पुत्र्यां महाबलः ।....२४। भाग.
.... मारुताश्च वृकोदरः ।.....१६॥ महा. आ.

— भाग. ४.१०.२, महा. आ. ६३.१६

(७८) छा. उप. ३.३ खण्ड

(७९) छा. उप. ५.१ खण्ड

(८०) भाग. १.२४.५५, १०.३

(८१) प्रा. च. कोश, पृ. १५९

(८२) भाग. दशम स्कन्ध

(८३) भाग. दशम स्कन्ध

(८४) अहोरात्रैश्चतुः षष्टचा संयत्तौ तावतीः कलाः ।
गुरुदक्षिणयाऽऽचार्यं छन्दयामासतुर्नृप ॥१०.४५.३६

— भाग. १०.४५.३६ भाग. १०.४१.३६

(८५) तथेति तेनोपानितं गुरुपुत्रं यदूत्तमौ ।
दत्त्वा स्वगुरवे भूयो वृणीष्वेति तमूचतुः ॥१०.४५.४६

— भाग. दशम स्कंध, देवीभाग. ४.२.१

(८६) भाग. १०.५८



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(८७) कर्तुं धर्मव्यवस्थानमसुराणां प्रणाशनम् ।
रुक्मिणी सत्यभामा च सत्या नाग्नजिती तथा ॥
सुमित्रा च तथा शैब्या गान्धारी लक्ष्मणा तथा ।
सुभीमा च तथा माद्री कौशल्या विरजा च या ॥
एवमादीनि देवीनां सहस्त्राणि च षोडश ।
रुक्मिणी जनयामास पुत्रान्नयविशारदान् ॥

— पद्म पु. १३.१५४-१५६

(८८) चारुदेष्णं रणे शूरं प्रद्युम्नं च महाबलम् ।
सुचारुं चारुभद्रं च सदश्वं ह्रस्वमेव च ॥१५७॥
सप्तमं चारुगुप्तं च चारुभद्रं च चारुकम् ।
चारुहासं कनिष्ठं च कन्यां चारुमतीं तथा ॥१५८॥
पुत्र्यः तु रुक्मिणी राजन् नाम्ना भोजकटे पुरे ।
एतेषां पुत्रपौत्राश्च बभूवुः कोटिशो नृप ।
मातरः कृष्णजातानां सहस्त्राणि च षोडश ॥१०.६१.१९

— पद्म पु. सृ. १३; १५७-१५८ भाग १०.६१.१९

(८९) एवमुक्त्वा यदुश्रेष्ठश्चेदिराजस्य तत्क्षणात् ।
व्यपाहरच्छिरः क्रुद्धश्चक्रेणामित्रकर्षणः ॥२५॥
स पपात महाबाहुर्वज्राहत इवाचलः ।
ततश्चेदिपतेर्देहात्तेजोऽग्र्यं ददृशुर्नृपाः ॥२६॥

— महा सभा. ४५.२६-२८

(९०) महा. भीष्म पर्व २३.२४

(९१) यदुवंशेऽवतीर्णस्य भवतः पुरुषोत्तम ।
शरच्छतं व्यतीताय पञ्चविंशाधिकं प्रभो ॥

— भाग. ११.६.२५

(९२) वासुदेव उप.

(९३) श्री विनोबा भावे, ઉપ.નો અભ્યાસ પૃ. ७

(९४) पं. विष्णुदेव, सामवेद गान प्रा. भा. भा. वि. १ पृ. ६४५



For Private And Personal Use Only

(९५) त ँहैतमतिधन्वा शौनक उदरशाण्डिल्यायोक्त्वोवाच..... ॥

— छा. उप. १.९.३

(९६) ताँ हायास्य उद्गीथमुपासांचक्र एतमु एवायास्यं मन्यन्त आस्याद्यदयते ॥

— छा. उप. १.२.१२

(९७) ताँ हाङ्गिरा उद्गीथमुपासांचक्र एतमु एवाङ्गिरसं मन्यन्तेऽङ्गानां यद्रस. ॥

— छा. उप. १.२.१०

(९८) प्रा. च. कोश, पृ. ५६

(९९) ..... पौलुषिरिन्द्रद्युम्नो भाल्लवेयो....॥

छा. उप. ५.११.१

(१००) त ँहैतमतिधन्वा शौनक.....॥

— छा. उप. १.९.३

(१०१) .....उद्दालकायारुणये ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रोवाच ॥

— छा. उप. ३.११.४, अ. ५

(१०२) महा. आ. ३.२०.१

(१०३) आरुणिः प्राजापत्यः प्रजापतेर्लोकं जगाम ।

— आ. उप. १.

(१०४) तस्य ह नचिकेता नाम पुत्र आस ॥

— कठो. १.१.१

(१०५) प्राचीनशाल औपमन्यवः सत्ययज्ञः पौलुषिरिन्द्रद्युम्नो..... को न आत्मा किं ब्रह्मेति ॥

त ह संपादयाञ्चक्रुरुद्दालको वै भगवन्तोऽयमारुणिः संप्रतीममात्मानं वैश्वानरमध्येति त ँहन्ताभ्यागच्छामेति त ँहाभ्याजग्मुः ॥

— छा. उप. ५.११.१-२

(१०६) श्वेतकेतुर्हारुणेय आस त ँह पितोवाच श्वेतकेतो वस ब्रह्मचर्यम् । न वै सोम्यास्मत्कुलीनोऽननूच्य ब्रह्मबन्धुरिव भवतीति ।

— छा. उप. ६.१.१

(१०७) डॉ. इश्वर भारद्वाज - उप. में संन्यासयोग -



For Private And Personal Use Only

(१०८) उपकोसलो ह वै कमलायनः सत्यकामे जाबाले ब्रह्मचर्यमुवास तस्य ह द्वादशवर्षाण्यग्नीन्परिचचार स ह स्मैव न समावर्तयति ॥

— छा. उप. ४.१०.१

(१०९) मटचीहतेषु कुरुष्वाटिक्या सह जाययोषस्तिर्ह चाक्रायण इभ्यग्रामे प्रद्राणक उवास ॥

— छा. उप. १.१०.१

(११०) वैदिक कोश - भाग-१. पृ. ३४२

सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणीर्यतिः ।

नैते गृहान् ब्रह्मसुता ह्यावसन्नूर्ध्वरेतसः ॥

— भाग. ४.८.१

(१११) राजाप्रसाद शर्मा - पौराणिक कोश पृ. ७१

(११२) मोक्षद्वारे द्वारपालाश्चत्वारः परिकीर्तिताः ।

शमो विचारः संतोषश्चतुर्थः साधुसंगमः ।४.२॥

— महो. अ. २.४

(११३) रु. जा. उप. ४६

(११४) ऋषि प्रसूत कपिलं यस्तमग्रे ।

ज्ञानैर्बिभर्ति जायमानं च पश्येत् ॥

— श्वेताश्वेतर उप. ५.२

(११५) एतत्पवित्रमग्र्यं मुनिरासुरयेऽनुकम्पया प्रददौ ।

आसुरिरपि पञ्चशिखाय तेन बहुधा कृतं तन्त्रम् ॥

— श्री ईश्वरकृष्ण, साङ्ख्यकारिका-७०

(११६) तस्यां बहुतिथे काले भगवान्मधुसूदनः ।

कार्दमं वीर्यमापन्नो जज्ञेऽग्निरिव दारुणि ॥३.२४.६

वेदाहमाद्यं पुरुषमवतीर्णं स्वमायया ।

भूतानां शेवधिं देहं बिभ्राणं कपिलं मुने ॥३.२४.१६

— श्रीमद्भाग. ३.२४.५-१९

(११७) डॉ. वसंत परीख, सांख्यकारिका, पृ. १६-१७

(११८) या तु श्रुतिः कपिलस्य ज्ञानातिशयं दर्शयन्ती प्रदर्शिता, न तया श्रुतिविरुद्धमपि कापिलमतं श्रद्धातुं शक्यं, कपिलमिति श्रुतिसामान्यमात्रत्वात् । अन्यस्य च कपिलस्य सगरपुत्राणां प्रतप्तुर्वासुदेव नाम्नः स्मरणात् ।

— श्रीमद् शं. ब्रह्मसूत्र शां. भा. २.१.१

(११९) स्व. जा. उप. ४६

(१२०) पु. कास्य गोत्रापत्ये पुमा गर्गा. यज् यअन्तत्वात् यनि काक् ।

— वाचस्पत्यम् ।

(१२१) विश्वामित्रवंश्या.....।

(१२२) कतवंश्यसोमदत्त द्विजपुत्रः वसुदत्तागर्भजः वररुचिनाम्ना ख्यातश्च ।

(१२३) छा. उप. ४.३

(१२४) ....त्वमेकोऽसीति ह कौषीतकिः पुत्रमुवाच प्राणाꣳस्त्वं भूमानभिगायताद्बहवो वै मे भविष्यन्तीति....॥

— छा. उप. १.५.४

(१२५) प्रा. च. कोश पृ. १७१

(१२६) छा. उप. ३.१७.५

(१२७) प्रा. च. कोश पृ. २६४

(१२८) .....ग्लावो वा मैत्रेयः स्वाध्यायमुद्व्राज ॥

— छा. उप. १.१२.१

(१२९) स ह हारिद्रुमत गौतममेत्योवाच ब्रह्मचर्यं भगवति.....॥

— छा. उप. ४.४.३

(१३०) शशापृष्ठात् गौतमः.....।

— पृ. ४६३

(१३०) (अ) अत्रिर्वसिष्ठो भगवान् कश्यपश्च महानृषिः ।

गौतमश्च भरद्वाजो विश्वामित्रस्तथैव च ॥

— (हरिवंश)

(१३१) तद्धैतत्सत्यकामो जाबालो गोश्रुतये वैयाघ्रपद्यायोक्त्वोवाच ॥

— छा. उप. ५.२.३

(१३२) तद्धैतद्घोर आङ्गिरस कृष्णाय देवकीपुत्रायोक्त्वोवाचा पिपास एव स....॥

— छा. उप. ३.१७.५

(१३३) छा. उप. ५.११.१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१३४) अथ हैनं भगवन्तं जाबालि पैप्पलादिः पप्रच्छ.....॥१॥

षडाननादिति....॥५॥ तेनेशानादिति.....॥७॥

पुनः स समुवाच तदुपारानादिति.....॥९॥

— जाबालि उप. ४ ९

(१३५) तेन तं ह बको दाल्भ्यो विदांचकार ।.....॥

— छा. उप. १.२.१३

(१३६) त्रयो होद्गीथे कुशला बभूवुः शिलकः शालावत्यश्चैकितायनो दाल्भ्यः प्रवाहणो जैवलिरिति ।

— छा उप १.८.१

(१३७) तस्मै श्वा श्वेतः प्रादुर्बभूव तमन्ये श्वान उपसमेत्योचुरन्नं नो भगवानागायत्वशनायाम वा इति ॥

— छा. उप. १.१२.२

(१३८) प्र. च. कोश - पृ. ४८७-४८८

(१३९) महा शान्ति- अ. ४०

(१४०) तं ह शिलकः शालावत्यश्चैकितायनं दाल्भ्यमुवाचाप्रतिष्ठितं...॥

बको दाल्भ्यो ग्लावो वा मैत्रेयः स्वाध्यायमुद्वव्राज ॥

— छा. उप. १.८. - १.१२

(१४१) प्रा. च. कोश - पृ. ३६८

(१४२) क. ज्ञा. उप. ४५

(१४३) जायते म्रियते लोको म्रियते जननाय च ।

अस्थिराः सर्व एवेमे सचराचरचेष्टिताः ।

— महो. ३.४

(१४४) अथ हैनं भगवन्तं जाबालि पैप्पलादिः पप्रच्छ.....॥

— जा. उप. १

(१४५) क. ज्ञा. उप. ४६

(१४६) प्राचीनशाल औपमन्यवः सत्ययज्ञः पौलुषिरिन्द्रद्युम्नो भाल्लवेयो जनः शार्कराक्ष्यो बुडिल आश्वतराश्विस्ते है

महाशाला महाश्रोत्रियः समेत्य ॥

— छा. उप. ५.११.१

(१४७) प्रा. च. कोश पृ. ४८२



For Private And Personal Use Only

(१४८) छा. उप. ५.११.१

(१४९) प्रा. च. कोश पृ. ५११

(१५०) रु. जा. उप. ४६

(१५१) ......पाराशर्यात्पाराशर्यो भारद्वाजाद्भारद्वाजो भारद्वाजाच्च गौतमाच्च गौतमो भारद्वाजाद्भारद्वाजः पाराशर्यात्पाराशर्यो बैजवापायनाद्बैजवापायनः कौशिकायनेः कौशिकायनिः ॥

— बृह. उप. २.६.२

(१५२) अथ हैनं कालाग्निरुद्रं भुसुण्डः पप्रच्छ – कथं रुद्राक्षोत्पत्तिः, तद्धारणात् किं फलमिति ॥

— रु. जा. उप. १

(१५३) छा. उप. ३.१३, ३.१६.६-७

(१५४) પ્રા. નાથાભાઈ પાટીદાર, ઉપનિષદો. પૃ. ૨૯.

(१५५) अथ भगवान्मैत्रेयः कैलासं जगाम । तं गत्वोवाच । भो भगवन्परमतत्त्वरहस्यमनुब्रूहीति । स होवाच महादेवः ॥

— मैत्रेयी उप. अ. २

(१५६) छा. उप. १.१२.१

(१५७) प्रा. च. कोश पृ. ६६५

(१५८) भाग. ३.४.२६, ६.५.१५

(१५९) महा. ११-३२

(१६०) भाग., तृतीय, चतुर्थ स्कंध

(१६१) छा. उप. ४.१.२-३

(१६२) छा. उप. ४.२.५

(१६३) ન. દ. મહેતા, ઉપ. વિચારણા પૃ. ૬૫

(१६४) प्रा. च. कोश – पृ. ७२०

(१६५) पद्मपु. ३.१७६

(१६६) वसिष्ठ उर्वश्याम्....।

— तज्ञा. पृ. ४६३ साधनाखण्ड

(१६७) तयोरादित्ययोः सत्रे दृष्ट्वाप्सरसमुर्वशीम् ।

रेतश्चस्कन्द तत्कुम्भे न्यपतद्वासतीवरे ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तेनैव तु मुहूर्तेन वीर्यवन्तौ तपस्विनौ ।

अगस्त्यश्च वसिष्ठश्च तत्रर्षी संबभूवतुः ॥

— बृहद्देवता

(१५८) तस्या दर्शनात् मित्रावरुणयोः रेतश्चस्कन्द ।

— यास्क मुनि, निरुक्त: ५.१३

(१५९) उतासि मैत्रावरुणो वसिष्ठो वंशर्या ब्रह्मन् मनसोऽधि जातः ।

द्रप्सं स्कन्नं ब्रह्मणा दैव्येन विश्वे देवाः पुष्करे त्वाददन्त ॥११॥

स प्रकेत उभयस्य प्रविद्वान् त्सहस्रदान उत वा सदानः ।

यमेन ततं परिधिं वयिष्यन्नप्सरसः परि जज्ञे वसिष्ठः ॥१२॥

सत्रे ह जाताविषिता नमोभिः कुम्भे रेतः सिषिचतुः समानम् ।

ततो ह मान उदियाय मध्यात् ततो जातमृषिमाहुर्वसिष्ठम् ॥१३॥

— ऋग्वेद - ७.३३.११ १३

(१६०) ડૉ. અ. દે. શાસ્ત્રી, વસિષ્ઠ ઋષિનું દર્શન, પૃ. ૨૮

(૧૬૧) એજન પૃ. ૨૯

(૧૬૨) मैत्रायणी उप. १.१

(૧૬૩) ....शिलकः शालावत्यः....॥

— छा. उप. १.८.१

(૧૬૪) पित्रेत्युक्तः शुकः प्रायात् सुमेरोर्वसुधातलम् ।

विदेहनगरी प्राप जनकेनाभिपालिताम् ॥

— महो. २.२

(૧૬૫) शुको नाम महातेजाः स्वरूपानन्दतत्परः ।

जातमात्रेण मुनिराड् यत् सत्यं तदवाप्तवान् ॥

— महो. २.१

(૧૬૬) काली पराशरज्जज्ञे कृष्णद्वैपायनं प्रभुम् ।

द्वैपायनादरण्यां वै शुको जज्ञे गुणान्वितः ? ॥८३॥

उत्पद्यन्तो च पीवर्या षडिमे शुकसूनवः ।

भूरिश्रवा प्रभुः शंभुः कृष्णो गौरश्च पञ्चमः ॥८४॥



For Private And Personal Use Only

कन्या कीर्तिमती चैव योगमाता दृढव्रता ।....॥८६॥

— वायु पु. ७०.८५-८६

(१७७) भाग. १-१९.१९-२८

(१७८) दृष्ट्वानुयान्तमृषिमात्मजमप्यनग्नं ।

देव्यो ह्रिया परिदधुर्न सुतस्य चित्रम् ।

तद्वीक्ष्य पृच्छति मुनौ जगदुस्तवास्ति

स्त्रीपुम्भिदा न तु सुतस्य विविक्तदृष्टेः ॥

— भाग १.४.५

(१७९) महा. शां. ३१९-३२०

(१८०) .....न विचिकित्सास्तीति ह स्माह शाण्डिल्यः शाण्डिल्यः ॥

छा. उप. ३.१४.४ शाण्डिल्य

(१८१) ब्रा. न. कोश पृ. १५१-१६०

(१८२) शतपथ ब्राह्मण ५.२.१५. १०.६.५.९

(१८३) ......ऋष्यशृङ्गो पुत्रः..... ।

— ब्रह्मा. ५

(१८४) म. भा. शां. ३२६-३५.

(१८५) द्वैपायनो वसिष्ठस्य कृपः शारद्वतस्तथा ।

आत्रेयो दीप्तिमांश्चैव ऋष्यशृङ्गस्तु काश्यपः ॥

— वायुपुराण. १००.११

(१८६) छा. उप. ६.१.१, ५.३.१, ६.१३.२

(१८७) डा. ईश्वर भारद्वाज. उप. में संन्यासयोग

(१८८) शांखायन श्रौतसूत्र - १६.२७.३

(१८९) र. द. महेता उप. विचारणा, पृ. ४५-४६

(१९०) चित्रो ह वै गार्ग्यायणिर्यक्ष्यमाण आरुणिं वव्रे स ह पुत्रं श्वेतकेतुं प्रजिघाय याजयेति तं हासीनं पप्रच्छ गौतमस्य पुत्रास्ति संवृतं लोके...। स ह समित्पाणिश्चित्रं गार्ग्यायणिं प्रतिचक्रम उपायानीति ।.....।

— कौ. उप. १.१

(१९१) शतपथ ब्रा ११.५.४.१८



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१९२) ....त्यागलशो नाहमेतन्न वेद यद्गोत्रस्त्वमसि जबाला तु नामाहमस्मि सत्यकामो नाम त्वमसि स सत्यकाम एव जाबालो ब्रुवीथा इति ॥

— छा. उप. अ. ४.४.२

(१९३) छा. उप. ४.४.५

(१९४) प्राचीनशाल औपमन्यवः सत्ययज्ञः.....॥

— छा. उप. ५.११.१

(१९५) वैदिक इन्डेक्स. पृ. ३० , अनुवादक--रामकुमार राय

— मेक्डोनल और कीथ

(१९६) ॐ अधीहि भगव इति होपससाद सनत्कुमारं नारदस्तं होवाच .....॥

यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखं भूमात्वेव विजिज्ञासितव्य इति ॥

— छा. उप. ७.१.१; ७.२३.१

(१९७) जा. द. उप. ४६

(१९८) अथ कालाग्निरुद्रं भगवन्तं सनत्कुमारः पप्रच्छाधीहि भगवन् रुद्राक्षधारणविधिम् ॥

— रु. जा. उप. ४६

(१९९) हरिवंश - १.१.३४-३५

(२००) तप्तं तपो विविधलोकसिसृक्षया मे,

आदौ सनात् स्वतपसः स चतुः सनोऽभूत् ।

प्राक्कल्प संप्लवविनष्टमिहात्मतत्त्वं,

सम्यग् जगाद मुनयो यदचक्षतात्मन् । २.७.५

सनकं च सनन्दं च सनातनमथात्मभूः ।

सनत्कुमारं च मुनीन्निष्क्रियानूर्ध्वरेतसः ॥ ३.१२.४

— भाग. ३.१२.४, २.७.५, ३.१२.४

(२०१) प्रा. च. कोश पृ. १०१७-१०१८

(२०२) अथ ह शौनकं च कापेयमभिप्रतारिणं च काक्षसेनिं परिविष्यमाणौ....॥

— छा. उप. अ. ४.३.५

(२०३) प्रा. च. कोश – पृ. २५

(२०४) .....यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति ॥

— छा. उप. ५.१८.१ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२०५) छा. उप. ५.११.५

(२०६) जा. द. उप. ४६

(२०७) परोरजः सवितुर्जातवेदो, देवस्य भर्गो मनसेद जजान ।

सुरेतसादः पुनराविश्य चष्टे, हंसं गृध्राणं नृषद्रिङ्गिरामिमः ॥

— भाग ५.७.१४

(२०८) तदानीमपि पार्श्ववर्तिनमात्मजमिवानुशोचन्तमभिवीक्षमाणो मृग एवाभिनिवेशितमना विसृज्य लोकमिमं सह मृगेण कलेवरं मृतमनु न मृतजन्मानुस्मृतिरितरवन्मृगशरीरमवाप ॥२७॥

— भाग ५.८.१३-२७

(२०९) न वा एतद्विष्णुदत्त महदद्भुतं यदसम्भ्रमः स्वशिरश्छेदन आपतितेऽपि विमुक्तदेहाद्यात्मभावसुदृढहृदयग्रन्थीनां सर्वसत्त्वसुहृदात्मनां निर्वैराणां साक्षाद्भगवतानिमिषारिवरायुधेना प्रमत्तेन तैस्तैर्भावैः परिरक्ष्यमाणानां तत्पादमूलमकुतश्चिद्भयमुपसृतानां भागवतपरमहंसानाम् ।

— भाग ५.९.२०

(२१०) तस्मै भवान्नरदेवाभिमान-

मदेन तुच्छीकृतसत्तमस्य

कृषीष्ट मैत्रीदृशमार्तबन्धो

यथा तरे सदवध्यानमंहः ॥

— भाग ५.१०.२४

(२११) महो. २.१

(२१२) डॉ. ईश्वर भारद्वाज - उप. में संन्यासयोग पृ. २४

(२१३) इक्ष्वाकु राजपुत्रो निमिर्वशिष्ठं त्यक्त्वा यज्ञं कृतवान् वशिष्ठस्तद्यज्ञस्थानमागत्य राजानं उपलब्धवान्स राजा तदा निद्रित आसीत् । मुनिस्तु क्रोधात् त्वं विदेहो भव इत्युक्त्वा तमभिशशाप ॥

— शब्द कल्पद्रुम - भाग-२, पृ. ५०५

(२१४) ॐ जानश्रुति हं पौत्रायणः श्रद्धादेयो बहुदायी....।

— छा. उप. ४.१.१

(२१५) तमु ह परः प्रत्युवाचाह हारेत्वा शूद्र तवैव सह गोभिरस्त्विति ॥

— छा. उप. ४.२.३

(२१६) छा. उप. १.८.१

(२१७) डॉ.कीथ और मेकडोनल - वैदिक इन्डेक्स पृ. ४५



For Private And Personal Use Only

(२१८) प्रा. च. कोश - पृ. ४७६

(२१९) तँ ह प्रवाहणो जैवलिरुवाच कुमारानु.....॥

स ह गौतमो राज्ञोऽर्धमेयाय तस्मै ह प्राप्तायार्हाञ्चकार

– छा. उप. ५.३.१,६

(२२०) बृहद्रथो वै नामराजा राज्ये ज्येष्ठं पुत्रं निधापयित्वेदमशाश्वतं मन्यमानः शरीरं वैराग्यमुपेतोऽरण्यं निर्जगाम ॥.....१॥

– मैत्रेयी उप. १.१

(२२१) मैत्रायणी उप. २.१

(२२२) ....ऋष्यशृङ्गो मृग्यः, कौशिकः कुशात्, जाम्बूको जम्बूकात्, वाल्मीको वल्मीकात्, व्यासः कैवर्तकन्यकायाम्, शशपृष्ठात् गौतमः वसिष्ठ उर्वश्याम्, अगस्त्यः कलशे जात इति श्रुतत्वात् ।.....॥

– वज्रा. ५

(२२३) .....एव विरोचनोऽसुराञ्जगाम तेभ्यो हैतामुपनिषदं.....॥

– छा. ८.८.४



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧૧

## ઉપસંહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧૧

## ઉપસંહાર

ભારતીય વાઙ્મયમાં ઉપનિષદ્ સાહિત્ય શિરમોર છે. તેમાં દર્શન શાસ્ત્રના વિભિન્ન સિદ્ધાન્તોનું નિરૂપણ થયેલ છે. આ ઉપનિષદ્ સાહિત્યમાં વિવિધ અધ્યયનો થયેલા છે. તેમાં આ અધ્યયન એ રીતે વિશિષ્ટ છે કે, તેમાં એક જ વેદ—સામવેદ સાથે સંકળાયેલા ઉપનિષદોનું અધ્યયન કરવામાં આવ્યું છે.

ઉપનિષદોમાં દરેક ભારતીય વિચાર ધારાના બીજ રહેલાં છે. સાંખ્યશાસ્ત્ર કપિલમુનિ દ્વારા પ્રણિત છે. પરંતુ મહો., છા. ઉપ., અવ્યક્તો. વગેરેમાં તેનાં સિદ્ધાન્તો જોઈ શકાય છે. આમાં તફાવત એ છે કે, સાંખ્યમાં અવ્યક્ત પ્રકૃતિમાં રહેલાં ત્રણ ગુણોની સામ્ય અવસ્થામાં ક્ષોભ ઉત્પન્ન થતાં સૃષ્ટિ વિકાસ થાય છે, જ્યારે અવ્યક્ત ઉપ.' વગેરેમાં સર્વ પ્રથમ પરબ્રહ્મ અવ્યક્ત પ્રકૃતિ, તેમાંથી વ્યક્ત પ્રકૃતિ અને વ્યક્ત પ્રકૃતિએ તપશ્ચર્યા કરી નારાયણ ભગવાનની આજ્ઞા પ્રમાણે સૃષ્ટિની રચના કરી.

સાંખ્ય અને યોગ એક સિક્કાની બે બાજુ છે. તેને અલગ માનનારા અજ્ઞાનીઓ છે તેમ ગીતા' ભારપૂર્વક જણાવે છે. સાંખ્ય એ સિદ્ધાન્ત શાસ્ત્ર છે. જ્યારે યોગ ક્રિયાનું શાસ્ત્ર છે. સાંખ્ય દ્વારા પ્રાપ્ત કરેલ પરબ્રહ્મનું જ્ઞાન યોગ દ્વારા અનુભવી શકાય છે. આ યોગ માર્ગ ઉપર શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુનાં માર્ગદર્શનનાં આધારે આગળ વધવું જોઈએ. જાતે પુસ્તકનાં જ અભ્યાસથી આગળ વધવામાં આવે તો મુશ્કેલી ઉત્પન્ન થાય છે; એટલું જ નહીં રોગના ભોગ બની જવાય છે. આ યોગ માર્ગમાં અષ્ટાંગયોગ, કર્મયોગ, હઠયોગ, પ્રણવયોગ વગેરે છે. ઉપનિષદોમાં અષ્ટાંગયોગ વગેરેનું નિરૂપણ છે. પરંતુ સામવેદના શ્રી જાબાલ દર્શન ઉપનિષદમાં અને યોગ ચૂડામણિ ઉપનિષદ્ એક બીજાના પૂરક છે. શ્રી જા. દ. ઉપ. માં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ આઠ અંગોની રજૂઆત છે; જ્યારે આ આઠ અંગોની સિદ્ધિ બાદ નાડી શોધન, મુદ્રાચાલન, કુંડલિની જાગરણાદિ બાબત યોગચૂડામણિ ઉપ.માં છે. આ જ પ્રમાણે અન્ય ઉપનિષદોમાં યોગ વિષયક વિવિધ બાબતો રહેલી છે.

આ યોગ પરમતત્ત્વ પ્રાપ્ત કરવાના માર્ગ રૂપ છે. તેમાં અષ્ટાંગ યોગમાં ક્રમ પ્રમાણે જ આગળ વધવું અત્યંત જરૂરી છે. જો શરૂઆતનાં અંગો છોડી અથવા અધૂરો અભ્યાસ કરી પ્રત્યાહાર સમાધિ, નાડી શોધન વગેરેનો અભ્યાસ કરવામાં આવે તો નુકશાન થાય છે. આસન વગેરેનો અભ્યાસ કરવાથી શરીરમાં ઉત્પન્ન થતાં રોગ નાશ પામે છે; શરીર હળવું અને સશક્ત બની યોગમાર્ગમાં આગળ વધવા



For Private And Personal Use Only

માટે તૈયાર થાય છે. આસનની જેમ જ યમ–નિયમનું પણ એટલું જ મહત્વ છે. યમ–નિયમનું પાલન કરવામાં ન આવે; ઇચ્છા પ્રમાણે આહાર–વિહાર કરવામાં આવે તો યોગ ક્યારેય સિદ્ધ થતો નથી. યોગ્ય આહાર–વિહાર સાથે ઇશ્વરપૂજા દાન, પ્રાપ્ત વસ્તુમાં સંતોષની સાથે સાથ ગુરુના વાક્યમાં તેમજ શાસ્ત્ર વચનમાં વિશ્વાસ રાખવો મહત્વનો છે, કારણ શ્રદ્ધા હોય તો જ જ્ઞાન પ્રાપ્ત થાય છે.[3]

યોગ માર્ગમાં આગળ વધવા માટે પ્રાણાયામ અત્યંત જરૂરી છે. કુંડલિની શક્તિની જાગૃતિ માટે પ્રાણ શક્તિને સંયમિત કરી યોગ્ય દિશામાં વાળવી જરૂરી છે, જેથી સુષુમ્ણા નાડીનું દ્વાર ખોલી શકાય; અને સમાધિમાં પરબ્રહ્મનો અનુભવ કરી શકાય; અનાહત નાદ સાંભળી શકાય છે. આ યોગમાર્ગમાં આગળ વધવા માટે વનમાં જવું જરૂરી નથી. ગૃહસ્થ પણ ગૃહસ્થ ધર્મનાં પાલન દ્વારા ધીરે–ધીરે યોગમાર્ગમાં આગળ વધી શકે છે.[4] જનક વગેરે તેના દૃષ્ટાંતો છે. તેમાં આગળ વધવા માટે તપ, સંતોષ, બ્રહ્મનિષ્ઠ ગુરુનું માર્ગદર્શન જરૂરી છે. તેઓશ્રીનાં અનુભવ જન્ય જ્ઞાનને આધારે જ શરીરમાં પ્રાણનાં જુદાં–જુદાં સ્થાન નાડીઓનાં સ્થાન, નાડીઓની ગતિ વગેરેને જાણી શકાય છે. તેમજ માર્ગમાં આવનારાં વિઘ્નોને દૂર કરવામાં તે માર્ગદર્શન રૂપ બને છે. તેથી જ પ્લેટો[5] ગુરુ જ્ઞાન અને પુસ્તક જ્ઞાનને અલગ દર્શાવે છે. પુસ્તકમાંથી પ્રાપ્ત થયેલા જ્ઞાન દ્વારા આગળ વધી શકાય છે. પરંતુ માર્ગમાં મુશ્કેલી આવતા પુસ્તક મદદ રૂપ થતું નથી. જ્યારે પથ પર ચાલેલા ગુરુનું જ માર્ગદર્શન મદદ રૂપ બને છે.

યોગ માર્ગની જેમ જ મોક્ષ પ્રાપ્તિ માટે સંન્યાસ માર્ગ પણ છે. ભારતીય સંસ્કૃતિમાં ચાર આશ્રમોમાં મોક્ષ પ્રાપ્તિ માટેનો આશ્રમ એ સંન્યાસ આશ્રમ છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ બાદ સંન્યાસ આશ્રમ આવે છે. પરંતુ બ્રહ્મચર્ય પછી સીધો જ સંન્યાસાશ્રમ ગ્રહણ કરી શકાય છે. પરંતુ શરત એ છે કે, હૃદયમાં સંન્યાસની ભાવના જાગૃત અને દૃઢ થઈ હોવી જોઈએ. આ માર્ગે સીધા જ આગળ વધેલા; શુક, સનક, સનંદ વગેરે. તેમજ શ્રીમદ્ શંકરાચાર્ય, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ વગેરે છે.

સંન્યાસ માટે કામ્યકર્મોનો ત્યાગ અત્યંત જરૂરી છે. ઇચ્છાઓ હોવા છતાં સંન્યાસ ગ્રહણ કરી બાહ્ય પરિવેશ ધારણ કરવામાં આવે તો, તેનાંથી મોક્ષ પ્રાપ્ત થતો નથી., પરંતુ આપત્તિ આવે છે. આવા ઢોંગી સંન્યાસીની ઉપનિષદો અને ગીતા નિંદા કરે છે.[6]

સંન્યાસોપનિષદ્ જણાવે છે કે, ઇચ્છાઓ પૂર્ણ ન થઈ હોય તો પણ મોક્ષ માર્ગે આગળ વધવા માટે કર્મ સંન્યાસ ધારણ કરવો જોઈએ. જેથી જન્માન્તરમાં મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.[7]

સંન્યાસીઓ હંમેશાં ગામની બહાર રહેવું જોઈએ. એક જગ્યાએ ન રહેતા વિચરણ કરવું જોઈએ. જેથી મોહ ઉત્પન્ન ન થાય. આવો સંન્યાસી સંન્યાસ ધારણ કરે ત્યારે સૂર્ય પણ ભયભીત બની જાય છે;


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણ કે તેનું તેજ સૂર્યનાં તેજને ભેદીને પરમતત્ત્વ પાસે પહોંચી જાય છે. એટલું જ નહીં પોતાની આગળની અને પાછળની એકવીસ-એકવીસ પેઢીને પણ તે તારે છે. તેથી આવા સંન્યાસને પ્રાપ્ત કરવાની હંમેશાં ઈચ્છા રાખવી જોઈએ.

ઉપનિષદોના જ્ઞાન દ્વારા બ્રહ્મની પ્રાપ્તિ કરી શકાય છે. તેથી જ ઉપનિષદો બ્રહ્મનું વર્ણન કરે છે. આ બ્રહ્મ જોઈ શકાતું નથી, પરંતુ અનુભવી શકાય છે. તે બ્રહ્મ સત્ છે. ગાયત્રી રૂપ, મધુ વિદ્યા રૂપ, સર્વત્ર ગમન કરનારું છે. તે બ્રહ્મને "सर्वं खलु इदं ब्रह्म" "तज्जलान्" "तत्त्वमसि" "भूमा वै सुखम्" આનન્દમય, હૃદયગુહામાં સરસવનાં દાણા સમાન થઈને રહેલ છે. તેને બહાર શોધવાની જરૂર નથી તેને હૃદયની અંદર જ અનુભવી શકાય છે, પરંતુ તે હૃદય ઉપરાંત સર્વત્ર વ્યાપ્ત છે. તેથી જ સત્યકામને પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ, સમુદ્ર કલા, સૂર્ય વગેરે રૂપે, જ્યારે ઉપકોસલને અગ્નિ "खं ब्रह्म कं ब्रह्म" દ્વારા સર્વત્ર વ્યાપ્ત બ્રહ્મનો જ આકાશની વિશાળતા દ્વારા ઉપદેશ આપે છે. આ બ્રહ્મ જ સર્વ શક્તિમાન છે તે ઉમા હૈમવતી આખ્યાન દ્વારા જાણી શકાય છે. આ બ્રહ્મનું ઉપનિષદો પ્રાણ રૂપે, પ્રણવ રૂપે, સદાશિવ, વિષ્ણુ, નૃસિંહ રૂપે પણ રજૂ કરે છે.

બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત, પ્રત્યક્ષ-પરોક્ષ સગુણ-નિર્ગુણ એમ ઉપનિષદો દ્વિવિધ રૂપે વર્ણવે છે.

આ બ્રહ્મ જ આત્મા છે. પ્રાણી શરીરમાં રહેલો તે આત્મા રૂપે ઓળખાય છે. તે પૂર્ણ બ્રહ્મનો અંશ છે.[૮] તે આત્માનું ઉપનિષદો અન્વય અને વ્યતિરેક વિધિથી નિરૂપણ કરે છે. આ આત્મા સર્વજ્ઞ, સર્વસાક્ષી, અનન્ત, અવિનાશી, શુદ્ધ, સ્વયં પ્રકાશ, નિત્ય, એકરસ છે. તેના ચેતનથી જ શરીર ચેતનમય લાગે છે.[૯] તે હૃદય ગુહામાં હોવા છતાં પોતાના ચેતનથી શરીરમાં સર્વત્ર વ્યાપ્ત છે. તે આત્મા રૂપ પરમાત્માનું દર્શન યોગીઓ પોતાના હૃદયમાં જ કરે છે. કારણ કે હૃદયરૂપી કમલમાં જે આત્મા નિવાસ કરે છે, તે જ પરમાત્મા છે. આ આત્માને શુકદેવજી અનિર્વચનીય, અગમ્ય, અણુ પરિમાણ, સૂક્ષ્મ, આકાશથી ભિન્ન પરંતુ બાહ્ય શૂન્યતાને લીધે તે આકાશ રૂપ છે. એમ પરસ્પર વિરોધી વર્ણન દ્વારા પરમાત્મા જ આત્મા છે; તેમ નિરૂપે છે.

આ પરમાત્મા એ જ આત્મા અને તે જ 'જીવ' પણ કહેવાય છે. તે કર્મફળને ભોગવે છે, વાસ્તવમાં ભોગવતો નથી, પરંતુ અજ્ઞાનને કારણે ભોગવતો અનુભવાય છે. આ જીવ પરમાત્માનો અંશ જ છે. એક અંશથી પરમાત્મા શરીરમાં આવે છે. છા. ઉપ. તેનાં સ્વરૂપ વિશે જણાવે છે કે "અગ્નિ, જળ અને પૃથ્વી એ ત્રણ મહાભૂતો અને અક્ષર અપરિમિત આત્મા એ મળીને જીવાત્માનું સ્વરૂપ ઘડાય છે." આ જીવ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીર સાથે જોડાયેલો આત્મા જ છે. તે પરમ સત્ તત્ત્વ જ "જરાયુજ, અંડજ અને ઉદ્ભિજમાં જીવ રૂપે પ્રવેશે છે."[10] આમ પરમાત્મા જ જીવ રૂપે રહેલાં છે. તેને જાણવાનું સાધન ઉપનિષદ્ છે.

આ જીવાત્મા નિત્ય છે. તે દેહને ધારણ કરે છે. દેહ નાશ પામે છે, પરંતુ જીવાત્મા નાશ પામતો નથી. જીવાત્મા પોતાનાં કર્મોને આધારે લિંગ શરીરનો આશ્રય લઈને બીજા શરીરમાં પ્રવેશ કરે છે. ત્યાં તે પોતાના કર્મો ભોગવે છે. કર્મો ભોગવવા માટે જીવને પંચ મહાભૂતનાં બનેલા સ્થૂલ દેહનો આશ્રય લેવો જ પડે છે. એ જ રીતે સ્થૂલ દેહ પણ જીવાત્માનાં આશ્રય વગર કર્મ કરવા શક્તિમાન બનતું નથી. આ જીવાત્મા કર્તા ન હોવા છતાં પ્રેરણા આપતાં હોવાથી કર્તા છે, કર્તા જેવો ભાસે છે. વાસ્તવમાં અખા ભગતે કૂતરાની જે સ્થિતિ રજૂ કરી છે, તેવી સ્થિતિ શરીરસ્થ જીવાત્માની છે. અખા ભગત ગાડા નીચે રહેલું કૂતરું ગાડાને ચલાવતું હોતું નથી, તેમ છતાં તે એમ જ માને છે કે, હું જ ગાડાને ચલાવું છું.[11]

આ જીવાત્મા વાસ્તવમાં મોક્ષ સ્વરૂપ જ છે. મોક્ષની અન્ય કોઈ જુદી અવસ્થા નથી; પરંતુ ઇન્દ્રિયો જીવને બંધનમાં નાખી શકે છે; આત્માને નહીં. આ બંધન રૂપ મમતા દૂર થવી એ જ મોક્ષ છે વાસ્તવમાં પશુપતિ પરબ્રહ્મ જ જીવ છે. વિવેકહીન હોય જીવ કહેવાય છે.[12] આ જ બાબતે છા. ઉપ. જણાવે છે કે, "આત્મા જે આ અંતર્હૃદયમાં નિવાસ કરે છે તે મૂલતઃ બ્રહ્મ જ છે, જેવો આ નાશવાન શરીરમાંથી છૂટે છે કે; તરત જ હંમેશાને માટે બ્રહ્મમાં લીન થઈ જાય છે.[13]

આ પરબ્રહ્મ જે જીવાત્મારૂપે છે તેની ઉપનિષદો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એમ ચાર અવસ્થાઓ વર્ણવે છે. આ અવસ્થાઓ બંધનમાં પડેલ જીવાત્માની ક્રમશઃ ઉચ્ચ–ઉચ્ચ અવસ્થાઓ છે, જે તેને ક્રમશઃ વધુને વધુ બ્રહ્મની નજીક લઈ જાય છે અને અંતિમ તુરીય અવસ્થામાં તે બ્રહ્મરૂપ બની જાય છે.

આ જીવાત્માના સ્વરૂપને અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ, આનન્દમયકોશ રૂપે ઉપનિષદો નિરૂપે છે. આ અંતિમ આનંદમયકોશ એ જ જીવાત્માની પરમાત્મા સાથેની તાદાત્મ્ય અવસ્થા છે. તેથી જ ઉપનિષદો આત્મા–જીવાત્મા–પરમાત્માની એકતાનું નિરૂપણ કરી અદ્વૈતને નિરૂપે છે.

આ અદ્વૈતનાં નિરૂપણમાં ઉપનિષદો બ્રહ્મ જ સૃષ્ટિ રૂપે આવે છે, તે જ જીવાત્મા છે, દરેક શરીરમાં જીવાત્મા અલગ છે, પરંતુ વાસ્તવમાં તે એક જ પરબ્રહ્મ છે. કર્મોની વ્યવસ્થા અને કર્મનાં નિયમની સિદ્ધિ ત્યારે જ શક્ય બને જ્યારે જીવાત્માની અલગ–અલગ સ્થિતિ માનવામાં આવે. તેથી જ કર્મફળ ભોગવતા આત્માને જીવાત્મા અને દ્રષ્ટાને પરબ્રહ્મ ઉપનિષદો ગણાવે છે.



For Private And Personal Use Only

બાહ્ય સૃષ્ટિમાં રહેલું સત્ જ અંતરમાં વિરાજતું સત્ છે, વિશ્વાત્મા જ અંતરાત્મા છે, પ્રાણીમાં, બ્રહ્મમાં, સૃષ્ટિમાં અને સૂર્યમાં છે તે બ્રહ્મ એક જ છે. મૈત્રેયી ઉપ. "મરુત" નામથી વિખ્યાત આત્માને જ આદિ–અંત રહિત પરમાત્મા કહી, આત્મા અને બ્રહ્મનું ઐક્ય સાધે છે. તે જ બાબતનો ઉપનિષદો तत्त्वमसि, तज्जलान्, भूमा वै सुखम् વગેરે દ્વારા રજૂ કરે છે.

આ સૃષ્ટિ સ્વરૂપે સ્વયં બ્રહ્મ જ રહેલાં છે. તેમ છતાં ઉપનિષદો સૃષ્ટિની ઉત્પત્તિ રચના વગેરે બાબતે વિવિધ મંતવ્યો રજૂ કરી; બ્રહ્મની નજીક પહોંચવાનો પ્રયત્ન કરે છે.

ઋગ્વેદ વિરાટ્ પુરુષમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ રજૂ કરે છે. એ ઉપરાંત ઉપનિષદો માયાવાદને પણ રજૂ કરે છે. ઋષિ રૈકવ સંવર્ગ વિદ્યા દ્વારા વાયુમાંથી જ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય દર્શાવે છે. તે માટે तज्जलान् સૂત્ર આપે છે. એ ઉપરાંત અગ્નિને જગતનું મૂળ માનવામાં આવે છે. અગ્નિ દ્વારા જ શક્તિ પ્રાપ્ત કરીને દરેક પદાર્થ કાર્યરત બને છે. આમ સત્ તત્ત્વમાંથી સર્વ પ્રથમ અગ્નિની અને તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. જ્યારે મહર્ષિ ઉદ્દાલક પૃથ્વીને જ દરેક વસ્તુનો આધાર માને છે. મહર્ષિ જૈવલી આકાશને સૃષ્ટિ ઉત્પત્તિનો સ્ત્રોત માને છે. સ્વામી વિવેકાનંદ પણ તે જ મંતવ્ય ધરાવે છે. અને પરિણામ સ્વરૂપે અગ્નિ, જળ, પૃથ્વી એ ત્રિવૃત્કરણનો સિદ્ધાન્ત છા.ઉપ. આપે છે, જે આગળ જતાં પંચીકરણનાં સિદ્ધાન્ત તરીકે વેદાન્તમાં પ્રસિદ્ધિ પામે છે.

"અસત્"માંથી કશું જ ઉત્પન્ન ન થાય; તેમ છતાં ઋષિ પરબ્રહ્મ તરફ આગળ વધવા માટે "અસત્" માંથી પણ સૃષ્ટિની કલ્પના કરી; તેને નકારે છે. આ બાબત એ જ દર્શાવે છે કે; અયોગ્ય કલ્પના હોય તો પણ તેને ચકાસ્યા વગર છોડી ન દેવી જોઈએ. તેમાંથી પણ તથ્ય તારવવાનો અને જ્ઞાન પ્રાપ્તિનો પ્રયાસ કરવો જોઈએ. તે પ્રયાસમાં જ ઋષિ "સત્" તત્ત્વમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ તારવી; તે "પ્રાણ" છે જે મનુષ્ય જીવનનું સર્વસ્વ છે. તેથી જ સનત્કુમાર જણાવે છે કે; "જેવી રીતે ચક્રની બધી નાડીઓ નાભિકેન્દ્રમાં કેન્દ્રિત હોય છે, તેમ બધાં જ પદાર્થોની સંપૂર્ણ સત્તા પ્રાણમાં કેન્દ્રીભૂત છે."[૧૪]

સૃષ્ટિ ઉત્પત્તિનાં વિવિધ સિદ્ધાન્તોની ચર્ચામાં બ્રહ્મ તરફ આગળ વધતાં યોગચૂડામણિ ઉપ.[૧૫] બ્રહ્મામાંથી સાંખ્યમત પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિ દર્શાવે છે. તેમાં સર્વ પ્રથમ બ્રહ્મામાંથી લોક, દેવ, તિર્યંક, નર અને સ્થાવર સૃષ્ટિ જણાવી તેમાંથી પ્રાણીનાં શરીરની ઉત્પત્તિ દર્શાવી છે, જે પંચમહાભૂતો તરફ લઈ જાય છે. આ પ્રાણી શરીર પંચમહાભૂતોમાંથી બનેલું છે અને તેમાં જ વિલીન થાય છે; તેથી જ મૃત્યુ બાદ અગ્નિ સંસ્કારની વાત છે. આ બ્રહ્મામાંથી જ સૃષ્ટિ ઉત્પત્તિની વાત મહોપનિષદ્[૧૬] રજૂ કરે છે; પરંતુ તેમાં તફાવત એ છે કે; આત્મા સ્વરૂપ જીવ જ વાસનારૂપી સંકલ્પોથી ચંચલ મનનાં સ્વરૂપમાં પરિવર્તિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ જાય છે, અને પંચ મહાભૂતોને ધારણ કરે છે. તેમાંથી સર્વ પ્રથમ બ્રહ્મ ઉત્પન્ન થાય છે. તે અનેક પ્રકારની સૃષ્ટિ અને શાસ્ત્રોની રચના કરે છે. વાસ્તવમાં મન જ બ્રહ્મ રૂપ છે, તેની કલ્પના જ સૃષ્ટિ છે. વાસ્તવમાં કોઈ જન્મતું નથી, મરતું નથી. મોહમાયાનો ત્યાગ એટલે જ સૃષ્ટિનું બ્રહ્મમય–જીવનું બ્રહ્મમય બનવું તે છે.

અવ્યક્તો.માં સાંખ્યમત પ્રમાણે સૃષ્ટિની રજૂઆત છે. તફાવત એ છે કે: સાંખ્યમાં અચેતન અવ્યક્ત પ્રકૃતિ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે, જ્યારે અહીં ચેતન પરબ્રહ્મ જે ૐ સ્વરૂપ છે, તે સર્વ પ્રથમ અવ્યક્ત પ્રકૃતિનું સૃજન કરે છે. ત્યાર બાદ શેષશાયી પરબ્રહ્મ વિષ્ણુનાં આદેશથી અવ્યક્ત પ્રકૃતિ સૃષ્ટિનું સર્જન કરે છે.

છા. ઉપ. માં[17] જ સનત્કુમાર આત્મામાંથી જ સૃષ્ટિ ઉત્પત્તિની રજૂઆત કરે છે. તેમાંથી જ દરેક વસ્તુ ઉત્પન્ન થાય છે, રહે છે અને લય પામે છે. આમ આ સિદ્ધાન્ત બ્રહ્મમાંથી સૃષ્ટિનાં સિદ્ધાન્તને મળતો આવે છે. વાસ્તવમાં એ જ સિદ્ધાન્ત છે. જ્યારે મહારાજ જનક[18] શુકદેવજી આગળ માનસિક સંકલ્પથી સૃષ્ટિ પ્રપંચની રચના જણાતી; આ સંસાર પ્રાણી દ્વારા જ કલ્પિત છે તેમ જણાતી પરોક્ષ રીતે માયાવાદનો નિર્દેશ કરે છે.

આ માયાવાદ દ્વારા જ જીવ–બ્રહ્મ–આત્મા–સૃષ્ટિનું ઐક્ય સિદ્ધ કરી શકાય છે. તે માટે શ્રીમદ્ શંકરાચાર્ય કરોળિયાનું દૃષ્ટાન્ત આપે છે. કરોળિયો જાળ રૂપી સૃષ્ટિની રચના પોતાની લાળમાંથી જ કરે છે; અને એ લાળને અંતે પોતાનામાં જ પાછી સમાવી લે છે. તે જ પ્રમાણે બ્રહ્મ સ્વયં ઇચ્છા થતાં સૃષ્ટિરૂપે પરિવર્તિત થાય છે; પ્રલયનાં સમયે ફરીથી પોતાનામાં સમાવી લે છે. પ્રલયની અવધિ પૂર્ણ થતાં ફરીથી સૃષ્ટિનું સર્જન કરે છે.

માયાવાદ ઉપ.માં રજૂ થયેલ જ છે: તેને શ્રીમદ્ શંકરાચાર્ય વિશેષ પ્રકાશમાં લાવ્યાં; તેથી તેઓશ્રી માયાવાદી તરીકે પ્રસિદ્ધિ પામ્યા. આ માયાવાદને રજૂ કરતાં મૈત્રેયી ઉપ.[19] જણાવે છે કે; "માયાના પ્રભાવમાં આવીને વ્યક્તિ "હું" રૂપ પરમાત્માને જાણતી નથી. તે શ્રેષ્ઠ બુદ્ધિમાન હોય તો પણ કાગડાની જેમ અભાગિયા પેટને ભરવા માટે આમ તેમ ફરે છે."

મહો.[20] માં મહારાજ જનક આ સૃષ્ટિને માયા તરીકે જ ઓળખાવી; આ માયાનાં મૂળનો વિચાર કરતાં–કરતાં તેને દૂર કરવાનો જ પ્રયત્ન કરવો જોઈએ; જેથી પુનર્જન્મની ઘટમાળમાં ફસાઈ ન જવાય. તેમ જણાવી રેશમના કીડાનું ઉદા. આપે છે. જ્યારે છા. ઉપ. માં માટી, લોહ વગેરે પદાર્થનાં ઉદા. દ્વારા રજૂ કરવામાં આવે છે. જેવી રીતે એક જ માટીના ઘટ, શકોરું વગેરે પ્રકારો છે, વાસ્તવમાં દરેક વસ્તુ માટી



For Private And Personal Use Only

જ છે; તેમ વાસ્તવમાં દરેક બ્રહ્મ જ છે; પરંતુ માયાને કારણે અલગ–અલગ ભાસે છે. આ માયાશક્તિનાં ઇચ્છા શક્તિ ઈક્ષણશક્તિ વગેરે હેતુ ગર્ભિત પર્યાયવાચી નામો આપવામાં આવે છે.

આ માયાશક્તિને અવિદ્યા પણ કહેવામાં આવે છે. અહીં અવિદ્યાનો અર્થ અજ્ઞાન નથી; પરંતુ ભગવાનની માયા શક્તિ છે. તેનાંથી ભ્રમિત થઈને મનુષ્ય આ સંસારને સત્ય માની લે છે. તેથી સમજ પૂર્વક તે માયાને/અવિદ્યાને દૂર કરી પરબ્રહ્મનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

આ માયાશક્તિ દૂર થતાં પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધાન્ત જીવાત્માને માટે અત્યંત જરૂરી છે. જીવાત્મા જેવા કર્મો કરે, તેવા પુનર્જન્મને પ્રાપ્ત કરે છે. આ પુનર્જન્મમાં સૂક્ષ્મ શરીર અત્યંત મહત્ત્વ પૂર્ણ સ્થાન ધરાવે છે. પંચમહાભૂતના બનેલાં દેહને જ્યારે જીવાત્મા છોડે છે; ત્યારે સૂક્ષ્મ શરીર પણ તેની સાથે જાય છે; તે તેનાં(જીવાત્માના) કર્મોને આધારે બીજા પંચમહાભૂતનાં બનેલા દેહને ધારણ કરી કર્મફળ ભોગવે છે. તેથી જ ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે કે; પુનર્જન્મ એ આગળ વધવા માટેની પ્રક્રિયા છે. જીવાત્મા ધીરે–ધીરે સારા કર્મો કરી મોક્ષ તરફ આગળ વધી શકે છે. તેથી જ ભગવાન પણ ગીતામાં જણાવે જ છે કે; એક જન્મે નહીં અનેક જન્મોએ મોક્ષ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં આચરણ કરેલો યોગ ક્યારેય નિષ્ફળ જતો નથી અને અવશ્ય સિદ્ધિ અપાવે છે.

આ પુનર્જન્મને સમજાવવા માટે ઉપનિષદો અર્ચિમાર્ગ અને ધૂમમાર્ગ આપે છે. તે માર્ગનાં નિરૂપણમાં પણ કર્મનું જ પ્રાધાન્ય છે. નિષ્કામ ભાવે કર્મ કરનાર મોક્ષ પામે છે; સકામ ભાવે શુભ કર્મ કરનાર ચંદ્રલોક વગેરેનું સુખ ભોગવી પુણ્ય ભોગવાય જતાં ફરી જન્મ ધારણ કરે છે. જ્યારે પાપ કર્મ કરનાર સતત જન્મે છે.– મરે છે, આમ પુનર્જન્મ માટે કર્મ જ કારણ ભૂત છે.

મોક્ષ એ ચાર પુરૂષાર્થોમાંનો અંતિમ પુરૂષાર્થ છે. દરેક શાસ્ત્રની પ્રવૃત્તિ તેની પ્રાપ્તિ તરફ જ છે. આ મોક્ષનાં વિદેહ મુક્તિ અને જીવન્મુક્તિ એમ બે પ્રકાર છે.

વાસ્તવમાં મોક્ષ એ કોઈ અવસ્થા વિશેષ નથી; પરંતુ જીવાત્માનું વાસનાથી પર થઈ પોતાના સ્વરૂપનું જ્ઞાન થવું તે જ મોક્ષ છે. આ જ્ઞાન પ્રાપ્ત થતાં બધાં જ કર્મો બળીને ભસ્મ થાય છે.[૨૧] જે કર્મોનું આચરણ કરવામાં આવે તે નિષ્કામભાવે કરવામાં આવતાં હોવાથી કર્મબંધન લાગતું નથી; જેથી પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી. જ્ઞાન પ્રાપ્ત થતાં સંચિત કર્મો નાશ પામે છે– આચરિત કર્મોનું બંધન લાગતું નથી; પરંતુ પ્રારબ્ધ કર્મ તો ભોગવવા જ પડે છે. તેથી તે અવસ્થાને જીવન્મુક્તાવસ્થા કહે છે; જે રાગ–દ્વેષ વગેરે દ્વન્દ્વોથી પર છે.[૨૨]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ મોક્ષ પ્રાપ્તિ માટે શાસ્ત્ર વચન અને ગુરુવાકયમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. બ્રહ્મચર્યપૂર્વક બ્રહ્મનિષ્ઠ ગુરુની સેવા કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ મોક્ષ પ્રાપ્તિમાં "મન" વિશેષ મહત્ત્વનું છે. તેથી જ ઉપનિષદો "મન"ની શુદ્ધિનો આગ્રહ રાખે છે. તે માટે આહાર–વિહારની શુદ્ધિનો પણ આગ્રહ રાખે છે.[૨૩] કારણ કે; આહારનાં અત્યંત સૂક્ષ્મ અંશમાંથી મનનું નિર્માણ થાય છે.[૨૪] આ મનની ચંચળતા જ સંસાર બંધનનું કારણ છે.[૨૫] તેને શાંત કરવાથી જ નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થાય છે.[૨૬] આ મનનાં સ્વરૂપ ચંચળ, અસ્થિર વિષયો તરફ સતત આકર્ષિત થવું છે. તેથી મનનો નિગ્રહ અત્યંત દુષ્કર છે. સતત અભ્યાસ દ્વારા તેનો નિરોધ કરી શકાય છે.[૨૭] નિરોધ દ્વારા તેને સંકલ્પમય બનાવી શકાય છે. વાસ્તવમાં મન અને સંકલ્પ એક જ છે. પરંતુ સંકલ્પમય મન દૃઢતાપૂર્વક સિદ્ધિ તરફ આગળ વધી શકે છે. માટે જ વેદો શુભ સંકલ્પની ભાવના સાથે આગળ વધવાનું જણાવી સંકલ્પથી પર જવાનું જણાવે છે. છા. ઉપ.માં સનત્કુમાર મન, સંકલ્પ, પ્રજ્ઞા, ચિત્તને ક્રમશઃ શ્રેષ્ઠ ગણાવે છે. તેથી જ મૈત્રેયી ઉપનિષદ્ "જેવું ચિત્ત તેવી તેની ગતિ" તેમ જણાવી તેને જ મોક્ષ અને બંધન માટે કારણ ભૂત ગણે છે. આ ચિત્ત જ્યોતિ અંતઃકરણમાં પ્રકાશિત થતાં પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. તેથી જ ઉપનિષદો મનની શુદ્ધિનો આગ્રહ રાખે છે. આ મનની સ્થિરતા અને શુદ્ધિ દ્વારા જ ઉપાસના શક્ય બને છે. ચંચળ મનથી ઉપાસના સિદ્ધ થતી નથી. આ ઉપાસના માટે કર્મ અત્યંત જરૂરી છે. ભારતીય દર્શનમાં કર્મમીમાંસા અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કર્મને આધારે જ મોક્ષ પ્રાપ્ત થાય છે. સંચિતકર્મ, ભોગ્યકર્મ, કામ્યકર્મ તેમજ નિષ્કામકર્મ વિશે જણાવે છે. વૈદિક કર્મ સકામ ભાવે કરવામાં આવે તો સ્વર્ગ વગેરે ફળ પ્રાપ્ત થાય છે પરંતુ ફળ ભોગવાઈ જતાં પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. તેથી લોકસંગ્રહની ભાવના સાથે મુક્ત પુરૂષે કર્મ કરવા જોઈએ; જેથી કર્મબંધન ન લાગે અને મોક્ષ પ્રાપ્ત થાય. આવા મુક્ત પુરૂષોની શ્રેષ્ઠ આચરણ અને લોકસેવાનાં કર્મો કરવા એ જવાબદારી છે. જે સમાજમાં આવા પુરૂષો નથી; તે સમાજ નાશ પામે છે તેમ શ્રીવિનોબા ભાવે જણાવે છે.[૨૮]

આ મોક્ષ માર્ગ તરફ આગળ વધવા માટે ઉપનિષદો વિવિધ ઉપાસનાઓ દર્શાવે છે. તે ઉપાસના અને ઉપાસનાની સિદ્ધિ માટે પાળવાના નિયમો પણ આપે છે. વાસ્તવમાં ઉપાસનાની સિદ્ધિ માટે નિયમોનું દૃઢતાપૂર્વક પાલન કરવું અત્યંત જરૂરી છે. આ ઉપાસનામાં આસન શુદ્ધિ, સ્થાન શુદ્ધિ, આહાર– વિહારની શુદ્ધિ, ગુરુગમ્ય જ્ઞાન વગેરે અત્યંત જરૂરી છે. તેમજ અવિશ્વાસ, વ્યાકુળતા, સંકલ્પ ત્યાગ, અસમતાનો ત્યાગ પણ જરૂરી છે. આ ઉપાસના અધિકાર ભેદે અનેક પ્રકારની ઉપનિષદો વર્ણવે છે. આ ઉપાસનાની કર્મથી જ પ્રતિષ્ઠા થાય છે અર્થાત્ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૨૯]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ કાર; ઉદ્‌ગીથ, ગાયત્રી, સૂર્ય, तज्जलान्, तत्त्वमसि, भूमा वै सुखम् મધુવિદ્યા, સંવર્ગ વિદ્યા, વૈશ્વાનર વિદ્યા, દહર વિદ્યા, આત્મ વિદ્યા, તદન રૂપે ઉપાસના. ગોપીચંદન ધારણ વિધિ, ભસ્મ ધારણ વિધિ, બલા અતિબલા વિદ્યા વગેરે ઉપાસનાઓ ઉપનિષદો વર્ણવે છે.

સામવેદનાં ઉપનિષદોમાં વિવિધ વિષયોનું નિરૂપણ થયેલ છે. શ્રી જા. દ. ઉપ.માં રુદ્રાક્ષની ઉત્પત્તિ, તેનાં પ્રકાર, તેને ધારણ કરવાની વિધિ, પહેરવાથી થતાં આધ્યાત્મિક અને આરોગ્ય વિષયક લાભ વગેરે બાબતોનું નિરૂપણ છે. આ રુદ્રાક્ષ ધારણથી હૃદયની શાંતિ પ્રાપ્ત થાય છે અને હૃદય સંબંધિત રોગોને દૂર કરી શકાય છે.

સામવેદ સંગીત સાથે સંકળાયેલ છે. તેથી તેનાં ઉપનિષદોમાં સામગાનનું નિરૂપણ હોય જ છે. છા. ઉપ.ની શરૂઆતમાં જ ૐની ઉદ્‌ગીથ રૂપે ઉપાસના દર્શાવી સામગાનનું મહત્ત્વ વ્યક્ત કરે છે. આ ઉપાસના ગાનમાં મન્ત્રનાં ઋષિ, દેવતા છંદ, સામ, ગાવાની પદ્ધતિ વગેરેનું ધ્યાન ધરી ગાન કરવું જોઈએ. કારણ કે યોગ્ય રીતે કરવામાં આવેલ ગાન જ સિદ્ધિ આપે છે. અયોગ્ય પદ્ધતિથી ગાન કરવામાં આવે તો યજમાન અને રાષ્ટ્ર બન્નેનો નાશ થાય છે.[૭૦]

ઉપનિષદોમાં માત્ર બ્રહ્મ સંબંધી જ જ્ઞાન નહીં, પરંતુ તે સમયનાં સમાજનું દર્શન પણ કરી શકાય છે. વર્ણાશ્રમ વ્યવસ્થામાં જન્મ કારણ ભૂત નથી; પરંતુ કર્મ અને આચરણને આધારે વર્ણ નિશ્ચિત થાય છે. જે સત્ય બોલે છે, અક્રોધી છે, શાંત છે, સમાજનાં હિત માટે કાર્યરત છે, તે બ્રાહ્મણ છે. તેથી જ ગણિકા પુત્ર સત્યકામ જાબાલ શાખા પ્રવર્તક આચાર્ય બને છે. રાજા જાનશ્રુતિ શૂદ્ર હોવા છતાં વિદ્યા પ્રાપ્ત કરે છે. એ જ રીતે ગાર્ગી વગેરે નારીઓ પણ વિદ્યામાં મોખરે છે, અને સભામાં મહત્ત્વ પૂર્ણ સ્થાન ધરાવે છે.

ધાર્મિક જીવનમાં અભ્યુદય મહત્ત્વનો છે. અતિથિ સેવા વગેરે પંચમહાયજ્ઞ કરવાની ફરજ દરેક ગૃહસ્થની છે. તેણે કર્મનાં આચરણ દ્વારા મોક્ષ પ્રાપ્તિનો ધ્યેય રાખવો જોઈએ. યજ્ઞ વગેરે કર્મ કરવા માટે યોગ્ય માર્ગે ધનની પ્રાપ્તિ કરી ભોગ–ઉપભોગ અને લોક સેવાનાં કાર્યો કરવા જોઈએ. માત્ર ભોગ–ઉપભોગ કરવાથી પોતાનો અને સમાજનો નાશ થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં આહાર શુદ્ધિનું અત્યંત મહત્ત્વ છે. તેથી જ સનત્કુમાર પણ આહાર શુદ્ધિથી ચિત્તની શુદ્ધિ થાય છે તેમ જણાવે છે. તેથી જ શ્રીમદ્ શંકરાચાર્ય પણ આહાર શુદ્ધિ અને ઇન્દ્રિયોનાં આહારની શુદ્ધિ જરૂરી ગણાવે છે. સ્વામી વિવેકાનંદ પણ ઇન્દ્રિયોનાં આહાર વગર માત્ર ભોજનની શુદ્ધિથી ચિત્ત શુદ્ધિ થતી નથી તેમ જણાવે છે.



For Private And Personal Use Only

શિક્ષણ એ સમાજનું ભૂષણ છે. શિક્ષણ વિનાનો મનુષ્ય અંધ સમાન છે. તેથી અજ્ઞાની શ્વેતકેતુને તેનાં પિતા જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરુના આશ્રમમાં મોકલે છે. સ્વયં શિક્ષણ આપવા સમર્થ છે; પરંતુ શિક્ષણનો અર્થ માત્ર અક્ષરોનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે નથી; તેના દ્વારા અનુકૂલન સાધવું; યોગ્ય વ્યવહાર કરતાં શીખવું; ઉદ્દંડતાને દૂર કરવી વગેરે છે. જે ગુરુના આશ્રમમાં રહી શિક્ષણ લેવામાં આવે તો જ શક્ય બને. શ્વેતકેતુ અભિમાન સાથે અધૂરા શિક્ષણથી પરત આવે છે; ત્યારે તેના તે અભિમાનને દૂર કરવા "તત્ત્વમસિ" મહાવાક્ય દ્વારા તેનાં અજ્ઞાનને દૂર કરે છે. તેઓશ્રી સ્વયં જ્ઞાની હોવા છતાં વિદ્યા મેળવવા માટે રત છે. અભિમાન છોડી ઈન્દ્રદ્યુમ્ન વગેરેની સાથે રાજા અશ્વપતિ પાસે જાય છે.

આ વિદ્યા દ્વારા આચરણની સિદ્ધિ પ્રાપ્ત થવી જોઈએ. હંમેશાં નીતિમય અને સદાચારમય આચરણ જરૂરી છે. પોતાનાં સ્વાર્થ કરતાં સમાજનાં હિતને પ્રાધાન્ય આપવું જોઈએ.

આમ ઉપનિષદ્નાં અધ્યયન દ્વારા આચરણની સિદ્ધિ પ્રાપ્ત થવી જોઈએ. કારણ કે આચરણ અને કર્મ દ્વારા જ બ્રહ્મની પ્રાપ્તિ શક્ય બને છે. આ શોધ પ્રબંધમાં નૂતન બાબતો રજૂ કરવામાં આવી છે. નવા સત્યોને તારવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે નવો માર્ગ કંડારે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકરણ-૧૧

## ઉપસંહાર

**અંત્યનોંધ :**

(૧) ....स सहस्रं समा ब्रह्मचर्यमध्युषासाश्रुतः ॥

— अव्यक्तो १.

(२) सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।

एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥

— गीता अ. ५-४.

(૩) श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।

ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

— गीता अ. ४-३३.

(૪) શ્રી મહર્ષિ અરવિંદ — યોગ પ્રદીપિઓ પૃ. ૨૦–૨૧

(૫) डॉ. रानाडे, उपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. २१४

(૬) द्रव्यार्थमन्नवस्त्रार्थं यः प्रतिष्ठार्थमेव वा ।

सन्न्यसेदुभय भ्रष्टः स मुक्तिं नाप्तुमर्हति ॥

— मैत्रेयी उप.२ ३३

(૬) (અ) कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।

इन्द्रियार्थान्विमूढात्मा, मिथ्याचारः स उच्यते ॥

— गीता अ. ३.६

(૭) संन्यासो २-२२.

(૮) ગીતા અ. ૧૫.૭

(૯) ...शाश्वतोऽजः स्वतन्त्रः स्वे महिम्नि तिष्ठत्यनेनेदं शरीरं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता... ॥

— मैत्रा. २.४

(૧૦) छा. उप. ६.४.२-४



For Private And Personal Use Only

(११) હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,

શકટનો ભાર જેમ શ્વાન તાણે.

— નરસિંહ મહેતા, અભેગીતા.

(१२) स समुवाच यथा तृणाशिनो विवेकहीनाः परप्रेष्याः कृष्यादिकर्मसु नियुक्ताः सकलदुःखसहाः स्वस्वामिवध्यमाना गवादयः पशवः ।.....॥

— जाबालि २५

(१३) डॉ. रानडे, औपनिषद् दर्शन का रचनात्मक सर्वेक्षण पृ. ९७

— छा. उप. ३.१४.४

(१४) छा. उप. अ. ७.

(१५) ॐ नित्यं शुद्धं बुद्धं.....सर्वसाक्षीत्यतः परः ॥

— योगचूडामणि उप. ७२

(१६) चिन्तानलशिखादग्धं कोपाजगरचर्वितम् ।

कामाब्धिकल्लोलरतं विस्मृतात्मपितामहम् ॥

समुद्धर मनो ब्रह्मन्मातङ्गमिव कर्दमात् ।

एवं जीवाश्रिता भावा भवभावनयाहिताः ॥

अथेत्थंभूततन्मात्रवेष्टितं तनुतां जहत् ।

वपुर्वह्निकणाकारं स्फुरितं व्योम्नि पश्यति ।

कालेन स्फुटतामेत्य भवत्यमलविग्रहम् ।

बुद्धिसत्त्वबलोत्साहविज्ञानैश्वर्यसंस्थितः ॥

— महो. ५. १३४, १३५, १५२, १५७

(१७) छा. उप. अ.७-२६-१.

(१८) महो. ४-७३-७४

(१९) यन्मायया मोहित चेतसो मामात्मानमापूर्णमलब्धवन्तः ।

परं विदग्धोदरपूरणाय भ्रमन्ति काका इव सूरयोऽपि ॥

— मैत्रेयी उप. अ. २-२५.

(२०) महो. पृ. १३१

(२१) यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

— गीता अ. ४-३७.



For Private And Personal Use Only

(૨૨) रागद्वेषौ सुखं दुःखं धर्माधर्मौ फलाफले ।

यः करोत्यनपेक्ष्यैव स जीवन्मुक्त उच्यते ॥

— महो. २.४१

(૨૩) छा. उप. अ. ७.

(૨૪) छा. उप. ६ ५-१-४.

(૨૫) मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।

— महो. ५-२७.

(૨૬) पौरुषेण प्रयत्नेन यस्मिन्नेव पदे मनः ।

योजयते तत् पदं प्राप्य निर्विकल्पो भवानघ ॥

— महो. अ. ६-१०२-१०८.

(૨૭) असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥

— गीता अ. ६-३५.

(૨૮) શ્રી વિનોબા ભાવે, ઉપનિષદોનો અભ્યાસ

(૨૯) तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वाङ्गानि सत्यमायतनम् ।

— केनो. ४.८

(૩૦) प्रहीणः स्वरवर्णाभ्यां यो वै मन्त्रः प्रयुज्यते ।

यज्ञेषु यजमानस्य रुषत्यायुः प्रजां पशून् ॥

— नारदीय शिक्षा १.६

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ-૧

## નાડી, ચક્ર

| ક્રમ | નાડી | બીજું નામ | સ્થાન | પ્રાણ પ્રવાહ | અધિષ્ઠાતા દેવતા | યૌગિક પરિભાષામાં સંજ્ઞા | નાડીની ગતિ ક્યાંથી ક્યા સુધી (શરીરમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુષુમ્ણા | સકા (સરસ્વતી) | કંદ સ્થાન | | શંકર (અગ્નિ) | | મેરુદંડની મધ્યમાં ગતિ થઈને મૂલાધારથી થઈને મસ્તક સુધી |
| ૨ | ઈડા | ચંદ્રનાડી (ગંગા) | કંદ સ્થાનમાં સુષુમ્ણાની ડાબી બાજુ | શીતળ | વિષ્ણુ (ચંદ્ર) | હ | મૂલાધારથી ડાબા નસકોરા સુધી |
| ૩ | પિંગલા | સૂર્ય નાડી (યમુના) | કંદ સ્થાનમાં સુષુમ્ણાની જમણી બાજુ | ઉષ્ણ | બ્રહ્મા (સૂર્ય) | ઠ | મૂલાધારથી જમણા નસકોરા સુધી |
| ૪ | ગાંધારી | | ડાબી આંખમાં | | ચંદ્રમા | | ડાબી આંખ સુધી |
| ૫ | હસ્તિજીહ્વા | | જમણી આંખમાં | | વરુણ | | જમણી આંખ સુધી |
| ૬ | પૂષા | | જમણા કાનમાં | | સૂર્ય | | જમણા કાન સુધી |
| ૭ | યશસ્વિની | | ડાબા કાનમાં | | ભાસ્કર | | ડાબા કાન સુધી |
| ૮ | અલમ્બુષા | | મુખ | | જલરૂપ વરુણ | | મુખ સુધી |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | કુહૂ | | લિંગ સ્થાનમાં | | દેવીક્ષુધા | | લિંગપ્રદેશમાં |
| ૧૦ | શંખિની | | મૂળ સ્થાનમાં | | ચંદ્રમાં | | મૂલ સ્થાનમાં |
| ૧૧ | સરસ્વતિ | | સુષુમ્ણાના બન્ને ભાગમાં ફેલાયેલ છે. | | વિરાટ્ | | ઉપરની બાજુ જીહ્વા સુધી ફેલાયેલી છે. |
| ૧૨ | વરુણા | | યશસ્વિની અને કુહૂની મધ્યમાં | | વાયુ | | |
| ૧૩ | વિશ્વોદરી | | નાભિકંદના મધ્યભાગમાં | | અગ્નિ | | |
| ૧૪ | પયસ્વિની | | પૂષા અને સરસ્વતીની મધ્યમાં | | પ્રજાપતિ | | ડાબા કાન સુધી ફેલાયેલી છે. |
| | | | | | જા. દ. ઉપ. ૪. ૩૫–૪૦ (પૃ. ૧૯૭ –૧૯૮) | | |

૦ જા. દ. ઉપ. ૪.૧૮
૦ શ્રી યોગ કૌસ્તુભ :- પૃ. ૧૮૯
પૂ. શ્રી નત્થુરામ શર્મા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| — | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ચક્રનું નામ | સ્થાન | આકૃતિ | ચક્રના દલોની સંખ્યા | ચક્રના દલોમાંના વર્ણો | ચક્રનો રંગ | અધિષ્ઠાતા દેવ | ઉપજતિ વૃત્તિઓ | | | | | | |
| ૧ | આધાર | ગુદા | ભગાકૃતિ (ત્રિકોણ) | ૪ | वं, शं, षं, सं | અગ્નિ જેવો | શ્રી ગણેશ | પરમાનંદ સહજાનંદ વીરાનંદ યોગાનંદ | | | | | | |
| ૨ | સ્વાધિષ્ઠાન | લિંગમૂળ | પ્રવાલાંકુર | ૬ | बं, भं, मं, यं, रं, लं | સૂર્યના જેવો | શ્રી બ્રહ્મા | નમ્રતા, ક્રૂરતા, ગર્વનાશ, મૂર્છા અવજ્ઞા, અવિશ્વાસ | | | | | | |
| ૩ | મણિપુર | નાભિ | ત્રિકોણ | ૧૦।૧૨ | डं, ढं, णं, तं, थं, दं, धं, नं, पं, फं | રક્ત | શ્રી વિષ્ણુ | સુષુપ્તિ વગેરે | | | | | | |



For Private And Personal Use Only

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ચક્રનું નામ | સ્થાન | આકૃતિ | ચક્રના દલોની સંખ્યા | ચક્રના દલોમાંના વર્ણો | ચક્રનો રંગ | અધિષ્ઠાતા દેવ | ઉપજતિ વૃત્તિઓ |
| ૪ | પદ્મ/અનાહત | હૃદય | ગોળ | ૧૨ | क, ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ | સુવર્ણ જેવો | શ્રી શંકર (રુદ્ર) | હૃદયમાં રહેલી ચિત્ત શક્તિને જાગૃત કરે છે. |
| ૫ | વિશુદ્ધ | કંઠ | ગોળ | ૧૬ | | | | |
| ૬ | આજ્ઞા | ભ્રૂમધ્ય/ત્રિકુટી | લંબગોળ | ૨ | | | | બુદ્ધિ દષ્ટિને જાગૃત કરે છે. |
| ૭ | સહસ્રાર, બ્રહ્મ | બ્રહ્મરંધ્ર | ગોળ | ૧૦૦૦ | | | | |

○ શ્રી યોગચૂડામણિ ઉપ. ૪-૧૨

○ શ્રી યોગકૌસ્તુભ પૃ. ૨૪૫-૨૪૬

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ–૨

## ઉપાસના ઉપનિષદ્

| ક્રમ | ઉપાસના | ઉપનિષદ્ | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| (૧) | પ્રણવ મીમાંસા | છા. ઉપ. અ. ૧ | ૩૦૦ |
| | | યોગચૂડા. ૮૫–૮૮ | |
| | | જાબાલ દર્શન ઉપ. અ. ૬૮ | |
| | | મૈત્રા. ઉપ. અ. ૫ શ્લોક : ૩–૪ | |
| (૨) | 'ૐ'ની પ્રાણ રૂપે ઉપાસના | છા. ઉપ.અ. ૧.૧–૨ | ૩૦૫ |
| (૩) | 'ૐ'ની સૂર્ય રૂપે ઉપાસના | છા. ઉપ. અ. ૧.૩.૧–૩ | ૩૦૬ |
| (૪) | 'ૐ'ની વ્યાન રૂપે ઉપાસના | છા. ઉપ. અ. ૧.૩.૩–૪ | ૩૦૬ |
| (૫) | સૂર્યના રશ્મિ અને શ્વાસ– પ્રશ્વાસના રૂપમાં ૐની ઉપાસના | છા. ઉપ. અ. ૧.૫.૨–૩–૫ | ૩૦૬ |
| (૬) | સૂર્યમાં રહેલા હિરણ્ય મય પુરુષ રૂપે ૐની ઉપાસના | છા. ઉપ. અ. ૧.૬. ૭ અને ૮ | ૩૦૬ |
| (૭) | નેત્રસ્થ પુરુષ રૂપે ઉદ્દ્ગીથ ઉપાસના | છા. ઉપ. અ. ૧.૭.૧,૫–૭. | ૩૦૭ |
| (૮) | આકાશ રૂપ પરમાત્માની ઉદ્દ્ગીથરૂપે ઉપાસના | છા. ઉપ. અ. ૧.૯.૧ ૩. | ૩૦૭ |
| (૯) | પ્રાણ, આદિત્ય અને અન્નની ઉદ્દ્ગીથ સ્વરૂપે ઉપાસના | છા. ઉપ. અ. ૧.૧૧.૫,૭,૯. | ૩૦૮ |
| (૧૦) | અંતર્ધાન–મુખ્ય પ્રાણની ઉપાસના | છા. ઉપ. અ. ૧.૧૨.૫. | ૩૦૮ |
| (૧૧) | સામાગાનના સ્તોભની ઉપાસના | છા. ઉપ.અ. ૧.૧૩ અ. ૨–૧ થી ૩ ખંડ | ૩૦૮ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| (૧૨) | 'સામ'ની પંચવિધ ઉપાસના | છા. ઉપ.અ.૨ | ૩૦૯ |
| | | ૨ થી ૧૦ ખંડ | |
| (૧૩) | સાતવિધ સામ ઉપાસના | છા. ઉપ. અ. ૨ ખંડ–૮ | ૩૧૦ |
| (૧૪) | આદિત્યની દષ્ટિથી સાતવિધ | છા. ઉપ. અ. ૨.૯ ખંડ | ૩૧૦ |
| | સામ ઉપાસના | | |
| (૧૫) | મધુવિદ્યા | છા. ઉપ. અ. ૩.૧ થી ૧૧ ખંડ | ૩૧૧ |
| | | બૃહ. ઉપ. અ. ૨.૫.૧–૧૫. | |
| (૧૬) | ગાયત્રી ઉપાસના | છા. ઉપ. અ. ૩.૧૨.૬ અને ૯ | ૩૧૪ |
| | સાવિત્રી (ગાયત્રી) રૂપે ઉપાસના | સાવિત્રી ઉપ. | |
| (૧૭) | અજપા ગાયત્રી (મહાવિદ્યા) | યોગ ચૂડા. ઉપ. ૩૧ થી ૩૫ શ્લોક | ૩૧૫ |
| | | ૮૨–૮૩ શ્લોક. | |
| (૧૮) | હૃદયમાં રહેલ જીવાત્માની ઉપાસના | છા. ઉપ. ૩.૧૩. | ૩૧૬ |
| (૧૯) | શાંડિલ્યવિદ્યા/તજ્જલાન્ | છા.ઉપ.અ. ૩.૧૪. | ૩૧૬ |
| (૨૦) | વસુધાન કોષવિદ્યા | છા.ઉપ.અ. ૩.૧૫થી ૧૭ ખંડ. | ૩૧૭ |
| (૨૧) | મન અને આકાશની અધ્યાત્મ અને | છા.ઉપ.અ. ૩.૧૮. | ૩૧૮ |
| | અધિદૈવ ઉપાસના | | |
| (૨૨) | હિરણ્ય ગર્ભવિદ્યા | છા.ઉપ.અ. ૩.૧૯ ખંડ. | ૩૧૮ |
| (૨૩) | સંવર્ગવિદ્યા | છા.ઉપ.અ. ૪.૧ થી ૩ ખંડ. | ૩૧૮ |
| | | છા.ઉપ.અ. ૪.૩ ખંડ. શ્લોક–૮. | |
| (૨૪) | સત્યકામ જાબાલ વિદ્યા | છા.ઉપ.અ. ૪.૫ થી ૯ ખંડ. | ૩૧૯ |
| (૨૫) | ઉપકોશલવિદ્યા | છા.ઉપ.અ. ૪.૧૦ થી ૧૫ ખંડ. | ૩૨૦ |
| (૨૬) | યજ્ઞવિદ્યા | છા.ઉપ.અ. ૪.૧૬ થી ૧૭ ખંડ. | ૩૨૨ |
| (૨૭) | પ્રાણવિદ્યા | છા.ઉપ.અ. ૫.૧ અને ૨ ખંડ. | ૩૨૨ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| (૨૮) | પંચાગ્નિવિદ્યા | છા.ઉપ.અ. ૫.૩ થી ૧૦ ખંડ. | ૩૨૨ |
| (૨૯) | વૈશ્વાનરવિદ્યા | છા.ઉપ.અ. ૫.૯ થી ૨૪ ખંડ. | ૩૨૩ |
| (૩૦) | તત્ત્વમસિ | છા.ઉપ.અ. ૬.૨ થી ૧૬ ખંડ. | ૩૨૪ |
| (૩૧) | ભૂમાવિદ્યા | છા.ઉપ.અ. ૭.૧ થી ૨૬ ખંડ. | ૩૨૫ |
| (૩૨) | દહરવિદ્યા | છા.ઉપ.અ. ૮.૧ થી ૫ ખંડ. | ૩૨૬ |
| (૩૩) | હૃદય સ્થિત બ્રહ્મની ઉપાસના | મૈત્રા.ઉપ.અ. ૫.૨ શ્લોક. | ૩૨૭ |
| | | મહો. ઉપ.અ. ૬ ૧૩ થી ૨૦ શ્લોક | |
| (૩૪) | આત્મવિદ્યા | છા.ઉપ.અ. ૮.૭ થી ૧૨ ખંડ. | ૩૨૮ |
| (૩૫) | તદ્વન ઉપાસના | કેનો. ઉપ.અ. ૪ | ૩૨૮ |
| (૩૬) | ગોપીચંદન ધારણ વિધિ | વાસુદેવ ઉપ. | ૩૨૯ |
| (૩૭) | ભસ્મ ધારણ વિધા/ઉપાસના | જાબાલી ઉપ. | ૩૩૧ |
| (૩૮) | બલા અતિબલાવિદ્યા | સાવિત્રિ ઉપ. | ૩૩૨ |
| (૩૯) | આનુષ્ટુભીવિદ્યા | અવ્યક્ત ઉપ. | ૩૩૩ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ-૩

## ઋષિઓ

| ક્રમ | અગ્નિ | ઋષિઓ | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| (૧) | અગ્નિ | કેનો. ૩.૩, છા. ઉપ. ૪.૬; ૪.૧૦–૧૩ ૬.૨૪.૨ | ૪૬૯ |
| (૨) | ઇન્દ્ર | કેનો. ૪.૩–૫ છા. ઉપ. ૮.૧૩.૧ | ૪૭૦ |
| (૩) | કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ | મહો. અ. ૧,૨ | ૪૭૨ |
| (૪) | કાલાગ્નિ રુદ્ર | મૈત્રેયી ઉપ. આરુણિ ઉપ.૧ જાબાલિ ઉપ. | ૪૭૪ |
| | | છા. ઉપ.અ. ૮ રુદ્રાક્ષજાબાલ ઉપ. | |
| | | મહો. ૧.૭: યોગચૂડામણિ ઉપ. ૭૨ | |
| (૫) | દત્તાત્રેય | રુ. જા. ઉપ. ૪૬, જા. દ. ઉપ. ૧.૧–૪ | ૪૭૭ |
| (૬) | નારદ | છા. ઉપ. અ. ૭ વાસુદેવ ઉપ. | ૪૭૭ |
| (૭) | બૃહસ્પતિ | છા. ઉપ. ૧.૨.૧૧ | ૪૭૮ |
| (૮) | બ્રહ્મા | આરુણિ ઉપ. મૈત્રા. ઉપ. દ્વિતીય પ્રપાઠક | ૪૭૯ |
| | | છા. ઉપ. ૩.૧૧–૪; અ.૮ મહો. ૧.૩૦ | |
| (૯) | વાયુ | કેનો. ૩.૬, છા. ઉપ. | ૪૮૧ |
| (૧૦) | વાસુદેવ | વાસુદેવ ઉપ. | ૪૮૨ |
| (૧૧) | ઉમા(ઋષિકા) | કેનો. ૪ | ૪૮૩ |
| (૧૨) | અતિધન્વા | છા. ઉપ. ૧.૯.૩ | ૪૮૪ |
| (૧૩) | આયાસ્ય | છા. ઉપ. ૧.૨.૧૨ | ૪૮૪ |
| (૧૪) | અંગિરા | છા. ઉપ. ૧.૨.૧૦ | ૪૮૪ |
| (૧૫) | ઇન્દ્રદ્યુમ્ન | છા. ઉપ. ૫.૧૧.૧ | ૪૮૪ |
| (૧૬) | ઉદર શાંડિલ્ય | છા. ઉપ. ૧.૯.૩ | ૪૮૪ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| (૧૭) | ઉદ્દાલક | છા. ઉપ. ૩.૧૧.૪, બૃ. ઉ [illegible]<br>જાબાલી ઉપ [illegible] ઉપ.-૧. | ૪૮૫ |
| (૧૮) | ઉપ[illegible] | છા. ઉપ. ૪.૧૦ | ૪૮૫ |
| ([illegible]) | ઉષસ્તિ: | છા. ઉપ. ૧.૧૦ | ૪૮૬ |
| (૨૦) | ઋભુ | મહો. અ. ૩,૪ | ૪૮૬ |
| (૨૧) | કપિલ | રુ. જા. ઉપ. ૪૬ | ૪૮૬ |
| (૨૨) | કાત્યાયન | રુ. જા. ઉપ. ૪૬, જા. દ. ઉપ. | ૪૮૭ |
| (૨૩) | કાપેય | છા. ઉપ. ૪.૩ | ૪૮૭ |
| (૨૪) | કૌષીતકિ | છા. ઉપ. ૧.૫.૨, ૩.૫.૧ | ૪૮૭ |
| (૨૫) | કૃષ્ણ | છા. ઉપ. ૩.૧૭ | ૪૮૭ |
| (૨૬) | ગ્લાવ | છા. ઉપ. ૧.૧૨ | ૪૮૮ |
| (૨૭) | ગૌતમ | છા. ઉપ. ૪.૪.૩; વજ્રા. ૫. | ૪૮૮ |
| (૨૮) | ગૌશ્રુતિ | છા. ઉપ. ૫.૨.૩ | ૪૮૮ |
| (૨૯) | ઘોર | છા. ઉપ. ૩.૧૭ | ૪૮૮ |
| (૩૦) | જન | છા. ઉપ. ૫.૧૧.૧ | ૪૮૮ |
| (૩૧) | જાબાલિ | જાબાલિ ઉપ. શ્લોક ૪ થી ૯ | ૪૮૯ |
| (૩૨) | દાલભ્ય(બક) | છા. ઉપ. અ. ૧.૨, ૧.૮, ૧.૧૨ | ૪૮૯ |
| (૩૩) | નિદાઘ | જા. દ. ઉપ.; રુ. જા. ઉપ. ૪૬<br>મહો. અ. ૩,૪ | ૪૮૯ |
| (૩૪) | પૈપ્પલાદિ | રુ. જા. ઉપ. ૪૬<br>જાબાલિ ઉપ.૧ | ૪૯૦ |
| (૩૫) | પ્રાચીનશાલ | છા. ઉપ. ૫.૧૧ | ૪૯૦ |



For Private And Personal Use Only

| | | | |
|---|---|---|---|
| (૩૬) | બુડિલ | છા. ઉપ. પ.૧૧ | ૪૯૦ |
| (૩૭) | ભારદ્વાજ | પ્ર. ઠ. ઉપ. | ૪૯૧ |
| | | રુ. જા. ઉપ. ૮૬ | |
| (૩૮) | ભુસુંડી | રુ. જા. ઉપ. ૧ | ૪૯૧ |
| (૩૯) | મહિદાસ એતરેય | છા. ઉપ. ૩.૧૩, ૩.૧૬ | ૪૯૧ |
| (૪૦) | મૈત્રેય | મૈત્રેયી ઉપ. અ.૨ | ૪૯૨ |
| | | છા. ઉપ. ૧.૧૨ | |
| (૪૧) | રૈક્વ | છા. ઉપ. ૪.૧, ૪.૩ | ૪૯૨ |
| (૪૨) | વસિષ્ઠ | વજ્રા. પ | ૪૯૩ |
| (૪૩) | શાકાયન્ન મુનિ | મૈત્રેયી ઉપ. ૧.૧ | ૪૯૪ |
| (૪૪) | શિલક | છા. ઉપ. ૧.૮ | ૪૯૪ |
| (૪૫) | શુકદેવજી | મહો., અ.૨ | ૪૯૪ |
| (૪૬) | શાંડિલ્ય | છા. ઉપ. ૩.૧૪ | ૪૯૬ |
| (૪૭) | શુંગ | મૈત્રા. ઉપ., વજ્રા. ઉપ. પ | ૪૯૬ |
| (૪૮) | શ્વેતકેતુ | છા. ઉપ. અ. ૪ | ૪૯૬ |
| (૪૯) | સત્યકામ | છા. ઉપ. અ. ૪.૪.૨; ૪.૪.પ | ૪૯૭ |
| (૫૦) | સત્યયજ્ઞ | છા. ઉપ. અ. પ.૧૧ | ૪૯૮ |
| (૫૧) | સનત્કુમાર | છા. ઉપ. ૭ | ૪૯૮ |
| | | રુ. જા. ઉપ. ૪૬ | |
| | **રાજર્ષિ** | | |
| (૫૨) | અભિપ્રતારી | છા. ઉપ. અ. ૪ | ૪૯૯ |
| (૫૩) | અશ્વપતિ | છા. ઉપ. પ.૧૧ | ૪૯૯ |



For Private And Personal Use Only

| | | | |
|---|---|---|---|
| (૫૪) | જડભરત | સ. ભા. ઉપ. ૪૬ | ૫૦૦ |
| (૫૫) | જનક | મહો. અ. ૨ | ૫૦૦ |
| (૫૬) | જાનશ્રુતિ | છા. ઉપ. ૪.૧,૨ | ૫૦૧ |
| (૫૭) | પ્રવાહણ | છા. ઉપ. ૧.૮; ૫.૩ | ૫૦૧ |
| (૫૮) | બૃહદ્રથ | મૈત્રેયી ઉપ. ૧.૧, ૨.૧ | ૫૦૨ |
| | અસુર | | |
| (૫૯) | વિરોચન | છા. ઉપ. અ. ૮ | ૫૦૨ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ-૪

## ઉપનિષદ્‌નાં વાક્યાંશો

### બ્રહ્મ

विज्ञानमानन्दं ब्रह्म रातेर्दातुः परायण: ।....॥३.९॥ महो.

प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म......॥ छा. ४.१०.५.

सर्वं खलु इदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत.....॥३.१४.१॥ छा. उप.

यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।

तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ केनो. १.८॥

प्रज्ञानमेव तद्ब्रह्म सत्यप्रज्ञानलक्षणम् ॥ महो. ४.८१॥

अकारोकाररुपोऽस्मि मकारोऽस्मि सनातनः ।.....॥३.११॥ मैत्रेयी उप.

सोऽहमस्मि = छा. उप. ४.११.१,२,३

तत्त्वमसि = छा. उप. अ.६

यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति....॥ छा. ७.२३.१

ॐ नित्यं शुद्धं बुद्धं निर्विकल्पं निरञ्जनं निराख्यातमनादिनिधनमेकं तुरीयं यद्भूतं भवद्भविष्यत् परिवर्तमानं सर्वदाऽनवच्छिन्नं परं ब्रह्म ॥ योगचूडामणि उप. ७२॥

### આત્મા

सुलभश्चायमत्यन्तं सुज्ञेयश्चाप्तबन्धुवत् ।

शरीर पद्मकुहरे सर्वेषामेव षट्पदः ॥ संन्यासो. २.३४॥

एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्यः ॥छा. उप. ४.१४.३॥

स वा एष आत्मेत्यदो वशं नीत एव सितासितैः कर्मफलैरभिभूयमान इव प्रतिशरीरेषु चरत्यव्यक्तत्वात्सूक्ष्मत्वाददृश्यत्वाद....॥



For Private And Personal Use Only

ऋतमात्मा परंब्रह्म सत्यमित्यादिका बुधैः ।

कल्पिता व्यवहारार्थं यस्य संज्ञा महात्मनः ॥ ४.४५॥ महो.

तस्माददैतमेवास्ति न प्रपञ्चो न संसृतिः ।

यथाकाशो घटाकाशो मठाकाश इतीरितः ॥१०.३॥ महो.

स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा.....॥६.८.७॥ छा. उप.

.....खलु यूयं पृथगिवेममात्मानं वैश्वानरं विद्वांसोऽन्नमात्थ यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति ॥छा. उप. ५.१८-१॥

## जीव

सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ॥छा. उप. अ. ६.३.२॥

इन्द्रियैर्बध्यते जीव आत्मा चैव न बध्यते ।

ममत्वेन भवेज्जीवो निर्ममत्वेन केवलः ॥ योगचूड. उप. ८४

स तमुवाच यथा तृणाशिनो विवेकहीनाः परप्रेष्याः कृष्यादिकर्मसु नियुक्ताः सकलदुःखसहाः स्वस्वामिबध्यमाना गवादयः पशवः । यथा तत्स्वामिन इव सर्वज्ञ ईशः पशुपतिः ॥जाबालि उप.१५॥

जायते म्रियते लोको म्रियते जनाय च ।

अस्थिराः सर्व एवेमे सचराचरचेष्टिताः ।

सर्वापदां पदं पापा भाया विभवभूमयः ॥ महो. ३.४ ।

इन्द्रियैर्बध्यते जीव आत्मा चैव न बध्यते ।

ममत्वेन भवेज्जीवो निर्ममत्वेन केवलः ॥ योगचूडा. उप. ८४॥

पुरुषाज्ञको बुद्धिपूर्वमिहैवावर्तेऽशेन सुषुप्तस्यैव बुद्धिपूर्वं निबोधयत्यथ यो ह खलु वावतस्यांशोऽयं यश्चेतनमात्रः ॥२.५॥ मैत्रायणी उप.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જગત્

सर्वं किंचिदिदं दृश्यं दृश्यते चिज्जगद्गतम् ।

चित्निष्पन्दांशमात्रं तन्नान्यदस्तीति भावय ॥ महो. ४.१०॥

## કર્મ

सर्वकर्मा सर्वकामः अवाक्यनादरः ॥ छा. ३.१४.४

कर्मणां संक्लृप्त्यै लोकः संकल्पते । छा. ७.४.२॥

यदा कर्मसु काम्येषु स्त्रियं.....जानीयाद् । छा. ५.२.९

स यस्तं न विद्वात्कथं कुर्यादथ विद्वान्कुर्यात् । २.२४.२

.....तज्जलानिति....खलु क्रतुमयः पुरुषो....कुर्वीत ॥३.१४.१॥ छा. उप.

तद्यथेह कर्मजितो लोकः क्षीयते एवमेवामुत्र पुण्यजितो लोकः क्षीयते.......॥८.१.६॥ छा. उप.

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् ।

प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमक्षयमश्नुते ॥ मैत्रेयी उप. १.६

कर्मेति प्रतिष्ठा । केने.

## અવિદ્યા-માયા

तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद ।

नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ॥ छा. उप. १.१.१०॥

त इमे सत्याः कामा अनृतापिधानास्तेषां सत्यानां सतामनृतमपिधानं यो यो ह्यस्येतः प्रैति न तमिह दर्शनाय लभते ॥ छा. उप. ८.३.१॥

## ભાવ

भावतीर्थं परं तीर्थं प्रमाणं सर्वकर्मसु ।

अन्यथालिंग्यते कान्ता अन्यथालिंग्यते सुता ॥ श्री जा. द. उप. ४.५१



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મન

मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥४.११॥ मैत्रायणी उप.

## મુક્તિ

असंशयवतां मुक्तिः संशयाविष्टचेतसाम् ।

न मुक्तिर्जन्मजन्मान्ते तस्माद्विश्वासमाप्नुयात् ॥ मैत्रेयी उप. २.१६

## જ્ઞાન ભારરૂપ

भारो विवेकिनः शास्त्रं भारोऽज्ञानमविदो वपुः ॥ महो. ४.५

## તીર્થજળ/ચરણોદક

ज्ञानयोगपराणां तु पादप्रक्षालितं जलम् ।

भावशुद्ध्यर्थमज्ञानां तत्तीर्थं मुनिपुङ्गव ॥ श्री जा. द. उप. ४.५६



For Private And Personal Use Only

# પૂ. રામશર્મા આચાર્ય

: પ્રાગટ્ય :

સં. ૧૯૬૮ (કાર્તિક કૃષ્ણ–૧૩)

તા. ૨૦/૯/૧૯૧૧

: સ્વરૂપાવસ્થાન :

જયેષ્ઠ શુક્લ દશમી સં. ૨૦૪૭,

તા. ૨, જૂન ૧૯૯૦

: જન્મ સ્થળ :

વ્રજભૂમિની કેન્દ્રસ્થળી (આંબલ ખેડા)

ઉત્તરપ્રદેશ

પિતા : પં. રૂપકિશોર શર્મા

માતા : દાનકુંવરીજી

પૂજ્ય ગુરુદેવશ્રી રામશર્મા આચાર્ય તપોમૂર્તિ છે. તેઓનું જીવન બાલ્યાવસ્થાથી જ તપોમય હતું.

સં. ૨૦૦૯ ની ગીતા જયંતિએ વૃંદાવન રોડ ઉપર ગાયત્રીભૂમિની જમીન માટેનું રજિસ્ટ્રેશન કરાવ્યું. જ્યાં સં. ૨૦૧૦ના ગાયત્રી જયંતિ (૨૨ જૂન–૧૯૫૩)ના ગાયત્રી મહાશક્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

૨૫ નવે. ઈ. સં. ૧૯૫૮ ગાયત્રી મહાયજ્ઞનું આયોજન ૧૦૨૮ કુંડી મહાયજ્ઞ કાર્તિક શુક્લ એકાદશી– સં. ૨૦૧૫.

**યજ્ઞમાં ક્રાન્તિકારી પરિવર્તનો :**

ગુરુદેવે પોતાના અભિયાનને "વિચારક્રાન્તિ", "યુગનિર્માણ યોજના"; અભિયાન નામ આપેલ છે. જેનો ધ્યેય સમાજમાં પ્રચલિત કુરિવાજોને દૂર કરી લોકોને સન્માર્ગે પ્રેરવા તે છે. તેથી જ મહાયજ્ઞમાં પધારેલા પરિજનોને તેમણે "દહેજ વગર લગ્ન", "મૃતકભોજન ન કરાવવું" એ સંકલ્પ કરાવેલ હતો.

'નરમેધ' કાર્યક્રમમાં મનુષ્યની બલિ હતી; પરંતુ તેઓએ પોતાના સ્વાર્થની બલિ આપશો અને સમાજના હિત માટે કાર્યરત રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી, આ આત્મબલિદાનનું વ્રત એ જ નરમેધ.

પૂજ્ય ચરણશ્રી રામ શર્મા આચાર્ય ઉપર્યુક્ત જન્મદિનને પોતાનો જન્મદિન નહીં, પરંતુ દાદા ગુરુદેવ સાથેના સાક્ષાત્કારને પોતાનો જન્માદિન ગણાવે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્થૂળ જન્મ અને સૂક્ષ્મ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ

બે જન્મની વાત કરેલ છે(દ્વિજ) માતા–પિતા દ્વારા સ્થૂળ જન્મ અને ગુરુ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ એ સૂક્ષ્મ જન્મ છે.

પૂર્વ જન્માનાં પુણ્યકર્મોને કારણે જ શ્રેષ્ઠ માતા–પિતાને ત્યાં જન્મ થાય છે. પૂ. ગુરુદેવનાં માતા અને પિતા અત્યંત વંદનીય અને પ્રાતઃ સ્મરણીય છે. તેઓશ્રીનાં પિતા પ્રકાંડ વિદ્વાન અને પરોપકારી હતા. તેઓશ્રીના માતા પ્રાણીમાત્ર ઉપર દયા રાખનાર છે. ગૃહમાં મધુમાખીઓ મધપુડો બનાવે છે ત્યારે અન્ય પરિજનો તેને બાળી દૂર કરવા ઈચ્છે છે ત્યારે તરતજ મનાઈ ફરમાવે છે. તે બાબત તેમના કરુણામય સ્વભાવનો પરિચય આપે છે. આવા કરુણામય અને તપસ્યાપૂર્ણ દંપતિને ત્યાં જ મહાપુરુષો અવતાર ધારણ કરે છે. એમ ભગવાને ગીતામાં કહેલ છે.

शुचीनां श्रीमतां गेहे, योगभ्रष्टोऽभिजायते ॥६.४१॥

अथवा योगिनामेव, कुले भवति धीमताम् ।

एतद्धि दुर्लभतरं, लोके जन्म यदीदृशम् ॥६.४२॥

અવતારી પુરુષો અવતરવાના હોય છે; ત્યારે શુભચિન્હો થવા લાગે છે; આવા શુભ ચિન્હોનો અનુભવ ગુરુદેવના દરેક કુટુંબીજનો કરે છે, માતા–પિતાને વિશેષ અનુભવ થાય છે. અનુભવાને અંતે તેઓશ્રીને ત્યાં સં. ૧૯૬૮ના કાર્તિક કૃષ્ણ, ૧૩ સવારનાં ૮ કલાકે પૂ. ગુરુદેવનું પ્રાગટ્ય થાય છે.

પોતાના ગામમાં જ શિક્ષક પં. રૂપરામ પાસેથી પ્રાથમિક શિક્ષણ ગ્રહણ કર્યું. દસ વર્ષની ઉંમરે મહામના મદનમોહન માલવીયાજીના હસ્તે યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યા. યજ્ઞોપવીત બાદ ચાર વર્ષમાં જ પિતાજી પાસેથી વ્યાકરણ અને ધર્મશાસ્ત્રોના આધારભૂત ગ્રંથોનું અધ્યયન કરી લીધું.

બાલ્યાવસ્થાથી જ જીવન સેવામય હતું. સમાજના કુરિવાજો પ્રત્યે, છૂત–અછૂત બાબતે ક્રાન્તિકારી વિચારો હતાં. ઈ. સ. ૧૯૨૩માં ગામની હરિજન મહિલા 'છપકો' જે એમને ત્યાં સફાઈકામ માટે આવતી તેની સેવા કરવાના પરિણામે ગામ અને ઘરમાંથી ઘણો જ વિરોધ થયો; ઘરની બહારની બાજુની ઓરડીમાં રહેવાનું થયું. માટીના વાસણમાં જમવાનું આપવામાં આવ્યું. તેમ છતાં સેવાકાર્યમાં અટલ રહ્યાં. ત્યારબાદ ગ્રામ સફાઈ, મલેરિયા નાબૂદી, ગામના યુવકોની ટોળી બનાવી આજુ–બાજુનાં ગામમાં આરોગ્ય વિષયક સેવા અને સ્વચ્છતા માટેનું જાગૃતિ અભિયાન તેમજ પ્રૌઢ શિક્ષણનું કાર્ય વગેરે તેમનામાં રહેલી દિવ્ય પ્રતિભા ધીરે–ધીરે બહાર પ્રગટ થઈ રહી છે, તે જોઈ અનુભવી શકાય છે.

માઘ શુક્લ પંચમી ઈ. સ. ૧૯૨૬, સં. ૧૯૮૨, ગાયત્રી જપ નિવેદન કરે છે એ સમયે; દાદા ગુરુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિમાલય નિવાસી પૂ. શ્રી સ્વામી સર્વેશ્વરાનંદ પ્રગટ થઈ દર્શન અને તેના આદેશ અનુસાર ૨૪ લાખના ૨૪ મહાપુરશ્ચરણ ૨૪ વર્ષમાં કર્યાં; ગાયત્રી તીર્થ-તપોભૂમિની સ્થાપના કરી.

સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય હતાં; પરંતુ ગુરુ સત્તાનો આદેશ પ્રાપ્ત થતાં વિશેષ સક્રિય થયા. સ્વયંસેવકમાં ભરતી થઈ ગયા. જગન પ્રસાદ વગેરે સાથીઓની સાથે ગ્રામસભા, ચોપાનિયા, વીરરસની કવિતા વગેરે દ્વારા આંદોલનનું વાતાવરણ ઊભુ કર્યું. તેઓશ્રી "મત્ત" ઉપનામથી કવિતા લખતા હતાં.

એપ્રિલ ૧૯૩૧ અને ૧૯૩૩ એમ બે વાર જેલયાત્રા કરી, ભગતસિંહની ફાંસીનાં વિરોધમાં સરઘસ કાઢ્યું, પરિણામ સ્વરૂપે પુલિસનો ખૂબજ માર પડયો, બેહોશ થઈ ગયાં પરંતુ ઝંડાને નીચે ન પડવા દીધો. ફરી ત્રીજીવાર એક વર્ષ સુધી જેલમાં રહેવું પડ્યું. જેલમાં પણ તેઓશ્રીનો નિત્યક્રમ યથાવત જ ચાલતો. બેથી ત્રણની વચ્ચે જાગૃત થવું; શૌચ-સ્નાનાદિથી પરવારી; પૂજન, જપ, લેખન, વગેરે. જેલમાંથી છૂટી ઈ. સ. ૧૯૩૭માં અમદાવાદ મહાત્માગાંધીના આશ્રમમાં આવવું, ગાંધીજી સાથે મુલાકાત, ગાંધીજીનો દેશનો આત્મા જગાવવાનો, લોકોનાં ગુલામ માનસને દૂર કરવાની સૂચના અર્થાત્ આદેશ, હિમાલય યાત્રા, નંદનવનમાં ગુરુદેવ સાથે મુલાકાત અને પરત આવવું. સાધના અને લોકસેવામાં લાગી જવું.

તેઓનું જીવન અત્યંત સાદગીભર્યું, કરકસરપૂર્ણ હતું. તેઓ રેલ્વેનાં ત્રીજા દર્જામાં જ મુસાફરી કરતાં. પોતાના અનુયાયીઓને મુશ્કેલી ન પડે તેનું તેમજ તેમની પ્રેમપૂર્ણ ભાવનાનો તે હંમેશા ખ્યાલ રાખતાં. કોઈપણ સંકલ્પ કઠિનતા અને મુશ્કેલીની વચ્ચે હંમેશાપૂર્ણ કરતાં અને મુશ્કેલી આવે તો પણ પરિજનોને સંકલ્પનો ત્યાગ ન કરી દઢતાપૂર્વક તેનું પાલન કરવાનો ઉપદેશ આપે છે.

પ્રથમ લગ્ન નાનીવયમાં સરસ્વતી દેવી સાથે, દ્વિતીય લગ્ન ભગવતી દેવી શર્મા સાથે થયા હતાં. તેઓ એક આત્મા બે શરીર હતાં. માતાજીએ તેઓની વિદાય બાદ ગાયત્રી પરિવારનું કાર્ય સરસ રીતે સંભાળી લીધું હતું.

**કાર્યની રૂપરેખા :**

ઈ. સ. ૧૯૪૦માં 'અખંડ જ્યોતિ' પત્રિકાની શરૂઆત, ઈ. સ. ૧૯૪૦માં બીજીવાર હિમાલયયાત્રા, ઈ. સ. ૧૯૫૬ ગાયત્રી પરિવારની સ્થાપના, ઈ. સ. ૧૯૫૧માં ફરીથી હિમાલય પ્રવાસ, ઈ. સ. ૧૯૬૧માં ફરીથી હિમાલય યાત્રા પરત આવી, ચારેય વેદોનાં ભાષ્યનું પ્રકાશન તેમજ આર્ષગ્રંથોનો પુનરોદ્ધાર કર્યો. એટલું જ નહીં લાખો લોકોમાં નવચેતના ઝંકૃત કરી. ભારતીય સંસ્કૃતીનાં ઉદ્ધાર માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાર્યો કરવા પ્રેરણા આપી. પ્રેરણાદાયક જીવનબાદ કાર્યોની દરેકને જવાબદારી સોંપી; પરમતત્ત્વ તરફ જવાની; અર્થાત્ સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જવાની તૈયારી પૂર્ણ કરી; પોતાની માર્ગદર્શક સત્તામાં જયેષ્ઠ શુક્લ, દશમી સં. ૨૦૪૭, તા.૨, જૂન ૧૯૯૦ના રોજ વિલય થઈ ગયા.

તેઓશ્રીને કોટિ-કોટિ વંદન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ૐ ॥

# આનંદાશ્રમ

મું. બિલખા, જી./તા. જૂનાગઢ.

**પૂજ્યપાદ શ્રી શ્રી ૧૦૮ શ્રી મણ્ણુરામ શર્મા, આચાર્યજી**

: પ્રાગટ્ય :
સં. ૧૯૧૪ આશ્વિન-૧ સુદિ-૪

: જન્મ સ્થળ :
મોઝીદડ (ગુજરાત)

: સ્વરૂપાવસ્થાન :
સં ૧૯૮૭ આશ્વિન વદિ-૧૧

પિતા : શ્રી રાવળ પીતાંબરજી

માતા : નંદકુમારી-નંદકુંવર-નંદુબા

પૂજ્યપાદ ગુરુદેવશ્રી શ્રીમન્નથુરામ શર્માની કર્મભૂમિ, આનંદાશ્રમ બિલખા છે. આ આશ્રમમાં અમો બાલ્યાવસ્થાથી જ દર્શન અને અભ્યાસાર્થે જતાં હતાં. આશ્રમમાં દક્ષિણામૂર્તિ મંદિર, શ્રવણ મંદિર, નિજ મંદિર, યજ્ઞશાળા, પાકશાળા, ગ્રંથાલય વગેરે આવેલાં છે. ગ્રંથાલયમાં અલભ્ય પુસ્તકો છે. યોગશાસ્ત્ર ઉપનિષદો, પુરાણ શાસ્ત્ર વગેરેનાં પુસ્તકો રહેલાં છે. એ ગ્રંથાલયનો ઉપયોગ આ શોધ-પ્રબંધ માટે કરેલ છે, જેથી હું વ્યવસ્થાપકોનાં આભાર માનું છું.

આશ્રમનું વાતાવરણ નામ પ્રમાણે જ આનંદ આપનાર છે. ચોગાનમાં રહેલાં બન્ને લીમડા અત્યંત ઠંડક આપે છે. ત્યાર પછી અંદરનાં ચોગાનમાં રહેલ આંબો, ઋષિની યાદ અપાવતો તપ તપીને શાંતિ ફેલાવતો શોભી રહ્યો છે.

અમારું એ સદ્‌ભાગ્ય છે કે; શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પ્રાપ્ત થયા છે. તેઓની અંતઃપ્રેરણાથી જ આ નિબંધનો વિષય સ્ફુર્યો છે. તેઓ સ્વયં સિદ્ધયોગી પુરુષ હતા. યોગમાર્ગના પ્રવર્તક આચાર્ય છે. શાંકર વેદાન્તની પરંપરામાં શ્રદ્ધા રાખનારા છે. તેઓશ્રીએ શ્રી ઉપનિષદો, યોગકૌસ્તુભ, પંચદશી, બ્રહ્મસૂત્ર, ગીતા વગેરે ઉપર ભાષ્યો રચીને આચરણ દ્વારા ઉપદેશ આપી, પથ પ્રદર્શક બન્યા છે.

પૂ. ગુરુદેવનાં પિતાશ્રી રાવળ પિતાંબરજી તથા માતૃશ્રી નંદુબાની આર્થિક સ્થિતિ વિશેષ સારી નહોતી. ગરાસમાં પ્રાપ્ત થયેલી જમીનમાં ખેતી કરી મુશ્કેલીપૂર્વક જીવન વિતાવતા હતાં. પરંતુ ધાર્મિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થિતિ અત્યંત શ્રેષ્ઠ હતી. મહાદેવ ઉપર દૃઢ શ્રદ્ધા હતી. નિત્યપ્રતિ જડેશ્વર મહાદેવનાં મંદિરે પૂજન–અર્ચન માટે જતાં. માતુશ્રી નંદુબા પણ હંમેશાંને માટે દર્શને જતાં અને કાલીઘેલી, ભક્તોની ભાષામાં ઉમામહેશ્વરને વિનવતા. કર્મનો પરિપાક થતાં સંન્યાસી પધારે છે. આતિથ્યધર્મની ભાવનાથી તેઓશ્રીનું સ્વાગત કરે છે; ભોજન કરાવે છે. સંન્યાસી શેર માટીનાં ખોટની વાત સાંભળી દીર્ઘાયુષી અને પ્રતાપી પુત્રનાં આશીર્વાદ આપે છે.

આશીર્વાદ, યજ્ઞ, પૂજન–અર્ચન વગેરેનાં પરિણામ સ્વરૂપે આશ્વિન સુદ ચતુર્થીનાં દિવસે પૂ. ગુરુદેવનું પ્રાગટ્ય થાય છે. સમય જતાં નામકરણ સંસ્કાર કરવામાં આવ્યાં અને "નથુરામ" નામ પાડવામાં આવ્યું. તેઓશ્રીનાં પ્રાગટ્યનાં પરિણામ સ્વરૂપે જ ધીરે–ધીરે આર્થિક સ્થિતિ પણ સદ્ધર થવા લાગી, જમીનમાં ઉપજ સારી આવવા લાગી. પુત્ર પ્રાપ્તિનાં આનંદમાં માતા–પિતા ભાવવિભોર બની ગયાં.

મોજીદડમાં પ્રાથમિક અભ્યાસ બાદ વિશેષ અભ્યાસ માટે મોસાળ(ચૂડા)માં રહ્યાં. તેઓશ્રી વિશે શિક્ષકો અત્યંત ઊંચો અભિપ્રાય ધરાવતાં હતાં. તેઓશ્રીની બુદ્ધિ અને સ્મૃતિ શક્તિ અત્યંત તેજસ્વી હતી. પ્રવેશ પરીક્ષા ચતુર્થ ક્રમે પાસ કરી રાજકોટ ટ્રેનિંગ કોલેજમાં પ્રવેશ મેળવી શિક્ષકની તાલીમ મેળવી. પુસ્તક વાંચનની બાબતમાં તેઓશ્રી જણાવતાં કે; પ્રસ્તાવના પ્રથમ વાંચવાથી પુસ્તકના વિષયનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને અભ્યાસમાં સરળતા રહે છે. તેઓશ્રીમાં આચાર્યપણાનો પ્રભાવ પહેલેથી જ જોઈ શકાતો હતો. ટ્રેનિંગ કોલેજમાં પણ તેઓ વિભિન્ન વિષયો ઉપર વ્યાખ્યાન આપતાં સાથી મિત્રોને પણ સ્વચ્છતા, નિયમિતતા વગેરેનું મહત્ત્વ જણાવતાં અને તે બાબતે પોતે અચૂક રહેતા.

કોલેજનાં અભ્યાસ દરમિયાન જ પિતાજીનો દેહ પંચત્વમાં વિલીન થયો. પુત્ર તરીકેની ફરજ પૂર્ણ કરી. ફરીથી વિદ્યાભ્યાસ આગળ વધારી પૂર્ણ કરી; શિક્ષક તરીકે અડવાણા મુકામે જોડાયા. શિક્ષક તરીકેની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવાની સાથે–સાથે અધ્યાત્મની યાત્રા પણ ચાલુ છે. સાધુ આત્મારામજી, માતાજી રામબાઈ, તેમના શિષ્ય કલ્યાણદાસજી, સાધુ પ્રેમદાસજી વગેરેની સાથે સત્સંગ ચાલે છે. તેઓશ્રી ગામથી દૂર ધ્યાન અર્થે જતાં તેમજ ઘરે પણ ધ્યાનમાં બેસવું હોય ત્યારે આગળનાં દરવાજાને બહારથી અને પાછળનાં દરવાજાને અંદરથી બંધ કરી ધ્યાનમાં બેસતા. અડવાણા બાદ લિંબુડા શિક્ષકપદે રહે છે. ત્યાં પણ ધર્મ સંશોધન અને આત્મસાધના શરૂ જ રાખી છે. દરેક મહાપુરુષોએ પરીક્ષા આપવી પડે છે. કંચન જેમ અગ્નિમાં તપીને વધુ તેજસ્વી બને છે તેમ નાથપ્રભુને પણ "લગ્ન કરવા ન કરવા" વગેરેનું મનોમંથન ચાલે છે. માતાજીનો ખૂબ આગ્રહ છે. પરંતુ આત્મા ના પાડે છે. અંતે આ યુદ્ધમાં માયાનો પરાજય થાય છે અને તેઓશ્રી હિમાલયમાં મહાભિનિષ્ક્રમણ કરી જાય છે.



For Private And Personal Use Only

હિમાલયની આનંદમય, નયનરમ્ય અને મનોરમ્ય કુદરતી ભૂમિમાં નાથપ્રભુ સહજમાં સમાધિસ્થ બને છે અને પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરી; આદેશ પ્રાપ્ત કરી લોકોનાં કલ્યાણને માટે આચાર્યપદ પ્રાપ્ત કરે છે. લોકકલ્યાણનો આદેશ પ્રાપ્ત કરી પરત કરે છે. સર્વપ્રથમ લીંબડી સ્ટેશને ઉતરી મોજીદડ માતુશ્રી પાસે આવ્યા. નચિકેતા પણ યમરાજ પાસે પ્રથમ પિતાના મનની શાંતિ અને આશીર્વાદ જ વરદાનમાં માને છે. માતુશ્રીનાં આશીર્વાદ માટે જ તેઓશ્રી આવે છે. પ્રેમથી તરબતર માતાએ સજળ નયને તેઓશ્રીને આશીર્વાદ આપ્યા. તેઓશ્રીએ માતા માટે જ કાશીથી ભરી લાવેલ ગંગાજળનો કળશ માતાને આપ્યો.

સનાતન ધર્મનાં પુનરોદ્ધારને માટે થઈને વિશેષ તૈયારીનો આરંભ કરે છે. કેવલાદ્વૈત સિદ્ધાંતનો અભ્યાસ, યોગાભ્યાસ, સંસ્કૃત ભાષાનો વિશેષ અભ્યાસ તેમજ અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. સાથોસાથ સત્સંગ, પ્રવચન વગેરે તો શરૂ જ છે. એ ઉપરાંત જાફરાબાદમાં શિક્ષકની જવાબદારી તો ખરી જ. જાફરાબાદ બાદ માંગરોળ રાજ્યની નોકરીમાં જોડાયા. એ દરમ્યાન યોગાભ્યાસ વગેરે તો શરૂ જ હતું; ઉપરાંત જ્ઞાનોપદેશ આપતી નાની નાની પુસ્તિકાઓ પણ લખવાનું શરૂ થયું હતું. જે આચાર્યપદની પૂર્વ તૈયારી રૂપ હતું. "સ્વાભાવિક ધર્મ", "પરમ પદ બોધિની" વગેરે. આચાર્યપદની પૂર્ણ પ્રાપ્તિબાદ યોગકૌસ્તુભ, ગીતાદિ પંચરત્નો; પંચદશી, બ્રહ્મસૂત્ર ભાષ્ય, સાંખ્ય પ્રવચન ઉપરાંત અનેકવિધ પુસ્તકો રચેલા છે. તેમાં તેઓશ્રીએ સરળ અને પ્રેમપૂર્ણ ભાષામાં ભક્તજનોને ધર્મનો ઉપદેશ આપી ધર્મ પ્રતિ દોરવા પ્રયત્ન કરેલ છે.

તેઓશ્રી વરલના કારભારી તરીકે રહેલ છે. વરલમાં યોગાભ્યાસ તીવ્ર બને છે. અંતે કારભાર છોડી હિમાલયમાં વિશેષ તપશ્ચર્યા માટે જાય છે. હિમાલય બાદ કાશીનિવાસ અને સૌરાષ્ટ્રનો પ્રવાસ કરે છે. ગિરનારમાં મુચકુંદગુફામાં ચાતુર્માસ વિતાવે છે. આદર્શ આચાર્ય બની ત્રિપુરારી પૂર્ણિમાની ઉજવણી કરી આચાર્યપદ પ્રાપ્ત કરે છે અને શિષ્યોને દીક્ષા આપે છે.

સં. ૧૯૫૨માં બિલખા પધારે છે. ફાગણવદ ૧૧, નાં મંગળવારે પૂજ્ય ભક્તો ગૌરીશંકરજી વગેરેની ઈચ્છાપૂર્ણ થાય છે. તેઓશ્રીની બિલખા આનંદાશ્રમમાં નિવાસ માટે પધરામણી થાય છે. તેઓશ્રીના અન્ય આશ્રમોમાં પોરબંદર, મોજીદડ, લીંબુડાને ધાફા છે એ ઉપરાંત અમદાવાદ તેમજ કરાંચીમાં પણ આશ્રમની સ્થાપના થયેલી છે.

આચાર્ય પદની પ્રાપ્તિ માટે પરોપકારાર્થે સતત યાત્રા અને અભ્યાસ શરૂ રહે છે. કુતિયાણા, અડવાણા, પોરબંદર તેમજ અન્ય સ્થળે પ્રવાસ ચાલુ છે. પ્રવાસ દરમિયાન આવતી મુશ્કેલીઓ; અગવડતાઓ વગેરે જીવન્મુક્તની સ્થિતિ હોય સહજ રીતે વધાવી લે છે અને શાંતાવસ્થામાં જ ઉપદેશ

આપવાનું કાર્ય શરૂ રહે છે, તેઓશ્રી વ્યવહાર અને પરમાર્થ બન્નેમાં જાગૃતિનાં હિમાયતી હતા. જીવન વ્યવહાર પણ એકદમ સ્પષ્ટ હોવો જોઈએ. નાની–નાની બાબતો પ્રત્યે પણ અત્યંત કાળજી રાખતા અને શિષ્યોને પણ રાખવાનું કહેતાં.

મહાપુરુષોને માટે આત્મતીર્થ એ જ શ્રેષ્ઠ છે; તેમ છતાં પરોપકારને અર્થે આત્મજ્ઞાની પુરુષો યાત્રા કરતાં હોય છે. નાથપ્રભુશ્રી પશ્ચિમ ભારતની તીર્થયાત્રાએ સર્વપ્રથમ દ્વારકા; શંખોદ્ધાર–બેટ, ગોપી તળાવ, નાગેશ્વર મહાદેવનાં દર્શન કરી; કચ્છ પ્રદેશની યાત્રાએ જાય છે. ત્યાં નારાયણ સરોવર કોટેશ્વર વગેરે તીર્થોની યાત્રા કરી પોરબંદર પરત આવે છે. ત્યારબાદ સં. ૧૯૪૭માં દક્ષિણ ભારતની યાત્રામાં પંઢરપુર થઈને તિરુપતિ બાલાજી, શિવકાંચી, વિષ્ણુકાંચી, રામેશ્વરમ્ જાય છે.

યાત્રા સમયે પણ ભક્તજનોનાં પત્રનો જવાબ આપતાં; મુંબઈથી શ્રીયુત માણેકલાલજી ઉપર પત્રનાં જવાબમાં તેઓની સમસ્યા સંબંધે લખે છે કે; "દુર્નિવાર પ્રમાદ અને ઉન્માદને ઉત્પન્ન કરનારી–ચિત્ત ચાંચલ્યની પ્રધાનકારણભૂતા–માયાના ભયંકર વમળમાં નહિ આવતાં તમારા ઉદ્દેશના કેન્દ્રમાં જેમ બને તેમ સુદૃઢ રહેજો. નિત્યાનિત્યના વિવેકને બનતે પ્રયત્ને જાગ્રત રાખી નિત્ય વસ્તુમાં નિરુદ્ધતાપણે વિરામ પામવાના ઉદ્યોગને ઉત્સાહપૂર્વક અસ્ખલિત રાખવો. રજોતમોગુણનાં ભયપ્રદ મોજાંઓ જ્યારે જ્યારે તમારા વૃત્તિ પ્રવાહમાં રહેલી સ્મૃતિને ખંડિત કરી નાંખવાનું કરે, ત્યારે તમારે દ્રષ્ટારૂપે રહી આજ્ઞા અને કર્તવ્યનું આપાત રમણીય પદાર્થોમાં નિર્વેદ લાવી પુનઃ પુનઃ સ્મરણ કરવું."

"કોઈપણ કાર્ય વ્યગ્રચિત્તે કરવું સારું નથી. તેમાં પણ યોગક્રિયાઓ તો વ્યગ્રચિત્તે અને વ્યગ્રપ્રાણની અવસ્થામાં નવા સાધકે ન જ કરવી. ધીરે ધીરે ચિત્તપ્રાણને શાંત કરી ક્રિયાનો આરંભ કરવો."

આમ યાત્રા સમયે પણ પત્ર દ્વારા ઉપદેશ અને માર્ગદર્શન અપાતું.

પરત આવતાં મદ્રાસમાં રોકાવું; થિયોસોફિકલ સોસાયટીની મુલાકાત, ભક્તજનોને ઉપદેશ આપી પરત આવતાં નાસિક–ત્ર્યંબક–ગોદાવરી, નર્મદાસ્નાન કરી ડાકોર પધાર્યા. આ રીતે યાત્રાપૂર્ણ કરી જૂનાગઢ પધારે છે ત્યાં ચાતુર્માસ રહેવાનું નિશ્ચિત થાય છે.

ચાતુર્માસમાં સાધનાની સાથોસાથ ઉપદેશ તેમજ ભક્તજનોનાં પ્રશ્નોનાં જવાબ આપવાનું કાર્ય પણ થાય છે.

તેઓ સનાતનધર્મનાં દરેક સંપ્રદાયમાં સમાનભાવ રાખતાં. તેઓશ્રીનું લક્ષ્ય જ દરેક સંપ્રદાયમાં સમન્વય કરવો, એકત્વ સાધવું. તેથી જ લેખોમાં ભારતવર્ષનાં વિવિધ દર્શનોમાં એક વાક્યતા દર્શાવી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે "મુક્તિમીમાંસા" નામના માસિકમાં વેદાન્ત સિદ્ધાંતની સાથે અન્યધર્મનાં સિદ્ધાંતોની એકવાક્યતા દર્શાવી છે. સનાતન ધર્મમાં ભિન્ન-ભિન્ન દેવતાઓનાં પૂજન બાબતે જણાવે છે કે; તેમાં રુચિભેદ અને અધિકારભેદ છે; તેથી શાસ્ત્રે ભિન્ન- ભિન્ન દેવતાઓનું પૂજન-અર્ચન કરવાનું કહે છે. તે દરેક પૂજા-અર્ચન પરમ તત્ત્વની ભાવના સાથે કરવાનું છે. તેથી ધીરે-ધીરે મોક્ષમાર્ગ ઉપર આગળ વધી શકાય. તેથી જ શ્રીપત્રકલ્પમંજરીમાં જણાવે છે કે; "એક જ સત્‌ને સંસ્કાર ભેદેને રુચિભેદ બહુનામેને બહુરૂપે ઉપાસી શકાય છે, માટે તમને ગમે તે નામેને તમને ગમે તે રૂપે તે સત્‌ને ઉપાસવા તમે શુદ્ધભાવથી સદાગ્રહપૂર્વક નિરંતર પ્રયત્ન કરતાં રહેશો. તમારાં અંતઃકરણને અને ઇન્દ્રિયોને અંદર ઉતારવા માટે કુનેહથી; બહારનાં વિષયોપભોગથી પાછા વાળવા પડશે. શરૂઆતમાં તે ખૂબ જ વિરોધ કરશે; પરંતુ ગભરાયા વગર ધીરે-ધીરે પ્રયત્ન કરશો; ધૈર્ય રાખજો ને ક્રમથી તેમને અંતઃકરણના મૂલભણી ઊંડા ઉતારતા રહેશો. પરિણામે તેમનો બહારનો વેગ શાંત થશે, તેઓ ઊંડા ઊતરશે ને તમને પરમાનંદનો અનુભવ કરાવશે."

મિથ્યાભિમાન અને દંભ માટે ગધેડાનું દ્દષ્ટાન્ત આપતાં જણાવે છે કે; "આ સમગ્ર વિશ્વ પરમાત્માની સત્તાવડે ચાલી રહ્યું છે; વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ ને લય તેમની સત્તાવડે જ થાય છે. સકલ પ્રાણીઓ તેઓશ્રીના સ્વરૂપની અંતર્ગત છે, છતાં જીવો અજ્ઞાનવશ થઈ પોતાને કર્તાભોક્તા માને છે.

"સામગ્રી સર્વે હરિતણી, ભોગવે સંસાર;

મારું મારું તે કરી રહ્યા. તેથે ખાય છે માર."

એકવાર એક કુંભાર પોતાના ગધેડા ઉપર શ્રી વિષ્ણુ, શ્રી મહેશ્વર આદિ ભિન્ન-ભિન્ન દેવોની મૂર્તિઓ ભરીને એક ગામથી બીજે ગામ જતો હતો. મૂર્તિઓ બહુ સુંદર-આકર્ષક હતી. તેમનું ગામની બજારમાંથી નીકળવું થતાં લોકો દેવોને નમસ્કાર કરવા લાગ્યા. એ જોઈ ગધેડો ઊભો રહ્યો. કુંભારે કહ્યું મૂર્ખ ! આ લોકો તને નમતા નથી. એ તો આ દેવને નમે છે. તું શું કામ ઊભો રહે છે ? તું તારે ચાલવા માંડ. કુંભારે આ કથનની સાથે ગધેડાના પગ પર ડફણું પડ્યું ને તે ઉતાવળે ચાલવા લાગ્યો.

આમ હોદ્દાનો; રાજા કે અન્યની સત્તાનો પોતામાં આરોપ કરી જીવ દુઃખી થાય છે. ડફણા ખાય છે. માટે મુમુક્ષુએ આત્મનિરીક્ષણ કરી મિથ્યાભિમાન ને દંભ એ આસુરી સંપત્તિને ત્યજવી જોઈએ.

વ્યવહારમાં પ્રાપ્ત કર્તવ્ય આસક્તિ ત્યજીને કરવું જોઈએ. સાધન સિદ્ધ કરવા માટે પૂરતો પ્રયત્ન કરવો જોઈએ. ફળ માટે અધીરા ન બનવું જોઈએ. પરંતુ ફળ પ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે


For Private And Personal Use Only

પુરુષાર્થ કરવો જોઈએ. દઢ પુરુષાર્થ "अर्थं साधयामि वा देहं पातयामि" એવા નિશ્ચયથી કર્તવ્યમાં રત રહેવું જોઈએ.

જ્ઞાનપ્રાપ્તિ માટે કર્મ અને ઉપાસના એ પગથીયા છે. જ્ઞાન પ્રાપ્તિ થાય ત્યાં સુધી તેને ત્યજવા ન જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ બાદ પણ પરોપકારાર્થે જરૂરી કર્મ અને ઉપાસના કરવા જોઈએ અને તે સહજ રીતે જ થતાં હોય કર્મ બંધન લાગતું નથી. વાસ્તવમાં જ્ઞાનીને કર્મજ આપોઆપ છોડી દે છે.

આ ઉપરાંત વ્યસનથી પર રહેવા; મનને અને શરીરને યોગ્ય આહાર આપવા સંબંધી યોગમાર્ગમાં આવતાં વિઘ્નો તે સંદર્ભે ભક્તોને ઉપદેશ આપે છે.

પૂ. કૃપાનાથ આધિભૌતિકયજ્ઞ, આધિદૈવિકયજ્ઞ; આધ્યાત્મિકયજ્ઞ એ પાવન કરનાર અને મોક્ષમાર્ગે આગળ વધારનારા છે. તેમ જણાવે છે. તેથી યોગ્યતા પ્રમાણે અનુયાયીઓને તેઓશ્રી આ પ્રકારનાં યજ્ઞો કરવાની આજ્ઞા કરતા.

આશ્રમમાં તેઓશ્રીનાં સમયથી સંસ્કૃત પાઠશાળા ચાલે છે. જે અદ્યાપી પર્યન્ત શરૂ છે. જેમાં સંસ્કૃત, કર્મકાંડનો અને ધાર્મિક શિક્ષણનો અભ્યાસ કરાવવામાં આવે છે.

કૃપાનાથની ધર્મયાત્રા શરૂ જ છે. શિષ્યોનાં વિનંતી પત્રોને આધારે જગ્યાએ-જગ્યાએ પ્રવાસ શરૂ જ છે. પરંતુ પંચમહાભૂતનાં બનેલા દેહ પોતાની અવસ્થા પ્રમાણે ભાવવિકારમાં વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી અંતિમ અવસ્થા વિનશ્વતિ તરફ આગળ વધે છે. પરંતુ ધર્મકાર્ય તો ચાલુ જ છે. વિશેષ ચાલુ છે. પરિજનોને અગાઉથી સૂચનાઓ આપવામાં આવે છે. આશ્રમની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. જેથી પોતાના સ્થૂળ દેહની વિદાય બાદ વ્યવસ્થા યોગ્ય રીતે ચાલે અને મુશ્કેલી ઊભી થાય તો તે દૂર કરી શકાય.

સં. ૧૯૮૩નાં આશ્વિન સુદી ચતુર્થીનાં જન્મ-જયંતિ પ્રસંગે ભક્તજનોની હાજરીમાં વધારે શ્રમ ન પડે તે માટે ભક્તજનોએ શ્રવણ મંદિરમાં પાદુકા પૂજન કરી; નિજમંદિરમાં પધરાવી બાલપૂજન કરી ભક્તજનોના આશીર્વાદ લઈ વિદાય થયાં હતાં. શરીર સાથ આપતું ન હતું. પોતાના અંતિમ ભાવ-વિકાર તરફ તે ગતિમાન હતું. તેઓશ્રીની અંતઃપ્રેરણાથી જ "આશ્રમના વહીવટ સંબંધે યોગ્ય વ્યવસ્થા થવા માટે પોરબંદરના શ્રીમાન ગોવિંદજીભાઈ વકીલને અને રાજકોટના શ્રીમાન ગોવર્ધનદાસ વકીલને ખબર આપતાં તેઓ આવ્યા. શ્રી ગોવર્ધનદાસભાઈ પોતાની સાથે રાજકોટનાં પ્રસિદ્ધ વકીલ શ્રીમાન રામજીભાઈ માણેકચંદ દોશીને પણ તેડતા આવ્યાં. કૃપાનાથે આનંદાશ્રમનું ટ્રસ્ટડીડ તો ગૃહસ્થોને પણ આદર્શરૂપ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય તેવું પોતાશ્રીના પૂર્વજાગૃત સ્વભાવ પ્રમાણે બે વર્ષ પહેલાં સં. ૧૯૮૫માં કરી તે રજીસ્ટર કરાવી રાખ્યું હતું. તે ઉપરથી વકીલોની સલાહ પ્રમાણે હાજર રહેલાં ટ્રસ્ટીઓ વ્યવહાર સંભાળી લે તેમ નિશ્ચિત થયું અને તે પ્રમાણે કરવામાં આવ્યું." આ ઉપરાંત એક કવરમાં આનંદાશ્રમનો વહીવટ સંબંધે અલગથી પણ સૂચનો કૃપાનાથે કરેલા હતાં.

આ પ્રમાણેની પૂર્વ વ્યવસ્થા કરી: સંવત ૧૯૯૭ના આશ્વિનવદિ ૧૧ને શુક્રવારનાં રોજ શૌચ ક્રિયા પૂર્ણ થયાં બાદ પાટ ઉપર બેઠા પછી થોડીકવારમાં જ રક્તાશયની ક્રિયા બંધ પડી અને તેઓશ્રીનો આત્મા આ સ્થૂળ દેહ છોડી પરમતત્ત્વ સાથે લય પામ્યા.

તેઓશ્રીની આજ્ઞા અને વ્યવસ્થા પ્રમાણે જ આશ્રમનો વ્યવહાર ચાલે છે. એવાં શ્રી સદ્ગુરૂનાં ચરણકમલમાં વારંવાર સાષ્ટાંગ પ્રણામ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥

# સાધનાશ્રમ

## મું. બિદડા, તા. માંડવી

## પૂજ્યપાદ વેલજીભાઈ ઠાકરશી

: પ્રાગટ્ય :
શ્રાવણ સુદ ૮, સં. ૧૯૫૭,
૨૨ ઓગષ્ટ, ૧૯૦૧

: સ્વરૂપાવસ્થાન :
૨૯ જૂન ૧૯૬૬

: જન્મ સ્થળ :
બિદડા, તા. માંડવી (કચ્છ)

**પિતા :** શ્રી ઠાકરશીભાઈ શાહ

**માતા :** નાનબાઈ

શોધ પ્રબંધના અભ્યાસ માટે પુસ્તકોની જરૂરિયાત ઊભી થતાં; મુન્દ્રા બી. એડ કોલેજનાં પ્રા. ડૉ. કાન્તિ ગોરનો દૂરભાષ દ્વારા સંપર્ક સાધતા તેઓએ સાધનાશ્રમમાં તમારાં વિષયને લગતા પુસ્તકો ઉપલબ્ધ છે તેમ જણાવ્યું. ડૉ. ગોર સાહેબનો હું અત્યંત હૃદયપૂર્વક આભાર માનું છું કે, તેમણે અત્યંત રમણીય અને પ્રેરણાદાયક તપોભૂમિ સાધનાશ્રમનો દિશાનિર્દેશ કર્યો.

સાધનાશ્રમમાં પ્રવેશતા જ હૃદય અત્યંત પ્રફુલ્લિત બની ગયું. એક અત્યંત નિરવ તપોભૂમિ. ભારતીય ગ્રંથોમાં વર્ણન છે તેવી. તપનો પ્રભાવ સ્પષ્ટ રીતે અનુભવાતો હતો. વાંચનમાં ચિત્ત સહજ રીતે જ પરોવાઈ જતું હતું. આશ્રમ અને તેની અંદર આવેલાં દરેક સ્થાનો, યોગખંડ, નિવાસખંડ, સત્સંગ ખંડ, ભવાનજીભાઈનું નિવાસ સ્થાન, ગ્રંથાલય દરેકનું વાતાવરણ અત્યંત સ્વચ્છ અને મનોરમ્ય હતું.

પૂ. વેલજીભાઈ મહર્ષિ અરવિંદનાં શિષ્ય હતાં. બિદડામાં રહી મહર્ષિ અરવિંદનાં માર્ગદર્શન નીચે યોગસાધના કરી હતી. તેઓનું જીવન અત્યંત શ્રેષ્ઠ હતું. તેમની વ્યવસ્થા શક્તિનાં દર્શન ગ્રંથાલયમાં જોઈ શકાય છે. સુંદર અને વ્યવસ્થિત રીતે વિષય પ્રમાણે વર્ગીકૃત કરી ગોઠવેલા પુસ્તકો છે. જે કેટલોગ વાંચીને શોધતા તરત. જે તે કબાટમાંથી મળી આવે છે.

ઓગષ્ટ માસ એ ક્રાન્તિનો મહિનો છે. આ ક્રાન્તિનાં મહિનામાં જેમનો પ્રાદુર્ભાવ થયો છે તેવા પૂ.



For Private And Personal Use Only

શ્રી વેલજીભાઈ ક્રાન્તિકારી વિચારો ધરાવે છે. પૂ. વેલજીભાઈએ પ્રાથમિક શિક્ષણ બિદડામાં મેળવ્યું હતું. તેઓ અત્યંત તેજસ્વી હતાં. તેથી ઝડપથી બધું ગ્રહણ કરી લેતાં. સાત ધોરણ સુધી શિક્ષણ મેળવ્યું હતું. દુકાને ન જતાં પરંતુ બાકીનો સમય શિક્ષકશ્રી ઈશ્વરલાલભાઈને ત્યાં વાંચન અને અભ્યાસમાં પસાર કરતાં. સંસ્કૃત ભાષાનો અભ્યાસ પણ પંડિત પાસે ઘરે રહીને કર્યો હતો. વિવિધ ધર્મોનાં અભ્યાસની જિજ્ઞાસાને કારણે અંગ્રેજી ભાષાનો પણ અભ્યાસ કર્યો હતો. વિવિધ ધર્મોનાં પુસ્તકોનો અભ્યાસ કરે છે. આશ્રમમાં રહેવા ચાલ્યા જાય છે; ત્યારે પિતાજી ના પાડે છે; પિતાજીને આ બાબતનો શરૂઆતમાં રંજ હતો. તેમ છતાં અંત સમયે પિતાજી તેઓની પાસે આશ્રમમાં રહેવા જાય છે; ત્યારે પૂર્ણપ્રેમથી પુત્ર તરીકેની ફરજ નિભાવે છે. મહાપુરુષોનાં આવા દીવ્ય જીવનમાંથી એ જ શીખવાનું છે કે; મુક્તિ માટે સંસાર છોડવાની નહીં; પરંતુ પ્રેમપૂર્વક પોતાની ફરજ બજાવવાની સાથો સાથ સાધના શરૂ રાખવાની છે. માતા તરફ પણ વિશેષ પ્રેમ ધરાવતા હતાં. પુત્ર આશ્રમમાં જતાં દુઃખ થયું હતું; પરંતુ સંસારરૂપી સમુદ્રમાંથી મુક્ત થવા ગયેલ છે, તેવી ભાવનાથી તે હૈયું આશીર્વાદ વરસાવતું હતું. સાધકની સાધના તો ત્યારે જ સિદ્ધ થાય છે; જ્યારે માતાના આશીર્વાદ પ્રાપ્ત થાય. એ શ્રીમદ્ શંકરાચાર્ય વગેરેનાં દૃષ્ટાંતોથી જોઈ શકાય છે.

મહાપુરુષોને સાધના—માર્ગમાં લગ્ન એ પરીક્ષાની ઘડી છે; માતા—પિતાને 'ના' ન પાડી શકાય. આત્મા 'ના' પાડવાનું કહે; આ પરિસ્થિતિમાં સંભાળપૂર્વક આગળ વધવું અત્યંત જરૂરી છે. વડીલોનાં આગ્રહથી "એક" સંતાન થશે ત્યાં સુધી પરિવારમાં રહીશ પછી મારો માર્ગ જુદો." પરિણામ સ્વરૂપે "દેવકાંબાઈ" સાથે તેઓશ્રીના લગ્ન થયાં. કસ્તુરબાઈ નામે પુત્રીની પ્રાપ્તિ થઈ. બે વરસ બાદ ગામની બહાર અન્ય મકાનમાં રહેવા લાગ્યા. પત્નીનું મૃત્યુ થતાં કસ્તુરબાઈની જવાબદારી આવી પડી. પંદર વર્ષની ઉંમરે તેમનાં લગ્ન કર્યાં. ૧૯ વર્ષની ઉંમરે શારીરિક વ્યાધિને લીધે પુત્રીનું અવસાન થયું.

તેઓશ્રી ક્રાન્તિનાં આત્મા જ હતાં. તેથી જ્યારે "ગ્રામોદ્ધાર, દેશોદ્ધાર" એ સૂત્ર ગાંધીજીએ આપ્યું ત્યારે તે સૂત્ર લોકોને સમજાવવા પ્રચાર કરવા લાગ્યાં. ઈ. સ. ૧૯૨૦માં ૨૮ વર્ષની ઉંમરે "ખાદી"ની પ્રવૃત્તિ શરૂ કરી. આ પ્રવૃત્તિને સરદાર પટેલ વગેરેના સહકારને કારણે વેગ પ્રાપ્ત થયો. પરંતુ રાજકીય પ્રવૃત્તિની સાથે જ સમાજસેવાની પ્રવૃત્તિ પણ છે. દરેક મહાપુરુષો સમાજનાં અંતિમ વર્ગને અંત્યજનાં ઉદ્ધારની વાત કરે છે. તેનાં ઉદ્ધાર થકી જ સમાજ અને રાષ્ટ્રનો ઉદ્ધાર શક્ય છે. તેઓશ્રી શિક્ષણની પ્રવૃત્તિ શરૂ કરે છે. હરિજનો માટે શાળા ન હતી. તેઓશ્રીએ હરિજનવાસમાં જ શિક્ષણ કાર્યનો પ્રારંભ કર્યો અને આ રીતે સામાજિક ક્રાન્તિનાં પગરણ શરૂ કર્યાં.

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઈ. સ. ૧૯૨૧ થી કચ્છમાં કોંગ્રેસની પ્રવૃત્તિ સક્રિય બની ત્યારે તેનું મથક પણ બિદડા જ હતું. તા. ૧૦–૩- ર૩માં કચ્છ પ્રજાસંઘના પ્રમુખ બન્યાં. પરંતુ મૂળ 'આત્મા' તો સાધના–માર્ગનો તેથી પિતાજીએ બાળહઠ પાસે લાચાર બની ગામની બહાર ખેતરમાં મકાન બનાવી આપ્યું. જે કોંગ્રેસની પ્રવૃત્તિનું કેન્દ્ર ઉપરાંત પોતાની સાધનાનું કેન્દ્ર પણ બન્યું. જે મકાન હાલ "સાધનાશ્રય" નામે પ્રસિદ્ધ છે.

શ્રી વેલજીભાઈ મહર્ષિ અરવિંદથી પ્રભાવિત હતાં તેઓના માર્ગદર્શન નીચે યોગસાધના કરવા લાગ્યા સમાજ સેવા પણ ચાલુ જ છે. ઓગષ્ટમાં જ મહર્ષિ અરવિંદનાં દર્શન થાય છે. પોંડિચેરી ઈ. સ. ૧૯૨૫માં બીજી વાર ગયાં. પરંતુ "પોંડિચેરીમાં દિવ્યતાનું અવતરણ થઈ શકે તો બિદડામાં કેમ નહીં." તેથી મહર્ષિ અરવિંદનાં આશીર્વાદ સાથે બિદડા પાછા ફર્યા અને બિદડામાં દિવ્યતાનું અવતરણ કર્યું. જે આશ્રમમાં પ્રવેશતાં જ અનુભવી શકાય છે.

રાજકીય–સામાજિક પ્રવૃત્તિ સંકેલી ર૪માં વર્ષથી પૂર્ણ સાધના તરફ આગળ વધે છે. તેમાં શરૂઆતમાં મહર્ષિ અરવિંદની યોગ સાધના ઉપર આધારિત છે. જ્યારે અંતિમ તબક્કાની સાધનાને પ્રેમલક્ષણા ભક્તિ ગણાવી શકાય. આ તબક્કામાં ઈ. સ. ૧૯૫૬માં દિવ્ય તત્ત્વની અનુભૂતિ થાય છે. ત્યારબાદ પોતાનાં આ અનુભવજન્ય જ્ઞાનને તેઓ મિત્રો, સ્નેહીઓ વગેરેને રૂબરૂ કે પત્રો દ્વારા આપી આત્મિક માર્ગ તરફ વાળવા પ્રયત્ન કરે છે.

આંતરિક અનુભૂતિથી જ ખ્યાલ આવી ગયો કે; દેહ હવે રહેશે નહીં. તેથી ભવાનજીભાઈને ત્યાં મુંબઈ જવાનો નિર્ણય કર્યો. મુંબઈ ગયાં ત્યાં તબિયત વધુ બગડતાં હરકિશનદાસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં તા. ૨૮ જૂનનાં રોજ આશ્રમની જવાબદારી શ્રી ભવાનજીભાઈને વિધિવત્ સોંપી. ૨૯મી જૂન ૧૯૬૬નાં દિને પંચમહાભૂતનાં બનેલા દેહનો ત્યાગ કરી મૂળ સ્વરૂપમાં લય પામ્યાં.

આઝાદીનાં આંદોલનમાં જેલમાં પણ જવાનું થયું. ઈ. સ. ૧૯૩૯માં જેલમાંથી છૂટ્યાબાદ મુંબઈ એરપોર્ટ ઉપર ભવ્ય સ્વાગત થયું. કચ્છ મહારાવ ખેંગારજી બાવાએ પ્રજાકીય લડતની આગેવાની લીધી હોવાથી પૂ. વેલજીભાઈને જેલમાં પૂર્યાં હતાં. આશ્રમની જપ્તી લીધી હતી. પાછળથી લોકોની સમજાવટનાં પરિણામ સ્વરૂપે છોડી મૂક્યાં હતાં.

તેઓશ્રીની વિદાય બાદ પૂ. ગોમતીમાએ તમામ ભક્તોની જવાબદારી સંભાળી લીધી હતી. તેઓ અક્ષરજ્ઞાન ધરાવતાં ન હતાં. પરંતુ સહજ સ્ફૂરણાથી જે રચનાઓ કરતાં તેમાં તત્ત્વજ્ઞાન, યોગ વગેરે બાબતો આવતી જે એમનું પૂર્વજન્મનું ભાથું હશે તેમ કહી શકાય.



For Private And Personal Use Only

પૂ. ગોમતીમાની વિદાય બાદ સત્સંગ–ભજન કરતી બહેનોએ સવાલ ઊભો કર્યો કે; હવે સત્સંગ–ભજન કઈ જગ્યાએ થશે; કોણ કરાવશે ? તેથી પાંચમ, અગિયારસ, પૂનમ, અમાસ એમ મહિનામાં છ દિવસ સત્સંગ આશ્રમમાં શરૂ થયાં જે અદ્યાપિ પર્યંત શરૂ છે.

સંતપુરુષો પોતાની નજદિક આવતા જીવાત્માઓને તુરંત જ ઓળખી જાય છે. ઓળખી તે જીવાત્માને પોતાની હાજરીમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે; તેમજ સ્થૂળદેહે હાજરી પૂરી થયાં બાદ સૂક્ષ્મદેહે પ્રેરણા પૂરી પાડતાં રહે છે. જે બાબત આપણે ભવાનજીભાઈ તથા કબીબેનનાં અનુભવ ઉપરથી જાણી શકીએ છીએ.

શ્રી ભવાનજીભાઈ જણાવે છે કે; "આશ્રમની જવાબદારી સોંપવા માટે પાંચ વ્યક્તિઓની સમિતિ બનાવવામાં આવી. બેએ શરૂઆતથી જ અશક્તિ દર્શાવી અન્ય બે પણ જવાબદારીથી દૂર રહ્યા. પરંતુ આપણે સાંભળ્યું છે કે; આપણે કશું કરીએ છીએ એ તો માત્ર આપણને ભાસે છે બાકી સંસારમાં બધું થઈ રહ્યું છે It happens. હું આ જાત અનુભવથી લખું છું કે કશા પ્રયાસ વગર એટલે કે અત્યંત સહજ રીતે બધું આકાર લેતુ રહ્યું પછી રસીદ કરવાની નહીં; ફંડ ઉઘરાવવાનું નહીં, તેમ છતાં આશ્રમનો વ્યવહાર સારી રીતે ચાલે છે. મેં આ બાબતે પ્રશ્ન કર્યો હતો. ત્યારે પૂ. વેલજીભાઈએ જણાવ્યું કે; "આટલા વર્ષો ચાલ્યું છે તો હવે આપણે ભરોસો રાખવો જોઈએ. પ્રભુનું કામ છે પ્રભુ કરશે અને ચલાવવું હોય તો ચલાવે ન ચાલે તો ભલે બંધ થઈ જાય. "તેઓનાં સ્થૂળ દેહની વિદાય બાદ ૩૫–૪૦ વર્ષથી આશ્રમની જવાબદારી સંભાળું છું; હજુ સુધી કેમ ચાલશે; પ્રશ્ન ઊભો થયો નથી. ચાલે જ છે."

આ ભવાનજીભાઈ પણ મળવા જેવા માણસ છે આત્માનુભવમાં રત છે. સહજ સ્ફુરણાથી ભજનોની રચના કરે છે. ગોમતીમાનાં આશીર્વાદથી આશ્રમમાં પ્રવેશ કરી; અંતર્મુખ રહેવા લાગ્યાં છે. ગુરુજીની અનુભૂતિને યાદ કરે છે, ત્યારે સહજ ભાવમાં આવી જાય છે. તેઓની આંખોમાંને શરીરમાં આ ભાવોને જોઈ શકાય છે, અનુભવી શકાય છે.

કબી બહેનને અંતિમ સમયે ઘણી–ઘણી સૂચનાઓ આપતા જાય છે. મુંબઈ જવાના સમયે કબીબેન અને પૂ. બાપુજી(વેલજીભાઈ) મૌનભાવે એકબીજાને નીરખી રહ્યાં હતાં. "પછી બાપુજી બોલ્યા; 'પ્રભુ, શું વિચાર કરો છો ?" મેં કહ્યું; "બાપુજી, તમે આટલી ઉતાવળ કરો છો મને કાંઈ સમજાતું નથી." ત્યારે પૂ. બાપુજીએ જે કહ્યું તે સાંભળી હું સ્તબ્ધ થઈ ગઈ. એમ કહ્યું જો સાંભળ," આ શરીરથી હું હવે પાછો નહીં આવું. મારું કાર્ય ભવાનજીને સોંપી જવાબદારીથી મુક્ત થઈશ. પ્રભુના આદેશ પ્રમાણે મારે ચાલવાનું છે. હવે બધું એ સંભાળશે. તમારી શ્રદ્ધા હશે તો બધું પામી શકશો. પ્રભુ સન્મુખ રહેજો." આ બધું

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળીને મારા શરીરે કંપ અનુભવ્યો. ત્યારે પૂ. બાપુજીએ માથે હાથ રાખીને આશ્વાસન આપ્યું કે; "હું સૂક્ષ્મ રીતે તમારી સાથે જ રહીશ. કપડાં ફાટે છે તો બદલવા પડે છે. આ દેહથી છૂટો પડીશ તે દિવસે સવારના પાંચ વાગે તને મળીશ. તું જાગૃત રહેજે અને ૩૦–૬–૬૬ સુધી કોઈને પણ આ વાતનો અણસાર આવવો ન જોઈએ પછીથી ભવાનજીને લખજે કે આમ થવાનું જ હતું. તારી વાત કોઈ ન માને તો મૌન રહેજે." આ કબીબેન પણ અત્યંત પ્રેમાળ છે. ગુરુનાં ભાવરસમાં તરબોળ બની આશ્રમમાં રહી ગુરુમય જીવન વિતાવે છે.

પૂ. વેલજીભાઈએ "આધુનિક કચ્છ" નામનું પુસ્તક લખી કચ્છની શાસન પદ્ધતિ ઉપર વેધક પ્રકાશ પાડી શાસનની ટીકા કરેલ છે. તેઓએ પોતાનાં અભ્યાસનાં આધારે "તત્ત્વામૃત" નામનો ગ્રંથ પણ રચેલ છે. આ ગ્રંથમાં વેદાન્ત વિચાર અને પ્રેમલક્ષણા ભક્તિનો સમન્વય છે. આ ઉપરાંત દલિતો દ્વાર, રાષ્ટ્ર–જાગૃતિ વિષયક અનેક ચોપાનિયાઓ તેમણે પ્રકાશિત કરી ક્રાન્તિની જ્યોત કચ્છમાં જલાવી હતી. તેથી જ તેઓશ્રી રાજીનામું આપે છે. ત્યારે સરદારશ્રી જણાવે છે કે; "મહાસભાને જ્યારે ખરી મુશ્કેલીનો પ્રસંગ આવ્યો ત્યારે આપના જેવા વિશ્વાસુ અને પ્રામાણિક માણસો ચાલ્યા જાય એ તો ભારે દુઃખની વાત." વિશેષમાં આપનો ૨૮–૧૧–૫૬નો પત્ર મળ્યો. ફરી, ફરીને પત્ર વાંચું છું.

"તત્ત્વામૃતનો ફકરો જે આપે લખી મોકલ્યો છે તે દિવ્યતા તરફ જેને સહેજ પણ આકર્ષણ છે એવા જીવથી લઈ અને ઉચ્ચ કોટિના સાધક સુધીના જીવોની માનસિક સ્થિતિનું દર્શન છે. સામાન્ય જીવને એનું વાર તહેવાર જ ભાન થાય છે. જ્યારે ઉચ્ચકોટિના સાધકોને આ દશાનું સતત ભાન રહેવું હોવું જોઈએ."

આમ સરદારશ્રી પણ તેઓશ્રીના વિશે અત્યંત ઊંચો અભિપ્રાય ધરાવતા હતાં. એવાં પૂ. શ્રી વેલજીભાઈનાં ચરણોમાં કોટિ–કોટિ વંદન કરી વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંદર્ભ ગ્રંથોની સૂચિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંદર્ભ ગ્રંથોની સૂચિ

## સંસ્કૃત ગ્રંથો

| क्रम | ग्रंथ नाम | | लेखक/संपादक/प्रकाशक |
|---|---|---|---|
| (१) | अथर्ववेद | : | संपादक : पण्डित शंकर पांडुरंग<br>प्रकाशक : जावजी दादाजी,<br>मुंबई । |
| (२) | अल्लोपनिषद् | : | |
| (३) | अक्षमालिका उपनिषद् | : | |
| (४) | अक्षरतन्त्रम् | : | प्रथम संस्करणम् - १९९४<br>संपादक : डॉ. श्री कृष्णः शर्मा<br>प्रकाशक : निर्मल पब्लिकेशन्स, दिल्ली - ९४ |
| (५) | आरुणि उपनिषद् | : | |
| (६) | १०८ उपनिषद् (साधना खण्ड) | : | संपादक : पू. पं. श्री राम शर्मा आचार्यजी,<br>चतुर्थ संस्करण १९६९,<br>प्रकाशक : डॉ. चमनलाल गौतम,<br>बरेली । |
| (७) | उपनिषत्सु कर्मवादः | | डॉ. जातवेद त्रिपाठी,<br>प्रथम संस्करण : १९८९<br>प्रकाशक : परिमल पब्लिकेशन्स,<br>दिल्ली । |
| (८) | उपनिषत्संग्रह | | संपादक : पण्डित जगदीशशास्त्री,<br>पञ्चम संस्करण : १९९८<br>प्रकाशक : मोतीलाल बनारसीदास,<br>पब्लिशर्स, दिल्ली । |



For Private And Personal Use Only

(९) १०८ उपनिषद् (ज्ञान खण्ड) : संपादक : पू. पं. श्री राम शर्मा आचार्यजी, चतुर्थ संस्करण १९६९, प्रकाशक : डॉ. चमनलाल गौतम, बरेली ।

(१०) १०८ उपनिषद् (ब्रह्म विद्या खण्ड) : संपादक : पू. पं. श्री राम शर्मा आचार्यजी, चतुर्थ संस्करण १९६९,

(११) ऋग्वेद संहिता : संपादक : पं. सातवलेकरजी, प्रकाशक : वसंत श्रीपाद सातवलेकर स्वाध्याय-मंडल, पारडी

(१२) कृष्णाक्षोपनिषद् :

(१३) कठोपनिषद् :

(१४) कुमार संभवम् : श्री महाकवि कालिदास, प्रकाशक : निर्णयसागर प्रेस, मुंबई ।

(१५) केनोपनिषद् शांकर भाष्य : प्रथम संस्करण सं. १९९२ गीताप्रेस गोरखपुर ।

(१६) छान्दोग्योपनिषद् :

(१७) जाबालदर्शन उपनिषद् :

(१८) जाबालि उपनिषद् :

(१९) ध्यानबिन्दूपनिषद् :

(२०) श्रीमद् देवी भागवतम् भाग-२ : संपादक : खेमराज श्रीकृष्णदास, प्रकाशक : खेमराज श्रीकृष्णदास, मुंबई ।

(२१) पद्मपुराण : सृष्टि खंड भूमि-३, संपादक : महादेव चिमणाजी आपटे, प्रकाशक : आनंदाश्रम मुद्रणालय आवृत्ति: पञ्चदशी

(२२) ब्रह्मनित्यकर्मसमुच्चयः । :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

रचयिता (संपादक)
गीर्वाणविद्याभूषण ।
शास्त्री दुर्गाशङ्कर उमाशङ्कर ठाकर
प्रकाशक:
शास्त्री अरुण अन्नदत्त ठाकर
शास्त्री दुर्गाशंकर पुस्तकालय
मुंबई

(२३) ब्रह्मसूत्रशाङ्करभाष्यम् : आ. तृतीय १९८८
व्याख्याकार
स्वामि श्रीहनुमानदासजी षट्शास्त्री
प्रकाशक : चौखम्बा विद्याभवन वाराणसी

(२४) श्रीमद्भागवत – महापुराण खण्ड : प्रथम – द्वितीय भाग
आवृत्ति : बत्तीसवाँ संस्करण, सं. २०५०
गीताप्रेस गोरखपुर,

(२५) महाभारत (आदिपर्व) : संपादक : शंकर नरहर जोशी,
प्रकाशक : शंकर नरहर जोशी,
शाके : १८५०

(२६) मत्स्यपुराण : संपादक : खेमराज श्रीकृष्णदास,
प्रकाशक : लक्ष्मीवेंकटेश्वर,
मुद्रणालय, सं. १९८०, मुंबई ।

(२७) महाभारत : संपादक : नीलकण्ठ
प्रकाशक : शंकर नरहर जोशी,
शाके : १८५०, इ. स. १९२९

(२८) श्री महानारायण उपनिषद् :

(२९) मनुस्मृति – : संपादक : महामहोपाध्याय गंगानाथ झा,
प्रकाशक : आस्टिक सोसायटी, बंगाल ।
इ. स. १९३२ ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३०) महोपनिषद्

(३१) मुण्डकोपनिषद्

(३२) मुक्तिकोपनिषद्

(३३) मैत्रेयी उपनिषद्

(३४) मंत्रायणयुपनिषद्

(३५) यजुर्वेद : संपादक : श्री वेंकटराम शास्त्री, वाराणसी । प्रकाशन : वाराणसी ।

(३६) योगचूडामणिउपनिषद्

(३७) योगतत्त्वोपनिषद्

(३८) योगकुण्डिली उपनिषद्

(३९) रघुवंश : श्री महाकवि कालिदास, प्रकाशक : निर्णयसागर प्रेस, मुंबई ।

(४०) रुद्राक्षजाबालोपनिषद्

(४१) वज्रसूचिकोपनिषद्

(४२) वायुपुराण : आनन्दाश्रम संस्कृतग्रन्थावलिः । ग्रन्थाङ्क - ४९ संपादक : हरि नारायण आपटे, ई. स. १९०१. शालिवाहिनशक - १८२७

(४३) वासुदेव उपनिषद्

(४४) श्रीमद्वाल्मीकी रामायण : प्रकाशक : गीताप्रेस, गोरखपुर ।

(४५) सावित्र्युपनिषद्

(४६) संन्यास उपनिषद्

(४७) स्कंदपुराण : संपादक : क्षेमराजश्रेष्ठि प्रकाशक : क्षेमराजश्रेष्ठिना सं. १९६५



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(४८) श्रीमद् शिवपुराणम् मूलमात्रम् : संपादक : क्षेमराज - श्रीकृष्णदास.
प्रकाशक : "क्षेमराज श्रीकृष्णदास, सं. १९८२

નોંધ :— જે જે ઉપનિષદોની સામે લેખક અને પ્રકાશકનું નામ નથી; તે ઉપનિષદો પૂ. રામશર્મા આચાર્યના સંગ્રહમાં છે.



For Private And Personal Use Only

# हिन्दी ग्रंथो

| क्रम | ग्रंथ नाम | | लेखक/प्रकाशक |
|---|---|---|---|
| (१) | अद्वैत वेदान्त इतिहास तथा सिद्धान्त | : | प्रोफेसर राममूर्ति शर्मा<br>तृतीय संस्करण, १९९८<br>प्रकाशक : ईस्टर्न बुक लिंकर्स, दिल्ली । |
| (२) | औपनिषदिक अध्यात्म विज्ञान | : | डॉ. ईश्वर भारद्वाज,<br>प्रथम संस्करण : १९९२<br>प्रकाशक : क्लासिकल पब्लिशिंग कम्पनी, दिल्ली । |
| (३) | औपनिषदिक परमसत् एवं मूल्य सिद्धान्त | : | प्रथम संस्करण<br>डाक्टर(श्रीमती) उमा पाण्डेय :<br>प्रकाशक : विवेक भिल्डिवाल बन्धु<br>आगरा - वाराणसी |
| (४) | ईशावास्य - उपनिषद् | : | प्रो. जी. टी. पंड्या(कशीर)<br>प्रथम संस्करण : १९९७<br>प्रकाशक : श्री प्रकाशकुमार, झीणाभाई ठाकोर |
| (५) | ईशावास्य - उपनिषद् | : | प्रो. जी. टी. पंड्या(कशीर)<br>प्रथम संस्करण : १९९७<br>प्रकाशक : श्री प्रकाशकुमार ठाकोर,<br>(अमेरिका - बलसाड) |
| (६) | उपनिषद् - वाङ्मय - विविध आयाम | : | डॉ. वेदवतीवैदिक<br>प्रथम संस्करण - १९९७<br>प्रकाशक : नागप्रकाशक, दिल्ली । |



For Private And Personal Use Only

(७) उपनिषदों की भूमिका : डॉ. राधाकृष्णन्
अनु. रमानाथ शास्त्री,
प्रकाशक : राजपाल एण्ड सन्स
आवृत्ति-३(१९७८)

(८) उपनिषदों में संन्यासयोग - समीक्षात्मक अध्ययन : डॉ. ईश्वर भारद्वाज,
प्रकाशक : क्लासिकल पब्लिशिंग कम्पनी,
नई दिल्ली ।
आवृत्ति-१(१९९३)

(९) उपनिषदों में योग - विद्या : डॉ. रघुवीर वेदालंकार
प्रथम संस्करण, आवृत्ति. १९९१
प्रकाशक : के. सी. पब्लिशर्स,
दिल्ली ।

(१०) उपनिषद् - दर्शन का रचनात्मक सर्वेक्षण : रामचन्द्र दत्तात्रेय रानाडे
अनु. रामानन्द तिवारी,
प्रकाशक : राजस्थान हिन्दी ग्रंथ,
अकादमी, जयपुर ।
आवृत्ति-१९८३,

(११) उपनिषदों की वाणी : स्वामी रंगनाथानन्द, मीनाक्षी प्रकाशक,
प्रथम संस्करण, १९७९
बेगम पुल, मेरठ ।

(१२) पञ्चीकरणम् (श्रीमद् शंकराचार्य विरचितम्) : हिन्दीभाषानुवादयुक्तपञ्चीकोपेतम् ।
डॉ. कामेश्वरनाथ मिश्र,
प्रथम संस्करण : १९८३
प्रकशक चौखम्बा संस्कृत संस्थान, वाराणसी

(१३) प्रज्ञावतार : हमारे गुरुदेव, पं. लीलापत शर्मा,
प्रथम आवृत्ति,
प्रकाशक : युग निर्माण योजना,
गायत्री तपोभूमि, मथुरा ।




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| (१४) ब्रह्मसूत्र, उपनिषद् एवं श्रीमद्भागवत् । | : | डॉ. वासुदेवकृष्ण - चतुर्वेदी<br>प्रकाशक : श्रीकृष्ण सत्संग भवन प्रकाशन, मथुरा (उ. प्र.) |
| (१५) ब्राह्मण ग्रंथो - में सृष्टि विचार | : | डॉ. नित्यानद शुक्ल<br>प्रकाशक : कृष्णदास अकादमी,<br>संस्करण : प्रथम - सन्-१९८३ |
| (१६) बृहदारण्यकोपनिषद् | : | डॉ. रघुवंश झा<br>प्रथम संस्करण - १९८४<br>प्रकाशक : किशोर विद्या निकेतन, वाराणसी । |
| (१७) भारतीय दर्शन भाग-१ | : | डॉ. राधाकृष्णन्<br>अनु. नन्दकिशोर गोभिल,<br>प्रथम संस्करण : १९८६<br>प्रकाशक : राजपाल एण्ड सन्स, दिल्ली : |
| (१८) भारतीयदर्शन का इतिहास भाग-१ | : | एस. एन. दासगुप्त,<br>अनु. कलानाथ शास्त्री, सुधीर कुमार<br>द्वितीय संस्करण १९८८<br>प्रकाशक : राजस्थान हिन्दी ग्रंथ अकादमी, जयपुर-४ । |
| (१९) मूल्य मीमांसा - | : | चन्द्र पाण्डे गोविन्द<br>राजस्थान हिन्दी ग्रंथ अकादमी ।<br>आवृत्ति - प्रथम १९७३ |
| (२०) वेदान्त | : | स्वामी विवेकानंद,<br>(पंचम संस्करण) वर्ष १९९०<br>प्रकाशक : रामकृष्ण मठ, नागपुर । |
| (२१) वैदिक ऋषि : एक परिशीलन | : | डॉ. कपिलदेव शास्त्री<br>प्रकाशक : संस्कृत विभाग, |



For Private And Personal Use Only

| | | |
|---|---|---|
| | | कुरुक्षेत्र विश्व विद्यालय, प्रकाशन वर्ष : मार्च-१९७८ |
| (२२) वैदिक साहित्य और संस्कृति | : | डॉ. बलदेव उपाध्याय, पञ्चम संस्करण, प्रकाशक : शारदा प्रकाशन, वाराणसी । |
| (२३) सामगान उद्भव व्यवहार एवं सिद्धान्त | : | डॉ. पंकजमाला शर्मा, प्रथम संस्करण : १९९६ कात्यायन वैदिक साहित्य प्रकाशन, होशियारपुर । |
| (२४) संस्कृत साहित्य का संक्षिप्त इतिहास ; | : | वाचस्पति गैरोला, द्वितीय संस्करण : १९६७ प्रकाशक : चौखम्बा विद्याभवन, वाराणसी । |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ગ્રંથો

| ક્રમ | ગ્રંથનું નામ | | લેખક/સંપાદક/પ્રકાશક |
|---|---|---|---|
| (૧) | અખેગીતા | : | સંપાદક : ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી<br>દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૨,<br>પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન. |
| (૨) | અભિજ્ઞાન શાકુન્તલમ્ | : | કવિકુલ ગુરુ કાલિદાસ<br>સંપાદક : સ્ત્રગ્ધરા ગાન્ધી,<br>તૃતિય આવૃત્તિ : ૧૯૯૦.<br>પ્રકાશક : મહાજન પબ્લિશિંગ હાઉસ. |
| (૩) | શ્રી અરવિંદનું તત્ત્વદર્શન | : | પ્રા. એમ. કે. ભટ્ટ<br>પ્રથમ આવૃત્તિ : ૧૯૭૨<br>પ્રકાશક : ગુ. યુનિ. ગ્રંથ નિર્માણબોર્ડ,<br>અમદાવાદ—૬ |
| (૪) | શ્રી ઉપનિષદો | : | પૂ. શ્રીમન્નાથપ્રભુ<br>પ્રકાશક : આનંદાશ્રમ, બિલખા.<br>સપ્તમ આવૃત્તિ : સંવત ૨૦૪૫ |
| (૫) | ઉપનિષદો | : | લેખક : પ્રા. નાથાભાઈ પાટીદાર<br>પ્રકાશક : સં. સા. અકાદમી,<br>પ્રથમ આવૃત્તિ,<br>પ્રકાશક : સં. સા. અકાદમી, ગાંધીનગર. |
| (૬) | ઉપનિષદ્નું અમૃત | : | શ્રી યોગેશ્વર<br>દ્વિતીય આવૃત્તિ : ૧૯૭૬<br>વૉરા એન્ડ કંપની મુંબઈ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| (૭) ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન | : | ડૉ. રાધાકૃષ્ણન્, અનુ. ચંદ્રશંકર શુક્લ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩ પ્રકાશક : વૉરા એન્ડ કંપની, નવી દિલ્હી. |
| (૮) ઉપનિષદ્ વિમર્શ | : | સંપાદક : ડૉ. આર. પી. મહેતા. પ્રથમ આવૃત્તિ : પ્રકાશક : મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ. |
| (૯) ઉપનિષદ્ વિચારણા | : | નર્મદાશંકર દેવશંકર મહેતા પ્રકાશક : ગુ. વર્નાક્યુલર સોસાયટી, પ્રથમ આવૃત્તિ : સં. ૧૯૮૮ |
| (૧૦) શ્રી ઉપનિષદ્ વિદ્યા | : | શ્રી ભાણદેવ પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮ પ્રકાશક : પ્રવીણ પ્રકાશન, રાજકોટ. |
| (૧૧) ઉપનિષદોનો અભ્યાસ | : | શ્રી વિનોબા ભાવે યજ્ઞ પ્રકાશન – પ્રથમ આવૃત્તિ : ૧૯૬૧ |
| (૧૨) ઉપનિષદ્ નવનીત | : | પ્રા. કિશોરભાઈ દવે પ્રથમ આવૃત્તિ, પ્રકાશક : ગુ. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ |
| (૧૩) ઉપનિષદોમાં વ્યક્ત થતું શિક્ષણ દર્શન (અપ્રકાશિત) | : | ડૉ. મહિમનસિંહ ગુ. ગોહિલ |
| (૧૪) ગીતા – પ્રવચનો | : | શ્રી વિનોબા ભાવે પ્રકાશક : ગ્રામ સેવા મંડલ, પરંધામ પ્રકાશન પવનાર–વર્ધા |
| (૧૫) ગીર્વાણ સુધા | : | ડૉ. પ્રજ્ઞા જોષી |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| | | પ્રકાશક : ડૉ. પ્રજ્ઞા જોષી |
| | | પ્રથમ આવૃત્તિ – ૨૦૦૧ |
| (૧૬) છાન્દોગ્ય ઉપનિષદ્ (મૂળ–વાક્યાર્થ – સાધન ભાષ્યસહિત) | : | ભાષ્યકાર : પ્રા. નલિન મ. ભટ્ટ |
| | | સંપાદિકાઓ : શ્રી માલતી આર. શ્રોફ, શ્રી શાન્તા દેસાઈ, |
| | | સહતંત્રીઓ : ગીતાબંધુ |
| | | પ્રથમ આવૃત્તિ : ૧૯૬૦ |
| | | પ્રકાશક : શ્રી ઈન્દુમતી આર. શાહ, મુંબઈ. |
| (૧૭) શ્રી નાથચરિતામૃત ૧ થી ૩ પ્રવાહ તૃતીય પ્રવાહ (પૂર્વાર્ધ–ઉત્તરાર્ધ) | : | શ્રીમાણિક્યવર્મા |
| | | પ્રથમ આવૃત્તિ : ૧૯૫૧ |
| | | પ્રકાશક : શ્રી આનંદાશ્રમ બિલખા. |
| (૧૮) નીતિશતકમ્ (ભર્તૃહરિ વિરચિત) | : | સંપાદક : પ્રા. સુરેશચન્દ્ર જે. દવે |
| | | અદ્યતન આવૃત્તિ ૧૯૮૬ ૮૭, |
| | | પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧. |
| (૧૯) પ્રસ્થાનત્રયી | : | પ્રા. સી. વી. રાવળ |
| | | પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨ |
| | | પ્રકાશક : પ્રા. સી. વી. રાવળ. અમદાવાદ. |
| (૨૦) શ્રી પંચદશી | : | વિદ્યારણ્ય સ્વામી વિરચિત |
| | | અનુ. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ |
| | | પ્રકાશક : મણિલાલ ઈચ્છારામ દેસાઈ, મુંબઈ. |
| (૨૧) પાતંજલિ દર્શન પ્રકાશ | : | મહર્ષિ પતંજલી |
| | | અનુ. સવાઈલાલ છોટમલાલ વહોરા, |
| | | પ્રકાશક : કોટ–મુંબઈ. |



For Private And Personal Use Only

(૨૨) પૂર્ણયોગ ભાગ–૧ : મહર્ષિ અરવિંદ
અનુ. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી,
પ્રથમ આવૃત્તિ,
પ્રકાશક : "શ્રી અરવિંદ તત્ત્વ પ્રચારક મંડળ" ભરૂચ

(૨૩) પૂર્ણયોગ ભાગ–૨ : મહર્ષિ અરવિંદ
અનુ. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી,
પ્રથમ આવૃત્તિ
પ્રકાશક : "શ્રી અરવિંદ તત્ત્વ પ્રચારક મંડળ, ભરૂચ

(૨૪) પૂર્ણયોગ ભાગ–૩ : મહર્ષિ અરવિંદ.
અનુ. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી,
પ્રથમ આવૃત્તિ
પ્રકાશક : "શ્રી અરવિંદ તત્ત્વ પ્રચારક મંડળ, ભરૂચ

(૨૫) પૂર્ણયોગ ભાગ ખંડ–૩, ૪ : મહર્ષિ અરવિંદ
અનુ. અંબાલાલ પુરાણી,
પ્રથમ આવૃત્તિ
પ્રકાશક : "શ્રી અરવિંદ કાર્યાલય, આણંદ.

(૨૬) બૃહદારણ્યક ઉપનિષદ્ : સં. શ્રી સુબેદાર
પ્રકાશક : સસ્તુ સા. મુદ્રણાલય, અમદાવાદ
દ્વિતીય આવૃત્તિ.

(૨૭) શ્રીમદ્‌ભગવત્‌ગીતા : સં. શ્રીમન્નથુરામ શર્મા
પ્રકાશક : આનંદાશ્રમ, બિલખા,
પષ્ઠી આવૃત્તિ : ઈ. સ. ૧૯૮૬

(૨૮) માંડૂક્યોપનિષદ્ : ગૌડપાદીયકારિકા સહિત
સં. ભિક્ષુ અખંડાનંદ
અનુ. સ્વામીશ્રી પ્રણવતીર્થ
ચતુર્થ આવૃત્તિ
પ્રકાશન : સસ્તુ સા. મુદ્રણાલય,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૯) મૃચ્છકટિકમ્ : મહાકવિ શૂદ્રક
દ્વિતીય આવૃત્તિ, ઓક્ટો. ૧૯૯૬
સંપાદિકા : સ્ત્રગ્ધરા શં. નાન્દી
પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર,
અમદાવાદ.

(૩૦) મહાભારતની ગૌણ ગીતાઓ : એક વિવેચનાત્મક અધ્યયન
ડૉ. પ્રજ્ઞા જોષી,
પ્રથમ આવૃત્તિ, ફેબ્રુઆરી ૨૦૦૧
પ્રકાશક : ડૉ. પ્રજ્ઞા જોષી,
અમદાવાદ.

(૩૧) શ્રીયોગકૌસ્તુભ પૂજ્યપાદ શ્રીમન્નાથુરામ શર્મા
અગિયારમી આવૃત્તિ
પ્રકાશક : શ્રી આનંદાશ્રમ, બિલખા

(૩૨) યોગવિદ્યા શ્રી ભાણવેદ
દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૨
પ્રકાશક : પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., રાજકોટ

(૩૩) વિવેક ચૂડામણિ (આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય વિરચિત) : સંપાદક : આચાર્ય ભાઈશંકર પુરોહિત
તૃતિય આવૃત્તિ : ૧૯૯૧
પ્રકાશક : સંસ્કૃત સેવા સમિતિ,
અમદાવાદ.

(૩૪) વેદાન્તસાર : શ્રી સદાનંદ(૧૬મી સદી)
સંપાદક : પ્રિ. ડૉ. સી. એલ શાસ્ત્રી,
આવૃત્તિ ૧૯૮૪–૮૫
પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.

(૩૫) વસિષ્ઠ ઋષિનું દર્શન : ડૉ. અ. દે. શાસ્ત્રી
દ્વિતીય આવૃત્તિ ૧૯૯૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| | પ્રકાશક : ગુ. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>ગુજરાત રાજ્ય અમદાવાદ. |
| (૩૬) વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ : | ડૉ. ગૌતમ પટેલ<br>દ્વિતીય આવૃત્તિ<br>પ્રકાશક : ગુ. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>અમદાવાદ. |
| (૩૭) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન : | લેખક : પ્રા. સી. વી. રાવળ<br>પ્રથમ આવૃત્તિ : ૧૯૭૪<br>પ્રકાશક : ગુ. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ. |
| (૩૮) શૂન્યની વાટે : | સંપાદક : રતિભાઈ પેથાણી<br>ગુલાબભાઈ દેઢિયા<br>પ્રકાશક : ભવાનજી નાથાભાઈ,<br>સાધનાશ્રમ – બિદડા,<br>પ્રથમ સંસ્કરણ : જૂન–૨૦૦૨ |
| (૩૯) સામવેદ : | લેખક : શ્રી રવીન્દ્ર ખાંડવાલ<br>પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮<br>પ્રકાશક : ગુ. સા. અકાદમી, ગાંધીનગર. |
| (૪૦) સામવેદ ગાન બ્રાહ્મણ :<br>ભાષા–ભાષ્ય.<br>પ્રથમ– દ્વિતીય વિભાગ | લેખક : આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત<br>પ્રથમ આવૃત્તિ : ઈ. સ. ૧૯૮૭, સં. ૨૦૪૩<br>પ્રકાશક : મધુર જ્યોત ટ્રસ્ટ,<br>સંચાલિત, વેદ પ્રકાશન સમિતિ. |
| (૪૧) શ્રી સાંખ્ય પ્રવચન :<br>(સાંખ્યતાત્પર્યબોધિનીટીકા સહિત) | પૂજ્યપાદ ગુરુદેવશ્રી, શ્રીમન્નથુરામ શર્મા<br>તૃતીય આવૃત્તિ : ઈ. સ. ૧૯૭૬<br>પ્રકાશક : શ્રી આનંદાશ્રમ, બિલખા. |
| (૪૨) સાંખ્યકારિક, : | ઈશ્વરકૃષ્ણ વિરચિત,<br>સંપાદક : ડૉ. વસંત પરીખ. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| | | તૃતીય આવૃત્તિ : ૧૯૮૫ |
| | | પ્રકાશક : સરસ્વતી ભંડાર, અમદાવાદ. |
| (૪૩) સાંખ્યયોગ દર્શન | : | મહર્ષિ પતંજલી |
| | | સંપાદક : જયકૃષ્ણદાસ હરિદાસ ગુપ્ત |
| | | પ્રકાશન : બનારસ, ચૌખમ્બા, સં. સિરિઝ |
| (૪૪) સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ | : | પ્રોફે. મૅકડોનલ |
| | | અનુ. મોહનલાલ દવે. |
| | | પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, મુંબઈ. |
| (૪૫) હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ | : | નર્મદાશંકર દ. મહેતા |
| | | દ્વિતીય આવૃત્તિ : ૧૯૬૨ |
| | | પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# English

**Sr.**

(१) One handred and tweive upanisads and their philosophy.

- By Dr. A. N. BHATTACHARYA

First Edition : 1987

Published By : Parimal Publications

Delhi.

(२) INDIAN WISDOM

- By MONIER WILLIAMS

Edition : Second, 1963

Publisher : The Chowkhamba,

Sanskrit Series Office, Varanasi 1.

(३) A Study of TAITTIRIYA UPANISAD

- Dr. MEENA P. PATHAK

First Publisher : 1999.

Publisher By : GAUTAM

Delhi.

(४) THE UPNISHADS AND LIFE

- W. S. URQUHART

First Reprint in India - 1986

Published By : Smt. Gayatri Garg.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કોશ

| ક્રમ | | | |
|---|---|---|---|
| (૧) | અમર-કોશ | : | સંપાદક : કેશવરામ શાસ્ત્રી<br>પ્રથમ આવૃત્તિ : ૧૯૭૫<br>પ્રકાશક : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. |
| (૨) | भारत वर्षीय प्राचीन चरित्रकोश | : | महामहोपाध्याय विद्यानिधि<br>सिद्धेश्वर शास्त्री चित्राव<br>પ્રથમ આવૃત્તિ : હિન્દી<br>પ્રકાશન વર્ષ : ઈ. સ. ૧૯૬૪<br>પ્રકાશક : ભારતીય ચિત્રકોશ મંડલ, પૂના-૪. |
| (૩) | वाचस्पत्यम् । | : | सङ्कलितम् (संपादक) श्री तारानाथ-<br>तर्कवाचस्पतिभट्टाचार्येण<br>चौखम्बा संस्कृत सीरीज आफिस, वाराणसी । |
| (૪) | वैदिक इण्डेक्स | : | मैकडौनेल और कीथ<br>अनु. रामकुमार राय,<br>चौखम्बा विद्याभवन वाराणसी । |
| (૫) | शब्दकल्पद्रुम-द्वितीयो भाग | : | श्रीवरदाप्रसाद -<br>प्रकाशन वर्ष : १९६१<br>प्रकाशक : चौखम्बा संस्कृत सीरीज आफिस,<br>वाराणसी । |



For Private And Personal Use Only

# સામયિકો

ક્રમ

(૧) कल्याण - आरोग्याङ्क : वर्ष : ७५, संख्या : १-२

(૨) कल्याण - उपासना - अङ्क : वर्ष : ४२, संख्या : १
संपादक : हनुमानप्रसाद पोद्दार,
गीताप्रेस, गोरखपुर ।

(૩) कल्याण - उपनिषद् - अङ्क : वर्ष : २३, संख्या : १
व्यवस्थापक : 'कल्याण'
गीताप्रेस, गोरखपुर ।

(૪) वेदवाणी-उपनिषद् विशेषाङ्क-१ : वर्ष : ५२, अङ्क : १
संपादक : विजयपाल विद्यावारिधि
प्रकाशक : श्रीरामलाल कपूर ट्रस्ट,
अमृतसर ।

(૫) वेदवाणी-उपनिषद्-विशेषाङ्क-२ : वर्ष : ५२, अङ्क : २
संपादक : विजयपाल विद्यावारिधि
प्रकाशक : श्रीरामलाल कपूर ट्रस्ट,
अमृतसर ।

(૬) યોગવિદ્યા – ભાણદેવ

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only